શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈનસાહિત્યોદ્ધારે ગ્રન્થાંક ૭

# શ્રી આનંદ સુધાસિંધુ

પ્રકાશક
શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ માટે
ભાઈચંદ નગીનભાઈ ઝવેરી
સુરત.

સં. ૧૯૯૪ ] વીર સંવત્ ૨૪૬૪ [ ઈ. સ. ૧૯૩૮
પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦
મૂલ્ય રૂ. ૧-૦-૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ ગ્રંથ ફરીથી છાપવા છપાવવા વિગેરેનો સર્વ
હક આ ફંડના કાર્યવાહકોને જ આધીન છે.

Published by:—
Bhaichand Naginbhai Javeri
Anandabhuvan, Gopipura, Surat
for Sheth Naginbhai Manchhubhai Javeri
Sahityoddhar Fund, Surat.

Printed by:—Fakirchand Maganlal Badami, at the Jain Vajayanand P. Press
Kanpith Bazar, Surat.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બે બોલ

પ્રારંભમાં પૂર્વાચાર્યોની કૃતિઓ પૈકી ઉપાધ્યાય શ્રીમદ્ ચંદ્રતિલક વિરચિત સંસ્કૃત મહાકાવ્ય શ્રી અભયકુમાર ચરિત્રનું ભાષાંતર જનસમૂહ સન્મુખ રજુ કર્યા બાદ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયદાન સૂરીશ્વરજી વિરચિત વિવિધપ્રશ્નોતર નામનો ગ્રંથ તથા આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી વિરચિત સંસ્કૃત વૈરાગ્ય રસ મંજરીનું ગુજરાતી ભાષાંતર વિવેચન સહીત જનસમૂહ સન્મુખ મુકયા પછી આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પ્રસંગે પ્રસંગે અપાએલા વ્યાખ્યાનોનો સંગ્રહ પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. આ પુસ્તક છપાવવા માટે મેટર તૈયાર કરાવવામાં તથા ભુલચુક સુધારી પ્રુફ તપાસવા વિગેરેમાં કાળજી પૂર્વક ધ્યાન આપવામાં આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ સાગરાનંદ-સૂરીશ્વરજીના વિદ્વાન શિષ્યરત્ન શ્રી ચંદ્રસાગરજી મહારાજે તથા શ્રીહેમસાગરજી મહારાજે અમુલ્ય સમયનો ભોગ આપ્યો છે. આ ફંડના કાર્યવાહક તરીકે તેઓ સાહેબનો ઉપકાર માનીએ છીએ, બહુ મનન પૂર્વક વાંચવાથી આત્માર્થી જીવોને ઘણું માર્ગદર્શક થઈ પડશે. અને વાંચક વર્ગ બીજાને વાંચવા પ્રેરણા કરશે તો અમારા આ પ્રયાસને સફળ માનીશું.

આ પુસ્તકની પ્રસ્તાવના લખવા અત્રેના વિદ્વાન રીટાયર્ડ જજ શ્રીમાન શેઠ સુરચંદ પુરૂષોત્તમદાસ બદામી સાહેબે જે પરિશ્રમ લીધો છે તેને માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

અત્રે આ ફંડનો ટુંક ઇતિહાસ રજુ કરવો યોગ્ય ધારીએ છીએ. મર્હુમ શેઠ નગીનભાઈ મંછુભાઈ ઝવેરીએ પોતાની પાછળ રૂ. ૨૫૦૦૦) અંકે પચ્ચીસહજારની રકમ કહાડી જૈનધર્મના પુસ્તકો પ્રસિદ્ધ કરવા માટે એક ફંડ સ્થાપવા પોતાના પુત્રો તથા બંધુઓને જણાવ્યું હતું, તેમાં તેઓશ્રીના વડીલ પુત્ર મર્હુમ શેઠ મોતીભાઇ નગીનભાઇ ઝવેરીએ રૂ. ૫૦૦૦) અંકે પાંચ-હજારની રકમ આપી છે તે ઉમેરતાં આ ફંડ કુલ્લે રૂ. ૩૦૦૦૦)નું થયું છે. તેનો મુખ્ય હેતુ જૈન-શ્વેતાંબર મૂર્તિ પૂજક સાહિત્યના પ્રાચીન તથા અર્વાચીન ગ્રન્થો મુખ્યત્વે ગુજરાતી તથા હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરી સસ્તી કીંમતે વેચવાનો છે.

આ સ્થળે પરમ પૂજ્ય આગમોદ્ધારક સાક્ષર શિરોમણી આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીનો આભાર માનતાં અમોને અત્યંત આનંદ થાય છે. તેઓશ્રીની સલાહથીજ આ ફંડ સ્થાપવામાં આવ્યું છે અને મર્હુમ શેઠ નગીનભાઈ મંછુભાઇનો તેઓ શ્રી તરફ સંપૂર્ણ ભાવ હોવાથી તેઓશ્રીના ઉપદેશનુંજ આ પરિણામ છે.

વિ. સં. ૧૯૯૪
ગોપીપુરા, સુરત.

ભાઇચંદ નગીનભાઇ ઝવેરી અને બીજાઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વિષયાનુક્રમણિકા


| નંબર | નામ | પાનું |
|---|---|---|
| ૧ | કર્મબંધન | ૧ થી ૯ |
| ૨ | જન્મ મરણનો ફેરો | ૧૦ થી ૨૧ |
| ૩ | જન્મની જહેમત | ૨૨ થી ૩૦ |
| ૪ | જૈનત્વનું મૂળ શું ? | ૩૧ થી ૪૧ |
| ૫ | સંઘનું સાચું સ્વરૂપ | ૪૨ થી ૫૬ |
| ૬ | તાત્વીક સંજ્ઞા | ૫૭ થી ૬૭ |
| ૭ | આસ્તિકો—નાસ્તિકો | ૬૮ થી ૮૩ |
| ૮ | જ્ઞાન અને ક્રિયા | ૮૪ થી ૯૫ |
| ૯ | મહાવ્રતોમાં સ્યાદ્વાદની સંકલના | ૯૬ થી ૧૧૦ |
| ૧૦ | બ્રહ્મદત્ત ચક્રવર્તી | ૧૧૧ થી ૧૨૨ |
| ૧૧ | ભવસાગર | ૧૨૩ થી ૧૩૬ |
| ૧૨ | માનવ દેહની મહત્તા | ૧૩૭ થી ૧૫૨ |
| ૧૩ | પ્રશસ્તાપ્રશસ્ત રાગદ્વેષ | ૧૫૩ થી ૧૬૮ |
| ૧૪ | શાસન અને સુધારક પક્ષની તુલના | ૧૬૯ થી ૧૭૯ |
| ૧૫ | કર્મ સંગ્રામ | ૧૮૦ થી ૧૭૯ |
| ૧૬ | સમ્યક્ત્વ અને તેની આવશ્યકતા | ૧૯૮ થી ૨૧૫ |
| ૧૭ | સ્યાદ્વાદનો મર્મ | ૨૧૬ થી ૨૨૯ |
| ૧૮ | મનુષ્ય ભવની મહત્તા | ૨૩૦ થી ૨૪૬ |
| ૧૯ | ત્રણ તત્વોની ગળથુથી | ૨૪૭ થી ૨૫૯ |
| ૨૦ | ભયંકર ભવભૂધર | ૨૬૦ થી ૨૭૭ |
| ૨૧ | વૃદ્ધાનુસારિત્વ | ૨૭૮ થી ૨૯૨ |
| ૨૨ | ભયંકર ભાગીદારી | ૨૯૩ થી ૩૧૧ |
| ૨૩ | ધી કાયા કુંપની લી૦ અને સર્મા શૈર હોલ્ડરો મેનેજર જીવાત્મા | ૩૧૨ થી ૩૩૧ |
| ૨૪ | સંજ્ઞી અને અસંજ્ઞી | ૩૩૨ થી ૩૩૧ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat

www.umaragyanbhandar.com

श्री सागरानन्दगुरुपदेशाद्ध, यो जैन साहित्य विकासनाय ।
तदीयकोशेऽर्पितवान् धनंस्वं, सोऽयं सुधीः श्रेष्ठि नगीनचन्द्रः ॥१॥



શેઠ નગીનભાઈ મંછુભાઈ ઝવેરી, સુરત

જન્મ વિક્રમ ૧૯૧૪
વૈશાખ કૃષ્ણ ૩

સ્વર્ગવાસ વિક્રમ ૧૯૭૭
કાર્તિક શુકલ ૧૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# उपोद्घात

પ્રાત:સ્મરણીય પરમપૂજ્ય કલિકાલસર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી "ગુરૂ"નું લક્ષણ બાંધતાં જણાવે છે કે

**"महाव्रतधरा धीरा, भैक्षमात्रोपजीविनः । सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥"**

આ લક્ષણ બાંધી તેઓશ્રી "ગુરૂ"માં બે ગુણો હોવાનું જણાવે છે (૧) સામાયિકમાં સ્થિત રહીને મૂલગુણ અને ઉત્તરગુણ એ બે પ્રકારના ભેદવાળું ચારિત્ર પાળનાર, અને (૨) ધર્મનો ઉપદેશ આપનાર. પહેલો ગુણ સાધુ માત્રનું સાધારણ લક્ષણ છે, અને બીજો ગુણ ગુરૂનું અસાધારણ લક્ષણ છે. ધર્મોપદેશકપણાનો બીજો ગુણ ફક્ત હોય તો તે પુરતો નથી. ગુરૂ તરીકેની પોતાની ફરજ અદા કરવાને માટે દરેક ધર્મોપદેશકમાં પહેલો ગુણ હોવોજ જોઇએ. જો તે ગુણ તેઓમાં ન હોય અને એથી ઉલટું સ્ત્રી ધન ધાન્ય વિગેરે સર્વની અભિલાષા રાખનારા હોય, ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયનો વિવેક ન રાખતાં સર્વ ભક્ષણ કરનારા હોય, પરિગ્રહ ધારણ કરનારા હોય, બ્રહ્મચર્ય પાલન કરનાર ન હોય, અને પરિગ્રહ તથા આરંભમાં મશગુલ રહેતા હોય તો ગમે તેવો વિદ્વત્તા ભરેલો ઉપદેશ તેઓ આપે, છતાં પણ સંસારસમુદ્રમાંથી પોતાના અનુયાયીઓને તારવાને તેઓ કદી પણ સમર્થ થતા નથી. પોતેજ સંસારના કીચડમાં રચીપચી રહેલા હોય તે બીજાને નિર્મલ કેમ બનાવી શકે? પોતે દરિદ્ર હોય તે બીજાને કેમ શ્રીમાન્ કરી શકે? ધર્મગુરૂની ખાસ ફરજ છે કે પોતાના અનુયાયીઓને સદ્ધર્મનો ઉપદેશ આપી તેઓને ધર્મને માર્ગે ચઢાવવા. તે ફરજ અદા કરવા માટે એક તો તેઓએ પોતાનું વર્તન આદર્શરૂપ રાખવું જોઈએ, એટલે કે સાધુને યોગ્ય સર્વ સદ્ગુણો તેમનામાં હોવા જોઈએ, અને બીજું તેઓએ સતત ધર્મોપદેશ આપી શ્રોતાવર્ગના વિચાર, વાણી અને વર્તન ધર્મને અનુસરતા કરવા ઉદ્યમશીલ થવું જોઇએ.

આ પ્રકારના બે ગુણવાળા હોય તેમનેજ ગુરૂ તરીકે માનવાનું ફરમાન જૈનશાસ્ત્રમાં કહેલું છે. ગુરૂનું અસાધારણ લક્ષણ "ધર્મોપદેશક" એવું આપેલું હોવાથી એ જાણવાની જરૂર રહે છે કે આમાં નિર્દિષ્ટ કરેલો "ધર્મ" કોને કહેવો? સંસાર વ્યવહાર ચલાવવા માટે અનેક પ્રકારના કાર્યો કરવાના હોય છે અને તેને પણ વ્યાવહારિકધર્મ કહેવામાં આવે છે. આ અને આ પ્રકારના અન્ય ધર્મો સંબંધી ઉપદેશ આપે તો તે ગુરૂ કહેવાય કે નહિ? આ પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ રીતે જણાવાયલું છે કે धर्मं संवरनिर्जरारूपं यतिश्रावकसंबंधि-भेदभिन्नं वा उपदिशन्तीति धर्मोपदेशकाः॥ સંવર અને નિર્જરા એ બે જૈન સિદ્ધાંતમાં પ્રસિદ્ધ નવ તત્વો પૈકીના બે તત્વો છે. સંવર એટલે નવા આવતાં કર્મોને રોકવાં તે, અને નિર્જરા એટલે આત્માની સાથે લાગેલા કર્મોનો નાશ કરવો તે. મુખ્યપણે આ બે કાર્ય સાધવામાં સહાય ભૂત થાય તે પ્રકારનો ઉપદેશ હોય તેજ ધર્મોપદેશ કહી શકાય. અથવા બીજી રીતે કહેવામાં આવે તો ધર્મના यतिधर्म અને श्रावकधर्म એ મુજબના બે પ્રકાર પાડેલા છે, જેને સર્વવિરતિ ધર્મ અને દેશવિરતિ ધર્મ પણ આપણે કહી શકીએ. એ બે પ્રકારના ધર્મના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપદેશને પણ ધર્મોપદેશ કહી શકાય. संवरनिर्जरारूप ધર્મમાં અને આમાં કાંઈ વાસ્તવિક ફેર નથી. બન્ને જુદા જુદા શબ્દોમાં એકજ વસ્તુ જણાવે છે એમ કહીએ તો તે બીલકુલ ખોટું નથી.

આ ઉપરથી આપણે સહેજે સમજી શકીએ છીએ કે ધર્મગુરુ નાં વર્તન અને વાણી એકજ વસ્તુને સાધનારાં હોય છે. એમનું વર્તન યતિધર્મનું યથાર્થ રીતે પાલન કરવા માટેજ હોય છે, અને તે મુજબના વર્તનથી પોતાના આત્માને સંવર અને નિર્જરાના માર્ગે ચઢાવી મોક્ષ મેળવવાનોજ તેઓનો હેતુ રહેલો છે. તેમની વાણી વ્યાખ્યાન અથવા ઉપદેશનો હેતુ પોતાના સમાગમમાં આવનારા દરેક જીવને યતિધર્મમાં જોડવા પુરતો અને એમ બની શકે તેમ ન હોય તો શ્રાવક ધર્મમાં જોડવા પુરતો હોય છે કે જેથી ક્રમે ક્રમે તે જીવ પોતાના આત્માને કર્મના બંધનથી મુક્ત કરી મોક્ષ મેળવવાને ભાગ્યશાળી થાય.

આવા ઉત્તમગુણવાળા ધર્મગુરૂઓના વ્યાખ્યાનો અને ઉપદેશો આપણી આત્મશક્તિને અવરોધ કરી રાખનાર સંસારની બેડીમાંથી મુક્ત થવાને માટે ઉત્તમ સાધનોનું જ્ઞાન મેળવવા સારૂ ખરેખર અત્યંત ઉપયોગી છે. આવા કલ્યાણકારી ઉપદેશો ઉત્તમ ધર્મગુરૂઓ સતત આપતા રહે છે, અને આપણામાંના કેટલાક ભાગ્યશાળીઓને તે શ્રવણ કરવાનું સુભાગ્ય પણ પ્રાપ્ત થાય છે. તેવું સુભાગ્ય પ્રમાણમાં ઘણા થોડા સજ્જનોને હોય છે. જેઓને એવું સુભાગ્ય પ્રાપ્ત થયું હોય છે તેઓ પણ એ ઉપદેશોનો પુરેપુરો લાભ મેળવવા કવચિતજ શક્તિમાન્ હોય છે. ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ તેવા પ્રકારની તીવ્ર ન હોવાને લીધે એકવાર શ્રવણગોચર થયલો ઉપદેશ યથાર્થપણે ગ્રહણ કરવો મુશ્કેલ પડે છે, અને જેટલો ગ્રહણ થઇ શક્યો હોય તેટલો સ્મરણ પથમાં રહી શકતો નથી. પરિણામે એ ઉપદેશની ફક્ત ઝાંખી છાપજ આપણા ઉપર પડે છે, અને તે થોડા કાળમાં ભુંસાઈ પણ જાય છે. આથી પરિણામ એ આવે છે કે આવા અમૂલ્ય ઉપદેશરત્નોનો લાભ તેની મહત્તાના પ્રમાણમાં બહુજ અલ્પ મેળવી શકાય છે, અને એ રત્નો પર્યન્તે ગુમ થઈ જાય છે. આ પરિસ્થિતિ ઉપદેશ શ્રવણ કરનારા કેટલાક ભાઇઓને અત્યંત દુઃખકારક લાગતી હતી અને તેઓ આ ઉપદેશરત્નો કયે પ્રકારે હમેંશને માટે સચવાઈ રહી સતત્ ઉપયોગમાં આવતાં રહે અને તેનો કાયમી લાભ મેળવી શકાય તેવા માર્ગની શોધ કરી રહ્યા હતા. વિચાર કરતા એક માર્ગ સુઝયો તે એ કે જો આ ઉપદેશોની નિયમિત નોંધ લેવામાં આવે અને તે પ્રગટ કરવાથાં આવે તો તેથી ધારેલી મુરાદ ઘણે અંશે બર આવે. જેઓએ એ ઉપદેશો શ્રવણ કર્યા હોય તેઓને તે વાંચવાથી તાજા થાય, અને જેઓ તે શ્રવણ કરવા ભાગ્યશાળી ન થયા હોય તેમને પણ તે વાંચવાથી તેનો લાભ મળે. આ વિચારને અનુસારે આપણી સમાજમાં એક સુંદર ધાર્મિક સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું. જૈન પ્રવચન અને સિદ્ધચક્ર જેવાં નિયમિત નીકળતા પત્રો અને પાક્ષિક વગેરેમાં અમુક દીવસોને અંતરે એ સાહિત્ય પ્રગટ કરવાનું શરૂ થયું. પણ લગભગ સતત્ અપાતા ઉપદેશો તમામ આ મુજબ દીવસોના અંતરે નીકળતા પત્રો કે પાક્ષિકોમાં દાખલ થઇ શકે એ તો અસંભવિત હતું, તેથી એ વિષે વિશેષ વિચાર કરતાં આ ઉપદેશ સુધાસિંધુના બિંદુઓને પુસ્તકરૂપી પાત્રમાં ઝીલી રાખીએ તો તે જ્યારે ઇચ્છા થાય ત્યારે દરેક મુમુક્ષુના ઉપયોગમાં આવી શકે એવી સ્ફુરણા થઇ. તે સ્ફુરણાથી પ્રેરિત થઇ પ્રસ્તુત પુસ્તક સુધાસિંધુના પ્રથમ બિંદુ તરીકે જનસમુદાય સમક્ષ મુકવામાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ

વાંચક વર્ગને આ પુસ્તક સંગ્રહવા યોગ્ય છે કે કેમ તે નિર્ણય કરવા માટે બે બાબતો જાણવાની ખાસ જરૂર રહે. આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવેલા ઉપદેશોના દેનાર કોણ છે એ જાણવામાં આવે તો पुरुषविश्वासे वचनविश्वासः એ સિદ્ધાંતને અનુસારે જો આ ઉપદેશો આપનાર પુરૂષ વિશ્વસનીય હોય તો એ ઉપદેશો તેઓ જરૂર રસપૂર્વક વાંચે અને મનન કરે અને યથાશક્તિ આચરણામાં પણ મુકે. તેની સાથે એ ઉપદેશોમાં અભિધેય શું છે તેની તેઓને સંક્ષિપ્ત માહિતી આપવામાં આવે તો તેઓને વિના સંકોચે તે સંપૂર્ણ વાંચવામાં ખુબ રસ આવે. આમ થાય તો આ પુસ્તક અને આવા પ્રકારના ભવિષ્યમાં પ્રગટ થનારા પુસ્તકોનું વાંચન, મનન, અને અભ્યાસ નિઃશંકપણે વધે અને ધારેલી મુરાદ બર આવે. તેથી આ બે બાબતો સંબંધી વાંચક વર્ગને અત્ર માહિતી આપવામાં આવે છે.

અત્ર પ્રગટ કરવામાં આવેલાં વ્યાખ્યાનો આપનારનો પરિચય કરાવવામાં તે વ્યાખ્યાનો આપનારનું નામ જાહેર કરવુંજ ફક્ત જરૂરી છે. "એ મહા પુરૂષ એટલા સુપ્રસિદ્ધ અને જગમશહૂર છે કે તેઓના સંબંધમાં વિશેષ કાંઇપણ જણાવવું એ વર્ષાઋતુ ચાલતી હોય તે વખતે વર્ષાઋતુ કેવી હોય તે જણાવવા માટે કવિવર કાળીદાસનો ઋતુસંહાર વાંચવા બેસવા જેવું ગણાય". એ મહાપુરૂષ તે "આગમોદ્ધારક" શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. જૈનજનતાને એમની ઓળખ શી આપવાની હોય?

જૈનાગમમાં પ્રસિદ્ધ સ્થવિરકલ્પ એવો છે કે ગુણવાન્ ગુરૂએ વિધિપૂર્વક આલોચના આપીને યોગ્ય વિનીત શિષ્યને પ્રશસ્ત દ્રવ્યક્ષેત્રમાં વિધિપૂર્વક દીક્ષા આપવી. ત્યારપછી એ દીક્ષા આપેલા શિષ્યનેજ ગ્રહણ શિક્ષા અને આસેવનશિક્ષા—એ બે પ્રકારની શિક્ષાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બાર વર્ષ સુધી સૂત્ર ભણવું તે ગ્રહણ શિક્ષા, અને પડિલેહણઆદિ ક્રિયાનો ઉપદેશ તે આસેવન શિક્ષા. સૂત્રનો અભ્યાસ કરાવ્યા પછી બાર વર્ષ પર્યંત અર્થગ્રહણ કરાવે એટલે સૂત્રોના અર્થ સમજાવે. આ મુજબ સૂત્રાર્થ ભણેલા શિષ્ય જો આચાર્યપદને યોગ્ય હોય તો તેને ઓછામાં ઓછા બે શિષ્યો આપીને વિવિધ દેશોમાં વિહાર કરાવે કે જેથી તીર્થંકરોની જન્મભૂમિ દીક્ષાભૂમિ વગેરે જુએ અને પોતે સમક્તિમાં સ્થિર થાય, જુદા જુદા દેશોમાં વિચરતા અતિશય શ્રુતજ્ઞાની આચાર્યોના દર્શનથી સૂત્રાર્થ સંબંધી અને સામાચારી સંબંધી વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય, જુદા જુદા દેશોની ભાષા અને આચારનું પણ જ્ઞાન થાય, તે તે દેશોમાં જન્મેલા શિષ્યોને તે તે ભાષામાં ધર્મોપદેશ આપી શકે, અને ઘણા જીવોને સર્વવિરતિ અને દેશવિરતિના માર્ગમાં જોડી શકે. આ મુજબ વિવિધ દેશોમાં બાર વર્ષ પર્યન્ત વિહાર કરાવે અને પછી આચાર્યપદપર સ્થિત કરે. આ મુજબ અધ્યયન અને દેશાટન કરેલા આચાર્ય શાસનને દીપાવે અને અનેક ભવ્યો જીવોને ઉપકાર કરે એમાં તો શું આશ્ચર્ય! આપણા ઉપદેશ દાતાનું જીવનચરિત્ર આપણે જોઇએ છીએ ત્યારે ઉપર જણાવેલા પ્રાચીન કલ્પાનુસાર વસ્તુતઃ મોટે ભાગે આપણને તે જણાય છે. એમની પ્રવ્રજ્યા સ. ૧૯૪૭માં થયા બાદ સૂત્રસિદ્ધાંતનું જ્ઞાન સંપાદન કરી યોગોદ્વહનની ક્રિયા કરી સં. ૧૯૬૦માં એમણે પન્યાસ તા૦ ગણિપદ્દીઓ પ્રાપ્ત કરી. ૧૯૭૩ના સાલમાં સુરતમાં આચાર્ય શ્રીવિજયકમલસૂરીજીએ એઓ સાહેબને આચાર્યપદથી અંકિત કર્યા. પોતાના આટલા લાંબા દીક્ષા પર્યાય દરમ્યાન એઓ સાહેબે ગુજરાત, કાઠીઆવાડ, માળવા, બંગાળ, બિહાર, ઉત્તરહિંદ, મહારાષ્ટ્ર મારવાડ વગેરે દેશોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિહાર કરી અત્યંત અનુભવ મેળવેલો છે. શરૂથી આજ પર્યંત એઓ સાહેબનું શાસ્ત્રો અને આગમોનો અભ્યાસ કરવા કરાવવાનું કામ અખંડપણે ચાલુજ છે. એઓ સાહેબના સતત ઉપદેશથી અનેક સત્કાર્યો થયલાં છે અને થાય છે અને અનેક ધાર્મિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવેલી છે, તેમજ અનેક ભવ્યજીવોએ ધાર્મિક પ્રવૃત્તિઓ આદરી સર્વવિરતિ દેશવિરતિ અને સમ્યકત્વ ગ્રહણ કર્યાં છે, અને અનેક પ્રકારની તીર્થ-યાત્રાઓ ઉગ્રવિહારો તથા તપ-જપ કર્યાં છે. એ મહાપુરૂષે પોતાનું સમગ્ર જીવન શ્રીજૈનશાસનની સેવામાં સમર્પણ કરી આધુનિક કાળમાં અપૂર્વ સેવા કરી છે. આવા મહાપુરૂષ આ પુસ્તકમાં પ્રગટ થયલા વ્યાખ્યાનો યાને ઉપદેશોના દાયક છે એ જાણીને વાંચક વર્ગને તે વાંચવા મનન કરવા અને તે પ્રમાણે યથાશક્તિ પોતાનું વર્તન રાખવા જરૂર પ્રેરણા થાય એ સ્વાભાવિક છે.

છતાં પણ પ્રગટ કરવામાં આવતા ઉપદેશોનો ટુંક સાર જો વાંચક વર્ગને જણાવવામાં આવે તો તેથી તેમને તે તરફ વિશેષ આકર્ષણ થાય. આપણે તે તરફ આપણું લક્ષ્ય દોરવીએ.

આ પુસ્તકમાં એકંદરે ચોવીશ વ્યાખ્યાનો પ્રગટ કરવામાં આવેલાં છે. તે દરેક વ્યાખ્યાનનો ટુંક સાર રજુ કરતા મારે દીલગીરી સાથે જણાવવું પડે છે કે આ વ્યાખ્યાનો છપાવવાના કાર્યમાં જોઈએ તેટલી કાળજી અને કુશળતા રાખવામાં આવેલી જણાતી નથી. પ્રુફશીટો બહુ બીન કાળજીથી તપાસાયલાં જણાય છે. વિરામચિહ્નોનું ઘણે ભાગે બરાબર ઠેકાણું રાખવામાં આવ્યું નથી. જોડણીની બાબતમાં પણ પૂરી કાળજી રખાઈ નથી. આવા ઉમદા, વિદ્વત્તા ભરેલા અને મનનીય વ્યાખ્યાનો વાંચનારાઓને જેમ વિશેષ આકર્ષક થાય તેમ છપાયાં હોય તો તેથી ઘણો લાભ થવાનો સંભવ રહે. સાથે સાથે વાંચકોને અન્વેષણ (reference) માટે અનુકુળતા થાય તેટલા માટે જુદા જુદા પ્રકારની અનુક્રમણિકાઓ આપેલી હોય તો વ્યાખ્યાનોમાં જણાવવામાં આવેલી હકીકતો ઘણા અલ્પ પ્રયાસથી શોધી કાઢવામાં આવે. આ બધા તરફ પ્રથમથીજ લક્ષ્ય આપવું જોઈતું હતું. હવે તો પુસ્તક છપાઇને તૈયાર થઈ ગએલું હોવાથી તેમાં રહેલી છાપાની ભૂલો વિગેરે માટે શુદ્ધિપત્રક તૈયાર કરાવાય, તે સિવાય બીજો માર્ગ જણાતો નથી. પણ તે શુદ્ધિપત્રક જો સંપૂર્ણ તૈયાર કરાવવામાં આવે તો ઘણુંજ લાંબુ થાય તેમ હોવાથી કંટાળા ભરેલું લાગે. આથી હાલ તો વાંચક વર્ગે આ બધી ખામીઓ ધ્યાનમાં રાખી પોતેજ તે સુધારી લઈ વાંચવા સિવાય બીજો સરલ રસ્તો નથી પરંતુ મારી મજબૂત ભલામણ છે કે હવે પછી પ્રગટ કરવામાં આવે તે પુસ્તકોમાં આ બાબતો ઉપર શરૂથીજ પૂરતું લક્ષ્ય રાખવામાં આવે.

હવે પ્રગટ કરેલા વ્યાખ્યાનોની ટુંક મતલબ આપણે જોઇએ.

પહેલા વ્યાખ્યાનમાં મુખ્યતાએ મૃત્યુના ભય બાબતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ભય વિષ્ટામાં રહેતા કીડાને તેમજ ઇન્દ્રાસન ભોગવતા ઇન્દ્રને—સર્વ પ્રાણી માત્રને એક સરખી રીતે મુંઝવે છે. સર્વ જીવો જીવવાની પ્રબળ ઇચ્છા ધરાવે છે, છતાં પણ જીવવું કે મરવું એ પોતાના હાથની વાત નથી, પણ એ કેવળ પૂર્વ જન્મમાં બાંધેલા આયુષ્ય કર્મને આધીન છે. આ મુજબ તત્વદૃષ્ટિએ વસ્તુનું સ્વરૂપ જણાવતાં એનો દુરૂપયોગ ન થાય તેટલા માટે સાવધાન કરવા પ્રાસંગિક અગત્યના ખુલાસા કરવામાં આવેલા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"આયુષ્ય છતાં હિંસા થાય નહિં, અને આયુષ્ય પૂરૂં થયા પછી કોઈ જીવતો રહે નહિં, તો પછી હિંસા એ વસ્તુ ક્યાં રહી?" અહિંસા એટલે હિંસા ન કરવી તે. "હિંસા" એવી વસ્તુજ ન હોય તો અહિંસા વાંઝણીની પુત્રી કે આકાશકુસુમ જેવીજ કહેવાય. આ પ્રમાણેની કુયુક્તિ કરી "અહિંસા"નેજ ઉડાવી દેવા માંગનારાઓને સંતોષકારક ઉત્તર આપવામાં આવ્યો છે. પ્રથમ અહિંસા કહેવી કોને તે સમજાવ્યું છે. જૈન શાસ્ત્રમાં "હિંસા ન કરવી તે અહિંસા" એમ કહેતા નથી, પણ "હિંસાના પચ્ચકખાણ કરાય તેનું નામ 'અહિંસા' કહે છે." પચ્ચકખાણ ન કરાય તો હિંસા ન કરતો હોય તો પણ તેને 'અહિંસા' નથી. કર્મ બંધનના સ્થાનકો ગણાવતાં 'અવિરતિ' કર્મ બંધનનું એક કારણ ગણાવ્યું છે. હિંસાથી વિરતિ કરવી તે અહિંસા. વિરતિથી કર્મ રોકાય અને અવિરતિથી કર્મ બંધન થાય એ સાબીત કરવા માટે આત્માના સ્વભાવ તરફ આપણું લક્ષ્ય દોરવામાં આવ્યું છે. બીજી શંકા એ ઉઠાવવામાં આવી છે કે "જે બાબતને કોઈએ કદી વિચાર, વાણી કે પ્રવૃત્તીથી જાણી કે આદરી ન હોય તેના કર્મ તેને શી રીતે લાગે. જે વિષયમાં અમારા મન, વચન અને કાયા એ કશુંજ નથી એવા વિષયનું કર્મ બંધન અમને શી રીતે લાગે?" આ શંકાનું સુંદર સમાધાન આપતાં જણાવ્યું છે કે આત્માનો શુદ્ધ સ્વભાવ વિરતિમય છે, વિરતિની જેટલી ઓછાશ હોય તેટલો આત્માને વિકાર વિશેષ થાય, અને શરીરમાં જેમ રસોળી, કે મસો મન, વચન કે કાયાની મદદ વગર પોતાની મેળે જે ખોરાક માણસ લેતો હોય તેમાંથી પોતાનો હિસ્સો લઈ પુષ્ટ થયાં કરે છે તેમ બીજાં કર્મોને લઈ અવિરતિ વિકાર પણ પુષ્ટ થાય છે. અવિરતિરૂપ રસોળી કે મસાને કાપી નાંખીએ અને ત્યાં અનાગતના પચ્ચખાણરૂપ તેજાબ લગાડીએ તોજ આત્માનો અવિરતિથી થતો વિકાર અટકે. સાથે સાથે એ પણ જણાવી દીધું છે કે હિંસાના પચ્ચખાણની સાથે હિંસા ન થાય અને જીવો બચી જાય એવો પ્રયત્ન કરવાની પણ જરુર છે, અર્થાત્ અહિંસાની સાથે સંયમને પણ રાખવાનો છે. આ પ્રકારે પ્રાસંગિક શંકાઓનું સમાધાન કરી મૂળ શંકા-કે જીવોને જો આયુષ્ય કર્મની સ્થિતિને લીધે જીવાડી કે મારી શકાય તેમ ન હોય તો અહિંસા, વિરતિ, હિંસાના પચ્ચખાણ એ બધું ઢોંગ રુપજ ગણાય-તેનું નિવારણ કરતાં ખુલાસો કરવામાં આવ્યો છે કે જેમ એક ઘડીઆળની ૩૬ કલાકની ચાવી છે તે જો ક્રમસર ચાલે તો તેટલો વખત બરાબર ચાલે, પણ જો એકાદ સ્ક્રુઢીલો કરી નાંખીએ તો ૩૬ કલાક માટેની ચાવી એની મુદ્દત પહેલાં અકુદરતી રીતે ઉતરી જાય. તે ઘડીયાલ આપો આપ બંધ પડે, તેમ જે આયુષ્યની મર્યાદા બંધાઈ હોય તે કુદરતી ચાલે ચાલત તો અનુક્રમે એની ક્રિયાઓ થયા કરત, અને પૂરેપૂરૂં આયુષ્ય ભોગવાતે, પરંતુ એમાં અકુદરતી તત્વ ઉમેરવામાં આવે. નાશના સાધાનો મેળવાય તો આયુષ્ય, ઘડીઆળની ચાવીની જેમ, વખત પહેલાં ભોગવાઈને પૂર્ણ થઈ જાય. અહીં આયુષ્યની મર્યાદા જે ક્રમવાર ભોગવવાની હતી તેનો ઉપઘાત કરાય છે એટલે આયુષ્ય મર્યાદા જલ્દી ભોગવાઈ જાય છે.

આ બધા ઉપરથી તારવણી કાઢી જણાવ્યું છે કે આયુષ્યના ઉપઘાતના કારણો, નાશના તત્વો આપણે ન મેળવવા તેનું નામ અહિંસા, અને આયુષ્યમાં ભેળવાયલા આયુષ્ય ક્રમને વિઘ્નરૂપ થતાં નાશના તત્વોને આપણે ખસેડી નાંખવા તેનું નામ દયા,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨ બીજા વ્યાખ્યાનમાં જન્મ તથા મરણના દુઃખો બાબત ઉલ્લેખ કરી, મરણનો ભય ૧૦૦ ટકા બધાને છે, પણ જન્મનો ભય એક ટકો પણ રહેતો નથી એમ જણાવી આપણા ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે અહીંજ બાહ્ય દૃષ્ટિ અને તત્ત્વ દૃષ્ટિમાં રહેલો ભેદ માલમ પડે છે "જન્મથી ડરનારો તે તત્ત્વ-દૃષ્ટિવાળો, અને મરણથી ડરવાવાળો તે બાહ્યદૃષ્ટિવાળો, કારણ મરણ જન્મને પૂછડે વળગેલુંજ છે" અને તેથી "મોતને રોકવું હોય તો પ્રથમ જન્મને રોકવો જોઇએ" એ જન્મ રોકાય શાથી તે બાબતનો વિચાર ચલા-વતાં "જન્મ રોકવામાં ધર્મ એ શરણ છે" એ ઘણી સુંદર દલીલોથી સમજાવ્યું છે. તેમ કરતાં ધર્મનાં ફળ અને સ્વરૂપ ઉપર આપણું લક્ષ્ય ખેંચી ધર્મના સમ્યકત્વ ભાવના અને વૈરાગ્ય ભાવના એવા બે ભેદો બતાવી તે બન્નેનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે. જે તત્વ પ્રતીતિને ટકાવે, તેનું સંરક્ષણ કરે અને તત્વપ્રતીતિ પ્રમાણે વિચારો પણ પવિત્ર રાખવામાં મદદરૂપ થાય તે સમ્યકત્વ ભાવના. તેના મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર પ્રકારો બતાવી, એ ચારે પ્રકારો અતિ અસરકારક રીતે વર્ણવ્યા છે. બાહ્ય શરીરને થતા વિંછીના ડંખથી થતું દુઃખ અને તેથી ઉત્પન્ન થતા વિચારો આપણા સમક્ષ લાવી જેમને કર્મરૂપી વીંછી પોતાને સ્થળે સ્થળે કરડેલા માલમ પડે તેમના વિચારો કયી દશાવાળા હોય એ બહુ બોધકરીતે જણાવ્યું છે. જગતમાં કોઈ પણ જીવ કર્મ બંધનમાં પડનારો થાય નહિ અને કર્મ બંધનથી જગત છુટી જાય આવી જે ભાવના તેજ મૈત્રી ભાવના છે અને અહીં ધર્મનું પગથીઉં મંડાય છે એમ આપણા મન ઉપર ઠસાવવામાં આવ્યું છે. વીંછીની વેદના મટાડનાર જાંગુલી વીંછીના ડંખના અસહ્ય દુઃખ વખતે આવી પહોંચે તો કેટલો ઉત્સાહ અને આનંદ થાય? તેજ પ્રમાણે જીનેશ્વરદેવરૂપી જાંગુલી, અને સદ્‌ગુરૂરૂપીજાંગુલી કર્મરૂપીવીંછીની વેદના મટાડનાર છે એમ જાણીએ ત્યારે જે અવર્ણનીય આનંદ થાય તેજ પ્રમોદ ભાવના છે. અને તેથીજ તેવા મહાપુરૂષોની પર્યુપાસના સતકાર સન્માન તેમાં ઉદ્‌ભવે છે. જગતના જીવોને પીડા પમાડતી આ વેદનામાંથી હું તેમને બચાવું એવી જે ભાવના તેમજ તેમનાં દ્રવ્યદુઃખો પણ દૂર કરવાની સતત ચિંતા અને પ્રવૃત્તિ તે કારૂણ્ય ભાવના છે. જગતમાં કેટલાક જીવો એવા ભારે કર્મી હોય છે કે તેઓ તદ્દન શાણા અને બધી બાબતોમાં અક્કલહુશીઆરીથી કામ કરનારો હોવા છતાં તેમની આગળ ધર્મ વગેરેની વાતો કરો તો તેમનું મગજ ફરી જાય અને દેવગુરુ ધર્મને ગાળો દેવાને તૈયાર થાય અને તેથી તેઓ તરવાને બદલે ઉલટા ડુબે. આ મનોવૃત્તિ આપણને સહેલાઈથી સમજાય તેટલા માટે તપખીરની ડાબડી જોઇ ગાંડા થઈ જનાર રમણનામના ગ્રેજ્યુએટનું દૃષ્ટાંત આપ્યું છે. આપણા શુદ્ધ એવા નિવારણના પ્રયત્નથી પણ આવી મનોવૃત્તિવાળા ડુબવા પામે નહિ એ વિચારણાથી તેને નિવારવાનો પ્રયત્ન છોડી દેવો અને કર્મની બલવત્તરતા વિચારી દ્વેષ ટાળવો એનું નામ માધ્યસ્થ ભાવના છે. આ ભાવનાનું સ્વરૂપ સમજાવતાં આપણું ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે જેમ દેશના ઉદય માટે રક્ષક રાજનીતિ રાખવાનું રાજ્યનું પગલું ન્યાયી ગણાય છે અને બીજાને તોડવા માટે જગાત ઉભી કરે તે ન્યાયી ગણાતું નથી તેમ વિરોધીઓના અનિષ્ટ હુમલા થતા હોય તે પ્રસંગે બચવાને માટે પ્રમોદ ભાવનાથી પ્રેરિત થઈ સર્વ પ્રકારે યોગ્ય બચાવ કરવો એ તો કર્તવ્ય છે.

આ પ્રકારની સમ્યકત્વ ભાવનાથી ઉત્તેજીત થઈ ધર્મ એજ શરણ છે અને એ સિવાયના જન્મમરણના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભયમાંથી મુક્તિ અપાવનાર બીજું કોઈ નથી એવું ધારી વિષયકષાયથી દૂર થવાની ભાવના તેનું નામ વૈરાગ્ય ભાવના છે.

ઉપર જણાવેલી સમ્યક્ત્વ ભાવના અને વૈરાગ્ય ભાવનાથી આપણે વાસ્તવિક ધર્મ કરી શકીએ છીએ અને તે ધર્મ જન્મને રોકવામાં શરણભૂત થાય છે. મોતને રોકવું હોય અને અજરામરપદ મેળવવું હોય તો પ્રથમ જન્મને રોકવા આ બે ભાવના રાખી પ્રયત્ન કરવો જરૂરનો છે એ આ વ્યાખ્યાનનો સાર છે.

૩ ત્રીજા વ્યાખ્યાનમાં ઉપરના બે વ્યાખ્યાનોના વિષયોનું દાખલા દલીલોથી વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવેલું છે. આયુષ્ય કર્મ પ્રમાણે જે થવાનું હોય તે થયાજ કરે છે એમ માન્યા પછી હિંસા રહી ક્યાં ? એ પ્રશ્નનો વિશેષ ખુલાસો કરતાં ઉપક્રમિક આયુષ્ય અને નિરૂપક્રમિક આયુષ્ય—એવા આયુષ્યના બે ભેદો સમજાવી એ બન્ને આયુષ્યવાળા જીવોની હિંસા થઈ શકે છે એ જણાવવા હિંસાનો વિશાળ અર્થ કર્યો છે. તેમ કરતાં હિંસાના ત્રણ પ્રકાર પાડ્યા છે (૧) પ્રાણનો વિયોગ કરવો તે, (૨) પ્રાણનો વિયોગ કરવાનાં કારણનો વિચાર કરવો તે, અને (૩) જીવને બચાવવાની બુદ્ધિનો અભાવ. ત્રીજા પ્રકારની હિંસા આપણી ખ્યાલમાં સરલપણે આવે તેટલા માટે બેદરકારીથી મોટર હાંકનાર અને બેદરકારીથી દવા આપનારના જાણીતાં દૃષ્ટાંતો આપણા સમક્ષ રજુ કર્યાં છે. કાયારૂપી મોટરકારના આપણે ડ્રાઈવર (હાંકનાર) છીએ. ગામ શહેર અગર નગરની વસ્તીમાં ગણ્યા ગાંઠ્યા જીવો છે, પણ અહીં જગતમાં અસંખ્ય જીવો કાજળની દાબડીમાં ભર્યા હોય તેમ ભરેલા છે. આંધળા બ્હેરા એવા આ જીવને તે જીવો કેમ બચે તેની સંભાળ લેવાની કે તે જાણવાની દરકાર નથી, એટલે કાયાની ગાડી એ બેદરકારીથી ચલાવે છે. જ્યાં સુધી એ સૌ જીવોને બચાવવાની દાનતવાળો થયો નથી, જીવો માટે સર્વજ્ઞ વચનને સાંભળતો નથી ત્યાં સુધી આપણે અને આંધળા બ્હેરા ડ્રાઈવર બેઉ સરખા ઘાતકી છીએ. આ પ્રમાણે ત્રણ પ્રકારની હિંસા સમજાવીને, કોઈક પંથવાળા જીવને બચાવવામાં પાપ માને છે તેમને મેઘકુમારે હાથીના ભવમાં સસલાની કરેલી અનુકંપાનું દૃષ્ટાંત આપી તેઓની માન્યતા કેટલી બધી ખોટી અને અનર્થકારક છે એ ન્યાયપુરઃસર બતાવી દીધું છે. પ્રાન્તે જીવવું એ માત્ર આયુષ્યકર્મને આધીન છે છતાં પણ હિંસા થઈ શકે છે અને તે હિંસાથી વિરમવાના ઉપાયો લેવાજ જોઇએ એમ સમજાવ્યું છે.

આ પછી શાસનના વિરોધી, ધર્મના વિરોધી, જીનેશ્વર દેવગુરૂના નિંદકો વગેરેનો પ્રતિકાર કરવો કે નહિ એ પ્રશ્નનો કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાઓની દષ્ટીથી વિચાર કર્યો છે, અને તેમાં ભગવાન મહાવીર દેવે ગોશાલો આવીને આક્ષેપ કરે તે વખતે તેની ઉપેક્ષા કરવાની બધા સાધુઓને કરેલી આજ્ઞાનો ઉલ્લેખ કરી, વ્યવહારમાં પણ આવા પ્રસંગોએ કયારે ઉપેક્ષા કરવામાં આવે છે અને કયારે પ્રતિકાર કરવામાં આવે છે તે આપણી નજર આગળ મુકી છેવટ ઉપદેશ આપ્યો છે કે સમ્યકત્વધારી જીવે પોતાના વિરોધીનું પણ પ્રતિકૂળ ચિંતવન કરવાનું નથી, તે જે કાંઈ કરે છે તે હમેશાં રક્ષણ કરવાની ભાવનાથી કરે છે, અર્થાત્ આ બધા કાર્યમાં હેતુ જૈન શાસનની સેવાનો હોવો જોઇએ, તેથી બીજાનું બુરૂં કરવાની જરાપણ દાનત ન હોવી જોઇએ.

પ્રાન્તમાં જણાવી દીધું છે કે મરણની સત્તા સાર્વભૌમ છે, છતાં પણ તે જન્મની સાથેજ આવે છે. અર્થાત્ જેને મરણનો ડર લાગ્યો હોય તેણે મરણનો ડર ન રાખતાં જન્મનો ભય રાખવો જોઇએ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જન્મના કારણો કયાં છે અને તેથી બચવાનો માર્ગ કયો છે તે વિચારવું જોઇએ.

૪ ચોથા વ્યાખ્યાનમાં જૈનપણાનું પગથીઉં કયું? તે બાબત ચર્ચવામાં આવી છે, અને એ વ્યાખ્યાનનું મથાળું "જૈનત્વનું મૂળ શું?" એ નામનું યોગ્ય રીતે રાખવામાં આવ્યું છે "આત્માએ એવી માન્યતા ધારણ કરવી કે (૧) હું આત્મા છું, (૨) અનાદિનો છું, (૩) અનાદિથી જન્મ અને કર્મ કર્યા કરૂં છું" આ માન્યતાને પંચસૂત્રકારે જૈન શાસનનો પેહેલો પાઠ જણાવેલો છે. એ ત્રણે વાતો જૈનોએ ગળથુથીમાં લેવાની છે. આ ત્રણે વાતો આપણા હૃદયમાં સચોટ રમી રહે તેટલા માટે અનેક દાખલા દલીલોથી તેનું દૃઢ સમર્થન કરેલું છે. પ્રથમ તો આત્માના અસ્તિત્વમાંજ કેટલાકોને શંકા છે. જ્યારે બીજાઓ તેને કોઈ પ્રબલ સત્તાએ ઉત્પન્ન કરેલા માને છે. તેઓની શંકાના સમાધાનમાં મનુષ્યના અનુભવ અને તે પરથી થતી કલ્પનાઓ બાબતમાં વિવેચન કરી જણાવવામાં આવ્યું છે કે "મનુષ્ય જેની કલ્પના કરી શકે છે તે વસ્તુ તેણે એક કે બીજા પ્રકારે અનુભવેલી હોવીજ જોઈએ; આપણો જીવ ક્યારે ઉત્પન્ન થયો એ આપણા ખ્યાલમાં નથી એનું કારણ એજ છે કે એ સ્થિતિ આપણે અનુભવી નથી, મનુષ્ય 'મારુ શરીર' એમ કહે છે. શરીરને અનેક કાર્યોમાં પ્રવર્તાવે છે એ ઉપરથી લાગે છે કે શરીરને પ્રવર્તાવનાર કોઈ વસ્તુ જુદી હોવી જોઈએ. જે વસ્તુ શરીરને જગતના વ્યવહારમાં પ્રવર્તાવે છે તેનુંજ નામ આત્મા છે" કેટલાકો એમ કહે છે કે જન્મદાતા માતાપિતાના રક્ત વીર્યથી જીવ ઉત્પન્ન થાય છે અને એનું જુદું અસ્તિત્વ નથી. તેના ઉત્તરમાં જણાવ્યું છે કે પાણી અને માટી ઝાડની ઉત્પત્તિ માટે જરૂરની વસ્તુ છે છતાં પણ મુખ્ય વસ્તુ તો બીજ છે, તેમ રક્ત વીર્યની સાથે એવી કોઈ મુખ્ય વસ્તુ હોય છે ત્યારે ગર્ભ ઉત્પન્ન થાય છે. જેમ બીજના પુદ્ગલો વૃક્ષ બનવાની ક્રિયામાં અદૃશ્ય થાય છે અને વૃક્ષરુપે પરિણામી જાય છે, તેમ શરીરમાં આત્માના પ્રદેશો એવા તો પરિણમી જાય છે કે બીજ પ્રમાણે આપણે એ પરમાણુઓને દેખી શકતા નથી. વિશેષ દૃષ્ટાંત એન્જીન અને ડ્રાઈવરનું આપી શરીરથી આત્માનું અસ્તિત્વ જુદું છે અને તે અનાદિ છે એમ સાબીત કરી બતાવ્યું છે.

જન્મ અને કર્મના ખટપટા અને ગુંચવણ ભરેલા પ્રશ્નનો ઉકેલ પણ વૃક્ષ અને બીજનું દૃષ્ટાંત આપી સુંદર રીતે કરવામાં આવ્યો છે, અને એ બંન્નેની શ્રેણી અનાદિ છે એમ બીજી અનેક દલીલો આપી સમજાવેલું છે.

આ ત્રણ બાબતોમાં અન્ય દર્શનકારોના વિચાર શું છે તે આગળ જણાવવામાં આવ્યા છે, કેટલાકો જીવને સાદિ માને છે અને કેટલાકો તેને અનાદિ માને છે, કેટલાકો ઇશ્વર જગતનો કર્તા છે એમ કહે છે, કેટલાકો કહે છે કે પાપ કરાવનાર અને તેનું ફળ આપનાર ઈશ્વિર છે, કેટલાક કહે છે કે પાપ કરવામાં અને કર્મ ભોગવવામાં જીવ સ્વતંત્ર છે પણ ઈશ્વિર તો માત્ર તેને સજા કરાવે છે. આ વગેરે માન્યતાઓનો આ વ્યાખ્યાનમાં ઉલ્લેખ કરી તે ઉપર ખુબ અજવાળું નાંખી આ માન્યતાઓમાં કેટલી કેટલી દોષાપત્તિઓ આવી પડે છે, અને ઈશ્વિરને કેટલા ખોટા સ્વરૂપમાં આપણે મુકી દઇએ છીએ તેનું પ્રત્યક્ષ ભાન કરાવવામાં આવ્યું છે, અને ઘણીજ અસરકારક રીતે સાબીત કરી બતાવ્યું છે (૧) આત્મા અનાદિ છે (૨) કર્મ અને જન્મ પણ અનાદિ છે, અને (૩) આત્મા કર્મ અને જન્મની પરંપરામાં અનાદિકાળથી રખડયા કરે છે. આ વ્યાખ્યાન દરમ્યાન એક સુંદર સલાહ પણ આપવામાં આવી છે. કાનદ્વારા વિચારોરૂપી જે ઝેર મનુષ્યના શરીરમાં પ્રવેશે છે તે કાઢી નાંખવાનો કોઈપણ માર્ગ જગતમાં વિજ્ઞાન શાસ્ત્રીઓને પણ નજડયો થી, તેથી જ્યાંસુધી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાસ્ત્રીય વાતોથી પુરેપુરી રીતે માહીત થાઓ નહિં અને જૈન દર્શનથી ઉલટી માન્યતાને ખરા સ્વરૂપમાં સમજવાની શક્તિ પ્રાપ્ત કરો નહિ ત્યાંસુધી એ વિષ કાનમાં ન પડે તેની સંભાળ રાખવી. છેવટમાં ભારપૂર્વક ઉપદેશ્યું છે કે ઉપર જણાવેલી ત્રિપદી જૈનપણાનું પ્રથમ પગથીયું છે, અને "જૈનત્વને પહેલે પગથીએ ચઢ્યા, આત્મા અને કર્મને અનાદિના માન્યા અને કર્મ સંયોગથી આત્મા ભવપરંપરામાં રખડે છે એમ માન્યું, તો હવે છેલ્લી વાત એ છે કે એ રખડપટ્ટી મટાડવાને માટે તમારે કાંઈ ઉપાય શોધખોળ રહ્યો અને તે ઉપાય એજ છે કે તમારે કોઈપણ પ્રકારે ઉપર જણાવેલી ત્રિપદી હૃદયમાં દૃઢ કરવી અને તે પછી જે કર્મનો કચરો આત્માને વળગેલો છે તે દૂર કરવાને માટે બીજું કંઈજ ન બને તો દૃઢ સંકલ્પ તો જરૂરજ કરવો."

પાંચમા વ્યાખ્યાનમાં જૈન સંઘના અંગભૂતોનું સાચું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે બહુ બોધક રીતે દર્શાવ્યું છે. ગયા વ્યાખ્યાનમાં જે ત્રિપદીનું વિવેચન કર્યું છે, તે ત્રિપદી જૈન બનવાને તૈયાર હોય તેણે હૃદયમાં ધારણ કરવીજ જોઇએ. એ ત્રિપદી જૈન બાળકને આપવાના આત્મિક ખોરાકમાં ગળથુથી સમાન છે. બીજો આત્મિક ખોરાક "વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ ઈત્યાદિ" શીખંડ, લાડુ ઇત્યાદિ પૌદ્ગલિક ખોરાકની પેઠે મીઠો જરૂર લાગે, પણ બાળકને તો તેનાં શરીરનો બાંધો મજબૂત થાય તેટલા માટે ગળથુથીમાં સાકરનું પાણીજ અપાય અને બીજો ખોરાક તેને પચી શકે નહિં અને પરિણામે તેનું હિત કરવાને બદલે વિશેષ અહિત કરે, તે મુજબ એના આત્મિક વિકાસને માટે પણ ખ્યાલ રાખીને એને પચે તેવો આત્મિક ખોરાક આપવો જરૂરી છે. આ મુજબની શરૂઆતમાં ચેતવણી આપીને જૈન માતાપિતાનું પોતાના બચ્ચાં તરફ શું કર્તવ્ય છે તે સમજાવ્યું છે, અને જો તેઓ બચ્ચાંના જડ શરીરને શણગારવા માટે પ્રયત્ન કરે છે તેમ તેમના આત્માને શણગારવા પ્રયત્ન કરે નહિ તો તેઓ જૈન માતાપિતા થવાની લાયકાત ધરાવતા નથી, એટલુંજ નહિ પણ એક અપેક્ષાએ પોતાનાં બચ્ચાંના વિશ્વાસઘાતી છે, એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે. આ મુજબ ફક્ત કથનજ કર્યું છે એમ નહિ, પણ તે કથન દલીલ પુરઃસર સાબીત કરી બતાવ્યું છે. ત્યારબાદ સાચા જૈન થવાને માટે જૈન કુળમાં જન્મ લેનારાની શીશી ફરજો છે તેનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. તેમાં ભગવાન શ્રી મહાવીર દેવે સાધુ અથવા શ્રમણ, સાધ્વી અથવા શ્રમણી, શ્રાવક અથવા શ્રમણોપાસક, શ્રાવિકા અથવા શ્રમણોપાસિકા એ પ્રમાણે ચાર યુથોનો સંઘ માન્યો છે તેની કેટલી મહત્તા છે, તેનું શું કર્તવ્ય છે, તેના પ્રત્યેક અંગ ભૂતોની પરસ્પર શી ફરજ છે, અને એ પ્રત્યેક અંગ ક્યારે સંઘને વફાદાર રહે છે અને ક્યારે બેવફા થઇ જાય છે એ બાબતોનો ઉત્તમ રીતીએ ઉલ્લેખ કરી બાળકોમાં આરંભથી ધાર્મિક સંસ્કારો કેળવવાની જરૂરીઆત તરફ આપણું ધ્યાન ફરી ખેંચવામાં આવ્યું છે, અને તેમ કરવામાં ક્યા માર્ગે કામ લેવું તે વિષે પણ ઘટતી સૂચનાઓ કરી દીધી છે. ધાર્મિક કેળવણીની આવશ્યકતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે તેને લીધેજ પશુ કરતાં મનુષ્ય ઉત્તમ ગણી શકાય. પશુઓમાં અને મનુષ્યોમાં આત્મા એકજ છે. એ આત્મા જો આત્મભાન ન મેળવે તો પછી તેની દેહ મનુષ્ય હોવા છતાં તે પશુ છે, અને જો એ આત્મા કર્મ અને જીવનું ભાન મેળવે તો તે તેજ ઘડીએ સાચા મનુષ્યત્વથી યુક્ત બને છે. છેવટે જીવના જૈન શાસ્ત્રકારોએ બતાવેલા સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભેદો તરફ આપણું ધ્યાન ખેંચી જણાવ્યું છે કે વિષયોથી ભરેલું મનુષ્યપણું એ મનુષ્યપણું નથી, પણ માનવ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રૂપણું છે, જડ જીવન કરતાં પણ હળકું છે, અને એવા મનુષ્યને શાસ્ત્રકાર મહારાજા સંજ્ઞી કે વિચાર શીલ માનતા નથી; પણ તેઓતો તેજ આત્માને વિચારશીલ માની વાસ્તવિક રીતે એટલે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞી માને છે કે જેઓ, સ્પર્શાદિક વિષયોમાં ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિ તથા પરિહાર માટે કે આ ભવને અંગે ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં થતી ઈષ્ટાનિષ્ટની પ્રાપ્તિ કે પરિહાર માટે ઉદ્યમ કરતા હોય, પણ તેમાં તત્વદૃષ્ટિ ન ગણતાં આત્માના સમ્યગ્દર્શનાદિક સ્વરૂપમાં આશ્રવસંવરાદિના હેય અને ઉપાદેય-પણામાં તત્વદષ્ટિ રાખી અતીત અને અનાગતના ભવભ્રમણથી ઉદ્વિગ્ન રહી અવ્યાબાધ મોક્ષપદની પ્રાપ્તિ માટેજ તત્પર રહે છે.

૬ છઠ્ઠા વ્યાખ્યાનમાં ઉપર જણાવેલી ત્રિપદીના જ્ઞાનની આવશ્યકતા ઉપર વિશેષ વિવેચન કર્યું છે. "પોતાના સારા યા ખોટા ભૂતકાળનું અને ઉજ્વળ ભવિષ્યકાળનું ચિત્ર ખેંચ્યા વગર કયો માણસ પોતાની વર્તમાનદશાના સારા યા ખોટાપણાને સમજી શકે કે જ્યાંથી એને આત્માના ઉદ્ધારની પ્રેરણા મળી શકે !" આપણું વર્તમાન જીવન એ રેલ સમાન છે અને એને સારી રીતે ચલાવવા માટે ભૂતકાળ અને ભવિષ્યકાળના વિચારરૂપી બે પાટાઓની અનિવાર્ય જરૂર છે. આ સંબંધમાં હેતુવાદોપદેશિકી અને દૃષ્ટિવાદોપદેશિકી–એવા સંજ્ઞાના બે વિભાગ જૈનસિદ્ધાંતમાં પાડેલા છે તે ઉપર આપણું લક્ષ્ય ખેંચી પ્રથમની સંજ્ઞાવાળા જીવોને અસંજ્ઞી અને બીજી સંજ્ઞાવાળાને વાસ્તવિક સંજ્ઞી ગણવામાં આવેલાં છે, અને બીજી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ મિથ્યાદષ્ટિ માત્ર અસંજ્ઞી અને સમ્યગ્દષ્ટિ માત્ર સંજ્ઞી કહેવાય એ વાત ખુબ ઠસાવવામાં આવેલી છે. જીવને, કર્મને, અને તેમના સંયોગને અનાદિ માનવામાં આવે તોજ જીવનનો ખરેખરો ઉદ્દેશ ભૂલી જવાય નહિ, અને આત્માનું પતન થાય એવી ક્રિયા કરતાં આપણે અટકીએ, સાવ અનિવાર્ય અને ઓછામાં ઓછી હિંસાથી પોતાનો નિર્વાહ ચલાવવા આપણે તૈયાર થઇએ, અને માલમીલ્કતનો વારસો આપી જવા કરતાં પવિત્ર ભાવનાઓનો વારસો આપણા સંતાનોને આપી જવો જરૂરનો છે એ સમજી જઇએ. આ વિષયની ચર્ચા કરતાં રાત્રિભોજન, કંદમૂળ ભક્ષણ, ખાવાપીવાની અમર્યાદિતતા, રસનેન્દ્રિયથી થતી આપણી પરાધી-નતા વિગેરે બાબતો દાખલા દલીલોથી બહુ યુક્તિપૂર્વક સમજાવી છે અને તે બાબતોનો ત્યાગ કેટલો બધો જરૂરનો છે તે સાબીત કરી બતાવ્યું છે. તેની સાથે અમુક તિથિના દીવસોએ કે પર્વના દિવસોએ અમુક વ્રત પચ્ચખાણ કરવાની કેમ જરૂર છે તે પણ બુદ્ધિગમ્ય દલીલોથી સમજાવ્યું છે, અને અનાદિત્રયના મહત્વ ઉપર આપણું ફરીથી ધ્યાન ખેંચ્યું છે.

૭ સાતમા વ્યાખ્યાનમાં આ સંસારસાગરમાં અનાદિકાળથી આપણે ગોથાં ખાયાં કરીએ છીએ છતાં એનાથી આપણને કંટાળો કેમ નથી આવતો તે બાબતનો વિચાર કરી અનાદિકાળથી થતી રખડંપટ્ટીનો કેમ અંત આવે તે બાબતમાં ઉપાયો સૂચવેલા છે. કંટાળો નહિં આવવાના બે કારણો હોઈ શકે (૧) આ સંસાર કરતાં બીજી વધારે સારી સ્થિતિને સાચી રીતે જાણતા નથી, અથવા (૨) એ સારી સ્થિતિને અસ્તિત્વરૂપે જાણવા છતાં ચાલુ સંસારના આનંદને છોડવા તૈયાર નથી. આ સંબંધમાં ન્યાયશાસ્ત્રના "नित्यं सत्त्वमसत्त्वं वाहेतोरन्यानपेक्षणात ।" "कादाचित्कभवनं कारणोपनिबंधनम्" આ બે સૂત્રો તરફ આપણું ધ્યાન ખેંચી આપણી આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનાદિની રખડંપટ્ટી કોઈ કારણ જન્ય છે કે સ્વતઃસિદ્ધ છે એ બાબત વિચાર કરવાની આવશ્યકતા જણાવી કેવળ પ્રત્યક્ષ પ્રમાણનેજ માનનાર ચાર્વાક દર્શન અને "सत्यं ब्रह्म, जगन्मिथ्या" કહેનારા વેદાંતીઓના સિદ્ધાંતમાં જણાતા દોષો તરફ આપણું લક્ષ્ય ખેંચી, સત્, અસત્ અને અસારની વ્યાખ્યા સમજાવી સંસારમાં આપણી રખડંપટ્ટીનું મૂળ કારણ કર્મોપાર્જન છે, અને કર્મોના નાશમાં રખડંપટ્ટીનો નાશ છે એ બહુ સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે. રખડંપટ્ટીનું કારણ જાણવા છતાં પણ તે કારણ દૂર કરવા આપણે આચરણ કેમ કરી શકતા નથી તેના કારણો જણાવતાં (૧) આપણો સંસાર વ્યવહાર, (૨) આપણી સ્વાર્થવૃત્તિ, (૩) વાસ્તવિક સ્વતંત્રતા તરફ આપણી બેદરકારી અને (૪) આપણા નોકર સદૃશ આપણાં શરીરની વધુ પડતી સંભાળ લેવા કરવાની, પાંચેઇન્દ્રિયોના વિષયમાં રાચી માચી રહેવાની, આત્માના ઘર સમાન શરીરમાં લુચ્ચા અને ભાડું આપ્યા સિવાય ઉલટી ચોરી કરીને ઘરધણીને પાયમાલ કરનારા ક્રોધ–માન–માયા–લોભ–રાગદ્વેષ–વિષયારંભ જેવા ભાડુતોને આપણી પોતાની ખાનદાનીની મહત્તા તરફ નજર ન કરતાં ઘરમાં ભાડે રાખવાની આપણી કુટેવો અને (૫) આપણી અનેક ભૂલો આપણા લક્ષ્યમાં લાવવામાં આવે અને તે આપણને સમજાય છતાં પણ તેને વળગી રહેવાની આપણી કદાગ્રહવૃત્તિ વિગેરેનું અસરકારક શબ્દોમાં દિગ્દર્શન કરાવ્યું છે, અને આપણા આત્માનો વિજય થાય તેવો માર્ગ બતાવ્યો છે. તેની સાથે આપણા સંતાનોમાં ધાર્મિકવૃત્તિ ખીલવવા અને તેમના આત્માનું પોષણ કરવા પ્રયાસ કરવાની આવશ્યકતા વિષે સુંદર ઉપદેશ આપી, જો આત્માનો વિજય વાંછતા હો તો "ઇંદ્રિયોના વિજયમાં આત્માનો પરાજય છે અને ઇંદ્રિયોના પરાજયમાં આત્માનો વિજય છે" એ સૂત્રને આપણું જીવનસૂત્ર બનાવવા, અનાદિકાળથી જીવને પાપાચરણ અને ક્ષણિક સુખ માણવાની જે ટેવ પડી છે તે અટકાવવા, અને શ્રીજીનેશ્વર ભગવાને બહુજ ઉત્તમમાર્ગ બતાવ્યો છે તે માર્ગના ઉપર ચાલવા મજબૂત ભલામણ કરેલી છે.

૮ આગળના વ્યાખ્યાનોમાં જીવ અનાદિ, કર્મ અનાદિ, અને જીવને કર્મનો સંયોગ પણ અનાદિ એ ત્રિપદીને જૈનપણાની સાચી ગળથુથી જણાવી બાળકને ન્હાનપણમાંજ એ ત્રિપદીની માન્યતા કરાવવાની જરૂરીઆત દર્શાવવામાં આવી છે. એજ વિષય ઉપર આઠમા વ્યાખ્યાનમાં વિશેષ વિવેચન કરવામાં આવેલું છે. આ સંસ્કાર બાળપણથીજ પાડવામાં આવે તો તેનું પરિણામ ભવિષ્યમાં એટલું સરસ આવે કે જૈનપણાની અસર ગમે તેવી કફોડી પરિસ્થિતિ વચ્ચે પણ કાયમ રહેવાની; કેટલાકો શંકા ઉઠાવી જણાવે છે કે બાળકને જીવ શું, કર્મ શું, અનાદિ શું એ બાબતની સમજણ હોતી નથી, તો આ 'અનાદિમય' બરાબર સમજ્યા વગર ગોખી નાંખવાથી શું ફાયદો ? આ શંકાનું સમાધાન કરવા જણાવવામાં આવ્યું છે કે સંસાર વ્યવહારમાં આપણે જ્ઞાન વગર ક્રિયાનો ઇન્કાર કરતા નથી અને સમજ્યા વગર અનેક કાર્યો કરીએ છીએ અને તેનું સારૂ માઠું ફળ પ્રાપ્ત કરીએ છીએ, તો ધાર્મિક બાબતમાં તે નિયમ લાગુ કેમ ન પડાય ? એકલું જ્ઞાન ક્રિયા વગર ફળ આપતું નથી, પણ એકલી ક્રિયા તો ફળવંતી થતી આપણે અનુભવીએ છીએ. ખરી વાત તો ધ્યાનમાં રાખવાની એ છે કે "એક બીજાની ક્રિયાનો ફાયદો એક બીજાને મળી શકતો નથી, પરંતુ એક બીજાના જ્ઞાનનો ફાયદો એક બીજાને એક યા બીજી રીતે મળી શકે છે." અને આપણે જ્યારે તીર્થંકર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતોમાં શ્રદ્ધા રાખીને તે મુજબની આપણી માન્યતા કરીએ છીએ ત્યારે આપણે ખરી-રીતે તીર્થંકર ભગવાને પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ફાયદો મેળવીએ છીએ. બાળક નાનું હોય છે ત્યારે બા, બાપા, કાકા વિગેરે શબ્દો બોલવા લાગે છે તે કાંઇ એ શબ્દો સમજીને બોલતો નથી પણ એ શબ્દોના અર્થ પાછળથી એ ધીમે ધીમે સમજવા લાગે છે. આ વિવેચનમાં અનેક પ્રકારની યુક્તિઓથી બાળપણમાં બાળકને સમજણ ન હોય છતાં ધાર્મિક સંસ્કારો નાંખવાથી તેનું આખું જીવન સુધરી જાય છે અને તેમ ન કરવામાં આવે અને બાળકને સમજણ આવે અને ખરાખોટાનો વિચાર કરી શકે એટલી વયનો થાય ત્યાંસુધી એ બાબતમાં દરકાર ન રાખવાથી કેવું માઠું પરિણામ આવે છે તે બહુ અસરકારક રીતે સમજાવ્યું છે. પ્રસં-ગોપાત્ (૧) વિચાર સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય કયારે યોગ્ય કહી શકાય અને કયારે તે સ્વચ્છંદતાજ ગણાય (૨) માત્ર શ્રદ્ધા કે જ્ઞાન ફાયદો નથી કરી શકતો, પણ પ્રયત્ન એટલે ક્રિયાની પાછળજ સફળતા છે (૩) આત્માને ઉંચો અને નીચો બનાવવામાં એટલે ઉંચા અથવા નીચા ગુણઠાણાની વ્યવસ્થામાં ક્રિયાનોજ મુખ્ય ભાગ છે એ વિગેરે વિષયો ઉપર સુંદર બોધ આપી ક્રિયાનું મહાત્મ્ય સમજાવવામાં આવેલું છે, અને બાળ દીક્ષિત જેટલું આત્મ કલ્યાણ સાધી શકે એટલું બીજા સાધી શકે નહિ એ સત્ય રીતે પુરવાર કર્યું છે. છેવટમાં ઉપદેશ આપવામાં આવ્યો છે કે જ્ઞાન વગર ક્રિયા ન થાય એ ઘેલછા છોડી દઇને શાસ્ત્રકાર ઉપર અટલ શ્રદ્ધા રાખીને આચરણ કરવું જોઈએ.

૯ નવમાં વ્યાખ્યાનમાં શરૂઆતમાં જૈન બાળકોને સારા સચોટ સંસ્કારો પાડવાની જરૂરીઆત ઉપર કાંઇક વિવેચન કરી પ્રતિમાઓને આંગી તથા આભૂષણો પહેરાવવા બાબતમાં પ્રાસંગિક રીતે વિચાર કરી, એ વ્યાખ્યાનના મૂળ વિષય "મહાવ્રતોમાં સ્યાદ્‌વાદની સંકલના" એના ઉપર વિદ્વત્તા ભરેલું પ્રવચન કરવામાં આવ્યું છે. હિંસા, જૂઠ, ચોરી અને પરિગ્રહ એ ચારમાં કયા પ્રકારે કયા સંજોગોમાં શાસ્ત્રકારે અપવાદ સેવવાની એટલે મૂળ માનેલ વસ્તુથી ઉલટું વર્તન કરવાની છુટ આપેલી છે અને જરૂરીઆત જણાવેલી છે. તે સમજવા જેવું છે. પાંચ મહાવ્રતો પૈકી ઉપર જણાવ્યા મુજબ ચાર મહાવ્રતોમા સ્યાદ્‌વાદ બતાવીને અપ-વાદિક વિધાન કરવામાં આવ્યું છે, પણ મૈથુનની બાબતમાં એમ નથી કહ્યું એ ખાસ જણાવાયું છે. બ્રહ્મ-ચર્યવ્રતના પાલનમાં શાસ્ત્રકારોએ જરાસરખો પણ અપવાદ રાખવાનું યોગ્ય નથી ગણ્યું એ સ્મૃતિપટ ઉપર ખાસ લખી રાખવાનું છે. જે વસ્તુને માટે અપવાદિક વિધાન કર્યું હોય તે વસ્તુમાં અપવાદનું સેવન કરવામાં આવે તો તે માટે કોઈપણ પ્રકારનું પ્રાયશ્ચિત્ત કરવાનું નથી હોતું, અને જે માટે કોઇપણ પ્રકારનો અપવાદ રાખવામાં આવ્યો ન હોય છતાં એના પાલનમાં અપવાદ લાગે તો તે અપવાદ માટે પ્રાયશ્ચિત કરવું પડે છે એ શાસ્ત્રના નિયમનો બરાબર સ્ફોટ કરવામાં આવ્યો છે.

૧૦ દશમા વ્યાખ્યાનમાં ધર્મની કિંમત બરાબર રીતે ક્યારે સમજાય એ બાબતમાં અત્યંત મનનીય ઉપદેશ આપ્યો છે. ધર્મની ખરી મહત્તા ભયંકર ભવભ્રમણ અટકાવવામાં છે. આત્માના છુપાયેલા ગુણોને પ્રગટ કરવા, કર્મની નિર્જરા કરવી, મોક્ષની પ્રાપ્તિ કરવી, આમાંજ ધર્મની સફળતા છે, અને આની પ્રાપ્તિ જેટલા અંશે વધુ થાય એટલા અંશે સમજવું કે ધર્મનો રંગ વધારે લાગ્યો છે. જેમ ચક્રવર્તીના ચક્રની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કીંમત જે લોખંડના ટુકડાનું તે બનેલું હોય છે તે લોખંડની કીંમત ઉપરથી થઈ શકે નહિ, પરંતુ એમાં જે અજબ પ્રભાવ રહેલો છે તેનાથીજ થઇ શકે, તે મુજબ ધર્મની કીંમત તેનામાં અલૌકિક અને અવિનાશી સુખ આપવાની શક્તિ રહેલી છે તેનાથી થઈ શકે અને નહિં કે ધર્મના આચરણથી અમુક અંશે મળતાં પોતાને ગમતા સંસાર સુખોથી. આ કથનની પુષ્ટિમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વલા ભવમાં સંયમ તથા તપશ્ચરણ કરી ચક્રવર્તી થવાનું નિયાણું કર્યું અને તેને યોગે ચક્રવર્તીપણું પ્રાપ્ત કર્યું, તે દૃષ્ટાંત આપીને વિષય બહુ સારી રીતે ઘટાવ્યો છે. સાથે સાથે સંસાર કારાવાસ કેમ છે, સંસારની મનોદશા કેવી હોય, પંડિત મરણ કોને કેવું, મરણનો ભય જીતવાનો ઉત્તમ માર્ગ કયો, તે માર્ગે જેમ બને તેમ વહેલા પ્રયાણ કરવાની આવશ્યકતા વિગેરે બાબતો ઉપર સારો પ્રકાશ પાડેલો છે, અને સંસારની જાળને એક પ્રકારની ઇંદ્રિજાળ સમજી તેનાથી બચતા રહેવા માટે ભલામણ કરી છે. આ વ્યાખ્યાનમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત આવતું હોવાથી એ વ્યાખ્યાનનું મથાળું "બ્રહ્મદત્ત ચક્રવર્તી" એમ રાખવામાં આવ્યું છે.

૧૧ અગ્યારમા વ્યાખ્યાનમાં ભવસાગરનું સ્વરૂપ સમજાવ્યું છે. 'ભવ' શબ્દની વ્યાકરણના નિયમ પ્રમાણે વ્યુત્પત્તિ કરી, સામાન્ય અર્થ બતાવી તેનો વિશેષ પ્રાયોગિક અને સાચો અર્થ શું થાય છે તે બહુ સાદી અને સરળ રીતે સમજાવ્યું છે, અને સાબીત કરી બતાવ્યું છે કે "भवन्ति कर्मवशवर्तिनः प्राणिनः अस्मिन् इति भवः" એટલે કે જેમાં પ્રાણીઓ કર્મને આધીન થઇને રહે તેનું નામ भव એ ભવને શાસ્ત્રકારોએ તેની ગહનતા ગંભીરતા અને વિકટતાને લીધે સાગરની ઉપમા આપી તેમાં ડુબતા પ્રાણીઓ ઉપર દયા ભાવ ઉત્પન્ન થવાથી તેને તરવાના ઉપાયો બતાવ્યા છે. દયાભાવ ઉત્પન્ન થવાનું કારણ જણાવતાં (૧) અનંત જ્ઞાન-દર્શન વીર્ય-અને સુખથી ભરેલો સિંહરૂપી આત્મા જડ એવા કર્મરૂપી શિયાળને હાથે માર ખાતો હોવાનું, તેમજ (૨) એક ક્રોડાધિપતિ પોતાની છતી બધી સંપત્તિને ગમે તે કારણસર યા લોભવશ થઇને તાળામાં બંધ કરી પોતાનો નિર્વાહ કરવા માટે એક કંગાળ ભીખારીની માફક ચીંથરેહાલ સ્થિતિમાં લોકોના ઘરે ઘરે ભટકતો હોવાનું—એમ બે દૃષ્ટાંતો આપી પરમજ્ઞાનવાન્ તારકો આપણા જેવા પામરો ઉપર દયાર્દ્રહૃદય થાય અને આપણને ભવસાગર તરી જવાનો ઉપાય બતાવે એ સાવ સ્વાભાવિક છે એમ આપણી ખાત્રી કરી આપી છે. એ ઉપાયો કયા તે બાબતનું પણ દિગ્દર્શન કરાવ્યું છે. (૧) પ્રથમ ઉપાય સમ્યગ્દૃષ્ટિ—સાચી દૃષ્ટિવાળા થવું એટલે કે કર્મને કારણે ફળ ભોગવવા છતાં અને ક્રિયાઓ કરવા છતાં નિરંતર એજ ધ્યાન રાખે કે ગમે તેમ કરીને કર્મની સાંકળના ટુકડા કરી નાંખવા અને પોતાના આત્માને મુક્ત કરવો, એવી અંતરની ભાવનાવાળા થવું. (૨) ત્યાર બાદ કર્મના હથિયારરૂપ પ્રવૃત્તિઓ હોય છે તેને ફેંકી દઈ એક હથિયારવગરના રાજાની પેઠે તેને નિર્બળ કરી મુકવો—એટલે કે અઢાર પાપસ્થાનકો પૈકી પહેલાં પાંચ પાપસ્થાનકો જે કર્મરાજાના મુખ્ય હથિયાર છે તેનો ત્યાગ કરવો. એ પાંચને ટાળ્યા એટલે બીજા તેરમાંના ગમે તેટલું જોર કરે છતાં આત્માને દબાવવામાં ફાવી શકેજ નહિં. (૩) કર્મરાજાના હથિઆરો છીનવી લેવાની સાથેજ એનો વેપાર પણ નાબુદ થાય તેવી પ્રવૃત્તિ આદરવી જરૂરની છે, એટલે કે જે પ્રવૃત્તિઓથી કર્મનું પોષણ થાય તેમાં મગ્ન નજ થઈ જવાય તેટલા માટે સદૈવ ચેતતા રહેવું. અર્થાત્ અપ્રમાદી થવું. આ ઉપાયો અમલમાં મુકવામાં બાહ્ય વેષ પણ કેટલો બધો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મદદગાર થઈ પડે છે અને તેનુંપણું કેટલું બધું મહત્વ છે એ પણ ઠીક સમજાવ્યું છે. પ્રાન્તે શિયાળથી માર ખાતા આપણા સિંહને જગાડી અનાદિ કર્મ, અનાદિકર્મ સંયોગ, અને અનાદિ ભવ એ અનાદિત્રયની ત્રિપુટીનો નાશ કરી આત્મકલ્યાણ સાધવા ઉપદેશ કર્યો છે.

૧૨ બારમા વ્યાખ્યાનમાં 'માનવ દેહની મહત્તા' વિષે જણાવવામાં આવ્યું છે. જો કે દેવપણું એ કોઇ અપેક્ષાએ મનુષ્યપણા કરતાં ચઢીયાતું ગણવામાં આવેલ છે, પણ તે તો કેવળ ભૌતિક દ્રષ્ટિએજ; આધ્યાત્મિક દ્રષ્ટિને લક્ષમાં રાખીને આ બન્નેનું નિરીક્ષણ કરવામાં આવે તો નિર્વિવાદપણે મનુષ્યપણુંજ સર્વોત્તમ ગણાય, એ કથનની પુષ્ટિમાં નાના પ્રકારની આપણા દીલમાં સહેજે ઉતરી શકે એવી દલીલો રજુ કરી છે, અને કેટલીય શુભ પ્રવૃત્તિઓ આદરી હોય અને કેટલુંય તપ કર્યું હોય ત્યારે મનુષ્યપણું પ્રાપ્ત થાય છે એમ બહુ સુંદર રીતે પુરવાર કર્યુ છે. સાથે સાથે એ પણ સારી રીતે ઠસાવ્યું છે કે કેટલાકો માને છે તેમ (૧) ઇશ્વિર કર્તા તરીકે માનવાની વાત, (૨) તેમજ પરસ્પર બદલાનો સિદ્ધાંત એટલે કે આપણે એક જીવને આ ભવમાં હેરાન કરીએ તો બીજા ગમે તે ભવમાં એજ જીવ આપણે એને જે દુઃખ આપ્યું હોય તેનો બદલો લે–એ કોઇ પ્રકારે માન્ય રાખી શકાય તેવાં નથી, પણ ખરો સિદ્ધાંત તો એજ હોઈ શકે કે જીવ જેવા પરિણામથી જેવા પ્રકારના કર્મોનો બંધ કરે છે તે બંધનાજ કારણે એ આગળ ઉપર એનુ ફળ મેળવી લે છે. કર્મ કર્મના સ્વભાવેજ થાય છે અને ફળ પણ કર્મના સ્વભાવેજ થાય છે. જો કે કર્મથી જન્મ અને જન્મથી કર્મ આમ જન્મકર્મની પરંપરા બીજ અને અંકુરની પરંપરા જેવી ચાલ્યા કરે છે અને ઘઉંના બીજથી જેમ ઘઉંનોજ અંકૂર નીકળે; છતાં પણ ખેડુતના હાથમાં એ તાકાત છે, એવુ જ્યારે પોતાના મનમાં આવે છે ત્યારે એ બીજને બાળીને ખાખ કરી નાંખે છે અને અંકુર ઉત્પન્ન કરવાની તમામ શક્તિનો નાશ કરી શકે છે, તેજ પ્રમાણે આત્માપણ જ્યારે પાકો નિશ્ચય કરીને ઉદ્યમ કરે છે ત્યારે એ પણ જન્મ કર્મનો સદંતર નાશ કરી શકે છે અને આમ નાશ કરીને અનાદિથી ચાલી આવતી જન્મ કર્મની પરંપરાને તોડી નાંખે છે.

આ સિદ્ધાંત તરફ આપણું લક્ષ ખેંચી મનુષ્યપણું પ્રાપ્ત કર્યું છે તો તેનું સાર્થક કરવા માટે આપણું ખરૂં સાધ્ય સંસાર ભ્રમણનો નાશ કરવાનું છે તે બરાબર ધ્યાનમાં રાખી, ધર્મનું આરાધન કરતાં ધન ધાન્ય, વૈભવ વિલાસ, ઋદ્ધિ–સમૃદ્ધિ જેવી સાંસારિક વસ્તુઓ આવી મળે તો તેને ધર્મનું આનુષંગિક ફળ ગણી ખેતરમાં પુરવામાં આવતા ખાતરની માફક ધર્મની વધુ પ્રાપ્તિમાંજ તેનો ઉપયોગ કરવાની દૃષ્ટિ રાખવી જોઇએ એ ભારપૂર્વક દર્શાવ્યું છે, આ સાધ્યને પ્રાપ્ત કરવા માટે પરમ અતીંદ્રિય જ્ઞાનવાન્ પરમાત્માએ સંવર અને નિર્જરાના માર્ગ બતાવ્યા છે, તે માર્ગે આગળ ચાલવું જરૂરનું છે, અને એ માર્ગથી વિપરીત માર્ગે દોરવી જાય એવા સંસ્કારો ન પડે તેને માટે પૂરેપુરી કાળજી રાખવી જોઇએ. બાલ્યાવસ્થામાં જેવા સંસ્કારો નાખવામાં આવે છે તેવા સંસ્કારો આખાય જીવનપર્યંત ચાલુ રહે છે. તેથી સુસંસ્કારો બાળપણથી પ્રાપ્ત થાય એવી કાળજી રાખવામાં આવે તોજ માનવ દેહની સફળતા થઈ શકે. આ વ્યાખ્યાનનો એ છેવટનો ઉપદેશ છે.

૧૩ તેરમા વ્યાખ્યાનમાં પ્રશસ્ત રાગદ્વેષ વિષે ઘણું સુંદર અને બોધદાયક વિવેચન કર્યું છે. પ્રાણીમાત્રને તે પાંચ વર્ષ જીવતો રહે કે પચાસ વર્ષ જીવતો રહે કે ક્રોડપૂર્વ સુધી જીવતો રહે, તોપણ તેને ભવસાગરની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મધુરતા એક સરખીજ લાગ્યા કરે છે. સંસાર ઉપરના આ પ્રકારના મોહનો નાશ કરવા માટે કેવી રીતે વર્તન કરવું જોઇએ તે આ વ્યાખ્યાનમાં ઉત્તમ રીતે બતાવ્યું છે. અપ્રશસ્તમોહને પ્રશસ્ત મોહમાં પલટાવવો એ પહેલું પગથીઉ છે, અને એ મોહ આગળ જતાં ક્ષીણમોહની દશા આવતાં આપોઆપ ઓગળી જાય છે. તે મોહ ટાળવાને માટે ઉપદેશની જરૂરજ નથી. પ્રશસ્તમોહ અથવા પ્રશસ્તરાગદ્વેષ કોને સમજવા અને અપ્રશસ્ત કોને સમજવા એ ઘણો અઘરો પ્રશ્ન છે, પણ આ વ્યાખ્યાનમાં તે પ્રશ્ન ઘણી સુંદર દલીલો અને દાખલાઓ આપી આપણે સરલતાથી સમજી શકીએ તેમ સમજાવવામાં આવ્યો છે. તેને સમજાવવામાં કારૂણ્યભાવના, મધ્યસ્થભાવના, દ્રવ્યદયા, ભાવદયા, સદ્‌ગુણ અને સદ્‌ગુણી, દુર્ગુણ અને દુર્ગુણી વિગેરે ઉપર વિવેચન કરી ભગવાન્ મહાવીરની સંગમ જેવા દુષ્ટ દેવ અને ગોશાળા જેવા કૃતઘ્ન શિષ્ય ઉપરની અદ્‌ભુત દયાના, ઇંદ્રિ મહારાજના સંગમદેવ તરફના તિરસ્કારયુક્ત વર્તનના, ખંધકાચાર્યના પાલક તરફના વર્તનના, અને બીજા અનેક દાખલાઓ આપી પ્રશસ્તાપ્રશસ્ત રાગદ્વેષનો વિષય ઘણોજ સરલ રીતે સમજાવ્યો છે.

૧૪ ચૌદમા વ્યાખ્યાનમાં આધુનિકકાળમાં સમાજમાં પડેલા બે પક્ષો બાબત વિચાર કરવામાં આવ્યો છે, અને એ વ્યાખ્યાનને 'શાસન અને સુધારક પક્ષની તુલના' એવું મથાળું આપ્યું છે. સુધારકપક્ષની મુરાદ દેવ, ગુરૂ, ધર્મને તોડી પાડવાની, અને તે પાર પાડવા માટે સૌથી પહેલા ધર્મની થતી ક્રિયાઓ તોડી પાડવાની છે એમ જણાવવાનાં આવેલું છે. આ મુરાદ પાર પાડવા માટે લોકોના કાનમાં વિષ રેડીને અથવા ધર્મક્રિયાની વિરુદ્ધમાં પુષ્કળ શબ્દોચ્ચારો કરીને તે દ્વારા લોકોને ભમાવીને તેમને પરાંગમુખ બનાવી દેવાની આ વિરોધી પક્ષવાળાની સખત ધારણા હતી એમ પણ જણાવવામાં આવેલું છે સુધારકોના આ મનોરથ સામે શાસનપ્રેમીઓએ પ્રચંડ વિરોધ ઉઠાવ્યો હતો અને તે એટલો બધો સમર્થ નિવડ્યો હતો કે તેના યોગે કરીને સાધુસંસ્થા તૂટવાની તો બાજુએ રહી પણ ઉલટી સાધુસંસ્થામાં અભિવૃદ્ધિજ થવા પામી હતી, અને ઉપધાન વિગેરે ધાર્મિક ક્રિયાઓની પણ સુંદર અભિવૃદ્ધિજ થઈ હતી, અને સ્થળે સ્થળે દીક્ષા, ઓળી, ઉપધાન, ઉજમણાં, પૌષધ, અને એવી બીજી ક્રિયાઓ ઝપાટાબંધ વધી ગઇ હતી, અને આ રીતે શાસનપક્ષે શાસનસંરક્ષણનું કાર્ય બહુ ઉત્તમ રીતે બજાવ્યું હતું એમ પણ જણાવવામાં આવ્યું છે. આ મુજબ એક બીજાની કાર્યવાહીની તુલના કરી શાસનવિરોધીઓ પણ જૈનોમાંથીજ પાક્યા છે એ બાબત પર આપણું ધ્યાન ખેંચી જૈનોમાંથી આવા વિચારવાળા કેમ પાકી શક્યા તે ઉપર ખુબ વિચારણા ચલાવી છે; અને છેવટે નગ્ન સત્ય જણાવી દીધું છે કે આપણા બાળકોમાં આપણે જોઇતા સંસ્કારો નથી પાડ્યા તેનેજ અંગે આજના સુધારકો નિપજ્યા છે અને આમ ન થાય એટલા માટે પ્રત્યેક જૈન બાળકમાં વજ્ર જેવા સંસ્કાર પાડી દો કે आत्मा, भव, અને कर्म એ ત્રણે અનાદિના છે.

૧૫ પંદરમા વ્યાખ્યાનને "કર્મ સંગ્રામ" નામ આપવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનમાં ચોથે, છઠે અને તેરમે ગુણસ્થાનકે વર્તતા જીવોની મનની સ્થિતિ કેવી હોય, કયા કાર્યો કરવામાં તેની તલ્લીનતા હોય એ વગેરે બાબતોનો દ્રષ્ટાંતો સહિત વિવેચન કરી સુંદર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને ટુંકમાં જણાવવામાં આવ્યું છે કે ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ ત્યારેજ છે કે જ્યારે આત્માને પોતે કર્મ સંગ્રામમાં ન ઉતરી શકવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે પ્રચંડ ખેદ થાય છે અને આત્માની ઇચ્છા એવી થાય છે કે આ શરીર આદિનો વ્યવહાર કયારે ત્યજું અને એક માત્ર મોક્ષની આરાધના કરવા માંડું ! જ્યારે કર્મ સંગ્રામ ખરેખર શરૂ થાય છે એટલે કે લૌકિક ભાંજગડોનો અંત આવે છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સમાધિ આ સઘળી ભાંજગડોમાં મન રાત દિવસ ચાલુ થાય છે ત્યારે છઠ્ઠું અને તે ઉપરના ગુણસ્થાનકો હોય છે, અને જ્યારે કર્મ ઉપર વિજય મેળવી આત્મા મોક્ષનું સાટું કરી લે છે અને નિર્વિકલ્પ દશામાં પહોંચે છે ત્યારે તેને તેરમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. આ બધી બાબતો ઉપર ઘણો સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

૧૬ સોળમાં વ્યાખ્યાનમાં "સમ્યકત્વ અને તેની આવશ્યક્તા" ઉપર વીવેચન કરવામાં આવેલું છે. સમ્યકત્વના (૧) દ્રવ્ય સમ્યકત્વ અથવા વ્યવહાર સમ્યકત્વ, અને (૨) નિશ્ચય સમ્યકત્વ એવા બે પ્રકાર સમજાવી કેવલી અને છદ્મસ્થની સ્થિતિનું સ્વરૂપ અને તેમના અધિકાર અનેક તરેહના દ્રષ્ટાંતો આપી આપણને જણાવવામાં આવેલાં છે, તેમજ અવિરતિ, દેશવિરતિ, અને સર્વવિરતિની ફરજ શું છે તે પણ સમજાવવામાં આવ્યું છે. સાથે સાથે અનેક ઉપયોગી વિષયો – જેવા કે (૧) સ્વાધીન ધર્મ અને પરાધીન ધર્મ, (૨) તીર્થંકરોને પૂજ્ય કેમ માનવા, (૩) કેવલીઓ તીર્થંકરોની સત્કાર સેવા કરતા નથી છતાં આપણે તીર્થંકરોને પૂજ્ય કેમ માનવા, (૪) જૈન સાધુઓ પોતે જીન ભગવાનના પ્રતિબિંબોની પૂજા કરતા નથી તો તેઓ શ્રાવકોને શા માટે પ્રતિમાપૂજાનો ઉપદેશ આપે છે, (૫) વીતરાગ ભગવાન પોતે "नमो अरिहंताणं" એમ કહેતા નથી છતાં તેઓએ આપણને તેનો ઉપદેશ કેમ આપ્યો, (૬) તીર્થંકર ભગવાનો અને કેવલી મહારાજાઓએ ભલે કર્યું હોય કે ન કર્યું હોય તો પણ તેમણે આપણે માટે જે કરવા યોગ્ય જાણીને આપણને કરવાનું ફરમાવ્યું છે તે સઘળું આપણે કરવુંજ યોગ્ય છે, અને તેઓએ જે કાંઈ કર્યું છે તે આપણે યોગ્ય અવસ્થાએ અનુકરણીય તો જરૂર માનવાનું છે, પછી તે વસ્તુને આપણે ન આદરી શકીએ તો એ આપણી શક્તિની ખામી છે, (૭) સાચું શ્રાવકપણું કઈ જગાએ છે, (૮) દેવપૂજાનું પ્રયોજન અને તેની અનિવાર્ય જરૂર–આ વિષયો ઉપર ઘણું બોધક વિવેચન કરી મુખ્ય વિષયને અત્યંત પુષ્ટ કર્યો છે.

૧૭ સત્તરમા વ્યાખ્યાનમાં 'સ્યાદ્વાદના મર્મ' સંબંધી વિવેચન કર્યું છે. પદાર્થમાત્રની ત્રિવિધાત્મક્તા –ઉત્પત્તિ, નાશ અને ધ્રુવપણું સમજાવી ભેદાભેદ રૂપી સ્યાદ્વાદ બહુ સરલતાથી આપણા મગજમાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. આ વિષયની ચર્ચા કરતાં સામાન્ય દ્રષ્ટિએ આપણે માનવા માટે સંકોચાઇએ કે શંકા કરીએ એવી અનેક બાબતો ઉપર પ્રકાશ નાંખી, જુદા જુદા સિદ્ધાંતના વચનો ઘણી યુક્તિ પ્રયુક્તિથી આપણા દીલમાં ઠસાવવામાં આવેલાં છે. ૧(અ) સર્વજ્ઞપણું તે કહેવાય છે કે સઘળા પદાર્થો ને યથાવિધ જાણવા. સમ્યકત્વમાં પણ એજ સ્થિતિ છે. જે સર્વ પદાર્થોને જાણે છે તેનેજ સમ્યકત્વની પ્રાપ્તિ થયલી છે એમ કહી શકાય છે. (બ) વળી એમ પણ કહ્યું છે કે "સર્વજ્ઞતાની પ્રાપ્તિ પહેલાંજ સમ્યકત્ત્વની પ્રાપ્તિ થવી જોઇએ" આ બંને બાબત શી રીતે બની શકે ? (૨) શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે કે "सव्वगयं सम्मत्तं" તે કેવી રીતે સંભવે? શ્રીઆચારંગ સૂત્રમાં જણાવ્યું છે કે "जे एगं जाणइ ते सव्वं जाणइ जे सव्वं जाणइ से एगं जाणइ" એ સૂત્ર સમ્યકત્વને અંગે કેવી રીતે લગાડી શકાય ? (૪) ત્રણ ગુણો–ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું એ પદાર્થ માત્રમાં કબૂલ રાખવામાં આવે તો જીવની ઉત્પત્તિ હોય તો જીવ અનાદિ કેમ સંભવે? (૫) એક પણ પદ એકપણુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અક્ષર અથવા એક પણ સૂત્ર અવળું લેવાયું એટલે કે તેનો અવળો અર્થ થયો તે અર્થ કરનારના સમ્યકત્વમાં શૂન્ય છે. **"पयमक्खरं च इक्कंपि जो न रोएइ 'सुत्तनिद्दिट्ठं' सेसं रोयंतोऽविहु मिच्छद्दिट्ठि जमालिव्व"** આ માન્યતા કેવી રીતે સાબીત કરી શકાય? (૬) ઉંઘમાં માણુસ પ્રત્યક્ષ રીતે કર્મો કરતો નથી, તો પછી કર્મનો બંધ એને શા માટે લાગે છે, તેમજ એકેન્દ્રિય જીવો પાપ પુન્ય કરવા જતા નથી, છતાં તેમને પણ કર્મનો બંધ કેમ લાગે છે? (૭) કર્મ બંધ ક્યારે અટકશે? આવા આવા ખરેખર સમજવા લાયક પ્રશ્નો ઉપસ્થિત કરી તેનું સંતોષકારક સમાધાન કરવામાં આવેલું છે.

૧૮ અરાઢમા વ્યાખ્યાનમાં "મનુષ્ય ભવની મહત્તા" સમજાવી છે. મનુષ્ય ભવ કેવી મુશ્કેલીથી અને કેવા ભાગ્યને પરિણામે મળે છે તે બહુ ઝીણવટથી સમજાવ્યું છે, અને તેવો દુર્લભ મનુષ્ય ભવ પામીને તે વેડફઈ ન જાય તેટલા માટે જ્યાં સુધી પૂર્વ જ્ઞાનની જ્યોતિનો પ્રકાશ ન થાય ત્યાં સુધી જૈનશાસનના સ્થાપિત કાયદાઓને માન આપવાની કેટલી બધી આવશ્યકતા છે, તે બહુ સુંદર દલીલોથી આપણા દીલમાં ઠસાવવામાં આવ્યું છે. એ કાયદાઓ કોરે મુકી પોતાના અંતઃકરણને અથવા તો આત્માના અવાજને અનુસરવાનું કહેનારા કેટલી મોટી ભૂલ કરે છે અને કેટલા બધા ઉન્માર્ગે દોરાઈ જાય છે, તે બતાવી 'પુરૂષ પ્રમાણુ તો તેનું વચન પણ પ્રમાણુ" એ સિદ્ધાંત કેટલો સુંદર અને માન્ય કરવા લાયક છે એ અનેક રીતે સાબીત કરવામાં આવ્યું છે. અને મોક્ષનો પ્રવાસ કરવામાં અદ્ભુત સહાય કરનારા સાધનો બરાબર ધ્યાનમાં રાખી તેનો યથાર્થ ઉપયોગ કરી મનુષ્ય ભવનો વાસ્તવિક લાભ ઉઠાવવા કટીબદ્ધ થવા ભલામણ કરવામાં આવી છે.

૧૯ અનેક પ્રસંગે વ્યાખ્યાનોમાં કહેવામાં આવ્યું છે કે "જીવાત્મા અનાદિનો છે, ભવસંયોગ અનાદિનો છે અને એ કર્મ સંયોગ પણ અનાદિનો છે." આ ત્રણ તત્ત્વો મા બાપે પોતાના બાળકને ગળથુથીમાં આપવાની ખાસ જરૂર છે. એજ બાબત ઓગણીશમાં વ્યાખ્યાનમાં "ત્રણ તત્ત્વોની ગળથુથી" એ મથાળા નીચે બહુ સુંદર રીતે ચર્ચેલી છે. આ ગળથુથીના પ્રભાવથી આત્મામાં એક જાતનું અલૌકિકબળ આવે છે તે અનેક યુક્તિથી અને દૃષ્ટાંતોથી સમજાવ્યું છે, અને ભારપૂર્વક જણાવી દીધું છે કે પ્રત્યેક જૈન માતા પિતાની ફરજ છે કે તેમણે પોતાના બાળકોને ઉપર જણાવેલા ત્રણ સંસ્કારો આપવાજ જોઇએ.

૨૦ વીસમા વ્યાખ્યાનમાં આ સંસાર કેટલો બધો ભયંકર છે અને તેનો પાર પામવા માટે કેટલી બધી સાવચેતી રાખવાની જરૂર છે તે વિષે જણાવવામાં આવ્યું છે. સંસારને પર્વતની ઉપમા આપી આ વ્યાખ્યાનનું નામ "ભયંકર ભવભૂધર" રાખવામાં આવ્યું છે. ધર્માર્થીઓએ પોતાના કર્મનો ક્ષય કરવા માટે આ ભયાનક ભવ શું છે, એનું સ્વરૂપ કેવું છે એની ભયંકરતા કેવી છે, એ ભવરૂપી પર્વતનું ઉલ્લંઘન ક્યાં થઈ શકે છે, તે સમયે આત્માની શી સ્થિતિ હોવી જોઈએ, કયા કયા કાર્યોથી તે વિરક્ત હોય અને કયા કયા કાર્યોમાં યુક્ત હોય એ સઘળું જાણવાની, અને તે જાણીને વિચાર કરવાની ખાસ જરૂર છે, અને તેમ કરે તોજ પોતાનું ધારેલું સ્થાન તે મેળવી શકે છે. આ બધી બાબતો ઉપર ખૂબ રસિક વિવેચન કરી, આત્માના મહાન્ શત્રુઓ કયા કયા છે અને તે આત્માને કેવી રીતે જાળમાં ફસાવે છે અને તેમાંથી છુટવાને શું ઉપાયો લેવા જોઇએ તે તરફ આપણું લક્ષ્ય ખેંચી આપણુને હિતકારી સીધો માર્ગ બતાવી દીધો છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૧ એકવીસમા વ્યાખ્યાનમાં શ્રાવકના ૨૧ ગુણો પૈકી "વૃદ્ધાનુસારીત્વ" ગુણ વિષે કહેવામાં આવ્યું છે અને એ ગુણનો વાસ્તવિક અર્થ અને તેની ઉપયોગીતા સમજાવ્યાં છે. તે સમજાવવામાં બીજી અનેક બાબતોનો આપણને બોધ આપવામાં આવ્યો છે. (૧) મોક્ષાભિલાષી આત્માઓએ મુખ્યતયા શું વિચારવાની જરૂર છે, (૨) બત્રીશ ઠોકર ખાય તે બત્રીશ લક્ષણો થાય એ કહેવતનો મર્મ શું, (૩) જ્ઞાનમૂલક અને અજ્ઞાન-મૂલક સંકલ્પવિકલ્પરહિતપણાનો તફાવત. (૪) કેવલજ્ઞાની મહારાજાઓએ પંચેન્દ્રિયની સ્થિતિ દર્શાવતા ઉત્કૃષ્ટ, "સાત આઠ" ભવ રહે અને શરીરને અંગે બેથી નવ ધનુષ્ય હોય એમ કહેલું છે તે શા અભિપ્રાયથી, તેઓ જો સર્વજ્ઞ હતા તો આવું અનિશ્ચિત ઉચ્ચારણ કેમ કરે, (૫) ઉત્કૃષ્ટ સ્થાન અને જઘન્યસ્થાન તે શું, (૬) કર્મમાં બળાત્કાર કરવાની શક્તિ નથી છતાંપણ જીવ તેને વશ કેવી રીતે થઈ જાય છે, (૭) નિર્લેપન કાળ તે શું– આ અને આવી બીજી બાબતો ઉપર ઠીક સમજ આપવામાં આવેલી છે.

૨૨ બાવીસમા વ્યાખ્યાનમાં જૈન દૃષ્ટિએ સંજ્ઞી યાને વિચારવાળો કોણ અને અસંજ્ઞી યાને વિચાર શૂન્ય કોણ તે સંબંધમાં ઘણું બોધદાયક વિવેચન કરવામાં આવ્યું છે. અનેક યુક્તિ પ્રયુક્તિથી સંતોષકારક રીતે પુરવાર કરી બતાવ્યું છે કે પોતાના ભૂત અને ભવિષ્ય સહિત વર્તમાન જીવનનો જે વિચાર કરે છે તેજ ખરેખર રીતે સંજ્ઞી યાને વિચારવાળો કહેવાય, અને જે એમ કરતો નથી તે અસંજ્ઞી યાને વિચાર શૂન્ય છે. આ ભવ સારો તો બધુંજ સારૂં અને આ ભવ ખરાબ તો બધુંજ ખરાબ. એમ માનીને વર્તમાન જીંદગીનેજ મહત્વ આપનારને લોકસંજ્ઞા હોવાનું શાસ્ત્રકારો જણાવે છે. અને તેવા વિચારમાંજ નાસ્તિકતાની જડ રહેલી છે, અને તેથીજ મોક્ષના અર્થીએ પોતાના આત્મ કલ્યાણને માટે પોતાની ભૂત, વર્તમાન, અને ભવિષ્યની જીંદગીનો અવશ્ય ખ્યાલ કરવો ઘટે છે એ આપણા દીલ પર ઠસાવવામાં આવ્યું છે. આ વિષય પરત્વે ચર્ચા કરતાં અનેક આનુષંગિક બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

૩ ત્રેવીસમા વ્યાખ્યાનમાં ન શાસ્ત્રાનુસારે વિચારવાળા કોણ કહેવાય તે વિષે વિશેષ અજવાળું નાંખવામાં આવ્યું છે. જેમને આત્મા, ભવ, અને કર્મ સંબંધી વિચારો આવ્યા હોય, જેઓ તે વિચારોનું ફળ લેવાને તૈયાર હોય, અને જેઓની તેવા પ્રકારની યથાશક્તિ પ્રવૃત્તિ હોય તેઓનેજ જૈનશાસન વિચાર-વાળાની કોટિમાં ગણે છે, પરંતુ આહાર અને શરીરને માટે વિચારો અને યત્નો કરનારાઓને આ શાસન વિચારશીલ માનતું નથી, એમ પ્રતિપાદન કરી, જીવનો સગાસંબંધીઓ અને બીજી વસ્તુઓ સાથે કેવા પ્રકારનો સંબંધ છે તેમજ પોતાના શરીર સાથે કેવા પ્રકારનો સંબંધ છે તે જણાવી એ સંબંધોથી છુટા થવાનું કેટલું હિતકર છે તે આપણને અનેક દાખલા દલીલોથી સચોટ રીતે સમજાવ્યું છે. આખરે શરીરને એક જોઈન્ટસ્ટોક કંપનીનું રૂપક આપી, આત્મા તે કંપનીનો એજન્ટ છે, અને સગાં સંબંધીઓ તેના શેર હોલ્ડરો છે એવું જણાવી આ કંપની વધારે વખત ચાલુ રહે તો એજન્ટની શી દશા થાય અને ભવિષ્યમાં કેવાં દુઃખો તેને સહન કરવા પડે એ વિષય પર અત્યંત વૈરાગ્ય જનક ઉપદેશ આપવામાં આવ્યો છે.

૨૪ ચોવીસમા વ્યાખ્યાનમાં શાસ્ત્રદૃષ્ટિએ વિચારવાળા અથવા સંજ્ઞી કોણ અને વિચારહીન અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અસંજ્ઞી કોણ તે ફરીથી બીજી રીતે સમજાવવામાં આવ્યું છે. તેમ કરવામાં ઔદારિક શરીર કેવી રીતે જીવ બનાવે છે, નિગોદમાં અનંતા જીવો કેવી રીતે ઘટી શકે છે, કંદમૂળઆદિ અનંતકાયના જીવોનું સ્વરૂપ, જગતનું અનાદિત્વ, આત્મતત્વનું અનાદિત્વ, ઉપનિષદો, બ્રહ્મસૂત્રો, સ્મૃતિઓ અને પુરાણોની જગત્ અને આત્મતત્વ વિષેની માન્યતા એ વિગેરે વિષયોનું વિવેચન કરી જણાવવામાં આવ્યું છે કે આહાર, ઇન્દ્રિયો, તથા ઇન્દ્રિયોના વિષયોનેજ જેઓ વિચાર કરે છે, જેઓ ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળનો સંસારને અંગેજ વિચાર કરે છે, તેઓ સઘળા શાસ્ત્રકારોની દૃષ્ટિએ વિચારશીલ નથીજ; શાસ્ત્રકારોનું ધ્યેય સંસારને પોષવામાં રહેલુંજ નથી, તેઓનું ધ્યેય તો ભવ સુધારણા અને પરિણામે મોક્ષ એજ છે, એટલે તેમની દૃષ્ટિએ ભવોને અંગે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળને વિષે જે જીવો વિચારો કરે છે તેઓજ માત્ર વિચારશીલ છે. આ કથનની પુષ્ટિમાં એક શેઠ તથા હોડીવાળાનું અસરકારક દૃષ્ટાંત બહુ ખુબી ભરેલું આપ્યું છે. છેવટમાં ઉપદેશ આપ્યો છે કે આ મહાભયાનક ભવસાગરમાં આપણે પડેલા છીએ તેમાંથી તરવા માટેના વિચારોજ ખરી રીતે ઉપયોગી છે, અને તેના અંગે જે વિચારવાળા છે તેઓજ શાસ્ત્ર દૃષ્ટિએ વિચારશીલ છે, માટે એ પ્રકારની વિચારશીલતા પ્રાપ્ત કરવા સારૂ માબાપે પોતાના બાળકને (૧) આ ભયાનક ભવ અનાદિનો છે, (૨) ભવભ્રમણ પણ અનાદિનું છે, અને (૩) કર્મ સંયોગ પણ અનાદિનો છે એ ત્રણ વસ્તુને ગળથુથીમાં આપવાની જરૂર છે. એ ગળથુથીને પ્રતાપે તે બાળક જૈન શાસનની દૃષ્ટિએ વિચારશીલ બની શકે છે.

ઉપરના વિવેચનથી વાંચનારની ખાત્રી થશે કે આ વ્યાખ્યાનો બહુ લક્ષપૂર્વક વાંચવા જેવાં છે અને તેમ કરવામાં આવે તો ઘણો લાભ મલી શકે. આ પ્રસ્તાવના વાંચી વાંચક વર્ગને આ પ્રકારની ભાવના થાય તો પ્રસ્તાવના લખવાનો પ્રયાસ કેટલેક દરજ્જે સફળ માની શકાય. આ વ્યાખ્યાનો લક્ષપૂર્વક વંચાય અને તેમાં અપાયેલો બોધ ગ્રહણ થાય અને વર્તનમાં મુકાય એવી શુભ ઇચ્છા રાખી વિરમું છું.

પડોળની પોળ,
સુરત

સુરચંદ્ર પુરૂષોત્તમદાસ બદામી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આગમોદ્ધારક આગમવાચનાદાતા

## આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રીમદ્ સાગરાનન્દ-સૂરીશ્વરજી મહારાજ.



જેઓના અમૂલ્ય વ્યાખ્યાનોનો સંગ્રહ અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નિ. સા. પ્રેસ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કર્મબંધન.

(૧)

प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलंघनं ।
लोकसंज्ञारतो न स्यात, मुनिर्लोकोत्तरास्थिति ॥१॥

**મરણનો ભય.**

શાસ્ત્રકાર મહારાજ ભગવાન્ ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ ભવ્ય જીવોના કલ્યાણ માટે ધર્મોપદેશ કરતા થકા આગળ સૂચવી ગયા છે કે સંસારમાં આ જીવ અનાદિકાળથીજ જન્મ, જરા, રોગ, શોક, અને આધિવ્યાધિ તથા ઉપાધિઓના ચક્રમાં ગૂંચવાઇ ગયેલો છે. એમાંથી મુક્ત થવું એ મનુષ્યને માટે અત્યંત કઠીન છે.

કોઈપણ ભવ જન્મ મરણના ભયથી મુક્ત નથી, અને જોકે જન્મ તો સહુને સારો લાગે છે, પરંતુ મૃત્યુનો ભય પ્રાણી માત્રને હંમેશા મૂંઝવે છે. વળી જન્મકાળે અજ્ઞાનાવસ્થા હોય છે, પણ મરણકાળે તો તેનું પૂરૂં ભાન હોય એટલે મરણનો ભય પ્રાણી માત્રને હંમેશા રહે છે. જગતમાં મ્હોટામાં મ્હોટો ભય મરણનો છે. મરણકાળે માણસ બીજું બધું ભૂલી જાય છે અને એક માત્ર મરણનો ભય તેની આગળ કાયમ રહે છે. દાખલા તરીકે કોઈ શાણો માણસ હંમેશાં વાત વાતમાં કહેતો હોય કે "પાણીમાં બાચકા ભરવાથી શો ફાયદો? આમ તે કહેતો હોય છે ત્યારે એ જાણે છે અને માને છે કે પાણીમાં બાચકા ભરવાથી માણસના હાથમાં કશુંજ આવતું નથી. આમ છતાં કદિ કોઈ કાળે એજ શાણો માણસ અકસ્માત્ પાણીમાં ડૂબી જાય તો? તો તે બધી સમજ અને બધું શાણપણ કોણ જાણે કયાંય અદૃશ્ય થઇ જાય અને એજ માણસ પાણીમાં બાચકા ભરવા મંડી પડે! પાણીમાં બાચકા ભરે શું વળે? કશુંજ નહીં. અને છતાં મરણનો ભય એની બુદ્ધિને, એની સમજશક્તિને એના જ્ઞાનને ઘેરી દે છે અને એને કશુંજ સૂઝતું નથી. કારણ કે મરણના ભયે એની બુદ્ધિ બ્હેર મારી ગઇ ને એ ભયે એ બધું ભાન ભૂલી ગયો.

આ ઉદાહરણ ધ્યાનમાં લઇ વિચાર કરીશું તો મરણનો ભય એ શી વસ્તુ છે તે સમજાશે મરણનો ભય કોઈને છોડતો નથી. આપણને પોતાને પણ એ ભય રાતને દિવસ કનડે છે. બીજી બધી વસ્તુઓ એની આગળ ગૌણ બની જાય છે. જગત્માં ધનની કિંમત બહુ છે. ધન પ્રાપ્તિ માટે માણસો પારાવાર શ્રમ કરે છે, ધન મેળવવા માટે અનેક વિટંબણા સહન કરે છે; અને છતાં મરણના ભય આગળ એ ધનની પણ માણસને કિંમત નથી. પોતાનો જીવ બચાવવાને, મરણ ભય ટાળવાને માણસ પોતાની અનર્ગલ દોલત જતી કરવા તૈયાર થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વળી માણસને પોતાના કુટુંબ પ્રત્યે ખુબ મમતા હોય છે. સ્ત્રી પુત્ર આદિની માયા તેને પૂરતી નથી. કુટુંબના–સ્ત્રી પુત્રના સુખ સગવડને માટે તે ગમે તે કરવા તૈયાર થાય છે. મરણનો પ્રસંગ ઉભો થાય તો ? તો તે સ્ત્રી પુત્રાદિકની કિંમત તેને મન કંઇ નથી. મરણનો ભય એ સૌ સંબંધીઓનું વિસ્મરણ કરાવે છે અને માત્ર એ ભયજ તેના મનમાં જીવતો જાગતો રહે છે. આ ઉપરથી આપણે સમજાય છે કે મરણનો ભય પ્રાણી માત્રના જીવ સાથે સંકળાયલો છે, અને બીજી સૌ વસ્તુઓ કરતાં એનું મહત્ત્વ વધારે છે. સાદી વાત એ છે કે સર્વ જીવને અનેક પ્રકારની નાની મોટી ઇચ્છાઓ રહે છે. જગતમાં ઇચ્છા વિનાનો કોઈ જીવ નથી, પણ એ બધી ઇચ્છાઓમાં સૌથી વધુ અગત્યની અને સૌથી વધુ પ્રિય ઇચ્છા તે જીવવાની ઈચ્છા છે. દરેક નાનો મોટો જીવ કોઇ પણ ઉપાયે પોતાનું જીવન ટકાવી રાખવા માટે થાય એટલા બધા પ્રયત્નો કરે છે.

**જીવનનો મોહ.** ઝીણામાં ઝીણા જીવ જંતુઓ જોઇને કદિ આપણને એમ થાય છે કે આ જીવોને જન્મ મરણનો હર્ષ, શોક, કે સુખ દુઃખની લાગણી અથવા ઇચ્છાઓ નહીં હોય ? પરંતુ એ ઝીણામાં ઝીણા જીવને પણ જીવવાની ઇચ્છા હોય છે. ગંદકીમાં, ખાબોચીયામાં, છાણમાં, વિષ્ટામાં રહેતા જીવો માટે કોઇને ધૃણા ઉપજતી હશે, કોઇકને તેમના પ્રત્યે અનુકંપા થતી હશે; આપણને એમ લાગે કે આવા જીવોના જીવનમાં શો અર્થ છે ? વિષ્ટામાં અને ખાળ કૂવામાં રહેતાં જીવોની હેરાન ગતિનું શું પૂછવું ? અને છતાં એવા સ્થળે વસતા એ જીવો પણ મરવાની ઇચ્છા નથી કરતા. જીવનનો મોહ એ જીવોને પણ છે. એક સુખ સગવડ ભર્યાં મહાલયમાં વસતો ધનિક કે ઇંદ્રાસન ભોગવતો ઇંદ્ર જીવવા માટે જેવી પ્રબળ આકાંક્ષા ધરાવે છે, તેવીજ ઉત્કૃષ્ટઇચ્છા પેલો વિષ્ટામાં વસતો કીડો પણ જીવવા માટે રાખે છે અને આમ આ ઇચ્છા સર્વવ્યાપી છે એ સંબંધમાં કશો અપવાદ નથી. અને આથીજ જીવવાની ઇચ્છા પ્રાણી માત્રને હોય છે એ સિદ્ધ થાય છે, અને સર્વ જીવો જીવવાની પ્રબળ ઇચ્છા ધરાવે છે એ એક સર્વ સામાન્ય નિયમ થઇ ગયો છે.

**નિરર્થક આશા.** જીવવાની ઇચ્છા કેટલી પ્રબળ છે એ તો જાણ્યું, એ વાત સિદ્ધ પણ થઈ, પરંતુ એ કેમ બને ? શા ઉપાયો વડે જીવન ટકાવી રખાય ? જીંદગી કેમ લંબાવાય ? મરણ ભય કેમ દૂર થાય ? આનો ઉત્તર એ છે કે પૂર્વજન્મમાં જે પ્રકારનું આયુષ્ય બાંધ્યું હોય, જેવાં કર્મો કર્યાં હોય તે પ્રમાણે જીવવાનું બને છે. આયુષ્યની મર્યાદા એ પ્રમાણે વધતી ઓછી થાય છે. જીવવાની ઇચ્છા કરવી કે રાખવી એ તો સ્વભાવિક છે, પરંતુ ઇચ્છા કે અનિચ્છા રાખ્યાથી જીંદગી ટુંકાવી શકાતી નથી. એવા દાખલાઓ છે કે જેમાં મરણ માટે કોશિષ કરનારાઓ મર્યા નથી પરંતુ ઉલ્ટા બચી ગયા. કોલેરાના ઉપદ્રવમાં ફસાયલા કોઈ કોઇ જીવો એ ભયંકર વ્યાધિમાંથી ઉગરી ગયા છે, ઇન્ફ્લ્યુએન્ઝાથી પટકાઇ પડેલા કેટલાંય માણસો એ મરણ પથારીમાંથી બેઠા થયા છે, સર્પાદિકના ભોગ બનેલા અને પાણીમાં ડુબેલા એવા પણ હજારો જીવ બચી ગયાના દાખલા છે, અને આ તો બધા અકસ્માત કહેવાય પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીંદગીથી કંટાળેલા અને મરવા માટે તત્પર થયેલા અને મરણના મુખમાં આપમેળે ધસી જનારા–આપઘાતના પ્રયત્નો કરનારા પણ કેટલાય બચી ગયા છે. આ ઉપરથી શો સાર કાઢવો ? આમાંથી શું સમજવું ? એટલુંજ કે જીવવાની ઇચ્છા હોય કે ન હોય પણ જીવવું એ માણસના પોતાના હાથની વાત નથી, જેમ મરણ પામવાની ઇચ્છાવાળા જીવનથી કંટાળેલા માણસો ઇચ્છા પ્રમાણે મરી શકતા નથી. તેમ દરેક જીવ મરણકાળ પર્યંત જીવવાની ઇચ્છા છોડતો નથી. જીવનથી કંટાળેલા જીવનની ઇચ્છાને અને જીવન સાથે કશો સંબંધ નથી, જીવનથી કંટાળેલો જીવનની ઇચ્છા ન રાખે છતાં જીવે છે; જીવવાની તૃષ્ણાવાળો જીવવાની પ્રબળ ઇચ્છા રાખતો છતાં મરી જાય છે ! તો પછી જીવવાની ઇચ્છા કરવાનું પ્રયોજન શું ? એવી નિરર્થક ઇચ્છા શા માટે રાખવી ? જો જીવવાની ઇચ્છા ન હોય તો પણ જીવે છે, ઇચ્છા હોય તો પણ જીવે છે તો ઇચ્છાને અને જીવનને શો સંબંધ ?

**આયુષ્ય મર્યાદા :** આયુષ્ય હોય ત્યાં સુધીજ જીવી શકાય છે. એનાથી વધારે એક પળ પણ કોઈ જીવી શકતો નથી, આયુષ્ય લાંબુ હોય તો મરણના કારણો હોવા છતાં તે મરતો નથી, અને આયુષ્ય પૂરૂં થયું હોય તો ગમે એવા મહાન્ પ્રયત્નો આદરે તોયે મરણ દૂર ઠેલી શકાતું નથી, તે મરેજ છે, એટલે જીવવું એ કોઇના હાથમાં નથી. પરંતુ એ વસ્તુ કેવળ પૂર્વભવના કર્મોને આધીન છે. પૂર્વજન્મના કર્માનુસાર જેટલુ આયુષ્ય મેળવ્યું હોય તેટલુંજ આ જન્મમાં જીવાય છે, અને તેટલું તો કોટી ઉપાયે પણ જીવવુંજ પડે છે. દૃઢ સંકલ્પથી આત્મોન્નતિ થાય, આત્મોન્નતિને અંગેના કાર્યો સિદ્ધ થાય, પણ જીવી ન શકાય. જીવવાનો કે મરવાનો દૃઢ સંકલ્પ જીવાડી કે મારી શકતો નથી. આ ઉપરથી સમજવાનું છે તે એજ કે જીવવું એ માત્ર આયુષ્ય કર્મને આધિન છે. આ વસ્તુનું સ્વરૂપ તત્વ દૃષ્ટિએ કેવું છે તે જાણવા માટે આટલું વિવેચન કર્યું, પરંતુ આનો દુરૂપયોગ કરનારા પણ જગતમાં ઘણા છે. સાચી વસ્તુનો અનર્થ કરનારાથી દુનિયા ભરેલી છે. કેટલાક સાચી વસ્તુ સમજતાજ નથી, કેટલાક સમજવા છતાં તે સ્વીકારતા નથી ને ઉંધી બાજુ તરફજ દૃષ્ટિ કરે છે. એ પ્રમાણે કોઇ કહેશે કે આયુષ્ય પ્રમાણે જીવે છે, જીવનદોરી તુટયા વિના કોઇ મરતુ નથી તો પછી ધર્માધર્મ અને શાસ્ત્રોને શું કરવા છે ? આયુષ્ય ખુટયા વિના કોઈ મરતું નથી એ ખરૂં આ સીધી અને સાદી વાત છે. પણ વાંકી દ્રષ્ટિએ જુએ તો ? બાજઠ સીધો હોય પણ ખુણા પરથી દ્રષ્ટિ કરે તો વાંકોજ લાગે ને ? સીધી લીટીમાં લખે પણ કાગળ વાંકો રાખે તો ? એ મુજબ તત્વદૃષ્ટિની વાત કેટલાને વાંકી લાગે છે. વાંકી એટલે કેવી રીતની વાંકી ? મુખ્ય મુદ્દોજ બગાડી નાંખ્યો. મૂળ તત્ત્વનોજ અનર્થ કર્યો અને તે ખુબ યુકિતથી, એવી યુકિતથી કે સામાન્ય બુધ્ધિ તો એ ભ્રમણામાં ગોથાં ખાયાજ કરે.

**ઉંધી દૃષ્ટિ:** એ આમ બન્યું. અહિંસા અને દયા એ બે ચીજનો જગતમાંથી લોપ થયો કારણ કે સાચી વસ્તુને ઉંધી રીતે જોઇ. હિંસા કરનાર હિંસા કરે છે કારણ કે જેની હિંસા થાય છે તેનું આયુષ્ય પૂરૂં થયું હોય છે, તેનો મરણ કાળ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમિપ આવે છે ત્યારેજ હિંસા કરનાર તેની હિંસા કરે છે. જો આયુષ્ય પૂરૂં ન થયું હોય તો હિંસા કેવી રીતે થાય? આયુષ્ય પૂરૂં થયા વિના હિંસા થઈ શકે ખરી? ધારો કે એક કીડીને કોઇએ મારી, કીડી મરી ગઇ. શાથી મરી ગઇ? એનું આયુષ્ય પૂરૂં થયું તેથી. હમણુંજ કહ્યુંને કે આયુષ્ય પૂરૂં થયું હોય તો કોઈ જીવતું નથી, આયુષ્ય બાકી હોય તો કોઈ મરતું નથી, તો પછી આ કીડી વગેરે જે મર્યાં, જેમને કોઇએ માર્યા એ આયુષ્ય પૂરૂં થવાને લીધે મર્યાં કે આયુષ્ય બાકી હતું ને મર્યાં? એ તો સિદ્ધ છે કે આયુષ્ય છતાં તો કોઇ મરેજ નહીં જૈન શાસ્ત્રમાં બીજાં કર્મો માટે કઠણ નિયમ છે. તે અહીં પણ ભોગવાય. ગતિ જાતિ સૌ અહીં પણ ભોગવાય અને બીજા જન્મમાં પણ ભોગવાય. કઠણ એટલા ઉપરથી કે આ કર્મો આ ભવમાં પૂરા કરવા જોઇએ એવો નિયમ નથી એ બીજા ત્રીજા ભવે ૭૦ કોડાકોડ એની અંદર ભોગવાય, એટલે એમ સમજવાનું કે એક આયુષ્ય કર્મની ચાર પ્રકૃતિ સિવાય બાકીની ૧૫૪ પ્રકૃતિ કેવી છે, એ પ્રકૃતિ ડોઘલા જેવી છે. એ ખીચડીની રસોઇ નથી, એ તો ભાથાની રસોઇ છે. ભાથામાંથી ખવાય તેટલું ખાવાનું ને બાકી વધ્યું તે બીજા દિવસ માટે કામ આવે છે. પણ ખીચડી કે ભાત દાળ હોય તો તેને તેજ દહાડે પૂરાં કરવાં પડે છે. લાડવા વગેરે વસ્તુઓ બીજા ત્રીજા દિવસે પણ કામમાં આવે છે. ત્યારે ૧૫૪ પ્રકૃતિ માલ મલિદા જેવી અથવા ભાથાના દાબડા જેવી છે. પણ ૪ ગતિના આયુષ્ય એ તો ભાત દાળ ખીચડી જેવાં છે. તેને તે વખતે એની વ્યવસ્થા કરવી પડે. આયુષ્ય બાકી રહે અને મરી જાય એમ સંભવે? ન સંભવે આયુષ્ય પૂર્ણ થતાંજ મરે છે. પણ જો તેમજ મરે છે; અપૂર્ણ આયુષ્યવાળો જીવ મરતોજ નથી તો પછી મારનારો મારે છે એ શું? એ જીવને બીજાએ માર્યો તે શી રીતે કહી શકાય? મારનારે માર્યો તો ત્યારે ગણાય કે જ્યારે કોઈ જીવનું આયુષ્ય અપૂર્ણ હોય છતાં, તે કોઈથી મરાયો હોય. આ કેમ સિદ્ધ થાય? ત્યારે શું કોઇ કોઇને મારતું નથી! અને મારતું નથી તો મારવાનું બંધ કરવાનું કયાં રહ્યું? જે વસ્તુ મુળમાં નથી તેની બંધી શી રીતે કરવી?–આ ઉંધા પ્રશ્નો છે.

**વિરતિ અને અવિરતિ કોણ?** દેશ વિરતિ કોને કહી શકાય? પરસ્ત્રી ગમનના પચ્ચખાણ-વાળાએ વાંઝણીની છોકરીનો ત્યાગ કર્યો? એમ સર્વ ચીજનો ત્યાગ કરનારે આકાશ પુષ્પનો ત્યાગ કર્યો? આવા ત્યાગ કરે તો? આવા ત્યાગ સંભવે છે? કારણકે વંધ્યાને છોકરી હોય નહીં. અને આકાશનું ફુલ હોય નહીં; જે વસ્તુ મુળમાંજ નથી તેનો ત્યાગ કયાંથી સંભવે? એટલે આ વસ્તુઓનો ત્યાગ હોતો નથી. તેથી કોઇ માત્ર એવી વિરતિ કરી લે, તો તેને દેશ વિરતિ કહી શકાય નહીં. ૧–૨–૩–૪–૫ પંચેન્દ્રિય જીવને છોડીને ૬–૭–૮ ઇંદ્રિયવાળા જીવને મારવાના નહીં એમ કોઈ કહે તો? એટલે એમ કે પંચેન્દ્રિય જીવવાળાને મારી શકાય ને ૬–૭–૮ ઇંદ્રિયવાળાને મારી ન શકાય એમ કોઇ કહે તો તેની દેશવિરતિમાં ગણના થઈ શકે? તે હિંસાથી વિમુખ થયો એમ કહી શકાય કે નહીં? અવશ્ય નહીંજ. કેવળ અસંભવિત. એજ રીતે કોઇ જૂઠાને અંગે ત્યાગ કરે કે પરલોકની વસ્તુનું જૂઠું બોલવું નહીં, તો તેને દેશવિરતિ કહી શકાય? જેમાં હિંસા, જૂઠાણું, ચોરી વગેરેનો સંભવજ ન હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી વસ્તુઓનો ત્યાગ એ ત્યાગ ગણી શકાય નહીં. તેમ હિંસા સંભવિત નથી માટે તેનો ત્યાગ ગણુવોજ ન જોઈએ. આયુષ્ય છતાં હિંસા થાય નહીં, અને આયુષ્ય પૂરૂં થયા પછી કોઇ જીવતો રહે નહીં તો પછી હિંસા એ વસ્તુ કયાં રહી? પણ ત્યારે અહિંસા એટલે શું? કેટલાકો અહિંસાનો અર્થ 'હિંસા ન કરવી તે અહિંસા' એમ કરે છે; પણ શાસ્ત્રકાર તેને અહિંસા કહેતા નથી. શાસ્ત્રકાર તો હિંસાના પચ્ચક્ખાણુ કરાય તેનુ નામ અહિંસા કહે છે. પચ્ચક્ખાણુ ન કરાય તો હિંસા ન કરતો હોય તોપણુ તેને અહિંસા નથી, તેથી કર્મબંધન સ્થાનકો ગણાવતાં અવિરતિ કારણુ ગણાવ્યું છે. અને કર્મ આવવાનું કારણુ શું? કર્મ આવવાનું કારણુ અવિરતિ કર્મ રોકાય ક્યારે? વિરતિ કરવાથી. જો માત્ર હિંસા ન કરવાથી કર્મ રોકાઈ જાય તો અવિર્તિ કર્મનું કારણુ છે. કોઇ જૈન એ રીતે રહે? નહિજ રહે? તો કર્મબંધનું કારણુ અવિરતિ કહે', ત્યારે અહિંસા કોનું નામ? હિંસાથી વિરતિ કરવી, પણુ અવિરતિ કર્મબંધ કેમ્ કરાવે? વિરતિ કરવા માત્રથી કર્મ કેમ રોકાય તે બીજીકોઈ વખત વિચારી શું. હવે આમાં ઘણાને એમ લાગવાનો સંભવ છે કે આ તો ફરજિયાત કાયદો છે. કોઇ કહેશે કે આવો બળાત્કાર શા માટે? જોર જુલમથી વિરતિ કરાવો છો? વળી તેઓ એમ પણુ કહેશે કે "તમો કહો છો કે અમારા કહ્યા મુજબ, વિરતિ નહીં કરે તેઓ કર્મબંધનથી જકડાવાના છે. અને તેઓજ બચવાના છે જેઓ વિરતિ કરે છે." તેમને લાગે છે કે આડકતરી રીતે લોકોને હાથમાં લેવાનો, તેમના પર કાયદા નાખવાનો આ પ્રયોગ છે. દાખલા તરિકે વચલા ગાળામાં મુસલમાનોએ ફરજીયાત મુસલમાન થવાનું તો ન કહ્યું, પણુ મુસલમાન ન થાય તેણે આટલો વેરો આપવો એવું ફરમાન કાઢયું! આનો અર્થ શો? આમાં અને ફરજીયાત મુસલમાન થવાના કાયદામાં કંઇ બહુ ફેર નહોતો. તેમ તમે ફરજીયાત વિર્તિ નથી નાખી, પણુ મુસલમાન ન થાય તેણે જજીયા વેરો આપવાનો હતો, તેમ વિરતિ ન કરે તેને અવિરતિનો બાહુ બતાવી એ રીતે ફરજિયાત વિરતિ કરાવવા મથો છો. આ રીતે તમે કહો છો કે અમારા કહ્યા મુજબ જેઓ વિરતિ નહીં કરે તેઓ કર્મના ફાંસામાં સપડાશે ને જેઓ અમારા કહ્યા પ્રમાણે વિર્તિ કરશે તેઓ કર્મથી બચી જશે; અવિરતિનું કર્મ માનવું ને મુસલમાન બાદશાહનો જજીયા વેરો માનવો એ બન્ને સરખાં છે.

આમ ઉપર કહ્યું તે પ્રમાણે અર્થનો અનર્થ કરનારા અને સીધી વસ્તુને ઉંધી દૃષ્ટિએ જોનારા ઘણા લોકો હોય છે. સત્ય વસ્તુ સમજાય નહીં, ત્યાં સુધી આમજ થાય, જેમ જંગલની ભીલડીને ઘરબાર વિષે વાતો કરીએ ને એ ઘરબાર સાફસુફ રાખવાનો ઉપદેશ કરીએ તે એને સમજાય નહીં, અને સમજાય નહીં તેથી એ અર્થયુકત ઉપદેશ તેને નિરર્થક લાગે, તેમ વિરતી અને અવિરતિ વિષે પણુ જ્ઞાનપૂર્વક સમજણુ આવે નહીં ત્યાં સુધી એમજ લાગે. વિરતિથી કર્મ રોકાય અને અવરતિથી કર્મબંધન આવે છે. આ વસ્તુ આત્માના સ્વભાવને ન સમજે તેને જીજીયાવેરા જેવી ભયંકરજ લાગે. પણુ આત્માનો સ્વભાવ સમજનારને આમાં, કંઈ નવાઈ જેવું નહીં લાગે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આત્માનો સ્વભાવ.** ત્યારે આત્માનો સ્વભાવ કયો ? આત્માનો સ્વભાવ એટલે શું ? હિંસા વગેરેમાં પ્રવૃત્ત રહેવું તે આત્માનો સ્વભાવ, કે હિંસાથી વિમુક્ત રહેવું તે આત્માનો સ્વભાવ આને માટે ઉંડો વિચાર કરવાની જરૂર છે. ધ્યાન પૂર્વક વિચાર કરતાં સમજાશે કે જેટલી વિરતિ તેટલો મનુષ્યના આત્માનો સ્વભાવ ખીલ્યો છે એમ સમજવું. જેટલી જેટલી અવિરતિ તેટલો મનુષ્યના આત્માનો મૂળ સ્વભાવ દેખાયો એમ માનવું. હવે અહીં કોઈ એવી શંકા ઉઠાવે કે જે બાબતને કોઈએ કદિ વિચાર, વાણી કે પ્રવૃત્તિથી જાણી કે આદરી ન હોય તેના કર્મ તેને શી રીતે લાગે ? વળી કોઈ કહેશે કે એક ચીજ અમેરિકામાં થઈ. એ ચીજને અમે ઓળખતા નથી, એના વિષે કંઇ જાણુતા નથી, એના વિષે કંઇ બોલતા નથી, એ સંબંધી કંઇ વિચાર પણ કરતા નથી તો પછી એનાં કર્મ અમને કેમ લાગે ? મન, વચન અને કાયા એ પણ કર્મબંધના કારણો છે, પણ જે વિષયમાં અમારૂં મન, વચન કે કાયા કશુંજ નથી, એવા વિષયનું કર્મબંધન અમને શી રીતે લાગે ? જે વસ્તુને અમે જાણુતા નથી. જેને વિષે અમે બોલતા નથી, જેને અંગે અમે કોઈ પ્રકારની પ્રવૃત્તિ કરતા નથી, એવી વસ્તુ અમને કર્મ બંધાવી દે એ શી રીતે માની શકાય ? કદાચ આવું કહેનારાનું માનવા તૈયાર થઇએ તો મન, વચન કાયા માત્રથી પચ્ચક્ખાણ કરાય તે નકામા થાય.

**રોગનો ઉપાય.** આવો પ્રશ્ન કરનારને કહીએ કે ભાઈ જરા મગજ સ્થિર રાખીને શાંતિથી વસ્તુને સમજવાનો પ્રયત્ન કરો. સ્હેજમાં ન સમજાય તો મગજને વધારે કસો, તમે પૂછોછો કે જે બાબતમાં અમારાં મન, વચન કે કાયા પ્રવૃત નથી તે બાબતથી અમને કર્મનાં બંધન કેમ લાગે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે એ બંધન અવિરતિને લીધે લાગે છે. પણ એ અવિરતિ શાને લીધે પ્રાપ્ત થાય છે એ જોઇએ. આત્માનો શુદ્ધ સ્વભાવ વિરતિમય છે. જેટલી વિરતિ ઓછી તેટલો આત્માનો વિકાર ઓછો એ વિકાર મનુષ્યનો શત્રુ છે. એક વખત વિકાર થયો, પછી તે તરફ ધ્યાન ન હોય તોપણ દહાડે દહાડે તે વિકાર પુષ્ટ થતો જાય છે. શરીરના કોઇ ભાગ ઉપર રસોળી થઈ હોય તો એ રસોળી વધારવાના પ્રયત્નો તમે કરો છો ? આ રસોળી કે ગુમડું વધારવા માટે, મન વચન કે કાયાથી તમે કશુંજ કાર્ય કરતા નથી અને છતાં એ વધ્યાજ કરે છે. તમે જે ખોરાક લો તેમાંથી એ રસોળી પણ પોતાનો હિસ્સો લઇ લે છે. પાકયું હોય તો રસી, મસો થયો હોય તો તે, પણ તે બધા વિકારો મન, વચન કે કાયાની મદદ વગર પોતે પોતાને જોઈતા હિસ્સા પોતાની જાતેજ લઇ લે છે. એજ પ્રમાણે આત્મારૂપી પાત્રમાં આવતાં કર્મો તેમાં તમારાં મન, વચન કે કાયાથી કશો સંબંધ ન હોય, તોપણ, અવિરતિપણાનો વિકાર પોતેજ બીજા કર્મો લઇને અવિરતિપણાને પુષ્ટ કરે છે. જેમ શરીરમાં થયેલો વિકાર તમારા મન, વચન કે કાયાની પ્રત્યક્ષ મદદ વિના પુષ્ટ થતો જાય છે, તેમ અહીં આત્મામાં પણ અવિરતિ રૂપી વિકાર થયો છે અને એ વિકારને, જેમ રસોળી કે મસો થયો હોય ને તેને કાપી નાખીએ તો ત્યાં વિકાર વૃદ્ધિ ન થતાં જેમ રોગ સમી જાય છે તેમ આ આત્માના વિકારને પણ આપણે નષ્ટ કરીએ ને નવો થતો વિકાર અટકાવીએ તોજ વિકાર વધતો અટકે. અવિરતિ રૂપ રસોળીને અથવા મસાને કાપી નાખો અને ત્યાં અનાગતના પચ્ચક્ખાણરૂપ તેજાબ લગાડો તોજ એ વિકાર અટકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**અહિંસા અને દયા.** હવે મૂળ વાત પર આવીએ. અહિંસા એટલે શું ? અહિંસા કોને કહેવાય ? આનો ઉત્તર એ કે હિંસાનાં પચ્ચખાણ તેનુંજ નામ અહિંસા. જો હિંસાના પચ્ચખાણનું નામ વિરતિ ન રાખીએ, અને હિંસા ન કરવી તેનેજ ધર્મ ગણીએ તો અધર્મ રતી પુરજ રહેશે ને ધર્મ દરિયા જેવડો થાય. જો કસાઈ રોજના ૧૦૦ જાનવર મારે તો, એ અમુક વર્ષે ત્રણ કરોડ ને સાઠ લાખ જાનવર તેના હાથે માર્યા જશે અને જગતમાં જીવોની સંખ્યા કેટલી ? એની ગણત્રી કરી શકાય નહીં ! કારણ કે જગતમાં અસંખ્ય જીવો હસ્તી ધરાવે છે. કસાઈએ ત્રણ કરોડ માર્યા, એને ત્રણ કરોડ ને સાઠ લાખની હિંસા લાગી પણ જે જીવોને નહિ માર્યા તેવા અસંખ્ય જીવોની અહિંસા થઈ તેનું શું ? પોતાની જીંદગીમાં રોજના ૧૦૦ મારે તો ત્રણ કરોડ ને સાઠ લાખની હિંસા થઇ પણ બાકીનાની અહિંસા થઈ ને ? આ ન્યાયે ધર્મ દરિયા જેવડો થયો અને અધર્મ રતી જેટલો ગણાયો. પણ આ વાત સાચી છે ? હિંસા ન કરવી તેને અહિંસા માની ધર્મ ગણીએ તો દરેક જીવનું ધર્મનું પ્રમાણ બહુ વધી જાય. જેટલા મર્યા તેટલાનું પાપ, ન મર્યા તેટલાનો ધર્મ આ રીતે વધારે શું થાય ધર્મ કે અધર્મ ? ધર્મજ વધારે થાય' જો અહિંસાનો અર્થ એવોજ કરીએ તો દરેક જીવને નામે દરિયા જેટલો ધર્મ ચઢે અને રતી જેટલો અધર્મ ચઢે, પણ આવું નથી. ત્યારે અહિંસા કઇ ચીજ ? ફરી કહું છું કે હિંસાના પચક્ખાણ તેનું નામ અહિંસા અને તેનું નામજ ધર્મ, વારૂ પણ હિંસાના પચખાણ કયારે બને ? હિંસા થાય ત્યારે ખરૂં ને ? પણ આગળ આપણે એમ પણ જોઇ ગયા કે હિંસા તો બનતીજ નથી, માણસનું મરણ કે જીવન કોઇના હાથમાં નથી. જો કોઇનુ મરવું કે જીવવું એ આપણા કાર્યને આધીન નથી, તો પછી 'હું મારીશ નહી' એવા પચક્ખાણનો અર્થ શો ? 'હું બચાવીશ' એવી પ્રતિજ્ઞાનો હેતુ શો ? 'ધમ્મો મંગલ' અને 'અહિંસા સંજમો તવો' આ બે પદો કોઈની જાણ બહાર નથી, પણ અહિંસા અને સંજમમાં શો ફેર છે ? એ બે શબ્દો સાથે કહેવામાં શો હેતુ છે ? 'અહિંસા એટલે મારવા નહીં એવી પ્રતિજ્ઞા કરવી તે અહિંસા, અને 'સંજમ' એટલે મરે' નહીં તેવી પ્રવૃત્તિ કરવી. સવારમાં તમે સ્નાન કર્યું ને કપડાં પલાળ્યાં, કેમ ? શામાટે પલાળ્યાં ? તમારે તો અહિંસાની પ્રતિજ્ઞા છે ને ? મન, વચન અને કાયાથી હિંસા કરો નહીં કરાવો નહીં અને અનુમોદના પણ નહીં, કપડાં પલાળ્યાં એ શું ? અહિંસાની પ્રતિજ્ઞાનું શું ? જીવ હોય તો મરી જાય નહીં એની તમે સંભાળ લો છો. હવે એની સંભાળ લેતાં કોઇક કપડાંમાં જુ માલમ પડે તો તેને એમને એમ રહેવા દો એટલે તમે હિંસા નથી કરી એમ થયું હિંસા કરી નથી તેમ કરાવી પણ નથી, હવે એના બચાવનું શું ? બચાવ માટે લુગડાની જૂને ચીંધ રડીમાં રાખવી પડે, શા માટે ? જૂ બચી જાય તે માટે, એના રક્ષણ માટે, માથાની જૂ હોય તે વાળમાંથી જૂ ખોળી કાઢી વાળમાંજ મૂકવી પડે. આ બધું શામાટે ? આમાંથી શો સાર લેવાનો છે ? એ કે જીવને માત્ર મારવોજ નહીં એટલું બસ નથી, હિંસા ન કરવી, એજ પૂરતું નથી પરંતુ તે જીવનું રક્ષણ કરવું એના પ્રયત્નની પણ જરૂર છે, તમે વિહાર કરી જવાના છો છતાં જીવોને ન મરે તેવા સ્થાને મૂકવાનું કંઇ કારણ ? એનુંજ નામ સંજમ. અહિંસા એટલે હિંસાના પચ્ચક્ખાણ અને સંજમ એટલે હિંસા ન થાય ને જીવો બચી જાય એવો પ્રયત્ન કરવો તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઢોંગ નહીં પણ સત્ય.** આ વાત લક્ષમાં લઈશું એટલે સમજાશે કે જીવોને ન મારવા માટે જેવી પ્રતિજ્ઞા લઇએ છીએ, તેમ આપણા સમાગમમાં આવેલા જીવો બીજાથી પણ મરે નહીં એવો આપણો પ્રયત્ન હોય છે. જીવોને એકાંતમાં મૂકવા જેથી તેમને આઘાત પહોંચે નહીં, પણ જીવોને આ રીતે જીવાડી શકાય ખરા? આગળ આપણે જોયું છે કે જીવોને જીવાડી શકાતા નથી, મારી શકાતા નથી, આ સિદ્ધાંત પ્રમાણે તો અહિંસાના પચ્ચક્ખાણ એ ઢોંગજ છે ને? જીવવાની ઈચ્છા છતાં જીવવું અને મરવું આયુષ્ય કર્મને આધિન છે આ સિદ્ધાંત કર્યો હતો તો હિંસાના પચ્ચખાણ, વિરતિ, અહિંસા એ બધું ઢોંગ કે બીજુ કંઇ? જો એ કર્મફળ વગેરેને માનતા હો; તો અહિંસા ને હિંસા વગેરે ચર્ચા પણ શા ઉપયોગની છે? તો આ બધા સિદ્ધાંતોને તિલાંજલિ આપો! કારણ કે બેઉ પરસ્પર વિરોધી સિદ્ધાંત છે. જો કર્મધારાએ જીવન માનતા હો તો અહિંસા, સંયમ વગેરેને છોડી દો. એમ નહીં તો કર્મધારાએ જીવનની વાતોનો ત્યાગ કરો. આવો સિદ્ધાંત જેઓ પ્રતિપાદે છે તેવા મહાનુભાવોને આપણે એમ કહીએ કે જે મનુષ્યને વસ્તુસ્થિતિ સમજવામાં નથી આવી તે સત્ય સ્વરૂપ સમજવાને અશકત બને છે અને ભ્રમણામાં ગોથાં ખાયા કરે છે, ધારો કે કોઇ કલાકારે મોરનું સુંદર ચિત્ર કાઢયું હોય ને તે કાચમાં મઢીને આકર્ષક રીતે ગોઠવ્યું હોય, ત્યાં થઈને કોઇ છોકરો જતો હોય, તો તે મોરના ચિત્રને સાચો મોર સમજીને તેને પકડવા દોડે અને ઝાપટ મારે તો એથી શું વળે? કશું વળે નહીં. છોકરાની એ ઝાપટથી નથી મોર ઉડી જતો કે નથી મોર ડરતો, ઉલટું સમજુ જોનારાઓ છોકરાની અણસમજની હાંસી કરે છે. વળી એ રીતે સાચા મોરનો પડછાયો કોઈ આયનામાં પડયો હોય તો ત્યાંએ શું બને? આમજ બને! આયનામાં મોરને મારવા જાય તો નખ ઉખડી જાય, આંગળીઓને ઈજા થાય પણ મોરને તો ઉની આંચે ન આવે. આમ વસ્તુ સ્થિતિ ન સમજનારા તે પેલા છોકરાની માફક ઝાપટ મારનારા સમજવા.

**આયુષ્ય ચોરી શકાય?** પ્રથમ સિદ્ધાંત એ છે કે આયુષ્ય હોય ત્યાં સુધી માણસ જીવે છે, આયુષ્ય વગર કોઈ જીવતો નથી. આ વાતમાં સ્હેજ પણ અતિશયોક્તિ નથી. આમ છતાં કોઇને મારવામાં આવે તો હિંસાનું પાપ થાય છે, હિંસા લાગે છે, અને દયા ધર્મની આવશ્યકતા રહે છે. ધનવાન કોને ગણવો? જેની પાસે ધન હોય તેને! ધન હોય છતાં કોઈ નિર્ધન કહેવાતો નથી, પરંતુ ધન ચોરી લેવાય તો ધનવાન નિર્ધન થઈ જાય છે. કારણ કે ધન એ ચોરી શકાય એવી વસ્તુ છે. ધનવાન નિર્ધન થાય છે, ને ચોરી કરનારને ધન મળે છે. પણ આયુષ્યનું શું? આયુષ્ય ચોરી શકાય! એ ચોરાય એવી વસ્તુ છે! હા, ચોરી શકાય એવી વસ્તુ છે તો ખરી, પરંતુ એમાં ફેર એટલો કે ધનવાન પાસેથી ધન ચોરાય તો ચોરનારને તે ધન મળે છે, ચોરને ધનનો લાભ મળે છે, સાચી રીતે કે ખોટી રીતે, પાપને રસ્તે પણ તે ધન મેળવે છે એ લાભ તેને થય છે, પણ આયુષ્યનું એવું નથી. આયુષ્ય એવું છે કે ચોરનાર ચોરે ખરો પણ તેને કંઈ મળે નહીં, કોઇ માણસને સાપ કરડે તો તેમાં સાપને શું મળે? જેને કરડે છે તેનો જીવ જાય છે, પણ સાપને તો કશુંજ મળતું નથી. આ પ્રમાણે કોઇનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આયુષ્યને નુકસાન કરનારા લોકો બીજાના આયુષ્યને નુકસાન કરે છે, પણ તેમના પોતાના આયુષ્યમાં તેથી કંઇજ વધારો થતો નથી. બીજાના આયુષ્યનો આપણે નાશ કરીએ પણ તેથી આપણને કંઇજ મળે નહીં, પણ બીજાના આયુષ્યનો નાશ કરવા માટે આપણે સમર્થ છીએ ખરા ? એવું કંઇક ખરૂં, કારણ કે જો આપણે એમ સમર્થ ન હોત તો સાત પ્રકારે આયુષ્ય તુટવાનો સંભવ ન હોત. આયુષ્યની તાકાત તો છે, પણ એમાં કોઇએ વિઘ્ન નાંખ્યું; તે કેમ, એ સમજવાને માટે એક ઉદાહરણ લઇએ, જુઓ જાણે એક ઘડીયાલ છે, એ ઘડીયાળને ૩૬ કલાકની ચાવી છે, ક્રમસર ચાલે તો ચાવી આપ્યાથી ૩૬ કલાક ચાલે. પણ એ ઘડીયાલ સાથે ખોટી રમત રમીએ તો ? જો એનો એકાદ સ્કુ ઢીલો કરી નાંખીએ તો ૩૬ કલાક માટેની ચાવી એની મુદ્દત પહેલાં અકુદરતી રીતે ઉતરી જાય ને ઘડીયાલ આપો આપ બંધ પડે. તેમ જે આયુષ્યની મર્યાદા બંધાઈ હોય તે કુદરતી ચાલે ચાલત તો અનુક્રમે એનીક્રિયાઓ થયા કરત અને પૂરેપૂરૂં આયુષ્ય ભોગવાત, પરંતુ એમાં અકુદરતી તત્વ ઉમેરાયું. તમે એમાં નાશના સાધનો મેળવ્યાં તેથી આયુષ્ય ઘડીઆલની ચાવીની જેમ વખત પહેલાં ભોગવાઇને પૂર્ણ થઇ જાય એ નક્કી છે.

**આપણે શું કરવું ?** એક કરોડને હજારે ભાગવાના હોય તો બેઉ સંખ્યાના મીંડા ઉડાવી દઇ ભાગીને ભાગાકાર કરી શકો છો તેમ અહીં આયુષ્યની મર્યાદા જે ક્રમવાર ભોગવવાની હતી તેનો ઉપઘાત કર્યો, એટલે આયુષ્ય મર્યાદા જલ્દી ભોગવાઈ ગઇ, આ સમજીએ તો આયુષ્ય, કર્મબંધન અને અહિંસાનું સ્વરૂપ સમજાશે. અહિંસા શા માટે ? અહિંસાનુ કારણ શું ? અહિંસાનુ શુધ્ધ સ્વરૂપ શું ? એ સૌ એમાંથી સમજવાનું છે. અહિંસા એનું નામ ? આયુષ્યના ઉપઘાતના કારણો, નાશના તત્વો આપણે ન મેળવવા તે. દયા કોનું નામ ? આયુષ્યમાં ભેળવાયલા આયુષ્યક્રમને વિઘ્નરૂપ થતાં નાશના તત્વોને આપણે ખસેડી નાંખવાં; આપણા તરફથી કોઇ પણ આયુષ્યમાં નાશનું સાધન ન ઉમેરાઇ જાય, અજાણ્યે પણ ઉમેરાઇ ગયું છે એવું આપણને ભાન થાય તો તરતજ દૂર કરવું એનું નામ દયા. આ બાબત ધ્યાનમ લેશો એટલે અહિંસાને દયા. તથા અહિંસાને દયાનું શુદ્ધ સ્વરૂપ સમજાશે; અને એ બેનાં કેમ જૂદાં વર્ણવ્યાં છે, બેઉમાં જૂદાં જુદા અર્થ કયા છે એ પણ સમજાશે.

**મરણભય કેમ દુર થાય ?** આજ કારણથી શાસ્ત્રકાર કહે છે કે આખું જગત્ જીવવા ઇચ્છે છે ને આયુષ્યને અકાળે કરમાવતા અને નાશ પમાડતા એવા ઉપઘાતોથી તે દૂર રહેવા ઇચ્છે છે. કોઇ મનુષ્ય મરણની ઇચ્છા કરતો નથી. પોતાના આયુષ્યક્રમને ઉપઘાતનું શસ્ત્ર નડે એવું કોઇ ઇચ્છતો નથી. એમાં નાશકારી તત્વો પોતાના માર્ગમાંથી દુર ખસી જાય એમ દરેક જીવ ઇચ્છે છે, **'न मरी जीउं'** કેમ કહ્યું ? **'जीवीउं'** એમ કહ્યું છે, એ વચમાંજ મરવા નથી ઇચ્છતા એ આપોઆપ આવી જાય છે. જીવવા ઇચ્છે છે એટલે તે ઉપઘાતના પ્રસંગોથી દુર રહેવા ઇચ્છે છે ઉપઘાતમાં આવી પડેલા કારણોને દુર કરવા માંગે છે. આ બંને સ્વતંત્ર છે અને બેઉ વાકયો કહેવાં પડે છે. જગત્માં તમામ જીવો મરવા ઇચ્છે છે અને મરવા ઇચ્છતા નથી. તેથી સિદ્ધ થાય છે કે દરેક ભવમાં જીવવાનું ઇચ્છયું છે. મરવાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કદી કોઈએ ઇચ્છયું નથી; અને છતાં આપણે જોઈ એ છીએ કે હજી સુધી કોઇ અમરપટાવાળો થયો નથી. અનાદિથી રખડતા આપણે દરેક ભવમાં મરણથી ડર્યા છીએ. સર્વકાળનું જીવન તૈયાર થાય, હંમેશને માટે મરણભય દૂર થાય તેવો કોઇ રસ્તો આપણે જોયો નથી, જાણ્યો નથી, તેમ વિચાર્યોયે નથી; તો શ્રદ્ધાને પ્રયત્નથી તે રસ્તે પગલાં તો કયાંથી મંડાય? તે રસ્તો કયો છે? તે રસ્તે કેમ જવાય, તે રસ્તે જવા માટે શા શા પ્રયત્નો કરવા જોઈએ, એ માર્ગના અધિકારી કેમ થવાય વગેરેથી તે વિષયો આગળ ચર્ચાશે.

આ પ્રકરણમાં આપણે જોયું કે અહિંસા એટલે હિંસાના પચ્ચક્ખાણ આયુષ્ય કોઇનું તોડયું તૂટતું નથી તો હિંસાના પચ્ચક્ખાણથી શો લાભ? આ વિષયોનો ખૂલાસો થયો, અને કર્મબંધન એટલે શું એ આપણે સમજી ચુકયા.

## જન્મ–મરણનો ફેરો.

**અચળ નિયમ.** શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ ન્યાયાચાર્યજી યશોવિજયજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે શ્રી જ્ઞાનસાર નામના અષ્ટક કરતા થકા આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથીજ જન્મ, જરા, રોગ, શોક, મરણ, આધિવ્યાધિ, ઉપાધિ, તથા ઇષ્ટ વિયોગ ને અનિષ્ટ સંયોગ વગેરે અનેક આપત્તિઓના ચક્કરમાં પડેલો છે, તેમાં દરેક ભવે જન્મ અને મરણ એ બે ચીજ નિયમિત અનુભવે છે, કોઈપણ ભવ જન્મ કે મરણ વગરનો ભોગવ્યો નથી, જાણ્યો પણ નથી. કોઈ જન્મ મરણ વગરનો થઇ શકે નહીં. આ જન્મ અને મરણ બેઉ દશા ભવે ભવે અનુભવેલી હોવા છતાં જન્મની દશા દરેક જીવને ખ્યાલ બ્હાર રહી જાય છે. જન્મ દશાનાં દુઃખોનું શું વર્ણન કરવું? એ દુઃખો અપાર છે. એ દુઃખોને નરકના જેવાં ગણ્યાં છે. સાડા ત્રણ કરોડ રૂવાટાંમાં લોહાની ધગધગતી સોયો ભોંકે તો કેવી વેદના થાય? એ વેદનાથીયે અનંત ગણી વેદના આ જીવ ગર્ભવાસમાં અનુભવે છે, પરંતુ તે વેદનાનો સાક્ષાત્કાર આપણાથી સમજણમાં આવ્યા પછી થઈ શકતો નથી. એ દુઃખો કેવી રીતે અનુભવી શકાય? એ દુઃખો એકવાર સૌ જીવે અનુભવ્યાં છે તેનું ભાન કેમ ન રહે? એ દુઃખોનું આમ વિસ્મરણ શાથી થતું હશે? કાળને લીધે. સર્વભક્ષીકાળ દરેક ચીજનો ભક્ષ કરે છે અને આ દુઃખોનું વિસ્મરણ પણ તેજ કરાવે છે. કાળાંતર પછી એટલે કે જન્મકાળ પછી દુનિયાની સમજણ આવે છે અને પૂર્વકાળે ભોગવેલી વેદનાનો ખ્યાલ એ સમયે જતો રહે છે. એ વેદનાનું જરા જેટલું સ્મરણ પણ આપણને રહેતું નથી; એટલુંજ નહીં પણ સ્મરણ કરવા માગીએ, કોઈ કરાવે તોયે એનો સાચો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખ્યાલ આવીજ શકતો નથી. આપણે ભાનમાં હોઈએ અને વીંછી કરડી જાય છે, એ ડંખની વેદના તે સમયે આપણે પૂરેપૂરી અનુભવીએ છીએ, એ વેદના તે સમયે તો આપણને અસહ્ય થઇ પડે છે, પરંતુ ત્રણ દિવસ પછી એજ વેદના વિષે આપણે વિચાર કરીએ તો ઘણી વેદના થયેલી એટલું કહીશું ખરા, પણ તે સમયની પેલી અસહ્ય વેદનાનું પૂરૂં ભાન ફરીથી આપણને નહીંજ થાય. એ અનુભવ ફરી કરવા માંગો તોયે નહીં થાય, આમ જે વેદનાનો અનુભવ આપણી ભાન પૂર્ણ દશામાં થયેલો તેનો પણ ફરીવાર સાક્ષાત્કાર કરી શકાતો નથી, તો અણસમજમાં થયેલી વેદનાની સ્મૃતિ તો કેમજ લાવી શકીએ? બાળક જન્મે છે ત્યારે દાંતના છીંડા હોતાં નથી, પરંતુ પૃથ્વીમાંથી અંકુરો જેમ પૃથ્વી ભેદીને બહાર નીકળે છે તેમ, દાંત પણ અવાળુ ભેદીને બહાર નીકળી આવે છે. હવે આ કૂમળાં અવાળુ જ્યારે તીક્ષ્ણ દંતધારાઓ વડે ભેદાતાં હશે, ત્યારે કેટકેટલી વેદના થતી હશે, તે કોણ કહી શકે એ વેદનાનો સાક્ષાત્કાર કરી શકાય? ના, પરંતુ બાળકનું એ સમયનું રૂદન, તેની ચીચીયારીઓ ઈત્યાદિ ધ્યાનમાં લઇએ તો સહજ જણાશે કે દાંત ફૂટતાં બાળકને કેવી તીવ્ર વેદના અનુભવવી પડતી હશે, જન્મ પછી દરેક વ્યક્તિએ બાળકરૂપે આ વેદના અનુભવી છે પણ મોટી વયે એ વેદનાનો ખ્યાલ કોને આવે છે? દાંત વખતની થતી વેદના, ભલે એ વેદના અણસમજના કાળની હોય છતાં જન્મ પછીની છે, છતાં તેનું કોઈને સ્મરણ નથી રહેતું તો પછી ગર્ભવાસના દુઃખોનું સ્મરણ તો કયાંથીજ રહે? એ દુઃખોનો ખ્યાલ કેમ આવી શકે? અને જન્મકાળ પછીની વેદના જે આપણે પરોક્ષ રીતે જાણી શકીએ છીએ છતાં ફરીવાર પ્રયત્ને અનુભવી શકાતી નથી, તો પછી ગર્ભવાસના દુઃખો ખ્યાલમાં નથી આવતાં માટે ન માનીએ, અને ખ્યાલમાં આવે તોજ માનીએ એમ તો કેમજ કહી શકાય? આમ કહેવું એ યોગ્ય નથી. આ વેદના વાસ્તવિક રીતે થાય છેજ છતાં આપણા અનુભવમાં નથી, આપણને એ અનુભવ થયો હતો તેનું ભાનજ રહેતું નથી. જગતમાં અણસમજ અગર મિથ્યાત્વ હોય ત્યાં સુધી હું જન્મુંજ નહીં એવો વિચાર કોઈને આવતો નથી. કારણ મરણનો ભય તો બધાને છે, જન્મનો ભય કોને છે? જન્મનું દુઃખ કોઇ સમજીજ શકતું નથી એટલે એનું દુઃખ થવાનો સંભવજ નથી. આ તો તદ્દન અજ્ઞાન માણસોની વાત થઈ. જે સમજુ હોય તેમને પણ જન્મનું દુઃખ જાણતા હોવા છતાં મરણનો ડર ૧૦૦ ટકા રહે છે અને જન્મનો ડર એક ટકો પણ રહેતો નથી. જગતમાં જીવને શાનો ડર રહે છે? રાતને દિવસ શાની ચિંતા રહે છે? રખેને હું મરી જાઉં એજ ભય ડગલે ને પગલે માણસને રહે છે. પણ આવાં દુઃખો જે ગર્ભવાસમાં ભોગવવા પડે છે, તે એક મીનિટ પણ ન ભોગવવા એવો વિચાર કોઇને કદી આવે છે ખરો? આજ સ્થળે બાહ્યદૃષ્ટિ અને તત્વદૃષ્ટિમાં રહેલો ભેદ માલમ પડશે. **જન્મથી ડરનારો તે તત્વદૃષ્ટિવાળો, અને મરણથી ડરવાવાળો તે બાહ્ય દૃષ્ટિવાલો, મરણ જન્મને પૂછડે વળગેલુંજ છે.** જન્મવાનું થાય તેને મરવાનું છેજ; અને મરણ પશ્ચાત જન્મ પણ છેજ. આ પૃથ્વીના આરંભકાળથી પ્રવર્તતો અચળ નિયમ છે. જેટલા તીર્થંકરો કે સાધુઓ મોક્ષપદને પામ્યા તે બધાજ મરણને તો પામ્યાજ હતા. મરણમાંથી કોઈજ બચી શકયું નથી, મોક્ષ મળો કે ગમે એ મહાપદ મળો પણ મરણ તો છેજ. અમરત્વ કોઇને મળ્યું નથી. કયા તીર્થંકર અમરપટા સાથે મોક્ષે ગયા? કોઇ નહીં. મૃત્યુના દ્વારમાંથી પસાર થયા વિના કોઇ જીવનો છુટકો થતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ચારિત્ર્યશુદ્ધિ માટે વૈરાગ્ય.** અને તેથીજ વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થવાની જરૂર છે, એ ભાવના ઉત્પન્ન થાય અને તેનું શુદ્ધ સ્વરૂપ સમજાય તો જગતની નશ્વરતાને તરી જવાય. ભાવના બે પ્રકારની છે. એક સમ્યકત્વની ભાવના, અને બીજી વૈરાગ્યની ભાવના સમ્યકત્વ એટલે તત્વ પ્રતિતિ. એ તત્વપ્રતિતિને ટકાવી રાખનારી ભાવના કહેવાય છે. અને વર્તનને સુધારનાર, યોગ્ય વલણ આપનાર, સદ્‌માર્ગે દોરનાર તે વૈરાગ્યભાવના. જેતત્વ પ્રતિતિને ટકાવે, તેનું સંરક્ષણ કરે, અને તત્ત્વપ્રતિતિ પ્રમાણેજ વિચારો પણ પવિત્ર રાખવામાં મદદરૂપ થાય તે સમ્યકત્વ ભાવના, અને પવિત્ર વર્તન કરાવે, ચારિત્ર્ય શુદ્ધિ કરાવે તે વૈરાગ્યભાવના વૈરાગ્ય ભાવના વર્તનને, ચારિત્ર્યને નિર્મળ રાખે છે, અને વર્તનની શુદ્ધિ રાખવામાં જે કંઇ વિઘ્નો નડે તેને દૂર કરે છે. એટલે વર્તનની શુદ્ધિ કરનારી પવિત્ર વર્તન ટકાવી રાખનારો વૈરાગ્ય ભાવના છે, સમ્યકત્વ ભાવના છે, વૈરાગ્ય ભાવનાનાં લક્ષણ કયાં છે તે હવે જોઇએ. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ આ ચાર ભાવના તે સમ્યકત્વ ભાવના, તત્વની પ્રતિતિ કરનારે, સમ્યકત્વની ઇચ્છાવાળાએ આ ચાર ભાવનાઓમાં ઓતપ્રોત થઇ રહેવું જોઇએ. જેનામાં આ ચાર ભાવના ઓતપ્રોત ન હોય તેને સમ્યકત્વ છેજ નહીં. એટલુંજ નહીં, પણ એમ છે તોપછી ધર્મ પણ કયાં છે? ધર્મ એટલે શું? જે કોઈ આ ચાર ભાવના સહિત શાસ્ત્રે કહેલી પ્રવૃત્તિ અનુષ્ઠાનઆદિ ક્રિયા કરે તેનું નમ ધર્મ કહી શકાય. માત્ર કલ્પનાથી એમ કહેવાની જરૂર નથી. ધર્મરૂપી હીરાનું સ્વરૂપ નિરૂપણ કરવું તે મન માને તેમ હાંકીએ, મરજીમાં આવે તેમ તેનું વર્ણન કરીએ તે ન ચાલે. એનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ, અને તે યથાસ્થિત સમજવા માટે શુદ્ધ દિલના પ્રયત્ન જોઈએ. વળી એ માટે શાસ્ત્રકારની સાક્ષી પણ જોઇએ. તેમની સાક્ષી વિના બોલાતા વચનની કીંમત બોર જેટલી પણ નથી, શાસ્ત્ર વગર નિરક્ષેપ કહેવાય તો તેની શી કિંમત? કાંઇજ નહિ! અહીં કોઈ પ્રશ્ન કરશે કે મૈત્રી વગેરે ચાર ભાવનાઓ ન હોય ત્યાં ધર્મ છેજ નહીં ધર્મ ત્યાંજ છે કે જ્યાં મૈત્રી વગેરે ચાર ભાવનાઓ હોય આ તમારૂં બોલવું શાસ્ત્રાનુસાર છે, કેમ કે જ્યાં ધર્મનું સ્વરૂપ દેખીએ ત્યાં ॥ दुर्गति प्रपज्जंतु धारणात् धर्म उच्यते ॥ દુર્ગતિમાં પડવા માંડેલા જીવને રોકી રાખે તેથી ધર્મકહેવાય' ત્યાં ભાવનાનું નામ કે ભેદો નથી, આમ છે તો ચાર ભાવના હોવી જોઇએ એ કયાંથી કાઢયું? જીવને દુર્ગતિએ જતો રોકી શુભ ગતિમાં મૂકે તેનું નામ ધર્મ, આ બંનેમાં એક પણ સ્થળે ભાવનાનું નામ નથી તો પછી ચાર ભાવના હોય તોજ ધર્મ, અને ન હોય તો અધર્મ. આ ઇમારત કાચા પાયા પર ચણી! એ વચનને શો આધાર છે? આ પ્રશ્નનો પણ ઉત્તર છે. શંકાનુ નિવારણ સ્હેલું છે.

**ફળ અને સ્વરૂપ.** જે શ્લોક તમે ઉપર કહ્યો છે. તે ખરો છે પણ એ શ્લોક ધર્મનું ફળ-જણાવનારો છે. એ ધર્મનું ફળ શું તે બતાવે છે, પણ ધર્મનું સ્વરૂપ કયું? તે એ શ્લોકમાં જણાવ્યું નથી, અને હમણાં આપણે તો ધર્મના સ્વરૂપની ચર્ચા કરીએ છીએ. તમે કહેલા બંને શ્લોકોમાં ધર્મના સ્વરૂપ વિષે કશુંજ કહ્યું નથી, એટલે આ સ્થળે એ દૃષ્ટાંત કેમ આપી શકાય? એ શ્લોકનો અર્થ આ વિષય સાથે મુકીને કેમ ઘટાવી શકાય? જુઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક દાખલો લઈએ. પાણી અને ખોરાક કોનું નામ? તરસ મટાડે તેનું નામ પાણી, અને ભુખ મટાડે તેનું નામ ખોરાક. આ પાણીને ખોરાકનું ફળ બતાવ્યું, પણ પાણી અને ખોરાક કહેવા કોને? સ્વરૂપ ચીજ જુદી છે. તેમ અહીં દુર્ગતિમાં પડતા જીવને બચાવે અને સદ્‌ગતિએ દોરે તે ધર્મ આ લક્ષણમાં બે મત નથી. ધર્મ દુર્ગતિએ જતાને રોકે એ તો સહજ સમજી શકાય એવી વસ્તુ છે. એટલુંજ શા માટે, ચોકકસપણે કહી શકાય કે ધર્મ તેનુંજ નામ કે જે દુર્ગતિએ જનારને રોકે અને સદ્‌માર્ગે દોરે. આમાં તો બે મત છેજ નહીં, પણ ધર્મ એ વસ્તુ કઈ તે નકકી કર્યું? ધર્મનું ફળ નકકી થયું. શુભ માર્ગે પ્રયાણ, સદ્‌ગતિ પ્રાપ્તિ, કલ્યાણ માર્ગ તરફ ગતિ. દુર્ગતિથી બચાવે ને સદગતિની પ્રાપ્તિ કરાવે તે ધર્મ એ તો સૌને સ્વીકાર્ય છે એમાં કંઇ ભેદ નથી, પણ બચાવનારો, એ સદગતિ મેળવી આપનારો કોણ? એ સદગતિ મેળવી આપનાર જે ધર્મ છે તેનું સ્વરૂપ કયુ? એ સ્વરૂપ શી રીતે સમજાય ધર્મ નામ તો જાણ્યું, પણ એનું સ્વરૂપ ઓળખ્યા વિના એનું અનુસરણ કેમ થાય? એમાં લીન કેવી રીતે થવાય? વસ્તુમાં તાદાત્મ્ય અનુભવવા માટે એનો પૂર્ણ પરિચય કરી લેવો જોઇએ, એનું સાચું સ્વરૂપ જાણવું જોઈએ, તોજ એને અનુસરી શકાય, એની સાથે તાદાત્મ્ય સાધી શકાય. એ ધર્મનું સ્વરૂપ આ શ્લોકોમાં વર્ણવ્યું છે? એ શ્લોકોમ સ્વરૂપ વર્ણન નથી. ત્યારે શું કરવું? જ્યાં સ્વરૂપનો ઉલ્લેખ ન હોય ત્યાં તે માટે અનુમાન કરી લેવું પડે, શબ્દોની વિસ્તૃત વ્યાખ્યા કરવી પડે, તોજ એ સમજાય. ઉદાહરણઃ સોનાની કીંમત બહુ પડે છે. બહુ કીંમત અપાવે તે સોનું, હીરા મોતી ઈત્યાદિ, આ ફળ થયું, પણ સોનું. હીરા, મોતી ઈત્યાદિ કહેવું કોને? કાચનો કટકો પડયો હોય, તેને હીરો કહીશું? પીત્તળને સોનું કહી તેની કીંમત સોના જેટલી આપીશું, તો તે સોનું ઠરશે? ત્યારે એ કેમ ઓળખવું? કસોટીએ કસ આવે તે સોનું. મોતીને અંગે પણ તેની અમુક સ્થિતિ હોય હીરો અને કાચમાં અમુક ભેદ હોય, વગેરે કહેવું પડે તે તે વસ્તુઓનું સ્વરૂપ વર્ણન થયું. આ રીતે ધર્મનું સ્વરૂપ સમજવા માટે પણ કોઈક વ્યાખ્યા જોઈએ. ધર્મ દુર્ગતિએ જતા અટકાવે, દુર્ગતિથી બચાવીને શુભ માર્ગ તરફ દોરે, પણ એ ધર્મ કયો? અને એનું સ્વરૂપ કયું એ જાણવું જોઇએ ને? જે શ્લોક તમે કહ્યા તેમાં આ સ્વરૂપ નથી. જીવને દુર્ગતિએ જતો રોકીને સદગતિએ દોરે છે તે ધર્મ, એ વચન છે અને તે માત્ર ધર્મનું ફળ બતાવે છે. પરંતુ ધર્મનું સ્વરૂપ બતાવનાર શ્લોક પણ છે, અને તે આઃ—

वचना द्यदनुष्ठा नम विरुध्धायथोदितं ॥
मैत्र्यादि भाव संयुक्त तध्धर्म इति कथ्यते ॥ —धर्मबिन्दु.

આનું નામ ધર્મ. તીર્થંકરના વચન અનુસાર એ ધર્મનું સ્વરૂપ તેમણે કહ્યું. ચાર ભાવના સહિત જે અનુષ્ઠાન કરવું તે સ્વરૂપ. આ સ્વરૂપ સમજ્યા વિના શું વળે? સદ્‌? માર્ગે તો જવું છે, પણ શાથી જવાય એનું જ્ઞાન ન હોય તો શું થાય? ફળ તો જોઇએ છે, ફળ મેળવવા માટેની ઝંખના છે અને તેને માટે આમ તેમ દોડયા કરે, પણ ફળ અપ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વનારા જે ધર્મ છે તેનું સ્વરૂપ જાણવા કે તપાસવા તૈયાર ન હોય તો તેનું શું થાય ? એને કશી પ્રાપ્તિ થાય નહીં. હીરા, મોતી, સોનાની કીંમત જાણે, કીંમત બરાબર બોલે, પણ આ સાચો હીરો છે કે ઈમીટેશન છે; મોતી છે કે ફટકીયું એ તરફ ધ્યાન દેનહિં ને એમાંથી લાભ ઉઠાવવા ને ફળ મેળવવા ઈચ્છે તો શો લાભ મળે ? એની બુરી દશા થાય. કેવળ ફળ તરફજ ધ્યાન રાખનાર એ માણસ ફળ ચુકી જાય. કીંમત તો જાણતો હતો, ફળ મેળવવા આતુર હતો છતાં ફળ મળ્યું નહીં; શાથી ચુકયો ? કારણ કે સ્વરૂપ જાણવાની એણે કાળજી ન રાખી. સાચો હીરો ને નકલી હીરો પારખવાની શકિત એનામાં નહોતી. સોનું કયું પીત્તળ કયું એ ઓળખી શકતો નહોતો. આ સ્થિતિમાં બીજું શું થાય ? પણ સ્વરૂપના તરફ નજર રાખનાર ચતુર હોય છે. એ સ્વરૂપની તપાસ કરે છે, તેને ઓળખે છે અને સાથે સાથે ફળ મેળવે છે. એકલા સ્વરૂપ તરફ દ્રષ્ટિ રાખે તોયે તે ફળ ચૂકતો નથી. પણ એકલી કિંમત તરફ ધ્યાન રાખે અને સાચું ખોટું ન જુએ કે ન સમજે, એ બાબતનું ધ્યાન ન રાખે તેને ફળ પ્રાપ્તિ નથી થતી. કયાંથી થાય ! જો સ્વરૂપ તરફ ધ્યાન ગયું હોય તો તે કીંમત તો એની મેળે સૂઝે, બજાર સૂઝાડે. કે કોઇ કહેશે પીત્તળ લઇને પચ્ચીસ રૂપીઆ લેખે નાણું આપો તો તેની કેવી હાંસી થાય ! ઈમીટેશન લઈ જાઓને રતી તરીકે હિસાબ આપો એમ કહે તો ! તેને ફળ તરફ ધ્યાન છે કે નહીં ? કેમ, એવા માણસની હાંસી શા માટે કરો છો ! તેને ધપ્પા શા માટે મારો છે ? તેને દુકાન પરથી શા માટે ઉતારી મૂકો છો ? કારણ કે તેણે સ્વરૂપ ઓળખ્યું નથી. જેણે સ્વરૂપ તરફ ધ્યાન નથી આપ્યું તે તિરસ્કારને પાત્ર છે. તે જગતમાં કંઇ શુભ સાધી શકતો નથી. મતભેદ કયાં છે ? ફળને માટે મતભેદ છે એમ ? ના, એમ નથી. ફળનીઅપેક્ષાએ મતભેદ કોઈ સ્થળે નથી. તમે કહો છો કે ધર્મ દુર્ગતિને રોકનાર છે, સદ્‌ગતિએ દોરનાર છે, તો બીજાઓ શું માને છે બીજાઓ એ નથી જાણતા, નથી માનતા એમ ? તેઓ શું એમ માને છે કે ધર્મ દુર્ગતિને આપનારો છે સદ્‌ગતિને રોકનારો છે ? તમે ધર્મને સદ્‌ગતિ આપનારો માનો છો ને બીજા સદ્‌ગતિ ઝુંટવી લેનાર માને છે એમ ? ના, ના; એવું તો અનાર્યો પણ માનતા નથી. દુર્ગતિના માર્ગથી ખસવા ન દે તે ધર્મ એવું કોઇ અનાર્ય પણ સ્વીકારે નહીં. ધર્મ ફળને અંગે તો આખી દુનિયા એકમત છે. પણ ત્યારે ભેદ શામાં છે? એજ જાણવાની જરૂર છે. ભેદ શામાં છે, અને કયો છે એજ સમજવાની જરૂર છે. આપણે આગળ કહી ગયા કે ધર્મફળને અંગે કોઈ સ્થળે મતભેદ નથી, એ બાબતમાં સૌ એકમત છે. ત્યારે હવે કયાં ફેર છે ? સ્વરૂપમાં મતભેદ છે. દુર્ગતિને જે રોકે છે, જે સદ્‌ગતિને આપે છે, એ ધર્મ કયો ? એ ધર્મનું સ્વરૂપ કયું ? એ સ્વરૂપમાં ભિન્નતા છે, અહીંજ મતભેદ છે. આ જગતને ફળમાં પરસ્પર ભિન્નતા નથી. રૂપમાં તે એકમત છે. કોઇ પણ ધર્મ જુઓ, ફળમાં કયાંક વિરોધ નહિ જણાય. ફળમાં સૌ ધર્મોની એક સમાન માન્યતા જણાશે કોઇ પણ ધર્મ લ્યો, કોઇ પણ પંથ જુઓ, નૈયાયિક, વૈશેષિક, શૈવ વગેરે જેનાથી ઉન્નતિ અને મોક્ષ મળે, જેનાથી મુકિતપદે પહોંચાય, જેનાથી આત્માનો વિકાસ સાધી શકાય તે ધર્મમાને છે. બધાજ ધર્મો આ વસ્તુ સ્વિકારે છે,અને ઉપદેશે છે. કોઇ વ્યકિતએ, કે કોઇ ધર્મે હજી સુધી એવું નથી કહ્યું કે અભ્યુદયનો નાશ કરે, ઉન્નતિ માર્ગમાં-આત્મવિકાસમાં અંતરાય નાંખે, મોક્ષ દૂર રાખે, દેવલોકના દ્વાર બંધ કરે તે ધર્મ. આવું કોઈએ કહ્યું પણ નથી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માન્યું પણ નથી, કોઈની કલ્પનામાં પણ આવ્યું નથી. એટલે ફળની બાબતમાં ભેદ નથી, ભેદ નથી, તેમ ત્યાં વિવાદને પણ સ્થાન નથી. ભેદ સ્વરૂપમાં છે અને તેથી વિવાદ પણ સ્વરૂપને વિષેજ છે. કેટલાક કહે છે કે વેદમાં જે કરવાનું કહ્યું છે તે કરવુ એ ધર્મ. બીજા કહે છે, કે પુરાણમાં વર્ણવેલો ધર્મ એજ સાચો ધર્મ હવે એમાં શું સાચું ? આ ભેદ સ્વરૂપનો થયો, અને એ ભેદ ખોટો છે. કેવળીના અવિરોધી એટલે સાચેસાચા વચનને અનુસરનારા, એ વચન અનુસારે ચાર ભાવનાવાળું જીવન જીવનારા એ ધર્મી. એ અનુસારે ચાર ભાવનાવાળું જે **પ્રવર્તન તે ધર્મ.**

**વીંછીનો ડંખ :** હવે તમને સમજાશે કે જેઓ એમ કહેતા હતા કે 'મૈત્ર્યાદિ ચાર ભાવના ન હોય તોજ ધર્મ કહેવાય નહીં, એવું કોઇ સ્થળે છેજ નહીં' એ ખોટું હતું. તમારૂં સમાધાન હવે આ ચર્ચાથી થયું હશે, તમને સમજાયું હશે કે તમે જે શ્લોકનો આધાર લીધો હતો તે બરાબર નહોતો કારણ તમે એકલા ફળનો શ્લોક જોતા હતા એટલે મૈત્ર્યાદિ ભાવનાઓ તમને દેખાતી નહોતી, એ ફળ દેખાડનારા શ્લોકને સ્વરૂપ દેખાડનારો શ્લોક તમે માનતા હતા એ તમારી મોટી ભૂલ હતી. એમ ન હોત તો મૈત્રી વગેરે ભાવના ખસત નહીં. મૈત્રી વગેરે ભાવના ધર્મ સાથે સંકળાયલી છે, મૈત્ર્યાદિ ચાર ભાવના સહિત જે વસ્તુ છે તેનુંજ નામ ધર્મ. આ વસ્તુ ન સમજે અને ગમે તેમ બોલે. તેનો કંઈ અર્થ નથી. જેઓ એમ કહેતા હતા કે ધર્મને ચાર ભાવનાને એક એક સાથે કંઇજ સંબંધ નથી, તેઓ ધર્મનું સ્વરૂપ ન સમજવાને લીધે એમ કહેતા હતા. સમ્યકત્વ એટલે શું, એ ભાવના કઇ, એ આ પરથી સમજાશે મૈત્ર્યાદિ ભાવનાઓમાં ઓતપ્રોત થવું એ સમ્યકત્વની નીશાની છે. એ સમ્યકત્વની નીશાની છે પણ સમ્યકત્વની પ્રતિતિ કયારે થાય ? કોઈ માણસને વીંછી કરડયો હોય ને તેની અસહ્ય વેદના થતી હોય, તે આ વેદનાથી તરફડીયાં મારતો હોય ત્યારે તેને શી લાગણી થાય ? તેને એવી વેદના થતી હોય કે એમ લાગે કે માથું કાપી નાંખ્યું હોય તોયે આવી વેદના ન થાય એમ તેને લાગે. આવી યાતના ભોગવતો હોય ત્યારે તે શું ધન સંપત્તિના વિચાર કરી શકે ? સાંસારિક ભોગ લાલસાના વિચારમાં તે ચિત્ત પરોવી શકે ? દારૂણ યાતના ભોગવતો એ માણસ એ પ્રસંગે પોતાના કોઈ સંબંધીને માટે એવા વિચાર કરી શકે કે એની આવક વધે તો સારૂં, અથવા એના લગ્ન થાય તો સારૂં, કે અમુકને ત્યાં શુભ પ્રસંગ આવે તો સારૂં, ઇત્યાદિ, એવા સાંસારિક વિચારો એના મનને તે સમયે સ્પર્શીજ શકતા નથી. કારણ શું ? કારણ કે વીંછીના ડંખની વેદનાથી એ પીડાઇ રહ્યો છે અને એ વેદના સિવાય બીજી કોઈ વાતનું એને ભાન નથી. એનું બધું ધ્યાન એ વેદનામાંજ એકચિત થયું છે, એટલે એ તો ઇચ્છે છે કે મારા જેવી વેદના કોઇને થશો નહીં, વીંછીના દારૂણ ડંખનો અનુભવ કોઇને ન થાય એમ તે ઈચ્છે છે. આમ થાય ત્યારેજ એ વીંછીની વેદના કહેવાય. વીંછીના ડંખની વેદનાવાળો બીજા કોઈ દુઃખને ગણકારતો નથી.તેની વૃત્તિ, ઇચ્છાશકિત વગેરે નાશ નથી પામતી, પણ તેનું ચિત્ત એકજ બાબતમાં તદાકાર થઈ જાય છે, વીંછીના ડંખ સિવાય બીજી બધી વસ્તુઓ એ ભૂલી જાય છે. ચેતન શકિત માત્ર વીંછીના ડંખ પૂરતીજ રહે છે. આ વેદના મટે અને બીજા કોઈને પણ આવી વેદના ન થાય એજ તેનું એક ધ્યાન હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કર્મરૂપી વીંછી :** હવે વિચાર કરો કે એક વીંછીની વેદનામાં આ દશા થાય છે તો જેને કર્મરુપી અનેક વીંછી સ્થળે સ્થળે કરડેલા માલમ પડે તેની શી દશા થાય ? તેને કેટલી વેદના થાય ? મિથ્યાત્વના કલોરોફોર્મવાળાને આ વસ્તુ ન સમજાય તેને વીંછી કરડે તોયે શું ? તેને વીંછીનો ડંખ માલમ ન પડે. કલોરોફોર્મની અસરને લીધે વીંછીના ડંખની વેદના એને ન થાય. એને ન થાય પણ જેણે કલોરોફોર્મ નથી સૂઘ્યું તેનું શું ? મિથ્યાત્વના કલોરોફોર્મવાળો કહે કે વીંછી તો કરડતોજ નથી, અથવા કરડે છે તો એનો ડંખ લાગતો નથી, ડંખ લાગે છે તોયે વેદના તો થતીજ નથી; એમ કહે, પણ તેથી કલોરો ફોર્મ વગરનો માણસ એમ શા માટે કહે ? પેલાને વેદના ન સમજાય તેથી એને પણ ન સમજાય એવું :કદાપિ પણ કહી શકાય ખરૂં ? એને તો દરેક સ્થળે ડંખ માર્યા છે. અનેક ડંખ માર્યા છે. એ કેમ એ ડંખો સહી શકે ? વીંછીના ડંખો ઉલટા એની ચેતન શકિતને વધુ સતેજ કરે છે. વીંછી ને સાપમાં આ ફેર છે. વીંછી ચેતનાને જાગૃત કરે છે. નિયમિત ઉંઘને દૂર કરે છે, પોતાની સાચી સ્થિતિનું ભાન કરાવે છે. જ્યારે સાપ તંદ્રાવસ્થા લાવે છે. કવખતે નિંદ્રા લાવે છે. ભાન ભૂલાવી દે છે. કર્મના વીંછીનું આવું નથી. કર્મનો વીંછી વેદના પણ કરે અને જાગૃતીનો પણ નાશ કરે. કર્મનો વીંછી ડંખે છે, વેદના ઉપજાવે છે, પણ એ ભાન સૌને થતું નથી. જેણે કલોરોફોર્મ નથી સૂઘ્યું એટલે જેને જ્ઞાન થયું છે, તેને ડંખ લાગે છે ને ડંખની વેદના પણ તે અનુભવે છે; પણ જેને મિથ્યાત્વનું કલોરોફોર્મ ચઢયું છે તેને નથી કર્મના વીંછીનો ડંખ લાગતો કે નથી તેની વેદના થતી. કલોરોફોર્મ સુંઘાડીને કોઇના શરીરનો અમુક ભાગ કાપી નાંખવામાં આવે તો કાપતી વખતે જેમ તે માણસને કલોરોફોર્મની અસરને લીધે કંઇ ખબર પડતી નથી, પરંતુ કલોરોફોર્મની અસર ઉતરી ગયા પછી કેટલુ માલમ પડે છે તેમ જ્યાં સુધી માણસનું મન મિથ્યાત્વની દશામાં ઘેરાયલું હોય ત્યાં સુધી કર્મએ તેને કેમ રખડાવ્યો કેટલી ખુશીબતોમાં મુકયો, કેવા કેવા ડંખો દીધા અને કેટલી વેદના અનુભવાવી એનું ભાન થતું નથી. કલોરોફોર્મની અસર ઉતરે પછી કેટલૂં લોહી નીકળ્યું, કેટલૂં વજન ઘટયું વગેરે શરીરની સાચી સ્થિતિનું ભાન થાય છે. મિથ્યાત્વનું કલોરોફોર્મ ઉતરે પછી આત્માને કર્મવીંછીએ કેવી રીતે હણ્યો, શુભ વૃત્તિઓનો કેવી રીતે નાશ કર્યો, જ્ઞાનાદિકને માર્ગે જતાં શી રીતે રોકયો, વગેરે સત્ય વસ્તુનું જ્ઞાન થાય છે. જ્યાં આ કર્મના કંટકને વીંછીનું કંટક માન્યું ત્યાં સૌથી પહેલો આ એકજ વિચાર આવે કે આ દુનિયાના જીવોને ડંખથી હું કેવી રીતે બચાવું ?

**મૈત્રી ભાવના :** ગમે એવા વિરોધી હોય તેમને પણ કદી વીંછી કરડશો નહીં એવી મૈત્રી ભાવના–આખા જગતમાં કોઇને પણ વીંછીની વેદના થઈ નહિ હોય તેવાને થશે નહિ. વીંછીની અસહ્ય વેદનાનો પૂરેપૂરો અનુભવ લીધો હોય છે તેથીજ મનુષ્યને આવી લાગણી થાય છે. એ વેદનાને તે ભયંકર–જીવલેણ માને છે, વીંછીના ડંખની વેદનાને તે નર્ક યાતના સાથે સરખાવે છે અને તેથી ઇચ્છે છે કે એવી યાતના જગતના કોઇ જીવને કદી ન થાય તો સારૂં. **કર્મરૂપી વીંછીની** વેદનાનું પણ આવુંજ સમજવું. એનું પૂરેપૂરૂં ભાન જેને થાય છે તેનેજ એનું સાચું સ્વરૂપ સમજાય છે ને એ સ્વરૂપ સમજાય છે તેથીજ એને એમ થાય છે કે આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્મરૂપી વીંછીના ડંખનો અનુભવ કોઇને ન થાય તો કેવું સારૂં ? અને એ ઇચ્છે છે કે કર્મરૂપી વીંછી દુનિયામાં કોઇ પણ જીવને કદી કરડશો નહીં. આ મૈત્રી ભાવના. દુન્યવીમૈત્રીને અહીં સ્થાન નથી. વિશ્વ પ્રેમ કહેનારા સંતજનને કે વિશ્વઉદ્ધારને સ્થાન છે, પણ વિશ્વપ્રેમને સ્થાન નથી. અરે, વિશ્વ પ્રેમને સ્થાન નથી ? ના, કારણ કે વિશ્વપ્રેમ એ તો મોટામાં મોટું બંધન છે. પ્રેમ એટલે બંધન, બંધનનું મુખ્ય સાધન. અને વિશ્વપ્રેમ એટલે મોટો બંધ. ચક્રવર્તિને વિશ્વપ્રેમ હતો તેને ઉદ્દેશ કે વિધેય તરિકે ન લઈ શકાય. અહીં એનો અર્થ વિશ્વોદ્ધાર કરવાનો છે. અને વિશ્વોદ્ધાર એટલે શું ? સમગ્ર જગતનો ઉદ્ધાર જગતના બધા મનુષ્યો સારી રીતે કમાતા થાય, તેમને અન્ન વસ્ત્રની તાણુ ન રહે, તેઓ શારીરિક રોગથી મુકત થાય એવો જે વિચાર અને એવા જે ઇલાજો તેનું નામ વિશ્વોદ્ધાર કે મૈત્રી. આ મૈત્રી ભાવનામાં કશો સ્વાર્થ નથી, એ ભાવના ઉચ્ચ છે. આવી મૈત્રી ભાવના ઈચ્છે છે કે જગતમાં કોઇપણ જીવ કર્મ બંધનમાં પડનારો, કર્મ બાંધનારો થાય નહી, કોઈપણ જીવને કર્મફળ ભોગવવાનાં રહે નહી, અને કર્મબંધનથી જગત છુટી જાય. આવી જે ભાવના તેજ મૈત્રી ભાવના. અહીં ધર્મનું પગથીઉં મંડાય છે. એ પહેલે પગથીએ એવી ભાવના જન્મે છે, જે ભાવનાથી કે કર્મના કાંટાઓ જે વીંછી જેવા બળવાન છે અને જેના ડંખની વેદના અસહ્ય છે તે કંટકોથી જગતના સર્વ જીવો બચી જાઓ અને એ કાંટા રહિત સ્થિતિને પ્રાપ્ત થાઓ.

**પ્રમોદ ભાવનાઃ** વીંછીના ડંખથી હેરાન થનાર માણુસ શાની ઈચ્છા રાખે છે? બીજા કોઈને એવી વેદના ન થાય એવી ઇચ્છા રાખે છે, અને તે સાથે પોતાને થતી વેદના કેમ મટે તેના પણુ તે ઉપાય કરે છે, તે વિષે પણ તે વિચાર કરે છે, જે વીંછીથી હેરાન થતો હોય છે, તે એ વેદના મટાડનારને પગે પડે છે, ને વેદના મટાડવા માટે તેને વિનવે છે. વીંછીની વેદનાથી જે હેરાન થઈ રહ્યો હોય છે તે માણુસ કોઈપણુ ઉપાયે વેદના મટે એમ ચાહે છે. ભલે વીંછી ઉતારનારો દાતણુની ચીરીથી વેદના ઉતારે પણ ઉતારનાર જોઇએ છે. વીંછી ઉતારનારને કોઇ બોલાવવા જાય, તે આવતો દેખાય, ઉતારવાની ક્રિયા કરવા માંડે ત્યારે પેલાને કેટલો આનંદ થાય? વીંછીની વેદના વખતે પણુ આ આનંદ થાય છે. આનું કારણુ શું ? આનું કારણુ તપાસો. આ વાત ધ્યાનમાં લેશો એટલે સમજાશેકે કર્મના કાંટાને પણુ ઉદ્ધારની જરૂર છે. જેઓ કર્મનો કાંટો જોઇ શકે છે તેમને તે કાંટામાંથી ઉતરનાર જોઈએ છે. હવે જેઓ એ કાંટો દેખી શકયા છે ને તેની વેદના અનુભવી છે, તેઓ તો સમજી શકે કે દેવગુરૂ ધર્મ એ આ વિષમ વેદનાને મટાડાવાને માટે સમર્થ છે. આવી ખાત્રી થાય અને પછી દેવગુરૂ ધર્મની આરાધના થાયને કર્મના કાંટા દૂર થાય તો કેટલો આનંદ થાય ? વીંછીની વેદનાનો અનુભવી માણુસ વીંછી ઉતારવાની વાતથી આનદ ન પામે એવું કદી બને ખરૂં ? અજ્ઞાત જીવ કદાચ એ આનંદ ન સમજી શકે, કારણુ કે એને તો વીંછીની વેદનાનો પણુ અનુભવ નથી તો તે મટવાનો આનંદ કયાંથી સંભવે ? છ મહિનાનો બાળક કે જેને વેદનાનો અનુભવ છે પણુ ઉતારવાના સાધનથી અજાણુ છે, તેમણે આ આનંદ ન અનુભવી શકે. બાકી તો બીજા સૌને આનંદ થાય. તેમ આપણે કર્મરૂપી વીંછીની વેદનામાં ઘેરાયા હોઇએ, અને તે વખતે કોઇ આ વીંછી ઉતારનાર જાંગુલી પણુ જંગલી નહીં, જાંગુલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોને કહેવાય? સર્પ કે વીંછીની વેદના મટાડે, ઝેર ઉતારે તે જાંગુલી;–તો એવી વેદનાના પ્રસંગે કોઇ જાંગુલી આવે તો કેટલો ઉત્સાહ થાય? એ જાંગુલીને બોલાવીએ, તે ઉપચાર કરે અને વેદના મટવા લાગે તે વખતે જે આનંદ થાય તે આનંદ કેવો હોય છે? એનું વર્ણન કરી શકાશે? નહિં કરી શકાય, કારણકે એ આનંદ અવર્ણનીય છે. એટલો બધો આનંદ શાથી થાય છે? કારણ કે વીંછીની અસહ્ય વેદનામાંથી મુકિત મળે છે. વીંછીનું ઉતરવું અને એ ઉતારવાની ક્રિયા તેથીજ આનંદ આપે છે. તેજ પ્રમાણે જ્યારે એ જીનેશ્વર દેવરૂપી જાંગુલી, સદગુરૂરુપી જાંગુલી વેદના મટાડનાર છે, કર્મરુપી વીંછીની વેદનામાંથી મુકિત અપાવનાર છે, એમ જાણીએ ત્યારે જે આનંદ થાય તે અવર્ણનીય હોય છે જ્યારે એ આનંદ થાય અને એ આનંદથી હાથ જ્યારે એ તરફ ઉછળી પડે ત્યારે સમ્યકત્વ થયું એમ ગણાય. અને એમ થવાથી જે સમ્યકત્વ થયું એનુંજ નામ પ્રમોદ ભાવના. આમ મૈત્રિ ભાવના અને પ્રમોદ ભાવના બે ભાવનાનું રહસ્ય શું છે, અને એ ભાવનાઓ શાને કહેવાય એ આપણે જોયું, અને હવે એ તમને સમજાયું હશે.

**કારૂણ્ય ભાવના.** મૈત્રીભાવના, પ્રમોદભાવના અને એની પછી કારૂણ્યભાવનાનું દર્શન થાય છે, કારૂણ્યભાવના કોને કહેવાય? કર્મના કાંટાની વેદના કોઇને થાય નહીં, આખું જગત એ વેદનાથી દૂર રહે એમ ઇચ્છવું, આખા જગતની એ વેદના દૂર કરી પ્રમોદભાવ પ્રગટાવવો એટલુંજ નહીં; એ ભાવના એથી આગળ વધે છે. જગતના જીવોને પીડા પમાડતી વીંછીની વેદના હું દૂર કરૂ, હું એ વેદના મટાડનારો થાઉં, મારી બનતી શકિત વડે જગતના જીવોને એ વેદનામાંથી મુકત કરૂં એવી જે ભાવના એ કારૂણ્યભાવના, પણ આ કારૂણ્ય ભાવના નો ઉપયોગ કેમ કરવો? એવું બને છે કે કેટલીકવાર અતિ દયાને લીધે કરવા જઇએ સીધું ને થઈ બેસે અવળું. એટલે એનો ઉપયોગ પણ સમય સમજીને કરવો જોઇએ. જગતમાં કેટલાંક પાપો એવાં હોય છે કે કરીએ ગુણાકાર ને હોય ભાગાકારનો ભાઈ! ૧૦૦ ને ૦ા એ ગુણો તો ગુણ થયો કે દોષ? અપૂર્ણાંકનો ગુણાકાર એ ભાગાકારનો ભાઇ. આના કરતાં ૪ થી ભાગ્યા હોત તો શો વાંધો હતો, હિસાબ ગુણાકારનો ને ફળ ભાગાકારનું. આ પ્રમાણે તમે કોઈ જીવને કર્મના કાંટાથી બચાવવા જાઓ પણ તે બીચારો અંદર વધારે ફસાય એવું પણ બને. ત્યારે શું થાય? એવા પ્રસંગે મૌન પકડવાની જરૂર પડે. એકવાર એવું બન્યું કે કોઇ સ્થળે એક કુવો હતો. પડોશના ઘરનો ચાર વર્ષનો છોકરો રમતો રમતો કૂવા પર ચઢી બેઠો. પગ કૂવાની અંદર ને બેઠો છે થાળા પર જરા ચૂકયો કે કૂવામાં પડતાં વારજ નહીં. જાનનું જોખમ આવી ઉભું રહ્યું. બાળકને તો આ જોખમનું ભાન કયાંથીજ હોય? એ તો રમતના આનંદમાં મશગુલ હતો, પોતે કેવી ભયંકર રમત આદરી છે, એ સમજવાની એનામાં શકિત પણ નહોતી પણ બીજા જે માણસોએ એને કૂવા પર આ રીતે બેઠેલો જોય, તેઓ તો સાચી સ્થિતિ તરત સમજી જાય. બાળક કેવો ખેલ ખેલી રહ્યો છે, અને તેનું પરિણામ શું આવે એ સમજતાં જોનારને તો જરા પણ વખત નથી લાગતો. દેખતાં વાર તે બાળકનું ભવિષ્ય તરત સમજી જાય છે. કૂવા પાસેના એક ઘરની બારીએથી એક માણસે આ દ્રશ્ય જોયું, જોઇને ચમકયો તો ખરો, પણ માણસ ચતુર હતો એટલે કંઇપણ બોલ્યો નહીં. તે મૂંગો મૂંગો નીચે આવીને ધીમેથી કૂવા પાસે ગયો ને પાછળથી બાળકને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉંચકી લઇ નીચે ઉતાર્યો ને ત્યાંથી ખસેડયો. બાળક બચી ગયો. હવે આ વખતે ઉપરથી જોનારે ઘોંઘાટ કર્યો હોત તો શું થાત! ઉપરથી બૂમ મારી હોત તો બાળક ગભરાઈ જાત. એ ગભરાઈને ખસવા જાત, કે વાંકું ચુંકું જોવા જાત એટલે તરત સ્થાનભ્રષ્ટ થઈને કૂવામાં પડત, ઉલ્ટો જાનથી જાત. આ વખતે પેલા માણુસનું ડહાપણુ, સમયસૂચકતા, ગંભીરતા અને ચૂપકીદી બાળકને બચાવનાર થઇ પડયા.

**માધ્યસ્થ ભાવના :** આ તો દ્રષ્ટાંત લીધું, પણુ એ પરથી સમજવાનું એ છે કે જગતમાં કેટલાક જીવો એવા ભારે કર્મી હોય છે કે તેમની આગળ ધર્મ વગેરેની વાતો કરો તો તેમનું મગજ ફરી જાય, દેવની વાતો કરો તો ગાળોજ દે. આમ ગાંડપણુ કંઇ ન હોય, તદ્દન શાણો હોય, બીજી બધી વાતો અક્કલ હોંશીયારીથી કરે પણુ ધર્મનું નામ દીધું કે ધતિંગ કહીને ઉભો થઈ જાય. એવી વાત ન કરો તો કંઇ નહીં. બીજું બધું બરાબર કરે. ખાવા પીવા ઓઢવામાં, હરવા ફરવામાં હંમેશાં ગુલતાન રહે, એ વાતોથી તેને કદી કંટાળો ન આવે, કદી મગજ કંટાળે નહીં, પણુ દેવગુરૂધર્મને ગાળો દેવાને હંમેશાં તૈયાર. દેવાદિકની વાત છોડી કે મગજ ખસી જાય. રમણુ નામનો એક છોકરો બી. એ. ની પરિક્ષામાં પાસ થયો. બહુ હોંશીયાર. પણુ મગજે ગરમી ચઢી ગઇ ને ગાંડો થયો. ગાંડો એટલે શું? આમ તો કોઇને કશી ખબર ન પડે, પણુ કોઇ દાબડી બતાવે તો ગાંડો થઈ જાય. બીજી બધી વાતે ડાહ્યો. ઉપચાર કર્યા પણુ એનું એજ. કુટુંબીઓએ તેને મેડહાઉસમાં મૂકયો. મેડહાઉસમાં જે માણુસ રમણુની સારવાર કરતો હતો તે તેના વિષે બધી હકીકત જાણુતો હતો. તેનું ગાંડપણુ શામાં છે, અને શામાં નથી; કંઇ વાતથી ગાંડો થાય છે અને કઇ વાતમાં ડાહ્યો રહે છે એ બધી બીનાથી તે માણુસ વાકેફગાર હતો. હવે બન્યું એમ કે રમણુલાલે તો કલેકટરને અરજી કરી. અરજીમાં લખ્યું કે હું ગાંડો નથી, મારૂં મગજ સાફ છે મને કોઇ જાતની બીમારી નથી, છતાં ડાકટરે મને ગાંડો ઠરાવીને અહીં મેડહાઉસમાં રાખી મુકયો છે, કારણુકે ડાકટરનો છોકરો અને હું સાથે પાસ થયા છીએ. મારો નંબર ઉપર છે અને ડાકટરના છોકરાનો મ્હારાથી બીજો છે. મ્હારે લીધે તેને સ્કોલરશીપ મળતી અટકે છે, પણુ હું ગાંડો ઠરૂં ને મેડહાઉસમાં રહું, અભ્યાસ ન કરી શકું તો એ સ્કોલરશીપ તેને મળે, તેથી મને અહીં નાંખ્યો છે, વગેરે બાબતથી કલેકટરને અરજી મળી નિર્દોષ માણુસને, સાજાસમા માણુસને આમ ગાંડો ઠરાવી પાછળ પાડવાની વાત કલેકટરથી કેમ સહન થાય?

કલેકટર તો ગુસ્સે થઇ ગયા ને એકદમ મેડ હાઉસમાં તપાસ માટે ગયા. રમણુલાલે કહ્યું "હા, એ અરજી મેં કરી છે અને જે બીના લખેલી છે તે મેંજ લખી છે, હકીકત સાચી છે, મારે લીધે ડાકટરના છોકરાને સ્કોલરશીપ નથી મળતી તેથી મને અહીં નાખી મુકયો છે ને મને પરાણે ગાંડો ઠરાવ્યો છે." વગેરે કહ્યું. કલેકટર અચંબો પામ્યો. ડાકટરને તો આમાં કશી સમજણુજ પડી નહીં. તેને તો ભોંય ભારે થઇ પડી. ડાકટર મુઝાઇ ગયો. અધીરો બની ગયો રમણુલાલની વાત કંઈ છેકજ ખોટી નહોતી, એ બીના ડાકટર જાણુતો હતો ડાકટરે રમણુલાલને મેડ હાઉસમાં રાખ્યો ખરો, પણુ તેની નાડ સારવાર કરનારેજ પારખી હતી. તે આવ્યો અને તેણે રમણુને પૂછયું કેમ રમણુભાઇ તપખીર લેશો કે?" અને આ શબ્દો કાને પડતાંજ રમણુભાઈનું મગજ ચસકયું. મગજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખસ્યું તે એવું ખસ્યું કે કલેકટરને પણ ઉધડો લઇ નાંખ્યો. એકદમ મગજ ચાલ્યું ગયું. આ જગતમાં કેટલાક રમણભાઇઓ છે. તેમની આગળ દેવગુરુની વાતો કરો એટલે ગાંડા થઇ જાય છે, ધન, મિલ્કત, વેપાર, વૈભવ, કુટુંબ, કબીલા વિષે વાર્તા કરો તો કંઇ નહીં. જેઓ આવા બહુ કર્મી હોય એટલે કે કર્મમાં ખુબ ઉંડે સુધી ડુબેલા હોય, અને દુનિયાદારીની વાતોમાં ડાહ્યા રહે પણ દેવગુરુધર્મની વાતોમાં રમણભાઈ બનતા હોય, તેમની આગળ ચૂપકીદી પકડવાનું શાસ્ત્રકાર કહે છે. જ્યાં બીજો માણસ ડુબે તે જગ્યા પર ચૂપકીદી પકડવીજ યોગ્ય છે, ડુબતાને તારવો શી રીતે? તારનારે એવી રીતે હાથ ફેરવવો જોઇએ કે જેથી આપણા હાથના ધક્કાએ એ તરે નહીં તો ભલે, પણ ડુબે તો નહીંજ. આપણે તારવા માંગીએ છીએ ને તારી શકીએ તો તો એથી રૂડું બીજું શું? પણ એ યત્ન એવો થવો જોઈએ કે જેથી બીન ચૂક તે બચવા પામે, ભલે તરતાં ન આવડે, પણ આપણા હાથનાજ ધકકાને લીધે ડુબી ન જાય એ આપણને સંભાળવાનું, રમણભાઇ જેવા આપણા હાથના રમકડાં બને એ કરવાનું આપણને ન પાલવે. તેવા પ્રસંગે મધ્યસ્થપણું જાળવવું જોઇએ. આનો અર્થ એમ નથી લેવાનો કે અનિષ્ટ થવા દેવું. અનિષ્ટ હુમલા થવા દેવા ને જોયા કરવું એવો આનો અર્થ નથી, ધર્મિષ્ટોની ફરજ છે કે હલ્લા તો રોકવાજ, પણ તે બીજાને તારવાની બુદ્ધિથી, બીજો ડુબવા ન પામે એ સાચવવાનું હોય ત્યારે મધ્યસ્થ ભાવના રાખવાની અને કરવામાં એ તરફ ઉદાસિનતા કેળવવી ન પડે. એમ માલમ પડે કે આપણા પ્રયત્નથી બીજો વધારે ડુબશે તો તે પ્રયત્ન શુદ્ધ હોવા છતાં છોડી દેવો એ માધ્યસ્થ ભાવના. જો તરી શકે એમ હોય તો તે કરવા યોગ્ય છે, પણ તેમ ન થાય તો મૈત્રી અને કારૂણ્ય ભાવનાપર પાણી ફરી વળે છે. તપેલી પાંચશેરી પર પાણી નાખ્યાથી શું વળે? વધારે ગરમી કાઢે. પાણીનો મૂળ સ્વભાવ અગ્નીને ખસેડવાનો. ગરમ પાણી પણ દેવતાને ઓલવે છે, એકલું ઠંડુ પાણીજ ઓલવે છે એમ નથી, અગ્ની જેવો અગ્ની પાણી પડતાંજ ઠરી જાય છે. એ પ્રમાણે શાસ્ત્રના કઠોર તીવ્ર એવાં પુણ્ય વચનો મિથ્યાત્વ અને અવિરતિના અગ્નીને ઓલવી નાંખે છે ત્યાં નાખવાની ફરજ છે, પણ તપેલી પાંચશેરી પર પાણી નાંખવું જેમ નિરર્થક છે, પાણીનો નકામો વ્યય થાય છે, તેમ દુર્ભવ્ય, અભવ્ય, અને મિથ્યાત્વી જીવોને શાસ્ત્રના વચનો ન ખપે, એવા વચનો ન ખપે, એટલુંજ નહિ પણ એવાં વચનો તેઓ ન ઝીલી શકે, દુરાગ્રહથી ઘેરાયલાને શાસ્ત્રના વચનો ફાયદો ન કરે. તેવે વખતે મૌન પકડવુંજ યોગ્ય છે. આ સમજાય તો પ્રભુ મહાવીરનું કાર્ય અપકૃત્ય હતું એમ નહીં લાગે. પ્રભુમહાવીરે શું કર્યું હતું? ગૌશાળો મહાવીરનો તિરસ્કાર કરવા આવે છે ત્યારે તેઓ સાધુઓને શું કહેવડાવે છે? તેઓશ્રી કહેવડાવે છે કે તેની સાથે ઉત્તર પ્રત્યુત્તર ન કરશો. આ ઉપદેશ ખોટો હતો? આ વખત પ્રભુ મહાવીરની ફરજ એ હતી કે સાધુઓને 'બધી શકિત સાથે તૈયાર રહો' એમ કહેવું, એવું કોઇને લાગતું હશે. ગૌશાળા સરખા માટે મહાવીરે હથીયાર ઉતરાવ્યાં. પ્રભુ મહાવીર મહારાજાએ એ બધા સાધુઓને શા માટે રોકયા? અરે, ગુરૂ કેવળી તીર્થંકરનું અપમાન સહન કરવાનું તીર્થંકરો શીખવે? પ્રભુ મહાવીર કેવળી છે તેથીજ આમ કહ્યું છે, સત્ય સ્થિતિ શી છે એ તેઓ તરત સમજી શકયા ને તેથીજ આવો ઉપદેશ કર્યો. આ ઉપદેશથી એમણે સાધુઓને બચાવ્યા? કેવી રીતે? સદ્દમાર્ગે આવનાર, આવવાનો પ્રયત્ન કરનાર કદાચ એ માર્ગથી દૂર થશે એવો સંભવ લાગ્યો ને તેથી તમામ સાધુઓને રોકી દીધા. આનું નામ માધ્યસ્થ ભાવના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ વસ્તુ બરાબર સમજાય ને અંતરમાં ઠસે ત્યારેજ માધ્યસ્થ ભાવનાનું તત્વ ધ્યાનમાં આવશે.

**ભાવનાનો ઉપયોગ કેમ કરવો.** આ માધ્યસ્થ ભાવનાનો અર્થ પણ વિવેકથી કરવાનો વિરોધી ગમે એમ બોલે તો પણ આપણે ન બોલવું એવો એનો અર્થ લેવાનો નથી. તમારાથી રોકાય, બચાવાય, તમારા સધર્મીઓનું, તેમના સમ્યકત્વનું રક્ષણ થાય તે માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર છે. તમે કહેશો આ તો તમે બેઉ બાજુ ધક્કા મારો છો. એક પાસથી ચુપ રહેવાનું કહો છો અને બીજી પાસથી તનતોડ મહેનત કરવાનું કહો છો. એ કેમ બને ? બેઉ વાત કેવી રીતે સિદ્ધ થઇ શકે ? થાય, બેઉ બાબત કહું છું તે પૂર્ણ વિચારથીજ કહું છું. કારણકે તમારે એમ કરવું જોઇએ. સધર્મીઓના બચાવને માટે, વિરતિના બચાવને માટે તમે તનમનધનથી કટીબદ્ધ થાઓ એ પ્રમોદ ભાવનાને માટે કહું છું. એ વધારે ડુબી ન જાય એ માટે માધ્યસ્થ ભાવનાને કહું છું. પણ રક્ષક રાજનીતિ રાખવાનો તમને હક છે, જ્યાં સુધી એમાં મલિનતા—સ્વાર્થ ન પ્રવેશે ત્યાં સુધી. બીજાને તોડવા માટે જગાત ઉભી કરે તે વખતે રાજ્યના પગલાંને ન્યાયી ન ગણાય. જેમ દેશના ઉદય માટે રક્ષક જગાત ઉંભી કરવી પડે, તેવી રીતે પ્રમોદ ભાવના પણ ઉપયોગી નીવડે છે. આ સમજશો એટલે ઉદ્યમ કરવાનું કહ્યું તો તે ઉદ્યમ કયાં કરવો ને કેમ કરવો, અને ન કરવાનું કહ્યું તો તે કયાં ન કરવો ને કેમ ન કરવો, એ ઝટ સમજાશે. આ ચાર ભાવનાઓ તે સમ્યકત્વની ભાવનાઓ.

**વૈરાગ્ય ભાવ.** વૈરાગ્ય ભાવમાં કહે છે કે અશરણ ભાવનામાં ધર્મ એ શરણના છે. ધર્મ એકજ એવી વસ્તુ છે કે જેનું મનુષ્યને જગત્‌માં સાચું શરણ છે. આમાં પણ શંકા ઉપસ્થિત કરનાર છે. કહેશે કે ધર્મનો ઢગલો કરો તોયે તેનું શરણ મળતું નથી, કારણકે તીર્થંકર ગણધર સિવાય ધર્મનો ઢગલો બીજે કયાં મળવાનો હતો ? પણ એવાને યે મોતની આગળ કયું શરણ મળ્યું ? મોતના જડબામાંથી તો તેઓ પણ નીકળી શકયા નહીં આવા ધર્મ ધુરંધર મૃત્યુની દાઢમાં દબાઈ જાય તો ધર્મ શરણ છે એ કેમ માની શકાય ? અનેક તીર્થંકર, ગણધર, કેવળી એ જમની દાઢમાં જકડાઇ ગયા, છતાં હજીયે ધર્મ શરણ છે એમ તે શું જોઇને બોલો છો ? સ્ત્રીથી માર ખાતો જાય ને 'લે લેતી જા' બોલતો જાય, તેમ ધર્મ શરણ બોલી જાઓ છો, બીજું શું ? પણ જરા વધુ ઉંડો વિચાર થાય તો કેવું સારૂં. એક દાખલો લઇએ. લીલા કુંજાર છોડવાઓને અગ્નીએ બાળી નાંખ્યા, એના પર પાણી નાખ્યાથી શું વળે ? અગ્નીએ બાળી નાંખેલા એ કુમળા છોડવાઓ ફરીવાર નવપલ્લવિત થવાના નથીજ એ સૌ કોઇજાણે છે. પરંતુ એમ છતાં અગ્નીથી બળતા છોડવાઓને અટકાવવા હોય તો પાણીનું શરણ છે એમ કોણ નહીં બોલે ? આમ શામાટે ? કારણ કે જેટલું બળ્યું એટલું તો બળ્યું પણ પાણી મળે તો બીજું નવું ન બળે, એ લાભ કંઇ ઓછો ન કહેવાય. અને પાણી મળે ને નવું બળતું અટકે તો પાણીનું શરણ મળ્યું એમ કહેવાય. આ પ્રમાણે આયુષ્યના યોગે એક વખત મોત થયું, પણ એ મોત અટકાવનાર જો કોઇ હોય તો તે ધર્મજ છે. નવા મોતને ધર્મ દૂર કરે છે. નિયમિત થયેલા મૃત્યુને ધર્મ રોકી શકતો નથી કારણ કે એ નિર્માણ છે, પણ નવા મૃત્યુને ધર્મ રોકી શકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. તેમજ ધર્મ એ જન્મને પણ રોકી શકે છે. જન્મ રોકવામાં ધર્મ એ શરણ છે. મોતને રોકવું હોય તો પ્રથમ જન્મને રોકવો જોઇએ. આથીજ જ્યારે આખું જગત મોતથી ડરે છે ત્યારે સમ્યક્ત્વી જીવ જન્મથી ડરે છે. અમે જીવીએ ખરા પણ મરીએ નહીં એ આખું જગત્ ઇચ્છે છે. પણ સમ્યક્ત્વી જીવ તો એથી જુદુંજ કંઇ ઇચ્છે છે. તે તો ઇચ્છે છે કે અમે જન્મીએજ નહીં. આ ઇચ્છાને લીધે સમ્યક્ત્વી જન્મથી ડરેલો રહે છે. જન્મ મરણની આ કથા છે. જગત આમાંથી છુટતું કેમ નથી? કારણ કે ભલે જન્મ મરણની યાતના ભોગવી પણ હજી જન્મથી ડરતાં શીખ્યા નથી. મરણ માટે અનશન વ્રત છે, જન્મ માટે એવો કોઇ વિધિ છે? શાસ્ત્રકાર આખા જગતે નહીં ઇચ્છેલા એવા યોગ માટે વિધિ બતાવે છે. પણ જન્મ માટે કોઇ વિધિ બતાવતા નથી. આનું કારણ શું? મરણ હજીયે આદર પાત્ર છે, પણ જન્મ તો કોઇપણ પ્રકારે આદરણીય ઇચ્છવા લાયક નથી. વસ્તુતઃ આપણે ગુણ ઠાણા મેળવી શક્યા નથી, તો જીવનું સ્વરૂપ શું વગેરે આગળ કહીશું.

## જન્મની જહેમત.

**મરણ રોકી શકાતું નથી** આપણે જોઇ ગયા કે જન્મ અને મરણ એ ચીજો દરેક ભવમાં છેજ કોઇ પણ ભવ જન્મ મરણ વગરનો હોતો નથી. હજી સુધી કદી બન્યું નથી, અને બનશે પણ નહીં આપણે એ જોયું છે કે દરેક જીવ મૃત્યુથી ભય પામે છે, પણ જેમ મૃત્યુથી ભય પામે છે તેમ જન્મથી કોઇ જીવ કદી ભય પામતો નથી. આ સત્ય છે, પણ આપણી અને આપણી આસપાસમાં રહેલા મનુષ્યોની જીંદગીનું અવલોકન કરીએ તો દરેકમાં મૃત્યુનો ભય ડગલે ડગલે રહ્યો છે એમ માલમ પડશે, અને એ ભય કદી દૂર નહીં થાય એમ પણ જણાશે. કારણ કે એ ભય કદી દૂર કરવા માટે કોઈ વિચારજ કરતું નથી. જે ભય ટાળી શકાય એવો છે તે ટાળવાનો કોઇને ખ્યાલજ આવતો નથી. મૃત્યુ એવી ચીજ છે કે જેમાંથી કદી કોઈ બચી શકતું નથી. મૃત્યુ ટાળવા માટે ગમે એવા ભગીરથ પ્રયત્ન થાય તોયે કોઇ માનવી એમાંથી બચે એમ નથી. મરણની સાર્વભૌમ સત્તા સર્વવ્યાપી છે અને સર્વ સ્થળે એનો અમલ એક સરખો ચાલે છે. તીર્થંકર, ગણધર, કેવલીઓ ચૌદ પૂર્વીઓ કોઈ મૃત્યુમાંથી બચ્યા નથી આવા મહાપુરૂષો જે મૃત્યુમાંથી બચી ન શકયા તે મૃત્યુમાંથી બીજાઓ બચવાની આશા રાખે તે શા કામની ત્યારે મૃત્યુએ ચોકકસ છેજ એ વાત હવે સિદ્ધ થઇ ગઇ. તો પછી એનો ભય શા માટે? જે વસ્તુ બનવાની છેજ, કોઇ પણ ઉપાયે મટે એમ નથી તેનો શોક શો કરવો? આવી સદા બનતી નિયમિત વસ્તુથી ભય પામવો એ અણસમજનું લક્ષણ કહેવાય. આપણે જોયું કે મરણને ટાળવાના કોઇ ઉપાય નથી. આ બધા ઉપાયો એની આગળ નકામા છે. જેને ટાળવાના કોઈ ઉપાય નથી. કૃત્રિમ સાધનો જેમાં અફળ નીવડયાં છે તેને માટે ભય શોક વગેરે શા માટે? એથી ફાયદો શો થવાનો છે? આમ વીચારીએ તો સમ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાય છે કે મરણનો ડર રાખવો તે કેવળ નકામો છે. વારૂ, પણ ત્યારે એ ભય નકામો છે છતાં શાસ્ત્રકારોએ મરણનો ભય કેમ ગણ્યો ? મૃત્યુ સરખો ભય નથી. મૃત્યુ કરતા વધારે મોટો કોઇ ભય નથી" એ વચન કેમ ઉચ્ચાર્યું ? વાત ખરી છે. મૃત્યુનો ભય જગત માત્રમાં સર્વ જીવોને લાગેલો છે. વિષ્ટામાં વસતા કીડાને મૃત્યુનો જેવો ભય છે તેવોજ ભય રાજાને પણ રહે છે. એ મત્યુથી બચવા માટે શાસ્ત્રકાર તમને કહે છે. તમે કહેશો કે બે બાજુનું બોલવું કેમ સમજી શકાય ? એમ કહીને એ આ અમને શું સમજાવવા માગે છે ? એક પાસથી મરણ ટળતું નથી, એથ કહો છો, બીજી બાજુ મરણથી મોટો બીજો કોઇ ભય નથી માટે તેથી બચવાનો ઉદ્યમ કરો એમ કહો છો એનો અર્થ શો ? આ તો એક એકથી વિરૂદ્ધ વાતો છે.

**આયુષ્યનો આધાર.** આમાં વિરૂદ્ધતા લાગે છે કારણ કે ઉંડો વિચાર કર્યા વિના કેવળ ઉપલક દૃષ્ટિથી તમે જુઓ છો. અકકલનો ઉપયોગ કરો તો આ વિરૂદ્ધતા તરત દૂર થઇ જાય. અકકલનો ઉપયોગ ન કરે તેને તો જરૂર આમાં વિરૂદ્ધતા લાગેજ. હવે તો સૌ જાણે છે કે જીવવું અગર મરવું એ કોઈના હાથની વાત નથી. તે માત્ર આયુષ્ય કર્મને આધીન છે. જીવવાની ઇચ્છા હોય છતાં આયુષ્ય ન હોય તો કોટી ઉપાયે પણ જીવી શકાય નહીં. આયુષ્ય ખતમ થયા પછી કોઈની તાકાત નથી કે કોઇ માણસને જીવાડી શકે કે પોતે જીવી શકે. હવે જેમ જીવી જીવાડી નથી શકાતું, તેમ મરી કે મારી પણ નથી શકાતુ એ ચોકકસ છે. અને છતાં એની બીજી બાજુનો વિચાર કરવો પડે છે. સંસારમાં ઠેર ઠેર થતી હિંસા પ્રતિ દુર્લક્ષ કેમ કરી શકાય ? હિંસા સંસારમાં સૌને ભૂલાવનારી છે. હિંસા એ મહાપાપનું સ્થાન છે. માટે હિંસા છોડીને સંયમ અગર દયામાં પ્રવૃત્તિ કરવી જોઇએ, વળી તમે કહેશો કે દયા રાખવી, હિંસા છોડવી એ બધું શા માટે ? એનો અર્થ શો ? બીજાના પ્રાણનો વિયોગ એટલે હિંસા. પણ એ વિયોગ કોઈનો કર્યો થતો નથી, આયુષ્ય કર્મ પ્રમાણે જે થવાનું હોય તે થયાજ કરે છે એમ માન્યા પછી હિંસા રહી કયાં ? પછી હિંસા થવાની કે કરવાની વાત કયાં રહી ? પ્રાણનો વિયોગ થતો બચાવવો એમ કહો છો, પણ એનું મોત કોઇથીજ બચાવ્યું બચતું નુથી, જીવાડયું કોઈ જીવતું નથી, માર્યું કોઇ મરતું નથી, તો હિંસા જેવી ચીજ કયાં રહી ? આ શંકાઓ ઉઠે એ સ્વાભાવિક છે પણ આગળ આપણે એ બાબતોનું સમાધાન કરી ગયા છીએ આ પ્રશ્નો ચર્ચીને આપણે સમજાવ્યું કે જીવવું કે મરવું એ કેવળ આયુષ્યના આધારે થાય છે.

પણ આયુષ્યને જલ્દી ભોગવાવી દે, ક્રમસર ન ભોગવવા દે તો એ સ્થિતિમાં હિંસા અને નિર્દયતાને સ્થાન છે એટલે કે ત્યાં હિંસાનો અર્થ લાગુ પાડી શકાય છે. આયુષ્યના આધારે જીવન છે, અભાવે મરણ છે. પણ એ આયુષ્યમાં ઉપક્રમનું સાધન મેળવી આયુષ્ય એકદમ ભોગવાવી દેવાય તો ત્યાં હિંસા રહેલી છે. એક જીવ તેના આયુષ્ય પ્રમાણે ક્રમસર જીવી રહ્યો હોય તેને પાણીમાં ડુબાડયો, જે અનુક્રમે ભોગવવાનું હતું તેને એકદમ ભોગવવું પડયું, આનું નામ હિંસા એક જીવ જમીન પર ચાલતો હતો, અસંખ્ય મનુષ્યો ત્યાંથી આવ જા કરતા હતા ને તેમાંના કોઇકના પગ નીચે આવીને તેનું મૃત્યુ થાત. એક મનુષ્યનો પગ પડયો ને તે એકદમ છુંદાઈને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મરવાની અણીપર હતો એવામાં તે મનુષ્યે પગ ઉપાડી લીધો એટલે તે જીવ બચી ગયો, અહિંસા થતી અટકી, અહીં દયા પણ આવી ગઈ. નિમિત્ત હોય તે આ રીતે ટળે પણ છે, આની આયુષ્ય બે પ્રકારનાં કહ્યાં છે. એક ઉપક્રમવશાત્ એક ઉપક્રમ વગરનું. જેને નિમિત્ત મળે તો તુટી જાય, જાય, નિમિત્ત ન મળે તો ચાલ્યા કરે, ઘડીઆળનો દાખલો આપણે લીધો હતો. ઘડીઆલમાં કૂંચી છત્રીસ કલાક ચાલે તેવી છે છતાં તેનો સ્ક્રૂ ઢીલો કરી નાંખીએ તો કૂંચી એક પળમાં ઉતરી જાય ને ઘડીઆળ બંધ પડે. સ્ક્રૂ ઢીલો ન કરીએ તો છત્રીસ કલાક સુધી બરાબર ચાલે. તે પ્રમાણે આયુષ્યને પણ ઉપઘાત ન મળે તો અમુક વર્ષ સુધી ચાલે અને ઉપઘાત લાગે તો જલ્દી મરી જાય. હવે ઉપઘાતનું કર્મ બાંધ્યું હશે કે નહીં ? ના ઉપઘાતનું કર્મ નથી, સ્ક્રૂને ઢીલો થવા માટે કોઈ જુદી કળ નથી. બીજો દાખલો ઝેર ખવડાવવાનો છે. કોઈને ઝેર ખવડાવે કે પોતે ખાય એ બધા આયુષ્ય જલદી ભોગવવાના કારણો છે. તો ઉપક્રમ કોને લાગે ? સ્ક્રૂની ખીલી જુદી હોય તો તે ઢીલી ન થાય ? તેમ અહીં નિરૂપક્રમ આયુષ્ય હોય તો તેને ઉપક્રમથી ઘટવાનો સંભવ નથી, પણ આ વાત તો જેનું આયુષ્ય ઘટે એવું છે. જલ્દી ભોગવાય એવું છે તેને માટે છે. એ તો સ્હેજે સમજી શકાય એમ છે, પણ જેમનું આયુષ્ય જરા પણ વધતું ઘટતું નથી તેમનું શું ? દેવતા, નારકી, વગેરે નિરૂપક્રમ આયુષ્યવાળા જેમનું આયુષ્ય સ્હેજ પણ ઘટતું નથી તેવાને અંગે તો હિંસા લાગેજ નહીં ને ? એમાં હિંસા ન માનીએ તો અડચણ શી છે ? કારણ નારકી, દેવતા જુગલીયાને મારવા કોણ જાય છે ? વળી જેમ દેવતા વગેરે નિરૂપક્રમ આયુષ્યવાળા છે તેમ મોક્ષે જનારા અને ત્રેશઠ શલાકાપુરૂષ બધા પણ નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે તો તેમની પણ હિંસા કેમ લાગે ?ગમે તેટલા ઉપાયો કરીએ તો પણ તેમનું આયુષ્ય તો ઘટવાનુંજ નથી ને ? તો પછી તેમાં હિંસા શા માટે માનવી જોઈએ હવે અહીંજ હિંસાનો સાચોજ અર્થ સમજવાની જરૂર છે.

**હિંસા એટલે શું?** તમે હિંસાનો અર્થ બહુ સંકુચિત કરોછો, હિંસા એટલે કોઈને મારવું, કોઈનું આયુષ્ય જલ્દી પૂરૂં થાય જલ્દી ભોગવાઇ જાય એવા પ્રયત્ન કરવા એમજ નહીં. બીજાને આયુષ્ય જલ્દી ભોગવાવી લઇએ તોજ હિંસા લાગે એમ નથી. હિંસાનો એ અર્થ બહુ સંકુચિત છે, એ અર્થ તો બધા સમજે છે, પાળી શકે ન પાળી શકે એ જુદીવાત છે પણ એ અર્થ મોટો ભાગ સમજે છે. પણ હિંસાનો અર્થ બહુ વિશાળ છે. કોઈના આયુષ્યમાં ઉપઘાતનાં સાધનો મેળવવાની ઇચ્છા થાય એ પણ હિંસા છે. કોઇ કહેશેકે પ્રાણનો વિયોગ ન થયો હોય તો તો હિંસા નજ લાગે ને ? આ ભૂલ છે. કોઇના આયુષ્યને જલ્દી ભોગવાવી દેવાનો વિચાર મનમાં આવ્યો કે હિંસા થઇ, એ વિચારથી પ્રત્યક્ષ હિંસા થઈ હોય કે ન થઈ હોય, પણ એ વિચારજ હિંસા છે. પ્રાણ વિયોગના વિચાર આવે તે પણ હિંસા શાસ્ત્રકારો કહેછે કે જીવને બચાવવાની બુદ્ધિ ન રહે તેનું નામ પણ હિંસા આમ હિંસા વિચાર માર્ગથી પણ થાય છે. એમાં જૂદાં જૂદાં સ્વરૂપ હોય, નાની મોટીહિંસા એમ કહી શકાય, પણ હિંસા તો ખરીજ ત્યારે પહેલી હિંસા કંઇ ? પહેલી હિંસા પ્રાણનો વિયોગ કરવાની. બીજી હિંસા તે પ્રાણનો વિયોગ કરવાનાં કારણનો વિચાર કરવો તે એપછી કઇ હિંસા આવે ? જીવને બચાવવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બુદ્ધિનો અભાવ એ પણ હિંસા છે, બચાવી શકયાહોત એ જીવને તમે જાણીને ન બચાવો અથવા બેદરકારી બતાવો એ હિંસા થઇ. આપણે આગળ કહી ગયા કે જમીન પર ચાલતા કોઇ એક માણસના પગ નીચે એકજીવ છુંદાઈ મરીજાત મરીજવાની અણીપર હતો ત્યાં પેલા માણસના લક્ષમાં એ વાત આવીને તણે પગ ઉપાડી લીધો, એટલે તે જીવ બચીગયો. આનું નામ બચાવવાની બુદ્ધિ. પગ નીચે જીવ છુંદાયછે અથવા છુંદાવાનોછે એ ભાન થયા છતાં પગ ઉઠાવ્યો ન હોત તો એ, એ મારવા નહોતો ઇચ્છતો છતાં જીવ મરી જાત અને હિંસાથાત. આ હિંસા. આ હિંસા લાગત, કારણ કે બચાવી શકાત તેને બચાવવાની બુદ્ધિ એણે વાપરી નહીં આ બચાવવાની બુદ્ધિનો અભાવ થયોને એ ત્રીજી હિંસા થઈ.

**અજાણ્યે થતી હિંસા** તમે દુનિયાદારીમાં રહો છો. રોજના અનેક પ્રસંગો એવા બને છે કે જેમાં હિંસાનો અજાણ્યે સમાવેશ થઈજાય છે. મોટરનો ડ્રાઈવર ભૂંગળું ન વગાડે તો શીક્ષાને પાત્ર થાય કે નહીં? વાંક વળવાનો આવે ત્યાં ખબર કર્યા વિના-ભુંગળું વગાડયા વિના મોટર વાળી લે અને કોઈ અડફટમાં આવી જાય અથવા સામેથી બીજી મોટર ધસીઆવે તો ડ્રાઈવર ગુન્હેગાર ખરો કે નહીં? એક ડાકટર તમને આંખમાં નાંખવાની દવા આપે અને દવાની શીશી કે ડબી પર ઝેરી દવા એમ ન લખે તો ડાકટર ગુન્હેગાર ઠરે. એ શીશીમાંની દવા આંખમાંજ નંખાય તો તો કંઇ નહીં, પણ કોઈ અજાણ્યે એ દવા પી જાય ને એ બીના કોર્ટમાં સાબીત થાય તો ડાકટરના બાર વાગી જાય, એણે કોઇને જાણીને માર્યો નથી, પણ મનુષ્યને બચવાનો ઉપાય એણે ન કર્યો, ડાકટરને તો પેલા માણસને મારવાનું મનમાં ચિત્તમાંયે નહોતું, એને એ દવા પાવાનો કે એવો કોઇ વિચાર સ્વપ્નામાં પણ સ્પર્શેલો નહીં અને છતાં એ ગુન્હેગાર શાથી થયો? કારણ કે એણે બચવાનો-બચાવવાનો ઉપાય ન કર્યો તેથી. આજ પ્રમાણે મોટર ડ્રાઈવરનું. ડ્રાઈવર મોટરની ઝડપ વધારેરાખે અને કોઇ રસ્તો ઓળંગી ન શકે, છતાં કોઈ ઓળંગવા જાય ને વચ્ચે આવી જાય તો ડ્રાઇવર ગુન્હેગાર થાય. માણસને મારવાનો એનો ઈરાદો નહોતો, કોઇને મારવાના ઇરાદે એણે મોટર નહોતી દોડાવી, છતાં માણસોને બચવાને લાયકની ઝડપ ન રાખી ને બેદરકારીથી મોટર હાંકી તો શીક્ષાને પાત્ર થાય છે. આમ બેદરકારીથી દવા આપનાર ને બેદરકારીથી મોટર હાંકનાર ગુન્હેગાર ગણાય છે ને શીક્ષાને પાત્ર થાય છે.

**કાયા રૂપી મોતની ગાડી.** બેદરકારીથી ઝેરી દવા આપનાર ગુન્હેગાર ગણાય છે, તો આ ઝેરી કાયા જગતના જીવો માટે ધગધગતો લોઢાનો ગોળો છે. અવિરતિનો જીવ એ તપેલો લોઢાનો ગોળો છે. અસામાન્ય ઝડપથી ધસી જતી મોટરથી કે ઝેરી દવાથી કોણ બચી શકે? જેનું નશીબ હોય તેજ એમાંથી બચવા પામે. એ પ્રમાણે આ કાયા પણ ઝેરી દવા છે. આ 'મોતકાર'થી પ્રબળ આયુષ્યવાળા હોય તેજ બચે. આ કાયારૂપ મોટરની ગાડી એકદમ પૂર વેગથી દોડીજ જાય છે. એમ દોડવામાં હિંસા થાયછે કે કેમ, જીવો બચીજાય છે કે નહીં વગેરે વિચાર એને આવતાજ નથી. એક પણ જીવ મારાથી મરવો ન જોઇએ, હું દરેક જીવને બચાવનાર થાઉં, એવા વિચાર કોને કેટલી વખત આવ્યા? રખે ને મારાથી કોઇ જીવને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નુકસાન થઈ જશે એ ચિંતા કયારે થઈ? મોટર ડ્રાઇવરને દરેક પળે કોઇ અડફટમાં ન આવી જાય તેની સંભાળ રાખવી પડે છે. એ બાબતનું ખીનચુક ધ્યાન તેણે રાખવું પડે છે. આ કાયારૂપી ગાડીના આપણે પણ ડ્રાઇવર છીએ. આવી કાયારૂપી મોતકાર છે છતાં જે કાળજી મોટરના ડ્રાઇવરો રાખે છે તે કાળજી આ મુર્ખો ડ્રાઇવર નથી રાખી શકતો, મોટરનો ડ્રાઇવર આંધળો હોય અને મોટરકાર ચલાવે તો તેની શી દશા? પ્રજાની સલામતી શી? રાજ સત્તા તે વખતે ચમકી જાય છે. કારણુ આંધળો અને બ્હેરો ડ્રાઇવર ભર વસ્તીવાળા મહોલ્લામાં રાહદારીઓ તરફ દુર્લક્ષ રાખી સ્વેચ્છાથી મોટર ચલાવ્યો જાય તો એના જેવું ભયંકર બીજું શું હોઇ શકે? કાયારૂપી ગાડીનો ડ્રાઇવિર કેટલી સંભાળ લે છે? ગામ શહેર અગર નગરની વસ્તીમાં ગણ્યા ગાંઠયા જીવો છે, પણ અહીં અસંખ્યજીવો કાજળની દાબડીમાં ભર્યા હોય એમ ભરેલા છે, પણ આ આંધળા બ્હેરા, આ જીવને તે જીવો કેમ બચે તેની સંભાળ લેવાની કે તે જાણવાની દરકાર નથી. એટલે આ કાયાની ગાડી એ બેદરકારીથી ચલાવે છે. જ્યાંસુધી એ સૌ જીવોને બચાવવાની દાનતવાળો થયો નથી, જીવો માટે સર્વજ્ઞ વચનને સાંભળતા નથી ત્યાંસુધી આપણે અને આંધળા બ્હેરા ડ્રાઇવિર બેઉ સરખા ઘાતકી છીએ મોટરનો ચલાવનાર મનુષ્યની વસ્તીને ધ્યાનમાં લે, કોઇ અડફેટમાં ન આવી જાય તેની કાળજી રાખે અને આ સાવચેતીના કારણે તે શીક્ષાપાત્ર ન ઠરે. પણ કાયાને ચલાવનાર ડ્રાઇવર એવી સાવચેતી ન રાખે તો પછી એ શીક્ષામાંથી કેમ બચી શકે? આમ તમે જોશો કે ત્રણે મુદ્દા નકકી થઇ જાય છે. બીજાના આયુષ્યને જલ્દી ભોગવવાનાં કારણો મેળવવાં તે હિંસા, એ કારણોનો વિચાર કરવો તે હિંસા, અને બચાવવાનો વિચાર ન કરવો તે પણ હિંસા પછી કદાચ નિરૂપક્રમ આયુષ્યવાળો હોય તોપણ તેના આયુષ્ય તુટવાનાં કારણો મેળવીએ એ કારણોનો વિચાર કરીએ એટલા પુરતા આપણે હિંસાખોર છીએ. બચવાનાં કારણો ન મેળવીએ તો પણ હિંસા. કરનારા છીએ. આથી જીવવું મરવું આપણા હાથમાં ન હોવા છતાં હિંસા અને દયા થઈશકે છે, અને તેથી એ બેઉને સ્થાન છે. એમ સાબીત થાય છે.

**બચાવનાર પાપી કેમ?** બીજાના આયુષ્યનું રક્ષણ કરવું એ આ રીતે ધર્મ થયો, બીજાના આયુષ્યના ક્ષયનાં કારણો દૂર કરવાં તેનું નામ અનુકંપા. એ માટે વધારે નહીં તો પચુસણમાં તમે સાંભળો છો. મેઘકુમારનો જીવ કોણ હતો? હાથી હતો એ હાથીના ભવમાંથી એકદમ મનુષ્ય થયો. મનુષ્ય થઇને એકજ ભવમાં એ મોક્ષપદને પામ્યો, એ શાથી? એ કોના પ્રભાવથી બન્યું? એવું એણે કયું પુણ્ય કાર્ય કર્યું હતું? કે કશું પણ સદ્કૃત્ય કર્યાજ વિનાજ, બેદરકારીથી જીવ્યા છતાં તે મોક્ષપદને પામ્યો? એનું કૃત્ય મહાન્ હતું સસલાને બચાવવાની બુદ્ધિ એણે વાપરી, એણે હિંસા થતી અટકાવી, જીવના આયુષ્યમાં નાશનું સાધન આવ્યું હતું તે દૂર કર્યું તેથી એનો મોક્ષ થયો. જગતમાં કસાઇઓ હોય છે પણ કેટલાક તો કસાઇની કાર્યવાહીથી આગળ વધેલા હોય છે. એટલે શું? તે જોઇએ, કસાઇઓ હિંસા કરે છે, બકરાં, બકરી, ગાય, ભેંસ, બળદ વગેરેની હિંસા કરે છે, પરંતુ પોતે મારે છે છતાં એ જાનવરોને બચાવનારને બુરા કહે એવો કોઈ કસાઈ નીકળશે નહીં, પાંજરાપોળવાળા પશુઓને બચાવે છે માટે તે પાપી છે એવું કોઇ કહેશે નહીં. બીજા પણ જે કોઇ એ જાનવરોને બચાવે તેમને પાપી કહેનારો કસાઇ નહીં મળે. જ્યારે જીનેશ્વરના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મતનું નામ ધરાવનાર અને જીનેશ્વરને દેવ તરીકે માનનારાઓમાં આવું કદી સાંભળ્યું છે? જીવને બચાવવામાં પાપ છે એ કલ્પનાજ કેવી લાગે છે? એમની અપેક્ષાએ બચાવનારા ૭ મીએ જવાના! કસાઈ તો પહેલીએ જાય કે ન પણ જાય, પણ બચાવનારા મહાપાપી, કારણ:કે તેમને તો અઢારગણું પાપ લાગ્યું, સસલાને હાથીએ બચાવ્યો તો સસલાના અઢાર પાપ હાથીને લાગ્યા, અને એ અઢાર પાપના પ્રતાપે હાથી મનુષ્ય થયો અને સંસાર ઓછો કર્યો. સસલા તરફ બતાવેલી અનુકંપાને લીધે હાથીને મનુષ્યપણુ મળ્યું ને સંસાર પાતળો કર્યો સુત્રકારે આમ કહ્યું, હવે હાથીને પાપ લાગ્યું હોય, સસલાને બચાવનાર તરિકે તેના તરફ અનુકંપા દર્શાવનાર તરિકે હાથીને જો અરાઢ પાપ લાગ્યાં હોય તો શાસ્ત્રકારો એને માટે આવાં વચન કેમ ઉચ્ચારે? શું શાસ્ત્રકારો પોતે પાપી હતા? તેમના મતે એમજ હોવું જોઇએ. શાસ્ત્રકાર પાપના કૂંડામાંના કીડા હોવા જોઇએ, નહીં તો અઢાર પાપ કરનારને મનુષ્યપણુ અને સંસાર પાતળો કરનાર કેમ વર્ણવ્યો? સુત્રકાર કહે છે કે અનુકંપા એ અહિંસા છે. પણ એ બે જુદી વસ્તુ છે. અનુકંપાની જગા પર અહિંસા કહી દેવી. અહીં એકલા સસલાની અહિંસા છે કે બધાની અહિંસા છે? શાસ્ત્રકારોએ એકલા સસલાની અનુકંપા કહી છે તો એમાં જગતના બધા જીવો પ્રત્યેની અનુકંપા છે કે નહીં? બધા જીવોની અહીંસા છે કે નહીં? ત્યારે સસલાની અનુકંપા કેમ લખી? બધા જીવોની અહિંસા છે તો એકલા સસલાની અહિંસા કેમ ગણાઈ? આથી કોઇએ કુટ કલ્પના કરી કે અનુકંપા બે પ્રકારની હોય છે, એક જેમાં પાપ થાય તે ને બીજી જેમાં પાપ ન થાય તે. આ સસલાની અનુકંપા બીજી અનુકંપા જેમાં પાપ નથી તેવી છે એટલે તે નિરવદ્ય અનુકંપા, અને બીજી સાવદ્ય અનુકંપા. અહીં મૂર્ખાઈપણું પૂરું થયું. અનુકંપા પણ પાપવાળી હોતી હશે? હોય. સસલાની અનુકંપા પાપ વગરની ગણાય. પણ તમારી તો અનુકંપા પણ પાપવાળી છે. અને પછી અરાઢ પાપસ્થાનક સેવે, તેથી અનુંકંપા પાપ વગરની થવાનીજ નહીં! અનુકંપામાં બે વસ્તુ રહી. પાપ ન પણ લાગે, ને પાપલાગે પણ ખરૂં. મા મારી રાંડ વાંઝણી વગેરે શબ્દો કેવા લાગે છે? અનુકંપા પોતેજ પાપરૂપ હોય તો સાવદ્ય અને નિરવદ્ય વિશેષણ કયા લગાડશો? પણ આ કલ્પનાજ ખોટી છે. અનુકંપા પાપવાળી છેજ નહીં :અનુકંપા તો સુંદર છે, અનુકંપામાં સાવદ્ય નિરવદ્યપણું રહેલું નથી. હવે અઢાર પાપસ્થાનકની અનુમોદના તમારા ઘરમાં ચીતરવાનું રહ્યું, જગત્‌માં બતાવવાનું ન રહ્યું, જેમાં બીજું પાપ ન થાય તે નિરવધ અનુકંપા. તો હવે સસલાની અનુકંપા હાથીએ કરી તે નિરવદ્ય કે સાવદ્ય? અજાણ્યા એને નિરવદ્ય કહેશે, પણ પછી સાવદ્ય કહેવી પડશે.

**હાથીની અનુકંપા કેવી?** હાથીનું કૃત્ય કંઇ જેવું તેવું નહોતું. એ કંઇ સામાન્ય અનુકંપા નહોતી, આવું કૃત્ય તો મનુષ્યના હાથે પણ ભાગ્યેજ થાય છે. એણે શું કર્યું? અઢી દીવસ સુધી પગ ઉંચો રાખ્યો. પરિણામે પગ ગંઠાઇ ગયો. હવે તો આ અનુકંપાને સાવધ કહી શકાય કે નહીં? આ દશા હાથીની શા કારણે થઇ? દયાભાવનાને લીધેજ આવી દશા થઇ એ તો ખરૂંને? પહાડ પડે તેમ હાથી તૂટી પડયો! અનુકંપાને લીધેજ પડયો. પણ હાથી નીચે શાથી પડયો તે પૂંજીને પડયો કે કેમ? ગમે એમ હોય તોપણ હાથીની અનુકંપા સાવદ્યજ છે, હાથીને સાતદિવસ સુધી ભુખ અને તરસ ભોગવવાં પડયાં આ વેદના શું ઓછીહશે? આ બધું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દુઃખ આટલી બધી હેરાનગતિ હાથીને શામાટે ભોગવવાં પડયાં? સસલાપ્રત્યેની અનુકંપાને લીધેજ કે? સાત સાત દિવસ સુધી ભુખ તરસ વેઠયાં ને અંતે હાથીનો પ્રાણ ગયો તે કોના નામે લખાયો? દયાને લીધે, સસલા પ્રત્યેની અનુકંપાને લીધે જેણે આટલું વેઠયું તેની દયાને સાવદ્ય કહી ન શકયા? આપણે એ સ્થિતિમાં હોઇએ તો શીદશા થાય? સાત દિવસ ભૂખ તરસ વેઠવાં પડે તો? હાથી પડયો તેમ આપણે પડવું પડે તો? આપણી શી વલે થાય? ત્યારે હાથીને શું થયુંહશે એનો વિચાર કેમ કોઈને નથી આવતો? હાથીની અનુકંપાને નિર્દય ઠરાવવાળાઓએ એસ્થળે રૂનું ગાદલું રાખ્યું હોત તો જુદીવાત હતી. આ તો જમીન પર પડયો. ત્યાં શી દશા થઈ? હાથી પડે એટલે બીજા જીવોની પણ શી દશાથાય એ વિચારવાનું છે. ત્યારે શું અહીં નિરવદ્ય પણું લેવું? એ કેમ લેવાય? સસલો બચીગયો, હાથીના બધાપ્રયત્નો સસલાને બચાવવા માટેનાજ હતા. સસલો બચીગયો, એણે બચીને શું કર્યું? ગાયને બચાવી એમ? ત્યારે સસલાને બચાવનાર હાથીને અઢાર પાપ લાગ્યા તો એ સસલાને કેમ અઢાર પાપ ન લાગ્યાં? જો એ પાપ લાગ્યાં તો હાથીને કેમ એ પાપ લાગ્યાં? હાથીએ કંઇ ખોટું કૃત્ય કર્યું હતું? હાથીને છેલ્લાં પરિણામ પણ કેવાં? એનાં પરિણામ એ હતાં કે સસલો જો મરે નહીંને બચી જાય તો એ ગાય, વિગેરેને ભઠ્ઠીમાંથી બચાવે. પણ ગાય બચે તેનું પરિણામ વાછરડાની ઉત્પત્તિ થાય એ તો નથીજ. બચવવાના પરિણામ પાપ સેવવામાં નથી. આમ જો અહીં બચાવવાના પરિણામ બચાવવામાંજ આવતાં હોય તો પાપ કયાંથી લાગ્યું? બચાવનાર પુણ્ય કરેછે કે પાપ એ તો સહજ સમજાય એવી સાદી વાત છે. પણ એ દયાના દુશ્મનોને સીધું કંઇ સુઝતુંજ નથી. અહિંસા એકલી સસલાની નથી, બધાની અહિંસા છે જેને મોતે માર્યાનથી તે બધાની અહિંસા છે, તોપછી એકલા સસલાની અહિંસા કેમ કહે છે? કારણકે ત્યાં એકલા સસલાનો પ્રસંગ હતો, પગ નીચે દબાઈ જાય તે દબાવવો નહીં એ હેતુ હતો; અને શાસ્ત્રકાર અહિંસા કહેતા નથી પણ ચોકખી અનુકંપા કહે છે. પરંતુ અનુકંપાના કટ્ટાવિરોધીઓને અનુકંપા રૂચતી નથી તેથી તે ફેરવવાનો વિચાર કરે છે! પ્રાણના વિયોગનાં સાધનો આપણી તરફથી થવાં ન જોઇએ. બચવાની બુદ્ધિ થવી જોઇએ. આયુષ્ય ઓછું થવાનાં સાધનો એને ન લાગે એનું નામજ બચાવ. જીવવું મરવું તો કર્મને આધિન છેજ, પણ તેના આયુષ્યને બચાવવા માટેના વિચાર કરવા, પ્રયત્નકરવા તેનું નામ અહિંસા, દયા, અને અનુકંપા. તો અનુકંપા, તિરતિ, હિંસા શી ચીજ છે તે સમજીશકાય, પણ જો આરીતે ઉંડો વિચાર કરવામાં ન આવે તો સમજી શકાય નહીં. એમાટે કાળજીપૂર્વક વિચારકરે તો સમજાય કે આયુષ્ય જલ્દીથી ભોગવાય એવાં સાધનો મેળવવાં, એવાં કારણોનો વિચાર કરવો અને અને આયુષ્યક્ષયનાં સાધનો દૂર કરવામાં બુદ્ધિ ન ચલાવવી તેનું નામ હિંસા.

**વિરોધી પ્રત્યે કેવું વલણ રાખવું?** હવે બીજા શાસનના વિરોધી, ધર્મના વિરોધી જીનેશ્વર દેવગુરૂના નિંદકો વગેરેનો પ્રતિકાર કરવો કે ન કરવો એ વિચારીએ, મધ્યસ્થ ભાવનાની દૃષ્ટિએ જોઇએ તો વિરોધ ન કરવો જોઇએ, પણ કારૂણ્યની દૃષ્ટિએ જોઇએ તો વિરોધ કરવામાં કંઈ દોષ નથી, કરવોજોઇએ ત્યારે માધ્યસ્થની દૃષ્ટિથી અમારે શું ઉદાસિનજ રહેવું? આમાંપણ ઉંડાવિચાર કરવાની જરૂર છે. નહીં તો ગુંચવણમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડશો. વિરોધ કરવો કે ન કરવો એ પાત્રપર આધાર રાખે છે. જેઓ નિઃશંકપણે ક્રૂર કર્મ કરનારા છે, દેવગુરૂની નિંદા કરનારા છે તેમને વિરોધ કરીને શું સમજાવી શકાય ? તેવાની આગળ ઉલ્ટું વધારે બગડે એમ ન હોય, એથી યે ઉંધે રસ્તે ન જાય એમ હોય તો કહી શકાય એટલું કહેવું અને પછી તેમના કાર્ય તરફ બેદરકારી રાખવી. આના ઉદાહરણ માટે પ્રભુ મહાવીરનું દૃષ્ટાંત સરસ છે. ગોશાળો સરખો કટ્ટર વિરોધી શાસનનો પ્રબળ શત્રુ, દેવગુરૂનો નિંદક હલ્લો લઇને આવે છે તે વખતે પ્રભુ મહાવીર સર્વ સાધુને વચમાં બોલવાની ના પાડે છે.

ભગવાન મહાવીરદેવનો ગોશાલો એ કટ્ટરમાં કટ્ટર વિરોધી હતો તે છતાં પોતાના સાથીઓને લઇને તે ભગવાન શ્રી મહાવીર દેવ ઉપર હલ્લો લઇને આવ્યો હતો, તીર્થંકર ભગવાનનો એ મોટામાં મોટો શત્રુ હતો. દેવ અને ગુરૂનો નિંદક હતો પણ આવો માણસ એ જ્યારે સામે હુમલો લઇને આવે છે, અને જ્યારે ભગવાન તેને શાંત કરી શકતા નથી ત્યારે તેઓ બીજા સાધુઓને વારે છે. તીર્થંકરને માટે ગોશાળો ગમે તેવા આક્ષેપો કરે છે, છતાં તેની ઉપેક્ષા કરવાની મહાવીરદેવ સઘળા સાધુઓને આજ્ઞા કરે છે એ શાથી ? કેવળ અનુકંપાથી જો સાધુઓમાંથી કોઇ સામે થશે તો એ દુષ્ટ તેનો વધ કરશે અને જો કોઈ સામે નહી થશે; તો ગોશાલો ગમે તેવા શબ્દ બોલી પાછો ચાલ્યોજશે એમ માનીને સંયમીનો ઘાત નથાય તેમાટે ભગવાન મહાવીર મહારાજ શિષ્યોને આપ્રસંગે મુંગા રહેવાનેમાટે આજ્ઞાકરેછે, આટલું છતાં સર્વાનુભુતી અને સુનક્ષત્ર બોલે છે, હવે પ્રશ્ન એછેકે આ બે શીષ્યોને ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું કે નહીં ? આનો ઉત્તર એછે કે સર્વાનુભૂતીના કાર્યને આપણે ભગવાનની આજ્ઞાનું ખંડન કર્યું એમ કહી શકતા નથી. ભગવાને પોતાના શિષ્યોને એવીઆજ્ઞા કરીહતી કે તમારે ગોશાલાની સામે કંઇપણ નજ બોલવું જોઈએ. એ એવા આશયથી કે અધર્મી ત્યાગીઓનો પણ જીવ લેતાં ડરવાનો નથી અને પોતાને કારણે આવો પ્રસંગ પડે એ શ્રીમહાવીરદેવ ઉચિત માનતા નહતા, છતાં જ્યારે તેમના શિષ્ય ગોશાળાની સામે થાય છે ત્યાં વચ્ચે આવવાનો ભગવાન નિષેધ કરે છે. જે બે શિષ્યોએ ભગવાનના આજ્ઞાનું યથાસ્થિત પાલન ન કરતાં ગોશાળાનો સામનો કર્યો તેને ભગવાન શિક્ષા કરવાનું કહેતા નથી. ભગવાન શિષ્યોને ગોશાળાની સામે ન બોલવાનો ઉપદેશ આપે છે તેનું કારણ એટલુંજ છે કે તેઓ જાણેછે કે આ સુધરે એવો નથી અને તેની સામે થવું અથવા કંઈ બોલવું એ નકામું છે જેઓ લાજ શરમ મર્યાદા એસઘળું છોડી બેઠા હોય અને માત્ર દેવ, ગુરૂ અને ધર્મની નિંદાકરવામાંજ જેમને આનંદ આવતો હોય તેવા મુર્ખાઓની ઉપેક્ષાકર્યા વીના બીજો કોઈ માર્ગજ નથી તમે આજે વ્યવહારમાં પણ શું જુઓ છો તેનો ખ્યાલ કરો. તમારા બંગલા નીચે એક મવાલી ઉભો હોય અને તે તમોને હજારો અપશબ્દો કહી જાય તેને તમે કંઇપણ કરી શકતાનથી અને કરવા ઇચ્છતા પણ નથી, પરંતુ જો એકસદ્‌ગ્રહસ્થ તમારી મીઠીમશ્કરી કરી જાય, તોપણ તમે તેના ઉપર ડેફેમેશનનો દાવો કરવા જાઓ છો ! એજ દૃષ્ટાંત બરોબર અહીંપણ લાગુ પડેછે. શ્રીમહાવીર મહારાજાની એમ ખાત્રીછે કે આ મુર્ખો કોઇપણ પ્રકારે સુધરે એમ નથી. જ્યારે તે નથીજ સુધરવાનો, તોપછી તેને સુધારવાને માટે પરિશ્રમ કરીએ તેનો અર્થ શું ? એવાજ આશયથી શ્રીમહાવીરદેવે એ મુર્ખની સામે ન થવાની પોતાના શિષ્યોને આજ્ઞા કરી હતી. સુધા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રવાને માટે ઉદ્યમ કરવો એ સજ્જનનું કર્તવ્ય છે, પણ જે નથીજ સુધરીશકતો તેને સુધારવાનો પ્રયત્નકરવો એ મિથ્યા છે. હંમેશા; કાર્ય કરવું અને તેનું પરિણામ આવવું; એ કાર્યની અંદર રહેલા હેતુપર અવલંબે છે. આજે હિંદુસ્થાનમાં યુરોપથી પણ માલ આવેછે અને જાપાનથી પણ માલ આવે છે, બંન્ને ઉપર જકાત પડે છે પણ એ બંન્ને માલ ઉપર જકાત નાંખવામાં ભિન્ન ભિન્ન વૃત્તિઓ રહેલી છે. યુરોપથી આવતા માલ ઉપર જકાત નાંખવામાં એ વૃતિ રહેલી છે કે એ માલ આવવાનો ઓછો ન થાય છતાં તે માલ હીંદીમાલને મુકાબલે મોંઘોપડે, તો હીંદી ઉદ્યોગોને એટલો ફાયદો થઈશકે. જ્યારે જાપાનીસમાલ ઉપર જકાત નાંખવાનો હેતુ એછે કે તેમાલ આવતો અટકી શકે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે કોઈ પણ કાર્યની કીંમત તેના એકલા બહારના દેખાવ ઉપરથી કરવાની નથી પણ કોઈ પણ કાર્યની કીંમત કરતાં તે કાર્યમાં રહેલો હેતુજ જોવાવો જોઇએ. આ દ્રષ્ટિએ દરેક કાર્ય તપાસીએ છીએ ત્યારે કાર્યની કીંમતનો સાચો ખ્યાલ આવે છે.

જે સમ્યકત્વ પામ્યો છે તેને પોતાના વિરોધીનું પણ પ્રતિકૂળ ચીંતવનકરવાનું નથી, તે જો કંઇ કરે છે તે હંમેશા રક્ષણકરવાની ભાવનાથી કરે છે. અનુપઘાતે રક્ષણ થાય તેમ કરે છે ઉપઘાતના કાર્યમાં પ્રવર્તવું પડે, તોપણ ધર્મી જીવ વિધેય તરીકે વર્તી શકતો નથી. શાસનનું રક્ષણ કરવાની ભાવનાથી ધર્મી જીવ પ્રવૃતિ કરી શકે છે અર્થાત આ બધા કાર્યમાં હેતુ જૈન શાસનની સેવાનો હોવો જોઇએ. તેથી બીજાનું બુરૂં કરવાની જરાપણ ધાનત ન હોવી જોઇએ. ન્યાયાધીશ આરોપીઓને સજા કરે છે, તે નહી કે સજાનો કાયદો છે તેટલા માટેજ સજા કરે છે, પણ એ સજામાં પ્રજાની સરંક્ષાનો હેતુ છે ! તેજ પ્રમાણે અહીં પણ હેતુ શાસનની રક્ષાનો હોવો જોઇએ. ઉપઘાતના કાર્યમાં પ્રવૃત્ત થવું પડે તે નિરૂપાય છે. માધ્યસ્થ ભાવના રક્ષકપણામાં નથી એટલે તેની બેદરકારી કરવી એજ વ્યાજબી છે. નુકસાન કરનાર આત્માને ફાયદો ન થાય એવું હોય એ જગ્યાએ માધ્યસ્થ ભાવના રાખવી જરૂરી છે. બહુજ વિચારપૂર્વક આ બે વસ્તુ નહીં વિચારશો. તો તમને આ કથનમાં પરસ્પર ભેદ લાગશે.

હવે અસલ પ્રશ્નો પર આવો મરણની સત્તા સાર્વભૌમ છે તે સ્ખલન પામતી નથી મરણનો ભય રાખીને રહેવું અને વળી મરણથી બચવાની વાત કરવી એ પરસ્પર વિરોધી જેવું લાગશે પરંતુ ખરી રીતે એ બંને વસ્તુ એકજ છે. અજવાળું જોઇતું હોય તો અજવાળું લાવી શકાતું નથી પણ દીવો લાવીએ એટલે એની મેળેજ અજવાળું આવે છે. તેજ પ્રમાણે મરણ ખસેડી શકાતું નથી, પણ તે જન્મની સાથેજ આવે છે. જન્મ હોય તોજ મરણ અર્થાત્ જેને મરણનો ડર લાગ્યો હોય તેણે મરણનો ડર ન રાખતાં જન્મનો ભય રાખવો જોઇએ જે માણસ આવો ભય રાખે છે તેજ ખરેખરો ધર્મમાં સ્થિર ચિત્તવાળો અર્થાત સમ્યકત્વ પામેલો છે. આ જગા પર વિચારવાનું છે કે જન્મથી ડરવું એ જો કર્તવ્ય છે, તો પછી જન્મના કારણો કયા છે અને તેથી બચવાનો માર્ગ કયો છે ? આ પ્રશ્નનું સમાધાન આગળ કરવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જૈનત્વનું મૂળ શું ?

**આત્માનો જન્મ ક્યાંથી ?** શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે જ્ઞાનસાર અષ્ટક નામના ગ્રંથ પ્રકરણમાં તેઓશ્રી જણાવે છે; કે અનાદિકાળથી દરેક જીવો ભવની પરંપરામાં રખડે છે. આ જીવ ક્યાંથી રખડે છે, અને ક્યાંસુધી રખડે છે; તેનો ઉત્તર એ છે કે, જ્યાંસુધી જીવને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાંસુધી તે રખડે છે. જો મનુષ્ય પોતાની દૃષ્ટિ આત્મા તરફ વાળીને એમ વિચાર કરે, કે હું એટલે કોણ ? હું ક્યારનો આવ્યો ? ક્યાંથી આવ્યો ? મારી ફરજ શુ છે ? આત્મા તરીકે મેં જગતમાં શું કર્તવ્ય કર્યું છે ? અને મારૂં છેવટનું ઠરવાનું ઠામ કયું છે ? તો પછી તે જીવ ભવ પરંપરામાં વધારે વખત રખડી શકે નહી. કોઇ પણ જીવ અથવા કોઇપણ મનુષ્ય એવી કલ્પના કરી શકતો નથી કે મારો જીવ પાંચ વરસ પછી આવ્યો છે, કિંવા ગર્ભમાં મારો જીવ ઉત્પન્ત થયો છે. મનુષ્યને ગર્ભની અવસ્થાનો ખ્યાલ હોતો નથી, છતાં એ કોઈપણ મનુષ્ય એમ માની શકતો નથી કે મારો જીવ નવો ઉપજ્યો છે અથવા અમુક વર્ષ ઉપર ઉત્પન્ન થયો છે. જીવ કઇ વસ્તુનો બનેલો છે, તે મનુષ્યના ખ્યાલમાં આવી શકતું નથી શાસ્ત્રની વાતો બાજુ પર રાખીએ તોપણ એ વાતતો ચોકકસ છે કે જીવ શાનો બનેલો છે, જીવ ક્યારે ઉત્પન્ન થયો તે પણ મનુષ્યને માલમ નથી.

મનુષ્ય સુતો હોય, જાગી જાય, સ્વપ્ના આવે આ બધી અવસ્થા એવી છે કે તેની દરેક સ્થિતિનો મનુષ્યને પુરેપુરો ખ્યાલ આવે છે, અને દરેક સ્થિતિ તે સારી રીતે અનુભવે છે, તેજ પ્રમાણે દરેક મનુષ્ય પોતાનો જીવ ક્યારે થયો છે એ વસ્તુને અનુભવી શકતો નથી. જ્યારે એ વસ્તુ આપણે અનુભવી શકતા નથી તો પછી જીવ ઉત્પન્ન થયાનો આપણને ખ્યાલ ન હોય એ કુદરતી છે. મનુષ્યને સ્વપ્નું આવે છે સ્વપ્નામાં તે હસે છે યા રડે છે, કિંવા બીજી ગમે તે રીતે તે અનેક કલ્પના કરે છે. દુનિયામાં આજે ઘણા આશ્ચર્યો આપણે જોઇએ છીએ, વિવિધ પ્રકારની શોધખોળો જગતમાં થઈ છે, અનેક નાના મોટા યંત્રો ચાલી રહ્યા છે પણ એ સઘળી વસ્તુનું મૂળ મનુષ્યની કલ્પનામાં છે, કલ્પનાનું મૂળ અનુભવ અને એ અનુભવથી મનુષ્ય પહેલાં દરેક વસ્તુ કલ્પનામાં સર્જાવે છે, પછી તે વસ્તુ યોજનારૂપે કાગળ ઉપર લખાય છે પછી તેનો પ્રત્યક્ષ વહેવાર થાય છે, અને એ કલ્પનાનું આપણે સ્થુળ રૂપ થયેલું જોઇએ છીએ, પરંતુ વિચાર કરો કે બધાનું મુળશું ? તો એકજ જવાબ મળશે કે કલ્પના હિંદુસ્થાનમાં મહાકવી કાળીદાસ ભવભૂતિ વગેરે મહાકવીઓએ તથા યુરોપમાં શેક્ષપીયર જેવા પુરૂષોએ અનેક ગ્રંથો રચ્યા, પાકયા, અમેરીકામાં એડીસને વિવિધ જાતની શોધ જગતમાં નવો યુગ પ્રગટાવ્યો, એ બધું શાથી થયું ? જવાબ એકજ છે કે મનુષ્યની કલ્પનાથી. ખોળ કરી, પણ મનુષ્યે આ બધી કલ્પના ક્યાંથી કરી જવાબ એક છે કે તેણે જે વસ્તુ અનુભવી હતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અથવા તેના પુર્વજોએ જે વસ્તુ અનુભવી હતી અને તેના કુળપરંપરાગત સંસ્કાર એનામાં આવ્યા હતા તે પરથી એણે કલ્પનાઓ કરી. પરંતુ એક પણ મનુષ્યે આજ સુધીમાં એવી કલ્પના નથી કરી કે એ કલ્પના કોઇએ અનુભવીજ ન હોય. આ ઉપરથી એક વસ્તુ સાબીત થાય છે કે મનુષ્ય જેની કલ્પના કરી શકે છે તે વસ્તુ તેણે એક બીજા પ્રકારે અનુભવેલી હોવીજ જોઇએ, આપણો જીવ કયારે ઉત્પન્ન થયો એ આપણા ખ્યાલમાં નથી એનું કારણ એજ છે, કે એ સ્થિતિ આપણે અનુભવી નથી મનુષ્ય મારૂં શરીર એમ કહે છે, શરીરને અનેક કાર્યોમાં પ્રવર્તાવે છે, એ ઉપરથી લાગે છે કે શરીરને પ્રવર્તાવનાર કોઇ વસ્તુ જુદી હોવી જોઇએ. સમજો ત્યારે જે વસ્તુ શરીરને જગતના વ્યવહારમાં પ્રવર્તાવે છે તેનુંજ નામ આત્મા છે કોઈ ટીકાકાર એમ કહેશે કે જીવ અનાદિથી ઉપસ્થિત નથી પણ તે જન્મદાતા માતાપીતાના સંયોગથી બનેલો છે, તો તેનું આ કથન આપણે સ્વીકારી શકીશું નહીં, આ વસ્તુ સમજવાને માટે હું તમને એક ઉદાહરણ આપું છું. પાણી અને માટી એના સંજોગથી ઝાડની ઉત્પત્તિ થાય છે, પણ તેટલા ઉપરથી કોઇ એમ કહી શકે નહીં, કે ઝાડ એ પાણી છે અથવા માટી છે. પાણી અને માટીના સંયોગ વગર વૃક્ષની ઉત્પત્તિ નજ થાય છતાં આપણે એમ ન કહી શકીએ કે ઝાડ એ પાણી અને માટી છે, અથવા પાણી અને માટી એજ ઝાડ છે સમજવાની વસ્તુ એ છે કે પાણી અને માટી એ બંન્ને પોષક પદાર્થ છે તે બંન્ને મુળ પદાર્થ નથી. ઝાડનું જે મુળ છે અર્થાત્ જે બીજ છે તે બીજને પાણી અને માટી પોષે છે, એવાત તદ્દન ખરી; એટલે બીજને પોષનારા પાણી અને માટી એ ભલે કહી શકાય પણ પાણી અને માટી વગર વૃક્ષ ઉગી શકે નહીં, માટે "પાણી અને માટી તેજ વૃક્ષ છે," એમ કોઇ ઘટાવી શકે નહી, શરીર અને આત્માનું પણ એમજ એજ પ્રમાણે માતા પિતાના રકત વીર્યથી શરીર બને છે, અર્થાત મુખ્ય વસ્તુ આ રકતવીર્ય પોષે છે એ વાત બરાબર છે પણ એ રકતવીર્ય જ્યારે માતા પીતાનું રકતવીર્ય એકઠું થાય છે ત્યારે ત્યારે ગર્ભ રહે છે એવો નિયમ નથી. પ્રત્યેક સમયે રકતવીર્ય ભેગું થવા છતાં ઉન્નતી થતી નથી અને અમુક સમયેજ ગર્ભ ઉત્પન્ન થાય છે એ ઉપરથી જણાઈ આવે છે કે ગર્ભના મૂળ ભૂતરૂપે બીજું કંઈક હોવુંજ જોઈએ જો રકતવીર્યથીજ સંતતિ ઉત્પન્ન થાય, તો પ્રત્યેક વખતે સંતતિની ઉત્પતિ હોવીજ જોઈએ, પણ વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે આ પ્રમાણે બનતું નથી તે ઉપસ્થી આ વાત થાય છે કે સંતાન ઉત્પતિના કારણ રૂપ માત્ર રકતવીર્યજ ભલે રહે, પણ બીજી કોઇચીજ હોવીજ જોઈએ. આપણે પ્રત્યક્ષપણે જોઇએ છીએ કે વૃક્ષનું બીજ વવાયેલું હોય અને પાણીથી પોષણ મળે તોજ વૃક્ષ ઉત્પન્ન થાય છે, જો બીજ ન હોય અને ગમે એટલા માટી અને પાણી ભેગાં કર્યાજ કરો, તો પણ એથી વૃક્ષ ઉત્પન્ન થઈ શકે નહી તેજ પ્રમાણે એકલા રકતવીર્યથીજ બીજ વિના ગર્ભની પણ ઉત્પાતિ સંભવીત નથી. માટી અને પાણીના સ્થાન પર રૂધિર અને વીર્ય છે. તેજ પ્રમાણે બીજના સ્થાન પર ઉપર કંઇક વસ્તુ હોવીજ જોઈએ. આવો સંજોગ ભેગો થાય ત્યારે જન્મરૂપી વિકાર થઇ શકે છે પ્રત્યેક મનુષ્ય એવું ધારતો નથી અથવા એવી કલ્પના કરતોજ નથી કે મારા શરીર સાથે મારા જીવની પણ ઉત્પત્તિ થઈ છે, તે માનેજ છે કે આત્માની ઉત્પત્તિ તો પહેલાંની હોવીજ જોઈએ.

ખેતરમાં બીજ વાવીએ છીએ ત્યારે આપણે બીજને જોઈ શકીએ છીએ, પણએ બીજ જ્યાં વૃક્ષરૂપે બને છે. વૃક્ષ બનવાની ક્રીયામાં બીજ અદ્રષ્ય થાય છે ત્યારે આપણે બીજ જોઈશકતા નથી, પરંતુ એથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે એમ કહી નથી શકતા કે બીજ નાશ પામ્યું છે. જે બીજ વવાયું હતું એ તો જરૂર ઉગ્યું છે પણ તે બીજના પુદ્‌ગલો વૃક્ષરૂપે પરિણમી ગયા છે. જેથી તે બીજને આપણે દેખી શકતા નથી એજ પ્રમાણે આત્માની વિગત પણ સમજી લ્યો આત્મા બીજરૂપે છે, રકતવીર્ય માટી અને પાણી રૂપે છે, અને તેથી શરીર બંધાય છે, શરીરમાં આત્મા દેખાતો કેમ નથી? એ શરીરમાં આત્માના પુદ્‌ગલો એવા તો પરિણમી જાય છે કે બીજ પ્રમાણે આપણે એ પુદ્‌ગલોને દેખી શકતા નથી. જેમ બીજના પુદ્‌ગલો વૃક્ષરૂપ બને છે, અને બીજને આપણે જોઈ શકતા નથી, તેમ જીવાત્માના પ્રદેશો આ શરીરમાં રહેલા છે, તોપણ આપણે જીવને શરીરમાં દેખી શકતા નથી. પણ એમ માનવાનું અવશ્ય કારણ છે કે શરીરમાં જીવ છે, મનુષ્ય મરણ પામે છે અને તે જીવતો હોય છે એ બે સ્થીતીની વચ્ચે જે અમુક વસ્તુનું અંતર છે, તેજ જીવાત્મા છે અને એથીજ એમ સાબીત થાય છે કે શરીરથી આત્મા જૂદો છે, શરીર એ એન્જીન જેવું છે અને આત્મા તેને પ્રવર્તાવનાર વસ્તુ છે અર્થાત આત્મા એ શરીરને ડ્રાઇવર તરીકે પ્રવર્તાવે છે. ડ્રાઈવર એન્જીનમાંજ હોય છે અને તે એન્જીનને પ્રવર્તાવે, તેને ગમે તે દિશાએ લઈ જાય છે, લાવે છે, ફેરવે છે, ઉભું રાખે છે, આ બધી ક્રિયા એન્જીન પાસે ડ્રાઈવર કરાવે છે, એન્જીનની આ ક્રીયાઓ દરમ્યાન ડ્રાઈવર એન્જીનમાં હાજર હોય છે તે એન્જીનમાં હોવા છતાં પણ એ ડ્રાઇવર તેજ એન્જીન નથી પરંતુ આપણે સ્પષ્ટ રીતે જોઇએ છીએ કે એન્જીનથી ડ્રાઇવર જુદીજ વસ્તુ છે, એજ ઉદાહરણ શરીર અને આત્મા માટે પણ સમજી લ્યો. આત્મા શરીરને જેમ પ્રવર્તાવે તેમ શરીર પ્રવર્તે છે, આત્મા શરીરને પાણીમાં લઇ જાય તો શરીર પાણીમાં જાય છે તે તેને ગમે એ પ્રદેશમાં લઈ જાય ત્યાં શરીર જાય છે, આટલું છતાં પણ જેમ એન્જીન અને ડ્રાઈવર બે જુદા છે, તેજ પ્રમાણે આત્મા અને શરીર પણ જુદા છે, શરીર પ્રવર્તનારી વસ્તુ છે અને આત્મા પ્રવર્તાવનાર વસ્તુ છે. આ બધા ઉદાહરણો ઉપરથી એ વાત નકકી કરવી પડે એમ છે કે શરીર ને આત્મા એ બંને જુદીજ વસ્તુ છે. હવે વળી એન્જીન અને એન્જીન ડ્રાઈવરનો દાખલો ધ્યાન ઉપર લો. એન્જીન તો જડ છે તેનામાં હાલવા ચાલવાની શકતી નથી. તેનામાં વિચારશકિત નથી, તેને ડ્રાઇવર પ્રવર્તાવે છે, હવે શું કોઈ એમ કહી શકશો કે એ એન્જીન અને એન્જીન ડ્રાઈવર બંને એકજ વખતે બન્યા અથવા તે બંનેનો જન્મ એકજ વખતે થયો છે, એજ પ્રમાણે શરીરરૂપી એન્જીનને પ્રવર્તાવનાર આત્મા છે, તેથી શરીર અને આત્મા બંને એકજ વખતે થયા એમ કહી શકે નહીં. આ ઉપરથી એમ માનવાને જરૂર પડે છે કે આત્મા શરીરથી જૂદીજ વસ્તુ હોઈ તે અનાદિ છે, અને એ આત્મા કોઈ દિવસ ઉત્પન્ન પણ થયો નથી. હવે તમે પુછશો કે આપણે અનાદિ કોને કહીએ છીએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જે વસ્તુ કોઈ વખત ઉત્પન્ન થએલી ન હોય, અને એ ચીજ વિદ્યમાન હોય તોતે અનાદિ વસ્તુ કહી શકાય.

**જન્મ અને કર્મ.** જન્મ અને કર્મનો પ્રશ્ન પણ આવોજ અટપટો અને ગુંચવણ ભરેલો છે જન્મ ન હોય તો કર્મ સંભવી શકતું નથી. શરીર જન્મે છે, પછીજ તે કર્મ કરે છે; તેજ પ્રમાણે કર્મ સિવાય જન્મ પણ આવતો નથી. કર્મ હોય તોજ જન્મ આવે છે. બીજ વિના વૃક્ષની ઉત્પત્તિ થાય નહી અને વૃક્ષ વિના બીજ થાય નહી એનો અર્થ એ છે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બંન્ને પરસ્પર થવા વાળા છે. તેથી એ બંન્નેની શ્રેણી અનાદિ છે એમ માનવું પડે છે. અગર તો એમ માનવું પડે કે જન્મ લીધા વગર આત્માએ કર્મ કર્યા અથવા કર્મ કર્યા વગર આત્માએ જન્મ લીધો ! કર્મ ફીલસોફીને જાણનારો માણસ આ ઉત્તર પક્ષને કદી પણ માનવા તૈયાર થાય નહી. મનુષ્ય જન્મ એ વસ્તુ પ્રત્યક્ષ છે અને એ આપણે જોઇએ છીએ. એ જન્મ પ્રત્યક્ષ છે તો એમ પણ માનવુંજ જોઈએ કે એ જન્મના કારણભૂત કર્મ હોવાંજ જોઈએ. જો જન્મ પ્રત્યક્ષજ છે તો તેના કારણભૂત કર્મને માન્યા સિવાય છુટકોજ નથી, પણ બીજી બાજુએ કર્મને કારણ માન્યા સિવાય છુટકો નથી. કર્મ માનીએ એટલે જન્મ માન્યા સિવાય એ છુટકો નથી. બંન્ને પરસ્પર એકબીજા ઉપર અવલંબે છે. જેમ ઝાડ અને બીજ એ બેમાં પહેલું કોણ? એ પ્રશ્ન નિરર્થક છે, એજ પ્રમાણે જન્મ અને કર્મ એ બેમાં પહેલું કોણ એ પ્રશ્ન પણ નિરર્થક છે, આથી એમ માનવુંજ પડે છે કે જન્મ અને કર્મ બંન્ને અનાદિ છે. હવે જો જન્મ અને કર્મ બન્ને અનાદિ છે, તો એ જન્મ અને કર્મ બંન્ને કરનારો અથવા બંન્નેમાં બીજ રૂપે રહેલો આત્મા પણ અનાદિ હોવોજ જોઇએ. એક લુગડાં ઉપર લાલ રંગ ચઢાવીએ, એ રંગને પાંચ વર્ષ થાય, તોપછી રંગને પાંચ વર્ષ થયાં અને લુગડું બન્યાને ત્રણ વર્ષ થયાં એમ કોઈ કહી શકે નહીં. એજ પ્રમાણે જન્મ અને કર્મ અનાદિના છે પણ આત્મા અનાદિનો નથી એમ પણ કોઇ કહી શકે નહી. જો આત્મા અનાદિ છે અને તેના જન્મ અને કર્મ પણ અનાદિ છે તો હવે આત્માએ વિચાર કરવોજ જોઇએ કે હું અનાદિનો છું અને અનાદિથી જન્મ અને કર્મ કર્યાજ કરૂં છું આ સમજણ જેનામાં દૃઢ થાય તેજ સાચો જૈન છે. જેણે આ સમજણ સ્વીકારી છે, તે જૈન માર્ગમાં આવેલો છે એમ કહેવામાં વાંધો નથી. જૈન કહેવડાવું સહેલું છે, પણ સાચા જૈન થવું એ ઘણુંજ મુશ્કેલ છે, જૈન માર્ગનું પહેલું પગથીયું એજ છે કે આત્માએ એવી માન્યતા ધારણ કરવી કે હું અનાદિનો છું અને અનાદિથી જન્મ અને કર્મ કર્યાજ કરૂં છું. આ માન્યતા જૈન ધર્મનું પહેલું પગથીયું છે. જો આપણામાં આ સમજ ન હોય તો માની લો કે આપણે જૈનત્વની સીડીના પહેલે પગથીયે પણ આવ્યા નથી, પહેલાં પગથીયાનો મુદ્રાલેખ ધ્યાનમાં લીધો નથી, અને પહેલાં પગથીયાનું દૃષ્ટી-બિંદુ લક્ષ્યમાં લીધું નથી. એટલાજ માટે પંચસૂત્રીકારે જેની વ્યાખ્યા ભગવાનશ્રી હરિભદ્રસૂરીજીએ કરી છે, તેમાં એમ જણાવ્યું છે કે જૈન શાસનનો પહેલો પાઠ એ છે કે આત્માએ એવી માન્યતા ધારણ કરવી કે હું આત્મા છું, અનાદિનો છું, અને અનાદિથી જન્મ અને કર્મ કર્યા કરૂં છું.

**ત્રણ વાતો :** ઉપરની ત્રણ વાતો જૈનોએ ગળથુથીમાં લેવાની છે. જૈન બાળકોને આ વસ્તુ ગળથુથીમાંજ અપાવી જોઇએ. જે મનુષ્ય આવી માન્યતા ધારણ કરે છે, તેજ મનુષ્ય જૈનત્વની સીડીને પગથીયે આવેલો ગણી શકાય. જૈન શાસન એકલુંજ એવું શાસન છે કે જે જીવને અનાદિ માને છે, બીજા ધર્મવાળા જીવને અનાદિ માનતા નથી તેમની માન્યતા તો એવી છે કે બ્રહ્મ અનાદિ છે, અને બ્રહ્મમાંથી એક રજકણ રૂપે, અથવા તો અંશરૂપે જીવ જુદો પડેલો છે. એનો અર્થ એ છે કે બ્રહ્મમાંથી જીવ જે દિવસે રજકણરૂપે. જુદો પડયો તે દિવસ તે જીવની ઉત્પત્તિનો દિવસ છે, જીવ બ્રહ્મમાંથી જુદો પડેલો છે, એમ કહેનારે જાણવું જોઇએકે પ્રથમ અગ્નિ હોય છે. પછી તેનો ભડકો થાય છે; અર્થાત્ તે અગ્નિ મુળરૂપે હોઇ તેનો ભડકો પાછળથીજ સંભવે છે. અગ્નિમાંથી જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તણખા નીકળે છે તે અગ્નિનો અવયવ છે તેજ પ્રમાણે બ્રહ્મનો અવયવ ગણી શકાય અગ્નિ એટલે તણખાનો સમુદાય અને બ્રહ્મ એટલે જીવોનો સમુદાય એમ જેઓ માને છે તેઓ કોઈ વખત જીવને અનાદિ માની શકે નહીં પણ તેમને તો એવું માનવાની ફરજ પડે છે કે જીવ એ અનાદિ નહિ પણ આદિ છે, તમે વિચાર કરશો તો તમોને પણ માલમ પડી આવશે કે અગ્નિ પહેલો કે અગ્નિનો તણખો પહેલો ? આ પ્રશ્નના ઉત્તરમાં ખુલ્લે ખુલ્લું એમ કહેવાને વાંધો નથી કે અગ્નિ પછીજ અગ્નિનો તણખો ઉત્પન થયો. તેજ પ્રમાણે જીવ જો બ્રહ્મમાંથી ઉત્પન્ન થયો હોય તો જીવને અનાદિ માની શકાય નહીં પણ આદિ એટલે પાછળથી આદિમાં ઉત્પન્ન થયેલો માનવો પડે, વળી કેટલાક જીવોને બ્રહ્મનો કણ અથવા અંશ માનતા નથી અને તેઓ જીવને સ્વતંત્ર માને છે.

**જીવ અનાદિ કે આદિ ?** નૈયાયિકો વૈશેષિકો વિગેરે જીવને અનાદિ માને છે. આ લોકો જીવને અનાદિ કેમ માને છે તે સમજવા જેવું છે. જીવની ઉત્પત્તિને તર્ક વડે અથવા બીજી કોઇપણ રીતે તેઓ સાબીત કરી શકયા નથી આવી સાબીતીમાં જ્યારે તેઓ નિષ્ફળ ગયા, ત્યારે તેમણે ઠોકી માર્યું કે જીવ અનાદિ છે. તેઓ એક તરફ જીવને અનાદિ માને છે અને બીજી બાજુએ જગતને કૃત્રિમ માને છે. જો જીવ અનાદિ હોય તો જગત કૃત્રિમ હોઇ શકે નહીં. અને જગત કૃત્રિમ હોય તો જીવ અનાદિ હોઇ શકે નહીં. જેમ પચાસ વર્ષના પુત્રની માતા વીસ વર્ષની હોય એ અશકય છે, તે પ્રમાણે ઉપરની માન્યતા પણ અશકય છે. જીવ અનાદિ છે અને જગતનો કર્તા ઇશ્વર છે એવું કોઇ પણ તત્વજ્ઞ કબુલ કરે નહીં. જો જીવ અનાદિમાં ન હતો એમ માનો અને જગત ઇશ્વરે બનાવ્યું છે એમ માનો, તો સ્વભાવિક રીતે એવી શંકા ઉપસ્થિત થાય છે કે ઇશ્વરે સૃષ્ટિને નિર્માણ કરી અર્થાત જગત બનાવ્યું તે પહેલાં આ અનાદિનો જીવ કયાં હતો ? અને કઇ સ્થિતિમાં હતો ? તે વખતે જીવ જન્મ વગરનો હતો કે કર્મ વગરનો હતો? કલ્પનાની ખાતર એમ માની લો કે સૃષ્ટિની ઉત્પત્તિ થયા પહેલાં જીવ જન્મ અને કર્મ વગરનો હતો અને ઇશ્વરે જગત બનાવીને આત્માને જન્મ અને મરણની જંજાળમાં નાંખી દીધો. પણ આ માન્યતા રાખતા તત્વ દ્રષ્ટિએ બીજો ભયંકર વાંધો આવે છે. એ વાંધો સમજવાને માટે માછી અને માછલાનું ઉદાહરણ લો. માછલું સમુદ્રમાં સ્વતંત્ર હોય છે, માછી આવે છે અને તે એ માછલાને જાળમાં નાંખીને પરાધિન બનાવે છે. હવે જો એ માછલામાં વિચાર શકિતનો છાંટો પણ હોય તો એ માંછલું માછીને પૂજ્ય બૂદ્ધિ વડે જોઇ તેની પૂજા કરે ? માછી પ્રત્યે પ્રેમ રાખે કે તેના પ્રત્યે તિરસ્કાર રાખે ? આનો ઉત્તર બહુ સહેલો છે, માછલાની સ્વતંત્રતા માછી હરી લે છે એટલે માછલું માછી ઉપર તિરસ્કાર બુધ્ધિ રાખે એજ કુદરતી છે. તેજ પ્રમાણે ઇશ્વરે આત્માને જંજાળમાં નાંખ્યો છે, આત્મા પહેલાં સ્વતંત્ર હતો અનાદિ કાળથી તેને બંધન ન હતું, તેને જન્મ અને કર્મ ન હતાં પણ ઇશ્વર આવ્યો, તેણે જગતરૂપી જાળ તૈયાર કરી અને તેમાં મચ્છરુપી આત્માને ધકેલી મૂકયો ! તો હવે એ આત્મા ઇશ્વર ઉપર પ્રીતિ અને પૂજ્ય ભાવ કેવી રીતે રાખી શકે ! જેણે આત્માને બંધનમાં રાખ્યો છે તે ઇશ્વર ઉપર આત્મા કદી પણ પૂજ્ય ભાવ રાખી શકે નહી આથી એ માન્યતા પણ તુટિ પડે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે આત્મા અનાદિ હતો અને ઇશ્વરે જગત રચી તે તેને જન્મ અને કર્મની જંજાળમાં હડસેલી મુકયો હતો!

**સૃષ્ટિ કર્તા કોણ?** હવે એથી આગળ વધો અને આ પ્રશ્નને પુરેપુરી ઝીણવટથી ચર્ચો. ઇશ્વરે સૃષ્ટિ રચી અને મનુષ્યને ગર્ભવાસ આપ્યો. હું પુછું છું કે મનુષ્યે એટલે કે મનુષ્યના આત્માએ, તે જન્મ અને કર્મથી મુકત હોવા છતાં ઈશ્વરનું એવું તે શું બગાડયું હશે કે જેથી આત્માને જન્મ મરણની જંજાળમાં ધકેલી મુકયો અને ગર્ભ વાસના અસહ્ય દુઃખો આપ્યા? આત્માએ ઇશ્વરનો કોઇ ગુન્હો કર્યો નથી નથી એણે કંઇ ઈશ્વરનું બગાડયું. કે નથી એણે ઇશ્વરને ગરદન માર્યો! છતાં ઇશ્વર આત્માને ગર્ભવાસમાં અસહ્ય દુઃખો આપે છે. એનું કંઇ કારણ? જો તમે એમ કહેશો કે ઇશ્વરે આત્માને જન્મ આપ્યો એનું કારણ આત્માના કર્મો છે, તો તમારે ઈશ્વરે સૃષ્ટિ પેદા કરી એ માન્યતા છોડી દેવી પડશે, કારણ કે ઈશ્વરે સૃષ્ટિ પેદા કીધી તે પહેલાં તો સૃષ્ટિ હતી નહી, છતાં આત્મા જન્મ પામે છે અને તે જન્મ જો તેના કર્મને આભારી છે તો આત્માને કર્મ કરવાને માટે કોઇ સ્થાન હોવુંજ જોઇએ! અર્થાત આત્મા અનાદિ હતો, તે જન્મ કર્મથી રહિત હતો. અને ઈશ્વરે સૃષ્ટિની રચના કરી પછી આત્માને ભવ પરંપરામાં ધકેલી મુકયો એ માન્યતા આપો આપ ખોટી થાય છે. જો સૃષ્ટિ બનાવી તે પહેલાંના આત્માના કર્મ હતાં એમ માનો તો સૃષ્ટિ શરૂઆત પાછળથી થઈ એ માન્યતાને તિલાંજલી આપવી પડશે અને જો સૃષ્ટિની શરૂઆત માનીએ તો ઇશ્વરને અને આત્માને અનાદિ માનવાનું બંધ કરવું પડશે. પોલીસની એવી સત્તા છે કે તે ગમે તે માણસને ચોવીસ કલાક પરહેજ કરી શકે છે પણ જો પરહેજ થનાર માણસ સામી ફરીયાદ કરે અને પરહેજ કરવાનું કંઈ પણ કારણ સાબીત ન થાય તો સીપાઇના બાર વાગી જાય છે. જો એક સામાન્ય માણસ માટે તે બીજા માણસને ખોટી રીતે પજવે તો તેને ઠેકાણે લાવવા માટે આટલી બધી સખ્તાઇ છે, તો ઇશ્વર કે જેને જગત પવિત્ર વ્યકિત માને છે એ પવિત્ર વ્યકિત આત્માને કોઇ પણ કારણ વગર જન્મ ઇત્યાદિના દુઃખો આપે તો તેને માટે ઇશ્વરને પણ શામાટે ગુન્હેગાર ન ગણવો જોઇએ? બીજો પ્રશ્ન એ છે કે સુખ, દુઃખ, સંપત્તિ, ગરીબાઇ, મરણ, જન્મ ઈત્યાદિ કોણ આપે છે? જેઓ એમ કહે છે કે આ બધી ચીજ ઈશ્વર આપે છે તેઓ ચોકખી ભૂલ કરે છે. ઈશ્વર આમાંનું કશુંજ આપતો નથી પણ આત્મા પોતાના કર્મ પ્રમાણે દરેક વસ્તુ મેળવે છે, નાના બાળકો અનેક પ્રકારના રોગથી મૃત્યુ પામે છે; જો ઈશ્વર મૃત્યુ આપતો હોય તો ઈશ્વરે નાના બાળકોને મૃત્યુ જેવું દુઃખ શામાટે આપ્યું? તમે દલીલ માટે એમ કહેશો કે બાળકે ઈશ્વરનો કંઈ પણ ગુન્હો કર્યો હશે અને ગુન્હાના બદલામાં તેને દુઃખ ભોગવવું પડતું હશે પણ આ માન્યતાએ સાચી નથી ધારો કે બાળકે ગુન્હો કર્યો, તો ઇશ્વરની ફરજ તેને સજા કરવાની છે કે માફી આપવાની છે? જગતનો વ્યવહાર એમ કહે છે કે નાનો માણસ ગુન્હો કરે છે તો પણ મોટાએ તેને ક્ષમા આપવી જોઇએ.

**ઈશ્વર દયાળુ ખરો કે નહિ?** બાળક નાનો છે અને ઇશ્વર મોટો છે અર્થાત બાળકે ગુન્હો કર્યો હોય તો પણ ઇશ્વરનો ધર્મ છે કે તેણે બાળકને ક્ષમા આપવી જોઈએ, પછી એમ ન કરતાં ઇશ્વર બાળકને મૃત્યુ વિગેરેના દુઃખો આપે છે તેથી સાબીત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય છે કે મનુષ્યના વ્યવહાર જેટલી પણ દયા ઈશ્વર દર્શાવતો નથી, બાળક અજ્ઞાન છે, અજ્ઞાનપણાને અને ગુન્હાને સંબંધ નથી, બાળકે ગુન્હો કર્યો હોય તો પણ તે અજ્ઞાન હોવાથી ઇશ્વરે બાળકને ક્ષમા આપવી ઘટે છે. બાળકની વાત જવા દઇએ તો મોટા મનુષ્ય પણ ઈશ્વરની આગળ બાળક જેવા છે. ઈશ્વર જ્ઞાની છે, મનુષ્ય અજ્ઞાની છે. એટલે મનુષ્યનો દોષ થાય તો પણ ઇશ્વરે તેને સજા ન કરતાં ક્ષમા આપવી એ કર્તવ્યજ છે. પણ આપણે જોઇએ છીએ કે વ્યવહારમાં તેમ બનતું નથી, અને મોટા માણુસો તથા બાળકો સુખ અને દુઃખ ભોગવી રહ્યા છે. જો ઇશ્વરજ સુખ અને દુઃખ આપનારો હોય તો એમ માનવું જોઈએ કે ઇશ્વર દયાળુ અને ન્યાયી નથી અને ઘાતકી અને જુલમગાર છે અને જો ઈશ્વરને ઘાતક અને જુલમગાર ન માનવો હોય તો એમ માનવું જોઇએ કે સુખ દુઃખ ઇશ્વર આપતો નથી પરંતુ બીજી કોઈ વસ્તુ એવી છે કે જે સુખ અને દુઃખ આપે છે. બીજી માન્યતા એ છે કે આત્મા કર્મ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. પણ આત્માએ કર્મ કયારે કર્યાં, આત્મા અનાદિ છે અને સૃષ્ટિને ઇશ્વરે બનાવી એમ માનીએ તો સૃષ્ટિ વગર આત્માએ કર્મ કયાં કીધા? આ ઉપરથી એમ માનવું પડે છે કે જો ઇશ્વરે સૃષ્ટિ કરી છે અને આત્મા કર્મ પ્રમાણે સુખ દુઃખ મેળવે છે તો આત્મા અનાદિ હોય શકે નહી અથવા તેના કર્મ અનાદિ હોઇ શકે નહી. પણ જો આત્માના કર્મ અનાદિથી ન હોઈ તો પછી તેને સુખદુઃખની પ્રાપ્તિ કેવી રીતે થઇ? આ બધા ઉપરથી ચોકખા એકજ અનુમાન પર આવવું પડે છે કે આત્મા કર્મ અને સૃષ્ટિ એ સઘળુંજ અનાદિ છે અને સુખ દુઃખ ઇશ્વરના આપ્યા અપાતા નથી પણ તે પ્રત્યેકને પોતપોતાના કર્મ પ્રમાણે જ મળે છે, ઇશ્વર મનુષ્યનો પિતા, અધિકારી અથવા તો ઉપરી જેવો ગણવામાં આવે છે, તો શું એની એ ફરજ નથી કે માણુસોને સુધારે? આત્માને અનેક ભવભવાંતરો રખડાવ્યા છતાં તે સુધારી શકતો નથી એ ઉપરથી સાબીત થાય છે કે કાંતો તેનામાં સુધારવાની શક્તિ નથી અથવા તો ઇશ્વરના હાથમાં સુધારવા બગાડવાનું કામ રહેલું નથી.

**ચોરી કરાવનાર અને સજા કરનાર એકજ!** પ્રાચીન કાળમાં હિંદુસ્થાનમાં એવા ઠાકોરો અને રાજાઓ હતા કે જેઓ પોતે ચોરોનો કાફલો રાખીને ચોરીઓ કરાવતા, ધાડો પડાવતા, લૂંટ કરાવતા, અને જો એમ કરતાં ચોરો પકડાઈ જાય, તો વળી તેમને તે રાજાઓ સજા પણ કરતાં! ઇશ્વિરના રાજ્યમાં મનુષ્યને કર્મ પ્રમાણે સુખ દુઃખમળે અને એ કર્મ કરાવનાર જો ઈશ્વરજ હોય તો એ ખોટા કર્મની સજા જીવાત્માને થવી જોઇએ કે ઇશ્વિરને થવી જોઇએ? આત્મા જે ખોટા કામ કરે છે અથવા સારા કામ કરે છે, તે કામ જો ઈશ્વર કરાવતો હોય તો એ કામનો જવાબદાર આત્મા નથી પણ ઈશ્વર છે, કારણ કે જે ગુન્હો કરે છે તેના કરતાં ગુન્હો કરાવનાર બમણો જવાબદાર છે એ આપણે જાણીએ છીએ. આ ઉપરથી માનવું પડે છે કેઆત્માને હાથે જે શુભાશુભ કર્મ થાય છે તે ઇશ્વર કરાવતો નથી પણ આત્મા એના કર્મ પ્રમાણે સારા નરસા કામો કરે છે, જો જગતનો સઘળો વ્યવહાર ચલાવનાર, માણસોને કર્મને પંથે પ્રેરનાર, મનુષ્યને હાથે સારા નરસા કામો કરાવનાર ઇશ્વર હોય તો ચોર જે ચોરી કરે છે તેને માટે જવાબદારી પણ ઇશ્વરને માથે રહે છે, અને એ ચોરને જે સજા થાય છે તે પણ ઈશ્વરજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરાવે છે; એનો અર્થ એ છે કે ગુન્હો કરાવે છે પણ ઈશ્વર અનેસજા આપનાર પણ ઇશ્વર! આ વસ્તુ દેખીતી રીતે ખોટી છે.

**શું આત્મા પાપ કરવામાં અને કર્મ ભોગવવામાં સ્વતંત્ર છે?** દલીલની ખાતર એમ માનીએ કે આત્મા કર્મ કરવામાં એટલે કે પાપ કરવામાં અને પાપના ફળો ભોગવવામાં સ્વતંત્ર છે અને ઇશ્વર તો માત્ર તેને સજા કરાવે છે, ઇશ્વર કંઇ ગુન્હો કરાવતો નથી, તે પ્રમાણે આત્મા પાપ કરે છે તેમાં ઈશ્વરનો સંબંધ નથી પણ તેના પરિણામ ઇશ્વર ભોગવાવે છે, આ માન્યતા દેખીતી રીતે સારી લાગે છે, પણ લાંબો વિચાર કરતાં આ દલીલ એ ટકી શકતી નથી. આ રીતે બીજા ત્રણ મુદ્દા ઉભા થાય છે, પહેલો મુદ્દો એ કે ગુન્હો કરવામાં માણસ સ્વતંત્ર છે પણ સજા ભોગવવામાં તે સ્વતંત્ર નથી બીજો મુદ્દો એ કે આત્માને સજા ભોગવાવનારો બીજો કોઈ હોવો જોઈએ અને ત્રીજો મુદ્દો એ કે એ સજા ભોગવાવનારો આત્માનો ઉપરી કોઇ હોવો જોઇએ. જ્યાં સુધી તમે શાસ્ત્રીય વાતોથી પુરેપુરી રીતે માહિત ન થાઓ ત્યાં સુધી તમારે મિથ્યાત્વી સાથે બેસવું નહીં, એ અમુક કારણથીજ શાસ્ત્રકારો કહે છે. કેટલાક કહે છે કે જૈન શાસ્ત્રકારો જૈનોને મિથ્યાત્વી સાથે ન બેસવાનો ઉપદેશ આપી ગયા છે એ તેમની સંકુચીત દ્રષ્ટિ વ્યકત કરે છે. પણ હું કહું છું કે તમે વ્યાખ્યાનમાં આવો છો ત્યારે ઘેરે તાળું મારીને આવો છો કે ઘર ખુલ્લું રાખો છો? જરુર તમે તાળું મારીનેજ આવો છો તો પછી તમારી આ સંકુચીત દૃષ્ટિ ખરી કે નહીં? તમે કહેશો કે અમે તો અમારા રક્ષણ માટે તાળું માર્યું છે હવે જો તમે તમારા જડ પૈસા ટકાના રક્ષણ માટે તાળું મારો છો અને તે વ્યાજબી છે, તો પછી તમારૂં સમ્યકત્વરૂપી અમુલ્ય જવાહિર જાળવવા માટે શાસ્ત્રકારોએ શુધ્ધ બુધ્ધિથી તાળારૂપી એવો પ્રતિબંધ મુકયો કે મિથ્યાત્વી સાથે તમારે સંસર્ગ ન રાખવો, તેમાં શું ખોટું છે! પાપ કરવામાં જીવ સ્વતંત્ર છે, શીક્ષા પોતાની મેળે ભોગવતો નથી અને એ શીક્ષા ભોગવાવનારો ઇશ્વર નામની ત્રીજીજ વ્યકિત છે. આ મિથ્યાત્વીની માન્યતા તમારા મગજમાંથી દુર કરવી એ તમારે માટે ઘણું મુશ્કેલ છે.

તમે જાણો છો કે જગતમાં કોઈ માણસે ઝેર ખાધું હોય તો તેનો ઉપાય થઇ શકે છે. ખાધેલું ઝેર ઉલટી દ્વારા કઢાવી શકાય છે, પણ કાન દ્વારા વિચારો રૂપી જે ઝેર મનુષ્યના શરીરમાં પ્રવેશે છે, તે કાઢી નાંખવાનો કોઈપણ માર્ગ જગતમાં વિજ્ઞાન શાસ્ત્રીઓને પણ જડયો નથી. કાનમાં ખરાબ વિચારોરૂપી જે વિષ રેડવામાં આવે છે, તે એવું ભયંકર છે કે, એ વિષયનું બળ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી તે મનુષ્યને હાથે ગમે તેવા દુષ્કર્મો કરાવે છે, એટલા માટે સૌથી પહેલી ફરજ એ છે કે તમારે આવું વિષ લેતાં બચી જવું જોઈએ.

**ત્રણ મુદ્દા** હવે ઉપર જણાવેલા ત્રણ મુદ્દા તપાસો. પહેલો મુદ્દા એ છે કે આત્મા પાપ કરવામાં સ્વતંત્ર છે જગતની ચાલુ રાજનીતિની દ્રષ્ટિએ આત્માને પાપ કરવામાં સ્વતંત્ર માની શકીએ પણ ઈશ્વરીનીતિમાં આત્મા આ રીતે સ્વતંત્ર નથી. જૈન સાહિત્યમાં એક ઉદાહરણ છે કે દેવદત્ત નામના માણસે યજ્ઞદત્ત નામના માણસને માર મારી પાડી નાંખ્યો અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેને છરી ઘોંચી મારી નાંખ્યો. આ કામ તે ઉપરાંત જુઠું બોલવું, વિશ્વાસઘાત કરવો ઈત્યદિ કામો એ પાપ છે. આ પાપ તદન સ્વતંત્ર રીતે થયું તે તમે કબુલ કરો છો ? નહી. દેવદ-તે યજ્ઞદત્તને માર માર્યો તેમાં યજ્ઞદત્તનું પાપ હતું કે નહી ? એકનું પાપ તે બીજાનું પૂળ છે. જ્યાં ગુન્હો એજ શિક્ષા હોય અથવા શિક્ષા એજ ગુન્હો હોય ત્યાં સ્વતંત્રતાને અવકાશ નથી શિક્ષાથી ગુન્હો સ્વતંત્ર છે. પણ સજા કોઈ સ્વતંત્ર પણે ભોગવતો નથી.” એમ કહેનારાઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે પોતાના ગુન્હાની સજા પોતે ન ભોગવે એ શકયજનથી ! ખુન કરી આવેલા માણુસનું હૃદય ઉપરની વાતનો સ્પષ્ટ પ્રતિકાર કરે છે. ગુન્હેગાર માણુસ અને તમારી વચ્ચે દેખીતો ફેર છે, જે ગુન્હેગાર નથી તે વ્યકિત ગુન્હા શોધક સીપાઇઓને જોઇને ડર પામતી અથવા ગભરાતી નથી પરંતુ જેણે ગુન્હો કર્યો છે તે વ્યકિત પોલીસને જોઇને હૃદયમાં ભય પામે છે. તેનું હૈયું ધડકે છે, શરીરમાં કંપારી આવે છે, આ બધું શાથી થાય છે ? ઉત્તર એ છે કે તેણે ગુન્હો કર્યો છે, તેના હૃદયમાં જે વેદનાઓ થાય છે તે વેદના બીજી કોઈ વ્યકિત ઉપજાવતી નથી પણ તેણે જે કર્મ કર્યા છે તે કર્મ ભય ઉપજાવે છે, આ રીતે ગુન્હો કરનાર હૃદયથી પશ્ચાતાપની સજા પોતાની મેળેજ ભોગવી લે છે. જગતના સામાન્ય વ્યવહારમાં નોકર ગુન્હો કરે તો તેનો માલીક તેનાપર ગુસ્સે થાય છે, પરંતુ નોકર જ્યારે પોતાના ગુન્હાની ક્ષમા માંગે ત્યારે શેઠ તેનો ગુન્હો માફ કરે છે, અને તેને ક્ષમા પણ આપે છે. પણ ગુન્હાની પશ્ચાતાપ રૂપે સજા, રોગ, દુઃખ ઈત્યાદિ આવેજ જાય છે અને ઇશ્વરને ગમે એટલી વિનતિ કરવા છતાં તે મટતાં નથી, એ ઉપરથી માલમ પડે છે કે ઇશ્વર સુખ દુઃખ સઘળું ઉપજાવનાર હોય અને કર્મમાં કંઈ શકિત નજ હોય, તો એનો અર્થ એ છે કે આખું પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર નકામું થઈ જાય છે.

**પદાર્થની શક્તિ છે.** આરસેનીકનો એક ડોઝ લઇએ કે જરૂર મરી જવાય. તો આ મરણ કોણે આપ્યું ? ઈશ્વરે મરણ આપ્યું કે સોમલના ડોઝથી મરણ થયું ? સોમલના ડોઝથી મરણ ન થયું અને ઈશ્વરે મરણ આપ્યું, એમ માનવું એ દેખીતી રીતેજ ખોટું છે. અર્થાત એમજ માનવું પડે છે કે ઇશ્વરે મોત નથી આપ્યું પણ સોમલના ડોઝથીજ મરણ થયું છે. આ દૃષ્ટાંત પ્રમાણે કોઇ પણ કર્મના કર્તા તરીકે ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂર રહેતી નથી. આ બધી ચર્ચા ઉપરથી એમ સાબીત થાય છે કે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર નથી. એકનું જે પાપ છે તે બીજાને સજા છે, આ નિયમથી કર્મ પ્રમાણે આત્માને હાથે કામો થાય છે અને એ કાર્યોના બદલારૂપે એ કાર્ય પોતેજ ફળ પણ આપે છે. સોમલના દ્રષ્ટાંત ઉપરથી એમ માનવું પડે છે કે સુખદુખ આપનારો ઇશ્વર નથી, પરંતુ પદાર્થોના પરમાણુમાંજ ફળ આપવાની શકિત રહેલી છે. જેમ સોમલ ભીન્નભીન્ન પરમાણુઓનો બનેલો છે, તેજ પ્રમાણે કર્મના પણ ભિન્ન ભિન્ન પુદ્‌ગલો છે અને તેમાંજ ફળ આપવાની શકિત રહેલી છે. અર્થાત ફળ આપવામાં ઇશ્વરને વચ્ચે લાવવાની કંઇ જરૂર રહેતી નથી દરેક પ્રદાર્થમાં જે સ્વભાવ રહેલો છે તે સ્વભાવમાંજ ફળ આપવાની શકિત રહેલી છે અને પ્રદાર્થમાં રહેલી શકિતજ ફળ આપે છે ઈશ્વર કોઈ જાતનું ફળ આપતો નથી વળી ઈશ્વરને સર્વવ્યાપિ માનીએ, સઘળે સ્થળે રહેલો અને પ્રકાશનારો માનીએ તેનેજ કર્મ કરાવનાર માનીએ અને તેનેજ ફળ આપનારો માનીએ તો મુશ્કેલી એ ઉભી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય છે કે ઇશ્વરની હાજરીમાં મનુષ્ય પાપ કર્મ કરે એ કેવી રીતે બની શકે? સાધારણ શકિતવાળા પોલીસની હાજરીમાં સામાન્ય ગુન્હેગારો પણ ગુન્હો કરી શકતા નથી, તો ઇશ્વર જેવી સર્વવ્યાપી સત્તા આગળ માણુસ ગુન્હો કરે અને ઈશ્વર એ ગુન્હો થવા દે એ માનવું તે પણ કલ્પનાની બહાર છે. બજારોમાં દરેક સ્થળે પોલીસ થાણું હોય છે એ થાણાંઓ ઉપર સીપાઇઓ નિયમિત હાજર હોય છે અને ગુન્હો ન થાય તે સંભાળે છે. એથી એવું બને છે કે ગુન્હા નિર્મૂળ બનતા નથી પણ તે થોડા જરૂર થાય છે. હવે ઇશ્વર જીવતો જાગતો બેઠો છે, છતાં મનુષ્ય તેની આગળ ગુન્હો કરે તો ઇશ્વરને જાગેલો માનવો કે ઉંઘતો? ગેટ ઉપર રહેલો સીપાઈ સાધારણ આંખો વડે મનુષ્યને જુએ છે અને તેમને ગુન્હા કરતાં અટકાવે છે, તો ઇશ્વર કે જેઓ અનંત શક્તિના સ્વામિ છે મનુષ્યના હૃદયની વાત પણ તે જાણે છે અને છતાં જો તે મનુષ્યને ગુન્હો કરતાં અટકાવે નહિ તો તેની કિંમત એક સામાન્ય સીપાઇ જેટલી પણ રહેતી નથી.

**ઈશ્વરની સત્તા અને ગુન્હો,** ઈશ્વરને સર્વ શકિતમાન સર્વવ્યાપિ અને સર્વજ્ઞ માનીએ અને તેની સત્તા કાયમ છતાં મનુષ્યને પુન્ય પાપ કરવાની સત્તા છે અને તે સત્તાને તે સ્વતંત્ર પણે ભોગવે છે એમ માનીએ તો પછી ઈશ્વરનું મહત્વ કયાં રહ્યું? એક સમ્રાટ છે, તેના તાબાના અનેક માંડલિકો છે. આ માંડલિકો સમ્રાટના તાબેદાર છે અને છતાં જો તે પોતે પોતાની મરજી પ્રમાણે કામો કરતા હોય તો પછી સમ્રાટનું સમ્રાટ પણું કયાં રહ્યું? વળી કોઇ એમ દલીલ કરશે કે મનુષ્યના હાથે જે સત્‌કર્મ થાય છે તે ઇશ્વર કરાવે છે અને એ સત્ કર્મના ફળો પણ ઈશ્વર ભોગવાવે છે પણ માણુસ જે પાપ કરે છે તે ઇશ્વર કરાવતો નથી? તો આ દલીલ પણ વ્યાજબી નથી એકલું પુન્ય ઈશ્વર કરાવે છે અને તે પાપ કરાવતો નથી એમ માનવું તે પણ બુદ્ધિની બહારની વાત છે બીજી.એ કલ્પના છે કે પાપ પુન્ય બેમાંથી એક પણ વસ્તુ ઇશ્વર કરાવતો નથી પણ આત્મા સ્વતંત્ર રીતે કરે છે અને માત્ર ઇશ્વર તો શુભાશુભ કર્મોના ફળોજ આપે છે અને તે પણ મનુષ્યના કલ્યાણને માટેજ આપે છે. હવે આ માન્યતા સાચી છે કે કેમ તે જોઇએ જો કર્મના ફળ ઈશ્વર આપતો હોય તો પછી કર્મની મહત્તા ઉડી જાય છે, સારૂં કામ કરનારને સારો બદલો મળે અને નઠારૂં કામ કરનારને નઠારો બદલો મળે તેથી કર્મની મહત્તા સમજાય છે, પણ એમ ન થાય અને ઈશ્વરજ ફળ આપ્યા કરે તોપછી કર્મ રૂપે જે કંઈ કાર્ય થયું તેની મહત્તા શું? આથી એમ માનવું પડે છે કે કોઈપણ કાર્યનું ફળ ઇશ્વર આપતો નથી પણ કર્મમાંજ ફળ આપવાની શકિત રહેલી છે. આ બધી ચર્ચા એટલી બધી વિસ્તીર્ણ છે કે હવે ઉપસંહાર કરતાં પહેલાં તેનો સાર કાઢવો જોઈએ એનો સાર એ છે કે જેમ સાકર સ્વભાવે મીઠી છે, લીમડો સ્વભાવે કડવો છે, આમલી સ્વભાવે ખાટી છે એ પ્રમાણે પદાર્થોમાં જેવા પરમાણુ છે તેવાજ પરમાણુ દરેક કર્મના પણ છે, અને તે પરમાણુજ ફળરૂપે પરિણમે છે જે દર્શન આત્માને અનાદિ માને છે તે દર્શન સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે એમ માની શકે નહી, આત્મા અનાદિ હોય તો તેના જન્મ કર્મ પણ અનાદિ હોવા જોઇએ. અને ઇશ્વરે સૃષ્ટિ રચી એમ બોલીએ તો તેનો અર્થ એ છે કે સૃષ્ટિ અનાદિ નહિ પણ આદિ ઠરે છે, અને આત્મા અનાદિ હોય તો સૃષ્ટિ આદિ હોઈ શકે? હવે સૃષ્ટિ આદિ હોય, તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ સૃષ્ટિમાં રહેનારો જીવ અનાદિ હોઇ શકે નહી. જે ઘર બંધાવ્યાને પાંચ વરસ થયાં હોય તે ઘરમાં હું પચીસ વરસથી રહું છું એમ બોલવું દેખીતી રીતેજ ખોટું છે. તેજ પ્રમાણે આદિ સૃષ્ટિમાં અનાદિ આત્મા રહેલો હતો, એમ કહેવું એ પણ ખોટું છે. ત્યારે આપણે ત્રણ વાતો નકકી કરી. પહેલી વાત એ કે આત્મા અનાદિ છે, બીજી વાત એ કે કર્મ અને જન્મ પણ અનાદિ છે, અને આત્મા કર્મ અને જન્મની પરંપરામાં અનાદિ કાળથી રખડયા કરે છે, ભગવાનશ્રી ગણધર મહારાજને શ્રીમતી દીક્ષા સાથે ત્રીપદી મળી હતી, તેમ જૈનપણામાં પ્રથમ પગથીયે ચઢનારાને આ મહત્વની ત્રીપદી મળે છે. એ ત્રીપદી કઈ? એજ કે જીવ અનાદિનો, સંસાર અનાદિનો અને કર્મ પણ અનાદિના. એક અપેક્ષાએ ગણધરની ત્રીપદી જીવને માટે જેટલું કામ ન આપે તેના કરતાં અનેક ગણું કામ આ ત્રીપદી આપે છે ગણધર ભગવાનને જે ત્રીપદી આપવામાં આવી હતી તે તેમને સમ્યકત્વ પ્રાપ્ત થયું તે પછી આપવામા આવી હતી, પરંતુ ઉપર જણાવેલી ત્રીપદી તો મુળ ભૂત રૂપ છે જો આ ત્રીપદી ન હોત તો સમ્યકત્વ અથવા બીજું કોઇ પણ પદ નજ મળી શકે એ ખુલ્લું છે. સર્વ પદાર્થની શ્રદ્ધા એ સમકિત છે. પરીક્ષામાં ઉત્તમ પ્રકારેઉત્તીર્ણ થયેલો તે છે કે જે સોએ સો માર્ક મેળવે છે, તેમ જૈનપણામાં સર્વ પદાર્થની શુદ્ધ શ્રદ્ધા હોય એ જરૂરનું છે. ઉપર જે ત્રીપદી માનવાની કહી, તે તો જૈનપણાનું પ્રથમ પગથીયું છે. તમે કહો છો કે અમે મહાવીર ભગવાનને દેવ માનીયે છીએ જીનેશ્વર ભગવાનને દેવ માનીએ છીએ પણ તમારી એ માન્યતા સાચી છે એમ કયારે કહી શકાય, કે જ્યારે તમે જીનેશ્વર ભગવાન જે આજ્ઞા કરે છે તે કબૂલ રાખો ત્યારે, અથવા જો તમે તેની આજ્ઞા કબૂલ ન રાખો, એણે બતાવેલા માર્ગે ન જવાય તો ભલે; પણ એ માર્ગે જવાની ભાવના પણ ન રાખો તો પછી તમે જીનેશ્વર દેવને માનો છો એનો કંઇ અર્થજ નથી. આ બધી ચર્ચા ઉપરથી જો તમો કંઈ સાર ન કાઢો તો મારૂં વ્યાખ્યાન આપેલું અને તમારૂં સાંભળેલું બધું વ્યર્થ છે, ત્યારે હવે આ ઉપરથી સાર શું કાઢવાનો ! જ્યાં સુધી હૃદયમાં મિથ્યાત્વ હોય, ત્યાં સુધી આપણે શાંતીથી ઉંઘી લઇએ, પણ જૈનત્વને પહેલે પગથીએ ચઢયા, આત્મા અને કર્મને અનાદિના માન્યા, અને કર્મ સંયોગથી અનાદિથી આત્મા ભવ પરંપરામાં રખડે છે એમ માન્યું, તો હવે છેલ્લી વાત એ છે કે એ રખડપટ્ટી મટાડવાને માટે તમારે કંઈ ઉપાય શોધવોજ રહ્યો. એ ઉપાય એ છે કે તમારે કોઇપણ પ્રકારે ઉપર જણાવેલી ત્રીપદી હૃદયમાં દ્દઢ કરવી અને તે પછી જે કર્મનો કચરો આત્માને વળગેલો છે તે દૂર કરવાને માટે બીજું કંઈજ ન બને તો દ્દઢ સંકલ્પ તો જરૂરજ કરવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સંઘનું સાચુ સ્વરૂપ.

**જૈન બાળકને ધાર્મિક સંસ્કાર :** શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર નામના ગ્રંથમાં જણાવે છે કે આત્મા અનાદિ કાળથી કર્મને આધીન રહી ભવપરંપરા કર્યા કરે છે. એ માટે ગઇ કાલે જણાવ્યું છે કે જે, પોતાને જન બનાવવાને તૈયાર થાય તેણે, ગઇ કાલે જણાવેલી ત્રીપદી હૃદયમાં ધારણ કરવીજ જોઇએ. આજે તો દરેકને જૈન કહેવડાવવું છે, પણ એની જે ગળથુથી છે તે કોઇને પીવી નથી, અથવા પોતાના સંતાનોને પાવી નથી, તમને માલમ હશે કે દરેક બાળકને શરૂઆતમાં ગળથુથીમાં સાકરનું પાણી અપાય છે. પણ મોટા થયા પછી માણસને તેનો ખ્યાલ રહેતો નથી. હવે જો બાળકને ગળથુથીમાં સાકરનું પાણી ન આપતાં તેને શીખંડ ચખાડીયે તો તેની શું દશા થાય ? તે પ્રમાણે જૈનત્વની ગળથુથીમાં શું હોવું જોઇએ, તે તમારે વીચારવાનું છે. લાડુ પકવાન વગેરે સારી વસ્તુ છે, ખોરાક તરીકે તેનું મહત્વ ઉત્તમ, છે તેની કોઇ ના પાડી શકે નહી. પણ એ વસ્તુ સારી હોવા છતાં, નાના બાળકને એ ચીજ આપી શકાતી નથી, અને જો આપો છો, તો તેથી બાળકના આરોગ્યનું, સત્યાનાશ નીકળી જાય છે. બાળકને આ ખોરાક નથી પચતો, માટે શું એમ માનશો કે એ ખોરાકજ ખરાબ છે ? બીલકુલ નહી. ખોરાક ખરાબ નથી પણ જે બચ્ચાંને ખોરાક આપવાનો છે તે બચ્ચાંની અવસ્થાને એ ખોરાક અનુકૂળ નથી માટે નાના બાળકને આવો જડ ખોરાક ન આપતાં તેના બાળપણને યોગ્ય ખોરાક આપવો પડે છે. એ પ્રમાણે બચ્ચાંને ગળથુથીમાં ધર્મ આપવાનો તમે શું ઉદ્યમ કરો છો? એનો તમે વિચાર કરો આ પ્રશ્નનો ઉત્તર શૂન્ય સિવાય બીજો કોઇ નથી. શ્રી જીનેશ્વરદેવને જે માને છે તે જૈન છે, આ વસ્તુ લાડવાના ખોરાક જેવું ભારી જમણ છે, અને નાના બચ્ચાંને આ ધાર્મીક ખોરાક પચી શકે એવો નથી, તમે એમ સમજશો કે તમારૂં બાળક જૈન સાધુના વ્યાખ્યાનમાં જાય છે એટલે તે સંસ્કારવાળું બનશે પણ સાથે તમારે એ વાતનો પણ ખ્યાલ રાખવાનો છે, કે જે ખોરાક તમે પચાવી શકો છો તે ખોરાક બચ્ચાંને પચી શકે નહી. બચ્ચું લાડવાનો ખોરાક ખાય તો તે મીઠો લાગે છે, પણ એ ખોરાક તેને પચતો નથી તેજ પ્રમાણે વ્યાખ્યાન, સામાયિક, પ્રતિક્રમણ ઈત્યાદિ બચ્ચાંને સારા તો જરૂર લાગે પણ તેથી તેનો આત્મા તૈયાર થવો જોઇએ તે તૈયાર થાય નહી. બચ્ચાંને ગળથુથીજ આપી શકાય. તેજ તેનું હીત કરે, અને તેજ તેને પચી પણ શકે. તમે તમારા બચ્ચાંને માટે તેના એક ભવના જીવનને માટે વિચાર કરો છો તેને શું ખાવા આપવું, શું પીવડાવવું કેમ મોટો કરવો ઈત્યાદિ બધું વિચારો છો, પણ તેના અનેક ભવના જીવનને સુધારવાને માટે તમારે હાથે કંઇપણ કાર્ય ઘડતું નથી.

**જૈન પિતાની લાયકાત.** જ્યાંસુધી સ્ત્રી બચ્ચાંનું લાલન પાલન કેમ કરવું એ વિષય શીખે નહી, ત્યાંસુધી તે માતા થવાને નાલાયક છે, તેમ તમે પણ જૈન પીતા બનવાને લાયક કયારે છો એ તમારે વિચારવું જોઇએ તમે તમારા બચ્ચાંને જૈન બનાવવાને માટે તૈયાર ન હોય, અને કેવી રીતે બનાવવો તે યોજના તમે શીખ્યા ન હોવ તો તમે જૈન પીતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે માતા બનવાને લાયક નથી તમે તમારા બચ્ચાંના સાંસારિક માતા પીતા છો સંસારના મોહાધિનપણાંમાં તમે તેના જડ શરીરને શણગારો છો તેને શોભાવવા માટે પ્રયત્ન કરો છો, પણ તેના જડ શરીરને શણગારો છો, તેને શોભાવવા માટે પ્રયત્ન કરો છો એથી શું ? તેના આત્માને શોભાવવાને માટે કંઈપણ પ્રયત્ન કરવામાં આવતો નથી. બાળકના જડ દેહના જડ માતા પીતા આપણે બનવું છે. પણ તેના આત્માના સાચા માતાપીતા બનવાની આપણામાં લાયકાત પણ નથી અને ઇચ્છા પણ નથી. તમે તમારા બાળકનું એટલે કે તેના પૌદગલિક શરીરનું પોષણ કરો છો પણ જૈન માતા પીતા તરીકે તેનું પોષણ કરતાં નથી એક અપેક્ષાએ આપણે વિશ્વાસઘાત પણ કરીએ છીએ. જે માબાપ પોતાના બચ્ચાંને જૈનપણાથી તૈયાર કરતા નથી તે માબાપ વિશ્વાસઘાતી છે. વિશ્વાસઘાતી શબ્દ તમને કડક લાગશે આ શબ્દ વાપરવાથી જો મારો હેતુ ન સમજી શકશો તો તમને ખોટું પણ લાગશે, પણ જો હું તમને હંમેશાં સાકર પીરસ્યા કરૂં અને આવા કઠણ પણ સત્ય શબ્દ ન કહું તો તમે સુધારો પણ કેવી રીતે કરી શકશો, હું ફરીથી કહું છું કે જે માબાપ પોતાના બાળકને જૈનપણાની દ્રષ્ટિથી ઉછેરતા નથી તે માબાપ ચોખ્ખા વિશ્વાસઘાતી છે. દૂનીયાના ન્યાય મંદિરો પણ ગુન્હો સાબીત કર્યા વગર ચાર્જ મુકતા નથી, ગુન્હો સાબીત થાય પછી આરોપી ગુન્હેગાર ગણાય તેજ પ્રમાણે ગળથુથીમાં તમે તમારા બાળકને જૈનત્વનો ખોરાક ન આપો તો તમે વિશ્વાસઘાતી છો, એ સાબીત ન થાય ત્યાં સુધી એ શબ્દ તમને અડચણકારક લાગે એ સંભવિત છે. આ વાતમાં જરા આગળ વધીએ આપણે એમ કબુલ કરીએ છીએ કે આત્મા અનંત ભવથી રખડે છે. એ રખડવામાં એવી ભાવના ઉત્પન્ન થાય કે જૈન ધર્મથી રહીત એવું ચક્રવર્તિ પદ મળતું હોય તો તે ન જોઇએ તો એ રખડપટ્ટીનો અંત આવવાનું સંભવીત થાય જૈન ધર્મથી રહીત એવું ચક્રવર્તિ પદ ન મળો, પણ ભલે ગુલામ થાઉં કે ચાકર થાઉં પણ જૈન ધર્મથી મારા વિચાર પરિપૂર્ણ હો એવા વિચારો કેટલાયે જન્મ સુધી કર્યા ત્યારે સેંકડો ભવો જતાં એ વિચારોનું ફળ મળવાનો વખત આવે છે. જન કુળ શા માટે ! જૈન કૂળમાં જન્મનારા માણસો સુખ સમૃદ્ધિ પૈસો ટકો ઇત્યાદિને તજીને જે આત્મા જૈન કુળમાં જન્મે છે તે કઈ ભાવનાથી જન્મે છે એનો વિચાર કરો એ આત્મા તમારા કુળમાં જન્મવાનો મનોરથ ઘડતો હતો. તેઆજ ફળીભુત થયો છોકરા કીંવા છોકરી રૂપે તે આત્મા તમારે ત્યા જન્મે, પણ વીચાર કરો કે એ આત્માનું સાધ્ય શું છે ? ઇન્દ્રિઓનું સુખ લેવા એ આત્મા શ્રાવક કુળમાં જન્મ લેતો નથી શરીરની મજબુતી માટે કુટુંબીઓમાં વૃદ્ધિ થવા માટે રિદ્ધિ સિદ્ધિ, સમૃદ્ધિ માટે અથવા બીજા કશા માટે એ આત્મા જૈન કુળમાં જન્મવાનો વીચાર કરતો નથી ત્યારે સમજો કે કયા મુદ્દાએ આત્મા જૈન કુળમાં જન્મવાનો વીચાર કરે છે એકજ ઉદ્દેશથી તે એવો વીચાર કરે છે કે મને ત્યાં ધર્મની પ્રાપ્તિ થશે, ચક્રવર્તિપણું રિદ્ધિ, સિદ્ધિ, સુખ સૌભાગ્ય એ બધું આત્માએ નકામું ગણ્યું છે એ શામાટે ? જૈન ધર્મનો ઉત્તમ સંસ્કાર પામવા જૈન ધર્મમાં રહીને સેવક થવું ચાકર થવું દાસ થવું એ સારૂં, પણ જૈનેતર બની ને સમ્રાટ કે ચક્રવર્તિ થવું. એ ખોટું છે. એવા વીચારે આત્મા જૈન કુળમાં જન્મે છે જગતના કરોડો કુળો પસંદ ન કરતાં એણે તમારૂંજ કુળ પસંદ કર્યું શાથી ? એકજ ભરોસે કે બીજે બધે શરીરનો, ધનનો, કુટુંબનો, માલમિલકતનો વારસો મળશે પણ એ સંપત્તિ આગલા ભવમાં લઈ જવાનો વારસો કોઇપણ જગ્યાએ મળવાનો નથી તે ભવમાં રાખવાનો વારસો બધે મળશે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ જૈન કુળ એકજ એવું કુળ છે કે જ્યાં બીજે ભવે લઈ જવાનો પણ વારસો મળી શકે છે. આવા ઉત્તમ વીચારે આત્મા જૈન કુળ પસંદ કરે છે, આ સબંધમાં એક દ્રષ્ટાંત ઉપર હું તમારૂં ધ્યાન ખેંચું છું. એક દિવસે ઇન્દ્રરાજા પોતાની કચેરી ભરી બેઠા હતા. દેવતા ઇન્દ્રને પ્રશ્ન કરે છે. કે કે, ઇન્દ્રમહારાજ, તમારા શરીરમાં કશો પણ રોગ નથી, જ્ઞાનની ખામી નથી, સિદ્ધિ સમૃદ્ધિમાં ખામી નથી, તમારી બાદશાહીમાં ખામી નથી, તો પછી તમે શી ચીંતામાં પડયા છો ? આ પ્રશ્નનો મહારાજા ઇન્દ્રે જે જવાબ આપ્યો છે, તે મનન કરવા યોગ્ય છે. ઇન્દ્રે કહ્યું કે હું આ ભવને અંગે વિચાર કરતો નથી, પણ શાણા શાહુકારના કુળમાં મારે જન્મવું કે મુર્ખ શાહુકારના કુળમાં તેનો વિચાર કરૂં છું. "મને કોઇ પણ વાતની ખામી નથી તેમજ કોઈપણ વાતની ચીંતા નથી પણ હું મુર્ખ છું કે હું માત્ર આજ ભવની ચીંતા કરૂં છું અને એક નવું દેવું કરનારા જેવો છું." ઇન્દ્રના આ ઉત્તરમાં જે રહસ્ય સમાયેલું છે તે જાણવાની જરૂર છે જે માણસ રૂપીઓ લાવે અને એકજ દિવસમાં એ રૂપીયા ઉડાવી દે છે તેને આપણે કેવો કહીશુ ? એ પૈસા જ્યારે ઉડાવી દેશે ત્યારે પૈસાની કીંમત તેને સમજાશે તે પ્રમાણે ઇન્દ્ર કહે છે કે મેં આગલા ભવોમાં એટલી પુન્ય પ્રકૃતિ બાંધી હતી કે જેથી અત્યારે ઇન્દ્રની સ્થીતી પામ્યો છું પણ એ સ્થીતીનું ફળ ભોગવું છું એનો અર્થ એ કે હું મારી મુંડી વાપરી નાંખું છું જે મનુષ્યપણામાં સાગરોપમના પુન્ય બાંધ્યા હતા તે બધા ભક્ષણ કરી જાઉં છું, એટલુંજ નહી પણ નવું દેવું ઉભું કરૂં છું. એનું પરીણામ એ છે કે આગળ મનુષ્યની જીંદગીમાં મારે રખડવાનું છે. ઇન્દ્રનો આ ઉત્તર સાંભળીને દેવતાઓએ કહ્યું કે એજ જગતની સ્થીતી છે. મોક્ષ ન પમાય ત્યાંસુધી દરેકને માટે આ સ્થીતી નિર્માણ છે. દેવું કરનારાએ એ કરવામાં પણ વિવેક વાપરવાની જરૂર છે. શાણાનું દેવું કરવું ફાયદાકારક છે કારણ કે શાણો મનુષ્ય પોતાના દેણદારને તે કમાણી કરી શકે એવી તક આપે છે કે જેથી તે સો કમાઇને પંચોતેર રૂપીયા દેવામાં ભરી દે. આ શાણા માણસના દેવાની વીગત છે મુર્ખનું દેવું કર્યું હોય તો પરીણામ એ આવે કે મકાનની હરરાજી થાય અર્થાત શાણાનું દેવું, દેવું છતાં પણ હિતકર છે. આવા જો શાણા હોય તો તે કેવળ શ્રાવકકુળમાં છે. કરમનું દેવું જોડે રહીને વાળી આપે જન્મ મરણના કારણરૂપ કર્મો, તેનો અંત લાવે અને આત્માને ફાયદો કરે એ દ્રષ્ટિ જૈન કુળ સિવાય બીજામાં નથી. જેમ મુર્ખ લેણદાર આસામીની સ્થિતિ તપાસ્યા વગર તેને પાયમાલ કરીને પણ પોતાનું દેવું વસુલ લે છે, તે પ્રમાણે મિથ્યા દ્રષ્ટિઓ પોતાના બાળબચ્ચાંને ખોરાક વગેરેને માટે સંભાળે છે પણ તેઓ બાળકનો આત્મીય વિકાસ થાય તેવો પ્રયત્ન કરતા નથી. આવા માબાપોને મુર્ખ શાહુકારો જોડે સરખાવી શકાય તમને મેં આગળ એ વાતનું દ્રષ્ટાંત આપ્યું છે કે મુર્ખશાહુકાર દેણદારની સ્થીતી કેવી છે તેનો ખ્યાલ કરતો નથી દેણદાર મરી જાય તો પણ ભલે છતાં તે પોતાના પૈસા ભેગા કરે છે તે પ્રમાણે મિથ્યાદ્રષ્ટિ માબાપો બાળકોના આત્મીય હિતની પરવા ન કરતાં તેના સ્થુળ દેહને શણગારવા તરફ ધ્યાન આપે છે. ત્યારે આવા માબાપો મુર્ખ શાહુકારોની ગણત્રીમાં આવી શકે છે અને જે માબાપો પોતાના બાળકોના આત્મિક હિતની પરવા રાખે છે તેઓ શાણા શાહુકાર બને છે, મેં આગળ જણાવ્યું તેમ દેણદાર પાસેથી કેવળ પૈસોજ ખેંચવાની વાત કરે છે, તે દેણદારની સ્થીતી સુધરે કે બગડે તેનો ખ્યાલ કરતો નથી; જ્યારે શાણો શાહુકાર પોતાના પૈસા વસુલ કરે છે તેમાં પણ એ દ્રષ્ટિ રાખે છે કે દેણદાર વધારે કમાય અને પોતાને વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાભ આપી બન્નેનું હિત કરે. આ પ્રમાણે દરેક શ્રાવક બાલકના આત્માનો શાણો શાહુકાર ત્યારેજ બની શકે કે જ્યારે તે બાળકના આત્માનું હીત પહેલાં કરે અને તેના સ્થુળ શરીરની વાત પછી લાવે. જે માબાપ બાળકની સ્થુળ દશાને ઉત્તેજવા મહેનત કરે છે, પણ તેના આત્માનું હીત જોતા નથી, તેને આપણે મુર્ખ શાહુકારની કોટીમાં ગણી શકીએ. હવે વીચાર કરો કે મુર્ખ શાહુકાર અને શાણા શાહુકાર એ બેમાંથી તમે કઇ કક્ષામાં આવો છો. તમે જગતમાં શ્રાવક અને શ્રાવિકા તરીકે તમે જન્મ્યા છો. જૈન તરીકે તમારી પ્રસિદ્ધિ થઇ છે અને જૈન તરીકે તમને જગતે ઓળખ્યા છે હવે આવી જાહેરાત કર્યા પછી જગતમાં તમારી શું ફરજ છે તેનો વિચાર કરો તમારૂં જે મહત્વ છે તે માત્ર મનુષ્ય તરીકે નથી પણ જૈન તરીકે વધારે છે અને તેથીજ જૈન શાસનમાં સંઘની મહત્તાને વધારેમાં વધારે માન આપ્યું છે સંઘને પચ્ચીસમો તીર્થંકર ગણ્યો છે. સંઘને આવું મોટું માન આપવામાં આવ્યું છે. તેનો જરા ખ્યાલ કરો. પ્રજા તંત્રવાદ કે જેની આજે જગતમાં બોલબાલા થઈ રહી છે, તે વાદ સંઘ સત્તા રૂપે જૈન શાસનમાં દૃષ્ટિયે પડે છે. અને એ વાદ આજકાલનો નથી પણ પરંપરાનો હોઇ તે જૈન ઇતિહાસમાં આપણે જોઈએ છીએ. પણ સંઘની આ સત્તાનો ને સંઘની આ મહત્તાનો દુરૂપયોગ કરવાનો નથી. સાચો સંઘ એકલો શ્રાવક અને શ્રાવિકાનો નથી, પણ ભગવાનશ્રી મહાવીરદેવે શ્રાવક, શ્રાવિકા સાધુ, સાધ્વિ એ પ્રમાણે ચાર જુથોનો સંઘ માન્યો છે, તેમાંયે સાધુ સાધ્વિ અગ્રસ્થાને છે, તો હવે વિચાર કરો, કે જે વ્યક્તિ જૈન સાધુ થઇને એવા વચનો બોલે છે કે સંઘની શું સત્તા છે? સંઘ તે શી વિસાતમાં? સંઘને શામાટે માનવો જોઇએ, તો હવે તમે વીચાર કરો કે એ સાધુનું જૈનત્વ કયાં રહ્યું? સાધુ થઇને અથવા શ્રાવક થઈને જે કોઈ સંઘ સત્તાની ના પાડે છે તેનો અર્થ એ છે કે તે પોતાના અસ્તિત્વની ના પાડે છે, એક સંસ્થાનો સભાસદ સંસ્થાની પ્રતિષ્ઠાને નથી માનતો, તેનો અર્થ એ છે કે તે પોતાની પ્રતિષ્ઠા માનવાનીજ ના પાડે છે. નાસ્તિક ધર્મભાવનાથી દુર છે તે મોક્ષ સ્વર્ગ, નર્ક પૂન્ય, પાપ વગેરેને માનતો નથી, પણ તે પોતાના અસ્તિત્વ માટે વાંધો ઉઠાવતો નથી. મારૂં અસ્તિત્વ છે એ બાબતમાં ગમે એવા કટ્ટર નાસ્તિકને પણ મતભેદ નથી. હું છું કે નથી અથવા મારૂં જીવન છે કે નહી, એવો પ્રશ્ન નાસ્તિક પણ નહીજ કરે, તો પછી પોતે સંઘની એક વ્યક્તિ હોવા છતાં સંઘની સત્તા પ્રત્યે દુર લક્ષ કરે, તો એમ માનવું કે તેના જૈનત્વનો લોપ થયો છે. અધર્મી સંઘને હાડકાંનો માળો યા ભયંકર સર્પ કહેવાય છે, એમ હરીભદ્રસૂરી સંબોધપ્રકરણ નામના ગ્રંથમાં કહે છે. પોતે સંઘમાં રહીને જે સાધુ; સંઘને હાડકાનો માળોઅથવા સર્પ કહે છે તે એમ શામાટે કહી શકે છે? આનું સમાધાન ટુંકું છે. એ પ્રમાણે સાધુ સાધ્વિ વીગેરે તે સંઘને દોષ આપી શકે છે કે જે સંઘ ભગવાન મહાવીર દેવના શાસનમાં પ્રવર્તતો ન હોય. સાચો જૈન સંઘ તેજ કહી શકાય કે જે મોક્ષ અને વૈરાગ્યને માટે સદા સર્વદા તૈયાર રહે છે. આવા સંઘને કોઇપણ દોષ આપી શકે નહી, આ સંઘને જે દોષ આપે છે તે માણસ પોતાનું જૈનત્વ ખોઈ દે છે, પણ જો સંઘ, સંઘપણું છોડી દે, તો એ સંઘના, સંઘપણાને લઈને કોઇ મોહ ન પામે તે માટે તેવા સંઘની ટીકા કરવી એ સાધુઓની ફરજ થઈ પડે છે.

સંઘ તિર્થંકરને પણ પૂજ્ય છે, તે પચ્ચીસમો તિર્થંકર ગણાય છે, પણ સંઘ એજ છે કે જે સંસારના બંધનોનો નાશ કરવામાં હંમેશા પ્રવર્તમાન છે, જે સંઘમાં સાધુઓ અને સાધવી એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહત્વના અંગ નથી એ સંઘને તમે કોઇપણ સંજોગોમાં શ્રી જૈનસંઘ કહી શકો નહી એકલા શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય તે જૈનસંઘ છે એવું કોઇપણ જૈન ગ્રંથોમાં કોઇપણ સ્થળે લખેલું કે વિચારાએલું દૃષ્ટિએ પડતું નથી. શ્રાવક અને શ્રાવિકાઓના સ્વરૂપથી માત્ર અર્થવિચાર કરવામાં આવ્યો છે અને તે માટેજ શ્રમણોપાસક અને શ્રમણોપાસીકા એ શબ્દો પ્રવર્તેલા છે જે જે સાધુઓની સેવા કરે છે તે શ્રમણોપાસક છે અને તે પ્રકારની શ્રાવિકા શ્રમણોપાસિકા છે. આથી તમો જોઈ શકશો કે શ્રાવક શ્રાવિકાઓનું સંઘમાં જે મહત્વ છે તે સાધુ સાધ્વીઓના અંતર્ગતપણામાં છે. સાધુની સેવામાં લીન રહેનારો વર્ગ કે જે વર્ગ કાળે કરીને સાધુતા પામનારો છે એવા શ્રાવક વર્ગનુંજ સંઘમાં સ્થાન છે. જેમ જે સીપાઇ પોલીસનો પટો ફેંકી દે છે તે સીપાઈ સીપાઈ તરીકેનું પોતાનું મહત્વ ગુમાવે છે તેજ પ્રમાણે શ્રમણગણની સેવારૂપી પટો જે શ્રાવક શ્રાવિકા ફેંકી દે છે તે પોતાનું જૈનત્વ ગુમાવે છે. જો પટો ફેંકી દેવો હોય તો તમે સંઘમાં રહી શકતા નથી પણ પટો ફેંકી દેવો અને સંઘમાં રહેવું એ બંન્ને વાત એક્કી વખતે બની શકે નહિ. તમે શ્રમણસંઘની સેવા કેટલી કરી તેનું સરવાયું કાઢો જે સીપાઇ પટો કોરાણે મુકે અને હુકમ કરવા લાગે તેનો હુકમ કોઇ માન્ય રાખતું નથી તેજ પ્રમાણે શ્રમણસંઘની સેવાનો પટો તમે ફેંકી દો છો કે તરતજ તમે સંઘમાંથી સ્થાનભ્રષ્ટ થાઓ છો ત્યારે તમે પુછશો કે શું અમને સંઘમાં રહેવાનો અધિકાર નથી? હુ કહું છું કે જરૂર છે તમને સંઘમાં સ્થાન છે પણ તે કેવી રીતે તે સમજો. ફી ભરીને જે લાયસન્સ લે છે તેજ માણસ કોર્ટમાં વકીલાત કરી શકે છે ગમે તેવો માણસ કોર્ટમાં જઈને વકીલ તરીકે ઠસી જવા માંગતો હોય તો તે શકય નથી તેજ પ્રમાણે જો તમારે જૈન સંઘમાં રહેવું હોય તો તમારે જૈન સંઘનું લાયસન્સ લીધેજ છુટકો છે એ લાયસન્સ તેજ શ્રમણ સેવા છે જો તમને શ્રમણોપાસકપણું નથી જોઇતું તો તમને સંઘમાં રહેવાનો પણ હક નથી શ્રમણો પાસક ન હોય તેવા શ્રાવક અને શ્રાવિકા સંઘ હોવાનો દાવો કરે તો તેમનો એ દાવો મિથ્યા છે અને એવા શ્રાવક શ્રાવિકાઓને જો તે બળાત્કારે પોતાને સંઘ કહેવડાવવા માંગે તો તેને હાડકાંનો ઢગલો કહેવાનો પણ શાસ્ત્રકારોને હક છે જેમ બીજાના નામની ખોટી સહી કરવી એ ગુન્હો છે અને એ ગુન્હાના જવાબમાં વધારેમાં વધારે સાત વરસની શીક્ષા રહેલી છે તેજ પ્રમાણે શ્રી સંઘને નામે સંઘમાં રહેવાની લાયકાત નહી રાખનારાઓએ શ્રીસંઘ બનવું એ પણ ગુન્હો છે. તમે કહેશો કે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા એવા શબ્દો અમે સાંભળ્યા નથી કલ્પ સૂત્રમાં "શ્રમણો વાસીયાણાં" એવો પાઠ છે, છતાં બીજી એવી અનેક જગ્યા પર શ્રાવક શ્રાવિકા એવો પણ પાઠ છે પણ પહેલાં એ વિચારો કે શ્રાવક એટલે શું? શ્રદ્ધા વિવેક અને ક્રીયા એ ત્રણેથી જે યુકત છે તે શ્રાવક છે અને તેજ શ્રાવકને સંઘમાં રહેવાનો અધિકાર છે જો આ જાતનું લાયક શ્રાવકપણું ન રાખો તો તમે સંઘમા રહેવાનો હક્ક ગુમાવી દો છો જેમની પાસે શ્રદ્ધા, વિવેક અને ક્રિયા ત્રણેના ખાનામાં એકપણ રકમ જમા થયેલી નથી તેવાઓ હમે સંઘ છીએ એમ કહેવાને બહાર પડે તો સમજવું કે તેઓ શ્રી સંઘની ખોટી સહી કરીને જગતને છેતરનારાઓ છે આ પ્રકારે જેઓ શ્રદ્ધા વિવેક અને ક્રીયાથી યુકત બને તો તેમને સંઘમાં માનવામાં જરાપણ અડચણ નથી. "પંચ પરમેષ્ટિ"ને તમારે માનવા જોઇએ, વધારે સમજ ન હોય તો તે જુદી વાત છે, પણ જૈનતત્વના માર્ગથી પ્રતિકુળતા તો નજ હોવી જોઈએ જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈનત્વને અંગે પ્રતિકૂળ છે એમ માલમ પડે તેને તો શ્રીસંઘમાં કદી પણ સામેલ કરી શકાય નહી, જેનામાં શ્રદ્ધા વિવેક અને ક્રીયા છે, એવો વર્ગ તે શ્રાવક અને શ્રાવિકા. અને શ્રી જીનેશ્વર ભગવાનના વચનમાં અપવાદ વગરની શ્રધ્ધા રાખે છે અને આગમોએ દર્શાવેલું સાધુ જીવન ગાળે છે, તેજ સાધુ સાધ્વિ આવા શ્રાવક, શ્રાવિકા, સાધુ, સાધ્વિ એ ચારે મળીને જે જુથ થાય છે તેનુંજ નામ જૈન સંઘ. ભગવાનની ભકિતપૂવર્ક શ્રી સિધ્ધગિરિનો ભકિતભાવપૂવર્ક સંઘ નીકળતો હોય અને એ સંઘ જેઓ પીકેટીંગ કરવા તૈયાર થઈ જાય તેવા છકી ગયેલા માણસોને પણ તમે જૈન સંઘમાં ગણુવા માંગતા હોતો સમજી લો કે તમને સંઘની પવિત્રતાનો ખ્યાલજ નથી જૈન શાસનમાં સદા સર્વદા અનુકુળ રહેનારા, સદા સર્વદા શાસ્ત્રનેજ પ્રમાણ માનનારા અને પંચ મહાવ્રતને ધારણ કરેલા એવા સાધુઓને જે પઠાણ કહે છે, જૈન શાસ્ત્રો કે જે જગતના સાહિત્યમાં આગમને નામે ઓળખાય છે એ આગમોને બંડખોરોના ફતવા કહે, તેને તમે સંઘમાં ગણી શકતા નથી. સંઘની વિસ્તારપૂવર્ક આ રીતે વ્યાખ્યા કરૂં છું તેનું કારણ એ નથી કે જે સુધારકો સાધુ સંસ્થા પર ટીકા કરે છે તેમની જોડે હું વિરોધ વધારવા માંગુ છું. મારા કથનનો આશય તો એ છે કે હું તમને જૈન સંઘ એટલે શું તેજ માત્ર સમજાવવા માંગુ છું. અલબત્ત કદાચ શાસ્ત્રિય જ્ઞાનની અજ્ઞાનતાને લીધે જૈનત્વના બરાબર આચાર વિચાર પાળી શકાતા ન હોય, તો ભલે; પણ જૈનત્વના આચાર વિચારોનો, પ્રભુકથિત માર્ગનો આગમોએ દર્શાવેલા રસ્તાનો જે વિરોધ કરે છે તેને તો એ સંઘમાં પૈસા ભારનું પણ સ્થાન નથી, શ્રમણ સંઘની ભકિત કરવામાં અશકિતએ કે બીજા કારણે અપુર્ણ રહે, જિનવંદન નિયમિત ન થઈ શકે સામાયિક પ્રતિક્રમણ પણ નિયમ પ્રમાણે ન થઇ શકે તે બધું ચાલે ખરું, પણ જેઓ જૈન આગમ એટલે જૈન શાસ્ત્રો તેનોજ નાશ કરવામાં માંગે છે તેને તમે જૈન સંઘમાં ઘડીભરમાં પણ ઉભેરાવી શકો નહીં. જે માણસ શાસ્ત્ર કથિત આચાર વિચારોનો ત્યાગ કરે છે, તે માણસ જાતેજ સંઘમાંથી રાજીનામું આપી છુટો થાય છે. એટલે તેનો બહિષ્કાર કરવાની વાતજ સંભવિત નથી. જેમને સાધુ સંસ્થાને ઉચ્છેદ વળી શાસ્ત્રો ખોટા છે અથવા તેમાં વિકાર થયો છે એમ લખવું અને સંઘમાં પણ રહેવું એ કદી બની શકે નહી, જે શ્રદ્ધા વિવેક અને ક્રીયાને રાખે છે તેવાજ વર્ગને શ્રાવક અને શ્રાવિકા ગણેલો છે અને એ શ્રાવક શ્રાવિકા અને સાધુ સાધ્વી મળીને જૈન સંઘ થાય છે. ધર્મ ઉપરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહેનારાઓ શાસ્ત્રદષ્ટિએ સંઘમાં ગણાય નહી અને એવા જો પોતાને સંઘ તરીકે જાહેર કરે તો તેમને માટે શાસ્ત્રકારોએ સંઘ નથી પણ હાડકાનો ઢગલો છે એવું વાકય વાપરે તો તે ઉચિત છે. પરલોકના હિતની બુદ્ધિએ ભગવાન શ્રી જીનેશ્વર દેવનું વચન જેઓ સાધુઓ પાસે સાંભળે છે, તેનું નામ પણ શ્રાવક સમ્યકૃત્વાદિ સહીત ઉંચામાં ઉંચી સમાચારી શ્રવણ કરે તે પણ શ્રાવક છે. આવા શ્રાવકોના જુથને કોઈ પણ માણસ હાડકાનો ઢગલો કહી શકે નહી આ જુથ તે ખરેખરો જૈન સંઘ છે. જેઓ સમ્યકૃત્વને નામે શુન્યના અધિકારી છે, વિરતિને ઓળખતા નથી ઓળખવા માંગતા પણ નથી સાધુ પાસે આવવાની ઇચ્છા સરખી પણ નથી. રાજદ્વારી મીટીંગોમાં જવાનો વખત છે પણ પર્યુષણ જેવા મહાપર્વમાં પણ જેમને ઉપાશ્રયમાં આવવાની ઈચ્છા નથી તેમને કોઇ પણ માણસ સંઘમાં ગણી શકે નહી. એટલુંજ નહી પણ તેને સાચો શ્રાવક પણ નજ ગણી શકાય. જો તમારે શ્રાવક થવું હોય તો શ્રાવકની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતમાં આવો. તમારા કૂળમાં શાસ્ત્રથી સિદ્ધ થયેલી એવી જૈન ધર્મની શાહુકારી પડેલી છે એ શોભાવો અને શ્રાવકનો આચાર વિચાર પાળીને શુધ્ધ શ્રાવક બનો. તો પછી તમને સંઘ બહાર કાઢવાની ઇન્દ્રમાં પણ શક્તિ નથી. આથી ઇન્દ્રને દેવતા દ્વારા થયેલા પ્રશ્નના જવાબમાં ઇન્દ્ર કહે છે કે "મુર્ખ શાહુકારના કૂળમાં જાઉં કે શાણા શાહુકારના કૂળમાં જાઉં તેનો વિચાર કરૂં છું." એ કેવળ વાસ્તવિક ઠરે છે. હવે તમે સમજી શકશો કે શ્રાવકને ત્યાં જન્મ ધારણ કરેલો જીવ કેવળ મોક્ષની ઇચ્છા રાખનારો છે. તેને ભરોસો છે કે તમે તેના આત્માનું લાલન પાલન કરવા બંધાયેલા છો. નૌકારસીમાં, સ્વામી વાત્સલ્યમાં જમવા માટે જેઓ ગયા છે તે જવાનો અર્થ એ છે કે તમે શ્રાવકપણાને વફાદાર રહેવાને કબુલ્યા છો.

તમે જો શ્રાવકપણાને વફાદાર રહેવા કબુલ્યા છો, તો તમારી ફરજ છે કે શ્રાવકના બધા ધર્મ તમારે પાળવા જોઇએ. એ રીતે તમે તમારી સંતતિને પાકો શ્રાવક બનાવવા બંધાયલા છો, જો આ પ્રમાણે તમે બંધાયેલા હોવા છતાં તમે તમારો એ ધર્મ નહી બજાવો, તો તેનો અર્થ એ છે કે તમે તમારા બાળક પ્રત્યે વિશ્વાસઘાતી થયા છો. તમે સ્વામીવાત્સલ્યમાં જે જમણ લો છો તે તમે સંઘને નામે લો છો, તો એથી સંઘ પ્રત્યે તમારી ફરજ સાબીત થાય છે. સંઘને માટે તમારી જે ફરજ છે તે ફરજ અદા કરતાં તમે ભુલ કરો તો તેનું પરીણામ એ આવે કે પગાર લેવાની વખતે નોકર તૈયાર રહે પણ કામની વખતે ગેરહાજર રહે, તેવામાં તમારી ગણત્રી થાય. આવાં નોકરને તમે કઇ સ્થિતીમાં ગણો છો? એજ પ્રમાણે તમે જન તરીકે સંઘમાં જમી આવો અને સંઘ તરફની ફરજના બદલામાં બાળકનામાં સંસ્કાર ન નાંખો, તો એનું પરીણામ એ આવે કે તમારી ગણત્રી પણ બેવફા નોકરમાં થાય. જૈન બાળ બચ્ચાંને દરેક માબાપોએ ત્રણ સંસ્કાર નાંખવા જોઇએ.

ઉપર જણાવેલાં ત્રણ સંસ્કાર બાળકને કયારથી આપવા? જવાબ એ છે કે બાળક સમજણો થાય ત્યારથી, બાળક સમજણમાં આવે કે તરતજ તેને જૈનત્વના પહેલાં પગથીયા રૂપ ત્રણ સંસ્કારનું જ્ઞાન આપવું ઘટે છે. જૈન માબાપોએ પોતાના બાળકોમાં ધર્મના જે ત્રણ સંસ્કાર નાંખવા જોઇએ, તે નાંખ્યા નથી. જગતના સ્વચ્છંદી વાતાવરણમાં તેને ઉછેરવા દીધો છે. અને જગતના વાતાવરણમાં તમે તેને મોહ પામતો કીધો છે. આ સ્થિતીનું પરીણામ એ આવ્યું છે કે તમે પોતે વ્યાખ્યાનમાં આવો છો, વ્યાખ્યાન સાંભળો છો અને તેમાંથી જેટલું તત્વ જીવનમાં ઉતારાય તેટલું ઉતારવાનો પ્રયત્ન કરો છો. પણ તમારા બાળકનામાં આ બધામાંનું કંઈજ નથી. બાળકો ધર્મના સંસ્કાર વગરના બન્યા છે, તેનું કારણ આપણી બેદરકારી છે. જગતના વ્યવહારનું શિક્ષણ તમે બાળકોને આપો છો. તમે તેમને જગતના વ્યવહારનું શિક્ષણ આપો, તે તમારી દૃષ્ટિએ તમે સારૂં કરો છો. પણ એકલા એ શિક્ષણથી બચ્ચાંના આત્મ કલ્યાણનો હેતુ પાર પડતો નથી. અને જ્યાંસુધી એ હેતુ પાર ન પાડો ત્યાંસુધી તમે તમારી ફરજ બજાવી છે એમ ગણી શકાય નહી. બાળકનામાં આરંભથી ધાર્મીક સંસ્કાર કેળવવા જોઇએ. જગતના વ્યવહારમાં પ્રવૃત્તિ કરતી વખતે પણ તેને એ વાતનો ખ્યાલ રહેવો જોઈએ કે પોતાનું જે આત્મતત્વ છે તેનું સંરક્ષણ થવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઇએ. જો તેને આ વાતનો ખ્યાલ ન રહે, તો તે જૈન ધર્મ જેવો ઉંચી ભૂમિકાનો ધર્મ પાળી શકે નહી. વિદેશી અને વિધર્મી બાળકો જોડે જ્યારે આપણે આપણા બાળકોને સરખાવીએ છીએ, ત્યારે તેમના ધર્મપ્રેમની આગળ આપણા બાળકોનો ધર્મપ્રેમ ટકી શકતો નથી. તેમને તેમના ધર્મના મૂળભુત સિધ્ધાંતો પર જેટલો પ્યાર છે, તેટલો આપણા બાળકોમાં જણાઇ આવતોનથી. આ બધાનું કારણ તેમનું ધાર્મિક શિક્ષણ છે. જો તમે આવું ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત ન કરો તો તમારા બાળકોને તમે ધર્મમાં દ્રઢ રસ લેતા બનાવી શકો નહી, આને પરિણામે ધર્મની અને ધર્મના અનુષ્ઠાનોની જેટલી લગની તમને છે તેટલી તમારા બાળકોને રહી શકે નહિ. આ સ્થિતિ સુધારવી તમારા હાથમાં છે. તમારૂં પોતાનું જીવન ધર્મમય હોય, તમારૂં હૃદય ધર્મના સંસ્કારોથી દ્રઢ બનેલું હોય અને એવી ઉત્તમ દ્રઢતા તમે કેળવી હોય તો પછી તમારૂં બાળક પણ ધર્મના સંસ્કારોથી ભરેલું હોવુંજ જોઇએ. તમારી ફરજ છે કે તમારે તમારા બાળકને કેવળ દુન્યવી મોહમાયામાં ન રાખતાં તેને આત્માનું કલ્યાણ કરનારૂં શિક્ષણ પણ આપવું જોઇએ. જૈનને ત્યાં જન્મેલો બાળક એવો વિશ્વાસ ધરાવે છે, અને છતાં જ્યારે તમે એ વિશ્વાસને વફાદાર ન રહો તો એનો અર્થ એ છે કે તમે તમારા બાળક પ્રત્યે બેવફા થયા છો અથવા વિશ્વાસઘાતી થયા છો. બાળકની કેળવણી પાછળ આજે ઘણો પરિશ્રમ લેવામાં આવે છે, બાળ કેળવણી માટે ઠેકાણે ઠેકાણે નવી સંસ્થા ઉપસ્થિત થાય છે. મોટી સંખ્યામાં અનેક ઠેકાણે શાળાઓ પાઠશાળાઓ અને વિશ્વવિદ્યાલયો ખુલેલાં છે. પણ એ સંસ્થાઓમાં શિક્ષણ લેનારાઓમાંથી કેટલા રત્નો પાકયા? દેશ કે ધર્મનું કેટલાએ ભલું કર્યું? સમાજની આત્મિક ઉન્નતિ માટે કેટલાએ યત્ન કર્યો? આ બધાનો ઉત્તર સંતોષકારક નથી. ત્યારે જો તમારે તમારા બાળકોને ખરેખર ધર્મની વૃત્તિથી ભરપૂર બનાવવા હોય; તો તેને માટે શું પ્રયત્ન કરવો એ પ્રશ્ન આપણી સામે ઉભો થાય છે; આનો નિકાલ લાવવો સ્હેલો છે. બાળકોને ધાર્મિક શિક્ષણમાં એ સંસ્કાર નાખવા જોઇએ કે, **જીવ અનાદિનો છે, ભવપરંપરા અનાદિની છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે.**

**કેળવણીનો દોષ** જે બાળકને ગળથુથીમાં આ સંસ્કાર પડતા હોય તે બાળક મોટો થયા પછી કદીપણ જૈનત્વને બેદરકાર રહી શકે નહી. ગમે તેવા કઠીન સંયોગોમાં તેને મુકવામાં આવે તો પણ તેઓ પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખશે, અને ધર્મ પ્રત્યે બેદરકાર થઈ શકશે નહિ.

હવે એકલો કેળવણીનો દોષ કાઢીને પણ તમે છટકી જઈ શકો નહી, આજની કેળવણી અને આજનું વાતાવરણ કલુષિત બનેલાં છે, એ વાત કબુલ છે. પણ એક પ્રશ્ન એ છે કે એ કેળવણીનો દોષ મુસલમાન, પારસી, ખ્રિસ્તી એ કોઇનેજ નથી લાગતો અને શામાટે આપણનેજ લાગે છે. વર્તમાન કેળવણીને લઇને ખ્રિસ્તીઓએ જોઇએ તેટલી ઐહિક પ્રગતિ કરેલી છે, પણ તેમાંથી કોઇપણ પોતાના ધર્મશાસ્ત્રને બેવફા નિવડયા નથી. પોપ કે મહમ્મદને કોઇએ બદમાસ કે જુલમગાર કહ્યા નથી અને જૈનોમાંજ એવા માણસો નીકળી આવ્યા છે કે જેમણે સાધુ, શાસ્ત્ર અને સર્વજ્ઞની નિંદા કરવા માંડી છે. આનું કારણ શું? હિંદુસ્થાનમાં હવે તો મુસલમાનો પણ કેળવણીમાં આગળ વધતા જાય છે, અને તેમની પણ ઝપાટાબંધ પ્રગતિ થતી જાય છે. છતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે જોઇએ છીએ કે તેમના શિક્ષિત વિદ્વાનોએ ધર્મનો દ્રોહ કર્યો નથી, પરંતુ તેમણે પોતાના ધર્મને, ધાર્મિક પ્રથાઓને પાળી પોષીને ઉત્તેજી છે. મુસલમાન જનતામાં તેમના શિક્ષિત યુવાનોએ અપૂર્વ બળ અને શકિત આણ્યા છે. મુસલમાન બાળકો પહેલાં કુરાન ભણે છે, ખ્રિસ્તિઓ પોતાના બાળકોને બાઇબિલની સુવાર્તાઓ શીખવે છે, પારસીઓ પણ પોતાના બાળકોને ધર્મ યોગ્ય અવસ્થાની ગાથાઓ ભણાવે છે, હિંદુઓમાં બાળકોને ગાયત્રી શીખવાડાય છે. માત્ર આપણેજ એક એવા છીએ કે આપણા બાળકોને કોઇપણ જાતનું ધાર્મિક શિક્ષણ કે ધાર્મિક જ્ઞાન આપતા નથી. આ બધાનું પરિણામ એ આવ્યું છે કે આત્મિકપ્રગતિ તો દુર રહી પરંતુ દુન્યવી પ્રગતિ પણ આપણે કરી શકયા નથી. રાજ્સંસ્થામાં પ્રતિભા પડે એવી આપણી સ્થિતિ રહી નથી, જો તેવી સ્થિતિ રહી હોત તો શત્રુંજય જેવા પ્રકરણમાં આપણને અસહ્ય અન્યાય નહી મળ્યો હોત.

આ બધાનો ઉપાય એકજ છે કે ધાર્મિક કેળવણીની સંસ્થાઓ સ્થાપીને તેની પ્રગતિ કરવી જોઇએ, પિતા ભણાવે નહી અને છોકરૂં મુર્ખ રહે તો એમાં વાંક કોનો ? માબાપનો કે બચ્ચાંનો ? જવાબ એકજ છે માતાપિતાનો. આવો દોષ ટાળવા માટે દરેક જૈન માતા પિતાએ પોતપોતાના બાળકોને દઢતાપૂર્વક ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ ત્યારે ફરી વિચારકરો કે જૈન બાળકોને જે ગળથુથી આપવાની છે તે કઇ ગળથુથી છે ? તે એજ છે કે આત્મા અનાદિ છે, ભવપરંપરા અનાદિ છે અને કર્મ સંજોગ પણ અનાદિ છે. બાળક સમજણ લાયક થયા પછી તમે આ વસ્તુ તેના દિલમાં બરોબર ઠસાવશો, તો એનું પરિણામ એ આવશે કે તે સમસ્ત જીંદગીમાં કદી પણ ધર્મથી વિમુખ થઇ શકશે નહી. આજે ધર્મ સુધારણાને નામે ધર્મદ્રોહના અનેક કામો થાય છે. પોતાને સુધારક કહેવડાવનારા જૈન શાસનની અનેક પ્રકારે નિંદા કરી રહ્યા છે; અને તેને યોગે જગતના બજારમાં જૈનત્વ હલકું પડતું જાય છે. ધર્મ પ્રત્યેની આજના યુવકોની બેદરકારી માટે તમે કોને જવાબદાર લેખો છો ? એ બધાની જવાબદારી એ યુવાનોના માતાપિતા ઉપર છે. જો માતાપિતાએ આગળથી વિચાર કર્યો હોય, પોતાના બાળકોને ધાર્મિક કેળવણી આપી હોય, તો વડોદરાના દીક્ષા પ્રતિબંધક કાયદા જેવા કાયદાને ટેકો આપનારા જૈનોજ ન નીકળે. હજી પણ મોડું થયું નથી, જો તમે ચેત્યા હો, જો આ સ્થિતિ તમોને સાલતી હોય, તો હજુ પણ તમારો ધર્મ છે કે તમારે તમારા બાળકોના આત્મિક હિતની કાળજી રાખવી જોઇએ.

આ બધાનો સાર એ છે કે આપણી સમાજે એવી યોજના કરવી જરૂરી છે કે દરેક ગામવાર અથવા ઘટતે સ્થળે ધાર્મિક પાઠશાળાઓ હોવી જોઇએ, એ પાઠશાળાઓની વ્યવસ્થા જળવાવી જોઇએ. જૈન ધનિકોએ ઘણાજ પ્રેમથી અને પૂરતી ઉદારતાથી એ પાઠશાળાઓને સંભાળવી જોઇએ, અને પ્રત્યેક બાળકોને એ પાઠશાળા દ્વારા જૈન ધર્મની કેળવણી મળવી જોઇએ. જો બાળકોને આવી કેળવણી મળ્યા કરશે તો પછી કોઈપણ પ્રકારે જૈન બાળકોને ધર્મભ્રષ્ટ થવાનો પ્રસંગ રહેશે નહી સઘળા જૈનો પોતાની આ ફરજ બજાવે અને સાચા જૈન માતાપિતા બને એ ઇચ્છવાયોગ છે. આર્ય ભવની દુર્લભતા પણ દશ દ્રષ્ટાંતો એ જણાવી છે, એટલે આપણે માનવું પડશે કે મનુષ્ય તરીકે મનુષ્યો સરખા છે, છતાં તેમાં પણ ઉત્તમ કુળ રહેલું છે, પશુઓ કરતાં મનુષ્ય જાત જુદી છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં તે બંન્નેને પાંચ ઇન્દ્રિઓ રહેલી છે, એટલે પાંચ ઇન્દ્રિઓવાળા મનુષ્ય અને પશુ બેઉ સરખા છે, પણ તેથી મનુષ્ય અને પશુ બન્ને સરખા છે એમ આપણે કહી શકતા નથી, બન્નેમાં આત્મા હોવા છતાં બંન્નેને ક્ષુધા આદિ વિકારો હોવા છતાં, અને બંન્ને મરણના ભયથી ડરતા હોવા છતાં તે વાત તો ખુલ્લીજ છે કે પશુ કરતા મનુષ્ય ઉત્તમ છે. ટાઢું, ઉનું, લીસું, ખરબચડું, તમને અને જાનવરને બંન્નેને લાગે છે. સ્વાર્થ પણ બંન્નેને માલમ પડે છે. સુંદર દેખાવવાળી વસ્તુઓ પશુ અને મનુષ્ય બંન્નેને ગમે છે, સંગિતનો શબ્દ બંન્નેને ગમે છે કડવો શબ્દ બંન્નેને ખરાબ લાગે છે, કામ ક્રોધાધિ ઇન્દ્રિઓના જે વિષયો છે તે મનુષ્ય અને પશુ બંન્નેને પ્રિય છે બંન્નેમાં બુદ્ધિ રહેલી છે અને ઇન્દ્રિઓના વિષયોના વિકાર પણ તે બંન્નેમાં રહેલા છે.

**પશુ ઉત્તમ કે મનુષ્ય ?** શીયાળામાં આપણે જ્યારે તડકો પસંદ કરીએ છીએ ત્યારે જાનવરો પણ તેને પસંદ કરે છે. ઉનાળામાં આપણે તડકાને હેરાનગતીકરનાર માનીએ છીએ તેમ જાનવરો પણ તેને હેરાનગતીરૂપ માને છે. શરીરની શક્તિ કરતાં વધારે પડતો બોજો આપણે સહન કરી શકતા નથી, તેજ પ્રમાણે પશુઓ પણ વધારે પડતો બોજો સહન કરી શકતા નથી, બેહદ બોજાથી જેવી હાડમારી આપણને ભોગવવી પડે છે તેવીજ પશુઓ પણ ભોગવે છે, એમ સમજશો નહિ કે માત્ર મનુષ્યનેજ સ્વાદ છે અને પશુઓને નથી પશુઓમાં પણ લીલી શાકભાજી ખાવાની છોડીને લીમડાના પાંદડાં ખાવા જાય એવું કોઇ પશુ આપણે જોયું નથી. ઉંટ જેવું પ્રાણી જે બીજી કોઇ પણ વસ્તુને છોડતું નથી તેવું પ્રાણી પણ તમાકુના ખેતરમાં ચરવા જતું નથી, તે ઉપરથી તમને માલમ પડશે કે તેને પણ સ્વાદ પ્રિય છે, પ્રાણીને પણ કડવી ચીજ ભાવતી નથી, આંબાને વાડ કરવી પડે છે, પણ લીંમડાને વાડ કરવી પડતી નથી જીભનો મોહ જેવો તમને છે, તેવો પશુઓને પણ છે અને જેવી સ્વાદની બાબતમાં પશુની પ્રવૃત્તિ છે તેવી તમારી પણ છે, અમુક વસ્તુ ખાવી અને અમુક નહિ ખાવી એ વિવેક જેવો માણસોમાં છે તેવો પશુઓમાં પણ છે. ગાય, ભેંસ, બળદ ઇત્યાદિ સઘળા પશુઓને મીઠી વસ્તુ પ્રિય છે, કડવી કોઇને પ્રિય નથી, બધા આનંદને ઇચ્છે છે, પણ કોઇને દુઃખ ગમતું નથી, એક રીતે કહીએ તો પશુઓ કરતાં મનુષ્યની સ્થિતિ કોઇ પણ રીતે વધારે સારી નથી, પશુઓ ઝેરી પદાર્થોને માત્ર સુંઘવાથી પારખે છે એ શકિત માણસોમાં નથી. કુતરામાં એવી શકિત છે, કે તે જરાવારમાં સ્વાસ વડે પદાર્થના ગુણદોષ પારખી લે છે, તમારે માટે તે અશકય છે. સીકા પર રહેલી ચીજ ખારી છે, ખાટી છે, કે મીઠી છે, તે તમે પારખી શકતા નથી; પણ કીડી એ ઝપાટામાં પારખી કાઢે છે, કે અમુક ઠેકાણે મીઠી વસ્તુ મુકેલી છે. જો ઇન્દ્રિઓથી વધારે ઓછી બુદ્ધિનું માપ નીકળી શકતું હોય તો એમ કહેવાને વાંધો નથી કે મનુષ્ય કરતા પશુ બુદ્ધિમાં ચઢીયાતું છે. એક સ્પર્શનુંજ ઉદાહરણ લો પોતાને અમુક વસ્તુનો સ્પર્શ થયો છે, એ પશુઓ ઝપાટામાં પારખી કાઢે છે, જ્યારે મનુષ્ય તે પારખી શકતો નથી, અર્થાત ઇન્દ્રિઓના વિષયોને અંગેજ ઉત્તમતા ગણાતી હોય તો માણસ ઉત્તમ નથી, પશુ ઉત્તમ છે, ત્યારે મનુષ્યને ઉત્તમ કેમ ગણવામાં આવે છે ? મનુષ્ય જે માનને પામે છે, તે શાથી પામે છે, એવિચારવું જોઇએ, જેની પાસે વધારે ચાંદી છે, જેની પાસે વધારે સુવર્ણ હોય, જેની પાસે મોતી આદિ ઝવાહીર હોય, તે માણસને તમે સન્માનને પાત્ર ગણો છો જો એ માણસ દ્રવ્યથી સન્માનને પાત્ર હોય તો હીરા મોતી વિગેરે કેટલા સન્માનને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાત્ર હોવા જોઈએ? આ બધી વસ્તુઓ જડ છે, એટલુંજ નહી પણ તે આત્માને કોઈપણ રીતે ઉપયોગી થઈ શકે એવી નથી, મરણ આવીને ઉભું હોય તો હીરા કે મોતીનો ભંડાર એ મરણ અટકાવી શકતું નથી, આગ લાગી હોય તો સુવર્ણના ભંડારથી આગ શાંત કરી શકાતી નથી. અપૂર્વ તરસ લાગી હોય મીઠા પાણીનો અભાવ હોય અને પાસે ઘુઘવતા મહાસાગરમાં પાણીના મોજાં ઉછાળા મારતા હોય તો હીરાનો હાર એ ખારા પાણીને મીઠું બનાવી શકતું નથી, તો પછી મને સમજ પડતી નથી કે તમે વધારે સોનાવાળા વધારે ચાંદીવાળાને કે મોટા શ્રીમંતને સન્માન આપવાનું કેમ સમજો છો? પણ તમે જે સન્માન આપો છે, તે સન્માન દુનીયાદારીની રીતે આપો છે પણ એ સન્માન આપતાં તમે ખુબ યાદ રાખો કે તમે ખરી વસ્તુને ભુલી જાઓ છો એનો અર્થ એ છે કે દશ રૂપીયાની એક મુદ્રિકાને સાચવવા, તમે એક દશહજાર રૂપીયાનો સુવર્ણ જડેલો દાબડો રાખો છો. અર્થાત હું કહેવા માંગું છું કે બે રૂપીયાની વસ્તુ સાચવવા બારસો રૂપીયા ખર્ચીને પઠાણોની જબરી ફોજ નિભાવવા જેવું આપણે કરીએ છીએ. મૂળ વસ્તુને આપણે ભુલી જઈએ છીએ અને તેને બદલે ઉપરના દેખાવ ઉપર આપણે મોહ પામીએ છીએ, શ્રીમંત માણસને જે સન્માન અપાય છે તે સન્માન પણ આજ પ્રકારનું છે, તેના આત્મામાં મેલ રહેલો હોય, હૃદય ગમે એટલું કાળું હોય, ગમે તેવા પાપો પ્રતિદિવસ કર્યે જતો હોય તો પણ જગત તેની દરકાર કરતું નથી અને તેની પાસે પૈસા છે અથવા અધિકાર છે એટલુંજ જોઇને સમાજ તેનાથી મોહ પામે છે, અને તેને બેહદ માન આપે છે, આ બધી મુર્ખાઇઓ છે. શ્રીમંત માણસોને આવું સન્માન અપાય છે એ સન્માન જો તે માણસમાં માણસાઈનો કંઈ પણ અંશ ન હોય તો તેણે સ્વીકારવું પણ નજ જોઇએ, કારણ કે તમે એ માણસને જે સન્માન આપો છો તે શું તેના વ્યક્તિત્વને માટે છે? નહિ, એ સન્માન તમે તેના દ્રવ્યને આપો છો, જો એવા પાસે દ્રવ્ય ન હોય તો તમે એની સામે પણ ન જુવો.

**પુરૂષ મોટો કે પૈસો?** શ્રીમંતાઈને લઈને કોઇ માનપાત્ર લેખવો નજ જોઈએ, પણ આજે તો માન પામનાર અને માન આપનાર બંન્ને આ પ્રકારની ભૂલો કરી રહ્યા છે. પરંતુ એ ભુલ સુધારીને તમારે સાચું સન્માન આપતાં શીખવાની અનિવાર્ય જરૂર છે, જો તમે આવું સાચું સન્માન આપતા શીખશો, તો તમે જેને એવું સન્માન આપશો, તેનું પણ હિત થશે અને તમારૂં પણ હિત થશે એ સાચું સન્માન તે આત્માનું સન્માન છે જેના આત્મામાં આત્માનો વિવેક પ્રગટ થયો છે. તેવાના આત્મા વાસ્તવિક સન્માન લેવાને યોગ્ય છે, તેને તમે સન્માન આપો એમાં જરા પણ વાંધો નથી, એટલુંજ નહિ, પણ એ રીતે સન્માન આપીને તમારી જાતને પણ ધન્ય બનાવો છો જેના આત્મામાં આવી જાતનો વિવેક છે, તેજ આત્માવાળું શરીર એને તમે ઉત્તમ મનુષ્ય કહી શકો છો. જો આત્મામાં વિવેક ન હોય તો તમે બીજી રીતે ગમે એટલા આગળ વધેલા હો, શ્રીમંત હો, દ્રવ્યવાન હો, પણ તમારી એ બધી મહત્તા નકામી છે, મહત્તાની ઉત્તમતા ત્યારેજ છે. જ્યારે આપણો આત્મા સંસ્કાર પામેલો થાય એ સંસ્કાર વગરનું સર્વ કાંઇ નકામું છે. તમે, સંસારમાં રચેલા પચેલા ભલે રહો પણ છતાં તમારે એ વાત તો વીચારવીજ જોઇએ કે આજે શ્રીમંતને જે માન મળી રહ્યું છે તે કેટલે દરજ્જે યોગ્ય છે? માન તેને નથી, પણ તેના દ્રવ્યને મળે છે, એ માન સુવર્ણને છે, સુવર્ણનો પાટ તમે દીલ્હીમાં વેચો, આફ્રીકામાં લઇ જઇને વેચો, કિંવા ઇંગ્લાંડના બજારોમાં તેની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હરરાજી કરો તો પણ એની કીંમત ઉપજવાની છે. એક શ્રીમંત પાસે કરોડો રૂપીયાનું ઝવાહીર હોય, અને એ શ્રીમંત મરણ પામે એથીએ ઝવાહીરની કીંમત ઘટી જતી નથી, એની કીંમત તો જેમની તેમજ રહે છે હવે ત્યારે મનુષ્યના શરીરનો વિચાર કરો, મરણ પછી શરીરની કશીજ કીંમત નથી, એટલુંજ નહિ, પણ તે સગાંસબંધીઓને માટે ભારરૂપ છે.

**આત્માનું સન્માન.** મનુષ્યની જે કીંમત થાય છે, તે તેના દ્રવ્યને લીધે થાય છે, લક્ષાધિપતિ આજે પુંજાતો હોય, સર્વત્ર સન્માન પામતો હોય, હજારો રૂપીયા મેળવતો હોય, તો તેની કીંમત ગણાય છે, પણ કાલેજ જો તેની એ સંપત્તિ જતી રહી, તો તે ખલાસ તેનો તમે રતીભારનો પણ તોલ રાખતા નથી. હુ તમને કહું છું કે શું આ તમારી ભૂલ નથી? તમે મુળ વસ્તુ ઓળખવાને બદલે તમે તેના કવરને ઓળખવા મંડો છો જ્યારે મનુષ્ય શ્રીમંત હતો ત્યારે, તે સન્માનને પાત્ર હતો, માનનીય હતો, તેને તમે પૂજવા યોગ્ય ગણુતા હતા, અને એનો પૈસો જતો રહ્યો એટલે શું તેના સદ્ગુણુનો નાશ થયો છે? નહી, પણ તે છતાં એવા ગરીબને તમે ઓળખતા નથી, એ ઉપરથી લાગે છે કે તમે માણુસનો સ્નેહ રાખતા નથી, પણ પૈસાનો સ્નેહ રાખો છો. આ વૃતિને ભુલી જાઓ અને મનુષ્યત્વનું, એટલે આત્માનું સન્માન કરતાં શીખો. વ્યવહારમાં આપણે જોઈ ગયા છીએ કે, મનુષ્યને માન નથી, પણ વૈભવને માન છે. વળી કેટલીક વાર એક વસ્તુની સામાન્ય રીતે જે કીંમત નથી ઉપજતી તેનાથી અમુક સંજોગોને લીધે તેની વધારે કિંમત ઉપજે છે, નદીનો પ્રવાહ ઉછાળા મારીને દોડતો હોય ત્યાં આગળ શેર પાણીની કીંમત નથી, પણ એક પાણીનો લોટો સહરા કે કચ્છના રણમાં મુકો, હવે પછી કલ્પના કરો કે એક લક્ષાધિપતિ માણુસ અત્યંત તરસથી પીડાતો રણમાં જાય છે, ત્યાં તેને પાણીનો છાંટો પણ મળતો નથી, તરસથી ગળું સુકાય છે; અને મરવાની તૈયારી ઉપર આવી રહે, ત્યાં તેને કોઇ હજાર કે દશ હજાર રૂપીયા લઇને એક પાણીનો લોટો આપવા તૈયાર થ.ય, તો પણ જરૂર એ લોટો ગમે તેટલી કીંમતે ખરીદી લેવાય, અહીં કરોડોની કીંમત એ કોનું મુલ્ય થયું? પાણીનું? ના એક લોટા પાણીની કંઇજ કીંમત નથી એક લોટો પાણી તમે જોઇએ એટલું, જોઈએ એટલી વાર ઢોળી નાંખી શકો છો. ત્યારે આ લોટા પાણીની કીંમત કેમ થઇ? જવાબ એ છે કે સંયોગને અંગે, પાણી રણુના પ્રદેશમાં પહોંચી ગયું, તેથી તેની કીંમત વધી, અર્થાત્ રણુના સંયોગથી પાણીની કીંમત વધી, પણ મનુષ્યની કીંમત તમે એવા સંયોગથી પણ વધારતા નથી, કોઇ માણુસના ઘેર દ્રવ્યનો ભંડાર ભરેલો હોય તો તેને ભાગ્યશાળી લેખો છો, અને જો તે ન હોય તો તેને નિર્ભાગી માનો છો. કોઈ વ્યકિતને ત્યાં આઠ દશ ખાનારા હોય તો તરત તમે કહેશો કે બીચારાને ત્યાં આટલા ખાનારા છે કોઇને ઘેર પાંચપચીસ ગાયો, બળદો કે ભેંસો હોય તેથી તમે તેને બીચારો માનતા નથી પણ જો તેને ત્યાં આઠ દશ માણુસો ખાનારા હોય તો તરત તમે કહેશો કે એ બીચારો શું કરે? તેને ત્યાં તો આટલા ખાનારા છે, અર્થાત માણુસોનો સંજોગ એને પણ તમે સારો માનતા નથી બીચારાને ત્યાં દશ માણુસો છે એમ તમે કદી બોલતાં અચકાતાં નથી, સોનાવાળાને તમે બીચારો કહેતા નથી, પણ માણુસવાલાને બીચારો કહો છો એનો અર્થ એ છે કે માણુસના સંજોગ કરતાં સોનાનો સંજોગ તમને વધારે વ્હાલો છે. સંજોગથી અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંયોગ વગર વસ્તુની જે કીંમત થાય છે તેજ તેની સાચી કીંમત છે, હવે મનુષ્યને અંગે જો તે દ્રવ્યવાન હોય તો તેની કીંમત કરો છો, અને દ્રવ્ય ન હોય અને તેને ઘેર માણસોનો મોટો જથ્થો હોય તો તેને બીચારો ગણો છો આ રીતે મનુષ્યની કીંમત ભારરૂપે કરી મુકી છે.

**આત્માની કિંમત.** મનુષ્ય એ ઈન્દ્રિઓના વિષયોની અપેક્ષા એ મોટા ગણાવાને લાયક નથી, તે મનુષ્ય ઉત્તમ નથી કે જેની પાસે અપાર દ્રવ્ય હોય જે દેખાવમાં સુંદર હોય, જે વિવિધ વિલાસોને સેવનારા હોય તે માણુસ ઉત્તમ નથી. પણ તેજ માણુસ ઉત્તમ છે, કે જેને પોતાના આત્માનું ભાન થયું હોય, મનુષ્યને પણ પાંચ ઈન્દ્રિઓ છે અને પશુઓને પણ પાંચ ઇન્દ્રિઓ છે, તો પછી પશુઓમાં કેટલીક શકિત તમારા કરતાં વધારે હોવા છતાં, પણ શાસ્ત્રકારોએ, સાહિત્યકારોએ, કવિઓએ, જ્ઞાનિઓએ, મનુષ્યભવની કીંમત ગણી છે, તે શાને લીધે ? એકજ વસ્તુ માટે એ વસ્તુ આત્મભાન છે, પોતાના આત્માનું ભાન થયું છે તે મનુષ્ય છે, અને જેને તેનું ભાન થયું નથી તેને પશુ માનવામાં આવે છે. મનુષ્યભવની આટલી બધી ઉત્તમતા હોવા છતાં એ ઉત્તમતાને જો આપણે ન સમજીએ અને સમજીને એ ઉત્તમતાને સફળ ન કરીએ, તો પછી એના જેવી બીજી એક પણ મુર્ખાઈ નથી એવી હાલતનો મનુષ્ય તે પશુજ છે. પશુનું જીવન કેવી રીતે વ્યતિત થાય છે તે તમે જાણો છો ? હાથી, ઘોડા, ઉંટ દેખાવમાં ગમે તેવા મોટા હોય, તો પણ તેમના માલીકનું કામ કરવું, માલીકનો ખોરાક ખાવો અને માલીકની ચાકરી કરવી એ પશુઓનું કામ છે, હવે તમે પશુ કરતાં કઈ રીતે ઉત્તમ છો તે વીચારો. પશુ તો પોતાના એક ધણીનુંજ કામ કરે છે. એક ધણીનીજ સેવા ચાકરી કરે છે, પણ મનુષ્યની દશા કેવી છે તે જુઓ ? મનુષ્ય જે કુટુંબમાં જન્મે છે, તે આખા કુટુંબની તે ચાકરી કરે છે, કુટુંબના દરેક માણસોના જાતજાતના વૈભવો પુરા કરવાને માટે તે પોતાની દેહ ઘસી નાંખે છે, હજારો રૂપીયા મેળવે છે. કુટુંબને માતબર બનાવે છે, પણ જ્યારે તે સંસાર છોડી જાય ત્યારે શું ? તે વખતે તેના જીવનની કંઇપણ કીંમત રહેતી નથી. હવે વિચાર કરો કે પશુ એક વ્યકિતનો ગુલામ હોય છે, જ્યારે મનુષ્ય આખા ઘરનો એટલે ઘરની પાંચ પચીસ વ્યકિતનો ગુલામ બને છે, કારણકે તેને એ બધાની સેવા કરવાની હોય છે, તોપછી પશુનું જીવન સારૂં કે મનુષ્યનું ? આ રીતે જો મનુષ્યનું જીવન એક ખરાબ વસ્તુ ઠરે છે, છતાં પણ શાસ્ત્રો એ જીવનને સારૂં ગણે છે, તો વીચાર કરો કે મનુષ્યનું જીવન સારૂં ગણવાના શું કારણો હોવા જોઇએ ? કુટુંબની સેવા કરી તેને પૈસો ટકો મેળવી આપી તેનું પોષણ કર્યું, કુટુંબના બધા માણસોની સુખ સગવડો સાચવી, અને તેને બદલે આપણે શું મેળવીએ છીએ ? માત્ર જીંદગી ભરનું અનાજ અને કપડાં લત્તાં, શરીર અને આત્મા છુટી ગયાં, એટલે કરોડો મેળવેલાં ધુળ બરાબર છે. ત્યારે મનુષ્ય એવી કોઈ વસ્તુ નીપજાવી શકે કે જેથી તેનું જીવન એ મહત્વતા વાળું થાય અને પશુથી તે જૂદું પડી જાય, પશુને બીજો ગમે તે વિચાર આવતો હશે, પણ તેને એવો વિચાર આવતો નથી કે હું કોણ છું ? કઈ ગતીથી આવ્યો છું ? કયા કર્મ કરૂં છું ? અને છેવટે એ કર્મના બદલામાં મારે કયાં જવાનું છે ! આવો આત્માનો વિવેક પશુઓમાં નથી, ત્યારે મનુષ્યે જો મનુષ્યત્વ ધારણ કરવું હોયતો તેણે આત્માનો વિવેક મેળવવો જોઇએ. જાનવર જન્મે જીવે અને ઘર માલીકનું કામ કરીને યથા સમયે ચાલતો થાય, અને આપણે પણ એજ રીતે જીવન પુરૂં કરીએ, તો પછી આપણામાં અને ઢોર વચ્ચે શું ફેર બાકી રહ્યો. જેમ જાનવર પોતાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવનનો કંઇ વિચાર કરતો નથી, અને એમને એમ મરણુ પામે છે, તેજ પ્રમાણે આપણે કરીએ તો, આપણું પણ જીવતર ધુળ છે. કુંભારને ત્યાં જન્મેલો માણસ કુંભારને ત્યાં ધંધો કરતાં કરતાં મરણુ પામ્યો. કારકુની કરનારાને ત્યાં જન્મેલો માણસ લખી લખીને પુરો થાય અને રાજાને ત્યાં જન્મેલો માણસ રાજ કરીને મરણુ પામે; તો પછી વીચાર કરો કે મનુષ્ય ભવની ઉત્તમતા કઈ ? મનુષ્યની ઉત્તમતા એજ વસ્તુ પર અવલંબેલી છે, કે જ્યાં આત્મભાન થાય છે. હીરાને કોલસામાં પ્રકાશનો ફરક છે. જે કોલસો તેજસ્વી છે, સુંદર પ્રકાશ આપે છે, ઝગઝગે છે, તે હીરો છે, અને જે કોલસો કાળો છે તેને લોકો કોલસો કહે છે, તેજ પ્રમાણે પશુઓમાં અને મનુષ્યમાં આત્મા એકજ છે, તો એ આત્મા જો આત્મભાન ન મેળવે તો પછી તેની દેહ મનુષ્ય હોવા છતાં તે પશુ છે, અને જો એ આત્મા કર્મ અને જીવનું ભાન મેળવે છે, તો તે તેજ ઘડીએ સાચા મનુષ્યત્વથી યુકત બને છે.

**તેજ વિનાનો હીરો.** આત્માભાન વિનાના આત્માને ધારણ કરનારી દેહ જાનવરજ છે, તેમ સમજી લેવું જોઈએ. બેવકુફ મનુષ્ય હાથે કરીને ચોરી કબુલ કરી દે છે, એક ઉદાહરણ છે કે એક જગ્યાએ દશ છોકરા હતા. તેમાંના બે છોકરાઓને ઉભા કર્યા પછી કહ્યું, કે જે છોકરાએ ચોરી કરી છે તે છોકરો પકડાઇ ગયો છે, કારણ કે તેને માથે ચકલી તણખલું લાવીને મુકી ગઈ છે, આ શબ્દ સાંભળતાંજ જે છોકરાએ ખરેખરી ચોરી કરી હતી, તે ભયથી ગભરાયો, તેના પગ ધ્રુજવા લાગ્યા અને તેણે ઝપાટાબંધ પોતાનો હાથ માથા પર મુકીને, જાણે ચકલીએ તણખલું મુકયું ન હોય, તેમ સમજીને એ તણખલું ફેંકી દેવાની ક્રીયા કરી, આથી તેણે ચોરી કરી છે એમ તરત જણાઈ આવ્યું. આ રીતે ગુન્હેગાર પોતાની મેળે પકડાઈ ગયો. અહીં પણ તેવોજ ઘાટ છે. મેં કોઈ શ્રોતાને જાનવર કહ્યો નથી. પણ જે ઇન્દ્રિઓના વિકારમાં ઘેરાય છે, તે પોતાની મેળે જાનવર બને છે, તેથી તમે જો ખોટું લગાડશો તો તમારી દશા પેલા જુઠા છોકરા જેવી થશે. તે છોકરાએ તેને કોઇએ ચોર કહ્યો નહતો, છતાં પોતાને માથે હાથ મુકીને પોતે ચોર છે, તેની સાબીતી કરી આપી હતી, તેજ પ્રમાણે જેને કર્મનું, આ ભવની અવસ્થાનું અને આવતા ભવનું ભાન નથી તેને મેં જાનવર કહ્યા છે, અને શાસ્ત્રકાર પણ એવાઓને જાનવર કહે છે, છતાં તમે "મહારાજ વ્યાખ્યાનમાં આપણને જાનવર કહે છે." એમ કહીને હાથે કરીને તમારા જાનવરપણાપર છાપ મારો છો, અને માથે આવતી ટોપી પહેરી લઇને તમે આત્માભાન વિનાના છો એવું ખુલ્લું કરો છો, જીવના બે ભેદ છે સંજ્ઞી અને અસંજ્ઞી. જેને મન નથી મનઃપર્યાપ્તિ નથી. મનના પુદ્ગલો પરિણમાવવાની તાકાત નથી, તેને અસંજ્ઞી જીવ કહ્યા છે. અર્થાત સંજ્ઞી એટલે વિચારવાન, અને અસંજ્ઞી એટલે વિચારશુન્ય, તમે આ બે શબ્દો વારંવાર સાંભળ્યા હશે પણ હું તમને પુછું છું કે આ બે શબ્દનો અર્થ તમોએ ધ્યાનમાં લીધો છે ? મનઃપર્યાપ્તિ હોય તે સંજ્ઞી, અને ન હોય તે અસંજ્ઞી, આતો સાધારણ વ્યાખ્યા થઇ, પણ શાસ્ત્રકારો એથી આગળ વધે છે, અને કહેછે કે જેને વિચાર છે તે સંજ્ઞી છે, અને જેને વિચાર નથી તે અસંજ્ઞી છે. તમને કોઈ એમ કહે કે તમારામાં ગતાગમ નથી, તો તમને કેવું લાગશે ? આ વાત ધ્યાનમાં લેશો એટલે તત્ત્વાર્થકાર ઉપરથી એક કલંક નીકળી જશે. સંજ્ઞાવાળા અને મનવાળા, એમ બેપ્રકાર સૂત્રકારોએ કેમ પાડયા હશે, તેનો અહીં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખુલાસો થઈ જાય છે. સંજ્ઞી એટલે લાંબા કાળની સંજ્ઞાવાળા. લાંબા કાળનો વિચાર કરવાવાળા, ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો, વિચાર કરી શકે? જેનામાં મન હોય તેજ લાંબા કાળનો વિચાર કરી શકે. જેઓ નવતત્વનો વિચાર કરે છે, તેઓજ સાચા વિચારવાળા છે. બાકીના બધા વિચાર શૂન્ય છે. શબ્દ શબ્દનો કેટલો ભેદ છે તે જુવો, તમે પુરૂષોત્તમ શબ્દ કહો તો તેનો જૈન દૃષ્ટિએ તીર્થંકર એવો અર્થ થાય છે, અને વૈષ્ણવ દૃષ્ટિએ એનોજ અર્થ કૃષ્ણ એવો થાય છે, શબ્દ એક પણ અર્થ જુદો, જુદો કેમ થયો? ઉત્તર એ છે કે દરેકનો અર્થ જુદેજુદે સ્થળે જુદી જુદી રીતે થાય છે, અર્થ કરવામાં હંમેશાં એકજ દ્રષ્ટિ રાખવાની હોતી નથી, પરંતુ ચારે બાજુ દૃષ્ટિ દોડાવીને અર્થ કરવાનો હોય છે, તેમ ભગવાન્ શ્રી ઉમાસ્વાતિવાચક મહારાજે કર્મરાજાના દ્વારાએ સંજ્ઞી એટલે વિચારવાળા કોને ગણ્યા છે? આ ભવને અંગે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરે તેને સંજ્ઞી ગણ્યા છે એમ નથી, શાસ્ત્રકાર કહે છે કે આ ભવને અંગે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરે છે તે વિચારવાળા કહી શકાય નહી. પરંતુ વિચારવાળા કહેવાવાને માટે બીજી કેટલીક સામગ્રીની જરૂર છે, દુનિયાદારીમાં પણ ગાંડો મનુષ્યહોય તે સુદ્ધાં ગંદા પદાર્થનું ભક્ષણ કરતો નથી, એટલા ઉપરથી શું તમે કહેશો કે તે વિચારવાળો છે. ગાંડો હોવા છતાં તે ભુખ અને તરસની વખતે સીધો થાય છે. પઠાણને દેખીને અક્કલવાળો બની જાય છે, આવે પ્રસંગે તે જ્ઞાન અને ડહાપણ બતાવે છે, તે છતાં આપણે તેને ડાહ્યો માનતા નથી, તેને આપણે વિચાર વાળો કયારે માનીએ કે એ દુનીયાદારીની દ્રષ્ટિયે ડાહ્યો બની જાય. શાસ્ત્રકારોની દ્રષ્ટિયે તમે ભૂત. ભવિષ્ય કે વર્તમાનનો વિચાર કરો આ ભવનો વિચાર કરો કે પર ભવનો વિચાર કરો, પણ તમારા તે વિચારમાં જો સ્ત્રી, પુત્ર, સંપત્તિ આદિના જગતના વ્યવહારના અંગેના વિચારો હોયતો તમારા એ વિચારો એ ગાંડાના જેવું ડહાપણ છે. ગાંડો મનુષ્ય પઠાણને જોઈને ક્ષણિક ડાહપણ ધારણ કરે છે. તેવી સ્થિતિ તમારી છે. તમે તેનેજ વિચારવાળો ગણો છો કે જે દુનીયાદારીની દ્રષ્ટિયે વ્યવહારૂ છે, એ પ્રમાણે શાસ્ત્રકારો તેને વિચાર વગરનો ગણે છે, કે જે આહાર, વિહાર તેના સાધનો વગેરેને અંગે વિચાર કરે છે, પણ આત્માને અંગે વિચાર કરતો નથી જે આત્મા આત્માને અંગે વિચાર વગરનો છે તેને માટે શાસ્ત્રકારો એ શબ્દ વાપરે છે કે તે અવિચારી છે.

જેમ ગાંડા માણસને ક્ષણિક સારા વિચારો આવે છે, પણ તેની આપણે સારા માણસમાં ગણના કરી શકતા નથી, તેજ પ્રમાણે જે નિરંતર સંસાર વ્યવહારના વિચારોને સેવે છે, તેને શાસ્ત્રકારો પણ વિચારશીલ માનતા નથી, શાસ્ત્રકારો તેનેજ વિચારશીલ માને છે કે જે આત્માના વિચારો સેવે છે. આત્માની દ્રષ્ટિએ દ્રષ્ટિવાદી કોણ છે તેનો વિચાર કરો. જે આત્મા કલ્યાણના વિચારો સેવે છે, તેજ સાચો દ્રષ્ટિવાદી છે. થઇ ગયેલા અનંતભવો વર્તમાનભવ ભવિષ્યના ભવ, જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, અને મોક્ષ, એનો વિચાર તેનું નામ સાચી દ્રષ્ટિ છે. હવે મુખ્ય વિષય પર આવો વિષયોથી ભરેલું મનુષ્યપણું એ મનુષ્યપણું નથી, પણ જાનવરપણું છે. કીંમતની અપેક્ષાએ એવું મનુષ્ય જીવન, જડ જીવન કરતાં પણ હલકું છે. પત્થર જેવું જડજીવન, ભલે તે કોઈના ઉપયોગમાં આવનારૂં ન હોય, છતાં તે જીવન કોઈને દુઃખ પણ નથી આપતું ત્યારે મનુષ્ય જીવન બીજાને ઉપયોગી ન થાય તો તેને પીડાકારી નીવડે છે, અર્થાત આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યપણામાં પત્થરની માફક બીજાને અનુપયોગી કે દુઃખ દેનાર જીવન વહેવું તે જૈનકુલને કોઇ પણ પ્રકારે શોભતું નથી ને તેથી આ મનુષ્યને વિચારશીલ કહેવાને શાસ્ત્રકાર મહારાજા કે તેઓશ્રીના કથનનેજ અનુસરનારા આપણે તૈયાર નથી. આપણે તો તેજ આત્માને વિચારશીલ માની વાસ્તવિક રીતે એટલે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞી માનીયે કે સ્પર્શાદિક વિષયોમાં ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિ તથા પરિહાર માટે કે આ ભવને અંગે ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં થતી ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિ કે પરિહાર માટે ઉદ્યમ કરાતા હોય પણ તેમાં તત્ત્વદૃષ્ટિ ન ગણતાં આત્માના સમ્યગ્દર્શનાદિક સ્વરૂપમાં આશ્રવસંવરાદિના હેય અને ઉપાદેયપણામાં તત્ત્વદૃષ્ટિ રાખી અતીત અને અનાગતના ભવભ્રમણથી ઉદ્વિગ્ન રહી અવ્યાબાધ મોક્ષપદની પ્રાપ્તિ માટેજ તત્પર રહે, અને એવી દૃષ્ટિવાળાજ મનુષ્યો પોતાની સંતતિના વિશ્વાસપાલક બનવા સાથે જૈન માતાપિતા તરીકે ગણાવવા લાયક હોઇ શ્રી જૈનસંઘનું એક અંગ બની ભગવાન્ જિનેશ્વરોને પણ પોતાનામાં તીર્થંકર મહારાજાની પદવીને પ્રાપ્ત કરાવવાની કારણતા હોઈ નમસ્કારના વિષયભૂત શ્રી જૈનસંઘનો એક શ્રાવક તરીકેનો ભાગ ભજવી શકે છે અને તે દૃષ્ટિનીજ ઉન્નતિ, સ્થિતિ ને ફલપ્રાપ્તિ માટે શ્રી જૈનસંઘના મુખ્ય અવયવ કે મુદ્દ અવયવે તરીકે ગણાતા શ્રી શ્રમણસંઘની સેવાભક્તિથી પોતાને શ્રમણોપાસક કહેવડાવવામાં કૃતાર્થતા માને છે. આવા અંગભૂત શ્રમણોપાસકોની ઈષ્ટ ફળને પ્રાપ્ત કરવા થતી વિરતિની અવ્યાહત પ્રવૃત્તિવાળો વર્ગ તેજ શ્રમણવર્ગ છે. આ ઉપરથી ભગવાને જણાવેલ જૈનપણાની સરણિ સરલ રીતે સમજી શકાશે ને તેથીજ ત્યાગમય જૈનપ્રવચનને અંગે જણાવેલ અર્થ પરમાર્થ ને શેષ અનર્થની ત્રિપદી સમજી શકાશે અને ત્રિપદીની યથાસ્થિત ધારણાજ આ જીવને અનાદિ રખડપટ્ટીથી બચાવી અવ્યાબાધ પદ આપશે રખડપટ્ટીનું ને તેના કારણોનું સ્વરૂપ જાણવા સાથે તેનાથી કેવી રીતે બચાય છે તે સમજી લેવું જરૂરી હોઇ તેને માટે ગુણસ્થાનો વગેરેનું સ્વરૂપ સમજવાની જરૂર છે તે અત્રે વર્તમાન.

## તાત્ત્વિક સંજ્ઞા.

वीराय नित्यं नमः ॥

### ભૂતકાળ અને ભવિષ્યકાળ.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ શ્રી ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકા શ્રીજ્ઞાનસાર નામના પ્રકરણમાં કહી ગયા કે—આ જીવ આ સંસારમહાસાગરમાં અનાદિકાળથી ગોથાં ખાધા કરે છે. અનાદિકાળ વીતવા છતાં એને પોતાના આત્મસ્વરૂપનું ભાન થયું નથી, કારણકે પોતાના અનંત ભૂતકાળનો અને લાંબા ભવિષ્યકાળનો એણે વિચાર કર્યો નથી, માત્ર આવી પડેલા વર્તમાન કાળનેજ સર્વસ્વ માનીને એમાં એ રાચ્યો

**શકે છે. માણસને એક પેઢી ઉપર બેસાડી દ્યો! પછી એ એ પેઢીમાંજ મશગુલ બની જવાનો! એ પેઢીનો વિચાર કરવાનો! એ પેઢીનેજ હંમેશાં જોવાનો!** હું પહેલાં કઇ પેઢી ઉપર હતો **અગર તો હવે પછી મારે** કઇ પેઢી ઉપર બેસવું પડશે એ વિચારવાનો એને અવકાશજ નથી રહેતો. **અરે આવી ભૂતભવિષ્યની** વાત તો દૂર રહી પરન્તુ જે પેઢી ઉપર હું અત્યારે બેઠો છું **એજ પેઢી કેવી છે-કોની છે-શરીફ** છે કે બદમાસ એ પણ વિચારવું એને નહિજ ગમવાનું! ઠીક એ પેઢી પર બેઠેલા માણસની માફકજ આ જીવ પણ પોતાને જે જન્મ મળ્યો એમાંજ આનંદ માને છે. પોતાનું ભૂત કે ભવિષ્ય કંઇ પણ નથી જોતો અને અહિંજ સંસારની અનાદિની રખડંપટ્ટીની ચાવી રહેલી છે. **પોતાના સારા યા ખોટા ભૂતકાળનું અને ઉજવળ ભવિષ્યકાળનું ચિત્ર ખેંચ્યા વગર કયો માણસ પોતાની વર્તમાન દશાના સારા યા ખોટાપણાને સમજી શકે** કે જયાંથી એને આત્માના ઉદ્ધારની પ્રેરણા મળી શકે! પોતાની વર્તમાન સ્થિતિ કઇ સ્થિતિનું પરિણામ છે એટલું તો અવશ્ય દરેક કલ્યાણઇચ્છુકે વિચારવુંજ રહ્યું!

**બે પ્રકારની સંજ્ઞા.** અને આટલાજ માટે શાસ્ત્રકાર મહારાજે પોતાના ભૂતભવિષ્ય તરફ સાવ આંખમીંચામણા કરીને તેનો લેશમાત્ર પણ વિચાર નહિ કરનાર માણસને બાહ્ય સંજ્ઞા હોવા છતાં **અસંજ્ઞી** વિચારશૂન્ય કહ્યો છે. સંજ્ઞી અને અસંજ્ઞીની સ્થૂલ વ્યાખ્યા પ્રમાણે તો જેને મન હોય તે સંજ્ઞી અને જેને મન ન હોય તે અસંજ્ઞી! એટલે માણસ સંજ્ઞી અને એકેંદ્રિયાદિક જીવો અસંજ્ઞી! પણ આટલા માત્રથીજ સંજ્ઞીઅસંજ્ઞીનો વિચાર સંપૂર્ણ નથી થતો. એની વ્યાખ્યાની મર્યાદા તો ઘણી બારીક છે, અને જયારે એ બારીક વ્યાખ્યાથી વિચાર કરીએ ત્યારે તો આ લાંબીચોડી પાંચ ફૂટની કાયાવાળો હાથ, પગ અને આંખ, કાન, નાક વિગેરે ઇંદ્રિયોવાળો અને દોડતો ખેલતો માણસ પણ અસંજ્ઞી બની જાય છે-એકેંદ્રિયની કોટિમાં જઇ બેસે છે.

માત્ર વર્તમાન ચાલુ વિષયનોજ વિચાર કરાવે તે સંજ્ઞા તે **હેતુવાદોપદેશકી** સંજ્ઞા! અને આ પ્રમાણે ઉપર કહ્યું તે પ્રમાણે માણસ સંજ્ઞીની કોટિમાં ગણાય છે, **હેતુવાદોપદેશિકી** સંજ્ઞાવાળા કેટલાક એવા પણ જીવો હોય છે કે જેઓ પોતાના થોડાક ભૂત—ભવિષ્ય કાળનો કંઇક વિચાર કરે છે, પણ તે આ ભવ પુરતોજ. એમાં બીજા ભવનો વિચાર એને આવતોજ નથી, અને **દૃષ્ટિવાદોપદેશિકી** સંજ્ઞાની વ્યાખ્યા તો એટલી બારીક-એટલી કડક છે કે એમાં તો મનુષ્ય પણ અસંજ્ઞી ગણાઇ જાય છે, એની વ્યાખ્યા પ્રમાણે તો જે જીવ પોતાના પહેલા ભવોનો અને આગામી ભવોનો વિચાર કરે તેનેજ સંજ્ઞી ગણવામાં આવે છે!

**આત્માનો પંથ.** આપણે આ સંસારમાં જન્મ લીધો ત્યારથી આપણા શરીરની, આપણા ઘરની, આપણા કુટુંબની, આપણા સંસારવ્યવહારની, આપણી ધન-દોલતની ટૂંકમાં આપણી ગાડી, લાડી, વાડી તમામની સારસંભાળ રાખતાં શીખીએ છીએ એ સંબંધી રાતદિવસ વિચાર કરીએ છીએ; એમાં કોઇને કંઇ ખામી ન આવે તે માટે હમેશાં સચેત રહીએ છીએ, અને એમાં જે કંઇ ખામી જણાય, જે કંઇ ઉણપ જેવું લાગે તેને દૂર કરવા માટે ભરસક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોશીશ કરવામાં પણ પાછી પાની નથી કરતા: પણ આ બધું શા માટે ? આપણા સંસારવ્યવહાર માટે ! આપણા પિંડનું પોષણ કરવા માટે !, આપણી આ નશ્વર કાયાને આનંદ આપવા માટે ! પણ શાસ્ત્રકારો એ પિંડપોષણને મહત્વ નથી આપતા, એ સંસારની ચિંતાઓને-એ ભૌતિક આનંદ-વૈભવના વિચારોને શાસ્ત્રોના પવિત્ર ક્ષેત્રમાં ઉંચું સ્થાન નથી ! એઓ તો જે હમેશાં પાપથી બચવાનો વિચાર કરે; જે શરીર પોષણ-શોષણના વિચારને એક તરફ મૂકીને પોતાના આત્માને અનાદિકાળથી લાગેલ રોગને ઔષધ કરવાની ચિંતા કરે; જે ભવાભિનંદીનો માર્ગ મૂકીને ભવ-ભીરૂતાને પંથે વિચરે તેનેજ સાચો વિચારશીલ, સાચો સમજદાર, સાચો સંજ્ઞી માને છે. સંસારના સેવનમાં રાતદિવસ લાગતા ઉપક્રમો ભવોની હારમાળામાં એક એક મણકાનો વધારોજ કરતા જાય છે. જે વિચાર એ ઉપક્રમોથી દૂર થવાનો માર્ગ સૂઝાડે એનુંજ નામ સાચી સંજ્ઞા. સંસારવ્યવહારના કાર્યો એ દેખાવમાં કદાચ ભલે સુંદર લાગતા હોય, તત્કાળ અનુભવની અપેક્ષાએ એમાં મધુરતા પણ ભલે અનુભવાતી હોય પણ એનું પરિણામ તો છેવટે કપરૂંજ આવવાનું. જ્યારે શાસ્ત્રકારે બતાવેલા આત્મિક કાર્યોમાં કદાચ બાહ્ય આડંબર કે દેખીતી સુંદરતા ભલે ન હોય છતાં એનું પરિણામ આત્મશુદ્ધિમાં-આત્મઉદ્ધારમાં આત્માના રોગના નાશમાંજ આવવાનું ! અને **"જેનો અંત ખરાબ તે આખું કાર્ય ખરાબ,' ને જેનો અંત સારો તે આખુંય કાર્ય સારૂં !"** એ સનાતન સત્યનો કોણ ઇન્કાર કરી શકે ? માટે હે મહાનુભાવો ! એ ક્ષણિક ઝાંઝવાનાં નીરનાં જેવી ભ્રામક સુંદરતાના પાશમાં ન ફસાતાં સનાતન આનંદનો અમૃતઆસ્વાદ કરવા માટે એ આત્માના પંથે વિચરતાં શીખો !

**મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ.** ભલા આમ આત્માના ઉદ્ધારના કાર્ય વખતે આ જીવને ભવનું કારણ કર્મ છે, એ કર્મને હટાવવાથી આત્માનો સુધારો થઇ જાય છે, અને એ કર્મને હટાવવાનું કાર્ય ભવિષ્યના ભવો ન થાય-ભવિષ્યમાં આત્માને સંસારમાં વધુ ફસાવું ન પડે એટલા માટે કરવાનું છે-એટલે આ જીવના ભૂતકાળ ઉપર વિચાર ન કરતાં એના ભવિષ્યકાળનોજ વિચાર કરવો; અને એટલાજ માટે આ જીવ અનાદિ છે; આ કર્મ અનાદિ છેઃ એ બન્નેનો સંયોગ અનાદિનો હતોઃ જીવ અનાદિથી કર્મ કરતો હતો યા ન કરતો-એ વિગેરે ભૂતકાળના નકામા પ્રશ્નો શા માટે કરવા ? એ વિચારથી ફાયદો શો ? એનો ભૂતકાળ કેવો હતો એ શા માટે વિચારવું ? ડાહ્યા માણસોનું પણ એજ કહેવું છે કે-**"गतं न शोचनीयम्"** ડાહ્યા માણસે ગઇ વીતીનો વિચાર ન કરવો ! જીવે પોતાના અનંત ભૂતકાળમાં જે કર્મો બાંધ્યાં જે કર્મો નિર્જર્યાં; જે સુખદુઃખનો અનુભવ કર્યો જે નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવગતિમાં જન્મ લીધો; એ બધાનું અત્યારે શું કરવાનું છે ? એટલા માટે જીવ અનાદિ છે. અનાદિ કર્મથી બંધાયેલ છે એ પણ વિચારવું નકામુંજ ગણાય ! ભૂતકાળનો ગમે તેટલો વિચાર કરો પણ તેથી થઇ ગયેલા બગાડામાં શું સુધારો થવાનો ? એટલે એકંદરે ભૂતકાળની વિચારશ્રેણીજ આ હિસાબે નકામી થઇ જાય છે ! એક તરફ જ્યારે બુદ્ધિ આ વિચાર આગળ કરે છે ત્યારે બીજી તરફ શાસ્ત્રો બીજીજ વસ્તુ રજુ કરે છે. શાસ્ત્રકાર મહારાજનું તો ફરમાન છે કે-કલ્યાણની સાચી ભાવનાવાળા માનવીએ પોતાના ભૂતકાળનો અને ભવિષ્યકાળનો તો પહેલાં વિચાર કરવાનો હોય છે, અને એ બન્ને વિચારની તારવણીની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રૂપરેખાના પાટા ઉપરજ આપણા વર્તમાનકાળના જીવનની રેલને આગળ વધારવાની હોય છે. આ આપણું વર્તમાન જીવન એ રેલ સમાન છે અને એને ચલાવવા માટે-સારી રીતે ચલાવવા માટે-ભૂતકાળ અને ભવિષ્યકાળના વિચારરૂપી જે પાટાઓની અનિવાર્ય જરૂર છે. એ પાટા ન હોય તો ગાડી ગમે તેવી સારી હશે છતાં એક ડગલું પણ આગળ નહિજ વધી શકે, અને આ પ્રમાણેજ વિચાર કરે એનેજ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા સંજ્ઞીનું બિરૂદ આપે છે. એટલે ટૂંકમાં એમજ કહીએ કે-દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ **મિથ્યાદૃષ્ટિ માત્ર અસંજ્ઞી અને સમ્યગ્દષ્ટિ માત્ર સંજ્ઞી!**

**અનાદિ ત્રય.** ત્યારે એ બુદ્ધિની માન્યતા અને શાસ્ત્રના ફરમાનમાં તત્ત્વ કયું? શા માટે બુદ્ધિવાદે આગળ કરેલ વર્તમાન જીવન અને કંઇક અંશે ભવિષ્યના જીવનનોજ વિચાર ન કરવો? શાસ્ત્રોના ફરમાનને અમલમાં મૂકવાનો હેતુ શો? અને તો પછી અનાદિ જીવ, અનાદિ કર્મ અને તેમનો અનાદિનો સંયોગ-એ ત્રણ વાતની ગળથુથીની મતલબ શી? આ બધા સવાલોનો ટૂંકમાં એકજ વાકયમાં જવાબ આપી શકાય એમ છે અને તે એ કે જે વસ્તુ અત્યારે હયાત છે અને ભવિષ્યમાં પણ રહેવાની છે એ વસ્તુના ભૂતકાળનો પણ કોઇનાથી ઇન્કાર નજ થઇ શકે. તો પછી આત્મા, કર્મ અને એ બન્નેના સંયોગનો ઇન્કાર કોનાથી થઇ શકે? એનો ભૂતકાળ ન માનીએ તો એનો વર્તમાન કાળ કે જે અમુક વખત પછી ભૂતકાળના રૂપમાંજ હમેશાંને માટે રહેવાનો છે તે પણ નથી બની શકતો અને તો પછી ભવિષ્યકાળની તો વાતજ શું કરવી? **એટલા માટે જીવને, કર્મને અને તેમના સંયોગને અનાદિ માન્યા વગર છૂટકો નજ થાય!**

**સાપ ગયા ને લીસોટા રહ્યા!** આપણા બધાયનો રોજનો અનુભવ આપણને કહે છે કે-આપણે એક વસ્તુ સારી કરીએ છીએ એક ઉદ્દેશથી અને અમુક સમય સુધી એનું અનુસરણ કર્યા બાદ આપણે એ વસ્તુને તો વળગી રહીએ છીએ અને એનો ઉદ્દેશ સાવ ભૂલી જઇએ છીએ અને જેનો ઉદ્દેશજ ભૂલાઇ જવાતો હોય તે કાર્યમાં અને આત્મા વગરના શરીરમાં જરાય ફરક નથી હોતો! આ વસ્તુ જરા ધનમાલ, હાટહવેલી વિગેરેની બાબતમાં વિચારીએ? ધનમાલ પ્રાપ્ત કરવાની જડ કયાં? માણસ પોતાનો જીવન-નિર્વાહ સારી રીતે ચલાવી શકે, પોતાના જીવનની અનિવાર્ય આવશ્યકતાને પહોંચી વળી શકે અને પોતાના વ્યવહારની અમુક સગવડો સચવાય એટલા માટે ધન ઉપાર્જન કરે છે. ધન ઉપાર્જન કરવામાં આજ ઉદ્દેશ સમાયલો છે, પણ પાછળથી ધન પેદા કરવાની ક્રિયા તો ચાલુજ રહે છે પણ જીવનનિર્વાહનો ઉદ્દેશ ભૂલાઇ જાય છે અને એનું સ્થાન ધનસંચય કરવાનો હલકો ઉદ્દેશ લે છે. બસ ખતમ! અહિંજ એક વસ્તુનું સારતત્ત્વ નાશ પામે છે. પછી તો માણસ એ વિચાર કરવા લાગે છે કે-હવે તો અમુક ધન મેળવી લઉં એટલે મારા સંતાનને પણ વારસો આપતો જાઉં! કયાં તો પહેલાં જીવનનિર્વાહના શુદ્ધ આશયથી ધનોપાર્જન શરૂ કર્યું અને કયાં અત્યારે કીડીમંકોડીની લોભીવૃત્તિથી દોરાઇ ધનનો સંઘરો કરવા માટે ધનોપાર્જન કરવા લાગ્યો! આજ પ્રમાણે હાટહવેલીમાં પણ! શરૂઆતમાં ટાઢતડકો અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વરસાદથી બચવાના ઉપાય તરીકે માનવી બુદ્ધિ એક સાધનની કલ્પના કરે છે અને એ કલ્પના-પ્રદેશમાંથી મકાન બનાવવાની ભાવના ઉત્પન્ન થાય છે અને એ ભાવનાને પાર પાડીને પોતાના શરીરને ટાઢ, તાપ અને વરસાદથી બચાવવા માટે માણસ મકાન બાંધે છે અને પાછળથી ? એકાદ કોઇક માણસ મકાનની તપાસ કરતો પૂછતો આવે છે. મકાનના બદલામાં નગદ નાણું આપવાની લાલચ બતાવે છે. પેલો લોભીયો માણસ એ નાણાંના પ્રકાશમાં અંજાય છે અને માત્ર રહેવા પૂરતા ઉદ્દેશથી બનાવવા ધારેલ મકાનના બદલે ભાડુતની સગવડોનો વિચાર કરીને જેમ બને તેમ વધારે ભાડુ ઉત્પન્ન થાય એવા વિચારથી પોતાની જરૂરીયાતો ઉપરાંતના મકાન બાંધે છે અને એક પ્રકારનો ભાડાનો વેપાર માંડી બેસે છે. આજ પ્રમાણે વસ્ત્ર અને બીજી બાબતોમાં પણ બની શકે છે અને છેવટે આપણી દરેક ક્રિયાનું પરિણામ આ પ્રમાણે **"સાપ ગયા અને લીસોટા રહ્યા"** જેવુંજ આવે છે.

**સાચો વારસો.** અને અહિંજ આપણે ભૂલ ખાઇએ છીએ. જો આપણે આપણું ભલું જાળવી રાખવું હોય તો જ્યાં ઉદ્દેશ ફરી જતો જણાય ત્યાં એ ઉદ્દેશના નાશ કરનાર નિમિત્તનોજ નાશ કરી નાખવો. સમજો કે-એક રાજ્યમાં એવો કાયદો છે કે-દરેક માણસ પોતાના હાથે જેટલું વાપરે-ખરચે એટલુંજ એનું ધન, બાકી બીજા કોઈ પણ ધનનો વારસો એ પોતાના પુત્ર-પુત્રી કે બીજાને ન આપી શકે તો ત્યાં ધનસંચયની ખરાબ ભાવના કોણ કરે ? આ પ્રમાણે આપણો આત્મા પણ જ્યાં આવી ભૂલનો ભોગ થતો લાગતો હોય ત્યાં આપણે સચેત થઇ જવું જોઇએ અને એ પ્રમાણે ચેતતા રહેવાનું જો આપણે જરૂરી માનતા હોઇએ તો તે વસ્તુ આપણા બાળકોને પણ જરૂર સમજાવવી જોઇએ, અને આ વસ્તુ બરાબર સમજાય તે માટે ઉપર કહેલ ત્રણે વસ્તુ એની ગળથુથીમાંજ આપણે તેને પાવી જોઇએ.

આપણે સંસારવ્યવહારમાં આપણા પુત્રને આપણો વારસો મળે એની ખુબ સંભાળ રાખીએ છીએ. **ભંગીનો પુત્ર ભંગીનો વારસો લે છે અને આપણો પુત્ર આપણો વારસો લે !** પણ એમાં વિશેષતા શી ! ખરી રીતે તો જે પ્રમાણે આપણે સંસારવ્યવહારના વારસાની ફીકર કરીએ છીએ તેજ પ્રમાણે અરે---તેથીય વધારે ધાર્મિક—આત્મિક વારસો આપવાની ફીકર રાખવી જોઇએ. આપણા વ્યવહારમાં તો અત્યારે એવું જોવામાં આવે છે કે વ્યવહારની દૃષ્ટિમાં જેટલું ઉંચુ કુળ એટલો પાપસેવનનો વધુ અવકાશ ! કેવી ભયંકર પરિસ્થિતિ ! મહાનુભાવો ! આ વસ્તુ બહુ વિચારવા જેવી છે ! તમે તમારા સંતાનને તમારો ધાર્મિક વારસો નહિ આપો તો એના આત્મકલ્યાણનું શું થશે ? એને પોતાનું ભવિષ્ય સુધારવાનો પાઠ ક્યાં મળશે ? કોણ આપશે ? જૈનપણાનો ખરો વારસો તો એજ કહેવાય કે ગમે તેવા કફોડા સંયોગો ઉભા થાય છતાં પોતાના આત્માનું પતન થાય એવી ક્રિયા કદી પણ ન કરે ! એક સાચા હિન્દુનો બચ્ચો ગમે તેટલો ભૂખ્યો થયો હશે છતાં માંસ ખાવું તો દૂર રહ્યું એનો વિચાર સરખો પણ નહિ કરે. ગમે તેટલો તરસ્યો થયો હશે છતાં દારૂનું નામ પણ નહિ લેવાનો, તેવીજ રીતે સાચા જૈનને જિનેશ્વરના સાચા ઉપાસકને માટે એ પ્રથમ ફરજ છે કે ગમે ત્યારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ભૂખથી પેટમાં લાય લાગી હોય છતાં અનંતકાય, કંદમૂળને ખાવાનો વિચાર સરખો પણ ન કરે! **જિનેશ્વર ભગવાનના શાસનમાં દરેક જીવને જીવવાનો સરખો હક્ક છે.** કોઈ પણ જીવને પોતાની ઈચ્છાતૃપ્તિ માટે નિરર્થક સંહાર કરવાની છૂટ નથી. સાવ અનિવાર્ય અને ઓછામાં ઓછી હિંસાથી પોતાનો નિર્વાહ ચલાવવો એ આપદ્ધર્મની આજ્ઞા છે. ત્યાં વનસ્પતિમાં જીવ ને પાણીમાં જીવ છે અને અનંતકાયમાં એક દેખાતા શરીરમાં અનંત જીવોનો સમાસ છે. એટલા માટે એ અનંત જીવના સંહારથી વેગળા રહેવા માટે અનંતકાયભક્ષણનો સખ્ત નિષેધ કરવામાં આવ્યો છે અને તેથી એક શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલ બાળકે અનંતકાયને સર્વથા સદાકાળ વર્જ્યજ ગણવી જોઈએ અને આ વસ્તુ ત્યારેજ બની શકે કે જ્યારે નાનપણુથીજ એને **આવી ભાવનાઓનો પવિત્ર વારસો પોતાના વડિલો તરફથી મલ્યો હોય.**

**એક ભૂલ.** આપણે બધાયે સાંભળ્યું છે કે—"**रागी दोषान् न पश्यति**" અથવા તો "**स्वार्थी दोषान् न पश्यति**" એટલે કે રાગમાં મગ્ન થયેલો માણુસ કે સ્વાર્થમાં આંધળો બનેલો માણુસ દોષને નથી જોઈ શકતો. પોતાની રાગવૃત્તિ કે સ્વાર્થવૃત્તિના પોષણુના આવેશમાં એ કેવા અનર્થોનું સેવન કરે છે એ વાતનું ભાન એને નથી રહેતું! એજ પ્રમાણે જે લોકો પોતાની આ લુલીને–આ જીભડીને–અને પોતાની ખાવાની રસગૃદ્ધત્તાને રોકી નથી શકતા અને અનંતકાયનું ભક્ષણ કરે છે તેઓ પોતાના અનંતકાયભક્ષણુને પણ નિર્દોષ બતાવવાનો નિરર્થક એવો પણ પ્રયાસ કર્યા વગર નથી રહી શકતા! એ પ્રશ્નો પૂછવા માંડે છે કે એમાં અનંત જીવો આવ્યા કયાંથી? એમાં એકકે જીવ કદી દેખાય છે ખરો? અરે જ્યાં એક જીવનું પણ દર્શન ન થતું હોય ત્યાં અનંતની તો વાતજ શી કરવી? પણ એ પ્રશ્ન પૂછનાર ભાઈ પોતે કયાં ભૂલ કરે છે એતું એને ભાન નથી! જરા એને પૂછો કે ભાઈ સાહેબ જ્યારે જીવ એ દેખી શકાય એવો નથી તો આ કંદમૂળમાં જીવ નથી એમ કેમ કહી શકાય? ભલા આંધળો માણુસ એમ કેમ કહી શકે કે અહિં કોઈ નથી! 'અહિં કોઈ નથી' એમ કહેવામાં જેમ આંધળો માણુસ ભીંત ભૂલે છે તેજ પ્રમાણે અનંતકાયમાં જીવનો ઈન્કાર કરનાર પણ એવીજ ભૂલ કરે છે! માત્ર જીવ નહિ માનવાનું કારણ એટલુંજ કે–પોતે જે અનંતકાયનું ભક્ષણ કરે છે એમાં પાપ સમાયેલ છે એ વસ્તુ એને રૂચતી નથી પણ **એક વસ્તુ રૂચે યા ન રૂચે એનાથી કંઈ વસ્તુસ્થિતિમાં તો તલમાત્ર પણ પરિવર્તન નથીજ થતું!** નહિ તો દુનિયાનો કોઈપણ નિયમ રહી શકેજ નહિ! કારણ કે એક નિયમને ચાહનારા અને વખોડનારા બન્ને જાતના લોકો દુનિયામાં હોય છે!

**એકમાં અનંત.** અહિયા એક વસ્તુ જરા સમજી લઈએ. કંદમૂળનું શરીર એક છતાં એમાં અનંત જીવો કેવી રીતે રહી શકે? એકમાં અનંતની કલ્પનાજ ભડકાવે એવી છે! મહાનુભાવો! જરા શાંત વિચાર કરો અને પછી એક વસ્તુનો નિર્ણય કરો! ભલા જીવ રૂપી છે કે અરૂપી? જીવને રૂપી તો કોઈ નહિજ કહે ત્યારે અરૂપી વસ્તુ એક સ્થાનમાં અનંતની સંખ્યામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહે એમાં શું યુક્તિવિરૂદ્ધ લાગે છે ? અરૂપીને જગ્યાજ ક્યાં રોકવાની છે કે જેથી એના માટે સ્થાનની કે જગ્યાની મારામારી હોય ! સમજોકે-એક માણસે પોતાના લલાટમાં સુંદર કેશરીઆ રંગનો આકર્ષક ચાંદલો કર્યો છે. એ એક સભામાં પ્રવેશ કરે છે. સભામાં એક-બે-ચાર નહિ પણ સેંકડો માણસો બેઠા છે. એ બધા માણસોની દૃષ્ટિ એ એકલા માણસના એકજ ચાંદલા તરફ આકર્ષાય છે. દરેક એના ચાંદલા તરફ તાકીને જુએ છે. ! ભલા આ એકજ ચાંદલા ઉપર ચોંટેલી અનેક દૃષ્ટિઓ શું આપસમાં લડશે ખરીકે ? અથવા તો એ એક ચાંદલા ઉપર અનેક દષ્ટિઓ નથી પડી શકતી એમ કોઈ પણ બુદ્ધિશાળી માનવી કહી શકશે ખરો કે ? નહિ ! કારણકે દષ્ટિને પડવાને માટે અમુક જગ્યા રોકવાની જરૂર હોતીજ નથી. એજ પ્રમાણે એકજ **દીવાદાંડીમાં સળગતો એકજ દીવો-હજારો માણસોની દૃષ્ટિનો વિષય બને છે** છતાં એમાં કોઇને કંઈ પણ અજુગતું કે નહિ બનવા જેવું નથીજ લાગતું ! જ્યારે આપણા દૈનિક વ્યવહારના આવા સાધારણ દાખલાઓમાં પણ **એકમાં અનેક રહેવાની** વાત સ્વીકારવા આપણે તૈયાર છીએ તો **એકજ દેખાતા શરીરમાં અનંત જીવો** રહે એ શાસ્ત્રકાર **મહારાજના સૂક્ષ્મ અતિસૂક્ષ્મ સિદ્ધાંતનો** ઇન્કાર **આપણે** કઈ **બુદ્ધિથી કરી શકીએ** ? એક સોયની અણી ઉપર લાખો દીવાઓનો પ્રકાશ રહે તો આપણને હરકત નથી તો એક શરીરમાં અનંત જીવો રહે તો શી હરકત ? બાકી તો અવસ્તુ કદી પણ આપણા અત્યારના મર્યાદિત જ્ઞાન માટે પ્રત્યક્ષ નજ થઈ શકે ? એ તો સર્વજ્ઞ ભગવાનની અમર્યાદિત જ્ઞાનશકિતજ એનું સત્ય પ્રત્યક્ષ સમજી શકે. **આપણે તો માત્ર એ પરમ જ્ઞાનવાન્ મહાપ્રભુના વચન ઉપરજ શ્રદ્ધા રાખવી જોઇએ અને આપણી આ લુલી દલાલણ-જીભ** ઉપર કાબુ મેળવવો **જોઇએ.**

**જીભ-દલાલણ.** આ આપણી જીભ તે દલાલણ છે, એ અનાજ અને પેટના સોદામાં હંમેશાં પોતાની દલાલી પેદા કરવા માટે તૈયાર રહે છે. પેટ એ ખરીદનાર છે અને અનાજ એ વેચનાર છે અને આ જીભ વચમાં દલાલુ કરે છે. પેટ બીચારૂં ગમે તે વસ્તુ સ્વીકારીને શરીરનો નિર્વાહ કરવા તૈયાર હોય છે. છતાં આ જીભ તો હમેશાં પોતાની દલાલીનો વિચાર કરે છે અને પોતાને જેમાં વધારે દલાલી મળતી હોય તેવું ખાણું પેટમાં નાખે છે અને જીભની દલાલી તે તેની સ્વાદવૃત્તિનું પોષણ ! જેમ વધુ સ્વાદિષ્ટ માલ મળે તેમ જીભને વધુ આનંદ આવે ! અને એ આનંદ મેળવવા માટે એ ગમે તેવો આહાર પેટમાં નાખવા તૈયાર રહે છે પછી એનું પરિણામ શરીર માટે કે આત્મા માટે ગમે તેવું આવે તેની એને પરવાજ નથી હોતી ! આપણે બધા ઓછા વધતા પ્રમાણમાં એ દલાલણના પંજામાં સપડાયેલા છીએ અને તેથીજ તેટલા અંશે આત્માના પતનને નોતરીએ છીએ. એટલે **જો આપણે** બરાબર બચવું હોય **તો ધીરે ધીરે એ જીભ ઉપર કાબુ મેળવવોજ જોઇએ.** જેથી અનંતકાયમાં જીવ ક્યાં છે એ વિગેરે મિથ્યા પ્રવાદો કરતા અટકી શકીએ. મહાનુભાવો ! એ તમારા પેટપોષણના વેપારમાં એ દલાલણ કહેવા માંડે એમ કરવા લાગશો તો તમારી કેવી કફોડી સ્થિતિ થશે એ કહેવું અશકય છે. આપણા સંસારવ્યવહારના વેપારના કાર્યમાં પણ આપણે કદી એકલા દલાલના ખોળામાંજ આપણું માથું મૂકીને-આપણો તમામ વ્યાપાર એનીજ સલાહ ઉપર કરવાની ભૂલ નથીજ કરતા ! તો પછી જેનો સંબંધ શરીર અને આત્માની સાથે બહુજ ગાઢ છે તેવા વેપારમાં કેવળ દલા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લણુ ઉપર ભરોસો રાખવો એ કેવળ ઠગાવાનોજ ધંધો છે. આમાં તો **આપણે આપણા પરમ તારક શ્રી વીતરાગદેવના પરમ પવિત્ર વચનો ઉપરજ શ્રદ્ધા રાખીને વર્તવું જોઈએ!**

**રસવૃત્તિ ઉપરનો કાબુ.** જો જીહ્નેન્દ્રિયના સ્વાદમાંજ આનંદ સમાયેલો હોય તો તો મુસલમાન કે ક્રીશ્ચિયનના કુળમાં અવતાર લેવો વધુ ઉત્તમ ગણાય! કે જ્યાં કોઈ પણ પ્રકારના ભોજન માટે જરા પણ પ્રતિબંધ મૂકવામાં નથી આવતો. હિંદુ બનવામાં તો ઓછામાં ઓછો માંસમદિરાનો ત્યાગ તો અવશ્ય કરવો પડે છે. મુસલમાન બનવામાં બધી છૂટ છે છતાં ડુક્કરના માંસથી ત્યાં પણ અળગા રહેવું પડે છે. જ્યારે ક્રીશ્ચિયન કુળમાં તો કોઈપણ પ્રકારના ભોજનનો પ્રતિબંધ નથી. ખાવા-પીવાની દૃષ્ટિએજ જો વિચાર કરીએ તો તો જૈનધર્મનું સ્થાન સૌથી છેલ્લુંજ આવે! કારણકે ત્યાં અનેક વસ્તુઓને અભક્ષ્ય બતાવી છે અને એ વસ્તુઓના ભક્ષણથી સર્વથા અળગા રહેવું પડે છે અને જો ખાવુંપીવુંજ જો ઉત્તમ ગણીએ તો તો તમો બધા ખરેખર કમનસીબજ ગણાઓ કે વિધાતાએ તમને આવા અનેક પ્રકારના પ્રતિબંધવાળા શ્રાવકના કુળમાં જન્મ આપ્યો, **પણ જગતમાં કોઇપણ સ્થળે ખાવાપીવાની અમર્યાદિતતાને ઉત્તમપણાના કે ઉત્તમ કુળના લક્ષણ તરીકે કદી પણ વર્ણવવામાં નથી આવી.** ઉત્તમ કુળની ખરી ખુબી તો એની ખાનદાનીમાં રહેલી છે, અને એ ખાનદાની, બીજા જીવોને ઓછામાં ઓછું દુઃખ દેવાની શુદ્ધ ભાવનામાં નહિ મળે તો બીજે કયાં મળશે? અને એ ભાવનાને આચરણમાં ઉતારવાનો સૌથી સારામાં સારો અને અત્યંત જરૂરી માર્ગ તે જીહ્વેન્દ્રિયનો સંયમ! આ સંયમ જે માણસ મેળવી શકે તે પોતાના બીજા અંગો ઉપર પણ બહુજ સરળતાથી કાબુ મેળવી શકે!

**ઢાલની બીજી બાજુ.** બાકી એ તો સાવ સમજી શકાય એવી વાત છે કે જે સ્ત્રી સદાચાર નામની વસ્તુનું અસ્તિત્વજ સ્વીકારતી ન હોય, શીયળ-બ્રહ્મચર્ય જેવી વસ્તુમાં જેને શ્રદ્ધાજ ન હોય અને વેશ્યાવૃત્તિને જે સુંદર વસ્તુ ગણતી હોય તે સ્ત્રી પોતાના ઉત્તમ કુળને, ડગલે ને પગલે પોતાના મનપતંગના વિહારમાં આડખીલીરૂપ માને, અરે એ કુળને એક પ્રકારના શ્રાપરૂપ માને છે તેનાથી દૂર થવાના વિચારો કર્યા કરે! તેજ પ્રમાણે જૈનકુળમાં ઉત્પન્ન થવા છતાં જેને રાત્રિભોજન કે કંદમૂળભક્ષણ છોડવું ગમતું નથી તેવાઓ પોતાના કુળને વગોવે તો તે સાવ સ્વાભાવિકજ ગણાય! તિથિ કે પર્વના દિવસે લીલોતરી છોડવાની વાત આવે કે એની બુદ્ધિ બોલી ઉઠે કે શું પર્વ અને તિથિઓના દિવસોમાં સૂર્યોદય નહોતો થયો અને બીજા આડા દિવસે થયો હતો કે જેથી એમાં અમુક દિવસે અમુક ખાવું અને અમુક દિવસે અમુક ન ખાવું એવો ભેદ પાડયો. જે વસ્તુમાં કુદરત ભેદ નથી કરતી એ વસ્તુમાં માણસે શા માટે ભેદ કરવો? સૂર્યને માટે તેરશ અને ચૌદશ બન્ને સરખાં છે તો પછી એક દિવસે લીલોતરી ખાવી અને એક દિવસ ન ખાવી એવું શા માટે? પણ **સાત્વિક વૃત્તિનો ધાર્મિક માણસ કદી આવી યુક્તિઓના પાશમાં સપડાતો નથી.** એ તો એકજ વસ્તુ ધ્યાનમાં રાખે છે કે જેમ બને તેમ પાપનું પોપણ ઓછું કરવું. અગર આડા દિવસે આપણે પાપનું સેવન કરીએ છીએ તો શું એનો અર્થ એ થાય ખરો કે દરેક દિવસે એ પાપનું સેવન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવું, અને એનાથી થોડું ઘણું બચાય એ પણ ખોટું? અરે-એક દિવસ દાન ન દેવાય તો બીજા દિવસે પણ ન દેવું એ કયાંનો નિયમ? ભલા-એક દિવસ કમાણી ન થઇ હોય તો બીજા દિવસે પણ કમાણી કરવાનું માંડી વાળવાનું કેટલાક કરે છે? અને જરા વધુ સચોટ યુક્તિ જોઇતી હોય તો એ પવિત્ર ધાર્મિક વૃત્તિનો માણસ કહી શકે કે ભાઇ આગલા દિવસે તમે જીવતા હતા અને બીજા દિવસે મરણને શરણ થાઓ છો એનું કેમ? પણ ખરી વાત એ છે કે એને માત્ર પોતાની લાલસાનું પોષણ થાય એવી એકપક્ષી યુક્તિઓજ ગમે છે. **ઢાલની બીજી બાજુની** માફક એક વસ્તુના સારાસારનો સર્વદેશી વિચાર કરવાનું એને નથી ગમતું! અને અહિંયાજ આ અનાદિ સંસારની જડ છે! આવી ભાવનાઓ જે જીવોમાં જડ કરી રહી હોય તેવાઓ અનંત કાળ સુધી સંસારના ફેરામાં ફર્યા કરે તો એમાં શું નવાઇની વાત છે?

**નિમિત્તવાસી આત્મા** સૂર્યોદય છતાં જીવન અને સૂર્યોદય છતાં મરણ થાય છે તો તેમાં આપણે કંઈક ગુહ્ય સંયોગોને કારણભૂત માનીએ છીએ. આમાં જીવનમરણનો સંબંધ કદી સૂર્યોદય સાથે હોતો નથી પણ એમાં એના પોતાના અનુકૂળ પ્રતિકૂળ સંયોગો ઉપરજ એનો બધો આધાર છે. એજ પ્રમાણે પાપપુણ્યનો આધાર પણ અમુક દિવસ ઉપર કંઈ એકાંતથી નથી, પરંતુ એ પર્વ દિવસ કે તિથિના દિવસોના પવિત્ર બહાના હેઠળ જેટલું પાપથી બચી શકાય એટલું સારૂં છે. આપણે બધા જાણીએ છીએ કે આપણો આત્મા એ **નિમિત્તવાસી આત્મા છે,** અને પુણ્યોપાર્જનની પ્રવૃત્તિ તો એ અમુક નિમિત્તોના કારણેજ કરે છે. ચૌદશ જેવી મોટી તિથિઓના દિવસે કે પર્વના દિવસોએ અમુક વ્રત, પચ્ચખ્ખાણ કરવાં કે લીલોતરી વિગેરે ન ખાવાં, એવા વિધિ-નિષેધનો કોઇએ પણ એવો અર્થ તો નજ સમજવો કે બીજા દિવસોમાં વ્રત, પચ્ચખ્ખાણ કરવાનો નિષેધ કર્યો છે કે લીલોતરી ખાવાની છૂટ આપી છે, પણ વાત એટલીજ સમજવાની છે કે અમુક શુભ નિમિત્તના આધારે આપણાથી જેટલી શુભ પ્રવૃત્તિ થાય તેટલું સારૂં!

વળી જો આપણને મોટી તિથિઓ કે પર્વ દિવસોમાં કંઈક વિશેષતાજ જોઇતી હોય તો તે પણ આપણી લૌકિક દૃષ્ટિએ વિચાર કરતાં જરૂર મળે એમ છે. આપણે સૌ કોઇ જાણીએ છીએ કે એવું પથારીવશ-માંદા-માણસને માટે ચૌદશ અમાવાસ્યા જેવી તિથિઓને ભારે તિથિ તરીકે લેખવામાં આવે છે. અહિંયા પણ ભારે તિથિ કે હલકી તિથિના સૂર્યોદયમાં લેશમાત્ર પણ ફરક નથી પડતો, છતાં આપણે એમ કેમ માનીએ છીએ? વળી બીજું-આપણો રોજનો અનુભવ છે કે અમુક દિવસે ચંદ્ર વધે છે અને અમુક દિવસે ચંદ્ર ઘટે છે, છતાં સૂર્યનો ઉદય તો હંમેશ પ્રમાણે થયાજ કરે છે. જેમ ચંદ્રના વૃદ્ધિ અને હાનિને સૂર્ય સાથે સંબંધ નથી તેમ આત્માને પણ તેની સાથે સંબંધ નથી. એ તો શુભ પ્રવૃત્તિ કરશે તો સારાં કર્મ બાંધશે અને અશુભ પ્રવૃત્તિ આદરશે તો ખરાબ કર્મોનો ભોગ બનશે. એમાં એકેમાં સૂર્ય વધારો કે ઘટાડો કરવાનોજ નથી. એટલે પોતાના આત્માનું કલ્યાણ કરવાની ભાવનાવાળાએ તો આવી કુયુક્તિના ફેરામાં ન પડતાં પોતાના આત્માની ઉન્નતિ જે માર્ગે વધુ થતી જણાય તે પંથેજ પળવું ઘટે!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ચંદ્રની ગતિ: ધાર્મિક દિવસોનો સાચો નિયામક.** વળી બીજી વાત-ચંદ્રની અસર દરેક પુદ્‌ગલ ઉપર પડે છે. ચંદ્ર વધારે ખીલે તો તેની અસર વધારે થાય અને ઓછો ખીલે તો ઓછી થાય. જેમ ચંદ્રના તેજમાં ફેરફાર થાય છે તેમ અમુક પુદ્‌ગલોના સંયોગમાં ફેરફાર કેમ ન થાય? રંગ એના એજ હોય, પણ સાબુથી કપડું સાફ કર્યા પછી રંગ ચઢાવો અને મેલા કપડા ઉપર રંગ લગાડો! શું બન્ને કપડા ઉપર એક સરખોજ રંગ લાગશે ખરો? નહિજ! એક ઉપર વધુ સારો અને વધુ પાકો રંગ લાગવાનો. જ્યારે બીજાના રંગમાં કંઈ ઠેકાણુંજ નહિ આવવાનું! તો પછી તેજ પ્રમાણે ચંદ્રના વધઘટનો હિસાબ આત્મા ઉપર થતી અસરને ગણીને શ્રીશાસ્ત્રકાર મહારાજે તિથિઓની વ્યવસ્થા કરી હોય તો તેમાં શું અજુગતું છે. આપણે એ ખ્યાલ રાખવો જોઇએ કે-આપણી ધર્મક્રિયાઓનો સંબંધ-જેટલો ચંદ્ર ઉપર રાખવામાં આવ્યો છે તેટલો સૂર્ય ઉપર નથી રાખવામાં આવતો. આમ કહેવાનો આશય શું છે? એજ કે-આપણે પાક્ષિક પ્રતિક્રમણ દર પખવાડીએ કરીએ છીએ અને એમાં ૧૫ **राइं दियाणं** કહીએ છીએ, ચૌમાસી પ્રતિક્રમણ ચાર મહિને કરીને ૧૨૦ **राइं दियाणं** બોલીએ છીએ અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૩૬૦ **राइं दियाणं** કહીએ છીએ. હવે સૂર્યની અપેક્ષાએજ જો ગણતરી ગણીએ તો પખવાડીયામાં તો ૧૫ અહોરાત્રિ આવે છે પણ ચોમાસામાં ૧૨૦ અહોરાત્રિ કે એક વર્ષમાં પૂરા ૩૬૦ અહોરાત્રિ કદી પણ નથીજ આવતાં છતાં આપણે ૧૫, ૧૨૦, ૩૬૦ એમ બોલીએ છીએ. ભલા તે કયા હિસાબે? માત્ર ચંદ્રનાજ આધારે! સૂર્યના આધારે તો ઉપરની વાત કદી પણ સાચી નહિજ થાય. કેટલીક વખત તિથિ બે પણ થાય છે અને કોઈ વખત એકનો ક્ષય પણ થઇ જાય છે. છતાં ચંદ્રના હિસાબેજ પખવાડીયું પૂર્ણ થયું એટલે પંદર દિવસ પૂરા થયા સમજાય છે. આ બધી વસ્તુ એજ સિદ્ધ કરે છે કે સૂર્ય કરતાં ચંદ્રનું સ્થાન બહુજ મહત્વવાળું છે, અને તેથીજ ચંદ્રના વધવાઘટવાને કર્મવર્ગણાના પુદ્‌ગલો માટે અસર કરનાર માની તેના આધારે પર્વતિથિઓની રચના થઇ હોય તો એમાં શું અસંગતતા જેવું છે?

**સાચો વિચાર છે?** પણ ખરી વાત એ છે કે ખાવાપીવામાં અને ભૌતિક આનંદવિલાસમાં તલ્લાલીન રહેનારને આ કે આવી યુકિતઓ ગળે ઉતારવી ગમતી નથી. એને તો જૈન કહેવાવા છતાં ક્રિશ્ચિયન કે મુસલમાનની માફક ખાવાપીવાની બાબતમાં કોઇ પણ જાતના બંધનને બદલે અમર્યાદિત સ્વતંત્રતાજ મીઠી લાગે છે. ભલે પછી એનું વાસ્તવિક પરિણામ આત્માના માટે ગમે તેવું આવે! એની એને પરવા કરવીજ નથી. બાકી તાત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો-જેને આ અનાદિભવ તરવાનું સાધન મળ્યું હોય, જેને મોક્ષનગરનો માર્ગ મળ્યો હોય તેના જેવું ભાગ્યશાળીજ કોણ હોઇ શકે? સાચા જૈનની તો ફરજ છે કે એણે જૈનત્વની જડ જેવા એ ત્રણ સંસ્કારનો વારસો પોતાના સંતાનને અવશ્ય આપવો! અને આવો વારસો આપવાની પ્રેરણા ત્યારેજ આપણા હૃદયમંદિરમાં જાગ્રત થાય જ્યારે કે આપણે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાને લક્ષ્યમાં રાખીને આપણા ભૂતકાળના અને ભવિષ્યકાળના જીવનનો વિચાર કરતા થઇએ અને આપણા વર્તમાનકાળના સુખ-વૈભવ, આનંદ-વિલાસ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ગાડી-વાડી-લાડીના વિચારને ગૌણ-બહુજ ગૌણ બનાવી દઇએ!

**પાંદડે પાણી!** ભલા આપણે ઉપર કહેલ ગળથુથીની ત્રણ વસ્તુઓ-અનાદિ જીવ, અનાદિ કર્મ, અને તે બન્નેનો અનાદિનો સંયોગ એમ અનાદિત્રય વસ્તુ માનવાને બદલે-અને ભૂતકાળની ભ્રમણામાં ભટકવાને બદલે આપણા ભવિષ્યકાળનો વિચાર કરીને આ જીવ અવિનાશી છે, મુમુક્ષુ છે અને પાપભીરૂ છે એ ત્રણ વસ્તુઓ માનવા લાગીએ તો શું હરકત? મહાનુભાવો! જરા ધીરજ રાખો! જરા ઉંડા ઉતરો! અને પાંદડે પાણી છાંટવાને બદલે વૃક્ષની જડ તપાસીને ત્યાંજ પાણી સીંચવાની પ્રવૃત્તિ કરો! નહિ તો તમારૂં પાણી પણ નકામું જશે, તમારી મહેનત પણ નકામી જશે અને પાણી છાંટવા છતાં ઝાડ સૂકાઇ જશે. અરે બહુજ જલ્દી સડી જશે અને તે માત્ર એકજ ભૂલના કારણે કે તમે મૂળના બદલે **પાંદડે પાણી છાંટયું**! એજ પ્રમાણે જીવ વિગેરે અનાદિ માન્યા વગર કેવળ અવિનાશી વિગેરે માનવો એ પણ અધુરી પાયા વગરની માન્યતા છે. કાચે પાયે મજબુત મહેલાત ચણેલી કોઇએ સાંભળી કે નીહાળી છે ખરી? અનાદિપણું નહિ સમજો તો અવિનાશી પણ કયાંથી સમજશો? અને જીવને કર્મના સંયોગની પીડા નહિ સ્વીકારો તો તે કર્મપાશમાંથી છૂટા થવાની-મોક્ષ મેળવવાની પવિત્ર ભાવનાને પણ કયાં સ્થાન રહેશે અને જીવને પાપનો સંયોગ નહિ માનો તો એનાથી ડરવાપણું પણ કયાં રહેવાનું? મોક્ષની પરમ પવિત્ર ભાવનાની ખરી જડ તો અનાદિના ભવભ્રમણમાંજ રહેલી છે. જે બંધાયેલો ન હોય એને મુક્ત થવાનું રહ્યુંજ કયાં? છૂટેલાને કદી છૂટવાની પ્રવૃત્તિ કરતો કોઇએ દીઠો છે? અને દીઠો હોય તો એને આપણે મૂર્ખજ કહીએ છીએ. પેટ ભરી ખાધા પછી ફરી પાછા ખાવા બેસનારને મૂર્ખો નહિ તો બીજું શું કહેવું?

**સાચા સંજ્ઞી બનો!** એટલા માટે શાસ્રકાર મહારાજનું ફરમાન છે કે-જો તમારે સાચા જૈનત્વનો આસ્વાદ ચાખવો હોય તો, પરમ તારક શ્રી જિનેશ્વર ભગવાનના શાસનનું સાચું રહસ્ય સમજવાની ભાવના હોય, એ સમજણના આધારે સાચી શુભ પ્રવૃત્તિઓ કરી આત્મકલ્યાણનો માર્ગ હાથ ધરવો હોય, મોક્ષમાર્ગનો સાચો અર્થ તમારે સમજવો હોય અને આ અનાદિકાળથી અરઘટ્ટ ઘટ્ટિકાની માફક ચાલ્યા આવતા સંસારચક્રના ફેરાવામાંથી બચવું હોય તો એ **અનાદિ ત્રયનું** મહત્વ સમજો-બરાબર સમજો. ન સમજાય તો શાસ્રકારનો દોષ ન કાઢતાં પોતાની બુદ્ધિની ખામી ગણીને તે ખામી દૂર કરવાની કોશિશ કરો. પોતાના સંતાનોને રોડા અને કુકા સમાન પૈસાનો વારસો આપવાને બદલે આવો અનંત કાળ સુધી ચાલી શકે એવો અમર વારસો આપો! અને પછી પોતાના સારાસારનો સંપૂર્ણ વિચાર કરીને તમારી પેઢી વર્તમાન કાળના ક્ષણિક લાભના લોભમાં સદાને માટે દેવાળીઆની હારમાં ન બેસી જાય તે માટે તેના ભવિષ્ય કાળનો અને ભૂતકાળનો વિચાર કરી તે હમેશાંને માટે તરતી અને સદ્ધર બની રહે તેવો વિચાર અને આચાર કરીને હેતુવાદોપદેશિકી સંજ્ઞા પ્રમાણે નામ માત્રના સંજ્ઞી ન રહેતાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાએ કરેલી સંજ્ઞાની સાચી વ્યાખ્યાને પાત્ર બનીને **સાચા સંજ્ઞી બનો.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આસ્તિકો નાસ્તિકો.

## અનાદિ સંસાર.

મહાનુભાવો ! શ્રી શાસ્ત્રકાર મહારાજ આપણને વારંવાર પોકારીને કહે છે કે–આ જીવ આ સંસારસાગરમાં હમેશાં ગોથા ખાધા કરે છે. જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ એમ વડના ટેટાની માફક રમત રમી રહ્યો છે, અને તે પણ આજ કાલ કે સો પાંચસો અથવા લાખ કરોડ કે અબજ અરે–અસંખ્યાત વરસોથી નહિ પણ અનાદિ કાળથી. જેનો છેડો પણ ન પામી શકીએ અરે આપણે તો શું પણ શ્રી તીર્થંકર મહારાજ જેવા મહા સમર્થ જ્ઞાનવાન્ પરમ પુરુષ પણ જેનો છેડો નથી પામી શકયા એટલા લાંબા સમયથી ! મહાનુભાવો ! જરા વિચાર કરો તમે એકજ પ્રકારની ક્રિયા વધુ સમય નહિ તો પણ માત્ર પાંચ સાત દિવસ માટેજ અસ્ખલિત રીતે કરી જુઓ, કે એકજ પ્રકારનું ભોજન થોડાક દિવસ સુધી લઈ જુઓ. શું તમને એ ક્રિયાથી અને એ ભોજનથી કંટાળો નહિ આવે ? તો પછી આ સંસારમાં અનાદિ કાળથી રખડંપટ્ટીનો અનુભવ કરવા છતાં આપણને એનાથી કંટાળો કેમ નથી આવતો ? બેજ કારણ ! (૧) યા તો આપણે આ સંસાર કરતાં બીજી વધારે સારી સ્થિતિને સાચી રીતે જાણતા નથી કે જેથી એ વધારે સારી વસ્તુ મેળવવાની ભાવના આપણા દીલમાં પેદા થાય ! જે માણસ આગળ એકજ વસ્તુ પડી હોય તેને એમાં પસંદ કરવાનું કે સારૂં ખોટું સમજવાનું હોયજ શું અથવા તો (૨) એ સારી વસ્તુને અસ્તિત્વરૂપે જાણવા છતાં છાણના કીડાની માફક આપણા ચાલુ સંસારના આનંદને છોડવા તૈયાર નથી. જો આમ ન હોય તો અનાદિ કાળથી ચાલી આવતી એકધારી પ્રવૃત્તિ અને તે પણ એકંદરે દુઃખનો અનુભવ કરાવનારી પ્રવૃત્તિથી આપણને અવશ્ય કંટાળો આવવો જોઈએ !

**કારણ અને કાર્ય.** જે સમયે એવો કંટાળો ઉત્પન્ન થયો હોત તેજ ક્ષણે આપણે વિચારવા લાગ્યા હોત કે આ અનાદિની રખડંપટ્ટીનું કારણ શું ? એ અનાદિની રખડંપટ્ટી કોઈ કારણવશ થાય છે કે એમને એમ આ જીવની માફક સ્વયં સિદ્ધ છે, કારણકે જે વસ્તુ નિષ્કારણ પણ થયાજ કરતી હોય તેના માટે વિચાર કરવો નિરર્થક છે, કારણ કે નિષ્કારણ પણ પોતાની મેળેજ થયા કરતી વસ્તુને રોકવાનો કોઈ ઉપાયજ નથી. જે વસ્તુ કારણના લીધે થતી હોય તેને આપણે અવશ્ય રોકી શકીએ છીએ ! કહ્યું છે કે–**नित्यं "सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्"** કારણને બંધ કરો એટલે કાર્ય આપોઆપ બંધ થઈ જવાનું. ચકલી બંધ કરો એટલે પાણી આવતું પોતાની મેળેજ બંધ થશે. પાણીને લીધે ઠંડક લાગતી હોય તો પાણી દૂર કરો એટલે ટાઢ સ્વયં નાશી જશે ! **"कादाचित्क भवनं कारणोपनिबन्धनं"** અર્થાત્ જે વસ્તુ કોઈ વખત થતી હોય કોઈ વખત ન થતી હોય તે વસ્તુ કારણ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જન્ય ગણાય છે, ઘડો કોઈ વખત થાય છે ને કોઇ વખત નથી થતો એટલા માટે એ કારણ-જન્ય છે, અને જે કારણ વગર થતું હોય તે તો સદાકાળ થયાજ કરવાનું, કારણ કે એને પોતાના અસ્તિત્વમાં બીજી કોઇ વસ્તુની જરૂર નથી હોતી કે જેના અભાવમાં એ વસ્તુ અટકી જાય અથવા તો એ નિષ્કારણનું કદાપિ પણ અસ્તિત્વ નહિ રહેવાનું ! શાસ્ત્રકારનું પણ કથન છે કે-"**नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्**" જે વસ્તુનું કોઇપણ કારણ ન હોય તેની બે સ્થિતિ છે. યા તો તેનું સદા કાળ અસ્તિત્વજ રહેવાનું, જેમકે આપણો આ જીવ ! એ જીવ અનાદિ કાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો, અથવા એ વસ્તુનો સર્વથા સદા કાળને માટે અભાવજ રહેવાનો. જેમકે-આકાશનું ફૂલ કે સસલાનું શીંગડું આ વસ્તુ માટે કોઇપણ કારણ નથી એટલે જગતમાં એ વસ્તુ ક્યાંય પણ નથી મળતી-તો આપણે જે મુખ્ય મુદ્દો વિચારવાનો છે તે એ કે-આપણી જે આ અનાદિની રખડંપટ્ટી છે તે કોઈ કારણજન્ય છે કે સ્વતઃસિદ્ધ છે, કારણકે જે વસ્તુ કારણ-જન્ય હોય તેનોજ નાશ સંભવી શકે છે. જેનું કારણજ ન હોય તેનો નાશ કરવાનો ઉપાયજ જગતમાં નથી, આત્માનો નાશ થયેલો કદી કોઇએ સાંભળ્યો ખરો ? અને કારણવાળી વસ્તુઓનો નાશ તો આપણે રાતદિવસ નજરે નીહાળીએ છીએ. દાબડી બનાવી. તેનું મુખ્ય કારણ તે લાકડું એ લાકડાનો નાશ કરો એટલે દાબડી હતી ન હતી થઈ જવાની. કાંબળી તમારી પાસે છે. એનું કારણ ઉન છે. એ ઉનનો નાશ કરો એટલે કાંબળી પણ નાશમાં મળી જશે બધા આસ્તિક દર્શનકારોનો આત્મા માટે એકજ મતજ છે કે એને કોઇએ પેદા નથી કર્યો અને એનો કોઇ નાશ પણ નથી કરી શકતું, કારણ કે એનો કોઈ હેતુજ નથી, એ તો સ્વયંસિદ્ધ છે.

\+ \+ \+

**ચાર્વાકદર્શનઃ જીવનું સ્વરૂપ.** જરા પ્રાસંગિક રીતે જીવ સંબંધી જરા વધારે વિચાર કરી લઇએ ! આપણે ઉપરજ કહી ગયા કે-કોઈપણ આસ્તિક દર્શનકાર-ભલે પછી તે જૈન હોય શૈવ હોય, કે વૈષ્ણવ હોય જીવને ઉત્પન્ન થયેલો માનતા નથી. જ્યારે બીજી તરફ ચાર્વાક આદિ નાસ્તિક દર્શનકારો કે જેઓના મગજમાં ગયો ભવ કે આવતો ભવ, કર્મ કે કર્મનો સંયોગ અથવા સ્વર્ગ-મોક્ષ કે નરક નામની વસ્તુનેજ સ્થાન નથી તેઓ કહે છે કે-અનાદિનો જીવ એવી કોઇ વસ્તુજ નથી. જેને આપણે આ શરીરમાં રહેતો જીવ કહીએ છીએ, જેને આપણે આ શરીરમાં દેખાતી ચેતનાનો નિયામક કહીએ છીએ એ જીવ કોઇ અનાદિ કાળથી ચાલી આવતી અવનવી વસ્તુ નથી પરન્તુ બીજી વસ્તુઓ-કે જે કારણ, સામગ્રી બધી આવી મળતાં ઉત્પન્ન થાય છે અને તે સામગ્રીઓનો નાશ થતાં નાશ પામે છે તેની માફક જીવ પણ એક ઉત્પન્ન થનાર અને નાશ પામનારજ પદાર્થ છે. નાસ્તિક દર્શનકારોને જીવને નાશ થવાવાળો માનવાનું મુખ્ય કારણ એ છે કે તેઓ એને ઉત્પન્ન થવાવાળો માને છે, અને એની ઉત્પત્તિના કારણ રૂપે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો કે જેને તેઓ પંચભૂતના નામે ઓળખાવે છે-તેને માને છે. એ પાંચનો સંયોગ થતાં જીવ પેદા થાય છે અને વિયોગ થતાં નાશ પામે છે. હવે જરા ઉંડા ઉતરીને આ વાતને તપાસી જોઇએ. એક માણસે બીજાને કહ્યું કે-ભાઈ મારી ઉંમર ૨૫ વરસની અને મારી માની ઉંમર પાંચ વરસની છે ! કહે-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નારે કહી દીધું! શબ્દો તો એવા સરળ છે એનો ગમે તેવો ઉપયોગ કરો છતાં એ કંઇજ નહિ કહેવાના. પેલા માણુસના મનમાં આવ્યું તે પ્રમાણે શબ્દોનો-સ્વર-વ્યંજનની જોડણીનો-ઉપયોગ કરી નાખ્યો અને કોઇપણ જાતના આગળ પાછળના કે સંગતતા, અસંગતતાનો વિચાર કર્યા વગર પોતાના મનમાં આવ્યું તે પ્રમાણે બકી દીધું, પણ દુનિયામાં **બધેય સ્થળે દીવાના કહેનારને સાંભળનારા પણ દીવાના નથીજ મળતા!** કેઇક તો બુદ્ધિશાળી મગજ એને જરૂર મળે છે અને પૂછી બેસે છે કે ભાઇ, તમારી વાત પણ અજબ છે-પેલા "બાર હાથના ચીભડા અને તેર હાથના બી" જેવી અજબ છે. તમે પચીસના અને તમને જન્મ આપનારી તમારી માતા પાંચ વરસની એ કેમ સંભવી શકે? એજ પ્રમાણે આપણે અહિં પણ એ નાસ્તિક બંધુને પૂછીએ કે-ભાઈ તમારા શાસ્ત્રમાં તો કેવળ પ્રત્યક્ષ પ્રમાણનેજ સ્થાન છે: પ્રત્યક્ષ સિવાયના બીજા પ્રમાણો ત્યાં કલંકિત ગણાય છે-અપ્રમાણ રૂપ લેખાય છે. તો પછી તમારા શાસ્ત્રો પ્રમાણે તો જ્યારે-તમે આ આંખોથી પાંચ ભૂતોનો સંયોગ થતો નીહાળો એ સંયોગના કારણે એમાં જીવ જેવી કોઇ ચીજ ઉત્પન્ન થતી જુઓ ત્યારેજ તમે કહી શકો કે જીવ ઉત્પન્ન થયો, જીવ નાશ પામે છે. ભલા તમે તમારા હૃદય ઉપર હાથ રાખીને કહો કે તમે કદી આ ક્રિયા તમારી સગી આંખે-તમે પ્રમાણભૂત માની શકો એવી પ્રત્યક્ષ રીતે-નીહાળી છે ખરી?

**સ્વર્ગ-નરકનું પ્રત્યક્ષ.** વળી એ નાસ્તિક ભાઇને અગ્નિ અને ધૂમાડા જેવી વ્યાવહારિક-સાવ સાધારણ ચીજો માનવામા હરકત નથી પરન્તુ અતીંદ્રિય પદાર્થોને માનવામાંજ એને આચકો લાગે છે. એ તો કહે છે કે-સ્વર્ગ, નરક, મોક્ષ, ધર્મ, અધર્મ, અને એવી બીજી ચીજો માનવામાં મને કશી હરકત નથી પણ મને જો એ બધાનું પ્રત્યક્ષ દર્શન થાય તોજ માનું! **માનવા છે સ્વર્ગ, નર્ક કે મોક્ષ અને નીહાળવા છે અહિં બેઠા બેઠા આ ચર્મચક્ષુથી!** કેવી મજાની વાત? લંડનના અસ્તિત્વમાં શ્રદ્ધા તો અવશ્ય કરવી છે પણ તેનું જો અહિં બેઠા બેઠા દર્શન થાય તો! આ તો પેલા જેવું થયું કે-એક માણુસ કહે-ભાઇ જગતમાં રૂપનું અસ્તિત્વ માનવામાં મને કશી હરકત નથી પણ ભાઈ, જો મને એ રૂપનું જ્ઞાન મારી **જીભથી** થાય તો માનું! ભલે એને એ રૂપ જીભે જણાશે કયારે અને એ ભાઈ સાહેબ રૂપને માનવાના કયારે? મહાનુભાવો! જો આપણે આ ભાઈની આવી વાણીને વિચાર-વિવેક વગરની કે મૂર્ખતાભરી કહીએ તો પેલા નાસ્તિક ભાઇની અહિં બેઠા બેઠા સ્વર્ગ નરકનું પ્રત્યક્ષ દર્શન કરવાની ભાવનાને કેમ મૂર્ખ ન ગણવી! ખરી રીતે તો આમાં અને એમાં જરાય ફરક નથી. ફરક એટલોજ કે એક વસ્તુ તરત સમજાય એવી છે જ્યારે બીજામાં કંઇક મગજને શ્રમ આપવો પડે છે. બાકી તો બન્ને પ્રસંગો એક સરખાજ છે. અહિં બેઠા બેઠા ઇંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય તેને પ્રત્યક્ષ માનવું છે અને એ અતીન્દ્રિય વસ્તુઓની પ્રત્યક્ષ એ ઇન્દ્રિયોથી કરવું છે! કેવું મજાનું? દુઃખે છે પેટ અને દવા લગાડવી છે માથે!

**અતીન્દ્રિય પ્રમાણ અને વિષય.** આપણે ક્ષણભર માટે **"तुष्यतु दुर्जनः"** એ ન્યાયે કરી એ ચાર્વાક ભાઈની વાત સાચી માનીએ કે-જીવ ઉત્પન્ન થાય છે. છતાં આપણે નમ્રપણે એ ભાઇને એટલું તો અવશ્ય પૂછી શકીએ કે મહેરબાન,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇન્દ્રિયજન્ય જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણરૂપે માનનારા-તમે તમારી કઇ ઇંદ્રિયદ્વારા પ્રત્યક્ષ કર્યું કે જીવ ઉત્પન્ન થાય છે? શું તમને નાકથી એવી ગંધ આવી ગઈ કે જેથી તમને લાગ્યું કે આ જીવ ઉત્પન્ન થયો? કે-કાનથી કંઈ વિશિષ્ટ પ્રકારનો અવાજ સાંભળ્યો કે આંખથી કંઇ અવનવું નીહાળ્યું, અથવા તો જીભમાં કંઈ એવો સ્વાદ આવી ગયો કે જેથી તમારે કહેવું પડયું કે આ જીવ પેદા થયો? આ બધાનો ઉત્તર એ ભાઈ પાસે મૌન સિવાય બીજો કંઇજ નથી! અને જ્યારે પાંચે ઇંદ્રિયમાંથી એકે દ્વારા જીવની ઉત્પત્તિનું પ્રત્યક્ષ જ્ઞાન નથી થયું તો ભાઈ સાહેબ, તમે શા ઉપરથી કહો છો કે જીવ ઉત્પન્ન થાય છે-નાશ પામે છે વિગેરે. વળી જીવનેજ જ્યારે તમે તમારા ઇંદ્રિય પ્રત્યક્ષથી પ્રત્યક્ષ નથી કરી શકતા તો એના ઉત્પન્ન થવાની તો વાતજ શી કરવી! જ્યાં લુગડાંજ ન હોય ત્યાં પહેરવાની વાતજ શી કરવાની હોય? પહેલાં તો એજ નક્કી કરો કે જીવ નામની વસ્તુ છે અને તે ઇંદ્રિયદ્વારા પ્રત્યક્ષ છે. પછી વિચાર કરીશું કે એ પાંચ ભૂતમાંથી પેદા થયો કે સાત ભૂતમાંથી ઉભો થયો, અને જીવને ઇંદ્રિય પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ માનનાર ભાઇને આપણે આટલું પણ અવશ્ય પૂછી શકીએ કે-ભાઇ-એ પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ તમારા જીવમાં તમે કદી કોઇ રૂપ-રંગનું દર્શન કર્યું, કોઇ ગંધનો અનુભવ કર્યો; કોઇ સ્પર્શનું પ્રત્યક્ષ કર્યું; કોઇ રસનો સ્વાદ કર્યો; કે કોઇ અવાજ પણ સાંભળ્યો? અને નહિ તો-એ પાંચ વિષયોનો અભાવ છતાં તમે એનું પ્રત્યક્ષ કામ કયા રસ્તે કર્યું? માત્ર ચેતનાથી એમ કહો તો એ પણ વાત ભૂલવી ન જોઈએ કે ચેતના એ ઇંદ્રિયનો વિષય નથી, કારણ કે એમાં ઇંદ્રિયના વિષયો મળતા નથી, અને છતાંય જો ચેતનાને માનવીજ હોય તો તમારે તમારા પ્રમાણની મર્યાદાને પણ વિશાળ કર્યા વગર છૂટકોજ નથી, અને એ મર્યાદાને વિશાળ કરવાનો અર્થ એજ કે-તમે અત્યાર સુધી જે ઇંદ્રિય પ્રત્યક્ષનેજ પ્રમાણ માનવાનો આગ્રહ રાખતા હતા તે આગ્રહને દેશવટો આપીને કોઇ ઇંદ્રિયથી દૂર દૂરનું કોઇ અતીંદ્રિય નામનું પણ પ્રમાણ માનવું પડશે અને જ્યારે અતીંદ્રિય પ્રમાણ માન્યું તો એ પ્રમાણનો કોઈ અતીંદ્રિય એવો વિષય પણ માનવોજ રહ્યો, કારણ કે ભિન્ન ભિન્ન પ્રકારના પદાર્થોજ ભિન્ન ભિન્ન પ્રકારના પ્રમાણના નિયામક છે. જો બધાય પદાર્થો એકજ સરખા, સદાય માટે હોય તો જુદા પ્રમાણોની કલ્પના પણ ન કરવી પડે, પણ પદાર્થો અનેક પ્રકારના છે માટે તેને ગ્રહણ કરનારા પ્રમાણો પણ અનેક હોવાજ જોઇએ, અને જ્યારે અતીંદ્રિય જ્ઞાન અને અતીંદ્રિય પદાર્થ માન્યા તો પછી બાકીજ શું રહ્યું? વસ્તુસ્થિતિ આવી હોવા છતાં જીવને ઉત્પન્ન થતો અને નાશ થતો કહે તે વાત કોણ માની શકે? જે છોકરાને ઘર બહાર પગ મૂકવાની પણ બાધા હોય અને તે આવીને કહે કે નદીના કાંઠે ઘીગોળના ગાડાં લુંટાય છે. જેને જોઇએ તે લઈ આવો! ભલા અકકલના ઓથમીર માણસ સિવાય એ છોકરાની વાતને બીજો કોણ સાચી માનશે અને મફતીયા ઘીગોળની લૂંટ કરવા જશે?

**વેદાન્તીઃ પ્રચ્છન્ન ચાર્વાક જશે?** આ તો થઈ પોતાની જાતને છડેચોક નાસ્તિક કહીને સંબોધનારાઓની વાત! પણ જરા, એ નાસ્તિક કરતાંય મહા નાસ્તિક સમા અથવા તો પ્રચ્છન્ન નાસ્તિક સમા પેલા વેદાંતીઓની વાત વિચારીએ! તેઓ કહે છે કે- "**सत्यं ब्रह्म, जगन्मिथ्या**" બ્રહ્મ એ સાચું અને જગત એ ખોટું! એટલે કે-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારી આ સગી આંખે દેખાય તે બધું જુઠું અને જે તમને દેખાતું નથી તે જ સાચું ! કેવી વિચિત્ર વાત ? આજ એમનું મહાનાસ્તિકપણું ! પેલા **બિચારા ચાર્વાક નાસ્તિક કહે છે કે જે આંખે દેખાય તેજ માનવું જયારે આ મહાપુરુષો કહે છે કે જે આંખે દેખાય તે ન માનવું ખોટું માનવું** એના સિદ્ધાંત પ્રમાણે તો જેટલું પ્રત્યક્ષ તે બધું ભ્રાંતિ ભ્રમણા ભર્યું, ખોટું મિથ્યા, દોરડાના સાપ જેવું ! ભલા આ બેમાં કોણ વધારે ખરાબ ? ચાર્વાક કે વેદાંતી ? ચાર્વાકના ખ્યાલમાં પાંચ ઇંદ્રિયો સિવાય બીજી વસ્તુ આવતી નથી અને તેથી એ માનતો નથી. ચેતના જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક કે મોક્ષ એ આ ઇંદ્રિયોથી દેખાતા નથી અને એટલા માટે એ તે માનવા તૈયાર નથી. માલમ ન પડે અને ન માને એમાં શું ખોટું ? અજાણ્યો માણસ તો કુવામાં પણ પડે છે એ વાત કયાં આપણે નથી જાણતા ? પણ પેલા આપણા વેદાંતી ભાઇ તો પોતાને ખ્યાલમાં આવતી વસ્તુ પણ માનવાની ના પાડે છે એ તો જોયા અને જાણવા છતાં દીવો લઇને કુવે પડવા જેવું કહે છે. ભલા આમાં કોણ સારો ? ન જાણવાના કારણે નહિ માનનાર કે જાણવા છતાં ઇન્કાર કરનાર ?

**સત્ અને અસત્.** હવે જયારે એ વેદાન્તી ભાઇ પોતાના ઉપર આવી પડતા દોષથી બચવા માટે એમ કહે કે અમે એ વસ્તુ **અમુક અપેક્ષાએ** કહીએ છીએ તો ઓલામાંથી ચૂલામાં પડયા જેવું તેને માટે થાય છે. ચાર્વાકથી બચવા માટે ઉપાય કરતાં જૈનોના **સ્યાદ્વાદ અપેક્ષાવાદના** પંજામાં સપડાવું પડે છે અને એ વાત તો એને લેશપણ ગમતી નથી કારણકે સ્યાદ્વાદ અપેક્ષાવાદ એ જૈનોનો પોતાનોજ મૌલિક સિદ્ધાંત છે એ સિદ્ધાંતમાં કોઇ પણ બીજા દર્શન કે સંપ્રદાયના સિદ્ધાંતની ગંધ નથી અને અમુક વસ્તુને અમુક અપેક્ષાએ અમુક પ્રકારની માનવી એજ સ્યાદ્વાદનો આત્મા છે અને એ અપેક્ષાવાદનો આશ્રય લેવામાં તો એને બહુ મોટી પંચાત ઉભી થાય એમ છે કારણકે **સત્** અને **અસત્ની** વ્યાખ્યા કરતાં એ સાફ કહે છે કે **જે વસ્તુ ત્રણે કાળમાં અબાધિત હોય, જેમાં ત્રણે કાળમાં લેશમાત્ર પણ ફેરફાર ન થતો હોય, જે હમેશાં માટે એકજ પ્રકારનું સ્વરૂપ ધારણ કરતું હોય તેજ સત્,** અને જગતમાં તો આવા પ્રકારનું સ્થૈર્ય નથી પણ એમાં તો વારંવાર અનેક પ્રકારનાં પરિવર્તનોને સ્થાન છે—અવકાશ છે—માટે તે અસત્, એટલે સત્ અને અસત્ બન્ને પદાર્થો એકબીજાથી સાવ ભિન્ન છે. સત્ અને અસત્નો સંપર્ક નથી અને અસત્ ને સત્ સાથે કશો સંબંધ નથી. સત્ તે સત્જ છે અને અસત્ તે અસત્જ રહેવાનું ! આ એ વેદાન્તી ભાઈનો સિદ્ધાંત છે ! જયારે આપણા સિદ્ધાંત પ્રમાણે તો "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" જે વસ્તુમાં ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા એ ત્રણે હોય તેજ સત્ ગણાય છે. આ ઉત્પત્તિ વિગેરે જુદા જુદા નથી રહેતાં પણ એ સત્ ગણાતા એકજ પદાર્થમાં રહે છે. જે અમુક કાળમાં સત્ હોય અમુકમાં ન હોય તેનું નામ સાચું સત્ નથી પણ જે ત્રણે કાળમાં સત્ રહે તેજ ખરૂં સત્ ! ચાર્વાકના મત પ્રમાણે વર્તમાન કાળનુંજ **સત્**,—ભૂત ભવિષ્યનું બધું નકામું અને વેદાન્તી ભાઈના સિદ્ધાન્ત પ્રમાણે વર્તમાન કાળમાં જે હોય તે બધું અસત્ ! અને આમ માનવામાંજ એ સિદ્ધાન્તોની ન્યૂનતા રહેલી છે. આપણા જૈનશાસ્ત્રકારો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલું અવશ્ય કહે છે કે-આ **સંસાર અસાર છે** પણ તેઓએ એવું તો કદી પણ નથી કહ્યું કે આ સંસાર અસત્ છે. સંસાર અસારરૂપ હોવા છતાં તેના અસ્તિત્વનો ઈન્કાર નજ કરી શકાય. ઝેરને ખરાબ અવશ્ય કહી શકીએ પણ તેટલાજ માત્રથી ઝેરનો અભાવ કદી કહી શકાય ખરોકે ?

**અસાર અને અસત્‌નો ભેદ.** મહાનુભાવો અસાર અને અસત્ એ બે શબ્દો કદાચ ઉપલક દૃષ્ટિએ જોતાં એક સરખા લાગતા હોય, પણ તત્ત્વજ્ઞાનની દુનિયામાં એ બન્ને શબ્દોના અર્થમાં આકાશપાતાળ જેટલું અંતર છે. 'અસાર' શબ્દ વસ્તુના ખરાબપણાને જરૂર બતાવે છે પણ તે વસ્તુના અસ્તિત્વનો ઇન્કાર નથી કરતો જ્યારે "અસત્" શબ્દ તો વસ્તુના સમૂળગા અસ્તિત્વનો ઇન્કાર કરે છે. એટલે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે **જે અસાર છે તે અસત નજ ગણાય**! તેથીજ **સંસારને અસાર માનવો એ એક વાત છે અને સંસારને અસત્ માનવો એ બીજી વાત છે.** એકનો અર્થ એટલોજ કે આ વસ્તુમાં કંઇ સાર નથી એટલે એનાથી વેગળા થવાની કોશીશ કરવી જ્યારે બીજામાં તો સંસાર સંબંધી કંઇ પણ વિચારને અવકાશજ નથી. ભલા શશશૃંગ સંબંધી કોઇકે કંઈ વિચારણા ચલાવી ખરી કે ? અથવા તેને મેળવવાનો કે એનાથી અળગા થવાનો કોઇએ કદી ઉપદેશ પણ આપ્યો કે ? અને વળી એ પણ એક બહુજ મહત્વનો વિચાર છે કે જો સંસાર વાસ્તવિકમાં અસત્ જેવોજ હોય તો તે આત્મા ઉપર પોતાની બહુજ બળવાન અસર કઇ રીતે જમાવી શકે કે જેને પરિણામે આત્માને પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને પારકાના સ્વરૂપને આધીન રહીને સંસારમાં ભ્રમણ કરવું પડે છે ? કોઈકે કદી પણ એવું સાંભળ્યું કે આકાશકુસુમે અમુક વ્યક્તિ ઉપર અમુક પ્રકારની અસર ઉત્પન્ન કરી ? અરે જેના નામનિશાનનુંજ ઠેકાણું ન હોય તે વળી અસર શી ઉપજાવી શકે ? બાકી સંસારની અસારતાનો અર્થ એટલોજ છે કે એ સંસારનો વળગાડ આત્માના માટે ભૂતના વળગાડ સમો છે. આત્મા એના ફેરમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી બેસે છે. વળી એ સાંસારિક કાર્યોની તમામ પ્રકારની જોખમદારી આત્માના માથેજ હોય છે, અને એને વધારવો, ઘટાડવો, પાપ, પુણ્યનું આચરણ એ બધું પણ આત્માજ કરે છે અને એ બધાનું સારૂં ખોટું પરિણામ પણ જીવનેજ ભોગવવું પડે છે. આવા પ્રકારનો ભોગવટો જ્યાંલગી ચાલ્યા કરે છે ત્યાં સુધી જીવને ગોથા ખાવાજ પડે છે. જ્યારે એનાથી દૂર થવાય ત્યારે આત્મા સ્વ-સ્વરૂપમાં લીન થઇ જાય છે. એટલે આ સંસારની અસારતા સમજવાની છે. બાકી એથી સંસારના અસ્તિત્વનો સર્વથા અભાવ તો કદી પણ નથી નીકળી શકતો. જ્યારે એ વેદાન્તીભાઈ આ જીવતા જાગતા દેખતા સંસારના અસ્તિત્વનો ઈન્કાર કરે છે ત્યારે તો ખરેખર એને ચાર્વાક કેમ ન કહેવો એમ થયા વગર નથીજ રહેતું! અસ્તુ.

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

**કર્મોપાર્જનઃ રખડપટ્ટીનું કારણ.** હવે પાછા આપણે આપણા મૂળ વિષય ઉપર આવી જઇએ ! ઉપર કરેલા આત્મા-જીવના વર્ણન ઉપરથી આપણે એટલું તો જરૂર જાણી લીધું કે-આત્મા આ સંસારમાં અનાદિ કાળથી ગોથા ખાયા કરે છે, અને આત્માનું ગોથા ખાવાનું કારણ આ સંસારની ઉપાધિ છે. એ ઉપાધિના કારણેજ જીવ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રખડંપટ્ટી કર્યા કરે છે, અને એ ઉપાધિ પણ આત્માની પોતાની કેટલીક અવળી પ્રવૃત્તિના કારણે લાગે છે. એટલે કે આત્મા પોતે અમુક કારણ અને સંયોગવશાત્ કેટલીક એવી ક્રિયાઓ કરી બેસે છે કે જેનું પરિણામ કર્મોપાર્જનમાં આવ્યા વગર રહેતું નથી, અને આ કર્મોપાર્જન એજ આ રખડંપટ્ટીનું મૂળ! એ કર્મોપાર્જન જેટલા અંશે ઓછું એટલા અંશે આત્મા શુદ્ધ થવાનો! અને જ્યારે એ કર્મોપાર્જન રૂપી કારણનો નાશ થશે ત્યારે રખડંપટ્ટીરૂપ કાર્ય પોતાની મેળે બંધ થવાનું કારણ કે **मूलं नास्ति कुतः शाखा** જ્યાં મૂળીયુંજ નહિ હોય ત્યાં પાંદડાં કે ડાંખળાંની આશા શી કરવી? એટલે આપણે ટૂંકમાં એટલુંજ સમજી લઇએ કે-આ રખડંપટ્ટી કોઇ અકારણજન્ય એટલે કે સ્વયંસિદ્ધ વસ્તુ નથી પણ એ કારણજન્ય છે અને એ કારણ તે કર્મ છે, **અને એ કર્મોના નાશમાં રખડંપટ્ટીનો અવશ્ય નાશ છે.**

**સ્વાર્થી સંસાર.** પણ મોટી મુશ્કેલીની વાત તો એ છે કે કેટલીય આપણા હિતની સારી વસ્તુ જાણવા છતાં આપણે એ પ્રમાણે આચરણ નથી કરી શકતા અને ઉલટું આપણી આત્માને ડુબાવનારી પ્રવૃત્તિમાંજ મગ્ન રહીએ છીએ! અને સંસારના જડની અહિંજ ખરી ખૂબી સમાયેલી છે કે માણસ જોયા-જાણ્યા છતાં ભભકતી જ્વાળાઓમાં કૂદી પડે છે આપણે જાણીએ છીએ કે આપણા સગાસંબંધી અને કુટુંબી ગણાતા સ્નેહીજનો હંમેશા આપણી પાસેથી માલ લેવા તૈયાર રહે છે અને જ્યાં સુધી આપણે એમને માલ આપીને એમના પિંડનું પોષણ કરીએ છીએ ત્યાં લગી તેઓ આપણી વાહવાહ ગાયા કરે છે, પરન્તુ જે જવાબદારીના સખત બોજા નીચે આપણે કચડાઇ મરતા હોઇએ એનો અંશ પણ તેઓ આપણી ખાતર પોતાના માથે લેવા કદી તૈયાર નથી હોતા! પણ ખરા વિચારકને આવો વેપાર કરવો પાલવેજ નહિ! જગતમાં કોઈપણ કંપની એવી તો નજ હોય કે જે તમામ પ્રકારની જોખમદારી તો પોતાને માથે રાખે અને બધો નફો શેરહોલ્ડરોને વહેંચી આપે! આ સંસારવ્યવહાર એ પણ એક પ્રકારની આત્માએ ખોલેલી કંપનીજ છે કે જેમાં પુત્ર, પુત્રી, માતા, પિતા, સ્ત્રી વિગેરે બધા શેર-હોલ્ડરો છે, પણ ખૂબી તો એ છે કે કોઈ પણ પ્રકારના નુકસાનનો બોજો તેઓ પોતાના શિરે લેવા જરાપણ તૈયાર નથી હોતા, અને નફામાં પોતાના વધારેમાં વધારે ભાગ માગે છે, અને પરિણામે આ આત્માનું **"काजीजी क्यों दुबले ? कि सारे शहरकी फिक्र"**ની માફક પારકી પંચાતમાં પતન થાય છે. આપણામાં પણ કહેવત છે કે-"ઝાંજગડીયાનો છોકરો ભૂખે મરે." મહાનુભાવો! બરાબર ધ્યાન રાખજો કે-સારાના સાથી થનારા આ સગારૂપી શેરહોલ્ડરો મહા પક્કા છે. એમાંથી એકને પણ પોતાનો નફો નહિ મળે તો તમારા ઉપર આફત વરસાવવામાં જરા પણ પાછી પાની નહિ કરે. અરે જે માણસે તમારા ભલાનું ચિંતન પણ નાહ કર્યું હોય અને કમાણી કરવાની તમારી અટૂટ જહેમતમાં 'શેકયો પાપડ ભાંગવા' જેટલો પણ સાથ નહિ આપ્યો હોય તે પણ તમારી પાસેથી રીતસરનો ભાગ માગ્યા વગર નહિ રહેવાનો. એક પિતાના બે દીકરા હોય! એક મહેનતુ અને ઉદ્યમી હોય અને રાતદિવસ કામ કર્યા કરતો હોય, અને બીજા ભાઈસાહેબ એવા હોય કે જેને અમન-ચમન ઉડાવીને પોતાના પિંડપોષણના ઉદ્યોગ(!)માંથી ફૂરસદજ ન મળતી હોય! પણ જ્યારે પિતાની મિલ્કતની વહેંચણીનો સવાલ આવી પડશે ત્યારે એ લાલા સાહેબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણુ બરોબર અડધો અડધ ભાગ માગવાના અને તેટલો ભાગ એને મને યા કમને આપવો પણુ પડવાનોજ, અને તે પણુ દાનપુણ્ય તરીકે નહિ પણુ હક તરીકે. મહાનુભાવો ! આખા સંસારની લીલાજ આવા પ્રકારની છે. એનાથી બચવાનો વિચાર કરવો આત્માર્થી જીવને માટે બહુજ જરૂરી વસ્તુ છે. નહિ તો કર્મબંધનનો બધો બોજો તમારા માથે આવશે અને એનું ફળ બીજા બધા લૂંટી જશે. પૈસો પેદા કરવા માટે અન્યાય તમે કરશો, અધર્મનું સેવન તમે કરશો, **અનાચાર તમારે આદરવો પડશે અને એ બધું ઠંડે કલેજે ભોગવશે પેલા તમારા કહેવાતા શુભચિંતકો ! કેવું ખેદજનક પરિણામ !**

**સ્વાર્થ વૃત્તિનું પોષણ.** આ તો થઈ સંસારના તમારા બીજા સગા અને તમારી વાત ! હવે જરા તમારા પોતાનાજ આત્મા અને તમારા પોતાનાજ શરીરનો વિચાર કરો ! એ વાત ખાસ ધ્યાનમાં રાખશો કે કેટલીક દૃષ્ટિએ જેમ સગાવહાલાંઓ આપણને ડુબાડનારા થાય છે એજ પ્રમાણે આ આપણું કહેવાતું શરીર પણ આપણા આત્માને પાડવામાં કંઇ ઓછો ભાગ નથી ભજવતું ! અરે વધુ પડતો ભાગ એજ ભજવે છે એમ કહીએ તો એમાં કંઈ અતિશયોક્તિ ભર્યું નથી ! તમને ખાવાપીવાની, મોજમજા ઉડાવવાની, ગાડી, લાડી વાડીના વિચારો અને સેવનમાં આનંદ માનવાની તમને ટેવ પડી છે એ શાથી ? કહો કે આ શરીરની વિલાસી વૃત્તિનાજ કારણે ! એક ખોરાકનોજ વિચાર કરો ! આપણે અનાદિ કાળથી અનેક પ્રકારના પદાર્થો ખાતા આવ્યા છીએ ! છતાં આપણી રસવૃત્તિને કદી પણ સંતોષ થયો ખરો ? વિચાર થયો અને સોડાલેમનની બાટલીઓ પેટમાં ઠલવી નાખી! અભક્ષ્યનો વિચાર આવ્યો કે તૈયાર ! અને કોઈકને તો માંસમદિરાનો વિચાર આવ્યો કે તરત એ પેટમાં પહોંચાડીજ દીધું છે ! મહાનુભાવો ! આ રસનાનો ક્ષણિક આનંદ છે. ગળા નીચે ઉતર્યું કે પછી ગળ્યું અને કડવું સરખું બની જાય છે. ખાટા કે તીખાના ભેદ તો માત્ર જ્યાં સુધી આ લુલી જીભડીએ માલ આગળ નથી ધકેલ્યો ત્યાં લગીજ છે. પછી તો બધું સરખુંજ સમજવું. છતાં આ ક્ષણિક આનંદ માટે આપણે કેટલા પાપાચાર સેવીએ છીએ ? કેટલા નિર્દોષ જીવોનો ભોગ લઇએ છીએ ! મહાનુભાવો ! **સ્વાર્થવૃત્તિના પોષણની ધગધગતી જ્વાળાઓમાં બીજા નિર્દોષોનો ભોગ તે આનું નામ** ! આના કરતાં બીજો કયો ભોગ વધુ ભયંકર કે વધુ નાલાયકી ભર્યો લેખાય ? પણુ આપણી સ્વાર્થાંધતાના આવેશમાં આ કડવા સત્યનો આપણે સ્વીકાર કરવા તૈયાર નથી ! પણુ એક વસ્તુ તમે સ્વીકારો યા ન સ્વીકારો છતાં એનું પરિણામ તો આવ્યા વગર નથીજ રહેતું ! જો સ્વીકાર અને અસ્વીકાર ઉપરજ જગતના પરિણામોનું નિયમન થતું હોત તો તો ખરાબ પરિણામ જેવી વસ્તુનું જગતમાં નામનિશાનજ ન રહેત ! એટલે આપણે ખાતાંપીતાં અને આનંદ કરતાં **કરેલાં પાપનો આપણે સ્વીકાર કરીએ કે ન કરીએ છતાં એનું ફળ આત્માને ભોગવવુંજ રહ્યું** અને આપણે ભોગવીએ છીએજ !

**કરે તેવું પામે.** જગતમાં ડાહ્યા માણસનું કહેવું છે કે–માણસે પોતાના માથે દેવું ન કરવું. દેવાદાર માટે તો ડુબવા સિવાય બીજો ઉપાયજ નથી. પૈસા ધીરનારનો જગતમાં ટોટો ન હોય પણુ પૈસા લેનારે પોતાની જવાબદારીનો વિચાર ભૂલવો ન ઘટે ! એજ પ્રમાણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ આત્માને કર્મના કારણો અનેક મળવાનાં, પણ એ કારણોનું ફળ ભોગવ્યા વગર છૂટકો નથી એ વાત દરેક ભવ્યપ્રાણીએ વિચારવી જોઇએ! જ્યારે આપણે આ ભવના લેણદારોથીજ ડરીને દેવું નથી કરતા તો જે દેવું આપણને ભવોભવના વમળમાં ફસાવે એવું હોય તેનાથી કેમ ન ચેતતા રહેવું? સંસારના કાકામામાથી આપણે ડરી મરીએ છીએ તો આ **કર્મકાકાનો** ડર કાં વિસારવો ઘટે? કે જે કદી કોઇનો જરા જેટલો પણ ગુન્હો માફ નથી કરતો! અને ખરા આસ્તિકનું તો એ પ્રથમ અને પરમ કર્તવ્ય છે કે હમેશાં એ કર્મકાકાથી ડરતો રહે અને એનું બંધન જેમ બને તેમ ઓછું થાય એ ધ્યાન રાખે!

**પોથીમાંના રીંગણા.** આપણે માત્ર બત્રીશ દાંતવાળા કાળા માથાના માનવીથી તો ડરી મરીએ છીએ અને ૧૨૦૦ દાંતવાળા આ કર્મરાક્ષસથી ન ડરીએ એ કેવું? આની મતલબ એટલીજ કે આપણે હજુ એને બરાબર ઓળખતા નથી થયા. નહિ તો આપણી બધી પ્રવૃત્તિઓ "પોથીમાંના રીંગણા" જેવી અર્થહીન નજ થાત! "પોથીમાંના રીંગણા"નું હાસ્યોત્પાદક દૃષ્ટાંત આપીને આપણે બીજા ધર્મોપદેશકોની ઠેકડી કરીએ છીએ પણ આપણા પગ નીચે બળતી આપણી આચારહીનતા રૂપી આગને છતી આંખે નીહાળવાની આપણને ફુરસદ નથી! પણ યાદ રાખજો મહાનુભાવો! કે એ પોથીમાંના રીંગણા કે ઉલટી પ્રવૃત્તિઓ તરફથી તમારાં આંખમીંચામણાં તમને સંસારમાં પડતા જરા પણ નહિ બચાવી શકે! **તમે કરેલા કર્મ તમારે ભોગવવાજ પડશે! "કરે તેવું પામે અને વાવે તેવું લણે"** એ આપણી જીભના ટેરવે રમી રહેલા નાનકડા સૂત્રનું મહત્વ બહુજ મોટું છે!

ધર્મની લાંબી લાંબી વાતો સાંભળતી વખતે ડાહ્યા ડમરા લાગો છો અને જાણે કેટલું ધર્મપાલન તમારા હૃદયમાં વસી ગયું હોય એવા પ્રકારના ક્ષણિક ભાવો તમારા મુખ ઉપર રમી જાય તે પણ તે અમુક ક્ષણો માટેજ! અહિંથી ઉઠ્યા એટલે પત્યું! હતું એટલું બધું ખંખેરી નાખ્યું અને પાછા તમે તો હતા તેવાને તેવા ધોયેલા મૂળા જેવા રહીને તમારી વિવેકહીન દિનચર્યામાં લાગી જવાના! આનું નામજ "પોથીમાંનાં રીંગણા!" નહિ તો રાતદિવસ સંસારના અસારપણાની લાંબી લાંબી વાતો કરવા છતાં સંસાર વધારવાની તમારી પ્રવૃત્તિ સંભવેજ કેમ? એક સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રસંગવશાત્ દુકાને ગયો હોય કે બીજી પ્રવૃત્તિમાં લાગ્યો હોય છતાં એનું અંતઃકરણ કઇ દશામાં રહેવાનું? એ તો કેદમાં પડેલા કેદીની માફક આ બધી પ્રવૃત્તિઓને અનિવાર્ય રૂપે-કેદખાના સમાન ગણીને એમાંથી છૂટા થવાનાજ સ્વપ્નાં સેવવાનો? સ્વતંત્રતાના ભાનવાળા કેદીને કેદખાનામાં કદી પણ આનંદ નજ મળી શકે. તમે હાટ-હવેલીની પ્રવૃત્તિઓમાં તમારા આત્માને આવા પ્રકારની અલીપ્ત રહેવાની ભાવના કરતા કેળવ્યો છે-કે એ પ્રકારે કેળવવાનો પ્રયાસ પણ કર્યો છે અને છતાંય તમારે સાચા ધર્મીમાં ખપવું એનો અર્થ શો? જાણવા છતાં અને જોયાં છતાં જે માણસ ન બચી શકે એને સુધરવાનો બીજો કયો માર્ગ? જાગતાને કોણ જગાડે? જે માણસને સારાસારનો વિવેક ન હોય, પાપપુણ્ય કે સ્વર્ગનરકનો ખ્યાલ ન હોય તેની વાત જુદી છે પણ તમે તો આ બધી વસ્તુ ઘોળીને પી ગયાની માફક જાણવા છતાં આ પ્રમાણે અવળું આચરણ કરો તો એ દુઃખ કોને કહેવું?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રાક્ષસોનું મંડળ.** આપણે પહેલાંજ કહી ગયા કે-આપણા સંસારવ્યવહારમાં કોઇપણ માણસ દેવું કરીને બંગલો ઉભો નથી કરતો છતાં આપણે આપણા આત્માની દૃષ્ટિએ, દેવું માથે વહોરીને આ હાડકાના માળા જેવું ઘર ઉભું કર્યું છે. હવે જો આપણે એ દેવાંને ભૂલી જઈને આપણા મનમાં આવે તે પ્રમાણે ખાવાપીવા વગેરેમાં સ્વછંદાચારીની માફક વર્તન રાખીએ તો આપણી કઈ દશા થવાની ? એમાં તો આપણું ભવિષ્ય અવશ્ય ડુબવાનુંજ ! **આ આપણને પ્રિય લાગતા આપણા દાંતો અને આ લુલીબાઇ-જીભ એ ખરી રીતે આપણા આત્માને માટે હિત કરનાર નહિ પણ એક પ્રકારના રાક્ષસ સમાન છે** કે જે ખાવાપીવામાં દરેક પ્રકારના વિવેકને ભૂલી જાય છે. રાક્ષસોની ખાવાપીવાની વિવેકહીનતાથી આપણે બધાય ખૂબ પરિચિત છીએ ! અને એ રાક્ષસોની અવળચંડી પ્રવૃત્તિઓનું ફળ આપણા આત્માને શોષવું પડે છે.

આપણે જાણીએ છીએ કે સમયના વહેવા સાથે દરેકે દરેક વસ્તુને ઘસારો લાગ્યાજ કરે છે, અને એ ઘસારાની એકદમ ખરાબ અસર ન થાય એટલા માટે આપણે એનો જીર્ણોદ્ધાર કરાવતા રહીએ છીએ મકાનને સમુ કરાવવા માટે દર વરસે આપણને અમુક રકમ ખરચવીજ પડે છે. આ પ્રમાણે દરેક પદાર્થો ખાનારોજ ગણાય છે. તેમ આપણું શરીર પણ ખાનારૂંજ છે. પહેલાં જેટલું ખાતો હતો તેના કરતાં બમણું, ત્રણગણું કે ચારગણું ખાનારો થાય તો પણ એનું ખાઉં ખાઉં નથી મટતું અને આપણે પણ એની એ ખાઉકડ વૃત્તિને ગમે તે ભોગે પોષવા તૈયાર રહીએ છીએ પણ યાદ રાખવાનું છે કે જે મકાન દર વરસે અમુક રકમ ખાતું હોય તે મકાનમાંથી અમુક ભાડું પણ પેદા કરવુંજ જોઈએ. નહિ તો પરિણામ દેવાળીયા જેવુંજ આવવાનું. આપણે આ શરીરના પોષણ માટે અનેક જાતના પાપાચરણો સેવીએ, અનેક જીવોનો ભોગ લઇએ અને પછી જો એ શરીરનો કોઈપણ શુભ કાર્યમાં ઉપયોગ કરીને કંઇ પણ પુણ્યોપાર્જન કે નિર્જરારૂપી ભાડું પેદા નહિ કરીએ તો આપણો પણ બુધવારીયામાં ગયા સિવાય છૂટકો નહિ થાય ! પોતાની આવકનો જરા પણ વિચાર કર્યા વગર કેવળ ખર્ચ કરવામાંજ તલ્લાલીન રહેતો છેવટે દેવાળીઓ ન બને તો બીજું શું થાય ? એટલે આપણા **આ શરીરરૂપી ખર્ચાળ વસ્તુ પાસેથી, આપણે જેટલું પાપાચરણનું સેવન કરીએ, તેટલા પ્રમાણમાં તો ધર્માચરણ પણ અવશ્ય કરવુંજ ઘટે !**

**સાચા ભાડુત.** અને-એક મકાનમાં નામ માત્રના ભાડુત રાખવાથી પણ કંઈ ફાયદો નથી થતો. એક ભાડુતને મકાન ભાડે આપ્યા અગાઉ એની નાત, જાત, ખાનદાની વિગેરેનો પણ આપણે વિચાર કરીએ છીએ. નહિ તો એ ભાડુત મફ્ત આપણા ઘરમાં રહીને, આપણા મકાનને ઘસારો આપીને ભાડું આપ્યા વગરજ નાસી જાય છે. એ પ્રમાણે આપણા આ શરીરમાં પણ એવા લુચ્ચા ભાડુત પેસી ન જવા પામે એ ખાસ ધ્યાન રાખવાનું છે. રૂના કોઠારમાં ભજીઆવાળાને ભાડુત રાખીએ તો એકાદ દિવસે એ રૂની રાખજ બનવાની ! ચિત્રશાળામાં લુહારને રાખો એટલે એ ચિત્રશાળા પણ ધૂમાડાનું સંગ્રહસ્થાન બની જવાની ! આપણે આપણું શરીર પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ વિષયારંભ જેવા ભાડુતને સોંપી દઇએ છીએ, અને પછી આશા રાખીએ કે આપણું કલ્યાણ થાય, આપણો આત્મા શુદ્ધ બને, તો એ કેમ બની શકે? કદી વિષ-વૃક્ષની વાવણી કરીને અમૃતની આશા સફળ થાય ખરી કે? એ વિષયકષાયાદિ ભાડુતો તો એવા લુચ્ચા અને જબરા છે કે તમને ભાડું આપવું તો દૂર રહ્યું પણ ઉલટું તમારા ઘરમાંથી ચોરી જશે અને જો લાગ ફાવશે તો તમારા ક્રોડ પૂર્વના ચરિત્રને નહિ જેવા સમયમાં સાફ કરી નાખશે! આપણા બધાનો અનુભવ છે કે **ઘણી વખત આપણે થોડા લાભમાં મોટો લાભ ગુમાવી બેસીએ છીએ** એટલુંજ નહિ પણ વધારામાં મોટી નુકશાનીમાં ઉતરી પડીએ છીએ! એવા લોફર ભાડાવાળાનો એવો ધંધો હોય છે કે તમને લાડવાપેંડા કે માલમલીદાની ભેટ ધરીને રાજી રાખે અને વખત આવ્યે તમને રોવરાવીને પલાયન થઇ જાય! ખાનદાન ભાડુત કદીપણ એવા પ્રકારની ખોટી ખુશામત કરતોજ નથી! એ તો વખત આવ્યે પોતા ઉપર ચઢેલું ભાડું આપી દે છે. એમ આ વિષયકષાય વિગેરે પણ આપણને ક્ષણિક આનંદમાં લપટાવી નાખે છે અને આપણે પણ એ ક્ષણિક આનંદના પ્રવાહમાં તણાયા કરીએ છીએ અને છેવટે "લાખના બાર હજાર" જેવા કમનસીબ પરિણામના ભોગ બનીએ છીએ. મહાનુભાવો! તમારા આ હાડપિંજરના માળામાં એવા ભાડુતો ઘર ન કરી જાય તે માટે રાતદિવસ જાગતા રહો અને જેનાથી ધર્મ-કરણીમાં ઉત્તેજના મળે એવા ગુણો તમારામાં વસાવો! નહિ તો યાદ રાખજો કે એ મેવા-મીઠાઇના દડીઆમાં-એ સ્પર્શ-રસ-ગંધ વિગેરેના સેવનમાં-તમે ડૂબી જશો અને તમારે છતે પૈસે દેવાળું કાઢવું પડશે!

**સહવાસ તેવું ફળ-જ્ઞાન અને ક્રિયા.** પણ એક બીજી વસ્તુ એ પણ વિચારવાની છે કે-જે ઘરમાલીક પોતે ખાનદાનીની મહત્તા સમજતો ન હોય, લાયકી અને નાલાયકીના ભેદો જેના હૃદયમાં વસ્યા ન હોય એને સારા ભાડુતનેજ ઘર ભાડે આપવાનું સૂઝે કયાંથી? એને તો ઉલટા એશઆરામમાં મગ્ન રહેનાર, વ્યસનોને વળગ્યા રહેનારા અને માયાના મંદિરસમા ભાડુત વધુ ગમવાના! તેમ આપણા આ આત્માને પણ સારા ગુણોને બદલે સંસારની વૃદ્ધિ કરનારા અવગુણોમાંજ વૃત્તિ જાય છે. ધર્મની, સદા-ચારની કે એવી બીજી વાતો એને નથી ગમતી, અને પાપસેવનનાં કાર્યોમાં એને બહુજ આનંદ લાગે છે. દેવમંદિર કે ઉપાશ્રયમાં જવાની વાત આવતાં એને અણગમો પેદા થાય છે, અને વેશ્યાના મકાનની વાત આવતાં એનું હૈયું નાચી ઉઠે છે! જે ચાલીમાં કે જે મહોલ્લામાં વેશ્યાનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય તે મહોલ્લામાં ધર્મમંદિર કે એવા પવિત્ર મકાનો ઉભા કરવાની વાત એ વેશ્યાને નહિજ ગમવાની! જે શરીર પાપપોષણમાં રત રહેતું હોય તે શરીરને ધર્માચરણની પવિત્ર વાતો તરફ જરૂર અણગમો પેદા થવાનો! અને કદાચ ભાગ્યજોગે કોઈના કહેવાથી કે શરમથી કંઇ શુભવૃત્તિનો વિચાર કરે તો પણ એ શરમનો ધર્મ કેટલો સમય ટકવાનો? બહા-રથી સાચી વસ્તુનું આચરણ કરવાનો ડોળ કરવા છતાં અંદર તો એ વિષય-વૈભવનાજ વિચારો આવવાના! કારણ કે એની મૂળવૃત્તિ હલકી છે. એના મૂળ સ્વભાવનો પ્રવાહ પાપાચાર તરફ છે. એ પાપાચારી મનોવૃત્તિ કદીપણ સારી સોબતને પસંદ નજ કરે! વેશ્યાએ કદીપણ કુટુંબ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરિવાર કે સજ્જનોના સહવાસમાં રહેવું પસંદ કર્યું સાંભળ્યું છે? અને અહિંજ આ અનાદિની રખડપટ્ટીની જડ રહેલી છે–કે સારા ભાકુતને તો નસાડી મૂકે છે અને નઠારા નાલાયકને ગોતી-ગોતીને એમાં વસાવે છે. સમજે છતાં ન કરી શકે અને જાણી જોઇને કુવામાં પડતું મૂકે એનુંજ નામ સાર વગરનો સંસાર! માણુસ જાણી જોઇને પાપના વમળમાં ફસાઇ જાય અને પોતાની ખાનદાનીને ભૂલી જઈને પોતાનું હિત વિષયકષાયોના ક્રૂર હાથમાં સોંપી દે! મહાનુભાવો! તમે પણ આવા પંજામાં સપડાઇ જઈને તમારી સંસારવૃદ્ધિને ન નોતરી લ્યો એનું તમારે ધ્યાન રાખવું ઘટે! **અને એના માટે તમારે હમેશાં સારો–સહવાસ રાખવો પડશે, અને એ શુભ–સહવાસના ફળરૂપેજ તમારામાં ધર્મભાવના જાગૃત થશે! "સહવાસ તેવું ફળ"** એ વાત તમને ફરી ફરીને સમજાવવાની જરૂર નથી. એ તો આપણા નાના બાળકો પણ જાણે છે. માત્ર તમે એ સારી વસ્તુને અમલમાં મૂકો એટલુંજ તમારા માટે જરૂરી છે, કારણ કે **આચરણ વગરનું જ્ઞાન એ આત્મા વગરના શરીર જેવું છે!**

**કદાગ્રહની ભૂતાવળ.** ઘણી વખત આપણી કદાગ્રહવૃત્તિ આપણુને સાચા આચરણથી વંચિત રાખે છે. આપણે એક વસ્તુના સારાસારને સમજીએ છીએ. બીજાએ બતાવેલો માર્ગ આપણુને ગ્રહણ કરવા લાયક લાગે છે, આપણું મન પણ એ વસ્તુ તરફ કંઇક આકર્ષાય છે. આ બધું છતાં આપણામાં રહેલી એ પકડેલું નહિ મૂકવાની વૃત્તિ આપણને અધ:પાતના ઉંડા ખાડામા ઉતારી દે છે. આપણે પણ એ "મીયાં પડ્યા પણ તંગડી ઉંચી" એ પ્રમાણે માર ખાવાં છતાં અવળો ધંધો નથી મૂકતા. મહાનુભાવો! તમે સંસારની અસારતાની વાતો લાંબા લાંબા "જીકાર"ના પોકારથી સાંભળો છો, અને કેટલીક વખત તમારા હૃદયમાંએ ધર્મગુરુઓનો ઉપદેશ વસે છે પણ ખરો, છતાં તમે તમારી ચાલુ પ્રવૃત્તિઓ છોડી નથી શકતા એજ દુ:ખનો વિષય છે. બીજાનું કહેલું સાંભળે, તેમાં સારાપણું પણ લાગે અને પોતાની પ્રવૃત્તિની ભૂલ પણ સમજાય છતાં ન સુધરે–અથવા સુધરવાની તાલાવેલી ન જાગે એનું નામજ કદાગ્રહ! એક માણુસે શેરી વચ્ચે–જવા આવવાના માર્ગની વચ્ચોવચ ખીલો મારીને ગાય બાંધી! ગાય એવી તોફાની કે આવતા જતા દરેકને પોતાના સીંગડા, પૂંછડા, કે પાટુની પ્રસાદી આપ્યા વગર ન રહે! એ જાહેર આવજાનો માર્ગ! એવા સ્થાને હમેશાં માટે આવું તોફાન કોણ સહન કરે? બધા સારા સારા પ્રતિષ્ઠિત ગણાતા માણસો ભેગા થયા: શું ઉપાય લેવો એની વિચારણા ચલાવી: અને પેલા માણુસ પાસે ગયા! પેલા ભાઇએ તો પંચની પોતાના આંગણે પધરામણી થઈ જાણીને વિનય, વિવેક બતાવવામાં મણા ન રાખી! પધારો સાહેબો, આ સેવક ઉપર બહુ કૃપા કરી! ફરમાવો આપના આ સેવક માટે શી આજ્ઞા છે? પંચના વડાએ કહ્યું, ભાઇ, તમો સમજુ છો. ડાહ્યા છે. મહેરબાની કરીને આ ગાયનો ખીલો શેરીમાંથી ઉડાવીને બીજા કોઇ વાડામાં રાખો એટલે ગાય બીજાને મારતી અટકે! પેલા ભાઈ જવાબ આપે છે:–મહાજન માબાપ છે. એ કરે તે થાય: એ કહે તે સો ટચના સોના જેવું: આ બધુંય ખરૂં પણ **મારી ખીલી અહિંથી નહિ ખસે!** બસ ખતમ! બહુ વિનય અને વિવેકનો ડોળ કરીને છેવટે બધું "દળી દળીને ઢાંકણીમાં નાખવા જેવું" કર્યું. આમાં કયાં રહી એ પંચની મહત્તા અને કયાં રહ્યું એ ભાઈનું

વિવેકપણું ? એજ પ્રમાણે મહાનુભાવો! તમારે પણ ધર્મ સાંભળતી વખતે-દાન, શીલ, તપ અને ભાવનારૂપ ધર્મ સાંભળતી વખતે અમારી હાએ હા ભણવી છે, અને આચરણમાં રતિભર નથી મૂકવું અને પોતાની દૈનિક પ્રવૃત્તિઓમાં લાગ્યા રહેવું છે, અને પછી કહેવું છે કે "આટલો ધર્મ સાંભળવા છતાં અમારૂં કલ્યાણ કેમ નથી થતું" પણ ભાઈ, સાંભળવા માત્રથી જો કલ્યાણ થતું હોત તો દરેક પ્રાણી કલ્યાણ કરી જાત! પણ ખરી વાત તો એ છે કે **પોતાની કદાગ્રહ વૃત્તિને તિલાંજલી આપીને પોતાના હૃદયને સાચા લાગેલા માર્ગનું અનુકરણ કરવું**! જો આમ નહિ થાય તો એ કદાગ્રહ વૃત્તિ તમને કયાં ફેંકી દેશે એની કલ્પનાજ બહુ વેદના ભરી છે, માટે એ **કદાગ્રહની સામેજ કદાગ્રહ માંડીને તમારા આત્માનો વિજય કરો!**

**સાચી ધાર્મિકતા.** આ તો બધી થઈ તમારી પોતાની વાત! હવે જરા તમારા સંતાનોના દીકરાદીકરીઓના કલ્યાણની વાત પણ સાંભળો! તમે તમારા સંતાનોનું ઐહિક ભલું ચાહો છો એમને પૈસાનો સારો વારસો મળે એમને દરિદ્રતાનો અનુભવ ન કરવો પડે એ માટે તમે ફીકર રાખો છો તેજ પ્રમાણે ધર્મનું મહત્વ સમજવાના કારણે એમનું પરલોકનું પણ ભલું જરૂર ઇચ્છો છો, તમે ચાહોછો કે તમારો પુત્ર અધર્મીઓની પંક્તિમાં જઈ ન બેસે; તમે એ ફીકર રાખો છો કે તમારા પુત્રમાં સમકિતનો અભાવ ન રહે; તમે ઇચ્છો છો કે તમારો પુત્ર પાપાચરણને સેવનારો અને ઉત્પથગામી ન થાય; તમે ચાહો છો કે તમારા સંતાનો દેવ, દહેરા અને ગુરુના ઉપાસક બને! તેમ તમારા પુત્રને નવકારમંત્રનું ઉચ્ચારણ કરતો કે સામાયિક, પ્રતિક્રમણનું પાલન કરતો જોઇને આનંદ પામો છો પરન્તુ આ બધાની પાછળ પણ, અમુક પ્રસંગે, તમારી હઠવૃત્તિ કે મારી ખીલી ન ખસે એવી વૃત્તિને તમે વેગળી રાખી શકતા નથી! તમારા પુત્રને ધાર્મિક બનાવવાની ભાવનાનું તમારૂં ક્ષેત્ર ઘણું સંકુચિત છે. એ ક્ષેત્રની મર્યાદાનું ઉલ્લંઘન થતું જોઇ તમે વિહ્વળ બની જાઓ છો મારો પુત્ર અતિધાર્મિક ન બની જાય એ ભાવના તમારા હૃદયમાં જરૂર વસેલીજ હોય છે, અને એ ભાવના જ્યાં સુધી દૂર ન થાય, તમારા સંતાનની ધાર્મિક વૃત્તિની ઉન્નતિના ક્ષેત્રને તમે થાય તેટલું વિશાળ થવા ન દો; ત્યાં સુધી તમારે સમજવું કે સંસારની અસારતા અને ધર્મના ખરા મહત્વને તમે બરાબર સમજી નથી શકયા! પોતાના પુત્રની ધનવૃદ્ધિનું ક્ષેત્ર બહુજ ટૂંકું રહે એમ કદી કોઇપણ પિતાએ વાંચ્છયું છે ખરૂં ? ધન માટે આપણે મર્યાદાને અનિષ્ટ ગણીએ છીએ અને ધર્મ માટે ખોટી મર્યાદાઓ ઉભી કરીએ છીએ ? કેવો ઉલટો ન્યાય! ખરી રીતે તો પાપપોષણથી પેદા કરાતા ધન માટેજ મર્યાદા બાંધવી જોઇએ, નહિ કે અનેક પાપથી મુક્ત કરનાર ધર્મની! સમજો કે તમારા પુત્રમાં તમે પહેલાંથીજ ધર્મના સંસ્કારનું બીજ આરોપણ કર્યું! એ પુત્રનો જીવ ઉત્તમ પ્રકારનો હોવાના કારણે, રસાળ જમીનમાં વાવેલ બીજની માફક, એનામાં એ ધાર્મિક વૃત્તિ અનેક રીતે ખીલી ઉઠી. એને પ્રસંગ આવ્યે ધર્મનું સાચું મહત્વ સમજાયું અને સાથે સાથે આ સંસારની, કુટુંબ-પરિવારની અને ધનદોલતની ક્ષણિકતા અને અસારતાનું ભાન થયું, એને આ ક્ષણિક પિંડપોષણ કરવા કરતાં આત્મપોષણ કરવાનો માર્ગ વધારે ઉપયોગી, વધારે હિતકારક અને વધારે સરળ લાગ્યો: એનું મન આ સંસાર ઉપરથી ઉઠીને આત્મોદ્ધારના પંથે વળગ્યું! એ દીક્ષા લેવા તૈયાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયો! ભલા તમે એ તમારા પુત્રની આત્મોદ્ધારની યાત્રામાં મદદ કરવા તૈયાર થશો? અરે મદદ કરવી તો દૂર રહી, ઉલટું તમે એવાજ બધા પ્રયત્નો કરશો કે જેથી સંસાર ઉપરથી ઉઠી ગયેલું એનું મન પાછુ સંસાર ઉપર ચોંટે! ત્યારે કહો કે તમે સાચા ધાર્મિક ખરા કે? મહાનુભાવો! જરા તમારા હૃદય ઉપર હાથ રાખીને જવાબ આપો કે એક વૈરાગીને સંસારી બનાવતી વખતે તમારી ધર્મવૃત્તિ અને તમારૂં સમક્તિ કયાં ગયાં? કહો કે હજી તમને સાચો ધર્મરંગ લાગ્યો નથી! **સાચો ધાર્મિક માણસ તો પોતાના સંતાનને કે બીજા ગમે તે માણસને વૈરાગ્યરસમાં લીન થતો જોઈને આનંદ જ પામે!** પોતાના પુત્રને કેદખાનામાંથી મુક્ત થતો જોઈને કયો પિતા આનંદ ન પામે?

**સાચી પરીક્ષા.** મહાનુભાવો! તમે દેવ-ગુરુ-ધર્મની ઉપાસના જરૂર કરો છો; તમે વ્રત-તપ જપ અને નિયમ પણ જરૂર કરો છો! પણ એ બધું ડગમગતા પાયાવાળું! વખત આવ્યે એને જલાંજલી આપતાં પણ તમે આંચકો નહિ ખાવાના! વેશ્યાવાડામાં જેમ તેમ ઉભા કરેલ દેવમંદિરનો વખત આવ્યે વેશ્યાના મકાન તરીકે પણ ઉપયોગ થઈજ જાય! તમે એ પણ સમજો છો કે આ ભવમાં જો ધર્મનું આરાધન નહિ કરતાં એનું જો વિરાધન કરવામાં આવે તો પરભવમાં તમારો કયાંય પત્તો નહિ ખાય! છતાં તમે તમારી ધાર્મિકવૃત્તિને ડગમગતી અટકાવવા તૈયાર નથી! વખત આવ્યે ધાર્મિકવૃત્તિને ફેંકી દેતાં પણ તમે વિચાર નહિ કરવાના. આ સ્થિતિ ઘણી ભય ભરેલી છે, કારણકે દરેક વસ્તુને અમુક પરીક્ષામાંથી પસાર થવાનું હોયજ છે, અને એ પરીક્ષાના સમયે હાલી જાય તેને આપણે સાચી વસ્તુ તરીકે નથી સ્વીકારતા! જેમ લુચ્ચાના મંડળમાં લુચ્ચાઈનેજ સ્થાન હોય છે તેમ તમારા ધાર્મિકહૃદયમાં નિરંતર ધર્મનીજ લાગણીઓ ઉઠવી જોઈએ, અને **ગમે તેવા કઠિન પ્રસંગમાં પણ તમે જ્યારે એ ધાર્મિકલાગણીઓના સૂરને માથે ચઢાવો ત્યારેજ સમજજો કે તમે ધર્મને ઓળખી શકયા છો, ધર્મને મેળવી શકયા છો!**

**શરીર, આત્મા અને તમે** આ શરીર એ આપણા આત્માનું ઘર છે. એ ઘરનો કારભાર કરવા માટે આપણી કારભારી તરીકે નીમણુંક કરવામાં આવી છે. કારભારીનો એ મુખ્ય ધર્મ છે કે પોતાના સ્વામીને કોઈ પ્રકારના નુકશાન-ખાડામાં ઉતરવું ન પડે, એ નુકસાનીથી બચવાનો સૌથી પ્રથમ ઉપાય એ છે કે એ ઘરમાં એવા કોઈ માણસો ન પેસી જાય કે જેઓ ભાડુત તરીકે આવીને ભાડાની રકમજ ઓળવીને રવાના થઈ જાય! અથવા તો જેઓ ઘરના માલીકના ઘર-સામાન-માલમિલ્કત ઉપર હાથ ફેરવીને ચાલતી પકડે! આના માટે હમેશાં ખરાબ માણસનો પ્રવેશ ન થઈ જાય તે સારૂં કારભારીએ જાગૃત રહેવું જોઈએ! જો જરાપણ આળસ કે બેદરકારી કરી કે તરતજ એનું ફળ મળવાનું અને બહાર વાટ જોઈને ઉભેલા ચોરો ઘરમાં ઘુસી જવાના! ધ્યાન રાખજો કે રખેને તમે કદી કારભારીપણાના અધિકારના આવેશમાં ગાંડા બની જઈને સત્તાંધ ન બની જાઓ. નહિ તો આગળ ઉપર સત્તાના દુરૂપયોગ માટે જવાબ આપવો તમને આકરો પડવાનો! ટ્રસ્ટી તરીકેનો હક ભોગવનાર માણસ પોતાના હાથમાં સોંપાયેલ કાર્ય તરફ પોતાની સત્તાના રૂવાબમાં ગમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમ બેદરકાર બને, પણ જ્યારે એની પાસેથી રીતસર જવાબ માગવામાં આવે ત્યારે એને ભોંય ભારે થઈ જાય છે! એજ પ્રમાણે આપણા માલિક સમા આત્માને કંઇ નુકસાન ન થાય, પણ કંઇના કંઇ અંશે એની શુદ્ધિમાં અભિવૃદ્ધિ થાય એજ માર્ગ સાચો અને સારો છે. નહિ તો એ આપણા આત્માને એ બધી બેદરકારીનું પરિણામ ભોગવ્યા વગર છૂટકો નહિ થાય! અરે નરક અને નિગોદ જેવા રૌરવ દુઃખો સહન કરવા છતાં છૂટકો નહિ થાય! એક વખતે ક્ષણિક આનંદ માટે ભોગવેલું ઓકી ઓકીને કાઢવું પડશે! એટલા માટે મહાનુભાવો ચેતતા રહેજો અને એ આત્માનું હમેશાં કલ્યાણ થાય એવીજ પ્રવૃત્તિ આચરજો!

**આત્માનો વિજય.** એક વસ્તુમાં આપણે ઘણી વખત ભૂલથાપ ખાઈ જઈએ છીએ! આપણે આ ભવમાં અમનચમન ઉડાવતાં જે પાપોપાર્જન કરીએ છીએ એને ભોગવવાનો પ્રસંગ આપણને આ જન્મમાંજ નથી મળતો, અને તેથી 'હાર્યો જુગારી બમણું રમે' એ પ્રમાણે આપણે પણ દિવસે દિવસે વધુ ને વધુ વિલાસપ્રિય થતા જઈએ છીએ અને વધુ ને વધુ પાપનું સેવન કરીએ છીએ, પણ મહાનુભાવો! એ યાદ રાખજો કે **'सब दिन होत न एक समान'** ચાર દિવસની ચાંદની પછી અંધારી રાત જરૂર આવવાની છે. તમારૂં પુણ્ય તપતું હશે ત્યાં સુધી તમને કંઇ હરકત નહિ આવે, પણ જે વખતે એ પુણ્યની પુંજી અપાઇ જશે; તમારૂં એ પુણ્ય પરવારી જશે એ વખતે તમારી હાલત બહુજ દયાજનક થશે! **પાપની પેદાશ કરીને ભોગવેલું પુણ્ય છેવટે તમને પાપના ભયંકર શાપમાં સબડતા મૂકીને ચાલ્યું જશે અને તમે હાથ ઘસતા રહી જશો!** એ વખતે એ બધા પુણ્યનો હિસાબ પતાવવો તમને અતિ આકરો લાગશે! અને એ સ્વચ્છંદતા અને એ ઉદ્ધતાઈના સ્મરણના કીડાઓ તમારા હૃદયને કોરી ખાશે અને અનેક પશ્ચાત્તાપ કરવા છતાંય, અનેક નીસાસા નાખવા છતાંય, અને અનહદ યાતનાઓ ભોગવવા છતાં તમારો આરો નહિ આવે! આ પાંચ ઇંદ્રિયો એ આપણા માટે મહાન્ શત્રુની ગરજ સારે છે! એને પોષવાની વૃત્તિ આપણી પાસે અનેક પ્રકારના પાપાચાર સેવન કરાવે છે અને એનો બધાનો જવાબ આપણા એકલા આત્માનેજ દુઃખ ભોગવી ભોગવીને આપવો પડે છે. એટલે ખરા આત્માર્થીએ તો હમેશાં એ પાંચ મહાદુશ્મનો ઉપર કાબુ મેળવવાની કોશીશજ કરવી જોઇએ. **એ ઇંદ્રિયોપર વિજય મેળવવામાં આપણે જેટલા વધારે સફળ થઈશું તેટલા અંશે આપણો આત્મા વધારે શુદ્ધ બનવાનો: આપણા આત્માનું દુઃખ ઓછું થવાનું**, મહાનુભાવો એ પાંચ શત્રુઓના ગુલામ ન બનતાં એને તમારા ગુલામ બનાવો અને પછી જુઓ કે તમારો આત્મા કેટલો હળવો કેટલો પવિત્ર અને કેટલો આનંદી બને છે! **ઇંદ્રિયોના વિજયમાં આત્માનો પરાજય છે, ઇંદ્રિયોના પરાજયમાં આત્માનો વિજય છે.** એ પવિત્ર સૂત્રને તમારૂં જીવનસૂત્ર બનાવો! તમે જે કંઇ ગયા ભવમાં પુણ્યોપાર્જન કર્યું હોય કે જેનું ફળ તમે અત્યારે ભોગવી રહ્યા છો એ પુણ્યનો ભોગ કરવા છતાં પણ નવું પુણ્યજ તમને મળે એવી પ્રવૃત્તિ કરવામાંજ તમારૂં કલ્યાણ સમાયું છે. જો પુણ્યનો ઉપભોગ કરતાં પાપ વળગે તો એ પુણ્યનો સાચો ઉપભોગ કર્યો ન ગણાય! જે વેપારમાં મૂળ મુડીમાંજ નુકસાન આવતું હોય એવો મૂર્ખતાભર્યો વેપાર કોણ કરે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વ્યસનની વેદના.** મહાનુભાવો! આપણે ઉપર પણ જાણી ગયા કે ધર્મનું આચરણ એ જેટલું કલ્યાણકારી છે એટલુંજ આકરૂં પણ છે. એનું નિયમિત પાલન કરવું બહુજ કઠિન છે, કારણ કે આ સંસારના ક્ષણિક સુખ-આનંદનો ઉપયોગ કરવાને આપણો આત્મા અનાદિ કાળથી ટેવાઈ ગયો છે, અને ટેવ એ એક એવી ખરાબ ચીજ છે કે માણસને કઇ સ્થિતિમાંથી કઇને કઇ સ્થિતિમાં લાવીને મૂકી દે છે! જરા દારૂ પીવાને ટેવાયેલ માણસની હાલત જો જો! પહેલાં એજ માણસ એવો હતો કે જેને દારુનું નામ સરખું પણ ગમતું ન હતું, જેને દારૂની ગંધ માત્રથી પણ સૂગ આવતી હતી અને જેને દારૂડીયાની સંગત સર્પના જેવી ભયંકર લાગતી હતી, પણ કમનસીબે ધીમે ધીમે એ માણસ દારૂ તરફ આકર્ષાવા લાગ્યો, પહેલાં દારૂ કેવો છે એ જાણવાનું એને મન થયું, પછી એકાદ મિત્ર કે સ્નેહીની આગ્રહભરી વિનતિથી એનું આસ્વાદન કરવાની નઠારી વૃત્તિ જાગૃત થઈ. એકાદ વખત દારૂનો આસ્વાદ ચાખ્યો; અને ધીમે ધીમે એક ચમચી ઉપરથી એક પ્યાલા ઉપર અને એક પ્યાલા ઉપરથી એક બાટલા ઉપર અને પછી તો બાટલા ઉપર બાટલા ચઢાવવા લાગ્યો. હવે એ દારૂનો ગુલામ બન્યો. દારૂની ટેવ-વ્યસનમાં ચકચૂર બન્યો: અને આ દારૂડીઆની દશા તો જુઓ! કોઇ ભલા સહૃદય માણસને તેની તેવી દશા દેખીને રડવાનું મન થઇ આવે એવી કરૂણ એની સ્થિતિ થાય છે. એક વખત ડાહ્યો ગણાતો માણસ બોલવાચાલવાની, સભ્યતાની મર્યાદાની હદ ઓળંગે છે. એની પાસે સભ્યતા જેવી વસ્તુજ નથી રહેતી! અરે એ બિચારાને પોતાના શરીરનું ભાન સરખું પણ નથી રહેતું, મનમાં આવે તેમ બકે અને મનમાં આવે તેમ ખાય અને જ્યાં ત્યાં મળમૂત્ર કે ગટર જેવા ગંદા સ્થળોમાં પણ પડી જાય! ઓ પ્રભો! કેવી દયાજનક હાલત! ભવ્ય પ્રાણીઓ! આ ટેવોના ગુલામની આ દશા છે જેઓ ટેવને આધીન થઇને સારી પ્રવૃત્તિથી વેગળા થાય છે તેમની કોઇને કોઇ અંશે આવીજ સ્થિતિ થવાની! માટે એ **અનાદિકાળથી જીવને પાપાચરણ અને ક્ષણિક સુખ માણવાની જે ટેવ છે તેને અટકાવો. તમારી ટેવો સુધારો એટલે તમો આપોઆપ સુધરી જશો.**

**સત્યનો જય!** મહાનુભાવો-આવા કઢંગા સંસારની બલામાંથી જ્યાં સુધી આપણે નહિ છૂટીએ ત્યાં લગી આપણા માથે દુ:ખના ડુંગર પડતાજ રહેવાના! એ દુ:ખમાંથી મુક્ત કરવા માટે પરમકરૂણાસાગર શ્રીજિનેશ્વર ભગવાને આપણને બહુજ ઉત્તમ માર્ગ બતાવ્યો છે. એ માર્ગનો ઉપયોગ કરવો આપણા હાથમાં છે. એ ભૂલવું ન જોઇએ કે "શેઠની શિખામણ ઝાંપા લગી" પછી તો માણસની પોતાની આવડતજ કામ લાગવાની! શ્રી જિનેશ્વર ભગવાને તો માર્ગ બતાવ્યો પણ એના ઉપર ચાલવું એ આપણું કાર્ય છે. માર્ગ બતાવનાર તો માર્ગજ બતાવી શકે. કાંઈ આપણા બદલે એ માર્ગનું પાલન ન કરી શકે! એ માર્ગ આપણને મળ્યો છે. એનો આપણે સદ્ઉપયોગ કરવાનો છે. બાકી છતાં વહાણે જો આપણે ડૂબી મરીએ તો આપણને કોણ બચાવી શકે? માટે મહાનુભાવો! આ જિનેશ્વર ભગવાનના શાસનનો માર્ગ ગ્રહણ કરીને તમારા આચારવિચારોને સારા રસ્તે દોરો અને એ **સાચા રસ્તાનું અનુસરણ કરવાનું ફળ પણ સારૂંજ આવવાનું! ધીરજ રાખો! અને સત્યના પંથ ઉપર શ્રદ્ધા રાખીને આગળ વધો! કારણ કે સત્યનો સદાય જય થાય છે!**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ज्ञान અને ક્રિયા

**ગળથુથીનું મહત્વ!** શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય ભગવાન્ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ, ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ બનાવતાં થકા મુનિની કઇ સ્થિતિ હોય, મુનિ કઈ સ્થિતિમાં આનંદ માનતો હોય, કઇ સ્થિતિથી વિરમેલો હોય એટલે કે કઇ સ્થિતિમાં રહેતા મુનિને દુઃખ ઉત્પન્ન થાય! અને મુનિપણામાં કેવા પ્રકારના નિર્ભયપણાનો અનુભવ થવો જોઇએ. અને એ નિર્ભયપણાનું મુખ્ય કારણ શું? આ બધાનું સવિસ્તર વર્ણન કરતાં થકા જણાવી ગયા છે કે સૌથી પહેલાં મુનિ એ વિચારને પોતાના હૃદયમાં સ્થિર બનાવે કે આ જીવ અનાદિ કાળથી જન્મ, મરણના ફેરામાં ફર્યા કરે છે. ભલા એ અનાદિપણાની ભાવનામાં એવું શું મહત્વ ભર્યું છે કે શાસ્ત્રકારો દરેક ઠેકાણે એને જ આગળ કરે છે? અરે જૈનપણાની સાચી ગળથુથી તરીકે પણ એ અનાદિપણાનેજ ગણવામાં આવે છે એટલેકે આ જીવ અનાદિનો છે, આ કર્મો અનાદિના છે અને એમનો સંયોગ એટલેકે આ સંસાર અનાદિનો છે. આ વાત જૈનહૈયામાં સંપુર્ણપણે વસી હોય તેજ સાચો જૈન! અને એ ભાવના રહિત વ્યક્તિ ભલે પછી તે સાધુવેશધારી હોય કે ગૃહસ્થ હોય, જૈનત્વની સાચી પીછાણ નથી કરી શકતી! જો બાલકપણામાં આ સંસ્કારો પાડવામાં આવ્યા હોય તો મુનિ બનતી વખતે એ આત્મા બહુજ ઉચ્ચ પ્રકારનું ચારિત્ર પાળી શકે છે અને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. ભલા આ ગળથુથી ગળથુથી એમ વારંવાર કેમ કહેવામાં આવે છે? **જૈનપણાની ગળથુથી એટલે શું?** જૈનપણું કયાં અને ગળથુથી કયાં? સાચી વાત છે! પણ મહાનુભાવ જરા વિચાર કરો તો એનું સમાધાન આપોઆપ તમને મળી જશે! તમારા સંસારવ્યવહારમાં લોકો માને છે કે બાળકને જેવા પ્રકારની ગળથુથી આપવામા આવે એટલેકે જેવો માણુસ એ આપે એવા પ્રકારના અને એ માણુસના ગુણો એ બાળકમાં પણ આવે છે. અલબત આ એક માન્યતાજ છે આમાં સત્યાંશ કેટલો છે એ વિચારવા જેવું નથી! અહિં તો માત્ર સંસ્કારની દૃષ્ટિએજ ગળથુથીનો વિચાર કરવામાં આવ્યો છે. એટલું તો તમે પણ કબુલ કરશોજ કે જે વખતે બાળકને ગળથુથી આપવામાં આવે છે તેજ વખતે તેજ ક્ષણે એનું ફળજ નથી થતું, અરે બાળકને એ વાતનું ભાન સરખું પણ નથી હોતું કે મને અમુક વ્યક્તિએ અમુક વસ્તુ પાઈ, પણ એનું પરિણામ અમુક સમય પસાર થતાં જરૂર આવે છે. એજ પ્રમાણે જૈનપણાની ગળથુથીનું પણ સમજવાનું છે. **બાળકને ન્હાનપણમાંજ જૈનપણાના મૂળતત્વો પાઈ દીધા હોય તો એનું ફળ આગળ ઉપર જરૂર આવવાનું** અને તે એટલું સરસ આવવાનું કે એ જૈનપણાની અસર ગમે તેવી કફોડી પરિસ્થિતિ વચ્ચે પણ કાયમ રહેવાની! અને આનું નામજ સાચું જૈનત્વ! બાળકના હૃદયમાં આપણે એટલુંજ ઠસાવીએ કે **આ જીવ અનાદિનો છે, કર્મ અનાદિના છે અને એ બન્નેનો સંયોગ-આ સંસાર અનાદિના છે.** પછી એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેવા પ્રકારે છે એ વસ્તુ તમારે સમજાવવી નહિ પડે. એ અનાદિ માનવામાં ફાયદો શું ? કે એ અનાદિ શા માટે છે એ પણ તમારે સમજાવવું નહિ પડે માત્ર તમે તો સંસ્કારજ આપો અને પછી એ બધાનો ઉકેલ આપોઆપ થઇ જશે, પણ યાદ રાખજો કે એ સંસ્કાર આપવા એ તમે માનો છો તેવું સરળ નથી એના માટે તમારે પોતાને પહેલાં સાચી શ્રદ્ધા કેળવવી પડશે અને પછીજ તમે એ સંસ્કારો તમારા બાળકને આપી શકશો. મૂર્ખ માસ્તરે કદી નિશાળીઆઓને પંડિત બનાવ્યા સાંભળ્યા છે ?

**સંસ્કારનું ફળ—** એ વાત બરાબર યાદ રાખવી જોઇએ કે-કોઇપણ સંસ્કારનું ફળ તત્કાળ થતું નથી. 'બીજ વાવ્યું અને ઝાડ ઉગ્યું' એમ કદી બન્યું છે ખરૂં ? એ તો વાવણી કર્યા પછી પાક માટે અમુક ધીરજ રાખવીજ રહી ! બાકી એટલી શ્રદ્ધા તો જરૂર રાખજો કે કરેલું કાર્ય અને વાવેલું બીજ કદી પણ અફળ જતાં નથી. એકના એક દિવસે એનો અંકુર અવશ્ય ફૂટવાનોજ. ફક્ત તમારે ધ્યાન એ રાખવાનું છે કે એ સંસ્કારો એવી સરસ રીતે અને ખુબીથી પાડવાના છે કે જેથી જેના ઉપર તમે સંસ્કાર પાડતા હો તેને કંઈપણ અણગમાની લાગણી પેદા ન થાય ! ગળથુથીમાં ગળપણને બદલે ખારાશ આપો તો બચ્ચું કદી નહિ પીવાનું ! પણ એ ગળપણના કારણે એ આનંદથી પી જાય છે અને પાછળથી એ ગળથુથી શેની બનેલી હોય છે, શા માટે આપવામાં આવે છે એ પણ વખત જતાં આપોઆપ સમજવા લાગે છે. ગળથુથી આપવી તમારૂં કામ છે. ફાયદો થવો એ બાળકના ભાગ્યની વાત છે. તમે જૈનપણાના સંસ્કાર આપો. પછી તો જેવું પાત્ર હશે તેવું પરિણામ નીપજશે, પણ જો સંસ્કાર આપવામાંજ તમારી ખામી હશે તો પાત્રનો દોષ કોઈ નહિ કાઢે ! દૂધ સારૂં હોય છતાં ફાટી જાય તો વાસણનો દોષ કાઢી શકાય પણ સ્વયં દૂધજ ખરાબ હોય તો પાત્રનો વિચારજ ક્યાં કરવાનો રહ્યો ?

**જ્ઞાન વગરની ક્રિયાઃ** જો સંસ્કાર આપ્યા હશે તો અવશ્ય ભાવના જાગશે. જૈનપણું જાણ્યું હશે તો પાળવાનું મન થશે, પણ જે વસ્તુ જાણીજ નહિ હોય તેને પાળવાનું કે મેળવવાનું મન થાયજ શી રીતે ! જીવ વિગેરે સંબંધી સાંભળ્યું હશે તો શ્રદ્ધા કરવાનું મન થશે ! કેટલાક માણસો એવા વિચારના છે કે જેઓ માને છે કે-સમજણ વગરની માત્ર ગોખણપટ્ટી શું કામની ? પોપટ લાખો વર્ષો સુધી સમજ્યા વગર રામરામ કહ્યા કરે પણ એમાં એનું કલ્યાણ શું થવાનું ? એજ પ્રમાણે આ અનાદિમય બરાબર સમજ્યા વગર ગોળી નાખવાથી શું ફાયદો ? પણ મહાનુભાવ ! જરા વિચાર કરો. કેટલાક પ્રસંગો એવા હોય છે, કે જ્યાં એક વસ્તુ જાણો યા ન જાણો એ મહત્વનું નથી. માત્ર એની સાથે સંયોગ થયો કે તરત પરિણામ આવવાનુંજ ! રાખથી ઢાંકેલા અગ્નિને તમે જોયો કે જાણ્યો નથી છતાં ભૂલથી એના ઉપર પગ આવી જાય તો તમે દાઝવાના ખરા કે નહિ ? તમે ઝેરનો ગુણુ અવગુણુ જાણતા નથી છતાં ખાઓ તો શું પરિણામ આવવાનું ? અરે જે બાળકને આપણે ગળથુથી આપીએ છીએ એ બાળક ગળથુથી કેમ થઇ, શા માટે આપવામાં આવે છે એ વિગેરે જાણે છે ખરો ? અને છતાંય એ ગળથુથીનો ફાયદો એને થાય છે કે નહિ ! ઠીક એજ પ્રમાણે અહિં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈનપણાના સંસ્કાર માટે સમજવાનું છે. પેલા ઠેકાણે જેમ બાળકમાં સમજવાની શકિત ન આવે ત્યાં લગી એને ગળથુથી આપવાનું મુલતવી નથી રખાતું-કારણ કે તેમ કરવા જતાં એ બાળકને સમજણુશાકત આવવી તો વેગળી રહી ઉલટું એ બીચારૂં બાળકજ મરણુને શરણુ થવાનું-તેજ પ્રમાણે ધાર્મિક સંસ્કારોનું આરોપણુ જો બાલ્યકાળથી ન કરવામાં આવે તો જરૂર સમજવું કે એ બાળકના ધાર્મિક જીવનનું તો અવશ્ય મરણુ થવાનુંજ. પછી ગમે તેવી રીતે સમજાવો છતાં એના હૃદયમાં એ ભાવના સચોટ રીતે અસર નહિજ કરવાની! **એટલે જ્ઞાન થયા વગર ક્રિયા ન કરાય એ માન્યતાજ બહુ ભૂલ ભરેલી છે!** અને એનું જો પાલન કરવાની ઘેલછા કરવામાં આવે તો ધાર્મિક જીવનનું તો જે થવાનું હોય તે થાય પણુ તમારા સંસારવ્યવહારમાંજ અનેકનું અકાળ મૃત્યુ થવાનું કે અનેકના માથે અણુધારી આફત આવી પડવાની! બાળક દૂધ અને ખડીના પાણીનો ભેદ નહિ સમજે ત્યાં સુધી એને દૂધ નહિ આપવાના; તમે પોતે પણુ અમુક વસ્તુના સારાસરને સંપૂર્ણપણે નહિ સમજો ત્યાં લગી પ્રવૃત્તિ નહિ કરવાના; માંદા પડવા છતાં જ્યાં સુધી દવાનું સંપૂર્ણ રહસ્ય નહિ સમજાય ત્યાં સુધી દવા નહિ કરવાના, અરે આવા તો અનેક પ્રસંગો વર્ણવી શકાય એમ છે કે જે ન કરતાં તમારી દુર્દશાજ થાય!

**ન જાણો છતાં કરો તો અવશ્ય પામો.** હવે તમારા સંસારવ્યવહારની પ્રવૃત્તિને બીજી બાજુ ફેરવીને જુઓ! તમે સંસારવ્યવહારમાં જ્ઞાન વગર ક્રિયાનો ઇન્કાર કરતા નથી. ડગલે ને પગલે તમને જ્ઞાન વગરની ક્રિયાનો અનુભવ થાય છે. ક્ષણે ક્ષણે તમારે એવી કેટલીય ક્રિયાઓ આચરવી પડે છે કે જેનું જ્ઞાન તમને હોતુંજ નથી! જ્યારે સંસારવ્યવહારમાં તમે આ વસ્તુનો સ્વીકાર કરવા તૈયાર છો તો ધર્મની બાબતમાં આત્મઉદ્ધારની બાબતમાં તે વાત કબુલ કરતાં તમને કેમ આંચકો આવે છે! કહો કે ગમે તેમ કરીને ધર્મની વાત આવે ત્યાંજ તમારે પથરા મારવા છે. બાકી સાચી યુક્તિને સ્વીકારવા તમે તૈયાર નથી! તમારા વ્યવહારમાં એક માણુસ યા બાળક પોતાને હિતકર વસ્તુને ન સમજે છતાં એની આસપાસના એના શુભચિંતકો અને સગાસ્નેહીઓ એના ભલાની ખાતર એ વસ્તુ એને આપે છે. બાળક સમજતું નથી પણુ એના માતાપિતા તો જરૂર સમજે છે અને બાળકની ખાતર દૂધ વિગેરે પદાર્થ આપે છે કે જેમાંથી એ પોતાના જીવનનું પોષણુ મેળવે છે. આ પ્રમાણે સંસારમાં તમે બાળકના હિતને એના માતાપિતાના હાથમાં સોંપી દો છો તો તમારૂં ધાર્મિક હિત તમે એ પરમ પ્રભુ શ્રીજિનેશ્વર દેવના હાથમાં સોંપીને એ કહે એજ રસ્તે અનુસરવામાં કેમ પાછા રહો છો? સંસારમાં જ્યાં સુધી વ્યાવહારિક બુદ્ધિ ન આવે ત્યાં સુધી તમે બાળક ગણાઓ છો તેજ પ્રમાણે જે માણુસ આત્મોન્નતિના સાચા માર્ગનો સનાતન મુસાફર નથી બનતો ત્યાં લગી એ ધાર્મિક દુનિયામાં બાળકજ છે અને એટલાજ માટે એને માર્ગદર્શકની આવશ્યકતા રહેજ કે જે માર્ગદર્શક તરીકેનું બહુજ સરસ કાર્ય શ્રીજિનેશ્વર ભગવાન્ કરી ગયા છે. આપણા માટે તો માત્ર એ માર્ગનું અનુસરણુ કરવાનુંજ બાકી રહે છે. તીર્થંકરો, ગણુધરો, આચાર્યો અને મુનિપુંગવો એ બધા આપણા માટે ધાર્મિક વૃત્તિના અભ્યાસ માટે પથપ્રદર્શક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંસારમાં જેમ તમે માબાપના હાથમાં બાળકનું હિત સોંપો છો એજ રીતે ધાર્મિક હિત આ પથપ્રદર્શકોના હાથમાં બેધડક થઇને શા માટે ન સોંપવું? અને અમુક વસ્તુનું જ્ઞાન થયા વગર પણ એ ક્રિયાનું પાલન કેમ ન કરવું? ક્રિયા ફળ આપ્યા વગર રહેતીજ નથી. તમે જાણો યા ન જાણો પણ ક્રિયા કરી એટલે ફળ મળવાનુંજ! જો જ્ઞાન ઉપરજ ક્રિયાનો આધાર હોય તો તો તમારે માનવું પડશે, કે જયાં સુધી એક વસ્તુનું આપણને જ્ઞાન ન થાય ત્યાં સુધી એ ક્રિયાનું ફળ આપણને નહિ મળવાનું! અને તો પછી જે માણસને હિંસાઅહિંસાનું જ્ઞાન ન હોય, હિંસાથી પાપ લાગે છે એવો ખ્યાલ સરખો પણ ન હોય, તેવાને તમારા મત પ્રમાણે તો, હિંસા-ઘોર હિંસા-અનેક પ્રાણીઓનો સંહાર કરવા છતાં પાપ નહિજ લાગવાનું! વાઘ, સિંહ કે એવા અબુઝ પ્રાણીઓને પ્રાણીઓનો આહાર કરવા છતાં અશુભ કર્મબંધન નહિ થવાનું! અરે જે વ્યકિતને ખુનની સજા ફાંસી હોવાનું જ્ઞાન નહિ હોય તેને તો ફાંસી પણ નહિ થવાની! કેવું વિચિત્ર! મહાનુભાવો! તમારા હૃદયને પૂછીને જવાબ આપો કે આવી સ્થિતિ તમે કબુલ રાખો ખરા? અરે સરકારી કોર્ટો અને ન્યાયમંદિરો પણ **જ્ઞાન, ક્રિયાનો આવો ગાંડો સંબંધ સ્વીકારવા તૈયાર નથી કે જ્ઞાન ન હોય તો ક્રિયાનું ફળ ન મળે.**

ત્યાં તો તમને જ્ઞાન હોય કે ન હોય એનો વિચાર કર્યા વગરજ તમે કરેલા ગુન્હાનો બદલો આપી દેવામાં આવે છે, અને જો આમ ન હોય તો દરેક જણ અજ્ઞાની હોવાના ઢોંગ કરીને કોર્ટની સજામાંથી બચવાનો લાભ લઈ લેત! અરે છેવટે કુદરતને પણ આ વાત મંજુર નથી. ત્યાં પણ કરો તેનું ફળ મળેજ છે, તો પછી ધાર્મિક વાતમાં પણ એ નિયમ અચળ રહે તો શું હરકત જેવું છે?

**જ્ઞાનની જરૂર!** ભલા જો ઉપર કહ્યું એ પ્રમાણે ક્રિયા જ્ઞાનની અપેક્ષા રાખ્યા વગરજ સાવ નિરપેક્ષપણેજ ફળ આપી દે છે એમ માનીએ તો જ્ઞાનની આવશ્યકતાજ શી રહી? જે જ્ઞાનનો ક્રિયાને કોઇપણ પ્રકારનો ઉપયોગ ન હોય તેવું જ્ઞાન માનવાથી શું ફાયદો? તો પછી જ્ઞાન નામની વસ્તુજ જગતમાં નહિ રહેવાની! દૂધનો સ્વભાવજ ગુણ કરવાનો છે એટલે જ્ઞાન હોય કે ન હોય પણ તમે ખાઓ તો તમને ગુણ થવાનોજ! અને ન ખાઓ અને દૂધનું સમસ્ત વિજ્ઞાન તમે જાણતા હશો છતાં એનો ફાયદો તમને નહિજ થવાનો. આ ઉપર એક દૃષ્ટાંત સાંભળો. એક હતા શેઠ. સ્વભાવે મખ્ખીચૂસ. વખત આવ્યે એક એક પૈ માટે મકકે જાય એવા. ચમડી જાય પણ દમડી ન જાય એ એમનો વહાલો જીવનમંત્ર. કમનસીબે બીચારા માંદા પડયા. થોડા ઘણા ઘર બહારના ઉપચારો કર્યો, પણ કેટલીક માંદગીઓ એવી હઠીલી હોય છે કે એની આગળ દેવીની માફક રૂપીઆની કોથળીની ભેટ ધરો તોજ એ પ્રસન્ન થાય અને આપણો પીછો છોડે. એ શેઠ ઉપર પણ કોઇ આવીજ માંદગી મહાદેવીની કૃપા થઇ હતી. તે જેમ તેમ ખસે એમ ન હતું. આ તરફ શેઠ સાહેબ પણ સહેલાઈથી પૈસા ખર્ચી નાખે એમ ન હતું. પરિણામે બન્ને હઠે ચઢયા અને શેઠ સાહેબના શરીરનો ઘાણ વળી ગયો. ફૂલેલા ગળામાં ખાડા પડી ગયા. આંખો ઉંડી ગઇ. વધેલું પેટ પાતાળમાં પેસી ગયું અને શરીરમાં માંસને સ્થાને હાડકાં ડોકીયાં કરવા લાગ્યાં. એક દિવસે શેઠના એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વૈદ્યમિત્ર શેઠને ત્યાં મહેમાન થયા. પોતાના મિત્રની સ્થિતિ જોઇને તેમને દુઃખ થયું અને દયા આવી. બીજા દિવસે સવારમાં એમણે વગર ફી લીધે શેઠની નાડી તપાસી અને એક દવાની ચીઠી લખી આપી. શેઠે એ ચીઠી ખોવાય ન જાય એટલા માટે ચોપડીમાં ઉતારી લીધી. દવાના વૈદ્યરાજે ખૂબજ વખાણ કર્યાં અને કહ્યું કે માત્ર એક મહિનાના સેવનથી તમારૂં શરીર કંચન જેવું થઇ જશે. દવામાં કોઇપણ કડવો પદાર્થ ન હતો. માત્ર બદામ, પિસ્તા, સાકર, એલચી, કેસર વિગેરે નામ સાંભળતાં પણ મોઢામાં પાણી છૂટે એવી એ ચીજો હતી, અને એ બધીને સવારમાં વાટીને ગાયના ઘીમાં મેળવીને ખાવાની હતી. વૈદ્યરાજ પોતાને ગામ ગયા. બીજા દિવસનું સવાર થયું. શેઠે દાતણપાણી કર્યું અને પેલી દવા યાદ આવી, પણ એ માટે પૈસા ખરચવા શેઠને હજી પણ પાલવતા ન હતા. એટલે એમણે પોતાના ચમનીયાને બોલાવ્યો અને પછી ચોપડો ઉઘાડીને વૈદ્યરાજે લખાવેલ બધી ચીજો માપ સાથે અનુક્રમવાર વાંચી ગયા અને પછી બોલ્યા– અહાહા! કેવી મજાની દવા! ચમનીયા, એ બધી દવાઓને વાટીને ઘીમાં ખાવાથી રોગ મટી જાય! બસ જાણે કામ પતી ગયું હોય તેમ ચોપડો બંધ કરીને મૂકી દીધો અને શેઠ પાછા પોતાના નિત્ય નિયમમાં લાગી ગયા. પછી તો આ પ્રમાણે ચમનીયાને બોલાવીને ચોપડો વાંચવો એ પણ એક પ્રકારનો નિયમ થઇ ગયો. આમ કરતાં કરતાં એક માસ વીતી ગયો અને શેઠ સાહેબ તો હતા તે કરતાં પણ વધુ માંદા થયા. એમના વૈદ્યમિત્રે આવીને તપાસ કરી તો શેઠે બધી વાત માંડી કહી, અને વધુમાં કહ્યું કે રોજ હું એ સરસ દવાનો પાઠ કરી જાઉં છું. છતાં હું સાજો નથી થતો. મહાનુભાવો! એ શેઠ સાજા કેમ ન થયા એ તમને કહેવું પડે એમ નથી. જાણવા છતાં ક્રિયા વગર ફળ નથી મળતું એ આ કથા પાછળ રહેલો બોધપાઠ છે. તો પછી એજ આપણો પહેલાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે ક્રિયામાંજ બધું છે તો જ્ઞાનની શી જરૂર? વળી ખડીને પણ દૂધ માનીને પીઓ છતાં કંઈ ફાયદો થાય ખરો કે? તો પછી જ્ઞાન શું કામનું? મહાનુભાવો! આ પ્રશ્નને આટલેથીજ ન પતાવો, પણ જરા ઉંડા ઉતરીને વિચાર કરો, હું તમને પૂછું છું કે **જગતમાં દૂધ પાવાનો અને ખડી નહિ પાવાનો રિવાજ ક્યાંથી આવ્યો?** તમારે કબુલ કરવું પડશે કે ભલે પીનારને એ વસ્તુનું ભાન ન હોય પણ એ પાવાની **પ્રવૃત્તિ કરનારને તો એનું બરાબર જ્ઞાન હતુંજ,** નહિ તો એ દૂધને બદલે ગમે તે વસ્તુ કેમ ના પીવરાવત? એટલે બાળકને ભલે જ્ઞાન ન હોય પણ માબાપને તો જરૂર જોઇએજ. નહિ તો પ્રવૃત્તિજ ન થઇ શકે. એજ પ્રમાણે **ધાર્મિક ક્રિયાનું પણ આપણને ભલે જ્ઞાન ન હોય પણ એ ધાર્મિક ક્રિયાનો ઉપદેશ આપનાર તીર્થંકર-ગણધર ભગવાનને તો એનું પુરેપુરૂં જ્ઞાન હતુંજ.** એટલે અમુક ક્રિયા કરનાર વ્યકિતને આધારે ભલે જ્ઞાનનો અભાવ હોય પણ એ ક્રિયાના પ્રચાર કરનાર વ્યકિતમાં તો એ વસ્તુનું સાંગોપાંગ જ્ઞાન હોવુંજ જોઇએ. એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે એક બીજાની ક્રિયાનો ફાયદો એક બીજાને નથી મળી શકતો પરન્તુ એક બીજાના જ્ઞાનનો ફાયદો એક બીજાને એક યા બીજી રીતે મળી શકે છે અને એનુંજ કારણ એ છે કે એ પરમતારક તીર્થંકર દેવના જ્ઞાને બતાવેલ માર્ગનું અનુસરણ કરીને આપણે આપણા આત્માનું શ્રેય કરીએ છીએ! માબાપના દૂધના જ્ઞાનથી બાળકનું કલ્યાણ જરૂર થાય છે પણ માબાપના દૂધ પીવાથી બાળકની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્ષુધા નથી ભાંગતી તેવીજ રીતે તીર્થંકર ભગવાનના જ્ઞાનથી આપણે જરૂર ફાયદો ઉઠાવીએ છીએ પણ તીર્થંકર ભગવાન્ સર્વજ્ઞ થયા હતા તેથીજ આપણે પણ સર્વજ્ઞ નથી બની જતા. ક્રિયાત્મક ફાયદો મેળવવા માટે તો આપણે પોતેજ અમુક ક્રિયા કરવાની હોય છે અને એ ક્રિયા કરવામાં બીજાનું જ્ઞાન આપણો માર્ગદર્શક બને છે એટલે એકાંત રીતે જ્ઞાનનુ ખંડન કોઇથી નજ થઇ શકે, અને છતાંય જો કોઇ કહેજ તો સાથે સાથે ક્રિયાનો પણ બોરકટો થઇ જવાનો. આ પ્રમાણે તમે સમજી શકયા હશો કે જ્ઞાન અને ક્રિયા પરસ્પરમાં અજબ રીતે સંકળાયેલા છે.

**શ્રદ્ધાઃ જ્ઞાનની સ્થાપક—** તીર્થંકર મહારાજે પોતાના પરમજ્ઞાનથી નીહાળ્યું કે આ જીવ અનાદિનો છે, આ કર્મ અને ભવ અનાદિના છે, અને આપણે એમના જ્ઞાન ઉપર અને એમના વચન ઉપર શ્રદ્ધા રાખીને એ વાત માની લીધી, અને એ માનવામાં આપણા પોતાના અતિ મર્યાદિત જ્ઞાનથી આપણને જે ફાયદો ન થઇ શકે એ ફાયદો આપણે મેળવ્યો, બાળકને માબાપના જ્ઞાનથી શરીરપોષણનો ફાયદો મળે છે તેમ, અને એ ફાયદો મેળવીને અનાદિપણાની માન્યતામાંથી કોઇક વખતે એવો સુઅવસર જરૂર આવશે કે જ્યારે આપણે પોતે-સ્વયં એ અનાદિપણાનું દર્શન કરીશું, જેમ બાળક મોટું થતાં દૂધ અને ગળશુથીનો ફાયદો સ્વયં સમજે છે તેવી રીતે, પણ આ બધાનું મૂળ કયાં ગયું? બીજાના જ્ઞાન ઉપર. જો દુનીયામાં જ્ઞાન જેવી ચીજજ ન માનીએ તો શ્રદ્ધા પણ કયાં રહે-વાની? શ્રદ્ધાનો અર્થજ એ છે કે બીજાના જ્ઞાન ઉપર કે બીજાના કહેલા ઉપર વિશ્વાસ રાખવો. **એટલે જે માણસો શ્રદ્ધાનું અસ્તિત્વ સ્વીકારે છે તેઓ જ્ઞાનનો ઇન્કાર નજ કરે.** કેટલીક વખત અંધશ્રદ્ધા પણ માણસને ઉપયોગી થઇ પડે છે એ વાત પણ તમે તમારા રોજના જીવનવ્યવહાર ઉપરથી સમજી શકો છો. તમને એકડો ભણતી વખતે એકડાની જરૂરતનું ભાન ન હતું અને એની મહત્તાની પણ પીછાણ ન હતી તમે તો માત્ર 'લકીરના ફકીર' બનીને મહેતાજીના કહેવાથીજ એકડો ભણ્યા, પણ શું તમને એ એકડો ભણ્યાનો ફાયદો નથી થતો? જરૂર થાય છે જ. બીજું દૃષ્ટાંત લ્યો. બાળક નાનું હોય છે ત્યારે બા, બાપા, કાકા, ભાઇ, મામા, દાદા, વિગેરે શબ્દો બોલવા લાગે છે. હવે હું તમને પૂછું છું કે એ બાળક આ બધું બોલ્યાં પછી સમજયો કે સમજયા પછી બોલ્યો?

તમારે કહેવું પડશે કે એ બાળક પહેલાં માત્ર બોલતાંજ શીખ્યો હતો. એ વખતે એને એ શબ્દોના અર્થની સમજણ ન હતી. એ તો માત્ર 'પોપટના રામરામ'ની માફક બીજાના બોલ્યા કે શીખવ્યા શબ્દોનું ઉચ્ચારણજ કરતો હતો, પણ એને એ શબ્દોનું જ્ઞાન નથી તેથી એ શબ્દો એણે બોલવા નહિ એવું કોઇ કહે છે ખરૂં કે? એક વખત બોલાયેલા શબ્દોના એ ધીમે ધીમે અર્થ સમજવા લાગે છે, પણ જેને બોલવાનુંજ નહિ હોય એને સમજણ આવવા-નીજ કયાંથી? **જેને શ્રદ્ધાજ નહિ હોય એને જ્ઞાન થવાનુંજ શાનું?**

**મૂર્ખ કોણ?** ખૂબી તો એ છે કે જે અણસમજણમાંથી તમે સમજણા થયા, જે શ્રદ્ધાના આધારે તમે જ્ઞાન મેળવ્યું, છેવટે સમજણા થયા પછી એજ શ્રદ્ધા અને અણસમજણને વગોવવા લાગો છો. આ તો "સો ઉંદર મારીને બીલ્લીબાઇ હજ કરવા ઉપડી"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેવુંજ કહેવાય! શ્રદ્ધાભરી માન્યતાથી અને સમજણ વગરની બોલીથી તમે ડાહ્યા થયા અને પછી કહેવા લાગ્યા કે એ શ્રદ્ધાજ શું કામની એ અણુસમજણ શું કામની? પણ મહાનુભાવ! **જે છાયા નીચે બેસીને તમે આનંદ કર્યો એજ વૃક્ષનો નાશ કરો તો તમારા જેવો મૂર્ખ કોણ ગણાય?** તમારા માટે હવે કદાચ ભલે એ વસ્તુ મહત્વ વગરની લાગતી હોય પણ જગતમાંથી તો એનું મહત્વ ઓછું નજ થઇ શકે. બાળપણની કેટલીક એવી ક્રિયાઓ પણ જરૂર હશે કે જેના તરફ તમને અત્યારે અણગમાની લાગણી કે ઘૃણાના ભાવો પેદા થયા હશે, પણ શું એટલા માત્રથી દુનિયામાંથી એ વસ્તુનો નાશ થઇ જાય છે ખરો? નહિજ!

**સ્વયં સુધાર.** વળી સર્વજ્ઞ મહારાજે પ્રરૂપેલ ઉપદેશમાં "માનો તો" "કદાચ આમ હોય તો" એ વિગેરે શંકાવાળાં વાકયો જો તમે વાપરી શકો છો તો તમે તમારા સંસારવ્યવહારમાં માને બાયડી કે બાયડીને મા કરીને કેમ નથી સંબોધતા? તે જગ્યાએ કેમ તમારે તમારી સાન બરાબર ઠેકાણે રાખવી પડે છે? એ તો સામાન્ય નિયમ છે કે જયાં ડંડા પડતા હોય ત્યાંજ આપણે સીધા ચાલીએ છીએ. ધર્મને માટે ગમે તેટલું વાંકુ બોલીએ પણ આપણુને કોણ શું કરવાનો છે? એટલે આપણા મનમાં ફાવે એમ બોલીએ છીએ! પણ મહાનુભાવો! યાદ રાખો કે જે અહિં નહિ મળે તે પરભવે મળશે! બીજા બધા તમને છોડી દેશે પણ કર્મકાકા તમારો પીછો નહિ છોડે. એતો તમારી બરાબર હાજરી લેવાનો! ત્યાં તમારૂં કશું નહિં ચાલવાનું! માટે પારકાના મારથી સુધરવાનું મૂકી દઇને **પોતાની મેળેજ સુધરો** તો કેવું સારૂં કે જેથી **તમારે એ કર્મના પંજામાં વધારે જકડાવું ન પડે!**

**સાચું વાણીસ્વાતંત્ર્ય.** આજ કાલ કેટલાકના મગજમાં એ પવન પેસી ગયો છે કે અમને વિચારસ્વાતંત્ર્ય અને વાણીસ્વાતંત્રય કેમ નહિ? શા માટે અમે અમારા મનમાં આવે તેવો વિચાર ન કરીએ કે અમને સારૂં લાગે એવું ન બોલીએ? આ જમાનામાં આવા પ્રકારની સ્વતંત્રતા મેળવવાની ભાવના દિવસે દિવસે વધારે ઉગ્ર રૂપ લેતી જાય છે. અલબત સત્વાભિમાનની દૃષ્ટિએ આ માન્યતામાં પણ કેટલુંક સારૂં તત્વ સમાયેલું છેજ! પણ તે મર્યાદિત ક્ષેત્રમાંજ! જો એ ક્ષેત્રની મર્યાદાનો નાશ કરવામાં આવે તો એનું પરિણામ ખરાબજ આવવાનું. રસ્તે ચાલતી બૈરીને વહુ કહેવાના વાણીસ્વાતંત્ર્યને કયો સભ્ય સમાજ સાંખી લેશે? ખરી વાત તો એ છે કે જેને આપણે વાણીસ્વાતંત્ર્યના નામથી ઓળખાવીએ છીએ એ વાણીસ્વાતંત્ર્ય કઇ ચીડીયાનું નામ છે એજ આપણુને બરાબર ખબર નથી! કોઇપણ માણુસ વાણીસ્વાતંત્ર્યનો અર્થ એવો તો નજ કરે કે મનમાં આવે તેમ બકવું કે મનમાં આવે તેવો અસંબધ્ધ અને અસભ્ય પ્રલાપ કરવો! અને જો આવા પ્રકારના બકવાટનેજ વાણીસ્વાતંત્ર્યના નમુના રૂપે લેખવામાં આવે તો તો થાણાની ગાંડાની ઇસ્પિતાલના દર્દીઓજ સૌથી વધારે સુખી ગણાય! કે જેઓ મનમાં ફાવે તેવું બકી શકે છે! પણ ખરી વાત એ છે કે જે વસ્તુ ફાયદાકારક હોય, જેનું પરિણામ સારૂં હોય અને જે બીના સત્ય હોય તે બોલવાની છૂટ તેનું નામ વાણીસ્વાતંત્ર્ય! આવા પ્રકારનું વાણી ઉપરના સંયમવાળું વાણીસ્વાતંત્ર્ય કેટલા પાળે છે? મહાનુભાવો! યાદ રાખો કે ખરૂં વાણીસ્વાતંત્ર્ય એટલે ખૂબ વિચારમંથનના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**અંતે સાચી લાગેલી વસ્તુને નિર્ભયપણે જનતા સમક્ષ મૂકવી !** આવા પ્રકારનું વાણી-સ્વાતંત્ર્ય જયારે આપણે સમજશું અને પાળશું ત્યારે આપણી દશા અત્યાર કરતાં અનેક ગણી ઉંચી હશે ! બાકી **વિવેક વગરનું વાણીસ્વાતંત્ર્ય એ સ્વાતંત્રતા નહિ પણ સ્વચ્છંદતાજ** છે કે જેનું પરિણામ પતનમાંજ આવે છે.

**કરો તો પામો !** દુનિયામાં જો આપણે કોઇ ઉલટી કલ્પના કરીએ તો આપણે ગુન્હેગાર ગણાઇએ છીએ તો સર્વજ્ઞ જેવા પરમજ્ઞાનવાનના વચનમાં શંકા કરતાં આપણે કેમ ગુન્હેગાર ન ગણાઇએ ? એ વીતરાગ ભગવાનના વચન ઉપર શ્રધ્ધા રાખીને આપણે એ વસ્તુ આચરણમાં મૂકવી જોઇએ ! કારણકે **માત્ર શ્રદ્ધા કે માત્ર જ્ઞાન કંઇ પણ ફાયદો નથી કરી શકતાં !** ફળ માટે ક્રિયાની જરૂર રહે છે. હજાર વરસ સોની પાસે બેસો પણ હથોડો લઇને ટીપવાનું નહિ કરો તો તમને ઘડતાં નહિજ આવડવાનું. ચિત્રકાર બનવાની ઇચ્છાવાળા માટે ચિત્રકારનો પાડોશજ એકલો પૂરતો નથી. એણે તો પોતાના હાથે લીટી દોરવા વિગેરેનો અભ્યાસ કરવો પડશે. **ક્રિયા કરો અને ફળ મેળવો.** પડયા પડયા કદી કોઇનું પેટ ભરાયું છે? જ્ઞાન તો ઘણાયને હોય પણ ક્રિયા થોડાકજ કરી શકે ! બધાય જાણે છે કે સીધી લીટી કોને કહેવાય ! પણ સીધી લીટી દોરી કેટલા શકે છે ? જેણે વારંવાર એનો અભ્યાસ કર્યો હોય તેજ. જ્ઞાન તો એક વખત થયું એટલે પત્યું પણ ક્રિયાને માટે તો લાંબુ પરિશીલન જોઇએ અને આજ જ્ઞાન અને ક્રિયાનો મુખ્ય ભેદ ! ઘણાય સમજે છે કે વ્યસન રાખવાં ખોટાં છે. બીડી, તમાકુ, પાંન કે બીજી ટેવો નુકશાન કરનારી છે. છતાં એનાથી કેટલા બચી શકે છે ? સંસાર ખરાબ છે, મિથ્યાત્વ બહુજ ભયંકર ચીજ છે, અવિરતિ પાપનું મૂળ છે, કષાયો સંસારના બીજ છે, આ બધું માત્ર જાણવાની દૃષ્ટિએ કોણ નથી જાણતું ? છતાં કેટલા એ જ્ઞાન પ્રમાણે પોતાના આચરણને ફેરવી શકે છે ? એક વસ્તુનું જ્ઞાન થવા માટે એક વસ્તુ જાણવા માટે પલકનોજ સમય જોઇએ છે. અમુક વ્યકિત સંસારમાંથી તરી ગઇ; અમુક જીવ તીર્થંકર થયો; અમુક માણસે ક્ષણ માત્રમાં પોતાનું કલ્યાણ સાધી લીધું. માષ તુષ જેવોઓએ થોડાજ સમયમાં કેવળ-જ્ઞાનનો આસ્વાદ ચાખ્યો ! આ બધી વસ્તુ આપણે બધા સારી રીતે જાણીએ છીએ પણ એ જાણવા માત્રથી આપણું વળ્યું ? ખરૂં કલ્યાણ તો ત્યારેજ થશે કે જયારે આપણે એના માટે પ્રયત્ન આદરીશું ! કરોડની સંખ્યાનું આપણને સહુને ભાન છે. કરોડાધિપતિ કોને કહેવો એ પણ આપણે સારી રીતે સમજીએ છીએ છતાં આપણે કોટીધ્વજ કેમ નથી બની જતા ? કહો કે કરોડને સમજવા એ એક વાત છે અને કરોડ મેળવવા એ બીજી વાત છે. કરોડને મેળવતાં મેળવતાં તો વાંસાની કરોડ ભાંગી જાય છે, અને આંતરડાં ઉચાં આવે છે. કરોડ જ્ઞાન માત્રથી તો આપણું જરાય દળદર દૂર થતું નથી. એજ પ્રમાણે મિથ્યાત્વાદિને ખરાબ જાણીએ છતાં તેનાથી વેગળા થવા માટે ક્ષણ માત્રનો પણ પ્રયત્ન ન કરીએ તો શું વળે? **પ્રયત્નની પાછળજ સફળતા છે** એ વાત ભૂલવી નહિ જોઇએ ! પ્રયત્ન કહો કે ક્રિયા કહો એકજ વસ્તુ છે !

**ક્રિયાનું મહાત્મ્ય.** કેવળ જ્ઞાન અને કેવળ શ્રદ્ધાની દૃષ્ટિએજ વિચારીએ તો જેવાં પ્રકારનાં જ્ઞાન અને શ્રદ્ધા ચોથે ગુણઠાણે હોય છે તેવાંજ ચૌદમે ગુણઠાણે હોય છે. મિથ્યાત્વ ખરાબ, અવિરતિ છોડવા લાયક, વિરતિ આદરણીય એ વિગેરે જેમ ચોથામાં હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તેમ ચૌદમામાં હોય છે અને જેવું ચૌદમામાં હોય છે તેવુંજ ચોથામાં હોય છે! એટલેકે ચોથે જેમ ક્ષાયિક સમ્યકત્વ અને નવ તત્વની યથાર્થ શ્રદ્ધા હોય છે, ચૌદમામાં પણ એજ હોય છે. તો પછી એ ક્ષાયિક સમ્યકૃત્વવાળા ચોથા ગુણઠાણામાં અને ચૌદમા ગુણઠાણામાં ફરક કયો? એક! અને તે ફરક તે વર્તનનો! ક્રિયાનો-આચરણનો! એકમાં અમુક પ્રકારનું આચરણ હોય છે જ્યારે બીજામાં બીજા પ્રકારનું-ઉચ્ચ પ્રકારનું આચરણ હોય છે અને આચરણના ભેદને લીધેજ ઉંચા અથવા નીચા ગુણઠાણાની વ્યવસ્થા રાખવામાં આવી છે. જ્ઞાન અને શ્રદ્ધા ચોથા પછી બધેય એક સરખાં હોવા છતાં વર્તનની મુશ્કેલી અને વર્તનના ભેદને લીધેજ જુદા જુદા ગુણઠાણા ગણવામાં આવે છે. અમુક પ્રકારનું આચરણ કરે તે ઉપશમ શ્રેણી સુધી પહોંચે; અમુક પ્રકારનું આચરણ કરે તે ક્ષપક શ્રેણીએ પહોંચે. જેટલા અંશે વર્તન ઉંચુ બને અને મોહનો ચૂરો થાય એટલા અંશે શ્રેણી ચઢિયાતી સમજવી! મહાનુભાવો! જ્ઞાન અને શ્રદ્ધામાં બહુ ફરક નહિ હોવા છતાં માત્ર ક્રિયાના પાલનને કારણેજ-એક નહિ-બે નહિ પણ ચૌદ ચૌદ ગુણઠાણાની વ્યવસ્થા રાખવી પડી છે એજ બતાવે છે કે **આત્માને ઉંચો અને નીચો બનાવવામાં ક્રિયાનોજ મુખ્ય ભાગ છે!**

અને એ વાત તો જગજાણીતી છે કે જે વસ્તુમાં જેટલું વધારે મહત્વ, એનું પાલન પણ એટલુંજ વધુ કઠણ! ખરેખર, **દુનિયામાં મહત્વ અને આકરાપણું સાથેજ જોડાયેલાં હોય છે!** મહત્વ મેળવવું હોય તો તમારે આકરાપણાની પરીક્ષા પસાર કરવીજ રહી! નહિ તો દરેક માણસ મહત્વની રક્ષા ન કરત. પણ **મહત્વની સાચી રક્ષા તો કોક વિરલોજ કરી શકે છે!**

**બાળદીક્ષાનું રહસ્ય.** મહાનુભાવો! ક્રિયાનું આટલું બધું મહાત્મ્ય સમજ્યા પછી હવે તમારે પણ બાળદીક્ષાનું રહસ્ય સમજવું કઠિન નહિ પડે! જે લોકો એમ કહે છે કે બાળકને એના બાલ્યકાળમાંજ દીક્ષા નહિ આપતાં ઉંમર લાયક થાય એટલે કે એની ૧૮ વરસની સમજણવાળી ઉંમર થાય ત્યાં સુધી તમારી (સાધુની) પાસે રાખીને તત્વજ્ઞાનનો અભ્યાસ કરાવો અને પછી એને દીક્ષા આપો! આમ બોલનારે સમજવું જોઇએ કે **પદાર્થને જાણવા માત્રથી આચરણમાં સુધારો નથી થઇ જતો!** પણ એને માટે તો ખૂબ અભ્યાસની જરૂરત રહે છે. જેટલા અંશે આચરણનો અભ્યાસ વધારે એટલા અંશે ક્રિયામાં વધુ સફળતા! આપણે એક બાળકને દીક્ષા આપતા પહેલાં એની ૧૮-૨૦ વરસની ઉંમર થાય ત્યાં સુધી રાહ જોતા બેસીએ તો **'लेने गइ पुत और खो आइ खसम'** જેવું ખરાબ પરિણામજ આવે! દીક્ષા આપવામાં વિલંબ તો કર્યો સારી દૃષ્ટિએ કે એ ભાઈ દીક્ષાનું રહસ્ય બરાબર સમજે. તત્વજ્ઞાન બરાબર મેળવે અને પછી પોતાની જ્ઞાનદૃષ્ટિથી દોરવાઇને દીક્ષાનો પંથ ગ્રહણ કરે! પણ પરિણામ ધાર્યા કરતાં સાવ વિપરીત આવ્યું. એ અઢાર-વીસ વરસની ઉંમર થતાં થતામાં તો એ ભાઇએ તત્વજ્ઞાન અને ધાર્મિક વૃત્તિનો અભ્યાસ કરવાની સાથે સાથે અનેક વ્યસનોનાં વમળમાં અટવાઇ ગયા! સંસાર વિષયસુખોમાં એને મોહકતાનું દર્શન થયું એશઆરામમાં એને લોભાવનારૂં આકર્ષણ અનુભવાયું, પિંડપોષણમાં એને પરમાનંદનું દર્શન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયું અને પેલો તત્વજ્ઞાનનો અભ્યાસ તો માત્ર આત્મા વગરના શરીર જેવું ખાલી ખોખું બની ગયો! અને પેલી દીક્ષા લેવાની વાત? એનો તો બીચારીનો ક્યાંઈ પત્તોજ ન મળે! દીક્ષા દીક્ષાને ઠેકાણે રહી અને આ ભાઇ તો સંસારમાં મસ્ત બની ગયા! મહાનુભાવો! આ વાત સાવ સાચી છે. અનુભવથી સાચી છે. એક માણસને એક વસ્તુનો ખ્યાલ ન હોય ત્યાં લગી એ છોડવી એને મન મોટી વાત નથી! પણ એનો આસ્વાદ ચાખ્યા પછી એનાથી છૂટા પડવું બહુ આકરૂં થઇ પડે છે! તમેજ કહો કે દારૂ છોડવો અથવા દારૂનું સેવન ન કરવું એ તમારે મન રમત છે, પણ એક દારૂડીયાને કહો કે ભાઈ દારૂ છોડો! તો એને એ કેવું આકરૂં લાગવાનું? એજ પ્રમાણે એક માણસને સંસારના ભ્રામક સુખનું આકર્ષણ નથી થયું ત્યાં લગી સંસાર છોડવો એને મન રમત છે પણ જ્યાં સંસારની મોહકતાના જાળમાં ફસાયો કે પછી તમે ગમે તેટલું કરો છતાં એમાંથી નીકળવું મુશ્કેલ છે. બસ! અહિંજ બાળદીક્ષાની આવશ્યકતાની જડ છે. બાળકનું હૃદય આયના જેવું સાફ હોય છે. એના ઉપર જેવા સંસ્કારો પાડો તેવા પડવાના! બાળક તો દરેક વસ્તુ ગ્રહણ કરવાનું! એમાં ખરાબ વસ્તુનો પ્રવેશ ન થઇ જાય એ ધ્યાન તો એના શુભેચ્છક ગણાતા વડીલોએજ રાખવાનું છે! હવે કહો મહાનુભાવો! કે આત્માના ઉદ્ધાર માટે બાળદીક્ષાની જરૂર ખરી કે નહિ? અને **બાલદીક્ષિત જેટલું આત્મકલ્યાણ સાધી શકે એટલું બીજા સાધી શકે ખરા કે? એજ સાચું બાળદીક્ષાનું રહસ્ય.**

**રાઇના ભાવ રાતે ગયા.** આપણે આપણી ટેવોના ગુલામ છીએ! એ ટેવોને આધીન થઇને એક વસ્તુ ખરાબ લાગવા છતાં આપણે છોડી શકતા નથી! માયા અને કપટને તમે સારાં ગણો છો? અઢાર પાપસ્થાનક સેવન કરવા તે સારૂં છે? છતાં એ છોડવાની વાત આવ્યે ત્યારે તમને શુંનું શું થઇ જાય છે! પણ આમાં તમારો વાંક નથી! એ સંસારનીજ એવી લીલા છે કે ખરાબ સમજવા છતાં ત્યાગ ન કરી શકાય! તમે અમુક વસ્તુનો ત્યાગ કરવાનો વિચાર કરો કે તમારા ઉપર એ સંસારમહારાજાના સિપાઇઓ હલ્લો કરી ઉઠવાના! અને એ સિપાઈઓના આક્રમણને કારણે પાછા તમે સંસારમાં રાચતા થઇ જવાના! જે માણસ કેદમાં ન સપડાયેલો હોય તે મનમાં આવે ત્યાં નાસી ભાગી કે હરી ફરી શકે પણ જે બીચારો કેદખાનામાં પૂરાયો હોય અને જેના ઉપર સખત ચોકીપહેરો હોય તે ક્યાં ચસકી શકે? **આ સંસારમાં રાચી રહેલા માણસો પણ કેદખાનાના કેદી સમાનજ સમજવા!** જ્યાં પારકા પહેરેદાર હોય ત્યાં છૂટવું આવું કઠિન છે ત્યાં જે તમારા આત્મામાં અનેક અંદરનાજ પહેરેગીરો હોય એનાથી તો તમે કેવી રીતે છૂટી શકો? જ્યાં દીક્ષા લેવાનો વૈરાગ્યનો વિચાર કરો કે તરત બીજા સો વિચારો તમારી સામે ઉભા થવાના! તમને તમારા ખાવાપીવાનો વિચાર આવવાનો; તમારા દીકરાદીકરીઓની ફીકર તમને થવાની; તમારા માતાપિતાનો વિચાર આવવાનો, તમારી સ્ત્રીની ચિંતા તમને મુંઝવવાની! આ બધાય વિચારો ઉપર વિજય મેળવો તોજ તમે સંસારસાગર તરવાને સમર્થ થઇ શકો! નહિ તો વૈરાગ્યના વિચારો એ વિચાર રૂપજ રહેવાના! વળી મરેલા કેદીની પાછળ કોઈ પહેરેગીરો નહિ છૂટવાના! માત્ર બેચાર ભેગા થઇને એને કુટી બાળવાના! પણ જો કેદી નાસી છૂટયો કે એની પાછળ ૧૦-૨૦ પડવાના! અને એને પકડી કાઢવાના! એવીજ રીતે સંસારનો ત્યાગ કરવા તૈયાર થાઓ કે આ અંદરના પહેરેગીરો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમને હેરાન કરી નાખવાના, પણ તમારૂં મૃત્યુ થાય ત્યારે એક પણ આડો હાથ દેવા નહિ આવવાનો અને જે બનતું હોય તે બનવા દેવાનો. મહાનુભાવો ! આ સંસારમાં માણુસનો ભરોસો નથી; એટલે મોટી ઉંમરની વાટ જોઇ બેસી રહેવું એ નર્યું મૂર્ખતાભર્યુંજ છે! એમાં તો જ્યારે વિચાર થયો ત્યારે એનો અમલ કરી નાખવો! નહિ તો "રાઈના ભાવ રાતે ગયા" જેવું થાય ! આ બધી વસ્તુસ્થિતિ સમજનાર ડાહ્યો માણુસ કદી પણ એમ ન કહે કે અમુક ઉંમર થવા દો! પછી જોઈ લઇશું !

**બીલાડી બાઈનું નોતરૂં.** પણ આમ ઉંમરના બહાને દીક્ષાનો ઇન્કાર કરનારાઓનો અંદરનો આશય શું હોય છે તે જરા તપાસો ! એમને તો આમ ઉંમર અને લાયકાત વિગેરે વસ્તુઓ આગળ કરીને દીક્ષાની વાતજ ઉડાવી દેવી છે ! પણ સાથે સાથે જાહેરમાં ખુલ્લેખુલ્લો એનો નિષેધ કરવાની હિંમત ન હોવાના કારણે અને પોતાની જાતને ધર્મી તરીકે દેખાડવાની લાલસા હોવાના કારણે સીધો નિષેધ ન કરતાં આમ આડકતરો નિષેધ કરે છે ! આ તો ખુલ્લો ન કરવો અને કામ થતું અટકાવી દેવું એના માટે એક પ્રકારની યુક્તિ છે. બાકી એની પાછળ તો નબળી મનોદશાજ રહેલી છે ! આ તો પેલા બગલા અને બીલાડી બાઇ જેવું થયું ! બીલાડી બાઈનો વિચાર થયો કે બગલા ભાઇને નોતરૂં આપીએ ! અને સાથે સાથે એ પણ વિચાર થયો કે નોતરૂં આપીએ, માલપાણી બનાવીએ, બગલાભાઇની આગળ પણ ધરીએ પણ કોઇ એવી યુક્તિ શોધી કાઢીએ કે બગલાભાઇ દેખતા રહે અને આપણે એકલાજ ખીર જમી જઇએ ! બીલાડી બાઇએ વિચાર કર્યો અને એમના લુચ્ચા ભેજામાંથી એક યુક્તિ જડી આવી ! એમણે ખીર બનાવી ! અંદર સરસ સરસ સુગંધી મસાલા નાખ્યા. ચારે તરફ સાફસુફ કરીને જળછંટકાવ કરીને જમવા માટે સુંદર પાટલા નાખ્યા: અને વખત થયો એટલે બગલાભાઇની પધરામણી થઈ. બીલાડી બાઈએ બગલાભાઈને પાટલા ઉપર બેસાર્યા અને એક પહોળી થાળીમાં ખીર પીરસી, અને સામા પાટલા ઉપર પોતે ગોઠવાઈ ગયાં, અને બોલ્યાં, ચાલો બગલાભાઇ જમવાનું શરૂ કરો, અને એ તો લપલપ કરતા બધી ખીર ચટ કરી ગયાં: અને પેલા બીચારા લાંબી ચાંચવાળા બગલાભાઇ તો જોઇજ રહ્યા, અને ભૂખ્યા પેટે અને વીલે મ્હોડે પોતાના ઘેર પાછા ફર્યા. આ ઉંમર અને લાયકાતના બહાને દીક્ષાનો વિરોધ કરનારાઓની પણ પડદા પાછળની મનોદશા આ આપણી બીલાડી બાઇ જેવીજ છે. નોતરૂં તો દેવું છે પણ જમવા નથી દેવું: દીક્ષાની વાત તો કરવી છે પણ કોઈને લેવા નથી દેવી. દીક્ષાના વખાણ ખૂબ કરવા છે : દીક્ષા આત્મકલ્યાણનું સાધન છે એમ બોલવું છે પણ બંધારણ એવું ઉભું કરવું છે કે કોઇ દીક્ષા લેજ નહિ. ૧૮ વર્ષની ઉંમર સુધી બાળક કહીને દીક્ષા રોકવાના: પછી પરણેલો સમજી રોકવાના: પછી બાળ બચ્ચાવાળો ગણીને વિરોધ કરવાના ! ત્યારે દીક્ષા આપવાના કયારે ? જ્યારે યમરાજનું તેડું આવશે ત્યારે ? કે જ્યારે શરીર જીર્ણશીર્ણ થઇને કોઈપણ સંસારીના સ્વાર્થપોષણમાં ઉપયોગી ન રહે ત્યારે ? અને આવા બહેરા-લુલા કે "મરતો નથી ને માચો મૂકતોય નથી" જેવા દીક્ષા લેવા લાગે તો પછી સાધુસમુદાયમાં જેવા તેવાજ ભેગા થવાના. અને પછી પેલા દીક્ષાના વિરોધીઓ કહેવાના કે સાવ ઠોઠા ભેગા કર્યા છે ! ભલા માણુસ બાળકને દીક્ષા દેવાય નહિ, જુવાનથી લેવાય નહિ, આધેડને ઉપાધિ વળગી તો પછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવા ભેગા થાય એમાં કોનો દોષ ? પણ ખરી વસ્તુસ્થિતિનો વિચારજ કોને કરવો છે ? એમને તો મનમાં આવે તેમ વગર વિચાર્યે બોલવું છે અને કરવું છે ! પણ મહાનુભાવો ! યાદ રાખજો કે આવા વિરોધી માર્ગનું અનુસરણ કરવામાં ન તો તમારૂં પોતાનું કલ્યાણ છે, કે ન તો તમારા સમાજ-ધર્મનું કંઇ સાર્થક્ય થવાનું છે. એમાં તો દરેક દોષનો ભાગી થવાનો અને ડૂબવાનો ! માટે હે મહાનુભાવો ! એ "**બીલાડી બાઇના નોતરા**" જેવી કપટભરી વૃત્તિથી વેગળા રહેજો અને આત્મકલ્યાણનો વિચાર કરીને એ રસ્તે તમારા તન, મન અને ધનને ઉપયોગમાં લગાડજો. આમાંજ તમારૂં અને તમારા સૌનું કલ્યાણ છે !

**આગમનું રહસ્ય.** આગમને દરેક માણસ માથે ચઢાવવાનો દાવો કરે છે! પણ એમાં કેટલાક જીવો-માણસો એવા પણ હોય છે કે-આગમની વાતમાં દોઢડાહ્યા માણસની માફક પોતાના અભિપ્રાય છે તે પણ આગળ કરે છે કે કેટલીક વખત સંઘસત્તાનું નામ આગળ ધરે છે! પણ એક માણસના એક કથનને માથે ચઢાવવાનું જાહેર કરવું અને બીજી તરફ એમાંજ પોતાનો સુધારો રજુ કરવો એ શું પરસ્પર વિરોધી મનોવૃત્તિ ન કહેવાય ? કહેવું છે કંઈને કરવું છે કંઇ ? આ તો થાળમાં ખીર પીરસવા જેવું કહેવાય ! બાકી એકલા શાસ્ત્રો તો થાળીમાં ખીર પીરસે અને સુરાઇમાં પણ પીરસે જેથી બીલાડી અને બગલા બન્નેનું પેટ ભરાય ! દીક્ષા સંબંધી જેટલી વિચારણા આવશ્યકીય છે એ બધી શાસ્ત્રોમાં આપી છે! પછી પોતાની કે સંઘસત્તાની વાત આગળ કરવાથી ફાયદો શો ? દીક્ષાના વિરોધીઓની આ પ્રવૃત્તિ છે, પણ પોતાનું કલ્યાણ ઇચ્છનારે પોતાની મેળેજ શુભ પ્રવૃત્તિ કરવી પડશે. જ્ઞાન વગર ક્રિયા ન થાય એ ઘેલછા છોડી દઇને શાસ્ત્રકાર ઉપર અટળ શ્રદ્ધા રાખીને ક્રિયાનું આચરણ કરવું જોઇએ ! આગમની રચના કોઈ લેભાગુ કે શેરીમાં રખડતા માણસે નથી કરી પણ પરમ જ્ઞાનવાન તીર્થંકર-ગણધર ભગવાનોએ, સંસારના પ્રાણીઓના સંપૂર્ણ સારાસારનો વિચાર કરીને કરી છે એમાં આપણું બધાયનું એકાંત હિતજ સમાયેલું છે ! એને જ્ઞાનમાં ઉતારો યા ન ઉતારો ક્રિયામાં ઉતારશો એટલે તમને જરૂર ફળ મળવાનું ! દરેક માણસ દાકતરી વિદ્યાનો અભ્યાસ ન કરી શકે. છતાં એનો ફાયદો તો દરેક પ્રાણીને મળી શકે છે ! શાસ્ત્રોનું એ ફરમાન છે કે "કરશે તે તરશે" તમારે કરવું હોય તો શાસ્ત્રોને આગળ રાખીને એ પ્રમાણે આચરણ કરો ! તમારૂં કલ્યાણ અવશ્ય થશે ! **અને શાસ્ત્રોનું તો એજ રહસ્ય છે કે કોઈપણ માણસ કાંઇ પણ જાતનો વિચાર કર્યા વગર, આંખ મીચીને પણ શાસ્ત્રોનો કહેલા રસ્તે ચાલે તો એનું એકાંત કલ્યાણજ થાય છે.** આજ શાસ્ત્રોનું રહસ્ય ! આજ સાચું શાસ્ત્ર ! અને આવો **એકાંત લાભ જ્યાં મળી એજ ખરૂં આગમ !**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# મહાવ્રતોમાં સ્યાદ્વાદની સંકલના.

## ધર્મનો રંગ.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજા શ્રી જ્ઞાનસાર પ્રકરણ કરતાં થકા ભવ્યજીવોના ઉપકાર માટે કહી ગયા છે કે જૈન નામધારીએ મોક્ષની ઇચ્છાવાળાએ પોતાના આત્માને મોક્ષને લાયક બનાવવા માટે, પોતાના આત્માને ગુણવાન્ બનાવવા માટે પહેલાં ત્રણ વસ્તુ ગળથુથીમાં ગ્રહણ કરવી જોઇએ! જયાં સુધી માણુસ ગળથુથીએ નથી ચઢતો ત્યાં સુધી તે ખોરાક લેવાને કે પચાવવાને લાયક નથી બની શકતો. ગળથુથીએ આહાર લેવાનું પ્રથમ પગથીયું છે અને પહેલા પગથીયા ઉપર પગ મેલ્યા વગર કોઈપણ માણસ આગળ વધી શકે ખરો? નહિજ! ઉપર ચઢવાની ઇચ્છાવાળાએ પહેલાં તો નીચેના પગથીયા પસાર કરવાજ જોઈએ એજ પ્રમાણે ધાર્મિકવૃત્તિના ભોજનનો અભ્યાસ થાય તેટલા માટે ત્યાં પણ શરૂઆતમાં ગળથુથીની આવશ્યકતા પડેજ છે. જો એ ગળથુથી આપણે બરાબર પચાવી જઇશું તો આગળ ઉપર વધારે તત્ત્વભરી ધાર્મિકવૃત્તિરૂપ ભોજન પચાવતાં આપણને વાર નહિ લાગે! એટલા માટે આત્માર્થી મનુષ્ય માટે જૈનપણાની ગળથુથીની પરમ આવશ્યકતા રહે છે! એના વગર સાચી ધાર્મિકતાનો પાકો રંગ આપણા આત્માને નજ લાગી શકે! **એ ગળથુથી જેટલી વધારે સારી એટલા અંશે એ રંગ વધારે પાકો લાગવાનો!**

**ગળથુથી અને પાયો.** જે લોકોને પહેલાથીજ જૈનપણાની ગળથુથી નથી મળી હોતી તેઓ ધાર્મિક કાર્યો નથી કરતા એમ નથી. તેઓ પણ ધાર્મિક કાર્યો કરે છે, પરન્તુ હરકત માત્ર એટલીજ છે કે તેઓ અધર્મના હલ્લાને સહન કરી શકતા નથી, એમના ઉપર મિથ્યાત્વીનો હલ્લો આવી પડે તો તે વખતે પોતાના ધર્મને તેઓ વળગી રહી શકતા નથી, પણ ગભરાઇ જઇને એને છોડી દે છે અને પારકાનું પોતાનું બનાવે છે. જયાં સુધી કોઈ બાધા ઉભી ન થઇ હોય ત્યાં લગી તો તેઓ નિરાબાધપણે પોતાના ધર્મનું પાલન ૧૦, ૨૦ ૩૦ કે તેથીય વધુ વરસો માટે કરતા રહે છે, પણ છતાંય કઈ ક્ષણે તેઓ તેનાથી વિમુખ બની જશે એ કહી શકાતું નથી. માત્ર એકજ હુમલો અને ખેલ ખતમ! વરસો સુધી મહેનત લઇને એકઠું કરેલું ધર્મરૂપી ધન તેમની પાસેથી એક ક્ષણ ભરમાં લુંટાઇ જાય છે. અને તેઓ મિથ્યાત્વીની માન્યતાને વધારે બળવાન્ ગણીને તેના પૂજનારા બને છે. લાંબા લાંબા સમય સુધી ધર્મનું પાલન કરવા છતાં એકજ નજીવા કારણુસર ધર્મને છેહ દેનારા ઉદાહરણો આપણે બધાયે સાંભળ્યા છે! અરે એક પ્રસંગ તો દૂર રહ્યો, મિથ્યાત્વીના એક વચન માત્રથી પણ ધર્મનો ત્યાગ કરનારા માણુસો પણ આ દુનિયામાંજ મળે છે. આ બધું શાથી બને છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકજ કારણ કે જે મનોબળ ઉપર એમણે ધર્મની ઇમારત ચણી હતી તે ચણતરનો પાયો જોઇએ તેવો અને જોઇએ તેટલો મજબુત નહોતો થયો, અને કાચા પાયાનું મકાન પડીને જમીનદોસ્ત થાય તો એમાં નવાઇ શી ? આ પ્રમાણે નજીવા કારણસર એ ધર્મભાવનાનો નાશ ન થઈ જાય એ માટે શરૂઆતથીજ જૈનપણાની ગળથુથી આપવા ઉપર શાસ્ત્રકારો જોર મૂકે છે, અગર એ પાકું હશે તો પછી ગમે તેટલી આપત્તિઓ આવે; ગમે તેવા વિકટ પ્રસંગો ઉપસ્થિત થાય અથવા તો એક વખત સામે ગમે તેટલા પ્રલોભનો આવીને ઉભા રહે અને લલચાવવા પ્રયત્ન કરે છતાં એ ધાર્મિકવૃત્તિનો મહેલ જરાપણ હલવાનો નહિ કે એને લેશમાત્ર પણ ઇજા આવવાની નહિ. જે મકાનનો પાયોજ મજબુત હોય એણે ધોધમાર વરસાદ કે ભયંકર વાવાઝોડાથી પણ ડરવું હોયજ શાનું ? મહાનુભાવો ! આ સ્થળે એક વાત જરા સમજી લ્યો-કે મકાનનો પાયો જે કરવામાં આવે છે, મકાનના પાયામાં સારામાં સારો માલ વાપરવામાં આવે છે તે અને એ પાયાને વધુને વધુ મજબુત બનાવવામાં આવે છે તે શા માટે ? એથી એમ કદી નથી સમજવાનું કે એ પાયો વધારે મજબુત હશે તો બહારના મકાનમાં વધારે સુંદરતા દેખાશે અને કાચો હશે તો મકાન બેડોળ દેખાશે ! એ પાયો તો જમીનમાં દટાઇજ જાય છે. એ પોતેજ જ્યાં સાવ દૃષ્ટિમર્યાદાના પ્રદેશથી અદૃશ્ય થઈ જાય છે ત્યાં એની મકાનની સુંદરતામાં વધારો કરવાની વાતજ કયાંથી આવે ? અને છતાંય એની પાછળ આટલું બધું ખર્ચ કરવામાં આવે છે ! એ એટલા માટે કે ભલે એ પાયો તો સીધી રીતે મકાનની શોભામાં વધારો ન કરતો હોય પણ એ મકાનની શોભાને બચાવી રાખે છેજ. ગમે તેવું સુંદર મકાન હોય પણ જો નજીવા આંચકાથી પડી જાય તો એની સુંદરતા સર્વથા નાશ પામવાની ! એ સુંદરતાના રક્ષણ માટે પાયો કરવામાં આવે છે એજ પ્રમાણે જૈનપણાની ગળથુથી પણ દેખીતી રીતે કંઈ વિશેષતાવાળી નથી દેખાતી પણ છતાંય **આખી ધાર્મિક ભાવનાનો એ પાયો છે. મકાનની સુંદરતામાં વધારો કરવો એ એક વાત છે અને એ સુંદરતાનું રક્ષણ કરી રાખવું એ બીજી અને બહુ કઠિન વાત છે અને એ કામ પાયાનું છે.** પાયો પાકો તો સુંદરતા ચિરંજીવી !!!

**કેળવણીનો દોષ કેટલો ?** આજે ધાર્મિકવૃત્તિને ઓછી કરવા માટે કેટલેક અંશે અત્યારની કેળવણીને જવાબદાર ગણવામાં આવે છે પણ આમ એકાંત દોષ કેળવણીને માથે ઢોળવામાં આવે છે એમાં કેટલો સત્યાંશ છે એ જરા વિચારવું ઘટે ! જે વર્તમાન કેળવણી તમારા લોકો લે છે એજ કેળવણી મુસલમાનો લે છે; તેજ કેળવણી હિંદુઓ લ્યે છે; અને એજ કેળવણી દિગંબરો પણ લ્યે છે. છતાં મુસલમાનના દિલ ઉપર ધાર્મિકભાવનાનો નાશ કરવામાં એ કેળવણી કેમ અસર નથી કરતી ? એ શિક્ષિત થવા છતાં પોતાના ધર્મને કેમ વળગી રહે છે ? હિંદુઓ પણ પોતાના ધર્મપાલનમાં કેમ શિથિલાચારી થતા નથી ? દિગંબરો પણ એ શિક્ષણ સામે પોતાના ધર્મને કેવી રીતે ટકાવી રાખે છે ? અને એકલા તમેજ ધર્મને છોડવા કેમ તૈયાર થાઓ છો ? ઉલટું દિગંબરોને તો તમારી માફક ધર્મનું રક્ષણ કરનાર ધર્મ-ગુરુઓનો લાભ નથી મળતો. તમારા માટે તો ૧૦૦૦-૨૦૦૦ સાધુ-સાધ્વીઓનો સહવાસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાનો-એમનું વચન શ્રવણ કરવાનો શુભ યોગ છે. છતાં તમે ઢીલા પડી જાઓ છો, અને એ તો મજબુતજ રહે છે. કારણ? કારણ એકજ કે એને પહેલાંથીજ એવા પાકા સંસ્કાર મળ્યા છે, એના ઉપર ધર્મનો એવો પાકો રંગ લાગ્યો છે કે બીજા કોઇપણ રંગની એના ઉપર અસરજ થતી નથી. તીર્થોના રક્ષણની અને તીર્થોના ઝગડાઓની વાત આવે છે ત્યાં તમે ઉદાસીન માણસની માફક છેક છેવાડે જઇને બેસો છો અને વિચાર કરો છો કે એ રાખે તોય શું અને આપણે રાખીયે તોય શું? પણ એમ ન સમજશો કે આમ બોલવાની પાછળ પૂર્ણ વિચાર કરવાના અંતે, લાગણીના પ્રવાહમાંથી ઉભી થએલી સમાધાનવૃત્તિ રહેલી છે. એ તો કેવળ પોતાના ધર્મ તરફના આળસના લીધેજ એમ કહીને પીછો છોડાવવાનો રસ્તો છે. હમણાં તમારો પોતાનોજ કેસ હોય જોઇએ? તમે કેવા કટિબદ્ધ થઇને મેદાનમાં ઉતરી પડો છો! વાત એકજ છે કે સાચી લાગણી તમારી પાસે નથી, અને કોઇક વખત કેસ લઢવો પણ પડે તો તમે ભાડુતી માણસોદ્વારા કામ લ્યો છો. જ્યારે એ લોકો તો પોતેજ વકીલ, બૅરીસ્ટર તરીકે પોતાના ધર્મના રક્ષણ માટે કોર્ટોના બારણે ધક્કા ખાય છે. તમારે કોઇના તીર્થો હડપ કરવા નથી. માત્ર પોતાના છે તેનુંજ રક્ષણ કરવાનું છે, અને તેમાંય તમારી આ સ્થિતિ છે. જ્યારે તેઓ તો બીજાના-તમારા તીર્થોમાં પણ પોતાનો હક સાબીત કરવા તૈયાર થાય છે. એ લોકો સ્વયં પોતાના ધર્મને માટે લડવા માટે કેટલા તૈયાર રહે છે તે વાત જેઓએ કેસરીયા, તારંગા, શિખરજી વિગેરેની વિગતો જાણી છે તેઓ બહુ સારી રીતે જાણે છે. એ લોકો પણ તમારા જેવીજ કેળવણી લે છે છતાં તમે તીર્થોને છોડવા તૈયાર છો જ્યારે તેઓ પારકાને પોતાના બનાવવા મથે છે! સાચી વાત એ છે કે **આમાં કેળવણીનો જેટલો દોષ ગણવામાં આવે છે તેના કરતાં આપણા પ્રારંભના સંસ્કારોનોજ વધુ દોષ છે. સંસ્કારો સારા-સચોટ હોય તો કેળવણી શું કરવાની હતી?**

**આંગી અને આભૂષણ.** એ દિગંબરો પોતાના ધર્મની નીતિરીતિઓ બચાવવા માટે કેટલો ઉત્પાત કરે છે. નાગાપણે શહેરમાં ફરવું એ દુનિયાને નહિ ગમતી વાત છે. છતાં તે લોકોએ તેનો બચાવ કરવા માટે કેટલી ઝહેમત ઉઠાવી! જ્યારે તમે તો થતા ધર્મને પણ અટકાવવા દોડો છો! કોઇ યુવાન્ કે યુવતી દીક્ષા લેતાં હોય તો એક પ્રજા તરીકે તેને પોતાને મનગમતું કરવાનો દરેક અધિકાર છે. છતાં આપણે એ અધિકારો છીનવી લેવા માટે અને એ ધાર્મિક પ્રવૃત્તિને અટકાવવા માટે ઉત્પાત આદરીએ છીએ! કેટલો ફરક? પેલા ધર્મને સ્થાપવા ઉદ્યમ કરે અને તમે ધર્મને રોકવા ઉદ્યમ કરો. તમે દીક્ષાની બાબતમાં જમાનાને આગળ ધરો છો અને પેલાઓ નાગાપણામાં પણ જમાનાની દરકાર કરતા નથી. **આમાં કયાં કેળવણીનો સવાલ રહ્યો?** વાત મુખ્ય એ છે કે તે લોકોમાં પહેલાથી તત્વાર્થસૂત્ર વિગેરેદ્વારા ઘણાજ સજ્જડ સંસ્કાર નાખવામાં આવે છે કે જેથી બીજી વસ્તુ એમને તત્કાળ અસર કરી શકતી નથી! શરૂઆતમાં જેવા સંસ્કાર પડ્યા એવા કાયમજ રહેવાના! એક વખત કોરા ઘડામાં ઘી નાખો. પછી ઘી કાઢી નાખીને એને ગમે તેટલો સાફ કરો છતાં એમાંથી ઘીની અસર નહિજ ખસવાની! તમારામાં એમ કહેનારા નીકળ્યા કે ભગવાનને આંગી, મુકુટ, કુંડળ વિગેરે શા માટે? ભલા એમનામાં કોઈ એવો નીકળ્યો ખરો કે જેણે કહ્યું હોય કે આપણા ભગવાનને મુકુટ, કુંડળ વિગેરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આભૂષણો શા માટે નહિ ? જરા પ્રાસંગિક રીતે એ આંગી અને આભૂષણો પર વિચાર કરીએ ! —પરમાત્માને પખાલ કરવાનું વિધાન તે લોકોમાં પણ છે અને આપણામાં પણ છે. ત્યારે હવે વિચારીએ કે—એ પખાલ–અભિષેક એ ગૃહસ્થપણાની અપેક્ષાએ કરવામાં આવે છે કે સાધુપણાની અપેક્ષાએ ? તો કહેવું પડશે કે ગૃહસ્થપણાની અપેક્ષાએ ! કારણ કે સાધુપણામાં તો સ્નાનક્રિયાનું વિધાન કોઈના પણ શાસ્ત્રમાં નથી કરવામાં આવ્યું ! ત્યારે હવે ભગવાન્ જો ગૃહસ્થપણામાં સ્નાન કરતા હતા તો શું તેઓ ઘરેણાં ધારણ કરતા ન હતા ? ભગવાનના મેરૂપર્વત ઉપર કરવામાં આવેલ અભિષેકને યાદ કરીને એના સ્મરણરૂપે આપણે અહિં અભિષેક કરીએ છીએ. ઇંદ્ર મહારાજે જે પ્રમાણે કર્યું હતું એનું અનુકરણ કરીએ છીએ. શ્રાવકના માટે જે દ્રવ્યપૂજાનું વિધાન કરવામાં આવ્યું છે એ ઇંદ્ર મહારાજનું અનુકરણ છે. તો પછી **આંગી કે આભૂષણો પણ એજ ગૃહસ્થપણાની અપેક્ષાએ પહેરાવવામાં આવે તો શી હરકત છે?** જો કેવળ વીતરાગ દશાની મૂર્તિનુંજ પૂજન કરવાનું હોય તો તો સ્નાન પણ ન કરાવી શકાય ! એટલા માટે જે લોકો સ્નાન–અભિષેકનું વિધાન કરવા છતાં આંગી, આભૂષણોનો નિષેધ કરે છે તે કેવળ તે લોકોના મતાગ્રહ સિવાય બીજું કશું નથી !

\+ \+ \+ \+

**અપવાદિક હિંસા !** હિંસા, જુઠ, ચોરી અને પરિગ્રહમાં સ્યાદ્વાદ ચાલે છે. હિંસા ન કરવાનું દરેક ઠેકાણે વિધાન કરવામાં આવ્યું છે, પરન્તુ વિહારાદિકના પ્રસંગે નદી વિગેરે ઉતરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે પણ કરવું પડે છે, અને આમ કરવા જતાં કંઈક અંશે હિંસા જરૂર થાય છેજ. હિંસાને વર્જવાનું જરૂર કહેવામાં આવ્યું છે પણ અપવાદને અંગે હિંસા તરફ દુર્લક્ષ્ય પણ કરાય છેજ. અલબત હિંસાને કદી પણ વિધેય નથી માનવામાં આવતી છતાં અમુક હિંસા અનિવાર્ય હોવાના કારણે કોઈપણ પ્રકારે એ હિંસા કર્યા વગર છૂટકારો ન હોવાના કારણે અને અમુક કાર્ય કરવામાં એના વગર ચાલે એમ ન હોવાના કારણે, એ કરવી પડતી હિંસા તરફ દુર્લક્ષ્ય કરવું પડે છે. **આ હિંસા એક પ્રકારના આપદ્ધર્મ તરીકે ગણવામાં આવે છે.** આનો અર્થ એવો તો કદીપણ નજ કરાય કે હિંસા કરવામાં હરકત નથી. જેટલી હિંસા થાય એટલું પાપ તો અવશ્ય લાગવાનું. છતાં અમુક પ્રકારની અનિવાર્ય હિંસા દુભાતે દિલે પણ કરવી પડે છે, અને **આ હિંસાને શાસ્ત્રકારોએ અપવાદિક હિંસા તરીકે ઓળખાવી છે.** કેટલાક મહાનુભાવોનું કહેવું છે કે શ્રીજિનેશ્વર ભગવાને નદી ઉતરવાનું કહ્યું નથી. કારણ કે—જો નદી ઉતરવાનું કહે તો તે આજ્ઞા થાય અને તે પણ હિંસામાં આજ્ઞા થાય ! અને શ્રીજિનેશ્વર ભગવાન્ જેવા પરમકૃપાળુ પુરુષ–કે જેના મનમાં કીડીથી તે કુંજર સુધીના તમામ જીવો માટે કરૂણાભાવ ભર્યો છે–તે ઉઠીને આ પ્રમાણે હિંસામાં આજ્ઞા આપે તો તો તેમણે પ્રરૂપેલો આખો પંથ બગડી જાય ! પણ મહાનુભાવ ! આ જગ્યાએ જરાક સમજવા જેવી વાત છે ! એમ એકદમ ઉતાવળા થવાની જરૂર નથી ! જરા ધીરજપૂર્વક વિચાર કરશો તો બધું સમજાઇ જશે ! ભગવાને નદી ઉતરજો એમ કહીને નદી ઉતરવાનો આદેશ નથી આપ્યો પણ એમણે તો કહ્યું છે કે " નદી ઉતરતાં જયણા પાળજે " આમાં કહેવાનો ભાવાર્થ નદી ઉતરવાના

વિધાનમાં નથી પણ **જયણા પાળવાના વિધાનમાં છે.** એટલે પછી નદી ઉતરવાની કે હિંસા કરવાની આજ્ઞા કેવી રીતે ગણાય ? પણ ત્યારે નદી ઉતરવાનું જે કામ તે ભગવાનની આજ્ઞા પ્રમાણે કે આજ્ઞા બહાર ? સમજો કે તમે દીક્ષા લીધી છે અને વિહાર કરો છો તમારી સામે એક બીજો નવદીક્ષિત સાધુ છે. વિહાર કરતાં વચમાં નદી આવી! એ નવદીક્ષિત સાધુ પાણીના સંઘટ્ટાથી ગભરાય છે. તે વખતે તમે શું કરવાના ? તમે જરૂર તેને કહેવાના કે ભાઈ, આવી રીતે ઉતરો ! અહિં પણ નદી ઉતરવાનો ઉપદેશ નથી પણ ઉતરતી વખતે કેમ ઉતરવું એ માર્ગદર્શન કરાવ્યું છે ! નદી ઉતરતાં જયણા પાળવાના વિધાનમાં કોઇના બે મત છે નહિ ! વિચાર કરવાનું કામ ત્યાંજ છે કે-નદી ઉતરવાની ક્રિયા એ આજ્ઞાને અનુકૂળ કે આજ્ઞા બહારની ? -અહિં જરા શાસ્ત્રની વાત સમજો ! શાસ્ત્રમાં સાફ કહ્યું છે કે-અમુક નદીઓ અમુક વખતે ઓળંગે તો તેમાં આજ્ઞાનું ઉલ્લંઘન નથી થતું ! નાવમાં બેસવાનું વિધાન તો ત્યાંજ કરવામાં આવ્યું છે કે જયાં છાતી ઉપરથી વધારે ઉંડું પાણી હોય ! તેમાં પણ એટલું કહ્યું છે કે એ પાણીને ઓળંગ્યા વગર અમુક વધારે વિહાર કરવાથી જો જમીન માર્ગેજ જઈ શકાય એમ હોય તો તેજ રસ્તે જવું ! **આ બધા વિધિનિષેધો ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિ કરનારને આજ્ઞા બહારનો કેમ કહી શકાય ?** અલબત જો એ શાસ્ત્રાજ્ઞાનો વિચાર કર્યા વિનાજ પોતાના મનને જેમ ગમ્યું તેમ કરીને નદી ઉતરે તો જરૂર તેને વિરાધક કહી શકાય ! વળી ભગવાને નદી પાર ન કરવાનો એકાંત નિષેધ કર્યોય નથી ! નહિ તો જળસિદ્ધ અને નદીસિદ્ધોનું જે વર્ણન શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે તે ખોટું ઠરે ! શાસ્ત્રોમાં આ પ્રમાણે સર્વદેશીય વર્ણન મોજુદ હોવા છતાં પોતાના કદાગ્રહનું ખંડન થતું જોવાની અસહ્યતાના કારણે સ્યાદ્વાદ માનવામાં અડચણ લાગે છે. બાકી સાચા તત્વની જિજ્ઞાસા હોય, અને મનમાં કોઇ પણ પ્રકારની ખોટી માન્યતાઓ ઘર કરી ગઈ ન હોય તેને તો **સ્યાદ્વાદનો સ્વીકાર સાકર જેવો લાગે છે.**

**સંયમનું મૂલ્ય ?** વળી તમે બધાયે સાંભળ્યુંજ હશે કે—"

**जत्थ जलं तत्थ वणं जत्थ वणं तत्थ नियमओवाऊ। तेऊवाऊ सहगया०**

એટલે કે જ્યાં પાણી છે ત્યાં વનસ્પતિ અવશ્ય હોય છે; જ્યાં વનસ્પતિ હોય ત્યાં વાયરો જરૂર હોય; જ્યાં વાયરો હોય ત્યાં અગ્નિ જરૂર હોય; આ પ્રમાણે એકલા પાણીની જગો પર છએ કાયની વિરાધના માની છે. તો પછી આ આજ્ઞા કયા મુદ્દાએ કરી ? પાણીમાં એક પગ મૂકો, અને એ છએ કાયની વિરાધના થવાની. એ છએ કાયના જીવોનું મરણ થવાનું ! આમ છતાં શાસ્ત્રકારોએ આજ્ઞા કરવાનું એકજ કારણ છે કે તેઓએ છ કાયની વિરાધના અને કદાચ અસંખ્યતાના મરણ કરતાં પણ સંયમ ટકાવવાને વધુ મહત્વની ચીજ ગણી ! વિહાર કરવાનું વિધાન એ સંયમ ટકાવવા માટેજ કરવામાં આવ્યું છે. **અરે જે સંયમને** ટકાવવા માટે-જે સંયમનું પાલન યથાસ્થિત કરવા માટે શ્રીજિનેશ્વર ભગવાન્ જેવા પરમતારક અને પરમ આદર્શ પુરુષોએ પણ એ છ કાયની અરે એ અનંતજીવોની વિરાધના તરફ દુર્લક્ષ્ય કર્યું **એ સંયમનું કેટલું મહાન્ મૂલ્ય હોવું જોઇએ ?** અને આટલું બધું પાપ પણ કેવળ સંયમને ટકાવવા માટેજ ! નહિ કે સંયમને વધારવા માટે કે નવું પ્રાપ્ત કરવા માટે. આથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમે સમજી શકશો કે **સંયમ એ કેટલી મહામૂલ્યવાન વસ્તુ છે!**

જે સંયમના પાલન માટે આટલું બધું કહેવામાં આવે છે–આટલી બધી હિંસા તરફ દુર્લક્ષ્ય આપવામાં આવે છે તેજ સંયમની પ્રાપ્તિ માટે અગર કંઇ કડકાઇ બતાવવી પડે તો શું હરકત? દીક્ષા લેવાની વાત આવી કે સગાવહાલાઓ શોકનો બુરખો પહેરી લ્યે છે, કેટલાકને શોક થાય છે, કેટલાક કૃત્રિમ શોકનું પ્રદર્શન કરે છે! અમુક પ્રકારના દુઃખના દેખાવો કરે છે! તો શું આ બધાથી મુંઝાઇને દીક્ષા લેવાનો વિચાર માંડી વાળવો? કેટલાક દીક્ષાના વિરોધીઓ તો એવો ધંધોજ લઇ બેઠા છે કે આવા શોકના પ્રસંગોને ખુબ મોટા રૂપમાં વર્ણવીને ગમે તેમ કરીને દીક્ષાને અટકાવવાનો અશુભ પ્રયત્ન આદરે છે! આવા પ્રયત્નમાં ન તો દીક્ષા લેનાર તરફ કોઇ સ્નેહની સાચા સ્નેહની લાગણી હોય છે કે ન તો દીક્ષા લેનારના સગા–સંબંધીઓ પ્રત્યે સહાનુભૂતિના ભાવો હોય છે. આમાં તો માત્ર એ સહાનુભૂતિ અને એ સ્નેહના ખોટા બાહાના નીચે ગમે તેમ કરીને દીક્ષાને અટકાવવાની બદદાનત સમાયેલી હોય છે! પણ દીક્ષા લેવાની સાચી ભાવનાવાળા પુરુષે આવી બદદાનતભરી પ્રવૃત્તિના ભોગ બન્યા સિવાય કે આવી ક્ષણિક, સ્નેહજન્ય કે સ્વાર્થજન્ય દુઃખની લાગણીઓથી નહિ દોરવાતાં પોતાના હૃદયને સારા લાગતા રસ્તે ચાલીને અને ભાગવતી દીક્ષાનું ખરૂં રહસ્ય અને સાચું મૂલ્ય સમજીને ગમે તે ભોગે એ ઉત્તમ રત્નને પોતાનું કરવુંજ જોઇએ!

**આપત્તિનો સામનો.** બાકી એ તો દુનિયાનો નિયમ છે કે "**श्रेयांसि बहुविघ्नानि**" શુભ કાર્યમાં સેંકડો આફતો આવે, પણ એ આફતોને હસતા મુખે વધાવી પોતાના કાર્યમાં અપ્રતિહત રીતે આગળ વધવું એ વિજયની વરમાળ પહેરવાની ભાવનાવાળા માટે બહુજ જરૂરી છે! **અરે જે કાર્યમાં આફતના વાદળાંઓ માથે તૂટી ન પડે એ કાર્યમાં મહત્વજ શું?** ખરી રીતે તો આપત્તિઓજ એક કાર્યને મહત્વવાળું બનાવે છે. એક કાર્યમાં જેટલી આફત એટલું એ કાર્ય મહાન્! અગર બાળકને નવ માસ સુધી પોતાના ગર્ભમાં રાખવાનું કષ્ટ માતાને ઉઠાવવું ન પડયું હોત તો માતાને મન બાળકનું મહત્વ અત્યારે જેટલું જોવામાં આવે છે એટલું હોત ને? એ નવ માસના ગર્ભનુંજ કષ્ટ છે કે જે માતાના હૃદયમાં સંતાનને માટે પ્રાણથી પણ અધિક પ્રિયપણાની ભાવનાને પેદા કરે છે! એટલે આપત્તિઓથી તો ડરવુંજ નહિ! પોતાનું હૃદય શુદ્ધ રાખીને એક કાર્ય આરંભ કરવું અને પછી ગમે તેટલી આપત્તિઓ આવે તોપણ ચલાયમાન ન થવું! કોઇ કામમાં આપત્તિ આવે એ સાવ સ્વાભાવિક બીના છે પણ મને તો એ લોકો માટે ભાવદયા ઉપજે છે કે જેઓ આ દીક્ષા જેવી પરમ પવિત્ર વસ્તુમાં, પોતાની જાતને જૈન કહેવડાવવા છતાં, સંસારના લીલવિલાસો અને મોહને ખોટું મોટું રૂપ આપીને, નકામાં પથરા ફેંકે છે! એવાઓને જૈનશાસ્ત્રના માનનારા કઇ રીતે ગણવા? ભલે એ લોકોને કરવું હોય તે કરે પણ દીક્ષા લેનારે તો કઠણ હૈયું કરીને એ મોહ અને વિરોધની આફતોને ઝીલવીજ રહી! અને પછી ગમે તે ભોગે સંયમનું આરાધન કરવું! અને આટલાજ માટે શાસ્ત્રકારોએ હિંસામાં સ્યાદ્વાદનો સ્વીકાર કર્યો છે કે જેથી સંયમના પાલનમાં નદી વિગેરે ઉતરવારૂપ કાર્ય કરવામાં હરકત ન આવે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**હિંસા અને વચલો માર્ગ.** આ સ્થાને એક શંકા પેદા થાય છે કે-શાસ્ત્રકારોએ હિંસાનો એકાંત નિષેધ ન કરતાં નદી ઉતરવા વિગેરેમાં થતી હિંસાના કારણે સ્યાદ્વાદવાળો નિષેધ માન્યો છે. તો ભલા જેમ સંયમનું આરાધન વિગેરે ધ્યાનમાં રાખીને નદી ઉતરવા વિગેરેમાં થતી જીવવિરાધનાજન્ય હિંસાને અપવાદરૂપ સ્વીકારી તો બીજા ધર્મવાળાઓએ માનેલા યજ્ઞયાગાદિકમાં થતી હિંસાને અપવાદરૂપ કેમ ન માની? એ હિંસાને એકદમ કેમ વખોડી કહાડી? એ હિંસાનું યે એકદમ બધેય સ્થળે ખંડન કેમ કર્યું? ખરી ન્યાયયુક્ત વાત તો એ છે કે યાતો નદી ઉતરવા વિગેરેમાં થતી હિંસાનો પણ સર્વથા નિષેધ કરો યા એનીજ માફક આ યજ્ઞાદિકમાં થતી હિંસાને અપવાદિક હિંસા તરીકે સ્વીકારો! એક વસ્તુને પોતાના માટે અમુક રીતે માનવી અને પારકાની વાત આવે ત્યારે તેનું જુદી રીતે પ્રતિપાદન કરવું એનો અર્થ કંઈ ન કહેવાય! મહાનુભાવ! તમારૂં કહેવું ઠીક છે પણ જરા વિચારપૂર્વક સારાસારનો વિવેક કરો! કયાં શું ઉદ્દેશ છે એ જરા સમજો! આમ ઉપર ઉપરથી એક સરખી દેખાતી વસ્તુને એકજ જેવી સ્વીકારવામાં તો કદીક તમે સોનાના બદલે પિત્તળજ લઈ જશો. સોનુંય પીળું અને પિત્તળ પણ પીળું છતાં બન્ને એક કહેવાય? એમ અહિં પણ સમજો! માનો કે-એક ભાઇનો દાન દેવાનો વિચાર થયો. હવે એને સલાહ આપનાર મળ્યો કે-“જો ભાઇ! તારે જો દાન દેવું હોય તો એવી રીતે દે કે તારી પાસે કશું બાકી ન રહે. અને જો એમ ન થાય તો બધું તારી પાસે રાખીને દાન આપવાના વિચારને દેશવટો દે. આમ અડધું રાખવું અને અડધું આપવું એમ અધકચરૂં કામ ન કરો” હવે મહાનુભાવો! હું તમારી પાસેથી જવાબ માગું છું કે એ માણસે શું કરવું? પેલા સલાહકારની સલાહ માનવી કે પોતાના નિર્વાહ માટે રાખીને થઈ શકે એટલું દાન કરી દેવું! તમે બધાય બીજોજ માર્ગ પસંદ કરવાના કે “ન્હાયા એટલું પુણ્ય” જેટલું દાન અપાય એટલું સારૂં. બીલકુલ દાન નહિ દેવા કરતાં તો જે કંઇ દેવાય એ વધાવી લેવું. એજ પ્રમાણે અહિં પણ સમજવાનું છે. “યાતો બીલકુલ હિંસાનો નિષેધ કરો યા સર્વથા હિંસાની છૂટ આપો” આ સિદ્ધાંત સારો નથીજ! ખરી વાત એ છે કે પેલા દાનની માફક જેટલી જીવન કે સંયમપાલન માટે અનિવાર્ય હિંસા હોય એને છોડીને બાકી બીજી બધી હિંસાનો નિષેધ કરવો. **સર્વથા હિંસાનો એકાંત નિષેધ કરતાં જીવનનિર્વાહ અશક્ય બને છે અને સર્વથા હિંસાની છૂટ આપતાં અનર્થની પરાકાષ્ટા થાય છે. આટલાજ માટે ડાહ્યા માણસો હમેશાં કાર્યમાં લાવી શકાય એવો અને બરાબર પાળી શકાય એવો વચલો માર્ગ સ્વીકારે છે!**

**હિંસા અહિંસાની મર્યાદા.** જરા વધુ સ્પષ્ટતાથી સમજો! જયાં લગી માણસે એકેન્દ્રિયની વિરાધના કરવા પૂરતીજ પોતાની પ્રવૃત્તિને મર્યાદિત બનાવી હોય ત્યાં લગી એને ત્રસકાયની રક્ષા કરવાનો શુભ પ્રસંગ રહે છે, અને એટલો એને લાભ પણ રહે છે, પણ જ્યારે પાંચે ઇંદ્રિયવાળા સુધીની હિંસાની છૂટ થઇ જાય તો પછી હવે કઇ ઇંદ્રિયો અથવા કયા જીવો બાકી રહ્યા કે જેની વિરાધનાથી એ અટકી શકે! અથવા જેની વિરાધના નાહ કરવાનું શુભ ફળ એ ભાઈ મેળવી શકે! કારણકે છ કે સાત ઇંદ્રિયવાળા જીવોની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કલ્પના પણ હજી જગતમાં જન્મી નથી તો એવા જીવો તો મળેજ ક્યાંથી? આપણી પ્રવૃત્તિઓનો મુખ્ય મુદ્દો એ છે કે **થોડું નુકસાન ઉઠાવવું અને વધારે લાભ કરવો!** આ મુદ્દો જો ઉડી જાય તો આપણી પ્રવૃત્તિનો કંઇ અર્થજ ન રહે! અલબત જીવની દૃષ્ટિએ બધા જીવો સરખા છે છતાં ઇંદ્રિયોના વધુ ઓછા હોવાના કારણે એમાં તારતમ્ય ગણવામાં આવ્યું છે અને આ તારતમ્યના આધારેજ આપણે હિંસા અહિંસાની મર્યાદા બાંધવાની છે. એક તમારા રોજના અનુભવની વાત છે કે તમે ચાલ્યા જતા હો અને રસ્તામાં એક તરફ કીડીઓથી ભરેલો માર્ગ હોય અને એક લીલી જમીન હોય તો આપણે કીડીને બચાવવાના અને પાણીવાળા માર્ગ ઉપર ચાલવાના! આપણી પ્રવૃત્તિનું આ રહસ્ય છે. **થોડું ખોઇને વધુ મેળવવું એ માનસશાસ્ત્રનો નિયમ છે!** એ નિયમ આપણે હિંસામાં પણ પાળવાનો છે, અને એટલાજ માટે શાસ્ત્રોમાં અપવાદિક હિંસાનું વર્ણન કરવામાં આવ્યું છે. **હિંસા અને અહિંસાની સ્થૂલ મર્યાદા એ છે કે જીવનનિર્વાહ માટે અનિવાર્ય હોય એટલા ઓછામાં ઓછાની વિરાધના કરીને વધારેમાં વધારેને બચાવવા!** બાકી **સર્વથા હિંસા કે સર્વથા અહિંસાનો માર્ગ તો અક્રિયાત્મકજ છે.** સર્વથા હિંસા માનવામાં જગત ઉપર કેવળ માસનું સમ્રાજ્ય પ્રવર્તવાનું અને સર્વત્ર અરાજકતા ફેલાવાના કારણે અશાંતિ થવાની અને સર્વથા અહિંસા? અલબત પરમ ઉચ્ચ આદર્શની દૃષ્ટિએ આ વસ્તુ બહુજ ઉત્તમ છે ખરી પણ એ માર્ગ અવ્યવહારૂ માર્ગ છે. એ આદર્શ માત્ર આદર્શ પૂરતોજ છે. એ માર્ગ ક્રિયામાં ઉતારી શકાય એવો નથી અને એટલાજ માટે આપણા માટે નિરૂપયોગી છે. આટલાજ માટે શાસ્ત્રકારોએ હિંસા અને અહિંસાની મર્યાદાઓ બાંધી છે.

**અસત્ય આક્ષેપો.** કેટલીક વખત જૈનોના માથે એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે કીડીમંકોડી અને વનસ્પતિના રક્ષક જૈનોએ મોટાઓને મારવામાં પોતાની અહિંસાનો ખ્યાલ નથી રાખ્યો! અને આમ કહે છે કોણ? એ બ્રાહ્મણો કે જેઓએ કાશીના કરવત જેવી ભયંકર અતિ ભયંકર રીતિનો પ્રચાર કર્યો અને તે પણ તીર્થસ્થાન જેવી પવિત્ર ભૂમિમાં! આવા ક્રૂર ઘાતકીઓ જેઓએ મનુષ્યહિંસાની પણ છૂટ આપીને હિંસાને પરાકાષ્ઠાએ પહોંચાડી, તેઓ ઉપર પ્રમાણેનો સાવ નમાલો નાપાયાદાર અને સાવ વિવેકશુન્ય આક્ષેપ જૈનોના માથે કેવી રીતે મૂકતા હશે એ તો એ લોકોજ જાણે. **જૈનોની અહિંસાવૃત્તિનું ક્રિયાત્મક પાલન આજ જગતથી અજાણ્યું નથી.** એના અનેક પ્રકારના મીઠાં ફળો જગતે ચાખ્યાં છે, ચાખે છે અને ચાખશે! એમાં તો કોઇના બે મત છેજ નહિ! છતાં આ પ્રમાણે દ્વેષની વર્ષા કરનારાઓ ધર્મના નામે કરવામાં આવતા 'કાશી કરવત' જેવા ક્રૂર કાર્યનો શો બચાવ રજુ કરે છે એ અમે પૂછીએ છીએ! આ વાત કોઇ કપોલકલ્પિત કે વિરોધની લાગણીમાંથી ઉઠેલી કલ્પના નથી! આના માટે ઇતિહાસ સાક્ષી છે, પુરાવાઓ પૂરતા છે અને એ પણ એ લોકોના પોતાના પવિત્ર ગણાતા પુસ્તકોમાંના! એક માણસને લાકડાની માફક ઉભો ઉભો વેરી નાખવો! અને તે પણ પાછું ધર્મના નામે! કેવું ભયંકર કૃત્ય? સતી થવાનો ઘાતક રિવાજ કોણે પ્રચલિત કર્યો? જીવતા માણસને બૂમો મારતો બાળી નાખવાની રીતને ધર્મ માન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નારાઓ અધર્મનું દર્શન કયાં કરી શકે ? જે લોકોને નિર્દોષ બકરાઓને હોમી નાખવા છે. મૂંગી, નિરપરાધ ગાયો અને ઘોડાઓને બાળીને ભસ્મ કરવા છે. એ લોકો ઉઠીને જૈનોના ઉપર આક્ષેપ કરવા આવે છે ત્યારે ખરેખર પેલી કહેવત યાદ આવે છે કે "परोपदेशे पांडित्यं" પોતાનું પાપાચરણ તો જોવું નથી અને પારકાને ઉપદેશ કરવા જવું છે પણ એવા આક્ષેપો સાવ પાયા વગરના છે, અને એવા એક તો શું પણ સેંકડો આક્ષેપો થાય છતાં જિનેશ્વર ભગવાનના પવિત્ર શાસનને લેશમાત્ર પણ આંચ આવવાની નથી, કારણકે **એ આક્ષેપ અસત્ય છે,** ખોટો છે, દ્વેષભર્યો છે.

જૈનશાસ્ત્રોમાં મોટાની હિંસા કરવાનું કયાંય પણ વિધાન કરવામાં આવ્યું નથી, પણ વાત મુખ્ય એ છે કે-**એ અસત્ય આક્ષેપના બહાના નીચે પોતાના પાપાચારનું રક્ષણ કરવું છે.** ચોરી પોતે કરવી છે અને નામ બીજાનું દેવું છે. કેટલાક વળી એવા ભાગ્યશાળી પાકે છે કે-જેઓ કહે છે કે જૈનોના દેવ નાગા છે, અને આવો પારકાની ઉપર આક્ષેપ કરનાર ભાઇ પોતેજ પરમ ભકત બનવાનો ડોળ કરીને લિંગ અને યોનિનું પૂજન કરે છે ! કેવી મજાની વાત ! સ્વયં તો સાક્ષાત્ લિંગ અને યોનિને પૂજવાં છે અને પારકાના પૂજ્ય દેવોને નાગા કહીને ઠેકડી કરવી છે ! પણ આમાં એ ભાઇનો પોતાનો કંઇ દોષ નથી. દોષ માત્ર દ્વેષનો છે. એ દ્વેષજ એવી ચીજ છે કે જે માણસની સાત્વિક વૃત્તિને હરણ કરીને એને વિવેકહીન બનાવી દે છે, અને એ દ્વેષજન્ય વિવેકહીનતાના આવેશમાં માણસ મનમાં આવે તેમ બકે છે, અને મનમાં આવે તેમ આચરે છે. આ અને આવા **અસત્ય આક્ષેપોનું** મૂળ પણ એ દ્વેષજ છે.

**અપવાદિક અસત્ય.** હવે આજ પ્રમાણે જરા સત્યાસત્યની બાબતમાં વિચાર કરીએ. હિંસામાં જેમ આસપાસનો બધો વિચાર કરીને અપવાદિક હિંસા ગણવામાં આવી છે એજ પ્રમાણે અસત્યની બાબતમાં પણ અપવાદિક અસત્યનું વિધાન કરવામાં આવ્યું છે. એટલે કે અસત્યનો પણ એકાંત નિષેધ ન કરતાં ત્યાં પણ સ્યાદ્વાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શ્રાવકોને માટે તો સર્વથા જુઠના ત્યાગનું વિધાન પણ નથી. એના માટે તો 'સ્થૂલ મૃષાવાદવિરમણ'નું વિધાન કરવામાં આવ્યું છે. એટલે એને સેવન કરવા પડતા અસત્યની વાત તો અળગી રહી પણ ખુદ સાધુ મુનિરાજ કે જેના માટે સર્વથા જુઠના ત્યાગનું વિધાન કરવામાં આવ્યું છે તેમનીજ વાત કહું ! સમજો કે "સર્વથા મૃષાવાદવિરમણ"ના ઉપાસક એક સાધુ મુનિરાજ વિહાર કરતાં કરતાં એક જંગલમાંથી પસાર થાય છે: રસ્તામાં તેઓની દૃષ્ટિ એક નિર્દોષ રીતે આનંદ કરતા અને ચરતા એવા મૃગલાના ટોળા ઉપર પડી ! ત્યાંથી આગળ ચાલતાં એક પારધી એમને મલ્યો અને પૂછ્યું "મહારાજ, મૃગલાનું ટોળું આપે જોયું છે ? અગર જોયું છે તો તે કઇ દિશામાં છે" હવે મહાનુભાવો, હું તમને પૂછું છું કે એ સાધુ મુનિરાજે શું કરવું ? એ પારધિના પ્રશ્નનો શું ઉત્તર આપવો ? શું એમણે સર્વથા અસત્યત્યાગ અને સર્વથા સત્યને ગધડાનું પુંછડું પકડવાની માફક, વળગી રહીને સાચી વસ્તુ બતાવીને પેલા નિર્દોષ પ્રાણીઓનો પેલા દયાહીન પારધીને શિકાર કરવા દેવો ? કે પ્રસંગનો રંગ વિચારીને અને લાભાલાભનો વિચાર કરીને પેલા પારધીને સાચી વસ્તુસ્થિતિથી વંચિત રાખવો ? મહાનુભાવો ! આ અને આવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રસંગનો વિચાર કરીને શાસ્ત્રકાર મહારાજે સાફ ફરમાવ્યું છે કે–આવા વખતે સાધુમુનિરાજ પહેલાં મૌનનું સેવન કરીને પેલા બોલનારના પ્રશ્ન તરફ દુર્લક્ષ કરે, અને છતાંય જો એ ન માને તો છેવટે "जाणंपि वा न जाणंति वएज्जा" અથવા પોતે જાણતો હોવા છતાં હું નથી જાણતો એવો જુઠ્ઠો ઉત્તર આપે! કહો! હવે આ અસત્યનું સેવન થયું કે નહિ? અને સાથે સાથે એ પણ કહો કે આવું અસત્ય સેવન કરવું કે નહિ! દરેક બુદ્ધિશાળીનો એજ ઉત્તર હોઇ શકે કે આ અસત્યનું સેવન કરવુંજ રહ્યું! કારણ કે એ અનિવાર્ય છે! જો એમ ન કરવામાં આવે તો નિર્દોષનો જાન જાય અને એ સત્યનું પરિણામ બહુજ ભયંકર આવે! એટલા માટે આવા આવા પ્રસંગોનો વિચાર કરીને શાસ્ત્રકાર મહારાજે અપવાદી અસત્યનું વિધાન કર્યું છે!

**એક વિચારણા.** કેટલાક માણસો, એ ઉપર કહેલ વાકયથી અસત્ય બોલવાનું જે વિધાન થાય છે અને તેથી અસત્યમાં જે સ્યાદ્વાદનું સ્થાપન કરવામાં આવ્યું છે તેથી ભડકીને અને એ સ્યાદ્વાદનો અર્થ બરાબર સમજી શકવાની શકિતના અભાવના કારણે એજ વાકયનો જુદોજ અર્થ ઉપજાવી કાઢે છે. જરા એ લોકોની એ કલ્પનાને તપાસીએ: મૂળ વાકય આ પ્રમાણે છે. "जाणंपि वा न जाणंति वएज्जा" જેનું શુદ્ધ સંસ્કૃતરૂપ આ પ્રમાણે થાય "जानन्नपि वा न जाने इति वदेत्" મૂળ અને સંસ્કૃતમાં એને અને આપણને મતભેદ નથી. મતભેદ માત્ર એનું વિવેચન કરવામાં છે. પહેલા એ માણસ શું કહેવા માગે છે એ જોઇએ અને પછીથી એનો ખરો અર્થ શું છે એ કહેવામાં આવશે. એ માણસોનું સૌથી પહેલું કહેવું એ છે કે ઉપર કહેલ વાકય વિધિપ્રધાન નથી પણ નિષેધપ્રધાન છે એટલે કે એ વાકય અમુક ક્રિયા કરવાનું વિધાન નથી કરતું, પરન્તુ અમુક ક્રિયા ન કરવી એવો નિષેધ કરે છે. અને એટલા માટે એ ઉપરના વાકયમાં આપેલ "न"નો સંબંધ "जाणे" સાથે ન કરતાં "वज्जा" સાથે કરે છે. એટલે ટુંકમાં એનું કહેવું આ પ્રમાણે છે કે—जानन्नपिवा (अहं) "जाने इति न वदेत्" જેનું અક્ષરશઃ ગુજરાતી આ પ્રમાણે થાય કે—(માણસ અમુક વસ્તુ) જાણતો હોય છતાં 'હું જાણું છું' એમ ન બોલે અને આ વાકય દેખીતી રીતે નિષેધાત્મકજ છે કે જેમાં બોલવાના ક્રિયાનોજ નિષેધ કરવામાં આવ્યો છે. એટલે કે મૌન રહેવાનો આડકતરો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ થયું એ ભાઇનું મંતવ્ય! હવે જરા એમાં કેટલું સત્ય છે એ તપાસીએ, અને પછી સાચો અર્થ શું છે એ જોઇશું. આ વસ્તુમાં અનેક વસ્તુઓ વિચારવા જેવી છે. એ અનુક્રમે વિચારીએ. (૧) ઉપરના વાકયમાં "वा" આપવામાં આવ્યું છે. આ "वा" એ એક એવા પ્રકારનું અવ્યય છે કે જેનો પૂર્ણ અર્થ સમજવા માટે એની પહેલાં કોઇ વાકય કહેલું હોવુંજ જોઇએ. કોઇપણ નવા વાકયની શરૂઆતમાં કે જેનો સંબંધ પૂર્વના કોઇપણ વાકય સાથે ન હોય ત્યાં "वा" શબ્દ કદીપણ નથી વાપરી શકાતો. અહિં "वा" શબ્દ વાપરવામાં આવ્યો છે. એ સાફ બતાવે છે કે આ ક્રિયા કરતાં પહેલાં અમુક બીજી ક્રિયા કરવાની છે, અને એ ક્રિયાથી કાર્યમાં સરળતા ન મળે તોજ આનો ઉપયોગ કરવાનો છે. તથી આ વાકયને સાવ સ્વતંત્ર વાકય ગણીને એનો સ્વતંત્ર મનગમતો અર્થ નજ કરી શકાય, પણ એ એક આપેક્ષિક વાકય હોવાના કારણે એની પહેલાની ક્રિયા તપાસવીજ જોઇએ (૨) અને આ પહેલાંની ક્રિયા તે મૌન! એટલે કે શિકારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હરણ સંબંધી પૂછે ત્યારે પહેલાં સાધુમુનિરાજે મૌનનું સેવન કરવું અને જો એ મૌન સેવન કરવાથી કામ સરે એમ ન લાગે તો આનો ઉપયોગ કરવો. હવે પેલા ભાઇએ આ વાક્યનો જે નિષેધાત્મક અર્થ કર્યો તે પ્રમાણે તો બીજા વાક્યનો અર્થ પણ મૌન રહેવું એવોજ થયો, અને એ મૌનનો ઉપયોગ તો શરૂઆતમાંજ મુનિરાજે કરી લીધો છે. તો પછી આ વાક્યથી મુનિરાજને બીજો કયો માર્ગ મળી શકે? એટલે એ ભાઇએ એ વાક્યનો બોલવાના નિષેધરૂપ જે નિષેધાત્મક અર્થ કર્યો એ અહિં કોઇપણ રીતે બંધ બેસતો નથી. (૩) એજ વાક્યમાં જે **अपि** શબ્દ આપવામાં આવ્યો છે એ પણ વિચારવા જેવો છે. આવા સ્થાનોમાં જ્યાં अपि શબ્દ આપવામાં આવે છે ત્યાં લગભગ હમેશાં પહેલાંની ક્રિયા કરતાં તેની વિરોધી ક્રિયાજ કરવાની હોય છે. એટલે અહિં "જાણવા છતાં પણ નથી જાણતો" એમ સમજવું યુક્તિ સંગત છે. (૪) વળી વાક્યમાં '**न**'નો સંબંધ તેની સમીપમાં રહેલ "**जाणं**"ની સાથે ન કરતાં દૂર રહેલ "**वएज्जा**" સાથે કરવો એ પણ એક પ્રકારની કૂટ કલ્પનાજ છે. તેમજ શાસ્ત્રકાર મહારાજે "**इति**"નો ઉપયોગ કરીને વસ્તુ સાવ સાફ બતાવી દીધી છે. "**इति**" આવા ઠેકાણે જ્યાં જ્યાં હોય છે ત્યાં પૂર્વના આખા વાક્યને પછીના ક્રિયાપદના કર્મરૂપે બનાવી દે છે. એટલે અહિંયાં "**वएज्जा**" ક્રિયાપદનું કર્મ છે "**न जाणं!**" અને પેલા ભાઇ એમ કહે છે કે "**जाणं इति न वएज्जा**" આમ "**न**"નો સંબંધ "**वएज्जा**" સાથે કરે છે. એટલે આમ દરેક દૃષ્ટિએ તપાસતાં એ ભાઇએ કહેલ અર્થ કોઇપણ રીતે સંગત થતો નથી. ટુંકમાં—એ ભાઇ કહે છે એ આ પ્રમાણે છે "અથવા જાણવા છતાં હું જાણું છું એમ ન બોલવું" અને આપણે કહીએ છીએ એ આ પ્રમાણે છે—"અથવા જાણવા છતાં હું નથી જાણતો એમ કહે" પહેલાં મૌનનો પ્રયોગ અજમાવ્યા પછીથી કરવાની ક્રિયા બતાવતા આ વાક્યનો કયો અર્થ સાચો છે એ સાવ દીવા જેવું છે. એક વખત મૌનનું વિધાન કર્યા પછી પણ મૌન સેવવાનું વિધાન હોયજ નહિ. પછી તો કંઇક બોલવુંજ રહ્યું! અને એ બોલવાનો પ્રસંગ ઉપસ્થિત થતો હોય ત્યાં શું બોલવું એજ બતાવવાનું હોય અને શાસ્ત્રકારે સાફ બતાવ્યું છે કે એવા વખતે હું નથી જાણતો એમ કહીને પણ અસત્યનું સેવન કરી લેવું! આ એક આપદ્ ધર્મ છે અને એટલાજ માટે એને **અપવાદિક અસત્ય** કહેવામાં આવે છે.

**એ અસત્ય શા માટે?** હવે આ પ્રમાણે અપવાદના કારણે પણ અસત્ય શા માટે બોલવું એ વિચારો! આ પ્રમાણે અસત્ય બોલવાનું કારણ એજ છે કે એમ કરવાથી નિર્દોષ પ્રાણીની હિંસા થતી અટકાવી શકાય છે. અને એ હિંસા અટકાવવાનો એક માત્ર સીધો ઉપાય આમ જુઠનું સેવન કરવાનોજ છે. અલગત પોતાના સ્વાર્થના પોષણની ખાતર કે જેમાં કોઇને પણ લાભ થવાનો ન હોય કે જેથી બીજાને નુકસાનજ થવાનો સંભવ હોય એવા અસત્યનો શાસ્ત્રકારોએ કદી પણ અપવાદિક અસત્ય તરીકે સ્વીકાર કર્યોજ નથી! એવા અસત્યનું તો ઠેકાણે ઠેકાણે ખંડન કરીને એનો સર્વથા નિષેધજ કર્યો છે અને એને દરેક રીતે વખોડી કાઢયું છે! આવા હરણના શિકારના કે એવા બીજા બારીક પ્રસંગે અસત્ય બોલાવાની મતલબ એ છે કે જો તમે એકાંત રીતે સત્ય બોલવાનેજ વળગી રહીને એ ક્રૂર શકારીને સાચો માર્ગ બતાવી આપો તો એ તમારા સત્ય બોલવાના કારણે એ બીચારા સાવ નિર્દોષ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાણીને પોતાના પ્રાણનો ભોગ આપવો પડે! એટલે સત્ય બોલો તો તમે અને પરિણામ ભોગવવું પડે પેલા બીચારા સાવ નિરપરાધ ભોળા પ્રાણીને! આ સ્થિતિ ખરેખર બહુજ દુઃખભરી છે, અને **એટલા માટેજ આવા નિર્દોષોનો નિરર્થક સંહાર અટકાવવા માટે શાસ્ત્રકારોએ એ અપવાદિક અસત્યનું વિધાન કર્યું છે!**

**અપવાદનું મહત્વ.** આ સ્થાને એક પ્રશ્ન ઉઠે છે કે કોઇપણ માણસ કોઈના આત્માને તો બચાવતોજ નથી કારણકે આત્માનો નાશજ કોઇ કરી શકતું નથી, અને જેનો નાશજ ન થતો હોય એને બચાવવાનું હોયજ શાનું! ત્યારે પેલા મુનિરાજ પોતાના સંયમધર્મમાં અપવાદ સેવીને પણ જે કંઈ બચાવી શકે છે તે કેવળ અમુક પ્રાણીના દ્રવ્ય-પ્રાણજ અને સંયમ ધર્મનું ઉલ્લંઘન એ એક પ્રકારે ભાવ પ્રાણનો નાશજ લેખાય તો આમ એ હરણ જેવાના દ્રવ્યપ્રાણ બચાવવા પોતાના ભાવ પ્રાણ રૂપ સંયમની હિંસા કરવી એનો અર્થ શો? આ તો એક પ્રકારે ઓલામાંથી ચૂલામાં પડયા જેવું થયું બીજાને દ્રવ્યહિંસાથી બચાવવા જતાં સ્વયં ભાવહિંસા કરી બેઠા તો પછી એ અપવાદિક અસત્ય શા માટે બોલવું? મહાનુભાવ! વાત સાચી છે પણ જરા સ્થિર ચિત્તે વિચાર કરો! શાસ્ત્રકાર મહારાજે દરેક વસ્તુનું વિધાન લાભાલાભનો વિચાર કરીનેજ કર્યું છે. આ ઠેકાણે થોડોક અપવાદ સેવવા છતાં મોટો લાભ સમાયેલો છે, અને એટલો અપવાદ ન સેવવામાં આવે તો એક મહાન્ અનર્થના નિમિત્ત કારણ આપણે થઇ પડીએ. પુષ્પ તોડવા, સ્નાન કરવા વિગેરેમાં પણ અમુક હિંસા અવશ્ય થાય છે. છતાં શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવામાં જે લાભ થાય છે એની અપેક્ષાએ એટલી હિંસા તરફ દુર્લક્ષ્ય કરવુંજ રહ્યું! મોટો લાભ કરવો હોય તો તમારે પણ કયાં થોડીક રકમ દાણ પેટે નથી આપવી પડતી? આજ પ્રમાણે અહિં પણ સમજવાનું છે, અને અપવાદનું ખરૂં રહસ્ય પણ આવા કારણ પ્રસંગોને લીધેજ છે. **અપવાદ એટલે મૂળ માનેલ વસ્તુથી ઉલટું વર્તન!** અને આની છુટ જયારે જયારે આપવામાં આવતી હોય ત્યારે સમજવું જોઇએ કે એમાં કોઈ થોડા નુકસાને મોટો લાભ હોવો જોઇએ, અથવા તો પરિસ્થિતિજ કોઇ એવી અનિવાર્ય હોય કે એવી છુટ લીધા વગર છૂટકો ન હોય! અને આનું નામજ અપવાદ. જો કે દ્રવ્યહિંસાનું કારણ બનનારો કે તેને નહિ ટાળનારો જો અન્ય પ્રાણિયોના દ્રવ્યપ્રાણના નાશનું કારણ બને છે પણ તેજ બનાવ આત્માના ભાવપ્રાણોને નુકશાન કરનાર છે, જો એમ ન હોય તો અસં-યમ અને યોગનું દુષ્પ્રણિધાન વગેરે છકાયનાં શસ્ત્ર ગણાઇ ભાવપ્રાણનાં ઘાતક બનત નહિ. અર્થાત્ ભાવપ્રાણનું રક્ષણ દ્રવ્યપ્રાણના રક્ષણપૂર્વક છે એ વાત લક્ષ્યમાં રાખવી જરૂરી છે. વળી આ સ્થાને પ્રાણિના બચાવની બુદ્ધિ તે ભાવપ્રાણનું રક્ષણ અને સામા જીવનું રક્ષણ છે તે દ્રવ્ય-પ્રાણનું રક્ષણ હોવાથી એકે પ્રાણનો નાશ નથી. વળી ધ્યાન રાખવું કે વ્યાવહારિક અસત્યનો નિષેધ બાહ્ય અને આન્તર્ પ્રાણોની રક્ષાના ઉદ્દેશથીજ હોઇ પ્રથમ મહાવ્રતને અનાજ તરીકે અને સત્યાદિને વાડ તરીકે ગણેલ છે. અનાજની આપત્તિને ટાળવા વાડને થતું નુકશાન ક્ષમ્ય હોય એ સ્વાભાવિક છે ને તેથીજ શાસ્ત્રકારોએ પણ આ અપવાદવાકય પ્રાણિરક્ષા માટે કહ્યું છે. આત્માને સર્વથા નહિ મરવાવાળો માનવો તે પણ મિથ્યાત્વજ છે. કથંચિત્ અમરણ ધર્મ વાળો જૈનશાસ્ત્ર પ્રમાણે મનાય છે અને તે પ્રમાણે તેના મરણાદિ ટાળવાને તેથીજ મહાવ્રતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાળવા એવો ઉપદેશ સફલ થશે. અને એમ હોવાથી આ સમયવિધાન યુક્તિયુક્તજ છે. બાકી **અપવાદમાર્ગનું ઘડીએ અને પળે પાલન કરવામાં આવે તો એનું મહત્વ રહેજ નહિ. કાદાચિત્કપણામાંજ અપવાદનું મહત્વ જળવાઈ રહે છે!** બાકી સાવ નજીવા પ્રસંગોએ કહેવાતી દ્રવ્યહિંસા અટકાવવા માટે સંયમનો ભોગ દેવાનોજ છેજ નહિ જેમ કોઇ દીક્ષા લેતો હોય અને પોતાના માતાપિતા કે સગાંસંબંધીને થતા દુ:ખથી દ્રવ્યહિંસાનો વિચાર કરીને દીક્ષા લેવાનું માંડી વાળે તો એ શાસ્ત્રવિરૂદ્ધનું વર્તન કહેવાય! કારણ કે એમાં કોઈના ભલાનો સવાલ નથી પણ કેવળ સંસારના મોહનું પોષણ રહેલું છે, અને મોહના પોષણના કાર્યને શાસ્ત્રકારો વખાણેજ કેવી રીતે? આવા પ્રસંગો માટે અપવાદનું વિધાન છેજ નહિં ખરી રીતે આવા અપવાદને બરાબર સમજવો એ બહુ કઠિન છે અને એ અપવાદ સેવવા યોગ્ય સંયોગને સમજવો એ એથીય કઠિન છે. એ બરાબર જે સમજે એજ એનો શાસ્ત્રસંમત સાચો ઉપયોગ કરી શકે! બાકી ન સમજે એ તો બાળકના હાથમાંના શાસ્ત્રની માફક એનો પણ દુરૂપયોગજ કરી બેસે અને લાભના બદલે હાનિ વહોરી લ્યે! માટે મહાનુભાવો! અપવાદના ઉપયોગમાં ઉત્સુકતા બતાવતાં પહેલાં **અપવાદને અને અપવાદના મહત્વને બરાબર સમજવાં જોઇએ!**

**અપવાદિક ચોરી.** ચોરીમાં પણ સ્યાદ્વાદનો સિદ્ધાંત સાંભળીને સ્વાભાવિક રીતે કેટલાક માણસોને પ્રશ્ન થઈ આવે છે કે હિંસા અને અસત્યમાં તો કદાચ સ્યાદ્વાદ માની શકાય કારણ કે એમાં એકમાં સંયમના પાલનનો વિચાર રહેલો છે અને એકમાં પ્રાણી બચાવવાનો વિચાર રહેલો છે, પણ ચોરી જેવી ભયંકર વસ્તુમાં પણ સ્યાદ્વાદનું વિધાન કરવામાં આવ્યું છે અને તે પણ શ્રી જિનેશ્વર ભગવાનના પવિત્ર શાસનમાં અને એ ચોરીનો કરનાર પણ પાછો શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો પાલક ગણાય એ ખરેખર ગળે ન ઉતરે એવીજ વાત છે. આવી વાત ગળે ન ઉતરે કે માનવામાં ન આવે એમાં કંઇ નવાઇ નથી તેમ ખરાબ પણ નથી! કારણકે એથી એ સાબીત થાય છે કે તમને ચોરી પ્રત્યે સખ્ત અણગમો છે! અને એટલા માટે એ એક પ્રકારનો આનંદનોજ વિષય છે. છતાં શાસ્ત્રની બારીક વાતો તત્કાળ સમજવામાં નથી આવતી. અને એ સમજવામાં ઉતાવળ કરવામાં આવે તો કેટલીક વખત અર્થનો અનર્થ થઇ જાય છે. એટલા માટે અહિં પણ જરા વિચાર પૂર્વક જોશો તો બધું આપોઆપ સમજવામાં આવશે અને શાસ્ત્રકાર મહારાજના એ પવિત્ર શબ્દોમાં કંઇ પણ કહેવાપણું નહિ લાગે. એક વાત એ જરા સમજી લ્યો કે જ્યાં સુધી એક વસ્તુને અત્યંત ખરાબ-અધમ માનવામાં ન આવે ત્યાં સુધી એના અપવાદિક સેવનનું વિધાન કરવામાં ન આવે! કારણકે જે વસ્તુ સ્વયં ખરાબ ન હોય તેનો નિષેધ કરવાની જરૂરજ ન હોય, અને તેથી એના અપવાદિક સેવનની પણ જરૂર ન હોય પણ જે વસ્તુના અપવાદિક સેવનનું કહેવામાં આવે તે માટે એ સાફ વાત છે કે એ વસ્તુને બહુજ ખરાબ માનવામાં આવી છે. એટલે ચોરીમાં પણ શાસ્ત્રકારોએ જે અપવાદિક વિધાન કર્યું છે એ બતાવી આપે છે કે એ શાસ્ત્રકારોનો એ ચોરી પ્રત્યે કેટલો સખ્ત અણગમો હતો. માત્ર અમુક અનિવાર્ય પ્રસંગના કારણે આપદ્ ધર્મ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરીકેજ એની છૂટ આપવામાં આવી છે, પણ એટલા માત્રથી એમ કદી ન કહેવાય કે એ મૂળ વસ્તુ સારી છે કે આદરણીય છે. નહિ તો અપવાદનો અર્થજ કંઈ ન રહે! દીક્ષાનીજ વાત લ્યો! શાસ્ત્રમાં કહ્યું છે કે સોળ વરસથી ઓછી ઉંમરનાને એના માતાપિતાની રજા વગર દીક્ષા આપવામાં આવે તે શિષ્યચોરીનો અદત્તાદાનનો દોષ જરૂર લાગે હવે સમજોકે એક સાધુ મુનિરાજ અતીન્દ્રિયજ્ઞાની છે, એમની પાસે અતિશય છે, નિમિત્તનું સારૂ જ્ઞાન ધરાવે છે આવા મહાજ્ઞાની મુનિરાજની દૃષ્ટિ એક બાળક ઉપર પડી એમણે પોતાના ઉત્કૃષ્ટજ્ઞાનના જોરથી જોઇ લીધું કે આ બાળક ઉત્તમ જીવ છે. એ પોતે તરે અને પારકાને તારે એવા સામર્થ્યવાળો છે, અને આને જો હું એના માતાપિતાની રજા વગર પણ દીક્ષા આપીશ તો પણ એને કોઇ પછી દીક્ષામાંથી પાછો નહિ ખસેડી શકે. હવે એ મુનિરાજે શું કરવું ? શ્રી શાસ્ત્રકાર મહારાજનું ફરમાન છે કે એમણે રજા વગર પણ દીક્ષા આપી દેવી અને અમુક અંશે ચોરીના દોષનું સેવન કરી લેવું. બસ **આનું નામ તે અપવાદિક ચોરી**! આ ચોરી દેખીતી રીતે ચોરીજ લાગે છે છતાં એ ક્રિયાની પાછળનો આશય એક ચોરના જેવો તો નથીજ હોતો! એ આશય તો પરમ કરૂણાને પારકાના ઉપર ઉપકાર કરવાનો અને એક ઉત્તમ પ્રકારના જીવન એને યોગ્ય માર્ગ બતાવવાનો છે, અને આટલા માટેજ શાસ્ત્રકાર મહારાજે એ ચોરીની છૂટ આપી છે, અને એને **અપવાદિક ચોરી તરીકે** સ્વીકારી છે, પણ આવી અપવાદિક ચોરીનો અર્થ કોઈ એવો તો નજ કરે કે એથી પારકાના ધનમાલ, મિલ્કત ઉઠાવી લેવામાં પણ હરકત નથી. આમ માનવામાં આવે તો તો પછી અપવાદિક ચોરીનો અર્થજ કંઈ ન રહે!

**અપવાદિક પરિગ્રહ.** હવે સાથે સાથે અપવાદિક પરિગ્રહ સંબંધી પણ થોડોક વિચાર કરી લઈએ. હિંસા, અસત્ય અને ચોરી જેવી ભયંકર વસ્તુઓમાં પણ અપવાદનું વિધાન સમજ્યા અને સ્વીકાર્યા પછી પરિગ્રહમાં અપવાદ સમજવો કઠિન નથી. **આ અપવાદિક પરિગ્રહનો અર્થ એ છે કે-ધર્મકરણીની સાધનાને માટે જે જે વસ્તુઓ અનિવાર્ય રીતે જરૂરી હોય તે તે વસ્તુઓ રાખવાની છુટ**! આનો અર્થ એ નથી કે-ધન, માલમિલ્કત, હાટહવેલી જેવી નિરર્થક અને પાપની પોષક વસ્તુઓ પણ રાખી શકાય! કારણકે એ જંજાળ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આત્મા એમાં અટવાતો જાય છે અને વધારે ને વધારે કલુષિત વાતાવરણમાં ફસતો જાય છે. જયારે ધર્મનું વિધાન તો એટલા માટે કરવામાં આવ્યું છે કે એ આત્મા એ ફેરામાંથી ધીમે ધીમે વધારે ને વધારે મુકત થતો જાય. એટલા માટે એ બધી વસ્તુઓનો સંગ્રહ કદી પણ શાસ્ત્રસંમત નજ ગણાય. પરિગ્રહ એ પરિગ્રહજ છે. ભલે પછી એ થોડો હોય કે ઘણો, ઘઉં તો મુઠીભર હોય તો ઘઉંજ કહેવાય અને ઢગલો હોય તોય ઘઉંજ કહેવાય! ફરક માત્ર એટલોજ કે એ વસ્રપાત્રાદિનો પરિગ્રહ કેવળ ધર્મપાલનની દૃષ્ટિએ ધર્મબુદ્ધિથીજ રાખવામાં આવે છે, અને એટલા માટે પરિગ્રહમાં સ્યાદ્વાદનું વિધાન કરવામાં આવ્યું છે.

**શાસનની વૃદ્ધિ.** પણ અત્યારે દુઃખની વાત તો એ છે કે લોકો સંયમને ઉપયોગી વસ્તુઓને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સાધુઓના લોમ તરીકે વર્ણવે છે. સંયમને શાસનની વસ્તુ ન માનતાં સાધુની વસ્તુ માને છે.** દીક્ષાની ક્રિયાને શિષ્યલોભનું અપવિત્ર નામ આપે છે, પણ આ વાત સાચી નથી! **મહાનુભાવો** એ ખૂબ યાદ રાખજો કે એ **સંયમની વૃદ્ધિમાંજ શાસનની વૃદ્ધિ છે.**

**મૈથુન અને અપવાદ.** મહાનુભાવો શાસ્ત્રકાર મહારાજે હિંસા, અસત્ય, ચોરી અને અપરિગ્રહ એ બધાયમાં સ્યાદ્વાદ બતાવીને દરેકમાં અપવાદિક વિધાન કર્યું છે પણ મૈથુનની બાબતમાં એમ કેમ નહિ કર્યું હોય? એ જરા સમજવા જેવું છે. પહેલી તો વાત એ કે જે વસ્તુ માટે અપવાદિક વિધાન કર્યું હોય અને એ અપવાદનું સેવન કરવામાં આવે તો તે માટે કોઇપણ પ્રકારનું પ્રાયાશ્ચત કરવાનું નથી હોતું અને જે માટે કોઇપણ પ્રકારનો અપવાદ રાખવામાં આવ્યો ન હોય અને છતાંય એના પાલનમાં અપવાદ લાગે તો તે અપવાદ માટે પ્રાયશ્ચિત કરવું પડે છે! કારણકે તે અપવાદનું સેવન શાસ્ત્રની આજ્ઞા બહારનું છે. હિંસાદિક ચાર અને મૈથુનમાં પણ આ વસ્તુ છે. પહેલા ચાર માટે પ્રાયશ્ચિત નથી. જ્યારે મૈથુનમાં તો જરા પણ અપવાદ જણાય કે તરત પ્રાયશ્ચિત કરવાનું કહ્યું છે! વળી બહુજ બારીક દૃષ્ટિએ તપાસીએ તો એ મૈથુનના સેવનમાં માણસના આત્માનું બહુજ પતન થાય છે અને વળી વધુ બારીકીથી તપાસીએ તો એના સેવન કરવામાં બીજા બધાય પાપોનું સેવન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. વળી સંસારમાં એવું એકેય કાર્ય બુદ્ધિશાળી માણસના જોવામાં નથી આવતું કે જે કાર્ય મૈથુનનું સેવન ન કરવામાં આવે તો નાશ પામતું હોય! જ્યારે અમુક સંયોગમાં હિંસાદિક ચારનું અપવાદિક દૃષ્ટિએ પાલન કરવામાં ન આવે તો અમુક નુકસાન અવશ્ય થાય છે. અને એ નુકસાનથી બચવા માટે એને ઇચ્છા વગર પણ સેવવા પડે છે. જ્યારે મૈથુન સેવવાનું કાર્ય એવું કદી પણ નથી કે જેનું સર્વથા સેવન કરવામાં ન આવે છતાં કોઈપણ પ્રાણીને નુકસાન થાય. ઉલટું મૈથુન સેવન કરવાથીજ પોતાનું અને પારકાનું પતન થાય છે સર્વ નાશ થાય છે, અને આટલા માટેજ શાસ્ત્રકારોએ એમાં કોઇપણ પ્રકારની બારી રાખી નથી. **જે માર્ગથી પોતાનું કે પારકાનું લેશમાત્ર પણ ભલું ન થતું હોય અને ઉલટું બન્ને પાપના ખાડામાં પડતા હોય ત્યાં શાસ્ત્રકાર અપવાદ શી રીતે માને? અને મૈથુનમાં આજ વસ્તુ રહેલી છે.**

**સુદર્શન બનો.** પણ મહાનુભાવો! જેમાં જરા સરખો પણ અપવાદ રાખવાનું શાસ્ત્રકાર મહારાજે યોગ્ય નથી ગણ્યું એ મૈથુન જેટલું ભયંકર છે એટલુંજ એનું પાલન-બ્રહ્મચર્ય આત્માનો ઉદ્ધાર કરવામાં બળવાન્ છે બીજા કોઇ નિયમોમાં જે શક્તિ નથી તે આ એકજ ગુણમાં રહેલી છે. મહાનુભાવો! **એ સુદર્શન** શેઠની શૂળીનું સિંહાસન બનવાની પુણ્યઘટના આજે તમને યાદ આપવાની જરૂર નથી. તમે બધા એ જાણો છો.! એ એકજ ઉદાહરણ એ બ્રહ્મચર્યનું મહાત્મ્ય બતાવવા બસ છે. તમે એ બ્રહ્મચર્યનું રહસ્ય સમજો, તમારા સંતાનોને સમજાવો, અને એ પવિત્ર નિયમ તમારા આચરણમાં ઉતારી તમે પણ **સુદર્શન બનો!**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બ્રહ્મદત્ત ચક્રવર્તી.

## ધર્મની કિંમત કયારે ?

મહાનુભાવો ! શાસ્ત્રકાર મહારાજ ઠેકાણે ઠેકાણે વર્ણન કરી ગયા છે કે–આ સંસાર કઇ ચીજ છે ? એ કેવી ભયંકર વસ્તુ છે ? એ સંસારમહાસાગરનું ઉલ્લંઘન ન કરતાં એમાંજ ડૂબકી મારવામાં આનંદ માણનાર માણસ કેવા પ્રકારની સ્થિતિમાં પડ્યો રહે ? અને કેવા પ્રકારની ઉત્તમ સ્થિતિ, કેવા પ્રકારના ઉત્તમ સુખો અને કયાં કયાં સુખોથી એને વંચિત રહેવું પડે છે ? અને કયો જીવ આ સંસાર સાગરની ભૂતાવળમાં ફસેલોજ રહે છે ? ભલા આ બધી કાળી બાજુને ઠેકાણે ઠેકાણે આમ વિસ્તારપૂર્વક શા સારૂં વર્ણવી હશે ? એ આપણા રોજના અનુભવની વાત છે કે એક વસ્તુની સામેની વસ્તુને આપણે જયાં સુધી સંપૂર્ણ રીતે ઓળખતા ન થઇએ ત્યાં સુધી એ મૂળ વસ્તુનું મહત્વ આપણે જરા પણ નથી સમજી શકતા ! એક માણસની સાચી બહાદુરી જાણવી હોય તો જે કાર્ય તેણે કરી બતાવ્યું હોય તે તપાસવું જોઇએ ! અને એ કાર્ય જેટલા અંશે વધુ કઠિન હોય એટલા અંશે એની બહાદુરી વધારે મોટી સમજાવી. એક યુદ્ધના વિજયની સાચી કિંમત આંકવી હોય તો સામા દુશ્મનના લશ્કરનું બરાબર માપ કાઢવું જોઇએ એજ પ્રમાણે શાસ્ત્રકારોનો ઉદ્દેશ મનુષ્યોના હૃદયમાં ધર્મની સ્થાપના કરવાનો છે; ધર્મ એ કેવી ઉત્તમ વસ્તુ છે અને ધર્મમાં કેટલું મહાત્વ સમાયેલું છે એ બતાવવાનો છે. અને એટલાજ માટે એ ધર્મ કયા રાક્ષસથી માણસને પ્રાણીને મુકત કરે છે એ બતાવવા માટે ઠેર ઠેર ભવનું, સંસારનું અને સંસારની વિચિત્રતાનું દર્શન કરાવ્યું છે, અને એ બીલકુલ ઠીકજ છે. જો આપણે એ ભવની ભયંકરતા બરાબર સમજીએ તો ધર્મનું મહત્વ આપણે સમજી શકીએ અને સાથે સાથે સૌથી વધારે મહત્વની વાત તો એ છે કે આપણને આ સંસારમાંથી મુકત થવા માટે ધર્મપ્રાપ્તિની પવિત્ર ભાવના ઉત્પન્ન થાય ! અનાજની ખરી કિંમત સમજવી હોય તો પહેલાં ભૂખનું દુઃખ સમજવું જોઇએ જે માણસનું પેટ ભરેલું હોય યા જેને ભૂખ ન લાગતી હોય તે અનાજને બરાબર ન ઓળખી શકે અને ભૂખ્યો માણસ તો ગમે તે આપો તો પણ સાકર જેવું ગણીને જમી લ્યે આપણામાં કહેવત પણ છે કે ભૂખ ન જુએ ખાટી છાશ ભૂખ્યા આગળ ખાટી છાશ અને ત્રણ દિવસના સુકાઇ ગયેલ રોટલા મૂકો તો પણ તે બહુજ મીઠાશથી આનંદ પૂર્વક જમી જવાનો. એટલા માટે **આપણે સંસારરૂપી ભૂખના દુઃખને બરાબર જાણીએ તો ધર્મરૂપ અનાજની કિંમત બરાબર આંકી શકીએ !**

**સાચી પરીક્ષા.** જો તમે ધર્મની કિંમત તમારા સંસારવ્યવહારના કાર્યોની દૃષ્ટિએ તથા સાંસારિક સફળતા અને વિફળતાની દૃષ્ટિએ તપાસવા પ્રયત્ન કરો તો તમારો પ્રયત્ન નિષ્ફળ જવાનો અને તમે ધર્મને બરાબર નહિ ઓળખી શકવાના ! સોનાને ચાંદીની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દૃષ્ટિએ તપાસનાર માણુસ સો જન્મમાં પણ સોનાનું કે ચાંદીનું સાચું પરીક્ષણ નજ કરી શકે ! ભૂખ, તરસ, વિષય, કષાય, હાટહવેલી, એવમ્ ગાડી, વાડી ને લાડી એ બધી સંસારની લીલાઓ છે અને લીલાઓના વિલાસની કસોટી ઉપર ધર્મ–સુર્વણનું પરીક્ષણ એ એક પ્રકારનું ગાંડપણજ છે. ધર્મને ખરો સમજવો હોય તો ધર્મદૃષ્ટિએજ સમજો ! નહિ તો તમારી પરીક્ષા અફળ જશે અને તમે ધર્મ અને સંસાર એકેયનો ઉકેલ નહિ મેળવી શકો ! ચક્રવર્તીના ચક્રની કીંમત લોઢાની દૃષ્ટિએ કદીપણ નજ થઇ શકે ! અને લોઢાને ધ્યાનમાં રાખીને જો કિંમત કરવા જઇએ તો તો ખત્તાજ ખાવાના ! કારણકે લોઢાની દૃષ્ટિએ એ ચક્રની કિંમત સાવ નહિ જેવીજ થવાની ! ત્યારે સાચી રીતે જોતાં એ ચક્રની કિંમત સોના કરતાંય વધારે–કયાંય વધારે છે, અને તે એ ચક્રની કાર્ય સાધવાની શક્તિની દૃષ્ટિએ ! એ ચક્ર લોઢાનું બનેલું હોવા છતાં એનો પ્રભાવ અજબ હોય છે, શત્રુને સતાવી નાખવાની, રાજ્યનું રક્ષણ કરવાની, પોતાના માલીકને બચાવવાની અને એવી અનેક શક્તિઓ–પ્રભાવભરી શક્તિ એ નાના સરખા લોઢાના ટુકડા જેવા લાગતા ચક્રમાં હોય છે. અને એજ એ ચક્રનું મહત્વ છે ! એ મહત્વ તો એના કરતાં દસ, વીસ કે પચાસ ગણો મોટો લોઢાનો કકડો પણ નથી મેળવી શકતો ! આમ એક, બે નહિ પણ **દરેક વસ્તુની પરીક્ષા કરવાની ખાસ રીતિ છે !** અને એ રીતિનું અનુસરણ કરવામાં આવે તોજ એની ખરી પરીક્ષા થઇ શકે છે ! જ્યારે જગતની તમામ વસ્તુઓ માટે આ સાધારણ નિયમ છે તો ધર્મને પણ એ કાં ન લાગુ પડે ! **ધર્મની પરીક્ષા પણ એની દૃષ્ટિએજ થવી જોઇએ ! !**

**મિથ્યાદૃષ્ટિ.** અલબત્ત ધર્મનું આચરણ કરનારને અમુક અંશે, પોતાને ઇષ્ટ સંયોગો અને પોતાને ગમતા સંસારસુખો મળે છે. પણ સાચો ધર્મી માણુસ એટલા માત્રથી ધર્મની સફળતા નથી માનતો કે પોતાને હૃદયમાં ધર્મીપણાનો સંતોષ પણ એને નથી થતો. એવી સંસાર–સુખની પ્રાપ્તિ તો એને મન પેલા ચક્રમાંના લોઢા જેટલી કિંમતની હોય છે. બાકી સાચી ધર્મપ્રાપ્તિ તો એ ત્યારેજ માને છે કે જ્યારે એ, પેલા ચક્રના સાચા કાર્યની માફક, સંસારસુખ કરતાં કોઈ પરમ અલૌકિક અને અવિનાશી સુખ મેળવવાને પંથે પ્રયાણ કરવા માંડે છે, કારણ કે સંસારસુખની પ્રાપ્તિમાં ધર્મની પરાકાષ્ઠા માનનાર માણુસ છેવટે ધર્મને છોડીને સંસારને વળગી પડે છે અને એ ધર્મત્યાગના કારણે ભવારણ્યમાં વધુ ભૂલો પડે છે, અને એટલાજ માટે સંસારસુખને ધર્મ કહીને સંબોધનાર માણુસને શાસ્ત્રકારોએ સાચો સમકીતિ નહિ પણ મિથ્યાત્વી કહ્યો છે ! આમ કહેવાનું કારણ એ છે કે–જેમ ચક્રની કિંમત લોઢાની દૃષ્ટિએ કરનાર માણુસ કોઈના કોઇ દિવસે વધુ વજનદાર લોઢાના કકડાના લોભમાં ચક્રને છોડી દેવાની ભયંકર મૂર્ખતા કરે, તેજ પ્રમાણે સંસારસુખને ધર્મ માનનાર માનવી ધર્મ ધર્મ કરતાં છેવટે જ્યાં વધારે પ્રમાણમાં સંસારસુખ મળતું દેખાય એ વસ્તુને ધર્મ માની લે અને સાચા ધર્મને સદાને માટે છોડી દે ! જે વૃક્ષની માણુસને છાંય મળતી હોય, અથવા જે વૃક્ષની ડાળી ઉપર બેઠા બેઠા માણુસે આનંદ માણ્યો હોય તેજ વૃક્ષને ખોદીને ઉઠાવીને ફેંકી દે એ માણુસ સાચી દૃષ્ટિવાળો કેમ ગણાય ? અને **જેની પાસે સાચી દૃષ્ટિ ન હોય તે ખોટી દૃષ્ટિવાળો કે મિથ્યાદૃષ્ટિ–મિથ્યાત્વી કેમ ન ગણાય ?**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**માણસ અને સંયોગ?** સમજો કે તમે રોજ સામાયિક, પૂજા, પ્રતિક્રમણ આદિ શુભ ક્રિયાઓનું પાલન કરવાનો પવિત્ર નિયમ લીધો છે. તમે સવારમાં દુકાને ગયા: પૂજાનો વખત થયો: અને પૂજા કરવા માટે રવાના થવાની તૈયારી કરો છો: એટલામાં એક ગરાક આવ્યું: એની સાથે માથાકુટ કરવામાં પૂજાનો સમય વીતી ગયો: અને એ માથાકુટના પરિણામે એ ગરાક સાથેનો મોટો સોદો નક્કી થયો અને તમને હજાર બે હજારનો દેખીતો ફાયદો થયો! મહાનુભાવો, જરા તમારા હૃદય ઉપર હાથ રાખીને જવાબ આપો કે એ વખતે તમારા મનમાં શું થાય છે? એ પૂજા ન કર્યાનો શોક તમારા મનોમંદિરના એક પણ ખુણામાં નહિ મળવાનો; અને ઉલટું એ સાંસારિક અણધાર્યો નફો કરવાના કારણે તમારૂં હૃદય આનંદરસથી ભરપૂર થઈ જવાનું! આનું કારણ શું? કહો કે તમારા મનમાં હજુ ધર્મનું મહત્વ વસ્યું નથી! ભલે તમે પોપટજીના રામરામની માફક મોઢાંની ધર્મ એ સર્વોત્તમ માર્ગ છે, મોક્ષ એજ એક મેળવવા લાયક ચીજ છે વિગેરે સારી સારી વાતો બોલતા હો પણ એ વાતોની પાછળ રહેલો ધર્મનો ખરો મર્મ હજુ સુધી તમારામાં વસ્યો નથી! નહિ તો તમે સંસારની લીલાના વિલાસમાં રાજી ન થાઓ અને ધર્મપાલનમાં થયેલી ક્ષતિના કારણે તમને દુઃખ થયા વગર ન રહે! કેટલાક ભલા માણસો આવા પોતાને કરવા પડતા સાંસારિક કાર્યો માટે સંયોગોને આડે ધરે છે અને કહે છે કે ભાઈ, અમે શું કરીએ અમારા સંયોગો એવા હતા કે જેથી અમારે એ પ્રમાણે કરવું પડયું! ખેર, કદાચ ક્ષણભર માટે એ વાત સાચી માનીએ છતાં એ સંયોગોના લીધે તમારી બાહ્ય પ્રવૃત્તિ ફરે પણ એ સાથે સાથે તમારા અંતઃકરણના ભાવો તો જો એ પાકા અને સાચા હોય તો, નજ ફરવા જોઇએ કારણવશ થઇને તમે પૂજાનો ટાઇમ જતો કરીને હજારની કમાણી કરી એ ઠીક પણ ત્યાર પછી તો તમને એ કમાણી આનંદનુંજ ધ્યાન ન આવતાં ધર્મમાં થયેલ વિક્ષેપના કારણે તમારા અંતરમાં દુઃખ પણ થવુંજ જોઇએ પણ આ નથી થતું, અને એ તમારા ધર્મપ્રેમની કચાશનો પ્રત્યક્ષ પુરાવો છે. તમારી આબરૂનો સવાલ ઉપસ્થિત થાય તો તમે એક પલમાત્રમાંજ લાખને રાખમાં મેળવી દ્યો પણ ધર્મના આરાધન માટે તમે જરા પણ આર્થિક કે એવું બીજું સાંસારિક નુકસાન ઉઠાવવા તૈયાર ન હો એ શું બતાવે છે? અને વળી સંયોગોનું જે બહાનું કાઢવામાં આવે છે એ ખરી રીતે સાવ પાયા વગરનો બચાવ છે. **"માણસ સંયોગોને બનાવે છે, નહિ કે માણસ સંયોગોનો ગુલામ છે"** આ વાત જે માણસના હૃદયમાં ઉતરી હોય તે ગમે તેવા કપરા સંયોગ ઉભા થાય છતાં પોતાના કલ્યાણના માર્ગનો ત્યાગ નથી કરતો, અને આ પ્રમાણે સંયોગોનો સામનો કરીને પણ ધર્મને વળગી રહે એજ ખરો ધર્મી! બાકી **જો સંયોગો ઉપરજ બધો આધાર રાખવામાં આવે તો તો માણસ કંઇજ ન કરી શકે!**

**બ્રહ્મદત્ત ચક્રવર્તી.** મહાનુભાવો! એ સંસારની તાજુડીથી ધર્મનું તોલ ન કરો! એ લોઢાના ટુકડા સાથે એ ચક્રની કિંમત ન આંકો! નહિ તો તમે કંઇના બદલે કંઇ લઇ લેશો. ધર્મની ખરી મહત્તા આ ભયંકર ભવભ્રમણ અટકાવવામાં છે. આત્માના છુપાયેલા ગુણોને પ્રગટ કરવા; કર્મની નિર્જરા કરવી; મોક્ષની પ્રાપ્તિ કરવી; આમાંજ ધર્મની સફળતા છે, અને આની પ્રાપ્તિ જેટલા અંશે વધુ થાય એટલા અંશે સમજવું કે તમને ધર્મનો રંગ વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાગ્યો છે. સાચો ધર્મી કદી પણ સંસારના કુકા અને રોડા સમાન ધનદોલતને વધતી જોઇને આનંદ ન માને! અને આ વસ્તુમાં જ્યાંસુધી આનંદનો અનુભવ થતો હોય ત્યાંસુધી સમજવું કે ધર્મનું રહસ્ય તમે બરાબર સમજ્યા નથી. જેમ અનાજની કિંમત ભૂખ્યાને; પાણીની કિંમત તરસ્યાને હોય છે એજ પ્રમાણે ધર્મની કિંમત પણ જે માણસ ભવની ભયંકરતા બરાબર સમજે તેને હોય છે. જો દુનિયાદારીના પદાર્થોના આધારે ધર્મની કિંમત ગણાતી હોત તો-બ્રહ્મદત્ત ચક્રવર્તી જેણે પોતાના પૂર્વભવમાં ચક્રવર્તીપણાનું નિયાણું કર્યું હતું તે સારો ગણાવો જોઇએ. કારણ-કે એ નિયાણું બાંધીને એણે સંસારની વૃદ્ધિ માગી લીધી હતી; અને એનોજ ભાઈ જેણે નિયાણું બાંધવાનું કાર્ય કર્યું ન હતું તે ખરાબ ગણાવો જોઇએ. આ કથા એવી છે કે-બ્રહ્મદત્ત ચક્રવર્તી અને એનો ભાઇ-એ બન્નેને સાથેજ સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને બન્નેએ સાથે ભાગવતી દીક્ષા અંગીકાર કરી; સાથેજ આહારવિહાર કર્યો! સાથેજ તપશ્ચરણ કર્યું; હમેશાં સાથેજ રહ્યા અને છેવટે અનશન પણ સાથેજ કર્યું: અને એ અનશન દરમ્યાન એક ભાઈએ-બ્રહ્મદત્ત ચક્રવર્તીના જીવે-નિયાણું કર્યું, અને બીજો કોઇપણ પ્રકારની ઐહિક સુખની ઇચ્છાના પાશમાં સપડાયા વગર નિયાણું કર્યા વગરજ રહ્યો. હવે ત્યાંથી બન્ને જણા કાળધર્મ પામીને પેલો નિયાણું બાંધનાર બ્રહ્મદત્ત ચક્રવર્તી તરીકે ઉત્પન્ન થયો: અને બીજો ભાઈ જેણે નિયાણું બાંધ્યું ન હતું તે એક સામાન્ય શેઠીયાના કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. હવે મહાનુભાવો! જવાબ આપો કે એ બેમાં કોણે વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરી? એ બેમાં કોણ વધારે ભાગ્યશાળી ગણાય? કે એ બન્નેમાંથી કોને વધારે પુણ્યનું ફળ મળ્યું? હવે સંસારવ્યવહારની દૃષ્ટિએ તો એ સાવ દેખીતું છે એક ચક્રવર્તી અને એક સામાન્ય શેઠની સમૃદ્ધિમાં આકાશપાતાળ જેટલું અંતર છે. એકની સત્તા સાર્વભૌમ છે એકની સત્તા ઘરના ચાર ખુણા પુરતીજ છે, અને એ સાર્વભૌમ સત્તા પણ આજકાલ કહેવાય છે એમ નામમાત્રની નહિ, અને અધુરી પણ નહિ, સર્વભૂમિમાં જેની માલીકી કબુલ કરાતી હોય તેનું નામ સાર્વભૌમ સત્તા. જેનો એક પણ હરીફ ન હોય; જેની આજ્ઞા ઉથાપવાનું સામર્થ્ય એકમાં પણ ન હોય, જેનું એક છત્ર સામાન્ય આખાય છ ખંડો ઉપર એકધારું પ્રવર્તતું હોય, તેનું નામ સાચો સાર્વભૌમ કે સાચો ચક્રવર્તી. જેની ઋદ્ધિસમૃદ્ધિનો કોઈ આરો ન હોય. એ ચક્રવર્તી અને એક સાધારણ શેઠ એ બેમાં શી રીતે સરખાપણું હોય! અને સંસારવૈભવ અને સત્તાની પ્રાપ્તિમાં આટલું મહાન્ અંતર પડવાનું કારણ તે એક માત્ર નિયાણું! નિયાણું બાંધ્યું તે ચક્રવર્તી થયો, ન બાંધ્યું તે સાધારણ માણસ રહ્યો! તો હવે એમાં ઉંચું કોણ? કર્મક્ષયના મુદ્દાથી, આત્માના ગુણોની અપેક્ષાએ, ભવભ્રમણની ભયંકરતાની અપેક્ષાએ ને ધર્મની સાચી મહત્તાની દૃષ્ટિએ જો આ પ્રશ્ન વિચારીએ તો તો શાસ્ત્રકાર મહારાજ સાફ કહે છે કે એ ચક્રવર્તી કરતાં એ શેઠીયાનો પુત્ર હજાર દરજ્જે વધુ ભાગ્યશાળી છે. પણ આ વાત કયારે મગજમાં ઉતરે? જયારે આપણે પુણ્યપાપના બંધનની દૃષ્ટિએ વિચારીએ ત્યારે! નિયાણાનો બંધ કરીને મેળવેલ ચક્રવર્તિપણાને આપણે ઘાસ જેટલું તુચ્છ ગણી કાઢીએ ત્યારે! કારણ કે શાસ્ત્રમાં નિયાણું બાંધવું એ જિનઆજ્ઞાની વિરૂદ્ધનું પગલું ગણવામાં આવ્યું છે. કેમકે એ નિયાણાના બંધથી ગમે તેવી મહાન તપશ્ચર્યાનું ફળ મર્યાદિત થઈ જાય છે અને તે ફળ પણ કેવળ સાંસારિક સુખ-વૈભવ અને ઉપભોગો પુરતુંજ! કે જે ઉપભોગોનું સેવન કરતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ પુણ્યની પુંજી ચવાઈ જાય છે અને પાપનો પુંજ એકઠો થાય છે. જે માણસને સાંસારિક સુખ-વિલાસની લાલસા ન હોય તે કદી પણ નિયાણાનું બંધન નજ કરે! અને જે ધર્મપાલનમાં, કે જે તપશ્ચરણમાં આવી અધમભાવના સમાયેલી હોય તેને શાસ્ત્રકારો પોતાની મહોર છાપ કેમ મારી શકે! આટલાજ માટે એ પેલા સામાન્ય સ્ત્રીના પુત્ર કરતાં એ ચક્રવર્તીની કિંમત ઓછી ગણી. ટૂંકમાં કહેવું હોય તે કહી શકીએ કે સંસારવૈભવ અને ભવ વધારવાના સાધનની દૃષ્ટિએ વિચારીએ તો ચક્રવર્તી મોટો અને આત્મિક ઋદ્ધિ અને પુણ્યની પ્રાપ્તિની દૃષ્ટિએ વિચારીએ તો એ શેઠીયાનો પુત્ર વધારે ભાગ્યશાળી ગણાય! અલબત જો ચક્રવર્તી પણ પોતાના ચક્રવર્તીપણાની અસારતા સમજીને પોતાની મેળેજ એનો ત્યાગ કરીને વૈરાગ્યના પવિત્ર પંથે ચાલી નીકળે તો એની વાતજ શી થઈ શકે?

**ધર્મની શરણ.** હવે જરા વિચાર કરો કે એ બ્રહ્મદત્તે પોતાના પૂર્વભવની તપશ્ચર્યાના ફળરૂપે ચક્રવર્તીપણું માગી લીધું અને એ એને મળ્યું પણ ખરૂં એમાં તાત્વિક દૃષ્ટિએ એણે એવી માંગણી કરવામાં મૂર્ખતાજ વાપરી હતી! પણ આ વસ્તુ તમારા મગજમાં બરાબર કેવી રીતે ઠસી શકે? અરે ચક્રવર્તીપણું મળવું એ કોઈ રમતની વાત છે? અરે સામાન્ય રાજા કે રાજ્યનો વિચાર કરીને એવા થવું એ પણ બહુ મુશ્કેલ છે, તો પછી ચક્રવર્તીપણાની તો વાતજ શી થઈ શકે? કે પછી આપણે, પેલા દ્રાક્ષ નહિ મેળવી શકેલા શીયાળે કહેલ "દ્રાક્ષ ખાટી છે" ની માફક, આપણને એ ચક્રવર્તીપણું નથી મળ્યું તેથી એની ઈર્ષ્યા કરીને એની ખોટી વગોવણી તો નથી કરતાને? કારણકે જે ચક્રવર્તીપણાની પ્રાપ્તિને આપણે મૂર્ખતાનો વિલાસ કહીને વખોડી કાઢીએ છીએ એ માટે દુનિયામાં આપણા અનુભવમાં આપણે જુદોજ અનુભવ કરીએ છીએ. એજ રાજ્ય, એજ સત્તા અને એજ ચક્રવર્તીપણા આગળ આપણે હજારો લાખો માણસોને ઝૂકી ઝૂકીને સલામ કરતા ઉભેલા આપણે જોઈએ છીએ. અરે તમે પોતે પણ વખત આવે એ રાજા મહારાજા, કે ચક્રવર્તીને બહુમાન અતિબહુમાન આપવા તૈયાર થાઓ છો! તો પછી એ ચક્રવર્તીપણું એ મૂર્ખતા કઈ રીતે? પણ જેમ ભૂતોનો નાચ ત્યાં સુધી રહે કે જ્યાં સુધી એના ઉપર મંત્રપ્રયોગ કરવામાં ન આવે! જે ક્ષણે પ્રબળ મંત્રનો પ્રયોગ થયો કે તરતજ ભૂતપલીત બધા પલાયન કરી જવાના! એજ પ્રમાણે અહિં પણ જ્યાં લગી આપણે સંસારના વૈભવથી અંજાઈને વાતો કરીએ ત્યાં સુધી એ પણ આપણને મોહક, ગ્રહણ કરવા લાયક અને વખાણવા લાયક લાગવાનું પણ જે ક્ષણે એ બધી વસ્તુઓને ધર્મની શરણ ઉપર ચડાવી કે તરતજ એની પરીક્ષા થઈ જવાની અને પેલા ભૂતોની માફક ધર્મસૂત્રોરૂપ મહામંત્રોથી તમારી મોહનિદ્રા ઉડી જવાની અને એજ આકર્ષક લાગતો સંસારી સુખવિલાસ તમને આપત્તિરૂપ લાગવાનો અને એજ ચક્રવર્તીપણું બોજારૂપ લાગવાનું!

**ધર્મનો સ્વાદ.** આ તો બધી થઈ પારકી પંચાયતની વાત! હવે જરા તમારીજ વાત કરૂં! સમજો કે કોઈ સ્વર્ગનો દેવ તમારા ઉપર પ્રસન્ન થયો. અને એણે તમને વરદાન માગવાનું કહ્યું: અને કહ્યું કે "ભાઈ ભવાંતર મેળવી આપવાની તો મારી શકિત નથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ આ ભવમાંજ તમને એવા સંયોગો મેળવી આપું કે તમે યા તો ચક્રવર્તીપણું મેળવી શકો યા ધર્મના સાધનના ઉત્તમ સાધનો તમને મળે: આ બેમાંથી તમને જે એક ઇષ્ટ હોય તે હું તમને મેળવી આપી શકું! ભાઇ, હવે તમારી પાસે જવાબ માગું છું કે તમે કયો રસ્તો લેવા લલચાશો, ધર્મનો કે કર્મનો? અરે ભલા માણસ, **જે મનુષ્ય કૃત્રિમ** લડાઇમાં પણ **પોતાની વીરતા દેખાડવા તૈયાર ન હોય તે સાચી લડાઇમાં શું દળદર ફેડવાનો** હતો? આ તો માત્ર પ્રશ્નજ છે: આમાં ન તો કંઈ આવું દેવતા આપી શકે છે. કે નતો તમને આવી ચીજ મળી શકે છે! આ તો માત્ર નકલી લડાઈ છે, પણ યાદ રાખો કે એ નકલી લડાઇના બહાને તમારા આખાય હૃદયના ભાવોની પરીક્ષા થવાની છે! પણ આમ છતાંય એકદમ ધર્મસાધનાને તમે ઉંચે આસને નહિજ સ્થાપવાના! એજ બતાવી આપે છે કે તમારા હૃદયમાં ધર્મની લાગણીઓ કેટલી ઉંડી ઉતરેલી છે. જે માણસ કોટીધ્વજપણાની કલ્પનાને પણ વેગળી કરવા તૈયાર ન હોય તે સાચા કોટીધ્વજપણાને શી રીતે દૂર કરી શકે? અરે એ કોટીધ્વજપણાને દૂર કરવું તો અળગું રહ્યું પણ એને દુષ્ટ ગણવાને પણ તમે તૈયાર નહિ થાઓ! પણ ખરી વાત એ છે કે-આ બધો આ સંસારનો ખેલ છે. એ સંસારનાટકમાં બધા જીવો નટરૂપે છે અને એક રૂપ છોડે છે અને બીજું ધારણ કરે છે. બાકી ધર્મનો જેને સાચો સ્વાદ લાગ્યો હોય તો કદી પણ સંસારના ગંધાત ટોપલામાં મોઢું નાખેજ નહિ! પણ તે કયારે-જયારે ખરો સ્વાદ લાગ્યો હોય ત્યારે! એમને એમ નહિ, અને એ પણ નક્કી છે કે **ધર્મનો સ્વાદ મેળવનાર બીજા સ્વાદોને ઈચ્છેજ નહિ! જેને અમૃત મળ્યું હોય એ બીજાની ઇચ્છા શા માટે કરે?**

**સંસાર-કારાવાસ.** મહાનુભાવો! આ સંસારની જુદી જુદી અવસ્થાઓ એ થોડે યા ઘણે અંશે કેદખાનુંજ છે. ઘરસંસાર, કુટુંબકબીલા એ કાંટાનું કેદખાનું છે અને બધા સગાવહાલા વિગેરે તમારી મુક્તિમાં કંટક સમાન છે: રાજ્યવૈભવ એ મોટું કેદખાનું છે, અને ચક્રવર્તીપણું કે એવી મોટી સ્થિતિ એક પ્રકારનું કિલ્લાથી ઘેરાયલું કેદખાનું છે કે જેમાંથી નીકળવાની આશાજ ન રખાય! યાદ રાખજો કે એ શરૂઆતના નાના કેદખાનાનો ચુરો કરીને તમે બહાર નીકળવાની ચેષ્ટા નહિ કરો તો ધીમે ધીમે તમે વધારે પાકી કેદમાં સપડાવાના! અને છેવટે એવી સ્થિતિ થવાની કે એ કેદખાનામાંથી મુક્ત થવાનો ઉપાયજ તમારા મગજમાં નહિ આવી શકે! માટે **આ સંસારકારાવાસને તોડવા માટે જેમ બને તેમ જલ્દી અને જેટલો બને તેટલો વધુ મજબુત પ્રયત્ન આદરો.** એમાંજ તમારી મુક્તિ છે: તમારૂં કલ્યાણ છે. જો વધતા રોગને મૂળથીજ નહિ છેદી નાખો તો એ દર્દ જીવલેણ એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે, અને પછી તમને નહિ સૂઝે કે હવે શું કરવું? તમેજ એ સંસાર-કારાવાસને પણ એના નાના રૂપમાંજ નાશ નહિ કરો તો આગળ ઉપર તમને એનું ભાનજ નહિ રહેવાનું અને જ્યારે ભાન થશે ત્યારે એનો ઉપાય તમારા હાથ બહાર ગયેલો લાગશે, અથવા તો એ ઉપાયને અમલમાં મૂકતાં તમારે આકાશ-પાતાળ એક કરવા પડશે. આપણામાં કહેવત છે કે "ઉગતા રોગ અને વધતા વૈરીને શરૂઆતમાંજ દાબી દેવા" **અને માણસને માટે કારાવાસ કરતાં વધારે ભયંકર દુશ્મન બીજો કોણ હોઈ શકે?** કે જે માણસની તમામ શક્તિને બુંઠી બનાવી નાખે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સંસારની મનોદશા.** જે માણુસ ધર્મનું આરાધન કરવામાં કે ત્યાગનો પંથ સ્વીકારવામાં અનુકૂળ સમયની રાહ જોતો ઉભો રહે છે, તે ધીમે ધીમે સંસારની માયાવી જાળમાં વધુ ને વધુ ફસાતો જાય છે. અને એના સંયોગો પણ અનુકૂળતાના બદલે પ્રતિકૂળતાનું રૂપ ધારણ કરતા જાય છે, એક રાજાનાજ વંશની વાત કરો! એક નાનો રાજકુમાર જેટલી સ્હેલાઈથી દીક્ષા લઈ શકે એટલી સ્હેલાઈથી રાજકાર્યમાં ગુંથાયેલો પાટવી રાજકુમાર ન લઈ શકે! અને જેટલી આસાનીથી એ પાટવી લઈ શકે એટલી સરળતાથી રાજયનો વહીવટ કરતો રાજા ન લઇ શકે! એ જ્યાં સંસારત્યાગની વાત કરે, કે એને સ્વજન પ્રજા, મંત્રી, પ્રધાન વિગેરે અનેક બલાઓ વળગવાની! અરે, દુશ્મન પણ દુશ્મનાવટ યાદ કરીને રસ્તામાં કાંટા પાથરવાનો! દંડક ઋષિ સંસારનો ત્યાગ કરીને સાધુ થયા. છતાં કૌરવો પોતાનું પહેલાનું વેર ન ભૂલી શકયા, અને એ વેર વાળવાવા ગાંડા આવેશમાં એમના ઉપર પત્થરોનો વરસાદ વરસાવ્યો! ભલા જે સંસારત્યાગીને પણ આમ હેરાન કરવામાં પાછી પાની ન કરે એ, એક માણુસને પોતાની અફીણુચીની ટોળીમાંથી સત્સંગીઓની ટોળીમાં જતો કેમ જોઈ શકે? એતો એમજ ચાહે કે આખુંય જગત અમારા જેવું પાપ કાર્યમાં રાચ્યું માચ્યું રહે, અમારીજ માફક ભવભ્રમણના ફેરામાં સડયા કરે અને અમારીજ માફક કર્મનો કાદવ આત્મા ઉપર લાધા જ કરે! **આ સંસારની મનોદશા છેઃ પણ એ સાચી તો નથીજ!!!**

**પંડિત મરણ.** મહાનુભાવો! પશુઓમાં પણ કેટલાક પશુઓ એટલા બધા ચાલાક, સમજુ અને બુદ્ધિશાળી હોય છે કે જેઓ એક પારકા ખેતરમાં ચરતા હોય અને પકડાઇને ડબ્બામાં પુરાવાના ભય જેવું કંઈ પણ લાગે તો એકદમ વાડ કુદીને પણ બહાર નીકળી જાય છે. જ્યારે તમારામાંના કેટલા એ પશુ કરતાં પણ બુદ્ધિમાં ઉતરતા હોય છે કે જેઓ ડબ્બામાં પુરાવાનો ભય તો શું પણ સામેથી સાક્ષાત્ ખેતરના માલીકને આવતો જુએ છતાં ખાવાનો સ્વાદ ન છોડી શકે! અને પરિણામે એ માલીકના હાથનો માર ખાય અને વધારામાં ડબ્બામાં પુરાય! શ્વાસોચ્છવાસ પૂર્ણ થવા આવ્યા હોય, આયુષ્યની ઘડીઓ ગણાતી હોય, મરણ પથારીએ પડયો હોય અને છેલ્લી અવસ્થા આવી પહોંચી હોય છતાં પણ બધું વોસરાવી દેવાનું સૂઝે છે? સમઝે છે કે હવે ઘડી બે ઘડીમાં મારૂં આ જીવન હતું ન હતું થઇ જવાનું છે, આ મારી આસપાસમાંનું કંઈ પણ મારી સાથે નથી આવવાનું છતાં એનો ત્યાગ કરવાની ભાવના જાગે છે? આવાને તો પેલી ગાય જેવોજ ગણવો જોઇએ કે જે ગળામાં લાકડું પડવા છતાં ઠેકાણે ન આવે! મરવાનો વખત સાવ પાસે આવી પહોંચ્યો છતાં ધર્મનું સ્મરણ નથી આવતું, ચઉસરણ અંગીકાર કરવાનું નથી સૂઝતું! અરે ત્યારે પણ માતપિતા અને વહુ બેટા-બેટીમાંજ મન રમે છે! ઓ ભગવાન્! કેવી કઠોર મનોદશા? એવાઓનું શું થવાનું? અહિં નહિ ચેતનારને પરભવમાં માર સહન કરવો પડવાનો! અને ત્યારે આંખ ઉઘડી જવાની! નરકના પરમાધામિઓ કે નિગોદની અનંત વેદનાઓએ આ ભવમાં સવેળા નહિ ચેતનારા માટે સજારૂપ છે! માણુસ ચેતે યા ન ચેતે છતાં પરિણામ તો આવ્યા વગર રહેતુંજ નથી. માત્ર ફરક એટલો છે કે ચેતનાર પરિણામના માઠા ફળમાંથી બચવાનો માર્ગ શોધી શકે છે અને નકામા મારમાંથી બચી જાય છે. સમજો કે શહેરના વ્યવસ્થાપક અધિકારીઓએ જાહેર કર્યું કે આવતી કાલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નદીમાં ભારે પૂર આવવાનું છે. માટે દરેક પ્રજાજને ચેતી જવું! અને પોતાના જાનમાલની રક્ષા માટે બરાબર બંદોબસ્ત કરી લેવો. આ વાત જાણવા છતાં કોઇ માણસ ચેતે નહિ અને એમને એમ આળસુની માફક પડ્યો રહે તો પુરમાં તણાવા વગર બીજો શો માર્ગ છે? તો મહાનુભાવો! એ પુર તો આ ભવમાંજ નુકસાન કરે છે, પણ આ મરણનું પુર જે તમારા ઉપર ફરી વળવાનું છે તે તો જો તમે પહેલાંથી નહિ ચેતો તો તમારા અનેક ભવનું ગાડું ઉંધું વાળી નાખશે! અને આ ભવની નાની સરખી જણાતી ભૂલનું પરિણામ તમારે ભવોભવમાં ભોગવવું પડશે! માટે એ મરણને નિર્ભય રીતે ભેટવાનો માર્ગજ ગ્રહણ કરજો! અને આ પ્રમાણે મરણથી જરાય ડર્યા વગર આનંદપૂર્વક મરણને ભેટવું એતુંજ નામ એક પંડિત મરણ! આ મરણ પામનારને મરણ માટે પશ્ચાત્તાપ કરવાનો નથી હોતો! કારણ કે એ મરણ એના સ્થૂલદેહને નુકશાન કરવા ઉપરાંત બીજું આત્મિકદષ્ટિએ લેશમાત્ર પણ નુકસાન નથી કરી શકતું!

**ત્યારે અને અત્યારે.** અને એ મરણનો ભય જિતવાનો સૌથી ઉત્તમ માર્ગ તે દીક્ષાનો માર્ગ છે! મહાનુભાવો જરા પહેલાંના અને અત્યારના દીક્ષાપાલનની કઠિનતા અને સરળતાનો જરા વિચાર કરો! પછી તમને સમજાશે કે અત્યારનો દીક્ષાપાલનનો માર્ગ પહેલાં કરતાં કેટલોય સરળ છે. એ પૂર્વના સમયના રસ્તાઓની કલ્પના કરો: આજે એક્કેય એવો ઉજજડ માર્ગ નહિ મળે. એવા માર્ગ ઉપર મુનિઓ અનેક કષ્ટો ઉઠાવીને કાંટા અને કાંકરાઓથી ભરેલા માર્ગમાં વિચરતા હતા: અને તમારા માટે ઘરના આંગણા જેવી અરે તેથીય સુંવાળી સડકો છે! એ પહેલાંના સમયના ભયંકર જંગલો કયાં અને આજનો ભયમુક્ત માર્ગ કયાં? અરે પહેલાંના સમયમાં તો રહેવાને માટે પૂરતાં મકાનો પણ કયાં મળતાં હતાં. જરા શાસ્ત્ર તપાસો! એ પવિત્ર શાસ્ત્રો આ વાતની સચોટ સાક્ષી પૂરે છે: મૃગાવતી અને જયંતીએ ભગવાનને ઉતરવા માટે વસતિ આપી એમાં તો એનું નામ પ્રથમ શય્યાતર તરીકે અગ્રપદને પામ્યું અને એના એ પુણ્ય કાર્યની યશગાથાઓ ઠેર ઠેર ગવાઈ! આ શું બતાવે છે. જે દેશમાં શેર, બશેર જેટલું પણ અનાજ આપનારનો જયજયકાર બોલાતો હોય તે દેશ માટે સમજવું કે ત્યાં ભયંકર દુરકાળ પ્રવર્તતો હોવો જોઇએ! નહિ તો શેર, બશેર અનાજની શી વિસાત! એજ પ્રમાણે એ મહાદેવીઓની શાસ્ત્રોમાં આટલી કીર્તિ ગાવામાં આવી છે એજ બતાવે છે કે એ વખતમાં વસતિ આપવાનું કાર્ય કેટલું મહત્વનું હતું? અને લોકો વસતિ આપવામાં કેટલા સંકોચાતા હતા! બાકી ખરી રીતે જોતાં વસતિ આપવી એમાં કયું મહાન્ કાર્ય રહેલું છે? ન તો એમાં કંઇ આપવાનું છે કે ન તો કંઇ ત્યાગ કરવાનું છે. છતાં એની આટલી કિંમત ગણાઇ! મહાનુભાવો! એ તો તમને પણ ધ્યાનમાં હશેજ કે એક વસ્તુનું મૂલ્ય એ વસ્તુના પોતાના ઉપર હોતું નથી પણ એ વસ્તુના વધારાઘટાડા ઉપર હોય છે. વસ્તુ વધી જાય તો એનું મૂલ્ય ઓછું થાય! અને વસ્તુ ઘટે એટલે કિંમત વધે! તો અહિં પણ વસતિદાનનું બહુ મૂલ્ય બતાવે છે કે એ વખતમાં દરેક માણસ આ કરવા માટે તૈયાર ન હતો! અરે વસતિ મેળવવી એ એક પ્રકારનું મુશ્કેલીભર્યું કાર્ય હતું! અને આજે? આજે તો તમારા માટે ઠેર ઠેર સુંદર સ્થાનો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકો પણ તમને સત્કારવા માટે તૈયાર છે! જરા આર્યસુહસ્તિનો સમય પણ વિચારો! એ મહાન્ આચાર્ય વિહાર કરતાં કરતાં અવંતી નગરીના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. અવંતીમાં મકાનોનો તોટો નથી. જ્યાં જુઓ ત્યાં ઉંચાં મહેલો દેખાય છે: આચાર્ય મહારાજ સાધુઓને વસતિની તપાસ કરવા મોકલે છે, અને ઘણીઘણી તપાસના અંતે અવંતીસુકુમાળની યાનશાળા એટલે કે ઘોડાગાડી રાખવાનો તબેલો ઉતરવા માટે મળે છે! આજે એવી સ્થિતિ છે? જરાય નહિ! આજે તો લીલાલ્હેર છે! એવા પ્રકારની કોઇ ઉપાધિ અનુભવવાની નથી! આહારપાણી, વસ્ત્રપાત્ર અને ઔષધાદિકનો પ્રબંધ પણ આજે જોઇએ તેવો છે. આમ દેખીતી રીતે શરીરને તકલીફ પડે એવી કશી પરિસ્થિતિ નથી: છતાં તમને એ રાજમાર્ગ ઉપર સ્વેચ્છાથી ચાલી નીકળવાનું મન નથી થતું તો પછી એ પહેલાના જમાના જેવી કાંટાકાંકરાવાળી ભૂમિ પગ તળે ખેડવી પડશે ત્યારે શું કરશો! માટે એ પુરાણી તકલીફોનું તમારી દૃષ્ટિ આગળ ચિત્ર ખેંચીને તમારી અત્યારની સ્થિતિની સરળતા સમજીને એ પવિત્ર પંથે ચાલી નીકળવા વિચાર કરો! ત્યારે જે કષ્ટ-લભ્ય નહતું તે અત્યારે સાવ સુલભ છે!

**વહેલો તે પહેલો.** પણ કેટલાક ભાગ્યશાળી જીવો એવા પણ નીકળે છે કે જેઓ એ સાધુપણાના પવિત્ર માર્ગ ઉપર અશ્રદ્ધાની દૃષ્ટિએ જુએ છે એટલુંજ નહિ પણ કોઇ કોઈ વખત તો એની વગોવણી પણ કરવાનું ભૂલતા નથી! આવાઓને માટે, જો તેમનામાં જરા જેટલી પણ તત્વ સમજવાની બુદ્ધિ હોય તો પરમાત્મા મહાવીરદેવના એ પરમ પવિત્ર શબ્દો યાદ આપવા બસ થશે કે-"હે ગૌતમ આ પાંચમા આરામાં અને આવા સાધુપણામાં પણ ઘણા એકાવતારી સાધુઓ છે. એટલા માટે આ સાધુપણામાં શું પડયું છે એવી માન્યતા રાખનાર ખરેખર ભીંત ભૂલે છે. મહાનુભાવો! ગમે તેમ ગણો! પણ સાધુમાર્ગ એ આત્મકલ્યાણનો અતિ સરળ માર્ગ છે. એ માર્ગે આત્મા પોતાની સિદ્ધિ ઘણી જલ્દી સાધી શકે છે. અત્યારે એ માર્ગ તમારા માટે રાજમાર્ગ જેવો છે. આજે એના ઉપર ચાલવા તૈયાર નહિ થાઓ તો કાલે ખાડાટેકરા અને જાળાઝાંખરાવાળો વિકટ માર્ગ તમારી સામે ખડો થશે તે વખતે તમે શું કરશો? એટલું તો દરેક જણ યાદ રાખે કે વહેલા યા મોડા છેવટે એ પવિત્ર મુનિમાર્ગનું અનુસરણ તો કરવુંજ પડશે! વહેલો થશે તે પહેલાં પામશે! મોડો થશે તે પસ્તાશે!

**હવામાં બાચકા.** વળી જે લોકો આવા વિચાર કરતા હોય કે જે કાળ દુષમ છે; જેમાં સંઘયણનું ઠેકાણું નથી; જ્યાં એવું ઉગ્ર તપશ્ચરણ નથી; ન જ્યાં અવિચ્છિન્ન સ્વાધ્યાય થઇ શકતો, જ્યાં નિરતિચાર ચારિત્રનું પાલન નથી, જ્યાં પરિષહોને સહન કરવાની હામ નથી અને જ્યાં ઉપસર્ગોને હસતે મુખડે વધાવી લેવાની હિંમત નથી. આવા કફોડા સંયોગો વચ્ચે સંયમ લેવા કરતાં શ્રીતીર્થંકર ભગવાનના સમયમાં અવતરીને, તે વખતે જ્ઞાનધ્યાનનું શુદ્ધ આરાધન થઇ શકે એવા પ્રકારનું સાધુપણું મળી શકશે માટે ત્યારેજ સાધુપણું લઇશું; વળી અત્યારનું સાધુપણું વિરાધના અને પ્રમાદથી ભરેલું છે. એટલા માટે એ પરમ પ્રભુ જ્યારે સાક્ષાત વિચરતા હશે ત્યારેજ ચારિત્ર ગ્રહણ કરીને આત્મકલ્યાણ કરીશું. આ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવા વિચાર કરીને અત્યારે ચારિત્રની વાતને માંડી વાળતા હોય તેમને માટે શ્રીધર્મદાસ ગણિ સાફ નિરૂપણ કરી ગયા છે કે—

**लद्धिल्लियं च बोहिं अकरेंतोऽणागयं पत्थिंतो । अन्नं दाइं बोहिं लब्भिमसि कयरेण मुल्लेण ॥१॥**

એટલેકે જે ધર્મમાર્ગ તને અત્યારે પ્રાપ્ત થયો છે તેનું આચરણ તું કરતો નથી અને અસ્થિર અને તારા હાથની બહારના અનાગત-ભવિષ્ય-કાળમાં ધર્મનો લાભ લેવાનો વિચાર કરે છે! કેવું વિચિત્ર વર્તન? હાથમાંનું નાખી દેવું છે અને પછી હાથ લાંબા કરીને આકાશમાં બાચકા ભરવા છે, પણ **આકાશમાં હવામાં બાચકા ભરવાથી કદી હાથમાં કંઇ પણ આવે ખરૂં?** ખરી વાત એ છે કે જો એ પ્રમાદ રહિત ચારિત્રને મેળવવાની સાચીજ ઇચ્છા હોય તો તે માટે અત્યારથીજ પ્રયત્ન કરવા લાગવું જોઇએ! નહિ તો એ કોઇ એવી રસ્તે પડી ચીજ નથી કે સહજમાં હાથમાં આવી જાય છે. અરે જેને લક્ષાધિપતિ થવું હોય એને થોડી થોડી રકમ ભેગી કરવી પડે કે નહિ? થોડી થોડી રકમ ભેગી કર્યા વગર એકદમ કંઇ લક્ષાધિપતિ થવાય છે ખરૂં? એજ પ્રમાણે અહિં પણ એ પરમવિશુદ્ધ ચારિત્રના પાલન માટે અને પ્રાપ્તિ માટે અત્યારથીજ અભ્યાસ કરવો જોઇએ. બાકી **કોઇપણ પ્રકારનું ક્રિયાત્મક આચરણ કર્યા વગર સીધે સીધું એ ચારિત્ર મેળવવાની વાત કરવી એ કેવળ વાણીનોજ વિલાસ છે** અને એનું પરિણામ **હવામાં બાચકા** ભરવા જેવુંજ આવે.

**ઉજ્વળ ભવિષ્યનો માર્ગ.** પાસે એક પૈસાનું પણ સાધન ન હોય અને વાતો કરે આખો બજાર ખરીદવાની! એવાને તો લોકો પેલી કહેવતજ લાગુ પાડે છે કે-"હાથમાં નહિ કોડી અને ઉભી બજારે દોડી" દુનિયામાં માલ ગમે તેટલો ભર્યો હોય, કરોડો અબજોનો ભર્યો હોય પણ તેમાં તમારે શું? તમારી પાસે પૈસો હશે તો તમને એમાંથી કાંઇક મળશે. નહિ તો તો "જોઇ જોઇને હરખો મારા લાલ" જેવુંજ થાય! તીર્થંકર મહારાજના સમયમાં આધ્યાત્મિકવાદનો આખોય બજાર અનેક પ્રકારના ઉત્તમ ઉત્તમ પદાર્થોથી ભરપૂર હોવાનો. શ્રી તીર્થંકર મહારાજ, શ્રી ગણધર મહારાજ અને કેવળી ભગવાન્ વિગેરે બધાય ત્યાં મૌજુદ હોવાના. છતાં તેથી તમારૂં શું બળવાનું? પાડોશીને ત્યાં કરોડોનો માલ હોય પણ એમાં આપણે શું કામનું? આપણા કામમાં તો આપણું હોય તેજ લાગે! એજ પ્રમાણે તે વખતે પણ બજાર એવા ભરપુર હોવા છતાં તમારી પાસે પુણ્યની પુંજી નહિ હોય તો તમે શું કરી શકો? એટલા માટે એ ભર બજારમાંથી તમને "ધોયા મૂળા" જેવું વીલે મોંઢે પાછું ફરવું ન પડે તે માટે અત્યારથીજ તૈયારી કરવા લાગો અને જેવા પ્રકારનું બની શકે એવા પ્રકારનું **ચારિત્ર પાળીને તમારા પુણ્યના પુંજને સમૃદ્ધ બનાવો! એમ કરવામાંજ તમારૂં ભવિષ્ય ઉજ્વળ થશે અને તમારૂં કલ્યાણ થશે!**

**એ વિનાશનો પંથ.** અલબત્ત એક વાત જરૂર માનવા જેવી છે કે-ચારિત્ર પાલન કરતી વખતે, એ પરમશુદ્ધ એવું નિરતિચાર અને પ્રમાદાદિ દોષ રહિત ચારિત્રને આદર્શ તરીકે રાખીને, અત્યારના આપણા ચારિત્રમાં તે તે દોષો થઈ શકે તેટલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંશે વધારે પ્રમાણમાં દૂર કરવાને માટે હંમેશાં પ્રયત્નશીલ રહેવું, પરન્તુ વિરાધના લાગી જાય છે; અતિચારસેવન થઇ જાય છે; પ્રમાદાદિનું સેવન થયા વગર રહેતું નથી માટે અત્યારે ચારિત્રજ ન ગ્રહણ કરવું એ માન્યતા તો સાવ ભૂલાવનારી અને અવળેમાર્ગે દોરી જનારી છે. જૈનશાસ્ત્રકારોને એ વાત પાલવતી નથી! અને કોઇપણ સમજુત બુદ્ધિનો માણસ આ માને પણ નહિ! અરે ભલા માણસ, આ તો પેલા દયાનંદ સરસ્વતિના સિદ્ધાંત જેવું થયું! પરમાત્માની–ભગવાનની પ્રતિમા ઉપર એકાદ વખત કીડી, મંકોડી કે ઉંદરડી જોઇને ભાઈને વિચાર આવ્યો કે ભગવાનની મૂર્તિ ઉપર આ પ્રમાણે જીવજંતુ ફરે એ ઠીક ન કહેવાય, અને આના માટે એમણે ઉપાય શોધવાની વિચારણા ચલાવી! અને એ વિચારણામાંથી એમણે એક ઉપાય ગોતી કાઢયો, પેલા "કોથળામાંથી પાંચશેરી," કાઢે તેમ–અને લોકોને ઉપદેશ આપ્યો કે એ દેવની મૂર્તિજ માનવી નહિ. પછી કીડી, મંકોડી કયાંથી ચઢવાની! વાહ ભાઈ વાહ! કેવો મજાનો ઉપાય! શરીરમાં દર્દ થયું એટલે એ શરીરનેજ કાપી કે બાળી નાખવું. એટલે પછી દર્દજ નહિ થાય! ખરૂં ભાઈ ખરૂં? કપડામાં જુું પડે એટલે કપડુંજ ફેંકી દેવું અને નાગાપુગા ફર્યા કરવું! પણ મહાનુભાવો! આ કંઇ સારો રસ્તો ન કહેવાય! **આ તો વિનાશનો પંથ છે.** એ માર્ગે જનાર તો વગર માગ્યે વિનાશજ વહોરી લેવાનો. માટે એ વિનાશના પંથથી વેળગા રહીને "ન્હાયા એટલું પુણ્ય" એ વાત યાદ રાખીને બની શકે એટલું ચારિત્રનું આરાધન કરવું ઘટે!

**સાચી નીડરતા.** હવે પાછા આપણી મૂળ વાત ઉપર આવીએ. જે માણસ નાની નાની વસ્તુઓનો ત્યાગ કરીને આ અસાર સંસારમાંથી સાર ખેંચી લેવાને વિચાર અને આચાર નથી કરી શકતો એ મોટા વૈભવો અને મોટી સત્તાઓનો ત્યાગ કરી શકશે એ વાત કેમ માની શકાય? અત્યારે તમારી પાસે ન તો એવા મહાન્ વૈભવ, વિલાસો છે, ન તો તમારે રાજ્યના રક્ષણની ચિંતા કરવાની છે, કે ન તો તમને ચક્રવર્તીની ઋદ્ધિજ મળી છે. છતાં જો સંસારનો ત્યાગ કરવા તૈયાર નહિ થાઓ તો પછી કયારે થશો? જે માણસ પૈસા બે પૈસાનું દાન કરી ન શકે એ લાખોની સખાવત શી રીતે કરવાનો? આપણા જેવા સાધારણ માણસોની વાત તો જુદીજ છે કે વખત આવ્યે આપણે કોઇ વસ્તુ કોઇને આપીએ પણ ખરા અને વખત આવ્યે બીજા પાસેથી માગીએ પણ ખરા! એટલે ભીખ માંગવામાં આપણને એટલી બધી નાનપ નથીજ! પણ જે ચક્રવર્તી હોય, જેના મગજમાં ચક્રવર્તીની ઋદ્ધિની રાઈ ભરાયેલી હોય એને ભીખનો વિચારજ કયાંથી આવે? વળી તમને જેમ દીક્ષા લઇને ભિક્ષા માગવાનું કહી શકાય છે એમ એને કહે પણ કોણ? છતાં દુનિયામાં એવા બેપરવા સાધુઓ પણ છે અને હતાજ કે જેઓએ એવા ચક્રવર્તીની મહાન્ ઋદ્ધિથી લેશ પણ અંજાયા વગર બેધડક રીતે એમને દીક્ષા લઇને ભિક્ષા ઉપર ઉદરનિર્વાહ કરવાનો ઉપદેશ આપ્યો છે! ભલા વિચાર કરો કે એ ચક્રવર્તી જેવાને ભિખનું કહેનાર સાધુ કેટલા નીડર હશે? પણ ખરી વાત એ છે કે જ્યાં સુધી સંસારની વાસનાઓ તમારા હૃદયમાં ઘર કરી રહી છે ત્યાં સુધી એ નીડરતા તમારા ખ્યાલમાં નહિજ આવે! બાકી **આત્માની દૃષ્ટિએ તો એવા ઋષિ મહર્ષિઓએ એ ઋદ્ધિને કોડી જેટલી પણ નથી ગણી, અને આવી ભાવનામાંથીજ સાચી નીડરતાનો પાઠ મળી શકે છે.** એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**નીડરતા મેળવનારને સંસારમાં કોઈનો ડર હોતો નથી! એ નીડરતા એટલે આત્મ-દર્શનનું પ્રથમ સોપાન!**

**શાસ્ત્રોનો સૂર.** હવે તમે સમજી શકશો કે એ ચક્રવર્તી કરતાં એ સાધારણ શેઠનો પુત્ર વધારે ભાગ્યશાળી હતો. એ બાહ્ય રીતે સુંદર દેખાતા ચક્રવર્તીપણા પાછળ અનેક યાતનાઓ છુપાયેલી છે! એ યાતનાઓ સહન કરવી પડે ત્યારે ખાધેલું ઓકવા જેવું દર્દ થાય! શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં એક વાકય આવે છે કે **'नरिंदजाई अहमा नराणं'** સમગ્ર માનવ જાતમાં રાજાનો દરજ્જો સૌથી છેલ્લો છે! કેવું વિચિત્ર? આ સંસારવ્યવહારમાં તો તમને રાજા જેવો કોઈ સુખી માણસ નથી દેખાતો; એના જેટલો માનમર્તબો કોઇનો નથી સચવાતો; એના જેટલા વૈભવ-વિલાસ અને અમનચમન ઉડાવવા કોઇને નથી મળતા; એના જેટલી સત્તા કોઇની પાસે નથી: આ બધું છતાં શાસ્ત્રકારો એના માટે આવો અભિપ્રાય કેમ આપતા હશે? એકજ દૃષ્ટિએ કે એ બધી આકર્ષક દેખાતી સુંદરતાની પાછળ પાપનો પુંજ એકઠો કરવાની મલિન શક્તિ રહેલી છે. તો પછી એવા રાજા-પણાને શાસ્રકારો કઇ રીતે વખાણે? ટૂંકમાં વાત એ છે કે તમે પૈસાદાર હો કે ગરીબ હો, શાસ્ત્રને એ જાણવાની જરૂર નથી; તમે રાજા હો કે મહારાજા હો, શાસ્ત્રને મન એ મહત્વ વગરનું છે! તમે ચક્રવર્તી હો કે બલદેવ-વાસુદેવ હો શાસ્ત્રને એની સાથે કશી નીસબત નથી! તમે આનંદ-વિલાસમાં ડુબ્યા રહેતા હો કે સાધારણ જીવન ગાળતા હો, શાસ્ત્રને એની ફીકર નથી! તમે પૈસાદાર હશો તો તરશો અને ગરીબ હશો તો ડુબશો એવો મલિન પક્ષપાત શાસ્ત્રમાં કયાંય નથી: તમે હો તે હો: ગમે તે હો: શાસ્ત્રને એ સાથે કંઈ સંબંધ નથી: એ તો એકજ વસ્તુ **કહે છે કે તમે ગમે તેવા હો, ગમે ત્યાં હો, ગમે તેવી પરિસ્થિતિમાં હો. તમારે સદાય કાળ ધર્મકરણી કરતા રહેવું. આ સંસારની જાળને એક પ્રકારની ઇંદ્રજાળ સમજીને એનાથી બચતા રહેવું! સંસારમાં પડશો તો ફસશો, ધર્મ કરશો તો તરશો! આ બધાય શાસ્ત્રનો સાર છે. બધાય શાસ્ત્રોનો બોધપાઠ છે: અને બધાય શાસ્ત્રોનો સૂર છે.** એ સૂર સાંભળશે તે ભાગ્યશાળી થશે! અને સાંભળીને એ પ્રમાણે આચરશે તે મહાભાગ્યશાળી થશે! શાસ્ત્રોના સૂરનો આ પ્રભાવ છે!! **એ પવિત્ર સૂરને ઝીલો અને તમારૂં કલ્યાણ સાધો!**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ભવસાગર.

મહાનુભાવો! તીર્થંકરો, ગણધરો, ગીતાર્થો અને તે બધાના અક્ષરદેહરૂપે અમર બનેલા શાસ્ત્રો-એ બધાય તરવાનો ઉપાય બતાવે છે. અરે! એ તરવાના ઉપાયો બતાવવામાંજ એ સૌની મહત્તા એવં સાર્થકતા રહેલી છે. એ એક સાવ સામાન્ય બુદ્ધિમાં ઉતરી શકે એવી બીના છે કે-એક માણસ તરવાનો ઉપાય બતાવતો હોય તો તરતાં શિખાય યા ન શિખાય; એ ઉપાયોનો અમલ કરીને લાભ ઉઠાવી શકાય યા ન પણ ઉઠાવી શકાય; તરવાનું બની શકે યા ન બની શકે. છતાં એ તરવાના ઉપાયોના પ્રતિપાદન અને દર્શનથી એટલું તો જરૂર સિદ્ધ થાય છે કે સંસારમાં કોઈ પણ વસ્તુ એવી તો અવશ્ય હશેજ કે જે તરવા લાયક હોય અને જેને તરવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં જો તરવાની કળા ન આવડતી હોય તો ડૂબી મરવાનો કમનસીબ બનાવ પણ વખતે બની જાય! તો પછી ધર્મશાસ્ત્રો-અને શાસ્ત્રકારો જો તરવાના ઉપાયો સૂચવવામાંજ પોતાની કૃતકૃત્યતા માનતા હોય તો તેમની-શાસ્ત્રોની-દુનિયામાં પણ કોઇ નદી, નાળા કે સમુદ્ર જેવી ચીજ હોવીજ જોઇએ! કે જે તરવા માટે એમણે ઉપાયો બતાવ્યા છે! ભલા આ સમુદ્ર કયો? મહાનુભાવો! એ સમુદ્ર તે સંસારસમુદ્ર જેને આપણે બધા ભવસાગર કહીએ છીએ તેજ! ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ આ સંબંધી ઉપદેશ કરતાં શ્રી જ્ઞાનસાર પ્રકરણમાં જણાવી ગયા છે કે:—ભવ કઈ વસ્તુનું નામ છે: એનું સ્વરૂપ શું છે: એ ભવ ઉલ્લંઘન થયો કયારે ગણાય: એને ઉલ્લંઘન કરતી વખતે માનવીનું મન કેવા વિચારોના પરિણામોમાં સ્થિર હોય: કેવી કેવી નબળી ભાવનાઓથી મન વેગળું રહે: અને કેવા કેવા રૂપો બદલ્યા બાદ કાર્યમાં સફળતા મળે! અગર એ ભવરૂપી સમુદ્રનું અસ્તિત્વ મટી જાય તો એને તરવા વિગેરેના ઉપાયો શોધવાની ઉપાધિ પણ ન રહે! પણ એનું અસ્તિત્વ મટવાની કલ્પના એ કલ્પનાજ રહેવાની! એ કલ્પના કદી પણ મૂર્ત સ્વરૂપ નહિજ ગ્રહણ કરે! અને એટલાજ માટે ધર્મકરણી રૂપે એના ઉપાયોની પણ એટલીજ આવશ્યકતા રહેવાની! એ સંસાર-સમુદ્રની ગહનતા માટે એટલુંજ કહેવું બસ થશે કે એ **ભવસાગરની ગહનતા, ગંભીરતા અને વિકટતા આગળ જેને આપણે સીમા વગરનો સાગર કહીએ છીએ તે તો ગાગર સરખો બની જાય છે!!!**

**ભવ એટલે શું?** ભલા, જે ભવનો દરેક શાસ્ત્રોમાં આટલો બધો ઉહાપોહ કરવામાં આવેલો છે અને જે ભવને પાર કરવા માટેજ ધર્મની સ્થાપના કરવામાં આવી છે એ ભવ શું ચીજ છે તે જરા વિચારીયે! વ્યાકરણશાસ્ત્રના આધારે શબ્દોની વ્યુત્પત્તિના સામાન્ય નિયમ પ્રમાણે તો "भवतीति भवः" એટલે કે "જે બને તે ભવ" એવી ભવની વ્યાખ્યા થાય છે, પણ આ તો એક સામાન્ય વ્યુત્પત્તિ માત્રજ છે. એટલી વ્યુત્પત્તિમાત્રથી એ શબ્દનો પ્રાયોગિક અને સાચો અર્થ આપણે સમજી શકતા નથી. આ વાત કેવળ અહિંજ લાગુ પડે છે એમ નથી. એ તો તમામ શબ્દોની વ્યુત્પત્તિમાં એવુંજ બને છે. કેવળ શુષ્ક વૈયાકર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ણીય શાબ્દિક વ્યુત્પત્તિ પ્રમાણે તો દરેક શબ્દોનો એવોજ અમર્યાદિત અર્થ થાય છે, પણ **અમુક શબ્દ અમુક પ્રકારનો મર્યાદિત અર્થ** કરવામાં આવે ત્યારેજ એ શબ્દ એના **અર્થને બતાવી શકે છે!** અન્યથા તો ગમે તેને એ શબ્દ લગાડી શકાય! જેમકે **गो** શબ્દ. આ શબ્દની શુષ્ક વ્યુત્પત્તિ "**गच्छतीति गोः**" "જાય (ચાલે) તે ગાય" એ પ્રમાણે માણસને પણ એ શબ્દ લાગુ પડી શકે, કુતરા, બિલાડા અને ઘોડાગધેડા જેવાને પણ એવીજ રીતે લાગુ પડે. છતાં આવો ઉપયોગ આપણે વ્યવહારમાં નથીજ અનુભવતા. એટલે **गो** શબ્દનો અર્થ કેવળ ગાય, બેલમાંજ મર્યાદિત કરવામાં આવ્યો છે! એજ પ્રમાણે અહિં પણ **भव** શબ્દથી આપણને ઇષ્ટ અર્થ કાઢવા માટે કેવળ એની શુષ્ક વ્યુત્પત્તિનેજ માત્ર ન વળગી રહેતાં એના ભાવમાં જવાની જરૂર રહે છે, અને એ ભાવ બરાબર સમજવા માટે એની વ્યુત્પત્તિમાં અમુક શબ્દો વધારવા પડે છે! એટલે આ પ્રમાણે જૈનશાસ્ત્રકારે ભવની વ્યુત્પત્તિ કરતાં ફરમાવ્યું છે કે—"**भवन्ति कर्मवशवर्तिनः प्राणिनो अस्मिन् इति भवः**" એટલે કે જેમાં પ્રાણીઓ કર્મને આધીન થઇને રહે તેનું નામ ભવ! ભલા **भू** ધાતુને **अल्** પ્રત્યય લગાડવાથી **भव** શબ્દ બને છે. તો પછી એ **भव** શબ્દની વ્યુત્પત્તિમાં "**कर्मवशवर्तिनः प्राणिनः**" એવું પદ ક્યાંથી આવ્યું? ન તો એમાં **कर्मवशवर्ती** એવું પદ મળે છે કે ન એમાં **प्राणी** શબ્દનો સમાવેશ થાય છે. છતાં એને અહિં લેવાનો શો અર્થ? મહાનુભાવો! આ વાત શરુઆતમાં ઉપર કહી ગયા કે અમુક શબ્દનો મર્યાદિત ઇષ્ટ અર્થ કરવામાં અમુક વધારાના શબ્દોનો પ્રયોગ કરવો પડે છે. આ તો તમારા રોજના અનુભવની વાત છે, અને વળી અહિં તો સૂત્ર, સિદ્ધાંતની વાત છે એટલે **સૂત્રોની વ્યાખ્યામાં તો અનેક શબ્દો અધ્યહાર સમજવા પડે છે!** જો આ અધ્યહાર માનવાનો નિયમ કાઢી નાખવામાં આવે તો કોઇપણ સૂત્રની યથાસ્થિત વ્યાખ્યા નજ થઈ શકે! જ્યાં જ્યાં જેવા શબ્દોની અનિવાર્ય **આવશ્યકતા** હોય ત્યાં તે શબ્દો ઉપરથી સમજીજ લેવા પડે છે. દાખલા તરીકે-આપણે બધાય બોલીએ છીએ કે "**धम्मो मंगलमुक्किट्ठं**" હવે આ પદને બરાબર સમજવા માટે એની વ્યાખ્યા કરતી વખતે ક્રિયાવાચક કોઈપણ શબ્દ આપણે ઉપરથી સમજી લેવો પડે છે, કારણ કે-ક્રિયાપદ વગર વાક્ય બનીજ શકતું નથી. સિદ્ધાંતકારોનું પણ વચન છે કે-**सोपस्काराणि सूत्राणि** એટલેકે સૂત્રોમાં હંમેશાં (અમુક વસ્તુ) અધ્યહાર હોયજ છે! એટલે સૂત્રોની વ્યાખ્યા કરતી વખતે એ અધ્યહાર પદો ઉમેરી લેવા પડે છે. આ સ્થાને એક વાત જરૂર સમજવાની છે કે-અમુક સૂત્રોમાં કયા પદો અધ્યહાર લેવા એ સમજવું બહુ કઠિન છે. **એ અધ્યાહાર પદોને શોધી કાઢવાનું કાર્ય દરેક માણસની બુદ્ધિ માટે શકય નથી.** એટલાજ માટે સૂત્રોની વ્યાખ્યા કરનાર માણસ મહાજ્ઞાની જોઇએ અને સાથે સાથે ચારિત્ર-શીલ જોઇએ કે જેથી સૂત્રના પ્રતિપિત્સિત અર્થને બરાબર સમજી શકે અને તેને અનુકૂળજ શબ્દો અધ્યહાર તરીકે સમજે! **ગમે તે સુત્રમાં ગમે તે પદ અધ્યહાર લેવામાં આવે તો તો સંસારમાં સૂત્ર નામની કોઇ વસ્તુજ ન રહી શકે?** કારણ કે તો પછી તો દરેક માણસ પોતાને ગમતા સિદ્ધાંત (?)નું પ્રતિપાદન થઇ શકે તેવા શબ્દો ઉમેરીને ગમે તે સૂત્રો-માંથી ગમે તેવા અર્થ ઉપજાવી શકે! કહેવાનું તાત્પર્ય એ છે કે એક શબ્દ યા સૂત્રનો ઇચ્છિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થ બરાબર સમજવા માટે અમુક પ્રકારના શબ્દો અધ્યહાર માનવાજ પડે છે. એટલા માટે ભવ શબ્દનો પણ બરાબર અર્થ સમજવા માટે અમુક અનિવાર્ય શબ્દોને અધ્યહાર માનીને તેનો ઉપયોગ કરવામાં કશી હરકત જેવું નથી! એટલે ભવ શબ્દનો ઉપર કર્યો તે **પ્રમાણે-જેમાં પ્રાણીઓ કર્માધીન બને તેનું નામ ભવ.** એ અર્થ બરાબર અને સંગત છે!

**એનું વિષેશ સ્પષ્ટીકરણ.** મહાનુભાવો! ઉપર તમે સાંભળી ગયા તે **भवन्ति कर्मवशवर्तिनः प्राणिनः अस्मिन् इति भवः** વ્યાખ્યામાં એટલા બધા પદોની શી જરૂરત છે તે જરા સમજો. સૂત્રોની વ્યાખ્યા કરતાં કે કોઇપણ શબ્દની વ્યુત્પત્તિ કરતી વખતે કોઇપણ શબ્દ નિરર્થક વધારે ન આપવો એવું સિદ્ધાંતકારોનું કથન છે. એટલા માટે એમાં જે કંઇપણ લખાય એટલે કે અધ્યહાર તરીકે માની લેવાય તે બધું અનિવાર્યજ હોવું જોઈએ. નહિ તો તો ઉપર કહી ગયા તે પ્રમાણે અધ્યહાર માનીને વધારવાના પદોની કોઈ પણ મર્યાદાજ ન રહે! અને એમ થાય તો પછી એ સૂત્ર કે શબ્દનો પણ અમુક ઉદ્દિષ્ટ અને મર્યાદિત અર્થ પણ ન રહી શકે! હવે એ વાત અહિં **भव** શબ્દની વ્યુત્પત્તિમાં વિચારીએ. સૌથી પહેલાં આપણે એ વિચારીએ કે-ઉપરના વાકયમાંથી **"प्राणिनः"** એ પદ કાઢી નાખીએ તો શું હરકત ઉભી થાય? તમે બધાય એ વાત સારી રીતે જાણો છો કે દરેક ક્રિયાપદનો કોઇપણ કર્તા હોવોજ જોઇએ, અને કોઇપણ વાકય કર્તાના ઉલ્લેખ વગર સંપૂર્ણ નથી થઇ શકતું, અને સાથે સાથે એ પણ જાણો છો કે **કોઇપણ ક્રિયાપદના કર્તા તરીકે નામ યા સર્વનામનોજ ઉપયોગ કરવાનો હોય છે.** એ સિવાયના બીજા શબ્દો કર્તા તરીકે નથી વાપરી શકતા. હવે અહિં ઉપરના વાકયમાં **भवन्ति** એ ક્રિયાપદ છે એટલે એનો પણ કોઇ કર્તા હોવોજ જોઇએ! એજ પદમાં **कर्मवशवर्तिनः** એવો શબ્દ છે, પણ એ તો વિશેષણ છે, એટલા માટે એ કર્તા તરીકેનું કામ ન કરી શકે. ત્યારે હવે એ વાકયમાં બીજું **प्राणिनः** પદજ એવું છે કે કર્તા તરીકે મૂકી શકાય, અને એ કર્તાની જગ્યા પૂરવા માટેજ એનો ઉપરના વાકયમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અસ્તુ. ત્યારે હવે **कर्मवशवर्तिनः** એ શબ્દ ન આપવામાં આવે તો શું હરકત? કર્તા તરીકે **प्राणिनः** અને ક્રિયાપદ તરીકે **भवन्ति** એ બે પદોનો ઉપયોગ કરવાથી વાકય પૂર્ણ થઈ શકે એમ છે તો પછી એ **कर्मवशवर्तिनः** એવું ત્રીજું પદ નિરર્થક શા માટે આપવામાં આવ્યું છે? મહાનુભાવો જરા શાંત ચિત્તે વિચાર કરો! અને એ બધાના ગુણદોષનો બરાબર વિચાર કરીને પછી કોઇપણ નિર્ણય કરો! જુઓ અલબત ઉપર કહ્યું તે પ્રમાણે કર્તા અને ક્રિયાપદથી વાકય બને છે ખરૂં છતાં એ વાત કદી પણ ભૂલવી ન જોઈએ કે **કોઇપણ વાકયની રચના કેવળ વાકય બનાવવાનાજ હેતુથી કરવામાં નથી આવતી પરન્તુ એ વાકય પોતાને ઈષ્ટ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે જ બનાવવામાં આવે છે.** અગર વાકય બનાવવા છતાં પોતાના ઇષ્ટ વકતવ્યની સિદ્ધિ ન થતી હોય તો તો એ વાકય બનાવવુંજ નકામું છે. એટલા માટે એક વાકય બનાવવામાં કેવળ કર્તા, ક્રિયાપદ કે કર્મથીજ કામ નથી સરતું પણ પોતાનો કહેવાનો આશય બરાબર સાફ તરી આવે એટલા શબ્દો તો વાપરવાજ પડે છે, અને વળી જે વાકય બનાવવાથી કે બોલવાથી પોતાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સિદ્ધાંત વિરૂદ્ધનીજ વાતની પ્રરૂપણા થતી હોય તો એ વાકય કેવળ વાકયરચનાની દૃષ્ટિએ કે વ્યાકરણુશાસ્ત્રની દૃષ્ટિએ ગમે તેટલું નિર્દોષ હોય છતાં એ હળાહળ સમાન છે. અહિંયા એવું શું છે તે જુઓ. અહિંયા કેવળ કર્તા તરીકે **प्राणिनः** અને ક્રિયાપદ તરીકે **भवन्ति** એ બેજ પદોને લઈને **भवन्ति प्राणिनः अस्मिन्** એટલે કે જેમાં પ્રાણીઓ થાય (બને) છે એવી વ્યુત્પત્તિ કરવામાં આવે તો તો શાસ્ત્રકારના મુખ્ય સિદ્ધાંતની વિરૂદ્ધજ પ્રરૂપણા થાય છે, કારણકે ઉપર પ્રમાણે પ્રાણીઓ થાય છે જેમાં એવી વ્યુત્પત્તિ કરવા જતાં એ વાત માની લેવાય છે કે જીવ ઉત્પન્ન થાય છે અને એ માન્યતા કેવળ જૈનશાસ્ત્રકારનેજ નહિ કિન્તુ તમામ આસ્તિક દર્શનકારોને અસ્વીકાર્ય છે, કારણકે જૈન, **વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય** ઇત્યાદિ કોઇપણ **આસ્તિક દર્શનકારો જીવની ઉત્પત્તિને માનતાજ નથી.** દરેકે જીવને અનાદિ માન્યો છે. હવે જે વસ્તુ અનાદિ હોય તે ઉત્પન્ન થાય છે એમ કેમ કહી શકાય? **યા તો ઉત્પન્ન થતી હોય યા તો અનાદિ હોય!** પણ બન્ને વાત એક સાથે તો નજ બની શકે ને? એક અનાદિ અને બીજું આદિવાળું એ બે મીયા મહાદેવની જોડીને કદી પણ મેળ ખાય ખરો કે? એટલે ઉપર પ્રમાણેનું **कर्मवशवर्तिनः** વિશેષણ કાઢી નાખવામાં સિદ્ધાંત વિરૂદ્ધ પ્રરૂપણાની મહાન્ આપત્તિ આવી પડે છે! એ આપત્તિ દૂર કરવા માટે એ વિશેષણની અનિવાર્ય આવશ્યકતા છે. **મહાનુભાવો હવે** તમે બરાબર સમજી શકયા હશો કે ઉપર પ્રમાણે જે **भव** શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવી છે તે બરાબર અને દોષમુકત છે. હવે સાથે સાથે એટલું પણ જાણી લયો કે એ વિશેષણાત્મક પદનો અહિં કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. તમે બધાય એ વાત તો જાણતા હશોજ કે બધાય સત્તાવાચક ક્રિયાપદો અકર્મક હોય છે. હવે જ્યાં એવા સત્તાવાચક ક્રિયાપદો કેવળ અમુક વસ્તુના અસ્તિત્વનેજ બતાવવા માટે વાપરવામાં આવ્યા હોય છે ત્યાં તો બીજા કશા પદની જરૂરત નથી પણ જ્યાં કેવળ સત્તાવાચકજ ન હોયત્યાં એ વાકયનો પૂર્ણ અર્થ સમજવા માટે કર્તા અને ક્રિયાપદ ઉપરાંત બીજા પદો વાપરવાજ પડે છે. આ પ્રમાણે વાપરવામાં આવતા પદોને ક્રિયાપૂરક તરીકે વ્યાકરણમાં ઓળખાવવામાં આવેલ છે અને આવા ક્રિયાપૂરક તરીકે નામ યા વિશેષણનોજ ઉપયોગ કરવામાં આવે છે. અહિં પણ **कर्मवशवर्तिनः** એ પદનો કેવળ વિશેષણ તરીકે ઉપયોગ કરવામાં નથી આવ્યો પણ એનું મુખ્ય કામ અહિં **भवन्ति** ક્રિયાપદના ક્રિયાપૂરક તરીકેનું છે. સાથે સાથે એ પણ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જ્યાં જ્યાં આવા ક્રિયાપૂરકવાળા વાકયો બતાવવામાં આવે છે ત્યાં ત્યાં ક્રિયાપૂરક તરીકે વાપરવામાં આવેલ શબ્દજ આખાય વાકયના વિધેય તરીકેનું કામ કરે છે. આ માટે એક સામાન્ય દાખલો લોઃ-કોઇ માણસ બોલ્યો કે-નેમિનાથ બાળ **બ્રહ્મચારી** હતા. હવે અહીં આખા વાકયનું વિધેય શું છે? બાળ બ્રહ્મચારી! કારણ કે એ વાકય બોલનાર માણસનો ઉદ્દેશ એ તો નથીજ કે નેમિનાથ હતા. યાને નેમિનાથ નામના કોઇ મહાપુરુષ થઇ ગયા, પણ એનો મુખ્ય ઉદ્દેશ એજ હતો કે નેમિનાથ નામના મહાપુરુષ બાલબ્રહ્મચારી હતા. એ વાકયનો ઉપયોગ કરવાનો એનો આશય એજ બતાવવાનો છે કે તેઓ બાલબ્રહ્મચારી હતા. એજ પ્રમાણે અહિં પણ **प्राणिनः भवन्ति** એમ નહિ પણ **प्राणिनः कर्मवशवर्तिनः भवन्ति** એમ કરવાથી "પ્રાણીઓ બને છે જેમાં" એવો અનિષ્ટ અર્થ ન કરતાં "જેમાં પ્રાણીઓ કર્મને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આધીન (થાય) છે" એવો અર્થ કરવાથી દરેક પ્રકારના દોષનું નિરાકરણ થઇ જાય છે, કારણ કે **સંસારના જીવો બધાય કર્મના નચાવ્યાજ નાચે છે** એ વાતનો કોનાથી ઇન્કાર થઇ શકે એમ છે? અસ્તુ.

**પ્રવૃત્તિનું ફળ!** ભવ શબ્દની આટલી વિસ્તૃત છતાં આવશ્યકીય વિવેચના કર્યા પછી હવે તમે એનો અર્થ બરાબર સમજી ગયા હશો! પણ મહાનુભાવો! આમ છતાંય અને તમે બધા ડગલેને પગલે "ભવ" શબ્દનો શાબ્દિક ઉપયોગ કરવાને ટેવાઈ ગયા છો છતાંય જ્યાં સુધી એ શબ્દની અંદર રહેલો ગંભીર ભાવ તમારા હૃદયના ઉંડાણમાં ગડમથલ મચાવી ન મૂકે ત્યાં સુધી તમારે સમજી રાખવું કે-એ શબ્દ બરાબર સમજ્યા નથી, પણ પેલા પઢાવેલ પોપટના રામ-રામની માફક માત્ર એ શબ્દનો ઉચ્ચારજ કરી જાણો છો. જે માણસ "ભવ" નું ખરૂં રહસ્ય સમજતો હોય તેની પ્રવૃત્તિઓ કેવી હોવી જોઈએ એનો જરા વિચાર કરો! વાઘ આવ્યા વગર માત્ર ખોટી "વાઘ આવ્યોરે વાઘ આવ્યો" એવી બૂમો મારવાથી વાઘના સાચા ભયનું ભાન નથી થતું, પણ જ્યારે નજરો નજર વાઘને નિહાળો ત્યારેજ ખબર પડે છે કે એ કેવો મહા-ભય છે. ભવ પણ એક પ્રકારનો વાઘજ છે. અરે એ વાઘ કરતાંય વધારે ભયંકર છે, પણ જ્યાં સુધી એના સાચા ભાવનું તમને ભાન ન થાય ત્યાં સુધી તમે તેનો સાચો ભય નહિ સમજવાના એટલુંજ નહિ પણ પેલા, વાઘ જોયા વગરજ વાઘ આવ્યોની બૂમ પાડીને એનો આનંદના સાધન તરીકે ઉપયોગ કરનારની માફક અનેક બાબતોમાં ભવનો તમે તમારી અવળી પ્રવૃત્તિઓની અંદર બચાવના સાધન તરીકે ઉપયોગ કરવાના! છ બાર મહિનાનું કે બે ત્રણ વરસ હોય તેને બાળક કહેવામાં આવે છે, અને એની કોઈ પણ ભૂલ તરફ આંખમિંચામણી કરીને એને માફ કરવામાં આવે છે. હવે કોઇ મોટો માણસ પણ પોતાનો ગુન્હો જતો કરવા માટે બાળક હોવાનો ઢોંગ કરે છે અને એ બાળકપણાના બહાના નીચે પોતાના ગુન્હાઓ છુપાવવા માગે છે, એજ પ્રમાણે આપણે પણ ભવ, સંસાર અને એવા બધા શબ્દોનો છૂટવાની બારી તરીકે ઉપયોગ કરીએ છીએ. કોઇ ગૃહસ્થને એની અમુક પ્રકારની ખોટી પ્રવૃત્તિ માટે કંઇ પૂછવામાં આવે તો એ કહેશે કે અમે સંસારી છીએ. કેવું વિચિત્ર? શું સંસારી થયા એટલે બારે દરવાજા મોકળા થયા? મહાનુભાવો જે વસ્તુનો પોતાના ભલા માટે ઉપયોગ કરવાનો છે એનોજ ઉપયોગ આ પ્રમાણે પાપનું પોષણ કરવામાં આવે છે એ કેટલી શોકની વાત છે! ખરી વાત એ છે કે-એ **ભવનું રહસ્ય સમજીને પોતાના આત્માનું જેમાં વધુ હિત થાય એવી પ્રવૃત્તિ આદરવી ઘટે!** બાકી શુષ્ક પ્રવૃત્તિમાર્ગ તો એવોજ છે કે જે ગમે તે બહાના નીચે પોતાની અવળી પ્રવૃત્તિને પોષવા ચાહે છે, પણ એ ધ્યાન રાખવું જોઇએ કે **કર્મરાજાની દુનિયામાં કોઈપણ છુપી કે ખુલ્લી પ્રવૃત્તિનું ફળ મળે છે.** એટલા માટે એવી અવળી પ્રવૃત્તિ છોડીને સારામાં પ્રવૃત્ત થવું જોઇએ!

**ખોટો બચાવ!** મહાનુભાવો તમે બધાય જાણો છો કે આ દુનિયાનો પ્રવાહ અનુકરણશીલ છે. અમુક વસ્તુ પોતાની સ્થૂલ દષ્ટિથી નીહાળે: એ પ્રવૃત્તિમાં પોતાના અમુક પ્રકારના સ્વાર્થોનું, પોતાની અમુક પ્રકારની વાસનાઓનું પોષણ થતું જુએ અને પછી તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શું પૂછવું જ? આંખ મીચીને એનું અનુકરણ કરી નાખવું: પણ આવું અંધ અનુકરણ માણસને કેટલીયે વખત મૂર્ખામાં ખપાવે છે અને પોતાના સાચા ગુણદોષોના ભાનથી વેગળો રાખે છે. સમજો કે–એક ચાર છ વરસના બાળકથી અમુક પ્રકારનું નુકસાન થઈ ગયું, પણ એ બાળકની અજ્ઞાનતાના કારણે એ ગુન્હા બદલ એને સજા કરવામાં ન આવી, અને એને નિર્દોષ ગણી છોડી મુકવામાં આવ્યો. હવે એ પ્રસંગનો વિચાર કરીને એક ૧૮–૨૦ કે ૨૨ વર્ષનો યુવાવસ્થામાં ડોકીયું કરતો બાળક પોતાના ગુન્હાને એજ બાળકપણા અને એજ અજ્ઞાનના પડદા તળે છુપાવવા ચાહે તો એ સફળ થાય ખરો? કદીજ નહિ! કારણ કે એની બુદ્ધિનો દરેકને પરિચય થઇ ગયો હોય છે, અને એ બુદ્ધિના કારણે એ ગુન્હેગાર બને છે. હવે આજ પ્રમાણે તમારો વિચાર કરો. બીજા લોકોની દેખાદેખી તમે પણ ઉપર કહ્યા પ્રમાણે “સંસારી” હોવાથી નિર્માલ્ય બહાના તળે તમારા પાપાચરણો અને અવળી પ્રવૃત્તિઓ છૂપાવવા ચાહો એ કેવું મૂર્ખતાભર્યું લેખાય? તમારે ભૂલવું નથી જોઈતું કે તમે સંસારી હોવા છતાં સમ્યક્ત્વના પરમ ઉપાસક અરે સમકિતધારી છો, પરમાત્મા મહાવીરદેવની આજ્ઞાઓને માથે ચઢાવવાનું પરમ સૌભાગ્ય તમને પ્રાપ્ત થયું છે! સંસારી હોવાના બહાના નીચે પાપનું પોષણ કરવું એ તો મિથ્યાદષ્ટિનું કામ છે. **સમકિતધારી તો** એ માર્ગને નવગજના નમસ્કાર કરે! અને **કદાપિ પણ એવા ખોટા બહાના નીચે પોતાની ખોટી પ્રવૃત્તિને ચાદર** નજ **ઓઢાડે!** યાદ રાખજો કે **ખોટા બચાવથી** કદાપિ **આત્માનું રક્ષણ નથીજ થતું! ખોટું એ તો છેવટે ખોટુંજ** રહે! પિત્તળ કદી સોનું બન્યું સાંભળ્યું?

**શિયાળનો માર સિંહને!!!** મહાનુભાવો! વિકરાળ વનરાજ કેસરી સિંહ શિયાળીયાની ગુલામી સ્વીકારે, શિયાળીયાની સેવા, સુશ્રૂષા કરે, શિયાળીયાની આગળ રાંક બકરા જેવો બની જાય–અરે છેવટે એ નમાલા નિર્બળ શીયાળીયાથી માર પણ ખાય, એ કલ્પના કદી તમને આવી છે?–કે એ કલ્પનામાં તમને સત્ય ભાસે છે ખરૂં? નહિજ! આવી વાત કરનારને પણ તમે બધાય હસીજ કાઢો! અને એ વાત પણ ઠીકજ છે કે–એક સિંહની આવી સ્થિતિ એ કલ્પનાતીત વસ્તુ છે! પણ મહાનુભાવો! આ અનંત વિચિત્રતાઓથી ભરેલા સંસારમાં કલ્પના પણ જયાં ન પહોંચી શકે એવી વસ્તુઓ પણ બને છેજ! જરા તમારા આત્માનોજ વિચાર કરો! અને તમને આપોઆપ સમજાઇ જશે કે–એક સિંહ શિયાળીયાના હાથે માર ખાય એમાં લેશમાત્ર પણ અતિશયોક્તિ નથી. શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે–**આ તમારા, મારા અને બધાય પ્રાણીઓના શરીરમાં વસતો આત્મા અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતવીર્ય અને અનંત સુખથી ભરેલો છે! આત્માની શક્તિનો કોઇ પાર નથી!** એક તરફ આવો મહા સમર્થ આત્મા અને બીજી તરફ હવે કર્મને તપાસો! સ્વભાવે જડ! પત્થર જેવા જડ! ન તો કોઇ પ્રકારનું જ્ઞાન કે ન કોઇ પ્રકારની સારી ખોટી લાગણીઓ! ન એમાં કંઇ વીર્ય કે ન કોઇ સુખ! આટલું છતાંય એ જડ-માટીના ઢેફા જેવા કર્મને આધીન થઇને, એ અનંત શક્તિઓના ધણી આત્માને, એના નચાવ્યા પ્રમાણે નાચવું પડે છે! એનું અનંત જ્ઞાન કયાંક ઢંકાઇ જાય છે એનું અનંતદર્શન કયાંઇ છુપાઇ જાય છે; એનું અનંતવીર્ય–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અખુટ શક્તિ–ક્યાંય પલાયન કરી જાય છે અને એ આત્મા કસાઈખાનાના રાંક બકરાની માફક કર્મરાજાનો ચાબુક, નીચી ગરદને, પોતાના શરીર ઉપર સહન કરી લ્યે છે. કર્મ મૂર્ખ રાખે તો મૂર્ખ બને છે ! કર્મ જન્મ આપે તો જન્મ લ્યે છે ! કર્મ મરણુ આપે તો મરે છે. કર્મ બેસાડે તો બેસે છે અને ઉઠાડે તો ઉઠે છે ! ટૂંકમાં કહીએ તો **આ સંસારી દશામાં, એ પરમ જ્ઞાન–દર્શન અને વીર્યવાન્ આત્મા પોતાનું રાજતત્વ ભૂલી જાય છે અને પોતાના સ્વામી તરીકે કર્મનો સ્વીકાર કરીને એના કહેવા પ્રમાણેજ નાચે છે !** કહો મહાનુભાવો ! હવે સિંહે શિયાળના હાથે માર ખાધો એ કલ્પના શા માટે ખોટી ગણાય ? સંસારની આ વિચિત્રતા છે–લીલા છે ! **સંસાર છે ત્યાં સુધી આ આત્મારૂપી સિંહ કર્મરૂપી શિયાળના હાથે માર ખાવાનોજ ખાવાનો !**

**એ પવિત્ર લાગણીઓ !** મહાનુભાવો ! સિંહ જેવા સમર્થ પ્રાણીને શિયાળ જેવા નમાલા પ્રાણીના હાથે માર ખાતો જોઇને તમને જરૂર સિંહની કંગાળ હાલત ઉપર દયા ઉત્પન્ન થાય ! એજ પ્રમાણે જો આ સંસારનું અને સંસારની અસારતાનું રહસ્ય સમજનારા અને આત્માની અનંત શક્તિઓનો સાક્ષાત્કાર કરનારા એ પરમ જ્ઞાનવાન્ શાસ્ત્રકારોને, તમને કર્મના ગુલામ થયેલા અને અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં રાચેલા જોઇને, તમારા ઉપર દયાભાવ ઉત્પન્ન થાય તો તેમાં શું નવાઇ ભર્યું છે ? આજકાલ કેટલાક ઉતાવળી પ્રકૃતિના માણસોના દિલમાં એ સવાલ ઘર કરી ગયો છે કે—એ શાસ્ત્રકારોને, એ તીર્થંકરોને કે એ પરમ જ્ઞાનવાન્ મહાપુરુષોને સંસારના બીજા પ્રાણીઓની આટલી બધી "પારકી પંચાત" કરવાની શી જરૂર ? પણ એ બધાય ઉતાવળીયાઓ સમજી લ્યે કે—નબળા થયેલા ઉપર કે નબળા બનીને પારકાના હાથે નિરર્થક માર ખાતા ઉપર દયાભાવની લાગણીઓ સહૃદય માણુસોને માટે એક સહજ વસ્તુ છે. તમે બધાય જાણો છો કે—**લાગણીઓનો પ્રવાહ એ એક પ્રકારનો સ્વયંભૂ પ્રવાહ છે !!!** કોઈપણ દિવસે લાગણી–જેને આપણે સાચી લાગણી કહી શકીએ તે–પરાણે ઉત્પન્ન કરી શકાતી નથી કે થતી લાગણીઓના પ્રવાહને રોકી શકાતો નથી. એ તો કોઇ ગિરિકંદરાઓના ઢાળબંધ માર્ગેથી ધસારાબંધ વહેતી સરિતાની માફક અદમ્ય અને સ્વેચ્છાચારી છે, તો પછી એ **પરમજ્ઞાનવાન્ તારકો આપણા જેવા પામરો ઉપર દયાર્દ્રહૃદય થાય અને આપણને કુવામાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવે એ સાવ સ્વાભાવિક છે અને સાથે સાથે એટલુંજ જરૂરી છે !** એક બીજું દષ્ટાંત જુઓઃ–એક કરોડાધિપતિ ! એની સમૃદ્ધિનો કોઇ પાર નહિઃ એનાં વૈભવ, વિલાસના સાધનોની સીમા નહિઃ એના ધનધાન્યના ભંડારો ભરપૂર ! આવો માણુસ પોતાની છતી બધી સંપત્તિને ગમે તે કારણુસર યા લોભવશ થઇને તાળામાં બંધ કરી રાખે અને પોતાના આ એક વેંતના ઉદરનો ખાડો પુરવા માટે અનેક પ્રકારની ગુલામી કરવા તૈયાર થાય ! છતી સંપત્તિએ પાઈ, પૈસા માટે બીજાનાં કડવાં વચનો અને તિરસ્કાર સહન કરેઃ એક કંગાળ ભીખારીની માફક ચીંથરેહાલ સ્થિતિમાં લોકોના ઘરેઘરે ભટકે ! ભલા–એક તરફ પોતાનીજ માલીકીની અઢળક સંપત્તિ અને બીજી તરફ પરમલોભના કારણે ભીખારી જેવી હાલતઃ અને આ બન્ને વસ્તુ એકજ માણુસમાં ! ભલા તે

વખતે તમારૂં હૃદય તેના પ્રત્યે કેવું લાગણીભર્યું અને દયાભીનું થવાનું! ઠીક એજ વસ્તુ આપણી અને એ પૂજ્ય શાસ્ત્રકારોની વચ્ચે છે. **એ પરમ તારકોની પવિત્ર લાગણીઓના આધારેજ આપણે સંસારસાગર તરવાનો માર્ગ મેળવીએ છીએ! એ લાગણીઓ એટલે મધ્ય દરિયાનું વહાણ, ભૂખ્યાનું ભાતું અને મરતાનું અમૃત!**

**સાચી અને ખોટી દૃષ્ટિ!** કેટલાક માણસોના હૃદયમાં એક પ્રશ્ન ઘણી વખત ઉઠે છે કે-એક સમ્યક્ત્વધારી જીવ અને એક મિથ્યાદૃષ્ટિ જીવ-એ બન્ને કર્મવાળા હોય છે. બન્ને ખાય છે, પીએ છે, સૂવે છે કે બેસે છે. બન્ને જન્મે છે અને મરે છે. બન્નેને કર્મનું ફળ ભોગવવું પડે છે. તો પછી સમ્યગ્દૃષ્ટિ સારો અને મિથ્યાદૃષ્ટિ ખોટો એવો સારાસારનો ભેદ શા માટે રાખવો? અલબત બન્ને જીવો કેટલીયે ક્રિયાઓ એકસરખીજ કરે છે એ ખરૂં છે. બન્ને ખાય પીએ અને જન્મે મરે છે. એ પણ સાચું છે. છતાં બન્નેમાં એક મહાન્ ફરક છે, અને તે ફરક કોઈ બાહ્ય ફરક નથી પણ અંતરની ભાવનાનો ફરક છે. મહાનુભાવો! **એકજ સરખી ક્રિયા કરવા છતાં તેનું એકજ સરખું ફળ નથી આવતું, કારણ કે એ ક્રિયા પાછળનો હૃદયનો નાદ એક સરખો નથી હોતો** એ વાત તમે બધા સમજો છો. બે માણસોએ એકજ ઝાડ ઉપરથી એકજ સાથે પુષ્પો ચૂંટ્યાં. છતાં એનું ફળ બન્નેને જુદુંજ મળે છે. એકને શુભ બંધ થાય છે. બીજો પાપનો ભાગી બને છે. કારણ કે એકનો પુષ્પ ચૂંટવાની ક્રિયા પાછળનો આશય પ્રભુપૂજાનો હતો જ્યારે બીજાનો આશય કેવળ સુંઘીને આનંદ લેવાનો હતો! આટલા નહાના ઉદાહરણ ઉપરથી તમારે સમજવું ઘટે કે એ બન્ને સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ-જીવો કદાચ ઉપરથી એક સરખા દેખાતા હોય છતાં એ લોકોનો આંતરો બહુજ ભિન્ન હોય છે, અને **આધ્યાત્મિક દુનિયામાં દરેક પ્રકારના ભેદોનો મુખ્ય પાયો અંતરની પ્રેરણા ઉપરજ રાખવામાં આવે છે.** એટલે એક સરખી ક્રિયા કરવા છતાં સમ્યગ્દૃષ્ટિનું અંતર જુદા પ્રકારનું હોય છે અને મિથ્યાદૃષ્ટિનું જુદા પ્રકારનું હોય છે. **સમ્યગ્દૃષ્ટિ પ્રાણી, કર્મને કારણે ફળ ભોગવવા છતાં અને ક્રિયાઓ કરવા છતાં નિરંતર એજ ધ્યાન રાખે છે કે ગમે તેમ કરીને કર્મની સાંકળના ટૂકડા કરી નાખવા અને પોતાના આત્માને મુક્ત કરવો.** જ્યારે બીજી તરફ **મિથ્યાદૃષ્ટિને મન તો આ સંસારમાં સર્વસ્વનો સમાવેશ થાય છે,** અને એની વૃદ્ધિનેજ એ પોતાની ઉન્નતિ સમજે છે. મહાનુભાવો! **આત્માની ઉન્નતિ એ પોતાની ઉન્નતિ છે અને સંસારની ઉન્નતિ એ પારકાની ઉન્નતિ છે! પોતાની ઉન્નતિમાં રાચે એ સમ્યગ્દૃષ્ટિ-સાચી દૃષ્ટિવાળો-ખરા જ્ઞાનવાળો! અને પારકાની ઉન્નતિમાં આનંદ માનીને એને પોતાની ઉન્નતિ માને એ મિથ્યાદૃષ્ટિ-ખોટી દૃષ્ટિવાળો-ઉલટા જ્ઞાનવાળો.** ધગધગતી રેતીમાં ઉઠતી અગ્નિની લહરીઓને પાણીનો પ્રવાહ માનનારનું જ્ઞાન તો ખોટુંજ કરે છે. દુનિયામાં બે પ્રકારના નોકરો જોવામાં આવે છે. એકનું લક્ષ્ય આ જીવન નોકરી કરીને જીવવાનું હોય છે અને બીજાનું લક્ષ્ય અમુક અનિવાર્ય સમય માટે નોકરી કરીને છેવટે પોતાનો વ્યાપાર ખેડવાનું હોય છે. સમ્યગ્દૃષ્ટિ જતે દહાડે કર્મની ગુલામી ફેંકી દેવાનુંજ લક્ષ્ય રાખે છે અને વખત આવે ફેંકીજ દે છે. અનંત તીર્થંકરો, ગણધરો અને કેવળીઓ આ વાતની સાક્ષીરૂપ છે, અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મિથ્યાદષ્ટિ કર્મની ગુલામીમાંજ પડયો રહે છે. વાસુદેવ અને પ્રતિવાસુદેવના દષ્ટાંતથી આ વાત વધુ સ્પષ્ટ રીતે સમજાશે:-વાસુદેવ શરૂઆતમાં તો પ્રતિવાસુદેવને આધીન હોય છે, પણ એ પરાધીનતામાં પણ વાસુદેવનું લક્ષ્ય તો એકજ હોય છે કે-વખત આવ્યે પોતાનું પરાક્રમ ફોરવીને પ્રતિવાસુદેવને ઉખાડી નાખવો, અને છેવટે વાસુદેવ પોતાની ઇચ્છા સિદ્ધ કરેજ છે! એજ પ્રમાણે **સાચી દૃષ્ટિવાળો માણુસ કર્માધીન હોવા છતાં કર્મ નાશ કરવાનોજ વિચાર કરે!** અને પોતાને મોક્ષ ન મળે ત્યાં લગી એ ભાવનાનોજ જાપ જપ્યા કરે! વાસુદેવને જેમ પોતાના વાસુદેવપણાનું ભાન થાય ત્યારથી તે સમજણો થયો કહેવાય અને ત્યારથી તે પ્રતિવાસુદેવના નાશનોજ વિચાર કરે તે પ્રમાણે આ જીવને જયારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારથી તે સમજણો થયો કહેવાય. ત્યાર પછી બાળકપણાનો બચાવ કામ ન લાગે, અને ત્યારથીજ એણે કર્મરાજાના રાજ્યનો ધ્વંસ કરવાનું ધ્યાનમાં રાખીને પોતાની પ્રવૃત્તિઓને એ-સાચે-માર્ગેજ દોરે.

**પંચમહાવ્રતઃ દીક્ષા.** ઉપર જે પ્રમાણે ભવની વ્યાખ્યા-વ્યુત્પત્તિ કરી અને તેનું વિવેચન કર્યું તેવુંજ વિવેચન "સંસાર"નું પણ થાય છે. એટલે 'ભવ' અને "સંસાર" એ આટલા અંશે એકજ અર્થને બતાવે છે. આમ હોવા છતાં સાધુઓ સંસારી કહેવામાં આવે છે તો તે વાત તે શા માટે સહન નથી કરી શકતા? શું તેઓ આ સંસાર-સાગરના એક ભાગરૂપ મનુષ્યગતિમાં નથી? અને છે તો પછી એને સંસારી કહેવામાં હરકત શી? અલબત એક દૃષ્ટિએ જોતાં સાધુઓ પણ મનુષ્યગતિનો અનુભવ કરવાના કારણે સંસારી ખરા! છતાં તેમની આંતરિક ભાવનાઓની દૃષ્ટિએ તેઓ સંસારી નજ ગણાય! કારણ કે-સંસારમાં રહેવા છતાં, **સંસારની કેટલીક ખાવાપીવાની અનિવાર્ય પ્રવૃત્તિઓ કરવા છતાં એક સાધુનું સાચા સાધુનું-હૃદય કદાપિ એ વાતોમાં કે કર્મરાજાની ગુલામી ચાલુ રહે એવી નીચ ઇચ્છામાં પરોવાયેલું નથી રહેતું!** એ બધામાં પડવા છતાં એનું હૃદય જળકમળની માફક અલિપ્ત રહેવું જોઇએ! એને હંમેશાં પોતાના આત્માની મુકિતનો ખ્યાલ રહેવો જોઇએ! સદાય એનું હૈયું કર્મની ગુલામીના ડંખથી છેદાતું હોવું જોઇએ! અને આ પ્રમાણે જે હોય તેજ સાચો સાધુ, સાચા આત્માનો સાધક, સાચો વૈરાગી! અને આટલાજ માટે સાધુ સંસારમાં રહેવા છતાં કર્મરાજાના હથિયાર રૂપ જે પ્રવૃત્તિઓ હોય છે તેને ફેંકી દે છે, અને એક હથિયાર વગરના રાજામાં કેટલું બળ હોય શકે એ કલ્પના કરવી કંઇ કઠિન નથી. હથિયાર ગયા એટલે બળ ગયું અને બળ ગયું એટલે પોતે બકરા જેવો રાંક બની જવાનો. મહાનુભાવો યાદ રાખો કે-જયાંસુધી આ કર્મરાજાના હથિયારનો તમે નાશ નથી કર્યો ત્યાં સુધી કર્મનો નાશ થવો અશકય છે. હથિયારોથી સુસજ્જિત થયેલા યોદ્ધાને કેદ કરવાનું બહુજ કપરૂ છે. એટલે સૌથી પહેલાં એના હથિયારો મૂકાવી દેવા જોઇએ! હથિયાર લઇ લીધા એટલે કદાચ અસ્તિત્વ રૂપે હૈયાત રહે છતાં એટલું બધું બળ નજ દેખાડી શકે! ભલા એ કર્મરાજાના મૂળ હથિયાર કયાં કે જેને ફેંકી દેવાથી સાધુઓ સંસારમાં હોવા છતાં સંસારી નથી કહેવાતા! એ અઢાર પાપસ્થાનકમાંના પહેલાંના પાંચ એ કર્મરાજાના મુખ્ય હથિયાર છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ. એ પાંચના કારણેજ જીવ અનેક પ્રકારના કર્મોનું ઉપા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ર્જન કરે છે. આ સિવાયના બીજા તેર પાપસ્થાનકો તો સાવ કમજોર છે, અને આ પાંચ આગેવાનોના પરાજયમાં એ તો બીચારા સાવ બલહીન બની જાય છે! અને આટલાજ માટે એ પાંચ પાપસ્થાનોના સર્વથા પરિત્યાગ રૂપે દરેક સાધુએ પંચ મહાવ્રતનું યથાર્થ પાલન કરવાનું હોય છે! એ પાંચ મહાવ્રત એ આત્માના રક્ષણમાં મોટામાં મોટા કિલ્લા સમાન છે. **જેટલા અંશે પંચમહાવ્રતનું પાલન વધારે કડક એટલા અંશે આત્માનું વધારે જતન!** મહાનુભાવો આ **પંચમહાવ્રતનું મહત્વ એટલે ભાગવતી દીક્ષાનું મહત્વ** એ વાત તમે ન ભુલશો! **ગમે તેવા ભયંકર ભવસાગરથી તારવાનું મહાસામર્થ્ય એ દીક્ષામાં છે.!**

**મૂળ ઉખેડો!!** આ સ્થાને એ પંચમહાવ્રતનું રહસ્ય જરા વિસ્તારથી સમજો! તમે બધાય સારી રીતે જાણો છો કે-એક વસ્તુનો જો નાશ કરવો હોય તો સૌથી પહેલાં એ વસ્તુનું મૂળ શેમાં રહેલું છે એ શોધી કાઢવું પડે છે. જે વસ્તુમાંથી એ વસ્તુ પોતાનું પોષણ મેળવતી હોય એ વસ્તુને ગોતી કાઢવી એ સૌથી પ્રથમનું અને સૌથી મહત્વનું કાર્ય છે! સમજો કે-એક માણસને ખાંસીનું દર્દ થયું. હવે એ માણસ પોતાને ખાંસી શા કારણથી થઈ એની તપાસ નથી કરતો, અથવા તો તપાસ કરીને કારણની જાણ થવા છતાં એ કારણને દૂર કરવા તૈયાર નથી; અને એક બહુજ હોશિયાર વૈદ્યની દવા લાવે છે! એક તરફ એ દવા ખાય છે અને બીજી તરફ ભજીયા અને ચેવડો ઉડાવે છે! ભલા એ માણસનું ખાંસીનું દર્દ કદીપણ નાબુદ થશે ખરૂં કે? નહિજ! કારણ કે એણે નવુ પાણી આવવાનો માર્ગ બંધ કર્યા વગરજ જુના પાણીને ઉલેચવાનો પ્રયત્ન આદર્યો છે. જો કુવો ખાલી કરવો હોય તે પહેલાં નવું પાણી આવવાના રસ્તા રોકવા જોઇએ! એજ પ્રમાણે જ્યારે શાસ્ત્રકારો એક તરફ એ ફરમાન કાઢે છે કે કર્મનો સંયોગ એ આત્માના માટે મહાન્ રોગ સમાન છે. અરે એક પ્રકારનો પક્ષાઘાત છે, કે જેના કારણે આત્મા સ્વયં સાવ શક્તિહીન અને પાંગળો બની જાય છે, અને બીજી તરફ એજ રોગથી આત્માને મુક્ત કરવા માટે સૌથી પ્રથમ એ રોગ વધવાના મુખ્ય કારણને રોકવાનો ઉપદેશ કરે છે અને બીજી તરફથી એ હયાત રોગને નાબુદ કરવાના પ્રયત્નો સૂચવે છે. **નવી ભરતી બંધ થઇ એટલે જુનાનો નાશ અવશ્ય થવોજ જોઇએ!** અને આ કર્મરોગ વધવાના મુખ્ય કારણરૂપે શાસ્ત્રકારોએ પ્રથમ પાંચ પાપસ્થાનોને નિર્દેશ્યા છે. એ પાંચની હયાતીમાં કર્મ ખુબ ખુબ જોર કરી શકે છે, અને એ પાંચ ચાલ્યા જાય કે પછી કર્મનું જોર વધવાનું કારણજ રહેતું નથી! એ પાંચને ટાળ્યા એટલે પછી બીજા ૧૩ માંના ગમે તે પાપસ્થાનકો ગમે તેટલું જોર કરે છતાં આત્માને દબાવવામાં તે નજ ફાવી શકે, સમજો કે-એક પંચમહાવ્રતધારી મુનિની આગળ રાગે પોતાનું નૃત્ય શરૂ કર્યું પણ એની અસર એ મુનિરાજ ઉપર શી થવાની? એણે પૈસો ટકો કે વાડીલાડીને લાતમારીને ફગાવી દીધી છે! એટલે પછી રાગ નકામોજ નીવડવાનો! એજ પ્રમાણે દ્વેષ પણ ન ફાવી શકે! કારણ કે હિંસા, અસત્યાદિકનો સર્વથા ત્યાગ કરવામાં આવ્યો છે! આજ પ્રમાણે બીજા બધાય પાપસ્થાનકોમાં સમજવાનું! મહાનુભાવો! તમારે એ યાદ રાખવું કે-**પંચમહાવ્રતની રચના એ કોઇ તરંગી માણસનો કલ્પનાનો વિહાર નથી પણ શુદ્ધ આત્મતત્વની દૃષ્ટિએ, ખૂબ આત્મમંથનના અંતે,**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મહાજ્ઞાનવાન પુરૂષોએ ગોતી કાઢેલો ઉત્તમ માર્ગ છે!** અને આટલાજ માટે એ પંચ-મહાવ્રતધારી મુનિનું સ્થાન આટલું બધું ઉંચું ગણવામાં આવ્યું છે. આશ્રવના ૪૨ ભેદ હોવા છતાં એમાંના મુખ્ય પાંચજ બંધ કરવાથી બીજા બાકીના ૩૭ આશ્રવ હોવા છતાં અનાશ્રવી કહેવામાં આવે છે એ પણ આજ દૃષ્ટિએ! તમે બધાય જાણો છો કે-છેક બારમા ગુણઠાણાના છેડા સુધી ઇંદ્રિયોનો ઉપયોગ હોય છે, દસમાના છેડા સુધી કષાયો હોય છે અને છેક છેક તેરમા ગુણઠાણાના છેડા સુધી પણ જોગો હોય છે અને ક્રિયાઓ હોય છે. આમ એ દરેક ગુણસ્થાનકમાં યોગ, ક્રિયા, કષાય કે ઇંદ્રિયો હોવા છતાં અને એ ૪૨ આશ્રવોમાંથી કેવળ પાંચ છોડવા છતાં, બીજા ૩૭ આશ્રવોની હયાતીમાં પણ, એ એ ગુણસ્થાન વર્તીને અનાશ્રવી કહેવામાં આવે છે. આમાં મુખ્ય ઉદ્દેશ એજ છે કે મૂળ ઉપર **કુઠારઘાત થયો એટલે ડાળા પાંદડી તો બીચારા આપોઆપ ઠેકાણે પડી જવાના.** અથવા તો એનો નાશ કરવા માટે કોઇ ખાસ વિશેષ પરિશ્રમ નહિ કરવો પડવાનો! એક શહેરનો કિલ્લો તોડી નાખો, એટલે પછી એ શહેરનું તમામ બળ ઉડી જવાનું અને તમે ધારો તેવી સ્થિતિ તે શહેરની કરી શકો! મહાનુભાવો! તમારી સામેજ સંસારમહાસાગર ઘુઘવાટા કરી રહ્યો છે. કર્મરાજાના સિપાઇઓ તમને જેલમાંજ ગોંધી રાખવા રાતદિવસ તૈયાર રહે છે. આ અવસ્થામાં તમારે શું કરવું ઘટે એનો વિચાર કરો! **એ કર્મરાજાના મૂળપાયા રૂપ પાંચ પાપસ્થાનકોનો ત્યાગ કરો અને પછી જુઓ કે તમારો આત્મા કેવો ઉન્નત બને છે!**

**जो जागत है सो पावत है।** આજકાલની દરેક દેશે પોતાનું શાસન ચલાવવાની રાજનીતિનો વિચાર કરતાં પણ કંઇક તમને આત્મઉન્નતિના માર્ગમાં મદદ મળે એમ છે. તમે બધાય જાણો છો કે **અત્યારની રાજ કરવાની પ્રણાલી કેવળ શસ્ત્રોના બળ ઉપરજ નથી રચાઇ, પરન્તુ એમાં જેટલો શસ્ત્રોનો હિસ્સો છે તેટલોજ-અરે કેટલીક વખત તો તેથીય વધારે હિસ્સો વેપારવણજનો છે.** જે દેશો શસ્ત્રોથી ન માનતા હોય તેવા દેશોને વ્યાપારી નીતિને અખત્યાર કરવાથી ઘડીના છઠ્ઠા ભાગમાં ઠેકાણે લાવ્યાના ઉદાહરણોનો આ જમાનામાં તોટો નથી! આત્માની સાધનામાં પણ આ વાત ખ્યાલમાં રાખવા જેવી છે કે પંચ મહાવ્રતને ગ્રહણ કરવાથી એટલે કે પાંચ મોટા પાપસ્થાનકોનો ત્યાગ કરવાથી કર્મરાજાના મૂળ હથિયારનો નાશ જરૂર થાય છે, પણ એટલા માત્રથીજ બધું કાર્ય નથી સરતું! એ હથિયારો છીનવી લેવાની સાથેજ એનો વેપાર પણ નાબુદ થાય એ ધ્યાનમાં રાખવું ઘટે! અગર એ વેપાર ચાલતો રહે તો તો પાછું એનું જોર વધી જાય અને પાછા બીજા હલકા ગણાતા પાપસ્થાનકો પણ ઉંડા ખાડામાં ગબડાવી પાડવાનું ન ચૂકે! એટલા માટે કર્મનો કોઇપણ પ્રકારનો વ્યાપાર ન ચાલે એમ સમજીને એની દરેક પ્રકારની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવવો જોઇએ! અને આટલાજ માટે એક પંચ મહાવ્રતધારી સાધુમુનિરાજ માટે અનેક પ્રકારની ક્રિયાઓનું અને અનેક પ્રકારના નિયમોનું વિધાન કરવામાં આવ્યું છે કે જેથી કોઇપણ પ્રકારના કર્મનું પોષણ થાય તેવી પ્રવૃતિમાં મગ્ન ન થઇ જવાય! તમે યાદ રાખજો કે આ સંસારની વાસનાઓ અને લાલચો એવી છે કે માત્ર ક્ષણભરના પ્રમાદમાંજ આત્માને ઘેરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હયે છે અને આત્માની મોટી સાધનાને કોઈકોઈ વખત માટીમાં મેળવી લે છે! અને આટલાજ માટે શાસ્ત્રકારોએ પ્રમાદને મહા પાપનું કારણ માન્યું છે. **જ્યાં પ્રમાદ પેઠો ત્યાંથી આત્મ-વિચારણા પલાયન થવાની!** આળસુ માણસનું કંઇ ભલું થાય છે? આળસના ઉપાસકો તો પેલા વાજદલ્લીશાહના એદીઓની માફક પડયા પડ્યાજ પુરા થવાને સર્જાયા હોય છે. આળસુ માણસનું જગતમાં કેવું સ્થાન છે એ વાત તમને વધારે સમજાવવી પડે એમ નથી! ઉદ્યમશીલનીજ દુનિયા છે. **ઉદ્યમ કરનાર માણસ પત્થરમાંથી પાણી કાઢી બતાવે છે અને ધૂળમાંથી ધાન પેદા કરે છે. એ વાત જગજાણીતી અને જુગ જુની છે!** જ્યાં સંસારવ્યવહારમાં પણ ઉદ્યમશીલ અને જાગ્રત રહ્યા વગર ન ચાલતું હોય ત્યાં આત્મઉદ્ધારના પંથમાં તો એની અથાગ અનેકગણી જરૂરત હોય એ બેને બે ચાર જેવું સ્હેજે સમજી શકાય એવું સત્ય છે. જાગનાર મેળવે અને ઉંઘનાર ગુમાવે છે! **એ કર્મના પંજામાં ન પડી જવાય એ માટે સદૈવ સચેત રહેવું!** અને એમાંજ આત્માનું શ્રેય છે!

**વેષનું મહત્વ!** કેટલાક માણસોની, દીક્ષાની અત્યંત આવશ્યકતા નહિ હોવામાં, એવી દલીલ છે કે-દીક્ષા લીધા છતાં એટલે કે સાધુ વેશધારણ કરવા છતાં પણ જો એ પાંચ મહાવ્રતનું બરાબર પાલન કરવામાં ન આવે અને અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં મગ્ન રહીને જીવન વીતાવવામાં આવે તો એ દીક્ષા લીધા છતાં પણ શું ભલું થવાનું? અને બીજી તરફ જે માણસના હૃદયમાં સંસારની વાસનાઓ ઉપર સાચોજ અણગમો પેદા થયો હોય તે માણસ એ પંચમહાવ્રતનું ઘરે બેઠા બેઠા પણ પાલન કરે અને દીક્ષાનો લેબાસ પહેર્યા વગર પણ આત્મકલ્યાણ કરે તો પછી દીક્ષાની શી જરૂરત? ટૂંકમાં એ લોકોનું કહેવું એવું છે કે-**मन चंगा तो कथरोटमें गंगा** મન સારૂં હોય તો દીક્ષા વગર પણ કલ્યાણ કરી શકાય છે! મહાનુભાવો! આ આખીય દલીલનો એકજ જવાબ છે કે-**આસપાસના સંયોગો અને આસપાસની સામગ્રી માણસના આત્મા ઉપર મોટી અસર કરે છે.** ઘણીએ વખત એ સામગ્રીઓની અસરે આત્મા ઉપર વિજય મેળવ્યો છે, અને આત્માને સ્વકલ્યાણના પંથેથી પાછો વાળ્યો છે. એટલા માટે જે વસ્તુને આપણે ખરાબ માની, જે વસ્તુને આપણે આત્મઘાતક માની એ વસ્તુથી આપણે એટલા બધા વેગળા થઇ જવું કે જેથી એ વસ્તુનો પડછાયો પણ આપણા ઉપર ન પડવા પામે! અરે મહાનુભાવો! તીર્થંકર જેવા સમર્થ પુરુષો કે જેમનો મોક્ષ એ ભવમાં અવશ્યંભાવી છે એવાને માટે પણ ગૃહત્યાગનું-દીક્ષાનું વિધાન કરવામાં આવ્યું છે, અને એવા પરમશક્તિશાળી પુરુષોને પણ ઘર સંસારનો સર્વથા ત્યાગ કરીને દીક્ષાના માર્ગનું અનુસરણ કરવું પડયું હતું. તો પછી આપણા જેવા પામર આત્માઓની તો વાતજ શી કરવી? મહાનુભાવો! દીક્ષાના પ્રશ્નના અંગે એક વેષ અને રૂપમાં કેટલી બધી અસર સમાયેલી હોય છે એ સમજવા જેવું છે. એક ઠેકાણે એવી કથા આવે છે કે-સીતાને રાવણ હરણ કરી ગયો. એ હરણ કરવા પાછળ રાવણની બીજી કોઈ ભાવના ન હતી, પણ માત્ર પોતાની વિષયવૃત્તિથી ઉત્તેજિત થઇનેજ તેણે આવું અપકૃત્ય કર્યું. સીતાને લઇ ગયા પછી તેને પોતાની જાળમાં ફસાવવામાં રાવણે અનેક કાવાદાવાઓ અને પ્રયત્નો કર્યા પણ એકેમાં એને સફળતા ન મળી! છેવટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એણે વિચાર કર્યો કે જો હું સીતાજી પાસે રામ જેવા વસ્ત્રો પહેરીને અને રામનું રૂપ બનાવીને જાઉં તો જરૂર સીતા મારા ફાંસામાં ફસાશે! રાવણે રામનું રૂપ ધારણ કર્યું અને સીતા પાસે ગયો, પણ અત્યંત આશ્ચર્ય વચ્ચે એણે અનુભવ્યું કે એ રામના વેષ અને રૂપના કારણે એની વિષયવૃત્તિ, તે વખતે, સમૂળગી દૂર થઇ ગઈ, અને વિષયની ઉત્તેજનાના અભાવે એને સીતાજીને ફસાવવાનો વિચાર સરખો પણ ન આવ્યો! મહાનુભાવો! આ વેષનો પ્રભાવ છે! તો પછી **દીક્ષાના વેષમાં એવોજ કોઇ મહાન્ ચમત્કાર સમાયેલો હોય એમાં શી નવાઈની વાત છે?** અનેક વખત એક પડતો માણસ કેવળ વેષના કારણેજ પોતાના આત્માનું જતન કરી શકે છે! આટલાજ માટે જ્યારે વૈરાગ્યવાસિત હૃદય થાય તે વખતે દીક્ષાનો પંથ ગ્રહણ કરીને, ઘરસંસારનો ત્યાગ કરીને સાધુનો વેષ ધારણ કરી લેવો જોઇએ! તમારે એ પણ જાણવું જોઇએ કે **દરેક વેષની પાછળ અમુક પ્રકારની ભાવના રહી હોય છે!** એક કમજોર અને નબળો માણસ પણ જો સિપાઇનો ડ્રેસ પહેરે તો એ રાજ્યના એક નિશાનરૂપ ગણાય છે અને એનું અપમાન એ રાજ્યનું અપમાન કરવા જેટલું ભયંકર છે. એજ પ્રમાણે **સાધુવેષનું રહસ્ય એ છે કે કર્મને આધીન હોવા છતાં કર્મની ગુલામી એ માણસને સ્વીકાર્ય નથી,** કર્મની ગુલામીને એ તોડવાનોજ પ્રયત્ન કરે છે! મહાનુભાવો વેષનું આટલું મહત્ત્વ સમજનાર કોઈ પણ સહૃદય અને સદ્‌વિચારક માણસ દીક્ષાનો ઈન્કાર કરીજ ન શકે!

**કર્મ સાથેનું યુદ્ધ!** તમે બધાય એ વાત જાણો છો કે-જ્યાં સુધી એક વ્યક્તિને પોતાની વસ્તુનું ભાન ન થયું હોય ત્યાં સુધી એ માણસ એ મેળવવાનો પ્રયત્ન કરે એ તો ઠીક પણ જેને ભાન થયું હોય તે જો પ્રયત્ન કરે તો તો ખરેખર એ મૂર્ખજ ગણાય! જેને પોતાના આત્મતત્ત્વનું ભાન થયું હોય તે તો કર્મરાજા સાથે પોતાનું યુદ્ધ શરૂજ કરી દે! એ યાદ રાખવું જોઇએ કે-**છીનવીને પોતાની બનાવેલી વસ્તુ કોઇપણ માણસ એમને એમ માગવાથી કે સ્હેલાઇથી નથી આપી દેતો,** પણ એના માટે લડાઇજ કરવી પડે છે. અલબત્ત દરેક લડાઇમાં કેટલીક વખત પોતાને પણ હારવું પડે છે, **પણ એક વખત હારનાર બીજી, ત્રીજી કે પાંચમી વખત પણ જરૂર વિજયી બનશે!** કર્મની સાથેની લડાઇમાં આત્મા કેટલીક વખત પાછો પણ પડે. છતાં જો લડાઇ ચાલુ રહે તો એનું શુભ પરિણામ આવ્યા વગર નજ રહે! અને વળી બીજું એ પણ આનંદભર્યું છે કે-આ તમારા સંસારીઓની લડાઈમાં તો કેટલીક વખત કેવળ હારવુંજ પડે છે, પણ **કર્મ સાથેની આત્માની આધ્યાત્મિક લડાઇમાં તો આત્માને ખોવાપણું કશું હોતુંજ નથી!** જે કંઇ પણ લાભ થવાનો તે આત્માના હકમાંજ થવાનો! ભલા **જે લડાઇમાં વિજયની વરમાળ પોતાનાજ ગળામાં પડવાની હોય તે લડાઇ કોણ મૂર્ખો ન લડે!** અને એક વખત વિજયના ડંકા-નિશાન વાગી ગયા એટલે તો પછી એ આત્માનો પરાજય કરવાની તાકાતજ કોનામાં છે! કર્મની સામે એક વખત મોરચા માંડો અને પછી જુઓ કે એ એક વખત સબલ લાગતા કર્મો કેવા રાંક બની જાય છે, અને એ યુદ્ધમાં આત્મા કેવો સુંદર વિજય મેળવે છે!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**એ સિંહને જગાડો!** મહાનુભાવો, શિયાળીયાથી માર ખાતા તમારા સિંહને જગાડો! હવે તો એની ઉંઘ ઉડાડવીજ ઘટે! અત્યારે નહિ જાગો તો ક્યારે જાગશો? યાદ રાખજો કે સમુર્ચ્છિમ દેડકાના રાઇ રાઇ જેવા કકડા કરવા છતાં થોડાક પાણીનો છંટકાવ થતાં એમાંથી અનેક દેડકા કુટી નીકળે છે તેમ કર્મનો થોડો પણ અંકુર બાકી રહે તો પાછો કદીક આખોય સંસાર ફરી ભમવાનો પ્રસંગ પણ આવી જાય! આટલાજ માટે તો શાસ્ત્રકારોએ કર્મોનો સમૂળગો–જડમૂળથી નાશ કરવાનો ઉપદેશ આપ્યો છે! એ અનાદિના કર્મો, પોતાના આત્મા સાથેના અનાદિના સંબંધને કારણે, આત્માને અનાદિકાળથી આ સંસારમહાસાગરમાં ગોથા ખવરાવ્યા કરે છે. એ અનાદિકર્મ, અનાદિકર્મ સંયોગ અને અનાદિનો ભવ એ અનાદિત્રયની ત્રિપુટીનો નાશ કરવોજ જોઇએ! મહાનુભાવો! અત્યારે તમારા હાથમાં, મનુષ્યદેહ, ઉત્તમ કુળ અને જૈનધર્મ જેવો પરમ ધર્મ, આવવા છતાં અને પવિત્ર ગુરુનો યોગ મળવા છતાં જો તમે તમારા આત્માના કલ્યાણનો વિચાર ન કરો તો આના કરતાં બીજો કયો વધારે સારો યોગ તમને મળશે કે જ્યારે તમે તમારા આત્માનું કલ્યાણ સાધી શકશો? યાદ રાખો કે **શુભયોગ વારંવાર મળતા નથી!** અને આવેલા પ્રસંગને ગુમાવી દેનારના નસીબમાં માથે હાથ દઈને રોયા સિવાય કશું બાકી નથી રહેતું! માટે મહાનુભાવો! હજુયે ચેતો, જાગો અને તમારા આત્મકલ્યાણ માટે તૈયાર થાઓ. **આ ઝાંઝવાના નીર સમા સંસારની મોહકતામાં ફસાયા તો યાદ રાખજો કે તમારો સિંહ સમાન બળવાન્ આત્મા એક શિયાળ કરતાં પણ વધારે નમાલો અને કંગાલ બની જશે!** એ સિંહને જગાડવામાંજ તમારૂં શાશ્વત કલ્યાણ છે, અને **એ આત્મારૂપી સિંહની ગર્જનાઓમાંજ કર્મરૂપ શિયાળીયાનો નાશ રહેલો છે!** આત્મા જાગશે ત્યારે સંસારના પાયા થરથરવા માંડશે! આત્માનો વિજય એ અખંડ અને શાશ્વતો વિજય છે. મહાનુભાવો! મહાન્ બળવાન્ સિંહ સમાન તમારા આત્માને જગાડો અને તમારૂં કલ્યાણ સાધો!!!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# માનવદેહની મહત્તા

## સાધનોની જરૂર

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ શ્રી જ્ઞાનસાર અષ્ટકની રચના કરતાં થકા સૂચવી ગયા છે કે–

સમસ્ત સંસારના જીવ માત્ર કઇ કઇ રીતિએ કયા કયા પ્રકારે અને કેવા કેવા પ્રકારે આ અનાદિ ગણાતા સંસારમહાસાગરમાં અસંખ્ય ભવરૂપી મહા ભ્રમણનાં–વમળમાં ભમ્યા કરે છે, ગોથા ખાધા કરે છે, અને પોતાના આત્મતત્વનું જ્ઞાન-ભાન-સાન ભૂલી બેસે છે, અને સાથે સાથે એ મહા વમળામાં ફસાયેલો જીવ એ ભયંકર વમળોના પાશમાંથી મુક્ત થઈ તે પોતાના આત્મ-સ્વરૂપને પ્રાપ્ત કરવા ચાહે તો તેણે કયા કયા સાધનોદ્વારા કયા કયા ગુણો પ્રાપ્ત કરવાના હોય છે, અને એ ગુણોની પ્રાપ્તિ કયારે થાય છે, અને એ ગુણોની સદ્‌ભાગ્યે પ્રાપ્તિ થયા પછી દરેક જીવ કયા કયા ગુણઠાણામાં કેવા કેવા પ્રકારની વિશિષ્ટ દશા ભોગવે છે.

મહાનુભાવો ! શાસ્ત્રકારો, તત્વજ્ઞાનીઓ અને આત્મતત્વના ઉપાસકો આ સંસારને આત્માના માટે એક મહાન્ બંધનરૂપ વર્ણવી ગયા છે. જ્યાં સુધી એ સંસારની એને લપ વળગેલી રહે ત્યાં સુધી એ પરમાત્મા બનવાની પરમ શક્તિવાળો આત્મા પણ, પાંજરામાં પુરાયેલા મહાન્ બળશાળી કેસરીની માફક, સાવ રાંક અને બળહીન બની રહે છે. એટલા માટે એ આત્મતત્વનો અને એ પરમશક્તિનો સાક્ષાત્કાર કરવા ઇચ્છનાર માણસે સૌથી પહેલાં એ આત્મશક્તિનો અવરોધ કરી રાખનાર સંસારની બેડીના ટુકડેટુકડા કરી નાખવા ઘટે, અને એટલાજ માટે શાસ્ત્રોમાં એ બેડીને તોડવાના અથવા તો એ સંસાર–મહાસમુદ્રને ઓળંગવાના સાધનોનું ખૂબ ખૂબ વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. એટલે એ તો સાવ દેખીતી વાત છે કે, નાનાથી લઇને મહાન્‌માં મહાન્ કાર્ય સુધીનું, કોઇ પણ કાર્ય એવું નથી કે જે કોઇ પણ પ્રકારના સાધનોનો ઉપયોગ કર્યા વગર માત્ર એમને એમ સિદ્ધ થઇ શકે. એટલે સૌથી પહેલું કાર્ય, દરેક પ્રાણીનું એજ થાય છે કે આવા ઉત્તમ સાધનોને ગોતી કાઢીને એનો ઉપયોગ શરૂ કરવો. **સાધન હશે તો સાધ્ય મળશે.** જ્યાં સાધનજ નહિ હોય ત્યાં સાધ્યનો પડછાયો પણ કયાંથી મળવાનો ? **ઝાડ હોય તોજ કેરી મળે એ સાવ દેખીતું સત્ય છે,** અને સાધનો બતાવવામાંજ આપણા પવિત્ર શાસ્ત્રોની સફળતા છે ! ! !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**માનવ દેહ.** એ પરોપકારી શાસ્ત્રકારોએ આ સંસારસમુદ્રને તરવાના જે જે ઉપાયો અને સાધનોનું વર્ણન કર્યું છે. એ બધામાં સૌથી પ્રથમ અને સૌથી મહત્વના સાધન તરીકે **મનુષ્યજન્મને** ગણવામાં આવેલ છે. દેવપણું એ કોઇ અપેક્ષાએ મનુષ્યપણા કરતાં જરૂર ચઢિયાતું ગણવામાં આવેલ છે. પરંતુ તે તો કેવળ-લગભગ-ઐહિક સુખવૈભવ અને સાંસારિક આનંદવિલાસની દૃષ્ટિએજ: એટલે કે કેવળ ભૌતિક દૃટિએજ. જો કેવળ **આધ્યાત્મિક દૃષ્ટિને લક્ષ્યમાં રાખીને આ બન્નેનું નિરીક્ષણ કરવામાં આવે તો નિર્વિવાદપણે મનુષ્યપણુંજ સર્વોત્તમ ગણાય!** દેવપણું ગમે તેટલું ભોગવે છતાં ત્યાંથી સંસારની મુક્તિ ન થઇ શકે. એ તો મનુષ્ય થાય ત્યારેજ બની શકે છે, અને આટલાજ માટે શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે મનુષ્યપણાને એક ઉચ્ચ-અતિઉચ્ચ અવસ્થા તરીકે ગણવામાં આવેલ છે. મહાનુભાવો! એ શાસ્ત્રકાર મહારાજોએ મહાન્ ગણેલ મનુષ્યપણું એ કોઈ ઉધાર લઈ શકાય એવી વસ્તુ નથી કે જેને જીવ મનમાં આવે ત્યારે મેળવી શકે અને મનમાં ફાવે ત્યારે પાછું આપી શકે. એ તો પૂર્વની કોઈ મહાપુણ્યાઇના ફળ રૂપે, નદીપાષાણ ન્યાયે કરીને, સ્વયં પોતાની મેળેજ મળતી વસ્તુ છે, **અનંત આત્માઓએ આ સાધારણ દેખાતા માનવદેહથી પોતાના આત્માની મુક્તિ મેળવી છે, અનંત આત્માઓ મેળવે છે અને અનંત મેળવશે!!!**

અને આટલાજ માટે એ માનવદેહને મહામૂલ્યવાન્ અને દુર્લભ ગણવામાં આવે છે. સંસારમાં કોઈપણ વસ્તુ એવી નથી કે જેનું મૂલ્ય એના કોઇપણ પ્રકારના ઉપયોગનું નિરીક્ષણ કર્યા વગર થઇ શકતું હોય. ખરી રીતે તો દરેક વસ્તુના મૂલ્યનો નિયામકજ એનો ઉપયોગ છે. **જે વસ્તુનો ઉપયોગ જેટલો મહાન્ એટલીજ એ વસ્તુ વધુ મહત્વની!** ભલે પછી દેખાવમાં એ વસ્તુ ગમે તેવી લાગતી હોય. આજ હિસાબ માનવદેહ માટે છે. **માનવદેહની સાધના અતિ મહાન છે. યાવત્ મોક્ષ મેળવવા સુધીની એ સાધનાની મર્યાદા છે,** અને આજ એ માનવદેહની મહત્તા સમજવી: જેટલી સાધના મહાન્ એટલી મહત્તા પણ મહાન્!!! અને તેથીજ એ માનવદેહની પ્રાપ્તિ દુર્લભ એ પણ બહુજ મુશ્કેલી ભરી છે.

**એ મુશ્કેલ કેમ?** ભલા આ માનવદેહની પ્રાપ્તિને આટલી બધી મુશ્કેલ શા માટે માનવામાં આવે છે? કારણ કે આપણા સામાન્ય સંસારવ્યવહારમાં તો આપણે એજ વસ્તુને મુશ્કેલભરી માનીએ છીએ કે જે યાતો અલભ્ય હોય એટલે કે એ વસ્તુનો સંસારમાં મોટા પ્રમાણમાં અભાવ હોય-યાને-એ વસ્તુ મળતી જરૂર હોય પણ બહુજ ઓછા પ્રમાણમાં મળતી હોય. જેવી રીતે કે સોનું કે હીરા, ઝવેરાત વિગેરે અથવા તો એ વસ્તુની માલીકી બીજી કોઇ વ્યક્તિ વિશેષની હોય અને એની પાસેથી બળજબરીથી અથવા એની ખુશામત કરીને એના કઠોર હૈયામાં ઉદારતાની ભાવના, ગમે તેમ કરીને પણ, પ્રગટાવીને એને રીઝવીને મેળવવાની હોય. આ બે પ્રકારમાંથી એક વાત હોય તોજ એક વસ્તુની પ્રાપ્તિમાં મુશ્કેલીનો સામનો કરવો પડે, પણ જ્યાં આમાંથી એક પણ સ્થિતિ વિદ્યમાન ન હોય એટલે કે જે વસ્તુ મોટા પ્રમાણમાં મળી શકતી હોય અને જેની કોઈપણ વ્યક્તિવિશેષની માલીકી પણ ન હોય તેની પ્રાપ્તિમાં કોઇપણ પ્રકારની મુશ્કેલી નજ સંભવી શકે? અને મનુષ્યપણું પણ આવા પ્રકા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રનીજ વસ્તુ છે. સંખ્યાની દૃષ્ટિએ શાસ્ત્રકારોએ મનુષ્યની સંખ્યા કરોડ, અબજ કે પરાર્ધ જેટલી ન રાખતાં એના કરતાંય વધી જાય તેટલી રાખી છે કે સંખ્યાના આંકડા ૨૯ જેટલા રાખવામાં આવ્યા છે એટલે મનુષ્યની સંખ્યામાં તો કોઇપણ પ્રકારની ઉણપ નથીજ દેખાતી! અને એ મનુષ્યપણાની માલીકી પણ કોઇ વ્યક્તિવિશેષની નથીજ! કારણ કે જૈનશાસનમાં કર્તા ઇશ્વર જેવી કોઇ વસ્તુની કલ્પનાજ નથી કરવામાં આવી કે જે મનુષ્યપણાની માલીકીને ભોગવી શકે? આપણા રોજના વ્યવહારમાં તો જરૂર જોઇએ છીએ કે અમુક વસ્તુનો માલીક અમુક માણસ છે-આ દાબડી દેવદત્તની છે: આ પેટી ઉપર યજ્ઞદત્તનો અધિકાર છે: આ મકાન ઉપર ગોપાળની માલીકી ચાલે છે, પણ મનુષ્યપણું એ અમુકની પોતાકી મિલ્કત છે એવું આપણે કદી સાંભળ્યું નથી. એટલે કે-ટૂંકમાં મનુષ્યપણાની ન તો ઓછપ છે કે ન તો એ કોઈ વ્યક્તિવિશેષની પોતાની સંપત્તિ છે. છતાં પણ મનુષ્યપણાની પ્રાપ્તિને મુશ્કેલ કેમ ગણવામાં આવી છે? આ આખાય લાંબા સવાલનો એક ટૂંકો અને સચોટ જવાબ આ સુવર્ણના દૃષ્ટાંતથી સ્હેજે સમજાઇ જશે. જમીન નીચે-ખાણમાં-રહેલા સોનાની દુનીયામાં કશી ખામી નથી. હજારો મણ સોનું બહાર કાઢવામાં આવ્યું છે અને હજીએ નીકળ્યેજ જાય છે: બીજી તરફ એ જમીનની ખાસ કોઇની માલીકી પણ નથી હોતી અને હોય તો પણ એ જમીન મેળવવાનું મુશ્કેલ નથી. છતાં દુનીયામાં કેટલા માણસો સોનું કાઢી શકે છે? કરોડની સંખ્યાવાળા માનવસમુદાયમાંથી ગણ્યાગાંઠ્યા મુઠીભર માણસોજ એ કાર્યમાં સફળતા મેળવી શકે છે. કારણ કે એમાં ઘણા મહાન્ મહાન્ સાધનોની અપેક્ષા રહે છે; ઘડી ઘડીમાં નવી નવી યુક્તિઓ શોધી શકે એવા ફળદ્રુપ ભેજાની જરૂરત રહે છે; સફળતાને જોઇને ગાંડા ન બની જવાનું અને અફળતાનો આસ્વાદ થતા ભગ્નહૃદય નહિ થવાનું મહાન્ મનોબળ જોઇએ છીએ; અવિરત પરિશ્રમ કરવાની અને તાઢતડકા વેઠવાની શારીરશક્તિ જોઇએ છે; અને આ બધાય ઉપરાંત એ કાર્યમાં જરૂરી પડતા પૈસા વેરવાની આર્થિક યોગ્યતા જોઇએ છે. જ્યારે આ બધાય બાહ્ય સાધનો આવી મળે ત્યારેજ એ સુવર્ણની પ્રાપ્તિ શકય બને છે. જ્યારે સુવર્ણ જેવી ભૌતિક વસ્તુને મેળવવામાં આટલી બધી ઝહેમત ઉઠાવવી પડે છે તો મનુષ્યપણારૂપ મહાન્ વસ્તુની સિદ્ધિમાં અનેક સામગ્રીઓની જરૂરત પડે એમાં શી નવાઈ? કેટલુંય પુણ્ય સંચિત કર્યું હોય; **કેટલીય શુભ પ્રવૃત્તિઓ આદરી હોય અને કેટલુંય તપ કર્યું હોય ત્યારે આ મનુષ્યપણું પ્રાપ્ત થાય છે,** અને આટલાજ માટે એને મુશ્કેલ માનવામાં આવે છે.

**એ ઇશ્વર શા માટે?** બાકી-એ માનવદેહની પ્રાપ્તિ એક તરફથી આટલી બધી મુશ્કેલી ભરી હોવા છતાં એ આપવા લેવાનો અધિકાર, બીજા દર્શનકારોની માફક, જૈનશાસને કોઈ વ્યક્તિવિશેષને આપી નથી રાખ્યો કે જે મનમાં આવે તેને અને મનમાં આવે ત્યારે આપે અને પાછું પોતાનો વિચાર તરંગ ઉઠતાં છીનવી લ્યે! પ્રાણીએ કરેલા કર્મ અને એ કર્મના બદલારૂપે પ્રાણીને મળવાનું ફળ:-આ બે વસ્તુઓ (કર્મ અને ફળ) વચ્ચે **દલાલીનું કામ કરનાર વ્યક્તિ તરીકે ઇશ્વરને વચમાં પાડવાની મૂર્ખતા જૈનશાસ્ત્રકારોએ કરીજ નથી.** ખરેખર ઇશ્વરને જગતકર્તા તરીકેનું લફરૂં વળગાડીને એ અન્ય દર્શનકારોએ ઇશ્વરને ગળે એક મહાન્ આફતજ વળગાડી દીધી છે, કે જે આફતનો ગંભીરપણે વિચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતાં કેવળ એવા ઈશ્વર માનનારા માટે ભાવદયાની લાગણીજ ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ પણ બહુ બારીક દૃષ્ટિથી તપાસતાં તો એ ઇશ્વરમાંથી ઇશ્વરપણાનોજ નાશ થઇ જાય છે. એટલે પેલી "હવેલી લેતાં ગુજરાત ખોઇ"ની કહેવત જેવું પરિણામ આવે છે!

જરા આ વસ્તુ વધુ સ્પષ્ટતાથી સમજીએ-જે લોકો ઇશ્વરને કર્તા તરીકે માને છે તેઓનું કહેવું છે કે -કર્મ કરવા એ જીવની પોતાની મરજીની વાત છે. એ પોતાના મનમાં આવે તેવા પ્રકારના કર્મો કરે. સારાય કરે અને ખોટાય કરે, પણ એ કર્મને અનુકૂળ ફળ મેળવવા માટે જીવ સ્વતંત્ર નથી. એ કર્મોનું ફળ એ પોતાની મરજીમાં આવે તેમ નથી મેળવી શકતો, પણ એ કર્મને અનુકૂળ ફળ આપનાર કોઇ જુદીજ વ્યક્તિ હોય છે. જેમ ચોરી કે ખુન કરનાર માણસ પોતાના અપકૃત્યનું ફળ પોતાની મેળેજ નથી મેળવતો પણ ન્યાયમંદિરમાંથી ન્યાયાધીશ એ માણસના કર્મને અનુકૂળ ફળ આપે છે. તેવીજ રીતે અહિં-કર્મ અને તેના ફળની બાબતમાં-પણ એ પ્રમાણેજ વ્યવસ્થા છે. એટલે કે-કર્મ માણસ-પ્રાણી-કરે છે અને તેનું યોગ્ય ફળ ઇશ્વર આપે છે. ગુન્હેગારોને સજા કરવા માટે કાયમ કરવામાં આવેલ ન્યાયાધીશોની માફક કર્મનું ફળ આપનાર તરીકે ઈશ્વરને ન માનવામાં આવે તો સંસારની વ્યવસ્થામાં બહુજ અસમંજસતા ઉભી થાય! વળી ફળ આપવાની બાબતમાં પણ ઈશ્વરની પોતાની ઈચ્છા જેવું પણ ખાસ કંઈ નથી હોતું. ખરી રીતે વિચાર કરતાં તો જેવું પ્રાણીનું કર્મ હોય છે તેવુંજ ઇશ્વર તેને ફળ આપે છે. એમાં ઇશ્વરને પોતાને મનગમતું કશું હોતુંજ નથી. જ્યારે એ ઇશ્વર કરેલા કર્મ પ્રમાણે ફળ આપે છે તો સંસારની વ્યવસ્થા જાળવતા ન્યાયાધીશની માફક એને કર્મના ફળ આપનાર તરીકે સ્વીકારવામાં પણ કશી અડચણ નજ હોય! કરેલા કર્મ જો કોઇને ઉધાર આપેલી થાપણ જેવી વસ્તુ છે. ગમે ત્યારે પણ એ થાપણ પાછી મળેજ છે, અને એમાં કશો પણ વધારો ઘટાડો પણ નથી થતો. એટલાજ માટે ઇશ્વરને કર્તા તરીકે માનવામાં કશી હરકત નથી આવતી. હવે જરા આનો જવાબ સાંભળો-સૌથી પહેલાં એ વાત સમજી જઇએ કે-ઇશ્વર સંબંધી કોઇ પણ પ્રકારનો વિચાર એ એક આધ્યાત્મિક વિચાર છે: નહિ કે ભૌતિક. એટલે જ્યારે જ્યારે ઇશ્વર સંબંધી કોઈ પણ પ્રકારનો વિચાર કરવામાં આવે ત્યારે એ ભૌતિક વિચારણાને સદંતર વેગળી રાખીને કેવળ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથીજ એ વિચાર ચલાવવો જોઇએ. જો ભૌતિક દૃષ્ટાંત અને દલીલો ઉપર આધ્યાત્મિક સવાલોનો નિર્ણય કરવામાં આવે તો તો કોઇ પણ આધ્યાત્મિક સિદ્ધાંત પોતાની મૌલિકતા સિદ્ધ કરી શકે કે કેમ-અને પોતાનું અસ્તિત્વ કાયમ રાખી શકે કે કેમ-એ શંકાભર્યું છે. એટલે ચોરીના ગુન્હા અને કોર્ટ, કચેરીના દૃષ્ટાંતથી ઇશ્વરને ફળ આપનાર માનવો એ સાવ ભૂલભરેલું છે. આપણા સંસારવ્યવહારમાં એવા પણ કેટલાય કાર્યો છે કે જેનું ફળ આપણને-દલાલ તરીકેની કોઇ પણ ત્રીજી વ્યક્તિની ઉપસ્થિતિ વગરજ-સીધે સીધું મળી જાય છે. દાખલા તરીકે સળગતી આગ. તમે ભૂલથી એ અંગારા ઉપર પગ મૂકો અને તરતજ તમને એનું ફળ મળી જવાનું. તમે ભૂલથી વીજળીના ખુલ્લા તારને હાથ લગાવો કે તરતજ તમારા શરીરમાં આચકો લાગવાનોજ! એટલે આવા પરસ્પર વિરોધી સિદ્ધાંતોનું પોષણ કરી શકે એવા દૃષ્ટાંતોનો દુનીયામાં તોટો નથી, પણ કેવળ બાહ્ય દૃષ્ટાંતો ઉપરજ જો કોઇ સિદ્ધાંત કાયમ કરવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આવે તો તે સિદ્ધાંત કદી** પણ સ્થિર થઇ શકતો નથી. એટલે ઇશ્વરના કર્તાપણાનો વિચાર પણ આવો ઉપર ચોટીયા દૃષ્ટાંતો ઉપરથીજ ન કરતાં સાવ સ્વતંત્ર રીતે અને કેવળ તાત્વિક દૃષ્ટિથીજ કરવો જોઇએ.

ઈશ્વરને કર્તા તરીકે માનનારાઓ પણ એ વાતનો તો સ્વીકાર કરેજ છે કે ઇશ્વર કોઈપણ જીવને પોતાને ગમે તેવું ફળ નથી આપતો પણ જેવા પ્રકારનું કર્મ એ જીવે કર્યું હોય તેવા પ્રકારનું ફળ તેને આપે છે. જીવ કર્મ પોતાની મેળેજ કરે છે એ વાત તો આપણે જેમ માનીએ છીએ તેવીજ રીતે એ લોકો પણ માને છે. હવે માત્ર વિચારવાનું એજ રહે છે કે-એ કર્મનું ફળ આપવા માટે ઈશ્વર જેવી દલાલી કરનાર વ્યક્તિની જરૂર ખરી કે કેમ? સૌથી પહેલાં એ જાણવું જોઈએ કે-જીવ જે કર્મ બાંધે છે અને એ કર્મનું એ જે ફળ મેળવે છે એ ફળ આપવામાં બીજા જીવો ભાગ ભજવે છે. એટલે કે **એક જીવ પોતાના કરેલા સારા અથવા ખરાબ કર્મોનું ફળ બીજા જીવોના આધારેજ મેળવે છે.** કદાચ ઉપલક દૃષ્ટિથી આ વિચાર અધુરો લાગે ખરો, છતાં બારીક દૃષ્ટિએ વિચાર કરતાં આ વાત બીલકુલ સાચી લાગે છે. સમજો કે-એક માણુસે એક કર્મ કર્યું હવે એ કર્મનુંજ ફળ એવું આવે છે કે દેવદત્તે એ માણુસના પુત્ર તરીકે જન્મ લેવો, અને સમજો કે દેવદત્તે એ માણુસના પુત્ર તરીકે પોતાના બીજા ભવમાં જન્મ પણ લીધોજ. હવે આ વસ્તુનો આટલા પુરતોજ વિચાર કરીએ અને કહીએ કે ઈશ્વરે વચમાં પડીને દેવદત્તને એ માણુસના પુત્ર તરીકે ઉત્પન્ન કર્યો તો ઇશ્વરને-પેલા ગુન્હાની સજા કરનાર ન્યાયાધીશની માફક-કર્તા માનવામાં મન લલચાય ખરૂ, પણ આજ પ્રશ્નની ઢાલની બીજી બાજુ તપાસશો તો બધી વસ્તુ આપોઆપ સમજાઇ જશે અને કર્તા તરીકે ઇશ્વર જેવી વસ્તુની કલ્પના પણ નહિ કરવી પડે. એ વસ્તુ આ છેઃ-જેમ પેલા માણુસે દેવદત્ત એના પુત્ર તરીકે ઉત્પન્ન થાય એવા પ્રકારનું કર્મ કર્યું હતું તેવી રીતે દેવદત્તે પણ કોઇ એવું કર્મ કર્યું હતું કે નહિ કે જેના ફળરૂપે એને પેલા માણુસના પુત્ર તરીકે ઉત્પન્ન થવું પડયું? આ આખાય પ્રશ્નની ખરી જડ અહિંજ રહેલી છે. જો દેવદત્તે એવા પ્રકારનું કોઈ કર્મ કર્યુંજ ન હતું તો તો એ કર્તા ઇશ્વરને શું અધિકાર હતો કે કોઇપણ જાતના દેવદત્તના કર્મ વગરજ એને પેલા માણુસના પુત્ર તરીકે ઉત્પન્ન કરે, અને જો દેવદત્તે એવું કર્મ કર્યુંજ હતું કે જેના ફળરૂપે એ પેલા માણુસના પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે. તો પછી ઈશ્વરની વચમાં જરૂરજ શી રહી, એક એકના પિતા તરીકેનું કર્મ કર્યું અને બીજાએ એના પુત્ર તરીકે ઉત્પન્ન થવાનું કર્મ કર્યું. બસ ખતમઃ વાત આપોઆપ પતી ગઇ અને કામ પણ આપોઆપ થઇ ગયું. હવે બાકી કયું કાર્ય રહ્યું કે જે માટે ઈશ્વરને નિરર્થક વચમાં નાખવાની કલ્પના કરવી? **જે કાર્યનું ફળ કર્તાને આપોઆપજ પેલા અગ્નિ ઉપર પડેલા પગની માફક, મળી જતું હોય ત્યાં સજા કરનાર ન્યાયાધીશની કલ્પના કેટલી બધી પાયા વગરની અને હાસ્યાસ્પદ છે?**

આજ વસ્તુના સમર્થનમાં આપણે અનેક દૃષ્ટાંતો અને દલીલો આપી શકીએ એમ છે-સંસારની દરેક વસ્તુઓ અમુક અંશે કાર્ય રૂપ હોય છે અને અમુક અંશે કારણરૂપ હોય છે, અને આટલાજ માટે સંસારનો કોઇ કર્તા નથી અને સંસાર અનાદિનો છે. અગર કેવળ કાર્ય-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રૂપજ એક વસ્તુ હોય, યા માત્ર કારણરૂપજ હોય તો તો ઇશ્વરની કદાચ કલ્પના કરવી પડે, પણ જ્યાં એમ નથી ત્યાં એવી કલ્પના કરીને ઇશ્વરના પવિત્ર નામને કલંક શા માટે લગાડવું? વળી કાયદાનો આશ્રય લઇને જે કાર્ય કરવામાં આવે છે તેમાં માણુસ ગુન્હેગાર ઠરતો નથી. જેમ એક માણુસે ખુન કર્યું: એને પોલીસે પકડયો: એના ઉપર કેસ ચાલ્યો: અને એને ફાંસીની સજા થઇ. વસ્તુસ્થિતિ એ છે કે આ માણુસે ખુન કર્યું હતું અને "પ્રાણુના સાટે પ્રાણુ" એ ન્યાય પ્રમાણે એને ફાંસીની સજા થઇ. હવે બીજી તરફ એ ફાંસીના હુકમનો અમલ કરનાર જલ્લાદ એ માણુસને ફાંસીએ લટકાવીને મારી નાખે છે. છતાં એ જલ્લાદ ઉપર કેસ કેમ નથી ચાલતો? એટલાજ માટે કે એણે કોર્ટના હુકમ પ્રમાણે કામ કર્યું હતું. હવે આ તરફ જો ગોપાલે ઇશ્વરની પ્રેરણાથી યજ્ઞદત્તને ધોલ મારી તો પછી, પેલા જલ્લાદની માફકજ, એને પણ એ થપ્પડ મારવાનું ફળ શા માટે મળવું જોઇએ? જો ઇશ્વરની પ્રેરણાથીજ એ કાર્ય થયું હોય તો એમાં ફળ મેળવવાનું રહેજ નહિ! છતાં એને ફળ મળેજ છે એ વાતનો કોઇનાથી પણ ઇન્કાર થઇ શકે એમ નથી. એટલે-ઉલટું ઇશ્વરને કર્તા માનવામાં તો સંસારની વ્યવસ્થા જળવાવાના બદલે ઉલટી ગડબડજ પેદા થાય છે. કારણુ કે ઇશ્વરને કર્તા માનનાર દરેકે માનવું પડશે કે જીવ જે કંઇ સારૂં ખોટું કાર્ય કરતો રહે છે તેની પાછળ ઇશ્વરનોજ હાથ અને ઇશ્વરનીજ પ્રેરણા રહેલી છે, અને એ ઇશ્વરની પ્રેરણા પ્રમાણે કામ કરનાર પોતે શા માટે દુઃખી થાય? અથવા એને શા માટે પોતાના દુનીયાની દૃષ્ટિએ અપકૃત્યરૂપ દેખાતા કાર્યનું ફળ મળવું જોઇએ? આ પ્રમાણેજ-એક કસાઇ બકરીને મારે છે; એક માણુસ ચોરી કરે છે; એક વ્યભિચાર કરે છે: ભલા શું આ બધાની પાછળ ઇશ્વરની મરજી રહેલી છે? અને જો નથી તો તો પછી બીજાની પાછળ છે એમ પણ કેમ કહેવાય? સારામાં ઇશ્વર અને ખરાબમાં કોઇ નહિ એ તો પેલા "બાર હાથના ચીભડા અને તેર હાથના બીજ" જેવી વાત થઇ. ક્રિયા એ ક્રિયાજ છે. અગર એક ક્રિયા પાછળ ઇશ્વરનો હાથ હોય તો દરેકની પાછળ એ હોવો જોઇએ અગર એક પાછળ નથી તો કોઇની પાછળ નથી, અને સંસારની સારી વ્યવસ્થાનો વિચાર કરતાં એમાં એવી કોઇ કર્તા ઇશ્વર નામની વ્યકિત માનવાની જરૂરજ રહેતી નથી. વળી **જે ઇશ્વર રાતદિવસ એક બીજા જીવોનો હીસાબ રાખવામાંજ મશગુલ હોય એ ઇશ્વરમાં આદર્શ જેવું છેજ શું?** કે જે મેળવવા માટે ઇશ્વરની ઉપાસના કરાય! એટલે એવા પ્રકારનો ઇશ્વર માનવો એના કરતાં તો ઇશ્વર ન માનવો એજ સારૂં છે! **એવો ઇશ્વર માનવાથી શું વળવાનું હતું?**

**પરસ્પરનો બદલો.** આ તો થઇ ઇશ્વરને કર્તા માનવાની વાત! હવે જરા પરસ્પર બદલાનો સિદ્ધાંત વિચારીએ:-સામાન્ય જનતાની માન્યતા એવી છે કે જો આપણે એક જીવને આ ભવમાં હેરાન કરીએ તો બીજા (ગમે તે) ભવમાં એજ જીવ આપણે એને જે દુઃખ આપ્યું હોય છે તેનો બદલો લે છે. આ વસ્તુ એક માન્યતા માત્રજ છે અને જો માન્યતા તરીકેજ માત્ર એમ કહેવામાં આવે તો તે જુદી વાત છે. બાકી સિદ્ધાંતની બારીક દૃષ્ટિએ તો એ વાત પણ ઉપર ઉપરની કલ્પના માત્રજ છે. એમાં કોઇ પણ પ્રકારનો **આધ્યાત્મિક સિદ્ધાંત** નથી રહ્યો. અગર પરસ્પરના સિદ્ધાંતનેજ વળગી રહીએ અને એના આધારેજ જગતના સર્વ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્યવહારની વ્યવસ્થા કરીએ તો તો જે જીવ ચરમ શરીરી હોય, તદ્ભવ મોક્ષગામી હોય તેવા તીર્થંકર, ગણધર, કેવળી જેવા પરમપુરુષોને દુઃખ આપવાથી આપણને જરાપણ પાપ ન થવું જોઇએ, કે જે પાપના બદલા રૂપે આપણને દુઃખનો અનુભવ કરવો પડે. કારણ કે એ ચરમ શરીરી પુણ્યાત્માઓ તો આ સંસારમાંથી સદાને માટે મુકિત મેળવી લેવાના, અને મુક્તિમાં પહોંચ્યા પછી કોઈપણ પ્રકારના કર્મના અભાવે પોતાને જે જીવોએ દુઃખ પહોંચાડયું હતું તે જીવોને કદીપણ દુઃખ આપવા નહિ જવાના! પણ આ વાત કોઇ પણ વિચારક માણસના ગળે નહિજ ઉતરવાની! દરેક ઠેકાણે એજ વસ્તુ કહેવામાં આવે છે એ મહાપુરુષોને આપેલ દુઃખોનું પણ દરેક જીવને ફળ ભોગવવું જ પડે છે, અને આ વસ્તુ આમ આ પ્રમાણે કહેવાવીજ જોઇએ. નહિ તો તો દુનિયામાં એક મહાન્ અનર્થકારી સિદ્ધાંતનો પ્રચાર થઇ જાય. એટલાજ માટે તમારે બરાબર સમજી રાખવું કે એ **પરસ્પર બદલાનો સિદ્ધાંત પણ કોઇ મૌલિક કે તાત્વિક સિદ્ધાંત નથી પણ માત્ર માણસોએ પોતાની વ્યાપાર પ્રિયવૃત્તિથી ઉપજાવી કાઢેલ માન્યતા-કલ્પના-માત્રજ છે!!!**

**સાચો સિદ્ધાંત!** ભલા ત્યારે એક તરફ ઈશ્વર કોઇ પણ પ્રકારનું ફળ આપતો નથી, બીજી તરફ એક જીવ બીજા જીવ ઉપર પોતાનો બદલો વાળતો નથી તો પછી સંસારની વ્યવસ્થા શી રીતે થવાની? દરેક પ્રાણીને પોતાની સારી ખોટી કરણીનું ફળ કઈ રીતે મળવાનું? એક જીવ કઈ ભાવનાથી પ્રેરાઈને પાપાચારના સેવનથી અળગો રહી શકે? મહાનુભાવો! આ અટપટા દેખાતા તમામ પ્રશ્નોનો જવાબ જૈનશાસ્ત્રકાર બહુજ સારી રીતે આપે છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે-દરેક પ્રાણીને પોતાના આચરણોનો બદલો ન તો ઈશ્વર મારફત મળે છે કે ન તો પરસ્પર બદલાના સિદ્ધાંત પ્રમાણે મળે છે પણ એને **પોતાની કરણીનું ફળ કર્મના સ્વતંત્ર ફળ તરીકેના સિદ્ધાંતના આધારે મળે છે.** જીવ જેવા પરિણામથી જેવા પ્રકારના કર્મોનો બંધ કરે છે એ બંધનાજ કારણે એ આગળ ઉપર એનું ફળ મેળવી લે છે. એટલે આમ ખરી ખોટી કરણીના ફળનો આધાર બંધ ઉપરજ રહેલો છે. અમુક પ્રકારનો બંધ કર્યો એટલે એનું ફળ મળવુંજ જોઇએ. પછી તે ગમે તે પ્રકારે મળી રહે છે. જૈનદર્શનની સ્પષ્ટ માન્યતા એ છે **કે-કર્મ કર્મના સ્વભાવેજ થાય છે અને ફળ પણ કર્મના સ્વભાવેજ થાય છે.** પહેલાંના કર્મના સ્વભાવે તમે પ્રયત્ન કરોઃ એ પ્રયત્નમાંજ અમુક કર્મોનું ફળ રહેલું હોય છે, અને એજ પ્રયત્ન કરતાં નવાં કર્મોનો બંધ થાય છે, યાવત નવા જન્મનો અંકુર રોપાય છે. વળી પાછો આગળ વધે એટલે નવા કર્મ મળે છે. આમ નવા કર્મ અને નવો જન્મ-આ સ્થિતિ બની જાય છે, અને આ પ્રમાણે સંસારની ઘટમાળ સાંકળની માફક જોડાઇ રહે છે! કેવો સુંદર સિદ્ધાંત! ન તો પરમેશ્વરને વચમાં પાડવાની જરૂર કે ન બીજા જીવને બોલાવવાની આવશ્યકતા! બધી વસ્તુ સ્વાભાવિક રીતે આપોઆપ થઇ જાય! અને **જ્યાં દરેક વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણેજ બનતી હોય તેજ સિદ્ધાંત સાચો સિદ્ધાંત ગણી શકાય!** આવો ઉત્તમ સિદ્ધાંત જગત સમક્ષ મૂકવામાંજ જૈનશાસ્ત્રકારોની મહત્તા-વિશિષ્ટતા એવં સત્યતા રહેલી છે. આ વિચાર કોઇ પણ વિચારકની વિચારસરણીની સરાણ ઉપર સાચો ઠરે એમ છે એમાં જરા પણ શક નથી. સાચું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે સાચુંજ ઠરે! હીરો હીરોજ રહે!!!

**આત્મા શા માટે?** ભલા જો-ઉપર કહ્યું તે પ્રમાણે-કર્મ પણ કર્મથીજ થાય અને ફળ પણ કર્મથીજ થાય તો પછી જીવને શું કરવાનું બાકી રહ્યું? ઉલટું આ પ્રમાણે કર્મ, જન્મની પરંપરા માનવામાં તો આત્મા બકરીના ગળાના આંચળ જેવો અન્યથા સિદ્ધ માનવો પડશે એટલુંજ નહિ પણ એ આંચળો જેમ સુખના બદલે દુઃખરૂપ પરિણમે છે (-કારણ કે બકરીને પકડવી હોય તો એ આંચળથી એ સહેલાઇથી પકડી શકાય છે-) એજ પ્રમાણે એ આત્મા પણ આપત્તિરૂપ થઈ જાય છે. એમ માનવામાં આત્માને બીચારાને કર્મજન્મની ગડમથલમાં વચમાં નિરર્થક અથડાવું પડે છે અને કેવળ દુઃખનાજ ભાગીદાર બનવું પડે છે. તો પછી એવા આત્માને માનીને ફાયદો શું? મહાનુભાવો! આ વસ્તુનો જરા વધારે ઉંડા ઉતરીને વિચાર કરો! આમ કેવળ ઉપલક દૃષ્ટિથીજ આનો નિર્ણય ન કરશો. ઉપર શાસ્ત્રકાર કહી ગયા કે કર્મથી જન્મ, જન્મથી કર્મ આમ જન્મકર્મની પરંપરા બીજ અને અંકુરની પરંપરા જેવી ચાલ્યા કરે છે! જેવું બીજ હોય તેવો અંકુર ઉગે છે. ઘઉંના બીજથી ઘઉંનોજ અંકુર નીકળવાનો. એમાંથી કદી પણ બાજરીનો અંકુર નીકળ્યો સાંભળ્યો છે ખરો? આમ એક તરફ બીજ અને અંકુર પોતપોતાના સ્વભાવે જરૂર ચાલ્યા જાય છે પણ બીજી તરફ એ બીજને રોપનાર ખેડુત અને એનું પોષણ કરનાર પાણીનો પણ એ અંકુર ઉગવામાં જે હિસ્સો છે એનો ઈન્કાર કોણ કરી શકે? વળી એ બીજ વાવવાના સારા યા ખોટા પાકનો ભાગીદાર પણ એ ખેડુતજ થાય છે ને? તેજ પ્રમાણે જન્મકર્મની પરંપરામાં પણ જે કંઇ સારૂં ખોટું થતું હોય તેનો માલીક કોઈ થવોજ જોઇએને! અને તે માલીક તે આત્મા પોતેજ! વળી આ તરફ જેમ ખેડુતના હાથમાં એ તાકાત છેજ કે જ્યારે પોતાના મનમાં આવે છે ત્યારે એ બીજને બાળીને ખાખ કરી નાખે છે અને અંકુર ઉત્પન્ન કરવાની તમામ શક્તિ નાશ કરી નાખે છે. એજ પ્રમાણે **આત્મા પણ જ્યારે પાકો નિશ્ચય કરીને ઉદ્યમ કરે છે ત્યારે એ પણ જન્મકર્મનો સદંતર નાશ કરી શકે છે, અને આમ નાશ કરીને અનાદિથી ચાલી આવતી જન્મકર્મની પરંપરાને તોડી નાખે છે!** જુદા પ્રકારના કર્મ કરવા અને જુદા પ્રકારનું ફળ મેળવવું એ વાતમાં, અલબત્ત, આત્મા સમર્થ નથીજ! ખેડુતને પણ ઘઉં વાવીને ઘઉંજ લણવા પડે છેને! પણ એનો નાશ કરવાની સઘળી શક્તિ તો આત્મામાં રહેલી છે, અને એ શકિત ફેરવવામાંજ આત્માનો ખરો ઉદ્યમ રહેલો છે. અગર આ શકિત માનવામાં ન આવે તો તો પેલા "अजागलस्तनस्येव" આત્મા પણ નકામોજ ગણાય, **પણ એ શક્તિના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ ઉજ્વળ બને છે!**

**ધર્મની જડ.** મહાનુભાવો! આ પ્રમાણે આત્મતત્વનું અસ્તિત્વ સ્વીકાર કરવાની સાથેજ તમે સમજી શકયા હશો કે એ આત્મામાં કેટલી શકિત સમાયેલી છે. ખેડુત એ ખેતીનો સર્વ પ્રકારે સ્વામી છે. ચાહે તો એ એનો સદંતર નાશ કરે છે, ચાહે તો સુંદર પાક પેદા કરીને જગતના ચરણે ભેટ ધરે છે. આ આત્માને મનુષ્યપણું મળવું જોઇએ. બસ પછી આત્મા સર્વસત્તાવાળો બની જાય છે. કર્મનાજ કારણે એને મનુષ્યપણું મળે છે, કર્મનાજ કારણે એને શરીરપર્યાપ્તિ મળે છે, આ બધુંય છતાં એ મનુષ્યપણાને નવા કર્મ કરતું અટકાવવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંપૂર્ણ શક્તિ એમાં રહેલી છે. અનેક આત્માઓએ આ સર્વોત્તમ મનુષ્યદેહ ધારણ કરીને અનાદિકાળથી પોતાના પગમાં પડેલી કર્મમહારાજાની બેડીઓની શૃંખલાઓના સહસ્રશઃ ટૂકડા કરીને, પોતાની આત્મસિદ્ધિ મેળવી છે.

આત્મતત્વ, આત્મશક્તિ અને માનવદેહ આટલી વસ્તુ સમજ્યા પછી **ધર્મની જડ ક્યાં** છે એ સમજવું હવે વધુ કઠિન નથી. અગર સાવ સાદી ભાષામાં ટૂંકામાં સમજવું હોય તો એટલુંજ કહેવું બસ થશે કે–**અંકુરાથી બીજ થતું અટકાવવું અને બીજમાંથી અંકુર ઉત્પન્ન કરવાની તાકાત નષ્ટ કરવી!** એટલે કે કર્મથી જન્મ અને જન્મથી કર્મ એ અંકુર બીજ અને બીજ અંકુરની અવિચ્છિન્ન ચાલી આવતી અનાદિની આત્મઘાતક પરંપરાને તોડી પાડવી. અલબત જે પરંપરા કોઈના પણ કર્યા કરાવ્યા વગર સ્વયંભૂ રીતે અને તે પણ પાછી આજકાલની નહિ પરન્તુ અનાદિ કાળથી ચાલી આવતી હોય તેને અટકાવવી એ અવશ્ય બહુજ કઠિન કાર્ય છે, પણ સાથે સાથે એ પણ ખરૂંજ કે–એ કઠિન છે કે સુગમ છે, ગમે તે છે, આત્માર્થી માણસે એ કાર્ય કરવુંજ જોઈએ. અન્યથા આત્મદર્શનનું સ્વપ્નું પણ દૂર રહેવાનું! અને વળી જગતનું કયું એવું મહાન્ કાર્ય છે કે જેની સિદ્ધિમાં અનેક આપત્તિઓનો સામનો ન કરવો પડતો હોય, અનેક ઉપાધિઓ ન વહોરવી પડતી હોય, દુઃખના દરીયામાં ન પડવું પડતું હોય, કે સતત પરિશ્રમ ન કરવો પડતો હોય! જ્યારે જગતની સાંસારિક અને ક્ષણભંગુર વસ્તુઓની પ્રાપ્તિ માટે આટ આટલું સહન કરવું પડે તો પછી આત્મદર્શનનું કાર્ય કે જેના કરતાં જગત્ ભરમાં કોઇપણ કાર્ય વધુ મહત્વવાળું નથી, તેની સિદ્ધિ અગર કઠિન–અતિ કઠિન હોય તો તેમાં ન બનવા જેવું શું છે? જ્યાં સુધી આત્મા એ મુક્તિમાર્ગની કઠિનતાનોજ વિચાર કરીને કર્મના બંધનો તોડવા તૈયાર નહિ થાય ત્યાં સુધી આ ચારગતિક સંસારમાં એને ભમવુંજ પડવાનું! નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિએ આ આત્માની રખડંપટ્ટીના રસ્તાઓ છે. એ ચારેમાંની એકે ગતિ એવી નથી કે જે ગતિમાં માત્ર ધર્મી આત્માજ જન્મ લયે. દરેકે દરેક સુગતિમાં ધર્મી અને કુગતિમાં અધર્મી બન્ને પ્રકારના જીવો જન્મે છે, એટલે કોઈ પણ ગતિ ધર્મી પ્રાણીઓ માટે રજીસ્ટર થયેલી નથીજ. અવિરતિ મિથ્યાદૃષ્ટિ દેવપણામાં પણ જાય છે અને મનુષ્યપણું પણ પામે છે. નરક અને તિર્યંચપણા માટે તો કહેવુંજ શું? એટલે કહેવાની મતલબ એ છે કે કોઇ ગતિવિશેષના લીધે સાચા ધર્મીપણાની પ્રાપ્તિનો નિર્ણય નથી થઇ શકતો, પરંતુ **સાચા ધર્મીપણાનો નિર્ણય તો આ અનાદિ સંસારની સાંકળને જેમ બને તેમ ટૂંકી કરવામાંજ રહેલ છે. જેમ જેમ આ સંસારભ્રમણ ઓછું થતું જાય તેમ તેમ વધારે ધર્મીપણું મળ્યું સમજવું અને એ સંસારબંધનની સાંકળને ટૂંકી કરવામાં સહાયતા આપવી એજ ધર્મનું કાર્ય છે, અને એ કાર્ય કરવામાંજ ધર્મની જડ સમાયેલી છે!** જેમ સંસાર ઘટે તેમ ધર્મ વધ્યો એમ સમજવાનું છે. એટલે મહાનુભાવો, તમે આ ધર્મનું સાચું રહસ્ય સમજો અને એ પ્રમાણે તમારા કર્મબંધન ઓછા કરવા માટે ઉદ્યમ કરો તોજ તમારા આ માનવદેહનું સાર્થક છે, અને ત્યારેજ તમને ધર્મની ખરી પ્રાપ્તિ થઇ છે એમ સમજજો!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ.** પરન્તુ તમે બધા તમારા રોજના અનુભવ ઉપરથી બરાબર સમજતા હશો કે:-ઘણુાય માણુસો સાચું સમજવા છતાં સાચું આચરણુ કરી શકતા નથી. ઘણીયે વખત મૂળને ઉદ્દેશીને પ્રારંભ કરવામાં આવેલો પ્રયત્ન, ડાળાઓને વળગવામાં અને પાંદડાઓને મેળવવાની તમન્નામાં વેડફી નાખવામાં આવે છે, અને એ પ્રયત્નનું ધાર્યા કરતાં જુદાજ પ્રકારનું પરિણુામ આવે છે. **ઘણુાય વખત માણુસો મૂળ વસ્તુને મેળવવાના પ્રયત્નમાં મૂળને ભૂલીને એના પડછાયાના ઉપાસક બની જાય છે!** મહાનુભાવો! આ વાત કંઇ નવી નથી. તમારા બધાના રોજના અનુભવની વાત છે! ધર્મની બાબતમાં પણુ આ વાતમાં અપવાદ નથી થયો. ત્યાં પણુ ધર્મારાધનાનો મુખ્ય ઉદ્દેશ અળગો મૂકીને નજીવી વસ્તુઓને મેળવવાની લાલસામાં ધર્મનો ઉપયોગ કરવામાં આવે છે! ખેડુત ખેતી કરે છે તે ઘાસ માટે કે કડબ માટે નહિ! ખેતીનો મૂળ ઉદ્દેશ તો અનાજ પેદા કરવાનોજ હોવો જોઇએ. **જેમ અનાજ વધારે થાય એમ ખેતી વધારે સફળ.** ઘાસ અને રાડા એ તો ખેતીનો આનુષંગિક લાભ છે. એવા આનુષંગિક લાભને કદી પણુ મુખ્યપણું નજ આપી શકાય! ગમે તેવી સ્થિતિમાં પણુ એ તો ગૌણુજ રહેવાનું! એજ પ્રમાણે ધર્મમાં પણુ **ધર્મનો મુખ્ય ઉદ્દેશ સંસારભ્રમણુનો નાશ કરવાનો છે!** બાકી એ ધર્મનું આરાધન કરતાં કદાચ ધનધાન્ય, વૈભવવિલાસ કે ઋદ્ધિસમૃદ્ધિ જેવી સાંસારિક વસ્તુઓ આવી મળે તો ધર્મનું આનુષંગિક ફળ ગણુવું જોઇએ. નહિ કે ધર્મનું મુખ્ય ફળ! **ધર્મનું મુખ્ય ફળ તો આત્મામુક્તિજ છે!** વળી જે માણુસને ઋદ્ધિસમૃદ્ધિની પ્રાપ્તિ થઇ હોય તેનો, ખેતરમાં પૂરવામાં આવતા ખાતરની માફક, ધર્મની વધુ પ્રાપ્તિમાંજ ઉપયોગ કરવાનો હોય છે! નહિ કે એ મળવાથી ધર્મને સફળ થયો માનીને શાંતપણે-નિષ્ક્રિય થઇને-બેસી રહેવું! ખાતરને મેળવીને કદીપણુ કોઇ ખેડુત સંતોષ માને ખરો કે? વસ્તુસ્થિતિ આમ હોવા છતાં કેટલાય માણુસો કેવળ ઐહિક સુખ માટેજ ધર્મનું આરાધન કરે છે. મુક્તિમાર્ગને તો માત્ર વાતોનોજ વિષય બનાવીને ધનધાન્યાદિકનેજ પોતાના ધ્યેયરૂપ માનીને એ મેળવવા માટેજ ધર્મનું સેવન કરે છે, અને આજ ખરો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનો ભેદ છે. એક આત્મિક સુખને લક્ષીને ધર્મ કરે છે, બીજો સાંસારિક સુખ માટે ધર્મ કરે છે. એક આત્માને નિર્લેપ, કર્મફળ રહિત અને મુકત બનાવવા માટે ઉદ્યમ કરે છે, બીજો દેવેંદ્ર નરેંદ્ર કે એવી પદવીઓ મેળવીને બસ આ સંસારના સુખવિલાસો ભોગવવાની ભાવનાથી પ્રેરાઇને ધર્મ કરે છે. અલબત્ત ધર્મ બન્ને કરે છે; છતાં બન્નેની ભાવનામાં આટલું મોટું અંતર **"यादृशी भावना, सिद्धिर्भवति तादृशी"** એટલે કે-**મન માગે એવું મળે,** મહાનુભાવો! સંસારમાં ઉંચનીચ, સારા ખરાબ, સાચા ખોટા ગણુાતા માણુસોમાં કોઇ બાહ્ય લક્ષણુ નથી હોતું. માત્ર ભાવનાની શુદ્ધિ અશુદ્ધિ ઉપરજ આ બધા ભેદો રચાયેલા છે. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં પણુ એજ સમજવાનું છે. **પહેલો પાકને ચાહે છે, બીજો ખાતર લઇને ખુશ થાય છે,** અથવા બીજા શબ્દોમાં કહીએ તો-**સાધ્યને સાધ્ય માને તે સમ્યગ્દૃષ્ટિ અને સાધનને કે સાધ્યાભાસને માને તે મિથ્યાદૃષ્ટિ!**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કેવળી સમુદ્દઘાત.** મહાનુભાવો! ધર્મ શું એ તમે સમજ્યા! મિથ્યાદષ્ટિ કોણ અને સમ્યગ્દષ્ટિ કોણ એ પણ સમજ્યા! ધર્મના વિચારમાં શાસ્ત્રકાર મહારાજ ફરમાવી ગયા કે:-ગમે તે સ્થિતિમાં પણ કર્મના સમૂહમાં ઘટાડો કરવાનો ઉદ્યમ કરવો એજ ખરો ધર્મ છે. આ ધર્મપાલનની મર્યાદા કેવળ સામાન્ય માણસો, છદ્મસ્થો કે સાધુ મુનિરાજો પૂરતીજ નથી. પણ એનું ક્ષેત્ર તો યાવત્ ત્રિકાળના અને ત્રણે લોકના જ્ઞાતા એવા શ્રીકેવળી ભગવાન્ સુધી ફેલાયેલું છે. કર્મોનો સમૂહ ઓછા કરવાનું કાર્ય તો એમને પણ કરવું પડે છે. કેવળી સમુદ્દઘાત એ આ વાતનો મોટામાં મોટો પુરાવો છે. જ્યારે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે-અને ત્યાર પછી કેવળી ભગવાન્ પોતાના પરમ જ્ઞાનથી જાણે છે કે-પોતાના આયુષ્યકર્મ કરતાં બીજા કર્મોનો સમૂહ વધારે બાકી રહ્યો છે ત્યારે તેઓ એ વધારેના કર્મોના નાશ માટે એક પ્રકારનો ખાસ ઉદ્યમ કરે છે કે જે ઉદ્યમના પરિણામે તેઓ એ વધારેના કર્મોને, પોતાના આયુષ્યકર્મના નાશની સાથેજ નષ્ટ કરી નાખે છે, અને આવી રીતે સંપૂર્ણ કર્મશૃંખલાનો **એકાન્તિક અને આત્યંતિક** ક્ષય કરીને તેઓ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય છે. આ ક્રિયાને આપણા શાસ્ત્રોમાં કેવળી સમુદ્દઘાત તરીકે ઓળખાવવામાં આવેલ છે. હવે જરા એ સમુદ્દઘાત ઉપર વિચાર કરો—એમાં એકજ ઉદ્દેશ રહેલો છે કે કર્મની અનાદિ સંતતિમાં નવા જન્મરૂપી અંકુર ઉત્પન્ન કરવાની જે શકિત સમાયેલી છે તે શકિતને આત્માની પરમશક્તિનો ઉપયોગ કરીને નાબુદ કરી નાખવી! કેવળી સમુદ્દઘાતની સમગ્ર ક્રિયાનો બધો વખત માત્ર **આઠ "સમય"** જેટલોજ ગણવામાં આવ્યો છે. એ આઠ "સમય" જેટલા વખતમાં તો આત્મા આદિથી માંડીને અંત સુધી એ ક્રિયા કરી લયે છે અને પોતાની ઇષ્ટસિદ્ધિ પણ કરી લયે છે. "સમય" એ કેટલી સૂક્ષ્મ વસ્તુ છે એ તમે બધાય સારી રીતે જાણો છો. **પુદ્ગલોમાં જે પરમાણુનું છેલ્લું સ્થાન છે, એજ વખતના માપમાં "સમય"નું છેલ્લું સ્થાન છે!** એવા માત્ર આઠ સમયમાંજ આ બધી વસ્તુ પતી જાય છે. મહાનુભાવો! **આ નિર્બળ દેખાતા આત્મામાં કેટલી મહાન્ શક્તિ સમાયેલી છે એનો કેવળી સમુદ્દઘાત એ ઉત્તમ દાખલો છે!** આત્મા જ્યારે બરાબર પોતાની શકિત ફેરવે ત્યારે કર્મના મજબુતમાં મજબુત

દળીયાં પણ ધૂળના ઢેફાની માફક ક્ષણમાં ચૂરચૂર કરી નાખે છે! એક શકિત ફેરવવા તૈયાર થયેલો આત્મા શું કરી શકે છે તે કેવળી-સમુદ્દઘાતથી બરાબર સમજી શકાય તેમ છે! મહાનુભાવો! આત્મતત્વની દૃષ્ટિએ જે આત્મા એક કેવળજ્ઞાનીમાં રહેલો છે તેજ આત્મા તમારા બધાયમાં છે. જે અખૂટ અને અટૂટ શકિત કેવળીનો આત્મા ફેરવે તે બધીય શકિતઓ તમારા આત્મામાં પણ વિદ્યમાન છે. અગર ચાહો તો તમે પણ તે મહાશકિતનો ઉપયોગ કરીને તમારા આત્માની કર્મની બેડીઓ તોડી શકો છો. તમારે એ પણ બરાબર યાદ રાખવું કે જ્યારે કેવળી ભગવાન્ જેવા સમર્થ પુરુષો પણ જન્મકર્મની પરંપરાના નાશ માટેજ ઉદ્યત રહે છે તો તમારી ધર્મકરણીનું લક્ષ્ય પણ એજ હોવું ઘટે! **ગાડી, વાડી ને લાડીની મોહક ત્રિપુટીની સાધના કદીપણ સાચા ધર્મીને ન છાજે!** તમે કેવળી સમુદ્દઘાતના સાચા રહસ્યને સમજો. અને એના ઉપરથી જે સાચો માર્ગ માલુમ પડે એનું અનુસરણ કરો!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સંવર અને નિર્જરા,** તમે બધાય એ તો બરાબર સમજી ગયા કે-ધર્મ કોને કહેવાય, અને ધર્મનો ઉદ્દેશ શું ? હવે જરા એ વિચારવાનું રહે છે કે એ ધર્મનું આચરણ કેવી રીતે થઇ શકે ! આપણે બધાય એ તો બહુજ સારી રીતે જાણીએ છીએ કે કોઈપણ જીવ નિષ્ક્રિય નથી રહી શકતો. દરેક સમયે એ કંઈકને કંઈ ક્રિયા કરતોજ હોય છે. એટલે હવે **ધર્મનું આરાધન જો નિષ્ક્રિયતાનો આશ્રય લેવાથી થતું હોય તો એ ધર્મારાધન કોઇપણ જીવના માટે શકય નજ બની શકે.** આ તો પેલા "મ્હેસાણાના ભાટ જમે કાલ" જેવું થયું કહેવાય. ભાટોને જમવાનું નોતરૂં ખરૂં ! પણ કાલ પડે ત્યારે ! કાલ કદી પડે નહિ અને ભાટ કદી જમે નહિ. એવીજ રીતે અહિં પણ ધર્મનું આરાધન થાય ખરૂં, પણ નિષ્ક્રિયતાનો આશ્રય લેવામાં આવે ત્યારે. એટલે નિષ્ક્રિયતા કદી આવે નહિ અને ધર્મારાધન થાય નહિ ! એટલે આ ઉપરથી એટલું તો જરૂર નિશ્ચિત થયું કે—જે કંઇ ધર્મનું આરાધન થઇ શકે તે ક્રિયાદ્વારાજ થઇ શકે. અધર્મ પણ ક્રિયાથીજ થાય છે અને ધર્મ પણ ક્રિયાથી થાય છે. માત્ર વિચારવાનું એટલુંજ રહે છે કે કઈ ક્રિયાથી ધર્મનું પોષણ થાય છે અને કઇ ક્રિયા કરવાથી અધર્મનું પોષણ થાય છે. આટલું જાણી લીધું એટલે પત્યું. આ માટે ટૂંકો ને ટચ જવાબ એ છે કે—**જે ક્રિયાનો અંત-સંવર અને નિર્જરામાં આવતો હોય તે ધર્મારાધનની ક્રિયા અને જેનો અંત આશ્રવ અને બંધમાં આવે તે અધર્મની ક્રિયા !** આવતા કર્મને રોકવા અને તેનો નાશ કરવો એનું નામ ધર્મ અને કર્મોને નોતરૂં આપવું અને આત્મા ઉપર તેનો બોજો લાદવો એનું નામ અધર્મ ! આ પ્રમાણે સંવર અને નિર્જરાત્મક પ્રવૃત્તિ કરવામાંજ આત્માનું સાફલ્ય છે. જે આત્મા એવો ઉદ્યમ કરે છે તેને એ આત્મા બકરીના ગળાના સ્તન જેવો ભાર-રૂપ નથી લાગતો. મહાનુભાવો–ક્રિયાથીજ ધર્મ અને ક્રિયાથીજ અધર્મ એ વાત જરા વધુ સ્પષ્ટ રીતે સમજો ! સમજો કે—એક માણસ બહુ ખાવાથી માંદો પડયો; હવે એને સાજો કરવાનો ઉપાય શો ? તમે બધાય સારી રીતે જાણો છો કે એ અમર્યાદિત આહારના લીધે માંદો પડયો છે: તમે એને સારામાં સારા વૈદ્ય પાસે લઈ ગયા: એ વૈદ્યે પણ જાણ્યું કે એ ખાવાથી માંદો પડયો છે: હવે એ વૈદ્ય શું કરવાનો ? શું એને કોઈ પણ વસ્તુ ખાવાનો સર્વથા પ્રતિબંધ કરશે ? નહિજ. ખાવાથી એ માંદો પડયો છે છતાં બીજી વસ્તુ ખવરાવીનેજ એ એને સાજો કરવાનો ! કેવી વિચિત્ર ! આ તો પેલા ડુબેલાને ડુબાડીને ઉગારવા જેવું બુધ્ધિ વગરનું લાગે છે ! અને છતાંય એ સાવ સાચું છે. એનો કોઈનાથી પણ ઇન્કાર થઇ શકે એમ નથી. વૈદ્ય એને દવા ખવરાવે છે અને એ દવાના ખાવાથીજ એ સાજો થાય છે: હવે અહિં વિચારવા જેવું શું છે. માત્ર એટલુંજ કે ખાવા ખાવામાં ફેર છે. એક વખતે એક વસ્તુ ખાધી બીજી વખત બીજી ખાધી. એકથી રોગ થયો. એકથી તંદુરસ્તી મળી: એજ પ્રમાણે અહિં આત્મા માટે પણ સમજવું. અનેક પ્રકારની ક્રિયાઓ કરવાના કારણેજ આ આત્મા અનાદિ કર્મના ચક્રમાં ફસાઇને સંસારમાં ભમ્યા કરે છે. **એ ભયંકર ભવભ્રમણનો નાશ કરવાનો ઉપાય પણ ક્રિયાઓદ્વારાજ થવાનો !** ફરક માત્ર એટલોજ કે એક ક્રિયા એક પ્રકારની હતી બીજી બીજા પ્રકારની. એકે કર્મ પેદા કર્યાં બીજી કર્મને તોડી પાડશે. મહાનુભાવો-આવા પ્રકારની **સંવર અને નિર્જરા સ્વરૂપ ક્રિયાઓનું આરાધન એજ ખરૂં ધર્મનું એટલે કે આત્માનું આરાધન છે !** અને એટલાજ માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંવર અને નિર્જરાને આત્માના સ્વરૂપ તરીકે ઓળખવામાં આવેલ છે!

**ઉપાધિવાળો ઇશ્વર!** હવે પાછા ફરીથી ઇશ્વરની વાત ઉપર આવો! જો કે આ બાબત ઉપર શરૂઆતમાં ઘણું કહી ગયા છતાં-આત્મા, ધર્મ અને એવી બાબતો ઉપર આટલો લાંબો વિચાર કર્યા પછી-કંઈક નવું વધારાનું જાણવા જેવું જરૂર મળે એમ છે. એક તો ઇશ્વરનેજ કર્તાહર્તા માની લઈએ તો ઉપર કહી તેવી અનંતશકિત આપણા સૌના આત્મામાં નાહક રહેવાની! કારણ કે એ શકિતજન્ય તમામ કાર્ય ઇશ્વરનેજ કરવાનું રહે! બીજું **ઇશ્વરને કર્તા માનીએ તો ઇશ્વરના આત્મામાં અને આપણા આત્મામાં સમાન શકિત રહી છે એ સિદ્ધાંત ખોટો પડે છે!** અને આપણે ઇશ્વર જેવા થઈ શકીએ છીએ એ વાત પણ પાયા વગરની ઠરે છે. કારણ કે આપણે ઇશ્વર જેવા ત્યારેજ થઇ શકીએ કે જ્યારે આપણે પણ એની માફકજ સંસારના કર્તાહર્તા બની જઇએ અને જો આ પ્રમાણે માનીએ તો સંસારમાં કર્તાઓની હદજ નહિ રહે. અનંત આત્માઓ કર્તા થઇ જવાના, અને તો પછી દુનીયાનું શું થવાનું? આટલાજ માટે ઇશ્વરને કર્તા માનનારા પણ કોઇ દર્શનકારે અનેક કર્તા ઇશ્વરની કલ્પના નથી કરી! હવે આ તરફ જરા વિચાર કરો! અગર ઇશ્વરની સંસાર બનાવવાની અને તોડવાની ઉપાધિ દૂર કરવામાં આવે તો પછી આપણો આત્મા પણ ઇશ્વર જેટલીજ શક્તિવાળો છે અને તે અગર સાચો પ્રયત્ન કરે તો કોઈક દિવસ ઇશ્વર બની શકે છે એ વાત માનવામાં જરાપણ હરકત નથી આવતી! મહાનુભાવો! જરા વિચાર કરો કે—**કોઇપણ વ્યકિતની ઉપાસના એટલાજ માટે કરવામાં આવે છે કે—આપણે તેના જેવા બનીએ.** અગર ઉપાસના કરવા છતાં પણ જો આપણે ઇશ્વરતુલ્ય **કદીપણ** ન બની શકતા હોઇએ તો એ ઇશ્વર સાથે આપણો કદીપણ મેળ નજ ખાય! **ઇશ્વરનો અને ઉપાસકનો મેળ અને એકતા એજ ઇશ્વરભકિતનું સાચું રહસ્ય છે.** અગર એ સમાનતા ન આવતી હોય તો એ ઉપાસના હવાના બાચકા જેવીજ ગણાય! અને આવો મેળ ત્યારેજ થઈ શકે કે જ્યારે આપણે ઇશ્વરને નિરાકાર નિરંજન અને જગત્ બનાવવાની કે એવી બીજી કોઈપણ ઉપાધિરહિત માનીએ! બાકી ઇશ્વરને જગતનો કર્તા માનીને પછી એની ઉપાસના કરવી એ તો સાવ નકામીજ છે! **ઇશ્વરને કર્તા માનવો એટલે દરેક પ્રાનીની ક્રિયા ઇશ્વરની પ્રેરણાથી થાય છે એમ માનવું જોઇએ!** અને તો પછી તો જે હમેશાં લાખોનું ખુન કરાવતો હોય; કેટલાયને બેરા, આંધળા, લુલા, કે લંગડા રાખતો હોય, જે નવ મહિના ગર્ભનું દુઃખ આપતો હોય; માણુસોના માથે અનેક આફતો વરસાવતો હોય, જેના રાજ્યમાં હજારો અન્ન વગર ટળવળતા હોય; જેની વ્યવસ્થામાં લાખો નાગા ફરતા હોય; જેના દેખવા છતાં સબળ નિર્બળ ઉપર જુલ્મ ગુજારતા હોય:—એવા પરમેશ્વરને કોણ પ્રભુ માને-પોતાનો આદર્શ માને-અને એની પૂજા કરે? મહાનુભાવો! એ કર્તા ઇશ્વરની કલ્પના એક લેભાગુ કલ્પના છે. એમાં જરાય તર્ક કે વિચાર નથી. ન એવો ઇશ્વર જગતનું કલ્યાણ કરે છે! **ખરો ઇશ્વર તો એજ છે કે જે નિરાકાર-નિરંજન ને ન કોઇના ખોટામાં કે ન કોઇના સારામાં છે!** જે સદૈવ સચ્ચિદાનંદ સ્વરૂપ રહે છે! એજ ઇશ્વર આપણો આદર્શ છે, એ **ઇશ્વર સાથે મળવું એ આપણું ધ્યેય છે, અને એ ધ્યેયની સાધના એજ સાચી સાધના છે!** બાકી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઉપાધિવાળો ઇશ્વર કરતાં તો આપણે બધા લાખ દરજ્જે સારા છીએ-ભાગ્યશાળી છીએ!**

**ઇશ્વરની ઉપાસના!** ભલા-અગર જો આ સમગ્ર દુનિયાની વ્યવસ્થા ઇશ્વરની કોઈપણ પ્રકારની મદદ વગરજ વસ્તુમાત્રનો પોતપોતાના સ્વભાવ પ્રમાણેજ થાય છે; અને જો આ સૃષ્ટિનો રચનાર ઇશ્વર કોઇ નથી, એમ માનવામાં આવે તો પછી ઈશ્વરને માનવાનીજ જરૂર શી રહી? તો પછી ઇશ્વરને શા માટે માનવો, પૂજવો. કે એની ઉપાસના કરવી? અગર એના વગરજ આ સૃષ્ટિની રચના સંભવિત છે તો તો પછી પેલા ચાર્વાક મત પ્રમાણે ઈશ્વરની સત્તાનેજ ઇન્કાર કરવામાં આવે તો શું હરકત? મહાનુભાવો! આ ગહન દેખાતી વાતનો જરાક ઉંડા ઉતરીને વિચાર કરો એટલે એનું સમાધાન તમને આપોઆપ મળી જશે કે-ઇશ્વરની સત્તા શા માટે માનવી! સૌથી પહેલાં એ વસ્તુ ધ્યાનમાં લેવાની જરૂરત છે કે-આ સૃષ્ટિ-દુનીયા-સંસારની મર્યાદા, જેટલી સચરાચર વસ્તુઓ આપણી આ સ્થૂલ-ચર્મ-ચક્ષુથી જોવામાં આવે છે તેટલા પૂરતીજ નથી. **આ બાહ્ય રૂપે દેખાતા સ્થૂળ સંસારની પાછળ એક મહાન્, અતિ મહાન્ અને અતિ ગહન એવી આંતરિક સૃષ્ટિ ઉભી છે કે જેનું** દર્શન ન તો આપણે આપણી આ સ્થૂલ ઇંદ્રિયોદ્વારા કરી શકીએ કે ન તો આપણે જેનો ઉકેલ આપણી સ્થૂલ બુદ્ધિથી લાવી શકીએ છીએ! એ આંતરિક સૃષ્ટિને સમજવાને માટે આપણી આ સ્થૂળ ઇંદ્રિયો અને સ્થૂળજ્ઞાન એ બન્નેથી ભિન્ન કોઈ બહુજ મહત્વની વસ્તુની આવશ્યકતા પડે છે, કે જે વસ્તુની પ્રાપ્તિ થયા પછીજ સંસારની વિચિત્રતા સંબંધીના કોકડાનો ઉકેલ શકય થાય છે! અને આ મહત્વની વસ્તુ તે **અતીંદ્રિયજ્ઞાન!** એ મહાન્ જ્ઞાનની જેને પ્રાપ્તિ થાય તે તે વસ્તુને બરાબર જુએ છે, અને તે જે જોઇ શકે તેજ ઇશ્વર! **જે મનુષ્ય પોતાની આત્મશકિતને એટલી હદ સુધી ખીલવે છે તેજ ઇશ્વર સમજવો!** એ અતીદ્રિંયજ્ઞાન-કેવળજ્ઞાન-દ્વારા જ્યારે એ સમગ્ર સંસારના બધાય તત્વો યથાસ્થિત જાણે છે ત્યારે એ આપણા જેવા પામરોના ઉપકાર માટે એ વસ્તુઓ આપણને સમજાવે છે! **જીવ, સ્વર્ગ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ ઈત્યાદિ, તત્વોનું જ્ઞાન એ કોઇ માનવી બુદ્ધિનું ફળ નથી પણ એ પરમજ્ઞાનવાન્ અતીંદ્રિયજ્ઞાનવાન્ પરમાત્મા એ યથાસ્થિતપણે જાણેલ વસ્તુઓનો આપણને મળેલો વારસો છે! જગતના આંતરિક તત્વોનું આપણને દર્શન કરાવ્યું એટલા વાસ્તે અને સાથે સાથે ઇશ્વર ઉપાસનાના ફળરૂપે આપણે પણ ઇશ્વર સમાન થઇ શકીએ છીએ એટલા માટે ઇશ્વરની સત્તા અને પૂજા માનવા અનિવાર્ય થાય છે! આ ક્ષણભંગુર ગણાતા માનવીદેહદ્વારાજ ઐશ્વરિય આત્મસિદ્ધિની સફળતા માનવામાંજ જૈનદર્શનકારોની વિશિષ્ટતા છે! અને એ સિદ્ધિનું સાધન ઇશ્વર ઉપાસનાજ છે!**

**માતાપિતા અને શિક્ષણ!** મહાનુભાવો! અત્યાર સુધી તમે તત્વજ્ઞાનની સારી સારી અને મોટી મોટી વાતો તો સાંભળી! હવે જરા તમારી પોતાની પણ વાત સાંભળતા જાઓ!-તમે બધા સમજુ છો. વણિકબુદ્ધિ તમારા બધાયમાં ખુબ ખુબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભરી છે. કોનું શું પરિણામ આવે એ હિસાબ તમે ઘણી સારી રીતે સમજી શકો છો! છતાં આ ધાર્મિક બાબતમાં તમે એ બુદ્ધિનો ઉપયોગ નથી કરી શકતા એ ખરેખર દુઃખની વાત છે! તમે તમે બધાય કબુલ કરશો કે બાલ્યાવસ્થામાં જેવા સંસ્કાર નાખવામાં આવે તેવાજ સંસ્કાર આખાય જીવન પર્યંત ચાલુ રહે છે. છતાંય તમે તમારા બાળકોના ધાર્મિક જીવન માટે કેટલી ફીકર કરો છો? તમારો બાળક ગાય છે કે-"સરજી પ્રભુ તેં સઘળી દુનીયા" વિગેરે. જાતે તમે એ બધું સાંભળીને **દીકરો ભણવામાં આગળ વધ્યો** સમજીને આનંદ પામો છો, પણ એવી કવિતાઓ ભણવામાં એના જૈનશાસનના સંસ્કારની શી વલે થવાની એનો લેશ પણ તમે વિચાર નથી કરતા! આનું પરિણામ એ આવે છે કે-જાતે દહાડે એને કોઇ કહે છે કે-ભાઇ-આ દુનિયાનો કોઇ કર્તા નથી. ઇશ્વર આ દુનિયાનો બનાવનાર નથી. ઇશ્વર સાવ નિરાળોજ છે વિગેરે-તો એ બાળકને એ વસ્તુ પારકી હોય તેવી નવાઇ ઉપજાવનારી લાગે છે. અને એ વાતને હસી કાઢે છે! કેવું વિચિત્ર! એ તો ભાન ભૂલેલાની માફક પોતાનાને પારકુ માને છે અને પારકાને પોતાનું ગણી લ્યે છે! અને જ્યારે એ બાળક ઉંમર લાયક થયા પછી તમે કહેલી ધાર્મિક વાતો નહિ માને ત્યારે તમે એને નાસ્તિક કહેશો, અધર્મી કહેશો અરે સાવ ઉઠી ગયેલ માની લેશો! પણ એ વિષવૃક્ષની વાવણી કરવાનું મહાન્ પાતક તમારા પોતાનાજ હાથે થયું છે એનો વિચાર તમને નથી આવતો! એ ઝેરી બીજને વાવતી વખતે તમે પોતે ભાનભૂલ્યા બની જાઓ છો અને જ્યારે એને ફળ આવે છે ત્યારે ફળને જોઇને કપાળ કૂટવા બેસો છોઃ તો એ વાત કેમ પાલવી શકે? તમે તમારા બાળકોના શિક્ષણ માટે બીજાઓ ઉપર આધાર રાખો અને તમારા બાળકોને બીજાઓને સોંપી દ્યો એ તો પેલી-બીલાડીને દૂધની રખવાળી ઉપર મૂકવા જેવુંજ છે! અને આવી બેદરકારીનું ફળ શું આવે છે એ વાત બીજાને ન પૂછતાં તમારાજ હૃદયને, પૂછશો તો તમને એનો આપોઆપ ઉત્તર મળી જશે! **વળી તમે કેવળ બાળકને પારકી બોર્ડીંગોમાં મૂકી ને ત્યાંના સંસ્કારમાં ઉછરવા દ્યો છો તો એનું ફળ એ આવે છે કે-એ બાળક ત્યાંના શોખીન જીવનમાં એવો ઓતપ્રોત થઇ જાય છે કે પછી એને પોતાના ગરીબ ઘરના સાધારણ જીવનની સૂગ આવે છે.** મહાનુભાવો! શું આ સ્થિતિ વધુ સમય ઇચ્છવા જેવી છે? તમારે યાદ રાખવું કે-**બાળકોના સંસ્કાર માટે માતાપિતાજ જવાબદાર છે.** અગર માતાપિતાના સારા સંસ્કાર મલ્યા હશે તો એનું આખું જીવન સુધરી જશે. બાકી **કેવળ બાહ્ય શિક્ષણથી કોઇ સુધરતું હોય તો તે વાત નહિ માનવા જેવી છે! પહેલાં માતાપિતાનું સુસંસ્કારી શિક્ષણ અને પછી બીજું શિક્ષણ!**

**સુસંસ્કાર!** મહાનુભાવો! વેપારવણજ. બુદ્ધિચતુરાઇ, કળા, કૌશલ્ય એ બધી વસ્તુઓ એવી છે કે જે ભાડુતી માણસોદ્વારા પણ માણસ મેળવી શકે છે, પણ સુસંસ્કારજ એક માત્ર એવી વસ્તુ છે કે જે કદીપણ ભાડુતી માણસોદ્વારા નથી મળી શકતી! એ તો લાગણીવાળા અને ચારિત્રવાળા માણસોજ પાડી શકે છે. **ભાડાને અને લાગણી કે ચારિત્રને કશું લેવા દેવા નથી.** તમે બધાય જાણો છો કે-બાળકને ઉછેરનાર ભાડુતી મળી શકે પણ બાળકને ઉત્પન્ન કરનાર-જન્મ આપનાર ભાડુતી નજ લાવી શકાય! એજ પ્રમાણે સંસ્કારોની બાબતમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સમજવું. **અગર ખેડુત બરાબર સંભાળ ન રાખે અને ખેતરમાં ગોખરૂં ઉગી નીકળે તો એમાં કોનો દોષ?** એ તો ખેડુતેજ ધ્યાન રાખવાનું છે. એમ તમારા કુમળી વયના બચ્ચાઓના સંસ્કાર માટે તમારેજ સાવધાન રહેવાનું છે. નહિ તો આસપાસના ખરાબ સંસ્કારવાળા મિત્રો વિરૂદ્ધ સંસ્કારો પાડીને તમારા બાળકનું જીવન ભયંકર બનાવી નાખવાના! અને તેમાંય વળી ધાર્મિક ભાવનાના સંસ્કારની વાત તો બહુજ મહત્વની છે. **માણસને પોતાનેજ ધાર્મિક વાત ઉપર મન લાગવું કઠિન છે તો પછી એના સંસ્કાર બાળકમાં નાખવાની તો વાતજ શી કરવી?** તમારૂં નાનું બાળક પાંચ દુ બાર એમ બોલે તો તમે કેવા ચમકી ઉઠો છો! મહાનુભાવો! એવોજ અને એના કરતાંય વધુ મોટો ચમકારો તમને તમારા બાળકને ધર્મવિરૂદ્ધની વાતોમાં પડતો જોઇને થવો ઘટે! અને આમ થાય ત્યારેજ તમે તમારા બાળકને તમારા પૈસાટકાના વારસાની સાથે ધાર્મિક લાગણીનો પવિત્ર વારસો આપી શકો! મહાનુભાવો! યાદ રાખો કે **સંસ્કારો એ જીવનનું ઘડતર કરવાની એરણ છે**! જેવા સંસ્કારો હશે તેવું જીવન બનવાનું! તમને મહાસદ્‌ભાગ્યે સુદેવ, સુગુરુ અને સુધર્મની પરમપવિત્ર ત્રિપુટીનો યોગ મળ્યો છે! એ ત્રિપુટીનો જેવો ઉપયોગ તમે કરશો તેવું પામશો! માટે એ ત્રિપુટીની મનસા, વાચા, કર્મણા ખુબ સાધના કરો અને એના સંસ્કારો તમારા બાળકમાં ઉતારો! યાદ રાખો કે-**વારંવાર સુયોગ નથી મળતો**! "રાઈના ભાવ રાતે ગયા" જેવું ન થઇ બેસે તે માટે ચેતો! તમારા બાળકો પ્રત્યેની તમારી ધાર્મિક જવાબદારી બરાબર સમજો! અને એ સુસંસ્કારોની છાપ તમારા બાળકોના નિર્લેપ અને કુમળા હૃદય ઉપર પાડો અને પછી જુઓ કે તમારો બાળક કેવો ધર્મી થાય છે: કેવો સદાચારી થાય છે: કેવો પવિત્ર થાય છે! અને તે વખતે તમને સમજાશે કે:-**સુસંસ્કારો એટલેજ આત્મસાધના**!!! અને માનવદેહની સફળતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રશસ્તાપ્રશસ્ત રાગદ્વેષ

## "મુનિ"નું સ્વરૂપ.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના કલ્યાણને માટે જ્ઞાનસાર પ્રકરણ નામનો ગ્રંથ રચતા થકા ઉપાધ્યાયજી મહારાજ આ સંસાર, પર્વતની માફક કેવો કઠોર છે, સંસાર કેવો ભયાનક છે, સંસારરૂપી પર્વતનું ઉલ્લંઘન કયાં થાય છે, જે સ્થાનથી સંસારરૂપી પર્વતનું ઉલ્લંઘન કરી શકાય છે, એ સ્થાન વર્તમાન મનુષ્યોના સ્થાનથી કેટલું દૂર છે, એ સ્થાન ઉપર આવેલો મનુષ્ય કયા નામથી ઓળખાય છે, તે મનુષ્ય કઈ સ્થિતિમાં રહેલો હોય, કયા પ્રકારની સ્થિતિ આવા માનવીનો સ્પર્શ પણ કરી શકતી નથી; આ સઘળા પ્રશ્નોનું સુંદર વિવરણ કર્યું છે. ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે ભવરૂપી મહા કઠણ એવા પર્વતને જે સ્થાનકેથી ઓળંગી શકાય છે, તે સ્થાનનું નામ છઠ્ઠું ગુણસ્થાનક છે. જે આત્મા છઠ્ઠા ગુણસ્થાનકે પહોંચેલો છે, તે આત્મા ભવરૂપી પર્વતને ઉલ્લંઘી એટલે ઓળંગી ગએલો છે વિગેરે વસ્તુનું સ્વરૂપ જણાવતાં ફરમાવે છે કેઃ—

આવી રીતે જે આત્મા છઠ્ઠું ગુણસ્થાનક ધારણ કરે છે તે આત્મા ભવરૂપી પર્વતને ઉલંઘી ગએલો ગણાય છે અને તેવો મનુષ્ય એ "મુનિ" કહેવાય છે. મુનિનું સ્વરૂપ કેવું છે તે પ્રશ્ન ખાસ રહસ્યપૂર્ણ અને સમજવા જેવો છે. મુનિનું વર્તન લોકોત્તર એટલે લોકોથી શ્રેષ્ઠ હોય છે.

**સંસારના પદાર્થો ઉપરનો રાગ.** જે વ્યક્તિનું વર્તન લોકોથી શ્રેષ્ઠ છે, એવું જૈનદૃષ્ટિએ નક્કી થાય અને જે છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે, તે વ્યક્તિને "મુનિ" જાણવો યુક્ત છે, એમ શાસ્ત્ર કહે છે. ઉપાધ્યાયજી મહારાજ આગળ ચાલતાં જણાવે છે કે ભવ અથવા સંસાર એ મહાભયંકર પર્વત છે, એ વાત સર્વથા સત્ય છે, પરંતુ આત્માએ તેને આવો ભયાનક પર્વત સમજવો શી રીતે એ વિચારવાની જરૂર છે. મનુષ્ય રોગી હોય, સંસારની જંજાળોથી પીડાએલો હોય, તો પણ તે મોતને ઈચ્છતો નથી; મોત આંખ સામે આવીને ઉભું રહે છે, કે દરેકને સંસારના પદાર્થો પ્રિય લાગે છે અને તેનો ત્યાગ કરવો એ તેને બહુજ મુશ્કેલ માલમ પડે છે. મનુષ્ય સો વર્ષનો થઇને પછી મરણ પામવાની અણી ઉપર આવે, કિંવા યાવત ક્રોડપૂર્વ (એક જાતનો કાળમાપક શબ્દ) સુધી જીવતો રહી, પછી મરવાની અણી ઉપર આવે, તો પણ જે પદાર્થોથી ભવ વધે છે, તેવાજ પદાર્થો તરફ આત્માની અભિરૂચિ કાયમ રહે છે. કોઇપણ આત્મા આ જગતમાં એવો નથી કે જે પોતે પાંચ વર્ષ વહેલો મરી જવાને માટે તૈયાર હોય, અથવા પોતે મેળવેલી સંપત્તિમાંથી કાંઇ છોડી જવાને તૈયાર હોય ! કલ્પનાની ગમત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાતર એમ ઉદાહરણ લો કે એક માણસ મૃત્યુશૈયા ઉપર પડેલો છે. આ માણસને મરતી વખતે ભગવાન્ આવીને કદાચ પૂછે કે, "ભાઈ! તારે આ જગતમાંથી કઇ કઇ ચીજ તારી સાથે લેવી છે." તો ખાતરી રાખજો કે એક સોય સુદ્ધાં માણસ લઇ જવાની મૂકે નહિ! સો વર્ષ જીવેલાને, રોગીને કિંવા એવાજ બીજા દુ:ખી આત્માઓને પણ જ્યારે આ સંસાર આટલો બધો પ્રિય છે, ત્યારે પછી હજી તો આશાથી જેમનું જીવન ભરેલું છે તેવાઓને તો આ સંસાર અને તેની સઘળી વસ્તુઓમાં રાગ હોય તેમાં આશ્ચર્ય પણ શું વારૂં?

**જીવનનો અજબ મોહ!** તેત્રીસ સાગરોપમનું જીવન ધરાવનારો અનુત્તરવાસી દેવતા હોય કિંવા સાતમી નારકીનો જીવ હોય, પરંતુ તે આવું લાંબુ આયુષ્ય ભોગવવા છતાં પણ સંસારથી ધરાવા તો પામતોજ નથી. આત્મા સારી રીતે જાણે છે કે પોતે દેહને આત્માનો સંબંધ ગમે એટલો વધારે વખત રાખવા માગશે તોપણ તે તે પ્રમાણે રાખી શકવાનો નથી. જ્યાં કર્મોનું ફળ મળી રહે છે કે જન્મ, મરણ, સુખ, દુ:ખ વગેરે એ ફળને અનુસરીને મળેજ જાય છે. મરણ આટલું બધું નિયમિત અને નિશ્ચિત છે, એવું આત્મા જાણે છે; તે છતાં પણ આત્માને મરવાનું ગમતુંજ નથી! નાટકતમાસા બે ચાર વાર જોશો કે તે પછી તમારી તેના ઉપર પ્રીતિ રહેતી નથી. કોઈ નવો નાટક જોઈ આવશો અને તેના ગાયનો ચાર પાંચ વાર સાંભળશો કે પછી એ ગાયનોમાં પણ તમોને કોઈ જાતની અપૂર્વતા લાગવાની નથી; આ રીતે એકની એક ચીજનો જ્યાં બે ચાર વાર તમે આસ્વાદ લો છો કે તે પછી પુન: એજ કાર્યમાં તમોને ફરીજ નવીનતા કે અપૂર્વતા માલમ પડતી નથી! પરંતુ જીવન એ એક એવી વસ્તુ છે કે તમો તેત્રીસ સાગરોપમ સુધી તેને ભોગવી લો છો, તે છતાં તેના ઉપરની માયા તમે દૂર કરી શકતા નથી! આટલું લાંબુ જીવન ભોગવનારને પણ સંસારની અપૂર્વતા તો એક સરખીજ કાયમ રહેવા પામે છે. તો પછી હવે વિચાર કરો કે સંસારની આ અપૂર્વતા એ સઘળે વખતે કાયમ શા માટે રહેવા પામે છે.

**પ્રેમને છોડવો મહા કઠણ છે.** એક માણસ પાંચ વરસ સુધી દરરોજ નિયમિત ખાતો-પીતો રહે છે અને પછી છઠ્ઠા વર્ષમાં પ્રવેશતી સમયે તેને જેવી ભૂખ લાગે છે, તેવીજ ભૂખ પાંચસો વરસ જીવનારને અને ત્યાં સુધી ખાઈપીને મઝા કરનારને પણ લાગવાનીજ! અર્થાત્ બંનેને લાગતી ભૂખ એકજ પ્રકારની છે. બીજું એક ઉદાહરણ લો. પાંચ વર્ષ સુધી દરરોજ બરફી ખાનારો માણસ પચીસ, પચાસ કે સોમે વરસે બરફીનો ટૂકડો ખાઇ જોશે, તોપણ તેને બરફીમાં તેવીજ મીઠાસ માલમ પડશે! પાંચમે વરસે ખાધેલી બરફીની જેવી મીઠાસ હશે, તેવીજ મીઠાસ પચાસમે વર્ષે પણ કાયમ રહે છે. જેમ જીભને વરસોના વરસો પછી મિઠાઈનો સ્વાદ એક સરખોજ લાગે છે તેજ પ્રમાણે આત્માને પણ તે પાંચ વર્ષ જીવતો રહે, પચાસ વર્ષ જીવતો રહે અથવા ક્રોડપૂર્વ સુધી જીવતો રહે; તોપણ તેને ભવસાગરની મધુરતા એક સરખીજ પ્રિય લાગ્યા કરે છે. પાંચ વર્ષના બાળકને પણ બરફીનો ટૂકડો જેવો સ્વાદ આપે છે, તેવોજ મધુર સ્વાદ તેજ બરફીનો ટૂકડો સો વર્ષના ડોસાને પણ આપે છે. તેજ પ્રમાણે પાંચ વર્ષના છોકરાને જેવી જિંદગી પ્રિય લાગે છે, તેજ પ્રમાણે સો વર્ષના ડોસાને પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જિંદગી વ્હાલી લાગે છે. એજ પ્રમાણે ક્રોડપૂર્વ જેટલો કાળ આત્માએ સગાંવહાલાંઓનાં પ્રેમમાં અનુભવ્યો હોય છે, તો પણ એ પ્રીતને આત્મા મરતી વખતે પણ વોસરાવી શકતો નથી અર્થાત્ એ પ્રેમને તે વિસારી શકતો નથી.

**મોહનો ત્યાગ શકય છે કે નહિ?** હવે વિચાર કરો કે આત્મા જ્યારે મરવાની અણી ઉપર હોય છે. પોતાનો કાળ આવી રહેલો છે, મરણ માથે ગાજી રહ્યું છે અને હવે પોતે બે ચાર કલાકનો અતિથિ છે એવું તેને માલમ પડે છે, તે છતાં તેનાથી પોતાના સગાંવહાલાંને વોસરાવી શકાતાં નથી અને પૈસાટકાનો પ્યાર છોડી શકાતો નથી, ત્યારે જિંદગીની વચમાં આત્મા કેવી રીતે મોહને છોડી શકે? સો વર્ષનો ડોસો મરણ પથારીએ સુતી વખતે પોતાની મિલ્કત પોતાના છોકરાઓને આપી જાય છે, અને પોતે પૈસા તજી દે છે; એથી તેણે પૈસાનો મોહ તજ્યો છે, એમ માની લેશો નહિ. જો તેણે પૈસાનો મોહ છોડીજ દીધો હોત તો તો તે તેના તે પૈસાની કશી ચિંતાજ ન રાખત; પરંતુ એ પૈસા તે પોતાની સંતતિનેજ આપી જાય છે એટલે એનુંજ નામ એ છે કે હજી તેનો મોહ છુટતોજ નથી! મરવાના સમયે માણસ જ્યારે આવી રીતે મોહનો ગુલામ રહે છે ત્યારે તે જિંદગીની અધવચ્ચે મોહનો પ્રતિકાર–મોહનો ત્યાગ કરી શકે છે કે કેમ; અને જો કરી શકતો હોય તો તે કેવા પ્રકારે અને કેવી રીતે કરી શકે છે તે આપણે જોવાનું છે. અપ્રશસ્ત મોહનો ત્યાગ કરવાનો સહેલો અને સીધો માર્ગ પ્રશસ્તમોહના ગ્રહણમાંજ રહેલો છે.

**મોહને મારવો સહેલો છે.** કોઈ કહેશે કે, "મોહ એ એક મોટામાં મોટો મદારી છે," એનો નાશ થઈ જતો નથી પરંતુ તે પલટાઇ જઇને બીજા સ્વરૂપનેજ ધારણ કરી લે છે. ઉદાહરણ લો, કે એક અઢાર વર્ષની છોકરી છે. માતાપિતાને ઘેર છે. અહીં તેનો મોહ તેના માતા, પિતા, ભાઇ, ભગિની વિગેરેને અંગે રહેલો હશે. એજ છોકરી પરણીને સાસરે જશે એટલે એનો મોહ પિતાને ત્યાંના સગાંસંબંધીઓ ઉપરથી પલટી જશે અને પતિને ત્યાંના સગાંસંબંધીઓ ઉપર તેનો મોહ વધશે! આ સંયોગોમાં તમે એમ ન માની લેશો કે છોકરીનો મોહ નાશ પામ્યો છે. મોહ નાશ પામ્યો નથી, પરંતુ મોહ પલટાઈ જવા પામ્યો છે. અત્યાર સુધી છોકરીનો મોહ પિયરના સગાંવહાલાંઓ ઉપર હતો હવે એ મોહ ત્યાંથી ઓછો થાય છે અને પતિના સગાંવહાલાંઓ ઉપર વધ્યો છે અર્થાત્ કે મોહમાં પલટો થવા પામ્યો છે મોહનો સદંતર નાશ થવા પામ્યો નથી." મોહ એ નાશ પામી શકે એવી ચીજ છે કે નાહ તે સંબંધીનો આ એક પક્ષનો અર્થવાદ છે. મોહ નાશ પામતો નથી પરંતુ તે માત્ર પલટીજ શકે એવી ચીજ છે, એવું વિધાન જૈનશાસને કદી માન્ય રાખ્યુંજ નથી. જૈનશાસન તો એમ માને છે કે મોહ એ નાશ કરી શકાય એવી ચીજ છે. માત્ર યોગ્યવિધિપૂર્વકની ક્રિયાઓ થવાની તેમાં જરૂર છે. જો એ રીતના પ્રયત્નો થઇ શકે તો મોહને જરૂર મારી શકાય છે એવું જૈનશાસનનું વિધાન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તમારા માપથી દુનિયાને માપશો નહિ.** હવે જે લોકો એમ કહે છે કે મોહ માત્ર પલટો ખાઇ શકે છે પરંતુ તે ટાળી શકાતો નથી તેનું દૃષ્ટિબિંદુ વિચારીએ. ઝવેરીનો પંદર વરસનો છોકરો હોય તો તે છોકરો પણ હીરા, મોતી વગેરે રત્નોને પારખી શકે છે, તેની કિંમત કરી શકે છે અને તેના જુદાજુદા વળ પાડીને તેનું વેચાણ પણ કરી શકે છે. બીજી બાજુએ કાછીયા, કોળી, દુબળા વગેરેનો જન્મ પૂરો થાય, તો પણ તેઓ સાચા મોતી અને મીણીયામોતીને પણ પારખી શકતા નથી. હવે આવી રીતે અજ્ઞાનપણામાં આખી જિંદગી પૂરી કરેલો માણુસ-જાતનો કાછીયો એમ કહેવા તૈયાર થાય કે: "અરે! મારી જિંદગી ગઇ, તે છતાં હું હજી સાચા કે જુઠાં મોતીને નથી પારખી શકતો; તો આ ઝવેરીનો પંદર વરસનો છોકરો તે મોતી પારખી શકવાનો હતો! પારખ્યા પારખ્યા એણે મોતી!" કાછીયાનો આવો વિચિત્ર અર્થવાદ આપણે લક્ષ્યમાં લેતા નથી. પંદર વરસના ઝવેરીના છોકરાને ભરોસે આપણે હજારોના ઝવાહિરની લેવડદેવડ કદાચ કરી શકીએ છીએ, પરંતુ એ બાબતમાં આપણે કાછીયાને પ્રમાણભૂત માનતા નથી. એજ સ્થિતિ મોહ પરત્વે પણ છે. ઝવેરીનો છોકરો ઝવેરાત પારખી શકે છે, એનું કારણ એ છે કે તે એના ગુણદોષ પારખી શકે છે. એજ ન્યાયે જે મોહના ગુણદોષ અને તેનું સ્વરૂપ પારખી શકે છે તેઓ સઘળાજ મોહને યથાકાળે છોડી પણ શકે છે. પોતાની જાત ઉપરથી જેઓ આખા જગતનું અનુમાન કરે છે તેઓ ફૂટપટી લઇને પૃથ્વીનો પરિઘ માપવા નીકળેલા મૂર્ખાઓ જેવા છે. ફૂટપટીથી પૃથ્વીનો પરિઘ માપી લેવો શ્રમ સાધ્ય છે?

**મને વીતરાગ આવતો નથી!"** જગતનું અનુમાન આપણી સ્થિતિ ઉપરથી કરીએ, તો પણ જે વસ્તુની પરીક્ષા કરવી હોય તે વસ્તુનો સ્વભાવ તેના આસપાસના સંયોગો અને તેની સ્થિતિ ધ્યાનમાં લેવાવી જોઇએ. પોતાના બારણામાં આંબાનું ઝાડ હોય, એ ઝાડનું ફળ મીઠું હોય છે; તેથી જગતના તમામ વૃક્ષોના ફળો મીઠાં છે, એ માન્યતા મિથ્યા છે. તેજ પ્રમાણે હું મોહ છોડી શક્યો નથી, માટે જગત પણ મોહ છોડી શકે નહિ; એમ કથન કરવામાં મહાભયાનક મિથ્યાત્વનો નિવાસ છે. સીત્તેર વર્ષનો અભણ કણબી ચાર લીટી પણ વાંચી શકતો નથી માટે તે એવું અનુમાન કરી લે કે સીત્તેર વર્ષ સુધીનો માણુસ ચાર લીટી વાંચી લખી ન શકે, તો તેનો આવો તર્ક મિથ્યા છે! થોડા સમય ઉપર આવોજ તર્કવાદ કરીને એક અજૈનગૃહસ્થે જૈનોની મોહ સંબંધીની તત્વજ્ઞાનની દિશાપર ખોટો હુમલો કર્યો હતો. આ ગૃહસ્થે જૈન તત્વજ્ઞાન ઉપર હુમલો કરતાં જે શબ્દો ઉચ્ચાર્યા હતા, તે શબ્દો બરોબર પેલા સીત્તેર વર્ષના મજુરની યાદ આપે એવા છે! આ ગૃહસ્થે જણાવ્યું હતું કે: "કયો જૈન એમ કહે છે કે હું વીતરાગ થયો છું? મને સીત્તેર વર્ષના ડોસાને વીતરાગ નથી આવતો, તો શું પાંચ વર્ષના જૈન છોકરાને વીતરાગ આવવાનો હતો?" આ ટીકાકાર ગૃહસ્થની દયા ખાધા સિવાય બીજો ઉપાય નથી. જેને પોતાને વીતરાગ અને વૈરાગ્ય એ બે શબ્દોના અર્થભિન્નત્વનું પણ જ્ઞાન નથી તેવો માણુસ જૈનાચાર ઉપર ટીકા કરવા નીકળે છે, ત્યારે સહેજે ચાળણી કરડવાને હસે છે કે: "તું તો કાણુવાળો છે ને!" આવી ચાળણીની મનોદશાનો ખ્યાલ આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પાંચ વીસુંમાં મોત આવશે !** હવે બીજી બાજુએ જૈન માનસની તપાસ કરો. પાંચ-વર્ષનો જૈન છોકરો પણ "वीतराग" શબ્દ તેના સાચા અર્થમાં વાપરી શકે છે, અને તેઓ પણ વૈરાગ્ય અને વીતરાગના અર્થના મૂળતત્વોને સારી પેઠે જાણે છે. રાત્રિ ભોજન કે કંદમૂળનો ત્યાગ કરવો એ સાઠ વર્ષના અજૈન પુરુષને વસમું લાગે છે, સો વર્ષનો યુરોપિયન બુઢ્ઢો દારૂનું ગ્લાસ લીધા વિના 'લંડનટાઇમ્સ' લહેજતથી વાંચી શકતો નથી છતાં જૈન બાળકને આવી વસ્તુઓનું સ્મરણ પણ થવા પામતું નથી. જૈનબાળકો નાનપણથીજ રાત્રિભોજનનો અને કંદમૂળનો ત્યાગ કરે છે અને તે ત્યાગપણ દેખાદેખીનો નથી હોતો પરંતુ સમજવાળો-સમજપૂર્વકનો હોય છે. આ સાધારણ માન્યતાની વસ્તુ છે. હવે વર્તનની તપાસ કરો. જે વર્તન જે રીતભાત પચાસ વર્ષના અજૈનમાં નથી દેખી શકતા, તેવી ત્યાગની અદ્ભુત માત્રા જૈન બાળકોમાં દૃષ્ટિગોચર થાય છે. આવી સ્થિતિ હોવાથી સામાનો ખ્યાલ કરતી વખતે જગતે પોતાની સ્થિતિએ સામા માણુસને ન જોવો જોઇએ પરંતુ સામા માણુસની સ્થિતિમાં મૂકાયા પછી તેવી ભૂલ ના કરવી જોઇએ. તમે બાદશાહ અને બીરબલની વાત તો જાણો છો. બીરબલનો ન્યાય કરવા પાંચ ઢેઢભાઇ ભેગા થયા અને વિચાર કરે છે તો કહે કે: "બાપરે ! પાંચ વીસુ દંડ કરીશું તો તે બીરબલ મરવા પડશે મરવા ! માટે કંઈક દયા બતાવવી જોઈએ !" આ ઢેઢભાઇઓ પોતાને કાંટે બીરબલને તોળવા ગયા તેમની જેવી મનોદશા હતી તેવીજ મનોદશા સીત્તેર વર્ષની ઉંમરે "હું વીતરાગ થયો નથી તો પછી શું પાંચ વર્ષના જૈન બાળકને વીતરાગ થવાનો હતો !" એવું કહેનારાની મનોદશા પણ માની લેજો.

**બીજાનો ન્યાય શી રીતે તોળી શકાય ?** બીજાનો ન્યાય તોલતાં પહેલાં ન્યાયકર્તાએ તેની સ્થિતિમાં પોતે મૂકાવું આવશ્યક છે અને જો આવી રીતે સર્વમાન્ય દૃષ્ટિ ન આવી શકતી હોય તો સંસારની શાંતિ ખાતર બહેતર છે કે તેણે ન્યાય કરવાનું છોડી દેવું જોઇએ. જેઓ રાતદિવસ વિષયવિચારમાંજ પલોટાએલા અને પરોવાએલા છે, જેને જૈનત્વની સામાન્ય ઝાંખી પણ થવા પામી નથી, તેઓ જૈન બાળકોના વિચારોને કદી પણ પારખી શકવાના નથીજ એની ખાતરી રાખજો. જૈનશાસ્ત્ર-જૈનતત્વજ્ઞાન-જૈનદર્શન ત્રિકાલાબાધિત છે અને તે એમ ખાતરીથી જાહેર કરે છે કે જૈનધર્મની ક્રિયાઓથી મોહનો વિનાશ સર્વથા થઇ શકે છે. જૈનશાસ્ત્રો મોહને શી રીતે પલટાવવો અને પછી તેનો સમૂળો નાશ કેવી રીતે કરવો તે બતાવે છે. મોહને પલટાવવાનું પહેલું પગથીયું ઉપદેશ છે. ઉપદેશ આપવો અને એ ઉપદેશ ઉપર આત્માને અભિરૂચિ પેદા કરવી એ મોહ પલટાવવાનું પહેલું પગથીયું છે. હવે તમે એવું પૂછી શકશો કે ઉપદેશ ઉપર અભિરૂચિ પેદા કરવી એ પણ એક જાતનો મોહ છે. અને જો મોહ ત્યાગવા જેવોજ માનેલો છે તો પછી શાસ્ત્ર ઉપદેશ ઉપર પણ અભિરૂચિ શા માટે રખાવે છે !" આ પ્રશ્ન દેખાવમાં સારો છે પરંતુ તે મહત્વ વિનાનો એટલે સાદી સમજણથી ઉકેલી શકાય તેવો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ક્ષીણમોહની દશા કેવી હોય છે?** પેટમાં ભાર હોય, પેટ અન્નથી ખીચોખીચ ભરાએલું હોય, શૂળ મારતા હોય, તે છતાં ડાક્તર આવે છે એટલે તે અજીર્ણના દરદીને સંભવિત છે કે ઝપાટાબંધ જુલાબ આપી દે છે! પેટ ભરેલું તો છે અને પેટ ખાલી કરવાની જરૂર પણ છેજ, તો પછી ડાક્તર જુલાબથી વળી પેટ શા માટે ભરાવે છે? જુલાબ પોતે બોજારૂપ છે પરંતુ દીવેલનો એ સ્વભાવ છે કે બીજા પદાર્થોને કાઢવા સાથે તે આપોઆપજ બહાર નીકળી જાય છે! ભવસાગરમાં ગોથા ખાનારો મા, બાપ, બૈરી, છોકરાં, પૈસો વગેરે ઉપર મોહ રાખે છે, આ તેના મોહનો નાશ કરવો છે, તે માટેજ પહેલાં તેને ઉપદેશ, દેવ ગુરુ અને ધર્મ ઉપર રાગ ઉપજાવવો જોઇએ. દેવ, ગુરુ અને ધર્મ ઉપરનો રાગ એ પણ બેશક મોહ તો છેજ! પરંતુ એ મોહ જેમ યથાકાળે પેટમાં ગએલું દીવેલ પેટમાંનો કચરો સાફ કરીને આપોઆપ નીકળી જાય છે, તેજ રીતે દેવાદિક ઉપરનો મોહ પણ યથાકાળે નાશ પામે છે. જે આત્માને દેવાદિક ઉપર રાગ નથી, અરે! સમ્યગ્દર્શનાદિ ઉપર પણ જેને રાગ નથી તેવા આત્માને શાસ્ત્ર "क्षीणमोह" કહે છે જે આત્માનો મોહ ક્ષીણ થયો છે તેને તો સમ્યગ્દર્શનાદિ ઉપર પણ મોહ નથી કિંવા દેવગુરુ ઉપર પણ મોહ રહેતો નથી. સામાન્ય જીવો માટે આ સ્થિતિ એ ઇષ્ટપ્રાપ્તિ માટેની સીડીનું બીજું પગથીયું છે. પહેલું પગથીયું દેવાદિક ઉપરનો મોહ છે અને તે મોહ પણ જ્યારે ક્ષીણમોહની દશા આવે છે ત્યારે આપોઆપ ઓગળી જાય છે.

**પ્રશસ્ત રાગદ્વેષ એટલે શું?** મોહના બે પ્રકાર છે. અપ્રશસ્તમોહ અને પ્રશસ્તમોહ. પૌદ્‌ગલિક વસ્તુઓ અને તે મેળવવામાં જે પ્રીતિ તે સઘળો અપ્રશસ્તમોહ છે અને દેવ, ગુરુ અને ધર્મ ઉપરની પ્રીતિ એ પ્રશસ્તમોહ છે. જેના ઘાતિકર્મનો સમૂહ નાશ પામ્યો છે તેવાઓને પ્રશસ્તમોહ પણ હોતોજ નથી પરંતુ જે આત્મા ઘાતિકર્મથી બંધાએલો છે તેવા આત્માને ઘાતિકર્મરૂપી પેટમાં રહેલા અન્નના બોજાને બહાર કાઢવા માટે પ્રશસ્તમોહરૂપી દીવેલની આવશ્યકતા છેજ! અપ્રશસ્તમોહને ટાળવા માટે તેને બહાર કાઢવા માટે પ્રશસ્તમોહની જરૂર છે, પછી અપ્રશસ્તમોહ જ્યાં નીકળી જાય છે કે તેની સાથેજ પ્રશસ્ત મોહ પણ નીકળી જાય છે. પ્રશસ્ત રાગદ્વેષનો નાશ કરવા માટે બીજી કોઇ વસ્તુની યા ઉપદેશની જરૂર પડતી નથી. દેવાદિક ઉપરનો રાગ, જ્ઞાન, દર્શન ચારિત્ર ઉપરનો રાગ અને જગતની પૌદ્‌ગલિક વસ્તુઓ પરત્વેનો દ્વેષ એ સઘળાને રાગદ્વેષ કહ્યો છે પરંતુ તે રાગદ્વેષ પ્રશસ્ત છે એવું કયારે માનવું તેનો વિચાર કરો. એ રાગદ્વેષને ટાળવાને માટે જો ઉપદેશની જરૂરજ નથી પડતી તોજ એ રાગદ્વેષ એ પ્રશસ્ત રાગદ્વેષ છે અન્યથા નહિ. અરિહંત, સાધુ, બ્રહ્મચારી એ સઘળાઓમાં જે રાગ છે તે "अरिहंते सुहराओ राओ साहुसु बंभयारीसु एस पसथ्थोरागो अज्जसरागाणं साहुणं" પ્રશસ્ત પણ કહેવાય છે, અને એ રાગને ટાળવાને માટે ઉપદેશની જરૂર હોતી નથી. એ સિવાયનો બીજો રાગ તે અપ્રશસ્તરાગ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જ્ઞાન અને કુત્સિતજ્ઞાનનો ભેદ.** રાગ, પ્રશસ્ત હોય છતાં તેમાં બે વસ્તુ રહેલી છે. ગુણ ઉપર આપણે રાગ રાખીએ છીએ, તેજ પ્રમાણે એ ગુણના ધારક ઉપર પણ રાગ રાખવાનો છે પરંતુ એ પ્રશસ્ત દ્વેષનો પ્રકાર એથી જુદોજ છે. પ્રશસ્ત દ્વેષ પણ માત્ર અવગુણ ઉપરજ હોઈ શકે છે, પ્રશસ્તદ્વેષ અવગુણી ઉપર રાખી શકાતો નથી. જે માણસ અવગુણી ઉપર પણ દ્વેષ રાખે છે તેનો એ દ્વેષ એ પ્રશસ્ત દ્વેશ નથીજ પરંતુ અપ્રશસ્ત દ્વેષ છે. હવે પ્રશસ્તરાગનો જરા વિચારપૂર્વક વિચાર કરીએ. પ્રશસ્તરાગમાં બે સ્થાન હોય છે. સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, તપસ્યા, અભ્યાસ, વિનય, વૈયાવચ્ચ એ ગુણો ઉપર જે રાગ છે તે રાગ એ પ્રશસ્તરાગ કહેવાય છે, અને જે આત્મા એ બધા ગુણોનો ધારક હોય તે આત્મા ઉપર પણ રાગ રાખવામાં આવતો હોય તોએ તે પ્રશસ્તરાગ કહેવાય છે. હવે જે સ્થિતિ પ્રશસ્તરાગમાં છે તેજ સ્થિતિ પ્રશસ્તદ્વેષમાં નથી. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ ઉપરનો જે દ્વેષ છે તે પ્રશસ્તદ્વેષ છે. મિથ્યાત્વ અને દર્શનાવરણીયનો ઉદય તથા અજ્ઞાન અને જ્ઞાનાવરણીયનો ઉદય એ બંને ભિન્નભિન્ન કામો કરનારા છે. મિથ્યાત્વ એટલેજ અજ્ઞાન છે. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં અજ્ઞાન છે અને એજ રીતે અજ્ઞાન તેજ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વને આશ્રયે રહેલું જે જ્ઞાન છે તે કુત્સિતજ્ઞાન કહેવાય છે, ને તે પ્હેલે ગુણઠાણેજ મુખ્યતાએ હોય છે અને જ્ઞાનાવરણીય કર્મોનો ઉદય હોવા છતાં તેના ક્ષયોપશમથી જે જ્ઞાન થાય છે અને તે જ્ઞાનની સાથે તો સમ્યક્ત્વ-ચારિત્ર એ ક્ષાયિકાદિ ત્રણે પ્રકારનાં હોય છે; તો પણ એવું જ્ઞાન તે અજ્ઞાનવાળુંજ છે! શુદ્ધ જ્ઞાન અથવા તો જ્ઞાન તો માત્ર તેજ છે કે જેમાં અષ્ટપ્રવચનમાતાના ઉપાદેયપણાનો સમાવેશ થએલો છે.

**ગુન્હાને ધિક્કારો; ગુન્હેગારને નહિ!** અષ્ટ પ્રવચનમાતાના ઉપાદેયપણા વિનાનું જે જ્ઞાન છે, તે જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મો સર્વથા ન ખપાવવાથી થએલું જ્ઞાન હોઈ એવું જ્ઞાન તે પણ અજ્ઞાનવાળું છે. અર્થાત્ કે બારમા ગુણસ્થાનકના અંત સુધી ઔદયિક અજ્ઞાન હોય છે. કુત્સિત અજ્ઞાન તે કહેવાય છે કે જે ક્ષાયોપશમિક હોવા છતાં મિથ્યાત્વવાળું હોવાથી અજ્ઞાન છે. કર્મના ઉદયથી જ્ઞાનની જે ન્યૂનતા રહેવા પામે છે તે પણ અજ્ઞાન છે. આ રીતના મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ આ દોષો તરફ જે અપ્રીતિ છે, તેને શાસ્ત્રકારોએ પ્રશસ્ત દ્વેષ કહેલો છે. આ સઘળા દુર્ગુણો છે અને તે સઘળા દુર્ગુણો ઉપર દ્વેષ રાખવો તે જરૂરી છે, પરંતુ દુર્ગુણી ઉપર દ્વેષ રાખવાની જૈનશાસન સાફ ના પાડે છે. જો દુર્ગુણીઓ ઉપર પણ કોઈપણ માણસ દ્વેષ કરતો ફરે, તો જગતમાં તેનીજ સ્થિતિ વિચિત્ર થઇ પડે છે. જગતમાં સમકીતિ મુઠીભર થોડાજ છે અને મિથ્યાત્વીઓ તો સાગરના બુંદો જેટલા અપાર છે. એ સાગરના બુંદો જેટલા વિશાળ મિથ્યાત્વીઓમાં પણ અજ્ઞાનીઓ અપાર, વિરતિધારી અત્યંત ઓછા અને અવિરતિધારી તો જોઇએ એટલા! હવે આવા બધાજ અવિરતિધારી મિથ્યાત્વીઓ અને અજ્ઞાનીઓ ઉપર કોઈ માણસ દ્વેષ કરતો ફરે તો વિચાર કરો કે તે કઇ સ્થિતિએ જઇને ઉભો રહે? અર્થાત્ પ્રશસ્તરાગ તેને કહ્યો છે કે સદ્‌ગુણો અને સદ્‌ગુણી બંને ઉપર રાગ રાખવો અને પ્રશસ્તદ્વેષ તેનેજ કહ્યો છે કે જેમાં દુર્ગુણ અને દુર્ગુણી બંને પર દ્વેષ ન રાખતાં માત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દુર્ગુણ ઉપર દ્વેષ રાખવો; આ પ્રકારના રાગદ્વેષ તે પ્રશસ્ત રાગદ્વેષ છે.

**કારૂણ્યભાવના એટલે શું ?** આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગુણ અને ગુણી બંને સન્માનવા યોગ્ય છે ખરા પરંતુ તે એટલાજ માટે સન્માનવા યોગ્ય છે કે તેનામાં ગુણો રહેલા છે. મોતીચંદભાઇને "આવો મોતીચંદભાઈ!" એટલા માટે ન કહેવા જોઇએ, કે તે મોતીચંદભાઈ છે. તેમને "આવો મોતીચંદભાઈ!" ત્યારેજ કહી શકાય, કે જો તે ધર્મપ્રવૃત્તિમાં અગ્રણી હોય; કહેવાની મતલબ એ છે કે ગુણી તેના શરીર ઉપરના રાગથી સન્માનવા યોગ્ય નથીજ પરંતુ તેનામાં રહેલા સગુણોને અંગે તે સન્માનવા યોગ્ય છે, ત્યારે દુર્ગુણી અને દુર્ગુણ પરત્વેના દૃષ્ટિબિંદુ જુદાંજ છે. દુર્ગુણો ઉપર દ્દઢ દ્વેષ રાખવાનો છે પરંતુ દુર્ગુણી ઉપર દ્વેષ રાખવાનો કહેલો નથી. દુર્ગુણીને અંગે પહેલી કારૂણ્યભાવના રાખવાની છે અને પછી આદાસીન્યભાવના રાખવાની છે. દુર્ગુણી પરત્વે કારૂણ્યભાવના રાખવાની એટલે શું તે સમજો. અજ્ઞાનવશ એક દુબળો માતા આગળ મરઘો કાપવા તૈયાર થાય તો એ મરઘાકાપુ છે એમ માનીને તેનો તિરસ્કાર કરવાનો નથી પરંતુ તે અજ્ઞાની છે એમ ધારીને તે પાપમાં પડે છે માટે તેને પાપમાંથી બચાવી લેવાનો પ્રયત્ન કરીને પાપથી મુકત રાખવા તેની દયા ધરવી એ કારૂણ્યભાવના છે. હવે અધર્મી એનાથી પણ આગળ વધે તે મરઘી કાપવા જાય અને તમે તેને સુમાર્ગે વાળવા જાઓ; તો કહે કે, "મને ઉપદેશ આપવા આવ્યો ! જા ! ત્યારે આજે પચાસ બકરા વધારે કાપવાનો ! આવી જ્યાં સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં સજ્જનનો ધર્મ ચોકખોજ છે કે તે પેલા કસાઇના કાર્ય તરફ ઔદાસીન્ય ભાવના રાખે છે.

**ભાવદયાનું ખંડન થવા દેશો નહિ.** જે ન સુધરે એવું છે, સુધારવા જતાં જે વધારે બગડે છે ત્યાં કારુણ્યભાવ ન રાખતાં ઔદાસીન્યભાવ રાખવો એ વાત સાચી છે પરંતુ સજ્જનોની પહેલી ફરજ તો એ છે કે તેમણે જેઓ સુધરી શકતા હોય તેવાઓને પહેલાં સુધારવાના છે, તેમને સાચે રસ્તે લાવવાનો પ્રયત્ન કરવાનો છે અને આટલું છતાં પણ જો તે નજ સુધરે તો પછી ત્યાં ઔદાસીન્ય રાખવું ઉચિત છે, પણ પહેલી ફરજ સુધારવાની તો ખરીજ, એ ફરજ તરફ આંખમીંચામણા થાય તે જૈનશાસન ચલાવી લેવા તૈયાર નથી ! કેટલાક માણસો એવા છે કે જેમને હેતુયુક્તિપૂર્વક તમે ભગવાન્ શ્રીજિનેશ્વરદેવનો માર્ગ દર્શાવશો તો તે તેનો શાંતિથી સ્વીકાર કરશે, જ્યારે કેટલાક એવા છે કે તેમના ઉદ્ધારને માટે પણ તમે તેમને જિનેશ્વર ભગવાનના પરમમાર્ગનો ઉપદેશ આપશો, તો પણ તે તમોનેજ પૂરા કરવાની વાત કરશે ! આવા પ્રસંગોમાં ઔદાસીન્ય ભાવ રાખવાનો કહ્યો છે છતાં આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજા સાહેબ જણાવે છે કે તમે જેટલા પ્રસંગોમાં મધ્યસ્થભાવના રાખો છો તેટલા પ્રસંગોમાંથી તમારી ભાવદયા તે જીવોને અંગે રોકાઇ જાય છે. કારૂણ્યભાવના એ ભાવદયાનું પ્રથમ પગથીઉં હતું. આ ભાવનાને ઉંચે લઇ જવાની હતી, પરંતુ તે જીવની યોગ્યતા ન હોવાથી મધ્યસ્થ ભાવના ધારણ કરવાથી ભાવદયાનું ન્યૂનપણું થવા પામે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**'સંગમ'ની કલંક કથા!** પાપી, અધમ માણસોના દુરાચારો તરફ માધ્યસ્થ ભાવના રાખો છો પરિણામે તેની દુર્ગતિ થવાની છે એ વાત તો ચોક્કસજ છે. હવે તેની તો દુર્ગતિ થવાની છે પરંતુ તે સાથે તમારી ભાવદયાનું પણ ખંડન થઈ જાય છે. આ ઉદાહરણ–આ પ્રસંગ વધારે સારી રીતે સમજવા માટે ભગવાન્ શ્રીમહાવીરદેવના જીવનનો એક પ્રસંગ વિચારો. **संगम** એ જૈનસાહિત્યનું એક અધમમાં અધમ પાત્ર છે. આ પાત્રની અધમતામાં એક અંશની પણ ન્યૂનતા ન હતી! ત્રિલોકાધિપતિ ભગવાન્ શ્રીમહાવીરદેવ ઉપર સંગમે અનેક ઘોર ઉપસર્ગો કર્યા હતા. સર્વથા અસત્ય એવા મહાભયાનક કલંકો તેણે ભગવાન્ ઉપર ઢોળવાનો યત્ન કર્યો હતો. ભગવાનને છ માસ સુધી અન્નનો એક દાણો પણ તેણે મળવા દીધો ન હતો. સંગમે ભગવાન્ મહાવીરદેવે સ્ત્રીઉપભોગ કર્યો હતો એવું જુઠું કલંક તેમના ઉપર લાધ્યું હતું. તેજ પ્રમાણે ભગવાન્ ઉપર તેણે ચોરીનો પણ આરોપ મૂકયો હતો! આટલું બધું કર્યા છતાં જાણે એ સઘળું ઓછું હોય તેમ શ્રીતીર્થંકર ભગવાનને તે પાપીએ ફાંસીએ પણ ચઢાવ્યા હતા! આ ઉપસર્ગો કાંઈ જેવા તેવા નથી, પરંતુ તે છતાં તેવા અધમપ્રાણીને અંગે પણ ભગવાન્ શ્રીમહાવીરદેવની દયાનું ઝરણું અખંડિત રહ્યું છે, તે ખંડિત થવા પામ્યું નથી. આ પ્રસંગે ભગવાન્ વીતરાગદશામાં નથી, સરાગપણામાં એટલે છદ્મસ્થદશામાં છે, સાતમે ગુણસ્થાનકે આરૂઢ છે, તે છતાં ભગવાનનું દયાનું ઝરણું અખંડિત રહે છે અને ભગવાન્ તેને અંગે એક વાર આંખમાંથી આંસુઓ વહેવડાવે છે! કે આ બીચારો આત્મા મારા નિમિત્તે ડૂબી જાય છે આવા અધમને માટે પણ આ શાસન કહે છે કે **"इषद्बाष्पार्द्रयोर्भद्रं"** આ પાપથી આ બીચારો દુર્ગતિગામી થશે, આવી ભાવદયા આવે છે." આનું નામ તે ભાવદયા છે.

**ભગવાન્ શ્રીમહાવીરની અદ્‌ભુત દયા** હવે આપણી સ્થિતિ કેવી હોય છે તે વિચારી જુઓ. આપણને વચનનું કોઈ એક બાણ મારે છે તો તે પણ આપણાથી સહન કરી શકાતું નથી. આપણે તળે ઉપર થઇ જઈએ છીએ અને તેનો નાશ કરવાને જગત તૈયાર બની જાય છે! ત્યારે ભગવાન્ મહાવીર દેવના સંબંધમાં દેવતાએ કરેલો અત્યાચાર તો પરમાવધિનોજ ગણી શકાય, છતાં ત્યાં પણ ભગવાનની દયાશીલતાનો અંત નથી. ગોશાળાની અને સંગમ દેવતાની સ્થિતિ વિચારો. મંખલીપુત્ર ગોશાળાએ ભગવાન્ ઉપર તેજોલેશ્યા મૂકી હતી, એ પણ કાંઈ નાનો સુનો અપરાધ નથીજ પરંતુ સંગમ દેવતાનો અપરાધ તો એનાથીએ વધારે ભિષણ પ્રકારનો હતો. ઉદયગિરિની ગુફાની પાસે આવેલા તોસલીના રાજ્યમાં ભગવાન્ શ્રી મહાવીરદેવ ઉપર ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તે માટે તેમના સંબંધમાં ફાંસીની સજા થઇ હતી. ભગવાન્ શ્રીમહાવીરદેવ ચરમ શરીરી હતા, તેમનું આયુષ્ય ખંડિત થઇ શકે એવું ન હતું, છતાં સંગમ દેવતાએ ભગવાન્ ઉપર કાળચક્ર મૂકી દીધું. સાત વાર દેવતાએ ભગવાનને ફાંસી દીધી, પરંતુ તે સાતે વાર તૂટી ગઈ! હવે આવું દુષ્કૃત્ય કરનાર દેવતાની સ્થિતિ વિચારો; છતાં શાસન કહે છે કે આવે પ્રસંગે પણ **"कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः। इषद् बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयो"॥** આવે પ્રસંગે પણ મહાવીર ભગવાનની દયા જેમ મહાસાગરમાંથી સતત જળ વહ્યુંજ જાય છે તેમ વહીજ રહી હતી અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ દેવતાની દુર્દશાને અંગે ભગવાનની આંખમાં અપરાધીને અંગે ભાવદયાથી નેત્રની કીકીઓ ભીંજાઈ ગઈ હતી અર્થાત્ આંસુઓ આવી ગયાં હતાં.

**સજાની શાસ્ત્રે સ્તુતિ કરી નથી** આવા પ્રસંગે જે વીરની આંખમાં આંસુઓ આવી જાય છે તેવા નેત્રને કલ્યાણ કહે છે. ભગવાન્ સંગમ દેવતા ઉપર દયા કરે છે પરંતુ ભગવાનના ભકત ઇન્દ્રમહારાજા સંગમ ઉપર દયા કરતા નથી. ઇંદ્ર-મહારાજા પોતાની સરખી રિદ્ધિવાળા સંગમને દેવતાલોકમાંથી દેશનિકાલની સજા કરે છે. સંગમ જ્યારે દેશનિકાલ થાય છે, ત્યારે તેનો પરિવાર તેની દેવીઓ કોઇપણ તેની સાથે જઈ શકતું નથી. ઇન્દ્રની આ સજા તેના ભગવાન્ ઉપરના રાગને લીધે હતી છતાં કોઇ શાસ્ત્રકારદ્વારા કોઈપણ સ્થળે ભગવાનને માટે ઇન્દ્રે કરેલી સજા સારૂ ઇન્દ્રની કે તેની સજાની પ્રસંશા કરવામાં આવી નથી જયારે બીજી બાજુએ ભગવાને દર્શાવેલી દયા માટે ભગવાનની સ્તુતિ તો સ્થળે સ્થળે કરવામાં આવી છે. ભગવાને દર્શાવેલી આ દયાને "बलं जगत् ध्वंसन रक्षणक्षमं कृपा च सासंगमके कृतागससि" એ શબ્દોદ્વારા કલ્પસૂત્રમાં પણ વખાણવામાં આવી છે. હવે આ વખાણ કઇ ચીજના છે તે સમજવાનો પ્રયત્ન કરો. આ સઘળા ઇતિહાસમાં લાગણીના વખાણનેજ સ્થાન મળેલું છે ઇન્દ્રે કરેલા કાર્યના વખાણ કરવામાં આવ્યા નથી. ઇન્દ્રે ભગવાનની જે સેવાઓ કરી છે ભગવાન્ પરત્વે તેને જે માન અને પ્રેમ છે, જે લાગણી છે, તે લાગણીના વખાણ કરવામાં જરાય હરકત સંભવતી નથી. લાગણી તરીકે જો પ્રશંસા કરવી હોય તો ઇન્દ્રે દર્શાવેલી લાગણીના વખાણ અવશ્ય કરી શકાય એમ છે, પરંતુ ફળ તરીકે વખાણ કરવા હોય તો તો ભગવાને દર્શાવેલી દયાનાજ વખાણ કરી શકાય, તે સિવાય બીજી કોઈપણ ચીજના વખાણ કરી શકાય તેમ નથી.

**કર્મનિર્જરા કયારે સંભવે છે?** ભગવાને દર્શાવેલી ભાવદયા નિઃસંશય અનુમોદનીય છે અને તેને શાસ્ત્રકારોએ પણ વખાણી છે, કારણ કે એ ભાવદયાનો કર્મનિર્જરા સાથે સીધો સંબંધ રહેલો છે. આ પ્રસંગમાં કયો અંશ આદરણીય છે—અનુમોદનીય ઠર્યો છે તે વિચારો! તમારા એક ખીસામાં સાચું મોતી છે, બીજા ખીસામાં ખોટું બનાવટી મોતી છે. આ બનાવટી મોતી કોઇ કાઢી લે છે તો તેથી તમોને ગુસ્સો આવતો નથી પરંતુ જો ખરૂં મોતી કોઈએ કાઢી લીધું હોય તો તરત તમે રાતાપીળા બની જાઓ છો? કહો વારૂ? આમ થવાનું કારણ શું હોઈ શકે? તમારો રાગ ગોળમટોળ આકૃતિ અને ચળકતા પૃષ્ટ ભાગ ઉપરજ હોય, તો તો ખોટાં મોતીને લઈ લેતાં પણ તમોને ગુસ્સો આવવોજ જોઇએ પરંતુ તેમ થતુંજ નથી કારણ એ છે કે તમારો ખરા મોતી ઉપર રાગ છે તે એ મોતીના ગુણોને અંગે રહેલો છે. જેના પ્રત્યે મનુષ્યની પૂજ્યતા હોય, જેને તે માનથી જોતો હોય જેના પ્રત્યે તેને પ્યાર હોય, તેવાની જ્યારે અવજ્ઞા કે આશાતના થાય છે ત્યારે જરૂર લાગણી ઉછળે છે પરંતુ એ લાગણી શાને અંગે ઉછળે છે તેનો વિચાર કરો. ઇષ્ટ વસ્તુ તરફ લાગણી છે માટે એજ રીતે ઇંદ્ર તથા દેવતાની ભગવાન્ શ્રી મહાવીર દેવ તરફ લાગણી હતી "અને ત્યાં કર્મનિર્જરા હતી, પરંતુ જ્યાં ભગવાનના ઉપસર્ગ માટે સજા કરવામાં આવે છે ત્યાં તારતમ્યતાથી નિર્જરાનો સંબંધ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આ તે આરાધના કે વિરાધના?** ખંધક આચાર્ય એક પ્રસંગે પાલક તરફ રોષે ભરાયા હતા. આ રોષનું પરિણામ એટલું બધું ભયંકર આવ્યું હતું કે ખંધક આચાર્યે પાલકને ભવાંતરે મારવાનું નિયાણું કર્યું હતું. ખંધક આચાર્યે આ નિયાણું પોતાના કોઈ સ્વાર્થ માટે કર્યું ન હતું. પાલકે શાસનની આશાતના કરી હતી તેને અંગે તેને શિક્ષા કરવા ભવ બગાડીને પણ ખંધક તૈયાર થયા હતા! ત્યારે હવે આ વૃત્તિને આરાધના કહેશો કે વિરાધના કહેશો વારૂ? આચાર્ય ખંધકની આ વૃત્તિને આરાધના ગણવામાં આવી નથીજ પરંતુ તેને વિરાધનાજ ગણવામાં આવી છે. ભગવાન્ શ્રીમહાવીરદેવના શિષ્યો પ્રત્યે જ્યારે ગોશાળો આવ્યો હતો ત્યારે ભગવાને પોતાના શિષ્યોને શું આજ્ઞા કરી હતી તેનો વિચાર કરો. ભગવાને પોતાના શિષ્યોને આજ્ઞા કરી હતી કે ગોશાળો ગમે તેવા મારા ઉપર આક્ષેપો કરે તે છતાં તમે ઉત્તર પ્રતિ ઉત્તર કરશો નહિ! અરે જીભ પણ ચલાવશો નહિ!! હવે કોઈ એવો પ્રશ્ન કરશે કે જો ભક્તિને અંગે લાગણી અનુમોદવા યોગ્ય છે અને તેથી કર્મનિર્જરા થાય છે, તો પછી ભગવાનના શિષ્યોએ ભગવાન્ પ્રત્યેની અને શાસનપ્રત્યેની લાગણીને વશ થઈને ગોશાળા જોડે વાદવિવાદ કર્યો હોત તો તો તેથી પણ કર્મનિર્જરાજ થવા પામત, ત્યારે ભગવાને એ વાદવિવાદજ બંધ કરી નંખાવ્યો અને કર્મનિર્જરાનો માર્ગજ બંધ કરી દીધો; તેનું શું? હવે આ રીતનો પોતાના શિષ્યોને સંદેશો આપીને ભગવાને કર્મનિર્જરાનો માર્ગજ બંધ કરી દીધો હતો કે કેમ, તે પ્રશ્ન હવે વિચારીએ.

**માધ્યસ્થભાવના ક્યાં સંભવે છે?** તમોને આગળ મોતીનું ઉદાહરણ આપવામાં આવેલુંજ છે. એ મોતી કોઈ લઇ લે છે તો તમોને ગુસ્સો આવે છે પરંતુ તે ગુસ્સો તે મોતીને અંગે આવતોજ નથીજ! પરંતુ મોતીમાં રહેલા ગુણને અંગેજ આવે છે. ઈન્દ્રે દેવતાને સજા કરી હતી એ પ્રસંગમાં પણ આપણે જોયું છે કે શાસ્ત્રકારોએ સજા પ્રસંશાપાત્ર નથીજ ગણી; પરંતુ લાગણીજ પ્રશંસાપાત્ર માનેલી છે. ઇન્દ્રે સજા કરી છે તે લાગણી વિના થઈ નથી માટેજ અહીં લાગણીનું મહત્વ છે. જે માણસમાં શૌર્ય હશે તેવો માણસ તો લડાઇની નોબત ગાજતી સાંભળશે કે તરતજ તેને શૌર્ય છૂટયા વિના રહેવાનું નથી. જ્યાં વાજાં વાગવા માંડશે, લડાઇનો શંખનાદ થશે કે ત્યાં તો પેલો માણસ શૌર્યથી ગાજી ઉઠશે; પરંતુ આપણે એનું શૌર્ય અને એના શાર્યનું કાર્ય એ બેને જુદા પાડવાનાં છે. આપણે હંમેશાં અનુમોદનીય સ્થાન તરીકે તે સજાનું કાર્ય ગણ્યું નથી, પરંતુ લાગણીજ ગણી છે. દેવલોકમાં સામાનિક દેવપણા જેવી કોટિમાં પ્રવેશેલો એવો સંગમ દેવતા હતો, પરંતુ તેણે જ્યારે ભગવાન્ મહાવીરને અનેક ઉપસર્ગોથી પીડવા માંડ્યા ત્યારેજ ઈન્દ્રે સજા તરીકે તેને દેશનિકાલની સજા કરી હતી. ઇન્દ્રે આ દેવતા ઉપર માધ્યસ્થ ભાવના રાખી ન હતી. માધ્યસ્થ ભાવના તો તેજ રાખી શકે છે કે જેનામાં સામો માણસ નુકસાન કરતો હોય તો તે અટકાવી દેવાની શક્તિ ન હોય! ઇન્દ્રમાં તો એવી શક્તિ હતીજ કે તે સંગમદેવતા નુકસાન ન કરી શકે એવું કરીજ શકત! જ્યાં પોતાના હાથમાં એવી શક્તિ રહેલી હોય છે ત્યાં કારૂણ્યભાવનાને અવકાશજ નથી, તેવા સંયોગોમાં કારૂણ્યભાવના સંભવતીજ નથી!!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઔદાસીન્ય કેવી રીતે રાખી શકાય?** માધ્યસ્થભાવના ત્યાં સંભવી શકે છે કે જ્યાં ઉપદેશ આપવાથી આત્મા બેવડો ડૂબવા માંડે! એક શ્રાવક નગરશેઠનો છોકરો હતો. છોકરો કુસંગમાં પડી ગયો અને વટલીને મુસલમાન બની ગયો! નગરશેઠનો છોકરો! મોટાનું ફરજંદ અને આવો બનાવ!! પછી તો પૂછવુંજ શું? ગામલોકોમાંથી સારા સારા પાંચ પંદર માણસો ભેગા થયા અને પેલા છોકરાને સમજાવીને પાછા લાવવાના ઇરાદાથી તે છોકરાને મળવા ગયા! આ વખતે આ નવા મિયાજી ઘરને ઓટલે બેઠા હતા! આ મંડળ ગયું, છોકરાની સામે બેઠું અને છોકરાને કહે છે, "ભાઈ! અમે તારી સાથે થોડી વાત કરવા માગીએ છીએ!" છોકરો તરતજ ઘરમાં દોડ્યો. એક રકાબીમાં સેકેલા ભુંજેલા માંસના ટૂકડા અને બીજા હાથમાં ગ્લાસમાં દારૂ લઇને બહાર આવ્યો અને બધાની વચ્ચે બેસીને આ "વિષ્ટા ભક્ષણ" કરતા તેણે પેલા મંડળને ઉત્તર આપ્યો, "ફરમાવો, મુરબ્બીઓ! શું હુકમ છે!" હવે પેલા મંડળે તે શી વાત કરવી! પરિણામ એ આવ્યું કે પેલું મંડળ બિચારૂં બોલ્યા ચાલ્યા વિનાજ જેવું ગયું હતું તેવું ને તેવુંજ પાછું ફર્યું! જે જીવો આવી પ્રકૃતિના હોય, જે જીવો ઉપદેશથી ઉલટા વધારે પાપકર્મમાં પરોવાશે એવી સોળે સોળ આનાની ખાતરી હોય, ત્યારે તેવા સંયોગોમાં ઔદાસીન્યભાવના રાખ્યા વિના છૂટકોજ નથી પરંતુ એ ઔદાસીન્ય કેવી રીતે અને શા માટે રાખવું જોઇએ તે વિચારવાનો અને સમજવાનો પ્રશ્ન છે.

**દુર્જનોની મહાભયાનક નીચતા!** દેવ, ગુરુ, અને ધર્મની શંકા રહિત થઇને જેઓ ઘોર નિંદાજ કરી રહ્યા છે અને ગમે તેવા શબ્દો બોલ્યા જાય છે, તેવાઓના સંબંધમાં એજ દૃષ્ટાંત આપવું ઉચિત છે કે વિષ્ટામાં પથરો મારવાથી સજ્જનોએ જેમ દૂર રહેવાનું છે; તેજ પ્રમાણે આવા માણસોથી પણ સજ્જનોએ દૂરજ રહેવાનું છે જેઓ દેવોને બળવાખોરો કહે છે, મહાપવિત્ર અને ભવભયહારક આગમોને થોથાં કહે છે, એ આગમોના પૂજારી સાધુઓને પઠાણો કહે છે, આવાઓને સમજાવવાને માટે જો તમે એક વાર પ્રયત્ન કરશો તો સાધુઓને તે બીજી પચાસ ગાળો આપવા માંડશે! આવા પ્રસંગે એવા દુર્જનો સાથે તમારે માધ્યસ્થ ભાવના રાખવી એજ વ્યાજબી છે. વિષ્ટામાં પથરો મારવાથી મારનારો પોતેજ ખરડાય છે, તેજ રીતે આવા દુર્જનોને સુધારવા જનારો પોતેજ બગડી આવે એવો પુરતો સંભવ છે. આ માધ્યસ્થભાવનાને પણ વખોડનારા તો મળીજ આવશે પરંતુ તેથી ક્ષોભ પામવાનું કારણ નથી. દુનિયાભરમાં એવો એક પણ સદ્‌ગુણ નથી કે જે સદ્‌ગુણને પણ દુર્જનોએ દોષિત ન બનાવ્યો હોય! કોઇપણ પ્રશ્ન લેશો તો પણ તેમાં એનું એજ પરિણામ તમારી દૃષ્ટિએ આવવા પામશે. જો તમે શાંતિ રાખશો, તો દુનિયા જરૂર કહેશે કે, "એનામાં પાણી શું છે તદન નિર્માલ્ય છે" આત્માભિમાન રાખશો, તો કહેશે કે, "મૂર્ખો છે મૂર્ખો, જરાય બાપા કહીને કામ કઢાવી લેવાની આવડતજ નથી." પ્રપંચ નહિ કરો તો પણ દોષ તમારોજ, જગત તરતજ તમોને કહી દેશે કે, "અક્કલનો છાંટો પણ ક્યાં છે જે કામ કઢાવી લે!" લોભ ન રાખશો તો એવો આક્ષેપ કરશે કે: "એનાથી શું થાય? આ કામ કરવામાં તો છાતીમાં હામ જોઇએ" થોડું ખાશો તો કહેશે કે "હરામખોર કંજુસનો કાકો છે, એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેટ ભરીને પુરૂં ચાંપતો પણ નથી !" વધારે ખાશો તો કહેશે કે: "જોઇ લ્યો, છપ્પનીયામાંથી આવ્યો છે તે તપેલું સાફ કરી ગયો !" દુનિયાની આ દશા છે ! હવે કહો કે દુર્જનોએ કયો ગુણ દુષિત નથી બનાવ્યો ?

**માધ્યસ્થવૃત્તિ કેવી હોઇ શકે ?** સામાન્ય જગતનો સ્વભાવજ એવો છે કે એક પણ સદ્‌ગુણને તેણે સદ્‌ગુણ તરીકે રહેવાજ દીધો નથી. આવા સ્વભાવવાળા માણસો દુર્જનો પ્રત્યે ધારણ કરવામાં આવતી ઉપેક્ષાવૃત્તિને માધ્યસ્થપણાને પણ બાયલાપણું કહીને નિંદે છે. હવે ભગવાન્ શ્રીમહાવીરદેવે પોતાના શિષ્યોને ગોશાળાના પ્રસંગમાં મૂગા રહેવાનું એટલે માધ્યસ્થપણું રાખવાનું કેમ કહ્યું છે તેનો મેળ તમોને સમજાશે. કોઇને દેડકો કરડી જાય, કરડીને દેડકો દૂર બેઠો હોય, એટલામાં સામેથી સાપ ધીમે ધીમે દેડકા તરફ ધસી આવતો હોય; એવા પ્રસંગોમાં" થવા દો, દેડકાનું જે થવાનું હશે તે થશે; મારે એમાં શી પીડા છે, મેં દેડકાને થોડુંજ અહીં બેસી રહેવાનું કહ્યું છે !" એવો વિચાર કરીને દેડકાને હાંકી ન મૂકવો અથવા સાપને આવતો ન અટકાવવો, એનું નામ માધ્યસ્થવૃત્તિ નથી, પરંતુ પાપીની દયા ખાવી અને તેને સુધારવાનું જો આપણા હાથથી બહારની વાત હોય તેના પરત્વેની દયાની લાગણીપૂર્વક તટસ્થ રહેવું એ માધ્યસ્થવૃત્તિ છે. ભગવાન્ મહાવીરદેવના સંદેશાનું પણ આજ હાર્દ હતું. ગોશાળો સુધરી શકે એવો ન હતો, તેની દુર્જનતામાં એક અંશ પણ ઓછો ન હતો, તેથીજ તેમના તરફની દયાપૂર્વક મધ્યસ્થવૃત્તિ રાખવી એજ ભગવાને પોતાના શિષ્યોને આપેલા સંદેશાનું હાર્દ-મર્મ હતું.

**માધ્યસ્થભાવનાનો ખોટો અર્થ ન કરો.** અહીં તમોને એક બીજી ચેતવણી આપવાની છે તે યાદ રાખો ! માધ્યસ્થભાવનાનો ખોટો અર્થ કરવાનો નથી. છોકરો જિનબિંબ પૂજવાની ના પાડતો હોય કે; "હવે એ પત્થરના ઢીંગલાની શી પૂજા કરવી હતી !" તો એવા સંયોગોમાં તટસ્થ રહેવું અને છોકરાને તેને માર્ગે પ્રવર્તવા દેવો, એ માધ્યસ્થભાવના નથીજ ! તેને તો તમારે સુધારવોજ રહ્યો. એજ પ્રમાણે જે દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરતા હોય તેમને પણ તમારે પંપાળવાના નથીજ. એવા પ્રસંગોમાં તો તમારી ફરજ બેવડી થાય છે. અજ્ઞાની આત્માઓ પાખંડીઓની મોહજાળમાં ન ફસાય તેટલા માટે તમારે સત્યનો પ્રકાશ કરવો અને અજ્ઞાનીઓના શુભની ભાવના રાખી તેમના દ્વારા શાસન પર થતા આક્રમણોનો તમારે ધર્મસંરક્ષણવૃત્તિપૂર્વક સામનો કરવો, અન્યથા નહિ ! માધ્યસ્થવૃત્તિનો અર્થ એજ છે કે દુર્જનથી દૂર રહો !

**દયા અને તેના બે પ્રકાર.** દયાના બે પ્રકાર છે ભાવદયા અને દ્રવ્યદયા. જ્યાં ઉપેક્ષાવૃત્તિ રાખવાની છે ત્યાં દ્રવ્યદયા હસ્તીમાં નથી હોતી પરંતુ ત્યાં ભાવદયા રાખવાની છે. ભાવદયા રાખીને પાપીનું શુભ ઇચ્છીને તેનાથી દૂર રહેવામાં માધ્યસ્થવૃત્તિનો સાક્ષાત્કાર વિદ્યમાન છે. આ સઘળું વિસ્તારપૂર્વક એટલા માટે કહેવાની જરૂર પડે છે કે તમે પ્રશસ્તદ્વેષ માનીને કોઇ વ્યક્તિ ઉપર દ્વેષ રાખતા બની જાઓ નહિ ! પ્રશસ્તદ્વેષનું એજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લક્ષણ છે કે દુર્ગુણો ઉપર ગમે એટલો દ્વેષ રાખો, દુર્ગુણો ઉપર દ્વેષ રાખવાનોજ છે પરંતુ દુર્ગુણી ઉપર દ્વેષ રાખવાનો નથીજ! દુર્ગુણી કારૂણ્યભાવની કક્ષામાંથી બહાર નીકળે અને ઉપેક્ષાવૃત્તિમાં જઇ પડે એવે પ્રસંગે પણ તેના ઉપર ભાવદયા તો ખરીજ! હવે પ્રશસ્તરાગનું વિચારો. પ્રશસ્તરાગ તેજ ચીજ છે કે જેમાં સદ્‌ગુણો ઉપર પણ રાગ રાખવાનો છે અને સદ્‌ગુણી ઉપર પણ રાગ રાખવાનો છે. છતાં પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષનું એક મુખ્ય લક્ષણ વિચારવાનું છે. જે પ્રશસ્તરાગ અને દ્વેષ નિર્જરા સાથે સંબંધ રાખે છે તેજ રાગદ્વેષ પ્રશસ્ત છે બીજા રાગદ્વેષને પ્રશસ્ત સમજશો નહિ! સદ્‌ગુણી અને સદ્‌ગુણ ઉપર જેટલે અંશે તમે રાગ રાખો છો તેટલે અંશે તેનો સંબંધ નિર્જરા સાથે છે અને દુર્ગુણ ઉપર જેટલે અંશે દ્વેષ રાખો છો તેટલે અંશે તેનો સંબંધ પણ નિર્જરા સાથેજ છે. મિથ્યાત્વાદિ દુર્ગુણો ઉપર જેટલે અંશે દ્વેષ રાખો છો તેટલે અંશે તેનો સંબંધ નિર્જરા સાથે છે પરંતુ દુર્ગુણી ઉપર દ્વેષ રાખશો તેનો સંબંધ નિર્જરા સાથે નથી.

**પ્રશસ્ત રાગ આપોઆપ ટળી જાય છે.** આ પ્રશસ્ત રાગદ્વેષના સ્વરૂપો કહ્યા છે. હવે આપણે આપણી મૂળ વાત ઉપર આવવાની જરૂર છે. આપણે આગળ એ વાત સિદ્ધ કરી દીધી છે કે રાગ અને દ્વેષ જે પ્રશસ્ત છે તેને ટાળવાને માટે અથવા ખસેડવા માટે બીજા કશાની જરૂર પડતી નથી. પ્રશસ્ત રાગદ્વેષને ખસેડવા માટે ભાવના કે ઉપદેશની જરૂર પડતી નથી. શાસ્ત્રે જ્ઞાન ઉપર રાગ રાખવાનો કહ્યો છે અને ચારિત્ર તથા ચારિત્રધારી ઉપર પણ રાગ રાખવાનો કહ્યો છે, આ રાગ પણ મોહનુંજ એક સ્વરૂપ છે; પરંતુ શાસ્ત્રકારોએ તેને પ્રશસ્ત માની લીધો છે અને એવા રાગને ટાળવાને શાસ્ત્રમાં કોઇ સ્થળે એક લીટી પણ લખવામાં આવી નથી. શુદ્ધ દેવાદિક ઉપરથી પ્રશસ્તરાગ દૂર કરો એવો એક શબ્દ પણ કોઇસ્થળે લખવામાં આવ્યો નથી. શાસ્ત્રકારોએ આ સંબંધમાં એક લીટી પણ લખી નથી કારણકે શાસ્ત્રનોજ એ આદેશ છે કે દેવ, ગુરુ અને ધર્મમાં જે રાગ છે અને દુષ્કૃત્યોમાં જે દ્વેષ છે તે રાગ અને દ્વેષ આપોઆપજ ટળી જનારા છે. શાસ્ત્રકારોની આ માન્યતા કેવળ સીધી સાદી છે. માણસને રોગ થાય છે, પેટમાં મલ ભરાય ત્યારે તે અશકત બને છે; દાકતર દરદીને રોગનીજ મલ કાઢવાની દવા આપે છે તે કાંઇ શકિત લાવવાની દવા આપતો નથી! છતાં રોગ મટે છે મલ નીકળી જાય છે એટલે શક્તિ તો આપોઆપજ આવી જાય છે! દેવ, ગુરુ, ધર્મ એને અંગે જે રાગ છે તે રાગ કર્મનિર્જરા કરાવનારો છે અને જ્યાં કર્મનિર્જરા થઇ રહે છે કે આ રાગ આપોઆપ મટી જાય છે. પ્રશસ્ત રાગ દ્વેષ ટાળવો જરૂરી છે એમ જણાવી તેને માટે ઉપદેશ કે બીજા કશાની પણ જરૂરિઆત શાસ્ત્રે બતાવી નથી.

**ત્યાગી દેહ એ મોક્ષની સીડી છે.** અપ્રશસ્તમોહ, અપ્રશસ્ત દ્વેષ, પૌદ્‌ગલિક પ્રીતિ એના ઉપર રામબાણ ઔષધ તે પ્રશસ્ત રાગદ્વેષ છે. જ્યાં પ્રશસ્ત રાગદ્વેષ આવીને અપ્રશસ્ત રાગદ્વેષાદિને હાંકી કાઢે છે કે પ્રશસ્ત રાગદ્વેષ એની મેળેજ ટળી જાય છે. "મોહ નાશ પામી શકતો નથી." એવી દલીલ કરનારાઓ એમ કહે છે કે જેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોકરી પિયરમાંથી સાસરે આવે છે ત્યારે તેનો મોહ જતો નથી પરંતુ મોહમાં પલટો આવે છે, તેજ પ્રમાણે અપ્રશસ્તમોહ એટલે પૈસા, ટકા, બૈરી, છોકરાં ઇત્યાદિ સંસારની વસ્તુઓ ઉપરનો મોહ જાય છે અને તેને સ્થાને પ્રશસ્તમોહ જન્મે છે એ મોહનો પલટો થયો છે; એ વાત કબુલ છે, તેની કોઇ ના પાડતુંજ નથી, પરંતુ બીજા પ્રકારનો મોહ એવોજ છે કે તે પોતાની મેળેજ ટળી જનારો છે. કોઈ એમ પણ કહેશે કે સાધુ જો મોહવિરોધી ઉપદેશ આપે છે તો પછી સાધુએ પોતાના શરીર ઉપર પણ શા માટે મોહ રાખવો જોઇએ. આવી દલીલથી સાધુ પોતાને શરીરપર મોહ નથી એ દર્શાવવા માટે કાંઈ આપઘાત કરવા જવાનો નથી! જે શરીર નિરંતર પૌદ્ગલિક વસ્તુઓનીજ ઉપાસના પાછળ રક્ત છે તે શરીર એ નરકસ્થાનવત્ છે પરંતુ એજ શરીર સાધુઓના આત્માને માટે મોક્ષની સીડી જેવું છે. સાધુનો આત્મા શરીરદ્વારા તપસ્યાદિક ક્રિયાઓ કરી મોક્ષને પંથે વળી શકે છે માટે સાધુને એ શરીર કલ્યાણકારી છે. સાધુ શિષ્યોનો મોહ રાખે છે, સંઘાડાની સંભાળ રાખવાની ફરજ વિચારે છે, એ સઘળો પ્રશસ્તરાગ છે. આવા સઘળા કાર્યોમાં સાધુનો હેતુ શો છે તે જોવાની જરૂર છે. સાધુનો હેતુ એ છે કે હું જેમ બને એમ વધારે આત્માઓનો તારનારો થાઉં અને જે તરવાને પંથે વળેલા છે તેમને તેમના માર્ગમાં હું બની શકે એવી સેવા કરીને વધારે સરળમાર્ગ કરીને દૃઢ કરી દઉં!

**પ્રશસ્તરાગ ધિક્કારવા યોગ્ય નથી.** સંસારીની અને સાધુની સ્થિતિજ જુદી છે તેનો વિચાર કરો. સંસારી જીવ હોય અને છોકરો દીક્ષા લેવા તૈયાર થાય તો બાપ તળે ઉપર બની જાય છે અને ધમાચકડી મચાવી મૂકે છે ત્યારે સાધુસમુદાયમાંથી શિષ્ય વડી દીક્ષા લેવા માટે તૈયાર થાય કિંવા નિસ્તાર કરવા માટે તૈયાર થાય તો તે સમયે ગુરુને આનંદ થાય છે! હવે આ સાધુનો શિષ્યો ઉપર કઈ જાતનો રાગ છે તે સમજો, આ રાગ શિષ્યોને તારવા માટેનો છે અને તેથીજ તે રાગ એને શાસ્ત્રે પ્રશસ્ત રાગ કહ્યો છે. સંવેગી સાધુઓ એ શાસ્ત્રની દૃષ્ટિએ પણ સરાગી સાધુ છે, વીતરાગ નથી; અને સરાગી છે તેથીજ સંઘાડાનો બંદોબસ્ત કરવાની સરાગી સાધુઓની ફરજ છે. દીક્ષા દેનાર આચાર્યે વા સાધુએ પણ એ વાત તો વિચારવીજ પડે છે કે હું દીક્ષા તો આપુ છું પરંતુ એ સઘળા શિષ્યોને હું ઉપકરણો વગેરે પૂરા પાડી શકીશ કે નહિ? આ વિચારણામાં પણ મોહ છે પરંતુ તે પ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત મોહની સ્થિતિજ એ છે કે તેને નિર્જરા સાથે સીધો સંબંધ હોય છે અને તે રાગ પોતાની મેળેજ ટળી જવાના સ્વભાવવાળો હોય છે. પ્રશસ્તમોહ એ કોઈપણ રીતે ધિક્કારવા લાયક ચીજ નથી પરંતુ તે અંત્ય કોટિએ ત્યાજ્ય છતાં પૂર્વ અવસ્થામાં અવશ્ય આદરવા લાયક વસ્તુજ છે.

**ભવરૂપી ભયંકર પર્વત.** બાળપણાના સંસ્કારો કંઇજ કામના નથી એવું જેઓ કહે છે તેઓ માનસશાસ્ત્રને દૂર ફેંકી દઈને વાત કરનારા છે. બાળકોમાં ગૂઢ શકિત રહેલી છે અને તેથીજ તેમના ઉપર જે સંસ્કારો પડે છે તે સંસ્કારોને તેઓ ઝીલી લે છે. શ્રાવકના છોકરાને પાડોશમાં માંસનું તપેલું ઉકળતું હોય તો તરતજ તેની ગંધ દુર્ગંધ તરીકે પરિણમે છે અને બીજા માંસાહારીઓને તેમ નથી થતું એનું કારણ વિચારો. એનું કારણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ છે કે જૈનબાળકમાં જન્મથીજ તેવા સંસ્કારો પડેલા હોય છે. જૈનબાળકને ગળથુથીમાંથીજ એવા ત્રણ સંસ્કાર નાખવામાં આવે છે કે (૧) આ આત્મા અનાદિનો છે (૨) ભવસંબંધ અનાદિનો છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો છે. જૈનબાળકોને આ ત્રણ વસ્તુ ગળથુથીમાંજ પાવામાં આવે છે તેથી તેઓ આ ત્રણ વસ્તુના રહસ્યને સમજી શકે છે. જેમ તેઓ આ ત્રણ વસ્તુને સમજે છે તેજ પ્રમાણે જેમને આવા સંસ્કારોજ ન પડ્યા હોય તેની સ્થિતિ વિપરિતજ હોય એ સંભવિત છે પ્રેમશ્રૃંગાર એટલેજ મુક્તિ છે એવું જેઓ માની રહ્યા છે; તેઓ વૈરાગ્યમાં નહિજ સમજી શકે. જેને વૈરાગ્ય એટલે શું, ત્યાગ એટલે શું, એ વાતનો ગળથુથીમાં ઘુંટડોજ ન મળ્યો હોય, તેવા માણસો આ બાબત ન સમજે એ તદન વાસ્તવિક છે અને તેથીજ તેઓ વૈરાગ્યની નિંદા કરે એ સમજી શકાય એવું છે. જીવ અનાદિનો છે, ભવ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે, એમ જેઓ માને છે તેઓ આ અસાર સંસારને આ ભવને ભયાનક પર્વતરૂપે સમજે છે અને તેથી જેમણે આ ભવને ભયાનક માન્યો હોય તેમની ફરજ છે કે તેમણે ધર્મક્રિયાઓ દ્વારા કર્મનિર્જરાનો પંથ ગ્રહણ કરી આ ભયંકર ભવપર્વતને ઉલ્લંઘી જવાનો યત્ન કરવો જોઇએ. જે એવો યત્ન કરશે તે મોક્ષનો સાચો માર્ગ મેળવી છેવટે મોક્ષ પામી શકશે.

## શાશન અને સુધારક પક્ષની તુલના

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર નામક ગ્રંથ રચતાં તેઓશ્રી જણાવે છે કે કમાએલાનું રક્ષણ કરવાની બુદ્ધિ જેમ સંસારમાં છે તેજ પ્રમાણે કમાએલાના સંરક્ષણનિ બુદ્ધિ ધર્મકાર્યપરત્વે પણ રાખવાની જરૂર છે. કોઇ માણસ દશ હજાર રૂપીઆ કમાયો હોય અને રોજના પચાસ રૂપીઆ મેળવતો હોય તો બે ચાર દિવસની કમાણી છોડીને પણ તે પહેલાં દશ હજાર રૂપીઆ રક્ષણ કરવાની ગોઠવણ કરશે. રાજ રાજાસત્તાની મદદથી, તલવારની ધારથી કમાણી કરે છે પરંતુ એ કમાએલો પૈસો પણ તેને સળીયાવાળી જેલો બાંધીને અથવા તો તિજોરીના ઓરડાઓ ચણીને ફરજીયાત રીતે બચાવી લેવાની જરૂર પડે છે. જૈનસમાજે આ સંબંધમાં પોતાને ઘરઆંગણે ઉપસ્થિત થએલું ઉદાહરણજ જોવાની જરૂર છે. આપણી સમાજમાં બે પક્ષો પડી ગયા હતા. એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પક્ષ દેવ, ગુરુ, ધર્મને તોડી પાડવાની ધાનતવાળો હતો, આ પક્ષે દેવ, ગુરુ, ધર્મને તોડી પાડવા માટે સૌથી પહેલાં ધર્મની થતી ક્રિયાઓ તોડી પાડવાનો વિચાર કર્યો હતો અને તે પ્રમાણેના કાર્યનો તેમણે આરંભ પણ કરી દીધો હતો. આ પક્ષનો ધર્મક્રિયાઓને તોડી પાડવાનો માર્ગ કર્ણવિષ દ્વારા સિદ્ધ કરવાની તેમની ધારણા હતી. લોકોના કાનમાં વિષ રેડીને અથવા ધર્મક્રિયાની વિરૂદ્ધમાં પુષ્કળ શબ્દોચ્ચારો કરીને તે દ્વારા લોકોને ભમાવીને તેમને પરાંગમુખ બનાવી દેવાની આ વિરોધી પક્ષવાળાની સખત ધારણા હતી પરંતુ તેમાં તે પક્ષ ફાવ્યો ન હતો.

**જ્ઞાનસંસ્થા કોને કહેવી?** આજ સમયમાં બે ત્રણ સ્થળે જૈનશાસનને મહાપવિત્ર ગણેલી એવી ઉપધાનવહનની ક્રિયાઓ થઇ હતી અને તેમાં ભાવિક આત્માઓએ પુષ્કળ દ્રવ્યનો ખર્ચ કર્યો હતો. ઉપધાનવહનની ક્રિયા દરમ્યાન જે ખર્ચ થાય છે તે ખર્ચ કયાં જાય છે તેનો પહેલાં વિચાર કરવાનો છે. ઉપધાન નિમિત્તે ખરચાતું દ્રવ્ય કાંઈ સાધુ ઉપયોગમાં લેતા નથી પરંતુ એ સઘળો પૈસો જ્ઞાનમાં અને બીજા ધાર્મિક કામોમાંજ વપરાય છે; કાંતો એ પૈસો જિનમંદિરોના જીર્ણોદ્ધારમાં વપરાય છે, કાંતો એ પૈસો ઉપાશ્રય વગેરેની મરામતો પાછળ વપરાય છે, કાંતો સાધર્મિક ભાઈઓની સેવામાં આ પૈસો વાપરવામાં આવે છે. આ ત્રણ પ્રકારે પૈસાનો કેવળ શુભવ્યય થાય છે તે છતાં વિરોધીઓ એવું કહેવા મંડી પડયા હતા કે આ રીતે લાખો રૂપીયાનો ધુમાડો કરવો એના કરતાં જ્ઞાનની કોઇ સંસ્થા સ્થાપવી એ શું ખોટું હતું? એમની દૃષ્ટિએ જ્ઞાનની સંસ્થા એટલે શું તે વિચારી જો જો! એમની દૃષ્ટિએ જ્ઞાનની સંસ્થા એટલે કૉલેજ, હાઈસ્કૂલ, હુન્નરશાળા વગેરે સંસ્થાઓ અથવા તો દેડકા મારવા કાપવાની એમની લાડકી મેડીકલ કૉલેજ!! ઉપધાનમાં જે દ્રવ્ય ખરચાય છે તે આ ભાઈઓને સાલે છે અને તેને ધુમાડો કહે છે પરંતુ છોકરાના લગ્ન કે વિવાહના પ્રસંગમાં સીનેમા, નાટક, મોટરો વગેરેની દોડાદોડીમાં અને પાર્ટીઓમાં જે દ્રવ્ય ખરચાય છે તે આ લોકોને સાલતું નથી!

**જૈનશાસનની રક્ષા માટેજ.** ઉપાશ્રયની મરામતમાં જે પૈસો ખરચાય છે, જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં ખર્ચ થાય છે કે સાધર્મિકોની ભક્તિ પાછળ જે દ્રવ્ય વપરાય છે તેને આ લોકો ધુમાડો કહે છે, પરંતુ વિલાયતમાં લક્ષ્મી હુન્નર ઉદ્યોગઆદિ કારણે ડેપ્યુટેશનો મોકલવાં, કે એવાજ બીજાં બારીસ્ટર સીવીલીયન કે સરજન વગેરે કરવા માટે વિલાયત વગેરે સ્થાને મોકલવા અને તેમાં પૈસા વેડફી દેવા તે તેમને પૈસાનો સુમાર્ગે વ્યય થયેલો લાગે છે. વળી એવાઓની દૃષ્ટિ જ્ઞાન કોને કહે છે તે વિચારો! મોક્ષ પામવાનો માર્ગ તે જ્ઞાન નથી, કર્મોનો અને આત્માનો યોગ આ રીતે થાય છે, અમુક રીતે કર્મો છૂટે છે અને પછી સિદ્ધપદ મળે છે એવું પ્રતિપાદન કરવામાં આવશે તો કહેશે, "મળ્યું, મળ્યું સિદ્ધપદ! આ બધાં સમીસાંજનાં ગપ્પાં છે ગપ્પાં!" એ વિચારવાળાઓ તો જ્ઞાન પણ તેનેજ કહે છે કે જે જ્ઞાનથી પૈસો મળી શકે છે. હવે જૈનશાસનની દૃષ્ટિએ વિચારો. અરે એકલા જૈનશાસનનેજ નહિ પણ તમામ આર્યદર્શનોને એ વાત માન્ય છે કે, **सा विद्याया विमुक्तये!!** જે જ્ઞાનથી બંધમુક્તિ થઇ શકે છે તેજ જ્ઞાન છે, જૈનશાસન કહે છે કે જેનાથી સર્વ કાંઈ સત્ય શું અને અસત્ય શું તે સર્વ જાણી શકાય છે તે જ્ઞાન છે. આ શાસન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિરોધી વર્ગે શાસન પર આ પ્રમાણે અનેક આક્રમણો કર્યાં છે એ સઘળે પ્રસંગે જેમના અંતરમાં શાસનની સાચી લાગણી રમી રહી હોય તેમણે પોતાના પૈસાનો અને વખતનો પણ ભોગ આપ્યો છે અને એ રીતે શાસનની સેવા બજાવી છે. તેમણે આપેલો આ ભોગ કઈ દૃષ્ટિએ આપવામાં આવ્યો છે તે વાત તમારે લક્ષમાં રાખવાની છે. આ સઘળી પ્રવૃત્તિમાં તેમનો હેતુ એકજ હતો કે : જૈનશાસનની રક્ષા."

**નવું કર્યું નથી પરંતુ જુનું સંભાળ્યું છે.** પાંચ વર્ષમાં જૈનધર્મમાં સડો નાખવાના હેતુથી, સાધુઓની સત્તા તોડી પાડવાના ઇરાદાથી અને પોતે મનઘડંત રીતે પ્રવર્તાવેલા વિચારોને સમાજ પાસે અપનાવી લેવડાવવાના ઇરાદાપૂર્વક આ પક્ષે ધૂળ માફક પૈસો વેર્યો હતો. આવે પ્રસંગે જો શાસનરસિકો હાથ જોડીને બેસી રહ્યા હોત તો શું થાત તેનો વિચાર કરો. પહેલું તો એ બન્યું હોત કે જેનામાં પૂરતા સંસ્કારો અને જ્ઞાન નથી અથવા જેઓ વ્યાખ્યાન સાંભળવા જેવા કાર્યમાં વારંવાર રસ લેતા નથી તેવા બધા સાધર્મિક બંધુઓ સત્યવિમુખ બની ગયા હોત! અને બીજું જૈનેતર આર્યોમાં અને આર્યેતરોમાં એવી છાપ પડી હોત કે જૈનધર્મ ઠામઠેકાણા વિનાનો ધર્મ છે! ધર્મપ્રિય વર્ગે કરેલા પરિશ્રમથી આ સ્થિતિ આવતી અટકી જવા પામી છે. હવે જો ધર્મપ્રિય વર્ગે કરેલો આ પરિશ્રમ અને ખરચેલું દ્રવ્ય બીજે માર્ગે વપરાયું હોત તો તે કેટલું લાભદાયી હતું તેનો વિચાર કરો. આ પૈસા વડે સેંકડો અજૈનોને જૈન બનાવી તેમના આત્માનું કલ્યાણ કરી શકાયું હોત; આમ થાત તો નિઃસંશય તે સારી વાત હતી પરંતુ તેમ ન થતાં ખરચાએલા દ્રવ્યથી અને વપરાએલા પરિશ્રમથી પણ જે કાર્ય નિષ્પન્ન થયું છે તે અત્યંત લાભદાયી તો છેજ! તમે નવું કાંઇપણ કરી શકયા નથી તેનું કારણ જુઓ તો વિરોધીઓની સઘળી પ્રવૃત્તિઓજ છે.

**શાસન સામે ભયંકર હુમલો.** ધર્મીવર્ગના દ્રવ્યવ્યયથી બીજું દેખીતું ફળ નથી આવ્યું એ વાત સાચી છે પરંતુ તેનો સઘળો ફલિતાર્થ એજ થયો છે કે આપણે નવું રાજ્ય જીતી શકયા નથી, પરંતુ આપણે એક ઇંચ જેટલી પણ જમીન ખોઇ નાખી નથી. અધર્મીઓની સઘળી દુષ્ટ પ્રવૃત્તિઓના પ્રતિકારમાં ધર્મીવર્ગે જે કાંઇ ખર્ચ અને શક્તિનો વ્યય કર્યો છે તે સઘળામાં કઇ બુદ્ધિ પ્રધાનપદે રહી છે તેનો વિચાર કરો. એ સઘળામાં ભૂમિકારૂપે શાસનરક્ષાની બુદ્ધિજ રહેલી છે અને એ બુદ્ધિથી યુક્ત એવીજ આપણી સઘળી પ્રવૃત્તિઓ છે. એ પ્રવૃત્તિઓનું ફળ શું આવ્યું છે તે હવે તપાસીએ. શાસનવિરોધીઓ કે જેમની તેમનામાં રહેલા ઘોરતમ અજ્ઞાનને કારણે આપણે દયાજ ખાઇએ છીએ; તેમની પ્રવૃત્તિ શાસનની ભૂમિકા ઉથલાવી પાડવાને માટે ખરેખર મહા ભયંકરજ હતી. સાધુઓ અને સાધુ-ધર્મની સામે તેમણે પૂરેપૂરો પ્રચાર કર્યો હતો અને તેમનું એ પ્રચાર કામ એવું ઉગ્ર હતું કે જેની અસર એવી થવા પામત કે એક પણ સાધુ કે સાધ્વી પોતાનું માનભેર સ્થાન સાચવી શકીજ ન હોત; આજે હવે એવી સ્થિતિ છે કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ સઘળાં ધર્મને કલ્યાણ માને છે અને ધર્મનેજ હિતકારી માને છે આ શુભ સ્થિતિ શાસનપ્રેમીઓએ ચલાવેલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિલચાલનેજ આભારી છે. યુરોપમાં ઈ. સ. ૧૯૧૪માં મહાસંગ્રામનો આરંભ થયો હતો એ સંગ્રામ એવો ભયંકર હતો કે પાંચ વર્ષમાં તો તેણે યુરોપની કાયા પલટાવી નાખી હતી. તેજ પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં સાધુધર્મ સામે અને શાસને ઠરાવી આપેલી મર્યાદાઓ સામે પણ શાસનવિરોધીઓએ એવોજ-એ મહાયુદ્ધના જેવોજ-મહાભયંકર હુમલો કરી દીધો હતો!

**સુધારક ચળવળનું અવળું ફળ.** જૈનશાસનના આધ્યાત્મજ્ઞાનને નહિ સમજી શકનારાઓ જેઓ પોતાને સુધારક કહેવડાવે છે તેમણે શાસન-સંચાલનના કાર્યને તોડી પાડવાના કરેલા પ્રયાસોમાં તેમનો પહેલો પ્રયાસ એવો હતો કે સાધુ-સંસ્થા તોડી નાખવી અને તે ન બની શકતું હોય તો સાધુસંસ્થાને પોતાના અંકુશમાં લઈ લેવી. સુધારકોના આ મનોરથ સામે શાસનપ્રેમીઓએ પ્રચંડ વિરોધ ઉઠાવ્યો હતો અને એ વિરોધ એટલો બધો સમર્થ નિવડ્યો હતો કે જેના યોગે કરીને સાધુસંસ્થા તૂટવાની તો બાજુએ રહી, પરંતુ ઉલટી સાધુસંસ્થામાં અભિવૃદ્ધિજ થવા પામી હતી. જેમ જેમ સાધુસંસ્થાની સામે ઘોર અને નિંદનીય પ્રકારનું પ્રચારકાર્ય થતું રહ્યું હતું તેમ તેમ બીજી બાજુએ દીક્ષા ઝપાટાબંધ વધતીજ જવા પામી હતી. એક તરફ આ રીતે દીક્ષા વધી રહી હતી ત્યારે બીજી તરફ દીક્ષા-જીવનનીજ એક ઝાંખી આવૃત્તિરૂપ ઉપધાનની ક્રિયાનો ઝપાટાબંધ વધારો થઈ રહ્યો હતો. શાસન-સેવકોએ માત્ર વિરોધીઓએ કરેલો સાધુસંસ્થા સામેનો હલ્લો રોકવાનોજ યત્ન કર્યો હતો. ત્યારે બીજી બાજુએ સાધુઓ તથા ધર્મક્રિયાઓની સુંદર અભિવૃદ્ધિ એ પણ તેનું પરિણામ આવી રહ્યું હતું. શાસનસેવકોએ માત્ર સંરક્ષણ બુદ્ધિથીજ જે કાર્યો કર્યા હતા તેના આ રીતે રક્ષા અને અભિવૃદ્ધિ એવાં બે સુંદર પરિણામો આવવા પામ્યા હતા. હવે આગળ જોઈએ.

**ગરીબ જૈનોનો ઉદ્ધાર.** સાધુસંસ્થાના વિનાશ સાથે સુધારકોનો બીજો મનોભાવ "ગરીબ જૈનોના ઉદ્ધાર"નો હતો. સુધારકોનો પ્રયાસ ગરીબ જૈનોના ઉદ્ધારનો હતો ત્યારે આ બાજુએ ધર્મપ્રિય વ્યક્તિઓનો પ્રયાસ ધર્મક્રિયાઓના ઉદ્ધારનો હતો. હવે આ બંનેના પ્રયાસમાં પણ કોણ ફળીભૂત થયું છે તેનો પણ તમે અંદાજ કાઢો! ગરીબ શ્રાવકોના ઉદ્ધારનો પ્રશ્ન આજે પાંચ વર્ષમાં સુધારકોને હાથે જરા માત્ર પણ સધાયો નથી. જૈનોની ગરીબી મટી હોય અથવા સુધારકો ધારે છે તે રીતે ગરીબો સુખી થયા હોય એવું જરાય બનવા પામ્યું નથી. સુધારકોની આ ચળવળનું પરિણામ પણ મીંડું આવ્યું છે. બીજી બાજુએ શાસનપ્રેમીઓના સહકારથી ધર્મક્રિયાઓનો વધારો-ફેલાવો થતો રહ્યો છે. સ્થળે સ્થળે દીક્ષા, ઓળી, ઉપધાન, ઉજ-મણા, પૌષધ અને એવી બીજા ક્રિયાઓની ઝપાટાબંધ વૃદ્ધિ થઈ રહી છે. સુધારકો શાસનપ્રેમીઓને જુની રૂઢીને વળગી રહેનારા, નિર્માલ્ય, "હાજી હા" કરનારા, અશિક્ષિત વગેરે વિશેષણોથી નવાજે છે આટલું છતાં આશ્ચર્યની વાત એ છે કે આ અશિક્ષિતો જે કરવા માગતા હતા તે કરી શકયા છે ત્યારે તમે શિક્ષિતો તમારા પોતાના કાર્યક્રમમાં એક તસુભાર પણ આગળ વધી શકયા નથી. આવા સંજોગોમાં પોતાને સુધારક કહેવડાવનારાઓએ એ વસ્તુ વિચારી જોવાની જરૂર છે કે અશિ-ક્ષિત પોતે છે કે બીજા કોઈ છે! અશિક્ષિત એવા તમે તો માત્ર સંરક્ષક પ્રવૃત્તિ કરી હતી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે પોતાને શિક્ષિત ગણાવનારાએ સુધારકોએ તેમના કાર્યક્રમને સફળ બનાવવા કેવો પ્રયાસ કર્યો હશે તે વિચારજો.

**ધર્મસંસ્થાઓનો નાશ.** સુધારકોએ પોતાના ત્રીજા કાર્ય તરીકે તેમની દૃષ્ટિનો જ્ઞાનપ્રચાર નક્કી કર્યો હતો. પાંચ વર્ષની સુધારકોની પ્રવૃત્તિ દરમિયાન તેમની કેળવણીવિષયક પ્રવૃત્તિને ટાળવાનો યા તેમનો સામનો કરવાનો કોઇએ પણ પ્રયાસ કર્યો ન હતો તે છતાં સુધારકો પાંચ વર્ષમાં શિક્ષણની એક પણ નવી સંસ્થા સ્થાપી શકયા નથી અથવા જુની શિક્ષાની સંસ્થાને તેઓ પગભર બનાવી શકયા નથી! સુધારકોએ સાધુસંસ્થાને તોડી પાડવા, અને તેમના કહેવાતા બીજા કાર્યક્રમોને પોષવા ભરચક પૈસા વાપર્યા હતા અનેક સમર્થ માણસોને તેમણે પગાર અને પૈસા આપી આપીને રોકયા હતા અને બીજો પણ બહુ પરિશ્રમ કર્યો હતો છતાં તેમની સઘળી પ્રવૃત્તિનો સાર એ આવ્યો છે કે શૂન્ય!! સુધારક પ્રવૃત્તિનું આ સરવૈયું છે. સુધારકોનું આ સરવૈયું તેમને માટે નિરાશાજનક છે અને તેથી તેમની પ્રવૃત્તિને લોકાદર નથી મળતો એ સાબીત થાય છે પરંતુ આ સઘળું તપાસતી વખતે એક વાત ખાસ યાદ રાખવાની છે કે આ સઘળું પરિણામ શાસનરસિકોએ કરેલી સત્પ્રવૃત્તિને આભારી છે. શાસનસેવકો જો યથોચિત સમયે જાગૃત થયા ન હોત અને તેમણે સંરક્ષક ચળવળો ઉપાડી ન લીધી હોત તો નિઃસંશય ધર્મક્રિયાઓ અને ધર્મસંસ્થાઓનો વિનાશજ થઈ જાત!

**સરંક્ષણની મોટી જવાબદારી.** છેલ્લાં પાંચ વર્ષનો જ્યારે જૈનસમાજનો ઇતિહાસ તપાસીએ છીએ ત્યારે શાસનપ્રેમીઓનો ઉજવળ વિજય દૃષ્ટિએ પડે છે. કહેવાતા જૈનયુવકોએ છેલ્લા પાંચ વર્ષ સતત અને એકધારી પ્રવૃત્તિ ચલાવી હતી ત્યારે બીજી બાજુએ શાસનપ્રેમીઓની પ્રવૃત્તિ માત્ર સંરક્ષા કરવા જેટલીજ હતી, પરંતુ સંરક્ષા કરવી એ કાંઇ કોઇ ધારી લે કે અત્યંત સરળ કાર્ય છે તેવું સરળ નથી એની ખાતરી રાખજો! પાંચ હજાર રૂપીયા કમાવાને જેટલી શક્તિ જોઇએ છે તેનાથી વધારે શક્તિ એ રૂપીયા જાળવી રાખવામાં જોઈએ છે. જો એ શક્તિ ન હોય તો કમાએલા પૈસા પણ ધૂળ ભેગા બની જાય છે! સંરક્ષા કરવામાં કાંઈ ઓછા પરિશ્રમની જરૂર પડતી નથી. શાસનપ્રેમીઓએ આવો જબરો પરિશ્રમ ઉઠાવ્યો હતો અને શાસનની સંરક્ષાનું કાર્ય હાથે ધર્યું હતું. આ સઘળા કાર્યમાં શાસનસેવકોનું દૃષ્ટિબિંદુ કયાં હતું, તેમની ભાવના શી હતી; તેનો વિચાર કરજો. બધાની ભાવના એકજ હતી કે શાસનની સેવા કરવી. શાસનની સંરક્ષા કરવાની એ બુદ્ધિનું પરિણામ યા લાભ વિચારશો તો કર્મનિર્જરા છે. આ શાસનપ્રેમીઓની પ્રવૃત્તિનું ફળ છે. હવે બીજી બાજુ એ સુધારકોની ચળવળોનું પરિણામ વિચારી જુઓ. સૌથી પહેલાં સુધારકોનું દૃષ્ટિબિંદુ શું હતું તેનો વિચાર કરો. આ વસ્તુ સમજવા માટે વેપારી અને ચામડીઆનું દૃષ્ટાંત વિચારજો. અલબત્ત એ દૃષ્ટાંત કોઇને ખરાબ લાગશે પરંતુ એ દૃષ્ટાંત જો કોઈને ખરાબ લાગતું હોય તો બીજી તરફ તે તેટલુંજ અર્થસાધક છે અને અહીં જે દૃષ્ટાંતો દેવાય છે તે બીજા કોઈપણ કારણને માટે નહિ, પણ માત્ર ભાવ અને અર્થને સ્પષ્ટ કરવાને માટેજ તેનું પ્રયોજન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વાણીયો અને ચામડીઓ.** એક ગામથી એક અનાજનો વેપારી અને બીજો ચામડીઓ બહારગામ જવા નીકળ્યા હતા. એ પ્રસંગે તેમની સાથે બીજા પણ કેટલાક પ્રવાસીઓ હતા. આ પ્રવાસીઓએ જતી વખતે પેલા દાણાવાળા વેપારીનો સંગ કર્યો અને જે ઠેકાણે જવું હતું તે સ્થળે પહોંચ્યા. આ સ્થળે પાંચ પંદર દિવસ રહ્યા. ત્યાંથી પેલા વેપારીએ અને ચામડીયાએ માલની ખરીદી કરી લીધી અને છેવટે યથા સમયે પોતાને ઘેર પાછા આવવા નીકળ્યા. આ વખતે પણ પેલા પહેલાંનાજ બીજા પ્રવાસીઓ તેમની સાથેજ હતા. પરંતુ સ્વદેશ પાછા આવતાં પેલા બીજા મુસાફરોએ દાણાના વેપારીનો સંગ ન રાખતાં ચામડીયાનો સંગ રાખ્યો ! પ્રવાસીઓએ જતી વખતે દાણાના વેપારીઓનો સંગ રાખ્યો અને આવતી વખતે ચામડીયાનો સંગ રાખ્યો, એથી એક માણસને આશ્ચર્ય લાગ્યું અને તેમણે પેલા પ્રવાસીઓને આ પ્રમાણે કરવાનો મર્મ પૂછયો. પ્રવાસીઓએ જવાબ આપ્યો કે "અમે, ચામડીયો અને દાણાનો વેપારી સ્વદેશથી એક સાથે પરદેશ જવા નીકળ્યા હતા. પરદેશ જતી વખતે દાણાના વેપારીના મનમાં એવો વિચાર હતો કે વિદેશમાં વરસાદ ઘણો પડે, નદીનાળાં તર થાય, રોગની ઉપાધિઓ ન હોય અને અનાજ બહુજ પાકે તો ઘણું સારૂં કે જેથી મને સસ્તે ભાવે થોડે પૈસે ઘણું અનાજ મળી શકે.

**વિચારભેદની મહત્તા.** દાણાના વેપારીના હૃદયમાં વિદેશ જતી વખતે આવો સુંદર મનોભાવ હતો. એ સમયે ચામડીયાનો વિચાર એવો હતો કે વિદેશમાં એકદમ જાતજાતના રોગ પ્રવર્તો. દુકાળ પડો, આગ લાગો આફતો ઉપર આફતો આવો કે જેથી ઢોરો મરી જાય અને માણસોનો પણ સંહાર થઈ જાય. પરિણામે ઢોરોના ચામડાનો કોઈ ખરીદનારો ન રહે અને એ ચામડું મને અત્યંત સસ્તે ભાવે પુષ્કળ જથામાં મળી શકે. આ મનોદશા દાણાના વેપારી અને ચામડીયાની વિદેશ ખાતે જતી વખતે હતી. વિદેશ ખાતેથી સ્વદેશમાં પાછા ફરતી વખતે એથી ઉલટીજ સ્થિતિ હતી. દાણાનો વેપારી હવે એમ ઇચ્છતો હતો કે સ્વદેશમાં દુકાળ પડો, વરસાદ ન થાઓ, તીડ અને ઉંદરો થાઓ, પાક ન પાકો અને જે પાક થાય તેનો નાશ થાઓ કે જેથી દાણાના ભાવ એકદમ ચઢી જાય, અને મેં ખરીદેલો દાણો ઉંચે ભાવે વેચાતાં મને સારો પૈસો મળે. સ્વદેશ પાછા ફરતી વખતે ચામડીયાની એવી ઇચ્છા હતી કે સ્વદેશમાં ખુબ વરસાદ થાઓ, નદીનાળાં જલમય થાઓ, ખુબ અન્ન પાકો, અને પશુઓ તથા મનુષ્યો દીર્ઘાયુ થાઓ કે જેથી પશુઓ ન મરતાં ચામડું ઓછું નિપજવાને લીધે તે મોઘું થાય અને મનુષ્યો ન મરવાથી ઘરાકો વધારે થાય એટલે વિદેશમાંથી મેં ખરીદેલું ચામડું મોંઘા ભાવે ઝપાટાબંધ ખપી જાય ! આ રીતે સ્વદેશમાંથી વિદેશમાં જતી વખતે દાણાવાળાના વિચારો પ્રશસ્ત હતા અને ચામડીયાના વિચારો અપ્રશસ્ત હતા અને આવતી વખતે દાણાવાળાના વિચારો પાપી અને ચામડીયાના વિચારો વિશુદ્ધ હતા. અર્થાત જતી વખતે વાણીયો સજ્જન હતો માટે અમે તેનો સંગ કર્યો હતો ત્યારે આવતી વખતે વાણીયો દુર્જન બન્યો હતો અને ચામડીઓ સજ્જન બન્યો હતો માટે અમે ચામડીયાનો સંગ સેવન કર્યો હતો. અહિં પણ જેઓ એમ વિચારે છે કે જૈનોનાં બાળકો ગુજરાન કે વ્યવહારને ખાતર સ્કૂલ અને કૉલેજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વગેરેનું શિક્ષણ લેવાનાજ છે, પણ તેઓ જૈનસંસ્કાર વિના તે શિક્ષણ લેતાં ધર્મહીન બને છે માટે તેઓને ધર્મસંસ્કાર માટે સંસ્થાઓની જરૂર છે એમ ધારી શુદ્ધ દેવ ગુરુ અને ધર્મના પરમ ભક્ત બનાવે તો તે કરનારાઓ જરૂર ઉત્તમ ભાવનાવાળા છે પણ તે સંસ્થામાંથી જરૂર ધર્મના ધોરીજ પાકે.

**સુધારકોની મનોદશા.** શાસનપ્રેમીઓ અને સુધારકોની સ્થિતિને સ્વદેશથી વિદેશ જતા વાણીયા અને ચામડીઆ જોડેજ સરખાવી શકાય. એક ઉજમણું, ઉપધાન કે દીક્ષા થતી હતી અથવા બીજા કાંઇપણ ધર્મના કામો થતાં હતાં તો તેના શ્રવણ માત્રથીજ શાસનવાદીઓને આનંદ થતો હતો. એક દીક્ષા થતી તો શાસનવાદીઓના આનંદનો પાર રહેતો ન હતો. ઉપધાન ઉત્સવ થતા હતા તો શાસનપ્રેમીઓ અત્યંત હર્ષ અનુભવતા હતા ત્યારે બીજી બાજુએ ઉપધાન, ઉજમણા કે દીક્ષાની કંકોતરી વાંચતાંજ પેલા કહેવાતા સુધારકોના પેટમાં તેલ રેડાવા પામતું હતું અને તેમને ધાસકો પડતો હતો ! એક દીક્ષા લીધેલો સાધુ પતિત થતો હતો તો શાસનપ્રેમીઓના અફસોસનો પાર રહેતો ન હતો કે આ બિચારો સર્વવિરતિની પવિત્ર સુવાસનો ત્યાગ કરીને વળી પાછો કયાં અવિરતિના કચરામાં આળોટવા આવે છે ! વિચારોના અશુભનોજ ખરેખર ઉદય થયો છે. એ રીતે તેઓને દીલગીરી થતી હતી. ત્યારે બીજી તરફ સુધારકોને એકાદ દીક્ષિત પતિત થાય તો તે સાંભળી ઉજાણી થતી ! હોળીના જેવો આનંદ આવતો હતો !! અને એવી પતિતાવસ્થાની કથાઓ આલેખવામાં તો તેઓ પોતાના લાડકા છાપાઓના પાનાના પાના ભરી દેતા હતા.

**શાસનવિરોધીઓ કયાંથી આવે છે?** વાણીયો અને ચામડીઆએ જે પ્રકારની અપવિત્ર અને અયોગ્ય મનોવૃત્તિ રાખી હતી તે તો માત્ર બે ત્રણ મહિના માટેજ હતી જ્યારે આ કહેવાતા સુધારકો તો આજ પાંચ વર્ષોથી આજ જાતની નાપાક મનોદશા રાખી રહ્યા છે અને એવી અપવિત્ર મનોદશા રાખવામાં પાછું પોતાનું ગૌરવ માને છે. આવી પરિસ્થિતિ વચ્ચે શાસનપ્રેમીઓએ ઝુકીને શાસનની ખરેખરી અને ન વિસરી શકાય એવી સેવા બજાવી છે. શાસનપ્રેમીઓ નવું કાંઇ કરી શકયા નથી તે છતાં તેમણે જે સેવા બજાવી છે તેની ઓછી કિંમત આંકી શકાય એમ નથી ! શાસ્ત્રની દૃષ્ટિએ જણાવ્યું છે કે નવું જિનમંદિર બંધાવવામાં એકગણું પુણ્ય છે પરંતુ જુના જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરવો કરાવવો એથી આઠગણા પુણ્યની પ્રાપ્તિ થવા પામે છે. આ રીતે શાસનપ્રેમીઓ નવું કાંઇપણ કરી શકયાજ નથી પરંતુ તે છતાં તેમણે જુનું જે હતું તેનો સંપૂર્ણ રીતે પુનરૂદ્ધાર કર્યો છે અને તેથીજ તેઓ આઠગણા પુણ્યના ભાગી બન્યા છે. શાસનપ્રેમીઓએ કરેલી પ્રવૃત્તિનું શાસ્ત્રદૃષ્ટિએ તેમને મળેલું આ પરમ ફળ છે. શાસનપર આવતા સંકટોનો સામનો કરીને શાસનની સંરક્ષા કરવી એ તો જાણે કે શાસનપ્રેમીઓની ફરજ છેજ, પરંતુ એવા પ્રસંગો ઉપસ્થિતજ ન થવા દેવા એવું કરવાની શાસનપ્રેમીઓની ખાસ જવાબદારી છે અને એ જવાબદારી તેમણે પીછાણી લેવાની ખાસ જરૂર છે. શાસનપ્રેમીઓએ શાસનપર આવેલા સંકટોનો બહાદુરીથી સામનો કર્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે એ વાત ન ભૂલી શકાય એવી છે પરંતુ યાદ રાખવું જોઇએ કે શાસનવિરોધીઓ પણ જૈનોમાંથીજ પાકયા છે!

**સંસ્કાર પાડતાં સંભાળજો.** એક બીજું ઉદાહરણ લઇએ. ધારો કે એક શ્રીમંત શેઠીયો છે, રસ્તામાં ફરવા નીકળ્યો છે, માર્ગમાં સિપાઇ ઉભો છે. પેલો શેઠીયો સિપાઇને ધક્કો મારી પાડી નાખે છે, પરિણામે કેસ થાય છે અને તે કેસમાં બચાવમાં એ શ્રીમંત જોઇએ તેટલા પૈસા ખરચે છે! આ સ્થિતિમાં પેલા શેઠીયાએ પૈસાનો સદુપયોગ કર્યો છે એમ કહી શકાતુંજ નથી. શેઠની ફરજ જેમ ગુન્હો ન કરવાની છે; તેમ તમારે ખરાબ સંસ્કારો ન પડવા દેવા એ ખાસ કરીને જોવાનું છે. આજના જે સુધારકો છે એ જૈનોનાજ કુસંસ્કારી સંતાનો છે. આજના સુધારકો એ કાંઈ અજૈનોમાંથી આવેલા અથવા નવાજૈન બનેલાના સંતાનો નથી! પરંતુ સંસ્કાર વિનાના તમારાજ બાળકો છે. આથી તમારા બાળકોમાં તમારે ખરાબ સંસ્કારો ન પડે એ વાત સૌથી પહેલાં સંભાળવાની છે, તમારો નાનો બાળક ૧૫×૧૯=૧૨૫ બોલે છે, તો તમે તેની એ ભૂલ ચલાવી લેતા નથી હજુ તો તમે એ છોકરાને તમારા ચોપડા સોંપ્યા નથી. તમે એના હાથમાં રૂપીયાનો વહીવટ મૂકયો નથી. તમોને પૈસો કમાવી આપવો કે તેનો નાશ કરી આપવો એમાંથી એક પણ વસ્તુ હજી છોકરાથી બની શકે એમ નથી પરંતુ તે છતાં જો તમારો બાળક ૧૫×૧૯=૧૨૫ બોલે છે તો તમારા ક્રોધનો પાર રહેતો નથી! ગામ લોકોમાંથી કોઈ આંગળી લગાડે છે તોપણ તમે તેની સાથે લડવા ઉઠો છો એજ છોકરાને તમે આવે પ્રસંગે ઝુડી કાઢતાં પણ ડરતા નથી. હવે વિચાર કરો કે તમારા એ ક્રોધનું કારણ શું છે

**ધર્મના સંસ્કારો તપાસો છો કે?** ક્રોધનું કારણ બીજું કાંઈજ નહિ પરંતુ માત્ર તમે ખરાબ સંસ્કાર પડવા દેવાજ માગતા નથી એ છે. તમારો આ પ્રયત્ન "ખરાબ સંસ્કાર પડવા ન દેવા" એ સ્તુત્ય છે પરંતુ તમારો આ પરિશ્રમ માત્ર તમારા વેપારરોજગાર પૂરતોજ છે તેથી વધારે નથી. તમે જો એવોજ પરિશ્રમ ધર્મની બાબતમાં પણ લેતા હો, તો આજે ધર્મીવર્ગને જે સ્થિતિનો સામનો કરવો પડે છે તેનો સામનો નજ કરવો પડત! હવે એક બાજુએ વેપારરોજગરમાં કુસંસ્કાર ન પડે તે માટે તમે રાત દહાડો એક કરો છો ત્યારે બીજી બાજુએ ધર્મ સંબંધમાં તમે તદન બેદરકાર છો. તમારો છોકરો નિશાળમાં જઈને રોજ એ શબ્દો ગોખે છે કેઃ—

"ઓ ઇશ્વર! તું એક છે સરજ્યો તેં સંસાર!
પૃથિવી, પાણી, પર્વતો તેં કીધાં તૈયાર!"

જૈનધર્મ જે ભૂમિકા ઉપર ઉભો છે તે ભૂમિકાનું-જૈનધર્મનું; આ શબ્દો વડે સત્યાનાશ નીકળી જાય છે પરંતુ તેની તમોને જરાપણ દરકાર નથી. હવે બીજી બાજુએ મુસલમાનોનો દાખલો લો. મુસલમાનોનો ધર્મ એવો છે કે તેઓ ઇશ્વરને કોઇના માબાપ માનતા નથી. ઇશ્વર મનુષ્યોનો માતાપિતા છે એવું તેઓ કબુલ રાખતા નથી. તેમના છોકરાઓમાં એથી ઉલટા સંસ્કાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન પડે તે માટે તેઓ કેટલી કાળજી રાખે છે તે જુઓ! સરકારી વાંચનમાળા તરીકે ઓળખાતી "ટેકસ્ટ્સ બુક્સ કમિટિ" એમણે તૈયાર કરેલી ત્રીજી ચોપડીના આઠમા પાઠમાં ઇશ્વરની સ્તુતિની એક કવિતા છે. આ કવિતામાં પાંચમી અને છઠ્ઠી લીટીઓ નીચે પ્રમાણે હતી.

"પ્રભુ! માત ને તાત છો આપ મારા.
તમે છો પિતા! સર્વને પાળનારા!"

**મુસલમાનોનો પ્રચંડ પોકાર.** આ કવિતાની લીટીઓદ્વારા મુસલમાન ધર્મના સિદ્ધાંતોનું ખૂન થાય છે એવો જબ્બર પોકાર રાંદેર (જીલ્લે સુરત) ગામના મુસલમાનોએ ઉઠાવ્યો હતો અને તેમણે પોતાના એ વિરોધનું પ્રચારકાર્ય એવું જબ્બર કર્યું હતું કે આખરે સરકારને એ પોકાર ઉપર ધ્યાન આપવું પડયું હતું અને ના. મુંબાઈ સરકારે ઉપરની લીટીઓ કાઢી નાખીને તેને સ્થળે એવા શબ્દોવાળી લીટી દાખલ કરી છે કે: "પ્રભુ! આપ છો સર્વને પાળનારા; તમે છો સદા સંકટો ટાળનારા!" ના. સરકારે વાંચનમાળામાં આવો ફેરફાર કર્યો હતો ત્યારેજ મુસલમાનો જંપ્યા હતા. બીજી તરફ તમારી સ્થિતિ વિચારો. "ઓ ઈશ્વર તું એક છે!" એ લીટીઓ તો ઠીક છે, પરંતુ એજ વાંચનમાળાના ત્રીજા પુસ્તકનો ત્રીજો પાઠ જૈનધર્મની છડેચોક મશ્કરી કરનારો છે અને તે પાઠ તમારા બાળકો ભણે છે. આ બધો ગરબડગોટાળો શું તમોને કોઇ દિવસ સાલ્યો છે અથવા તે ટાળવા માટે તમે કાંઈ યત્નો કર્યા છે? જવાબ એજ છે કે "नहि."

**ધર્મની ધગશ કોની વધારે છે?** હવે આ ઉદાહરણ ઉપરથી ખાત્રી કરી લ્યો. તમારી ધર્મની ધગશ ચઢીયાતી છે કે બીજાઓની ચઢીઆતી છે? ૧૫×૧૦=૧૨૫ના સંસ્કારો ખોટા છે પરંતુ એવો સમય તો અવશ્ય આવશે કે એ સંસ્કાર સુધરી શકશે. ત્યારે ધર્મવિનાશના જે સંસ્કારો પડે છે તે તો એવા સખ્ત છે કે જે કદીપણ ભુંસાવાના નથી, એ સંસ્કારો ધર્મના વિનાશને નોતરે છે. આજે ધર્મમાં ગ્લાનિનો આવિર્ભાવ થએલો તમે નિહાળો છો અને આર્યભાવનાની ભયાનક વિભાવરીના દર્શન થાય છે તેનું સાચું કારણ એજ છે કે બાળકોમાં કેવા સંસ્કાર પડે છે તે તરફ આપણું બિલ્કુલ લક્ષજ જતું નથી. બાળક એ તો કેમ જાણે કચકડાનું એક ઢીંગલુંજ ન હોય તેમ જગત તેને શોભાવે શણગારે છે, પરંતુ તેને સુધારવાનું, તેનામાં ખોટા સંસ્કાર ન પડે અને સાચા સંસ્કારોજ પડે તે નીહાળવાનું આપણે કદીપણ વિચારતાજ નથી. એનુંજ પરિણામ એ છે કે ભગવાન્ મહાવીરનાજ સંતાનો હોવાનો દાવો કરનારાઓ જૈનશાસનની જડ ખોદવા તૈયાર થાય છે. કાંતો વટલી જઇને મુસલમાન, ખ્રીસ્તિ પણ બને છે! સુધારકો ધર્મસેવાની મોટીમોટી બૂમો મારે છે પરંતુ હું તેમને પણ પૂછું છું કે સિંધ, પંજાબ, બંગાળા અને મધ્યપ્રાંતોમાં સેંકડો અહિંસાવાદી જૈનભાઈઓ રોટલાને માટે મુસલમાન થતા જાય છે, તમે તેમની શી સેવા બજાવી? કેટલાને મદદ કરી આર્યજાતિથી ભ્રષ્ટ થતા અટકાવ્યા? તમારા ઉદ્દેશ પ્રમાણે જે ખરૂં કરવાનું કાર્ય તે પણ તમે કરતા નથી અને ખોટાખોટા ઉન્નતિના સ્વપ્ના સેવી શાસનનો મહાન્ રથ જે શાંતથી ચાલી રહ્યો છે તેને તોડીફોડી નાખવા તૈયાર થાઓ છો, આ તે કઇ જાતની તમારી માન્યતા?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ટકે શેર ભાજી ટકે શેર ખાજા!** આજની દુનિયાની રીત "પુરી એક અંધેરીમાં ગંડુરાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા!" એ પ્રમાણેનીજ છે! એક બાજુએ તમે બાળકને દહેરે મોકલો છો, અને બીજી બાજુએ તેનેજ તમે "ઓ ઇશ્વર તું એકજ છે!" એમ ગોખાવો છો! એક બાજુએ બાળકને તમે સામાયિક કરવાનું બતાવો છો અને બીજી બાજુએ તેને નાટકસીનેમા જોવાને પણ તેડી જાઓ છો! ઉપાશ્રયમાં સાધુમહારાજનું વ્યાખ્યાન હોય તો તેને ત્યાં પણ લઇ જાઓ છો અને બીજે દિવસે જૈનધર્મના સિદ્ધાંતોના મૂળભૂત તત્વોનું ખૂન કરવા માટે તૈયાર થયેલાઓ તરફથી કરાતી "મહાવીર જયંતી"ની સભા થાય તો ત્યાં પણ તેને લઇ જાઓ છો! આ બધાનો અર્થ એટલોજ છે કે તમે તમારી જવાબદારી એટલે શું ચીજ છે તેજ સમજતા નથી અથવા સમજવા માગતા નથી! આ બેદરકારી હવે લાંબો સમય નિભાવવાની નથી. તમારી ઉંઘ હવે ઉડવીજ જોઇએ અને તમારે તમારી ફરજ સંભાળવીજ જોઈએ. આત્મકલ્યાણની જ્યાં વાત આવે છે કે ત્યાં તમે ઢીલાઢબ બની જાઓ છો. કેટલીક વાર તમારા બાળકો નિશાળેથી ઘેર રહી પડે છે તો તમે તેની સખ્ત ખબર લઇ નાખવામાં પણ ચૂકતા નથી પરંતુ એજ બાળક જો નિયમિત સામાયિક ન કરે તો તેને તમે સુધારવાની તમારી ફરજ માનતા નથી! ઘણીવાર "હશે, બાળક છે" એમ કહીને બાળકમાં કુસંસ્કારો પડવા દેવામાં આવે છે એ ટેવ પણ તમારે સુધારવીજ પડશે.

**નાનપણથીજ સંસ્કાર પાડો.** "બાળક છે!" એમ કહીને બાળકના દોષો ચાલવા દેવા એ હવે પાલવે તેમ નથી. બાળકની ઉંમરનો સંબંધ શિક્ષણ સાથે છે પરંતુ સંપૂર્ણ રીતે ઉંમરનો સંબંધ વર્તન સાથે નથીજ! પાંચ વરસનો છોકરો હોય તે પણ ચોરી ખરાબ છે એમ જાણીને એ ચોરી કરે છે! સાઠ વરસનો ડોસો પણ ચોરી ખરાબ છે એ જાણવા છતાં ચોરી કરે છે. જૈનોના છોકરાને આ સાધુના વસ્ત્રોની પવિત્રતા સહેજે સમજાય છે. તે સાધુને "મહારાજજી" કહીને વંદન કરે છે ત્યારે મિથ્યાત્વીના સો વર્ષના બુઢ્ઢાને પણ સાધુની પવિત્રતાનો લેશમાત્રએ ખ્યાલ હોતો નથી! અર્થાત્ નાના બાળકોને પણ સંસ્કાર નાનપણથીજ પાડવાની જરૂર છે. આ સંબંધમાં એક ચોર અને તેની માતાનું ઉદાહરણ બહુ જાણીતું છે. એક ચોર હતો તે ચોરી કરવા ગયો. ચોરી કરતાં મારામારી થઇ અને તેમાં ઘરવાળો મરી ગયો. ચોર પકડાતાં ચોરને ફાંસીની સજા થઈ. સજાનો જ્યારે અમલ થવાનો વખત આવ્યો ત્યારે રાજાએ તેને પૂછ્યું કે "શું તારે કોઇને મળવું છે?" છોકરાએ જવાબ આપ્યો કે; હા! મારી માતાને મળવું છે. ચોરની અંતિમ ઇચ્છા સંપૂર્ણ કરવાના હેતુથી રાજાએ ચોરની માતાને ત્યાં હાજર કરી. પેલા ચોરે એ દરમિયાન એક છરી મેળવી રાખી હતી. જેવી પેલી ચોરની માતા ચોરને મળવા આવે છે તેવોજ ચોર આગળ ધસ્યો અને તેણે એકકે ઘાએ માતાના બંને સ્તનો કાપી નાખીને તેને તેના શરીરથી જુદાં પાડી દીધાં!

**મેં તો તમારે ન્યાયે ન્યાય કર્યો છે!** ચોરે માતાના સ્તન કાપી નાખ્યાં તેથી બધે હાહાકાર થઈ રહ્યો! રાજાએ પેલા ચોરને પૂછ્યું "અલ્યા! મરતાં મરતાં પણ આ અપકાર્ય કરવાનું તને સૂઝ્યું કે?" ચોરે જવાબ આપ્યો મહારાજ! મેં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારે ન્યાયે ન્યાય કર્યો છે. જેમ તમારો ગુન્હેગાર હું છું તેમ મારી ગુન્હેગાર મારી માતા છે! હું જ્યારે નાનો હતો ત્યારે એક દિવસ માતાએ મારા શરીરને તેલ ચોપડયું હતું. એટલામાં બારણે તલની ગાડી આવી હતી. હું તો તેલ ચોપડેલે શરીરે ગયો અને તલનો ઢગલો સારો લાગવાથી તલમાં આળોટ્યો. મારા આખા શરીરે તલ ચોંટી ગયા. હું જ્યારે ઘેરે પાછો આવ્યો, ત્યારે મારી માતાએ મને શિખામણ ન આપતાં મારા શરીર પરના સઘળા તલ લઇ લીધા! પછી તો જ્યારે જ્યારે પીઠમાં તલના ગાડાં આવતાં હતાં ત્યારે ત્યારે મારી મા મારા શરીરે તેલ ચોપડતી હતી અને મને તલના ઢગલામાં આળોટવા મોકલતી હતી. આ રીતે માતાએ સૌથી પહેલાં મને તલચોર બનાવ્યો હતો તે પછી તો હું તલ પરથી તરકારી ચોરતો થયો અને પછી છેવટે મોટી ચોરીઓ કરતાં શીખ્યો. એ રીતે પાપના ક્ષેત્રમાં હું ધીમેધીમે પ્રવેશતો જતો હતો અને આજે પરિણામ એ આવ્યું કે મારે શીરે ફાંસીની દોરી લટકે છે.

**તમે ક્યાં અને બીજા ક્યાં?** પેલા ચોરની આ કથની તદન વ્યાજબી હતી આ ઉપરથી એજ સાબીત થાય છે કે છોકરાઓને જે કુસંસ્કારો પડે છે તેને માટે બીજું કોઇ નહિ પણ છોકરાઓના વાલીઓ અથવા તેના માતાપિતાજ જવાબદાર છે. એજ રીતે ધાર્મિક વિષયમાં પણ જે બાળકો કુસંસ્કારી નીકળે છે અને ધર્મની સામે આંખો કાઢીને ઉભા રહે છે તે માટેની પણ સાચી જવાબદારી માતાપિતાની છે. આજના માબાપો બાળકોને ધર્મની કેળવણી આપે છે, નથી આપતા એમ નહિ; પરંતુ એ ધર્મની કેળવણી એવી વિચિત્ર રીતે આપવામાં આવે છે કે જેથી તમે અનાજ સેકીને વાવો છો એમજ કહી શકાય! ધર્મની કેળવણી આપો છો ખરા, પરંતુ તે ફુરસદને વખતે. જો નવરાસ મળે તો ધર્મના બે આંકડા ભણ્યો ન ભણ્યો તે ઠીક! પણ આખો દહાડો છોકરો નિશાળે તો જવોજ જોઇએ. આવા ધાર્મિક શિક્ષણનું કશું પણ મૂલ્ય થતું નથી. દુન્યવી શિક્ષણ એ તમારી મુખ્ય ચાવી છે. મુખ્ય ધ્યેય તરીકે તમે તમારૂં દુન્યવી શિક્ષણ કાયમ રાખો છો અને વધારાના સમયમાં ધર્મના શિક્ષણની વાતો કરો છો. આવી પરિસ્થિતિ જ્યાં સુધી કાયમ છે ત્યાં સુધી શાસનના વિરાધકો જરૂર પાકવાજ જવાના છે! આ સ્થિતિમાંથી તમારે ઉગરી ગયેજ છૂટકો છે. તમે સઘળા બીજી બાબતોમાં જૈન-કોમને અને અન્ય કોમને સરખાવો છો અને બૂમાબૂમ કરી મૂકો છો કે જૈનોમાં બાળવિધવાઓ વધારે છે તેનો કાંઇ રસ્તો નીકળતો નથી. ફલાણું આમ છે તેનું કાંઈ બનતું નથી પરંતુ તમે ધાર્મિક શિક્ષણની બાબતમાં તમારી જાતને બીજા સાથે સરખાવતા નથી? કાઠીયાવાડ જેવા પ્રાંતનીજ વાત લ્યો! સેંકડો મુસલમાનોના મદ્રેસાઓ જ્યાંત્યાં સ્થપાએલા છે. એક પણ પારસી-ગામ એવું નથી કે જ્યાં પારસીધર્મના સિદ્ધાંતો બાળકોને શીખવાતા ન હોય!

**ધર્મવૃત્તિ જાગૃત શાથી રહે?** હવે આ સ્થિતિનું પરિણામ વિચારજો. તમે કેટલા પારસી-ઓને તેના ધર્મના સિદ્ધાંતો વિરૂદ્ધ જતા જોયા છે? ગમે તેવો માતબર પારસી શ્રીમંત હોય પરંતુ ભાગ્યેજ તેના મોઢામાં તમે સીગાર કે ચીરૂટ જોઈ શકશો! મુસલમાનોની સ્થિતિ જુવો. દિલ્હીમાં એક મુસલમાન અમુક વાત જાહેર કરે છે કે બીજેજ દહાડે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થળે સ્થળે મુસલમાનોની સભાઓ થઇને તે વાત મંજુર રાખવાના ઠરાવો થાય છે. અરે! આ ૧૯૩૪નીજ વાત લ્યો! મુસલમાનોની સામાન્ય રાજનીતિની સામે જઇ પેલી કહેવાતી કોંગ્રેસને ટેકો આપનારો મુસલમાન કે જે વડીધારાસભા માટે કોંગ્રેસીયો પ્રતિનિધિ હતો; તેને મુસલમાનોએ એવી શીકસ્ત આપી છે કે તેની ડીપોઝીટ પણ જપ્ત થઇ છે. બીજી બાજુએ તમારી સ્થિતિ વિચારો અને પછી તુલના કરો કે તમે આગળ વધ્યા છો કે પાછળ પડ્યા છો. આમ ન થાય એટલા માટેજ શાસ્ત્રકાર મહર્ષિઓએ પુકારી પુકારીને એ વાત જાહેર કરી છે કે પ્રત્યેક જૈન-બાળકમાં વજ્ર જેવા, એ સંસ્કારો પાડી દ્યો કે; "**आत्मा, भव, अने कर्म ए त्रणे अनादिना छे.**" જૈન માતાપિતા તરીકે તમારી એ ફરજ છે કે તમારે તમારા બાળકોમાં દૃઢપણે આ સંસ્કાર પાડવાજ જોઇએ. જો આ સંસ્કાર તમે તમારા બાળકમાં નથી પાડતા તો સમજી લેજો કે તમે જૈન માતાપિતા ગણાવાને માટે લાયક નથી યા હકદાર પણ નથીજ. આ મહાસંસ્કાર એવો છે કે તે જગતના સઘળા દુ:સંસ્કારને આવતા રોકે છે અને ધર્મવૃત્તિને જાગૃત કરે છે.

**હિતબુદ્ધિનોજ હેતુ છે.** આત્મા, ભવ અને કર્મ અનાદિના છે એવા સંસ્કારો જ્યાં દૃઢ થાય છે કે અધર્મના સંસ્કારો પડતાજ નથી અને પડેલા હોય તોપણ તે નાસવાજ માંડે છે. આ વસ્તુ આત્મામાં ઠસી જાય છે તો તે સઘળા કુસંસ્કારોને દૂર કરે છે અને સુસંસ્કારોને પોષે છે એ કેવી રીતે થાય છે અને એથી ભવપર્વતનું ઉલ્લંઘન કેવી રીતે થાય છે તે હવે જોવું જોઇએ, પરંતુ એ જોઇએ તે પહેલાં છેવટના મુદ્દા ઉપર ફરી એકવાર નજર નાખવીજ રહી. આપણા બાળકોમાં આપણે જોઇતા સંસ્કારો નથી પાડ્યા તેનેજ અંગે આજના સુધારકો નિપજ્યા છે અને એ સુધારકોની સઘળી પ્રવૃત્તિઓ એવી થવા પામી છે કે જેણે શાસનનો જડમૂળથી નાશ કરવાની તૈયારી કરી છે. તેમની પાંચ વર્ષની પ્રવૃત્તિનું ફળ શૂન્યથી વધારે નથી. નથી તેઓ સાધુસંસ્થાને નિર્મૂળ કરાવી શકયા, નથી તેઓ દેવદ્રવ્ય ખરચીને વિદ્યાલય બંધાવી શકયા, નથી તેઓ વિધવા બહેનોને નાતરાની જાતરાએ ચઢાવી શકયા, કે નથી તેઓ વટલીને મુસલમાન ખ્રિસ્તી બની જતાં સાધર્મિક ભાઇઓને મદદો આપી બચાવી શકયા! ત્યારે શાસનપ્રેમીઓ બીજી બાજુએ પૂરતો વિજય મેળવી શકયા છે. સાધુસંસ્થાને તેમણે વિશાળતા નથી આપી પણ તેઓ રક્ષા કરી શકયા છે. તેમણે બીજું નવું કાંઇપણ નથી કર્યું એ વાત સત્ય છે છતાં તેઓ જુનાની સંરક્ષા કરી શકયા છે અને તેથીજ તેમણે શાસ્ત્રની દૃષ્ટિએ આઠગણું પુણ્ય ઉપાર્જન કર્યું છે, પણ આ સઘળું થયું છે તેમાં હેતુ એજ રહેલો છે કે શાસન પ્રત્યે હિતબુદ્ધિ; અને તેથીજ શાસનપ્રેમીઓની પ્રવૃત્તિ ઉત્તેજનને પાત્ર ઠરી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કર્મસંગ્રામ

## છઠ્ઠે ગુણસ્થાનકે શાના વિચારો હોય ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથમાં તેઓશ્રીમાન્ જણાવે છે કે દરેક જીવની ફરજ છે કે તેણે આ ભવ કેવો છે તે જાણવું જોઇએ. ભવનું સ્વરૂપ તેણે વિચારવું જોઇએ અને ભવમાં ભયંકરતા રહેલી છે કે સુખનો મીઠો આસ્વાદ રહેલો છે તે તેણે જોવું જોઇએ. શાસ્ત્રદૃષ્ટિએ જે કોઈ આ ભવને જાણવાનો યત્ન કરે છે તે એમ સમજી શકે કે આ ભવ એ એક મહાભયાનક પર્વત છે. આ ભવરૂપી પર્વતનું ઉલ્લંઘન કરવાની દરેક આત્માની ફરજ છે પરંતુ એ ભવરૂપી મહાગિરિરાજનું ઉલ્લંઘન ત્યારેજ થઇ શકે છે કે જ્યારે આત્મા છઠ્ઠાગુણસ્થાનકે આવી પહોંચે છે. જ્યાંસુધી આત્મા છઠ્ઠા ગુણસ્થાનકે આવી શકતો નથી ત્યાંસુધી તેણે ભવરૂપી ભયાનક પર્વતનું ઉલ્લંઘન કર્યું છે એમ ગણી શકાતું નથી. જીવ જ્યારે છઠ્ઠે ગુણસ્થાનકે આવે છે ત્યારે તે લૌકિક પદાર્થોમાં રાચી શકે એવી દશામાં હોતો નથી. અનાદિકાળથી લોકોએ જે સંજ્ઞા રાખી છે તે સંજ્ઞામાં તેવા આત્માને રાચવાપણું રહેતું નથી અને પૌદ્‌ગલિક વસ્તુઓથી રાચવાના સ્વભાવનો આત્મા ત્યાગ કરી દે છે, પરંતુ તે છતાં એવા મુનિને પણ મન અને વિચાર છોડી શકતા નથી. ગયા વ્યાખ્યાનમાં આપણે એ વાત નક્કી કરી છે કે મનનો અંત તો છેક તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે આવે છે અને જે મુનિ છઠ્ઠે ગુણસ્થાનકે પહોંચ્યો છે તેવાને મન અને વિચારો તો કાયમજ હોય છે, ત્યારે છઠ્ઠે ગુણસ્થાનકે પહોંચેલો મુનિ કઇ વસ્તુમાં તલ્લીન હોય છે અને શી બાબતના વિચારો કરે છે તે તપાસીએ.

**તેરમા ગુણસ્થાનકની સ્થિતિ.** મન એ એવી વસ્તુ છે કે તે એક પળ પણ નવરૂં બેસી શકતુ નથી. તેને અનુકૂળ પદાર્થો આપશો તો તે તેના વિચારો કરશે અને જો પ્રતિકૂળ પદાર્થો આપશો તો તે તેના વિચારોમાં પણ મશગુલ બની રહેશે પરંતુ મન નવરૂં રહી શકે એવું નથી. મનનીય પદાર્થોનું મનન ન હોય તો મન રહી શકતુંજ નથી. તે સદાસર્વદા મનનીય પદાર્થોનુ મનન કર્યાજ કરે છે. જગતમાં જ્ઞાન નામનો પદાર્થ છે તે જ્ઞેય ઉપર અવલંબેલો છે. જ્ઞેય એટલે જાણવા યોગ્ય વસ્તુઓ આ જગતમાં છે અને તે વસ્તુઓ જાણવામાં આત્માની પ્રવૃત્તિ છે તેથીજ જ્ઞાન નામના પદાર્થને સંસારમાં અવકાશ છે. જો જ્ઞેય પદાર્થોનીજ આ સંસારમાં હસ્તિ ન હોત તો પછી આત્માની શું જાણવામાં પ્રવૃત્તિ હોત વારૂ ? જ્ઞેય પદાર્થોની ગેરહાજરીમાં આત્માની કાંઈ જાણવાની પ્રવૃત્તિ પણ ન હોત અને તેને લીધે સંસારમાં જ્ઞાનનું પણ અસ્તિત્વ ન હોત. જેમ જ્ઞાનનો આધાર અથવા જ્ઞાનનો અવકાશ જ્ઞેય પદાર્થો ઉપર રહેલો છે તેજ પ્રમાણે મનનો આધાર મનનયોગ્ય વસ્તુઓ ઉપર રહેલો છે. જ્ઞેય પદાર્થો ન હોત તો જ્ઞાન ન હોત, તેજ પ્રમાણે મનન યોગ્ય પદાર્થો ન હોત તો મન પણ ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોત! મનન સિવાય, ચિંતન સિવાય, વિચાર સિવાય મન નામનો પદાર્થ સામાન્ય લોકોમાં રહી શકતોજ નથી. અહીં ગયા વ્યાખ્યાનમાંની થોડી વાતોનું સ્મરણ કરો. પાછલા વ્યાખ્યાનમાં આપણે એ વાત નક્કી કરી આવ્યા છીએ કે તેરમે ગુણસ્થાનકે મનના પુદ્દગલો છે પરંતુ તેમને મનન કરવાપણું હોતું નથી.

**મનનની આવશ્યક્તા કોને છે?** જે આત્મા તેરમે ગુણસ્થાનકે વિરાજમાન છે તેવા આત્માને મનના પુદ્દગલો માત્ર હોય છે પરંતુ બીજા માણસોને મનન યોગ્ય પદાર્થોનું જેવું મનન કરવાનું હોય છે તેવું મનન કરવાનું તેમને હોતું નથી. સયોગિકેવળી દ્રવ્ય મનથી રહિત નથી તે દ્રવ્ય મન ધરાવે છે પરંતુ દ્રવ્ય મનના પુદ્દગલોને આધારે જે મનન કરવાપણું હોય છે તેવું મનન કરવાનું તેમને હોતું નથી. મનન કરવાની સ્થિતિનો અવકાશ ફક્ત બેજ રીતે સંભવે છે. જ્ઞાનમાં ન્યૂનતા હોય કિંવા સાધ્યમાં ન્યૂનતા હોય તેવા આત્માઓનેજ મનન કરવાની સ્થિતિનો અવકાશ છે. જે આત્માને જ્ઞાનમાં પણ ન્યૂનતા રહેલી નથી અને જે આત્માને સાધ્યમાં પણ કશી ન્યૂનતા રહેલી નથી તેવા આત્માને કોઈપણ વસ્તુ કિંવા સ્થિતિ પરત્વે મનન કરવાપણું હોતું નથી. મનન કિંવા વિચાર કોને કરવા પડે છે તેનો વિચાર કરજો. કોઇ અજ્ઞાત વસ્તુ હોય તે જાણવા માટે અર્થાત્ કે ન જાણેલી વસ્તુને જાણવા માટે વિચારોની આવશ્યકતા રહે છે તેજ પ્રમાણે ન મેળવેલી વસ્તુને મેળવવી હોય તો તે માટે વિચારોને અવકાશ રહે છે સયોગિકેવળીને તેણે સઘળા પદાર્થોને જાણેલા હોવાથી, વિચાર કરવાની કશીજ જરૂર રહેતી નથી એ વાત તમે બરાબર સમજી શકશો.

**કેવળીઓ મોક્ષની પણ દરકાર રાખતા નથી.** કેટલાક શંકાકારો એવી શંકા કરે છે કે જેણે સઘળું જાણી લીધું છે તેને જાણવાનું કાંઇ બાકી ન હોવાને પરિણામે વિચાર કરવો પડતો નથી અને એ સિદ્ધાંત પ્રમાણે સયોગિકેવળી ભગવાનોને પણ કાંઇ જાણવા યોગ્ય બાકી ન હોવાથી તેને અંગે એ વિચાર ન કરે એ વાસ્તવિક છે પરંતુ અપ્રાપ્ય વસ્તુઓની સિદ્ધિને અંગે વિચાર કરવાનો હોય છે અને સયોગિકેવળી ભગવાનોએ જોકે સઘળું જાણ્યું છે તે છતાં તેમને મોક્ષ મેળવવાનો બાકી છે તો પછી મોક્ષરૂપી અપ્રાપ્ય વસ્તુની સિદ્ધિ માટે અર્થાત્ મોક્ષ મેળવવાને અંગે તેઓને શા માટે વિચાર કરવાપણું બાકી રહેતું નથી? જો સાધ્યને અંગે વિચાર કરવાનો બાકી હોય છે તો મોક્ષ-રૂપી સાધ્યની સિદ્ધિ માટે મન, વચન અને કાયાના યોગોથી યુક્ત એવા કેવળી ભગવાનોને પણ વિચાર કરવાપણું હોવુંજ જોઇએ. શંકાકારના આ કથનને શાસ્ત્રો અતિશય સુંદર અને બુદ્ધિગમ્ય ઉત્તર પૂરો પાડે છે. શાસ્ત્રો ઉત્તર આપે છે કે કેવળી ભગવાનોને જેમ કાંઇ જાણવાનું બાકી નથી તેજ પ્રમાણે તેમને મેળવવાનું પણ કાંઇ બાકી નથીજ. કેવળી ભગવાનોને મોક્ષ મળે છે એ વસ્તુ સૂર્યપ્રકાશના જેવી સત્ય અને સિદ્ધ છે પરંતુ મોક્ષને કેવળી ભગવાનો પોતાનું સાધ્ય માનીને તે મેળવવાને માટે દરકાર રાખતા નથી. મોક્ષ મળો કિંવા ભવ ચાલુ રહો એની જરાપણ દરકાર કેવળી ભગવાનોને હોતી નથી એટલેજ એમ સિદ્ધ થાય છે કે સયોગિકેવળીને પણ જેમ કાંઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાણવાનું બાકી નથી તેજ પ્રમાણે તેને કાંઈ મેળવવાનું પણ બાકી નથીજ અને તેથીજ સયોગિકેવળીને મનન કિંવા વિચાર કરવાપણું પણ હોતુંજ નથી! અને તેથીજ **मोक्षे भवे च सर्वत्र निस्पृहो मुनिसत्तमः** અર્થાત્ મોક્ષમાં જવાની કે ભવમાં રહેવાની કોઇપણ ઇચ્છા ઉત્તમ મુનિ રાખતો નથી.

**નૌકાની જરૂર કોને છે?** સયોગિકેવળી ભગવાનો સઘળું જાણે છે સઘળા પદાર્થોને અને સઘળા કાળને તે વાસ્તવિકરૂપે પીછાણે છે અને તે મોક્ષની પણ દરકાર રાખતા નથી. ભવ મળો કે મોક્ષ મળો એની પણ તેમને ચિંતા હોતીજ નથી. આ પરિસ્થિતિને અંગે કેવળી ભગવાનો વિચારો અને મનનથી મુક્ત હોય છે. કેવળી ભગવાનો મોક્ષની દરકાર રાખતા નથી એ જાણીને આપણામાંથી કોઇ એવી શંકા કરનારો પણ નીકળી આવશે કે જો કેવળી ભગવાન્ મોક્ષની દરકાર નથી રાખતા, તો પછી આપણે પણ શા માટે મોક્ષની દરકાર રાખવી જોઇએ? કેવળીઓની સ્થિતિ આપણી દૃષ્ટિએ આધ્યાત્મિક દૃષ્ટિએ આપણા કરતાં બેહદ સારી છે. જ્ઞાનની પરમકક્ષાએ તેઓ પહોંચેલા છે અને તેમની અપૂર્વ રીતિએ ધાર્મિક ઉન્નતિ થએલી છે એવા પુરુષો પણ જો મોક્ષની દરકાર રાખતા નથી તો પછી આપણે પણ શા માટે મોક્ષની દરકાર રાખવી જોઇએ? આવી શંકા કરવી એ સર્વથા અસ્થાને છે, અને આવી શંકા ઉપસ્થિત કરવામાં સ્પષ્ટતઃ અજ્ઞાનજ રહેલું છે. નૌકાનો આશ્રય લઇને તરીને સામે કાંઠે ગએલો માણસ એમ કહે કે, "હવે મને સામા કિનારાની અથવા તો નૌકાની આવશ્યક્તા નથી." તો તેનું તે વચન અવાસ્તવિક ગણી શકાતું નથી. તેને નૌકા વિગેરેની જરૂર ન હોય એ સમજી શકાય એવું છે પરંતુ તેનું જોઇને નદીને આ કાંઠે રહેલો માણસ પણ એમજ કહે કે પેલા માણસને સામા કાંઠાની કે નૌકાની આવશ્યકતા નથી તો હવે મને પણ નૌકા વગેરેની શી જરૂર છે? તો બીજા માણસનું આ કથન સર્વથા મિથ્યાજ છે એવું નાનો બાળક પણ કહી શકશે.

**દુર્ગતિનું કારણ ન બનો.** એક માણસ વગડામાં ગએલો છે, બીજો માણસ ઘરને આંગણે ખાટલો પાથરીને સૂતો છે. આવી સ્થિતિમાં બીજો માણસ એમ કહે કે મારે હવે ઘર શોધવાની શી જરૂર છે? તો બીજા માણસનું એ વાકય યથાર્થ ઠરે છે પરંતુ તેજ પ્રમાણે વનવગડામાં ભટકતો પહેલો માણસ પણ એમજ કહે કે, "હંઅ! મારેય હવે ઘર શોધવાની શી જરૂર છે?" તો આ સ્થિતિનું પરિણામ એજ આવી શકે કે બીજો માણસ શાંતિથી ઘરને આંગણે સુતેલો રહી જાય અને પહેલાને વનવગડાના પશુઓજ ફાડી ખાય! આજ દશા આપણી પણ સમજવાની છે! કેવળજ્ઞાનના અધિકારી એવા કેવળી ભગવાનને જો મોક્ષની દરકાર નથી તો પછી આપણે તો સામાન્ય જીવો છીએ, આપણને શા માટે મોક્ષની દરકાર હોવી જોઈએ; એવો વિચાર કરીને જે કોઇ મોક્ષની દરકારને છોડી દે છે તેને વનવગડારૂપી આ મહાભયાનક સંસારમાં રહેલા હિંસકપશુઓરૂપ કામ, ક્રોધાદિ દુર્ગુણો ફાડી ખાય છે અને તત્પશ્ચાત્ તેવો નિર્ભાગી આત્મા વિનાશરૂપ દુર્ગતિનેજ મેળવે છે! આવા વિચિત્ર પ્રશ્ન કરીને જે સ્વયં મોક્ષનો વિચાર ત્યાગી દે છે તે ભયંકરમાં ભયંકર પ્રકારનો પોતાના આત્મા માટેની દુર્ગતિનો દરવાજો ખોલી દે છે! એટલુંજ નહિ, પરંતુ આવી શંકાઓથી જનતાની ચિત્તવૃત્તિમાં ક્ષોભ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપસ્થિત કરનારો જનતા માટે પણ દુર્ગતિના દશે દ્વાર ખુલ્લા કરીને તે બધાના આત્મનાશ અર્થાત્ દુર્ગતિપ્રવેશનું પોતેજ મહાકારણ બને છે !

**મોક્ષનું આંગણું.** કોઈ માણસ પોતે પોતાના આંગણામાં આવીને ઉભો હોય તે માણસ આસપાસ દેખ્યા વિના ચાલતો હોય તોપણ તે માણસ સીધો પોતાના ઘરમાં જઇ પહોંચે છે પરંતુ તેની અપેક્ષાએ નદીને આ પાર રહેલા અને પેલે પાર જવાની આકાંક્ષાનો અર્થી પણ નૌકાનો વિચાર ન કરે કિંવા પાદરમાં રહેલો ઘરનો વિચાર ન કરે; તો તેની દુર્દશાજ થાય ! કેવળીની સ્થિતિ કેવી છે તેનો વિચાર કરો. કેવળી સંપૂર્ણ સમ્યક્ત્વ અને ચારિત્ર પામેલો છે અને તેણે સંપૂર્ણજ્ઞાન પણ મેળવેલું છે. જેણે સંપૂર્ણજ્ઞાન, ચારિત્ર અને સમ્યક્ત્વ મેળવેલું છે તેજ કેવળી ગણાય છે. હવે વિચાર કરો કે એક માણસ નદી વટાવી જાય, પાદર વટાવી ચૂકે, બજારો ઓળંગી આવે અને પોતાના ઘરને આંગણે આવીને ઉભો રહે અને પછી તે એવો પ્રશ્ન કરે ખરો કેઃ 'મારૂં ઘર ક્યાં છે ?" આંગણે આવીને ઉભો રહેલો માણસ કદી આવો પ્રશ્નજ ન કરે અને છતાં પણ જો તે આવો અર્થહીન પ્રશ્ન કરે, તો તેની ગણના ગાંડામાંજ ગણાય ! જેમ જગતના સ્થૂલ ઘરને આંગણાં છે, તેજ પ્રમાણે મોક્ષરૂપી ઘરનું આંગણું એ તેરમું ગુણસ્થાનક છે.

**પરીક્ષાના વિચારો કોણ છોડી શકે ?** કેવળી ભગવાનો એ તેરમે ગુણસ્થાનકે પહોંચેલા છે અને તેરમે ગુણસ્થાનકે પહોંચેલા છે એટલેજ તેઓ મોક્ષરૂપી મહામંદિરના આંગણામાં ઉભેલા છે. આ આંગણામાં ઉભા રહ્યા પછી પણ જો કેવળી, "મોક્ષ મોક્ષ"ની બૂમ મારે તો તેની ગણના પણ આંગણામાં ઉભા રહીને ઘર પૂછનારાના જેવીજ થાય ! આત્માનું સ્વરૂપ અવ્યાબાધ છે. આ આત્માના અવ્યાબાધ સ્વરૂપની જ્યાં જાગૃતિ છે એવા તેરમા ગુણસ્થાનકમાં પ્રવેશેલાને હીરો ને કાચ, સોનું અને માટી, સ્ત્રી કે પુરુષ અથવા સંસાર કે મોક્ષ એ સઘળું સરખુંજ છે. શાસ્ત્ર કહે છે કે એવા આત્માને ઇચ્છા કે ઇચ્છાના દ્રોહ કાંઇ હોતુંજ નથી. હવે દુનિયાદારીની એક વાતનું ઉદાહરણ લો. દુનિયાદારીમાં જે છાત્રો પરીક્ષામાં બેસવા જાય છે તેઓ પરીક્ષામાં બેસવા જતાં પહેલાં અનેક રીતે વિચાર કરે છે કે, આવા સવાલો આવશે તો તેના જવાબો અમે આમ લખીશું, તેમાં ફલાણું આમ કરીશું અથવા ફલાણું આમ ગોઠવીશું. વિચારોની આ હારમાળા પરીક્ષાના દિવસ સુધી ચાલુ રહે છે પરંતુ જ્યાં પરીક્ષાનો દિવસ આવીને ચાલ્યો જાય છે-પરીક્ષા અપાઈ જાય છે કે તે પછી એ પરીક્ષાને અંગે કાંઈપણ વિચારણા કરવાની બાકી રહેતી નથી. પરીક્ષાનું પરિણામ હજી બહાર પડેલું હોતું નથી પોતે પાસ છે કે નાપાસ છે તેની તેને હજી કાંઈ માહિતી મળેલી હોતી નથી પરંતુ જ્યાં પરીક્ષા આપી દેવાય છે કે ત્યાં એ સંબંધીના સઘળા વિચારો બંધ પડે છે. પરીક્ષા આપી ચૂકેલો વિદ્યાર્થી પરીક્ષામાં શું કરવું તે સંબંધીના વિચારો તજી દે છે તે જોઇને પરીક્ષાનો ઉમેદવાર પણ એવા વિચારો છોડીજ દે તો તેની શી દશા થાય તેનો તમે ખ્યાલ કરી શકો છો. જે હજી અભ્યાસ કરે છે જેને હજી પરીક્ષા આપવાની બાકી છે તે પણ જો પરીક્ષાના વિચારોનોજ ત્યાગ કરી દે, તો નિઃસંશય તે માર્યો પડે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રખડી જવાની નિશાની શું ?** કેવળી ભગવાનોની સ્થિતિ પરીક્ષા આપી ચૂકેલા માણસ જેવીજ છે. કેવળી ભગવાનને મોક્ષના જે સંપૂર્ણ સાધનો કરવાના હતા તે કરી લીધા છે હવે તેમને કરવાનું કાંઇ બાકી રહ્યુંજ નથી અને જ્યાં તેમના આયુષ્યનો અંત આવશે કે તેમને માટે મોક્ષની પ્રાપ્તિ તો નિર્મેલીજ છે. કેવળી ભગવાનોની આવી સ્થિતિ હોવાથી તેઓ મોક્ષ મળો કે ભવ મળો તે સંબંધમાં બેદરકાર રહે તે ચાલી શકે છે, પરંતુ તેથી આપણને તે સ્થિતિ પાલવી શકે નહિ. આપણી સ્થિતિનો આપણે ખ્યાલ કરવાનો છે. આપણી સ્થિતિ ભણતા વિદ્યાર્થીના જેવી છે. આપણે હજી નિર્વિકલ્પદશાના ગુણસ્થાનકે પહોંચી શકયાજ નથી. આ સ્થિતિમાં આપણે પણ જો મોક્ષ કે ભવના વિચારોજ છોડી દઇએ તો આપણી સ્થિતિ પણ રખડેલ વિદ્યાર્થીના જેવીજ થવાની ! પરીક્ષા પસાર કર્યા પછી એટલે પરીક્ષા આપી દીધા પછી રિઝલ્ટ બહાર પડે ત્યાં સુધીમાં પરીક્ષાનો ઉમેદવાર પરીક્ષાને લગતા કાંઇપણ વિચારો ન કરે તો તે તદ્દન સ્વાભાવિક છે પરંતુ પરીક્ષા ન આપી હોય એવા ઉત્તીર્ણતાના અર્થીએ તો એ સંબંધીના વિચારો સેવવાજ ઘટિત છે. તેજ પ્રમાણે જે નિર્વિકલ્પની દશામાં નથી પહોંચ્યા તેવા બધાએ તો મોક્ષપ્રાપ્તિના વિચારો કરવાજ ઘટે છે. આવા માણસો પણ જો મોક્ષ મળે તો શું અને ભવ મળે તો શું એવોજ વિચાર લઈ બેસે તો તે તેની રખડી જવાનીજ નિશાની છે.

**તેરમું ગુણસ્થાનક એટલે મોક્ષનું સાટું.** લૌકિક વ્યવહારમાં તમે ઘર ખરીદવાનું સાટું કરો છો તેનુંજ ઉદાહરણ લો. તમે પહેલાં સાટું કરો છો પછી બાનું આપો છો. આ રીતે તમે કોઈ ઘર વેચાણ લેવાની કબુલાત આપી દીધી અને તેને લગતો તમારો દસ્તાવેજ પણ રજીસ્ટર થઈ ગયો, આટલું થયા પછી તમે એવો વિચાર કરતા નથી કે એ મકાન મને આટલા હજાર રૂપીયામાં પોષાય છે કે નહિ પોષાય ? સાટાખત થયા પછી, બાનું અપાયા પછી, દસ્તાવેજ રજીસ્ટર થયા પછી, ઘર પોષાય છે કે નથી પોષાતુ, એવા પ્રશ્નને અવકાશજ નથી. આ સ્થિતિએ એવો વિચાર કરવા બેસનારો મૂર્ખ છે. અર્થાત્ જે વ્યવહારકુશળ છે તે માણસ આવા સંયોગોમાં યોગ્યાયોગ્યતાનો વિચાર કરી શકતોજ નથી પરંતુ તેનું જોઇને બીજા માણસો મકાન ખરીદતાં પહેલાં–સાટું થયા પહેલાં પણ, જો વિચાર ન કરે; તો તેના બાર વાગ્યા સિવાય રહેજ નહિ ! તેરમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે એટલે આત્મા મોક્ષનું સાટું કરી લે છે. તેરમે ગુણસ્થાનકે ગએલો આત્મા પાછો જન્મ લઈ શકતો નથી એ સ્પષ્ટ છે અને જ્યાં તેરમે ગુણસ્થાનકે ગએલાનું આયુષ્ય પૂર્ણતાને પામે છે કે તે તેજ ક્ષણે મોક્ષમાં પગલાં માંડે છે. મોક્ષનું સાટું થઇ ગયા પછી તે સંબંધી વિચારો ન થાય એ વાસ્તવિક છે પરંતુ તેથી એ સાટું ન થયું હોય તે પહેલાં પણ મોક્ષ સારો કે ભવ સારો એવો વિચાર ન કરવો યા તે પરત્વે બેદરકાર રહેવું; એમાં તો સ્પષ્ટ રીતે મૂર્ખાઇજ સમાએલી છે. અર્થાત્ આત્માએ જ્યાં સુધી તેરમા ગુણસ્થાનકનો આશ્રય લીધો નથી ત્યાં સુધી બાકીના ગુણસ્થાનકે રહેલા આત્માઓએ ભવનિર્વેદની અને મોક્ષપ્રાપ્તિની ચિંતા અવશ્ય રાખવીજ જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મનના પુદ્‌ગલોનું કાર્ય.** આત્મા ચોથા ગુણસ્થાનકે આવે છે એટલે તે મોક્ષનું સાટું કરવાના વિચારો સેવવામાં પ્રવૃત્ત બને છે. ચોથા ગુણસ્થાનકથી મોક્ષનું સાટું આરંભાય છે તે બારમા ગુણસ્થાનક સુધી ચાલુ રહે છે. એ સઘળા સમય દરમ્યાન આત્માએ મોક્ષનો વિચાર કરવો કર્ત્તવ્ય છે. જ્યાં બાર ગુણસ્થાનક પૂરા થાય છે અને જીવાત્મા તેરમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે કે તેજ પળે મોક્ષનું સાટું થઈ જાય છે. હવે તેને કાંઈપણ વિચાર કરવાનો બાકી રહેવા પામતોજ નથી. એજ દૃષ્ટિએ સ્પષ્ટ થાય છે કે તેરમે ગુણસ્થાનકે મોક્ષ બાકી છે પરંતુ ત્યાં વિચારોને અવકાશ હોતો નથી. તેરમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માને ભાવમન હોય છે દ્રવ્યમનના પુદ્‌ગલો પણ હોય છે પરંતુ તેમને મનન કરવાપણું હોતું નથી. ત્યારે હવે અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થશે કે "જો અહીં મનન નથી તો પછી મનના પુદ્‌ગલોનું શું કામ હોવું જોઇએ ?" આ પ્રશ્નનો ઉત્તર સમજવા જેવો છે. ઈ. સ. ૧૯૧૪માં એટલે આજથી વીસ વર્ષ ઉપર જર્મની અને બ્રિટન વચ્ચે વિશ્વયુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં એક બીજાએ પ્રતિપક્ષીના સૈનિકોને કેદી તરીકે પકડ્યા હતા. આ કેદીઓ પરસ્પર શત્રુઓના હાથમાં સપડાએલા હતા પરંતુ જો તેમના અંતર કોઇએ તપાસી જોયા હોત તો તેમાં, શત્રુઓ પ્રતિ ભયંકર વેર લેવાની ભાવના શું ન માલમ પડી હોત ?

**કર્મનો મહાસંગ્રામ.** આવા સંયોગોમાં એક પ્રજાના કારાવાસમાં પડેલો માણસ શત્રુને મારતાં પોતાનો છોકરો મરી ગએલો સાંભળે તો તેથી તેને દિલગીરી નહિ થાય, પણ આનંદજ થાય ! તેની છાતી વેંત વેંત ઉંચે આવે અને તે આનંદમાં મશગુલ બની જાય ! દીલગીરીનો તેને સંકલ્પ પણ થાય નહિ, બાપ પોતાના વીરપુત્ર વીરકાર્ય કરતાં મરી ગએલા હોવાથી પોતાને વીરપિતા અને માતા પોતાને વીરમાતા માને ! જેમ રણસંગ્રામમાં માતાપિતા પોતાના પુત્રના મરણથી પોતે ગર્વ લે છે તે પ્રમાણે અહીં જે કર્મરૂપી મહાબળવત્તર શત્રુ સાથે યુદ્ધમાં નથી ઉતરી શકયો તે તેનો અત્યંત શોક પાળે છે. અહીં એક વાત યાદ રાખવાની છે કે જે આત્માએ કર્મ જીત્યા છે અર્થાત કે જેણે કર્મોને ખપાવ્યા છે અને જેના સંયમી માતાપિતા એવા વિજેતાને કર્મવીર માને છે તેવો ક્ષપક શ્રેણીવાળો આત્મા પણ જો પોતાની એ સ્થિતિને વિષે અભિમાન ધારણ કરે, તો સમજી લેવું કે તેનું જ્ઞાન મિથ્યા છે એટલુંજ નહિ પરંતુ તેવો આત્મા ચોથે ગુણસ્થાનકેજ રહેલો છે. આત્મા પોતે કર્મના મહાસંગ્રામમાં નથી ઉતર્યો, તે માટે તેને જ્યાં સુધી શોક થતો નથી, ત્યાંસુધી તેને ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ પણ થતી નથી. ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ ત્યારેજ છે કે જ્યારે આત્માને પોતે કર્મસંગ્રામમાં ન ઉતરી શકાવા માટે પ્રચંડ ખેદ થાય છે ! ખરી રીતે જોઈએ તો જગતમાં પણ બેજ સમૂહોનું અસ્તિત્વ છે. એક મોક્ષને ઈચ્છનારો જનસમુદાય તે મોક્ષસમૂહ અને બીજો સંસારને ઇચ્છનારો સમુદાય તે સંસારસમુહ. ચોથે ગુણસ્થાનકે આવનારો આત્મા આરંભ, પરિગ્રહ, વિષય, કષાયને છોડતો નથી. ત્યારે હવે આવા આત્માને તમે મોક્ષસમૂહમાં રહેનારો માનશો કે સંસારસમૂહમાં રહેનારો માનશો વારૂ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કિંમત તો આત્માની વૃત્તિનીજ છે.** આત્માને આપણે મોક્ષસમૂહનો ત્યારેજ માની શકીએ કે જ્યારે તેને હાથે સાંસારિક કાર્યો થતાં તે પરત્વે તેને ભારે ખેદ થાય! ખરી રીતે તો આત્માની વૃત્તિ કયાં છે એજ જોવાની ખાસ આવશ્યકતા છે. જો વ્યક્તિના હાથથી સાંસારિક કામો થતાં રહે અને તેની વૃત્તિ પણ સાંસારિક કાર્યોમાંજ પરોવાએલી હોય તો તેવી વ્યક્તિને આપણે મોક્ષસમૂહમાં ગણી શકીશું નહિ. મોક્ષના ઉપાસકોના સમૂહમાં તો તેજ માણસ આવી શકે છે કે જેને હાથે સાંસારિક કાર્યો થતાં હોય તે છતાં તેને એવા કાર્યો આદરતી વખતે ભારે કચવાટ અને ક્ષોભ થાય. અહીં બીજું એક ઉદાહરણ લો. યુદ્ધમાં બે પક્ષો લડે છે. એક પક્ષના માણસો રણસંગ્રામમાં શત્રુપક્ષના કેદી બને છે એ વેળાએ શત્રુપક્ષ પેલા કેદીઓને કાંઈ બેસાડી રાખીને ખવાડતો નથી પરંતુ એ કેદીઓ પાસે શત્રુપક્ષ પણ કામ લે છે. હવે ધારો કે એક પક્ષનો કેદી બીજા પક્ષમાં કેદ થાય, અને બીજા પક્ષનો મુકાદમ એ કેદીઓ પાસે તેનાજ પક્ષના માણસોનો નાશ કરવા માટે કિલ્લો બંધાવે પત્થરો મંગાવે યા બીજી મજુરી કરાવે; તો એવે પ્રસંગે એ કેદીની કેવી દશા થાય તેનો ખ્યાલ કરો. શત્રુના હાથમાં પડેલો એ કેદી પોતે કામ કરવાની ના પાડી શકે એવી સ્થિતિમાં નથી, તે કામ બગાડી શકે અથવા ઓછું કામ આપી શકે એવી સ્થિતિમાં પણ નથી અને કોઇપણ પ્રકારે તે દગો પણ કરી શકે એવું નથી. ત્યારે આવે પ્રસંગે આવા કેદીઓની મનોદશા કેવા પ્રકારની હશે તે વિચારો.

**ચોથા ગુણસ્થાનકનો અધિકાર.** કેદી જોકે પોતે નિરૂપાયવશતાથી શત્રુની સેવા કરે છે પોતાનાજ પક્ષનો નાશ થાય એવાં કામો કરે છે પરંતુ એ સમયે તેના અંતરમાં તો ભયંકર બળતરા હોય છે. પોતે કરેલું કામ કાંઇ પ્રાકૃતિક કોપ થાય ને તૂટી પડે તો તેથી તે કેદીની લાગણી ઘવાતી નથી. એટલુંજ નહિ પણ તેને હાથે જે કામ થાય છે તેમાં તેની આસક્તિ પણ હોતી નથી. ચોથા ગુણસ્થાનકે આવેલા ભવ્યાત્માની સ્થિતિ પણ આવા પ્રકારની હોવી જોઇએ તોજ તે ચોથે ગુણસ્થાનકે સ્થિત છે એ માની શકાય. સૌથી પહેલાં તો પોતાનું ચાલે તો આવો ભવ્યાત્મા મૃત્યુને પસંદ કરે પરંતુ મોક્ષનું વિરોધી કાર્ય નહિજ કરે; પરંતુ તે તેનાથી નજ બની શકતું હોય અને તેના હાથે મોક્ષથી વિપરીત કાર્ય થવાનોજ પ્રસંગ આવે તો તેના અંતરમાં તો તે માટે પ્રચંડ શોક અને દ્વેષ થાયજ. મોક્ષથી જે કામ પ્રતિકૂળ છે તેવા કાર્યને તે પોતાના હૃદયની સંમતિ તો કદાપિ પણ નજ આપે! આત્મા ભલે વિષયકષાયમાં પરોવાએલો હોય તે ભલે આરંભપરિગ્રહમાં જોડાએલો હોય તે ભલે સંસારમાં રહ્યો હોય અને સાંસારિક કાર્યો તેને હાથે થતાં હોય, પરંતુ તેના હૃદયમાં તો એવાં સઘળાં કામો માટે વેદના હોવીજ જોઇએ. તેને પોતાને એવી લાગણી તો થવીજ જોઇએ કે જે કાર્યો મારે હાથે થવાં જોઇએ તે થતાં નથી અને જે નથી કરવા જેવાં તે કાર્યો મારે કરવાં પડે છે. આવી લાગણી સાથે સાંસારિક કાર્યો કરતી વેળાએ આત્મામાં જો પ્રચંડ વેદના જાગૃત હોય એવા કાર્યોને હાર્દિક સહાનુભૂતિ ન હોય અને તેવા કાર્યો પરત્વે તિરસ્કાર હોય તો માની લેજો કે તે આત્મા ચોથે ગુણસ્થાનકે વિદ્યમાન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ચોથા ગુણસ્થાનકે કયા શ્રાવકો છે?** ભવબંધન વધે, ગૃહસ્થાશ્રમ પુષ્ટ થાય, સંસાર પુષ્ટ થાય, એવાં જેટલાં જેટલાં કાર્યો થાય તે બધાં કાર્યો કરતી વખતે હૃદયમાં ભયંકર બળતરા થવી જોઇએ, અને મોક્ષપ્રાપ્તિ સરળ બનાવે એવાં કાર્યો કરતી વેળાએ હૃદયમાં પરમાભિમાન જાગૃત થવું જોઇએ, પોતાના પક્ષનો વિનાશ કરે એવાં કાર્યો શત્રુના હાથમાં કેદ પકડાએલો સૈનિક કરે છે ત્યારે તેનું અંતર પ્રચંડ શોકથી ચીરાઈ જાય છે. એવીજ વેદના જ્યારે ભવસંવર્ધનના કાર્યો કરતાં આત્માને થાય છે ત્યારે તે આત્મા ચોથે ગુણસ્થાનકે આવ્યો છે એમ કહી શકાય. નાનો બાળક પહેલવહેલો શાળામાં જતી વખતે પોતાની રાજીખુશીથી શાળામાં જતો નથી તેને સમજાવી પટાવી બળાત્કારે પણ શાળામાં મોકલવો પડે છે તેથી આપણે તેને એ ઠોઠ છે એમ કહેતા નથી પરંતુ તેનું અભ્યાસમાં ધ્યાન ચહોંટયું નથી એમજ કહીએ છીએ! આવા બાળકને જો આપણે ઠોઠ કહીએ તો તે શાળામાં જતો હોય તે પણ ઉલટો બંધ થાય છે અને ભણતો હોય તો પણ ભણવાનું બંધ કરે છે. એવા બાળકને માટે આપણે તે ઠોઠ છે એવું કહી શકતા નથી માત્ર એવો શબ્દપ્રયોગ કરી શકીએ છીએ કે તેને કાળો અક્ષર પણ લખતાં આવડતો નથી. બાળકની આ સ્થિતિ છે તેજ સ્થિતિના જે શ્રાવક હોય તેને પણ એમ કહી શકાય કે તમારી હદ ચોથે ગુણસ્થાનકે છે પરંતુ એવાને આપણે એમ ન કહી શકીએ કે તમે બધા મિથ્યાત્વી છો. બાળક જેમ શાળાએ જવાનું સ્વીકારે છે પરંતુ તેનું ધ્યાન અભ્યાસમાં લાગતું નથી તે બાળકો ઠોઠ નથી તેજ પ્રમાણે જે જૈનો મોક્ષ મેળવવો એજ આવશ્યક છે અને પૌદ્ગલિક પ્રવૃત્તિ પાપરૂપ છે એમ માને છે અને મોક્ષપ્રવૃત્તિમાં અભિમાન અને પૌદ્ગલિક પ્રવૃત્તિ વખતે અંતરમાં બળતરા સેવે છે તેઓ પણ ઠોઠરૂપી મિથ્યાત્વી ન કહેવાતાં તેમની હદ ચોથે ગુણસ્થાનકે છે એમજ કહેવાય છે.

**અનુકૂળ સંયોગોની મહત્તા.** એક આત્મા ઝવેરીને ત્યાં બાળક બનીને જન્મે છે અને બીજો આત્મા કોળી, દૂબળાને ઘેરે જન્મે છે. આ બંને બાળકોમાં ઝવેરીને ત્યાં જન્મેલો બાળક ભાગ્યશાળી લેખાય છે અને કોળી, દૂબળાને ત્યાં જન્મેલો હીન પંક્તિનો મનાય છે. હવે વિચાર કરો કે ઝવેરીના બાળકની કિંવા ભીલના બાળકની અત્યારે બાલ્યાવસ્થામાં તો કિંમત એકસરખીજ છે. ઝવેરાતનો હાર બંનેમાંથી ગમે તેને આપશો તો પણ તે બંનેને તેની એકસરખીજ કિંમત છે. હીરાનો હાર લઇને ઝવેરીનો બાળક પણ રમવા લાગશે અને કોળીનો બાળક પણ રમવા લાગશે. છતાં વ્યવહારમાં ઝવેરીને ત્યાં જન્મેલો બાળક ભાગ્યશાળી ગણાય છે. ઝવેરીને ત્યાં જન્મેલો બાળક એવા સંજોગોમાં મૂકાયો છે કે તે ભવિષ્યમાં ઝવેરી થવાનો છે ત્યારે કોળીનો છોકરો એવા સંજોગોમાં મૂકાએલો છે કે તેના હાથમાં મોતીનો ટુકડો પણ આવવાનો નથી! આજ કારણથી ઝવેરીને ત્યાં જન્મેલો બાળક ભાગ્યશાળી ગણાય છે. શ્રાવકકુળની પણ એજ પ્રમાણે મહત્તા છે. શ્રાવકકુળમાં જન્મેલા બાળકને ધર્મ પામવાની સઘળી સાધનસામગ્રી મળેલી છે. જૈનકુળમાં તેણે જન્મ લીધો છે એટલે તે ધર્મ પામવા માટે લાયક છે. ધર્મની જડ શ્રાવકકુળમાં છે અને બાળક એ કુળમાં જન્મ્યો છે એટલે સ્વાભાવિક રીતેજ પેલા ઝવેરીના છોકરાની માફક તે એવા સંજોગોમાં મૂકાએલો છે કે જ્યાં ધર્મની જડ હોવાથી તે વગર પ્રયત્ને સ્વાભાવિક રીતે આપોઆપ ધર્મ પામવાનો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શ્રાવકકુળની મહત્તા.** રાજાને ઘેર જન્મેલો બાળક બાલ્યાવસ્થામાં હોય ત્યારે તો તે હજી નાનો છે તે કાંઇ સૈન્ય લઇને શત્રુઓ ઉપર હલ્લો કરવા જતો નથી. તે રાજગાદી પર ચઢીને રાજ્ય ચલાવતો નથી, કિંવા તેની શરીરરચના બીજા બધાથી વિશેષ પ્રકારની હોતી નથી, આવી સ્થિતિ હોવા છતાં અને બાળક અસમર્થ હોવા છતાં પણ આપણે તેને માનપાત્ર લેખીએ છીએ. આવીજ સ્થિતિ મોક્ષની કિંમત સમજનારની પણ માની શકાય. જે આત્મા શ્રાવકકુળમાં જન્મ્યો છે તે આત્મા આજે મોક્ષની, સદાચારની, ધર્માચારની કિંમત ન સમજતો હોય તો પણ બીજાને મુકાબલે તેનું મહત્વ વિશેષ છે કારણ કે તે સદાચાર, ધર્માચાર, મોક્ષ વગેરેનો હકદાર છે. આજે ભલે તે અજ્ઞાન હોય કે મોક્ષ અથવા સદાચારને તે ન સમજતો હોય તો પણ પરિણામે તે એ વસ્તુને પામવાનો છે. એવાજ સંયોગમાં તે મુકાએલો છે જેથી શ્રાવકકુળની મહત્તા છે. વધારે સમજવાને માટે આપણે શ્રીમાન્ નંદિષેણનું ઉદાહરણ લઈએ.

**શ્રીમાન્ નંદિષેણુજીની કથા.** શ્રીમાન્ નંદિષેણજી શ્રેણિક મહારાજાના પુત્ર થતા હતા. તેમની ઇચ્છા શ્રીમતી ભાગવતી દીક્ષાને અંગીકારવાની થઈ હતી. આવી ઇચ્છા થતાં નંદિષેણજી ભગવાન્ શ્રીમહાવીર દેવ પાસે ગયા હતા. ભગવાન્ મહાવીર દેવે તેને કહ્યું હતું કે તેના ભોગાવલી કર્મો બાકી છે આથી જો તે દીક્ષા લેશે તો પણ તે પતિત થયા વિના રહેશે નહિ. દેવતાઓએ પણ નંદિષેણજીને એજ વાત કહી હતી પરંતુ તે છતાં નંદિષેણજીએ ચારિત્રના વીર્યોલ્લાસ આગળ આ બધું મિથ્યા માન્યુ હતું અને તેમણે દીક્ષા અંગીકાર કરી હતી. એક દિવસ નંદિષેણજી અજાણપણે ગોચરી લેવા જતાં એક વેશ્યાને ત્યાં જઇ ચઢયા. અહીં જઇને તેમણે "ધર્મલાભ" કહ્યો. વેશ્યા તે સાંભળીને બહાર આવી અને તેણે નંદિષેણજીને કહ્યું કે "મહારાજ! અહીં તો ધર્મલાભ નહિ પરંતુ અર્થલાભજ શોભે છે. નંદિષેણજીએ સ્વાત્માભિમાનથી પ્રેરાઈને સ્વબળ વડે ત્યાં સુવર્ણમહોરો વરસાવી અને તે વેશ્યાને આપી દીધી. વેશ્યાએ કહ્યું, "મહારાજ! એ સુવર્ણ મને એમ ન ખપે, જો સુવર્ણલાભ આપવો હોય તો હવે મને પોતાનેજ ભોગવી લો. નંદિષેણજીએ તે પણ કબુલ કર્યું. તેમણે પતિતાવસ્થા સ્વીકારી લીધી પરંતુ તે સાથેજ તેમણે એવો પણ નિયમ લીધો કે મારે રોજ દસ આત્માઓને પ્રતિબોધ આપી ભગવાન્ શ્રીમહાવીર દેવ પાસે મોકલી આપવા. આ પ્રમાણે બાર વરસ સતત દરરોજ દસને પ્રતિબોધ કરી મોકલી આપે છે. એક દિવસ એવું બન્યું કે નંદિષેણજી નવ માણસોને પ્રતિબોધી ચૂકયા હતા એટલામાં દસમા એક સોની ભાઇ આવી પહોંચ્યા! સોનીને નંદિષેણજી ઉપદેશ આપતા હતા તે દરમિયાન વેશ્યા ત્યાં આવી પહોંચી અને તેણે નંદિષેણજીને કહ્યું, "મહારાજ! હવે જમવા પધારો, બહુ વખત થઇ ગયો છે!" નંદિષેણજી બોલ્યા: "મારે રોજના દસ આત્માઓને પ્રતિબોધવાનો નિયમ છે, અને હજી માત્ર નવ આત્માઓનેજ મેં પ્રતિબોધ્યા છે." વેશ્યાએ વિનોદમાંજ કહી દીધું કે, "ઓહો! એમાં શું થઇ ગયું. નવ પૂરા થયા છે તો હવે દસમા તમે પોતેજ!" વેશ્યાના આ શબ્દો સાંભળીને નંદિષેણજીએ કહ્યું, "ભલે, તેમ થાઓ!" આટલું કહીને તરતજ તેઓ નીચે ઉતરી પડ્યા અને તેમણે દીક્ષા લીધી!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પ્રાચીનકાળના પતિતો કેવા હતા?** નંદિષેણજીની આ કથા ઉપરથી આપણને પ્રાચીનકાળની પરિસ્થિતિનો સુંદર ખ્યાલ આવે છે. પતિતો આજના જગતમાંજ છે એમ સમજશો નહિ. પ્રાચીનકાળમાં પણ પતિતો હતાજ, પરંતુ તે પતિતો તો નંદિષેણજીના જેવાજ હતા, અને તે સમયની સમાજસ્થિતિ પણ આજને મુકાબલે બહુજ સારી હતી. નંદિષેણજી પોતે પતિત થયા હતા. પોતે કર્મના કુવામાં ડૂબી ગયા હતા પરંતુ તેમને ત્યાગને માટે ધિક્કાર ન હતો. તેઓ જાણતા હતા કે હું મારા કર્મના પ્રભાવથી પતિત થયો છું એ વસ્તુ સાચી છે પરંતુ સાચું અમૃતતત્ત્વ તો ત્યાગમાંજ રહેલું છે અને ત્યાગ એજ અમરતાની ખાણ છે. આથી તેઓ બીજાને ત્યાગને માર્ગે પ્રેરતા હતા અને ત્યાગ લેવાને તૈયાર થએલાને તેઓ અનુમોદના પણ આપતા હતા. એ યુગના પતિતો આ રીતના આચારપતિત હતા. અર્થાત્ તેઓ ક્રિયાથી પતિત થતા હતા પરંતુ પરિણામે પતિત થયા ન હતા. બીજી તરફ વેશ્યાની પરિસ્થિતિ સમજો. વેશ્યા તો બોલીચાલીને સમાજની અધમતાનું છેલ્લું બિંદુ. તેને ત્યાં આવેલા દસ માણુસો તેને ભોગવ્યા વગર અને પૈસા આપ્યા વગરજ ચાલી જતા હતા. છતાં વેશ્યાને તે માટે ગ્લાનિ થતી ન હતી. તેણે નંદિષેણજી ઉપર નુકસાનીનો કે ભરણપોષણનો દાવો માંડ્યો ન હતો. વિષય અને વસુની દાસી એવી વેશ્યા પણ, જ્યારે પોતાને ત્યાં પગે ચાલીને વિષય અને વસુનું દાન આપનારાઓ, એ દાન આપ્યા વિનાજ પાછા ચાલી જાય, તે માટે શોક કરતી નથી; ત્યારે એ સમયના સભ્ય સમાજની તો ત્યાગ પરત્વે કેવી સુંદર નિષ્ઠા હશે તેનો ખ્યાલ કરજો.

**પ્રાચીનકાળની સમાજસ્થિતિ.** હવે સમાજની સ્થિતિ જુઓ. એકલા નંદિષેણજીને હાથેજ રોજના દસ દસ આત્માઓને પ્રતિબોધ મળતો હતો. આ સિવાય તો બીજા અનેક આચાર્યોને હાથે દીક્ષાઓ થતી હતી પરંતુ સમાજને તે માટે વાંધો ન હતો. અથવા તો નંદિષેણજી જેવા ભવિષ્યમાં પતિત થનારને પણ તેઓ પતિત થશે એવા ભયથી દીક્ષા આપવાનું બંધ કરવામાં આવતું ન હતું. આ સઘળી ચર્ચાઓ અને કથાઓ ઉપરથી એ કાળની સમાજસ્થિતિનો આપણને સારી પેઠે ખ્યાલ આવે છે. સમાજ એ વખતે શ્રીમતી ભગવતી દીક્ષાને બહુજ પવિત્ર ભાવથી જોતો હતો અને તેના પરત્વે ભારે આદર રાખતો. દીક્ષાથી પતિત થશે એવા ભયથી દીક્ષા આપવાનું અટકાવવામાં આવતું ન હતું અને જે દુર્ભાગી આત્માઓ પોતાના અશુભોદયે પતિત થતા હતા તેવાઓને પણ દીક્ષા પરત્વે તિરસ્કાર ન હતો. તેઓ પોતે પતિત હોવા છતાં બીજા ધર્માત્માઓને તેમના ધર્માચરણમાં અનુમોદી આપતા હતા અને તેનેજ પોતાની ફરજ સમજતા હતા. નંદિષેણ પોતે પતિત થયા પરંતુ જેવા આજના પતિતો છે તેવા તે પતિત ન હતા. તેઓ આચારે પતિત હતા પરંતુ પરિણામે પતિત ન હતા. તેમનાથી પોતાનાથી સાધુનો આચાર પાળી શકાયો ન હતો એ વાત તદ્દન સાચી છે પરંતુ જેઓ આચાર પાળી શકે તેવાને તેઓ તોડી પાડવા ઇચ્છતા ન હતા એટલુંજ નહિ પણ બીજા જે કોઇ આચાર પાળી શકે એમ હોય તેવાને તો તેઓ મદદજ આપતા હતા. આચાર પાળનારને તેઓ સહાયતા આપતા અને તે વડે પોતે સંતોષ અનુભવતા હતા. પ્રાચીન કાળના પતિતો આ રીતે આચારપતિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થતા હતા પરંતુ તેઓ પરિણામપતિત થતા ન હતા. આ ઉપરથી એમ ન સમજશો કે બધાજ પતિતો આવા પુણ્યશીલ હતા. કેટલાક પતિતો તો એવા પણ હતા કે જેમની તો કોઇની સાથે સરખામણીજ ન થઈ શકે. આજના પતિતો તો એમની સામે કાંઈ વિશાતમાંજ નથી ! આજના પતિતો પોતે પતિત થાય છે એટલે બીજું પગલું એ ભરે છે કે તેઓ દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરે છે અને જ્યારે તેઓ તેથી પણ વધીને આગળ જાય છે ત્યારે તેઓ ધર્મમાં વ્યાઘાત ઉભો કરે છે. ધર્મના કામો થાય તેમાં અંતરાયો નાખે છે અને ધર્મક્રિયાઓને તોડી પાડે છે. આજના પતિતો એથી વિશેષ કાંઇ કરી શકતા નથી. જ્યારે પહેલાંના પતિતોની દશા તો એથી જુદીજ હતી. તેઓ જેવા જુલમો કરતા હતા તેવા જુલમો તો આજે આપણે સાંભળવાને માટે પણ અશકત છીએ.

**ગોશાળાની ભયાનક પતિત દશા.** દુરાત્મા ગોશાળાને તો આપણે બધાજ જાણીએ છીએ. આ મહાપાપીએ તો કાંઇ કરવાનું બાકીજ રાખ્યું ન હતું. ભગવાન્ શ્રીમહાવીરદેવને બાળી નાખવા, કાપી નાખવા કે ગમે તેવા ભયંકર દુઃખો આપવા પણ તે તૈયાર હતો. તે દુરાત્માએ ભગવાન્ ઉપર તેજોલેશ્યા મૂકી તેને બાળી નાખવાની પણ વેતરણ કરી હતી. વળી ભગવાન્ શ્રીપાર્શ્વનાથજીના શિષ્યપરિવારમાંથી જેઓ પતિત થયા હતા તેમણે પણ ગોશાળાનું શિષ્યત્વ સ્વીકારી લીધું હતું, અને આ યુવકસંઘે ભગવાન્ શ્રી મહાવીરદેવને કલંકિત કરવાનો ભારેમાં ભારે યત્ન કર્યો હતો. હવે વિચાર કરો કે આજના પરિણામપતિતોની સામે આ ગોશાળો વગેરે કઈ સ્થિતિમાં મૂકી શકાય ? આવા અધમમાં અધમ માણસોની પણ એ કાળમાં હસ્તી હતી છતાં તેટલાજ કારણથી તે કાળનો સમાજ દીક્ષાને ખાળવાને માટે તૈયાર થયો ન હતો. ખાત્રી રાખજો કે આજના પરિણામપતિતો તો કાંઇ વિશાતમાંજ નથી. તેઓ ભલે આચારપતિત હોય કે આચાર અને પરિણામપતિત હોય પરંતુ આજના પતિતોમાં એટલીજ શક્તિ છે કે બહુ તો તેઓ ભાષણ કરશે અને તેથી આગળ વધશે તો શાહી કાગળનું સત્યાનાશ વાળી લેખો લખશે ! પ્રાચીનકાળના પતિતો એ છેલ્લામાં છેલ્લી પંક્તિના પતિતો હતા, પરંતુ તેઓ પતિત થશે એવું જાણવા અથવા પીછાણવા છતાં સમાજ તેટલાજ કારણથી દીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવા તૈયાર થયો ન હતો. સાધુ પતિત થાય માટે સાધુપણાની ઉત્પત્તિજ બંધ કરો એવો ગાંડીયો વિચાર એ યુગમાં સમાજને સ્પર્શ પણ કરી શકતો ન હતો.

**શ્રીનંદિષેણજીની દીક્ષા.** હવે નંદિષેણ દીક્ષા લેવા તૈયાર થાય છે તે સ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ કરો. જ્યારે નંદિષેણ દીક્ષા લેવા નીકળે છે ત્યારે દેવતાઓ તેને કહે છે કેઃ તારા ભોગાવળી કર્મ હજી બાકી રહેલાં છે માટે તારે હાલમાં દીક્ષા ન લેવી જોઈએ. દેવતાઓએ કહ્યું એટલે ત્યાં છેલ્લામાં છેલ્લી હદ આવી ગઈ. હવે એથી આગળ કાંઇ કહેવા કરવાનું રહ્યું નથી તે છતાં ચારિત્રના વીર્યોલ્લાસ આગળ નંદિષેણજી દેવતાઓના કથનનો પણ સ્વીકાર કરતા નથી. આપણે તો તરતજ કહી દઈશું કે આ પ્રસંગમાં નંદિષેણજીએ કદાગ્રહ કર્યો હતો અથવા તેમણે જડતા દર્શાવી હતી. આજના જગતને પલ્લે તો કદાગ્રહ, જડતા, હઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇત્યાદિ શબ્દો બાંધીજ મૂકયા છે અને જેમ ધૂનમાં આવે છે તેમ તે શબ્દોની તેઓ છૂટે હાથે લાંણી કરતા જાય છે, પરંતુ તેમણે યાદ રાખવું જોઇએ કે શાસ્ત્રકારોએ આ બનાવને કોઇપણ સંયોગોમાં કદાગ્રહ કે હઠાગ્રહ કહ્યો નથી. હવે નંદિષેણજી ભગવાન્ શ્રીતીર્થંકરદેવ મહાવીર-સ્વામી પાસે દીક્ષા અંગીકારવાને જાય છે અને તેમને કહે છે કે: "મહારાજ ! મને દીક્ષા આપો ! ભગવાન્ નંદિષેણની વિનતિ સાંભળીને તેને કહે છે: મહાનુભાવ ! તારા હજી ભોગાવળી કર્મ બાકી છે માટે તે કર્મ પૂરા થયા પછી તારે દીક્ષા લેવી યોગ્ય છે: નંદિષેણજી કહે છે: મને તો દીક્ષાનો ઉલ્લાસ જાગ્યો છે અને મારે તો દીક્ષા લેવીજ છે !" હવે આ પ્રસંગ કેવો મહત્વનો છે અને તે પ્રસંગે ભગવાન્ પોતે કેવી વલણ ધારણ કરે છે તેનો વિચાર કરો.

**આજે દીક્ષા રોકવી એ યોગ્ય છે કે?** અમુક માણસ દીક્ષા લેવા આવે તો તે માણસ દીક્ષા પાળીજ શકશે અથવા પતિતજ થશે એવું આજે તો દીક્ષા આપનાર જાણતા નથી, પરંતુ ભગવાન્ શ્રીમહાવીરની સ્થિતિ તો કાંઇ થોડીજ એવી હતી. તેઓ તો ત્રણ કાળજ્ઞાનના ધણી હતા. નંદિષેણજીના ભોગાવળી કર્મ બાકી છે અને છતાં તે દીક્ષા લે છે એટલે તેઓ પતિત થવાનાજ છે એ તેઓ જાણતા હતા છતાં જ્યારે નંદિષેણજી દીક્ષા માગેજ છે ત્યારે ભગવાન્ શ્રી મહાવીરદેવ તેને તરતજ દીક્ષા આપી દે છે ! ભગવાન્ શ્રીતીર્થંકર દેવ સર્વજ્ઞ હતા શ્રી નંદિષેણજી દીક્ષા લે છે પરંતુ તેમનું પતન થવાનું છે એ તેઓ જાણતા હતા તે છતાં તેમણે તેમને દીક્ષા આપી હતી આ ઉપરથી સહજ સમજી શકાય છે કે ભવિષ્યમાં પતન થશે એમ ધારીને અથવા તેવો નિશ્ચય હોય તોપણ દીક્ષા અટકાવી શકાતી નથી. ભગવાને શ્રીનંદિષેણજીના ભાવીને જોયું હતુ તે પતિત થશે એવું તેઓ જાણતા હતા અને એ વસ્તુમાં તેમને અંશમાત્રે પણ શંકા ન હતી છતાં તેમણે દીક્ષાને રોકી ન હતી. હવે આજની સ્થિતિ વિચારો. આજે તો આપણ ભાવીને જાણતા નથી આપણે ધારીએ છીએ કાંઇ અને થાય છે જુદુંજ. તેવા સંયોગોમાં સેંકડે ૧૬ સાધુઓ પતિત થતા હોય તે ઉપરથી આખી દીક્ષાની સંસ્થાનોજ નાશ કરવા તૈયાર થવું એમાં સ્પષ્ટ મૂર્ખતાજ રહેલી છે કે બીજું કાંઇ ? હવે વળી કોઈ એવી શંકા કરવાવાળો પણ તૈયાર થશે કે જો ભગવાન્ શ્રીમહાવીર દેવ જ્ઞાની હતા અને તેમણે શ્રીનંદિષેણજી પતિત થવાના છે એ વાત જાણી લીધી હતી તો શું પોતે 'ના' કહ્યા છતાં નંદિષેણ દીક્ષા માગશે અને પોતે તેને દીક્ષા આપશે એ વાત તેઓ શ્રીમાન્ જાણતા ન હતા અને જો તેઓ એ વાત જાણતા હતા તો પછી ભગવાને નંદિષેણને દીક્ષા આપવાની ના શા માટે પાડી હતી ? જો ભગવાને સ્વમુખે શ્રીનંદિષેણજીને ના પાડી હતી તો પછી તેમણેજ સ્વહસ્તે નંદિષેણને દીક્ષા આપવી અનુચિત હતી ! કાંતો તેમણે આ માણસ ના કહેવા છતાં પણ દીક્ષા લેવાનોજ છે એમ ધારીને તેને દીક્ષા આપીજ દેવી હતી કાંતો તેનો નિષેધ કરવો જોઇતો ન હતો અને નિષેધ કર્યો તો પછી દીક્ષા આપવી જોઇતી ન હતી, ઠીક.

**પતનને માટે પરિણામપતિતો જવાબદાર છે.** ભગવાને જેમ પોતાના ત્રિકાળજ્ઞાનના બળથી એ વાત જાણી લીધી હતી કે નંદિષેણજી પતિત થવાના છે તેજ પ્રમાણે તેઓશ્રી એ વાત પણ જાણતા હતા કે તેઓ પરિણામે

પતિત થવાના નથી પરંતુ આચારેજ પતિત થવાના છે, માટે જો આજે તે દીક્ષા લેશે તો કાલે તે પડશે ખરો, પરંતુ આત્મમાર્ગે ચઢવાનો સ્વાદ તેને લાગ્યો હશે તો વળી તે એ માર્ગે આગળ ચઢશે. એમ ધારીને અરે; એમ જાણીનેજ ભગવાને તેને દીક્ષા આપી હતી. હવે કોઈ એમ કહેશે કે જો ભગવાને છેવટે તો તેને દીક્ષા આપીજ હતી તો પછી, "તું પતિત થશે તારા ભોગાવળી કર્મ હજી બાકી છે!" એમ તેમણે નંદિષેણજીને શા માટે કહ્યું હતું ? આ શંકાનો જવાબ એ છે કે પ્રભુનું નંદિષેણ પ્રતિનું કથન નંદિષેણને ચારિત્રને માર્ગે તેનો વીર્યોલ્લાસ વધારે સ્ફુરાવવાને માટે કારણભૂત થાય એ હેતુથી હતું. હવે વિચાર કરો કે આજકાલ એવા આચારપતિત કેટલા છે અને પરિણામપતિત કેટલા છે ? જે આચારથી પતિત હોય તે તો બીજો કયારે પતિત થાય છે અને તે પણ કયારે મારા જેવો બને છે. એ વસ્તુ નથી જોતા. તેઓ પોતે ક્રિયાથી પતિત હોય છે છતાં બીજો પતિત ન થાય તેમજ પોતે તો ઇચ્છે છે. જે પરિણામે પતિત છે તે પોતાના સંયોગે જગતને તપાસે છે અને બીજાને પણ પાડવા યત્નો કરે છે. પતનના કારણને માટે આવા માણસોજ જવાબદાર છે.

**આજના કાળા આખલાઓનું તુચ્છ તોફાન.** એક કણબીને ત્યાં બે આખલા હતા. એક ધોળો અને બીજો કાળો. બંને આખલા તેના શરીરના રંગ પ્રમાણેજ ગુણમાં પણ કાળા મેશ હતા. આ કારણથી કણબી તે આખલાને સફેદ આખલા જોડે બાંધતો નહિ. એક રાતે ખાસ કારણસર કણબી રોકાઇ જવાથી તેના ઘરના માણસોએ બે આખલાને સાથે બાંધી દીધા! બીજે દહાડે પેલા ધોળા આખલાના સદ્ગુણ કાળા આખલાએ શીખવાના તો બાજુએ રહ્યા પરંતુ કાળા આખલા પ્રમાણેજ પેલો ધોળો આખલો પણ કુદતો થઇ ગયો, નંદિષેણજી પરિણામપતિત ન હતા તેનું પણ કારણ એજ હતું કે તેઓ આવા કાળા આખલાના પરિચયમાં આવ્યા ન હતા. એ યુગમાં પરિણામપતિતો ન હતા. પ્રાચીન કાળની આવી સ્થિતિ કાળા આખલાઓના ટોળાં એ સમયે ન હોવાનેજ આભારી છે. તે વખતે કાળા આખલાઓના ટોળાં ન હોવાથી આચારપતિતોને કોઇ પરિણામપતિત કરવા તૈયાર થતું ન હતું. પરિણામે પરિણામપતિતો પતિતાવસ્થામાંથી પણ ધીમેધીમે પાછા ઉન્નત અવસ્થામાં આવી શકતા હતા. આર્દ્રકુમાર અને નંદિષેણજી પણ આ રીતે કાળા આખલાના ટોળામાં સપડાવા પામ્યા ન હતા તેથીજ તેઓ સાધુઆચારથી પતિત થયા હતા છતાં પરિણામપતિત થઇ શકયા ન હતા અને યથાસમયે પાછા આત્મોન્નતિને પંથે ચઢી શકયા હતા.

**દીક્ષા ખરાબ છે અને સાધુઓ પઠાણ છે.** હવે નંદિષેણજીના સંબંધમાં શું થાય છે તે આગળ જુઓ. નંદિષેણજી પોતે પડયા હતા. આચારપતિત થયા હતા, પરંતુ દીક્ષાજ ખરાબ છે સાધુઓ કાબુલી છે, અને આગમો એ થોથાં છે એવું તેમણે કદી કહ્યું કે માન્યું ન હતું. નંદિષેણજીએ પોતે પતિત થવાથી એવી પ્રતિજ્ઞા કરી હતી કે વેશ્યાને ત્યાં જે નવા ગ્રાહકો આવે તેમાંથી પ્રતિદિવસે મારે દસને પ્રતિબોધવા અને દસ વ્યકિતઓને પ્રતિબોધીને તેમને મારે દીક્ષા અપાવવી ત્યારેજ મારે ભોજન લેવું, તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહિ નંદિષેણજીના મહત્વને વેશ્યા જાણતી ન હતી. બીજી બાજુએ નંદિષેણજીએ કરેલી પ્રતિજ્ઞા જગજાહેર હતી. આટલું છતાં વેશ્યાને, વેશ્યાગામીઓને અથવા વેશ્યાગામીઓના માબાપોને દીક્ષાનો ડર લાગ્યો ન હતો, જ્યારે આજે એ સ્થિતિ છે કે ધર્મિષ્ઠોને પણ દીક્ષાનો ડર લાગે છે! એ યુગમાં વેશ્યાગામીઓને દીક્ષાનો ડર ન હતો. વેશ્યા જેવી વિલાસમાંજ રાચનારી અને વિલાસનેજ યાચનારી સ્ત્રી તેને પણ દીક્ષાનો ડર ન હતો અને વેશ્યાગામી જેવા પતિત પુત્રોના માબાપોને પણ દીક્ષાનો ડર ન હતો ત્યારે આજે જેવો ઉપાશ્રયમાં આગેવાની ધરાવે છે, સંઘમાં મોટા ગણાય છે, સંઘમાં ટીલા તણાવે છે તેવાઓનેજ દીક્ષાનો ડર લાગે છે! શ્રાવકોમાં પણ દીક્ષાની વાત સાંભળતાંજ સનસનાટી ઉપજતી હોય તો તો પછી આજની દશા એ એક કમનસીબી નહિ તો બીજું શું છે વારૂં?

**વેશ્યાવાડે વૈરાગ્ય** મોક્ષનો જે અભિલાષી હોય, મોક્ષપક્ષમાં જે પોતાનું સ્થાન રાખવા માગતો હોય તેવો આત્મા તો જોઇએ તો વેશ્યાવાડે ઉભો હોય કે જોઇએ તો દેરાસરમાં ઉભો હોય, તો પણ તેનો તો મોક્ષ અથવા મોક્ષના સાધન એના પ્રત્યે દુશ્મનાવટ કદી ન હોય! નંદિષેણજી વેશ્યાવાડે પડયા હતા અને વિલાસમાં રાચેલા હતા છતાં તેમને મોક્ષના સાધનરૂપ ચારિત્રધર્મ ઉપર દ્વેષ ન હતો. તેઓ તો રોજના નવા દસ આત્મોને પ્રતિબોધ આપીને સાધુ બનાવતાજ હતા અને તેથીજ તે સંયોગો ઉપરથી "વેશ્યાવાડે વૈરાગ્ય" એવી કહેવત હસ્તિમાં આવી હતી. અર્થાત્ જે મોક્ષપક્ષમાં રહેલો છે મોક્ષાર્થીઓના સંઘમાં જે પોતે ગણાવાની તમન્ના રાખે છે તે તો મોક્ષ યા મોક્ષના સાધન એના પરત્વે કદીપણ આંખ સરખી ન ફેરવી શકે. આવા આત્માઓ ચોથે ગુણસ્થાનકે સ્થિત છે એમ માનવું. ત્યારે હવે કોઇ એવો પ્રશ્ન કરશે કે જેઓ શ્રાવકકુળમાં જન્મ્યા છે તેઓ સઘળાજ ચોથે ગુણસ્થાનકે છે કારણ કે તેઓ મોક્ષની અનુકૂળ સાધન સામગ્રીવાળા છે. વિચાર કરો કે શું આ માન્યતા વાસ્તવિક છે? જવાબ એકજ મળશે કે નહિ! અલબત્ત શ્રાવકકુળમાં આવેલાઓ ભલે અજ્ઞાન હોય, મૂર્ખ હોય અણસમજુ હોય છતાં તેઓ ભાગ્યશાળી છે કારણ કે તેમને મોક્ષની સામગ્રી અને મોક્ષના સાધન એ પુણ્યયોગે મળેલાં છે. આ સાધન સામગ્રી જ્યાંસુધી તેમણે ફોક નથી કરી, વૃથા નથી કરી ત્યાં સુધી જે જૈનકુળમાં જન્મ્યો છે તે કેવળ જૈન હોવાને કારણેજ ભાગ્યશાળી છે એ વસ્તુ તદ્દન સાચી છે પરંતુ જૈન માત્ર ચોથે ગુણસ્થાનકેજ છે એ માન્યતા યથાર્થ નથીજ. ત્યારે હવે ચોથે ગુણસ્થાનકે કોને મૂકવો જોઇએ તેનો વિચાર કરો.

**વાણીયાનો દીકરો "શેઠ."** એક બહુજ સાધારણ વાત હું તમારા ધ્યાન ઉપર લાવવા માગું છું. વાણીયાના દીકરાને સામાન્ય રીતે બધાજ શેઠ કહીને બોલાવે છે. પરંતુ જે છોકરો લેવડદેવડના કામમાં સમજતો નથી તેમને તમે ગલ્લા પર બેસાડતા નથી. ચોથું ગુણઠાણું એ મોક્ષનો ગલ્લો છે એમજ સમજજો. આ ગલ્લા ઉપર તો તેજ બેસી શકે છે કે જેનામાં મોક્ષની સાધ્યતા પ્રત્યે વિવેક હોય. જે આત્મા શ્રાવકકુળમાં જન્મ્યો છે તે આત્મા મહાભાગ્યશાળી છે; પરંતુ જે આત્મામાં મોક્ષનો વિવેક છે, મોક્ષ એજ એક સાધ્ય છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજું કાંઇ સાધ્ય નથી એવું જેના આત્મામાં ઠસ્યું છે; તેજ આત્મા ચોથા ગુણસ્થાનકને માટે લાયક છે. જગતમાં આખરે મોક્ષ એજ એક પામવા લાયક ચીજ છે બીજું કાંઇ પામવા લાયકજ નથી એજ ઇષ્ટ છે અને એજ ધ્યેય છે એવું જેનામાં ઠસ્યું છે, તે આત્મા જરૂર ચોથે ગુણસ્થાનકે છે એમાં કંઇ શક નથી. લડાઈના કેદી તરીકે શત્રુના કબજામાં ગએલો માણસ શત્રુના રક્ષણ માટે કિલ્લો ચણે છે પરંતુ તેના હ્રદયમાં તો એજ લાગણી જ્વલંતપણે રહેલી હોય છે કે ક્યારે લાગ મળે છે અને આ શત્રુના કિલ્લાને ઉડાવી દઉં! શત્રુને તાબે થએલો યુદ્ધનો કેદી જે કોઠારમાંથી પોતાનું અનાજ આવતું હોય તેજ કોઠાર જો કદી હાથમાં આવી જાય તો તેને સુરંગ લગાડીને ઉડાવી દેતાં કદી પણ ડરતો નથી અથવા પાછી પાની કરતો નથી.

**મોક્ષ અને ભવ સરખા ક્યારે?** આપણે કેદીનું જે દૃષ્ટાંત લીધું છે તેજ દૃષ્ટાંત બરાબર અહીં પણ લાગુ પાડવાનું છે. શરીર અને શરીરના ભોગોપભોગ એનો આશ્રય કરીને આત્મા રહેલો છે પરંતુ તે આત્માની ઇચ્છા એવીજ હોવી જોઇએ કે ક્યારે સમય મળે છે એટલે આ શરીરાદિનો વ્યવહાર છોડી દઉં અને એક માત્ર મોક્ષનીજ આરાધના કરવા માંડું! આવી મનોવૃત્તિ જ્યારે થાય છે ત્યારે તે આત્મા ચોથે ગુણસ્થાનકે છે. ચોથા ગુણસ્થાનકથી આ ભાવના આરંભાય છે તે છેક તેરમાં ગુણસ્થાનક સુધી કાયમ રહે છે. જ્યારે કર્મના કિલ્લાનો વિનાશ થાય છે, તેનો અંત આવે છે ત્યારેજ આ ભાવના પણ જાય છે. તેરમે ગુણસ્થાનકે જ્યારે આત્મા આવે છે અને તેના કર્મોનો નાશ થઈ જાય છે ત્યારે તેને પછી આવી ભાવના રહેવા પામતીજ નથી. જે આત્મા તેરમે ગુણસ્થાનકે આવેલો છે તેને એવા વિચારોની જરૂરજ હોતી નથી કે મારા લશ્કરનો વિજય થાઓ કે કર્મના કિલ્લાનો નાશ થાઓ. મોક્ષનો વિચાર પણ તેને કરવાપણું હોતું નથી. તેરમે ગુણસ્થાનકે આવેલો આત્મા સઘળા કર્મોથી નિવૃત્ત થયો છે અને મોક્ષના દ્વારમાં ઉભો છે પછી તેને મોક્ષનો વિચાર કરવાપણું ન હોય એ વાત સરળ અને સમજી શકાય તેવી છે પરંતુ તે સાથે યાદ રાખવાનું છે કે જે વાત તેરમે ગુણસ્થાનકે પડતી મૂકવાની છે તેજ વાત જો પહેલેથીજ પડતી મૂકીએ તો પછી આપણો પત્તો લાગવાનો નથી. તેરમે ગુણસ્થાનકે મોક્ષ અને ભવ સરખા છે તેરમા ગુણસ્થાનકે પહોંચેલાને સાધ્ય અપૂર્ણ નથી તેમને કાંઈ સાધવાનું અથવા મેળવવાનું બાકી નથી આટલાજ કારણથી તેરમે ગુણસ્થાનકે જેઓ બિરાજમાન છે તેમને વિચારોને અંગે અવકાશ રહેલો નથી.

**મનનને અવકાશ ક્યારે હોય?** તેરમે ગુણસ્થાનકે સાધ્યની અપૂર્ણતા નથી તેમને કાંઈ મેળવવાનું બાકી નથી કોઈ જાતની ત્રૂટી નથી આથી તેમને વિચારોનો અવકાશ નથી. હવે એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે જો તેરમા ગુણસ્થાનકવાળાને માટે વિચારણીય પદાર્થો નથી તો પછી ભાવમનની હસ્તી ત્યાં ભલે હોય પરંતુ દ્રવ્યમનની હસ્તી ત્યાં કેવી રીતે કલ્પી શકાય? મનનને અવકાશ નથી મનન જેવી કોઇ ચીજ નથી તો પછી મનનની હસ્તી છે એમ કલ્પવું અશક્ય છે. જાણવાનો ઉપયોગ નથી. જાણવા યોગ્ય પદાર્થોજ નથી છતાં જ્ઞાન છે એમ માનવું જેમ અશક્ય છે તેજ પ્રમાણે મનન નથી પરંતુ મન છે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માનવું પણ અશકય છે. મનન અને મન એ બેને પરસ્પર સંબંધ છે પહેલાની ઉપર બીજું અને બીજાની ઉપર પહેલું અવલંબેલું છે તો પછી કાંતો બંનેને માનવા જોઇએ કાંતો બંનેને ન માનવા જોઇએ. આ શંકાકારને જવાબ એ છે કે જેઓ પોતાને માટે મનનો અને મનનનો ઉપયોગ કરે છે તેમને માટે એમ સમજી લેવું યોગ્ય છે કે તેમને સાધનમાં અથવા સાધ્યમાં કાંઈપણ ન્યૂનતા રહેલી છે, પરંતુ જેઓ પોતાને માટે મન અથવા મનનનો ઉપયોગ કરતા નથી તેમને સાધ્ય અથવા સાધનમાં ન્યૂનતા રહેલી નથી. અહીં વૈદ્ય અને રોગીના ઉદાહરણનો ખ્યાલ કરો. વૈદ્ય પોતે રોગી હોતો નથી પરંતુ તે છતાં દવાનો બાટલો તેને હાથમાં લેવોજ પડે છે.

**કેવળીઓનું મનન બીજાઓને અર્થે છે** જેમ વૈદ્ય પોતે નીરોગી હોવા છતાં બીજાને માટે પોતે દવાનો બાટલો હાથમાં લે છે તેજ પ્રમાણે કેવળી મહારાજાઓ પણ બીજાને માટે મનનો ઉપયોગ કરે છે. વૈદ્ય નીરોગી છે તે છતાં તે હાથમાં દવા લે છે, પણ એ ઉપરથી કોઇ એમ કહી શકે ખરો કે જે દવા લે છે તે રોગી છે અને વૈદ્યે પણ દવા લીધી છે માટે વૈદ્ય પણ રોગી છે! જો આવો અર્થવાદ કોઈ કરવા આવશે તો આપણે તેને મૂર્ખો ગણ્યા વિના રહેવાનાજ નથી. દરદી દવા લે છે અર્થાત્ તે દવા ખાય છે પરંતુ જ્યારે તેનો રોગ પૂરો થાય છે તે વખતે તે દવા ફેંકી દે છે. તે પોતાને અંગે દવા વાપરતો નથી. વૈદ્ય દવાથી મૂક્ત બનેલો હોતો નથી તે દવાથી યુક્ત છે પરંતુ તે દવાનો તે પોતાને અંગે ઉપયોગ કરતો નથી અર્થાત્ દવા હોવા છતાં તે વૈદ્યને અંગે નકામીજ છે, તેજ પ્રમાણે કેવળી મહારાજાઓને મન હોવા છતાં તે મનના ઉપયોગરૂપી વિચારો તેમને હોતા નથી. રોગીને માટે જેમ વૈદ્ય દવા વાપરે છે તેજ પ્રમાણે મનના પુદ્‌ગલો તીર્થંકર મહારાજાઓ મનઃ-પર્યવજ્ઞાની દેવતાઓની શંકાના નિવારણને માટેજ વાપરે છે. તેઓ પોતાનું સાધ્ય પુરૂં કરવાને માટે મનના પુદ્‌ગલોને વાપરતાજ નથી. જે દેવતા મન વડે શંકાશીલ થઇને મનદ્વારાજ પ્રશ્ન કરે છે તે દેવતાના સમાધાન માટે તીર્થંકર મહારાજાઓ પોતાના મનના પુદ્‌ગલો પરિણમાવે છે મનનો આ પ્રકારનો ઉપયોગ અહીં સ્થિર હોવાથી દ્રવ્યમનનું અહીં અસ્તિત્વ છે. દ્રવ્યમન અને ભાવમન બંને સાથે સાથેજ રહે છે. જ્યાં ભાવમન છે ત્યાં દ્રવ્યમન પણ છે અને જ્યાં દ્રવ્યમન છે ત્યાં ભાવમન પણ હસ્તિ ધરાવે છે. તેરમા ગુણસ્થાનકમાં પણ દ્રવ્યમન હોય છે અને છઠ્ઠા ગુણસ્થાનકમાં પણ દ્રવ્યમન હોય છે. વળી આપણે ઉપર કહ્યું છે કે દ્રવ્યમન અને ભાવમન એ બંને સાથે સાથેજ રહે છે આ દૃષ્ટિએ એવું સિદ્ધ થાય છે કે છઠ્ઠે ગુણસ્થાનકે પણ દ્રવ્યમન હોય છે અને ત્યાં ભાવમન પણ હોય છે. હવે વિચાર કરો કે જો બંને મન છઠ્ઠે ગુણસ્થાનકે વિદ્યમાન છે, તો છઠ્ઠે ગુણસ્થાનકે મન પણ વિદ્યમાન હોવુંજ જોઇએ.

**નવાજ પ્રકારની ભાંજગડ.** છઠ્ઠે ગુણસ્થાનકે ભાવમન અને દ્રવ્યમન બંને હોય છે. મન એવું ભાંજગડયું અને પંચાતીયું છે કે તે નિરાંતે બેસી શકતુંજ નથી. કાંઇ નહિ ને કાંઈ ભાંજગડ અથવા પંચાત તેને ઉભી ને ઉભીજ હોય છે એટલાજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે છઠ્ઠે ગુણસ્થાનકે મનને લોકવ્યવહારમાંથી દૂર કરેલું છે. જગતમાં ન્યાયાધીશની અને ન્યાયની કોર્ટોની હસ્તિ છે પરંતુ તેમની એ હસ્તિ ટંટા, કજીયા, બખેડા ઉપર અવલંબેલી છે. જો કજીયા, બખેડા ન હોય, પક્ષાપક્ષી ન હોય તો પછી ન્યાયાધીશની અને ના. કોર્ટની હસ્તિ પણ બીન જરૂરી છે તેજ વસ્તુસ્થિતિ મનની છે. જગતની ભાંજગડો એ કજીયા બખેડા છે અને મન એ ન્યાયાધિશ છે જેમ કજીયા બખેડા ન હોય તો ન્યાયાધિશની હસ્તિ નકામી છે તેજ પ્રમાણે જગતની ભાંજગડો ન હોય તો મન પણ નકામું છે. જ્યાં ભાંજગડ નથી ત્યાં મન નથી. અર્થાત્ ભાંજગડ જાય છે ત્યાં મન પણ જાય છે. છઠ્ઠા ગુણસ્થાનકે આવી લોકવ્યવહારની ભાંજગડો હોતી નથી એવી ભાંજગડોનો ત્યાં અંત આવે છે, પરંતુ ત્યાં એક નવીજ જાતની ભાંજગડનો આરંભ થાય છે. આ નવીજ જાતની ભાંજગડ કઇ હોવી જોઇએ તેનો વિચાર કરો.

**લૌકિક અને લોકોત્તર વ્યવહાર.** છઠ્ઠા ગુણસ્થાનકે લોકોત્તર ભાંજગડો આરંભાય છે અને ત્યાં લૌકિક ભાંજગડોનો અંત આવે છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સમાધિ આ સઘળાની ભાંજગડ મુનિઓના હૈયામાં રાતદિવસ ચાલુજ હોય છે. સંસારીઓની ભાંજગડ તો બહુજ સરળ છે. દિવસે તમારે ભાંજગડ ખરી પણ રાતે તો મોજ! આનંદથી સુવાનું. નિદ્રામાં તમારે કશી ભાંજગડ નહિ. કાંઇ સંતાપ નહિ કિંવા કાંઈ ચિંતા પણ નહિ, પરંતુ સાધુ તો આ ભાંજગડો દહાડે પણ કરે છે અને રાતે પણ તેમની તેજ ભાંજગડો ચાલુની ચાલુજ હોય છે. સાધુ નિદ્રા લે છે તે પણ એ ભાંજગડ સાથેજ. સાધુ નિદ્રા લેવાની તૈયારી કરે તે સમયે પણ અઢાર પાપસ્થાનક વોસરાવીનેજ તે તે પ્રમાણે કરે છે. નિદ્રામાં કાયા ફેરવવાની હોય તોપણ પુંજીપ્રમાર્જીનેજ ફેરવવાની! સાધુને તો આ પ્રમાણે ભાંજગડ, ભાંજગડ અને ભાંજગડજ! સુતા પણ ભાંજગડ! ઉંઘે ત્યાં પણ ભાંજગડ! જાગે ત્યાં પણ ભાંજગડ! સાધુ આ પ્રમાણે ચોવીસે કલાક ભાંજગડમાંજ રોકાએલો રહે છે પરંતુ સાધુની આ ભાંજગડ તે લોકોત્તર ભાંજગડ છે. એ ભાંજગડ લાડી, વાડી અને ગાડીની ભાંજગડ નથી માટેજ આ ભાંજગડ આદરણીય કહી છે. જ્યારે સંસારની ભાંજગડ એ ત્યાગ કરવા લાયક જણાવી છે. મુનિનું જીવન આ પ્રમાણેનું હોવાથી જે છઠ્ઠા ગુણસ્થાનકે વિરાજમાન છે એવો મુનિ લૌકિકસંજ્ઞા છોડી દે છે અને તે લોકોત્તરસંજ્ઞા ધારણ કરે છે. આવી વ્યક્તિ લોકોત્તરસંજ્ઞામાં લીન હોય છે. હવે ચોથા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા આત્માઓની વચ્ચે મહત્વનો શું ફેરફાર છે તેનો વિચાર કરીએ.

**અમારો જવાબ હા તમારો જવાબ ના** તમારી ભાંજગડ એક રીતે કહીએ તો એવી છે કે શત્રુને ન આવવા દેવો અને તેનાથી રક્ષા કરવી, તમારો બચાવ કરવો. અમારી ભાંજગડ એવી છે કે શત્રુને જડમૂળથી કાપી નાખવો. શત્રુને બાળી નાખવો તથા તેનો નાશ કરવો, આ અમારી ભાંજગડ છે. હવે વિચાર કરો કે તમારામાં સાધુઓના જેવી આ સ્થિતિ છે ખરી? શત્રુથી બચી જવાની સ્થિતિ તમારામાં છે; પરંતુ શત્રુનો નાશ કરી દેવો, શત્રુનેજ મારી નાંખવો એ સ્થિતિ તમારામાં છે ખરી કે? એનો જવાબ તો તમે એજ આપશો કે 'નહિ!'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુઓ ચિંતા વિનાના છે એમ તમારે માનવાનું નથી. કદાચ જરા અલંકારિક ભાષામાં કહું તો તમારા કરતા સાધુને વધારે જંજાળ અને વધારે ચિંતા છે. સાધુની એ ચિંતા અને એ જંજાળ તે સંસારમાં રચીપચી રહેવાને અંગે નથીજ પરંતુ તેનાથી તરી જવાને અંગેજ છે. અમે રાતદહાડો શત્રુને મારી નાખવાનો, કાપી નાખવાનો કે બાળી નાખવાનોજ વિચાર કરીએ છીએ. અને તમે પણ શત્રુને મારી નાખવાનો, કાપી નાખવાનો, બાળી નાખવાનોજ વિચાર કરો; તો પણ તમારા વિચારો તમોને બંધન આપનારા છે જ્યારે અમારા શત્રુ પરત્વેના વિચારો તે અમારૂં બંધન કાપનારા છે. આ પરિસ્થિતિનું કારણ વિચારો.

**તમારા અને અમારા શત્રુઓ જુદા છે.** તમારા શત્રુઓ કોણ છે અને અમારા શત્રુઓ કોણ છે તેનો વિચાર કરો. તમારા શત્રુઓ જીવધારી છે અને તેથીજ તેમનો નાશ કરવાના વિચારો કરવા એમાં પણ પાપ છે. તમારી સ્થિતિ એથી જુદીજ છે. અમારા શત્રુઓ તે કર્મ છે. કર્મ અને કર્મના પુદ્ગલો એ અમારા શત્રુઓ છે અને તેથી અમારે એ શત્રુઓનો નાશ કરવાનો છે, પરંતુ એ શત્રુઓ એવા નથી કે જેનો નાશ કરતાં પાપ લાગે કે હિંસા થાય! કર્મશત્રુને બાળીએ મારીએ કે કાપીએ તોપણ તેથી હિંસા થવાની નથીજ! આવા વિચારોવાળાઓ અને તે વિચારોને અમલમાં મૂકનારાઓ તે **"મુનિ"** છે. એવા મુનિ છઠ્ઠે ગુણસ્થાનકે છે અને તે મુનિ મહાત્માઓ ભયંકર એવા ભવપર્વતને ઓળંગી ગએલા છે એમ નિશ્ચયરૂપે શાસ્ત્ર કહે છે.

હવે પ્રશ્ન એવો થશે કે આત્મા આવું મુનિપદ શી રીતે પામે છે? કયે કયે માર્ગે તે આવું મુનિપદ ગ્રહણ કરી શકે? પ્રશ્નનો ઉત્તર એકજ છે કે, આત્મા અનાદિનો છે, કર્મ અનાદિના છે અને કર્મસંયોગ અનાદિનો છે; એ ત્રિવિધાત્મક ગળથુથી આત્માને બાળપણથીજ સંસ્કારરૂપે પાવી જોઇએ, એજ આ મુનિપદ પામવાનો ધોરી માર્ગ છે અને એ માર્ગ પાળવો, એ પાળવા યત્ન કરવો, એ માર્ગ બીજાને પમાડવાનો યત્ન કરવો અને કોઇ એ માર્ગ પાળતું હોય તો તેને સહાયતા આપવી એ પ્રત્યેક આર્યનું કર્તવ્ય છે.

હવે આ ત્રિવિધતત્વાત્મક ગળથુથી કર્મરોગનો અંત લાવીને આત્મોદય કેવી રીતે સાધે છે તે જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સમ્યક્ત્વ અને તેની આવશ્યક્તા

## હું કયાં છું? મારે જવાનું કયાં છે?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજ ઉપાધ્યાયજી એમણે ભવ્યાત્માઓના કલ્યાણને અર્થે જ્ઞાનસારપ્રકરણ નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં તેઓ શ્રીમાન્ જણાવે છે કે દરેક આત્માએ જો તે પોતાનું કલ્યાણ ચહાતો હોય તો તેણે બે વાત મુખ્યતાએ વિચારવાની છે. એ બે વાત કઈ છે તે ધ્યાનમાં રાખશો અને તેનું મહત્વ વિચારશો તો માલમ પડશે કે એ બે વસ્તુના વિચારમાં મોક્ષનો માર્ગ રહેલો છે. પ્રથમ તો એવો વિચાર કરવો કર્તવ્ય છે કે "હું પોતે કયાં છું?" અને મારે કયાં જવાનું છે?" આ બે પ્રશ્નોની વિચારણામાં સમ્યક્ત્વની જડ રહેલી છે. સમ્યક્ત્વના બે પ્રકાર છે. દ્રવ્યસમ્યક્ત્વ અને નિશ્ચય સમ્યક્ત્વ. જીવાદિક નવતત્વોની શ્રદ્ધા થાય, સુદેવ, સુગુરુ અને સુધર્મની આરાધનામાં હૃદય દૃઢ થાય અથવા અમુક વસ્તુઓ શ્રી જિનેશ્વર ભગવાને કહી છે તે માટે મારે માનવા યોગ્ય છે અને તે હુ માનું છું એમ વિચારીને તે વસ્તુઓને માનવી આ બધાનું નામ દ્રવ્યસમ્યક્ત્વ છે. દ્રવ્યસમ્યક્ત્વને વ્યવહાર સમ્યક્ત્વ પણ કહેવામાં આવે છે, હવે દ્રવ્યસમ્યક્ત્વ પછી નિશ્ચય સમ્યક્ત્વની વાત આવે છે. નિશ્ચય સમ્યક્ત્વ કોને કહેવું તેનો વિચાર કરો. આત્મા દ્રવ્યસમ્યક્ત્વમાંથી આગળ વધીને એવો વિચાર કરે કે: હું દેવ, ગુરુ અને ધર્મનો પૂજક છું અને દેવ, ગુરુ અને ધર્મ એ પૂજ્ય છે પરંતુ હું પૂજક શા માટે છું અને દેવાદિ પૂજ્ય શા માટે છે. આવા વિચારોમાં નિશ્ચય સમ્યક્ત્વનું મૂળ રહેલું છે.

**કેવળીની અને તમારી સ્થિતિ જુદી છે.** તીર્થંકર દેવો આપણને શા માટે પૂજ્ય છે તેનો વિચાર કરો. મહાવીર ભગવાન્ મહાન્ હતા, સર્વજ્ઞ હતા સર્વદર્શી હતા. વીતરાગ હતા અને બીજા ઘણા ઘણા ગુણો તેઓ શ્રીમાનમાં વિદ્યમાન હતા, શું આટલા માત્રથીજ તેઓ પૂજવા યોગ્ય છે એમ તમે માનો છો? જો આટલા ગુણથીજ તેઓ પૂજવા યોગ્ય હોય તો તો કેવળી ભગવાનોને પણ તેઓ પૂજ્ય હોવાજ જોઇએ અને આ ગુણ ભગવાનમાં હોવાથી તેમણે પણ તીર્થંકરદેવોને પૂજ્ય માનવાજ જોઇએ પરંતુ આપણે જાણીએ છીએ કે કેવળીઓ તીર્થંકરોનું આદરમાન કરતા નથી તેમની સત્કારસેવા કરતા નથી અથવા પોતે કોઇપણ રીતે તીર્થંકરો પરત્વે પૂજ્યતા દર્શાવતા નથી એ ઉપરથી લાગે છે કે શ્રીતીર્થંકર ભગવાનો માત્ર તેઓ ગુણવાળા છે એટલાજ કારણથી પૂજ્ય નથી પરંતુ તેઓ પૂજ્ય હોવામાં બીજી પણ કોઇ વસ્તુ કારણભુત અવશ્ય હોવીજ જોઇએ. તીર્થંકર ભગવાનોનો સત્કાર સેવા ઈત્યાદિ કેવળી મહારાજાઓ કરતા નથી તે ઉપરથી આપણે એમ સમજવાનું નથી કે તેઓ તીર્થંકર ભગવાનોને પૂજ્ય નથી માનતા, તો પછી આપણે પણ શા માટે તેને પૂજ્ય માનવા જોઇએ. નદીની પાર ઉતરી ગએલો માણસ હોડીની દરકાર ન રાખે તો તે સ્વાભાવિક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે પરંતુ તેનું જોઈને નદીને આ કિનારે રહેલો મનુષ્ય પણ જો હોડીની દરકાર ન રાખે તો તેનું પરિણામ શું આવે તે તમે સમજી શકો છો. એજ રીતે કેવળી મહારાજાઓનું આ બાબતમાં આપણે અનુકરણ કરવા જઈએ તો તે સર્વથા નકામું છે. આ બાબત હજી વધારે વિસ્તારપૂર્વક સમજવાની જરૂર છે.

**નવકારમંત્ર કેવળીઓ ભણતા નથી** કોઇ એવો પ્રશ્ન કરશે કે: "જૈન શ્વેતાંબર સાધુઓ પોતે તો જિનભગવાનના પ્રતિબિંબોની પૂજા કરતા નથી તો પછી તેઓ શ્રાવકોને શા માટે પ્રતિમાપૂજાનો ઉપદેશ આપે છે? જેઓ પોતે અમુક વસ્તુ કરતા નથી તે વસ્તુ બીજાને કરવા માટે ઉપદેશ આપવાનો તેમને કાંઇ અધિકાર નથી છતાં તેઓ જો તે ઉપદેશ આપતા હોય, તો એ ઉપદેશ **परोपदेशे पांडित्यम्** જેવો હોઈ તેને શ્રોતાઓએ અવમાનવોજ જોઇએ. આવા પ્રશ્ન કરનારાઓનું સમાધાન બહુ સરળ છે. જે લોકો આવો પ્રશ્ન કરે છે તેમનેજ પૂછો કે, 'ભાઈ! વીતરાગભગવાન્ પોતે **नमो अरिहंताणम्** એમ કહેતા નથી તેઓ તીર્થંકરોને નમસ્કાર કરવાનું જણાવતા નથી તો પછી એજ ભગવાનશ્રી મહાવીરદેવે તમોને "**नमो अरिहंताणं**"નો ઉપદેશ કેમ આપ્યો હતો?" ભગવાનશ્રી મહાવીરદેવ **नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्व साहूणं** એ નવકારમંત્ર ગણુતા હતા? નહિજ. ભગવાન્શ્રી તીર્થંકર દેવોએ જ્યારે દીક્ષા લીધી હતી તે સમયે તેઓશ્રીએ **नमो अरिहंताणं** એમ ન કહેતાં સિદ્ધભગવાનોનેજ નમસ્કાર કર્યા હતા. તીર્થંકર ભગવાનોએ તો નથી નવકારમંત્ર ગણ્યો કિંવા નથી તીર્થંકરોને નમસ્કાર કર્યા, છતાં આપણે નવકારમંત્ર ભણવાનું કર્તવ્ય માનીએ છીએ.

**પોતે ન ભણે પણ બીજાને ભણાવે.** હવે શાંતિપૂર્વક વિચાર કરો કે તમોને નવકારમંત્ર કોણે આપ્યો છે અને તેનું ફળ પણ આપણને કોણે બતાવ્યું છે? કેવળજ્ઞાનીઓ જેઓ તીર્થંકરોને સત્કાર નથી આપતા અથવા જેઓ નોકાર મંત્ર નથી ગણુતા તેમણેજ આપણને એ ઉપદેશ આપ્યો છે. નવકારમંત્ર કેવળીઓએ જણાવ્યો છે માટેજ તેને ધર્મમાં સ્થાન છે. જો આ મંત્ર કેવળીઓએ ન જણાવ્યો હોત તો તેની ગણના પણ કપોલકલ્પિત વસ્તુઓમાંજ થવા પામી હોત. એ ઉપરથી કોઈ એમ ન સમજશો કે હું નવકારમંત્રને કપોલકલ્પિત કહું છું. કેવળી ભગવાનોએ જો નવકારમંત્ર ન આપ્યો હોત તોજ તે કપોલકલ્પિત થાત પરંતુ આ મંત્ર તો કેવળી ભગવાને આપ્યો છે એટલે તેમાં કલ્પિતતત્વને તો સ્થાનજ નથી! જેઓ એમ કહે છે કે જે માણસ પોતે જે વસ્તુને આદરતો નથી તેને તેનો ઉપદેશ બીજાને આપવાનો કાંઇજ અધિકાર નથી અને છતાં આવો ઉપદેશ જો કોઇ તરફથી અપાતો હોય તો તે ઉપદેશ બીજાઓએ માનવો એ નકામું છે. એવું કહેનારાએ સમજવાની જરૂર છે કે નવકારમંત્રનો ઉપદેશ આપનારાઓ પણ કેવળીમહાત્માઓજ હતા કે જેઓ પોતે નવકાર મંત્ર ગણુતા ન હતા અથવા તીર્થંકરભગવાનોનો આદર કરતા ન હતા, પરંતુ તે છતાં તેમણેજ આ બાબતનો ઉપદેશ આપ્યો છે અને આપણે તે ઉપદેશને માન્ય રાખીએ છીએ; અર્થાત આવો વર્ગ જે અર્થવાદ દર્શાવે છે તે આ ઉદાહરણથી જરા પણ ટકી શકતો નથી. તેજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણે સાધુઓ અને પૂજા સંબંધીનું પણ તેમનું કથન નકામું ઠરે છે.

**તમારી રસોઇ થઇ નથી.** નવકારમંત્રનો ઉપદેશ કેવળી ભગવાનોએ આપ્યો છે, એ ઉપદેશ છદ્મસ્થોએ આપ્યો નથી, છતાં પણ એ ઉપદેશને સઘળાજ માન્ય રાખે છે. જો કેવળી મહારાજાઓ પોતે નવકારમંત્ર ગણ્યા વિના અથવા તીર્થંકર ભગવાનોને પૂજ્ય ગણ્યા વિના તેનો ઉપદેશ આપે છે અને તે ઉપદેશ આપવામાં તેઓ વાસ્તવિક હોઇ, તે ઉપદેશ લોકોએ પાળવોજ વ્યાજબી છે; તો પછી એજ ન્યાયે શ્વેતાંબર સાધુઓ પોતે પૂજા-જિનબિંબ પૂજા-કર્યા વિના; બીજાઓને જિનબિંબ પૂજાનો ઉપદેશ આપે, એ પણ વ્યાજબી હોઇ તે ઉપદેશ લોકોએ પાળવો એજ વાસ્તવિક છે. હવે એ વસ્તુનો વિચાર કરો કે ભગવાન્ કેવળી મહારાઓ બીજાને આ બાબતનો ઉપદેશ આપે છે તો પછી તેઓ પોતે શા માટે તેને આચરતા નથી ? એક રીતે કહીએ તો કેવળીઓ રસોઇ કરી ચુકયા છે ત્યારે તમારે અમારે રસોઇ કરવાની બાકી છે. કેવળીઓ ક્ષીણમોહની દશામાં છે અને આ ક્ષીણમોહની દશામાં હોવાથી તેમને હવે નમસ્કારનું ફળ લેવાનું નથી તેથીજ તેઓ નવકારમંત્ર ગણતા નથી. જેને જમવાની આકાંક્ષા છે જેણે હજી રસોઇ કરી નથી તેવો માણસ ચુલો સળગાવે છે પરંતુ તેની રસોઈ થઇ રહે છે કે તે પોતાનો ચુલો થંડો કરે છે! રસોઇ થઇ રહ્યા પછી પણ જો પોતાનો ચુલો કોઈ સળગતો રાખીજ મૂકે તો આપણે તેને મૂર્ખો કહ્યા વિના રહેતા નથી પરંતુ રસોઈ થઇ હોય તે પોતાનો ચુલો થંડો કરે તે જોઇને જેની રસોઇ તૈયાર ન થઇ હોય તે પણ પોતાનો ચુલો બંધ કરે તો તે ભૂખે મરવા વિના નજ રહે.

**કાર્ય કારણનો સંબંધ સમજો.** કેવળજ્ઞાનીઓ કેવળજ્ઞાન મેળવવા માગતા હતા તેમને કેવળજ્ઞાનરૂપી ભોજનની જરૂર હતી તેટલા માટે તેમણે ભક્તિરૂપી ચુલો ચેતવી દીધો હતો હવે તેઓ કેવળજ્ઞાન મેળવી ચુકયા છે એનો લૌકિક દૃષ્ટિએ કહીએ તો એવો અર્થ થઇ શકે છે કે તેમની રસોઇ તૈયાર થઇ ગઇ છે. પોતાની રસોઇ તૈયાર થઈ ગયા પછી તેઓ પોતાનો ભક્તિરૂપી ચુલો સળગતો બંધ કરે એજ વ્યાજબી છે અને તેથીજ હવે તેઓને નવકારમંત્ર આદિની જરૂર રહી નથી, પરંતુ તેમનું જોઇને જેની રસોઈ તૈયાર થઇ નથી તેવો માણસ પણ રસોઇ થવાની હોય તે છતાં પણ ચુલો બંધ કરે, તો એમાં ચોકખી મૂર્ખતાજ રહેલી છે, તેજ પ્રમાણે જેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થઇ તેઓ નવકારમંત્ર વગેરેનો ત્યાગ કરે તો તે પણ એક જાતની મૂર્ખાઇ સિવાય બીજું કાંઇજ નથી ! બીજું ઉદાહરણ લો: કુંભાર ઘડો બનાવવાને માટે ચાક ઉપર માટીનો પીંડ બનાવીને મૂકે છે અને ચાક ફેરવવા માંડે છે. જેમ જેમ ચાક ફરતું જાય છે તેમ તેમ માટીનો આકાર ઉતરતો જાય છે અને આકાર ઉતરી રહ્યો કે કુંભાર ચાક ફેરવવાનું બંધ કરી દે છે. કોઇ અજ્ઞાન કે મૂર્ખ બાઈને તમે રોટલી કરવા બેસાડશો તો પણ તે જ્યાં સુધી રોટલી થવાની હશે ત્યાં સુધીજ ચુલો સળગતો રાખશે અને જ્યાં રોટલી થઈ રહી કે તરતજ તે સળગતા ચુલાને બંધ કરી દેશે. અર્થાત્ કાર્યની પ્રાપ્તિ થાય છે કે તેજ ક્ષણે કારણની આવશ્યકતા નકામી થઇ જાય છે. કારણની આવશ્યકતા ત્યાં સુધીજ રહેલી છે કે જ્યાં સુધી કાર્યની સિદ્ધિ થવાની બાકી હોય છે !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સર્વથા ખોટો આગ્રહ.** પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવાનું જે ફળ મળવાનું છે તે ફળ કેવલીઓએ મેળવી લીધું છે. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં શો હેતુ રહેલો છે તે વિચારજો. પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં એ હેતુ રહેલો છે કે સર્વ ઘાતી-કર્મરૂપ પાપનો નાશ થવો. હવે જેના સઘળા ઘાતિકર્મોનો નાશ થયો છે તેમને પછી નવકાર-મંત્રનું શું પ્રયોજન રહ્યું છે તેનો વિચાર કરો. નવકારમંત્ર એ કારણ છે. કેવળજ્ઞાન એ તેનું કાર્ય છે, અર્થાત્ કાર્ય સિદ્ધ થઈ ગયું એટલે કારણની આવશ્યકતાનો એની મેળેજ અંત આવે છે. તેજ પ્રમાણે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યાથી જેણે એ નમસ્કાર ફળ મેળવી લીધું છે તેને માટે હવે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવારૂપ કારણની આવશ્યકતાજ નથી! હવે શંકાકાર પોતેજ વિચારી લે કે આવા કેવળજ્ઞાનીઓ નવકારનો જે ઉપદેશ આપે છે તે આપણે કે જેમના ઘાતિ-કર્મોનો નાશ થયો નથી તેમણે માનવો કે અવમાનવો? જો તમે શાંતિથી વિચારશો તો સામાન્ય બુદ્ધિએ પણ તમે એટલું જાણી શકશો કે એ ઉપદેશ ઘાતિકર્મોનો નાશ ન થયો હોય તેમણે માનવોજ વાસ્તવિક છે. જે શંકાકારનો અથવા તેમના સમૂહનો અથવા તેમના અનુયાયીઓનો એવો આગ્રહ હોય કે ઉપદેશક પોતે જે વસ્તુ કરે છે તેજ વસ્તુનો તેણે ઉપદેશ કરવો અને એવીજ વસ્તુ ઉપદેશાય તોજ તેનો સમાજે સ્વીકાર કરવો, તેમનો આ આગ્રહ આ ઉદાહરણથી પર્યાયે ખોટો ઠરે છે. તેમનો આ આગ્રહ કેવળ વ્યર્થ, અજ્ઞાનથી ભરેલો અને પરિણામે અનર્થને આપનારોજ છે એમ કહેવામાં જરા પણ સંકોચ રાખવાની આવશ્યકતા નથી.

**નવકારમંત્ર ગણવાની આપણી ફરજ છે.** ભગવાન્ શ્રી મહાવીરદેવ જ્યારે છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે તેઓ દેશના (ઉપદેશ) આપતા ન હતા. હવે જે જિનબિંબપૂજાના વિરોધીઓ છે અને તેઓ પ્રભુએ જે કર્યું હતું તેજ કરવું યોગ્ય છે અને તેનાથી બીજું કાંઇ પણ કાર્ય કરવામાં પાપ છે એમ દલીલ કરે છે, તેઓ પોતે છદ્મસ્થ અવસ્થામાંજ હોવા છતાં દેશના આપે છે; તો પછી હું એવાઓને પૂછું છું કે ભગવાને પોતે છદ્મસ્થપણામાં દેશના ન આપ્યા છતાં તમોને છદ્મસ્થપણામાં પણ દેશના આપવાનું જણાવ્યું છે એ ફરમાન તમે શા માટે માન્ય રાખો છો? નવકાર ગણવો અને છદ્મસ્થપણામાં દેશના આપવી એ બંને કાર્યો પ્રભુ કરતા ન હોવા છતાં જિનપૂજાના વિરોધીઓ પણ તે કાર્યો તો કરેજ છે. આ બધી ચર્ચાનો એજ નિષ્કર્ષ નીકળે છે કે કેવળીઓ જે પોતે ન કરતા હતા તે પણ જેમણે કેવળજ્ઞાન નથી મેળવ્યું તેવા આત્માઓને માટે તો જરૂરીજ છે અને એજ દૃષ્ટિએ સાધુઓ પોતે જિનબિંબપૂજા ન કરતા હોવા છતાં તેનો સમાજને ઉપદેશ આપતા હોય તો તે ઉપદેશ પણ વાસ્તવિક છે. તીર્થંકર ભગવાનો ક્ષીણમોહની અવસ્થામાં હતા. તેઓ પુદ્-ગલના ગુણોમાં ચિત્તને સ્થિર કરી શકતા હતા એજ કારણથી તેમને બીજા ધ્યાનની આવશ્યકતા રહેલી ન હતી. તેઓ સર્વદર્શી થએલા હોવાથી તેમને નવકારમંત્રની જરૂર ન હતી અને તેથીજ આ વસ્તુ તેમના કર્તવ્યમાં-નવકારમંત્ર આદિ ન જપવામાં-હેતુરૂપે હતી. જો એજ હેતુ અમારામાં પણ હોય તો અમે પણ નવકાર ન ગણીએ તો તે યોગ્ય છે, પરંતુ જ્યાં સુધી એ હેતુની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી તો નવકાર આદિ ગણવાની અને પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરવાની આપણી સૌથી મોટામાં મોટી અને પહેલામાં પહેલી ફરજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પરાધીન ધર્મને ઉપદેશે છે તે તીર્થંકર નથી.** આજે અમે સાધુઓ કાઉસગ્ગ કરીએ છીએ, પરંતુ આજે કાઉસગ્ગ કર્યો, ત્યાંથી તે આવતી કાલે બપોર સુધી કાઉસગ્ગની દશામાંજ રહેવાની અમારી શક્તિ નથી. આ શકિતના અભાવને લીધે તીર્થંકર ભગવાનોએ અમારે માટે જે કાંઇ યોગ્ય એવું આદરવાની અમોને આજ્ઞા કરી છે તે આજ્ઞા માન્ય રાખેજ અમારો છૂટકો છે. જેના મોહનીકર્મનો અંત આવી ગયો છે અર્થાત્ જેના ઘાતી કર્મોનો નાશ થયો નથી. ત્યાં સુધી ઘાતી કર્મોનો નાશ કરવા માટે ઉપાય કરવોજ જોઈએ એ અમારી ફરજ છે, અને એ ઉપાય તરીકેજ તીર્થંકર દેવો અગર કેવળી ભગવાનો પંચપરમેષ્ઠીનું ધ્યાન નથી કરતા તે છતાં તેમનું ધ્યાન કરવાની અમોને આવશ્યકતા રહેલી છે. તીર્થંકર દેવોએ પંચપરમેષ્ઠીનું ધ્યાન અમોને કરવાનું કહ્યું છે તેનું એકજ કારણ છે કે તેઓશ્રીએ ઘાતી કર્મોનો નાશ કરવાના ઉપાય રૂપ અમોને પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાનું ફરમાવ્યું છે, અને અમારા ઘાતી કર્મો બાકી રહેલા હોવાથી એ નમસ્કાર અમારે માટે કર્તવ્ય રૂપ છે. તીર્થંકર ભગવાનો પોતે છદ્મસ્થ અવસ્થામાં દેશના કેમ આપતા ન હતા તેનો હેતુ વિચારી જુઓ. તીર્થંકરો પરાધીન ધર્મનો ઉપદેશ આપી શકતા નથી અને જે પરાધીન ધર્મનો ઉપદેશ આપે છે તે તીર્થંકર નથી.

**છદ્મસ્થપણામાં તીર્થંકરો દેશના આપતા નથી.** હવે સ્વાધીન ધર્મ શું અને પરાધીન ધર્મ એટલે શું તેનો વિચાર કરો. તીર્થંકર ભગવાન્ જે સમયમાં વિદ્યમાન હોય તે સમયમાં જેનું શાસન ચાલતું હોય તે શાસનને આધારે ઉપદેશ આપવો અથવા ધર્મ કહેવો એ પરાધીન ધર્મ છે, જ્યારે પોતે કેવળજ્ઞાનથી જોઈને ધર્મ ઉપદેશવો એ સ્વાધીન ધર્મ છે. તીર્થંકર છદ્મસ્થ દશામાં હોય અને તેના સમયમાં ચાલતા તીર્થંકરના શાસન ઉપરથી તે ધર્મ કહે, તો એ રીતે ધર્મકથન કરનારો આત્મા તે તીર્થંકર નથી અને તીર્થંકરને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થયું હોય ત્યાં સુધી તે "મને કેવળજ્ઞાન થયું છે, અને હવે હું કેવળજ્ઞાનથી સઘળું જોઇને ધર્મ કહું છું." એ રીતે જુઠું કહીને સ્વતંત્ર ધર્મ કહી શકે નહિ. એટલાજ માટે તીર્થંકર ભગવાનો છદ્મસ્થ દશામાં હોય ત્યારે દેશના આપતા નથી. તીર્થંકરો પરાધીન ધર્મ કહેનારા નથી તેઓ સ્વાધીન ધર્મ કહેનારા છે. સત્ય અને સર્વ કાંઈ જે જોવા, જાણવા અથવા તો અનુભવવા જેવું હોય તે સઘળું તેઓ પોતે જુએ છે જાણે છે અને આત્મજ્ઞાનથી સર્વ કાંઇ જાણી લીધા પછીજ તેઓ પોતે સ્વતંત્ર ધર્મનો ઉપદેશ આપે છે. તીર્થંકર ભગવાનો આ પ્રકારે સ્વતંત્ર ધર્મનો ઉપદેશ આપનારા હોવાથી તેઓ છદ્મસ્થ દશામાં ઉપદેશ આપતા નથી. તીર્થંકર ભગવાનોનો દેશના આપવાનો આ નિયમ બીજા સાધુઓને લાગુ પાડી શકાતો નથી. સાધુઓ, મુનિઓ, આચાર્યો વગેરે જે કાંઈ ઉપદેશ આપે છે તે સઘળો ઉપદેશ તેઓ જિનેશ્વરકથિત શાસ્ત્રાનુસારેજ આપે છે. તેઓ શાસ્ત્રાનુસારે ઉપદેશ આપે છે એનો અર્થ એ છે કે શાસ્ત્રોને આધીન રહીને શાસ્ત્રોએ કહેલી વાતોજ તેમણે સમાજને કહેવાની છે. એ સિવાય નવી દેશના તેમણે આપવાપણું હોતું નથી. શાસ્ત્રોને આધીન રહીને જે દેશના અપાય છે તે પરાધીન દેશના છે અને તેથી એવી પરાધીન દેશનાજ સાધુઓને આપવાની હોવાથી તેઓ છદ્મસ્થાવસ્થામાં દેશના આપી શકે છે. તીર્થંકરોને છદ્મસ્થ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દશામાં દેશના આપવાની હોતીજ નથી તેનું કારણ એ છે કે તેઓ સ્વતંત્ર ધર્મ કહેનારો છે. તીર્થંકરો અને સાધુઓ માટે દેશના આપવાના નિયમો આજ કારણથી જુદા જુદા છે.

**જે તીર્થંકરો માટે નિશ્ચય છે તે આપણને માટે નથી.** જે ભવ્યાત્માઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે પછી તેમને મોક્ષે જવામાં માત્ર અંતર્મુહૂર્ત જેટલો અવકાશ હોય છે એટલે એ સ્થળે કોઇનું પણ ધ્યાન કિંવા જાપ કરવાની આવશ્યકતા શાસ્ત્ર માનતું નથી. હવે કોઈ એવો પ્રશ્ન કરીને ઉભો રહે કે આવા મોટા તીર્થંકર દેવ તે પોતે પણ જ્યારે ધ્યાન કિંવા જાપ કરતા નથી તો પછી આપણે શા માટે ધ્યાન કિંવા જાપ કરવા જોઇએ, તો શું આ પ્રશ્નમાં તદ્દન મૂર્ખાઇજ રહેલી જણાઈ આવતી નથી M. A. થએલો પ્રોફેસર પહેલી ચોપડી ન વાંચે એ સમજી શકાય એવું છે પરંતુ શું તેટલા ઉપરથી કોઈપણ બુદ્ધિશાળી માણસ એવું કહી શકશે કે પ્રોફેસર પહેલી ચોપડી વાંચતો નથી માટે તે પહેલી ચોપડી ભણનારા શિક્ષણાર્થીને પહેલી ચોપડી વાંચવાનો ઉપદેશ આપી શકે નહિ, અને છતાં પણ જો તે એવો ઉપદેશ આપતો હોય તો તે ઉપદેશ પાળવા કિંવા તેને માન્ય રાખવા વિદ્યાર્થીઓ બંધાએલા નથી. આવો વિચિત્ર તર્ક મૂર્ખાઓ સિવાય બીજા કોઈપણ નહિજ કરી શકે. તીર્થંકર ભગવાનોને કેવળજ્ઞાન મળ્યા પછી તેમના ઘાતિકર્મોનો નાશ થયો છે તેઓને પાપનો બંધ રહ્યો નથી એટલાજ માટે તેમને ધ્યાન કે તપ કરવાની પણ જરૂર રહેવા પામતી નથી. એજ પ્રમાણે તીર્થંકર ભગવાનોને કેવળજ્ઞાનથીજ સ્વતંત્રપણે દેશના આપવાની છે એ નિશ્ચય છે જ્યારે આપણને સાધુઓને કેવળજ્ઞાન થયા પછી સ્વતંત્રપણેજ દેશના આપવાની છે એવો નિયમ નથી.

**કરેલું પણ કરો, કહેલું પણ કરો.** કેવળીઓ નવકારમંત્ર નથી ભણતા છતાં આપણે ભણીએ છીએ. કેવળીઓ પંચપરમેષ્ઠીને નમસ્કાર નથી કરતા છતાં આપણે કરીએ છીએ. કેવળીઓ સ્વતંત્રપણેજ દેશના આપે છે, ત્યારે આપણે પરાશ્રયે પણ દેશના આપીએ છીએ, આ બધા ઉપરથી સ્પષ્ટ થાય છે કે કેવળી ભગવાનો જે કાંઈ કરે છે તેજ આપણે પણ કરવું જોઇએ એવી શાસ્ત્રાજ્ઞા નથી. એ ઉપરથી કોઇએ એમ પણ નથી માનવાનું કે જે કેવળી ભગવાનો અને તીર્થંકર દેવો નથી કરી ગયા તે સઘળું આપણને કરવાનું છે અને જે સઘળું તેઓએ કર્યું છે તે આપણે કરવાનુંજ નથી ! કહેવાની મતલબ એ છે કે તીર્થંકર ભગવાનો અને કેવળી મહારાજાઓ જે કરી ગયા છે તે સઘળું આપણને માટે આદરણીય છે અને અનુકરણીય છે પરંતુ તે સાથે તેઓશ્રીએ ભલે કર્યું હોય કે ન કર્યું હોય, તો પણ તેમણે આપણને માટે જે કરવા યોગ્ય જાણીને આપણને કરવાનું ફરમાવ્યું છે તે પણ સઘળું આપણે કરવુંજ યોગ્ય છે. અલબત્ત કેવળી ભગવાનોએ અથવા તીર્થંકર દેવોએ જે કાંઇ કર્યું હોય અને તે આપણે શકિતના અભાવે ના કરી શકતા હોઇએ તો તે એક જુદી વાત છે, પરંતુ તેમણે કર્યું છે તેજ કરવા યોગ્ય હોઈ તેમણે કહ્યું છે તે કરવા યોગ્ય નથી એમ અનુમાનવું સર્વથા ખોટુંજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કેવળીઓનું કૃત્ય અનુકરણીય તો છેજ.** જેઓ કેવળજ્ઞાન પામી ચુકેલા છે તેવા કેવળી મહાત્માઓ જે કાંઇ કરે છે તે આપણે કરવુંજ જોઈએ એવો નિયમ ઠરાવી શકાતો નથી પરંતુ એ વાત તો સર્વથા ચોકખીજ છે કે કેવળી ભગવાનોએ જે કાંઈ કર્યું છે તે અનુકરણીય તો અવશ્ય છેજ. ભગવાને છ મહિનાનું તપ આદર્યું હતું એ રીતે આપણે પણ તપ આદરીએ, પછી તે ન થઈ શકે તો આપણે એમ કહી શકીએ કે એ આપણી શકિત નથી, પરંતુ ભગવાને જે કર્યું છે તેને આપણે યોગ્ય અવસ્થાએ અનુકરણીય તો જરૂર માનવાનુંજ છે. ભગવાને તપસ્યાના વ્રત પૂર્ણ કર્યા આપણે એવી તપસ્યા લઇને તે પૂરી કરી ન શકીએ તો પછી એકાસણા વગેરે તપસ્યા કરી શકીએ છીએ. ભગવાનના જેવી ઉગ્ર તપસ્યા આપણે આપણી શકિતની ખામીથી કરી શકતા નથી પરંતુ તેને અનુકરણીય તો જરૂર માનીએજ છીએ. અનુકરણીય માનવા છતાં કોઈ વસ્તુને આપણે ન આદરી શકીએ તો એ આપણી શકિતની ખામી છે તેજ પ્રમાણે આપણે પણ જો ક્ષીણમોહની અવસ્થાને પ્રાપ્ત કરીએ અને એ અવસ્થામાં આપણે પણ શકિતશીલ બની જઈએ તો જરૂર આપણને પણ નવકાર, ધ્યાન વિગેરે બંધ કરી દેવાનો અધિકાર છે. હવે કોઈ એવો કોઇ પ્રશ્ન કરશે કે જો ભવિષ્યમાં તમે નવકાર, ધ્યાન વગેરે બંધ કરવાનાજ છો તો પછી તે અત્યારેજ બંધ કરી દેવા માગતા હોઇએ તો તે આપણે બંધ કરી શકીએ કે નહિ? આ પ્રશ્નનો ઉત્તર પણ તદન સરળ છે.

**સાચા નેતાનું કર્તવ્ય.** નવકાર, ધ્યાન વગેરે આપણે શા માટે કરીએ છીએ તે પહેલાં આપણે વિચારવાનું છે. જો તમે આ પ્રશ્ન ઝીણવટથી વિચારશો તો માલમ પડશે કે એ સઘળું આપણે ઘાતિકર્મનો ક્ષય થાય એટલાજ માટે કરીએ છીએ. જો ઘાતિકર્મનો ક્ષય થાય એટલાજ માટે નવકાર, તપ આદિ આપણે કરીએ છીએ ત્યારે તો એ વસ્તુ સ્પષ્ટજ છે કે જયાં સુધી ઘાતિકર્મનો ક્ષય થવા પામ્યો નથી ત્યાં સુધી એ સઘળું કરવું એ આપણે માટે જરૂર આવશ્યક છે. સર્વજ્ઞ ભગવાનો નવકાર આદિ કરતા નથી તેનું કારણ એજ છે કે તેઓશ્રીના ઘાતિકર્મોનો નાશ થયો છે. તીર્થંકર ભગવાનોના ઘાતિકર્મોનો ક્ષય થયો છે એટલા માટે તેઓ તપસ્યા આદિ કરતા નથી પરંતુ તેઓ જાણે છે કે આપણા ઘાતીકર્મોનો નાશ થયો નથી એટલાજ માટે તેઓ આપણને નવકારાદિનો ઉપદેશ આપે છે અને તે ઉપદેશ આપણે માનવો એજ આપણું કર્તવ્ય છે. ધારો કે એક નદીમાં પાંચ પચ્ચીસ માણસો સાથે તરે છે એટલામાં ભયંકર પૂર ઉભરાઇ આવે છે અને નદીમાંથી તરનારાઓ જેમ બને એમ જલદી તરીને સામે કાંઠે જવાનો પ્રયત્ન કરે છે. આ તરનારાઓમાં જે આગેવાન છે તે તરીને બહાર નીકળી જાય છે અને બીજા માણસો તરવાની અણઆવડત અથવા અશકિતને કારણે નદીમાં રહી જાય છે. હવે તેમનો જે આગેવાન તરીને નદીને સામે કાંઠે પહોંચી ગયો છે તે આગેવાન જો તેઓનો સાચો મુખી-સાચો નેતા હશે, તો પોતાની પાછળ રહેલા તેના અનુયાયીઓને તે નદીમાં ગમે ત્યાં ગમે તે રીતે અથડાવા કૂટાવા દેશે નહિ પરંતુ તેમના તારણને માટે તે તુંબડા, હોડકાં વગેરે મોકલવાની વ્યવસ્થાજ કરશે

તીર્થંકર ભગવાન્ એ એવાજ આપણા કુશળ આગેવાન છે અને તેઓ તરી જવાને શકિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધરાવતા હોઇ આ મહાભયાનક સંસારસાગરને તરી ગયા છે પરંતુ તેમણે પોતાની પાછળ રહેલા આપણે સઘળાં કે જેઓ તેમના જેટલી શકિત ધરાવતા નથી તેમને માટે નવકાર, જપ ઇત્યાદિ સાધનો પુરા પાડયા હોઇ તેના અવલંબનથી આપણે તરી જવાનો યત્ન કરવો જોઇએ. અલબત્ત આપણામાં પણ તેમની માફક તરી જવાની શકિત હોય આપણે પણ સાધન વિના તરી જવાની શકિત ધરાવતા હોઇએ, તો પછી આપણને પણ તરવાના સાધનોની કશીજ જરૂર નથી ! આપણે સાધન વિના તરી જવાને માટે શકિતહીન છીએ. ભગવાને એ વાત કેવળજ્ઞાનથી જાણી લીધી અને પછી કેવળજ્ઞાનથી જાણીનેજ આપણને શકિતહીનોને શકિતમાન બનાવવાને અર્થેજ નવકાર વગેરે સાધનો તેમણે બતાવ્યા છે. ઘાતિકર્મોનો ક્ષય જે ક્રિયાઓદ્વારા થઈ શકે છે તે ક્રિયાઓ તીર્થંકર ભગવાનોને કરવાની હોતી નથી પરંતુ આપણા ઘાતિકર્મો અવશેષ રહેલાં છે તેથીજ ઘાતિકર્મોના ક્ષય માટે આપણે એ ક્ષય જેથી થઈ શકે છે તેવી ક્રિયાઓ કરવી જરૂરી છે. ઘાતિકર્મોના ક્ષય માટે આ ક્રિયાઓ જરૂરી છે એ શ્રી તીર્થંકર દેવોએ કેવળજ્ઞાનથી જાણી લીધું છે અને તેઓએ કેવળજ્ઞાનથી જાણી લઇને આપણને એ ક્રિયાઓ બતાવી છે કે જે ક્રિયાઓ ઘાતિકર્મોનો ક્ષય નથી થયો તેવા દરેકને માટે જરૂરી છે.

**જિનબિંબપૂજાત્યાગ એ મહાન્ મૂર્ખાઇ છે.** જે પ્રમાણે નવકાર આદિ ક્રિયાઓ કરવાનું પણ અમુક કારણ છે તેજ પ્રમાણે જિનબિંબપૂજા કરવી પણ સકારણ છે. નવકાર ગણવા વગેરે ક્રિયાથી ઘાતિકર્મોનો ક્ષય થાય છે તેજ પ્રમાણે શ્રી જિનબિંબપૂજાથી સર્વારંભ, વિષય, કષાયનો પરિત્યાગ થવા પામે છે. નવકાર ગણવો એ ઘાતિકર્મના ક્ષય માટે જરૂરી છે. કેવળી મહારાજાઓના ઘાતિકર્મોનો નાશ થયો છે તેથી તેઓ નવકાર વગેરે ગણતા નથી પરંતુ તેમનાજ ઉપદેશથી આપણે નવકાર આદિ ગણીએ છીએ કારણ કે આપણા ઘાતિકર્મોનો નાશ થયો ન હોઇ આપણે ઘાતિકર્મોનો એ સાધનોદ્વારા નાશ કરવા માગીએ છીએ. એજ રીતે જિનબિંબપૂજા એ પણ સર્વ આરંભાદિક કર્મોનો ત્યાગ કરવા માટેજ છે, અને જેમણે સર્વ આરંભાદિકનો ત્યાગ કર્યો છે તેમને માટે શ્રી જીનબિંબ પૂજાની જરૂર રહેવા પામતી નથી એ સ્વયંસિદ્ધ છે. સર્વ આરંભાદિકનો જેમણે ત્યાગ કર્યો છે તેમને જિનપૂજાની જરૂર નથી પરંતુ તે ઉપરથી જેમણે સર્વ આરંભાદિકનો ત્યાગ નથી કર્યો તે પણ જો પોતે શ્રી જિનપૂજાની જરૂર નથી એવું કહેવાને તૈયાર થાય તો તેની મૂર્ખાઇ સિવાય બીજું કશુંજ નથી. કુંભાર ચાક ઉપર પીંડો મૂકીને પછી ચાક ફેરવવા માંડે છે, હવે જ્યાં ચાક ઉપર પીંડામાંથી વાસણ તૈયાર થાય કે તેજ ક્ષણે તે ચાક ફેરવવાનું બંધ કરે છે પરંતુ તે ઉપરથી જો જેના પીંડામાંથી વાસણ નથી ઉપજ્યું તેવા કુંભારો પણ ચાક ફેરવવાનું બંધ કરી દે તો તેમની શી દશા થાય તેનો વિચાર કરો ! વાસણ તૈયાર થયા પહેલાંજ બીજાનું જોઇને ચાક બંધ કરી દેનારાને આપણે મૂર્ખા સિવાય બીજા કશાની ઉપમા આપી શકતા નથી, એજ સ્થિતિ અહિં પણ પ્રવર્તે છે એમ સમજી લેવાનું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભણેલાને ભણવાની જરૂર નથી.** ધર્મક્ષેત્રને વિષે પૂજા એ કુંભારના ચાકને સ્થાને સમજો અને સર્વથા આરંભ, પરિગ્રહ, વિષય, કષાયના ત્યાગને ઘડાને સ્થાને સમજો. જેનો ઘડો તૈયાર થઈ ગયો છે અર્થાત જે સર્વથા આરંભ, પરિગ્રહ, વિષય, કષાય આદિનો ત્યાગ કરી ચુકયા છે તેમને માટે કુંભારના ચાક ફેરવવા રૂપી પૂજાની જરૂરજ ન રહે એ દેખીતું છે,"

"વગેરે; આ કાર્ય જેણે સાધ્ય કરી લીધું છે, તેને પણ એવો પ્રશ્ન કરીએ કે તું પૂજા શા માટે કરતો નથી ? તો આ પ્રશ્ન કરવામાં સર્વથા મૂર્ખતાજ રહેલી છે. દેવપૂજા રૂપી ક્રિયાઓ એ કારણ છે અને સર્વ આરંભ, પરિગ્રહ વિષય કષાયનો ત્યાગ એ કાર્ય છે જેની કાર્ય-સિદ્ધિ થઇ ગઇ છે જેણે એ ત્યાગ મેળવી લીધો છે, તેવો માણસ, હવે શા માટે કારણમાં પ્રવૃત્તિ કરે વારૂં ? તેને કારણમાં પ્રવૃત્તિ કરવાપણું છેજ નહિ એ સ્પષ્ટ છે. જે વિદ્યાર્થી સાતમી ચોપડી ભણી ગયો છે. સાતમી ચોપડીની પરીક્ષા આપીને વર્નાકયુલર ફાઈનલ જેણે પસાર કરી છે તેવો વિદ્યાર્થી પાછો છઠ્ઠી ચોપડીમાં બેસવા આવે ખરો કે અથવા તે છઠ્ઠી ચોપડી ભણવાની પણ ઇચ્છા કરે ખરો કે ? જવાબ એકજ છે કે નહિ ! અલબત્ત છઠ્ઠી ચોપડી ભણવા લાયક છે પરંતુ તે તેનેજ ભણવા લાયક છે કે જેણે પાંચમી ચોપડી પૂરી કરી છે. સાતમી ચોપડી પાસ કરેલો વિદ્યાર્થી છઠ્ઠી ચોપડીના વર્ગમાં દાખલ થવાની અરજી કરે તો તે અભ્યાસમાં પાછળ પડેલોજ ગણી શકાય !

**દેવપૂજા કોને જરૂરી નથી ?** એજ રીતે સર્વવિરતિવાળા કે જેણે દેવપૂજાના ફળરૂપ સર્વસાવદ્યનો ત્યાગ કરીજ દીધો છે તે પણ જો પાછો દેવપૂજા કરવા બેસે તો તે પાછો પડેલોજ ગણી શકાય. જેને સર્વવિરતિની પ્રાપ્તિ કરી લીધી છે તે આત્માને માટે દેવપૂજા એ છઠ્ઠી ચોપડીનું શિક્ષણ છે અને તે પોતે સાતમી ચોપડી ભણી ગએલો છે ! હવે વિચાર કરો કે સર્વવિરતિવાળાને માટે શું દેવપૂજાની જરા પણ જરૂર છે કે ? નહિજ !! જો સર્વવિરતિવાળો દેવપૂજારૂપ છઠ્ઠી ચોપડીમાં જાય તો તે પાછો પડેલોજ ગણી શકાય. દુનિયાદારીની દૃષ્ટિથી આરંભ, સમારંભ એ પાંચમી ચોપડીનો વર્ગ છે તેથીજ પાંચમી ચોપડીનો વર્ગ પસાર કરેલાને છઠ્ઠી ચોપડીરૂપી દેવપૂજા જરૂરી છે પરંતુ સર્વવિરતિરૂપ સાતમી ચોપડીવાળાને એ છઠ્ઠી ચોપડી જરૂરી નથી, દુનિયાદારીમાં તો વિષયાદિકને અંગે ઉદ્યમ કરવામાં આવતો હતો એ પાંચમી ચોપડીનું સ્થાન હતું તેથીજ ત્યાં સ્થાન પામેલાને છઠ્ઠી ચોપડીરૂપી દેવપૂજાની જરૂર હતી. સર્વવિરતિમાં તો વિષય, કષાયાદિકને અંગે ઉદ્યમ થવાપણુંજ નથી ત્યાં તો સમ્યગ્દર્શનાદિનુંજ આરાધન થાય છે પછી જ્યાં આરંભ, પરિગ્રહનેજ સ્થાન નથી ત્યાં આરંભ, પરિગ્રહ વગેરેને નિવારવા માટે ઠરાવેલી દેવપૂજાને તો સ્થાનજ કેવી રીતે હોઇ શકે ? આ ઉપ-રથી તમે સહેલાઇથી સમજી શકશો કે દેવપૂજા એ સર્વવિરતિનું કારણ છે અને જ્યાં સર્વ-વિરતિનીજ પ્રાપ્તિ થઇ ગઈ છે ત્યાં દેવપૂજાની જરૂરજ રહેતી નથી છતાં જો તેમાંથી કોઇ દેવ-પૂજામાં પ્રવેશ કરે તો તે પાછો પડેલોજ ગણી શકાય !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**માર્ગ ખોટો છે એમ ન માનો.** ઉપરના સઘળા વિવેચન ઉપરથી એવો સાર નીકળે છે કે દેવપૂજા એ સર્વવિરતિની પ્રાપ્તિને માટેજ છે અને જો સર્વવિરતિની પ્રાપ્તિને માટે તે છે તો જેને સર્વવિરતિની પ્રાપ્તિ થઈ છે તેને તેની જરૂર નથી. તે છતાં તે બીજાઓને માટે દેવપૂજાનો ઉપદેશ આપી શકે છે અને એ ઉપદેશ સર્વવિરતિવાળા ન હોય તેમણે માનવાનોજ છે. આ વિચારસરણી બરાબર અને વાસ્તવિક લાગે છે પરંતુ તે છતાં તે કેટલાકના ધ્યાનમાં આવતી નથી. આ રીતે આ વિચારસરણી વ્યાજબી હોવા છતાં તે ધ્યાનમાં ન આવવાનું કારણ શું છે તે તપાસો! એનું કારણ એ છે કે જ્યાં સુધી પૂજાથી આત્મા પુનિતપંથે આવતો નથી ત્યાં સુધી તે વિચારસરણીને માન્ય રાખ્યા છતાં કદાચ તે વિચારસરણી તેના મગજમાં પ્રવેશી શકતી નથી. હવે કોઇ એમ કહેવા તૈયાર થાય કે ભાઈ! પૂજાથી પુનિતપંથ મળતોજ હોય તો તો અમે સેંકડો અને હજારો વાર પૂજા કરી છે પરંતુ અમે તો કાંઇએ પુનિતપંથને પામી શકયા નથી આથી અનુભવ તો એમ કહે છે કે પૂજાબૂજાથી પુનિતપંથ મળતો બળતો નથી!! આવી દલીલ કરનારાને એ જવાબ છે કે ધારો કે એક માણસ કન્યાકુમારીથી કાશ્મીર ચાલતો જવા નીકળે. ચાલતો ચાલતો ચાલતો કાશ્મીરથી ચાર ગાઉ દૂર રહે ત્યાં તે એવું કહી દે કે આટલું આટલુ ચાલ્યો તોપણ હજી કાશ્મીર આવતુંજ નથી! ત્યારે તો હું જે રસ્તે ચાલું છું તે રસ્તોજ કાશ્મીરનો નથી!! એમ કહીને તે માણસ એ રસ્તોજ છોડી દે, તો તેણે કરેલો પરિશ્રમ પણ વ્યર્થજ જાય કે નહિ વારૂં?

**તીર્થંકરદેવોની પૂજા શા માટે?** પોતાનું અજ્ઞાન, પોતાની અશક્તિ અથવા એવાજ બીજા કારણથી કાશ્મીર ન પહોંચી શકનારો માણસ કાશ્મીરનો રસ્તોજ છોડી દે તો તે એની ભૂલજ છે તેજ પ્રમાણે પૂજાથી પુનિતપંથ નથી મળતો માટે પૂજાજ છોડી દેવી જોઇએ એવું કહેનારો પણ ખોટો છે. કાશ્મીર જવા નીકળે તે કાશ્મીરમાં ચાર દહાડે પહોંચે કે ચારસોમે દહાડે પહોંચે તેનો કાંઇ સવાલજ નથી. મતલબ એટલીજ છે કે તેણે ગ્રહણ કરેલો રસ્તો કાશ્મીરનોજ રસ્તો હોવો જોઇએ. જો રસ્તો બરાબર હોય તો કોઈની વધારે ગતિ હોય તો તે જલદી કાશ્મીર પહોંચી શકે અને કોઇની ઓછી ગતિ હોય તો તે મોડા પહોંચી શકે, પરંતુ રસ્તો વ્યાજબી હોવો જોઇએ તેજ પ્રમાણે અહીં પણ ભગવાનની પૂજા એ ત્યાગનો રસ્તો છે કે નહિ તે તપાસવાનું છે. આપણે તીર્થંકરની પૂજા કરીએ છીએ તે શા માટે કરીએ છીએ તેનો વિચાર કરો. શું તીર્થંકરો આપણા વડવાઓ હતા, તે માટે આપણે તેમને પૂજીએ છીએ? અથવા શું તેમની પાસે મોટા ચક્રવર્તી રાજ્યોની માલિકી હતી તે માટે આપણે તેમને પૂજીએ છીએ? અથવા શું તેઓ છ મહિના ઉપવાસ કરી શકયા તે માટે આપણે તેમને પૂજીએ છીએ? નહિજ!! ત્યારે હવે આ પ્રશ્નનો ઝીણવટથી વિચાર કરો કે આપણે તીર્થંકરદેવોને શા માટે પૂજીએ છીએ?

**ભગવાનના કાર્યોની પૂજા** આપણે તીર્થંકર દેવોને પૂજીએ છીએ તેનું એજ કારણ છે કે તેમણે મોક્ષમાર્ગ દર્શાવ્યો હતો, તેઓ મોક્ષમાર્ગે ચાલ્યા હતા અને સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં તેઓ યાહોમ કરીને પડયા હતા. આટલાજ માટે આપણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમને પૂજવાને યોગ્ય માનીએ છીએ. આપણે ભગવાનના મંદિરને નથી પૂજતા, એ મંદિરોના પથરાઓને નથી પૂજતા અથવા ભગવાનના હાર, મુકુટ, કુંડળ વગેરે અલંકારોને પણ આપણે નથી પૂજતા. આપણે તેમનાદ્વારા તેમના કાર્યોનેજ પૂજીએ છીએ. તીર્થંકર ભગવાનોએ સ્ત્રી છોડી હતી, રાજ્યો છોડ્યાં હતાં, પરિવાર છોડયો હતો સર્વસ્વ છોડયું હતું અને તેઓ અજ્ઞાનરહિત થયા હતા અને જ્ઞાનમય બન્યા હતા તેટલાજ કારણથી આપણે તેઓશ્રીને પૂજવા યોગ્ય માનીએ છીએ. હવે વિચાર કરો કે આપણે જે ગુણને અંગે તીર્થંકર ભગવાનોને પૂજીએ છીએ તે ગુણ આપણી નજરમાં ઉંચામાં ઉંચો હોવોજ જોઈએ. જો એ ગુણ આપણી દૃષ્ટિમાં ઉંચામાં ઉંચો ના હોય તો આપણે તીર્થંકર દેવોને આપેલું સન્માન તે હોળીના રાજાનું સન્માન કર્યું હોય તેવુંજ ઠરે છે. હોળીના રાજાનું જે સન્માન થાય છે તે તે સન્માન તે વ્યક્તિને અંગે થતું નથી પરંતુ તેના વેશને અંગે તેના કપડાંને અંગેજ થાય છે તેજ પ્રમાણે સદ્‌ગુણને લક્ષમાં રાખ્યા વિનાજ જો આપણે તીર્થંકર દેવોની પૂજા કરીએ તો તે પૂજા પણ વ્યર્થ અને અર્થહીનજ છે.

**તીર્થંકરો એ હોળીના રાજા નથી.** આપણે એ હોળીના રાજા અને તેના અનુયાયીઓની દશામાં રહેવાનું નથી. હોળીમાં રાજા બનીને તે આગળ ચાલે છે અને પાછળ તેના અનુચરો ચાલે છે આવા રાજા બનવાનો તમારો વારો આવે છે તો તમે નાસભાગ કરી મૂકો છો. હોળીના રાજાની પાછળ ચાલવાને માટે બધા તૈયાર છે પરંતુ રાજા થવાને માટે કોઇ પણ તૈયાર નથી. જો એજ પ્રમાણે આપણામાં ત્યાગની બુદ્ધિ ન હોય અને આપણે તીર્થંકર ભગવાનોને પૂજીએ તો આપણે પણ તેમને હોળીના રાજા માનીએ છીએ અથવા તેવોજ તેમનો સત્કાર કરીએ છીએ એજ તેનો અર્થ થાય! આપણે કહીએ છીએ કે તીર્થંકર ભગવાનો સાચા છે તેમણે ગ્રહણ કરેલો માર્ગ સાચો છે અને એ માર્ગ ગ્રહણ કરવા માટે આપણે તેમને પૂજીએ છીએ, પરંતુ એમણે જે અવસ્થા ગ્રહણ કરી હતી તેજ અવસ્થા જો આપણને સ્વીકારવાનું આવે અને ત્યારે આપણે નાસભાગ કરીએ મોઢું સંતાડીએ અને એ સ્થિતિથી દૂર રહેવાનો પ્રયત્ન કરીએ તો પછી આપણે હિસાબે પણ તીર્થંકર દેવ એ સાચા રાજા બને છે કે હોળીના રાજા બને છે તેનો વિચાર કરો. જે ત્યાગનાજ અર્થી છે સંસારને દુષ્કર કીચડ કાદવથી ભરેલો અને તેથીજ છોડવા યોગ્ય એવો જે જે માને છે તેમને તો તીર્થંકર ભગવાનો એ જરૂર રાજા છે પરંતુ બીજાઓની ધાનત કયાં હોય છે તેનો વિચાર કરો. દેશનું, મુલકનું રાજાપણું લેવાનું હોય ત્યાં કોઇ ના પાડતું નથી ત્યાં સર્વ કોઈ નાસભાગ કરતું નથી અથવા પોતાને બદલે ત્યાં કોઇ બીજાને ઉભા કરી આપતું નથી ત્યાં દરેક વગર બોલાવે કુદકો મારીને સિંહાસન ઉપર ચઢી બેસવા તૈયાર થાય છે પરંતુ હોળીના રાજા થવાનું હોય તો પોતે કોઇ તૈયાર નથી થતું તે સ્થાન બધા બીજાને ભળાવી દેવા તૈયાર હોય છે.

**તીર્થંકર એક હોળીના રાજા છે?** આ પરિસ્થિતિનું કારણ શું છે તે વિચારો. દેશના રાજામાં આપણે સાચું રાજાપણું માન્યું છે તેથીજ તે સ્થાન સ્વીકારવાને માટે આપણે બધા તૈયાર થઇ જઇએ છીએ, અને હોળીનું રાજાપણું એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાજય અને હલકું માન્યું છે; આ જગતની મનોદશા છે. હવે આપણી વાતનો પુનઃ વિચાર કરો. આપણે પણ ભગવાન્ શ્રી તીર્થંકરદેવોને પૂજ્ય માનવા છે તેમનો રાહ સારો ગણવો છે તેમણે કર્યું છે તે યોગ્ય કર્યું છે એમ કહીએ છીએ પરંતુ તેજ કરવાનો જો આપણો સમય આવે છે તો આપણે મોં સંતાડી દઇએ છીએ. ભગવાનના જેવા પરિષહ ઉપસર્ગ સહન કરવાની કિંવા ત્યાગ કરવાની વેળા આવે, તો આપણે નાસવા માંડીએ છીએ. જો આવીજ રીતે આપણે તીર્થંકરદેવોને મહાન્ માનીએ તો પછી વિચાર કરો કે આપણે તેમને સાચા રાજા માનીએ છીએ કે હોળીના રાજા માનીએ છીએ વારૂ ? તીર્થંકર ભગવાનોને જો આપણે સાચા રાજા માનતા હોઇએ તેમની સમૃદ્ધિને સાચી સમૃદ્ધિ તરીકે ગણતા હોઇએ અને તેમની ભવ્યતાને સાચી માનતા હોઇએ તો ત્યાગ લેવાનો પ્રસંગ આવી મળે ત્યારે એટલો બધો આનંદ થવો જોઈએ કે જેટલો આનંદ તમોને આખા જગતની પ્રેસિડેંટશિપ મળે તોપણ ન થાય ! તમારી ભાવના જો સોએ સો ટચની હોય તો જગતની પ્રેસિડેંટશિપની પ્રાપ્તિ કરતાં પણ તમોને વધારે-લાખગણો આનંદ-ત્યાગનો પ્રસંગ આવે ત્યારે થવો જોઇએ. હવે વિચાર કરો કે તમોને કદી આવો આનંદ થયો છે થાય છે ?

**અક્કલનો ઇજારદાર.** આપણને અધિકારની પ્રાપ્તિ થતાં આપણે રાજી થઇએ છીએ તેના કરતાં સેંકડોગણું રાજી થવાપણું ત્યાગને પ્રાપ્ત થતી સમયે હોવુંજ જોઇએ. આ સઘળી વાત તો શ્રાવકથી-શ્રાવકપણાથી પણ હલકી કોટીના આત્માને માટે કહી છે. જેણે જગતને સારૂં માન્યું હોય, જગતનો પૈસો અધિકાર, એ સઘળું સારૂં માન્યું હોય તેમને હિસાબે તેમને તો ત્યાગની વખતે અપૂર્વ આનંદ થવોજ જોઇએ, તમે (૦) શૂન્યને સો વડે ગુણશો તો શું આવશે ? શૂન્યનો ઢગલોજ આવવાનો ! ! હજી એકને સો વડે ગુણી જોશો તો તો સો પણ આવશે પણ જે શૂન્યનેજ સો વડે ગુણવા બેસે છે તેને ગુણાકારનો કાંઈ સંબંધજ રહેતો નથી. જે અજ્ઞાનપણે દુનિયાદારીમાં મહત્વ ગણે છે જેની આંખોએ દુનિયાદારીમાં મહત્વ છે તેને હજારો અને લાખો ગણો આનંદ શ્રી તીર્થંકરદેવે ઉપદેશેલા ત્યાગને માર્ગે પગલાં માંડતાં થવો જોઇએ, પરંતુ શ્રાવકની સ્થિતિ તો એનાથી સારી છે. શ્રાવકને તો તેની મૂળ સ્થિતિમાં એટલે શ્રાવકપણાની સ્થિતિમાંજ રાજા અધિકાર લેવા પગે પડીને વિનતિ કરે તોએ તેને શ્રાવક માન્ય નજ રાખે ! આ વસ્તુસ્થિતિને વધારે સ્પષ્ટ કરતાં આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજા સાહેબ કલ્પક નામના બ્રાહ્મણનું ઉદાહરણ ટાંકે છે. આચાર્ય ભગવાન્ પરિશિષ્ટમાં કલ્પકની કથા નોંધતાં જણાવે છે કે કલ્પક કરીને એક જૈન બ્રાહ્મણ હતો. મહાન્ રાજનીતિ શાસ્ત્રકાર જે આર્યચાણક્ય તેનો તે કલ્પક બ્રાહ્મણ પિતા થતો હતો અને એટલો બુદ્ધિશાળી હતો કે તેને બધા તે યુગનો "અક્કલનો ઇજારદાર" કહેતા હતા ! અગર તે યુગનો અભયકુમાર હતો.

**શ્રાવકકુળનો ઉત્કૃષ્ટ પ્રભાવ.** એક સમયે ત્યાંના મહારાજાને ખબર પડી કે આ યુગનો અક્કલ ઈજારદાર મારા દેશમાં રહે છે એટલે તો મહારાજાએ તેજ ક્ષણે કલ્પકને તેડવા મોકલ્યો. કલ્પક આવ્યો તેણે મહારાજાને પ્રણામ કર્યા અને પૂછ્યું કેઃ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહો મહારાજશ્રી આપની શી આજ્ઞા છે વારૂ? મહારાજાએ કહ્યું, "મહાનુભાવ કલ્પક! તમે મારા વિશાળ સામ્રાજ્યના પ્રધાન થાઓ. કલ્પક ધર્મનો જાણકાર હતો તેણે કહ્યું, "મહારાજ! ભૂખને માટે અન્ન અને શરીર ઢાંકવાને માટે વસ્ત્રો એ બે ચીજો મારા ભાગ્યબળથી મને મળ્યાજ કરે છે તો પછી તેનો ત્યાગ કરીને મારા નરકવાસના કારણરૂપ આ તમારૂં અમાત્યપદ છે જેનો સ્વીકાર કરવાની મને કશીજ આવશ્યકતા નથી. હવે વિચાર કરો કે વણમાગ્યું નિમંત્રણ આવે છે અને મહારાજા કલ્પકને અમાત્યપદ લેવાનો આગ્રહ કરે છે ત્યાં મહાનુભાવ કલ્પકને એવો વિચાર ઉદ્‌ભવે છે કે મને ખાવાને માટે અન્ન અને પહેરવાને માટે વસ્ત્રો તો મળ્યાજ કરે છે તો પછી મારે નરકના સ્થાનરૂપ આ અમાત્યપદને વળી શા માટે ગ્રહણ કરવું? મહાનુભાવો! વિચાર કરજો કે આ શાનો પ્રભાવ છે? કઇ મનોદશા આવો વિચાર લાવે છે વારૂ? આ શ્રાવકકુળનો પ્રભાવ છે. આ બનાવ ઉપર ટીકા કરતાં ભગવાન્‌શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી મહારાજ જણાવે છે કે શ્રાવકપણામાં સંતુષ્ટપણાની હદ કયાં છે તે આથી સમજાય છે. રાજા પોતે બોલાવીને પ્રધાનપદ લેવા માટે આગ્રહ કરે છે છતાં કલ્પક તેનો એ ભાવનાથી પ્રતિકાર કરે છે કે મને ખોરાક પોષાક તો મળે છે પછી વળી મારે પ્રધાનપદરૂપ પાપપંકમાં પડવાની શી જરૂર છે? હવે વિચાર કરો કે આ કેવી સ્થિતિ છે?

**સાચા પિતાનું કર્તવ્ય.** કલ્પક પોતે રાજાને પ્રધાનપદ લેવાની ના પાડે છે તેથી રાજા ગુસ્સે થશે તેનો પણ તે વિચાર નથી કરતો અને પોતાની ફરજ બજાવે જાય છે એ જૈનકુળની મહત્તાનીજ ખૂબી છે. પરિશિષ્ટપર્વમાં વધુમાં ચાણકય અને ચંદ્રગુપ્તનું ઉદાહરણ પણ નોંધવામાં આવ્યું છે. ચાણકયના પિતાને ત્યાં જ્યારે ચાણકયનો જન્મ થયો ત્યારે ચાણકયના મોંઢામાં દાંત હતા દાંત સાથેજ પુત્રને જન્મેલો જોઇને ચાણકયના પિતાએ જ્યોતિષીને બોલાવ્યો અને જ્યોતિષીને કહ્યું કે આ બાળક દાંતની સાથેજ જન્મ્યો છે એનું ફળ શું હોવું જોઇએ? જ્યોતિષીએ ઉત્તર આપ્યો કે આ બાળકના દાંત છે તેનું ફળ એવું થશે કે આ બાળક મોટો થશે ત્યારે રાજા થશે!" જ્યોતિષીના આ શબ્દો સાંભળીને ચાણકયના પિતાએ તો તરતજ કાનસ મંગાવી અને તે બાળકના દાંત ઘસી નાંખવા માંડ્યા. દાંત ઘસતી વખતે છોકરાને પીડા થઇ હશે તે રડ્યો હશે તેણે દુઃખના પોકારો પણ કર્યા હશે પરંતુ ચાણકયના પિતાએ તે કાંઇપણ ગણકાર્યું નહિ અને તેના દાંત ઘસી નાંખ્યા! ચાણકયનો પિતા ઘાતકી હતો રાક્ષસ હતો અથવા ક્રૂર હતો એમ ન માનશો. તેણે ચાણકયના દાંત એજ આશયથી ઘસી નાંખ્યા હતા કે દાંત હોવાથી આ છોકરો રાજા થશે અને તે રાજા થઇને દુર્ગતિનો ભાગીદાર થશે તેના કરતાં રાજાપણાના કારણરૂપ આ દાંતજ ઘસી નાંખવા જોઇએ કે તેથી છોકરો રાજા પણ ન થાય અને દુર્ગતિનો ભાગીદાર પણ ન થાય!!

**કલ્પના પણ કંપાવે છે** એક તરફ ચાણકયના પિતાની સ્થિતિનો વિચાર કરો અને બીજી તરફ આપણી આજની સ્થિતિનો વિચાર કરો. આપણી આજની સ્થિતિ કેવી ભયંકર છે તેનો વિચાર કરો. આજે આપણને પાંચ પૈસા મળવાના હોય તો આપણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તળે ઉપર થઇ જઈએ છીએ ત્યારે બીજી બાજુએ ચાણુકયનો પિતા પોતાના પુત્રને રાજ્યની પ્રાપ્તિ ન થાય તે માટે તેના દાંત ઘસી નાંખે છે! તમોને ચાણુકયના પિતાની સ્થિતિનો ખ્યાલ કદાચ ન આવી શકતો હોય, પરંતુ એ ખ્યાલ તમારે રાખેજ છૂટકો છે. તમે એવી કલ્પના કરો કે તમારે નાનો બાળક છે. તેની યોગ્ય વયે તેને દાંત ઉગ્યા છે અને તે દાંત તમારે ઘસીને કાઢી નાંખવા છે. શું તમારો જીવ એ કાર્યમાં ચાલે ખરો કે? તમારે પ્રત્યક્ષ દાંત ઘસી નાંખવા નથી માત્ર કલ્પનાજ કરવાની છે પરંતુ એ કલ્પના પણ તમે નથી કરી શકતા ત્યારે ચાણુકયનો પિતા કાનસ લઇને તેના દાંત ઘસી નાંખે છે એ સ્થિતિની મહત્તા વિચારી જુઓ. ચાણુકયના દાંત તેના પિતાએ ઘસી નાંખ્યા પછી તે જ્યોતિષીને પૂછે છે કે હવે રાજગાદી ઉપર કોણ બેસશે? જ્યોતિષી જવાબ આપે છે કે હવે ચાણુકયને સ્થાને એનું પુતળું ગાદીએ બેસશે! અર્થાત્ પુતળા જેવા રાજાને ગાદીએ બેસાડી રાજ્યવ્યવસ્થા પોતાના હાથમાં રાખશે. ચાણુકયનો પિતા જ્યારે આવો જવાબ સાંભળે છે ત્યારેજ તેને સંતોષ થાય છે!

**લક્ષ્મી ચાંદલો કરવા આવે............"** સાચું શ્રાવકપણું એટલે શું અને તે કઈ જગાએ છે તે વસ્તુ તમે આ ઉદાહરણ ઉપરથી સારી રીતે સમજી શકશો! શ્રેણિકમહારાજા અને અભયકુમારના ઉદાહરણને હવે વિચારી જુઓ. મગધ દેશમાં જે વખતે મહારાજા શ્રેણિક રાજ્ય કરતા હતા તે વખતે આખા દેશમાં મગધનું રાજ્ય એ મહારાજ્ય ગણાતું હતું. આજે આખી દુનિયામાં કાંઇ અંગ્રેજોનું રાજ નથી તે છતાં સ્થિતિ એ છે કે ગ્રેટ બ્રિટનમાં એક પાંદડું પણ હાલે છે એટલે આખી દુનિયા તેના તરફ કાન માંડીને સાંભળી રહે છે. તે સમયે મગધની એ સ્થિતિ હતી. મગધનું રાજ્ય એટલે ભારતનું મહારાજ્ય. મહારાજા શ્રેણીક એ મગધ દેશના રાજા હતા અને અભયકુમાર એ તેમનો યુવરાજ હતો. મહારાજા, અભયકુમારને કહે છે કે "આ મગધદેશનું વિશાળ રાજ્ય તને આપી દઉં છું તે લઇ લે!" અભયકુમાર કહે છે: ઉભા રહો હું જરા જઈ "ભગવાનને પૂછી આવું છું!" હવે અભયકુમારની આત્મપરિણુતિ કેવી છે તેનો ખ્યાલ કરો. તમે આવી સ્થિતિ હોય અને કોઈ ના કહે અથવા જરા ઉભા રહેવાનું કહે તો એમ કહો છો કે "લક્ષ્મી ચાંદલો કરવા આવે છે ત્યારે મોં ધોવા જાય છે!" તમારી વાત સાચી છે પરંતુ જે ચીજ સામે આવતી હોય તેને એ માણુસ જો લક્ષ્મી ન સમજતો હોય તો અલબત્ત તે મોં ધોવાનું ન સમજે પરંતુ જો તે માણુસ એ ચીજને લક્ષ્મીજ ન સમજતો હોય તો પછી તે તો મોં ધોવા જાયજ ને! અરે મોં ધોવાની વાત શી કરો છો, જે માણુસ લક્ષ્મીને લક્ષ્મી નથી સમજતો અને લાકડીજ સમજે છે તે તો માત્ર મોં ધોવાજ ન જાય પરંતુ એ લાકડીની સામેથી હંમેશ માટેજ મોં ફેરવીજ લેને!

**લક્ષ્મી, લક્ષ્મી નથી પણુ લાકડી છે.** જે આત્મા લક્ષ્મીને લક્ષ્મીજ નથી માનતો તેને જે લાકડીજ માને છે તે તો એ લાકડીનો ફટકોજ બેસવાનો છે એમ પહેલેથીજ સમજી લે છે અને એ લાકડીને છોડીને દૂરજ ભાગે છે! અભયકુમાર મહાબુદ્ધિશાળી હતા. સારાસારના જાણુકાર હતા મહાન્ વિચારવાળા હતા એટલે તરતજ તેમણે રાજલક્ષ્મીરૂપ લાકડીથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આઘા ખસવા માંડયું. તેઓ રાજપુત્ર હતા. યુવરાજ હતા. રાજગાદીના અધિકારી હતા હવે પિતા તેમને રાજગાદી આપવાને માટે રોકવા જાય છે ત્યાં ધર્મવીર અભયકુમાર પિતાને જરા થોભવાનું કહે છે અને તે સીધો ભગવાન્ શ્રી મહાવીર દેવ પાસે આવીને હાજર થાય છે. મહાનુભાવો ! આ અભયકુમારની દશા સાથે તમે તમારી દશા જરા સરખાવી તો જુઓ કે તમે કયાં છો તેની તમોને ખબર પડે ! રાજકુમાર રાજગાદીનો હકદાર છે, મહારાજા શ્રેણિકનો ઉત્તરાધિકારી છે મગધદેશ જેવી સુવર્ણપુરી પોતાની સામે છે, તે છતાં અભયકુમાર એ રાજ્યલક્ષ્મીને લાકડી માને છે. આ સ્થિતિ તમારી કયારે આવશે ! તમારી આ સ્થિતિ આવે કે ન આવે, પરંતુ તમારી આ સ્થિતિ આવો એવું તમો ઈચ્છો છો પણ ખરા કે ? આખા મગધદેશની રાજ્યલક્ષ્મીને લાકડી ગણવી એ કેવી સુંદર દશા છે તેનો ખ્યાલ કરજો, હવે અભયકુમાર ભગવાન્ શ્રીમહાવીર દેવ પાસે આવે છે અને ભગવાનને પૂછે છે કે મહારાજ ! આપની પાસે જે મુકુટધારી રાજાઓ દીક્ષા લે છે અથવા લેશે તેમાં છેલ્લો કયો રાજા હશે ? ભગવાન્ શ્રીમહાવીરદેવ ઉત્તર આપે છે: હે રાજકુમાર ! મહારાજા ઉદાયન એ છેલ્લો રાજર્ષિ છે.

**દીક્ષા આગળ તાજ નકામો છે.** રાજકુમાર અભયકુમારે ભગવાન્ શ્રીમહાવીરદેવને આવો પ્રશ્ન શા માટે કર્યો છે તેનો મર્મ વિચારો. એનો મર્મ એ છે કે જો છેલ્લો રાજર્ષિ હજી બાકી હોય અને પોતે રાજા થયા પછી પણ દીક્ષા લઈ શકે એમ હોય તો તો ઠીક પરંતુ જો તેમ ન હોય અને રાજગાદી મળ્યા પછી પોતાની દીક્ષા અટકતી હોય તો એ દીક્ષા અટકવા દેવાની તેની બિલકુલ તૈયારી ન હતી. ભગવાન્ શ્રીમહાવીરદેવે ઉત્તર આપ્યો તે સાંભળીને અભયકુમારની ખાતરી થઈ ગઈ કે જો પોતે રાજગાદીનો સ્વીકાર કરશે તો તેનું પરિણામ એજ આવવાનું કે તેની દીક્ષા ટળી જવાની છે, અને પોતાની દીક્ષા ટળી જાય એ તો અભયકુમાર જેવો સારો ધર્મવીર કબુલજ કેવી રીતે રાખી શકે ? તે તરતજ મહારાજા શ્રેણિક પાસે ગયો અને પિતાજીને નમ્રતાપૂર્વક કહી દીધું કે "પિતાજી ! મારે મગધદેશના મહાવિસ્તીર્ણ રાજ્યની પણ જરૂર નથીજ ! મારે માટે આજથી મગધના મહારાજ્યને નામે મીઠું મૂકો ! હવે મગધના મહારાજ્યનો ત્યાગ એટલે શું તેનો જરા ખ્યાલ કરજો ! એ કાંઇ પાંચસાત વીંઘાની જમીનદારી ન હોતી અથવા કલેકટરી કે કમિશ્નરી ન હોતી. મગધનું મહારાજ્ય એટલે તો તે કાળનું જગતનું સર્વોપરિ રાજ્ય ! હિંદુસ્તાનમાં તો ચારે દિશાએ મગધની આણ ફરતીજ હતી પરંતુ પશ્ચિમમાં યુનાન ઉત્તરમાં અને પૂર્વમાં ચીન અને દક્ષિણમાં લંકા સુધી એ મહાસામ્રાજ્યનો ડંકો વાગતો હતો આવું મહારાજ્ય તે પણ અભયકુમારને ઉત્તરાધિકારી તરીકે મળતું હતું છતાં તે પરત્વે નકાર ! ! !

**શ્રાવકપણાની સફળતા.** મહાનુભાવો ! અભયકુમારે મગધના મહારાજ્યને લાત મારી, ચાણકયના પિતાએ પોતાના નાહાન બાળકના દાંત ઘસી નાંખ્યા અને કલ્પકે તો ચાલી આવેલા પ્રધાનપણાને પણ લાત મારી. આ બધા કાર્યોમાં તેમની પરિણતિ કેવી હશે તેનો વિચાર કરો એટલે તમોને શ્રાવકપણાની સ્થિતિ કેવી હોવી જોઇએ તે બરાબર સમજાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેની આવી સ્થિતિ છે જે આત્માની આવી ભવ્ય પરિણુતિ છે તેને દુનિયાદારીની વસ્તુઓથી તીર્થંકર ભગવાનોનો જ્ઞાનવૈભવ માપવાપણું હોયજ નહિ ! જેને મન આંકડો અવશેષ ન હોય, જે દુનિયાની સમૃદ્ધિને આંકડો નહિ પણુ શૂન્યજ માનતો હોય તેને મન તો શૂન્યને ગમે તેટલાએ ગુણો તેનો કાંઇ અર્થજ નથી પરંતુ જેને દુનિયાદારીના વૈભવની કિંમત હોય એ કિંમત તરીકે જે એકડો મુકતો હોય તેનેજ એ એકડા સાથે બીજા આંકડાઓ માંડીને ગુણાકાર કરવાનો બાકી રહે છે. જેના મનમાં દુનિયાદારીના વૈભવની કિંમત છે તેજ માણુસ એ વૈભવ કરતાં ત્યાગનો વૈભવ કેટલા ગણો છે એવો પ્રશ્ન વિચારવા બેસી શકે છે પરંતુ જેના આત્માને એ વાત કબુલ છે કે આ દુનિયાદારીનો વૈભવ તે તો મોટું '૦' (શૂન્ય) છે તે આત્માઓ તો તીર્થંકર દેવોનું કેટલું માન રાખે તેની માત્ર કલ્પનાજ કરવી બસ છે. 'જે આત્મા એમ સમજે છે કે નિર્ગ્રંથ પ્રવચન એજ એક કલ્યાણુ કરનારી વસ્તુ છે અને બીજું બધું આ સંસારમાં જે કાંઇ છે તે જુલમ કરનારૂં છે તે તો ગુણાકાર કરવાની કદી વાતજ કરવાનો નથી. જુલમ કરનારનો ગુણાકાર કરીએ તો તેનું પરિણામ પણુ એજ આવે છે કે જુલમ વધીજ જાય ! દુનિયાને જુલમગાર ગણો અને પછી તેનો ગુણાકાર કરવા જાઓ તો પરિણામ એજ આવશે કે જુલમ વધવાજ પામશે. એજ પ્રમાણે રાજ, સંસાર, કુટુંબ એના મળવાથી અથવા એના સંબંધમાં ઇચ્છા પ્રમાણે અનુકૂળ કિંવા ઇચ્છા પ્રમાણે પ્રતિકૂળ સંયોગો મળવાથી જે લાગણીની પ્રાપ્તિ થાય છે એનેજ જો તમે સંતોષ માની લો તો એ તમારી પહેલા નંબરની ભૂલ છે કે બીજું કાંઇ ? અને જો તમો એજ સંતોષને સાચો સંતોષ માનતા હો તો તો પછી કહેવું જોઇએ કે તમારે હિસાબે તીર્થંકર દેવો એ હોલીના રાજાઓજ છે ! ! !

**એકજ સારો તો બીજા ભુંડાં!** તમે તમારા આત્માને છેતરવાની વાતો ન કરશો. જો તમે એમ ગણુતા હો કે સંસારનો વૈભવ સારો છે તો પછી સંસારનો એ વૈભવ તમોને મેળવી આપે તે સારો કે એ તમારો વૈભવ જે છોડાવી દે તે સારો ? જો વૈભવ સારો છે તો છોડનારો ભુંડો છે અને એ વૈભવ છોડાવવાની પણુ જે વાત કરે છે તે ભુંડું કરનારોજ છે. જો તમે ભોગનેજ સારો ગણુતા હો, અને તમે ભોગનેજ આદરવા લાયક માનતા હો તો એ વાત સ્પષ્ટ કરો. જો તમે ભોગજ સારો ગણુતા હો તો તો ત્યાગને ખરાબ ગણો છો એ ખુલ્લું કરો અને ત્યાગીને પૂજો છો એ સાચા રાજા તરીકે નથી પૂજતા પણુ આગળ જણાવ્યું તેમ હોળીના રાજા તરીકે પૂજો છો એ વાત જાહેર કરી દો. જેઓ તીર્થંકર ભગવાનોને આવા હોળીના રાજા ન ગણુતા હોય, તેમને સાચા રાજા માનતા હોય અને તેમને જગતના ઉદ્ધારક માનતા હોય તે તો તેમને પૂજતાં પૂજતાં ગમે ત્યારે પણુ એ ત્યાગને મેળવવાના છે એ વાત સ્પષ્ટ છે. ઘોડેસવાર કન્યાકુમારીથી કાશ્મીર જવા નીકળશે તો તે જલદી પહોંચશે અને કોઇ ડોશીમા ડગલાં ભરતાં ભરતાં જાય તો પાંચ વરસે પહોંચશે; પરંતુ જો તે ખરે રસ્તે ચાલ્યાજ કરશે તો ગમે ત્યારે પણુ તે ડોશીમા કાશ્મીર પહોંચવાના તો છેજ, એ વાત નિશ્ચય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સોનું એ શોભીતી બેડી છે.** એજ પ્રમાણેની તમારી દશા છે. તમારામાં જોઇએ તો ત્યાગની તીવ્રતા ન થઈ હોય તમે જોઇએ તો દીક્ષા લેવાનાજ ઇરાદે દેવપૂજા ન કરતા હો છતાં જો તમે એમ માનતા હશો કે જગતની સંપત્તિ એ સઘળી સોનેરી બેડી છે અને ત્યાગ એજ એક અક્ષયધન ભંડાર છે તો તમે લાખો વખત યા કરોડો વખત દેવપૂજા કર્યાથી ત્યાગના તાત્પર્યમાં તો જરૂર આવશોજ ! અલબત્ત ફેર એટલોજ પડશે કે જે પેલા ઘોડેસ્વારની માફક શક્તિવાળો હશે તે જલદી પહોંચી જશે અને જે ઓછી ગતિવાળો પેલી ડોશીના જેવો હશે તે હજારોવાર લાખોવાર કરોડોવાર દેવપૂજા કર્યા પછી ત્યાગની પરિણતિમાં આવી શકશે, પરંતુ જો તમે સીધે રસ્તે ચલ્યા હશો તો ધારેલે સ્થળે જરૂર પહોંચી શકશો ! તમે હજારો વખત પૂજા કરી, લાખો વખત પૂજા કરી કે ગમે એટલીવાર પૂજા કરી, પરંતુ તમારી એ બધીય પૂજા ત્યાગને માટેજ છે. હવે તમારી પૂજા ત્યાગને માટેજ છે અને હજારો, લાખો કે કરોડોવાર તમે પૂજા કર્યા પછી તમે એ પૂજાના કાર્યરૂપ (ફળરૂપ) ત્યાગ મેળવી શકો છો ત્યારે તમારે ત્યાગકાર્યના કારણરૂપ પૂજા કરવી એ નકામું થઈ જાય છે. ત્યાગરૂપ ફળ મેળવી લીધેલાને પૂજા કરવાની કશી જરૂર રહેતી નથી. જે માણસ કાશ્મીરમાં નથી રહેતો અને કન્યાકુમારીમાં રહે છે તેને કાશ્મીર આવવા માટે દોડવાની જરૂર પડે છે કે ચાલવાની જરૂર પડે છે પરંતુ જ્યાં તે કાશ્મીરમાં આવીને દાખલ થાય છે અથવા તે કાશ્મીરનોજ રહેવાસી બને છે કે તે પછી તેને કાશ્મીર જવા માટે દોટ મૂકવાની જરૂર રહેતી નથી છતાં પણ જો કોઇ કાશ્મીરનોજ વતની રસ્તા ઉપર નીકળીને, "હું તો કાશ્મીર જાઉં છું મારે તો કાશ્મીર જવું છે." એમ કહીને માર્ગમાં દોડાદોડ કરી મૂકે તો લોકો તેને ગાંડોજ કહે !

**તેમને પણ મૂર્ખોજ સમજજો.** જેમ કાશ્મીર પહોંચી ગયેલાને, કાશ્મીરમાં દાખલ થયેલાને કાશ્મીર જવા માટે દોડાદોડ કરવાની જરૂરજ રહેતી નથી તેજ પ્રમાણે દેવપૂજાના કારણરૂપ ત્યાગ પણ જેણે મેળવી લીધો છે એવા સાધુઓને ભક્તિપૂર્વકની દ્રવ્યપૂજા કરવાની જરૂરજ રહેતી નથી. હવે એક માણસ કાશ્મીર પહોંચી ગયો છે તે માણસ દિલ્હીમાં રહેનારા કોઇ મિત્રને એવો કાગળ લખે કે ભાઇ, જો તારે કાશ્મીર આવવું હોય તો દિલ્હીથી ફલાણી ફલાણી ગાડીમાં બેસીને આવ, એ ગાડીમાં તું બેસશે તો તારાથી કાશ્મીર આવી શકાશે !" આવો કાગળ વાંચીને દિલ્હીમાં રહેનારો માણસ કાશ્મીરવાળા માણસને માટે એમ કહે કે "જો ભાઈસાહેબ પોતે તો કાશ્મીર જવા માટે ગાડીમાં બેસવાનો નથી અને મને ગાડીમાં બેસવાનું કહે છે ! જા ! તું તો એ ગાડીમાં નથી બેસતો માટે હું પણ ગાડીમાં નથી બેસવાનો !!" મહાનુભાવો ! હવે વિચાર કરો કે તમે આ દિલ્હીવાસીને પાગલ ગણશો કે તેને બીજો કાંઈ ખિતાબ આપશો ? એજ સ્થિતિ તમે અહીં પણ લાગુ પાડજો. જેમણે ત્યાગરૂપ સાધુપણું મેળવ્યું છે સર્વારંભ પરિગ્રહ કષાય એનો જેમણે ત્યાગ કરી દીધો છે તેવાઓને અલબત્ત આગગાડી રૂપ દ્રવ્યપૂજાની જરૂર નથી પરંતુ જેઓ ત્યાગમાં જઈ પહોંચ્યા નથી અને જેઓ ત્યાગ સ્વીકારી ચુકયા નથી, તેઓ જો સાધુઓ દ્રવ્યપૂજા નથી કરતા તો પછી અમારે દ્રવ્યપૂજા કરવાની શી જરૂર છે" એવું કહે તો તેનું સ્થાન પણ મૂર્ખાઓના વર્ગમાંજ ગણી શકાય !!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દ્રવ્યપૂજાની અનિવાર્ય જરૂર.** સર્વવિરતિ જેમણે અંગીકાર કરી છે તેવો સમુદાય દ્રવ્યપૂજાની ટીકીટ ન લે તો બેશક તેમને તેની જરૂરજ નથી, પરંતુ તે જોઇને દેશવિરતિવાળો પણ દ્રવ્યપૂજાની ટીકીટ લીધા વિનાજ પ્લેટફોર્મ ઉપર ઘુસવા જાય તો તેનું પરિણામ એજ આવે કે સિપાઇઓ ધક્કો મારીને નીચે ઉતારે વસ્તુત: તાત્પર્ય એ છે કે સાધુઓ પોતે પૂજા કરતા નથી તેનું કારણ એ છે કે પૂજાનું ફળ જે ત્યાગ છે એ ત્યાગને તેમણે મેળવી લીધો છે પરંતુ જેમણે એ ત્યાગને નથી મેળવી લીધો એવા વર્ગને તો દ્રવ્યપૂજા કરવાની અવશ્ય જરૂર છે. સાધુઓ પોતે દેવપૂજા નથી કરતા તેનું કારણ એ છે કે તેમણે ત્યાગની ભૂમિકા પ્રાપ્ત કરી છે પરંતુ જેમણે એ ત્યાગની ભૂમિકાની પ્રાપ્તિ નથી કરી, તેવાઓને સાધુઓ દેવપૂજાનો ઉપદેશ આપે એ પણ વ્યાજબીજ છે. દાકતર પોતાની પાસે દવાની ભરેલી બાટલી રાખે છે. દાકતર સ્વયં જેટલી દવા હોય તેટલી પીવા લાગતો નથી પરંતુ તેથી તે દરદીને દવા આપતો બંધ થઈ જતો નથી. અથવા દરદી દાકતર જોડે કાંઈ એવો વાદવિવાદ પણ કરવા બેસતો નથી કે, "તમે દવા પીતા નથી તો પછી તમોને એ "દવા પી" એવું કહેવાનો અધિકાર નથી અને છતાં જો તમે મને દવા પીવાનો આદેશ આપશો તો હું એ આદેશ પાળનાર નથી કારણ કે તમે મને જે વસ્તુ ઉપદેશો છો તે તમે જાતે કરતા નથી !" દરદીએ દાકતર જોડે આવી રીતનો મિથ્યા પ્રલાપ કરવો એ મૂર્ખાઇ છે તેજ પ્રમાણે સાધુઓ પૂજા કરતા નથી માટે અમે પણ પૂજા કરતા નથી એવું દેશવિરતિવાળાએ કહેવું એ પણ મૂર્ખાઈ છે. સાધુ ત્યાગને પામેલા હોવાથી તેઓ પોતે પૂજા ન કરે છતાં શ્રાવકને તેઓ દેવપૂજાનો ઉપદેશ આપવા શાસ્ત્રિય દૃષ્ટિએ હકદાર છે અને શ્રાવકોએ ઉપદેશના પાલનને માટે પણ શાસ્ત્રિયદૃષ્ટિ એજ જરૂર જવાબદાર છે.

**" દેવપૂજાનું પ્રયોજન શું "** સાધુઓનો આદેશ પામીને જૈનો દેવપૂજા કરે છે પરંતુ એ દેવપૂજા શા માટે કરવામાં આવે છે તે વિચારો. શુદ્ધ દેવાદિને આપણે શા માટે પૂજવા યોગ્ય માન્યા છે તે તપાસો ! આપણે એમને પૂજય માન્યા છે તેનું કારણ એટલુંજ છે કે જે છોડવા લાયક છે તે તેમણે છોડયું છે જે મેળવવા લાયક છે તે તેમણે મેળવ્યું છે અને આપણે હજી પગથીયે ઉભા છીએ, આ ભાવના તેનુંજ નામ ભાવ સમ્યક્ત્વ અથવા નિશ્ચયસમ્યક્ત્વ છે. તીર્થંકર ભગવાન્ ચઢી ગયા છે તેમણે ત્યાગની પ્રાપ્તિ કરી લઈ મોક્ષની પણ પ્રાપ્તિ કરી છે અને તેમણે પોતેજ માર્ગે ચઢયા હતા તે માર્ગ પણ દર્શાવ્યો છે. આ માર્ગ આ ચઢવાના સ્થાનકો પહેલાં ધ્યાનમાં લેવાવાં જોઈએ. જે વ્યકિત પ્રથમ એ સ્થાનકો ધ્યાનમાં લે છે, તે પછી તે આ ભવને મહા ભયંકર પર્વત માને છે અને છેવટે તેને ઓળંગવાની જરૂરીયાત માનીને તેને ઓળંગે છે, તેજ વ્યકિત મુનિપણાને પામે છે. આ મુનિપણાને જે પામે છે તે લોકોત્તર સંજ્ઞામાં પ્રવેશ કરે છે. હવે એ લોકોત્તર સંજ્ઞામાં પ્રવેશનારો " મુનિ " કઈ વસ્તુઓમાં તલ્લીન હોય છે અર્થાત્ મુનિનું જીવન કેવું હોય છે, તે જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ✻ સ્યાદ્વાદનો મર્મ ✻

## સર્વજ્ઞપણું એટલે શું ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજાશ્રીએ ભવ્યજીવોના કલ્યાણુર્થે "જ્ઞાનસાર" નામક ગ્રંથ રચ્યો છે તેમાં તેઓશ્રી જણાવે છે કે જીવાદિક પદાર્થો અનંત છે, પાર વિનાનાછે અને તેની ગણુત્રી થઇ શકે એવું નથી. એ સઘળા જીવાદિકતત્વોમાં અને સઘળા પદાર્થોમાં જ્યારે યથાવત્ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યારે ત્યાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ છે એમ સમજવાનુ છે. આપણે કોઇપણ પદાર્થને જાણવાનો યત્ન કરીએ છીએ પરંતુ એ યત્ન ત્યારેજ થાય છે કે જ્યારે એ પદાર્થ જાણવા જેવો છે એવું આપણે માનીએ છીએ. પદાર્થ જાણવા યોગ્ય છે એવું માન્યા વિના આપણે તે જાણવાનો પ્રયત્ન કરતાજ નથી. એ રીતે આખા સંસારમાં જે અનંત પદાર્થો છે તે જાણવાની આપણે જરૂર ન માનીએ ત્યાંસુધી તે પદાર્થો જાણવાની પણ આપણે કાળજી રાખતા નથી. આવી રીતે કાળજી પૂર્વક મહેનત લઈ જ્યાં સુધી આપણે પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી પદાર્થોનું યથાવતજ્ઞાન થતું નથી અને જ્યાંસુધી પદાર્થોનું યથાવત જ્ઞાન થતું નથી ત્યાંસુધી શ્રદ્ધા પણ ઉત્પન્ન થવા પામતી નથી. સર્વજ્ઞપણું તે કહેવાય છે કે સઘળા પદાર્થોને યથાવિધ જાણવા. જે આત્મા સઘળા પદાર્થોને યથાવત જાણે છે તે સર્વજ્ઞ છે. સમ્યક્ત્વમાં પણ એજ સ્થિતિ છે. જે સર્વ પદાર્થોને જાણે છે તેનેજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થએલી છે એમ કહી શકાય છે અને જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારેજ તેના પછી સર્વજ્ઞપણાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સમ્યક્ત્વ થયા વિના સર્વજ્ઞત્વની પ્રાપ્તિ થવી અશકય છે.

**સમ્યક્ત્વ પછી સર્વજ્ઞતા.** જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારેજ તેના પછી સર્વજ્ઞપણું મળે છે. ચારિત્ર અને સમ્યક્ત્વ એ બંને સાથેજ હોય છે. ઘણીવાર અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પણ સમ્યક્ત્વની સાથેજ હોય છે પરંતુ કેવળજ્ઞાન કદી સમ્યક્ત્વની સાથેજ હોતું નથી. ચારિત્રની પ્રાપ્તિ થતાં પહેલાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે સમ્યક્ત્વ મળે છે તે પછી ચારિત્ર ધારણ થાય છે. ચારિત્રની પ્રાપ્તિ થયા પછી મોહનીકર્મ તોડવાનો આરંભ કરવામાં આવે છે તે પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ તોડવામાં આવે છે અને એ બધાને અંતેજ સર્વજ્ઞપદની પ્રાપ્તિ થાય છે. હવે કોઇ એવી દલીલ કરશે કે સર્વજ્ઞપદની પ્રાપ્તિ થયા વિના સઘળા પદાર્થોને જાણવાનું બની શકતું નથી અને (સર્વજ્ઞ થઇ) સઘળા પદાર્થોને ન જાણીએ ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. વળી બીજી બાજુએ સર્વજ્ઞની પ્રાપ્તિ પહેલાંજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી જોઇએ એમ કહેવામાં આવ્યું છે ત્યારે હવે આ બંને વાત શી રીતે બની શકે ! ઠીક, ધારો કે એક મનુષ્ય એક રતિ સોનું લે છે રતિ સોનું લઇને તે માણસ એ સોનું કસોટીએ ચઢાવે છે અને તેનો કસ કાઢે છે. આખા જગતનું સઘળું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોનું ભેગું કરીને તે સોનું એ માણસ તપાસી જોતો નથી તો પણ રતિ સોનાનો જાણકાર પરીક્ષક જગતના બધા સોનાનો પરીક્ષક છે એમ ગણી શકાય ખરૂં કે નહિ? રતિ સોનું લઇને તેને કસોટીએ ચઢાવી તેની જે પરીક્ષા કરી શકયો છે તે જગતના તમામ સોનાનો જાણકાર છે એ વાત સૌ કોઇ કબુલ રાખે છે.

**રતિનો જાણકાર તે બધાનો જાણકાર.** એક ચોકસી રતિ સોનાને પારખતાં જાણી શકે છે તે ગમે તે ક્ષેત્રના, ગમે તે કાળના, ગમે તે પ્રકારના સોનાને જાણે છે. જગતમાં રહેલું તમામ સુવર્ણ, કે જે ભૂતકાળમાં સોનાના સ્વરૂપમાં હોય અને વર્તમાનકાળમાં તેનું પરિવર્તન થઇ ગયું હોય, વર્તમાન કાળમાં જે સોનું બીજા ક્ષેત્રમાં અર્થાત બીજા સ્થળમાં રહેલું હોય અથવા ભૂમિમાં એવી રાસાયનિક પ્રક્રિયા ચાલી રહી હોય કે જેથી ભૂમિના ગર્ભમાં નવુ સોનું તૈયાર થઇ રહેલું હોય; એ સઘળા સ્થળના અને સઘળા કાળના સોનાને તેણે જાણી લીધું છે કે જેણે રતિસોનાનો કસ કાઢયો છે. કસ કાઢનાર માત્ર રતિસોનાનોજ કસ કાઢે છે પરંતુ એટલા ઉપરથી ક્ષેત્રાંતરે કે કાળાંતરે ઉત્પન્ન થઇ ચુકી નાશ પામી ગયેલા, અથવા વર્તમાનકાળમાં સોના તરીકે વિદ્યમાન રહેલા અથવા ભવિષ્યમાં સોના તરીકે જન્મ પામનારા સુવર્ણનામક પદાર્થને તે જાણી જાય છે. રતિસોનાનો કસ જાણનાર સોનાના સઘળા તોલોને અથવા સોનાના સઘળા આકારોને જાણતો નથી. જગતમાં કેટલું સોનું છે, એ સોનું કયાં કયાં છે અથવા તે કોના હાથમાં છે તેમાંનું કશું તે જાણતો નથી છતાં સોનાની એક રતિ લઇને તે કસી જોનારો તમામ સોનાને જાણી લે છે. અર્થાત્ સોનાના ગુણધર્મને જાણવાને માટે એક રતિ સોનું પણ બસ છે અને એક રતિ સોનાનો કસ તપાસી જોનારો આખા જગતના તમામ સોનાને જાણી લે છે. એ કેવળ સ્વાભાવિક અને વ્યવહારે સ્વીકારેલું વિધાન છે.

**સમ્યકૃત્વ એ સર્વગત છે.** જેમ રતિસોના ઉપરથી આખા જગતનું સોનું જાણી લઇ શકાય છે તેજ રીતે સમ્યકત્વ પામેલો જીવ લક્ષણ દ્વારાએ સઘળા પદાર્થો જાણી લે છે. જીવનું, પુદ્દગલનું, ધર્માસ્તિકાયનું, અધર્માસ્તિકાયનું, આકાશનું, કાળનું વગેરે સર્વ વસ્તુઓનું, લક્ષણ શું છે તે સમ્યકૃત્વ પામનારો જાણે છે અને તે ઉપરથી તે લક્ષણદ્વારાએ સર્વ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, સર્વજીવાસ્તિકાય, સર્વ પુદ્દગલાસ્તિકાય અને સર્વકાળને જાણી લે છે. સર્વ ધર્માસ્તિકાય, સર્વ અધર્માસ્તિકાય, સર્વ આકાશાસ્તિકાય, સર્વ જીવાસ્તિકાય, સર્વપુદ્દગલાસ્તિકાય અને સર્વકાળ એ છએ પદાર્થોના લક્ષણો જ્યાંસુધી જાણવામાં આવતાં નથી ત્યાંસુધી કોઇપણ દિવસ, કોઇપણ પ્રકારે સમ્યકૃત્વની પ્રાપ્તિ થઇ શકતીજ નથી. આ વાત જ્યારે ધ્યાનમાં લેવામાં આવશે ત્યારેજ નિર્યુક્તિકાર આચાર્યદેવ શ્રીમાન્ ભદ્રબાહુસ્વામીએ કહેલા વાકયનો મર્મ ધ્યાનમાં આવી શકશે. નિર્યુક્તિકાર આચાર્યદેવ શ્રીમાન્ ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે કે "सव्वगयं सम्मत्तं" અર્થાત્ સમ્યકૃત્વ એ સર્વગત છે. લોકાલોકમાં એવો કોઇપણ પદાર્થ નથીજ કે જે સમ્યકૃત્વની બહાર હોય, તેથીજ શાસ્ત્રકાર મહારાજાએ સ્પષ્ટ શબ્દોમાં એ વાત જણાવી દીધી છે કે સમ્યકૃત્વ એ સર્વગત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સમ્યક્ત્વની પ્રાપ્તિ ક્યારે માનવી?** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, સર્વજીવ, પુદ્ગલ, અને કાળ એ બધાંજ લક્ષણુથી જાણુવાની જરૂર છે. જેમ સમસ્ત સુવર્ણ રતિસોનાથી લક્ષણુદ્વારાએ જાણી શકાય છે તેજ રીતે ઉપલા પદાર્થો પણુ લક્ષણુદ્વારાએ જાણી શકાય છે અને લક્ષણુદ્વારાએ એ જાણી શકીએ ત્યારેજ એ સઘળા પદાર્થોમાં શ્રદ્ધા આવી શકે છે. એ રીતે જ્યારે સઘળા પદાર્થોમાં શ્રદ્ધા આવે છે ત્યારેજ સમ્યક્ત્વની પ્રાપ્તિ થએલી માની શકાય છે. સમ્યક્ત્વ પામેલો સઘળા પદાર્થો જાણે છે અને સર્વજ્ઞ થયેલો સઘળા પદાર્થો જાણે છે એ બંનેની વચ્ચે તો બહુ મોટો ફેર રહેલો છે. સમ્યક્ત્વવાળો સઘળા પદાર્થોને માત્ર લક્ષણુદ્વારાજ જાણે છે ત્યારે સર્વજ્ઞ વ્યક્તિ વિશેષ પ્રમાણુ તરીકે સઘળા પદાર્થોને જાણે છે. રતિસોના ઉપરથી ક્ષેત્રાંતરના, કાળાંતરના સઘળા સુવર્ણને જાણુનારો માત્ર લક્ષણુથીજ આખા જગતના સોનાને જાણે તે બીજી રીતે સોનાને જાણી શકતો નથી. તે તોલથી યા આકારથી આખા જગતના સોનાને જાણી શકતો નથી. રતિસોનાને પારખનારો હોય તેની પાસે ક્ષેત્રાંતરનું ગમે તેટલુ સોનું પરખાવો તોપણુ તે તે સઘળાં સોનાને પારખી આપે છે કારણુ કે એક રતિ સોનાના જે લક્ષણો છે તેજ લક્ષણો તમામ સોનાને વ્યાપીને રહેલા છે. જેમ એક રતિસોનામાં થએલો અનુભવ સઘળા સોનામાં વ્યાપીને રહેલો છે, અને રતિ સોનાને જાણુનારો તમામ સોનાને લક્ષણુદ્વારાએ જાણી લે છે તેજ પ્રમાણે જે સમકીતિ આત્મા છદ્રવ્યના અને પંચાસ્તિકાયના લક્ષણોને જાણી શકયો છે તે લક્ષણુદ્વારાએ બધા પદાર્થોને અને બધા અસ્તિકાયોને જાણી શકયો છે.

**जे एगं जाणइ से सव्वं जाणइ** આચારંગ સૂત્રકાર આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે "**जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ**" જે આત્મા પોતાના એક જીવને સ્વરૂપ અને લક્ષણુથી જાણે છે તેણે જગતના સઘળા જીવોને જાણી લીધા છે અર્થાત્ સ્વરૂપ અને લક્ષણુથી જેણે પોતાનો જીવ જાણ્યો છે તેણે સમસ્ત સંસારના સઘળાજ જીવો જાણી લીધા છે. "એકને જાણે છે તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે." એ સૂત્ર જે વખતે સમ્યક્ત્વને અંગે લગાડીએ છીએ ત્યારે તેનો અર્થ લક્ષણુદ્વારાએ લેવાનો છે. અહીં લોકમાં ધર્માસ્તિકાયને ગતિમાં મદદ કરનારો માનીએ છીએ તો તેજ ન્યાયે લોકાંતે રહેલા ધર્માસ્તિકાયનું લક્ષણુ ત્યાં પણુ ગતિમાં મદદ કરવાનુંજ છે એ માનીએ છીએ. આપણે આપણા પોતાના શરીરમાં રહેલા જીવને નિત્ય, કર્મનો ભોકતા, મોક્ષમાં જવા લાયક ધાર્યો છે તો પછી આપણે એજ ન્યાયે જગતના તમામ જીવોને પણુ નિત્ય, કર્મના ભોકતા અને મોક્ષમાં જવા લાયક તરીકે માની શકીએ છીએ, અને જો સર્વ આત્માઓ નિત્ય, કર્મના ભોકતા અને મોક્ષમાં જવા લાયક તરીકે માનીએ છીએ, તો આપણો આત્મા પણુ બધા આત્માઓમાંનોજ એક હોવાથી તે પણુ નિત્ય, કર્મ ભોકતા અને મોક્ષે જવા યોગ્ય છે એમ આપણે કાંઈપણુ અડચણુ વિના માન્ય રાખીએ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**સઘળેજ આ ત્રણ સ્થિતિ છે.** ઉત્પાત, વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ વસ્તુઓ શું છે તે ખાસ સમજવાની જરૂર છે. આ ત્રણ પદાર્થોને સમજવાને માટે આંગળીનું ઉદાહરણ લો. આંગળીના ઉદાહરણ ઉપરથી તમે આ વસ્તુ સારી રીતે જાણી શકશો. આ આંગળી છે. તે સીધી છે. તેને આપણે વાંકી કરીએ, તો વાંકાપણું ઉત્પન્ન થાય છે અને સીધાપણું નાશ પામે છે. આંગળીના વાંકાપણાની ઉત્પત્તિ થાય કે સીધાપણાની ઉત્પત્તિ થાય યા આંગળીના વાંકાપણાનો નાશ થાય યા સીધાપણાનો નાશ થાય પરંતુ દરેક અવસ્થામાં આંગળી તો કાયમની કાયમજ રહેવાની ! વાંકી હોય તે પણ આંગળીજ છે અને સીધી હોય તે પણ આંગળીજ છે અર્થાત્ આંગળીપણું સ્થિર છે. જેમ આંગળીમાં વાંકાપણું ઉત્પન્ન થાય છે એટલે સીધાપણું નાશ પામે છે અને આંગળીપણું સ્થિર રહે છે તેજ પ્રમાણે દરેક પદાર્થમાં પણ સમજવાનું છે. દેવતામાંથી ચ્યવીને કોઇ મનુષ્ય થાય છે. મનુષ્યપણાનો ઉત્પાત થાય છે અને દેવતાપણાનો નાશ થાય છે છતાં જીવપણું તો કાયમનુંજ રહે છે. અર્થાત્ ઉત્પાત વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ વસ્તુઓ વસ્તુમાત્રને વિષે દરેક કાળે, દરેક સ્થળે અને દરેક સ્થિતિમાં કાયમજ હોય છે. કોઇપણ સ્થાન તમોને એવું જડવાનું નથી કે જ્યાં તમોને એકલી ઉત્પત્તિ અથવા એકલા વ્યયનાજ દર્શન થશે અથવા જ્યાં એકલી ઉત્પત્તિજ હોય નાશ ન હોય !!

**જ્યાં ઉત્પત્તિ છે ત્યાં નાશ છે.** જ્યાં ઉત્પત્તિ છે ત્યાં નાશ પણ છે અને જ્યાં નાશ છે ત્યાં ઉત્પત્તિ પણ છે. આંગળીનું સીધાપણું નાશ પામે છે ત્યારેજ તેને વાંકાપણાની પ્રાપ્તિ થાય છે અને સીધાપણાની પ્રાપ્તિ થાય છે એનો અર્થ એ છે કે વાંકાપણાનો નાશ થયો છે. 'ઉત્પત્તિ થઇ" એવો શબ્દ આપણે બોલીએ છીએ તેની સાથેજ આપણે એ વાત સમજી લેવાની છે કે આગલી સ્થિતિનો નાશ થયો છે અને "નાશ થયો" એવા શબ્દો જ્યાં બોલીએ છીએ ત્યાં એમ સમજવાનુંજ છે કે નવી કોઈપણ સ્થિતિનું સર્જન થયું છે. વાંકાપણાનો નાશ એટલે સીધાપણાની ઉત્પત્તિ અને સીધાપણાની ઉત્પત્તિ એટલે વાંકાપણાનો નાશ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉત્પત્તિ છે ત્યાં નાશ છે અને જ્યાં નાશ છે ત્યાં ઉત્પત્તિ પણ છે. ઉત્પત્તિ વિના નાશ નથી અને નાશ વિના ઉત્પત્તિ પણ નથી એનો અર્થ એ છે કે ઉત્પત્તિ અને નાશ એ બંનેને પરસ્પર સંબંધ રહેલોજ છે. ઉત્પત્તિ અને નાશને તમે આ રીતે કબુલ રાખો છો. હવે આપણે એથી પણ એક ડગલું આગળ વધવાનું છે. ઉત્પત્તિ અને નાશ એ વાત તો ઠીક ! પરંતુ કોની ઉત્પત્તિ અને કોનો નાશ તેનો વિચાર કરો. કોઈપણ પદાર્થજ ન હોય તો પછી ઉત્પત્તિ પણ કોની થાય અને નાશ પણ કોનો થાય ? માટે એમ નક્કી થાય છે કે ઉત્પત્તિ અને નાશ એ સિવાય ત્રીજી કાંઇ પણ વસ્તુ હોવી જોઈએ.

**પદાર્થમાત્ર ત્રિવિધાત્મક છે.** ઉત્પત્તિ અને નાશ એ બંને સ્થિતિ વખતે ત્રીજો કોઈ પદાર્થ આવીને ઉભો રહે છે કે જે પદાર્થ ઉત્પત્તિ અને નાશ એ બંને વખતે હાજર હોય છે. અર્થાત્ ઉત્પત્તિ અને નાશને માન્ય રાખો છો તો એવા ત્રીજા કોઈ પદાર્થને માનવોજ પડે છે કે જે પદાર્થની ઉત્પત્તિ અથવા નાશ થાય છે. કપડાં ઉપર લાલ રંગ હોય તેનો લાલ રંગ કાઢી નાખો અને તેના ઉપર તમે ધોળો રંગ ચઢાવો અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધોળો રંગ કાઢી નાખો અને લાલ રંગ ચઢાવો પરંતુ એ રંગનો ફેરફાર કરતી વખતે પણ કપડાંની હરતી તો હોવીજ જોઇએ. લાલ કે ધોળો એ બંને રંગ જો કપડું હોય તોજ તમે ચઢાવી શકો છો, તે સિવાય તમે રંગ ચઢાવી શકતા નથી એજ આ ધ્રુવપણું છે. એ ઉપરથી માલમ પડે છે કે જગતના હરકોઇ પદાર્થના ત્રણ સ્વભાવ છે કે ઉત્પત્તિ, નાશ અને નિશ્ચળતા. કોઇપણ પદાર્થ એવો નથી કે જે ઉત્પત્તિ, નાશ અને નિશ્ચળતા વિનાનો હોય ! હવે એક પદાર્થનું આવું લક્ષણ છે એ તમે જાણી લો છો કે પછી તમે જગતના તમામ પદાર્થોની સ્થિતિને તે ઉપરથી જાણી શકો છો. એક પદાર્થ ત્રણ ગુણવાળો છે તો જગતના સઘળાજ પદાર્થો ત્રણ ગુણવાળા છે એ સ્પષ્ટજ છે. આથીજ શાસ્ત્રકારોએ એમ કહ્યું છે કે જે એકને જાણે છે તે બધાને જાણે છે. એક પદાર્થના ઉત્પાદ, વ્યય અને સ્થિરતાને જેઓ જાણે છે તેઓ સઘળાજ પદાર્થોના ઉત્પાદ, વ્યય અને સ્થિરતાને જાણે છે એ આ ઉપરથી પ્રત્યક્ષ થાય છે. કસોટી ઉપર એક રતિ સોનાને કસો છો તેથી તમારો નિશ્ચય થાય છે કે અમુક કસવાળું સોનું છે. આથી તમે જગતના તમામ સોનાને જાણી શકો છો કે જેમાં અમુક કસ રહ્યો છે તે સોનું છે તેજ પ્રમાણે એક પદાર્થને તમે જાણો છો એટલે પછી જગતના તમામ પદાર્થોને પણ તમે જાણી શકો છો.

**યુક્તિથી જૈનતત્વજ્ઞાન ખોટું છે.** તમે હાથમાં એક રતિ સોનું લો છો અને તેનીજ પરીક્ષા કરી જુઓ છો પરંતુ તે ઉપરથી તમે જગતના તમામ સોનાનો નિશ્ચય કરી શકો છો. તેજ પ્રમાણે તમે આંગળી કે જીવને તપાસો છો અને તેને જાણો છો એટલે તે ઉપરથી તમે જગતના તમામ પદાર્થોનો અને જગતના તમામ જીવોનો નિશ્ચય કરી શકો છો. એક પદાર્થને આપણે ઉત્પત્તિ, નાશ કે સ્થિરતાવાળો જાણીએ છીએ એટલે આપણે આખા જગતનો અર્થાત્ આખા જગતના તમામ પદાર્થોનો નિશ્ચય કરી શકીએ છીએ કે પદાર્થ માત્ર ઉત્પાદ, નાશ અને સ્થિરતા એ ત્રણેથી યુકત છે. હવે પદાર્થમાત્રમાં આ ત્રણ ગુણો છે એમ તમે કબુલ રાખશો, છતાં તે પછી સંભવ છે કે કદાચ તમોને એવી પણ શંકા થશેજ કે જો (૧) બધા પદાર્થોની ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા છે તો જીવની પણ ઉત્પત્તિ હોવી જોઇએ અને જો જીવની ઉત્પત્તિ હોય તો જીવ અનાદિ છે એ વાત ખોટી હોવી જોઇએ. તેજ પ્રમાણે (૨) યાવત્ સિદ્ધપણામાં ધર્માસ્તિકતાનો પણ વિનાશ છે એમ માનવું પડશે. ઉત્પત્તિ અને નાશશબ્દથી જૈનત્વનો મર્મ નહિ જાણનારાઓ જૈનીને બ્હીવડાવે છે કે તમારો તત્વસિદ્ધાંત તો ઉત્પત્તિ અને નાશને માનનારો છે માટે તમારે આત્માની પણ ઉત્પત્તિ અને નાશ માનવાં પડશે. જો તમે આત્માની ઉત્પત્તિ અને નાશ ન માનશો તો પણ તમે જૈન કહી શકાશો નહિ, અને તમે આત્માની ઉત્પત્તિ અને નાશ માનશો તો પણ તમે જૈન કહી શકાશો નહિ કારણ કે જૈનદર્શન તો આત્માને ઉત્પત્તિ અને વિનાશ વિનાનો જણાવે છે, અર્થાત્ કે જૈનતત્વજ્ઞાન ખોટું છે !

**આ શાસનમાં અપવાદ છેજ નહિ.** જૈનત્વના અંતરંગને જેઓ સમજતા નથી અને માત્ર જેઓ વાદના વિષયમાંજ આનંદ પામે છે તેઓજ એવી દલીલ કરી શકે છે કે, "જો તમે જીવાત્માની ઉત્પત્તિ અને નાશ નહિ માનશો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો પછી" પદાર્થ માત્રને ઉત્પત્તિ, વિનાશ અને નિશ્ચળતા છે "એ તમારો સિદ્ધાંત તમારે હાથેજ તમે ખોટો ઠરાવો છો." હવે તમે આત્માની ઉત્પત્તિ નથી એવું કહેશો તો પણ શંકાકાર તો તમોને એમજ કહેશે કે એથી તમે જૈનદર્શનને માનનારા છો એમ ગણી શકાતું નથી કારણ-કે જૈનતત્વજ્ઞાન તો પદાર્થ માત્રને ઉત્પત્તિ, સ્થિતિ અને વિલય છે એમ માની રહ્યું છે. અર્થાત્ તમે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને માનો છો તો પણ તમે જૈન નથી અને તમે ઉત્પત્તિ, સ્થિતિ અને લયને નથી માનતા તો પણ તમે જૈન નથી ! મહાનુભાવો ! ત્યારે હવે વિચાર કરો કે તમારૂં જૈનત્વ કેવી રીતે સાબીત થઈ શકે એમ છે? આવા શંકાકારોને ઉત્તર એ છે કે ત્રિલોકેશ્વર ભગવાન્ શ્રી મહાવીરદેવનું શાસન તો એવું પુનિત શાસન છે, એટલું બધું સાયન્ટિફીક શાસન છે અરે, એટલું બધું તત્વદર્શી શાસન છે કે તેમાં જરાપણ આક્ષેપને અવકાશ નથી. જૈનશાસન એકલી ઉત્પત્તિને માનતુંજ નથી. જેમ જૈનશાસન એકલું ઉત્પત્તિને નથી માનતું તેજ પ્રમાણે તે એકલું નાશને પણ માનતું નથી. વળી જેમ તે એકલું ઉત્પત્તિ અથવા એકલું નાશને માનતું નથી તેજ પ્રમાણે માત્ર તે ઉત્પત્તિ અને નાશ એ બંને વસ્તુને પણ માનતું નથી પરંતુ તે તો ઉત્પત્તિ, નાશ અને નિશ્ચલતા એ ત્રણે વસ્તુનેજ એક સાથે માને છે.

જૈનશાસન ઉત્પત્તિ, નાશ અને નિશ્ચલતા એ ત્રણેને એકી સાથેજ માને છે એટલે એ દૃષ્ટિએ જૈનશાસન જીવને નિશ્ચલ પણ માની શકે છે અને જીવને જ્યાં નિશ્ચલ માનીએ છીએ ત્યાં એમ પણ માની શકાય છે કે જીવ અનાદિ અને અનંત છે. હવે કોઇ એવી દલીલ કરશે કે જો તમે જીવાત્માને નિશ્ચલ, અનાદિ અને અનંત માનો છો તો પછી તમે જગતના તમામ પદાર્થોને નિશ્ચલ, અનાદિ અને અનંત માનવાને બંધાએલા છો કારણ કે તમારોજ સિદ્ધાંત કહે છે કે જેવો ગુણધર્મ એક પદાર્થમાં રહેલો છે તેવોજ ગુણધર્મ સઘળા પદાર્થોમાં રહેલો છે ! ! ઠીક ! અહીં જરા વધારે ધ્યાન પહોંચાડશો તો તમારી મુશ્કેલી તમે સહજ દૂર કરી શકશો. એક રતિ સોનામાં જે કસ છે તે કસને જોઇને આપણે જગતના સઘળા સોનાને ઓળખી શકીએ છીએ અર્થાત્ એક રતિ સોનામાં જે ગુણ છે તેજ ગુણ તમામ સોનામાં માનીએ છીએ તેજ પ્રમાણે એક પદાર્થને જો ઉત્પત્તિ, વ્યય અને ધ્રૌવ્યમય ન માનીએ તો આખા જગતના તમામ પદાર્થોને પણ એ ત્રણ ગુણ વિનાનાજ માનવા પડે છે અને જો એક પદાર્થને ઉત્પત્તિવાળો માને તો તેણે જગતના સઘળા પદાર્થોને પણ ઉત્પાદાદિરૂપે માનવા પડે છે. ખરી રીતે દરેક પદાર્થ ત્રણે ગુણોથી યુક્ત છે અને દરેક પદાર્થ એ ત્રણે ગુણોથી યુક્ત છે એટલે જગતના તમામ પદાર્થો પણ ત્રણે ગુણોથી યુક્ત છે એ સાબીત થાય છે.

**સ્યાદ્વાદનો મર્મ સમજો.** તત્વજ્ઞાન સમજવું એ બહુજ સહેલી વાત નથી. પદાર્થવિદ્યાના સિદ્ધાંતો સમજવા માટે બુદ્ધિ, અનુભવ અને શ્રદ્ધા એ ત્રણેની જરૂર છે. એ ત્રણેનો ઉપયોગ કરીને જે જરાક સરખી પણ વધારે બુદ્ધિ ચલાવશે તે આ સિદ્ધાંતમાં રહેલો હૃદયંગમ મર્મ જરૂર સમજી શકશે. હવે અહીં પેલા આંગળીના દૃષ્ટાંતને ફરીથી યાદ કરો. સીધી હોય તો પણ તે આંગળી છે અને આંગળી વાંકી હોય તોપણ તે આંગળી છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સીધાપણું નાશ પામે છે એટલે વાંકાપણું જન્મે છે અને વાંકાપણું નાશ પામે છે એટલે સીધાપણું જન્મે છે. હવે એ સીધાપણું અને વાંકાપણું આંગળીથી જુદા છે કે એક તેનો વિચાર કરો. આપણે કહીશું કે અમુક અપેક્ષાએ એ બન્ને જુદા પણ છે અને અમુક અપેક્ષાએ એ એક પણ છે કે જેવીરીતે છોકરો એ અમુક અપેક્ષાએ છોકરો પણ છે અને અમુક અપેક્ષાએ તેની સ્ત્રીનો પતિ પણ છે. આંગળીપણાથી સીધાપણું અથવા વાંકાપણું એ જુદા નથીજ. હવે આંગળીને જે વક્રતા થાય છે તે વક્રતા આંગળીથી એક છે કે આંગળીથી ભિન્ન છે? વાંકાપણું અથવા વક્રતા થાય છે તેથી કાંઈ નવા આંગળીપણાની ઉત્પત્તિ થતી નથી. આ ભેદાભેદરૂપી સ્યાદ્વાદને જેઓ લક્ષપૂર્વક વિચારે છે તેને નાશ, ઉત્પત્તિ અને નિશ્ચલતાનો સાચો મર્મ સમજાય છે. એ મર્મ માત્ર શંકા, વાદવિવાદ કે અભ્યાસ વિના અને પ્રયત્ન વિનાજ સમજી શકાતો નથી, અસ્તુ.

**એકનો નિશ્ચય તે સર્વનો નિશ્ચય** જે મનુષ્ય આ ભેદાભેદ રૂપી સ્યાદ્વાદને માને છે તે તેના પર્યાય રૂપે નાશ અને ઉત્પત્તિને પણ સમજી શકે છેજ પરંતુ જેને સ્યાદ્વાદ શબ્દથીજ સૂગ ચઢે છે તેને સમજાવવાનો કોઇ ઉપાયજ નથી. જે મનુષ્ય સમજવા માગે છે તેને સમજાવી દેવો એ આપણું કામ છે પરંતુ કોઇ માણસ એમ કહે કે મારે તો સમજવુંજ નથી તેને આપણે કોઇપણ રીતે સમજાવી શકવાના નથી! પહેલી અવસ્થામાં પદાર્થમાં કાર્યકર્તાપણું હતું તે કાર્યકર્તાપણાનો બીજી અવસ્થામાં એટલે બીજે સમયે નાશ થાય છે. **આકાશપણું એમને એમ સ્થિર છે.** એક પદાર્થને અંગે આપણે જે લક્ષણ વિચારીએ છીએ અથવા તો એક પદાર્થને અંગે જે લક્ષણ નક્કી કરીએ છીએ તે લક્ષણ દરેક પદાર્થને અંગે લાગુ પડે છે. એક રતિ સોનાને પણ આપણે સોનું કયારે કહી શકીએ તેનો વિચાર કરજો. રતિ સોનામાં પણ આપણને કસ માલમ પડવો જોઇએ. જયારે આપણને કસ માલમ પડે છે ત્યારેજ આપણે રતિ સોનાને પણ સોનું માનવાને તૈયાર થઈએ છીએ. સોના સિવાય કસ હોતો નથી અથવા તો જ્યાં કસ નથી ત્યાં સોનું નથી એવું સૌથી પહેલાં નક્કી કરવું પડે છે. જયારે એવું નક્કી કરીએ છીએ ત્યારેજ રતિભાર સોનું પણ સોનુંજ છે એવો નિશ્ચય કરી શકાય છે અને જયારે રતિસોનાનો નિશ્ચય કરીએ એટલે સર્વનો પણ નિશ્ચય થવા પામે છે.

**શ્રદ્ધા નથી ત્યાં સમ્યક્ત્વ નથી.** આ એક દાબડી છે. એને પ્રથમ તમે દાબડી તરીકે ઓળખો છો. જયારે તમે આવી એક વસ્તુને દાબડી કહો છો ત્યારે તમારો નિશ્ચય થાય છે કે જે વસ્તુને અમુક આકાર હોય, તેની અમુક પ્રકારની ગોઠવણ હોય, તેમાં અમુક પ્રકારની સગવડ હોય તેવી ચીજ તે દાબડી છે અને તેથી એ જાતની જગતની બધી ચીજો તે દાબડી કહી શકાય છે! હવે એકને તમે દાબડી કહો છો અને તેવી દાબડી બનાવવાનો તમે કારખાનાવાળાઓને ઓર્ડર આપો છો એવી જરા કલ્પના કરો. પછી કારખાનામાંથી તૈયાર થઇને તમારે ત્યાં દાબડીનો જથો આવે છે. હવે એ જથામાંની એક ચીજ ઉપાડીને પણ તમે તેને દાબડી તરીકે વેચો છો. એક રતિ સોનામાં કેવો કસ છે તે પ્રથમ તમે શોધી કાઢો છો પછી એક રતિ સોનાના કસ ઉપરથી તમે એવું નક્કી કરો છો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે અમુક અમુક જાતનો કસ હોય તેવી સઘળી વસ્તુઓ સોનું છે. અર્થાત્ એકનું જ્ઞાન થાય છે એટલે સર્વનું જ્ઞાન થાય છે અને સર્વનું જ્ઞાન થાય છે એટલે એકનું પણ જ્ઞાન થાય છે એ સ્પષ્ટ છે. એજ રીતે તમે એક પદાર્થને ઉત્પાદાદિરૂપે નક્કી કરો છો એટલે આખા જગતના તમામ પદાર્થો ઉત્પાદાદિરૂપે છે એ નક્કી થાય છે. આ વસ્તુ જ્યારે તમારા બરાબર ધ્યાનમાં આવશે ત્યારે તમારે જરૂર કબુલ રાખવુંજ પડશે કે જે મનુષ્ય એક વસ્તુને જાણે છે તે મનુષ્ય બધી વસ્તુને જાણે છે! આ દૃષ્ટિએ સમ્યક્ત્વ એ સર્વવ્યાપક છે. જેનામાં એક પણ પદાર્થની, એક પણ અક્ષરની અથવાએક પણ પદની શ્રદ્ધા નથી તેનામાં સમ્યક્ત્વ પણ નથીજ એ હવે આ રીતે સ્પષ્ટપણે કહી શકાય છે.

**રતિમાં પણ શ્રદ્ધા ન હોય તો બધું મિથ્યા!** તમે સોનાના ઢગલાના ઢગલા કરેલા હોય તે બધા સોનાને સોનું કહો. સોનાની પાટની પાટ મૂકેલી હોય તેને સોનું કહો, સોનાની લગડી હોય તેને સોનું કહો અને છગનભાઇની આંગળીએ સોનાની વીંટી હોય તેને સોનું ન કહો તો તમારૂં ચોકસીપણું એ ધૂળ બરાબર છે. તમે જો સોનાના આવા પરીક્ષક હો તો તમોને કોઈ ચોકસી કહેવાને તૈયાર થવાનું નથી! જે ચોકસી છે તેણે તો બધાજ સોનાના ગુણધર્મો અને તેની પરખ જાણવીજ જોઇએ. કોઇ ચોકસી લાખ તોલા સોનાને સોનું કહે પણ એ રતિ સોનાને લોખંડ કહે તો તેને કોઇ ચોકસી કહેવાને તૈયાર થવાનું નથી! જે પ્રમાણે બધા સોનાને સોના તરીકે કબુલ રાખનારો તેજ સોનામાંથી એ રતિ સોનું લઇને તેને લોખંડ કહે છે તેનું ચોકસીપણું મિથ્યા છે, તેજ પ્રમાણે અખિલશાસ્ત્રમાં શ્રદ્ધા રાખનારો આત્મા, જો એકપણ પદાર્થ, એકપણ પદ કે એકપણ સૂત્રને તેના સાચા સ્વરૂપથી અવળું માનવાને પ્રેરાય, તો તેનું સમ્યક્ત્વ પણ મિથ્યાજ છે અર્થાત્ તેને આપણે સમકીતિ આત્મા શકતા કહી નથી. કોઈ ઝવેરી મોતીની ભરેલી ગુણોની ગુણો તપાસે, બધા મોતીને બરાબર સાચા તરીકે પારખે પરંતુ તે છતાં જો તેમાંથી એકને પણ તે કલચર કહી દે અર્થાત્ સાચા મોતીના ઢગલામાંના એક પણ મોતીને ઉંચકીને તે મોતીને તે બનાવટી મોતી કહે તો તેજ ક્ષણે તેના ઝવેરીપણા ઉપર પાણી ફરી વળે છે! ચોકસી કે ઝવેરી બધા ઝવેરાતની, બધા અલંકારોની, બધા દાગીનાની બરાબર કિંમત કરે પરંતુ એકજ હીરાનો કંઠો સાચો છે એમ ધારીને દસ લાખની અવળી કિંમતે ખરીદી લે, તો તેને રાતનાજ ઝેર ખાવું પડે, તેજ પ્રમાણે એક પણ પદ, એક પણ અક્ષર અથવા એકપણ સૂત્ર અવળું લેવાયું એટલે કે તેનો અવળો અર્થ થયો તો તે અર્થ કરનારાના સમ્યક્ત્વમાં શૂન્ય છે!

**पयमक्खरंच इक्कंपि जो न रोएइ 'सुत्तनिद्दिट्ठं' सेसं रोयंतोऽविहु मिच्छद्दिट्ठी जमालिव्व ॥१॥**

**મિથ્યાદૃષ્ટિ કોણ છે?** શાસ્ત્રકાર મહારાજાઓએ તો સ્પષ્ટ રીતે કહ્યું છે કે જે એક પણ પદ, અક્ષર અને સૂત્રોની રૂચિ નથી રાખતો અને બાકીનાની રૂચિ રાખે છે તે "मिथ्यादृष्टि" છે. કોઇ ઝવેરીની પેઢીમાં પારેખ-રત્નપારખી-પગારથી રાખ્યો હોય, હજારો રત્નોને તે રોજના પારખતો હોય અને તેની કિંમત કરતો હોય તે છતાં જો કોઇ દિવ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સથી એકાદ ખોટો હીરો ખરો માનીને ખરાની કિંમતમાં લઇ લે છે તો તેને ઠપકો વેઠવોજ પડે છે. અનેક ખરા હીરા પારખી શકે છે માટે તે દશહજારનો એક ખોટો હીરો લઇ લે તે ચલાવી શકાતું નથી. અલબત્ત ખોટો હીરો કદાચ ખરા તરીકે ભૂલથી લઇ લેવાયો હોય તો તે એક જુદી વાત છે પરંતુ તેણે ખરા અને ખોટા હીરાને મૂળ વસ્તુ તરીકે-ખરા અને ખોટા હીરા તરીકે-કબૂલ તો રાખવાજ પડે છે. જો એ રીતે ખરા અને ખોટા હીરાને તેના સાચા સ્વરૂપમાં કબૂલ રાખતો હોય તો તેની ભૂલ ક્ષમ્ય ગણાય છે, પરંતુ જે મનુષ્ય મૂળ ખરી વસ્તુને ખરી તરીકે અને ખોટી વસ્તુને ખોટી તરીકે કબૂલ રાખવાજ ન માગતો હોય તેવો રત્નપારખી કઇ સ્થિતિમાં હોઈ શકે ? ઝવેરીની દુકાને આવો માણુસ પોષાઈ શકતો નથી અને જો ભૂલેચૂકે તે દુકાને બેસી ગયો તો સત્યાનાશ વાળી નાખે છે !

**મુદ્દાનો વિચાર કરો.** જે આત્મા સઘળા પદાર્થોમાં શ્રદ્ધા રાખતો હોય, સઘળા સૂત્રો અને સિદ્ધાંતોને સ્વીકારતો હોય, પરંતુ તે છતાં જો તે સૂત્રોક્ત એકપણ વસ્તુને કબુલ ન રાખતો હોય તો આપણે તેને સમકીતિ કહી શકીએ નહિ. શાસ્ત્ર તેના સમ્યક્ત્વધારી કહેવાની ના પાડી દે છે ! જેમ લાખો તોલા સોનાને પારખનારા રતિ-પિત્તળને સોનુંજ છે એમ કહી દે, તો તેની હાંસી થાય છે, તેજ પ્રમાણે સમ્યક્ત્વને અંગે સઘળા પદાર્થોમાં શ્રદ્ધા રાખનારો જો એકપણ પદાર્થને વસ્તુરૂપે ઉલ્લંઘી જાય છે, તો તે મિથ્યાદૃષ્ટિજ કહેવાય છે. અર્થાત્ શાસ્ત્રની એ સ્પષ્ટ આજ્ઞા છે કે, ભલે ગમે તેટલા પદાર્થોની રૂચિ હોય તો પણ એક પદ કે એક અક્ષરને અંગે પણ જેને રૂચિ ન હોય તે આત્મા મિથ્યાદૃષ્ટિજ છે. આટલાજ માટે સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણવું અને તેની શ્રદ્ધા રાખવી એને જરૂરી માન્યું છે. સઘળા પદાર્થોનું સ્વરૂપ જાણવું અને તેની શ્રદ્ધા રાખવી તે સાથે ભવનું સ્વરૂપ ન જાણવું એ નકામું છે. જેણે ભવનું સ્વરૂપ જાણ્યું છે, તેણે સઘળા જીવો અને પુદ્ગલોનું સ્વરૂપ જાણ્યું છે, પરંતુ જેણે બધું જાણ્યું છે છતાં ભવનું સ્વરૂપ જાણ્યું નથી તેનું બધું જાણેલું નકામું છે, હવે આ સઘળું જાણવાની શી જરૂર છે, તેનો વિચાર કરજો. કોઇ કહે કે મારે B. A. થવું છે કોઇ કહેશે કે મારે M. A. થવું છે, કોઈ કહેશે કે, ભાઈ હું તો L. L. B. થવાનો છું, કોઇ કહેશે કે મારે B. E. થવું છે કોઇ કહેશે કે મારે B. T. થવું છે, આ સઘળું થવામાં દરેકનો મુદ્દો તો કાંઈ ને કાંઇ હોય છેજ ! કોઈ જ્ઞાન મેળવવા ખાતર, તો કોઇ પૈસો મેળવવા ખાતર આ સઘળી ઉપાધિ સેવે છે, ત્યારે અહીં ધર્મક્ષેત્રમાં સઘળું જાણવાને અંગે મુદ્દો શું છે તે વિચારો.

**કર્મબંધ ક્યાંસુધી હોય છે ?** નવતત્વ, છ દ્રવ્ય અને પાંચઅસ્તિકાય એ સઘળાનું સ્વરૂપ જાણવાનું અને તેમાં શ્રદ્ધા રાખવાનું કહ્યું છે. આ શ્રદ્ધા રાખવાપણું અને માનવાપણું શા માટે છે તેનો વિચાર કરો. આત્મા કર્મબંધ કરી રહ્યો છે તે ચાર કારણથી કરી રહ્યો છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આ ચાર કારણથી આત્મા કર્મનો બંધ કરી રહ્યો છે. મિથ્યાત્વ, એ કદીપણ સંવરરૂપ કે નિર્જરારૂપ બની શકતું નથી. કોઇપણ સમય અથવા સંયોગોમાં અવિરતિપણું સંવરરૂપ કે નિર્જરારૂપ બનતું નથી. કિંવા એના દ્વારા સંવર કે નિર્જરા થઈ શકતાં નથી. કષાયો સંવરરૂપ કે નિર્જરારૂપ બની શકતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી અથવા તો મન, વચન કે કાયાના યોગો પણ સંવર કે નિર્જરારૂપ બની શકતા નથી. આટલા માટે નવતત્વમાં મિથ્યાત્વાદિ ચાર કર્મબંધના કારણો ગણવામાં આવ્યાં છે. જે જીવોએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી છે તે જીવોને પણ યોગ હોય ત્યાંસુધી તેઓને બંધ થાય છે. જે જીવો કેવળજ્ઞાન પામેલા છે તેવા જીવોને પણ મન, વચન અને કાયાનો યોગ હોય ત્યાંસુધી તો બંધ હોયજ છે. એટલેજ શુભ કે અશુભ બંધ થાય તે વાત જુદી છે સંવર કે નિર્જરાપણે એ ચાર ન થાય. હવે પ્રશસ્ત રાગની દશા કેવી હોય તે તપાસો.

**પ્રશસ્ત કષાય હોય ખરો કે નહિ?** જ્યાં પ્રશસ્તરાગ હોય છે ત્યાં જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અથવા તો અંતરાય કર્મનો બંધ હોઇ શકતો નથી. ત્યારે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થશે કે પ્રકૃતિકર્મનો બંધ ન હોય તે વખતે પ્રશસ્ત કષાય હોય છે કે નહિ અર્થાત્ આત્માના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમના ઘેર નિર્જરા કરશે.

**પ્રશસ્તરાગ** સોનું અને ચાંદી એ બંને પદાર્થોને તમે ભેગા કરી નાખો, તેને ગાળીને એક લગડી બનાવી દો, તો તે વખતે તમે એ લગડીને સોના તરીકેજ સમજો છો., પરંતુ લગડી જ્યાં કસ ઉપર ચઢે ત્યાં તેમાં સોનું કેટલા ભાગ છે અને ચાંદી કેટલા ભાગ છે તે આપણા જાણવામાં આવે છે. સોનાનો રંગ પીળો છે અને પીળાનો પ્રભાવ ભારે છે, તેથી લોકો તો પીળું એટલું સોનું માની લે છે, પરંતુ જેને કસ કાઢવો છે તેનાથી પીળું એટલું સોનું માની શકાય નહિ! જો તે પણ પીળું એટલું સોનું એવોજ હિસાબ રાખવા જાય તો તેને દુકાને તાળાંજ દેવાં પડે!! કસવાળાએ કસ લેતી વખતે તો વિચાર કરવોજ જોઇએ કે લગડીમાં આટલા ભાગ સોનું છે અને આટલા ભાગ ચાંદી અથવા રૂપું છે. તેજ પ્રમાણે પ્રશસ્તરાગમાં કર્મ-નિર્જરા થાય તો બુદ્ધિમાનોએ તો એમ સમજવુંજ જોઈએ કે એમાં આટલો અંશ બંધનો છે અને આટલો અંશ નિર્જરાનો છે.

**બંધ અને નિર્જરા એક સાથે શકય છે?** હવે કોઇ એવો પ્રશ્ન ઉઠાવશે કે પ્રકાશ અને અંધકાર બંને લૌકિક દૃષ્ટિએ સાથે રહી શકતા નથી, એકજ અંશમાં સત્ય અને અસત્ય સાથે રહી શકતા નથી, અથવા એકજ અંશમાં પાપ અને પુણ્ય પણ લૌકિક આંખે સાથે રહેલા જણાતા નથી તો પછી કર્મબંધ અને કર્મનિર્જરા એકી સાથે કેવી રીતે રહી શકે છે? જરા વધારે વિચાર કરશો તો માલમ પડશે કે કર્મબંધ અને કર્મનિર્જરા બંનેને સાથે રહેવામાં કોઈપણ જાતનો વાંધો સંભવતો નથી. કોઈ પણ આત્મા આ સંસારમાં એવો નથી કે તે બંધ અને નિર્જરા સાથે ન કરતો હોય! આપણો જીવ પહેલાના ભવના કર્મ બાંધેલાં હોય છે તેની નિર્જરા કરે છે અને તેજ જીવ નવાં કર્મો બાંધતો જાય છે. ખુદ નિગોદથી માંડીને તેરમા ગુણસ્થાનક સુધી અથવા તો સર્વાર્થસિદ્ધ સુધી જોશો તો બધેજ તમોને નિર્જરા અને બંધ સાથેજ દેખાય છે. આ સ્થળે પણ જુનાં કર્મોનો ઉદય થઈ તેની નિર્જરા કરવામાં આવે છે અને નવાં કર્મોનો બંધ ચાલુજ રહે છે માત્ર એકલું ચૌદમું ગુણસ્થાનક એજ એવું સ્થાન છે કે જ્યાં નિર્જરા માત્ર હોય છે અને નવાં કર્મોનો બંધ ત્યાં થવા પામતો નથી. એ ચૌદમા ગુણસ્થાનકનું આયુષ્ય માત્ર પાંચ હ્રસ્વાક્ષર આંતરમુહુર્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેટલું હોઇ તે પછી તાત્કાળ મોક્ષની પ્રાપ્તિ છે.

**એકલી નિર્જરાજ ક્યાં હોય ?** ચૌદમે ગુણુસ્થાનકે કર્મનો બંધ હોતો નથી માત્ર એકલી નિર્જરાજ હોય છે. હવે ચૌદમા ગુણુસ્થાનકે આવી સ્થિતિ કેમ હોય છે તેનો વિચાર કરો. ચૌદમા ગુણુસ્થાનકમાં પણુ જો બંધનું કારણુ હોય અર્થાત્ કે જો ચૌદમે ગુણુસ્થાનકે પણુ નવાં કર્મો બંધાતાં હોય તો વળી તે કર્મોની નિર્જરા માટે નવા ગુણુસ્થાનકની અથવા નવી અવસ્થાની જરૂર પડે છે અને એવી જરૂર આવશ્યક હોવાથી ચૌદમા ગુણુસ્થાનક પછી મોક્ષ છે એ વિધાન ઉડી જવા પામે છે, પરંતુ આપણે જાણીએ છીએ કે ચૌદમું ગુણુસ્થાનક એ તો એવું સ્થળ છે કે જ્યાંથી સીધા મોક્ષમાંજ પ્રવેશ કરવાનો હોય છે અર્થાત્ ચાદમા ગુણુસ્થાનકમાં કર્મના બંધનો સંભવજ નથી. ત્યાં માત્ર કર્મબંધની નિર્જરા કરવાની બાકી હોય છે! ચૌદમા ગુણુસ્થાનકમાં પણુ જો કર્મનો બંધ હોય તો પછી મોક્ષની દશા અસંભવિતજ થાય. મોક્ષની પ્રાપ્તિ પહેલાં અમુક ટાઇમે એ કર્મનો બંધ રોકાવોજ જોઇએ છે. એટલે ચૌદમું ગુણુસ્થાનક એજ એક એવી દશા છે કે જ્યાં નિર્જરા હોય છે પરંતુ બંધ હોતો નથી. ચૌદમા ગુણુસ્થાનક સિવાય બીજી એક પણુ દશા એવી નથી કે જ્યાં એકલી કર્મનિર્જરાજ હોય, અને ત્યાં બંધ ન હોય!! ચૌદમા ગુણુસ્થાનક વિનાનું કોઇપણુ સ્થાન કર્મનિર્જરા અને કર્મબંધ એ બંને વિનાનું હોતું નથી

**સંવર અને નિર્જરાનું કારણુ.** મિથ્યાત્વને બંધ કે સંવરનું કારણુ આપણે માની શકતા નથી, તેજ પ્રમાણે અવિરતિ, કષાય કે યોગને પણુ આપણે સ્વતંત્ર સંવર કે નિર્જરાનું કારણુ માની શકતા નથી, જો એથી ઉલટી માન્યતા આપણે રાખવા જઇએ છીએ તો સંવર અને નિર્જરાના ભેદોમાં પણુ આપણે નવા નવા ભેદો વધારવા પડે છે. તત્વ-જ્ઞાનની દૃષ્ટિએ એમ કરવું તદન અશક્ય છે. તેરમા ગુણુસ્થાનકની સ્થિતિનો વિચાર કરજો. તેરમે ગુણુસ્થાનકે પહેલા સમયમાં કર્મ બાંધવામાં આવે છે, બીજા સમયમાં તેનો ભોગવટો થાય છે અને ત્રીજા સમયમાં તેનો નાશ પણુ થાય છે. તેરમા ગુણુસ્થાનકે બંધ અને નિર્જરા ઈચ્છાપૂર્વકના નથી, પરંતુ તે પોતાની મેળેજ થયા કરે છે. તેરમે સ્થાને પણુ બંધ હોય છે પરંતુ એ બંધ ઇચ્છાપૂર્વકનો હોતો નથી. તે છતાં પણુ એ બંધને આપણે બંધ માનવોજ પડે છે. હવે ઈચ્છા વિનાનો કર્મબંધ કેવી રીતે ઘટે છે તેનો વિચાર કરો. કર્મ કરનારો પોતે કાંઇ જાણુતો નથી, તે કાંઈ વિચાર કરતો નથી, તેના કાયાના યોગ પ્રવર્તતા નથી, તેણે કાંઇપણુ વચન કહ્યું નથી, તેણે કાંઇ ખરાબ પ્રવૃત્તિ કરી નથી. નિદ્રામાં એનું મન બોલતું નથી અને તેના કાયાની પ્રવૃત્તિ પણુ થતી નથી તો પછી તેના હાથે કર્મ કેવી રીતે થાય છે? અને જો આવી દશામાં કોઇપણુ કારણુથી કર્મો થતાં હોય તો પણુ કર્મો કરનારની સંપૂર્ણ અજ્ઞાનતા છતાં એ કર્મોનો દોષ તેને કેવી રીતે લાગે છે તે પ્રશ્ન તપાસીએ.

**વિકાર કર્મબંધ સરજે છે.** ઉંઘ સંબંધીનું જે દૃષ્ટાંત આપણે લીધું છે તે તો એક સર્વ સામાન્ય દૃષ્ટાંત છે, આપણુને એવી શંકા સહેજે થાય છે કે ઉંઘમાં માણુસ પ્રત્યક્ષરીતે કર્મો કરતો નથી તો પછી કર્મનો બંધ એને શા માટે લાગે છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ એકેન્દ્રિયજીવોનું દૃષ્ટાંત એનાથી વધારે ગંભીર છે એકેન્દ્રિયજીવો શું પાપપુન્ય કરવા જાય છે? તે છતાં તેમને પણ કર્મનો બંધ લાગે છે; એમ સમજો કે તમારા શરીરના કોઇપણ ભાગમાં રસોળી થઈ છે. તમે એ રસોળીનું પોષણ કરવાનો વિચાર સ્વપ્ને પણ કરી શકો ખરાકે? નહિજ!! તે છતાં ઉંઘમાં પણ તમારા શરીરમાંનો અન્નરસ બીજા અવયવને મળે તેમ ભાગે પડતો રસોળીને પણ મળે છે. વધારે વિચાર કરશો તો આ બાબત તમે બહુજ સરળતાથી સમજી શકશો. ધારો કે તમોને એક ગુમડું થયું છે. એ ગુમડામાં પરૂ થાય એવો તમારો વિચાર નથી. તમે પોતે પરૂ કરવા માગતા નથી. "ગુમડામાં પરૂ થાઓ! પરૂ થાઓ!" એવાં વચનો પણ મોઢેથી તમે બોલતા નથી પરંતુ તે છતાં ઉંઘમાં હો તો પણ એ ગુમડામાં પરૂ થવા પામે છે. હવે તમારી ઇચ્છા વિરૂદ્ધ એ પરૂ કેવી રીતે થયું તેનો વિચાર કરો. તમારા શરીરમાં જે વિકાર ઉભો થયો છે તે વિકારને પરિણામે આપોઆપ તમે જાગૃત હો કે નિદ્રામાં હો તો પણ પુદ્ગલો ખેંચાઇ આવે છે અને તેને પરિણામે પરૂ તૈયાર થાય છે. એજ પ્રમાણેની દશા આત્માની પણ સમજી લેવાની છે. દરેક જીવે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોનો વિકાર કર્યો છે અને તેનેજ પરિણામે તમે જાગૃત હો કે નિદ્રામાં હો, સુષુપ્તિમાં હો કે બીજી કોઇ દશામાં હો, પરંતુ તે છતાં કર્મના પુદ્ગલો ખેંચાઈ આવીને તમારે માટે કર્મબંધ ઉભો કરે છે.

**વિકારનો વ્યાપાર ચાલુનો ચાલુ.** રસોળીને બંધ કરવી હોય તો ત્યાં તમારી જાગૃતિ કે વિચારશકિત કામ લાગતીજ નથી. રસોળીને કપાવી નાખો, તે જગ્યા સાફ કરો અને પછી તેજાબથી બાળી નાખો ત્યારેજ ત્યાં પુદ્ગલો રસોળીરૂપે આવતા બંધ પડે છે, એથી આગળ વધો, ગુમડું થયું હોય તો તેને પણ ઓપરેશન કરાવીને અંદરનું પરૂ કઢાવી નાખો અને પછી મલમપટા કરીને ગુમડાના વિકારને બાળી સાફ કરો ત્યારેજ પરૂરૂપે ત્યાં પુદ્ગલો આવતા બંધ પડે છે. એ ઉપરથી સમજવાનું એ છે કે વિકાર એ એક એવી શકિત છે કે તમે ગમે તે દશામાં હો તે છતાં તેનો વ્યાપાર તે ચાલુજ રાખે છે!

એજ પ્રમાણે આત્માએ પણ મિથ્યાત્વની રસોળી અને અવિરતિ, કષાય અને યોગના ગુમડા ઉભા કર્યા છે, હવે એ આત્મા નિદ્રામાં યા જાગૃતિમાં હોય, બોલતો ચાલતો હોય કે ન બોલતો હોય તો પણ એ રસોળી અને ગુમડારૂપી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો એ એવા છે કે તે રસોળીરૂપી પુદ્ગલો અને રસીરૂપી કર્મબંધોને ખેંચીજ લાવે છે! જ્યાંસુધી રસો-ળીને તેજાબ નાખીને બાળી નથી ત્યાંસુધી રસોળીરૂપે પુદ્ગલો આવ્યાજ કરે છે. જયાંસુધી ગુમડાને ધોઇને સ્વચ્છ નથી કર્યું ત્યાંસુધી તેમાં પરૂ થયાજ કરે છે તેજ પ્રમાણે આત્માના ગુમડા અને રસોળીનો સદંતર નાશ નથી કર્યો ત્યાંસુધી કર્મનો બંધ પણ અવિરતપણે ચાલુજ રહે છે!!

**વ્રણોનો જડમૂળથી નાશ કરો.** આપણે આત્મામાં અજ્ઞાનરૂપી વિકાર ઉભો કર્યો છે, મિથ્યા-ત્વરૂપી વિકાર ઉભો કર્યો છે, અવિરતિરૂપી ગુમડાં, કષાયો રૂપી ચાંદાં, યોગરૂપી ફોલ્લા આ સઘળા રોગો આત્મામાં ઉભા કરવામાં આવ્યા છે. હવે આપણે એમ કહીએ કે એમાં અમે તો કાંઈ જાણતાજ નથી તો તે કેમ ચાલશે વારૂ? તમે એમ કહો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે હું આ ફોલ્લો પાછો પરૂથી ભરાઈ આવે એમ હું ચાહતો નથી, એથી શું એ ફોલ્લામાં પરૂ ભરાયા વિના રહેવાનું ખરૂં? તમે રાત્રે ફોલ્લો ફોડીને પરૂ કાઢી નાખો અને પછી સુઈ જાઓ તેથી તમે જાગતા નથી અને સુઇ ગયા છો એ સબબથી કદી તમારો ફોલ્લો પરૂ થઇને પાછો તર થઇ આવ્યા વિના રહેવાનો છે? નહિજ રહે!!

તમારો ફોલ્લો પરૂથી ન ભરાય એવું તમે ઇચ્છતા હો તો એનો સૌથી સહેલો સાદો ઉપાય એ છે કે તમારે ફોલ્લા સાફ કરી નાખવા જોઇએ. એજ પ્રમાણે આત્મા પણ જો પોતાના કર્મબંધ રૂપી પરૂને કાઢી નાખવા માગતો હોય તો એણે પોતાના ગુમડા વગેરે સાફ કરી નાખવા જોઈએ. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, આરંભ, વિષય, કષાય આ બધા આત્માના વિકારો છે, આત્માને થએલા મહાભયંકર વ્રણો અને ક્ષતો છે એટલે ખરી જરૂર આ બધા વ્રણો અને ક્ષતો પરૂઓથી ન ભરાયા કરે તે માટે તેને સાફ કરી રસી નિર્મૂળ કરવાની છે.

**હાથનો ઉપયોગ અટકાવો** એ ગુમડાઓને અને એ વ્રણોને સાફ કરવાની સૌથી પહેલી ફરજ છે, તેને સ્થાને દુનિયા એ વ્રણને ચોળવા અને ચુંથવા મંડી પડી છે. સાધારણ રીતે આપણે જોઇએ છીએ કે વ્રણને અથવા ફોલ્લાને આંગળી વડે ખજવાળીએ છીએ તેથી કાંઈ એ વ્રણ મટી જતો નથી પરંતુ તે ઉલટો વધારે જબરો બને છે. વધારે જગાને ઘેરી લે છે અને આખું શરીર પણ ધીમે ધીમે પકવી નાખે છે તેથી આપણે કહીએ છીએ કે આંગળી ઝેરી છે અને આ રીતે આંગળીનું ઝેર આખા શરીરમાં ન પસરી જાય તે માટે આપણે હાથને દૂર રાખવાની જરૂર માનીએ છીએ. હવે અહીં બરાબર સૂક્ષ્મદૃષ્ટિએ જરા ધ્યાન આપજો. નહિ તો મૂળવસ્તુને સમજી શકશો નહિ. આપણી જરૂરિયાત ગુમડાને કાઢી નાખવાની છે પરંતુ તે પહેલાં ગુમડાને આપણે હાથ અડાડવો બંધ કરીએ છીએ.

એજ રીતે વિષય, કષાયાદિ ગુમડાને કાઢી નાખવાના છે; પરંતુ તેને કાઢી નાખવાની યોગ્ય ભૂમિકા તૈયાર કરવાને માટે મનુષ્યે હાથનો ઉપયોગ કરતા બંધ થવાની જરૂર છે. જગતનો વ્યવહાર, આરંભસમારંભમાં જોડાવું એ સઘળું હાથનો ઉપયોગ કર્યા બરાબર છે. જેમ ગુમડાંથી હાથ દૂર રાખવાનો છે તેજ રીતે આરંભસમારંભ વગેરેમાંથી આત્માના પરિણામ રૂપી હાથને પણ દૂર રાખવાની આવશ્યકતા છે. ગુમડાને દૂર કરતાં પહેલાં આપણે તેની આસપાસ ટીંકચર લગાવી દઇએ છીએ. એ ટીંકચર લગાડવામાં પણ ઉદ્દેશ એજ છે કે ગુમડાની આસપાસથી લોહી ફરવું બંધ થવું જોઇએ. જો લોહી ફરવું બંધ થાય છે તો ગુમડું આપમેળે વિસ્તાર પામતું બંધ પડે છે, ત્યારે એ ઉપરથી એ વસ્તુ આપણી સામે પ્રત્યક્ષ થાય છે કે જો ગુમડું મટાડવું હોય તો સૌથી પહેલાં તેને ખણતા બંધ થવું જોઇએ અને તે પછી તે ગુમડાને નવું લોહી મળતું હોય તે બંધ કરવું જોઇએ.

**લોહી આવતું બંધ કરો.** એજ દૃષ્ટિએ અહીં પણ વિચારો. તમારે સૌથી પહેલાં વિરતિ-રૂપ ટીંકચર મેલીને કર્મબંધરૂપી લોહી આવતું હોય તેને બંધ કરવું જોઇએ. એ લોહી આવવું બંધ થઇ જશે તો વિષયકષાયાદિ ગુમડાઓ એની મેળેજ કરમાવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પામશે. તમે વિરતિરૂપ ટીંકચર લગાડતા નથી તેનો સ્વીકાર કરતા નથી અને પછી એવો પ્રશ્ન કરો છો કે રસોળી કેમ જતી નથી તો તમારા એ પ્રશ્નને અવકાશજ સંભવતો નથી. તમારે સંસારમાં આરંભાદિક વધારવા છે તેમાંથી જરાપણુ ઓછું થાય તો નખોદ જાય એવી તમારી માન્યતા તમારે ચાલુ રાખવી છે અને વળી તમે પૂછો છો કે અમારા આત્માનું કલ્યાણ કેમ થતું નથી ? તો હવે તમારો આ પ્રશ્નજ કેવો અસ્થાને છે તે વિચારી જુઓ. આત્મા પોતે સમજે છે–મનુષ્ય પોતે જાણે છે કે રસોળી તેજાબ લગાડવા વિના જતી નથી, તેજ પ્રમાણે સમકીતિ આત્માએ એમ સમજવું જોઇએ કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર ચીજો આત્માને રસોળીની માફક વળગેલી છે. ગુમડું અથવા રસોળીને વધારવાની અથવા તેને પુષ્ટ કરવાની કોઇ દરકાર કરતું નથી અથવા ચિંતા રાખતું નથી, તેજ પ્રમાણે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર ચીજોને પુષ્ટ કરવાની પણ દરકાર સમકીતિ જીવ રાખતો નથી. તમે ખોરાકનું ખાતું ચાલુ રાખો છો એટલે રસોળી અને ગુમડાં પણ એની મેળે વધતાંજ જાય છે. તેજ પ્રમાણે મિથ્યાત્વાદિ વિકારોને તમે ખાતારૂપે ચાલુ રાખ્યા છે ત્યાં સુધી કર્મબંધ પણ એની મેળેજ ચાલુ રહેવા પામે છે.

**કર્મબંધ ક્યારે અટકે છે?** આત્માને જ્યાં સુધી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો લાગેલા છે ત્યાં સુધી આત્મા બંધ વગરનો હોય એ સર્વથા અસંભવિત છે. જે પ્રમાણે ટીંકચર લગાડીને રૂધિરાભિસરણને ખાળ્યા વિના રસોળી યા ગુમડામાં પરૂ થતું ટળતું નથી તેમ ઉપરના ચાર વિકારોને બંધ કર્યા વિના કર્મબંધ પણ ટળતો નથી. જ્યાં સુધી સમ્યક્ત્વ નથી, બાર અવિરતિ બંધ થવા પામી નથી અને કષાય, યોગ બંધ થવા પામ્યા નથી ત્યાં સુધી તો આત્મા કર્મને બાંધનારોજ છે! તમારા આત્માનો જો આવો નિશ્ચય થતો હોય તો સમજી લેજો કે તમોને મળેલી ગળથુથી બરાબર અને દોષ વિનાની છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે તે પછી વીતરાગપણાની પ્રાપ્તિ છે અને ત્યાં મન, વચન અને કાયાના યોગો બંધ થાય છે ત્યારેજ આત્મા કર્મ બાંધતો અટકે છે તે સિવાય આત્મા કર્મ બાંધતો અટકતો નથી. સમ્યક્ત્વ, વિરતિ, વીતરાગપણું, અને અયોગિપણું એ ચારે વસ્તુઓને આત્મા પામેલો નથી તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે આત્મા અવશ્ય અનાદિકાળથી કર્મને બાંધનારો છે અને કર્મને ભોગવનારો પણ છે અર્થાત્ આત્માનો કર્મબંધ એટલે કે કર્મસંયોગ પણ અનાદિનો છે. આ બધા વિવેચન ઉપરથી સિદ્ધ થાય છે કે "જીવ" મૂળ પદાર્થ છે તે તો અનાદિનોજ છે. જીવ અનાદિનો છે, કર્મસંયોગ અનાદિનો છે અને ભવ પણ અનાદિનો છે, એ ગળથુથી કેટલા સિદ્ધાંતોને ઉપજાવે છે અને પોષે છે તે તમે આ ઉપરથી વિચારી શકો છો. મોક્ષના માર્ગને ઉપલા ત્રણ સંસ્કારો કેવી રીતે પોષે છે તે હવે જોઇએ.

# મનુષ્યભવની મહત્તા.

**ભવ્યજીવોએ શું જાણવું જોઇએ ?**

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્યજીવોના કલ્યાણને અર્થે ધર્મોપદેશ આપતાં જણાવે છે કે આ સંસારના સઘળા ધર્મનિષ્ઠ આત્માઓએ નીચેની વાતો અવશ્ય ધ્યાનમાં રાખવાની છે. આ વાતો એ છે કે ભવ, ભવનું સ્વરૂપ, ભવની ભયંકરતા, ભવનું ઉલ્લંઘન, ભવનું ઉલ્લંઘન કયાં થાય છે તેનું સ્થાન, એ સ્થાને આવેલા હોય તેવાઓની સ્થિતિ, લોકસંજ્ઞાથી વિરક્ત રહેવાની મર્યાદા, અને લોકોત્તર સંજ્ઞામાં તલ્લીન રહેનારાઓની સ્થિતિ. આટલી વસ્તુઓ દરેક ધર્મની ઇચ્છા રાખનારી વ્યક્તિએ જાણવી જરૂરી છે.

પ્રવાસી ગમે તેવો વિદ્વાન્ હોય, બુદ્ધિમાન્ હોય, ધર્મનિષ્ઠ હોય પરંતુ તે છતાં પ્રવાસ કરતી વખતે તેણે પોતાનું ધ્યેય લક્ષમાં રાખવાની જરૂર છે. જે માણસ પોતાનું ધ્યેયજ લક્ષમાં રાખતો નથી તેવા મુસાફરોની દશા પેલા અણીયાળીવાળા મીયાંભાઈ જેવીજ થાય છે !

**અણીયાળીના મીયાંભાઈ.** એક મીયાંભાઈ હતા. શરીર ભીમસેન જેવું લટ્ઠપટ્ઠ પણ બુદ્ધિ સાથે મીયાંને લડાઇ. એવામાં મીયાંને સરકારી કામ માટે અણિયાળી ગામે જવાનો હુકમ થયો. મીયાં એવા બુદ્ધિશાળી હતા કે અણિયાળી શબ્દ પણ યાદ રહે નહિ. છેવટે તેમના ઉપરીએ તેમને એક રસ્તો બતાવ્યો ! મીયાંની સાથે એક પરોણી આપી. પરોણીને આર હતી. તે ઉપરથી પેલા અધિકારીએ મીયાંને કહ્યું કે, "મીયાં ! આ અણી છે. એ અણી જોયા કરજે અને તે ઉપરથી અણીઆળી શબ્દ યાદ રાખજે ! મીયાંજી તો પરોણી લઇને ચાલતા થઇ ગયા ! એવામાં રસ્તામાં એક નદી આવી. નદીમાંથી ઉતરતાં મીયાંજી પડી ગયા. પડી ગયા એટલે પરોણી પાણીમાં પડી ગઇ અને અણીને બદલે પડી ગયા એટલે "પડી" શબ્દ યાદ રહી ગયો. મીયાંજી તો હવે અણીયાળીને બદલે પડીયાળી શબ્દ ગોખતા જાય અને અલ્લાને આશરે ચાલતા જાય ! આમને આમ આખો દિવસ ગયો ! મીયાં રસ્તામાં જે મળે તેને પૂછે કે, ભાઈ! પડીયાળી ગામ કયાં આવ્યું ? પણ પડીયાળીનો પત્તો કોણ આપે ? છેવટે મીયાંને પડીયાળી જડયું નહિ અને અથડાઈ કૂટાઇને મીયાંભાઈ પાછા ફર્યા !!

મીયાંએ મુસાફરી કરવાની પડતી મૂકી ન હતી. તેણે પ્રવાસ કર્યો હતો. જોઇએ તે કરતાં તે વધારે ચાલ્યો હતો, છતાં ધ્યેય ચૂકી જવાથી મુસાફરી કરવા છતાં, તે પોતાને ઇષ્ટ સ્થાને ન પહોંચતા ઉલટો અથડામણમાં આવી પડયો હતો ! જે માણસ પ્રવાસમાં પણ પોતાનું ધ્યેય ચૂકી જાય છે અને પછી પ્રવાસ કરે છે તે માણસ ઉલટો આફતમાંજ આવી પડે છે, અને તે પોતાના સાધ્યને સિદ્ધ કરી શકતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેવી સ્થિતિ આ મુસાફરની છે તેવીજ સ્થિતિ જીવમુસાફરની પણ છે. જીવમુસાફર છે. સંસારની સફરે જીવમુસાફર નીકળેલો છે. એ જીવમુસાફરે પણ ઉપર કહી તે સઘળી વસ્તુઓ રૂપ પોતાનું ધ્યેય જાણવુંજ જોઇએ. આ જીવમુસાફરને પણ આ ભવ શું છે, તે કેવો છે, તે ભવ કેવો ભયંકર છે, ભવનું ઉલ્લંઘન કયાં અને કેવી રીતે થાય છે, એ સ્થાને આવેલાની કેવી સ્થિતિ હોય છે, લોકસંજ્ઞાથી વિરક્ત રહેવાની મર્યાદા અને લોકોત્તર સંજ્ઞામાં તલ્લીન રહેનારાઓની સ્થિતિ, એ સઘળું જીવમુસાફરે જાણવાની અવશ્ય જરૂર છે. જે મુસાફર પોતાના આ ધ્યેયને ચૂકી જાય છે તેની દશા પેલા અણીયાળીના મીયાંભાઇ જેવી થાય છે!

**જીવનસાફલ્યનું યોગ્ય સ્થાન.** મહામુશ્કેલીથી આત્મા મનુષ્યભવની પ્રાપ્તિ કરે છે. એ મનુષ્યભવ મળ્યો, ખોરાક લીધો, શરીર બાંધ્યું, ઇન્દ્રિયો મેળવી પણ છેવટે શું? કર્મધર્મ સંયોગે આત્માને તરવાને માટે શરીર મળ્યું છે. તો શું એ શરીરને પોષવું તેમાંજ મનુષ્યભવની સફળતા છે? જન્મથી માંડીને આપણે યાવત્-જીવ સુધી પ્રયત્ન કરીએ છીએ પરંતુ એકે સફળતાનું કાર્ય થતું નથી! જિંદગીમાં આત્મા કયા કયા કાર્યો કરે છે તેનો વિચાર કરો. આહારાદિ સિવાય આપણા હાથથી એવા બીજા કયા કામો થાય છે કે જેને લીધે આપણે આત્માનું સાચું ગૌરવ લઇ શકીએ છીએ? જો આહારાદિના કાર્યમાં અથવા તો પારકી પંચાતીમાંજ આપણે જીવનનું મહત્વ માનતા હોઇએ તો પછી તિર્યં-ચના ભવમાં પણ નિષ્ફળપણું માની શકાય એવું નથી. મનુષ્યભવમાં જેવો આહાર વગેરે લઇએ છીએ તેવીજ આહારાદિની પ્રવૃત્તિ તિર્યંચના ભવમાં પણ ચાલુજ હોય છે. હવે જો આહારાદિ લેવામાંજ જીવનની સફળતા હોય તો તો એવી સફળતા જેમ મનુષ્યભવમાં માની શકાય તેજ પ્રમાણે તેવી સફળતા તિર્યંચના ભવમાં પણ માનવીજ રહી! અને જો બંને ભવોમાં જીવનની સફળતા છે એમ માની લઇએ તો મનુષ્યભવની મહત્તા ઉપર પૂળો મૂકવો પડે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આહારાદિની પ્રવૃત્તિ કરવી એમાંજ જીવનની સફલતા રહેલી નથી પરંતુ જીવન-સાફલ્ય કોઇ અન્યકાર્યમાંજ રહેલું હોવું જોઇએ.

**મનુષ્ય અને પશુમાં તફાવત શું?** તિર્યંચો ખોરાક લે છે, શરીર બાંધે છે, વિષયો તરફ દરકાર રાખે છે આ પ્રકારની પાંચે વસ્તુઓથી તેઓ યુક્ત છે અને મનુષ્ય આત્મા પણ એવીજ પાંચ વસ્તુઓથી યુક્ત છે, એ હિસાબે જો તપાસીએ તો ઢોરનું જીવન અને મનુષ્યનું જીવન એ બંન્ને સમાન છે. આહાર, નિદ્રા, ક્રોધ, ભય અને મૈથુન એ પાંચ વસ્તુઓમાં તો જેવી પ્રવૃત્તિ પશુઓની છે તેવીજ પ્રવૃત્તિ આપણી મનુષ્યોની પણ છે. આ પાંચ વસ્તુઓની ઢોરની કે મનુષ્યની પ્રવૃત્તિમાં કશોજ ફરક નથી, ત્યારે હવે વિચાર કરો કે પશુભવ અને મનુષ્યભવ એ બેમાં શો ફરક છે અને એ ફરક કયાં રહેલો છે?

તમે એવી દલીલ કરશો કે મનુષ્યોમાં વિવેક છે અને પશુઓમાં વિવેક નથી એટલો બંનેમાં તફાવત છે, અને તેથી મનુષ્યમાં વિવેક છે તેને અંગેજ તેની મહત્તા છે. તમારી એ દલીલ પણ તદન વાસ્તવિક નથી! વિવેક ખરો, પણ વિવેક શાને અંગે ગણ્યો છે તે વિચારી જો જો! જો

ખાવાપીવાને અંગેજ તમે વિવેક ગણતા હો તો એવો વિવેક કાંઇ પશુઓમાં પણ ઓછો હોતો નથી. ઢોરો પણ ખાવાની વસ્તુઓ હોય છે તેજ ખાય છે અને જે વસ્તુઓ ખાવાની નથી હોતી તેને જીભ પણ અડકાડતા નથી! અર્થાત્ ખાવાપીવાનો વિવેક તો જેવો મનુષ્યમાં છે તેવોજ ખાવાપીવાને અંગેનો વિવેક તો પશુઓમાં પણ રહેલોજ છે!

**ઇષ્ટની યાચના અનિષ્ટનો ત્યાગ.** જે વસ્તુઓ શરીરને પોષણ આપે છે તેજ વસ્તુઓ ઢોર પણ ખાય છે. બીજું કાંઇ તેઓ ખાતા નથી. જેમ આપણને આંધળા, લુલા, લંગડાં થવું ગમતું નથી તેજ પ્રમાણે પશુઓને પણ આંધળા, લુલા, લંગડાં થવાનું ગમતું નથી. આંધળાપણાથી, લુલાપણાથી, અથવા લંગડાપણાથી ઢોર પણ અવશ્ય બચવા માગે છે, મનુષ્યની માફકજ ઇન્દ્રિયોની ખામીને ઢોરો અનિષ્ટ તરીકે માને છે. તેઓ પણ અનિષ્ટ વિષયો તરફ અપ્રીતિ રાખે છે અને ઇષ્ટ વસ્તુઓ તરફ પ્રીતિ રાખે છે. અતિશય તડકો લાગતો હોય તો ઢોર પણ ઝાડનો છાંયડો શોધે છે કારણ કે એમાં એને ઇન્દ્રિયવિષયક ઠંડક લાગે છે. પ્રખર તાપ પડતો હોય, સૂર્ય પૂર્ણકળાથી પ્રકાશતો હોય અને અસહ્ય ગરમી પડતી હોય તે વખતે કુતરાકુતરીઓ પણ તડકામાં ન રખડતા વૃક્ષનો છાંયો અથવા તો ઘરનો ખુણો શોધે છે. શિયાળો ચાલતો હોય તો પશુઓ પણ પરસ્પરની સોડમાં બેસીને હુફ મેળવે છે અર્થાત્ પશુઓ પણ ઇષ્ટવસ્તુને માંગે છે અને અનિષ્ટ વસ્તુને ત્યાગે છે. આહાર, શરીર ઇન્દ્રિયો, વિષયો તેના સાધનો, ઇષ્ટ વસ્તુ તરફ પ્રીતિ અને અનિષ્ટ વસ્તુ તરફ અપ્રીતિ એ સઘળી વસ્તુઓ જેવી મનુષ્યમાં છે તેવીજ તે વસ્તુઓ ઢોરમાં પણ રહેલી છે.

**ચાર કારણો મહાદુર્લભ છે.** મનુષ્ય ખોરાક મેળવવાની પ્રવૃત્તિમાં હંમેશાં ગાંડો થઇને ભટકે છે તેજ પ્રમાણે પશુઓ પણ ખોરાક મેળવવાની પ્રવૃત્તિમાં સદાસર્વદા અથડાયા કરે છે. મનુષ્ય શરીરના બચાવ માટે પ્રયત્ન કરે છે તેજ પ્રમાણે પશુઓ પણ તેવાજ પ્રયત્નો કરે છે. મનુષ્ય ઇષ્ટ વસ્તુમાં રાગ અને અનિષ્ટ વસ્તુઓમાં દ્વેષ રાખે છે તેવીજ સ્થિતિ પશુઓની પણ હોય છે, ત્યારે હવે વિચાર કરો કે મનુષ્ય અને પશુ એ બેની વચ્ચે જાણવા જેવો તફાવત શો છે? પશુ અને મનુષ્યના જીવનમાં કાંઇ તફાવતજ ન હોત તો પછી શાસ્ત્રકારોએ જે એમ કહ્યું છે કે "દસ દષ્ટાંતે મનુષ્યભવ દોહ્યલો છે" **चत्तारि परमंगाणि, दुल्लहाणि इह जंतुणो माणुसत्तं सुईसद्धा संजमंमि य वीरियं ॥** તેનો અર્થ શું છે તે વિચારો. જીવ માત્રને એ ચાર કારણો મળવા દુર્લભ છે. મનુષ્યને, દેવતાને, તિર્યંચને અને નારકીવાળાને; એ ચારે જીવોને આ ચાર કારણો મળવા દુર્લભ છે. આ ચાર કારણો તો દેવતાને મળવા પણ સહેલા નથી. એ કારણો મેળવવા એ દેવતાઓને માટે પણ પરમદુર્લભ છે તો પછી નારકીને અને તિર્યંચને તે વસ્તુ દુર્લભ હોય તેમાં નવાઇ શી? કોઇ એવો પ્રશ્ન કરશે કે બીજાઓને કદાચ આ ચાર કારણ મેળવવા કઠણ હોય પરંતુ જે સાક્ષાત્ દેવતા છે તેમને પણ એની પ્રાપ્તિ દુર્લભ શા માટે કહી છે? કારણ એ છે કે દેવતાઓ પણ ઘણું થાળું જાનવરનુંજ પુરે છે. જે દેવતા દેવલોકમાંથી ચ્યવે છે તે દેવતા મોટે ભાગે ત્યાંથી ચ્યવીને તિર્યંચયોનિમાંજ દાખલ થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દેવતાઓનો તિર્યંચયોનિમાં નિવાસ.** હવે કોઇને એવી શંકા થશે કે જે દેવતા દેવપણામાંથી ચ્યવે છે તે ચ્યવીને તિર્યંચયોનિમાંજ જાય છે એનો શું પુરાવો છે? એવી કઈ શક્તિ છે કે જે ઉપરથી સાધારણ મનુષ્યના મગજમાં પણ આ વાત આવી શકે! ઠીક! સર્વકાળ દેવતાઓનું ચ્યવન થયાજ કરે છે પરંતુ એ સર્વકાળની વાત બાજુએ રાખો અને હમણાં માત્ર એકજ કાળની વાતનો વિચાર કરો. એક સમયે જેટલા દેવતાઓ ચ્યવે છે તેટલાઓને પણ મનુષ્યયોનિ ઝીલી શકતી નથી. એક સમયે જેટલા દેવતાઓ ચ્યવે છે તેટલા ગર્ભજ મનુષ્યોજ નથી, તો પછી એ બધા દેવતાઓ મનુષ્યોમાં કેવી રીતે સમાઇ શકવાના હતા? ગર્ભજ મનુષ્ય '૨૯' આંક જેટલા છે ત્યારે એક સમયે જે દેવતાઓ ચ્યવે છે તેમની સંખ્યા અસંખ્યાતા જેટલી છે! ગર્ભજ મનુષ્યની સંખ્યા ૨૯ આંક જેટલી અથવા તો ૯૬ વખત વર્ગ બમણા કરો અને જે આંક આવે તેના જેટલીજ હોય છે. ખ્યાલમાં રાખજો કે ઉત્કૃષ્ટ સ્થળેથી દેવતાઓ ચ્યવે છે તેમની સંખ્યા અસંખ્યાતા જેટલી હોય છે, જ્યારે મનુષ્યો અસંખ્યાતા નથી પરંતુ તેમની સંખ્યા માત્ર ૯૬ વખત બમણા કરો અને જે આવે તેટલી અથવા તો ૨૯ના આંક જેટલીજ છે. હવે વિચાર કરો કે એક વખતે જે દેવતાઓ ચ્યવે છે તે સઘળાને પણ મનુષ્યયોનિ જીરવી શકતી નથી તો પછી મનુષ્યની આખી જિંદગીમાં તો અસંખ્ય દેવતાઓ ચ્યવે છે તે બધાને મનુષ્યો કેવી રીતે જીરવી શકે વારૂં? અર્થાત્ એ બની શકેજ નહિ!!

**મનુષ્યભવ મહામુશ્કેલ છે.** તિર્યંચોનું થાળું એટલે કે તિર્યંચોનો સમુદાય આ દેવતાઓને જીરવી શકે છે, અસંખ્યાતની સંખ્યાતિર્યંચોમાં છે મનુષ્યોમાં નથી. મનુષ્યો અસંખ્ય સંખ્યામાં નથી, મનુષ્યની સંખ્યા અસંખ્ય નથી, પરંતુ તિર્યંચોની સંખ્યા અસંખ્ય અર્થાત્ નહિ ગણી શકાય એટલી છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સર્વ સમયે જે દેવતાઓ ચ્યવ્યા કરે છે તેમાંનો મોટો ભાગ અસંખ્યાત એવી તિર્યંચ યોનિમાંજ જાય છે. માત્ર તેમાંથી કોઈ રડયોખડયો, પડયોઆખડયોજ મનુષ્યભવમાં આવે છે! મનુષ્યભવ કેવો મહાન છે અને કેટલો મુશ્કેલ છે તે આ ઉપરથી જાણી શકાય છે.

મનુષ્યભવ આવો દુર્લભ છે પરંતુ એ દુર્લભતા આપણા ખ્યાલમાં આવતી નથી તેનું કારણ એ છે કે આપણે નાહાન રાજકુમાર જેવા છીએ. રાજાને ત્યાં અવતરેલા બાળકને રાજ્ય મેળવવાની કેટલી મુશ્કેલી છે, રાજ્ય મેળવવું એ કેવું ભયંકર કામ છે તેનો કશોજ ખ્યાલ આવતો નથી અથવા તે આવી મુશ્કેલીઓને અનુભવતો પણ નથી! જેના બાપદાદાએ રાજ મેળવી મૂકેલું છે, જેના વંશમાં પેઢી દરપેઢીએ રાજ્ય ચાલ્યાજ કરે છે તેના વંશમાં જન્મનારાઓને રાજ્ય મેળવવાની મુશ્કેલીની જરાય ખબર પડતીજ નથી.

**મનુષ્યભવની મહત્તાને ઓળખો.** લાખો અને કરોડો માણસોમાં પોતે એવું ભાગ્ય પ્રાપ્ત કર્યું છે કે જેથી પોતે રાજકુમાર તરીકે જન્મ્યો છે પરંતુ એ વસ્તુની મહત્તાને રાજકુમાર જાણતો નથી. જેટલી બેદરકારીપૂર્વક પાંચસો રૂપીઆની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઝુંપડીનો વારસો સામાન્ય મનુષ્યનો છોકરો મેળવેજ છે તેવીજ બેદરકારીપૂર્વક રાજ્યનો વારસદાર રાજ્ય મેળવે છે, પરંતુ એ રાજ્ય મેળવવાની મહત્તાનો તો તેને ભાગ્યે પણ ખ્યાલ આવતોજ નથી!! રાજગાદી મેળવવાની મુશ્કેલી રાજકુમાર સમજી શકતો નથી, તેજ પ્રમાણે રાજવંશમાં પોતાને જન્મ આપનારૂં પોતાનું ભાગ્ય પણ કેટલું અને કેવું બળવાન્ હશે તે પણ રાજકુમારના ખ્યાલમાં આવી શકતું નથી!!

જેમ રાજકુમારને રાજ્ય કેવી મુશ્કેલીએ મળે છે તેનો ખ્યાલ હોતો નથી તેજ પ્રમાણે મનુષ્યને પણ મનુષ્યભવ કેવી મુશ્કેલીથી-કેવા ભાગ્યને પરિણામે મળે છે તેનો ખ્યાલ આવતોજ નથી, મનુષ્યપણું એ દેવતાઓને પણ દુર્લભ છે. આપણે હમણાંજ જોઇ આવ્યા છીએ કે જે દેવતાઓ ચ્યવે છે તે સઘળાજ મોટે ભાગે તિર્યંચયોનિમાં જાય છે અને બાકીના થોડાજ મનુષ્ય-ક્ષેત્રમાં આવે છે આથી માલમ પડે છે કે મનુષ્યભવ તો દેવતાને પણ દુર્લભ છે, પરંતુ આવો મનુષ્યભવ દુર્લભ હોવા છતાં તેની અજ્ઞાનથી ઘેરાએલા મનુષ્યને ખબર પડતી નથી!!

રાજકુમારને કોઇ ચાર પેંડા આપવાના કરે અને રાજ લખી માગે તો તે બાળકુમાર જરૂર ચાર પેંડા લઇને પોતાનું રાજ લખી આપે છે કારણ કે તેને તેની અજ્ઞાનઅવસ્થા એમ સમજાવે છે કે રાજ્ય કરતાં આ પેંડાની મિઠાશ વધારે સારી છે!! પેંડાની મિઠાશ તો ક્ષણિક છે, તે નાશ પામવાવાળી છે અને તે મિઠાશ રોગોને ઉત્પન્ન કરવાવાળી છે એવું તે રાજકુમાર જાણતો નથી!

**મનુષ્ય એટલે અજ્ઞાન રાજકુમાર.** મનુષ્યની સ્થિતિ પણ આ અજ્ઞાન રાજકુમારના જેવીજ છે. મનુષ્ય પોતાના મનુષ્યત્વની ગહનતાને સમજતો નથી અને તે સ્પર્શના, રસના કે વિષયનાં સુખો મળતાં હોય તો તે માટે પોતાની જિંદગી લખી આપવા તૈયાર થાય છે અર્થાત્ મનુષ્ય વિષયવાસનારૂપી પેંડાની મિઠાશને અજ્ઞાનવશ માન્ય રાખે છે અને રાજ્ય લખી આપવારૂપી મનુષ્યભવ વેડફી મારે છે!

જેમ પેંડામાં મિઠાશ છે પરંતુ તે મિઠાશ ક્ષણિક હોઇ પરિણામે રોગોને જન્માવનારી છે તેજ પ્રમાણે વિષયસુખોની મિઠાશ પણ ક્ષણિક હોઈ તે પરિણામે શોક, રોગ અને દુર્ગતિને આપનારી છે એમ મનુષ્ય પોતાની અજ્ઞાનતાને લીધે જાણી શકતો નથી, અને એ મિઠાશની પાછળ પોતાનું માનવપણું વેડફી મારે છે! રાજકુમાર પોતાને જે રાજ્ય મળવાનું છે તે એક પેંડાને માટે આપી દેવા તૈયાર થાય છે. તેનું કારણ તેનું અજ્ઞાન છે, જે બાળક એક પેંડા માટે, બરફીની ટોપલી માટે, સુંદર ફૂલ માટે, મનગમતા ફળ માટે કે શોભિતા વાજા માટે રાજ લખી આપે છે તે બાળક એટલાજ માટે એવું વર્તન કરે છે કે રાજ્ય મેળવવામાં કેવી મુશ્કેલી છે તથા રાજકુમાર તરીકે અવતરવામાં કેવા સદ્ભાગ્યની જરૂર છે તેથી તે અજ્ઞાન છે. એજ પ્રમાણે પાંચ ઇન્દ્રિયોના સુખને માટે જે મનુષ્ય, મનુષ્યપણું વેડફી નાખે છે; તે પણ મનુષ્યભવ કેવો દુર્લભ છે, મનુષ્યભવ મેળવવા માટે કેવું બળવાન્ નસીબ જરૂરી છે અને માનવભવ કેટલો કિંમતી છે તેનાથી અજ્ઞાત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**તમારે માટે પણ તમે હકદાર નથી.** રાજકુમારના અજ્ઞાનનો ધૂર્તમાણુસો ખોટો લાભ ન લઈ લે તે માટે વ્યવહારે તેના ઉપર અંકુશ મૂકી દીધો છે કે માણુસ જ્યાં સુધી પુખ્ત વયનો થતો નથી ત્યાં સુધી તેણે કરેલી લેવડદેવડ એ વ્યાજબી ગણાતી નથી અને નાદાનવયનો માણુસ જો કાંઇ લેવડદેવડ કરે છે તો તે માટે તેની પૂર્વજોપાર્જિત મિલ્કત જોખમદાર ઠરતી નથી. માણુસને નાદાનવયમાં પોતાની મિલ્કતનો કારભાર કરવાની સત્તા આપવામાં આવી નથી એનું એકજ કારણ છે કે તે દ્રવ્યની કિંમત સમજતો નથી, એ વિષય પરત્વે તે અજ્ઞાન છે. રાજકુમાર જેમ પોતાની નાદાનવયને લીધે પોતાના રાજ્યની વ્યવસ્થા કરવાને માટે હકદાર નથી તેજ પ્રમાણે ભગવાન્ શ્રી મહાવીર દેવના શાસનમાં મનુષ્ય પણ પોતાના જન્મની વ્યવસ્થા કરવાને માટે પોતે હકદાર નથી. મનુષ્યની પાંચ વર્ષની ઉંમર હોય કે પચાસ વર્ષની ઉંમર હોય, દુનિયાદારીના વ્યવહારથી તે જાણુકાર હોય કે અજ્ઞાન હોય તોપણુ આધ્યાત્મિક દૃષ્ટિએ મનુષ્ય અજ્ઞાન છે અને તેથી પરમ કૃપાવાન્ ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજાઓના શાસને મનુષ્યના જીવનની સ્વતંત્ર વ્યવસ્થા કરવાની સત્તા મનુષ્યને આપી દીધીજ નથી !

**શાસ્ત્રનેજ અનુસરવું યોગ્ય છે.** રાજકુમારના દૃષ્ટાંતનું તમે અહીં જરા પુનઃ સ્મરણ કરો; રાજકુમાર રાજ્યનો માલીક છે તેની રાજ્ય ઉપર પુરેપુરી માલીકી છે. છતાં તેને મોટો કરવો પડે છે, કાયદાકાનુનો તેને સમજાવવા પડે છે, તેને ભૌતિક જ્ઞાન આપવું પડે છે, આટલું થયા પછી જ્યારે તે દુનિયાદારીના વ્યવહાર સમજવાની લાયકાતે આવે છે ત્યારે તે રાજ્યના કાયદાઓને માન આપતો થાય છે! વિચાર કરી જોજો કે પુખ્તવયે પહોંચેલો રાજકુમાર જ્યારે રાજગાદીએ બેસે છે ત્યારે તે એમ નથી કહેતો કે હવે મારૂં રાજ થયું છે માટે હું મારા રાજ માટે નવા કાયદા બાંધી લઉં છું! પુખ્તવયે પહોંચેલો રાજકુમાર પણુ પોતે નવા કાયદા ન બાંધવા બેસતાં પોતાના પૂર્વજોના સ્થાપિત કાયદાઓનેજ માન આપે છે.

જેમ રાજકુમાર પોતે સુદ્ધાં રાજ્યના સ્થાપિત કાયદાઓને માન આપે છે તેજ પ્રમાણે જે ધર્માર્થી ભવ્યજીવો છે તેમને પણુ તેમનામાં જ્યાં સુધી પૂર્વજ્ઞાનની જ્યોતિનો પ્રકાશ ન થાય ત્યાં સુધી આ પરમપ્રતાપી જૈનશાસનના જાણુકારોને પૂછીને તે પ્રમાણેજ ચાલવાનું છે અર્થાત્ તેમણે જૈનશાસનના સ્થાપિત કાયદાઓને માન આપવાનું છે. જે અક્કલવાળો નથી અર્થાત્ જેનામાં શાસ્ત્ર જાણુવાની અને સમજવાની શક્તિ નથી તેમણે શાસ્ત્રના જ્ઞાતાઓને પૂછીને તેઓ કહે તેમ વર્તવાનું છે અને જેઓ જ્ઞાની છે અર્થાત્ જેમનામાં શાસ્ત્ર જાણુવાની અને સમજવાની શક્તિ છે તેમણે શાસ્ત્ર જેમ કહે તે પ્રમાણે કરવાનું છે અર્થાત્ શાસ્ત્રને અનુસરવાનું છે.

**કાળાપાણીના કેદીઓ.** મનુષ્ય જે રાજ્યમાં, જે દેશમાં કે જે ગામમાં રહે છે તે રાજ્યના, તે દેશના અને તે ગામના સઘળા ધારાધોરણો તે મનુષ્યને માન્ય કરવાજ પડે છે, એ બાબતમાં લાડ, દયા કે અપવાદ કાંઈપણુ ચાલતું નથી. એજ પ્રમાણે જે માણુસ જૈનશાસનમાં રહ્યો છે, જેણે શ્રીમાન્ જિનેશ્વર મહારાજાઓની અચળ અને અભંગ સત્તાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માન્ય રાખી છે અને જે ધર્મી તરીકે રહેવા માગે છે તેને પણ શ્રીજિનેશ્વર મહારાજના શાસનની દરેક વ્યવસ્થાને માનવીજ ફરજીયાત છે. જે લોકો એમ કહેતા હોય કે અમારે પાપપુણ્યનો હિસાબ રાખવો નથી, અમારે આ થોથાઓની ગુલામી કરવી નથી અમારે "बाबावाक्यं प्रमाणम्" જોઇતું નથી એ સઘળાને તમે કાળાપાણીની સજાએ ગએલા સમજી લેજો.

જ્યાં સુધી મનુષ્ય રાજ્યમાં રહ્યો છે ત્યાં સુધી તો તેની ફરજ છે કે તેણે રાજ્યના કાયદા માનવાજ જોઇએ, અને જો કોઇ માણસ એવા કાયદાઓ માનવાની ના પાડે છે, તો તેનું પરિણામ એ આવે છે કે બળાત્કારે તેની પાસે એ કાયદાઓ મનાવવામાં આવે છે! અલબત્ત જેને કાળાપાણીની સજા થઇ છે તેને માટે સજા થયા પછી કાયદાનું બંધન રહેતું નથી. (જોકે હવે તો દેશનિકાલ થએલાઓને માટે પણ સ્વતંત્ર શહેરીઓ કરતાં વધારે સખ્ત કાયદાઓ ઘડવામાં આવ્યા છે અને બ્રિટિશ ભારતમાં દેશનિકાલ થએલા કેદીઓને વીસ વર્ષ સુધી કારાવાસમાંજ રાખી મૂકે છે કે જ્યાં તેમને સખ્ત અંકુશો પાળવાના હોય છે) એજ પ્રમાણે જે જૈન છે તેને જૈનશાસનના કાયદાઓ પણ અવશ્ય બંધનકર્તા છે.

**જૈન મહારાજ્યના બળવાખોરો.** ત્યારે હવે વિચાર કરો કે જૈનશાસનના કાયદાઓ માન્ય રાખવાની ફરજમાંથી કોણ બચી જાય છે? જવાબ એ છે કે જેઓ દેશનિકાલની સજાએ ગયેલા છે તેઓજ એ કાયદાને માન્ય રાખવાની ફરજમાંથી દૂર થાય છે. જે આત્માઓએ જૈનત્વનો ત્યાગ કર્યો છે, જેમણે જૈનસમાજમાંથી રાજીનામું આપ્યું છે, જેમણે સમ્યગ્દૃષ્ટિપણાનો પરિત્યાગ કરેલો છે એવા સઘળા આત્માઓ આ શાસનની દૃષ્ટિએ દેશનિકાલ થએલા છે અને તેવાજ માણસો ફક્ત જૈનશાસનની વ્યવસ્થા પાળવાના ભારમાંથી મુક્ત થએલા છે.

જેઓ જૈનત્વનો ત્યાગ કરવા માગે છે અને જૈનસમાજમાંજ રહેવા માગતા નથી તેમને માટે તો આપણે કાંઇપણ બોલી શકતાજ નથી, કહો કે બોલવા પણ માગતાજ નથી, કારણ કે આપણું પહેલું કર્તવ્ય જૈનો સાથે છે. ત્યારે હવે વિચાર કરો કે જેઓ જૈન તરીકેજ પોતાને ઓળખાવવા માગે છે, જેઓ જૈનસમાજમાં રહેવા માગે છે, જેઓ શ્રી જિનેશ્વર ભગવાનના અનુયાયી હોવાનો દાવો કરે છે અને તે છતાં જેઓ જૈનશાસનની સ્થાપિત વ્યવસ્થાને માનવાની ના પાડે છે તેવા સઘળા કયા વર્ગમાં આવે છે? નિરૂપાયવશતાથી કહેવુંજ પડશે કે એવા સઘળા જૈનમહાસામ્રાજ્યના પ્રચંડ બળવાખોરોજ છે.

**તેઓ જરૂર બળવાખોરો છે.** તમે કહેશો કે અરે આ તો સ્વતંત્રતાનો જમાનો છે. દરેક માણસ પોતાની મરજી પ્રમાણે વર્તવાને માટે હકદાર છે, તે છતાં એવા માણસોને બળવાખોર કેમ કહી શકાય? આ બધાનો જવાબ એકજ છે કે જ્યાં સુધી માણસ પોતે સામ્રાજ્યની અંદર રહે છે ત્યાં સુધી તો તે માણસ સામ્રાજ્યના જે કાંઇ કાયદાઓ હોય તે સઘળા પાળવાને માટે અને તે પ્રમાણે વર્તવાને માટે જવાબદારજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સામ્રાજ્યનો ત્યાગ કરીને ચાલ્યા જનારના શીર ઉપરજ એવી કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી. મનુષ્ય પોતે સામ્રાજ્યની અંદરજ રહે, પોતે સામ્રાજ્યનો શહેરી હોવા માટે અભિમાન લે, અમુક સામ્રાજ્યનો પોતે શહેરી છે એમાં ગૌરવ માનીને એ ગૌરવથી પોતાને ઓળખાવે અને છતાં સામ્રજ્યના કાયદાનો બાપોકાર વિરોધ કરે, તો આવા માણસોને તો બળવાખોર સિવાય બીજા કશાની પણ ઉપમા આપીજ ન શકાય. કાયદા અને વ્યવહાર પણ એવા માણસોને બળવાખોરજ કહે છે.

એજ સ્થિતિ જૈનશાસનરૂપી મહાસામ્રાજ્યમાં રહેનારા બળવાખોરોની પણ છે. જે પોતાની જાતને જૈન તરીકે ઓળખાવે છે, જૈન હોવામાં જે ગૌરવ માને છે, શ્રી જિનેશ્વર ભગવાનનું શાસન પોતાને મળવા માટે જે આત્મા અભિમાન ધરાવે છે અને જે જૈનત્વને માટે પોતાને પ્રેમ છે એવું જણાવે છે તેવાઓએ તો જૈનશાસનરૂપી મહાસામ્રાજ્યના સઘળા કાયદાકાનુનોને માનેજ છુટકો છે અને જે પોતાને જૈન તરીકે જાહેર કર્યા છતાં પણ શ્રીમાન્ જિનપરમાત્માના મહા શાસનના કાયદાઓ માનવાની ના પાડે છે તેઓ કાંઇ પણ શંકા વિના બેશક બળવાખોર છે એ સ્પષ્ટ છે. આ સ્થાને બળવાખોર શબ્દજ વ્યાજબી હોઇ, તેના વપરાશમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ જેવું નથી!

**કાયદાઓ એકજ ભૂમિકાએ રચાય છે.** હવે કોઈ એવી દલીલ કરશે કે મહાસામ્રાજ્યમાં રહેવું એટલે સામ્રાજ્યના કાયદા માનવાજ જોઇએ એ વાત વાસ્તવિક છે પરંતુ જે કાયદાઓ અન્યાયી છે, અયોગ્ય છે અથવા અમોને રૂચે એવા નથી તેવા કાયદાઓને માનવાને માટે અમે બંધાએલા નથી. કાયદાના સંબંધમાં આવી માન્યતા રાખવી એ વ્યવહાર અને તત્વજ્ઞાન બંનેથી ઉલટું છે. કાયદા અમુક વ્યક્તિ અથવા અમુક ટોળાનું માનસ કેવું છે તે જોઇને ઘડાતા નથી. કોઇ ગામમાં પાંચસો કોળીઓનીજ વસ્તી હોય અને તેમાંના ત્રણસો કોળીઓ ચોરીથીજ પોતાની જિંદગી પુરી કરતા હોય તેથી કાંઇ આ ટોળાની દૃષ્ટિએ ગુજરાન કરવા માટે ચોરીનો ધંધો કર્તવ્ય છે એવું ઠરાવી શકાતુંજ નથી.

જેમણે આખી જિંદગી ચોરીમાંજ ગાળી છે તેવા લોકોને શરાફીના કાયદા ખૂંચે છે! જમીન ગણોતે ખેડવી છે, પાક નિપજાવવો છે, પરંતુ પાક ઉતારી લીધા પછી જેની દાનત ગણોત ભરવાનીજ નથી તેવા સઘળાઓને દિવાની કોર્ટ પણ ખૂંચે છે, પરંતુ એવા સંયોગોને લઈને કાંઈ શરાફીના ધારાઓ અને દિવાની કોર્ટોને આપણે સળગાવી મૂકતા નથી. અર્થાત્ જે ધારાઓ રચાય છે; પછી તે ધારાઓ તત્વજ્ઞાનના હોય, સામ્રાજ્યના હોય કે ધાર્મિક ક્ષેત્રના હોય, તો પણ તે સઘળા સત્ય અને ન્યાયની ભૂમિકા ઉપરજ રચાય છે એ ભૂલી જવાની જરૂર નથી!

**નિષ્ફળ અસહકાર: આત્માનો અવાજ!** જે માણસોને શરાબ પ્રિય છે, જેમને જુગાર પ્રિય છે, જેમને વ્યભિચાર પ્રિય છે એવા માણસોને દુર્વ્યસનનિષેધના જે જે કાયદાઓ હોય તે સઘળા રૂચવાનાજ નથી! આવા માણસોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુનીતિસંવર્ધનના કાયદાઓ ન રૂચે અને તે માણસ એમ કહે કે આ કાયદાઓ મને રૂચતા નથી, અથવા તે મને પૂછીને ઘડાયા નથી અથવા તે કાયદાઓ તૈયાર કરવામાં મારો મત લેવાયો નથી માટે હું તો એવા સઘળા કાયદાઓ સાથે કડકમાં કડક પ્રકારનો અસહકાર કરૂં છું! તો મહાનુભાવો! હું તમોને પૂછું છું કે એવા અસહકારનો શો અર્થ છે, અથવા તેવા અસહકારને શા માટે મહત્વ પણ આપવું જોઈએ? આવા અસહકારની સત્યની દૃષ્ટિએ લેશ માત્ર પણ કિંમત નથીજ અથવા ન્યાયની દૃષ્ટિએ એવા અસહકારનું કાંઇપણ મૂલ્ય લેખાવા પામતુંજ નથી. સમાજ, ધર્મશાસ્ત્ર અથવા વ્યવહાર સઘળા આ બાબતમાં પૂર્ણરીતે મળતાજ થશે.

હવે કોઈ એવો પ્રશ્ન ઉભો કરશે કે કાયદો અથવા ધારાધોરણો સત્ય અને ન્યાયની ભૂમિકા ઉપરજ હોવા જોઇએ. એ વાત સાચી છે પરંતુ તે કાયદાને અંતઃકરણે માન્ય રાખવોજ જોઇએ. અંતઃકરણ અથવા તો સુધારાવાદીઓ જેને માટે એક નવોજ શબ્દ વાપરે છે તે "આત્માનો અવાજ" જે કાયદાને કબુલ રાખે છે તેજ કાયદો એ કાયદો છે અને તેજ કાયદો માન્ય રાખવા જગત બંધાએલું છે આવી વિચારસરણીવાળા પોતાના વિચારોના ટેકામાં જે દલીલ રજુ કરે છે તે તપાસીએ. તેઓના કથનની અવાસ્તવિકતાજ તેમના સિદ્ધાંતની અવાસ્તવિક્તાનો ખ્યાલ આપશે.

**આત્માના અવાજનું ઢોંગ.** આવી દલીલ કરનારાઓ કહે છે કે અંતઃકરણ એ બહુજ પવિત્ર વસ્તુ છે. સાચાનું સંગાથી છે અને તે કદી જુઠાણાને ટેકો આપતુંજ નથી એટલેજ હરકોઇ કાયદાને અંતઃકરણની કસોટી ઉપર ઘસી જોવો જોઇએ અને એ કસોટી વડે જે કાયદો સિદ્ધ થાય તેનેજ કાયદા તરીકે માનવો યુક્ત છે. આવો વર્ગ વધુમાં એમ જણાવે છે કે ચોર ચોરી કરે છે, ખાતર પાડે છે, પરંતુ ખાતર પાડતી વખતે, ચોરી કરતી વખતે, ધાડ પાડતી વખતે તે આજુબાજુએ જુએ છે કે રખેને કોઈ મને ચોરી કરતાં જોતું તો નથી! આ તેની સઘળી ચેષ્ટા ઉપરથી સિદ્ધ થાય છે કે ચોર ચોરી કરે છે તે છતાં તેનો અંતરાત્મા તેનું અંતઃકરણ તો એમજ કહી રહ્યું છે કે ચોરી કરવી એ પાપ છે! જો માણસનું અંતઃકરણજ એમ જાણતું હોય કે ચોરી કરવી એજ સારૂં કાર્ય છે તો ચોરી કરતી વખતે ચોરી કરનારો પોતાને બીજું કોઈ જોતું તો નથીને એ સંબંધીની જે તકેદારી રાખે છે તેવી તકેદારી રાખતજ નહિ! ઠીક! વળી તેઓ એજ વિચારસરણીએ આગળ વધીને હિંસાને અંગે પણ એમ જણાવે છે કે એક માણસ બીજા માણસને મારવા જાય છે તોપણ તેવે સમયે સુદ્ધાં આક્રમણ કરનારો બચાવના સાધન રાખે છે. આક્રમણકારી પોતે પણ બચાવના સાધનો રાખે છે તે ઉપરથી પણ એજ વસ્તુ સિદ્ધ થાય છે કે હિંસા કરનારો માણસ પણ અહિંસા સારી છે એ વાતને તો સર્વદા સર્વથા માન્ય રાખેજ છે.

**અંતઃકરણ વિરોધી કાયદાઓ.** આ સઘળા ઉદાહરણો ઉપરથી આ લોકો શું કહેવા માગે છે તે જુઓ: તેમનું કથન એટલુંજ છે કે અંતરાત્મા અથવા તો અંતઃકરણ એ ઘણીજ પ્રમાણભૂત અને પવિત્ર વસ્તુ છે અને મનુષ્ય પોતે સ્વહસ્તે ગમે તેવા દુષ્કાર્યો, મહાપાપો, પ્રચંડ અનાચારો, વિવિધ વિષયવાસનાઓને પુરી કરતો હોવાં છતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંતઃકરણથી તો તે એમજ માને છે કે હું જે કાંઈ કરૂં છું તે ન કરવા યોગ્ય છે અને હું જે કાંઈ કરતો નથી તેજ કરવા યોગ્ય છે, અર્થાત્ કે અંતઃકરણ એ મહા પવિત્ર, સત્યપરીક્ષક, ન્યાયસમીક્ષક અને તત્વનું નિરીક્ષક હોઇ તે જે કાંઇ કહે છે તે સત્ય હોવાથી કાયદો જેને માન્ય કરવાનો છે તેના અંતઃકરણે એ કાયદાને ટેકો આપવોજ જોઇએ. એ પ્રકારે અંતઃકરણે માન્ય રાખેલો જે કાયદો હોય તેજ કાયદો પાળવા આપણે બંધાએલા છીએ.

જુઠું બોલનારો, પાપી, ખૂની અનુક્રમે જુઠું બોલે છે, પાપ કરે છે અને ખૂનો પણ કરે છે પરંતુ ન્યાયસભામાં અથવા અન્યત્ર એજ અસત્યભાષી, પાપી અને ખૂની પોતાનો બચાવ હજી કરે છે, પોતે જુઠું નથી બોલ્યો, પોતે પાપ નથી કર્યું અથવા પોતે ખૂન નથી કર્યું, એવુંજ સાબીત કરવા તે મથે છે એ ઉપરથી પણ સાદું અને સહેલું એજ અનુમાન નીકળે છે કે પાપ કરનારો પણ પાપ કરે છે તે વિકારોનો આવેગને વશ થઈનેજ કરે છે પરંતુ તેનું હૃદય તો હંમેશાં પાપનો વિરોધજ કરે છે. આ સઘળી ચર્ચાનો સાર એટલોજ છે કે અંતઃકરણ હંમેશાં સત્યનુંજ સાથી છે તે અસત્ય, અધર્માચાર અથવા પાપને ટેકો આપતુંજ નથી. આમ હોવાથી જે કાયદાઓ અંતઃકરણના વિરોધી છે તેવા કાયદાઓનો તો ભંગ કરવામાંજ નીતિ છે.

**અજ્ઞાનીનું અંતર પ્રમાણ નથી.** હવે આ દલીલ તપાસીએ. આ દલીલ ઉપરથી પહેલી તો એક વાતજ સ્પષ્ટ થાય છે કે આવા માણસો અંતઃકરણ અને ક્રિયાના ભેદને ટેકો આપે છે અને વધુમાં તેમનું કહેવું એવું છે કે ક્રિયાથી વિરૂદ્ધ પડીને અંતઃકરણ જે કાંઇ કહે છે તેજ સત્ય છે! આ દલીલ માની લેતાં પહેલાં એ વાતનો વિચાર કરવાનો છે કે અંતઃકરણ કોનું પ્રમાણ માનવું જોઇએ? જ્ઞાનીનું કે અજ્ઞાનીઓનું? જ્ઞાનીનું અંતઃકરણ જે કાંઈ કહે છે તે સત્ય અને નીતિ છે કે અજ્ઞાનીનું અંતર જે કાંઈ કહે તે સત્ય અને નીતિ છે? જો આ પ્રશ્નનો ઉત્તર તટસ્થતાથી અને પક્ષપાત વિના આપવોજ હોય તો તો એમ કહેવુંજ પડશે કે અજ્ઞાનીનું અંતઃકરણ એનેજ સત્ય અને નીતિ એમ આપણે કહી શકતા નથી. મૂર્ખાઓ સિવાય બીજો એવો કોઇ નહિ હોય કે જે અજ્ઞાનીઓના અંતઃકરણનેજ સત્ય અને નીતિ કહેવાને તૈયાર થાય! રાક્ષસનું અંતઃકરણ સદાસર્વદા બીજાને ખાઈ જવાનોજ વિચાર કરે છે. વાઘના મનમાં હંમેશાં બીજાને ખાઇ જવાનોજ વિચાર વિદ્યમાન હોય છે. વાઘ જ્યારે ફાળ ભરે છે ત્યારે તેના મનમાં શું હોય છે તેનો વિચાર કરો. તેના અંતઃકરણમાં તો બીજાને સ્વાહા કરી જવાનીજ ભાવના રહેલી છે ત્યારે શું તેથી એમજ માની લેશો કે વાઘનું અંતઃકરણ જે વસ્તુ માન્ય રાખે છે તેજ સત્ય છે અને બીજું મિથ્યા છે.

જે માણસ જુઠું બોલે છે, જે માણસ અજ્ઞાન છે તે માણસ જુઠું બોલવામાં સાવચેતી રાખે છે ખરો? કદી નહિ!! જે મનમાં આવે છે તે બોલી દેનારાને આપણે અજ્ઞાની કહીએ છીએ તો પછી તેના અંતઃકરણમાં જે વસ્તુ છે તે સત્ય છે એવો નિયમ કરી શકાતોજ નથી. જેઓ અજ્ઞાની છે, જેઓ ચોરી કરવાનો ધંધો કરનારાના પરિવારમાંજ જન્મ્યા છે તેવાઓના અંતઃકરણ પણ હંમેશાં તેવાજ હોય છે! પંચમહાલનો ભીલ કે અરબસ્તાનના આરબ પોતાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડોઝરૂં ભરવાને માટે ઝાડ પર બેઠેલા નિર્દોષ પંખીને વીંધી નાખે છે એ વખતે તેના અંતઃકરણમાં એવો વિચાર સરખો પણ નથી હોતો કે તે જે કાર્ય કરે છે તે નહિ ઇચ્છવાયોગ્ય છે તેમના કાર્ય ઉપરથી શું આપણે એમ માની લેવું ખરૂં કે પંચમહાલના ભીલોને માટે પશુહિંસા કરવી એજ વ્યાજબી છે? જે હંમેશાં જુઠું બોલે છે તેના અંતઃકરણમાં પકડાઇ જવાનો ડર રહે છે, તમે હિંસાના પચ્ચક્ખાણ લો છો તે વખતે "રખેને હિંસા થઇ જશે!" એવો હૈયામાં ભય રહે છે, તેજ પ્રમાણે તમે તમારીજ દુકાનમાં દેખાવ માટે આગળ માલ ગોઠવી રાખ્યો હોય અને પછી તમારે કાંઇ કારણસર બીજો માલ લેવા અંદર જવું પડે, તો તમોને એવો ડર લાગે છે કે રખેને કોઇ માણસ આ વસ્તુઓમાંથી કાંઇ ઉંચકી તો ન જાય! આ સઘળા ઉદાહરણો ઉપરથી શું એમ સમજવાનું છે કે અહિંસાના પચ્ચક્ખાણ વખતે હૃદયમાં હિંસાનો વિચાર આવ્યો અથવા તો આપણેજ માલ બહાર ગોઠવતી વખતે તે માલ ચોરાઇ જવાનો વિચાર આવ્યો હતો માટે એજ વસ્તુઓ સત્ય છે અને બીજી વસ્તુઓ મિથ્યા છે? અજ્ઞાનીના અંતઃકરણમાં અમુક પ્રસંગે જે વિચારો આવે છે તેજ વિચારો સત્ય છે એમ માની લેવું, એ આ સઘળા વિવેચન ઉપરથી મૂર્ખાઇ ભરેલું છે એમજ સાબીત થાય છે.

**જ્ઞાનીનું હૃદય એજ સત્ય છે.** પવિત્રતા અથવા સત્ય તો તેનેજ કહી શકીએ કે જેના વિચાર, વાણી અને વર્તન એ ત્રણેમાં સામ્ય હોય અને એ ત્રણેમાં જે વસ્તુ રહેલી હોય તેજ વસ્તુ સત્ય છે એવું જ્ઞાનીઓએ સ્વીકારેલું હોય! અજ્ઞાનીઓ, પાપીઓ, જંગલીઓ એમના અંતઃકરણમાં જે કંઇ આવે છે તે પણ સાચુંજ છે કારણ કે એ વસ્તુ તેમણે અંતઃકરણથી કબૂલ રાખી છે એવું તો માત્ર મૂર્ખાઓ સિવાય બીજું કોઇપણ કહી શકે એવું નથી. આ ઉપરથી એજ સિદ્ધ થાય છે કે નિયમ તો એવોજ નીકળી શકે છે અંતઃકરણમાં જે હોય તેજ સત્ય નથી પરંતુ જ્ઞાનીના અંતઃકરણમાં જે કાંઇ હોય તેજ સત્ય છે. જેઓ એમ કહે છે કે હૃદય જે કબૂલ રાખે છે તે ધર્મ છે અને હૃદય જે વાત કબૂલ નથી રાખતું તે અધર્મ છે તે લોકો એવું કહીને જગતને છેતરવાનો ધંધો લઈ બેઠા છે એજ આ ઉપરથી સ્પષ્ટ થાય છે, એજ રીતે જેઓ એમ કહે છે કે જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તેમાંથી જે કાંઈ અમોને વ્યાજબી લાગે છે તેજ અમારે માનવા યોગ્ય છે અને તેજ સાચું છે, અને જે અમોને વ્યાજબી નથી લાગતું તે ભલે શ્રીજિનેશ્વરદેવોએ કહ્યું હોય તે છતાં પણ આજના જગતને માટે તેની જરૂર નથી.

**પુરુષપ્રમાણ તેનું વાક્યપ્રમાણ.** શરીર બગડે છે એટલે તરત દાક્તરને બોલાવવામાં આવે છે. દાક્તર કહે છે કે પિત્ત વધ્યું છે, વાયુ વધ્યો છે, ફલાણી નસ બગડી છે એપેન્ડીસાઇટ્સ થયું છે, એ સઘળી વસ્તુ કાંઇ આપણે તપાસી શકતા નથી પરંતુ તે છતાં તેને સાચી માની લેવામાં આવે છે એ સઘળું શાથી સાચું માનવામાં આવે છે તેનો વિચાર કરજો. દાક્તરને તમે શરીરવિજ્ઞાનને માટે પ્રમાણભૂત માનો છો અને દાકતરને પ્રમાણભૂત માન્યો છે એટલેજ તેણે કહેલી હકીકતને પણ આપણે સાચી માની લઇએ છીએ. જેને મુંઝારો થાય છે, ત્રિદોષ થાય છે, સન્નિપાત થાય છે તે માણસનું હૃદય તેને એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહેતું નથી કે તેને મુંઝારો, ત્રિદોષ કે સન્નિપાત થયો છે, આટલું છતાં તે બધું આપણે દાકતરના કહેવા ઉપરજ એટલે "પુરુષ પ્રમાણ તો તેનું વચન પણ પ્રમાણ" એ સિદ્ધાંતને આધારે માન્ય રાખીએ છીએ પરંતુ જ્યાં ધર્મની વાત આવે છે ત્યાં દલીલ કરીએ છીએ કે ભગવાને કહ્યું તે ભલે કહ્યું, પરંતુ એમાંથી અમે તો તેટલુંજ સાચું માનીશું કે જે વસ્તુ અમારો અંતરાત્મા પણ કબુલ રાખશે. આ કથન ઉપરથી તો સ્પષ્ટ રીતે એમજ લાગે છે કે જેઓ એવું કહે છે તેમની ધર્મપાલનની ધાનતજ હોય એમ લાગતું નથી. કોઇ ત્રિદોષથી પીડાતો દરદી વાયુના ઉન્માદમાં આવીને એમ કહે કે હું તો ત્રિદોષવાળો છુંજ નહિ, મારો અંતરાત્મા તો મને એમજ કહે છે કે હું તદન નિર્દોષ છું અને મને દવાની જરૂરજ નથી હવે વિચાર કરો કે આવું બોલનારા દરદીને તેના ઇષ્ટમિત્ર હોય તે દવા આપવાની વ્યવસ્થા કરે છે કે દરદીનો આત્મા તેને દર્દ નથી એવું કહે છે માટે તેને દવાની જરૂર નથી એવું પ્રતિપાદવા બેસે છે? આવા સંયોગોમાં દરદીનો સાચો મિત્ર અથવા તેનો સાચો સ્નેહી તો તેને બળાત્કારે પણ દવા આપવાનીજ આવશ્યકતા વિચારે છે.

**ધાર્મિક સન્નિપાતથી પીડાતા દરદીઓ** તમારી શરીરપ્રકૃતિ તમારા હાથમાં ન હોય, ઉન્માદથી તમે ઘેરાયલા હો, વાયુના જોરમાં મસ્તાન હો તે સમયે જે તમારા માબાપ અથવા સગાસ્નેહી છે તે તમોને બળાત્કારે પણ દવાજ આપે છે, તેજ પ્રમાણે તમે પણ જો જિનેશ્વરના શાસનમાં રહી ઉત્સૂત્રભાષી થયા હો, તો તમે પણ ધાર્મિક સન્નિપાતથી પીડાતા દરદીજ છો અને જે તમારો સાચો સ્નેહી હોય તે તો આ સંયોગોમાં જરૂર તમોને મેડહાઉસમાંજ મોકલી આપે! મેડહાઉસમાં એવો નિયમ કદી પણ પ્રચલિત કરી શકાતોજ નથી કે જે ગાંડો ખુશીથી દવા લે તેનેજ દવા આપવી અને બીજાને ન આપવી! ગાંડો દવા લે કે ન લે, તો પણ તેને બળાત્કારે દવા પાવીજ પડે છે, તેજ પ્રમાણે તમે મિથ્યાત્વાદિ ગાંડપણથી પીડાઓ છો આથી તમારા હિતૈષીઓની પણ ફરજ તો એજ છે કે તેઓ તમોને બળાત્કારે પણ દવાજ આપે, અર્થાત્ બળાત્કારે પણ તમોને ધર્મકાર્યમાં પ્રવૃત્ત કરે એજ તમારો સાચો સ્નેહી છે. કોઇપણ માણસ એવો નથી કે જે ગાંડાભાઇને નગરશેઠની ખુરસી ઉપર બેસાડી દેવા તૈયાર હોય! મૂર્ખરાજની જગા તો મુર્ખખાનામાંજ હોય છે.

**સિપાઇઓનો ધર્મ શું?** જેમ મુર્ખાને શેરબજારના શેઠની ખુરસી પર બેસાડી શકાતો નથી અને તેના મગજમાં જે આવે તેનેજ પ્રમાણ ગણી શકાતું નથી, તેજ પ્રમાણે જે માણસો મિથ્યાત્વાદિ દુર્ગુણોના રોગી છે તેમને માટે પણ એવો નિયમ ઠરાવી શકાતો નથી કે તેમના મગજમાં જે આવે તેજ પ્રમાણ છે. ગાંડો પોતે રાજસિંહાસન ઉપર ચઢી જાય અને ગમે તેવા ગાંડાઇ ભરેલા હુકમ કરે તે હુકમોનો કોઇ અમલ કરતુંજ નથી, તેજ પ્રમાણે મિથ્યાત્વાદિ રોગોથી પીડાતા માણસો કદાચ એમ બોલે કે અમારા હ્રદયમાં આવે એજ સત્ય છે, તો તેમનું એ કથન પણ કોઈ માન્ય રાખતું નથી, એટલુંજ નહિ પરંતુ ગાંડો માણસ તાજ ઉંચકીને ચાલવા માંડે તો સિપાઇની ફરજ તેને બળાત્કારે પણ તાજ લઇ જતા

અટકાવવાની છે, તેજ પ્રમાણે મિથ્યાત્વાદિ ઉન્માદથી પીડાતો માણસ એમ કહે કે હું જે કહું છું તેજ ધર્મ છે અને તે સિવાયનું બીજું જે કાંઇ છે તે અધર્મ છે, તો શ્રીજિનેશ્વરભગવાનના સાચા સિપાઇઓની ફરજ છે કે તેમણે પણ એવા ઉન્માદીઓને તેમના પ્રચંડ ઉન્માદથી પાછાજ વાળવા જોઈએ.

તમે તમારા બાળકને સૌથી વહાલામાં વહાલી વસ્તુ ગણો છો, પરંતુ એજ બાળકને તમે શીતળા ટંકાવો છો, તમે એ બાળક માંદું થાય ત્યારે તેને દવા પાવો છો. આ બધા સંયોગોમાં શું તમે પોતે દાક્તર અથવા પરીક્ષક છો? નહિજ!! તમે શરીરવિજ્ઞાનશાસ્ત્રમાં શાસ્ત્રીય રીતે કાંઈ જાણતાજ નથી, પરંતુ તમારે દાક્તર ઉપર ભરોસો છે અને એ ભરોસાને આધારેજ તમે તમારા હજારોની મિલ્કતસમા બાળકને કોઈપણ જાતની અનુભવ વિનાની દવા પણ પાઈ દો છો. તમે જેટલા સોનું લેવા જાઓ છો તેટલા શું બધાજ ચોકસી છો કે? તમે જેટલા હીરા ખરીદવા જાઓ છો અથવા જેટલા મોતી લેવા જાઓ છો તેટલા શું બધાજ ઝવેરી છો કે? નહિજ!! તમે પોતે ઝવેરી નથી, ચોકસી નથી, પારેખ નથી, રત્નપારખી નથી, પરંતુ તે છતાં ઝવેરીની પ્રતિષ્ઠા ઉપરજ-તેના ભરોસા ઉપરજ તમે આધાર રાખીને હજારો રૂપીઆનો વ્યાપાર કરો છો! જો ઝવેરીના કથન ઉપર વિશ્વાસ રાખીને હજારો રૂપીયાનો તમે વ્યાપાર કરો છો તો પછી ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના વચન પર વિશ્વાસ રાખીને તમોને ધર્મવર્તન કરવાને માટે કેમ વાંધો નડે છે?

**આજના યુવાનોનો મિથ્યાવાદ.** આજના તરૂણો આજે એમ કહેવા નીકળ્યા છે કે અમે કાંઈ અંધશ્રદ્ધાવાળા નથી કે જિનેશ્વર મહારાજાએ જે કાંઈ કહ્યું છે તે બધુંજ ખરૂં માની લઇએ, અમે તો અમારી બુદ્ધિમાં જે કાંઈ આવશે તેજ માનીશું! આવા તરૂણોને હું પૂછું છું કે મહાનુભાવો! તમે કયાં અંધશ્રદ્ધા નથી રાખી તે તો કહો. તમે **कक्को अने एकडे एक** ભણ્યા તે વખતે તમારા શિક્ષાગુરુનુંજ કથન શા ઉપરથી માન્ય રાખ્યું? તમે મામા, માસી, ફોઈ વગેરે તમારા સગાંવહાલાંઓને મામા, માસી, ફોઇ ઈત્યાદિ શબ્દોથી ઓળખ્યા એ કયા અનુભવથી જાણ્યું? લગ્ન વખતે તમારી પત્ની બ્રહ્મચારિણીજ છે એમ તમે શા ઉપરથી માની લીધું? અર્થાત્ આ સઘળા સંયોગોમાં માણસ બાળપણાથી અંધશ્રદ્ધાથીજ વર્તે છે એ સ્પષ્ટ થાય છે. ત્યારે હવે પ્રશ્ન એ છે કે બીજા સઘળા કાર્યોમાં તમારે અંધશ્રદ્ધા રાખવી છે, પુરોગામીઓનું કહેવું સાચું માની લેવું છે અને તે પ્રમાણે વર્તવું છે પરંતુ માત્ર ધર્મની વાત આવે છે અને ત્રિલોકનાથ ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજના વચન ઉપર વિશ્વાસ રાખવાની વાત આવે છે ત્યાં તમે કહો છો કે આ તો અંધશ્રદ્ધા થઇ! અમે કાંઇ અંધશ્રદ્ધાળુ નથી કે જે કાંઇ કહો તે સઘળુંજ સાચું માની લઇએ! ભાગ્યવાનો! આ તે તમારો કયાંનો ન્યાય છે?

**સમાજનો વાસ્તવિક વિરોધ.** આ સઘળા તમારા વર્તનની જ્યારે તપાસ કરીએ છીએ ત્યારે તો તેમાંથી એજ સૂર નીકળે છે કે તમારે ધર્મ પાળવોજ નથી. આમથી તેમથી બહાના કરીને તમારે નાસભાગ કરવી છે. વ્રત, ઉપવાસો કરવા નથી અને મનમાં આવે તેમ ચોમાસું ચરેલા આખલાની માફક લીલા કરતાં બધે મહાલવું છે!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઈ માણસ મૂર્ખ હોય અને તે પોતાની પાસેના હીરામોતીની કિંમત ન સમજતો હોય તો તેનું પરિણામ એ આવે કે એ રત્ન તે કચરામાં ફેંકી દે, તે ઉપરથી એ રત્નનું મૂલ્ય કાંઈ ઘટી જતું નથી. લોકો તો હીરાને હીરા તરીકેજ ઓળખે છે. હવે કોઇ એ મૂર્ખાનો ડાહ્યો ભાઇબંધ નીકળી આવે અને ડાહ્યો ભાઇબંધ પોતાના ગાંડા મિત્રની આબરૂ સાચવી રાખવા માટે એમ કહે કે અરે, એ રત્નની કશી કિંમતજ નથી. એ તો રત્નજ નકામું હોઇ તે ફેંકી દેવા જેવું છે. તો તેના એવા કથનની પણ જનતા ઉપર કશીજ અસર થતી નથી, એટલુંજ નહિ પણ જનતા એવા કાર્યોને બેવડી મૂર્ખાઇ તરીકેજ ઓળખે છે. ધર્મનિષ્ઠો અને શ્રદ્ધાળુઓ આવા મૂર્ખાઇના પ્રયત્નોને જરૂર પારખી જાય છે અને તેઓ તેને હસી કાઢે છે. એક તો હીરા, રત્નાદિને ન પારખવા તે મૂર્ખાઇ છે અને તેને નાખી દઇ વળી તેનો બચાવ કરવા નીકળવું તે બીજી મૂર્ખાઈ છે, તેજ પ્રમાણે શ્રીજિનેશ્વરમહારાજના શાસનને ન માનવું એ મૂર્ખાઇ છે અને તેને આચરણમાં ન મૂકવું એ બીજી મૂર્ખાઇ છે. આવા પ્રયત્નોનો સમાજ વિરોધ કરે એમાં આશ્ચર્ય પણ શું છે?

**જૈનસામ્રાજ્યના અચળ કાયદાઓ.** ન્યાય એ જગતની અપૂર્વ ચીજ છે. ન્યાયને સૌ કોઇ વખાણે છે, અને તેની મહત્તાને કબુલ રાખે છે, છતાં કહેવાની જરૂર છે કે ન્યાય એ કાંઇ દૃશ્ય વસ્તુ નથી, ન્યાય કોઈને દેખાતો નથી, તેજ પ્રમાણે તે પાંચે ઇન્દ્રિયોથી સંયુકત રીતે અથવા ગમે તે એક ઇન્દ્રિયથી પણ અનુભવી શકાતો નથી! જેમ ન્યાય એ આંખે દેખાતી વસ્તુ નથી, તેજ પ્રમાણે ધર્મ પણ આંખે દેખવાની વસ્તુ નથીજ. તેજ પ્રમાણે તે પાંચે ઇન્દ્રિયોદ્વારા ઇન્દ્રિયોને સાક્ષીભૂત થનારી વસ્તુ પણ નથી, ત્યારે પ્રશ્ન એ થાય છે કે આવો અગોચર અને અગમ્ય ધર્મ કોના કથનથી પ્રમાણ માની સકાય?

ન્યાય પણ અગોચર છે છતાં ન્યાય, ન્યાયાધીશના કહેવાથી માન્ય રાખવામાં આવે છે, તેજ પ્રમાણે ધર્મ પણ અવ્યક્ત હોવા છતાં જે ધર્મ કેવળજ્ઞાનીઓદ્વારા કહેવાય છે તે માન્ય રાખવામાં આવ્યો છે. કેવળજ્ઞાનીઓ પોતાના અગાધ અને અપરિમિત જ્ઞાનથી ધર્મને જાણે છે અને પછી તેઓ જનસમુદાયના કલ્યાણને અર્થે એ ધર્મને જગતને કહે છે. આથી સિદ્ધ થાય છે કે જેઓ જૈન છે, પોતાને જૈન તરીકે ઓળખાવે છે, કેવળી મહારાજાઓના અનુયાયી હોવા માટે પોતે ધન્યવાદ લે છે, તેવા સઘળા જૈનસામ્રાજ્યના નાગરિકો હોઇ તેમને માટે શ્રીમાન્ કેવળી ભગવાનોએ કથેલા વચનો એ જૈનસામ્રાજ્યના કાયદાઓજ છે અને તે કાયદાઓ માનવાને તેઓ બંધાએલા છે. રાગદ્વેષ અને અજ્ઞાનરહિત હોવાથી જિનેશ્વરના વચનો પ્રમાણભૂત છે.

**જૈનશાસનની અભંગ જાહોજલાલી.** જે ભવ્યાત્મા જૈનશાસનમાં રહેવા માગે છે, જૈનસામ્રાજ્યમાં જેને રહેવું છે, તેને માટે જૈનરિયાસતના આ કાયદાઓ માનવા એ ફરજીયાત છે. એ ફરજમાં કોઇપણ રીતનો પ્રતિવાદ કે અપવાદ નથી અને તે પ્રતિવાદ કે અપવાદ ચાલી પણ શકતો નથી. જે જૈન છે તેની સૌથી મોટી અને સૌથી પહેલી ફરજ એ છે કે: જૈનશાસનના કાયદાઓને માન્ય રાખીને તેજ પ્રમાણે આ મનુષ્યદેહનો ઉપયોગ કરવો!! જે જૈન છે તે આ કાયદાને બેવફા રહીને અથવા તેનુ ઉલ્લંઘન કરીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાનો માનવભવ ગમે તે રીતે વાપરી શકતોજ નથી. જૈનશાસનની આ આકરી વ્યવસ્થા છે તેથીજ જૈનશાસન પ્રાચીનકાળથી અપૂર્વ જાહોજલાલી ભોગવતું આવ્યું છે અને હજીપણ તે એવીજ જાહોજલાલી ભોગવે છે.

આજ કાલના સ્વચ્છંદી, સંસારનેજ સર્વસ્વ અને સ્રીસંતાનાદિકમાંજ આખી દુનિયા માની રહેલા તરૂણોને જૈનશાસનની આ આકરી વ્યવસ્થા ખૂંચે છે અને તેથીજ તેઓ જૈનશાસનની સામે ગમે તેવો બડબડાટ કરી ઉઠે છે! પરંતુ સૂર્યની અસહ્ય ગરમીથી ઉશ્કેરાઇને, થંડા પ્રદેશમાં રહેવાને ટેવાએલો એકાદ યુરોપી પંડિત સૂર્યની સામે તપી ઉઠે તેથી સૂર્ય કાંઇ પોતાનો પ્રકાશ બંધ કરી દેતો નથી, તેજ પ્રમાણે મોજશોખમાંજ ગુલતાન બનેલા અને વિષયોપભોગના કાદવકચરામાંજ રગદોળાઇ તેમાંજ મઝા માણુતા મૂર્ખાઓ જૈનશાસનના તીવ્ર પ્રકાશરૂપ તેજની આકરી વ્યવસ્થા સામે બબડી ઉઠે તેથી કાંઇ જૈનશાસનથી પણ એ વ્યવસ્થાનો ત્યાગ થઇ શકતો નથી.

**કળિયુગની કમબખ્તી** ખાવું, પીવું, મોજમઝા કરવી, મસ્તી તોફાન કરવાં, સભા ભરવી, નાતરાંઓ કરાવવાં એમાં કાંઇ કોઇને ખુંચતું નથી, તેમાં કાંઇ આકરી વસ્તુ જણાતી નથી, પરંતુ ધર્મ પાળવો એ વાત આકરી માલમ પડે છે એ પણ આ કલિયુગની કમબખ્તી છે! જો તમે જૈન તરીકે રહેવા અને જીવવા માગો છો અને જૈન તરીકે તમે તમારી જાતને ઓળખાવવા માગતા હો તો તમે એમ કહેવાને માટે હકદાર નથી કે શાસનનો ફલાણો નિયમ મારી બુદ્ધિમાં યુક્ત લાગતો નથી જેથી તે નિયમ હું પાળવાને બંધાતો નથી. અહીં તો તમારી ફરજ છે કે તમારે એ નિયમ તમોને સારો લાગતો હો વા નઠારો લાગતો હો, તમારી બુદ્ધિમાં બેસતો હો વા ન બેસતો હો; પણ તે તમારે પાળેજ છૂટકો છે. માણસને તાવ આવે છે ત્યારે તેને કિવનાઇન ખાધેજ છૂટકો છે પછી તે કિવનાઇન એને ગળ્યું લાગે કે મીઠું લાગે તેનો સવાલજ નથી. તેજ પ્રમાણે આપણને પણ ભવરૂપી તાવ આવ્યો છે એટલે આપણે પણ કિવનાઇનરૂપી જૈનધર્માચરણ, પછી તે આપણને કડવું લાગો કિંવા મીઠું લાગો છતાં; માન્ય રાખેજ છૂટકો.

**મુસાફરી કરવા માટે પણ ડાયરી જોઇએ** જૈન તરીકે તમે જૈનશાસન પ્રમાણે ચાલીને મનુષ્યભવને સફળ કરવાને માટે બંધાએલાજ છો. તમારો મનુષ્યભવ પણ તમે મનસ્વીપણે ચાલીને ગમે તેવી રીતે વેડફી નાખવા માગતા હો તો તે માટે તમે હકદાર નથી. તમે માનવભવ મેળવ્યો છે તે કેવા મહાભાગ્યથી મેળવ્યો છે તેનો વિચાર કરજો. એ માનવભવને સફળ કરવાના ઉપાયો તમારે કરવાજ જોઇએ. સૌથી પહેલાં તો તમારી ફરજ એ છે કે તમારે તમે મનુષ્યભવ મેળવ્યો છે તેથી પૂર્ણ રીતે વાકેફગાર થવું તમારે જાણવું જોઇએ કે તમે ભવચક્રના મુસાફર છો. તમે ભવચક્રના મુસાફર છો અને તમારે એ મુસાફરી પુરી કરવાનીજ છે એ માટે તમારે સૌથી પહેલાં મુસાફરીની ડાયરી કરી લેવાની જરૂર છે. તમે મુસાફરી કરવા નીકળો છો, સિદ્ધક્ષેત્ર પાલીતાણા જવા નીકળો છો ત્યારે સૌથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલાં તમે તમારી ડાયરી તૈયાર કરો છો. લેખિત ડાયરી તૈયાર ન કરતા હો તો મનમાં સંકલના ગોઠવી જાઓ છો કે અમુક રસ્તે જવું છે. ફલાણે રસ્તે સ્થાનિક સ્ટેશને જવું છે ત્યાંથી અમુક વખતે આવતી આગગાડીમાં બેસવું છે અને અમુક સ્ટેશને ઉતરીને ત્યાંથી ચાલતા અથવા ફલાણી રીતે શ્રીતીર્થાધિરાજ ઉપર પહોંચી જવું છે.

**ત્રણ વસ્તુઓનું મહત્વ.** તમે વાસ્તવિક રીતેજ મુસાફરી કરવા માગતા હો તો માત્ર આવી ડાયરીથીજ તમારા કાર્યની પરિસમાપ્તિ થઇ જવાની નથી. ડાયરી સાથેજ તમારે પૈસા અને તમારૂં બેડિંગ પણ સાથેજ રાખવું પડે છે. અર્થાત્ પૈસો, બેડિંગ અને ડાયરી એ ત્રણે જો તમે સાથે રાખ્યાં હોય તોજ તમારી મુસાફરી સુખરૂપ થઇ શકશે અને તમે ધારેલે સ્થળે પહોંચી જઇ શકશો. જો તમે આ ત્રણ વાતમાંથી એક પણ વાતની ખામી રાખી હોય તો પરિણામ એ આવશે કે તમે તમારો પ્રવાસ સારી રીતે કરી શકશો નહિ અને તમારે અથડાઈ કુટાઈનેજ પાછા ફરવું પડશે. જે પ્રમાણે સંસારની સ્થૂલ મુસાફરીમાં ડાયરી, પૈસો અને બેડિંગની જરૂર પડે છે તેજ રીતે આ મહાભયાનક ભવસાગરની મુસાફરી માટે પણ તમોને ડાયરી, પૈસો અને બેડિંગની જરૂર છે પરંતુ તમારા વ્યવહારના ડાયરી, પૈસો અને બેડિંગ એ સાધનો અહીં ચાલતા નથી અહીં તો ડાયરી, પૈસો અને બેડિંગ એ ત્રણને સ્થાને એ ત્રણ વસ્તુઓજ હોવી જોઇએ કે આ (૧) જીવ અનાદિનો છે, (૨) ભવ અનાદિનો છે અને (૩) કર્મસંયોગો પણ અનાદિનાજ છે. આ ત્રણ ભાવનાનું દઢપણું એ તમારા મોક્ષમાર્ગના ડાયરી, પૈસો અને બેડિંગ છે. હવે આ તમારા સાધનો તમોને મોક્ષનો પ્રવાસ કરવામાં કેવી સહાયતા કરે છે તે તપાસી જુઓ.

**બધે શ્રદ્ધા ખરી, માત્ર ધર્મમાંજ નહિ!** પ્રવાસમાં ડાયરીની જરૂર અનિવાર્ય છે. તમે ધર્મક્ષેત્ર શત્રુંજય ઉપર જવા માગો છો એ વાત સાચી છે પરંતુ તમારે કયે રસ્તે જવું છે એ તમારે ત્યાં જવા તૈયાર થતી વખતેજ નક્કી કરી લેવું જોઇએ. અહીં તમે તમારા પુરોગામીઓની બુદ્ધિને અનુસરો છો. તમે જ્યારે સૌથી પહેલાં શ્રીતીર્થાધિરાજને વિષે જવા તૈયાર થયા હો, ત્યારે તમે એ ક્ષેત્ર ઉપર કયે રસ્તે જવું યોગ્ય છે તે તમારા જાતિઅનુભવથી જાણતા નથી; પરંતુ તમારા પૂર્વજો, તમારા ગ્રામવાસીઓ, તમારા પાડોશીઓ અમુક રસ્તે અમુક રીતે તીર્થાધિરાજ ઉપર ગયા છે એટલે એજ રસ્તો સારો અને સરળ હોઇ એજ રસ્તે ઓછામાં ઓછી તકલીફે ત્યાં જઈ શકાય છે એમ તમે માની લો છો. એથી પણ આગળ વધીને તમે અંધશ્રદ્ધા રાખો છો. રેલ્વે કંપની કે જે તમારામાંના કોઇને ઓળખતીજ નથી, તમારો કોઈ સગોવહાલો પણ એ કંપનીમાં ડિરેકટર નથી અથવા કંપનીના ડિરેકટરોમાંથીય તમોને કોઇ ઓળખતું નથી છતાં કંપની જે રસ્તે તમોને લઈ જાય છે તે રસ્તે તમે તીર્થાધિરાજ ઉપર જવા તૈયાર થાઓ છો, હવે અહીં પક્ષપાતરહિત થઇને વિચાર કરશો તો તમે પણ કબૂલ રાખી શકશો કે અહીં તમારી અંધશ્રદ્ધાની અવધિજ થાય છે! રેલ્વે કંપનીઓ ઉપર તમે શા માટે વિશ્વાસ મૂકો છો? તો કહે છે કે એ કંપનીઓપર તમારા પુરોગામીઓએ વિશ્વાસ મૂકયો હતો માટે! અર્થાત્ તમે શ્રદ્ધાથીજ એમ માની લો છો કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રેલ્વે કંપનીએ તીર્થાધિરાજ વિષે જવાનો શોધી કાઢેલો રસ્તો સરળ, સહેલો અને ટૂંકો છે એ વાત મારા પૂર્વજો માનતા હતા માટે મને પણ તે કબુલ છે. આ રીતે તમે માત્ર શ્રદ્ધાથી દોરાઇને તમારો તીર્થાધિરાજનો માર્ગ નક્કી કરો છો અને રેલ્વે રસ્તેજ તીર્થાધિરાજ ઉપર જવું છે એમ ઠરાવીને પછી તમે પ્રવાસનો આરંભ કરો છે. કહેવાની જરૂર નથી કે પ્રવાસના સંબંધમાં આ શ્રદ્ધાળુપણું એ પરિણામે તમારાજ હિતને માટે આવશ્યક છે.

**જીવ અનાદિનો છે એ ગોખી રાખો.** ધારો કે તમે કયે રસ્તે શત્રુંજય ઉપર પહોંચવું છે એ વસ્તુજ નક્કી નથી કરી. માત્ર પ્રવાસ કરવો છે એજ વાત તમે નક્કી કરી છે અને તમે પ્રવાસે નીકળી પડ્યા છો. આવી દશામાં તમારા આ પ્રવાસનું પરિણામ એ આવશે કે તમારો પ્રવાસ આરંભાયા પછી તમોને જુદા જુદા માણસો જુદી જુદી સલાહ આપનારા મળી આવશે અને જો તમે એ બધાની સલાહે ચાલવા જશો તો તીર્થાધિરાજ તો એને ઠેકાણેજ રહી જશે પરંતુ તમારે અરધે રસ્તેથીજ ભટકાઇને પાછા ફરવું પડશે. જેમ તીર્થાધિરાજ ઉપર પહોંચવાને માટે તમે પહેલાં ડાયરી તૈયાર કરો છો, તેજ પ્રમાણે મોક્ષની મુસાફરીના પ્રવાસી બનેલા આપણે પણ દરેક જણાએ એ વાત ઠરાવીજ લેવાની છે કે આપણા પુરોગામીઓ જૈનશાસનને માર્ગે મોક્ષે ગયા છે માટે મોક્ષપ્રાપ્તિનો એજ માર્ગ સાચો હોઈ આપણે બધાએ પણ તેજ માર્ગે મોક્ષ પ્રતિ જવાનું છે. અર્થાત્ જૈનમાર્ગ એજ મોક્ષપુરીએ પહોંચવાનો સાચો રસ્તો હોઈ તેજ રસ્તે આપણે પણ પ્રવાસ કરવાનો છે. અહીં આપણી મોક્ષપુરીના પ્રવાસ માટેની ડાયરી પુરી થઇ જાય છે! હવે જીવ અનાદિનો છે એ માન્યતા આપણું કેવી રીતે તારણ કરે છે તે જુઓ: આપણે પ્રવાસ તો શરૂ કરી દઇએ છીએ પરંતુ પ્રવાસ શરૂ કર્યા પછીપણ મગજ આડે રસ્તે જાય, મિથ્યાત્વાદિના પ્રચંડ હલ્લાઓ થાય, એ સઘળે વખતે ઉપલી માન્યતા આપણા અંતરમાં આત્માની મૂળ સ્થિતિનું ભાન જાળવી રાખે છે. જગત મિથ્યાત્વથી ભરેલું છે. ગેસ અથવા ઝેરી વરાળના જેવા અનેકવાદો આપણી સામે મોં ફાડીને ઉભા છે આવા આકરા સંયોગોમાં જીવ અનાદિનો છે એ માન્યતા આપણને જીવનું સ્વરૂપ ભુલાવા દેતી નથી.

**વંટોળીયામાંથી બચવાનો માર્ગ.** બીજો નંબર ભવભ્રમણ અનાદિનું છે એ વસ્તુનો છે. ધર્મ, વૈરાગ્ય, વિનય, વૈયાવચ્ચ એ સઘળાને જો કોઇ પણ વાસ્તવિક રીતે જાળવી રાખતું હોય તો તે આપણી આ બીજી માન્યતા છે. ક્રિયાઓ કરવાની જરૂરજ નથી, ક્રિયાઓ તો ખોટી છે એ તો ભારરૂપ છે એવા એવા ઘણા તોફાનો આપણે સાંભળીએ છીએ! હવે કેટલાક આપણા હેતના કટકા આગળ વધીને એવું પ્રતિપાદન કરે છે કે ક્રિયાઓ જે કાળમાં આરંભાઇ હતી તે કાળમાં તે અવશ્ય જરૂરી હતી પરંતુ આજે હવે તે ક્રિયા જરૂરી નથી માટે તેને છોડી દેવી એજ વ્યાજબી છે. ધર્મસંહારના આ પ્રચંડ વંટોળીયામાંથી બીજી માન્યતા આત્માને બચાવી લે છે.

હવે ત્રીજી માન્યતાનો વિચાર કરો. તમે વિનય, વૈયાવચ્ચ આદિ કરવા માંડયું, તપ કર્યા,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આંબેલની ઓળી ઇત્યાદિ ધર્માનુષ્ઠાનો કર્યા, સ્થળે સ્થળે યાત્રાએ ફર્યા, આ સઘળું કરવા છતાં જો તમારા ઉપર ઐહિક આપત્તિ આવી પડે તો તરતજ તમારા હૃદયમાં એવો વિચાર ધસી આવશે કે અરે, હું આટલું બધું ધર્માનુષ્ઠાન કરૂં છું અને છતાં મારી આ દશા શા માટે? જ્યાં આવા વિચારે તમારૂં અંતઃકરણ ડોલવા માંડશે ત્યાં કર્મસંયોગ પણ અનાદિનો છે એ તમારી ત્રીજી માન્યતા તમારી વહારે આવશે અને તે તમોને પતિતાવસ્થામાં જતા બચાવી લેશે! આ સઘળા ઉપરથી તમે આ ત્રણ વસ્તુ જીવન સાથે એક રસ કરી દેવી એ કેટલું જરૂરનું છે તે સારી રીતે સમજી શકશો અને જ્યાં તમારી સમજણમાં એ વાત આવી જશે કે આ ત્રણ વસ્તુ તમારા જીવનમાં એક રૂપ કરી દેવી જરૂરી છે કે તમારી અરધી ફતેહ તો થઇજ ચૂકી છે એમ ખાતરીથી માનીજ લેજો

**ત્રણ વસ્તુની અનુપમ ઉપયોગિતા.** જેમ પ્રવાસને માટે ડાયરી સાથે ભાથું, પૈસા અને સથવારો જરૂરી છે તેવીજ રીતે અહીં પણ આ ત્રણ વસ્તુ જરૂરી છે અને જ્યાં આ ત્રણ વસ્તુ તમે પચાવી શકો છો કે તમારે માટે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના વચનોનો ઉપયોગ ખુલ્લો થાય છે. હવે ભગવાન્ શ્રીજિનેશ્વરદેવના વચનોનો ઉપયોગ કેવો છે અને તે કેવી રીતે કરી શકાય છે તે આગળ જોઇએ.

## ત્રણ તત્ત્વોની ગળથુથી.

**આત્માની દુર્દશા ક્યારે થાય?**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ ભવ્યજીવોના ઉપકારાર્થે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથની રચના કરતાં તેઓશ્રી જણાવે છે કે, ભવનું સ્વરુપ, ભવની ભયંકરતા, ભવની ભયંકરતાને નિવારવા માટે જોઇતા ગુણો, એ ગુણોની પ્રાપ્તિ થાય તે વખતની આત્માની સ્થિતિ, આ સમયે લોકસંજ્ઞામાંથી વિરક્ત થવું, લોકોત્તર સંજ્ઞામાં તલ્લીન થવું અને તે સઘળું કેવી રીતે થાય તે વિચારવાની જરૂર છે. જે મનુષ્ય મુસાફરી કરવા નીકળે છે તેણે પોતે ક્યાં જવા માગે છે તે સ્થળ, ત્યાં જવાનો માર્ગ, એ માર્ગમાં રહેલી સગવડ વગેરે બધું વિચારવું પડે છે. જે માણસ એ વાત વિચારતો નથી તેનાથી મુસાફરી થઇ શકતીજ નથી અથવા તે માણસ મુસાફરી કરવા નીકળે છે તો ધપ્પો ખાઇને પાછાજ પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એજ પ્રમાણે જે મોક્ષની સફરે નીકળેલો છે તે આત્માએ પણ ભવની ભયંકરતા, તેનું ઉલ્લંઘન વગેરે સઘળુંજ સમજવાની જરૂર છે. જે આત્મા એ પ્રમાણે સમજતો નથી તેની દુર્દશાજ થાય છે અને તે ધક્કો ખાઇને પાછોજ પડે છે.

**સ્વભાવસિદ્ધ મહત્તા.** દુનિયાદારીના વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે મેના, પોપટના બચ્ચાંઓને બોલતાં, વાંદરાના બચ્ચાંઓને કસરતો કરતાં અને મનુષ્યના બાળકને લખતાં વાચતાં શીખવવામાં આવે છે પરંતુ કોઇએ હજી સુધી ગધેડા, પાડા જેવાને શીખવવાનો પ્રયત્ન કર્યો નથી. ખેલ કરાવવાને માટે મદારીઓ મેના, પોપટને શીખવે છે પરંતુ કોઈ કાગડાને કે ગધેડાને શીખવવા બેસતું નથી! હવે કાગડાને જેવી પાંચ ઇંદ્રિયો છે તેવીજ પાંચ ઇંદ્રિયો પોપટને પણ છે અને જેવું શરીર વાંદરાને મળેલું છે તેવીજ કાયા ગધેડાને પણ મળેલી છે, તે છતાં એકને શીખવવામાં આવે છે અને બીજાને શીખવવામાં નથી આવતું! આ સઘળાનું કારણ શું હોવું જોઈએ તે વિચારી જુઓ. મેના, પોપટને શીખવવામાં આવે છે પરંતુ કાગડાને શીખવવામાં આવતું નથી એનું કારણ એ છે કે મેના, પોપટના મુખની ગોઠવણ અને મોઢાની અંદરના અવયવોની ગોઠવણ એવી છે કે તે મનુષ્યના જેવી ભાષા બોલી શકે છે તેજ પ્રમાણે વાંદરાના શરીરનો ઘાટ તથા તેના અવયવોની રચના પણ એવી છે કે જે માણુસના શરીરની માફક પોતાના અંગ ઉપાંગોને વાળી શકે છે. આ સઘળા કારણથી પોપટ અને કાગડો તથા વાંદરો અને ગધેડો બંને અનુક્રમે પક્ષી અને પશુઓજ હોવા છતાં એકને શીખવવામાં આવે છે પરંતુ બીજાને કેળવવામાં આવતા નથી. આ ઉત્તર તદન વાસ્તવિક છે પરંતુ તેજ ઉત્તર હવે ધર્મક્ષેત્રને વિષે પણ લાગુ કરી જોવાની આવશ્યકતા છે.

**મનુષ્યોમાં પણ વિશેષતાવાળા થોડાજ હોય!** જેમ બધા પશુઓ અને બધાજ પક્ષીઓ હોવા છતાં અમુક પશુ અથવા પક્ષીમાંજ અમુક વિશેષ કાર્ય કરવાની શક્તિ છે તેજ પ્રમાણે સઘળા મનુષ્યો હોવા છતાં, આ ભયંકર ભવનો વિચાર કરવો, તે ભયંકર પર્વત છે એમ જાણવું, તેનું ઉલ્લંઘન શી રીતે થાય, વગેરે સઘળું સમજવું, એ ભવરૂપી મહાભયાનક પર્વતના ઉલ્લંઘનનું સ્થાન તપાસવું, એ સ્થાનના ગુણો તપાસવા, તેના ફાયદા વિચારવા, લોકસંજ્ઞાનો ત્યાગ કરવો અને લોકોત્તર સંજ્ઞામાં તલ્લીન થવું એ સઘળું કહેવાની અને તે જાણવાની શકિત પણ અમુકજ માણુસોમાં હોય છે. કાંઈ મનુષ્ય માત્રમાંજ આ શકિત હોતી નથી. મનુષ્ય તરીકે સઘળા મનુષ્ય છે. સઘળાને પાંચેપાંચ ઈંદ્રિયો છે અને બધા જીવો સંજ્ઞી છે પરંતુ જેમ પશુપક્ષીઓના જુથમાં સઘળાજ પશુઓ છે અને સઘળાજ પક્ષીઓ છે છતાં અમુક પ્રકારની વિશેષતા અમુકજ પશુ અથવા પક્ષીઓમાં હોય છે તેજ પ્રમાણે સઘળા મનુષ્યોમાં પણ વિશેષતાવાળા માણુસો પણ અમુકજ છે.

**ભવનિર્વાણના વિચારો કોણુ કરે?** સઘળા જીવો જીવપણાની દૃષ્ટિએ સરખા છે, દરેક જીવને પાંચ ઇન્દ્રિયો છે, તે દૃષ્ટિએ, પંચેન્દ્રિયપણે પણ બંને જીવ સરખા છે, સંજ્ઞીપણે એ જીવો બધા સરખા છે અને યાવત્ ભવ્યજીવો તે ભવ્યપણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સરખાં છે છતાં અહીં પણ જીવાત્માઓમાં લાયકાતની દૃષ્ટિએ તફાવત છે. પક્ષીપણે બધાં પક્ષીઓ સરખાં છે પરંતુ કાગડો અને પોપટ એ બેમાં જેવો તફાવત રહેલો છે અને લાયકાતની દૃષ્ટિએ કાગડા કરતાં પોપટ વધારે યોગ્ય છે, તેજ પ્રમાણે માનવભવના કલ્યાણ માટે ઉપર જણાવેલી વિચારણા કરવાને અર્થે પણ બધાજ જીવો લાયક નથી, માત્ર અમુક જીવોજ લાયક છે.

ત્યારે હવે એ પ્રશ્નનો વિચાર કરો કે ભવનિર્વાણ સંબંધીના આ વિચારો કરવાની શક્તિ કોનામાં હોય છે અને કોનામાં હોતી નથી? જેને આગલા વ્યાખ્યાનોમાં જણાવેલી ગળથુથી મળેલી છે તેવોજ આત્મા આ ગળથુથી વડે ઘડાએલો હોવાથી તે આનો વિચાર કરી શકે છે; જેને એ ગળથુથી મળી નથી તેવો આત્મા કદાપિ પણ આવો વિચાર કરી શકતોજ નથી. કોઈ એવો ચમત્કાર થાય અને દેવતાઇ પ્રભાવની સહાય મળે તો પાડો, હાથી કે લાકડાની પુતળી પણ તેના મુખમાંથી વાણી ઉચ્ચારી શકે છે પરંતુ એ વાણી તેના અંતરનો અવાજ બની શકતી નથી અને તે શબ્દો તેની જાતને પણ આભારી નથી. ગધેડો કોઇ ચમત્કારથી મનુષ્યની ભાષા બોલી દે તો એ વાણી તેના ગધેડાપણાને આભારી નથી અથવા ગધેડાપણાથી એ વાણી બોલી શકાતી નથી. આ વાણીના ઉચ્ચારણ માટેનો આભાર તો કોઇ દેવતાની શક્તિનેજ ઘટે છે કારણ કે તેનાજ પ્રભાવથી ગધેડો સારી અથવા નરસીવાણી બોલી શકયો છે.

**લાકડાની પુતળી બોલી!** શ્રીમાન્ શ્રીપાલ મહારાજાનું ચરિત્ર આપણે બધા જાણીએ છીએ તેમાં એક એવો પ્રસંગ છે કે જે પ્રસંગમાં લાકડાની પુતળીના મુખમાંથી વાણી પ્રદીપ્ત થઈ છે. લાકડાની પુતળી ઉપર એમણે હાથ મૂકયો કે તરતજ લાકડાની પુતળીએ જવાબ દીધો આ કાર્યમાં એ પુતળીની કે તેના હૃદયની કશી કિંમત નથી. આ સઘળું કાર્ય માત્ર પેલા દેવતાઇ ચમત્કારને લીધે બની શકયું છે ત્યારે એ ઉપરથી આટલી વસ્તુ સ્પષ્ટ થાય છે કે સ્વભાવથી જે કાંઇ ઘડે છે તેને માટે મનુષ્ય પોતે આભારી છે અને બીજાની પ્રેરણાથી જે કાંઈ વસ્તુ થાય છે તેમાં તેની જાતનો આભાર માનવાનો નથી. આજ સ્થિતિ મનુષ્યની મોક્ષ-ગતિના સંબંધમાં પણ રહેલી છે.

જે મનુષ્યને આત્મા અનાદિ છે, ભવ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ ગળથુથી મળેલી છે તે મનુષ્ય સમ્યક્ત્વ પામે, દેશવિરતિ સ્વીકારે, સર્વવિરતિનો સ્વીકાર કરે કે છેવટે મોક્ષે જાય તે સઘળામાં એ મનુષ્યની જાતનું આભારીપણું રહેલું છે પરંતુ જેને ગળ-થુથીમાં આ ત્રણ વસ્તુની પ્રાપ્તિ થવા પામી નથી તેવો આત્મા પણ મોક્ષપ્રાપ્તિ વગેરે કરી શકે, તો તેમાં તેની જાત આભારી ગણી શકાતી નથી. જેમણે ઉપર જણાવેલી ગળથુથી લીધી છે તેવા આત્માઓની ધાર્મિક ઉન્નતિ થાય તો તે ઉન્નતિ આ ગળથુથીનેજ આભારી છે.

**બાળપણાના સંસ્કારની મહત્તા.** માતાનું દૂધ, બાળક કાંઇ આખી જિંદગી સુધી પીતો નથી પરંતુ તે બાળપણાની અંદરજ પીયે છે છતાં જો માતાનું દૂધ વાયુવિકારથી ભરેલું હોય તો આખી જિંદગી સુધી બાળક વાયુવિકારથી પીડાતોજ રહે છે. પછી તમે ગમે તેવા ઉપાયો કરો. ગમે તેટલી ગરમ દવાઓ પાવો કે જોઇએ તો લોહી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તૂટી પડે તેવી દવાઓ આપો પરંતુ તેથી તે બાળકની વાયુની પ્રકૃતિનો નાશ થઇ શકતો નથી; આખી જિંદગી સુધીને માટે એ વિકાર ચાલુજ રહેવા પામે છે. અર્થાત્ બાળપણામાં પીધેલા દૂધના સંસ્કારનો શરીરમાંથી અંત આવતો નથી.

જેમ માતાએ પાએલા દૂધના સંસ્કારોનો નાશ થતો નથી તેજ પ્રમાણે બાલ્યાવસ્થામાં જો ઉપર જણાવેલી ગળથુથી પાઇ હોય તો તેથી આત્મામાં પડેલા ધાર્મિક સંસ્કારો પણ ભુંસાવા પામતાજ નથી. ગળથુથીમાં આ સંસ્કારો પાડ્યા હોય અને પછી કદાચિત્ વિપરીત સંયોગો આવીને ઉપસ્થિત થાય અને સંસ્કારો બદલાઇ જાય, તોપણ સંસ્કારોને લીધે ઉત્પન્ન થએલી મૂળ વસ્તુ કાયમ રહેવા પામે છે. આટલા માટે જે જે જૈનોને પોતાના આ મહાન્ ધર્મ માટે અભિમાન હોય, ભગવાન્ શ્રી તીર્થંકરદેવો માટે અને તેમના કાર્યો માટે તમોને માન હોય અને આપણા મહાન્ પૂર્વજો માટે તમે અભિમાન લેતા હો, તો તમારી પ્રત્યેક જૈનોની એટલે જૈન-માતાપિતાની એ ફરજ છે કે તેમણે પોતાના બાળકોને ઉપર જણાવેલા ધર્મના ત્રણ સંસ્કારો આપવાજ જોઇએ.

**"બાપાએ મૂર્ખાઇ કરી."** તમે તમારા ધર્મને માટે ગૌરવ લેતા હો તો તો જરૂર તમારી ફરજ એ ધર્મ ટકાવી રાખવાની છે અને તમારે એ ધર્મને ટકાવી રાખવા માટે તમારા બાળકોમાં ધાર્મિક સંસ્કાર નાખવા એ પણ અનિવાર્ય કામ છે. તમે ગમે તેટલા ધર્મનિષ્ઠ હો, દેવસેવામાં ગમે તેટલા રચ્યાપચ્યા રહેતા હો, ધર્મ ઉપર તમારી ગમે તેટલી પ્રીતિ હોય અને તમારા પૂર્વજો પણ ગમે એટલા ધર્મનિષ્ઠ હોય છતાં તમારા ભાવિ સંતાનોને તમે એજ માર્ગે ન વાળો તો ખાત્રીથી માની લેજો કે તમારી પાછળ પૂળો મૂકાવાનો જ છે.

તમારા પૂર્વજોએ અથવા તમે જૈનમંદિર બંધાવ્યું હશે, જંગી ઇમારત ચણાવી હશે, અંદર ભવ્ય જિનપ્રતિમા બેસાડી હશે, પરંતુ જો તમે તમારા છોકરામાં ધાર્મિક સંસ્કારો નહિ પાડ્યા હોય તો છોકરો મોટો થઇને જરૂર એવોજ નિવડશે કે જે એમ કહી શકશે કે "બાપા મંદિર બંધાવી ગયા અને તેમાં પ્રતિમા મૂકીને હજારોનો ખર્ચ કર્યો એ કેવી ભયંકર મૂર્ખાઈ કરી! અને પૈસાનો કેવો દુરૂપયોગ કર્યો!!!" તમારા સંતાનોની આવી મનોદશા શાથી ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરજો. તમારા બાપદાદા ધર્મ કરી ગયા હોય, જિનમંદિર બંધાવી ગયા હોય તે તમોને ખુંચ્યું હતું? નહિ! કારણ એજ કે તમારામાં ધાર્મિક સંસ્કારો પડેલા હતા અને એ ધાર્મિક સંસ્કારો પડવાથીજ તમોને પિતાનું કાર્ય ખુંચ્યું ન હતું પરંતુ તે પુણ્યસ્વરૂપ લાગ્યું હતું.

**ધાર્મિક સંસ્કારોનો અભાવ.** હવે તમોને જે કાર્ય પુણ્યસ્વરૂપ લાગે છે તેજ કાર્ય તમારી સંતતિને પાપસ્વરૂપ લાગે છે અથવા તો સાવ નકામા જેવું લાગે છે એમ લાગવાનું જો કાંઇ પણ કારણ હોય તો તે કારણ એટલુંજ છે કે તમારામાં ધાર્મિક સંસ્કારો પડેલા હતા જ્યારે તમારી સંતતિમાં એવા ધાર્મિક સંસ્કારો પડેલા નથી. તમારી સંતતિમાં એવા ધાર્મિક સંસ્કારો ન પડેલા હોવાને લીધેજ તેને ધર્મના કાર્યોમાં પૈસાનો દુરૂપયોગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાસે છે અને સમાજસંવર્દ્ધનના કાર્યમાં જે પૈસા વપરાય છે તેને તે દુરૂપયોગ કહેતો નથી પરંતુ સદુપયોગ કહે છે. આવી દશા એ બીજી કોઈ પણ વસ્તુને આભારી નથી, માત્ર ધાર્મિક સંસ્કારના અભાવને જ આભારી છે.

તમે તમારા બાપદાદાને વખાણતા હતા, તેમની પ્રસંશા કરતા હતા અને તેમને પગલે પગલે ચાલવામાં ગૌરવ લેતા હતા. જ્યારે તમારી સંતતિ એવી પાકે છે કે તે તમારા બાપદાદાઓએ મૂર્ખાઇ કરી છે એવું કહે છે એનું કારણ એટલુંજ છે કે તમારા બાળકોમાં તમે ધર્મના દઢ સંસ્કારો બાલ્યાવસ્થામાં નાખ્યાજ નથી એથી પણ આગળ વધીએ તો એમ પણ કહી શકાય કે તમે જાતે પણ ધર્મ તરફ જોઈએ તેટલી પ્રીતિવાળા નથી અથવા તમારામાં ધર્મ તરફ જોઈએ તેટલી પ્રીતિ હોય તો તમે એ પ્રીતિ તમારા બાળકોમાં લાવવામાં બેદરકાર રહો છો. તમે તમારા બાળકોમાં ધાર્મિક સંસ્કારો નાખવામાં કેવા બેદરકાર છો તે વાત હવે તપાસો.

**વારસો શાનો ધનનો કે ધૂળનો ?** તમે પાંચ દશ લાખના માલીક હો, એટલી રકમ ઉપરાંત થોડા દાગીના, હીરા, મોતી, ઝવાહિર તમારા ઘરમાં પડયા હોય તો તમે તે સઘળું તમારા છોકરાને બરાબર મળે છે એની તપાસ રાખો છો. એ સઘળી મુડીમાંથી એક પણ પૈસો તમારો છોકરો ઓછો મેળવે તો તમે કકળી ઉઠો છો. તમારી સઘળી વસ્તુનો તમે તમારા બાળકને પુરો વારસદાર બનાવવાને ઇચ્છો છો અને એ વારસામાંથી પૈસો પણ ઓછો ન થાય તે તમે ધ્યાનપૂર્વક તપાસો છો.

જેમ તમે તમારી સ્થૂલ સંપત્તિનો વારસો તમારા બાળકને મળે એની કાળજી રાખો છો તેવીજ કાળજી તમે તમારા ધાર્મિક સંસ્કારોનો વારસો તમારા બાળકને મળે તે માટે રાખતા નથી. તમે ધન અને જવાહીર કે જે ખરી રીતે કોલસા અને પત્થરથી જરા પણ વિશેષ મહત્વના નથી, તેનો તમારા દીકરાને વારસદાર બનાવો છો પરંતુ તમારો ધર્મ જે તમારા પૂર્વજોએ લોહી આપીને સાચવ્યો છે. જૈનસંસ્કાર જે તમારા પૂર્વજોએ પોતાના હાડકાંને ભોગે પણ જાળવ્યા છે, એ જૈનત્વ, એ ધાર્મિક સંસ્કાર, એ સઘળાનો વારસો તમારો બાળક મેળવે એવું તમે ચહાતા નથી અથવા ચહાતા હો તો તેવી જાતના પ્રયત્નો પણ કરતા નથી. તમારી જિંદગીનો ઇતિહાસ તમે તપાસી જુઓ. તમારૂં રોજનું વર્તન તમે તપાસી જુઓ અને પછી કહો કે તમારા બાળકને તમારા પૂર્વજોના સાચા સંસ્કારનો વારસો મેળવી આપવા માટે તમે શું કર્યું છે ?

**તમારા પ્રયત્નોજ ખામીવાળા છે.** તમારા પૂર્વજો મહાપ્રતાપી હતા. તેમનો યશ કદી પણ ન ભૂલી શકાય એવાં કાર્યો તેઓ કરી ગયા હતા. તેમણે પરસેવો કાઢીને મેળવેલી લક્ષ્મી ધર્મકાર્યમાં વાપરી હતી. એ સંસ્કાર, એ નીતિ, એ ઉત્તમતા, એ સઘળાનો વારસો તમારા બાળકોને મળે તે માટે તમે શું પ્રયત્નો કર્યા છે અને કયારે પ્રયત્નો કર્યા છે, તેનો વિચાર કરો. તમે શાંતિથી વિચાર કરશો તો તમોને એજ જવાબ મળશે કે તમારા એ દિશાના પ્રયત્નો શૂન્યથી વધારે નથી ! તમારૂં વર્તન તપાસવા માટે તમે પોતેજ પ્રયત્ન કરી જુઓ એટલે તમોને તમારી ભૂલ માલમ પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમ માનો કે તમે વ્યાપારધંધાના હિસાબકિતાબમાં મચેલા છો. તમારૂં ધ્યાન એ બાજુએ રોકાએલું છે અને તમારી પાસે બેસીને તમારો નાનો છોકરો આંક ભણે છે. એ છોકરો ભૂલથી પણ ૧૫×૧૦=૧૫૦, ને બદલે ૧૫×૧૦=૧૨૫; બોલી દેછે, તો એ બાજુએ તેજક્ષણે તમારૂં ધ્યાન ખેંચાય છે અને તમારા છોકરા ઉપર તમે બરાડી ઉઠો છો. તમારો છોકરો જે વાકય ખોટું બોલ્યો છે, જે આંકનું પલાખું બરાબર નથી બોલ્યો, તેથી હજી તો તમોને કાંઇપણ ગેરલાભ થવાનો નથી. એ ભૂલથી તમારા ખીસામાંથી દસ રૂપીઆ જવાના નથી અથવા એ ભૂલ ન થાય તો તેથી તમારા ખીસામાં સો રૂપીઆ આવવાના નથી! પરંતુ તે છતાં તમારા બાળકમાં ગણિતને લગતા ખોટા સંસ્કારો ન પડી જાય તેની તમે એટલી બધી કાળજી રાખો છો કે તમે બરાડી ઉઠો છો અને વધારે થાય તો તેને એકાદ તમાચો પણ મારી દો છો. હવે તમારૂં હૃદય તમોને એજ રીતે ધાર્મિક સંસ્કારોની અવહેલના વખતે ડંખે છે ખરૂં કે?

**તમને જરૂર "પત્થરદાસ"ની છે, "ધર્મદાસ"ની નથી!** તમારો બાળક તીર્થંકર દેવોની નિંદાનો એક શબ્દ બોલે, તમારા પૂર્વજોની નિંદાનો શબ્દ બોલે, તમારા પૂર્વજોએ કરેલા ધાર્મિક વ્યવહારના કાર્યોની ટીકા કરે, તો તે સાંભળીને તમારા અંતરમાં પહેલાંના જેવો ક્ષોભ કદીય થતો નથી. અરે! કેટલીક વાર તો હશે બાળક છે એમ કહીને તમે એને તેવી ટેવ પણ પાડો છો! આ સઘળા ઉપરથી માલમ પડે છે કે તમે તમારા બાળકને પત્થરા અને કોલસારૂપ હીરા અને ધનનોજ માલિક બનાવવા માગો છો અને એ સારામાં સારો પત્થરદાસ થઇ શકે એવીજ તમે તૈયારી કરો છો તેને ધર્મદાસ કરવાની તમે કાળજીજ રાખતા નથી. આ વિષયની ચર્ચા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબે પણ કરી છે.

ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વીશીપ્રકરણ નામક ગ્રંથમાં અધિકારની ચર્ચા કરે છે. આ ચર્ચામાં તેઓશ્રી જણાવે છે કે પોતાના વડીલોએ શ્રી જિનમંદિર બંધાવ્યું હોય, જિનબિંબ ભરાવ્યા હોય અને તેવા દહેરાંઓની અને જિનબિંબોની સેવામાં વંશજ તલ્લીન રહે તો તે વસ્તુ બહુ ફળદાયી છે અર્થાત્ સામાન્ય દહેરાઓની સેવા કરવા કરતાં પૂર્વજોએ બંધાવેલા મંદિરોમાં પૂજા કરવાથી વધારે પુણ્યની પ્રાપ્તિ થવા પામે છે. જે આત્મા કુટુંબીઓ તરફથી મળેલો ધાર્મિક વારસો પ્રમાણ ગણે છે તેને એ વારસાને સંભાળતાં જેટલો આનંદ થશે તેટલો આનંદ અને તેટલો પ્રેમ તેમને બીજા કોઇ પણ કાર્યમાં થશે નહિ.

**વધારે પુણ્ય કયાં છે?** શાસ્ત્રકાર ભગવાન્ તરીકે સઘળા ભગવાનો સરખા છે. ભગવાનની દૃષ્ટિએ બધા ભગવાન્ સરખા છે. મૂર્તિને અંગે પૂજા તો શ્રીમાન્ મહાવીર દેવનીજ છે. પછી એ મૂર્તિ સર્વ સામાન્ય મંદિરમાં હો કિંવા તમારા પૂર્વજોએ બંધાવેલા મંદિરમાં હો; ભગવાન્ તો સઘળે સરખાંજ છે છતાં ધાર્મિક ઉલ્લાસને અંગે અહીં ફેર પડે છે. એક સામાન્ય દાખલો લેશો તો પણ તમોને આ વાત ઝટપટ સમજાઇ જશે. તમોને રસ્તામાંથી એક વીંટી જડી હોય અને બીજી વીંટી તમારા બાપદાદાએ કરાવી હોય; તો એ બન્ને વીંટી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેરવાના પ્રસંગોમાં તમોને તમારા બાપદાદાની વીંટી વાપરતી વખતેજ વધારે ઉલ્લાસ અને વધારે પ્રેમ જણાશે. એજ સ્થિતિ સામાન્ય જિનમંદિરોમાં પૂજા કરતી વખતે અને વડિલોએ બંધાવેલા મંદિરોમાં પૂજા કરતી વખતે હોય છે. અર્થાત્ સામાન્ય મંદિરમાં શ્રીજિનબિંબપૂજાનું જે ફળ છે તેના કરતાં પૂર્વજોએ બંધાવેલા મંદિરમાં પૂજા કરવાનું ફળ વધારે છે એવું ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું માનવું છે.

માણસોની મનોવૃત્તિજ એવી થઈ ગઇ છે કે ન પૂછો વાત! તમારો છોકરો ચાર દિવસ નિશાળે ન જાય, કોલેજમાં ન જાય અથવા તો વ્યાયામશાળામાં ન જાય તો તેથી તરતજ તમે ગભરાઇ ઉઠો છો, તેને ધમકાવો છો અને છોકરો જો નાની ઉમ્મરનો અને કહ્યાગરો હોય તો તમે તેને ઝુડી કાઢતાં પણ ડરતા નથી પરંતુ એજ છોકરો જો ચાર દિવસ દહેરે ન જાય, ઉપાશ્રયે ન જાય, અરે! મહિનાઓના મહિના સુધી ઉપાશ્રયે ન જાય તો તેથી તમારા અંતઃકરણમાં જરાય ક્ષોભ થતો નથી આ સઘળા ઉપરથીજ તમારી ધાર્મિક લાગણીનું માપ નીકળી શકે છે.

**જૈનત્વનું રાજીનામું.** તમારો બાળક નિશાળે ન જાય તે તમોને લાગી આવે છે પરંતુ તે ઉપાશ્રયે ન જાય તે તમોને લાગી આવતું નથી. તમારી સંપત્તિની જાળવણીનો વિચાર તમે પાકે પાયે કરો છો પરંતુ તમારા ઇશ્વરોપાર્જિત સંસ્કારોની જાળવણીનો વિચાર તમોને આવતો નથી. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તમારી ધાર્મિક કીર્તિનો અને ધાર્મિક સંસ્કારોનો વારસો તમે તમારા બાળકોમાં નાખવા માગતા નથી. જો તમે એમ કહેતા હો કે અમે એવો વારસો આપવા માગીએ છીએ તો તમારે તેનો જવાબ આપવો પડશે કે તમોએ એ દિશાએ શું કાર્ય કર્યું છે! તમારો જવાબ આ બાબતમાં એ છે કે ૦ આનો અર્થ એ છે કે પત્થરો અને કોલસાને માટે તમે તમારી સંતતિના માબાપ છો પરંતુ ધર્મ, સત્કાર્ય, નીતિ, સદાચાર એ બધામાં તમે માબાપ નથી. જૈનત્વનું તમે રાજીનામું આપ્યું નથી. જૈનત્વ તમોને અપ્રિય નથી પરંતુ તમારૂં કાર્ય એવું છે કે તે જૈનત્વનું રાજીનામું આપવા જેવું છે. તમે આ રીતે તમારી ટ્રસ્ટી તરીકેની ફરજ બજાવતા નથી અને ટ્રસ્ટને તમે બેવફા નીવડો છો તે બાબતમાં તમે તમારી ફરજ વિચારો અને સવેળા જાગ્રત થાઓ એ જરૂરનું છે.

**તમે ગુન્હેગાર ટ્રસ્ટી છો.** અમુક માલમિલ્કતને માટે જેઓ ટ્રસ્ટી નીમાએલા હોય તે ટ્રસ્ટીઓની ફરજ છે કે તેમણે ટ્રસ્ટનો વહીવટ બરાબર કરવો જોઇએ. પોતે ટ્રસ્ટમાંથી પૈસા ન ખાઈ જાય એટલુંજ તેમણે જોવાનું નથી પરંતુ ટ્રસ્ટીઓએ ત્રણ કામો કરવાનાં છે. પોતાને જે સ્થિતિમાં ટ્રસ્ટ મળ્યું હોય તેના કરતાં ટ્રસ્ટની મિલ્કત વધારવી જોઇએ. ટ્રસ્ટનો પોતે દુરૂપયોગ ન કરવો જોઇએ તેજ પ્રમાણે બીજાને તેનો દુરૂપયોગ ન કરવા દેવો જોઇએ અને ટ્રસ્ટનો ઠરાવેલો ઉપયોગ થાય તે માટે નિયમિત લક્ષ આપવું જોઇએ. જે ટ્રસ્ટી આ ફરજ બજાવતો નથી તે ટ્રસ્ટી એ નામનોજ ટ્રસ્ટી છે એટલુંજ નહિ પણ તે ટ્રસ્ટી ગુન્હેગાર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમે તમારા બાળકોના માબાપ છો એનો બીજો અર્થ એ છે કે તમે તમારા બાળકોના ટ્રસ્ટી છો. તમારી ફરજ છે કે તમારે તમારા બાળકોના ધાર્મિક સંસ્કારો પણ જળવાઈ રહે તે જોવું જોઇએ તમે એ ન જોતા પત્થરા અને કોલસા માટેજ તમારા બાળકોના ટ્રસ્ટી થાઓ અને ધાર્મિક સંસ્કારો માટે તમારા બાળકોના નામના ટ્રસ્ટી બનો તો એનો અર્થ એ છે કે ટ્રસ્ટી તરીકે તમારા ઉપર મૂકાએલા વિશ્વાસને માટે તમે લાયક નીવડ્યા નથી. તમે બેવફા થયા છો અને તેથી એ બેવફાપણા માટે તમે સજાને પાત્ર છો. ટ્રસ્ટી તરીકે તમારી તમારા બાળકો પરત્વે શું જવાબદારી છે અને શું ફરજ છે તે તમે આથી સમજી શકયા છો. હવે તમારે તમારા બાળકનું ધર્મને માટે, ધાર્મિક સંસ્કારને માટે, તમારા પૂર્વજોની કીર્તિને માટે ટ્રસ્ટપણું કરવું એ ઇષ્ટ છે કે તમારે પત્થરા અને કોલસા માટે તમારા બાળકના પિતાપણું જાળવવું એ ઠીક છે; એ વાતનો વિચાર તમારે જાતે કરવાનો છે.

**હવે તો તમારી ફરજ વિચારો.** જે સુજ્ઞ છે, જેનામાં ધર્મની લાગણી છે, જેનામાં ચાનક છે તેઓ તો આ સાંભળીને જરૂર વિચાર કરશેજ કે આપણે આપણા બાળકોના ધર્મના ટ્રસ્ટી થવું એ યોગ્ય છે કે તેમને માટે પત્થર, કોલસાના ટ્રસ્ટી થવું એ યોગ્ય છે. માત્ર જેમનો આત્માજ મરણ પામેલો હશે અર્થાત્ જેનો આત્માજ પ્રકાશ વિનાનો હશે તેજ આટલું સાંભળ્યા પછી પણ પોતાની ફરજ વિચારવાનો નથી. ટ્રસ્ટી તરીકે તમે તમારા બાળકમાં સારા સંસ્કારો નાખવા બંધાએલા છો. તમે તમારી એ ફરજ બજાવવા માંગો છો એવો એકવાર તમારે નિશ્ચય કરી લેવાની જરૂર છે. તમે એ નિશ્ચય કર્યો એટલે તમારા હાથે કામની અરધી શરૂઆત થઇ છે એમ સમજવામાં હરકત નથી.

હવે આગળ વધો. તમો એવો વિચાર કરો કે અમુક સંસ્થાનો હું ટ્રસ્ટી નિમાયો છું અને ટ્રસ્ટી તરીકે મારે એ સંસ્થાનું કલ્યાણ કરવું છે, તો આવા વિચારોની સાથેજ તમારે એ ટ્રસ્ટીત્વ કઇ રીતે સફળ થાય એમ છે એનો માર્ગ પણ શોધી કાઢવાનો બાકી રહે છે. ટ્રસ્ટી ગમે એવો સારો હોય, ધર્મધુરંધર હોય, પાપમાં આંગળી બોળવા પણ ન માગતો હોય પરંતુ તે છતાં તે સંસ્થાનું ભલુ થાઓ! એવોજ માત્ર ઉચ્ચાર કર્યા કરશે તો તેથી તેનું કલ્યાણ થવાનું નથી. સંસ્થાનું કલ્યાણ કયે માર્ગે સાધી શકાય એમ છે તે જોઇને ટ્રસ્ટીએ તે માટે યોગ્ય માર્ગ વિચારવાની આવશ્યકતા છે. ટ્રસ્ટી આવા માર્ગ વિચારે અને તે માર્ગ તે અમલમાં ન મૂકે; તો માર્ગ વિચારે તે ટ્રસ્ટીની પોતાની ફરજ પુરી થવાની નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ટ્રસ્ટીનો ધર્મ છે કે તેણે પોતાના હાથમાં સોંપાએલા ટ્રસ્ટના અભ્યુદયનો માર્ગ વિચારીને એ માર્ગને અમલમાં પણ મૂકવાનો છે.

**ટ્રસ્ટીની ફરજ યાદ રાખો.** હવે તમારા બાળકના તમે ટ્રસ્ટી છો. જો તમે સારા ટ્રસ્ટી થવા માગતા હો, તમે તમારી ફરજ ભૂલવા ન માગતા હો, અથવા તો બેદરકાર ટ્રસ્ટી પણ ગણાવા ન માગતા હો, તો તમારા હાથમાં સોંપાએલા બાળકના ભવિષ્યનો ઉદય શી રીતે કરી શકાય એ તમારે વિચારવાની જરૂર છે અને એ વિચારેરી તમારે એ માર્ગ અમલમાં મૂકવાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. હવે વિચાર કરો કે તમારા બાળકનો અભ્યુદય કેવી રીતે સાધી શકાય ? તમારો બાળક ધર્મમાં દઢ રહે, જિંદગીના છેડા સુધી તેના મુખમાંથી ધર્મનો વિરોધી એવો એક શબ્દ પણ ન નીકળે અને તેને હાથે એક પણ અકાર્ય ન બને એવું જો તમે ઇચ્છતા હો; તો તમારે ગળથુથીમાંજ પેલી ત્રણ વસ્તુઓ નાખવાની છે કે જીવાત્મા અનાદિનો છે, ભવસંયોગ અનાદિનો છે અને કર્મસંયોગ પણ અનાદિનોજ છે. જે માબાપ પોતાના બાળકને આ ત્રણ વસ્તુઓ ગળથુથીમાં આપે છે તે માબાપ બાળકના સાચા જૈનમાતાપિતા છે અને જેઓ એ રીતની ગળથુથી બાળકોને પાય છે તે માબાપોના બાળકો એવી દઢ મનોવૃત્તિવાળા અને બળવાન્ ચિત્તવાળા નીવડે છે કે પ્રાણાંતે પણ તેઓ ધર્મનો અંશ છોડવાએ તૈયાર થતા નથી ! જો તેઓ ધર્મને છોડવા પણ તૈયાર ન થાય તો પછી તેઓ ધર્મ તોડવા તો કયાંથીજ તૈયાર થવાના હતા ?

**આ ગળથુથીનો પ્રભાવ શો ?** આ ગળથુથીનો આટલો બધો પ્રભાવ કહ્યા પછી હવે એ વાત વિચારી જોવાની જરૂર છે કે આ ગળથુથી વડે આત્મામાં એવો કયો પ્રભાવ ઉત્પન્ન થાય છે કે જેને પરિણામે આત્મા ગમે તેવા સંકટોમાં પણ દઢ રીતે ટકી રહે છે અને તે પોતાના ધાર્મિક મંતવ્યોનો ત્યાગ કરતો નથી. જીવ અનાદિનો છે એ વાતનો વિચાર જયાં દઢ થાય છે કે ત્યાં આત્મામાં એક જાતનું અલૌકિક બળ આવે છે. એવો આત્મા આ વિશ્વના વ્યવહારોમાં પ્રાણ આપી દેવાને માટે કોઇ પણ રીતે તૈયાર થતો નથી. અહીં શરીરના અને લુગડાંના ઉદાહરણનો વિચાર કરો. માણસ પોતે લુગડાં પહેરે છે અને સામાન્ય સંયોગોમાં તે પોતાનું શરીર અને લુગડાં બંનેને સંભારે છે, બંનેની સંભાળ લે છે અને બંને ફાટી ન જાય કે તેમાં કાંઈ નુકશાન ન આવે તે સંભાળે છે, પરંતુ કોઇ સમયે અકસ્માત થાય અને લુગડાંનો છેડો દીવાને લાગી લુગડું સળગી ઉઠે, તો તે સમયે માણસ પોતાની દેહને ભોગે લુગડાંને સંભાળતો નથી પરંતુ લુગડાંને ભોગે પોતાને જ સંભાળે છે. લુગડું સળગી ઉઠયું અને દાઝી જવાની વારી આવી જાય તો તેજ ક્ષણે તરૂણ હોય, બાળક હોય, વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય તો પણ બધા પોતાની આબરૂ, લાજ કે મર્યાદાનો વિચાર ન કરતાં લુગડું કાઢીને ફેંકી દે છે ! યાદ રાખો કે સામાન્ય વખતે માણસ શરીર અને લુગડું બંને સંભાળે છે પરંતુ અકસ્માત વખતે તે લુગડાંને પડતું મૂકીને પોતાના શરીરનેજ સંભાળે છે.

**આત્મા પોતાની વસ્તુ છે, શરીર નહિ.** માણસની આ મનોવૃત્તિ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે શરીરને પોતાનું ગણે છે પરંતુ લુગડાંને પોતાના ગણતો નથી. આજ ઉદાહરણ અહીં પણ લાગુ પાડશો તો તમોને સમજાશે કે જીવ અનાદિનો છે એ સંસ્કાર દેહભાવનાનો ત્યાગ કરવાને માટે કેટલો આવશ્યક છે. જે મનુષ્ય એવું સમજ્યો છે કે આત્મા તો અનાદિનો છે તે પર્યાયે એમજ સમજે છે કે શરીર આદિનું છે અર્થાત્ આત્મા સ્વયંભૂ છે તે પહેલાં મળે છે અને શરીર મળ્યા પછી જેમ શરીરને ઢાંકવા માટે વસ્ત્રોની તૈયારી કરવામાં આવે છે તેમ આત્મા અનાદિનો છે અને અનાદિના આત્માને અનાદિનો કર્મસંયોગ હોવાથી શરીરની પ્રાપ્તિ થવા પામી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે જે આત્મા, આત્મા અનાદિનો છે અને શરીર વસ્ત્રરૂપે આદિતું છે એમ જાણે છે તે આત્મા દેહને વસ્ત્રરૂપે સમજે છે અને તેથી તેની એ દૃઢ માન્યતા હોય છે કે આત્મા એ પોતાની વસ્તુ છે અને શરીર એ પારકી વસ્તુ અથવા મેળવેલાં લુગડાં સમાન છે. પોતાના શરીરનું લોહી કાઢીને કોઇ પણ માણસ પોતાના લુગડાંને રંગવાને માટે તૈયાર થતો નથી. કારણ કે તે જાણે છે કે લુગડાં જેવી પારકી વસ્તુને રંગવાને માટે શરીરનું લોહી વાપરવું એ કેવળ મૂર્ખાઇ છે. તેજ પ્રમાણે શરીરને જે આત્મા લુગડાં પ્રમાણે સમજે છે તે આત્મા શરીરને શણગારવા અર્થાત્ કે પૈસોટકો, ધન વિગેરે મેળવવાની પાછળ આત્માના ઓજસને કદી રેડતો નથી. આવો માણસ આત્માને પોતાનો સમજે છે અને શરીર, પૈસા, જગતની બીજી બધી સમૃદ્ધિ ઈત્યાદિને તે આવી મળેલી પીડા સમાન ગણે છે.

**ધન્નાજીનું ઉદાહરણ વિચારો.** જે માણસ જીવને અનાદિનો સમજે છે અને શરીરાદિ તેને આવી મળેલું છે એમ ગણે છે તેની સ્થિતિ એવી હોય છે કે તે પ્રાચીન મહાપુરુષોના આચરણ તરફ પ્રેમ રાખે છે. પ્રાચીનકાળમાં અનેક મહાપુરુષોએ ધર્મનું રક્ષણ કર્યું હતું તેમણે મરણાંતે પણ શીલધર્મ છોડ્યો નહોતો તેજ પ્રમાણે મારે પણ ધર્મ પાળવોજ જોઇએ અને શીલધર્મ છોડવો ન જોઇએ એવીજ વૃત્તિ "આત્મા અનાદિ છે" એવી માન્યતાવાળા પુરુષની હોય છે.

તપ કરવામાં સંકોચ શરીરનો કરવો પડે છે પરંતુ એ મહાન્ તપશ્ચર્યાનું ફળ તો આત્માનેજ મળે છે. ધન્નાજીનું તપ કેવું પ્રભાવશીલ હતું અને તેની ધર્મમાં કેટલી બધી દૃઢ ભાવના હતી તે બધા જાણે છે. ધન્નાજી એક સુકુમાર શ્રીમંત હતા. તેમને આઠ સ્ત્રીઓ હતી. તેઓ મહારાજા શ્રી શ્રેણિકના જમાઈ થતા હતા અને શાલિભદ્રના બનેવી થતા હતા. તેમણે પોતાની પત્નીના કથનથી આઠે પત્નીઓનો એકી સાથે ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. શાલિભદ્રે પણ તેમની સાથેજ દીક્ષા લીધી હતી. તે પછી તેમણે એવું ભિષણ તપ કર્યું હતું કે તેઓ ચાલતા તો હાડકાં એક બીજા સાથે ઘસાઈને ખડખડ વાગતાં હતાં અને મોઢેથી બોલી પણ શકાતું નહતું તે છતાં તેમણે તપશ્ચર્યાનો ત્યાગ કર્યો નહતો.

**તમારી સ્થિતિ વિચારો.** હવે આજે આપણી સ્થિતિ કેવી છે તેનો વિચાર કરજો. બીજા તપો કરવા તો બાજુએ રહ્યા પરંતુ આપણે એક સાધારણ ઉપવાસ કરીએ છીએ તોપણ એક દિવસનું ખાવાનું જાય તે માટે હોહા કરી મૂકીએ છીએ. આપણી આ સ્થિતિ જો એ મહાન્ તપસ્વીઓએ રાખી હોત, તો વિચાર તો કરો કે તેઓ ઈતિહાસને પાને નોંધાએલી કદીપણ ભૂલી ન શકાય એવી ભવ્ય અને નિર્મળ તપસ્યા શી રીતે કરી શક્યા હોત? પ્રાચીનકાળમાં મોટા મોટા રાજાઓની રાણીઓએ પણ તપશ્ચર્યાઓ કરી છે. જેઓ અત્યંત સુકુમાર હતી, જેમની કોમળતા જગજાહેર હતી, એક તણખલું પણ ખુંચે એવાં જેમનાં સુંદર શરીરો હતાં તેવી રમણીઓએ પણ તપશ્ચર્યાઓ કરી છે. શ્રેણિક રાજાની રાણીઓ મહાસેના કૃષ્ણા એ સઘળીઓએ શ્રીમાન્ વર્ધમાન તપ પૂરો કર્યો હતો. વર્ધમાન તપની મહત્તા તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમે જાણો છો. બીજા તપો નજીકમાં પુરા થાય, છે શ્રી વર્ધમાન તપ એવું છે કે તે લાગલાગટ કર્યાં કરો તો પણ પંદર વરસેજ પુરૂં થાય છે. બીજા તપો પુરા થાય કે તેનું પારણું કરવાનું આવતાં થાળી તૈયાર હોય છે. ઉપવાસતપ, છટ્ઠ, અઠ્ઠમ એ સઘળાના તપમાં પારણાને દહાડે રોજના કરતાં બેવડું ખાવું હોય તો તે પણ ખાઈ શકો છો. જ્યારે આ વર્ધમાન તપમાં પારણામાં બમણી તપસ્યા એટલે ઉપવાસ કરવાનોજ બાકી રહે છે! પારણાને દિવસે બમણું તપ કરવાનું હોય છે. આવું લાંબુ અને કઠિનમાં કઠિન તપ તે પણ શ્રીમાન્ શ્રેણિક રાજાની રાણીઓ મહાસેના અને કૃષ્ણા એમણે પુરૂં કર્યું હતું.

**તપસ્વીઓની માન્યતા શું હતી?** મહારાજા શ્રેણિક એ કાંઈ બે પાંચ ગામનો ઠાકરડો ન. હતો. મગધનું મહારાજ્ય કે જેની હાક સમસ્ત સામ્રાજ્યમાં વાગતી હતી એ વિશાળ મહારાજ્યનો મહારાજા શ્રેણિક એ સ્વામી હતો. આવા મહાસમ્રાટની પત્નીઓ પણ જ્યારે આવું કઠણ તપ કરે છે ત્યારે તેમની મનોદશા કેવી હશે તેનો વિચાર કરજો. આવા મહાસામ્રાજ્યોના માલિકો પણ આવું પ્રચંડ અને ભગીરથ તપ કરી શકતા હતા તેનું એકજ કારણ હતું કે તેઓ આ શરીરને લુગડાંના જેવું તુચ્છ સમજતા હતા. આત્મા એ પોતાની વસ્તુ છે અને લુગડાંરૂપી શરીર એ તેને ગળે પડેલી વસ્તુ છે એ વાત તેમના અંતરમાં ઠસી જવા પામી હતી અને તેથીજ તેમના હાથે આવા મોટાં મોટાં તપો થતાં હતાં!

આ શરીર એ બરાબર આત્માએ ધારણ કરેલું લુગડુંજ છે. ધારો કે તમે પાંચસો રૂપીયાનો જરીથી ભરેલો અંબર પહેર્યો છે, પરંતુ જો એ અંબરનો છેડો પણ સળગી ગયો હોય અને અંબર બળીને ખાક થઇ જવાનો વારો આવે; તો તે પળે "મારે આ અંબર છોડવો જોઈએ કે નહિ," એવો તમે વિચાર કરવા નથી બેસતા. એ ટાંકણે તમે તમારા માબાપની કે બૈરી છોકરાની સલાહ લેવા માટે પણ નથી થોભતા અને સળગેલો અંબર કાઢીને ફેંકી દો છો એવીજ સ્થિતિ બરાબર આ દેહની પણ છે.

**શરીર એટલે સળગતું લુગડું.** શરીર એ બરાબર સળગતું લુગડું છું. આયુષ્યનો ઘટાડો એ દેહરૂપી વસ્ત્રને લાગેલો અગ્નિ છે. એ અગ્નિ જે જાણે છે અને શરીર એ ગળે પડેલું લુગડું છે એવી જેની ખાતરી થઇ છે તે માણસ એ શરીરરૂપી લુગડાને સળગતી હાલતમાં જોયા પછી તેને ફેંકી દેવામાં જરા સરખો પણ વિલંબ કરતો નથી. જે માણસ આ શરીરને સળગતા લુગડા સમાન સમજે છે તે તો કદાપિ પણ એ સળગતા લુગડાને બચાવવાનો વિચાર સરખો પણ કરતો નથી. તે તો જાણે છે કે આ સળગેલું લુગડું બચાવવા જઇશ તો પણ તે બચી શકવાનું નથી તેથી એને બચાવવાનો વિચાર કરીને દાઝવા કરતાં એ લુગડાંને ફેંકી દેવાનો વિચાર કરવો એજ ઉત્તમ વસ્તુ છે.

માણસ જેમ પોતાના જુના વસ્ત્રો કાઢી નાખે છે તેમ આ આત્મા પણ જુના વસ્ત્રોરૂપી દેહને છોડી દે છે અને નવા વસ્ત્રરૂપી નવો દેહ ધારણ કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયના બાવીસમાં શ્લોકમાં જણાવ્યું છે કેઃ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णा-न्यन्यानि संयाति नवानि देही ॥

અર્થાત માણુસ જે પ્રકારે પોતાના જુના વસ્ત્રોનો ત્યાગ કરી નવા વસ્ત્રો ધારણ કરે છે તેજ પ્રમાણે આત્મા પણ જુનું શરીર તજીને નવું શરીર ધારણ કરે છે. ભગવદ્ગીતાના મુદ્દા પ્રમાણે આ શરીરને માત્ર વસ્ત્ર જેટલીજ મહત્તા આપવાની છે. શરીર પ્રતિ આવી દૃષ્ટિ તેજ આત્મા રાખી શકે છે કે જે આત્માને મહાન્ અને શરીરને તુચ્છ વસ્તુ સમજે છે અને આત્માની અમરતા જે સમજી શકયો છે.

**ધ્યાન અને ભાવ શકય કયારે ?** હવે આગળ વિચાર કરશો તો દાન, શીલ, તપ અને ભાવ એ પ્રમાણુના ચાર વર્ગો શા માટે કરવામાં આવ્યા છે તેનો ખ્યાલ આવશે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે પરંતુ જો ભાવ તપમાંજ આવી જતો હોય, તો તો ધર્મના, માત્ર ત્રણુજ પ્રકાર થઈ શકે અને દાન, શીલ અને તપ એ ત્રણુ પ્રકારેજ ધર્મ છે એવું કહી શકાય, શાસ્ત્રકાર મહારાજાઓએ એમ ન કહેતાં ધર્મ ચાર પ્રકારે કહ્યો છે અને ધર્મનું ચોથું અંગ ભાવ જણાવેલો છે. આ પ્રમાણે શા હેતુથી કહેવામાં આવ્યું છે તેનો હવે વિચાર કરીએ.

ધ્યાન એ ભાવમાં આવી જાય છે અને ભાવ તપમાં આવી જાય છે આથી દાન, શીલ અને તપ એ ત્રણુજ પ્રકારે ધર્મ કહ્યો હોય તો પણુ તે બસ છે એ દૃષ્ટિ સાચી નથી. તપ અને ધ્યાનનો તમે પરસ્પર વિચાર કરશો તો તમોને માલમ પડશે કે તપ અને ધ્યાનની વચ્ચે કાર્યકારણુનો સંબંધ રહેલો છે. તપ એ કારણુ છે અને ધ્યાન એ કાર્ય છે. તપશ્ચર્યાનું ફળ એ છે કે તેથી જગતના વિષયોથી વિરકત થવાય છે. જો તમે કારણુ રૂપ તપ વડે જગતની જંજાળોથી મુકત થયા હશો તો પછી તમે ધ્યાન અને ભાવ રૂપી કાર્ય કરી શકવાના છો. જો તમે તપથી નિર્મળ બનીને સાંસારિક જંજાળોનો ત્યાગ ન કર્યો હોય તો તમારાથી ધ્યાન કે ભાવ કદી પણુ જુદા થઇ શકવાનાજ નથી.

**આત્માજ શરીરદ્વારા તપ કરે છે.** કાર્યકારણુના સંબંધને લઇને અને કાર્યની મુખ્યતાએ ભાવનો ભેદ જુદો પાડવો પડે છે ભાવ એ અભ્યંતર તપનો વિષય છે અને તપ એ બાહ્ય તપને અંગે છે આથીજ તપ અને ભાવ એ બેને જુદા પાડવા પડયા છે. વળી તપને જુદો પાડવાનું અને ભાવને જુદો પાડવાનું બીજું એક કારણુ છે. જે સમયે આત્મા ગુણુસ્થાનકની શ્રેણીએ ચઢતો ચઢતો આગળ વધે છે અને ચઢતા ગુણુસ્થાનકે આગળ જઈ અંતર્મુહૂર્તમાં પહોંચી જાય છે. ત્યાં અણુશણાદિક બાહ્ય તપ કે પ્રાયશ્ચિતાદિ અભ્યંતરતપ ન હોય તો ભાવની મુખ્યતાને સ્વીકારવી પડે છે. આવું ન હોય તો તપની અંદરજ ભાવને જરૂર સમાવી શકાય, પરંતુ આ બે કારણોને લીધે તપ અને ભાવ બંનેને એક ન કરતાં તેને જુદાજ રાખવા પડે છે. શરીર ઉપર છેવટે જો અંકુશ ન હોય તો અભ્યંતર તપમાં આવવું મુશ્કેલ થઇ પડે છે. આથી સમજાય છે કે તપસ્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરીર દ્વારાએ થાય છે એ વાત સાચી છે પરંતુ એ તપસ્યા પણ શરીર ઉપર કાબુ રાખનારો આત્માજ કરે છે.

ટેલીફોનનું રિસીવર હાથમાં લઇ તમે વાતચીત કરવા માંડો છો ત્યાં તમોને તમારી સાથે બોલનારા માણસનો અવાજ સંભળાય છે. અગર જો કે આ અવાજ તો પેલું ભુંગળું આપે છે પરંતુ ભુંગળા દ્વારા તમારી સાથે બોલનાર માણસજ વાતચીત કરી રહેલો હોય છે તેજ પ્રમાણે શરીરદ્વારાએ તપ થાય છે ખરૂં, પરંતુ એ તપ કરનારો પણ આત્માજ છે. શરીરજ કાંઈ તપ કરી શકતું નથી. આ સઘળા ઉપરથી સ્પષ્ટ થાય છે કે તપ કરવું એ કાંઈ અજ્ઞાનીનું અથવા તો અસમર્થનુંજ કામ નથી પરંતુ તે જ્ઞાનીનું અને સમર્થ માણસનું પણ કામ છે. અર્થાત્ જ્ઞાનીને અને સમર્થ આત્માને તપની જરૂર નથી એમ કહેવું સર્વથા ખોટુંજ છે. તપ એ ગયા ભવોના ઘોર કર્મોને ટાળનારૂં હોવાથી સઘળાને માટે તપ એ જરૂરી ચીજ છે.

**તપ વિના ફળ નથી.** ભગવાન્ શ્રી મહાવીરદેવ કે જેમની તપશ્ચર્યામાં કોઈ પણ જાતની શંકા નથી, જેમની શકિત અપાર અને અમોઘ હતી, જે ચાર જ્ઞાનના ધણી હતા, જેમને શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થએલી હતી તેવા વીર પુરુષોને પણ તપશ્ચર્યાની જરૂર પડી છે. જો એવા મહાત્માઓ પણ તપ વિના ફળ નથી મેળવી શકયા તો પછી આપણે તો તપ વિના ફળ મેળવવાની વાતજ શા માટે કરવી ? તપ વિના ફળ મેળવવાની તીર્થંકર દેવોમાં પણ શકિત નહતી એથી સ્પષ્ટ થાય છે કે તપ વિના ફળ મેળવવાની આપણી પણ શકિત નથીજ !

જે આ શરીરને લુગડું માને છે, જે આત્માને પોતાનો માને છે અને આ દેહને પારકી માને છે તેવા માણસો તો જરૂર એ ખોળીયા વડે-એ પારકી દેહ વડે તપ કરીને પોતાના આત્માનું કલ્યાણ કરી જવામાં જરા પણ ઢીલ દર્શાવવાના નથીજ ! જે આત્મા જીવને અનાદિનો માને છે તેને કબુલ રાખવુંજ પડશે કે જો જીવ અનાદિનો છે તો દેહ આદિની છે અને તેથી દેહ એ આત્માએ મેળવેલું લુગડું છે અથવા તળાઇ ઉપર ચઢાવેલું ખોળીયું છે.

**તળાઇને ભોગે ખોળીયું ન જાળવો.** જે માણસ દેહ રૂપી ખોળીયા વડે આત્મા રૂપી તળાઇ આચ્છાદિત થએલી માને છે તેવો આત્મા કદી પણ એ તળાઇને ભોગે ખોળીયાને સાચવવાનો નથી. ભલે મારી તળાઈ ગંદી થાય પરંતુ મારૂં ખોળીયું તો નવું નકોર રહેવુંજ જોઇએ એવું કહેનારો મૂર્ખોજ હોઇ શકે. કોઇ પણ ડાહ્યો માણસ તળાઇને ભોગે ખોળીયાને બચાવી લેવાની વાત કરવાનો નથી તેજ પ્રમાણે કોઇ પણ સમજુ આત્મા દેહની રક્ષા કરવા માટે આત્માને પાયમાલ કરી દેવાનો નથી ! તે શરીરને ભોગેજ આત્માને બચાવી લેશે અને આત્માની સુંદરતા, મહત્તા અને પ્રતિષ્ઠાને જાળવી રાખશે.

પરંતુ ખુબ યાદ રાખજો કે દેહને ભોગે આત્માને શણગારવાની, દેહને ભોગે આત્માને શોભાવવાની, દેહને ભોગે આત્માની શકત વધારવાની વાત તો તેજ માણસ કબુલ રાખશે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે આ દેહને પારકો માનતો હશે અને આત્માને પોતાનો માનતો હશે. દેહ પારકો છે અને આત્મા પોતાનો છે એવું ઠસાવવા અંતરમાં એવી ભાવના દૃઢ કરવા અને આત્મામાં આ વિચાર પચી જવાને માટેજ એ ગળથુથી જરૂરી છે કે-"**આત્મા અનાદિનો છે.**" જ્યાં આત્મા અનાદિનો છે અને દેહ જીવથી અલગ હોઇ તે પાછળથી મળેલો છે એમ માણુસ સમજતો થશે ત્યારે જરૂર તેને હાથે ભોગેજ આત્માને શણગારવાના કાર્યો થશે અને એવો આત્મા કદી પણ ધર્મદ્રોહી થઇ શકશે નહિ. આત્મા અનાદિનો છે એ ગળથુથી આટલી બધી મહત્વની હોવાથીજ દરેક જૈનમાતાપિતાની મહત્વની ફરજ છે કે તેમણે પોતાના બાળકને આ ગળથુથી પાવામાં જરા પણ બેદરકારી નજ રાખવી જોઇએ. આત્મા અનાદિનો છે એ વસ્તુ સમજી લેવાથી સમ્યક્ત્વ કેવું મજબુત થાય છે અને એથી બીજા શું શું લાભો થાય છે તે હવે જોઇએ.

## ભયંકર ભવભૂધર

### પ્રવાસનું ફળ ક્યારે મળે?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજાશ્રીએ ભવ્ય જીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ નામનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં તેઓશ્રી જણાવે છે કે જે ધર્માર્થીઓને પોતાના કર્મોનો ક્ષય કરવાની ઇચ્છા હોય તેમણે આ મહા ભયાનક ભવ, ભવનું સ્વરૂપ, એ ભવની ભયંકરતા, ભવરૂપી પર્વતનું ઉલ્લંઘન ક્યાં થઇ શકે છે તેનું સ્થાન, એ સમયે થતી આત્માની સ્થિતિ, એ સમયે આત્મા કયા કયા કાર્યોથી વિરક્ત હોય અને તે કયા કયા કાર્યોમાં યુક્ત હોય; એ સઘળું જાણવાની જરૂર છે. જે આત્મા આ સઘળું જાણતો નથી અને જાણીને તેનો વિચાર કરતો નથી તે આત્મા પોતાનું ધારેલું સ્થાન કદી પણ મેળવી શકતો નથી.

મુસાફરીએ નીકળનારાઓએ પોતે ક્યાં જવું છે, ધારેલે સ્થળે ગયા પછી તેણે શું કરવાનું છે, ત્યાં જઇને કેવી રીતે વર્તવાનું છે, કયા ઉપદ્રવથી બચવાનું છે, પોતે શું મેળવવાનું છે આ સઘળી બાબતનો વિચાર કરવાનો છે. જે પ્રવાસી આ સઘળી બાબતનો વિચાર કરતો નથી તે પ્રવાસી પ્રવાસ કરી શકવાને માટેજ અસમર્થ નીવડે છે અને કદાચ કોઇ સંયોગોમાં તે પ્રવાસ કરી શકે તો એ પ્રવાસના ફળને તે મેળવી શકતો નથી!

**નીકળવાનો પ્રયત્ન ક્યારે થાય?** જે મુસાફર પોતે ક્યાં જવા માગે છે અને ત્યાં જઇને શું કરવા માગે છે વગેરે બાબતોને વિચારતો નથી તે મુસાફરની સ્થિતિ ઘાંચીની ઘાણી જેવીજ હોય છે. ઘાંચીની ઘાણીમાં ફરનારો બળદ માત્ર ઘાંચીનાજના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દંડુકાની બ્હીકથી ચાલ્યા કરે છે પરંતુ તે બિચારાની મુસાફરીનો કોઇ રીતે અંતજ આવતો નથી તેજ પ્રમાણે આ ભવરૂપી ઘાણીમાં ફરનારો આત્મારૂપી બળદીયો પણ પોતે કોણ છે, તે ક્યાં આવી પડયો છે, તે જે સ્થાનમાં આવી પડયો છે, તે જે સ્થાનમાં આવી પડયો છે તે સ્થાન કેવું છે ઇત્યાદિ પ્રશ્નો વિચારતો નથી તો તેની દશા પણ ઘાંચીના બળદીયા જેવીજ થાય છે. અર્થાત આ ભવરૂપી ભયંકર પર્વત ઉપર રખડનારાઓએ એ ભવપર્વતની ભયંકરતા જાણવીજ જોઇએ. જે કોઈ એની ભયંકરતા નહિ જાણે તે એમાંથી નીકળવાનો પણ પ્રયાસ નહિજ કરે ! એમ સમજો કે તમે કાંઇ કારણસર અહીંથી નીકળીને દિલ્હી જાઓ. દિલ્હી જતાંજ તમોને કોઇ ઘરનો દલાલ સામો મળે અને તમોને મહિને એક રૂપીયાને ભાડે કોઇ આલિશાન બંગલો આપી દે તો જરૂર તમે એ આલિશાન બંગલામાં જઈનેજ પડાવ નાખો, પરંતુ બીજેજ પળે તમોને એવા સમાચાર મળે કે એ બંગલામાં તો પ્લેગના ઉંદરો પડયા છે તો ? એવી ખબર મળે અને તમે કદાચ ઘરવાળા સાથે વરસનું કોન્ટ્રાકટ કર્યું હોય તો તેના બાર માસના પૈસા ચૂકવીને પણ તમે ભાગી જાઓ ! આજ સ્થિતિ આ ભવભુવન વિષે પણ સમજવાની છે.

**ભવની ભયાનકતા જાણો** આ ભવરૂપી ભવન દેખાવમાં બહુ સુંદર છે પરંતુ તેમાં કર્મ-વિદારક પ્લેગના ઉંદરો પડેલા છે આ વાત તમે જ્યાં સુધી જાણવાના નથી ત્યાં સુધી તમે એમાંથી બહાર નીકળવાનો વિચાર સરખો પણ કરવાના નથી. એટલાજ માટે સૌથી પહેલાં આ ભવ કેવો ભયાનક પર્વત છે તે સમજવાનું છે. આ ભવરૂપી પર્વત મહાભયંકર છે એના ઉપર ચઢીને તેને ઉલ્લંઘી જવો એ મહા દુષ્કર છે. આ ભવ-પર્વત પ્રત્યેક વખતે જ્યાં જ્યાં આત્માની ઉન્નતિ થવાનો સમય આવે છે કે ત્યાં આડોજ પડે છે તે ઉલો હોય તો પણ મહા અનર્થને આપનારો છે. તેના માર્ગો, તેની ગલીઓ, તેની ખીણો એ સઘળુંજ ભયંકર છે, આ ઘટના આત્માએ જાણવા જેવી છે, આત્મા જ્યારે ભવની આ ભયં-કરતા જાણશે ત્યારે તે આ ભવભવનમાં ભાવી દુર્ગતિરૂપી પ્લેગના ઉંદરો પડેલા છે એ જોઇ શકશે અને પછી તરતજ તેને એ ભવભુવનો ત્યાગ કરવાનો વિચાર આવશે.

**ભવ પણ દૂરથીજ રળિયામણો છે.** આપણી ગુજરાતી ભાષામાં કહેવત છે કે દૂરથી ડુંગર રળીઆમણા" આ કહેવત બરાબર અહીં પણ લાગુ પડે છે. આ સંસારરૂપી ભવ પણ દૂરથી રળિઆમણો દેખાય છે. તમે હિમાલય પવર્ત દૂરથી જોશો તો ઘણોજ રમણીય લાગશે તેના ઉજ્વલ શિખરો બરફથી ઢંકાએલા લાગશે અને તેમાં સૂર્યના કિરણો પડતાં તમોને મોઢેથી ન વર્ણવી શકાય એવો સુંદર દેખાવ જણાશે. હિમાલય ઉપરના લીલાંછમ ઝાડો જાણે એકાદ લીલા રંગનો રાક્ષસી કોટ ન હોય તેવાં દેખાશે પરંતુ જ્યાં તમે ખરેખર પર્વત પર જઇને ઉભા રહ્યા કે તમારી એ સઘળી સુંદરતા ઉડી જશે ! વાદળ સાથે વાતો કરનારા રાક્ષસી શિખરો તમોને નિર્જન અને ભયંકર લાગશે. બિહામણી ખાઈઓ તમોને કંપાવી મુકશે અને તમારો આત્મા જાણે ઠરી જશે !

આ ભવરૂપી પર્વત પણ બરાબર તેવોજ સમજી લેજો ! તમે દૂરથી જોશો તો આ સંસા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રમાં લક્ષ્મીથી છલાછલ ભરેલા અસંખ્ય સ્ત્રીપુરુષો છે, યૌવનથી મસ્ત એવા હજારો નરનારીઓ છે, તેમનો સુંદર વૈભવ, તેમના મોજશોખ, તેમનો આનંદ, તેમની જાહોજલાલી આ બધું જોતાં તમે છક થઈ જશો ! પરંતુ આ ભવપર્વતમાં વધારે અંદર ઉતરશો તો તમોને માલમ પડશે કે એ લક્ષમાં નાચી રહેલા સ્ત્રીઓ અને પુરુષો પણ અનેક પાપો, સંતાપો, વિકારો, તેમાં મળેલી નિષ્ફળતા વગેરેથી પીડાતા હોય છે અને એ બધાનું પરિણામ શોક, રોગ અને મોત છે. આથી સિદ્ધ થાય છે કે આ ભવરૂપી પર્વત પણ દૂરથી રળિયામણો છે પરંતુ પાસે જઇને જોતાં તો તે બિહામણોજ લાગે છે.

**"સુંદરતા" ભયાનકતાની માતા છે.** આજકાલ કુદરતના સૌંદર્ય પર મરી ફીટવાનો મેનીયા ફેલાતો જાય છે ! કુદરતના સૌંદર્ય પર ખુશ થવાને બહાને અનેક અનર્થો અને પાપો થાય છે. ઠીક તમે એ કુદરતના સૌંદર્યરૂપ પર્વતને બહારથી જોઇ ખુશ થાઓ છો અને ઝાડોની સુંદર ઘટા અને તેની લીલાશ તમારા હૈયા હરી લે છે દૂરથી તમે એકાદ સુંદર ઝરાને વહેતો જુઓ તો જાણે ચાંદીનોજ ઝરો વહી રહ્યો ન હોય એમ લાગે છે પરંતુ તમે જ્યાં પર્વતમાં દાખલ થાઓ છો અને ઝરાના ઉપર જઈને ઉભા રહો છો, તે વખતે તમારા આત્માને ત્યાંનો ભય થથરાવી મૂકે છે.

આમથી વાઘ નીકળશે, પેલી મેરથી રીંછ ધસી આવશે કે જંગલી પશુઓમાંથી કોઇ બીજુંજ નીકળી આવીને તમોને ગળી જશે એનો વિચાર તમોને કંપાવી મૂકે છે. સુંદર ઝાડો જોતાં જ્યાં તમે આગળ વધો છો ત્યાં જો જોગજોગે તમે ઝાડીની ઘટામાં ગુંચવાઈ ગયા તો એ ઝાડોની મીઠી સુંદરતા અને ઝરાનું ચકચકિતપણું એ સઘળું ભુલાઈ જાય છે ! હવે વિચાર કરો કે ઝરો અને ઝાડ સુંદર હતા તો પછી એની સુંદરતા ક્યાં જતી રહી ? પ્રશ્નનો જવાબ એ છે કે એ સુંદરતા માત્ર આભાસ પુરતીજ હતી ખરેખરી રીતે પર્વતમાં સુંદરતા ન હતી પરંતુ ભયંકરતાજ ભરેલી હતી. તમે જ્યાં એ ભયંકરતાનો અનુભવ કરો છો કે તમોને તરતજ એમ થાય છે કે ક્યારે હવે આ ભયંકરતામાંથી છૂટો થાઉં ?

**સો ગણો ભયંકર !** ભવરૂપી પર્વત પણ આવોજ ભયાનક છે. જેઓ આત્માભિનંદી છે અર્થાત્ જે જીવો આત્માના ભાવથી યુક્ત છે તે આ ભવરૂપી પર્વત પાસેથી કેવો છે તે જાણી લે છે અને તેવાજ સ્વરૂપે તેને ઓળખે છે પરંતુ જે જીવ આત્માભિનંદી નથી ભવાભિનંદી છે તે આ ભવરૂપી પર્વતને દૂરથીજ જોઇને તેમાં જણાતી સુંદરતાને સત્ય સુંદરતા તરીકે જણાવે છે. ભવપર્વત બેશક ભયંકર છે પરંતુ તે દૂરથી જોનારાને ઘણોજ સુંદર લાગે છે. જેઓ પુદ્ગલાનંદી એટલે આત્માના વિષયોમાં નહિ પરંતુ સંસારના સુખોપભોગમાંજ રાચનારા છે તેવાઓને શરીર, શરીરની ઇંદ્રિયો, ઇંદ્રિયોના વિષયો, તેના સાધનો અને તેથી મળતો આનંદ એ બધા વડે આ ભવરૂપી પર્વત બહુ સુંદર લાગે છે પરંતુ વાસ્તવિક રીતે તે જેટલો સુંદર છે તેના કરતાં સો ગણો ભયંકર છે.

જે જીવો પુદ્ગલાનંદી છે તેઓ માત્ર બહારથીજ દર્શન કરનારા છે તેઓ અંદર ઉતરીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોનારા નથી આમ હોવાથી તેમને આ સંસાર સારો લાગે છે પરંતુ જેઓ એની અંદર ઉતરીને જુએ છે તેને સંસારની ભયંકરતા જણાઈ આવ્યા વિના રહેવા પામતી નથી. ઝાડની ઘટાથી ભરેલો પર્વત નાગાપર્વત કરતાં વધારે સારો લાગે છે અર્થાત્ જે પર્વત ઉપર ઝાડો કે વેલાઓ નથી તેના કરતાં ઝાડો અને વેલાઓથી ભરેલો પર્વત સારો લાગે છે પરંતુ એ નાગો પર્વત જેટલો ભયંકર નથી લાગતો તેટલો ઘટાવાળો ભયંકર લાગે છે. નાગો પર્વત: તેના ઉપર ઝાડ-પાન ન હોવાને કારણે દૂરથી પણ સૌંદર્યવાળો લાગતો નથી તેજ પ્રમાણે તેની પાસે જવાથી પણ તે બહુ ભયંકર લાગતો નથી જ્યારે ઘટાવાળો પર્વત જેમ દૂરથી બહુજ સુંદર લાગે છે તેમ તે તેની પાસે જવાથી બહુજ બીહામણો લાગે છે અર્થાત્ એમ સ્પષ્ટ થાય છે કે જેને આપણે રમણીયતા કહીએ છીએ એજ ભયાનકતા છે.

**સાકરમાં લપેટેલો ઝેરી લાડુ.** પર્વતની ભયાનકતાનું આ રૂપક શાસ્ત્રકાર મહારાજાએ ભવમાં ઉતાર્યું છે. જેમ ડુંગરના સ્વરૂપને આપણે ન જાણીએ તેમાં રહેલા રાક્ષસી ઝાડોને આપણે ન ઓળખીએ અને તેમાં રહેલા ભયાનક પશુ-ઓનો પણ આપણે વિચાર ન કરીએ તો પર્વતની બહારની શોભા એવી છે કે આપણે તે ઉપ-રથી તેને ઘણોજ સુંદર માની લઇએ છીએ એજ સ્થિતિ આ ભવ રૂપી પર્વતની પણ છે. અંતર્ દૃષ્ટિએ જો આપણે ભવનું સ્વરૂપ ન વિચારીએ તો પર્વત પણ ભયંકર હોવા છતાં જેમ રમણીય લાગે છે તેજ પ્રમાણે ભવ પણ ભયંકર હોવા છતાં રમણીય લાગે છે.

જે આત્મા ભવનુ સાચું સ્વરૂપ વિચારતો નથી તેને માટે ખરેખરજ આ ભવ માત્ર દેખાવમાં બહુજ સુંદર છે. ખાવું પીવું, મીઠાઇઓ જમવી, મોજમજાહ કરવી, શરીરે બળવાન્ થવું, તંદુ-રસ્ત રહેવું, ઇન્દ્રિયોને બ્હેકાવી તેમના વિષયમાં મજા માનવી, મળેલા સાધનોનો ઉપયોગ કરવો એ સઘળું ભવની ભયંકરતા ન જાણનારને માટે બહુજ આનંદની વસ્તુઓ લાગે છે પરંતુ ખરી રીતે આ સઘળી વસ્તુઓ એ સાકરમાં લપેટેલા ઝેરના લાડુ જેવીજ છે અને જ્યારે એ ઉપરની સાકર નીકળી જાય છે ત્યારે અંદર રહેલું ઝેર તેના સાચા સ્વરૂપમાં બહાર આવે છે.

**પર્વતમાંથી તો પથરાજ મળે.** એમ સમજી લો કે એક માણસ મહેલ પર બેઠો છે. મહેલની બારીમાંથી તેને સામેના અરણ્યમાં એક સુંદર દેખાવવાળો પર્વત જણાય છે અને તે એ પર્વત જોઇને નીચે ઉભેલા માણસને કહે છે કે, "ઓહો કેવો સુંદર પર્વત છે! તેના ઉપર કેવાં ઝાડપાન લચી રહ્યાં છે અને પેલી નદી કેવી ચકચકતાં પાણીને લઇને દોડી રહી છે ખરેખર! જગતમાં આ પર્વતના જેવું બીજું એકે સુંદર સ્થાન નથી!" હવે વિચાર કરો કે આ મહેલવાસીનું કહેવું સાંભળીને કોઇ મહેલની બહાર ઉભો રહેલો માણસ સીધોજ પર્વતમાં જાય અને પોતે પણ એ મનોહરતા લૂંટવાને તૈયાર થઇ જાય તો એ માણસની શી દશા થાય? રમણીયતા શોધવા જાય પરંતુ પર્વતમાંથી તો તેને પર્વતજ મળે!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેલો ડુંગરની રમણીયતા સાંભળીને ડુંગરમાં જનારો માણસ કે જે સમજતો નથી કે ભાઇ, ડુંગર તો દૂરથીજ રળિયામણા છે પાસે ગયા પછી તો બીહામણાજ છે તે માણસ પોતાની મૂર્ખાઇનુંજ પ્રદર્શન કરે છે પર્વત ઉપર જઇને પથરાજ મેળવીને પાછો ફરે છે; તેજ પ્રકારના મૂર્ખા માણસો આ સંસારમાં પણ સ્થળે સ્થળે આથડી રહેલા માલમ પડે છે. જગતને અંતર્ દૃષ્ટિથી જેઓ જોતા નથી અને બાહ્ય દૃષ્ટિથી તેને જોઇને અથવા બાહ્ય દૃષ્ટિથી તેના વર્ણનો સાંભળીને જેઓ મોહ પામે છે તેઓ પર્વતની સુંદરતા સાંભળીને મુગ્ધ થનારા મૂર્ખાઓજ સમજવાના છે.

**ઘાલમેલ એટલેજ બહાદુરી!** જેમ બાહ્ય દૃષ્ટિએ જોનારાને પર્વત સુંદર લાગે છે તેજ પ્રમાણે જેઓ આ ભવરૂપી પર્વતને પણ બાહ્ય દૃષ્ટિએજ જુએ છે તેમને આ ભવરૂપી પર્વત પણ અતિશય સુંદર લાગે છે. જગતમાં જાતજાતના ખોરાક છે, જાતજાતના મિષ્ટાન્નો છે જાતજાતના સ્વાદો તેમાં રહેલાં છે એ બધું સંસારને બાહ્ય દૃષ્ટિએ જોનારાને મોહમાં નાખવાને માટે બસ છે. શરીર કેવું સુંદર છે આવું સુંદર શરીર કાંઇ વારે-વારે મળી શકતું નથી. શરીરની ઇન્દ્રિયો કેવી સુંદર અને અદ્‌ભુત આનંદ આપનારી છે! અરે! તેનાથી જે આનંદ મળે છે તેવો આનંદ બીજા કશાથી પણ મળતો નથી આવી રીતે આ ભવ ભવાભિનંદીઓને મનોહર ભાસે છે.

તેમને આ ભવ મનોહર અને સુખદાયક ભાસે છે એટલે પછી તેઓ ઇન્દ્રિયોને અનુકૂળ એવી વસ્તુ મેળવવામાં પણ ઘેલા ગાંડા થાય છે, ઇન્દ્રિયોના ભોગોપભોગને પોષતી વસ્તુઓ મેળવવી એમાંજ તેઓ આનંદ માની લે છે અને એ વસ્તુઓને મેળવવાને માટે જે માથાફોડ અને ઘાલમેલ કરવી પડે છે તેને તેઓ બહાદુરી કહે છે! આવા પદાર્થો મેળવતાં લુચ્ચાઇ, લંફ-ગાઇ, ડોંગાઇ, હરામખોરી વગેરે જાતજાતની ચાલબાજીઓ ચાલવી પડે છે એ ચાલબાજીઓને તેઓ "પોલીસી" ગણે છે અને પછી એ બધી રીતે મેળવેલી ઇન્દ્રિયોના સુખોપભોગ પોષનારી ચીજોને પામીને તેઓ રાજી થાય છે!

**કૂદતાં પહેલા વિચાર કરજો** આ સઘળી ભવરૂપી પર્વતની દૂરથી જોએલી સુંદરતા છે પરંતુ એ સુંદરતા છે પરંતુ એ સુંદરતા જોઇને કોઈએ એ ભવરૂપી પર્વતની અંદર ધસવાનું નથી. જેનું હૈયું ઠેકાણે હોય જેના અંતરમાંથી અરિહંત-વચનનું વિસ્મરણ ન થયું હોય તેવા સઘળા આત્માઓ ભવરૂપી પવર્તની આ બહારની શોભા જોઇને તેમાં તલ્લીન બની જઈ શકેજ નહિ! તમે પર્વતના સૌંદર્યની પ્રસંશાની સારાસારા કવિઓની કવિતાઓ વાંચો છો પરંતુ તે કવિતા વાંચીને એ સુંદરતા ઉપર લોભાઈ જઇને તમે પર્વતમાં જવાને તૈયાર થઈ જતા નથી અને હિમાલય પર્વત ઉપર જઈ રહેવાનું ઠરાવીને તમારા ઘરબાર વેચી મારતા નથી તો પછી ભવાભિનંદીઓના ભવની સુંદરતાના વર્ણનો સાંભળીને પણ તમારે જો તમે સુજ્ઞ હો તો આંખો મીંચીને આ ભવરૂપી મહાભયાનક પર્વતમાં કૂદી પડતાં પહેલાં જરૂર વિચાર કરવાની જરૂર છે. જો તમે એવા વિચારો ન કરો તો તેને પરિણામે તમારી સ્થિતિ પણ મોહમુગ્ધ પતંગિયાના જેવીજ થાય, તેમાં આશ્ચર્ય પણ શું વારૂં?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુંદર બંગલામાં બેસીને તમે દૂરથી પર્વત જોયા કરો, તેની સુંદરતા તમારા મનમાં ઠસી જાય અને કદાચ તમે જંગલનો વિકરાળ માર્ગ પૂરો કરીને પર્વતમાં પહોંચી જાઓ, તો તે સમયે તરતજ તમોને પર્વતની મુશ્કેલીનો ખ્યાલ આવે છે! પહાડ ઉપરના સુંદર પથરા કે જેને સૂર્યના પ્રકાશમાં ચળકતા જોઇ ભૌતિક કવિઓ તેને જાતજાતની ઉપમા આપે છે તે પથરા હવે તમોને કંટાળો આપે છે અને જે સુંદર લીલાં ઝાડો અને સુંદર પાણીના ઝરણાં જોઈને તમે દૂરથી આનંદ પામતા હતા તે સુંદર લીલાં ઝાડો અને પાણીનો પણ હવે તમોને કંટાળો આવે છે!

**ભયંકરમાં ભયંકર અનર્થ.** વનની સુંદરતાને જોઇને મુગ્ધ થનારાને પણ એમ થાય છે કે હવે કયારે હું આ ઝાડોની ઘટામાંથી છૂટો થાઉં! વળી તમે જે પાણીના સુંદર ઝરાને અને તેના ચળકાટને વખાણતા હતા એ ઝરો પણ હવે તમોને ભયંકર લાગે છે અને તમે તેને છોડવા ચાહો છો કારણ કે એ સુંદર પાણીથીજ આકર્ષાઈને ત્યાં વનચર પશુપક્ષીઓ આવીને તમોને ઉપદ્રવ કરશે એવો તમોને ભય ઉત્પન્ન થાય છે! અર્થાત્ કહેવાની મતલબ એ છે કે પર્વતની જે વસ્તુઓને ક્ષણાર્ધ પહેલાં તમે વખાણતા હતા અને જેના તમે ભારોભાર ગીત ગાતા હતા તેજ વસ્તુ તમોને ડુંગર પર ગયા પછી ત્રાસદાયક માલમ પડે છે, અને તે પછી જ્યારે સપાટ જમીનને તમે દેખો છો ત્યારે તમોને હાશ આનંદ થયો એમ થાય છે! જે પર્વત તમોને બહુ સુંદર લાગતો હતો, જેને જોવાને તમે મેડીની કે મહેલની અગાસીઓમાં ચઢી જતા હતા અને જેની અજબ રમણીયતા ઉપર તમોને અપૂર્વ આનંદ ઉપજતો હતો તેજ વસ્તુ હવે તમોને અપ્રિય લાગે છે. આ સઘળાનું મૂળ જોશો તો તે એટલુંજ છે કે તમોને જે સુંદરતા લાગતી હતી તે સુંદરતા દૂરથીજ ભાસનારી હતી અને એ સુંદરતા તે ખરી રીતે ભયંકરતા હતી. એજ રીતે ભવરૂપી આ સુંદર પર્વતને બાહ્યદષ્ટિએ જોનારાને તે મનોહર લાગે છે પરંતુ અંતરદૃષ્ટિએ જોનારાને તો એમાં ભયંકરમાં ભયંકર અનર્થજ માલમ પડે છે.

**આહાર એ આત્માનું પહેલું પ્રલોભન.** બાહ્યદષ્ટિએ જોનારાને સંસારના સુંદર સુંદર ભોજનો ગમી જાય છે પરંતુ આત્મીયદષ્ટિએ જોનારો તો જાણે છે કે એ મીઠા, મધુરા, મનોહર ખોરાકની નીચે ભયંકર કાંટોજ છુપાએલો છે. માછીમારો માછલાંને પકડવાને માટે મહાસાગરમાં છૂટો કાંટો નાખતા નથી, પરંતુ કાંટા સાથે લોટની ગોળીઓ બનાવીને નાખે છે આ ગોળીઓની લાલચે માછલું આવે છે અને ગોળી ખાવા માંડે છે પરંતુ એ બિચારાને ખ્યાલ નથી હોતો કે ગોળીઓ ખાવાની તો બાજુએ રહેશે પણ ધડ દઇને કાંટો ગળામાં વાગશે અને તે પ્રાણ લેશે!! જ્યાં માછલું ગોળી ખાવા આવે છે ત્યાં કાંટો તેના ગળામાં ભોંકાય છે અને તેનો જીવ જાય છે!

અજ્ઞાન માણસની સ્થિતિ પણ આ મૂર્ખ માછલા જેવીજ છે. માછલું અગાધ ઉંડા મહાસાગરના પાણીમાં સ્વતંત્રપણે વિહરનારૂં છે. તેને ફરવાનું સ્થળ અંત વિનાનું કહી શકાય! પરંતુ તે એ મહાસાગરમાં સ્વતંત્રપણે વિહરવાનું પડતું રાખીને લોટની લાલચે પોતાની સ્વતંત્રતા ગુમાવીને પરાધીન થાય છે તેજ પ્રમાણે ભોજનરૂપી લોટની ગોળીમાં મોહ પામીને આ જીવ પણ રસનાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વાદમાં-રસનાના વિષયોમાં મોહી પડે છે. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, શુદ્ધ છે અને સ્વભાવે મુક્ત છે પરંતુ તે માત્ર આહારની ગોળીરૂપ ભોજનને વશ થઈને બંધનમાં આવી પડે છે. માછીમાર માછલાંને પકડવાને માટે કાંટો નાખે છે પરંતુ પેલા અજ્ઞાન માછલાને એ કાંટાનો વિચાર આવતો નથી તેજ પ્રમાણે આ અજ્ઞાન જીવને પણ પોતે ખોરાકરૂપી પ્રલોભનને વશ થઈને પરાધીન થાય છે તેનો ખ્યાલ આવતો નથી.

**કર્મ એ કાતિલ માછીમાર છે.** માછીમારો જેમ માછલાંને પકડવાને માટે કાંટો નાખે છે પરંતુ તે સાથે પ્રલોભનને માટે લોટની ગોળી નાખે છે તેજ પ્રમાણે કર્મરૂપી માછીમારે પણ મિથ્યાત્વ, અવિરતિરૂપ જુદા જુદા કાંટા નાખ્યા છે. હવે એ જીવને એ કાંટામાં ફસાવવાને માટે કર્મે કઈ કઇ લાલચો રાખી છે તેનો વિચાર કરો. તમે જાણો છો કે માછલાંને પકડવાને માટે માછીમાર એકલા કાંટાજ નાખે તો તેથી એક પણ માછલું હાથમાં આવતું નથી પરંતુ તે કાંટા સાથે લોટની ગોળી નાખે છે તેથીજ માછલાંઓ પોતાની મેળે દોડી આવે છે અને કાંટામાં ફસાય છે. અગાધ પાણીમાં વિચરનારૂં અને સ્વચ્છંદે વિહરનારૂં માછલું તે માત્ર લોટની લાલચે કાંટામાં પડે છે. આખા મહાસાગરમાં ધારે ત્યાં સ્વચ્છંદે વિહરનારૂં આ માછલું જેમ લાલચથી માછીમારના કાંટામાં ફસાય છે તેજ પ્રમાણે આ જીવ પણ લાલચથીજ કર્મરૂપી માછીમારના કાંટામાં ફસાય છે.

કર્મ જેવા કરોડો જીવો ભેગા થઈ જાય તોપણ તેમની એ તાકાત નથી કે તેઓ જીવને પોતાના ફાંદામાં બળાત્કારે ફસાવી શકે ! પરંતુ જીવ આહારની સુંદરતા ઉપર મરી ફીટે છે તે આહારનો મોહ રાખે છે અને આહારના અંકુશમાં જઇ પડે છે તેથીજ કર્મના હાથમાં ફસાય છે, અને એ રીતે આ જીવાત્મારૂપી માછલું આખરે કર્મરૂપી કષાયના હાથમાં કેદી બને છે.

**કર્મમાં તાકાત નથી.** માછીમારો માછલાંને પકડે છે તેમાં કેવળ મોહ કારણભૂત છે. પશુ, પંખી, વગેરે સઘળાં સ્થળચર અને ખેચર પ્રાણીઓ બળાત્કાર કર્યાં સિવાય પકડાતાં નથી. હાથી જેવા મદમસ્ત પ્રાણીને કે સિંહ જેવા હિંસકને પકડવા હોય તો તેને પણ બળાત્કારે વશ કરવા પડે છે પરંતુ માછલાં ઉપર જરાપણ બળાત્કાર થતો નથી. માછીમાર તો કાંઠા ઉપરજ ઉભો રહે છે અને છતાં માછલું પોતાની મેળે મહાસાગરનો સ્વૈરવિહાર છોડીને માછીના કાંટામાં આવીને ફસાય છે. જેમ માછીમારમાં માછલાંઓને બળાત્કારે પકડવાની તાકાત નથી તેજ પ્રમાણે કર્મમાં પણ જીવાત્માને બળાત્કારે મોહમાં ફસાવવાની તાકાત નથી. કર્મમાં કોઇ એવી શક્તિ રહેલી નથી કે જેથી તે જીવાત્માને બળાત્કારે ફસાવીને પોતાને તાબે કરી શકે. કર્મ તો કાંઠા ઉપર બેઠેલુંજ રહે છે અને આ જીવાત્માજ દોડતો દોડતો પોતાની મેળેજ તેની પાસે જઇ પડે છે અને પરાધીન થાય છે.

કર્મ, બળાત્કારે આત્મા પાસે બંધન અંગીકાર કરાવી શકતુંજ નથી. માછલાંને પકડવાને માટે માછીમારને દરિયાના પાણી ડહોળતાં માછલાંની પાસે જવાનું હોતું નથી તેજ પ્રમાણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્મને પણ જીવાત્માની પાસે આવવાનું હોતું નથી. કર્મની જાળમાં મોહ પામીને જીવાત્મા પોતેજ જાય છે. માછલું જેમ લોટની લાલચે કેદ થાય છે તેમ જીવાત્મા પણ આહારની લાલચેજ કર્મને તાબે થાય છે. જીવાત્માને જો લોટની ગોળીરૂપ આહારની લાલચ ન હોય તો ચૌદરાજલોકના કર્મો ભેગા થઈ જાય તોપણ તેની તાકાત નથી કે તે આત્માને હાથ પણ લગાડી શકે, પરંતુ આહારની મધુરતાનેજ સર્વસ્વ માનીને જીવાત્મા દોડતો દોડતો પોતાની મેળેજ આગળ જઇને કર્મના હાથમાં ફસાઇ પડે છે.

**ચાર મહાન્ શત્રુઓ.** કોઇ બદમાસ કોઇ સાધુપુરુષના ઉપર બળાત્કાર કરે, તેને પરાણે માર મારે અને દારૂનું એક ગ્લાસ ભરીને પાઇ દેવાને તૈયાર થાય તો કોઇ સુજન પેલા બદમાસને પકડી લઇને પણ શીલવ્રતધારી સાધુની રક્ષા કરી શકે, પરંતુ સાધુ પોતાનો ધર્મ ભૂલીને જાતેજ શરાબખાનામાં જઇ બેસે તો પછી તેને કોઇ પતિત થતું ખાળી શકવાનું નથી તેજ પ્રમાણે કર્મ જો બળાત્કારે આત્માને કેદ કરતું હોય તો તેનો રસ્તો થઈ શકે છે પરંતુ જ્યાં આત્મા પોતેજ કર્મમાં ફસાય છે ત્યાં તેનો કાંઇ બચાવ હોઇ શકેજ નહિ.

આત્મા કર્મને તાબે થાય છે અર્થાત્ કર્મમાં ફસાઇ પડે છે તેમાં ચારસંજ્ઞા કારણભૂત છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ ચારે સંજ્ઞા સત્તા રૂપે પ્રવર્તે છે અને આત્મા તેને શરણે જઇ કર્મના હાથમાં કેદ થાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞા સત્તારૂપે કારણભૂત છે પરંતુ પ્રવર્તવારૂપે પહેલી આહાર સંજ્ઞા છે. માછલાંને માટે કાંટામાં ફસાવાનું કારણ લોટની ગોળી છે તેમ જીવાત્માને કર્મમાં ફસાવાનું પહેલું કારણ આહારની આકાંક્ષા છે. જીવને પણ જો આહારની આકાંક્ષાજ ન હોય તો આ જીવ કદી પણ કર્મને તાબે થાયજ નહિ.

**અનાહારિપણુંજ મુખ્ય ગુણ છે.** પૌદ્ગલાભિનંદી જીવોને આ આહાર સુંદર અને મધુર લાગે છે પરંતુ તેજ આહાર બંધનું પહેલું કારણ હોવાથીજ આત્માભિનંદી જીવોને તો તે મહાભયાનકજ લાગે છે. આથીજ સિદ્ધત્વનો એક મુખ્ય ગુણ તે અનાહારિપણું માન્યું છે. પૌદ્ગલાભિનંદી જીવો એવો પ્રશ્ન કરે છે કે જે સિદ્ધત્વમાં ખાવાપીવાનું નથી, માત્ર અનાહાર એજ જ્યાં મુખ્ય છે તે સિદ્ધત્વને પ્રાપ્ત કરીએ તેથી લાભ પણ શું થાય? ખાવાપીવાનું ન હોય તો પછી મોક્ષ અને સિદ્ધત્વ બંને નકામા છે એવું પુદ્ગલાભિનંદી આત્માઓ બોલે છે. આહાર ન હોય તો સિદ્ધપણાને તેઓ અર્થહીન માને છે. કેવળજ્ઞાન જેવી સર્વોત્તમ વસ્તુ કે જેની પ્રાપ્તિ પછી કાંઈ મેળવવાનુંજ બાકી રહેતું નથી તેવું જ્ઞાન મળે છે અને સિદ્ધપણું એટલે અમરતાની પણ ત્યાં પ્રાપ્તિ થાય છે પરંતુ તે છતાં ભવાભિનંદી આત્માઓને ત્યાં આનંદ જણાતો નથી કારણ કે ત્યાં દાળ, ભાત, શાક, રોટલી અને મેવા મીઠાઇ આદિ નથી!

સિદ્ધપણું એટલે સર્વ કાંઇ અને સિદ્ધપણું નહિ તો કાંઇ નહિ. સિદ્ધપણામાં કેવળજ્ઞાન છે, દર્શન છે, વીતરાગતા છે અનંતવીર્ય પણ છે પરંતુ જેણે સંસારને બાહ્યદષ્ટિએજ જોયો છે તેઓ આ સઘળાને કાંઇજ મહત્વ આપતા નથી કારણ કે ત્યાં ખોરાક નથી. આ ઉપરથી આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાત સ્પષ્ટ થાય છે કે તેમની દૃષ્ટિએ તો સિદ્ધપણા કરતાં પણ દાળભાત વધારે મોંઘા છે. આહારમાં આત્મા કેવો તલ્લીન બને છે અને એ તલ્લીનતા આગળ તે બીજું સઘળુંજ કેવો ભૂલી જાય છે તે આ ઉપરથી માલમ પડી આવે છે.

**જીવ અન્નનો દાસ છે.** તમે ભવાભિનંદીઓનું ત્રાજવું લો છો અને એ ત્રાજવા વડે સિદ્ધત્વને અને આહારને જોખી જુઓ છો તો તમારા ત્રાજવાની શી દશા થાય છે તેનો વિચાર કરો. કેવળજ્ઞાન, દર્શન, વીતરાગતા અને અનંતવીર્ય એ સઘળાનું ત્રાજવું ઉંચે જાય છે અને આહારનું ત્રાજવું નીચે નમી પડે છે. આત્માને આહાર ઉપર કેટલો પ્રેમ છે તે આહારમાં કેવો બંધાએલો છે તે બરાબર તપાસશો એટલે તમોને આત્માની આ દુર્બળ દશાનો વાસ્તવિક ખ્યાલ આવી જશે.

આ જીવ એ અન્નનો કીડો છે. તે અન્નનો દાસ છે. તે અન્નનો સેવક છે. અરે! તે અન્નનો ગુલામ છે! ભૂખ્યા જીવને તમે રેશમની ગાદી આપશો, તેના હાથમાં તમે હીરાની વીંટી પહેરાવશો કે તેના ગળામાં તમે મોતીનો કંઠો નાખશો તો પણ તે સઘળું તેને મન રદ છે! જ્યાં ભૂખ લાગે છે કે આત્મા આકુળવ્યાકુળ થઇ જાય છે! અરે! જેણે કદાપિ સ્વપ્નમાં પણ ચોરીને ચિંતવી નહિ હોય તેવો આત્મા પણ જ્યારે પ્રચંડ ભૂખ લાગે છે અને ખાવાને કાંઇજ નથી હોતું ત્યારે ચોરી કરીને પણ પોતાનું પેટ ભરે છે! પાણીમાં પાકેલો પોરો જેમ પાણીનેજ સર્વસ્વ માને છે અને તે પાણી વિના એક ક્ષણ પણ રહી શકતો નથી તેજ પ્રમાણે અન્નમાંજ રાચી રહેલો જીવ એ અન્નનો પોરોજ છે તે અન્નમાંજ સારસર્વસ્વ માને છે અને અન્ન વિના રહી પણ શકતો નથી.

**અન્ન ઉપરની વાસના એજ બંધનું કારણ.** સિદ્ધપણામાં સર્વસ્વ છે. તેમાં અનંત જ્ઞાન છે, ચારિત્ર છે, આનંદ છે પરંતુ ધાનનો કીડો અને પાણીનો પોરો એ સિદ્ધપણાને મહત્વનું માનતા નથી કારણ કે સિદ્ધપણામાં ખાવાનું અને પીવાનું તેમને મળતું નથીજ! રત્નને પણ કાચ માનવાને માટે આહારમાં અંધ થએલો જીવ તલ્લીન બને છે એ ઉપરથી તેનામાં રહેલી અન્ન ઉપરની વાસના સ્પષ્ટ થાય છે! આવા જીવોને ખોરાક એ એક તત્વ લાગે છે અને તેથી તેઓ ખોરાકને ઉપાધિ અથવા સંતાપ રૂપ માનતા નથી. જીવની આવી દશા શાથી થવા પામે છે તેનો વિચાર કરજો. જીવ પવિત્ર છે, અનાદિ છે, ચિદાનંદ સ્વરૂપ છે પરંતુ તેની આવી દશા એટલાજ કારણથી થાય છે કે તે ધાનનો કીડો બનેલો હોય છે. જે જીવ ધાનનો કીડો નથી બન્યો હોતો તેની આવી દશા થવા પામતી નથી.

સિદ્ધનો પહેલો ગુણ શો છે તેનો વિચાર કરજો. સિદ્ધનો પહેલો ગુણ તે અનાહારિપણું છે. આત્મા જ્યારે ગુણસ્થાનકની શ્રેણીએ ચઢતાં ચઢતાં ચૌદમે ગુણસ્થાનકે આવી પહોંચે છે ત્યારે તે સંપૂર્ણપણે અનાહારી બની જાય છે. ચૌદમે ગુણસ્થાનકે આત્મા અનાહારી બને છે તેનો અર્થ એવો સમજશો નહિ કે કોળીયા દ્વારા ખવાતું અન્ન તે લેતો નથી કોળીયા દ્વારા ખવાતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અન્ન તે નથી લેતો તે સાથે શરીરના રૂંવાટા દ્વારા જે આહાર લેવાય છે તે આહારનો પણ ચૌદમે ગુણસ્થાનકે ત્યાગ કરવાનો હોય છે. જે આત્મા કવળાહાર છોડતાં પણ ઉંચો નીચો થવા માંડે તે આત્માને લોમાહાર પણ છોડવો કયે રસ્તે ઇષ્ટ ગણાશે એ તેણે વિચારવાની જરૂર છે. સિદ્ધપણામાં લોમાહાર અને કવળાહાર એ બંનેનો ત્યાગ કરવાનો હોય છે.

**લોખંડ પણ ખોરાક ખાય છે!** કવળાહારમાં કરોડો કર્મ કરવાનાં હોય છે. કરોડો કર્મ કર્યા સિવાય કવળાહાર થઈ શકતો નથી પરંતુ લોમાહાર કરવો એ તો સ્વાભાવિક વસ્તુ છે. લોમાહાર એ સ્વાભાવિક રીતે ચાલે છે. કવળાહાર કરવા માટે આત્મા પહેલો ખોરાક જુએ છે જોયા પછી તેને ખાવાની ઈચ્છા કરે છે. ખાવાની ઇચ્છા કર્યા પછી હાથ ઉપાડે છે, ખોરાકને ખાવાને માટે અનુકૂળ બનાવવા તેના ટૂકડા કરે છે, તે પછી તેને મોઢામાં મૂકે છે, ત્યાં મૂકીને પછી તેને ચાવે છે, આ સઘળી ક્રિયા કવળાહારમાં કરવાની હોય છે, આવી કોઈપણ ક્રિયા લોમાહારમાં કરવાની હોતી નથી.

ચૌદમું ગુણસ્થાનક નથી મેળવ્યું એવો જીવ પોતે ઈચ્છા કરતો નથી તે લોમદ્વારા આહાર કરવાને તત્પર થતો નથી, તે લોમ વડે ખાવાની ચેષ્ટા કરતો નથી, તે માટે તે કોઈ ઈરાદાપૂર્વકની ક્રિયા પણ કરતો નથી, પરંતુ તે છતાં આપોઆપ એ આહાર ચાલુજ રહે છે અને તેથીજ તે સ્વાભાવિક આહાર કહેવાય છે. આવો લોમાહાર એકલો મનુષ્યનો આત્માજ ગ્રહણ કરે છે એમ સમજશો નહિ. લોખંડ, લોઢું લાકડું, પત્થર, આ સઘળા જડ પદાર્થો છે પરંતુ તે સુધ્ધાં આવા પ્રકારનો આહાર કરે છે. જડ વસ્તુઓમાં પણ પુદ્ગલોનો સમૂહ પેસે છે. જડ વસ્તુઓ પુદ્ગલોને આ રીતે ગ્રહણ કરે છે એનું નામ તેનો પુદ્ગલનો આહારજ છે. ત્યારે જે આહાર સ્થલચર, જલચર, જડ, ચેતન સઘળાનેજ વળગેલો હોય છે જે આહારને કોઇ છોડતું નથી એવા આહારનો પણ સિદ્ધપણામાં ત્યાગ કરવાનો હોય છે.

**નક્કરપણાની પ્રાપ્તિ.** ચૌદમે ગુણસ્થાનકે પહોંચેલો આત્મા "अयोगी" કહેવાય છે તેનું કારણ પણ આજ છે. જે પુદ્ગલોનો સંબંધ જડવસ્તુઓને પણ છે તેવો સંબંધ સુધ્ધાં ચાદમે ગુણસ્થાનકે પહોંચ્યા પછી આત્મા રાખતો નથી તેના મન, વચન અને કાયાના સઘળાજ યોગો એટલે ક્રિયાઓ બંધ થાય છે એટલેજ તેવો આત્મા અયોગી કહેવાય છે. તેરમા ગુણસ્થાનક સુધી આત્માની દશા પોલી છે. આ શરીર પોલું છે અને તે શરીરની સાથે યોગ કરીને રહેલો આત્મા પણ તેરમા ગુણસ્થાનક સુધી પોલોજ રહેવા પામે છે. જ્યારે આત્મા એ તેરમા ગુણસ્થાનકને પણ સર કરીને આગળ વધે છે અને ચૌદમા ગુણસ્થાનકે જઇ પહોંચે છે ત્યારે તે નક્કરપણાને પ્રાપ્ત કરે છે ત્યાંસુધી તે આત્મા તે નક્કરપણાને પ્રાપ્ત કરી શકતો નથી.

તીર્થંકર હોય, કેવળજ્ઞાનવાળો હોય કે ગમે તેવી બીજી શક્તિ મેળવી હોય પરંતુ જ્યાં સુધી આત્માએ ચૌદમા ગુણસ્થાનકની પ્રાપ્તિ નથી કરી ત્યાંસુધી તે આત્મા પોલોજ છે. તેરમા ગુણસ્થાનકના છેડા સુધીના જીવો પોલા આત્માવાળા છે પરંતુ જ્યાં આત્મા ચૌદમાગુણસ્થાનકની પ્રાપ્તિ કરે છે કે ત્યાં આત્માને નક્કરપણું મળે છે. આત્મા જ્યાં પોલો હોય છે ત્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુધી તેનામાં આહાર દ્વારાએ અથવા તો રોમદ્વારા પુદ્ગલોનો પ્રવેશ થાય છે પરંતુ જ્યાં આત્મા પોતેજ નક્કર બની જાય છે કે પછી તેનામાં રજકણોનો પ્રવેશ થઇ શકતો નથી. ચૌદમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માના આ રીતેજ બંને પ્રકારના આહાર બંધ થાય છે.

**સિદ્ધપણાની પ્રાપ્તિ.** કવલઆહાર બંધ થાય છે તેનાજ પ્રતાપે સિદ્ધપણું લઇ શકાતું નથી પરંતુ લોમાહાર પણ બંધ થાય છે ત્યારેજ સિદ્ધપણાની પ્રાપ્તિ થવા પામે છે. અર્થાત્ અહીં કહેવાની મતલબ એ છે કે એકલો કવલાહાર બંધ થાય છે એટલે મોક્ષની પ્રાપ્તિ થતી નથી પરંતુ જ્યારે રૂંવાટાદ્વારા લેવાતો આહાર પણ બંધ થાય છે ત્યારેજ ત્યાં મોક્ષપણાની પ્રાપ્તિ થાય છે. કોઇ આત્માએ જીભદ્વારા લેવાતો આહાર બંધ કર્યો હોય અને તેણે રૂંવાટાદ્વારાનો અર્થાત્ લોમદ્વારાનો આહાર બંધ ન કર્યો હોય અને છતાં તેણે મોક્ષ મેળવ્યો હોય એવો એક પણ દાખલો આજ સુધીમાં બનવા પામ્યો નથી. આખો જૈનઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે લોમાહાર ચાલુ રાખ્યા છતાં કોઇ પણ આત્મા મોક્ષપ્રાપ્તિ કરી શકયો નથી, કરી રહ્યો નથી અથવા કરી શકવાનો પણ નથીજ !

સિદ્ધપણું મેળવતાં પહેલાં લોમાહાર પણ છોડવોજ પડે છે પછી જ્યારે આત્મા લોમાહાર પણ બંધ કરે છે ત્યારેજ તે કર્મબંધનથી રહિત બને છે અને પછી મોક્ષે જઇ શકે છે. આત્મા જોઇએ તો કવલાહાર કરતો હોય, જોઈએ તો લોમાહાર કરતો હોય કે જોઇએ તો તે ઉત્પત્તિની અપેક્ષાએ ઓજાહાર કરતો હોય તો પણ જ્યાં સુધી તે એ ત્રણ આહારમાંથી એક પણ પ્રકારનો આહાર કરતો રહે છે ત્યાં સુધી તે આત્મા કર્મ બાંધતોજ રહે છે.

**કર્મબંધનનું મૂળ શોધો.** આ ત્રણે આહારમાંથી ગમે તે એક પણ આહાર ચાલુ હોય છે ત્યાં સુધી આત્મા કર્મ બાંધ્યા વિના રહી શકતોજ નથી કર્મ બંધાયાજ કરે છે અને જ્યાં નવાં કર્મો બંધાયાજ કરે છે ત્યાં તેનો મોક્ષ ન થાય એ તો કેવળ સ્વાભાવિક વાત છે. હવે વિચાર કરો કે કર્મબંધનની જડ કયાં છે ? તમે કદાચ એમ કહેશો કે જ્યાં સુધી મન, વચન અને કાયાના યોગો પ્રવર્તે છે ત્યાં સુધી કર્મબંધન થયાજ કરે છે પરંતુ લાંબો વિચાર કરી જોતાં માલમ પડે છે કે એ વાત પણ સાચી તો નથીજ. આપણે જોઇશું તો માલમ પડશે કે વચલા ત્રણ સમયમાં એટલે જન્માતરમાં જતાં વિગ્રહગતિ કરતાં એ ત્રણ સમયમાં યોગવ્યાપાર પ્રવર્તેલા હોતા નથી પરંતુ ત્યાં યોગવ્યાપાર પ્રવર્તેલા નથી છતાં ત્યાં કાર્મણકાયયોગ તો છેજ.

એકે સમય એવો તો છેજ નહિ કે જ્યાં કાર્મણકાયયોગ નહિ હોય ! તેરમા ગુણસ્થાનકમાં સમુદ્ઘાતના વચલા સમયોમાં આ પ્રકારનો યોગ છતાં ત્યાં આહારકપણું નથી. તે ગુણસ્થાનકમાં નિર્જરાજ ચાલે છે અને તે પણ સજ્જડ નિર્જરા ચાલે છે. આ નિર્જરા એવી તો જબ્બર પ્રકારની છે કે જે નિર્જરાનો આપણને ખ્યાલ પણ આવી શકતો નથી એવી પ્રચંડ નિર્જરા ત્યાં ચાલે છે. સમુદ્ઘાતને પ્રસંગે આત્માઓમાં આહાર બંધ થાય છે અને અનાહારની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દશા પ્રાપ્ત થાય છે તે પ્રસંગે ત્યાં અન્ય કેવળી મહારાજાઓના કરતાં પણ અસંખ્યાતગુણી નિર્જરા ચાલુ હોય છે. કેવળી મહારાજાની કર્મનિર્જરા કેવી પ્રચંડ છે તેનો વિચાર કરો. તેના કરતાં અસંખ્યાતગણી નિર્જરા અહીં છે પરંતુ તે છતાં એ એકલી નિર્જરા સાધ્યને આપી શકતીજ નથી.

**અનાહારકપણાની આવશ્યકતા.** સામાન્ય રીતે તેરમા ગુણસ્થાનકમાં જેટલી નિર્જરા છે તેના કરતાં અસંખ્યાતગણી નિર્જરા ચૌદમા ગુણસ્થાનકમાં હોય છે. ચૌદમા ગુણસ્થાનકમાં તો એવી પ્રચંડ નિર્જરા છે કે જેનો ખ્યાલ પણ આવી શકતો નથી, પરંતુ એવી પ્રચંડ નિર્જરા ચાલવા છતાં પણ ત્યાં એટલાથીજ મોક્ષ મળી શકતો નથી. નિર્જરાની સાથે ત્યાં અનાહારકપણું આવવુંજ જોઇએ. જ્યારે એવા અનાહારકપણાની પ્રાપ્તિ થાય છે ત્યારેજ અબંધકતા થઈ મોક્ષ મળે છે. મોક્ષને વિષે અનાહારકપણું એ કેવું મહત્વનું કારણ છે તે આ ઉપરથી જાણી શકાય છે. અનાહારકપણાની આટલી બધી મહત્તા છે તો પછી સિદ્ધત્વમાં તેને મુખ્ય ગુણ માનવામાં આવે છે તેમાં શું આશ્ચર્ય ?

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અનાહારકપણું એ સિદ્ધત્વનું મુખ્ય લક્ષણ છે એજ પ્રમાણે આ સંસારમાં આહારપણું એ મોટામાં મોટો દુર્ગુણ માનવામાં આવ્યો છે.

આ સઘળી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે કર્મબંધનનો નાશ કરવા માટે અનાહારકપણું એ સૌથી મોટી અને સૌથી વધારે જરૂરી વસ્તુ છે.

**મોક્ષસંભવ અશક્ય.** ચૌદમું ગુણસ્થાનક એ ગુણનું મહાન્ સ્થાન છે આશ્ચર્ય પમાડે અને કલ્પનામાં પણ ન આવી શકે એવી નિર્જરા ત્યાં થાય છે, તે છતાં ત્યાં અનાહારત્વ ન હોય તો એ સઘળા ગુણો હોવા છતાં ત્યાં મોક્ષની સંભાવના નથીજ. એથી સ્પષ્ટ થાય છે કે આહાર એ મોટામાં મોટી મહાભયાનક વસ્તુ છે. આહારના જેવી બીજી મહાન્ ભયંકર ચીજ આ જગતમાં નથી. આહાર આવો ભયંકર હોવા છતાં જે આત્માઓ પુદ્ગલ અને ચેતનતાના વિભાગમાં ન ઉતર્યા હોય તેવાઓને એ આહારમાં સુંદરપણું લાગે છે. જેઓ સ્વરૂપ-દૃષ્ટિમાં ઉતર્યા છે જેમણે પુદ્ગલને પીછાણ્યા છે અને જેમણે ચેતનતાનું મહત્વ માન્યું છે તેમને એ આહારનું સુંદરપણું લાગતું નથી તેઓ તો જાણે છે કે ડુંગર દૂરથી રળિયામણા છે તેજ પ્રમાણે આહાર એ પણ દૂરથીજ સુંદર લાગનારો છે પરંતુ ડુંગરમાં પ્રવેશ કરનારાને જેમ ડુંગર ભયંકર લાગે છે તેજ પ્રમાણે આહાર પણ તત્વદૃષ્ટિમાં જેણે પ્રવેશ કર્યો છે તેને ભયાવહ લાગવાનોજ, એ નિશ્ચય છે.

જેઓ જડ ચેતનનો વિભાગ કરવાવાળા છે, તેઓ આહારની ભયંકરતાને દેખે છે. ભવરૂપી મહાપર્વત દૂર દૃષ્ટિવાળાનેજ સુંદર લાગે છે પરંતુ જેમણે આત્મદૃષ્ટિ સ્વીકારી છે તેવાઓને ભવ-પર્વત સુંદર લાગતો નથી પરંતુ ભયંકરજ લાગે છે. જેણે આહારનું મનોહરપણું માન્ય રાખ્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તેમણે વિચાર કરવાની જરૂર છે કે તે આહાર કરવાથી એક જાતનું ભયાનક દેવું કરી રહ્યો છે કે જે દેવું વાળવું એ તેને માટે ઘણી મોટી અને દુષ્કર વસ્તુ છે.

**દેવું કરવામાં આનંદ, પણ ભરવામાં....?** જે માણસ દેવું કરે છે તેણે ખ્યાલ રાખવાનો છે કે દેવું કરવામાં આનંદ છે પરંતુ દેવું પતાવવામાં મોટું સંકટ છે. દેવું કરનારો માણસ પૈસા લાવીને ચાર દિવસ તે મોજશોખમાં વાપરી ફના કરી નાખે છે પરંતુ પછી જ્યારે પૈસાની ઉઘરાણી શરૂ થાય છે, છેવટે દાવાઓ થાય છે અને જપ્તીઓ પણ આવે છે ત્યારે અપકીર્તિનો પાર રહેતો નથી! આહાર લેવો એ પણ દેવુંજ છે. આહારના પુદ્‌ગલો લેનારે યાદ રાખવાનું છે કે તે આહારના પુદ્‌ગલો લે છે એ દેવુંજ છે અને એ દેવું તેને ભરપાઇ કરવુંજ પડવાનું છે.

આત્મા સ્વભાવથીજ અરૂપી છે તેને બાંધવાની કોઇની તાકાત નથી ત્રણુલોકની ગમે તેવી શક્તિઓ ભેગી થાય તો પણ તે શક્તિઓથી એ આત્માને બળાત્કારે બાંધી શકાતોજ નથી પરંતુ એ આત્મા માત્ર આહારની લાલચે પોતાની સ્વેચ્છાથીજ બંધનમાં પડે છે. માછલું અગાધ ઉંડા પાણીનું રહેનારૂં છે તે મહાસાગરમાં સ્વચ્છંદે વિહરે છે પરંતુ એ માછલું પણ આહારની લાલચે કેદ થાય છે એજ પ્રમાણે આત્મા પણ આહારની લાલચે કેદ થવા પામે છે.

**કર્મની એ શક્તિ નથી.** આત્મા અરૂપી ચીજ છે તે કાંઇ રૂપી ચીજ નથી. આ અરૂપી ચીજને પકડી લેવાની કર્મ રાજામાં તાકાત નથી. જીવને પકડવાની, તેને બાંધવાની, તેને દેખવાની કર્મમાં તાકાત રહેલી નથી. રૂપી પદાર્થ હોય તેને પકડવો પણ મુશ્કેલ થઇ પડે છે તો આત્મા એ તો અરૂપી પદાર્થજ છે તો પછી તેને પકડવો એ કેવું મુશ્કેલ હશે તેનો વિચાર કરજો. તમે જાણો છો કે પવનના પુદ્‌ગલો છે પરંતુ એ પુદ્‌ગલોવાળા પવનનો પણ તમારે કોથળો ભરવો હોય તો તે ભરી શકાતો નથી. તમે ગમે એટલો યત્ન કરશો તો પણ પવનને તમે કેદ કરી શકવાના નથી પરંતુ રબરની થેલી હોય તો તેમાં પવનને કેદ કરી શકાય છે. રબરની થેલીમાં પવન બંધ થાય છે.

રબર જાતે તો જડ ચીજ છે. રબરમાં એવી કોઇ શકિત રહેલી નથી કે જે પવનને જાતે લોભાવી શકે, બોલાવી શકે કે તેને કેદ કરી શકે. રબરમાં કોઇ જાતનું એવું પણ બળ રહેલું નથી કે જે બળના પ્રતાપથી તે બળાત્કારે પવનને ખેંચી લાવીને પોતાનામાં સમાવી શકે, પરંતુ પવન પોતાની મેળેજ આવે છે અને તે રબરની કોથળીમાં કેદ પકડાય છે. આત્મા પણ પવનની પેઠેજ રબરની કોથળીરૂપી કર્મના પુદ્‌ગલોને વશ થાય છે. કર્મના પુદ્‌ગલો એ રૂપી ચીજ છે અને આત્મા અરૂપી ચીજ છે રૂપી ચીજમાં કોઇપણ પ્રકારની એવી શકિત નથી કે તે શકિત વડે અરૂપી ચીજને કેદ પકડી શકે, પરંતુ જેમ પવન પોતાની મેળેજ જઇને રબરની કોથળીમાં ભરાય છે તે પ્રમાણેજ આત્મા પોતે પણ જઇને રૂપી પુદ્‌ગલોમાં ભરાય છે. આ રીતે બંધન પામવાને માટે આત્મા પોતેજ જવાબદાર છે એ સાબીત થાય છે. હવે એ પ્રશ્નનો વિચાર કરો કે આત્મા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાની મેળેજ શા માટે જઇને કર્મરૂપી પુદ્ગલોમાં ઘુસે છે અને બંધન પામે છે. જવાબ એકજ છે કે આહારની લાલચ! જેમ લોટની લાલચે માછલું કેદ થાય છે તેજ પ્રમાણે આહારની લાલચથી આ આત્મા પણ કર્મને તાબે થાય છે.

**ખાઉધરો ખવીસ !!!** આ સઘળા ઉપરથી આત્માનો સ્વભાવ વિચારીએ તો માલમ પડે છે કે તે એક ઘણોજ ખાઉધરો છે. જે હાથમાં આવે તે ખાઉં, હાથમાં ન આવે તો રોમદ્વારા ખાઉં; પણ ખાઉં, ખાઉં અને ખાઉં! આવી વૃત્તિવાળો આ આત્મા એક ભયંકર ખાઉધરો ખવીસ છે. આત્મા એકલો મોઢા વાટેજ, ખાય છે એમ સમજશો નહિ તે જેમ મોઢા વાટે ખાય છે, તેજ પ્રમાણે તે આખા શરીરદ્વારા એટલે શરીરના પ્રત્યેક રોમ દ્વારા ખાવાની ક્રિયા ચાલુજ રાખે છે. આત્મા એ કેવો ખાઉધરો ખવીસ છે તે આ સઘળી માહિતી ઉપરથી આપણે જોઇ શકીએ છીએ. ભોજનથી મોટા મોટા રાક્ષસો પણ વશ થાય છે. જો આવા મહાભયાનક રાક્ષસો પણ ભોજનની લાલચે વશ થાય તો પછી આત્મા પણ ખાઉધરાપણાને લીધે વશ થાય તો તેમાં શી નવાઇ?

વાંદરો એક મુઠી ચણા માટે મદારીનો કેદી બને છે. એક મુઠી ચણા માટે તેનું માથું મદારીના હાથમાં આવે છે અને મદારીનો બંધ તેના ગળામાં પડે છે. જે પ્રમાણે આ વાંદરાને મદારીના મુઠી ચણા લેવા સહેલા છે, એ પ્રમાણેજ આહાર લેવો એ આત્માને પણ બહુ સરળ વાત છે, પરંતુ તે પછી તેમાંથી મુકત થવાની મુશ્કેલી છે. કોઇ આત્મા એમ કહે કે મારી આહારની ઈચ્છા વધે તો હરકત નહિ, પરંતુ શરીર ન બંધાય તો સારૂં કારણ કે આ શરીરજ કપાય છે, બાળી શકાય છે, અને તેના ટુકડા કરી શકાય છે, માટે એ શરીરજ દુઃખરૂપ હોઇ, તેજ ન હોવું જોઇએ, પછી ભલે આહાર વધ્યા કરે! આત્માની આવી અભિલાષા કદી પણ પાર પડી શકે એવીજ નથી.

**શરીરનું મૂળ આહાર.** જેમ વાંદરો મુઠી ચણા માટે પોતાનું ડોકું મદારીના હાથમાં નાખે છે અને મદારીનો તે સદાને માટે ગુલામ બને છે, તે મદારીના બંધપાશમાં બંધાય છે, તેજ પ્રમાણે આત્મા આહાર લે છે એટલે તેની મુંડી પણ કર્મરૂપી મદારીના હાથમાં બંધાવારૂપ તેને શરીર મળે છે અર્થાત્ આહાર મળતો રહે અને શરીર ન બંધાય, એ કોઇ પણ રીતે બની શકતુંજ નથી. વાંદરો મદારીના મુઠી ચણા ખાવા જાય છે એટલે તે મદારીના હાથમાં બંધાય છે તેજ પ્રમાણે આત્મા આહાર લે છે એટલેજ તેનું શરીર પણ બંધાય છે.

શરીર એ આત્માની મોટામાં મોટી ઉપાધિ છે. આત્માના પગમાં પડેલી તે સોનાની બેડીજ સમજી લેવાની છે. શરીર રૂપી ઉપાધી એક વાર આત્માને વળગે છે એટલે પછી એ આત્મા શરીરરૂપી બંધનને લીધે દુનિયાદારીમાંજ અનુરકત બની જાય છે અને તે જગતની સામેજ મુખ રાખી બેસી રહે છે પરંતુ તે પછી તે કદી સ્વરૂપાભિમુખ થવાનો યત્ન જ કરતો નથી. દુનિયામાં પોતાને અનુકૂળ સાધનો મળે છે કે નહિ, શરીરને પોષવાની વિવિધ વસ્તુઓની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાપ્તિ થાય છે કે નહિ અને એ પ્રાપ્તિને લઈને પોતાનું શરીર પોષાય છે કે નહિ એટલુંજ તે જોયા કરે છે. મદારી માંકડાને પકડે છે ત્યારે તે માટલામાં ચણા મૂકે છે. વાંદરો આવીને આ માટલાના ચણા જુએ છે અને ચણા લેવાને માટે અંદર હાથ નાખે છે. માટલાની અંદર જો ચણા ન હોત તો વાંદરાએ અંદર હાથ નાખ્યા છતાં તે મુઠી વાળત નહિ, પરંતુ અંદર ચણા છે એટલે વાંદરો તે લેવાને મુઠી વાળે છે અને પરિણામ એ આવે છે કે તે બિચારો મુઠી વાળતાંજ ફાંસામાં ફસાઈ પડી મદારીનો કેદી બને છે, તેને આખો જન્મારો મદારીની સામે જોવું પડે છે, મદારીનીજ ગુલામગીરી કરવી પડે છે અને તે જેમ નચાવે એમ નાચવું પડે છે ! જેમ મદારીના મુઠી ચણાની ચોરી કરવા જતા માંકડું મદારીનું કેદી થાય છે અને તેને સદાને માટે મદારીની ગુલામી કરવી પડે છે તેજ પ્રમાણે આ આત્મા પણ આહાર રૂપી મુઠી ચણાને માટે કર્મરૂપી મદારીને ત્યાં કેદ થાય છે અને તેને આખો જન્મ મદારી રૂપ કર્મની આધીનતામાં રહેવું પડે છે.

**કર્મની ગુલામી કેમ આરંભાય?** મદારીના માટલામાં જો ચણા ન હોત તો વાંદરો તેમાં પોતાનો હાથ નાખત નહિ. પોતાના અટકચાળાપણાથી તેમાં હાથ નાખત તો મુઠી વાળત નહિ અને મુઠી વાળત નહિ તો તે ફાંસામાં ફસી પડીને કેદ પણ થાત નહિ, પરંતુ માટલામાં ચણા હતા તેથી વાંદરો અંદર હાથ નાખવાને પ્રેરાય છે અને હાથ નાખ્યા પછી મુઠી વાળી મદારીના હાથમાં સપડાય છે એજ પ્રમાણે આત્મા પણ જગતના પુદ્ગલોને ચોરી ખાવાને માટે તૈયાર થાય છે અને તેથીજ કર્મરૂપી મદારીનું મોં તેને તેની આખી જિંદગી સુધી જોવું પડે છે.

જે આત્મા પોતે કર્મને આધીન કેવી રીતે બને છે તે વસ્તુ આમ ધીરજથી વિચારે છે તે આત્મા આહારને આનંદદાયક વસ્તુ માનતો નથી પરંતુ તે આત્મા તો આહારને ચણાની મુઠીજ માને છે, અને આ દેહને મદારીએ વાંદરાને બંદીવાન બનાવવા માટે તૈયાર કરેલી ગોળી જેવી ગોળીજ માને છે.

**આહારના પરિણામેજ દુઃખ.** જે આત્મા શરીર અને આહારનો વિચાર કરે છે તે આત્મા તો શરીરને સુખદાતા વસ્તુ કોઈપણ રીતે માની શકતો નથી પરંતુ જે આત્મા આવો લાંબો વિચાર નથી કરી શકતો અને જે માત્ર ઉપર ઉપરથીજ આહારને જુએ છે તેનેજ આહાર આનંદકારી લાગે છે. વાંદરો જે વખતે ગોળીમાં હાથ નાખે છે અને અંદરના ચણાની મુઠી લેતાં કેદ થાય છે ત્યારે વાંદરો એ પ્રાપ્ત થતી ગુલામીમાંથી છૂટવાને માટે ભારે ધમપછાડા કરી મૂકે છે પરંતુ ઝાડ ઉપર બેઠેલા કાગડાઓને વાંદરાના આ ધમપછાડાનો ખ્યાલ આવતો નથી. તેઓ વાંદરાને ચણા મળ્યા છે એ જોઈને લલચાય છે અને પોતે પણ એ ચણા મેળવવાને માટે ઉંચાનીચા થાય છે! તેજ પ્રમાણે જગતમાં પણ કાગડા જેવા જે જે આત્માઓ છે તે સઘળા આત્માઓને અન્નની લાલચે ભવબંધનમાં ફસેલા આત્માને ભવમાં કેવી કેવી વિટંબણાઓ ભોગવવી પડે છે તે દેખાતું નથી, પરંતુ જેમ કાગડાઓને વાંદરાને મળેલા મુઠી ચણા દેખાય છે તેજ પ્રમાણે તેમને પણ જીવને મળેલા ખોરાકની સુંદરતાજ દેખાય છે! જે આત્માઓ ભવમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્માને ભોગવવી પડતી વિટંબણાઓને જોતા નથી અને માત્ર આહારનેજ જુએ છે તે આત્માઓ કાંઇપણ સંશય વિના વાંદરાને મળતા ચણાને જોઈ ચણા ઉપર મોહ પામનારા કાગડાઓ જેવાજ છે.

**રાજીખુશીની ગુલામી.** આત્માને એક વાર શરીર મળ્યા પછી તેને કેવાં કેવાં સંકટો વેઠવાં પડે છે તે જીવ જોતો નથી પરંતુ ખોરાકની મધુરતા જોઈ તે શરીર મેળવે છે. હવે શરીર મળ્યું કે ત્યાંથીજ કાર્ય પુરૂં થતું નથી, પરંતુ શરીર મળ્યું કે ત્યાંથી તો આત્માની અધોગતિનું મંગલાચરણ શરૂ થાય છે.

મદારી માટલામાં ચણા રાખીને નવો વાંદરો પકડે છે અને તેને દોરી વડે બાંધીને લઇ જાય છે. હવે વાંદરાના સદ્‌ભાગ્ય હોય અને કદાચ વાંદરાને બાંધીને લઇ જતાં મદારીની દોરી તૂટી જાય તો તે વાંદરો તરતજ જંગલમાં ભાગી જાય છે, પરંતુ વાંદરો જ્યાં મદારીને ત્યાં જઇને રીઢો થાય છે અને ગુલામીમાં ટેવાઈ જાય છે ત્યાં વાંદરો પોતાની મેળેજ ગુલામ બની રહે છે. કદાચ રસ્તે જતાં મદારીથી છૂટો પડી જાય અથવા તો મદારીની દોરી તૂટી જાય તો રાજીખુશીથી વાંદરો દોડતો દોડતો જઇને મદારીના બારણામાં હાજર થાય છે અને પોતાની પુછડી પટપટાવવા માંડે છે! તેજ પ્રમાણે મનુષ્યને પણ જો પોતાના બંધનમાંજ આનંદ જણાય છે તો તે મનુષ્ય એ બંધનથી છૂટી શકતો નથી. આ શરીર વડે આત્મા કર્મરૂપી મદારીને ત્યાં બંધાએલો છે. જો આ આત્માને કર્મરૂપી મદારીને ત્યાં આનંદ નથી આવતો, તેને ત્યાં મોજ માલમ નથી પડતી તો તે છૂટવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેને જો ત્યાં મોજ પડી જાય-એ બંધન તેને રૂચી જાય તો પછી તેનાથી એ બંધન ટાળી શકાવાના યત્નોજ થતા નથી.

**ગોળ ને રોટલો છૂટતાં નથી.** હવે વિચાર કરો કે આત્મારૂપી માંકડો કર્મરૂપી મદારીને ત્યાં ખોરાકરૂપી મુઠી ચણાના લોભથી રસીરૂપી શરીર વડે બંધાય છે, પરંતુ ત્યાં બંધાયા પછી પણ તેને ત્યાં મોજ કેમ લાગે છે, તેને એ બંધન ઉપર મોહ શા માટે ઉપજે છે અને તે શા માટે એ બંધનનો તિરસ્કાર કરતો નથી? વાંદરાને જ્યારે મદારી પહેલવહેલો પકડે છે ત્યારે તે તેને ચણાની લાલચ આપીને પકડે છે પરંતુ તે પછી તેને પોતાની સાથે હેળવવા માટે ગોળ તથા રોટલાની લાલચ આપે છે. આ લાલચ વાંદરાને માટે એવી તો કાતિલ છે કે તે એ લાલચથી મદારીનો ગુલામ બની જાય છે અને તે કોઇપણ રીતે એ લાલચ છોડી શકતો નથી! કર્મરૂપી મદારી આત્મારૂપી વાંદરાની પણ એવીજ દુર્દશા કરી મૂકે છે તે આહારરૂપી પ્રલોભન વડે આત્માને લોભાવે છે અને તેને ચણારૂપી આહાર આપે છે એ આહારને વશ થઇને આત્મા જ્યાં કર્મને વશ થયો કે તે પછી એ મદારી ગોળ ને રોટલારૂપી પાંચ ઈન્દ્રિયો આત્માને આપી દે છે. આ ગોળરોટલો ભયંકર છે. આ ગોળરોટલો હળાહળ ઝેર છે, અને એવું ભયાનક ઝેર છે કે બીજું એક પણ ઝેર તેની તોલે આવી શકતું નથી. આત્મા એ ઝેર પીએ છે કે તેની દુર્દશા શરૂ થાય છે. પાંચે ઈન્દ્રિયો આત્માને આ સંસારમાં અટવાવી અટવાવીને રખડાવી મારે છે. આ કારણથી સમજુ માણસો તો સંસારને ખરાબ માને છે પરંતુ જે આત્મા આ પંચેન્દ્રિયોરૂપી ગોળરોટલાનો ગુલામ બન્યો છે તે આત્મા એ ગોળરોટલાને છોડી શકતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કર્મરાજાનો અત્યાનંદ.** જેના આત્મામાં કાંઇ પણ આત્મભાવ વસેલો હશે તેવો સજ્જન માણસ તો આ ગોળરોટલાની ગુલામીને કદીપણ સાંખી રહેતો નથી પરંતુ જેમનામાં એ ભાન જાગૃત થયું નથી તેવા સઘળા આત્માઓ આ ગોળરોટલાની લાલચને વશ થાય છે અને મદારીની લાકડી ખાવા છતાં પણ જેમ વાંદરો વારંવાર તેની સેવામાં અને સેવામાંજ જઇને હાજર થાય છે તેજ પ્રમાણે ગોળરોટલારૂપી પંચેન્દ્રિયમાં ફસાયેલો આત્મા સદા સર્વદા કર્મરાજાની સામે પોતાનું માથું નમાવવા તૈયારનો તૈયાર થઇને ઉભોજ રહે છે!

વિષયોની મિઠાશ એ ગોળ અને રોટલા જેવી જીવને મીઠી લાગી છે અને તેથીજ એ મિઠાશની પાછળ આ જીવ અનાદિકાળથી ભમતો રહે છે. વાંદરો મદારીનો ગુલામ થઇ ગયા પછી તે એની સેવાજ કર્યા કરે છે. મદારી વાંદરાને મારે છે, ફટકાવે છે, ધમકાવે છે, પરંતુ તે છતાં રોટલા અને ગોળની મિઠાશે તેને એવો મારી મૂકેલો છે કે તે એ મિઠાશનો કદીપણ ત્યાગ કરી શકતો નથી. એજ સ્થિતિ આ જીવાત્માની પણ છે. સંસાર કેવો દોહ્યલો છે, તેના સંકટો કેવાં ભયંકર છે, તે સઘળું આ આત્મા જાણે છે, તે છતાં પણ તેને ઇન્દ્રિયોનો મોહ એટલો બધો લાગેલો છે કે તેનાથી એ સઘળાનો જરાપણ ત્યાગ કરી શકાતો નથી ! આત્મા ઇન્દ્રિયોનો ગુલામ બનીને રહે છે. ગમે તેવાં દુઃખો આવે છે, ફાવે તેવાં સંકટો આવે છે, સંબંધીઓના મોત થાય છે, લક્ષ્મી ચાલી જાય છે કે બીજા પણ ગમે તેવા ઘોર ઉપસર્ગો સહેવા પડે છે, તો પણ આ આત્મા ઇન્દ્રિયોની લાલચોને રોકીને ત્યાગની સ્થિતિએ વળી શકતો નથી. આત્માની આ સ્થિતિ બરાબર વાંદારની સ્થિતિનેજ મળતી આવે છે અને આ વાંદરાપણાનો કર્મરૂપી મદારી આનંદપૂર્વક ગેરલાભ ઉઠાવે છે.

**બુદ્ધિની ન્યૂનતાનું પરિણામ.** વાંદરો મદારીને તાબે થયા પછી મદારીનો ગુલામ બને છે, તે લાત મારે છે તોપણ તેને પંપાળે છે, તે લાકડી મારે છે તોપણ વાંદરો તેની સામે નાચે છે, પરંતુ એ સઘળું વાંદરો કેદ પકડાયા પછીજ બને છે એ વાત ભૂલી જવાની જરૂર નથી. જો વાંદરો શરૂઆતથીજ એમ જાણતો હોય કે મારી આ દશા થવાની છે તો ખાતરીથી માનજો કે વાંદરો સ્વપ્ને પણ મદારીના હાથમાં આવવાને માટે તૈયાર નહિજ થાય ! એજ પ્રમાણે જો આ જીવ પણ એમ જાણતો હોય કે કર્મના ભયંકર પરિણામો આત્માની હાનિ કરે છે, તે આત્માનો નાશ કરે છે અને તેને અધોગતિએ લઈ જાય છે તો આ જીવ પણ કર્મરૂપી મદારી મહારાજના દૂતસમી ઇન્દ્રિયોને કદાપિ પણ સ્વીકારતજ નહિ. વાંદરો મદારીને તાબે થાય છે તેનું કારણ એ છે કે વાંદરામાં બુદ્ધિ નથી. જો વાંદરામાં બુદ્ધિ હોત, તે મદારીનો ફંદ સમજતો હોત, મદારીના પાપનો તે જાણકાર હોત તો તેને મદારીને ત્યાં કેદ થવુંજ ન પડત ! તેજ પ્રમાણે જો આત્મામાં પણ બુદ્ધિ હોત તો આત્મા પણ સમજી લેત કે કર્મરૂપી મહારાજા પોતાને ગોળની ગોળીરૂપી ઇન્દ્રિયો આપે છે પરંતુ એમાં તેની દાનત બુરી છે અને તે પોતાને પરાધીન બનાવવા માગે છે. આત્મા આવું સમજતો હોત તો તે એ ગોળરૂપી ઇન્દ્રિયોનો સ્વીકાર કરત નહિ અથવા તે સ્વીકારાઈ જાત તોપણ એ ઇન્દ્રિયોના કારણભૂત આહારનો તે રાગી બનવા પામત નહિ !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મુખ્ય તફાવત કયાં છે ?** જે જીવો આત્માભિરામી છે અને જે જીવો ભવાભિરામી છે તેઓની વચ્ચે અહીંજ ખાસ ફરક પડે છે. આત્માભિરામી જીવો કાંઇ પહેલેજ દહાડે ખાવાનું બંધ કરી દે છે અને અનશનવ્રત લઇ લે છે એમ સમજવાનું નથી, અથવા તો જેઓ આહારપાણી લેવાનું ચાલુ રાખે છે તેઓ બધા આત્માભિરામીજ નથી એમ સમજવાનું પણ કારણ નથી, પરંતુ સમજવાનો મુદ્દો એ છે કે આત્માભિરામી જીવો આ શરીર, શરીરના તત્વરૂપ ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના કારણરૂપ આહારને જાણે છે, અને એ આહારની મહાભયાનકતાને તેઓ કબુલ રાખે છે. જગતમાં જેઓ સંસારનું સ્વરૂપ વિચારે છે, એ સ્વરૂપનું રહસ્ય જેઓ સમજ્યા છે, તેઓને આ ભવરૂપી પર્વત મહાભયંકર લાગેજ છે, પરંતુ જેઓ સંસારનું સ્વરૂપજ સમજ્યા નથી તેવા આત્માઓને આ ભવ અને તેના મૂળભૂત રૂપે રહેલો ખોરાક એ સઘળું મહાભયંકરજ લાગતું નથી.

**ભવની સુંદરતા કેવી છે ?** જેઓ પર્વત ઉપર ચઢતા નથી, દૂરથીજ પર્વતની શોભા જોઇને આનંદ પામે છે અને તેનાં સુંદર વર્ણનો વાંચીને હરખાય છે તેવા આત્માઓ પર્વતને સુંદર અને રળિયામણો દેખે છે પરંતુ જેઓ અંદર ઉતરીને ભવની ભયાનકતા જુએ છે–જેઓ પર્વતની અંદર ઉતરે છે, તેમને આ ભવ ભયંકર લાગે છે, તેજ પ્રમાણે જે આત્માઓ પણ ઉપર ઉપરથીજ આ સંસારસાગરને જુએ છે તે આત્માઓને સંસાર એ સુંદર વાડી જેવો લાગે છે. વાડીઓમાં જેમ જેમ વચ્ચે વચ્ચે બનાવેલા ઉદ્યાનો આકર્ષક લાગે છે તેમ મનુષ્યશરીર તેઓને આકર્ષક લાગે છે. સુંદર ઉદ્યાનોને વિષે મધ્ય ભાગમાં શોભતા ફૂઆરાઓ જેમ ઉદ્યાનની શોભાના મુકુટ રુપે છે તેમ તેમને ઇન્દ્રિયો એ શરીરની શોભાના મુકુટરુપ લાગે છે અને જેમ ઉદ્યાનમાં કરેલી રેશની વાડીની શોભાને વધારે છે તેજ પ્રમાણે ઇન્દ્રિયોના વિવિધ વિષયોપભોગ એને તેઓ આ સંસારની શોભારૂપ માને છે. ભવાભિનંદી આત્માઓ સંસારને આવો મીઠો માને છે, પરંતુ જેઓ આત્મતત્વ સમજ્યા છે, જેમણે આત્માનું ચેતનત્વ પીછાણ્યું છે, તેઓ આ ભવને મહાભયંકર પર્વત સમજે છે અને તેઓ એ ભવરૂપી પર્વતને ઉલ્લંઘી જવાનોજ નિરંતર વિચાર કરે છે. અર્થાત્ જે જીવો જડ અને ચેતનનો વિભાગ કરનારા છે, જેઓ જડ અને ચેતનને સમજે છે, તેવા સઘળા જીવોની એ ફરજ છે કે તેમણે દૂરથી સુંદર દેખાતા આ મહાભયાનક પર્વતને તેના સાચા સ્વરૂપમાં સમજવો જોઇએ અને આ ભવપર્વત કેવો ભયંકર છે તે તેમણે જાણવું જોઇએ. ભવની ભયાનકતા જાણ્યા પછી હવે એ ભવ રુપી મહાગિરિમાંથી બહાર નીકળનારો આત્મા શું લાભ મેળવે છે અને તે લાભ મેળવવાનો વિચાર કોને આવે છે તે જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વૃદ્ધાનુસારિત્વ

## મોક્ષાભિલાષીઓએ શું વિચારવું?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ ન્યાયાચાર્ય યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજા ભવ્ય-જીવોના કલ્યાણને અર્થે જ્ઞાનસાર પ્રકરણ નામના ગ્રંથમાં જણાવે છે કે-જે આત્માઓ આ સંસારના મહાભયાનક એવા ભયને કાપવા ઈચ્છે છે અને મોક્ષ મેળવવા માગે છે તેવા આત્માઓએ પોતાની અતીત, વર્તમાન અને ભવિષ્યકાળની સ્થિતિ જાણવી જરૂરી છે આ ઉપરાંત તેમણે એ વાત પણ જાણવાની જરૂર છે કે તેઓ જે સ્થિતિમાં હતા, જે સ્થિતિ પામ્યા છે અને જે સ્થિતિ પામવાના છે તે શાને આભારી છે, એ સ્થિતિ તેઓ શા કારણથી પામ્યા છે અને એ સ્થિતિમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાઓ કઈ કઇ છે, આ સઘળું મોક્ષાભિલાષી આત્માઓએ વિચારવાની જરૂર છે.

જે આત્મા પોતે આ સઘળા પ્રશ્નોને વિચારતો નથી તે આત્મા શાસ્ત્રદૃષ્ટિએ વિચારવાળો ગણાતો નથી. કોઇ વ્યક્તિને એમ કહી દેવાય કે તું વિચારશૂન્ય છે તો અવશ્ય તેથી એ વ્યક્તિને ખોટું લાગે છે, પરંતુ ખોટા શબ્દો ખોટા લગાડતાં પહેલાં તે કયા હેતુથી કહેવાયા છે તે તપાસવાની જરૂર છે.

**સાકર મિશ્રિત દૂધનો પ્યાલો.** તમારો દુશ્મન તમારી સામે આવે અને તે તમોને સાકરવાળા દૂધનો પ્યાલો ભરીને આપે છે તોપણ વ્યવહાર દૃષ્ટિએ તમે તેને વાસ્તવિક લેખતા નથી અને તેનો ત્યાગ કરો છો, પરંતુ માતા કડવો દવાનો કટોરો લઇને આવે છે તોપણ તે તમે ગટગટાવી જાઓ છો કારણ કે તમારી ખાતરી છે છે કે માતાનું કટુ ઔષધપાન પણ તમારા હિતની ભાવનાથી યોજાએલું છે, જ્યારે તમારા શત્રુનું અમૃતપાન પણ તમારૂં મોત લાવનારૂં છે.

શાસ્ત્ર અથવા તો ગુરુ તમોને અવિચારી કહે છે તેમાં પણ તમારે આજ વસ્તુ લક્ષ્યમાં રાખવાની છે. શાસ્ત્રને તમારી સાથે કાંઇ વૈર કે દ્વેષભાવના નથી પરંતુ શાસ્ત્ર જે કાંઇ કહે છે તે તમારા હિતને માટેજ કહે છે એની ખાતરી રાખજો, અને તેથીજ તમારી હિતબુદ્ધિએજ તે એમ કહે છે કે જે ઉપરની વસ્તુઓનો વિચાર નથી કરતો તે બેશક અવિચારી ઠરે છે. શાસ્ત્રો કોઇ પણ જાતના સંકોચ વિના એમ સ્પષ્ટ રીતે કહે છે કે જેને પોતાની ભૂત, ભવિષ્ય કિંવા વર્તમાનકાળની સ્થિતિ, તેના કારણો અને તેથી થતા લાભાલાભ વગેરેનો વિચાર નથી તેવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્મા વાસુદેવ હોય, ચક્રવર્તી હોય, દેવેન્દ્ર હોય, રાજા હોય કે રસ્તે ચાલતો ભિખારી હોય તે સઘળા વિચારશૂન્ય છે અને તેમની એ વિચારશૂન્યતા તેમના આત્માને માટે ઘાતક છે. વર્તમાનભવની અપેક્ષાએ સંજ્ઞીઆત્મા પંચેન્દ્રિયનો, પોતાના ભૂતકાળનો, વર્તમાનકાળની સ્થિતિનો અને ભવિષ્યકાળની સ્થિતિનો વિચાર કરે છે. જાનવરો પણ પોતાની ભૂતકાલીન જિંદગી, વર્તમાન જિંદગી અને ભાવિ ચાલુ ભવ સંબંધીના વિચારો કર્યા વિના રહી શકતા નથી. તિર્યંચો આવા વિચારો કરે છે તે સંબંધી તમોને કદાચ શંકા થતી હશે પરંતુ તમે લાંબો વિચાર કરશો તો જાણી શકશો કે એ વાત બરાબર છે.

**ભૂતકાળના અનુભવોનું સ્મરણ.** તિર્યંચોને અને વિવેકને બાર ગાઉનું અંતર રહેલું છે એ વાત તો તમે સારી પેઠે જાણો છો છતાં પણ તેને ભૂતકાળના અનુભવોનું સ્મરણ થાય છે. સાંઢ અથવા આખલો રસ્તામાં ઉભો હશે અને તમે કુહાડી લઈ એના ઉપર મશ્કરીમાં ઉગામશો તો તેથીએ તે ભડકશે. વિચાર કરો કે તમે હજી સુધી આખલાને ઘા કર્યો નથી, આટલું છતાં એ ભડકે છે અને પોતાની મુંડી નીચી ઘાલી દે છે. વિચાર કરો કે એ ઘાથી શા માટે ભય પામે છે? આખલો ભડકે છે તેનું કારણ એકજ છે કે ભૂતકાળમાં તેને એવી રીતે જે ઘા થએલા હોય તેનું સ્મરણ છે. તે જાણે છે કે આ રીતે હથિયાર ઉગામાય છે, તે આ રીતે શરીર પર પડે છે અને તેથી ઘા પડીને આ રીતની વેદના થાય છે. ભૂતકાળમાં જો તેને એનો અનુભવજ ન થયો હોય તો તો એ તિર્યંચ જીવ કદી પણ ઘાથી ડરેજ નહિ, પરંતુ એ ઘાથી ડરે છે એનો અર્થ એ થાય છે કે તેણે ભૂતકાળમાં એવો ઘા અને તે દ્વારા થતી પીડા એ સઘળું અનુભવેલું છે.

આપણે, નાના બાળકો કે જેની ઉંમર પાંચ દશ દિવસની હોય તેવાની આગળ લાકડી હલાવીએ, તલવાર બતાવીએ કિંવા તેને મારવા જઇએ, તો તેથી તે બાળકને ડર લાગતો નથી; પરંતુ એ બાળક મોટું થાય છે અને પછી તમે એને તમાચો મારો છો તો તે વખતે તમાચો એ શી વસ્તુ છે તેનું એને સ્મરણ થાય છે. આ વાતનું એને સ્મરણ થયા પછી ફરી તમે તેને તમાચો મારવા જશો તો તે પોતાનું મોઢું ફેરવી નાખે છે. આથી સ્પષ્ટ થાય છે કે બાળક પણ તેને ભૂતકાળમાં થએલા અનુભવોને આધારે ડરે છે અને પાછળનો અનુભવ એને લાકડી અથવા તમાચો જોઈને પાછા ખસવાની ફરજ પડે છે.

**સઘળા એક કક્ષાએ!** જાનવરનું બચ્ચું પણ તરતનું જન્મેલું હોય અને તમે તેને માર મારવા જાઓ તો તે વખતે તેને એની અસર થતી નથી પરંતુ જ્યાં એ અમુક દિવસનું થાય છે કે તે પછી લાકડીના ભયથી એ ડરે છે. એ ડરનું કારણ એટલુંજ છે કે પાછલા જન્મોમાં તેણે એવી લાકડીઓ ખાધી છે, તેથી તે જાણે છે કે લાકડીના ફટકા આવા કાતિલ છે અને તે ફટકા આવી આવી પીડા ઉપજાવનારા છે. જાનવર જ્યારે સમજમાં આવે છે ત્યારે તે આવી રીતના પ્રહારો થવાના સમયે ડરે છે, પક્ષીઓમાં પણ એવોજ ભય રહેલો છે, બંદુકની એક ગોળી ફૂટે છે કે સેંકડો પક્ષીઓ ભાગવા માંડે છે, આ સઘળા ઉદાહરણો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપરથી માલમ પડે છે કે પશુપક્ષી જેવા પ્રાણીઓ કે જેનામાં વિચારશીલતા અથવા વિવેકનો એક અંશ પણ નથી તેવા પ્રાણીઓમાં શુદ્ધાં ભૂતકાળના સંસ્મરણો અસ્તિત્વ ધરાવે છે તો પછી એવાજ ભૂતકાળના સંસ્મરણો મનુષ્યમાં હસ્તિ ધરાવતા હોય એમાં કાંઇપણ આશ્ચર્ય પામવા જેવું છેજ નહિ. આ સંબંધમાં મનુષ્ય, જાનવર, પશુ ઇત્યાદિ સઘળાં એક કક્ષાએ છે.

**પશુઓમાં પણ ભવિષ્યનો વિવેક.** અનિષ્ટ કારણોને જોઇને પશુઓ ડરે છે. અનિષ્ટ કારણોથી પક્ષીઓ પણ ડરે છે અને તેજ પ્રમાણે અનિષ્ટ કારણો જોઇને આપણે પણ ડરીએ છીએ. જાનવરો દુઃખના કારણોથી દૂર રહે છે. પક્ષીઓ પણ દુઃખના કારણોથી દૂર રહે છે અને તેજ પ્રમાણે આપણે પણ દુઃખના કારણોથી દૂર રહીએ છીએ. વળી માણસો જેમ સુખ તરફ પ્રવૃત્તિ કરે છે તેજ પ્રમાણે પશુઓની પણ સુખને માર્ગે પ્રવૃત્તિ ચાલુજ હોય છે. ઉનાળો ચાલતો હોય, પ્રચંડ તાપ પડતો હોય, જમીન ધગધગી ઉઠી હોય એ પ્રસંગે પશુઓ પણ ઝાડની છાંયા શોધે છે અને ઝાડના છાંયડામાં બેસે છે! એજ પ્રમાણે સખત ઠંડી વખતે તે તડકામાં જઇને વિશ્રાંતિ લે છે. વરસાદની ધારાઓ વહેતી હોય તે વેળાએ તે વરસાદના મારથી નિવૃત્ત થવા માટે ઓટલાઓનો આશ્રય લે છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે પશુપક્ષીઓને પણ ટાઢતાપને અંગેનું દુઃખ લાગે છે અને તેથી તે દુઃખમાંથી બચવાની અને સુખ મેળવવાની પ્રવૃત્તિ કરે છે.

હવે ભવિષ્યકાળનો વિચાર કરો. કોઇપણ બુદ્ધિશાળી માણસ એવું કહી શકવાનો નથી કે પશુપક્ષીઓ પોતાના ભવિષ્યને માટે વિચાર કરતા નથી. પક્ષીઓ માળા બાંધે છે, બખોલો શોધે છે. પાળેલા ન હોય એવા પશુઓ પણ તેવીજ પ્રવૃત્તિ કરે છે. આ સઘળા ઉપરથી માલમ પડે છે કે તેઓ પણ જિંદગીના ભવિષ્યકાળનો વિચાર અવશ્ય કરે છે.

**એજ ત્રણ ચિંતા રાખો.** પક્ષીઓની વરસાદ આવ્યા પહેલાંની માળા બાંધવાની પ્રવૃત્તિ, બખોલો શોધવાની પ્રવૃત્તિ, કુતરા જેવા પ્રાણીની પણ રહેઠાણ શોધી કાઢવાની પ્રવૃત્તિ એ સઘળું તેમના હૃદયમાં થતા ભવિષ્યકાળના ચિંતવનને આભારી છે. જો પશુ-પક્ષીઓમાં ભવિષ્યકાળનું ચિંતવન ન થતું હોત તો પશુપંખીઓ માળા બાંધવાના કાર્યમાં, બખોલો શોધવાના કામમાં અથવા એવાજ બીજા કામમાં રોકાવા પામત નહિ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પશુપંખીને પણ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ એ ત્રણેની ચિંતા હોય છે! તેઓ પણ એ ચિંતામાંથી મુક્ત થઈ શકતા નથી. પશુઓમાં જે ત્રણ ચિંતા છે તેજ ત્રણ ચિંતા પણ જો મનુષ્ય રાખતો થઇ જાય તો જરૂર તેનું પણ કામ થઇ જાય.

આપણી ભાષામાં કહેવત છે કે જે "બત્રીસ ઠોકર ખાય છે તે બત્રીસ લક્ષણો થાય છે!" આ કહેવતનો મર્મ તદન વાસ્તવિક છે તેમાં જરા પણ અસત્ય નથી. અમુક માણસ અમુક રસ્તે ગયો હતો અને તેણે અમુક સ્થળે ઠોકર ખાધી હતી તેથી આપણે પણ એ રસ્તે ન જવું એવું આપણે બોલીએ છીએ તે માત્ર અનુભવનુંજ પરિણામ છે. આ વસ્તુ તમે બરાબર ધ્યાનમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લેશો એટલે તમે સારી રીતે સમજી શકશો કે જૈનશાસ્ત્રે શ્રાવકના ૨૧ ગુણો જણાવ્યા છે તેમાં 'વૃદ્ધાનુસારી' એ ગુણ શા માટે દાખલ કરવામાં આવ્યો છે. વૃદ્ધાનુસારિપણાને એકવીસ ગુણોમાં દાખલ કરવાનો એજ હેતુ છે કે તેથી અનુભવને આધારે જે માર્ગ ગ્રહણ કરવો જોઇએ તે માર્ગ ગ્રહણ થાય છે.

**જ્ઞાનમૂલક સંકલ્પરહિતપણુંજ કામનું.** જૈનશાસને શ્રાવકના ૨૧ ગુણોમાં વૃદ્ધાનુસારી ગુણ ગણ્યો છે, પરંતુ તેમણે બાળાનુસારી અથવા તો તરૂણાનુસારી એને ગુણ નથી ગણ્યો. હવે વિચાર કરી જુઓ કે શાસ્ત્ર વૃદ્ધાનુસારી એવો ગુણ ગણાવે છે તેમ કરવામાં શાસ્ત્રનો શો હેતુ રહેલો છે. બાળકની અવસ્થા કેવી છે તેનો વિચાર કરો. બાળકની અજ્ઞાનાવસ્થા સુખની પ્રાપ્તિ તથા દુઃખના નિવારણને માટે અશક્ય છે—નિર્માલ્ય છે પરંતુ બાલ્યાવસ્થા સંકલ્પવિકલ્પોથી મુક્ત હોવાથી બાલ્યાવસ્થામાંથી એ ગુણ લેવા યોગ્ય છે, પરંતુ બાલ્યાવસ્થાનો એ ગુણ એટલો બધો કિંમતી નથી કે જેના ઉપર ખાસ ભાર મૂકી શકાય!

સંકલ્પવિકલ્પથી રહિત થવું એ ગુણ કાંઈ નાનોસુનો નથી તે છતાં શાસ્ત્ર એ ગુણનું મૂલ્ય આંકવાની ના પાડે છે એ સર્વથા વાસ્તવિક છે અને તેનું કારણ એ છે કે બાલ્યાવસ્થાનું સંકલ્પ-વિકલ્પરહિતપણું એ અજ્ઞાનમૂલક વસ્તુ છે, અને એ સંકલ્પવિકલ્પપણું જ્ઞાનરહિત હોવાથીજ તે ફળ આપી શકતું નથી. આટલાજ કારણથી બાલ્યાવસ્થાને અંગે રહેલા સંકલ્પવિકલ્પરહિતપણાની કશી નોંધવા જેવી કિંમત નથી અને તેથીજ શાસ્ત્રે બાલકાનુસારિત્વને શ્રાવકના એકવીસ ગુણની શ્રેણિમાં દાખલ કર્યો નથી.

**મોક્ષ ક્યારે શક્ય છે?** અજ્ઞાનમૂલક સંકલ્પવિકલ્પરહિતપણું પણ મોક્ષ આપે છે એવી દલીલ કરવી એ તો તદ્દન નકામું છે એટલુંજ નહિ પરંતુ તેમાં ભારોભાર મૂર્ખાઇ રહેલી છે. જો સંકલ્પવિકલ્પરહિતપણાથીજ મોક્ષ થઇ શકતો હોત તો એકે-ન્દ્રિયજીવોજ વધારે મોક્ષ ગયા હોત કારણ કે તેમનામાં સંકલ્પવિકલ્પરહિતપણું વિદ્યમાન છે, પરંતુ આપણે જાણીએ છીએ કે તેવું બન્યું નથી, એનું એટલુંજ કારણ છે કે અજ્ઞાનમૂલક સંકલ્પ-વિકલ્પરહિતપણું એ ફળ આપવાને અંગે સર્વથા નકામું છે.

બધા ભવોનું મૂળસ્થાન જોઇએ તો તે એકેન્દ્રિયપણુંજ છે. આત્મા વધારે રખડ્યો હોય, તેણે કારમી રખડપટ્ટી કરી હોય, તે જો કોઇ સ્થળે ચકરાવે ચઢ્યો હોય તો તે એકેન્દ્રિયમાંજ ચઢ્યો છે. આત્મા અનાદિકાળથી રખડ્યો હોય તો તે એકેન્દ્રિયપણામાંજ રખડ્યો છે. ચાર ઇન્દ્રિયો કિંવા પાંચ ઇન્દ્રિયોવાળી દેહમાં આત્મા અનાદિકાળથી રખડી શકતોજ નથી. ભગવાન્ શ્રી તીર્થં-કરદેવોએ અતીન્દ્રિયદૃષ્ટિથી આ બાબતનો વિચાર કર્યો છે અને તેઓ જ્ઞાનની દૃષ્ટિએ વિચારીને જણાવે છે કે પંચેન્દ્રિય આત્મા વધારેમાં વધારે પંચેન્દ્રિયમાં ભવો કરે તોપણ તે સાત કે આઠ ભવો કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**બે વચનો શા માટે?** તીર્થંકર ભગવાનો કે જેઓ અનંતજ્ઞાનના ધણી છે, જેમણે પોતાના દિવ્યજ્ઞાનથી સઘળા પદાર્થોને અને સઘળા પદાર્થોના પર્યાયોને જાણી લીધા છે તેઓ પણ કહે છે કે પંચેન્દ્રિયવાળાઓને વધારેમાં વધારે ભવ રખડવા પડતા હોય તો સાત આઠ ભવ રખડવા પડે છે તેના કરતાં વધારે ભવ પંચેન્દ્રિયધારી આત્માઓને રખડવા પડતા નથી. હવે કોઈ એમ કહેશે કે જેઓ જ્ઞાની છે, જેમનું જ્ઞાન સર્વકાલને વિષે સર્વ પદાર્થોને સર્વરૂપે જાણે છે તે આવી સંદિગ્ધવાણી બોલે છે કે સાત આઠ ભવો લાગલાગટ પંચેન્દ્રિયના થાય છે જો જ્ઞાનીઓ ખરેખરાજ જ્ઞાનના ધણી હોય તો તેમણે પોતાના જ્ઞાનથી જાણીને કાંઇપણ નિશ્ચિત આંકડો બોલવો જોઇએ અથવા જો તેઓ નિશ્ચિત આંકડો ન બોલતા હોય તો તેમના જ્ઞાનમાં એટલી ખામી છે એવું સ્પષ્ટ થાય છે!! વિચાર કરો કે આ શંકાનો ઉત્તર શું?

જે માણસ પોતે ઘડીઆળ જુએ છે, જેની આંખ આગળ ઘડીઆળ છે, તે માણસને તમે એવો પ્રશ્ન કરો કે કેટલા વાગ્યા છે? તો તે માણસ ઘડીઆળમાં જોઇને તમોને એવો સીધો જવાબ આપી દે છે કે ભાઇ ૧૦ વાગ્યા છે! ઘડીઆળમાં જોનારો તમોને એમ ન કહી શકે કે દસઅગીઆર થયા હશે. એવું તો તેજ કહી શકે છે કે જેની સામે ઘડીઆળ નથી અને જે આશરે સમય કહે છે!

**પંચેન્દ્રિય તે કોણ?** જેમ દસ અગિઆર વાગ્યા છે એમ કહેનારો આશરે સમય કહે છે પરંતુ તે પ્રત્યક્ષ ઘડીઆળમાં જોનારો નથી તેજ પ્રમાણે સાત આઠ ભવ શબ્દ કહેનારો પણ પ્રત્યક્ષ રીતે જ્ઞાનવડે જોનારો નથી એમ ન કહી શકાય? આ દલીલ બીલકુલ સાચી નથી. અલબત્ત સામાન્ય રીતે કોઈ આવો તર્ક કરે તે વ્યાજબી જેવો લાગે છે પરંતુ તમે જ્યારે અંદર ઉંડા ઉતરીને જુઓ છો ત્યારે તમારી ખાતરી થશે કે તમે જે શંકા કરતા હતા તે શંકા મૂળવિનાની અર્થાત્ અર્થહીન છે.

કેવળજ્ઞાની મહારાજાએ પંચેન્દ્રિયની સ્થિતિને દર્શાવતાં "સાત આઠ" એવો શબ્દ વાપરે છે તે કઈ દૃષ્ટિએ વાપરે છે તે ધ્યાનમાં લો. કઇ અપેક્ષાએ આ શબ્દો બોલાય છે તે સમજશો એટલે તમારી શંકા ટળી જશે. પ્રથમ વસ્તુ એ છે કે મનુષ્ય અને તિર્યંચ એ બંને વર્ગો પંચેન્દ્રિયની કક્ષામાં આવે છે. પંચેન્દ્રિય એટલે માત્ર મનુષ્યજ છે એમ સમજશો નહિ. તિર્યંચો અને મનુષ્યો બંનેની ગણના પંચેન્દ્રિયમાં થાય છે. પંચેન્દ્રિયના જે સાત ભવો થાય છે તે સ તે સાત ભવો અસંખ્યાતા આયુષ્ય વિનાના છે. આ સાત ભવો પૈકી એક ભવનું આયુષ્ય અસંખ્યાતા વરસોનું નથી. છેવટનો જે સાતમો ભવ છે તેમાંથી બે ફણગા થાય છે.

**સાતમા ભવથી બે ફણગા.** સાતમા ભવથી જે બે ફણગા થાય છે તે બે ફગણા કેવી રીતના છે તે સમજી લેજો. એક ફણગો એવો છે કે એ ફણગામાં જતો આત્મા, મનુષ્ય થાય તો અસંખ્યાતા વરસોના આયુષ્યવાળોજ થાય છે. તિર્યંચપણે જાય તો પણ તેની સ્થિતિ એવીજ હોય છે અને જો એવો આત્મા કાળ કરે તો તે અવશ્ય દેવતાપણે અવતરે છે. જે આત્માને આઠમે ભવે અસંખ્યાતા વરસોનું આયુષ્ય નથી મળતું તેવો આત્મા મનુષ્યપણામાં આવતો નથી. જેને આઠમો ભવ હોય તેને અસંખ્યાતા વરસનુંજ આયુષ્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મળે છે અર્થાત્ અસંખ્યાતા વરસના આયુષ્યવાળાનેજ આઠમો ભવ હોય છે. જે આત્માઓ આવા છે તેને આઠ ભવ છે. હવે સંખ્યાતા વરસના આયુષ્યવાળાની વાત કરો. સંખ્યાતા વરસના આયુષ્યવાળાના આઠ ભવ થાયજ નહિ. અસંખ્યાતાના આયુષ્યનો એક ભવ તે આઠમો હોય છે તે પછી મનુષ્યભવ ચાલતોજ નથી. જેને અસંખ્યાતા વરસનું મનુષ્યપણું કે તિર્યંચપણું મળે તેનો બીજો ભવજ પલટી જાય છે, અને જો એને મેળવતાં વિલંબ થાય છે ને અન્યગતિનું આયુષ્ય ન બાંધે તો સાત ભવ થયા પછી મોક્ષપ્રાપ્તિજ થાય છે. આથી જ્ઞાનીઓએ અસંખ્યાતની અપેક્ષાએ સાત-આઠ શબ્દ વાપરેલો છે. એ સાત આઠ શબ્દ અજ્ઞાનમૂલકતાનો સૂચક છે એમ માની લેવાનું નથી.

**૨ થી ૯ ધનુષ્યનો અર્થ શો?** એજ રીતે જ્યાં શરીરને અંગે પણ ૨ થી ૯ ધનુષ્ય કહેવામાં આવ્યાં છે ત્યાં પણ પોતાનું અજ્ઞાન હોવાથી ૨ થી ૯ એવા શબ્દો વાપર્યા છે એમ સમજશો નહિ. એ શબ્દો સામાન્ય લક્ષણ રૂપે છે. આંબાનું વર્ણન કરતાં એ વૃક્ષની ઓછામાં ઓછી ઉંચાઇથી માંડીને વધારેમાં વધારે ઉંચાઇ આપણે ધ્યાનમાં લેવાની હોય છે તેજ પ્રમાણે આ ૨ થી ૯ નો આંકડો પણ સમજવાનો છે. ૨ થી ૯નું માપ ભિન્નભિન્ન ક્ષેત્રોને ઉદ્દેશીને હોય છે. દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટનું માપ ભિન્નભિન્ન છે. અમુક આરાની અપેક્ષાએ અમુક માપ ઉત્કૃષ્ટ હોય છે તો અમુક આરાની અપેક્ષાએ અમુક માપ ઉત્કૃષ્ટ હોય છે. આથીજ નાનામાં નાનું ૨ અને મોટામાં મોટું ૯ એ માપ કહ્યું છે. એનો અર્થ એ સમજવાનો છે કે બેથી ઓછા પણ નહિ, અને તેજ પ્રમાણે કોઇપણ સંયોગોમાં ૯ થી વધારે પણ નહિજ.

પંચેન્દ્રિયપણામાં જીવ આજ કારણથી અનાદિથી રહી શકતો નથી. ચાર ઇન્દ્રિયો, ત્રણ ઇન્દ્રિયો યા બે ઇન્દ્રિયવાળી યોનિમાં અથવા તો વિકલેન્દ્રિયપણામાં કોઇ પણ જીવ અનાદિ કાળથી રહી શકતોજ નથી. એ દરેક યોનિમાં વધારેમાં વધારે કાયસ્થિતિ હોય છે. તે ભટકયા કરે તો પણ સંખ્યાતા હજાર વરસથી તેની અધિક સ્થિતિ હોતી નથી. તેમજ અહીં પણ અનાદિપણું હોતું નથી. નારક દેવતાને પણ એકથી વધારે ભવ હોતા નથી. આ રીતે પાંચ જાતિમાંથી ચાર જાતિ નીકળી જાય છે. જો આત્મા અનાદિથી કોઈ જગાએ રહી શકતો હોય, તો તે એકેન્દ્રિયપણેજ રહી શકે છે. આ સઘળું શાસ્ત્રની અપેક્ષાએ આપણે જોઈ શકીએ છીએ અર્થાત્ જાણી શકીએ છીએ. હવે હેતુ યુક્તિ પૂર્વક આપણે આ વાત કેટલી સાચી છે તેનો વિચાર કરી જોઈએ.

**અવ્યાબાધ સ્થાન કયું?** આપણે આગળ જોઇ આવ્યા છીએ કે માત્ર બેજ સ્થાન નિત્ય છે એક તો ઉત્કૃષ્ટસ્થાન અને બીજું જઘન્યસ્થાન. આ બે સિવાય ત્રીજું કોઇ સ્થાન નિત્ય છેજ નહિ. આ બેજ સ્થાન નિત્ય હોવાનું કારણ છે. ઉત્કૃષ્ટ સ્થાન એવું છે કે તે સ્થાનનો નાશ કોઈ કરી શકતોજ નથી. ઉત્કૃષ્ટ સ્થાનમાં વિબાધા કરનારૂં કોઇ હોતુંજ નથી. વિબાધા કયાં થવાનો સંભવ છે તે વિચારજો. જે સ્થળે પોતાની વિબાધા કરનારાઓ પોતે પોતાનું બળ ચલાવીને વિબાધા કરે છે પરંતુ જયાં પોતાનું જોર ચાલીજ ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકે એવું હોય ત્યાં વિબાધા કરનારાઓ પણ કેવી રીતે વિબાધા કરી શકે? હવે વિચાર કરો કે એવું સ્થાન કયું છે કે જ્યાં કોઇપણ પ્રકારની બાધા ચાલી શકતી નથી. એવું સ્થાન તે મોક્ષ છે. મોક્ષ એ એવું સ્થાન છે કે જ્યાં બાધા ચાલી શકતીજ નથી. જીવને કર્મવર્ગણાનો યોગ, શરીર, મન, કર્મના સંયોગો ઇત્યાદિ બાધા કરી શકે છે પરંતુ મોક્ષ એ એક એવું સ્થાન છે કે જ્યાં આ બાધા કરનારનું લેશમાત્ર પણ જોર ચાલી શકતુંજ નથી, માટેજ એ સ્થાન સદાનું શાશ્વતું અને નિત્ય છે.

**કર્મમાં બળાત્કારની શક્તિ નથી.** જીવને બાધા કોણ કરી શકે તે આપણે જાણીએ છીએ. રોગ એ જીવતાને બાધા કરે છે, મરેલાને બાધા કરી શકતોજ નથી. આજસુધીમાં મરેલાંને કોઇએ પણ રોગની દવા કરી હોય એમ આપણે જાણતા નથી! આથી સ્પષ્ટ થાય છે કે જેને શરીરનો સંયોગ છે તેનેજ રોગ છે, અને જેને શરીરનો સંયોગ નથી તેને રોગ પણ નથીજ. શરીરથીજ સઘળી ઉપાધિ જન્મે છે. શરીર હોય તો તાવ આવે, શરીર હોય તો શરદી થાય, શરીર હોય તો ખાંસી થાય; આ સઘળા ઉપદ્રવો જો શરીર હોય તોજ થાય છે. શરીર ન હોય તેને આ સઘળી ઉપાધિઓ હોતી નથી. જેમ જીવતાને રોગ છે અને રોગ છે તો ઓસડ-ઔષધ વગેરે છે, તેમ મરેલાને રોગો નથી, તેમ ઔષધાદિ પણ નથીજ.

એજ સ્થિતિ અહીં પણ ધ્યાનમાં લેવાની છે. કર્મમાં આત્માને પાડવાની ગમે તેટલી શક્તિ છે તોપણ કર્મમાં એવી શક્તિ તો નથીજ કે તે મુક્ત આત્માની પણ ઉપર જઇને ચઢી બેસે! તેને પણ પોતાની શક્તિનો ઉપયોગ કરવા માટે બીજા સાધનોની જરૂર પડે છે અને એ સાધનો તે શરીર વગેરે છે. જેને શરીરજ નથી, જેને મન પણ નથી, અને જેને વચન પણ નથી તેના ઉપર કર્મને હલ્લો લઇ જવાનું કાંઇ સાધનજ રહેલું નથી એટલેજ ત્યાં કરમરાજા ઠંડા થઇ જાય છે! અહીં કર્મનો હલ્લો ચાલીજ શકતો નથી. 'કર્મ' એ મન, વચન અને કાયાના રોગો છે, પરંતુ જ્યાં મન, વચન અને કાયાજ ન હોય તો ત્યાં રોગ કયાંથી હોય? તમે પણ કહો છો કે દીકરો હોય તો વહુ આવે છે, પરંતુ દીકરોજ ન હોય તો પછી વહુ આવવાનીજ કયાંથી હતી? અર્થાત્ જ્યાં કાયા નથી, ત્યાં કાયાના રોગો નથી. તાત્પર્ય એ છે કે મોક્ષસ્થાનમાં કોઇ વિબાધા કરનારજ નથી, કારણકે ત્યાં વિબાધા કરનારની શક્તિ ચાલી શકતીજ નથી માટે એ સ્થાન નિત્ય છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જેની આદિ છે તેનો નાશ પણ હોવોજ જોઇએ એવો નિયમ નથી. મોક્ષ અનાદિ નથી. મોક્ષ તો આદિવાળો છે. પાછળથી આત્માએ કર્મક્ષયદ્વારા મેળવેલો છે પરંતુ મોક્ષ આદિ હોવા છતાં પણ તેને ઉપર કહ્યું છે તે નિયમદ્વારાએ અંતની સ્થિતિનો સંભવજ નથી.

**ઉત્કૃષ્ટ અને જઘન્ય.** ઉત્કૃષ્ટસ્થાન એટલે શું છે તેનો હવે પૂરો વિચાર કરો. જે આત્માના શત્રુઓ છેદાઇ ભેદાઇ ગયા છે, શત્રુઓ બળી ગયા છે, તેમનો નાશ થઇ ગયો છે, તે આત્માને શત્રુઓનો ભય કોઇપણ સમયે હોઇ શકતો નથી. આત્મા પોતાના કર્મરૂપી મહાન્ શત્રુને છેદે છે, ભેદે છે, બાળી નાખે છે, તેનો નાશ કરી નાખે છે ત્યારેજ તે નિર્ભય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવા ઉત્કૃષ્ટસ્થાનને પામે છે. આવી સ્થિતિનો નાશ કદી પણ સંભવી શકતો નથી. તમે એક વસ્તુ તૈયાર કરો છો પછી તમારે તે વસ્તુને જેનો જેનો ભય હોય તે સઘળાથી સાચવવી પડે છે પરંતુ ધારી લો કે તમે તૈયાર કરેલી વસ્તુને કોઇનો ભય હોયજ નહિ તો પછી તમારે એ વસ્તુને સાચવવાની જરૂર પડે છે ખરી? નહિ.

એજ રીતે ઉત્કૃષ્ટસ્થાન એવું છે કે તેના સઘળા શત્રુઓ છેદાઈ ગયા છે, ભેદાઈ ગયા છે, તેમનો સઘળાનો નાશ થઇ ચૂકયો છે અને એ સ્થાનને ભય આપનારોજ કોઈ રહ્યો નથી. હવે એવા સ્થાનનો નાશ કેવી રીતે હોઈ શકે? આત્મા ઉત્કૃષ્ટ પદવીને પામે છે ત્યારે તેના શત્રુઓનું નામનિશાન પણ બાકી રહેવા પામતું નથી. આથીજ એ સ્થિતિમાં પલટો લેવાપણું, નાશ થવાપણું કે ક્રાંતિ થવાપણું હોતું નથી એ સ્થિતિ હંમેશની છે. આ ઉત્કૃષ્ટની સ્થિતિ હંમેશની છે, તેવી જઘન્યની સ્થિતિ હંમેશની હોઇ શકે કે નહિ અને જો હોઈ શકે તો જઘન્યની સ્થિતિ પણ હંમેશની કેવી રીતે હોઈ શકે તે પ્રશ્ન હવે તપાસીએ.

**કડક બંગાલીની દશા.** તમે એ વાત જાણો છો કે આપણામાં એવી એક જાણીતી કહેવત છે કે "નાગો નહાય શું અને નીચોવે શું?" તમે ખાતરી માનજો કે જઘન્યની સ્થિતિ એ નાગાના જેવી સ્થિતિ છે! નાગો માણસ દેવું કરે છે. તમે તેના ઉપર દાવો કરો છો. કોર્ટમાં પુરાવાઓ રજુ કરો છો. કોર્ટ તમારી વાત કબુલ રાખે છે અને તમોને હુકમનામુ પણ કરી આપે છે પરંતુ તમે એ હુકમનામાની નાગાના ઉપર બજાવણી કરી શકવાના નથી. જે છૂટો માણસ હોય, જેને આબરૂની કિંમત હોય, જે સ્વતંત્ર હોય તેવો માણસ હુકમનામાથી ડરીને પૈસા આપી દે છે અથવા તો તે પૈસા ન આપે તો તમે જપ્તી કરીને પણ તમારા પૈસા વસુલ કરી શકો છો, પરંતુ જે આજન્મનો કેદી હોય તેની પાસેથી તમે તમારા પૈસા વસુલ કરી જ શકતાજ નથી. જઘન્ય દશા એ કડક બંગાલીની દશા છે એ વાત તમે ભૂલશો નહિ.

જઘન્યની દશા એટલે કેવી દશા છે તેનો વિચાર કરજો. જઘન્યદશામાં માત્ર એકલા પ્રાણુ સિવાય બીજું કાંઇ લેવાનું હોતુંજ નથી. આત્મા જે વખતે સૂક્ષ્મપણામાં એકેન્દ્રિય અવસ્થામાં હોય છે તે વખતે તેને અક્ષરના અનંતમા ભાગ જેટલીજ ચેતના હોય છે, એ સિવાય એ અવસ્થામાં તેને વધારે ચેતના હોતી નથી. કર્મની શક્તિ જઘન્યદશામાં ચાલી શકતી નથી તેનું એજ કારણ છે કે જઘન્યદશામાં આવી સૂક્ષ્મચેતના સિવાય બીજા કોઇપણ પ્રકારની ચેતનાનું અસ્તિત્વજ હોતું નથી.

**જઘન્યની ભયાનક સ્થિતિ.** જઘન્યની સ્થિતિ આવા પ્રકારની હોવાથી કર્મને ત્યાં કંઈપણ દબાવવાનું હોતું નથી. આથીજ જઘન્યની સ્થિતિ યાવત્ ટકી રહેનારી છે. આ સ્થિતિમાં ભરવાનું પણ કાંઇ નથી તેજ પ્રમાણે ખોવાનું પણ કંઇજ નથી. આથીજ એ સ્થિતિ હંમેશની ટકી રહે છે. ત્યારે એ ઉપરથી એવું સ્પષ્ટ થાય છે કે આ જગતમાં બે સ્થિતિ હંમેશની ટકી રહેવાવાળી છે એક તો ઉત્કૃષ્ટ સ્થિતિ અને બીજી જઘન્યની સ્થિતિ. ઉત્કૃષ્ટ અવસ્થા એને શાહુકારીની અવસ્થા કહો તો ચાલી શકે. અહીં શત્રુ નિર્મૂળ થયો છે, તેનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઈ દુશ્મન નથી, તેની પાસે કોઇ કાંઇ માગતું નથી એટલે તે અવસ્થા નિશ્ચળ છે. જઘન્ય અવસ્થા એટલે નાદારીની દશા છે. જઘન્ય શત્રુઓ ઘણા છે. માગનારાઓ ઘણા છે પરંતુ એ દશાજ પોતે એવી છે કે જેને કાંઇ ભરવા કરવાની ગતિજ રહી નથી. આ રીતે આ બે અવસ્થા નિર્મૂળ ન થયા સિવાય સદા સર્વદા માટે ટકી રહેવાવાળી છે. એકેન્દ્રિયપણામાં નિત્યપણું હોય છે પરંતુ એકેન્દ્રિપણું કેવું છે તે વિચારો. ત્યાં "અનંતકાયા અનંતાઓ"ની દશા હોય છે. પૃથ્વી આદિ પ્રત્યેક બાદર કે સૂક્ષ્મપણામાંથી એકેન્દ્રિયોને પસાર થવાનું હોય છે અને એ બધા માટે અસંખ્યાત ઉત્સર્પિણી જેટલો કાળ લાગે છે, એજ પ્રમાણે પ્રત્યેક બાદર વનસ્પતિકાય માટે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ લાગે છે પરંતુ સાધારણ વનસ્પતિ માટે સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં પણ અનંત અવસર્પિણી, ઉત્સર્પિણી કાળ લાગે છે.

**ગએલા અને રહેલા.** જે જીવ સાધારણ નિગોદમાં જાય છે તે જરૂર બહાર નીકળે છે. જો સાધારણ નિગોદમાં ગએલો પાછો નીકળતોજ ન હોત તો પછી કાયસ્થિતિ ગણી શકાત નહિ અર્થાત્ નિગોદમાં ગએલા બહાર નીકળે છે એ વાત સત્ય છે પરંતુ એમાં ગએલાનો અને રહેલાનો ભેદ છે તે તમારે ખાસ ધ્યાન રાખીને સમજવા જેવો છે. ગએલા એટલે કોણ તે પહેલાં સમજી લો. સૂક્ષ્મમાંથી જે બાદરમાં આવીને પછી નિગોદમાં જાય છે તે ગએલા છે. હવે રહેલા કોણ છે તે વિચારો. જે આત્માઓ હજુ કોઈ પણ એક વાર બહાર નીકળેલાજ નથી–સૂક્ષ્મ નિગોદિયાપણું છોડીને બહાર નીકળ્યાજ નથી અને નિગોદમાંજ પડી રહ્યા છે તે રહેલા છે. જે નિગોદમાં ગએલા છે તેને અનંત ઉત્સર્પિણી અવસર્પિણીની કાયસ્થિતિ છે તે વાત પણ સાચી છે પરંતુ જે નિગોદમાં રહેલા છે તેને નિગોદમાંજ નિત્યપણું છે એ પણ સત્ય છે. આ બંને પ્રકારનું અસ્તિત્વ નિગોદમાં ગએલા અને નિગોદમાંજ રહેલાની અપેક્ષાએ દેખવાનું છે, બીજી રીતે નહિ. નિગોદમાં જે નિત્યપણું છે તે આપણે જોતા નથી. શાસ્ત્રોમાં જે ઉપદેશ દેવાયો છે તે પણ વ્યવહારરાશિવાળાનેજ દેવાએલો છે, બીજાઓને દેવાએલો નથી. વ્યવહારરાશિમાં આવેલો જો નિગોદમાં જાય તો તે ત્યાં અનંત ઉત્સર્પિણી અવસર્પિણીના વનસ્પતિકાલથી વધારે કાળ તે રહેતો નથી.

નિર્લેપન કાળ એટલે શું છે તેનો અહીં વિચાર કરી લેવો જરૂરી છે. મનુષ્યપણામાં જેટલા જીવો છે તેમાંથી અનુક્રમે એક બે વગેરે જીવો મરી જાય એમ કાલાંતરે એવો કાલ આવે કે અત્યારના મનુષ્યોમાંનો કોઈપણ જીવ મનુષ્યપણામાં ન હોય અર્થાત્ બધા વર્તમાનકાલના મનુષ્યો બીજી મનુષ્ય સિવાયનીજ ગતિમાં ગયા હોય ત્યારે વચલો કાલ તે નિર્લેપન કાલ કહેવાય.

**મહાભારતથી એ મહામોટું** મનુષ્ય, તિર્યંચ, પંચેન્દ્રિયો, નારકી કે દેવતા એ સઘળાનો નિર્લેપનકાળ છે, પરંતુ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ એ સઘળાંનો નિર્લેપનકાળજ નથી. જો અનાદિથી નિગોદિઆ માની લઇએ તો એકજ એ વસ્તુ સિદ્ધ થાય છે કે ઉત્કૃષ્ટ સ્થિતિ હંમેશની છે તેજ પ્રમાણે જઘન્યસ્થિતિ પણે હંમેશની છે પરંતુ મધ્ય સ્થિતિ હંમેશની હોઇ શકેજ નહિ. મધ્યમ સ્થિતિ એ કર્મની સાથેનો **આત્માનો રણસંગ્રામ** છે. આ મહાયુદ્ધ વરસોથી ચાલતુંજ આવ્યું છે, તેમાં કોઇ વખતે જીવ જબરો થાય છે તો કોઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતે કર્મ જબરા થાય છે. જ્યારે જ્યારે આ મહાયુદ્ધમાં કર્મ જબરો બને છે ત્યારે ત્યારે માંહોમાંહે લડાઇ થાય છે, અને તેમાં જે જબરો હોય તે ફાવી જાય છે. તેથીજ આ સ્થાન નિત્ય ટકી રહેનારૂં નથી. ઘડીમાં એક સ્થિતિ હોય છે તો ઘડીમાં સંયોગો પલટાઇ જવાથી બીજીજ સ્થિતિ આવીને ઉભી રહે છે. એટલે આ મધ્યમપણામાં કોઇપણ સ્થિતિ ટકી રહેતીજ નથી. ઉત્કૃષ્ટ અથવા જઘન્ય અવસ્થામાં આ સ્થિતિ હોતીજ નથી, તેમાં તો કોઇ લડનારૂંજ હોતું નથી એટલેજ એ સ્થિતિ હંમેશાં ટકી રહેવાવાળી બને છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉત્તમ સ્થિતિરૂપ મોક્ષ અને જઘન્યપણું એ નિત્ય છે અને બીજી સ્થિતિઓ અનિત્ય છે.

**તીર્થંકરો પણ નિગોદમાં જાય!** હવે આ વસ્તુ તમે સમજ્યા હશો તો તમે આપણી જડ ક્યાં છે તે સારી પેઠે સમજી શકશો. આપણી પેઢીની જડ મનુષ્યપણામાં નથી, નારકીપણામાં નથી, દેવતાપણામાં નથી, તિર્યંચપણામાં નથી, તેમજ વિકલેન્દ્રિય, સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં પણ આપણી પેઢીની જડ નથીજ. પેઢીની જડ માત્ર કેવળ સૂક્ષ્મ વનસ્પતિમાંજ સમાએલી છે. જ્યારે આપણે આવા એકેન્દ્રિયપણામાંજ હતા તે વખતે આપણી સ્થિતિ કેવી હતી તેનો વિચાર કરો. એ વખતે આપણી સ્થિતિ એવી હતી કે બાળક કરતાં પણ આપણને સંકલ્પવિકલ્પ ઘણાજ ઓછા હતા. બાળક કાંઇ ભિન્નભિન્ન સંકલ્પ વિકલ્પને વશ થઇને રડતો નથી, તેને કાંઇ વિચારો કરવાપણું હોતું નથી અથવા તો તેને કાંઇ મેળવવા માટે સ્વપ્રયત્ન કરવાપણું પણ હોતું નથી. બાળક રડે છે ક્યારે? માત્ર એકજ સમયે. તમે જ્યારે તેને ખાવાનું ન આપશો તોજ તે રડશે, તે સિવાય તેને બીજા સંકલ્પવિકલ્પ કરવાપણું હોતુંજ નથી.

હવે જો આપણે એ સ્થિતિ સારી ગણીએ કે સંકલ્પવિકલ્પ ન હોય તે સ્થિતિ સારી છે પરિણામ શું આવશે તેનો વિચાર કરજો. આ સ્થિતિનું પરિણામ એ આવશે કે તમારે એકેન્દ્રિયપણાનેજ સારૂં માનવું પડશે, કારણકે એકેન્દ્રિયપણામાં સંકલ્પવિકલ્પને સ્થાનજ નથી. જો એકેંન્દ્રિયતા એ સારી સ્થિતિ ગણશો તો જેણે સમ્યક્ત્વ મેળવેલું હોય એવાઓને પણ એકેંન્દ્રિયપણામાં અર્થાત્ સૂક્ષ્મનિગોદમાં પાછા જવુંજ પડશે. આ હિસાબે તો જેણે ચાર જ્ઞાન મેળવેલાં હોય, જે ચાર જ્ઞાનનો ધણી હોય તેવાઓને માટે પણ સૂક્ષ્મનિગોદ આવશ્યક થઇ પડે છે.

**રખડંપટ્ટી કેમ રહી?** હવે એકેન્દ્રિયતાનેજ જો સારી સ્થિતિ માનીએ તો સૂક્ષ્મનિગોદમાં આત્માને એકેન્દ્રિયતાજ હતી અર્થાત્ ત્યાં આત્મા એકેન્દ્રિય દશામાંજ હતો અને એકેન્દ્રિય દશામાં હોવાથી તે સંકલ્પો વિકલ્પોથી પણ રહિત હતો તો પછી ત્યાંજ તેને મોક્ષ શા માટે મળી ન ગયો? અને એક ભવમાંથી તેને બીજા અનેક ભવોમાં શા માટે રખડંપટ્ટી કરવી પડી હતી? આ પ્રશ્ન તમારે ધ્યાનપૂર્વક વિચારી જોવાનો છે. જેઓ જગતને બાળકાનુસારી બનાવવાની વાતો કરે છે, બાળકોની નિર્દોષતાની જેઓ લાંબી લાંબી વાતો હાંકે છે, તેમણે જાણવાની જરૂર છે કે આ નિર્દોષતા એ કાંઇ કાર્યસાધક નિર્દોષતા નથીજ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અજ્ઞાન દશામાં જે સંકલ્પવિકલ્પરહિતાવસ્થા છે તે કલ્યાણ આપનારી નથીજ અર્થાત્ બાલાનુસારિપણું એ મિથ્યા છે એવું સહજ જણાઈ આવે છે.

જેમ બાલાનુસારિપણું ઇચ્છવા યોગ્ય નથી તેજ પ્રમાણે તરૂણાનુસારિપણું પણ ઇચ્છવા યોગ્ય નથીજ. તમે કહેશો તે જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેમાં તીવ્ર ઉદ્યમ કરી શકે છે તેજ જુવાન છે બીજો શરીરે અલમસ્ત તે જુવાન નથી, તો પછી આવા જુવાન માણસને અનુસરવામાં અને તરૂણાનુસારિપણાની તરફદારી કરવામાં શું વાંધો છે? વળી દીક્ષાના સંબંધમાં કોઇ એવી દલીલ પણ કરી શકે છે કે દીક્ષા એ કાંઇ રમત જેવી ચીજ નથી. સંસારીની દૃષ્ટિએ તો દીક્ષા એ લોખંડના ચણા ચાવવા સમાન છે તો પછી એ દીક્ષામાં ઘરડોખોખરો કેવી રીતે પહોંચી શકે? અહીં તો તરૂણ હોય તેજ કામ લાગી શકે!

**આચારાંગસૂત્ર શું કહે છે?** તમારી આ શંકાનો પણ જવાબ શાસ્ત્રકાર મહારાજાઓએ પુરીપુરી રીતે આપીજ રાખ્યો છે. જુવાનીમાં ચારિત્ર લેવાની યોગ્યતા છે એમ આપણે માનીએ છીએ. આચારાંગસૂત્રમાં પણ લખ્યું છે કે "મધ્યમવય" મધ્યમવય એ પદ ત્યાં લખ્યું છે તે સંબંધમાં વ્યાજબી અધિકાર ધ્યાનમાં લેવો જોઈએ. આચારાંગસૂત્રમાં જણાવેલો એ પ્રસંગ વિચારવા યોગ્ય છે. તેમાં જણાવ્યું છે કે એક સાધુ હતો. આ સાધુ એક વસ્ત્રથી, બે વસ્ત્રથી અથવા તો અચેલક રહેતો હતો. તે સાધુ એકવાર ગોચરી લેવા ગયો. ત્યાં એને ઠંડી લાગી અને ઠંડીથી તે ધ્રૂજવા લાગ્યો. સાધુને ધ્રુજતો જોઇ પેલા ગૃહસ્થને શંકા થઇ આવી કે આ સાધુ શા માટે ધ્રૂજતો હશે? શું તે ટાઢથી ધ્રૂજે છે કે મારી પત્નીને જોઇ તે વિકારવશ થઇને ધ્રૂજે છે? સાધુ મહારાજ અહીં પેલા ગૃહસ્થને ઉત્તર આપે છે કે હે મહાનુભાવ! હું ઠંડીથી થરથરૂં છું, વિકારથી ધ્રૂજતો નથી. અહીં વિકારના કારણનો સદ્ભાવ લાગે છે અને તેથી તેનું નિવારણ કરવાની જરૂર પુરતું અહીં સૂત્ર છે.

**ખોટી વીતડાંજ કરવી છે!** આચારાંગસૂત્ર હો કે બીજું કોઇ સૂત્ર હો પરંતુ જેમને પ્રકરણ દેખવું નથી, પ્રકરણનો પ્રસંગ દેખવો નથી અને માત્ર શબ્દો દેખીનેજ કુટાકુટ કરવી છે તેઓજ ગમે તે સૂત્રોના ગમે તેવા અર્થો કરી શકે. બાકી બીજા તો કોઈપણ પ્રસંગે અર્થનો અનર્થ નજ કરી શકે. આચારાંગસૂત્રમાં લખેલી મધ્યમવય તે આવા અભિગ્રહો અને આવી તપસ્યાઓઓને માટેજ લાયક છે એજ આ પ્રસંગનો અર્થ છે. આવા પ્રસંગોમાં બાળક કે વૃદ્ધને અનુસરવું એ નકામું છે. બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા બંને આવા પ્રસંગો માટે અયોગ્ય હોઇ મધ્યમવય અહીં જરૂરની છે એટલોજ શાસ્ત્રકારનો કહેવાનો માત્ર હેતુ છે. 'યુવાન'નાઉત્સાહની તો કોઈનાથી પણ ના પાડી શકાય એવું છેજ નહિ. તે આશા અને ઉત્સાહનું પુતળું છે. આશા અને ઉત્સાહથી તે ભરેલો છે અને આશા અને ઉત્સાહ એજ તેનું જીવન છે પરંતુ તેજ સાથે એક એ વાત પણ યાદ રાખવાનીજ છે કે યુવાનો વગર દારૂ પીધે સવાશેર દારૂની ઘેનવાળા હોય છે. યુવાનીની જો કોઈ સારામાં સારી વ્યાખ્યા આપી શકાતી હોય તો તે વ્યાખ્યા એ છે કે "**युवानी एटले क्षणिक विचारोनुं स्थान!**"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**યુવાની કેવી હોય?** યુવાની કેવી હોય છે તે વસ્તુ જરા ખ્યાલમાં લેશો ત્યારે એના દોષો પણ તમારાથી સમજાશે. યુવાનીમાં વૃત્તિ ચંચળ હોય છે. આજે જયાં પ્રીતિ હોય છે ત્યાંજ કાલે યુવાનીવાળો અણબનાવ કરી બેસે છે, જે દુઃખો જે રોગો વૃદ્ધ ખમી શકે છે તે સઘળું યુવાન ખમી શકતોજ નથી. વૃદ્ધ પોતાના ઉપર સંકટ આવી પડે છે તે પણ વેઠી લે છે પરંતુ પોતાના તપમાંથી, વ્રતમાંથી અથવા તો વિચારમાંથી તે ડરતો નથી ત્યારે યુવાનની સ્થિતિ એનાથી સર્વથા વિપરીતજ હોય છે. યુવાન ઘડી ઘડીમાં ગભરાઇ ઉઠે છે, ઘડી ઘડીમાં અકળાઇ ઉઠે છે અને ન કરવાનું તે કરી બેસે છે. દિવાની અને ફોજદારી કેસોમાં જે દાવાઓ ચાલે છે તેના વાદી અને પ્રતિવાદી બંનેમાં જોશો તો પોણોસો ટકા કરતાં વધારે ભાગ યુવાનોનોજ નજર પડશે. યુવાની એ એવી ગરમ દશા છે તેનો એના ઉપરથી ખ્યાલ લાવવો જરૂરી છે.

વ્યવહારમાં પણ આપણે એજ નિયમ જોઇએ છીએ કે યુવાનને જોખમદાર ઓદ્ધાઓ ઉપર ચઢાવી દેવામાં આવતા નથી. ખાસ કરીને યુરોપ જેવા કેળવાએલા દેશોમાં પણ જોખમદારી ભરેલા ઓદ્ધાઓ માટે પરિણીતોનેજ વધારે પસંદ કરવામાં આવે છે. આ સઘળાનો હેતુ યુવાની ઉપર અંકુશ મૂકવાનો છે એજ સ્પષ્ટ થાય છે. વાઇસરોય, ગવર્નરજનરલો કે એવાજ બીજા સ્થાનો ઉપર યુવાનોનેજ લાવીને નીમીદેવાની પ્રદ્ધતિ નથી. મોટી જગાઓ પુરતાં પહેલાં નીચલા દરજ્જાઓનો અમુક વરસોનો અનુભવ હોવોજ જોઇએ એવું ઠરાવવામાં આવે છે. કોલેજો ઇત્યાદિ સ્થળે પણ પ્રેકટીકલ જ્ઞાનનેજ જરૂરી લેખવામાં આવે છે. કોઇ તરૂણ પોતાને ઘેર બેઠાં બેઠાં વકીલાતના કે દાકતરીના બધા ચોપડા વાંચી નાખે તેથીજ તેને નિષ્ણાત માની લઈને પરીક્ષાઓમાં બેસવા દેવામાં આવતો નથીજ. પરંતુ જો તેણે અમુક પ્રેકટીકલ નોલેજ લીધું હોય તોજ તેને પરીક્ષાઓને માટે યોગ્ય લેખે છે.

**ખતાજ ખાવી પડે.** આ સઘળાનો હેતુ એજ છે કે યુવાનોની ઉચ્છૃંખલતાને કોઈ રીતે અપનાવી લેવાનું યોગ્ય નથી. યુવાનોમાં જોમ-શક્તિ હોય તે વાત માન્ય છે, પરંતુ તે સાથે એ વાત પણ તેટલી સ્પષ્ટ છે કે તેમનામાં મગજનું પણ ચલિતપણું હોય છેજ. આવા યુવાનોનેજ જેઓ અનુસરવાની હઠ લઈ બેસે છે તેવાઓ જરૂર ખતાજ ખાય છે.

એક વખતે એક રાજાએ પોતાના દરબારના સભાસદોની પરીક્ષા કરવા માંડી, તેણે પોતાના સભાસદોને પ્રશ્ન કર્યો કે-તમારા સઘળામાં મને અને મારા રાજ્યને કોણ વધારે ઉપયોગી થઇ પડે એમ છે યુવાનો કે વૃદ્ધો? વૃદ્ધોએ જવાબ આપ્યો કે, "ખાતરીથી માનજો કે વૃદ્ધો એજ રાજદરબારની શોભા છે અને વૃદ્ધોથીજ આપની પ્રતિષ્ઠા છે માટે અમે તો કહીએ છીએ કે વૃદ્ધોજ વધારે ઉપયોગના છે". હવે રાજાની આંખો તરૂણો તરફ વળી. તેણે તરૂણોને પૂછયું કે-ભાઈ તમે જવાબ આપો વૃદ્ધો વધારે ઉપયોગના કે તરૂણો? તરૂણો કહે મહારાજા! ખરૂં પૂછો તો આ એકે એક ડોસલાને ગુજરીમાં લઈ જઇ વેચી આવવા જોઇએ અથવા તો તેમને ખોડાં ઢોરની પાંજરાપોળમાં રવાના કરી દેવા જોઈએ. તેઓ આપનો પગાર હરામનોજ ખાય છે. જયારે લડાઇનો પ્રસંગ પડે છે ત્યારે અમારેજ તલવાર લઈને રણમાં દોડવું પડે છે, માટે અમારી તો ખાતરી છે કે આ ડોસલાઓ નકામા છે અને અમે તરૂણોજ વધારે કામના છીએ. રાજા પોતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજુ હતો. તે યુવાનો અને વૃદ્ધો એ બેમાં શ્રેષ્ઠ કોણ છે તે સમજતો હતો. તેને વિચાર થયો કે મારે આ તરૂણોને શી રીતે સમજાવવા અને વૃદ્ધોજ વધારે ઉપયોગી છે એ વાત તેઓને શી રીતે સાબીત કરી આપવી? છેવટે રાજાએ એક ઉપાય શોધી કાઢયો અને પેલા તરૂણો અને વૃદ્ધોને ઉદ્દેશીને એક ગૂઢ પ્રશ્ન કર્યો.

**તલવાર અહીં નકામી છે.** રાજાએ કહ્યું કે વૃદ્ધો પોતાને મોઢે વૃદ્ધોની પ્રશંસા કરે અને તરૂણો પોતાનેજ મોઢે તરૂણોની પ્રશંસા કરે એમાં કાંઇ દહાડો વળવાનો નથી. આ હું પ્રશ્ન પૂછું છું તેના જે બુદ્ધિપૂર્વકના ઉત્તર આપશે તેનેજ હું સાચા ઉપયોગી માનીશ. "ધારો કે એક વાર એવો પ્રસંગ બન્યો કે કોઈએ મારી છાતીમાં લાત મારી તો તમે તેને શું સત્કાર આપશો?" મહારાજાનો પ્રશ્ન સાંભળતાંજ તરૂણો પોતે તલવાર ખખડાવતા ઉભા થઈ ગયા, અને તેઓ બોલ્યા હેં! છાતીમાં લાત અને તે પણ આપને! તરતજ અમારી તલવાર કાઢી લાત મારનારના બંને પગો છેદી ભેદી નાખીએ, તેના ચુરેચુરા કરી નાખીએ અને આપની આબરૂ જાળવીએ." મહારાજાએ કહ્યું, "મારા તરૂણ મિત્રો! હવે જરા ધીરા પડો! અહીં તલવાર કાઢવા-નોજ ખરેખરો પ્રસંગ નથી. મારી સામે કોઈએ ખરેખર તલવાર કાઢી હોય અથવા કોઇએ લાત મારી હોય તોજ તમો તેને લાત મારો અથવા તલવાર કાઢીને તેને ઠેકાણે પાડો તે વ્યાજબી કહી શકાય, પરંતુ અહીં કોઈ લાત મારતું નથી કે અહીં કોઇ તલવાર કાઢતું નથી; પછી તમારી તલવાર અહીં શું ઉપયોગમાં આવી શકવાની હતી?

**લાત મારનારને ફૂલે વધાવીએ.** મહારાજાએ તરૂણોને આમ સમજાવ્યા અને પછી તેમને કહ્યું કે, ભાઈઓ! અહીં તો બુદ્ધિનીજ જરૂર છે માટે તમારી બુદ્ધિ ચલાવો અને આવે પ્રસંગે તમે શું કરો તેનોજ જવાબ દ્યો. તલવાર ખેંચી કાઢીને ઉભા થઇ જવાની જરૂર નથી. તરૂણો તો બિચારા મહારાજાનું આ કથન સાંભળીને શરમિંદાજ બની ગયા. હવે વૃદ્ધોનો વારો આવ્યો. વૃદ્ધોએ કહ્યું મહારાજ! અમે તરત ઉત્તર આપી શકીએ એવું નથી. ઉત્તર મેળવવા માટે અમોને અરધા કલાકની રાહતની જરૂર છે. મહારાજાએ તે વાત કબુલ રાખી અને વૃદ્ધોને જવાબ આપવાને માટે અરધા કલાકની રાહત આપી. વૃદ્ધો ઉઠીને એક ખાનગી ઓરડામાં ગયા ત્યાં તેમણે ચર્ચા ચલાવી અને પછી ત્યાંથી આવીને મહારાજાને ઉત્તર આપ્યો કે મહારાજ આપના પ્રશ્નનો ઉત્તર એ છે કે જે કોઇ આપની છાતીમાં લાત મારે તેની અને ફુલોથી પૂજા કરીએ! મહારાજ આ ઉત્તર સાંભળીને ખુશખુશ થઇ ગયા. તેમણે કહ્યું, મારા વૃદ્ધ મિત્રો! તમારો ઉત્તર ખરેખર સારો છે અને બુદ્ધિના ચમત્કારથી ભરેલો છે માટે હું તમારા ઉપર ખુશ થાઉં છું અને તમોને ઈનામો આપવાનું જાહેર કરૂં છું.

**બાપુ! અકળાશો નહિ.** મહારાજાનું આ બોલવું સાંભળીને પેલા જુવાનીઆઓ ચડભડી ઉઠયા. તેમણે કહ્યું, "મહારાજ! આ શો જુલમ? અમે આપને માટે મરવા તૈયાર થયા તે છતાં અમોને તેનું કાંઇજ ઇનામ નહિ અને આ ડોસલાઓ તમારી છાતીમાં લાત મારનારને ફૂલે પૂજવા તૈયાર થયા તેમને ઈનામ! મહારાજાએ કહ્યું, મિત્રો! તમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અકળાઇ ન ઉઠો. તમોને તમારી ભૂલ એ ડોસલાઓજ દર્શાવી આપશે. પછી મહારાજાએ એક વૃદ્ધને કહ્યું કે-તમે જે જવાબ આપ્યો છે તે બુદ્ધિની ચતુરાઇથી ભરેલો છે, પરંતુ હવે તે જવાબ તમે અહીં આ યુવાન મિત્રોને સમજાવી બતાવો. એક વૃદ્ધ આ ઉપરથી ઉભો થયો અને તેણે કહ્યું, "આ પ્રસંગ કાંઇ ખરેખર લડાઇનો નથી અથવા ખરેખર તો કોઇ મહારાજા સાહેબને લાત મારવા પણ તૈયાર થવાનું નથી. માત્ર આ બુદ્ધિનો પ્રશ્ન છે અને તેનો તેજ રીતે જવાબ પણ દેવાની જરૂર છે. જુઓ ભાઇઓ! મહારાજાની છાતીમાં કાં તો મહારાજાશ્રીની પત્ની અથવા તો પુત્રોજ લાત મારી શકે અથવા તો મહારાજાશ્રીનો એવો કોઇ મહાબળવાન્ અને રણકળા-કુશળ શત્રુ હોય તેજ મહારાજાની છાતીમાં લાત મારી શકે!"

**બુદ્ધિની બલિહારી.** મહારાજાની પત્ની અથવા તો તેમની સંતતિ મહારાજાને લાત મારી અવિનય કરે છતાં તેઓ મહારાજાની ક્ષમાને તો પાત્રજ છે અને એમને મહારાજા ગમે તેવી સજા કરે પરંતુ એ રાજકુળ હોવાથી આપણે તો તેમની ફૂલોથી પૂજાજ કરીએ એમાં શકજ નથી. હવે એ સિવાય બીજો જે કોઇ મહારાજાને લાત મારનારો હોય, તો તે મહારાજાનો મહારાજાથી વધારે બળવાળો શત્રુજ હોવો જોઇએ, તે મહારાજાનો પરાજય કર્યાં પછીજ મહારાજાને લાત મારી શકે અને તે આપણો નવો મહારાજાજ થાય; તો એ નવા મહારાજાને પણ આપણે તો ફૂલે પૂજવોજ રહ્યો! અર્થાત બુદ્ધિકૌશલ્ય માટે મહારાજાશ્રીએ પૂછેલા પ્રશ્નનો અમે આપ્યો છે તેજ એક માત્ર વ્યાજબી ઉત્તર છે. મહારાજાએ આ વાણી સાંભળી પેલા તરૂણો તરફ જોયું અને તેમને કહ્યું, "ભાઇઓ! જોયું, આનું નામ તે બુદ્ધિની બલિહારી. હવે તમેજ કહો કે બુદ્ધિ વગર શું એકલા બળથી રાજ્ય ચાલી શકે ખરૂં? બુદ્ધિ હોય તો બળ તો ભાડુતી પણ ભેગું કરી શકાય, પરંતુ બળથી કાંઇ ભાડુતી બુદ્ધિ લાવી શકાતી નથી.

**પ્રાચીન કાળ જુઓ.** મહારાજાના આ શબ્દો યુવાનોને પણ પસંદ પડયા અને તેમણે છેવટે વૃદ્ધોનીજ મહત્તાને કબુલ રાખી. આપણે અત્યારે પણ જોઇએ છીએ કે સરકારને કોઇ ખાસ પ્રશ્ન ઉપર વિચાર ચલાવવાનો હોય છે ત્યારે તે વૃદ્ધોનીજ સલાહ લે છે. ખાસ કામ પ્રસંગે સરકાર યુવકસંઘની સલાહ માગતી નથી, પરંતુ જેઓ પેન્સનરો છે એવાઓને ભેગા કરીને તેમનીજ સલાહ લેવામાં આવે છે અને તે પ્રસંગે તેમનેજ માન મળે છે. પેન્સન કાંઇ વગર શરતે આપી દેવાતુંજ નથી. પેન્સન આપવામાં પણ એવી શરત તો જરૂર હોય છે કે જ્યારે રાજ્યનું કાર્ય હોય ત્યારે પેન્સનરોએ આવીને જરૂર હાજર થવું. પ્રાચીન-કાળનો ઇતિહાસ તમે તપાસશો તો તમોને માલમ પડશે કે જ્યારે યુવાન રાજાઓ ગાદીએ બેસતા હતા ત્યારે વૃદ્ધોને તેમના સલાહકાર તરીકે નીમવામાં આવતા હતા અને વૃદ્ધોની સલાહ પ્રમાણેજ યુવાનો પોતાનું વર્તન રાખતા હતા. હવે તમે જરા ઉપર કહેલા દૃષ્ટાંત ઉપર તમારૂં ધ્યાન સ્થિર કરો અને મહારાજાને તરૂણોએ તથા વૃદ્ધોએ આપેલા પ્રશ્નોના ઉત્તરોનો મર્મ વિચારો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વૃદ્ધાનુસારિત્વ એજ ગુણ.** તરૂણોએ એકદમ ઉછાછળો ઉત્તર આપી દીધો અને લડવાને માટે તલવાર ખેંચી કાઢી! પરંતુ વૃદ્ધોએ પ્રશ્નોનો મર્મ સમજીને તેનો વ્યાજબી ઉત્તર વાળ્યો. યુવાનોના વિચારો ક્ષણિક આવેશથી ભરેલા અને અઠરેલપણાવાળા હોય છે. યુવકોમાં આ ખામી છે અને બાળકોની અસંકલ્પવિકલ્પતા તેના અજ્ઞાનને આભારી છે, આથીજ આ પરમ પ્રતાપી જૈનશાસને શ્રાવકોના લક્ષણમાં વૃદ્ધને અનુસરવું એજ ગુણ કહ્યો છે. અને તરૂણ અથવા તો બાળકને અનુસરવું એને ગુણ માન્યો નથી. અર્થાત્ વૃદ્ધને અનુસરવું એજ શ્રાવકનો ગુણ ઠરે છે. વૃદ્ધ પોતાના જીવનમાં જે જે અનુભવો મેળવે છે તે કાંઇ અમસ્તો અથવા તો મફત મેળવી લે છે એમ તો માનતાજ નહિ. પગલે પગલે તે ઠોકર ખાય છે, પગલે પગલે તેને ધપ્પા પડે છે ત્યારેજ તેને જ્ઞાન મળે છે. આવી રીતે વૃદ્ધે મેળવેલું જ્ઞાન એ તેની મોટામાં મોટી કિંમત આપીને મેળવેલું જ્ઞાન છે પરંતુ જે તરૂણ વૃદ્ધને અનુસરે છે તે તરૂણને તો એ અપાર જ્ઞાન વગર પૈસેજ મળી જવાનું છે. એ જ્ઞાનને માટે તેને વધારાનો એક પણ પૈસો ખરચવાનો હોતોજ નથી.

**ધપ્પા પર ધપ્પાજ પડે.** રાજાને નવો પ્રધાન જોઇતો હોય તો તે પ્રધાન એવો શોધે છે કે જે પોતાની પહેલાંના સમયના પ્રધાનોની કીર્તિ અને પોતાના પહેલાંના પ્રધાનોને જાણવાવાળો હોય. સેનાપતિ જોઇતો હોય તો તે પણ એવો શોધે છે કે જે પહેલાંના સેનાપતિના વૃત્તાંતોને જાણવાવાળોજ હોય. આ સઘળા ઉપરથી વૃદ્ધાનુસારિપણાની મહત્તાજ સમજાવા પામે છે. વૃદ્ધોની સેવા એટલે વગર પૈસાનો અનુભવ, વગર ફીનું જ્ઞાન, વગર ફીની કોલેજ! વૃદ્ધોનો અનુભવ ન શીખીએ તો પરિણામ એ આવે છે કે ધપ્પા ઉપર ધપ્પા પડેજ જવાના અને તાલકું પણ બેસી જવાનું! આથી સ્પષ્ટ થાય છે કે ભૂતકાળની જે જિંદગી છે તેમાં બનેલા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે જગતમાં ભૂતકાળમાં બનેલા બનાવો પોતાનું શુભ ઈચ્છનારાએ ખ્યાલમાં રાખવાજ પડવાના, અને તેથીજ એ ભૂતકાળના બનાવોના ઈતિહાસ-ગ્રંથો રૂપી વૃદ્ધોની તમારે સેવા કરવીજ પડવાની. જે તરૂણ આવા વૃદ્ધોની સેવા કરવા અર્થાત્ તેમને પગલે ચાલવા ના પાડે છે તે તરૂણ બેશક ભૂતકાળનો ઇતિહાસ વાંચવાની ના પાડે છે એમજ કહી શકાય.

**અસંજ્ઞી આત્મા કોણ?** વૃદ્ધોની સેવા આ રીતે પરમોપયોગી ઠરે છે પરંતુ તે છતાં અહિં યાદ રાખવાનું છે કે આ સેવા માત્ર આ જિંદગીને માટેજ છે. શાસ્ત્રકાર મહારાજાઓ તો એમ સ્પષ્ટ રીતે કહે છે કે જે આત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન જિંદગીના વિચારો નથી કરતો તેવો આત્મા અસંજ્ઞી છે. જે આત્મા ત્રણે જિંદગીનો વિચાર નથી કરતો તેવો આત્મા અસંજ્ઞી કહેવાય છે. આથીજ શાસ્ત્રકાર મહારાજાઓ જૈનત્વની ગળથુથી પાવી એને બહુજ જરૂરી ગણે છે. જો એ ગળથુથી પાવામાં આવી હોય તો એ ગળથુથીને પ્રભાવેજ આત્મા પોતાની ત્રણે કાળની જિંદગીની વિચારણા તરફજ અવશ્ય દોરવાય છે. આત્મા અનાદિનો છે, કર્મસંયોગ અનાદિનો છે અને ભવ પણ અનાદિનો છે એ ગળથુથી જો પાવામાં આવી હોય અને તે જો આત્મામાં પચી ગઇ હોય તો તેથી કેવા મહાન્ ફાયદાઓ થાય છે તે પરમોપકારી ભગવાન્ શ્રીજિનેશ્વરદેવોના શાસ્ત્રને આધારે હવે જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ભયંકર ભાગીદારી

## વિવેકવાળો કોણ ?

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજા ભવ્ય જીવોના કલ્યાણ માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથમાં ધર્મોપદેશ આપતાં જણાવે છે કે–આ સંસારમાં જે આત્મા ધર્મિષ્ઠ છે, જે આત્માની આત્મકલ્યાણની ઈચ્છા છે, જે આત્મા ભવભીરૂ અર્થાત્ આ મહાભયંકર ભવથી ભય પામનારો છે અને જે આત્મા મોક્ષનોજ અર્થી છે તેણે તો પોતાનાજ આત્મકલ્યાણને માટે પોતાની ભૂત, વર્તમાન અને ભવિષ્યની જિંદગીનો અવશ્ય ખ્યાલ કરવોજ ઘટે છે. જે પોતાની આ ત્રણે પ્રકારની અવસ્થાનો ખ્યાલ કરી શકતો નથી અથવા જે ખ્યાલ કરવાજ માગતો નથી તે અવશ્ય સમજુ ગણી શકાતો નથી. આ જગતમાં જે મનુષ્ય ભૂતઆદિ ભિન્ન ભિન્ન કાળોનો વિચારજ નથી કરતો તે મનુષ્યને આપણે શૂન્યમનવાળો કહીએ છીએ આ વાત વ્યવહારની દૃષ્ટિએ જોઈ. હવે ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ શાસ્ત્રકાર મહારાજાઓએ વિચારશૂન્ય કોને ગણ્યા છે તે જોઇએ. આ સંબંધમાં જૈનશાસને અર્થાત્ કે જૈનશાસનના સર્વનું કલ્યાણ સાધનારા આગમોએ સ્પષ્ટ નિર્ણય આપીજ દીધેલો છે.

**જુઓઃ આ ભાગ્યશાળી આત્મા !** 'ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ વિચારશૂન્ય કોને ગણવામાં આવ્યા છે તેનો વિચાર કરતાં માલમ પડે છે કે જે આત્માને પોતાની ભૂત, વર્તમાન અને ભવિષ્યની સ્થિતિને અંગે ભય થતો નથી તે આત્માઓ વિચારશૂન્ય છે. જગત માત્ર આ જિંદગી પુરતો વિચાર કરે છે તેને વિચારવાળો માને છે કારણ એ છે કે જગતે આ જીંદગી પુરતોજ વ્યવહાર માની લીધો છે અને તેથીજ જે આત્મા આ જિંદગી પુરતોજ વિચાર કરે છે તેને પણ જગતે વિચારશીલ માની લીધો છે. જગતની વિચાર મર્યાદા કેટલી છે તેનો વિચાર કરીએ છીએ એટલે માલમ પડે છે કે જગતની વિચારમર્યાદાજ ટુંકી છે. ટુંકી એટલે આ જિંદગી પુરતીજ. કોઈ આત્મા સારા કુળમાં જન્મ્યો અથવા ખાનદાન કુળમાં જન્મ્યો એટલે સંસાર તે આત્માને ભાગ્યશાળી આત્મા કહી દે છે. જે માણસ પૈસેટકે ભરપુર હોય, ઘોડાગાડી વગેરેથી યુક્ત હોય, રાજસભાઓમાં જે સત્તાધારી હોય, તેને દુનિયા ભાગ્યશાળી કહી દે છે. જગત આ રીતે ભાગ્યશાળિપણાની મર્યાદા આ એકજ જન્મ પુરતી બાંધે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**"શરીરે સુખી તો સુખી સર્વ વાતે!"** જગતની આ મનોદશાનું પૃથક્કરણ કરીએ તો માલમ પડે છે કે જગતના વિચારનું સર્કલજ લાંબે જઇ શકે એવું નથી. તેને આ જન્મ પુરતી મોજ દેખાઇ, આ જન્મ પુરતો માણુસ સુખી દેખાયો એટલે તે કહી દેશે કે, "અહો ભાઈ ફલાણો માણુસ કેવો સુખી અને સમૃદ્ધિશાળી છે! આ જન્મમાં સુખી દેખાતો માણુસ આવતા જન્મને માટે પાપની મહા ભયંકર સામગ્રી એકઠી કરતો હોય તેની આ જગતને પરવા નથી. આ ભવે સુખી દેખાતો આત્મા આવતે ભવે નારકી દશામાં, તિર્યંચ દશામાં અથવા તો તેથીએ અધમ દશામાં રખડવાની સામગ્રી એકઠી કરતો હોય તે વાત સંસાર જોવાની ના પાડે છે. દુનિયાને હવે પછીની જિંદગી કેવી આવશે તેનો વિચાર નથી, તેને તેની પરવા નથી, આગળ વધીને એમ કહીએ તો પણ તે ખોટું નથી કે જગતની એટલી લાંબી દૃષ્ટિજ નથી! એજ પ્રમાણે આ ભવે સુખી દેખાતા આત્માના ગયા ભવો કેવા ભયંકર અને પાપી હશે તથા એ ભવોમાં એણે કેવાં કેવાં કામો કર્યાં હશે તે જોવા જાણુવાની પણ જગતને જરૂર નથી.

**અપ-ટુ-ડેટ થર્મોમિટર!** જગતનું થર્મોમિટર કેવું છે તે આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ તેનું થર્મોમિટર એવું છે કે આ જિંદગી સારી તો બધુંજ સારૂં અને આ જિંદગી ખરાબ તો બધુંજ ખરાબ! દુનિયાનું આ થર્મોમિટર છે અને આ થર્મોમિટર વડે દુનિયા બધાજ આત્માઓને માપવાની વાત રાખે છે. જગતનું આ થર્મોમિટર માન્ય રાખવું અથવા તો આ ભવ સારો તો બધુંજ સારૂં અને આ ભવ ખરાબ તો બધુંજ ખરાબ એવું માની લેવું એનુંજ નામ "लोकसंज्ञा" વર્તમાન જિંદગીનેજ મહત્વ આપવું અને તેનેજ મોખરે ચાલવું એને શાસ્ત્રકારોએ લોકસંજ્ઞા કહી છે. તમે આખા જગત તરફ જુઓ, અથવા જગતના એક માણુસ તરફ જુઓ, એક પશુ જુઓ, એક ઢોર જુઓ, કે એકેન્દ્રિય પ્રાણી જુઓઃ પરંતુ તમોને તરતજ માલમ પડશે કે એ બધાં એકજ જિંદગીના વિચારે ચાલી રહ્યાં છે. કેવળ વર્તમાન જિંદગીના એટલે ચાલુ જિંદગીના વિચાર માત્રથીજ સૌ કોઇ પોતાનો સમય નિર્ગમે છે.

**જગતનો વિચિત્ર વિચાર** આ જિંદગી સારી તોજ સઘળું સારૂં અને આ જિંદગી માઠી તો સઘળુંજ માઠું આ જગતની ભ્રામક માન્યતા છે. ભૂતકાળની અનેક જિંદગીઓ ખરાબ હોય અને વર્તમાનની એકજ જિંદગી સારી આવી હોય તેની આ જગતને પરવા અથવા ચિંતા નથી અથવા ભવિષ્યની જિંદગીઓ પણ ખરાબ આવવાની હોય તેનીએ આ સંસારને ચિંતા નથી. માત્ર ચાલુ જિંદગી સારી હોય એટલે તેને બસ છે-તે બધુંજ સારૂં માને છે. એજ રીતે ભૂતકાળની જિંદગીઓ સારી હોય, ભવિષ્યની જિંદગીઓ પણ સારી આવવાની હોય છતાં પણ જો ચાલુ જિંદગી ખરાબ હોય તો તેને આ જગત બધુંજ ખરાબ માને છે અર્થાત્ ભૂત અને ભવિષ્યની જિંદગીની શુભાશુભતા એ સારાપણું નહિ પરંતુ વર્તમાન જિંદગીનીજ શુભાશુભતા એજ સારાપણું છે એવો આ જગતનો વિચાર છે. આ વિચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાભયંકર હોઈ આ વિચારનેજ શાસ્ત્રકારો— "नास्तिकता" કહે છે. નાસ્તિકપણાની જડ જો કોઇ સ્થાને રહેલી હોય તો તે આજ સ્થળે રહેલી છે.

**નાસ્તિકતાને ભય ક્યાં છે?** જે સ્વભાવથીજ નાસ્તિક છે તે ભૂતકાલીન જિંદગી કે ભવિષ્યકાળની જિંદગીને પ્રથમ તો માનતોજ નથી. ભૂત અને ભવિષ્યની જિંદગીને જો નાસ્તિકો માનતા નથી તો પછી એ સંબંધમાં તેમનો શો સિદ્ધાંત હોવો જોઇએ તે જોઇએ. નાસ્તિકોનો મુદ્રાલેખ શું હોવો જોઇએ તે વિચારીએ. ભૂત અને ભવિષ્યની જિંદગીને અંગે એને ન મનાવીએ તો એની માન્યતામાં એને કાંઇ મુશ્કેલી કે અડચણ જણાતી નથી. ભૂત અને ભવિષ્યની જિંદગીને જ્યાં માનવાનો પ્રસંગ આવે છે ત્યાંજ એને અડચણ આવે છે. નાસ્તિકોને પણ આ જિંદગીને અંગે તો પાપપૂણ્ય, સુખદુઃખ, જીવતત્ત્વ વગેરે માનવામાં ઠરી પણ અડચણ આવતી નથી. માત્ર અડચણ આવે છે પુનર્ભવ માનવામાંજ!! નાસ્તિકો અને આસ્તિકોની વચ્ચે જો કોઇ મહત્વનો ભેદ હોય તો તે એટલોજ છે કે નાસ્તિકો આ એકજ જન્મ માનીને ચાલે છે અને ભૂતભવિષ્યના જન્મનો કાંઇ વિચારજ કરતા નથી ત્યારે આસ્તિકો એ બધા જન્મોને માને છે અને તે સઘળાનેજ સમુદાયરૂપે માનીનેજ ચાલવાનું ઠરાવે છે.

**ભૂત હોય તો ભવિષ્ય ખરૂંજ!** નાસ્તિક આત્મા જો ભૂતકાળના ભવ માને તો તેને મુશ્કેલી એ આવી પડે છે કે જો તે ભૂતકાળના ભવો માને તો તેને ભવિષ્યકાળના ભવો પણ માનવાજ પડે છે. ભૂત અને ભવિષ્ય બંને એક બીજા પર આધાર રાખનારા છે. ભવિષ્યમાં અમુક પરિસ્થિતિ હોય તો તેની અપેક્ષાએ અમુક સ્થિતિ ભૂતકાળ છે, અને ભૂતકાળમાં અમુક સ્થિતિ હોય તોજ તેની અપેક્ષાએ અમુક સ્થિતિ તે ભવિષ્યકાળ છે. અર્થાત્ ભૂત અને ભવિષ્યકાળ એક બીજાની અપેક્ષાએજ છે. ભૂતકાળની હૈયાતિ માટે ભવિષ્યકાળ માનવોજ પડે છે અને ભવિષ્યકાળના અસ્તિત્વ માટે ભૂતકાળ માનવોજ પડે છે. વળી જો તે પૂર્વભવ અને ઉત્તરભવ માને છે તો પછી તેને સુખદુઃખરૂપી વસ્તુઓનો પણ કાર્ય-કારણભાવ કબુલ રાખવોજ પડે છે. અમુક આત્મા આ (વર્તમાન) જન્મમાં સુખી છે અથવા અમુક આત્મા આ (વર્તમાન) જન્મમાં દુઃખી છે તો એ પરિસ્થિતિમાં તેને કબુલ રાખવુંજ પડે છે કે ભૂતકાળની જિંદગીમાં પુણ્ય કરનારો આ જન્મે સુખ પામ્યો છે અને ભૂતકાળની જિંદગીમાં પાપ કરનારો આ જન્મમાં દુઃખ પામે છે.

**કેરી છે ત્યાં આંબો છેજ.** આ પ્રશ્ન સારી રીતે સમજવાને માટે અહીં ઝાડ અને ફળનું ઉદાહરણ લો. એક વૃક્ષ ઉગ્યું હોય અને તેને ફળ થયાં હોય તો એ ફળને અંગે બીજ કે મૂળ મનાવવું તેમાં મુશ્કેલી નથી, તેજ પ્રમાણે આ ભવના સુખદુઃખ, આ ભવનું નીરોગીપણું એ સઘળી એવી ચીજ છે કે તે સિદ્ધ થએલું કાર્ય છે, એટલે તે સિદ્ધ થએલા કાર્યનું કારણ માનવું તેમાં જરાય મુશ્કેલી નથી. આંબાના ઝાડ ઉપર કેરી આવી છે એ વસ્તુ સત્ય છે તો સહજ એમ માનવુંજ પડે છે કે ત્યાં આંબો વવાએલો હતોજ. કેરી છે તો ત્યાં આંબો વવાએલો હતો એ સાબીત કરવાં માટે તર્કશાસ્ત્રની દૃષ્ટિ લો કે બીજું કોઇ સાધન લો પણ જરાય મુશ્કેલી નથીજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડવાની. જ્યાં આંબા પરથી કેરી ઉતરી હતી ત્યાં આંબો વવાયો હતો. એ સિદ્ધ કરવામાં તદન સરળતા છે. અસ્તુ. ત્યારે આપણે કરેલો વિચાર ફરીથી તપાસો. આપણે એ વાત વિચારી અને નક્કી કરી ગયા છીએ કે જ્યાં કેરી ઉતરી છે ત્યાં આંબો વવાયો છે.

**એકને માનો તો બીજાને માનવાજ પડશે.** "કેરી ઉતરી છે ત્યાં આંબો વવાયો હતો" એ આપણે વર્તમાનકાળની વાત કરી હતી. હવે એ નિશાની નિશાનીએ આગળ વધવાનું છે. જે પ્રમાણે આ સ્થળે ગોટલો પડવાથી આંબો થયો હતો તેજ પ્રમાણે જો બીજી જગ્યાએ ગોટલો પડે તો ત્યાં શું થાય? જવાબ એજ મળશે કે આંબોજ થાય! પ્રથમ આપણે એ વાત કરી કે આંબા પરથી કેરી ઉતરી છે, પછી તેના ઉપરથી એ વસ્તુ નક્કી કરી કે આંબો વાવ્યો હતો. પછી એ વાત નક્કી કરી કે (જ્યાં એજ રીતે ગોટલો વવાશે ત્યાં) આંબો ઉગશે. એ રીતે આપણે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ નક્કી કરી લીધા. સૌથી પહેલાં આપણે વર્તમાનકાળની વાત કરી કે આંબો ઉગેલો છે અને તેના ઉપરથી કેરી ઉતરે છે. પછી તેના ઉપરથી આપણે ભૂતકાળને માર્ગે ગયા. કે જ્યાં કેરી ઉતરી છે ત્યાં ગોટલો વાવ્યો હતો પછી તે ઉપરથી આપણે ભવિષ્યનો રસ્તો લીધો કે જ્યાં ગોટલો પડશે ત્યાં આંબો ઉગશે. આ રીતે જો આપણે વર્તમાનકાળ માનીએ છીએ તો આપણને ભૂત અને ભવિષ્યકાળ પણ માનવાજ પડે છે. અર્થાત્ પહેલાં આપણે વર્તમાન કાળ માન્ય રાખી લીધો, આપણે વર્તમાન કબુલ રાખ્યો એટલે તેમાંથી પછી ભૂતકાળ પર ગયા અને ભૂતકાળને પણ કબુલ રાખ્યો એટલે ભવિષ્યકાળ પણ કબુલ થઈજ ગયો. અતીત-કાળની જિંદગી જો આપણે કારણ તરીકે સાબીત કરી શકીએ તો ભવિષ્યની જિંદગી કાર્યરૂપ સાબીત કરવામાં કાંઇપણ વાંધો નજ આવે.

**થઈ ગયાનો ભય શા માટે?** હવે પ્રશ્ન એ થશે કે આપણે આ રીતે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે અવતારોને માન્ય તો રાખ્યા પરંતુ ભૂત-કાળનો ભય રાખવાનું પ્રયોજન શું? પહેલો ભવ દેવતાનો થયો હોય, માણસનો થયો હોય, નારકીનો થયો હોય કે તિર્યંચનો થયો હોય, પરંતુ તેને અંગે વિદ્યમાન જન્મમાં ભય રાખવાનું શું કારણ છે? ભૂતકાળમાં તિર્યંચયોનીમાં બકરાનો અવતાર આવ્યો હોય અને અધર્મીઓએ ઇશ્વરને ખુશ કરવાને નામે બકરારૂપી પોતાને કાપી નાખ્યો, એ વખતે ગળા પર છરી પડી હોય, અપાર દુઃખ પડયું હોય, છરા નીચે છુંદાયા, ચુંથાયા, ઉકાળાયા, ચવાયા એ સઘળી ક્રિયા થઈ, પરંતુ વર્તમાન જિંદગીમાં એનો ભય રાખવાથી એ થયેલી ક્રિયા થોડીજ કાંઈ ન થએલી થવાની હતી? તો પછી એ થઇ ગએલી જિંદગીનો પણ ભય શા માટે હોવો જોઇએ? અને એ ભય રાખવાનું શાસ્ત્રકારો શા માટે કહે છે?

**આ જીવે શું શું વેઠયું છે?** અનાદિ નિગોદમાં પણ જીવતત્ત્વ હોય છે. એ જીવતત્ત્વને જેઓ સમજી શકતા નથી તેવા આત્માઓ અનંતકાય જીવોને થતાં લાભહાનિ, સુખદુઃખને સમજી શકતા નથી. તેઓ પોતાના ક્ષણિક સુખને ખાતર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનંત જીવોનો ઘાણ કાઢે છે પરંતુ તેમના દીલમાં જરા જેવી પણ એવી અરેરાટી થતી નથી કે અરે! હું મારા ક્ષણિક સુખને માટે આ અનંત જીવોનો નાશ કરૂં છું એ કયે આધારે? અનંત જીવોનો સંહાર કરવાનો મને શો હક? અનંત જીવોને સંહારવાની મારી શી સત્તા? આવા આત્માઓ જો બજારે શાક લેવા જાય તો તેઓ જરૂર લસણની કળીજ માગી લાવે. આજે પંચેન્દ્રિયમાં આવેલો અને વિલાસવાસનાઓનો દાસ થઇ મહાલનારો માણસ વિચાર કરતો નથી કે પોતે પણ એક દિવસ નિગોદમાં હતો! લસણની કળીમાં એકેન્દ્રિય દશામાં રહેલા જીવો લસોટાય, છુંદાય, રંધાય, બફાય, કચરાય, ચવાય અને બધું દુઃખ વેઠે છે. આ સઘળું દુઃખ પણ આજે જીવ વેઠે છે. આજે જે જીવ પંચેન્દ્રિયમાં છે તેજ જીવ એકેન્દ્રિયમાં પણ હતો અને આ સઘળું દુઃખ તે જીવે પણ વેઠયું હતું.

**માનવભવની મહત્તા.** પંચેન્દ્રિયમાં વસતા જીવે ભૂતકાળમાં આવી અવસ્થાઓ ભોગવેલી હોવા છતાં આજે તેને તેની એ દશાનો ખ્યાલ આવતો નથી. નિગોદમાં પોતે લસણની કળી જેવા પદાર્થમાં કેટલામે ભાગે હતો તે વાત આજનો જીવ વિચારતો નથી! એ વખતે જીવની કિંમત કેટલી હતી? માગ્યાતુગ્યા જેટલી. શાક લેવા જનારો મફતમાં માગી લાવતો અને કોઇ ચીજનો એક ટુકડો આવતો તેમાં પણ આજનો જીવ તેના અનંતમાં ભાગમાં રહેલો હતો! આજનો પંચેન્દ્રિય જીવ પોતાની આ ભૂતકાળની સ્થિતિને વિસરી જાય છે. તે જાણતો નથી કે પોતાને એ અવસ્થામાં કેવાં અને કેટલાં દુઃખો પડ્યાં હતાં. જે આત્મા પોતાના આ પાછલા ભવોની કિંમત સારી રીતે સમજે છે તે આત્માજ મનુષ્યભવની સાચી મહત્તાને પીછાણી શકે છે. બીજાથી માનવભવની મહત્તા સમજીજ શકાતી નથી. લીમડો કેવો છે એના પાંદડાંનો સ્વાદ કેવો છે તે સમજનારોજ સાકરની મિઠાશને પામી શકે છે. "તું શું સમજે છે?" એવા શબ્દો જે આત્મા બોલે છે તેણે પોતે સમજવાની જરૂર છે કે તે પોતે આ શબ્દો બોલનારો પહેલાં કયા રૂપમાં હતો? જો એ વસ્તુ તે બરાબર સમજી જાય તો મનુષ્યભવની મહત્તાને પણ તે આપોઆપજ સમજી શકે અને જ્યાં એની મહત્તા સમજી શકયો કે તેને એ મહત્તાનો ઉપયોગ કરવાની પણ ખચિતજ પ્રેરણા થાય. મનુષ્યપણું એ કાંઇ મશ્કરી નથી. એ સહેલાઈથી નથી મળવાનું. એ કાંઇ પૈસા આપીને પણ નથી મેળવાતું, પરંતુ ભવિતવ્યતાને યોગેજ એ મળી જાય છે, તો પછી એવો કોણ મૂર્ખ આત્મા હશે કે જે એ રીતે મળેલા આ માનવભવને વ્યર્થ કરવામાંજ મહત્તા માનશે?

**તેનો માનવભવ નકામો છે.** મનુષ્યભવ મળ્યા છતાં પણ જો આત્મા પોતાના સ્વરૂપનો વિચાર કરતો નથી તો સમજી લેજો કે તે આત્મા કોઇપણ ભવમાં પોતાનું કલ્યાણ કરી શકવાની સ્થિતિમાંજ નથી. જો મનુષ્યપણું મળ્યા છતાં પણ તમે એ મનુષ્યપણાનો લ્હાવો નથી લઇ શકતા તો તમારૂં એ માનવપણું મિથ્યા છે. મનુષ્યભવમાં પણ જો તમે કર્મથી બચી ન શકો તો પછી તમે બીજા કોઇપણ ભવમાં કર્મથી બચી શકવાના નથીજ એની ખાતરી રાખજો. જો માનવપણામાં આવ્યા છતાં પણ જીવ આત્માનો ઉદય ન કરે, પોતાના સ્વરૂપને ન ઓળખે અને એ સ્વરૂપને ઓળખીને તેને લેવાનો પ્રયત્ન પણ ન કરે તો તેણે વિચારવાની જરૂર છે કે તે માનવભવને ખોઇને આગળ શું કરવાનો હતો? જે આત્મા પોતાના સુભાગ્યે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મળેલો માનવભવ નકામો ખોઇ દે છે, એ ભવની મહત્તાને પીછાણતો નથી અને પીછાણીને તેનો ઉપયોગ કરતો નથી તે આત્મા પોતાનું માનવભવપણું નકામુંજ ગુમાવે છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ થતી નથી.

**અજબગજબની ભાગીદારી.** આપણી જડ અનંતકાયમાં રહેલી છે. અનંતકાયની ભાગીદારી ભયંકર છે. તમે વળી કર્મસંગ્રહ કરીને એવી ભાગીદારીમાં જોડાતાં વિચાર કરી લેજો. અનંતકાય એ એક અનંતાભાગીદારની પેઢી છે. દુનિયામાં બીજી સઘળી ભાગીદારીઓ પૈસાટકાની હોય છે. પૈસામાં ભાગીદારી હોઈ શકે, પરંતુ ખોરાકની ભાગીદારી આ જગતમાં આપણે કદી સાંભળી, જાણી કે પીછાણી નથી. ખોરાકની ભાગીદારી કોઇ રાખતુંજ નથી. કોઈ પણ ધંધાના બે ભાગીદારોએ કદી એવો કરાર કર્યો હોય એમ આપણે જાણતા નથી કે મારાથી તારે જુદું ન ખાવું અને મારે તારાથી જુદું ન ખાવું! જે શરીરમાં એક ભાગીદાર રહેતો હોય તેજ શરીરમાં બીજા ભાગીદારે પણ રહેવું જોઇએ એવું કદી આપણે સાંભળ્યું નથી. આહાર અને શરીર પણ બે ભાગીદારોના એકજ હોવાં જોઇએ, તે પણ જુદાં ન હોઇ શકે એવું કદી કોઇ પણ સ્થળે સંભવતું નથી. વ્યવહારમાં કોઈ સ્થળે આહાર અને શરીરની એકત્ર ભાગીદારી નથી તો પછી ઇન્દ્રિયની ભાગીદારી તો કયાંથીજ હોઇ શકે? એવી કોઇ પણ સ્થળે ન હોય તેવી ભાગીદારી અહીં અનંતકાયમાં આત્માએ સ્વીકારી છે.

**એ ભાગીદારી ભયંકર છે.** અનંતકાયમાં અનંત આત્માઓનો સંયોગ એ અનંતાકાળની ભાગીદારી છે. આ ભાગીદારી આજકાલની નથી, પાંચ પચ્ચીસ વર્ષોની નથી, પરંતુ તે અનંતાકાળની અનંતાજીવોની ભાગીદારી છે. એ ભાગીદારીની ભયંકરતા પણ ખાસ વિચારજો. શ્વાસ પણ બધા જીવોએ સાથેજ લેવો, આહાર પણ બધાએ સાથેજ લેવો, એકલાથી ન શ્વાસ લેવાય કે ન આહાર લેવાય; એવી આ અનંતા આત્માની ભયંકર ભાગીદારી પુરાતન કાળથી-અનાદિથી ચાલતી આવે છે. આહાર, શરીર, ઇન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ આ સઘળામાંજ આ બધાની ભાગીદારી છે. હવે વિચાર કરો કે જો આપણે એ ભયંકર ભાગીદારીમાં ભરાઇ ગયા તો પછી તેમાંથી કયારે અને કેવી રીતે છૂટી શકીએ? આપણે પુરાતનકાળથી આવી ભાગીદારીમાં ફસાએલા હતા. એ ભાગીદારી તે ગીરમીટીઆઓના કરાર જેવી છે. આસામના ચહાના બગીચાના મજુરના નસીબમાં જેટલી ગુલામગીરી છે તેના કરતાં આ ભાગીદારીની ગુલામગીરી વધારે ભયંકર છે. અનંતકાયમાંથી મનુષ્યપણું પામેલા આપણે એ ભાગીદારીમાંથી છૂટયા છીએ, પરંતુ એ છૂટકારો કોને આભારી છે તેનો વિચાર કરો.

**કેવળ ભવિતવ્યતાથીજ!** આ મૂર્ખાઇભરેલી ભાગીદારીમાંથી આપણે છૂટયા છીએ એ કાંઇ આપણા પુરુષાર્થથી આપણે છૂટયા નથી. આપણા બળથી આપણે છૂટયા નથી, પરંતુ કાંઇક ભવિતવ્યતાને યોગે આપણે છૂટા થઇ શકયા છીએ. ન ધારેલો કાંઇ બનાવ બની જાય અને તેનો આપણને લાભ મળી જાય તેવી રીતે કોઇ ભવિતવ્યતાને યોગે આપણે એ ગુલામી ભાગીદારીમાં છૂટા થઇ ગયા છીએ પરંતુ વળી એવી ભવિતવ્યતા મળતીજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહેશે અને આપણે છૂટા થઇ શકીશુંજ એવો એ ભવિતવ્યતા ઉપર વિશ્વાસ તો કોઇપણ માણસ નજ મૂકી શકે. ધારો કે તમે જંગલમાં ગયા છો. જંગલમાં કોઇ વાઘના હાથમાં તમે સપડાઇ ગયા છો અને વાઘ તમોને તરાપ મારીને ખાઇ જવાને માટે તૈયાર બની રહ્યો છે. વાઘે તમારા ઉપર તરાપ પણ મારી, પરંતુ તે તમારી ઉપર આવી પડે તે પહેલાંજ આકાશમાંથી વીજળી તૂટી પડી, ધડાકો થયો અને વાઘ મરી ગયો. તમારી રક્ષા થઇ. આ વખતે આકસ્મિક સંયોગોને લીધે તમારી રક્ષા થઇ છે એ વાત સાચી છે પરંતુ શું એ રીતે દરવખતે તમારી રક્ષા થયા કરશે એમ તમે માની શકશો ?

**મૂર્ખાઈ માનવામાં મુદ્દો શું ?** અકસ્માતને યોગે એકવાર તમારી રક્ષા થઇ તેથી વારંવાર તમારી રક્ષા થયાજ કરશે એવું તમે માની લેતા નથી અને વાઘના પંજામાં આવી પડો એવી રીતે વારંવાર તમે જંગલમાં જવાનું પસંદ કરતાજ નથી, તેજ રીતે તમારે અહીં પણ સમજી લેવાનું છે. ભવિતવ્યતાને યોગે વળી તમે ગુલામી ભાગીદારીમાંથી છૂટીજ શકશો એમ માની લઇને કોઇ પણ ડાહ્યો માણસ કે જે ભવિતવ્યતાને યોગે એ ગુલામીમાંથી છૂટેલો છે તે ફરી ફરી એ ગુલામીમાં જવાનું પસંદ નહિજ કરે. જે કોઈ એવો દાવો કરતા હોય કે ભાઇ ! એકવાર ગુલામી ભાગીદારી કરો પરંતુ તે છતાં એ ભાગીદારીમાંથી ભવિતવ્યતાને યોગેજ છૂટી ગયા ખરાને, માટે કરો સાહસ ! વળી એ ભવિતવ્યતાને યોગેજ આપણે છૂટી જઇશું એવો જે કોઈ વિચાર કરશે અથવા તેવી રીતનું વર્તન પણ કરશે તો તેણે તો ખરેખર એક પ્રકારની મૂર્ખાઇ કરી છે એમજ આપણે કહી શકીશું. આ રીતના વર્તનને આપણે મૂર્ખાઇ અથવા દોઢ ડહાપણ કહીએ છીએ. હવે આવા વર્તનને આપણે મૂર્ખતા કયા મુદ્દાથી કહીએ છીએ તે વિચારજો.

**ભય રાખવાનીજ જરૂર છે.** અનંતાની ભાગીદારીમાં તમે બંધાયેલા હતા. એ ભાગીદારીમાંથી તમોને કોઈ છોડાવી શકે એવુંજ ન હતું. તમારા પોતાનામાં એવી શક્તિ ન હતી કે તમે છૂટી શકો. ત્યારે વિચાર કરો કે તમોને કોણે છોડાવ્યા અને તમે કેવી રીતે છૂટી શકયા ? તમોને જવાબ એકજ મળશે કે તમે કેવળ ભવિતવ્યતાને લીધેજ છૂટી શકયા છો, બીજા કોઇપણ કારણથી તમારો છૂટકારો થયો નથી. બીજું એક પણ કારણ તમોને અનુકૂળ ન હતું. આવા સંયોગોમાં અને આવે વખતે તમો ભવિષ્યમાં પણ કેવળ ભવિતવ્યતાને આશરે રહી શકો ખરા કે ? તમોને તાવ આવ્યો હોય, તાવને તમે એકવાર દાકતર અને દવાથી ટાળી શકો પરંતુ શું તેથી તમે તાવ પ્રત્યે બેદરકાર રહી શકશો અને ભલેને તાવ આવ્યો, દાકતર અને દવા છે ને, તે તાવ મટાડશે, એમ તમે માની શકશો ? નહિજ. હવે વિચાર કરો કે જેના નિયમિત કારણો છે તેવા કારણોવાળા પ્રસંગો આવે ત્યાં તમે ડરો છો તો પછી અનંતકાયના પ્રસંગથી તમારે પોતે શા માટે ન ડરવું જોઇએ વારૂ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**અનંતકાય એટલે ભયંકરતા.** અનંતકાયનો પ્રસંગ કેવો ભયંકર છે તે વિચારો. તમને મોક્ષનો માર્ગ તો કેવળી ભગવાનો પણ બતાવી શકે છે પરંતુ જો અનંતકાયનો પ્રસંગ આવી ગયો તો તેને ટાળનારો જગતભરમાં કોઇ નથી, એવું ખાતરીથી માનજો. તીર્થંકર ભગવાન્, ગણધર ભગવાન્, શ્રુતકેવળી ભગવાનો સઘળા આ બાબતમાં મૌન છે. નિગોદમાં ગએલા જીવને બહાર લાવવા માટે તીર્થંકર ભગવાન્ આદિનું પણ કાંઈ ચલણજ નથી. જો અનંતકાયનો પ્રસંગ આવી જાય તો તેમાંથી કોઈ ભવિતવ્યતાનો પ્રસંગ આવે તોજ બહાર નીકળી શકાય છે, નહિ તો બહાર નીકળી શકાતુંજ નથી. જો માણુસ પોતે ડાહ્યો હોય, પોતાનામાં ડહાપણ છે એમ તે સમજતો હોય, પોતાની વિદ્વતાને જો તે સફળ કરી બતાવવા માગતો હોય, તો તે એવી ભવિતવ્યતાને ભરોસે કદી પણ ભૂલીને ભમવાનું પસંદ નજ કરે. જ્યાં આપણો કાંઈ ઉપાય નથી, જ્યાં આપણું કાંઇ ચાલતું નથી, જ્યાંથી આપણે પોતાની મેળે મુક્ત થઈ શકતા નથી, જે જગોમાંથી માત્ર ભવિતવ્યતાને યોગેજ આપણે છૂટી શકીએ તે જગો પર વિશ્વાસ રાખીને જવાનું તો માત્ર મૂર્ખોજ પસંદ કરી શકે.

**સિદ્ધાંત ન બાંધી શકો.** ધારો કે એક માણુસ આંધળો છે, અપંગ છે, બહેરો છે, અજાણ્યો છે, આવા માણુસને કોઈએ ખૂબ દારૂ પાયો અને તેને હાથે પગે પાટા બાંધીને કોઇ મોટા પર્વતની ગુફામાં નાખી દીધો. હવે વિચાર કરી જુઓ કે સ્વપ્ને પણ એ માણુસ આ પર્વતની ખીણમાંથી છૂટીને કોઈપણ રીતે પોતાને ઘેરે આવી શકશે ખરો? હવે એવું બને છે કે એક દયાળુ માણુસ એ પર્વતોમાં ફરવા જાય છે. પર્વતોમાં ફરતાં ફરતાં પેલા દયાળુ માણુસની નજરે આ અપંગ માણુસ આવી ચઢે છે અને તે કેવળ દયાથી તે માણુસના હાથપગના બંધ છોડી નાખી તેને ઉગારી લઈ પાટો છોડી ઘેર પહોંચાડે છે! શું એ ઉપરથી તમે એવો સિદ્ધાંત બાંધી શકો ખરા કે "જો કોઈ માણુસ અપંગ, લુલો, લંગડો હોય, આંખે પાટા બાંધ્યા હોય અને દારૂ પાઈને તેને પર્વતોની કંદરામાં નાખી દઇએ તો કોઇ દયાળુ માણુસ ત્યાં જાય છે અને તેના પાટા છોડીને તેને પાછો ઘેર લાવી મૂકે છે?" કદીજ નહિ.

**ખુદાનો બંદા આવશે!** હવે આ આંધળો માણુસ એવો વિચાર કરે કે, "ઓહ, આંધળા, લુલા, લંગડા થવામાં પણ કાંઈ વાંધો તો નથીજ હોં! કારણ કે કોઇ દયાળુ માણુસ મળી જાય છે અને તેથી તે આપણી દુઃખી દશાને સુધારીને પાછો અસલ જગાએ એટલે પોતાને ઘેર લઈ આવે છે, તો આ આંધળાને તમે આંખે પણ આંધળો અને અક્કલમાં પણ આંધળો એવોજ કહેશો કે બીજું કાંઇ? ધારો કે તમે એકવાર જંગલમાં ભૂલા પડ્યા છો. અહીં તમોને મદદગાર મળી જાય છે અને તે મદદગાર તમોને જંગલમાંથી છોડાવે છે. શું તેથી તમે જંગલમાં ભૂલા પડો ત્યારે કોઈ "ખુદા કા બંદા" આવશે અને મને છોડાવશે એવું માનો છો ખરા કે? દયાળુ આત્મા મળી જશે અને તે મને મારે ઘેરે લઈ આવશે એવા વિચારે કોઇપણ માણુસ આંધળો થવા માગતોજ નથી તેજ પ્રમાણે કોઇ મળી જશે અને તે મને જંગલમાંથી ઉગારી લેશે એવી ધારણાથી કોઇ ભૂલો પડવા માગતોજ નથી! તો પછી વિચાર કરો કે આપણે પણ શા માટે અક્કલવાળા અને સમજુ છતાં આપણું ભાવિ ન જોવું?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**એ રસ્તો ભયંકર છે.** કહેવાની મતલબ એ છે કે આપણે ભવિષ્યમાં કઇ સ્થિતિમાં પડીશું તેનો વિચાર આપણે કરવોજ જોઇએ. એકેન્દ્રિયમાં જે સમયે આપણે હતા ત્યારે ત્યાં ધર્મશ્રવણનો સમય ન હતો. દારૂડીયો પોતાનું સ્વરૂપ જાણતો નથી તેમ ત્યાં આપણે આપણું સ્વરૂપ પણ જાણતા ન હતા. જેમ આંધળો બહેરો પર્વતની ખીણમાં પડયો હતો તેમ આપણે પણ કંઈપણ ન કરી શકીએ એવી રીતે અનંતકાયયોનિમાં પડયા હતા. એ યોનિમાંથી ખરેખર આપણે ભવિતવ્યતાને યોગેજ બહાર આવી ગયા છીએ છતાં કોઇ એવું માની લે કે ઓહ, અનંતકાયમાંથી છૂટવાનો રસ્તો તો તદ્દન સહેલોજ દેખું! તો આવા મૂર્ખાને તમે કઇ દશામાં ગણશો? તમે કોઇ દિવસ આંધળા બહેરા થવાનો રસ્તો લીધો છે? તમે કોઇ દિવસ જંગલમાં ભૂલા પડવાનો અખતરો કર્યો છે? નહિજ! તો પછી જે અનંતકાયયોનિમાં કે જેમાં ડુબી ગયા પછી ત્યાંથી છૂટવાની તો કાંઇ વ્યવસ્થાજ નથી તે યોનિના નામની તમારામાં ભડક ન પેસે તો સમજી લેવું કે તે માણસજ નથી. તે સમજુજ નથી!!

**ભય ક્યારે ઉત્પન્ન થાય?** ભૂતકાળના ભવોનો વિચાર આ જીવે કર્યોજ નથી, તેથીજ તે અનંતકાયપણાથી ડરતો નથી. જો તેણે ભૂતકાળનો વિચાર કર્યો હોત તો તો જરૂર તેને એ અનંતકાયયોનિને અંગે ભય થયા વિના કદી ન રહેત. નાના છોકરાને તમે એકવાર ઘોડે બેસાડો છો. છોકરો ઘોડે બેસે છે પરંતુ તે ઘોડા પરથી પડી જાય છે અને તેને વાગે છે તો તે રડે છે, પરંતુ જો પછી પણ તેને માબાપ વારંવારજ જો ઘોડે બેસાડવાજ જાય તો તે કદી ઘોડે બેસતો નથી. ઘોડે બેસતાં રડે છે. હવે વિચાર કરો કે છોકરો શા માટે ઘોડે નથી બેસતો વારૂં? એટલાજ કારણથી તે ઘોડા પર બેસતો નથી કે તેને ઘોડા ઉપરથી પડી જવાની ભડક પેસી ગઈ છે, અને જ્યાં તમે એ બાળકને ઘોડે બેસાડો છો કે એ ભડકે છે. જેમ બાળકને ઘોડા પર બેસવાની ભડક ત્યારેજ પેસે છે કે જ્યારે એ ઘોડા પર ચઢીને પડી ગયો હતો એ સ્મરણને તે જાગૃત કરે છે. તેજ પ્રમાણે જીવાત્માને પણ ભવની ભડક ત્યારેજ પેસે છે કે જ્યારે તે ભવની ભડકને ધ્યાનમાં લે છે. અર્થાત્ જીવ જ્યારે ભવોનું સ્મરણ કરે છે, ભવોની સ્થિતિ ધ્યાનમાં લે છે ત્યારેજ તે ભવરૂપી બંધનથી બ્હીવા લાગે છે.

**अनाई जीवे के अविनासी जीवे** જ્યારે ભવથી આત્માને ભય થવાની આ વાત તમે બરાબર ખ્યાલમાં લેશો અર્થાત્ કે આત્માને જ્યારે ભવોનો ખ્યાલ આવે છે ત્યારે તે ભવથી ભડકતો બને છે એ વસ્તુને સ્વીકારશો ત્યારેજ ગળથુથીની ત્રણ વસ્તુમાં જે "અનાઇ જીવે" છે તેનો બરાબર મર્મ તમારા સમજવામાં આવી જશે. "અનાઇ જીવે" એ બોલતી વખતે આપણને એવી શંકા થવા પામી હતી કે અહીં 'અનાઇ જીવે' એમ બોલાય છે તેથી લાભ શું? અનાઇ જીવે એમ બોલીને તો માત્ર ગયા ભવનીજ સાબીતી થાય છે અર્થાત્ તેથી આપણને લાભ નથી, માટે અનાઇ જીવે એમ ન બોલતાં ખરી રીતે "અવિનાસી જીવે" એમજ બોલવું જોઇએ. અનાઇજીવે એ સાબીત કરવા કરતાં અવિનાસી જીવે એમ સાબીત કરવામાંજ વધારે ફાયદો છે. હવે અહીં તમે અનાઇ જીવે અને અવિનાસી જીવે એ બેનો તફાવત બરાબર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધ્યાનમાં લો. જીવ અવિનાશી છે એ ગળથુથીમાં આપવું છે પરંતુ એ અવિનાશી છે એવું સાબીત કરવાને માટેજ તેનું અનાદિપણું સાબીત કરવાની જરૂર છે.

**અનાદિપણું સાબીત કરો.** આવતા ભવને અંગે જો આપણે બોલ્યા હોત તો તો અવિનાસી જીવે એમજ કહેવું પડત. ત્યારે હવે વિચાર કરો કે એ પ્રમાણે શા માટે કહેવામાં આવ્યું નથી ? આપણું કહેવાનું પ્રયોજન જો આવતા ભવને માટે હોય તો તે અવિનાસી જીવે એમ કહેવાથી બની શકે એમ છે. અવિનાસી જીવે એમ કહ્યું હોય તો તેથી એવું સહજ સાબીત કરી શકાય છે કે આ જીવનો વિનાશ નથીજ. માત્ર નાશ છે તે આ શરીરનોજ છે અર્થાત્ બીજી રીતે બોલીએ તો આ શરીરનો નાશ છે પરંતુ આત્માનો નાશ નથી એમજ બોલવું પડે છે. આ આત્મા એ રીતે પણ અવિનાશીજ સિદ્ધ થાય છે, તો પછી શરીરનોજ નાશ છે પરંતુ આત્માનો નાશ નથી, આત્મા અવિનાશી છે એવું તત્વામૃત ગળથુથીમાંજ શા માટે ન આપવામાં આવ્યું એ વિચારી જુઓ. "શરીરનો નાશ છે પરંતુ આત્મા અવિનાશી છે એવું ગળથુથીમાં ન આપ્યું તેનું કારણ એ છે કે આત્માનું અવિનાશીપણું સાબીત કરવાનો રસ્તોજ તેનું અનાદિપણું સાબીત કરવામાં રહેલો છે.

**જૈનશાસન શું કહે છે ?** એક સાધારણ ઉદાહરણ લેશો તોપણ આ વાત બહુ સારી રીતે સમજી શકશો. કલ્પી લ્યો કે: તમે એક ગોટલો વાવ્યો, તેથી આંબો થયો છે. હવે તેજ ગોટલો ફરી ફરી વવાશે એટલે આંબો થશે; એ વાત એ ગોટલોજ સાબીત કરી શકે છે. તેજ રીતે આત્માનું અનાદિપણું સાબીત થયું તો તેથી આત્માનું અવિનાશીપણું તો એની મેળેજ સિદ્ધ થાય છે. એજ કારણથી ગળથુથીમાં સૂત્રામૃત રૂપે **'अविनासी जीवे'** એમ ન મૂકતાં **'अनाई जीवे'** એમજ મૂકવામાં આવ્યું છે. આવી વસ્તુસ્થિતિ હોવાથીજ જૈનતત્વજ્ઞાનમાં, "જે થઈ ગયું તેનો પંડિતોએ શોક કરવો ઘટતો નથી" એવા અગડંબગડં ગોળા ગબડાવવામાં આવ્યા નથી. બીજા આર્યશાસનોમાં સ્પષ્ટ રીતે એમ જણાવવામાં આવ્યું છે કે જે થઇ ગયું છે તેનો પંડિતો શોક કરતા નથી. હવે તમે સ્પષ્ટપણે જાણી શકશો કે આવો ઉપદેશ માત્ર નાસ્તિકોજ આપે છે અને નાસ્તિકોજ તેને માન્ય રાખે છે. જેમણે માત્ર વર્તમાનકાળને વિચારવા યોગ્ય માન્યો છે અને તેનેજ મનોહર ગણ્યો છે તેવાઓ એમ કહેવાની હિંમત કરી શકે છે કે **"गतं न शौच्यं बुधैः"** બીજાઓ તો આવો ઉપદેશ નહિજ આપી શકે.

**આસ્તિકો એમ ન કહી શકે.** નાસ્તિકોને અંગે નાસ્તિકાચાર્યોના મત પ્રમાણે થએલાનો—થઇ ગએલાનો શોક કરવાનો ભલે ન હોય, પરંતુ આસ્તિકોને માટે તો જરૂર થઇ ગએલાનો પણ શોચ કરવાનોજ છે. અમુક વસ્તુ બગડી છે. બગડી એ તો જરૂર બગડી પરંતુ જે વસ્તુ બગડી છે એ શા કારણથી બગડી છે ? કેવા સંયોગો હોત તો તે ન બગડત ? તેને બગડવા દેવામાં કયા સંયોગોએ ભાવ ભજવ્યો છે એ સઘળા પ્રશ્નો દીર્ઘદૃષ્ટિવાળાએ તો જરૂરજ વિચારવાના છેજ. પોતાના દેશનો સરદાર ભવિષ્યની એક પણ લડાઇમાં ન હારી જાય એવું તપાસવાને માટે ભૂતકાળમાં આપણે કયાં કયાં હારી ગયા હતા અને શા માટે હારી ગયા હતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ વાત યુદ્ધવિશારદો સૌથી પહેલી તપાસે છે. ભવિષ્યની કાળજી ત્યારેજ રહી શકે છે કે જ્યારે તમે ભૂતકાળને તપાસો છો. જે માણસ ભૂતકાળના બગાડાને તપાસતો નથી, તે આત્મા કદાપિ ભવિષ્યકાળની સાવચેતી રાખી શકતોજ નથી. ભવિષ્યકાળની સાવચેતી રાખી એ સાવચેતી-દ્વારા તેજ ફતેહ પામે છે કે જેણે ભૂતકાળ તપાસ્યો છે.

**ભવિષ્યનું મૂળ ભૂતકાળમાં છે.** ભૂતકાળમાં આપણે કયા કયા ભવોમાં હતા? ત્યાંથી આપણે ભિન્ન ભિન્ન ભવો શા કારણથી બદલ્યા હતા? એ ભવોમાં શું શું સુખદુઃખો ભોગવ્યાં હતાં એ સુખદુઃખો ભોગવવાનું શું કારણ હતું? ભૂતકાળના ભવો મળવાનું અને ટળવાનું શું કારણ હતું? એ ભવોના સંબંધમાં આવી ઝીણવટથી જેઓ વિચારે છે તેઓજ ભવિષ્યના કર્મોને માટે સાવચેત બની શકે છે. ભૂતકાળના કર્મો, ભવો ઇત્યાદિને તપાસીએ તોજ ભવિષ્યમાં સુધારો કરી શકીએ છીએ. અર્થાત્ આ સઘળા ઉપરથી એજ એક વાત સ્પષ્ટ થાય છે કે ભવિષ્યકાળ સુધારવાને જેઓ ઇચ્છે છે તેમણે પોતાનો ભૂતકાળ અને પોતાના ભૂતકાળમાં થએલી ભૂલો એ સઘળું તેમણે ઝીણવટથી જરૂર તપાસવુંજ જોઇએ. આ તો એક સાધારણ વાત છે કે જે પોતાની પાછલી ભૂલો જોતો નથી અને એ ભૂલોનું અન્વેષણ કરતો નથી તે ભવિષ્યમાં પણ ભૂલોમાંથી બચી શકતો નથી. અર્થાત્ જે ભવિષ્યમાં સુધરવા માગે છે તેની ફરજ છે કે તેણે પોતાનો ભૂતકાળ જોવોજ જોઇએ.

**પરાજય કમિશન.** તમે ઇતિહાસને યાદ કરશો તો તમોને માલમ પડશે કે વર્ષો પહેલાં એક વાર જાપાન અને રૂશીયાને યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં જાપાન છજ મહિનામાં વિજયી થયું હતું અને રૂશીયા હારી ગયું હતું. આવું મોટું રૂશીયન મહારાજ્ય તે વેંત જેટલા જાપાનની સામે છ મહીના પણ ટકી શકયું ન હતું. રૂશીયા આ રીતે હારી ગયું એટલે તેણે હારી "પરાજય કમિશન" ની નીમણુંક કરી હતી. તમોને આશ્ચર્ય થશે કે પરાજય થયો તેમાં તો કમિશન શું? વિજય મળ્યો હોય તો નવા દેશોની વ્યવસ્થા માટે કમિશન બેસે એ યોગ્ય છે, પરંતુ આ તો પરાજય થયો; તો પછી પરાધીનતા માટે કમિશન કેવું? પણ રૂશીયાના રાજકર્મચારીઓ સમજતા હતા કે તેને એવા કમિશનનીજ જરૂર હતી. કમિશન બેઠું. કમિશને તપાસ ચલાવી કે રૂશીયાનું મહારાજ્ય આટલું બધું વિશાળ છે. તેની પાસે સાધન-સમ્પતિ છે, સૈન્ય છે, શસ્ત્ર છે, તે છતાં તેને પરાજય શા માટે મળે છે? કમિશને પરાજયનાં કારણો શોધી કાઢયાં અર્થાત્ પોતાનો ભૂતકાળ જોયો અને દેશ કયા કારણોથી હારી ગયો છે તે શોધી કાઢયું.

**ભવપરંપરા કયારે અટકે?** કમિશને દેશ કયા કારણોથી હાર્યો છે એ શોધી કાઢયું એટલેજ તેણે પોતાનો ભૂતકાળ જોયો. ભૂતકાળ જોયાનું પરિણામ એ આવ્યું કે તેણે ભવિષ્યમાં એ ભૂલો ન થાય તેની તકેદારી રાખી અને જ્યારે ઇ. સ. ૧૯૧૪-૧૮માં જર્મન-રૂશીયા રણસંગ્રામ થયો ત્યારે વેંતભર જાપાન સામે છ મહિના પણ ન ટકી શકનારૂં રૂશીયા મહાન્ જર્મન મહારાજ્ય સામે ૨॥ વર્ષ સુધી ટકી રહ્યું!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે વિચાર કરો કે રૂશીયાએ પરાજય કમિશન શા માટે બેસાડયું? જવાબ એ છે કે એવા મુદ્દાથીજ એ કમિશન બેઠું હતું કે પરાજય કેમ થયો તેના કારણો શોધો અને એ કારણો રોકો. જેમ રૂશીયા જાપાન સામે માત્ર છજ મહિનામાં હારવારૂપી કલંકવાળું બન્યું હતું, તેમ આપણો આત્મા સતત ભવપરંપરારૂપી કલંકવાળો બન્યો છે. આત્મા અનાદિકાળથી ભવપરંપરાએ ફર્યાજ કરે છે. એ તેની ભવપરંપરા શાથી થાય છે એ વાત પણ તમારે તપાસવીજ રહી છે. જો તમે એ વાત તપાસશો કે આત્માની આ ભવપરંપરા શાથી થઈ રહી છે તોજ તમે તે પરંપરાના કારણોને રોકી શકેશો, નહિ તો નહિ.

**કમિશન બેસાડો.** ત્યારે હવે તમારી ફરજ શું છે તે વિચારો. તમે પણ કર્મથી પરાજય પામ્યા છો. કર્મે તમારા ઉપર જય મેળવ્યો છે અને તે તમોને ધુંસરીરૂપી જગતમાં જોડીજ રાખે છે, માટે તમારી પણ ફરજ છે કે તમારે પરાજયકમિશન બેસાડવુંજ જોઇએ, પણ આ કમિશન કેવું હોવું જોઇએ તેનો વિચાર કરજો. લાખ લુલીયા અને ક્રોડ કાણીયા ભેગા મળે અને તમે કહો કે કમિશન બેસી ગયું તો તે ન ચાલે! કમિશનમાં બેસનારા કમિશ્નરો એવા હોવા જોઇએ કે તે સઘળી સ્થિતિના જાણકાર હોવા જોઇએ. જો તે સઘળી સ્થિતિના જાણકાર હોય તોજ તે સઘળા પ્રશ્નો બરાબર તપાસી શકે અને તેનો તમારા ઉપર ઘટિત રિપોર્ટ પણ કરી શકે. એજ પ્રમાણે તમારે પણ તમારા પૂર્વ ભવ, તમારા પૂર્વ કર્મો એ સઘળાં જો યથાસ્થિત જાણવાં હોય તો તમારે કમિશન બેસાડવું જોઇએ અને એ કમિશન તમારા સઘળા પ્રશ્નોનું બરાબર જાણકાર હોવુંજ જોઇએ. આવું કમિશન કયું છે એ વિચારી જુઓ. જૈનશાસ્ત્રો એ આ જાતનુંજ કમિશન છે.

**"બ્હેન, મારા જેવી થજે."** જીવ અનાદિનો છે, કર્મસંયોગ અનાદિના છે, ભવોનું અમુક અમુક કારણ છે, આ રીતે વર્તવાથી ભવપરંપરા થાય છે ઈત્યાદિ વસ્તુઓને જો કોઇ યથાર્થપણે જાણનારા હોય તો તે આપણા જૈનઆગમગ્રંથોજ છે. જે અનાદિના જ્ઞાનવાળું છે, જે અનાદિકાળને જાણે છે, કર્મભવને જે જાણી શકે છે, તેજ એક એવા કમિશ્નરનું કામ બજાવી શકે છે કે જે તમોને સાચો રિપોર્ટ કરી શકે છે. અને એ રિપોર્ટ તમોને ભૂલોમાંથી બચાવી શકે છે. જેઓ ભવ એટલે શું તેજન જાણતા હોય, જીવતત્વમાંજ જેમને ગમ ન પડતી હોય, આત્માને જાણવો જરૂરી છે એવું માન્ય રાખવાની પણ જેમને પરવા ન હોય, તેવા લઠીંગાઓને જો કમિશનમાં ખોસી ઘાલીએ તો તેઓ, "વિધવા સૌભાગ્યવતીને આશિષ આપે કે બ્હેન! મારા જેવી થજે!" એવોજ નિર્ણય આપે અને ઉલટું સત્યાનાશ વાળે. આ સ્થળે આપણા સઘળાની દશા કેવા પ્રકારની છે તેનો તમારે વિચાર કરવાનો છે. આપણા સઘળાની દશા અહીં આંધળાના જેવીજ છે, કારણ કે આપણે માત્ર આજ ભવ જેટલું જ્ઞાન રાખીએ છીએ.

**આપણી લાયકાતજ નથી.** આપણે તપાસ કરવી છે પૂર્વભવની, ભવપરંપરા અનાદિની છે એ તપાસીને તેનું મૂળ આપણે કાઢવાનું છે પરંતુ આપણે તો માત્ર આજ ભવની વાત જાણીએ છીએ અર્થાત્ આપણે આ કમિશન માટે નાલાયક છીએ એ સ્પષ્ટજ થાય છે. આપણે બધા સાધારણ રીતે કેવા છીએ તેનો તમે પોતેજ ખ્યાલ કરો. આપણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માત્ર આજ ભવને મહત્વ આપીએ છીએ. આ ભવ સારો તો બધુજ સારૂં અને આ ભવ ખરાબ તો બધુંજ ખરાબ એવું આપણે માનીએ છીએ. આ ભવની આગળ કે પાછળ આપણી નજર ચાલી શકતી નથી. જો એવા આપણેજ કમિશનમાં ભરાઈ જઇએ તો તેનું પરિણામ એ આવે કે મોટું શૂન્ય ! ! સાધારણ ન્યાયની કોર્ટો તરફ પણ તમે તમારૂં ધ્યાન દોરશો તો માલમ પડશે કે કોર્ટમાં જ્યારે ન્યાતિ સંબંધીના કેસો ચાલે છે ત્યારે તે કેસોનું જજમેંટ આપતાં પહેલાં ના. જજ પોતેજ એ ન્યાતિના રિવાજો શું છે, તે કોને કોને કેવી રીતે બંધનકર્તા છે વિગેરે સઘળી બીના જાણી લે છે અને પછીજ તે કેસનો નિર્ણય આપે છે.

**દીક્ષાકાયદાનું સ્મરણ કરો.** ન્યાયાધીશ જે જાતિનો કેસ ચાલતો હોય તે જ્ઞાતિના રીત-રિવાજ ન તપાસે તો એ ન્યાયાધીશને ઇન્સાફ આપવાનો અધિકારજ પહોંચતો નથી એ વાત તમારે ધ્યાનમાં લેવાની છે. એમ સમજો કે એક શહેરમાં કોઇ ઝવેરીને ત્યાં ઝવેરાતની વહેંચણુ અને કિંમતના સંબંધમાં તકરાર પડી છે. હવે આ તકરાર પતાવવાને માટે તમે લવાદ તરીકે કોને લાવવાનું પસંદ કરશો, કોઈ સારા ઝવેરીનેજ લવાદ તરીકે લાવશો કે કોઇ અજાણ્યા સખસનેજ અથવા કોઇ ભીલ કોળીનેજ લવાદના સ્થાન પર લાવીને ગોઠવી દેશો ? જો ભીલનેજ તમે ન્યાયાધીશ બનાવો તો પરિણામ શૂન્યમાંજ આવે ! ભીલ ન્યાયાધીશ થાય તો વડોદરામાં દીક્ષાકાયદા સંબંધી જેવો ન્યાય જૈનકોમને મળ્યો છે તેવોજ ન્યાય મળે. વડોદરા સંસ્થાનમાં દીક્ષા સંબંધીનો થએલો કાયદો તો તમે બધા જાણોજ છે. એ કાયદા પ્રસંગે સંસ્થાને રાખેલા વર્તનનું આ વખતે સ્મરણ કરો એટલે આ વસ્તુ તમોને બરાબર સમજાશે.

**પરણી ન શકાય પણ વ્યભિચાર થાય.** દીક્ષાના પ્રશ્નની મોટી જવાબદારી અને એ પ્રશ્ન સાથેનો મુખ્ય સંબંધ સાધુને અંગે હતો, છતાં રાજ્યે સાધુઓને તપાસવાની તસ્દીજ લીધી ન હતી. તમે "મોગલાઈ" શબ્દ ખરાબ વહીવટ માટે વારંવાર વાપરો છો, છતાં અહીં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે એ મોગલાઈમાં પણ જેના સંબંધમાં કાયદો ઘડાય તેને બોલાવીને પૂછવામાં આવતું હતું, પરંતુ અહીં તો તેવું પણ કાંઇ ન થયું. દીક્ષાથી જો કોઇ નવો સમાજ તૈયાર થતો હોય તો તે સાધુસમાજ છે. આ સાધુસમાજ કાંઈ ભારભૂત નથી, રખડતા નથી, રઝળતા નથી, છતાં તેમને માટે કાયદો કરવામાં આવ્યો છે, પરંતુ જે ભારભૂત છે, રખડતા રઝળતા છે, તેમને માટે સંસ્થાને કોઇ જાતનો કાયદો નથી ઘડયો. એનો અર્થ તો એજ કરી શકાય છે કે આ કાયદો ઘડનારાઓનું માનસજ એવું છે કે ચૌદ વર્ષનો છોકરો પરણી ન શકે, પરંતુ ચૌદ વર્ષનો છોકરો વેશ્યાને ત્યાં જાય અને ઘડીભર ગમ્મત કરી આવે તેની હરકત નહિ ! ! એવોજ ન્યાય આ બાબતમાં પણ થયો છે. ખરી રીતે જો કોઇ કાયદાની જરૂર હોય તો દીક્ષાવિરોધીઓને તેમની ચળવળ કરતા અટકાવનારા કાયદાની જરૂર છે.

**પરિણામ કઈ વસ્તુનું ?** દીક્ષા લેવી એ આત્માની વસ્તુ છે. મનુષ્યમાત્ર તે માટે સ્વતંત્ર છે, પરંતુ તે છતાં થોડાક અગડંબગડં માણસો ટોળકીના રૂપમાં ભેગા થઇ મનુષ્યની સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે અને આવા હરામખોરોને કોઇ રોકતું પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી ! દીક્ષા સંબંધીનો કાયદો થયો તે વસ્તુને આપણા આજના વ્યાખ્યાન સાથે પ્રત્યક્ષ સંબંધ નથી. અહીં સ્મરણમાં રાખવાની વાત એ છે કે એ કાયદો થયો એ મોટે ભાગે કઈ વસ્તુનું પરિણામ છે? જવાબ એજ મળશે કે અયોગ્ય-દીક્ષા અને જૈનશાસ્ત્રોમાં યોગ્યતા નહિ મેળવેલા એવા-કમિશ્નરોનું કમિશન બેઠું અને તેણે તપાસ કરીને રિપોર્ટ કર્યો તેનુંજ આ પરિણામ છે. તપાસકોને દીક્ષાધર્મનું જ્ઞાન ન હતું, દીક્ષાધર્મ કેટલો જરૂરી છે તે વાત તેઓ જાણતા ન હતા અને છતાં દીક્ષાનો પ્રશ્ન તપાસવા નીમાએલા કમિશનમાં તેઓવોને કમિશ્નર તરીકે નીમવામાં આવ્યા હતા એનું પરિણામ એજ આવી શકે કે જે રિપોર્ટ કમિશનદ્વારા થાય તે સત્યપથપ્રદર્શક નજ હોઇ શકે.

**ત્યાગ એટલેજ જૈનત્વ.** અને થયું છે પણ તેમજ ! દીક્ષા જરૂરી છે તે તેમને સૂઝયુંજ નથી !! આખા જગત તરફ તમે દૃષ્ટિ કરશો તો પણ તમોને જણાઇ આવશે કે સારાય સંસારને સાધુસંસ્થા વિના ચાલી શકે છે પરંતુ જૈનોને સાધુસંસ્થા વિના ચાલી શકે એમ છેજ નહિ. બીજા દર્શનોને તપાસશો, પછી તે આર્યદર્શનો હોય, મ્લેચ્છદર્શન હોય કે યવનદર્શનો હોય, પરંતુ એ સઘળા દર્શનોમાં ગૃહસ્થો ઉપદેશ, વ્રત, ધર્મક્રિયા ઇત્યાદિ સઘળું કરી શકે છે. કોઇ પણ શાસન અથવા દર્શન એવું નથી કે જેને ધર્મને અંગેજ ત્યાગી સંસ્થાની જરૂર પડતી હોય ! અજૈનોના દેવ જુઓ. તેમના દેવો પણ રાગી અને બાયડીબચ્ચાંવાળા ! તેમના દેવદૂતો-તેમના ધર્મના મહાપુરુષો એ સઘળાજ બૈરીછોકરાંવાળા અને પૈસેટકે ભરપુર ! ન તો કોઈ વૈરાગી ન તો કોઈ ત્યાગી !! હવે વિચાર કરો કે એવાઓને સાધુસંસ્થાની શી જરૂર હોય ? અલબત્ત તેમને કદાચ જરૂર હોય એમ માનીએ પરંતુ તે પણ જૈનો જેટલી જરૂર છે એમ તો નહિજ માની શકાય અને તે નથીજ !

**ત્યાગ નથી તો કાંઇ નથી.** હવે જૈનોની વાત વિચારો. જૈનોને તો એકડે એકથીજ સાધુસંસ્થાની જરૂર છે. તમો પહેલો એકડો બોલો છો કે નમો-અરિહંતાણં ત્યાંથીજ તમોને ત્યાગીની જરૂર છે. નમો અરિહંતાણં, પણ અરિહંત કેવા ? તો કહે કે ત્યાગી ! ચૌદ રાજલોક છે, પરંતુ એ ચૌદ રાજલોકમાં પણ જો કોઇ માથું નમાવવા લાયક હોય તો તે પાંચ ત્યાગીઓજ છે. એનું કારણ શું ? એનું કારણ એજ છે કે જૈનોના નવકારમાંજ ત્યાગ ભરેલો છે. ત્યાગની ઉપરજ તમારો નવકાર રચાએલો છે. તમારે ત્યાં તો એકજ વાત છે કે જો, "ત્યાગ છે તો સઘળું છે. જો ત્યાગ નથી તો કાંઈ નથી." જ્યાં જૈનધર્મનો શ્વાસોચ્છ્વાસરૂપી નવકાર મંત્રજ ત્યાગ ઉપર છે, જ્યાં ત્યાગ એજ જૈનધર્મનો શ્વાસોચ્છ્વાસ છે, ત્યાં એ ત્યાગનોજ નાશ થયો, એ ત્યાગનેજ દફનાવવાનો પ્રયાસ થયો, એ ત્યાગનેજ મારી નાખવાની વાત થઇ તો પછી એ શ્વાસોચ્છ્વાસ વિના જૈનત્વરૂપી શરીર કેવી રીતે ટકી રહેશે ? ખુબ યાદ રાખજો કે ત્યાગ છે તો જૈનત્વ છે, ત્યાગ છે તો સર્વસ્વ છે, ત્યાગ નથી તો સર્વસ્વ નથી અને ત્યાગ નથી તો જૈનધર્મ પણ નથી ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રામ વિનાના "રામરામ".** પોપટ આખો દહાડો બોલાવો તો રામરામ બોલ્યાજ કરશે, પરંતુ રામ એ કોણ હતા તેનો તેને ઈતિહાસ પૂછો તો શૂન્ય! બાપ જાણે કે રામ કોણ? તેને છૂટો મૂકશો તો તેજ પોપટ રામની પ્રતિમા ઉપર જઈને ચાંચ પણ મારશે! એ દશામાંજ શું આપણે પણ નથી ને? વિચારી જુઓ! આપણે ત્યાગ, દીક્ષાને મોઢે બોલીએ, નવકાર મંત્ર મોઢેથી બોલીએ, પરંતુ એ નવકારમંત્રનાજ આધારભૂત ત્યાગનો ટકાવ, ત્યાગની ઉત્પત્તિ, ત્યાગની વૃદ્ધિ, ત્યાગનો નાશ વગેરેને ન સમજીએ તો પછી આપણે નવકાર ગણીએ એનો કાંઇ અર્થજ નથી. નવકાર ગણતાં છતાં પણ જો આપણે ત્યાગનું મૂલ્ય ન સમજીએ તો પછી આપણી દશા પાંજરામાંના પોપટ જેવીજ સમજી લેજો. પોપટ રામરામ બોલે છે ખરો, પરંતુ તેને રામની કિંમત હોતી નથી તેજ પ્રમાણે આપણે પણ ત્યાગરૂપ નવકાર બોલીએ છીએ ખરા પરંતુ એ ત્યાગની ઉત્પત્તિ, વિદ્યમાનતા અને વૃદ્ધિને ટકાવી રાખવા માટે આપણે પવિત્ર રીતે ફના થતાં ન શીખીએ તો સમજી લેજો કે આપણે બધા પણ પાંજરામાંના પોપટ છીએ.

**"બોલો પોપટજી! શ્રી ભગવાન્."** તમે અમુક વસ્તુને માનો છો, અમુક વસ્તુની તમે પૂજા કરો છો, એ સઘળું ત્યારેજ માની શકાય કે જ્યારે તમે એ વસ્તુની સાચવણુને માટે પણ પ્રયત્ન કરતા રહો. જો તમો ત્યાગીને નમસ્કાર કરો પરંતુ ત્યાગનો નાશ જોયાજ કરો, તેને ટાળવાના કાંઈપણ યત્નો ન કરો, તો સમજી લેજો કે તમારો ત્યાગ એ માત્ર

લટપટ પંખી ચતુર સુજાણ
બોલો, પોપટજી! શ્રી ભગવાન!!

એવોજ છે. તમારામાં અને પોપટનામાં જરાય તફાવત નથી. કદાચ તમે એમ કહેશો કે ધર્મનું મૂળ ઉપદેશ છે તો ઉપદેશ સાંભળવો એજ માત્ર આપણું કર્ત્તવ્ય છે, પછી તે ઉપદેશ સાધુઓ પાસેજ શા માટે સાંભળવો સમજવો જોઈએ? એજ ઉપદેશ પાઘડીઓવાળા પાસેજ સાંભળીએ તો તેમાં ખોટું શું? ઉપદેશ સાંભળવો એજ વસ્તુ મુખ્ય છે. ઉપદેશ ક્યાં સાંભળવો અને કોની પાસેથી સાંભળવો એ કાંઇ મુખ્ય વસ્તુ નથી.

**ત્યાગીનીજ જરૂર કેમ?** તમારો આ વિચાર કેવો વિચિત્ર છે તે હવે જુઓ. કોર્ટમાં કેસ ચલાવવા માટે કોર્ટને વકીલનીજ જરૂર પડે છે એનું કારણ શું? કોર્ટે, કાયદો સાંભળવો, ઇસ્યુઓ સાંભળવા અને ન્યાય આપવો એજ વસ્તુ છે, છતાં કોર્ટ વકીલો પાસેજ કાયદો સાંભળે છે, તે બીજા ગમે તેવા પરચુરણ માણસો પાસેથી કાયદો સાંભળતી નથી એનું કારણ શું? જે વકીલો પોતેજ કાયદાનો ભંગ કરે છે, જેલમાં જઇ આવે છે અથવા તો અનીતિનો ધંધો કરતાં પકડાય છે તેવા વકીલોની પાસેથી સરકાર તેમની સનંદ ખુંચવી લે છે એનું શું કારણ છે તે તો જરા વિચારો. ધારો કે એક માણસ વકીલ થયો, એડવોકેટની ઉપાધિ મેળવી, L. L. B. ની ડીગ્રી લીધી અને મહાનિષ્ણાત ધારાશાસ્ત્રી થયો. પછી એ ધારાશાસ્ત્રીએ એક ખોટો દસ્તાવેજ બનાવ્યો અને તેમાં એ ધારાશાસ્ત્રીનેજ સજા થઈ. આવા પ્રસંગોમાં સરકાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ધારાશાસ્ત્રીની સનંદ ખુંચવી લે છે અને તેને વકીલ તરીકેનું કામ કરતો અટકાવી દે છે. ખ્યાલ કરો કે ના. સરકારે આવો સખ્ત પ્રતિબંધ મૂકયો છે એનું કારણ શું છે?

**ચારિત્ર શા માટે જુઓ છો?** એક ધારાશાસ્ત્રી અન્યાય કરે એથી શું તેના કાયદાના જ્ઞાનનો લોપ થાય છે? શું તેણે જે જ્ઞાન મેળવેલું હોય તે જ્ઞાન તે ભૂલી જાય છે? તેના મગજમાંથી શું કાયદાના તત્ત્વોજ ચાલ્યા જાય છે? નહિજ! શાળાનો અધ્યાપક અથવા પ્રિન્સિપોલ પોતેજ જો લુચ્ચો હોય, વ્યભિચારી હોય, દગાબાજ હોય અને ગુન્હો કરતાં પકડાય તો શું સરકાર તેવાને નોકરીમાં રાખશે ખરી કે? અરે બીજી વાત તો ઠીક છે. માસ્તર વ્યભિચારી હોય અને છતાં જ્ઞાનમાં એક્કો હોય તો એવા જ્ઞાનશીલ એક્કાને પણ તમે તમારા છોકરાને ભણાવવાને માટે રાખશો ખરા કે વારૂં? જો તમે એવી દલીલ કરો કે આપણને તો માત્ર જ્ઞાનથીજ કામ છે, બીજી ત્રીજી ચીજની જરૂર શું? તો પછી વ્યભિચારી માસ્તરને તમે શા માટે ઘેરે ભણાવવાને નથી રાખતા? શું વ્યભિચારી માસ્તર શીખવતો નથી? એવો દુરાચારી માસ્તર હોય તે પણ ભણાવે છે અને સીધા સાદા હોય તે પણ ભણાવે છે, તો પછી માસ્તર રાખતી વખતે તમે સદાચારીનેજ પહેલી પસંદગી આપો છો અને બીજાને પસંદ નથી કરતા એનું કારણ શું?

**ઉપદેશની અસર કયારે?** કારણ એજ છે કે કદાચ બાળક વ્યભિચારી-દુરાચારી શિક્ષકના આચાર વિચારોનું પણ અનુકરણ કરનારો બની જાય તો તે પોતાનો ભવ બગાડે એવો તમોને ભય રહે છે, અને તેથીજ તમે તેવા માસ્તરને રાખતા નથી. વકીલ માત્ર કાયદો જાણે, કાયદાના ખરાખોટા અર્થો કરે અને પોતાના અસીલને જીતાવી આપે એટલીજ વકીલની ફરજ છે એમ સરકાર માનતી નથી. કાયદો જાણવો, કાયદો પાળવો, કાયદો પળાવવો, કાયદો પળાતો હોય તેમાં સહકાર આપવો અને કાયદો ન પળાતો હોય તેવા કામોનો વિરોધ કરવો એ વકીલોનો ધર્મ છે. હવે વિચાર કરો કે જે વકીલ પોતેજ કાયદો ન પાળતો હોય, જે વકીલ પોતે કાયદો ન પળાવી શકતો હોય, જાતેજ કાયદાનો ભંગ કરતો હોય, તે વકીલ કાયદો પાળવા પળાવવા માટે દલીલ કરી શકે ખરો? વેશ્યા સતીને એવી શિખામણ આપે કે "ગૃહસ્થાશ્રમ પાળવો એ પણ ખોટું છે" નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું એજ ઉત્તમ છે માટે તું તારા પતિને પણ છોડી દે, તો આ શિખામણની પેલી સતી ઉપર તોલે રતિભાર જેટલી પણ અસર થાય એમ છે ખરૂં કે?

**ત્યાગનો ઉપદેશક ત્યાગીજ હોય.** વસ્તુતઃ મુખ્ય વાત એ છે કે જે વસ્તુ તમે પ્રતિપાદો છો, જે વસ્તુનો તમે ઉપદેશ કરો છો તે વસ્તુ તમારા પોતાના જીવનમાં તો એક રસ થઇ ગએલીજ હોવી જોઇએ. કદાચ તમોને એવી શંકા થશે કે રાયફલનો ઘોડો દબાતાં ગોળી નીકળીને માણસને લાગે તેથી માણસ મરતો હશે ખરો? પણ શું કમાન્ડર-ઈન-ચીફને એવી શંકા થાય ખરી કે? એજ પ્રમાણે ભગવાન્ શ્રીજિનેશ્વર-દેવોનો ઉપદેશ જગતને સંભળાવનારાઓ પણ ભગવાન્ શ્રીજિનેશ્વરદેવને પુરેપુરા વફાદાર જોઇએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને જે માર્ગનો તેઓ ઉપદેશ કરે છે તે માર્ગને તેમણે તો અમલમાં મૂકેલો હોવોજ જોઇએ, એવુંજ આ શાસનનું મંતવ્ય છે, અને તેથીજ તેઓશ્રીએ ધર્મોપદેશ એ માત્ર સાધુઓનુંજ કર્ત્તવ્ય બનાવ્યું છે. અર્થાત્ તમારી જો એવી દલીલ હોય કે ઉપદેશ સાંભળવો તે સાંભળવો, પછી તે કોઇ ત્યાગી જૈનસાધુ સંભળાવે તો શું અથવા તો કોઇ પાઘડીબંધો સંભળાવે તો શું ? તો આ તમારી માન્યતા સ્પષ્ટ રીતે ભૂલભરેલીજ ઠરે છે. જે માણુસ પોતે જે સિદ્ધાંતનો પ્રચારક હોય તે માણુસે પોતે તે સિદ્ધાંત અમલમાં મૂકેલો તો હોવોજ જોઇએ.

**અધિકારીનેજ શોભી શકે.** આ વસ્તુતત્ત્વને ભગવાન્ શ્રીજિનેશ્વરદેવો સારી રીતે જાણુતા હતા અને તેથીજ તેઓએ એમ ઠરાવ્યું છે કે જેઓ છકાય પરત્વેની દયા માટે વફાદાર હોય તેનેજ ઉપદેશ આપવાનો હક છે. જેઓ પવિત્ર છે એટલે જેઓ જુઠાણાના ત્યાગી છે, જેઓ અદત્તાદાનના ત્યાગી છે, જેમણે ઇંદ્રિયો જીતી લીધી છે, અર્થાત સંસારની જગતભરની સ્ત્રીઓને જેઓ પોતાની માબહેન સમાન માને છે અને પોતાની પાસે જેઓ કોડી પણુ ન રાખે એવા હોય છે, તેવાઓજ ભગવાન્ શ્રીજિનેશ્વરના શાસનનો કાયદો અને જૈનધર્મનો ધર્મોપદેશ જગતને સંભળાવવાને માટે યોગ્ય છે. આવો કડક છતાં જરૂરી માર્ગ ભગવાન્ શ્રીજિનેશ્વર દેવોએ નક્કી કર્યો છે. જે આત્મા આ પ્રમાણે પાંચ વફાદારીની પ્રતિજ્ઞા કરે છે તેજ આત્મા ઉપદેશ આપવાને માટે લાયક છે એવું શા માટે ઠરાવવામાં આવ્યું છે તે હવે તમે સારી રીતે સમજી શકશો. જે પાંચવસ્તુનો ઉપદેશ આપવાનો છે તે પાંચવસ્તુઓનો ઉપદેશકજ જો વેરી હોય તો તો તમારો સંઘ કાશીએ ન જાય પણુ ઢેડવાડેજ જાય એમ નક્કી સમજજો !

**એકલું જ્ઞાન નકામું છે.** એટલા માટેજ એમ ઠરાવવામાં આવ્યું છે કે એકલું જ્ઞાન એ કામની ચીજ નથી, પરંતુ જેનામાં જ્ઞાન અને ચારિત્ર બંને છે તેજ ઉપદેશ આપવાને લાયક છે. પાઘડીબંધામાં જ્ઞાન હોય એ વાત દલીલ ખાતર માની લઈએ, પરંતુ તેનામાં ચારિત્ર નથી એટલાજ માટે તે ઉપદેશ આપવાને માટે પણુ યોગ્ય નથીજ. વ્રત, પચ્ચ-ક્ખાણુ કરવાના છે તે પણુ ત્યાગી પાસે. પ્રતિષ્ઠાઓ કરવાની છે તે પણુ ત્યાગી પાસે. અંજન-શલાકા તે પણુ ત્યાગી પાસેજ. પ્રાયશ્ચિત્ત કરવાનું છે તે પણુ ત્યાગી પાસેજ, અને અંતાવસ્થાએ આરાધના કરવાની છે તે પણુ ત્યાગી પાસેજ કરવાની છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આખા જગતને ત્યાગી વગર ચાલે એ કદાચ સંભવિત છે પરંતુ જૈનોને ત્યાગી વગર ચાલે એ સંભ-વિતજ નથી. જે કોઇ ત્યાગીની સંસ્થાનાજ વિરોધી છે તે જૈન નથી, એટલું આ વસ્તુ ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે. જે વાસ્તવિક જૈન છે, જેને હૈયાથી જૈનત્વ રૂચેલું છે, જેનામાં જૈનત્વનો એક અંશ પણુ બાકી છે તેવો આત્મા તો કદાપિ પણુ ત્યાગનો વિરોધી નજ હોઇ શકે.

**નવું ઢોંગ !** ના. ગાયકવાડે દીક્ષાભાંગું કાયદો કાયદાપોથીમાં ધીમે રહીને ઘુસાડી દીધો તે પહેલાં ત્યાંની સરકારે દીક્ષાભાંગુ કાયદા પર લોકોના અભિપ્રાયો માગ્યા હતા. આ માગણીમાં થોકડે થોકડા અભિપ્રાયો વિરોધના ગયા અને પાંચ પચાસ અભિપ્રાયોજ તરફેણુના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગયા. હવે ખરીવાત તો એ હતી કે જો ગાયકવાડ સરકારને એ અભિપ્રાયનીજ કિંમત હોત તો તો વિરોધના અભિપ્રાયોની નોંધ લઇને તેમણે પોતાનું કાર્ય પડતું મૂકયું હોત, પરંતુ વિરોધના અભિપ્રાયો આવ્યા છતાં આગગાડી ચાલી તો આગળજ ! વિરોધના અભિપ્રાયો માગ્યા, એટલે તો બે હજારથી વધારે વિરોધોનો રાજના ટેબલ ઉપર ઢગલો થઇ ગયો ! વિરોધી અભિપ્રાયોનો આટલો બધો ઢગલો થયો, વિરોધના અભિપ્રાયો ખુબજ વધી ગયા, પરંતુ પછી તે અભિપ્રાયોની સંખ્યા ગણીને તેનો અમલ તો થયોજ નહિ ! હવે વિચાર કરો કે એ અભિપ્રાયો શા માટે મંગાવ્યા હતા અને એ અભિપ્રાયોનું મૂલ્ય શું હતું ? આ તે ઢોંગ કે બીજું કાંઈ ?

**વાંચો, વિચારો અને....”** જો રાજયે અભિપ્રાય માગ્યા હતા, તો તો એ અભિપ્રાયો પ્રમાણ ગણીને તે પ્રમાણેનું વર્તન કરવું એજ વાસ્તવિક હતું. જો અભિપ્રાય મંગાવ્યા પછી પણ તે અભિપ્રાયો ગણવાનીજ તસ્દીજ ન લેવાય તો તેનો અર્થ એજ છે કે “જો દોસ્ત ! તને કેવો બનાવી કાઢયો !” આમજ કે બીજું કાંઇ ! લોકોના અભિપ્રાય માગવા અને પછી તેને ગણવા નહિ એટલે એ તો અભિપ્રાય આપનારાઓની નાકકટ્ટીજ કરેલી કહી શકાય ! સગીરના સંબંધમાં આજસુધીમાં રાજયે કાયદાઓ કરી નાખ્યા છે અને સગીરને કોણે રાખવો ? તેની જવાબદારી કોણે ઉઠાવવી ? તેને કેવી રીતે કેળવવો ઇત્યાદિ સઘળા પ્રશ્નોની કુલસત્તા સરકારે વાલીઓને સોંપી દીધી છે. સગીરને ભણાવીગણાવી બેરીસ્ટર બનાવવાની સત્તા વાલીને ખરી, પરંતુ સગીરને ધર્મના પુસ્તકો ભણવા માટે સાધુ બનાવવાનો હોય તો તે સત્તા વાલીને નહિ, આ તે કેવો ન્યાય ? આશ્ચર્યની વાત એ છે કે એજ વડોદરા સંસ્થાનમાં વડોદરા શહેરના એક જાહેર રસ્તા પર મુસલમાનોની મસજીદ છે. રાજયે તે મસજીદ તોડી પાડવાનો ઠરાવ કર્યો હતો પરંતુ તેની જાહેરાત થતાં મુઠીભર મુસલમાનોએ વિરોધ કર્યો, એટલે એ કામ અટકી ગયું, મુસલમાનોના નામના વિરોધ છતાં તેઓ ફાવી ગયા, પણ લાખો વિરોધો હોવા છતાં દીક્ષા પ્રતિબંધક એકટ પસાર થઇ ગયો. આ ઈતિહાસ જૈનો વાંચે અને વિચારે એટલે બસ છે.

**પરિણામ ઉલટું કેમ ?** કહેવાની વાત એ છે કે જેઓ દીક્ષા અને ત્યાગમાં જાણતાજ ન હતા તેવાઓને દીક્ષાભાંગુ કાયદાનું સામૈયું કરનારી ટોળકીમાં (કમિશનમાં) ઘુસાડી દીધા, તો એનું પરિણામ એ આવ્યું કે જૈનોનો પ્રચંડ વિરોધ છતાં કાયદો ગુપચુપ ધારાપોથીમાં ઘુસી ગયો. આવો અનર્થ ત્યારેજ ન થઇ શકે કે જયારે કમિશનમાં નિમાએલા માણસો સઘળીજ વસ્તુના બરાબર જાણકાર હોય ! જે માણસો કમિશનમાં બેસીને ચુકાદો આપવા માટે તૈયાર થઈ જાય છે તેમણે કેસની હકીકત પણ પુરેપુરી જાણી લઇ તેનાથી વાકેફ થવુંજ ઘટે છે. ના. ગાયકવાડે અભિપ્રાયો માગ્યા, તેમાં જેમણે વિરોધ નથી દર્શાવ્યો અને જેમણે ઠરાવને ટેકો આપ્યો છે તેમાંથી તો એકે પણ દીક્ષા લીધી નથી અથવા તેઓ ભવિષ્યમાં દીક્ષા લેવાના પણ નથી, અને જે વર્ગમાંથી દીક્ષાઓ થાય છે તે વર્ગમાંથી કોઈએ દીક્ષા વિરોધી કાયદાને ટેકો આપ્યો નથી. જૈનોના બે હજાર કરતાં વધારે સંઘોએ તો ઉલટો એ કાયદાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘોર વિરોધજ કર્યો છે, છતાં પરિણામ ઉલટુંજ આવે છે. એ એનુંજ પરિણામ છે કે જે કમિશ્નર તરીકે કામ કરનારા હતા તેજ મૂળ પ્રશ્નથી અજ્ઞાત હતા.

**કમિશન કેવું જોઇએ?** આ ઉપરથી એક વાત સાબીત થાય છે કે કમિશ્નરો એવા હોવા જોઇએ કે જેઓ મૂળ પ્રશ્નના પુરતા જાણકાર હોય. ત્યારે આત્મા ભવબંધનોમાં ફસાએલો છે, તેને ત્યાં પરાજય મળ્યો છે, એ પરાજય ટાળવા અને આત્માને ભવબંધનોમાંથી છોડાવવા પણ એવાઓનુંજ કમિશન બેસાડવાની જરૂર છે કે જેઓ એ પ્રશ્નમાં પુરેપુરા જાણકાર હોય. આ સંબંધીના પુરેપુરા જાણકાર કોણ છે તે હવે શોધી કાઢો કર્મ, જીવ અનાદિના છે એવા જ્ઞાનવાળા જો કોઇ હોય તો તે ફક્ત કેવળી ભગવાનો છે. કેવળી સિવાય આ જગતમાં એવા બીજા કોઈજ નથી કે જેઓ જગતના સઘળા પદાર્થોને અને સઘળા કાળને જાણનારા હોય. એક કેવળી ભગવાનોજ એવા છે કે જેઓ સત્ય, સનાતન, અનાદિ એવા જીવ, કર્મ ઇત્યાદિના સાચા સ્વરૂપને સમજે છે. કેવળી ભગવાનોનું એવું કમિશન તમે બેસાડો ત્યારેજ બેસશે એવું નથી, એ કમિશન તો બેસીજ ગયું છે. એ કમિશને પોતાનું કાર્ય કરીજ નાખ્યું છે અને તે કમિશનેજ એવો નિર્ણય આપી દીધો છે કે આ જીવ છે તે અનાદિનો છે પાછળનો અથવા અર્વાચીન નથીજ.

**મિથ્યાત્વની છાંયા પણ ન પડે.** જીવ અનાદિનો છે એ વાત અગર જોકે ભૂતકાળની છે પરંતુ એમાંજ ભવિષ્યકાળનું બીજ રહેલું છે. એ બીજ કેવા પ્રકારે રહ્યું છે તેનો વિચાર કરો. જીવ અનાદિનો છે, પરંતુ તેની અવસ્થા શી થઇ, તો કહે કે ઘાંચીની ઘાણી! જન્મમરણના ઘાંચીની ઘાણીના જેવા આ ફેરા કેમ કરવા પડયા? જવાબ એ છે કે કર્મ પણ અનાદિના બાંધ્યાં છે તેથીજ. બસ જીવ અનાદિનો છે અને કર્મ પણ અનાદિનાં છે એ નક્કી થયું એટલે ભવિષ્યની સાવચેતી માટે બેઠેલા પરાજયકમિશન નો એજ રિપોર્ટ છે એમ સમજી લો. ભૂતકાળના ભવોનો અને કર્મસંયોગોનો વિચાર કરીએ તોજ ભવિષ્યની જિંદગી સુધારી શકીએ એ સ્પષ્ટ છે, માટેજ શાસ્ત્રકારો કહે છે કે (૧) જીવ અનાદિ છે (૨) ભવ અનાદિ છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિ છે એ જેના ખ્યાલમાં છે તે મિથ્યાત્વના છાયામાં પણ જઈ શકતો નથી અને તેથીજ પોતાના ભૂત અને ભવિષ્ય સહિત વર્તમાન જીવનનો જે વિચાર નથી કરતો તેને એજ કારણાર્થે શાસ્ત્રકારોએ અસંજ્ઞી અર્થાત્ અવિચારી કહ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ધી કાયા કુંપની લી. અને સગાં શેરહોલ્ડરો, મેનેજર જીવાત્મા

**વિચારવાળા કોણ ?**

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાયજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથ રચતાં સૂચવે છે કે આ સંસારમાં જેઓ ધર્મના અર્થી છે, જેમને આત્માનું ભાન થએલું છે, જેમની ઇચ્છા આત્માના સ્વાભાવિક ગુણો પ્રકટ કરવાની અને તેને સદાકાળ જાળવી રાખવાની છે એ ગુણો સદાકાળ માટે જાળવી રાખવાનું સ્થાન જે મોક્ષ તેના જે અર્થી એટલે મોક્ષ મેળવવાને જે ઇચ્છનારા છે તે સઘળાઓએ પોતાની ભૂત, વર્તમાન અને ભવિષ્ય, એ ત્રણે અવસ્થાનો વિચાર કરવો જરૂરી છે. જે આત્મા આવી રીતના વિચારો કરે છે તેનેજ જૈનશાસ્ત્ર વિચારવાળા માને છે, બીજાને વિચારવાળા માનવાની શાસ્ત્ર ના પાડે છે, પરંતુ આ વિચારવાળાની વ્યાખ્યાથી પણ જે હરખમાં આવી ગયા હોય અને પોતે વિચારવાળા છે એવું જેઓ માની લેતા હોય તેવાને શાસ્ત્ર હજી પણ એકદમ અટકી જવાનુંજ કહે છે. શાસ્ત્ર વિચારવાળા કોને કહે છે એની વ્યાખ્યા તો ગંભીર છે.

**ઝવેરી કોને કહેશો ?** તમે એકલા તમારા સર્વ ભવો વિચાર્યા—ભૂતાદિ ત્રણે કાળ વિચાર્યા, તે તમે ઇંદ્રિયના વિષય, શરીરપોષણ ઇત્યાદિ પણ કર્યું તેટલા માત્રથી શાસ્ત્ર તમોને વિચારવાળા ગણી લેતુંજ નથી. મનુષ્યો શાકભાજી ખરીદવામાં હોશિયાર હોય તેટલા માત્રથી તેઓ ઝવેરીબજારમાં દાખલ થવા યોગ્ય ઝવેરી ગણાતા નથી, ત્યાં દાખલ થવા માટે તો વિશેષ લાયકાતનીજ જરૂર રહે છે. કોઈ માણસ ઝવાહીરની કિંમત, ફાયદો, ગુણો એ સઘળું જાણે નહિ ત્યાં સુધી ઝવેરી તરીકે તે ઝવેરાતના ધંધામાં દાખલ થઇ શકતોજ નથી. જયારે મનુષ્ય ઝવેરાતનો વિષય જાણે છે, તેમાં પોતે નિષ્ણાત થાય, છે ત્યારેજ તે એ ક્ષેત્રમાં દાખલ થઇ શકે છે તેજ પ્રમાણે જૈનશાસનમાં પણ જો વિચારવાળા ગણાવું હોય તો તેનો એકજ રસ્તો છે તે એ કે જેને આત્મા, ભવ, અને કર્મ સંબંધી વિચારો આવ્યા હોય, જે વિચારોનું ફળ લેવાને માટે તૈયાર હોય અને જેની તેવી યથાશકય પ્રવૃત્તિ હોય, તેનેજ આ શાસન વિચારવાળાની કોટિમાં ગણે છે.

**બીજો માર્ગ નથી.** આ માર્ગને અનુસર્યા સિવાય જૈનશાસનમાં વિચારવાળા ગણવાનો બીજા કોઇને પણ હક મળતોજ નથી. આહાર, શરીર વગેરેને માટે ચાહે તેવા વિચારો કરો, ક્રિયાઓ કરો કે પ્રયત્નો કરો, તો પણ તેથી તમે વિચારવાળા છો એવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ શાસન માનતું નથી. આહાર અને શરીરને માટે વિચારો અને યત્નો કરનારાને આ શાસન વિચારશીલ કેમ નથી માનતું તેનો વિચાર કરો. એકેન્દ્રિય જીવો છે તે પણ પોતાના આહાર અને શરીર માટે તો વિચાર કરેજ છે તો પછી જીવને આહાર અને શરીરના વિચારોને માટેજ જો વિચારશીલ માનીએ તો એકેન્દ્રિય જીવોને શા માટે વિચારવાળા ન માનવા જોઇએ ? જે એકેન્દ્રિય જીવો છે તેમને પણ આહાર અને શરીરનો વિચાર નથી હોતો એમ નથીજ. તેઓ પણ એ સંબંધમાં તો વિચારવાળા છેજ. આપણે જોઇએ છીએ કે વરસાદ વરસે છે એટલે એક રાતમાંજ ઝાડપાન એવાં ખીલી આવે છે કે ન પૂછો વાત! જયાં જુઓ ત્યાં લીલુંછમ. જયાં જુઓ ત્યાં લીલી કુંજાર જેવી ઘટાઓ છવાએલીજ હોય અને વનસ્પતિ નવઅહારમાં ખીલેલીજ હોય !

**આહારસંજ્ઞા તો બધાનેજ** એકેન્દ્રિય જીવોને પણ આહારનો ખોરાક મળી ગયો એટલે તેઓ પણ પ્રફુલ્લિત થાય છે, એનો અર્થ એ છે કે તેઓ પણ આહારસંજ્ઞાવાળા છે. પાણી પ્રવાહી છે, બીજી બાજુએ તેજાબ પણ પ્રવાહી છે, ત્રીજી બાજુએ સોનારૂપાનો રસ કરો તો તે પણ પ્રવાહી છે. હવે ઝાડનાં મૂળીયામાં જો તમો પ્રવાહી તેજાબ રેડશો તો ? તો ખીલવાની વાત તો બાજુએ રહી, પરંતુ તરતજ ઝાડ ચીમળાઇ જશે અને નીચે ઢળી પડશે. ત્યારે પ્રવાહી પાણીથી વૃક્ષસંતોષાય છે અને ખીલે છે પણ પ્રવાહી તેજાબથી મરી જાય છે. એ ઉપરથી સહજ થાય છે કે તેને પણ આહારના વિષય પરત્વે તો વિવેક છેજ. શરીર અને આહારના વિષય પરત્વે તો એ એકેન્દ્રિય એવા અનંતકાય જીવોને પણ વિવેક રહેલોજ છે. ઝાડપાન પણ જાણે છે કે પ્રવાહી પાણી એ આપણો આહાર છે, પરંતુ પ્રવાહી તેજાબ એ આપણો આહાર નથીજ. એજ પ્રમાણે પ્રત્યેક જીવ એ આહારના સંબંધમાં વિવેકવાળો છે, એટલાજ માટે પ્રત્યેક જીવને જૈનસાહિત્યે આહાર સંજ્ઞાવાળો કહ્યો છે. જીવમાત્ર આહાર સંજ્ઞાવાળાજ છે.

**આહારની અભિલાષા** આહારસંજ્ઞા કોને અંગે છે તે વિચારી જુઓ. આહારસંજ્ઞા આહારની અભિલાષાને અંગેજ છે. બીજાને અંગે નથીજ. તમે કહેશો કે એકેન્દ્રિયજીવો—ઝાડપાનને તો વળી આહારની અભિલાષા હોય! હવે તમે પોતેજ એ બાબત ઉપર વિચાર કરો. ધારો કે એક મુંગો માણસ છે. આ મુંગો માણસ બોલ્યો નથી, બોલતો નથી, પરંતુ તેથી તમે એમ ન કહી શકો કે એને બોલવાની અભિલાષાજ નથી. તેને બોલવાની અભિલાષા તો જરૂર છેજ. તમે એકેન્દ્રિયજીવને આહારની અભિલાષાજ ન માનશો તો એ આહાર લે છે તે ન બને ! જો અભિલાષા ન હોય તો કાર્ય નજ થવું જોઇએ. વનસ્પતિકાય પણ આહાર લે છે તે ઉપરથીજ સ્પષ્ટ થાય છે કે વનસ્પતિકાયને પણ આહાર લેવાની અભિલાષા છેજ. જો વનસ્પતિકાય આહાર લે છે તો તેનાથી એ પણ સાબીત થાય છે કે તેમને આહાર લેવાની પણ ઇચ્છા છે. વનસ્પતિકાયને પણ આહાર લેવાની ઇચ્છા હોવાથીજ એકેન્દ્રિયો પણ આહારસંજ્ઞામાં સમાવેશ પામે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આહારથીજ શરીર વધે.** એકેન્દ્રિય જીવને પણ સૂક્ષ્મશરીર હોય છે. જો કોઇ એમ ધારતું હોય કે એકેન્દ્રિયજીવને સૂક્ષ્મશરીર નથી તો તે ભૂલ છે. એકેન્દ્રિયજીવને પણ સૂક્ષ્મરૂપનું અંગુલનાએ અસંખ્યાતમા ભાગનું શરીર હોય છે. હવે જો શરીર છે તો એ વાત પણ તેટલીજ ચોકખી છે કે તેને આહાર પણ હોવોજ જોઇએ, કારણ કે આહાર વિના શરીર હોઇ શકતુંજ નથી. અહીં કેવા આહારથી શરીર બંધાય છે તેનો વિચાર કરો. માત્ર અનિચ્છાએ આહાર આવીને પડે તો તેથી શરીર વધતું નથી. આહાર જ્યારે ઇચ્છાપૂર્વક લેવાય છે ત્યારેજ તેનાથી શરીર વધે છે. આહારથી શરીર વધે છે એ ન્યાયે વનસ્પતિકાયનું શરીર પણ આહારથી વધે છે. વનસ્પતિકાયના છિદ્રોરૂપ અનંત મુખોદ્વારા તે પાણી અને હવાના પુદ્ગલોને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને તેને શરીરના સ્વરૂપમાં પરિણમાવે છે ત્યારેજ આપણે એ આહારને પરિણામે વપસ્પાતને પુષ્ટ થએલી એટલે ખીલેલી જોઇએ છીએ.

**જીવમાત્રનેજ આહારની ઇચ્છા છે.** આહારથી વનસ્પતિકાયનું શરીર પુષ્ટ થાય છે એટલે એ સાબીત થયું કે વનસ્પતિકાય પણ આહાર લે છે અને તેને પરિણમાવે છે અને જો તે આહાર લે છે અને તેને પરિણમાવે છે તો પછી એ પણ તેટલુંજ સ્પષ્ટ છે કે એને પણ આહારની ઇચ્છા છે. હવે આહાર શા કારણથી લેવો પડે છે તેનો વિચાર કરો. તૈજસકર્મને લીધે. તૈજસકર્મને લીધે આહાર લેવો પડે છે. જેને તૈજસકર્મનો ઉદય થાય છે તેજ આહાર માગે છે. એ રીતે સૂક્ષ્મ એકેન્દ્રિયજીવો અને નિગોદિયાઓ તેમને પણ તૈજસકર્મનો ઉદય થાય છે અને તૈજસકર્મનો ઉદય થતો હોવાથીજ તેઓ પણ ખોરાક માગે છે. શાસ્ત્ર કહે છે કે:—"जोएण कम्मएणं आहारेइ अणंतरं जीवो" આત્મા પહેલ વહેલો આહાર ક્યારે કરે છે તેનો વિચાર કરો. જે તૈજસકાર્મણ શરીરવાળા છે તેઓ સઘળા ઇચ્છાપૂર્વક આહાર લેનારા તથા તેને પરિણમાવનારા છે, અને સંસારી જીવમાત્ર એ કર્મવાળા હોઇ આહારની ઇચ્છાથી યુક્ત છે તેથીજ તેમને આહારસંજ્ઞા આપવામાં આવી છે.

**ખોરાક પચવાનું કારણ ?** ખાધેલો ખોરાક પેટમાં પચે છે એટલે તે પચવું નવા ખોરાકની ઇચ્છા જાગૃત કરે છે. માણસ પોતે એમ ધારીને બેસતો નથી કે મારા પેટમાંનું ખાધેલું ક્યારે પચી જાય અથવા મારૂં પીધેલું પાણી ક્યારે સુકાઇ જાય કે હું નવું પાણી પીવા માંડું ! આત્માની એવી ઇચ્છા ભલે હોય કે ન હોય પરંતુ તૈજસકર્મજ એવું છે કે જ્યાં તેનો ઉદય થાય છે કે તેના યોગે પેટમાંનો પ્રવાહી પદાર્થ ઓછો થવા માંડે છે અને ગળું સુકાય છે એટલે સાથી પહેલાં પાણી ઉપર ઇચ્છા થાય છે. ગળું સુકાય છે અને આપણે ક્રમશઃ પાણી અને ખોરાકની ઇચ્છા કરીએ છીએ. જેમ આપણને તૈજસ શરીર છે તેવુંજ તૈજસ શરીર એકેન્દ્રિયજીવોને પણ હોય છે અને જો તૈજસ શરીરથીજ આહારની ઇચ્છા થાય છે તો વનસ્પતિકાયને પણ ખોરાકની ઇચ્છા છે એ સિદ્ધ થાય છે. હવે વનસ્પતિકાય જેવા એકેન્દ્રિયોને પણ આહારની જરૂર છે અને ત્યાંથી માંડીને પંચેન્દ્રિયજીવોને પણ આહારની જરૂર છે એટલે જીવમાત્રને આહારની જરૂર સિદ્ધ થાય છે અને સંસારી જીવમાત્ર તેથીજ આહારસંજ્ઞા પામે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આત્મા અને શરીરનો સંબંધ.** આત્મા જ્યારે એક ભવથી બીજે ભવ બદલે છે ત્યારે તે જુના ભવમાંથી પોતાની સાથે કોઈપણ ચીજ લઈ જઈ શકતોજ નથી. આત્માને બહારની જે કાંઈ ચીજનો સંયોગ થયો હોય તે સઘળું તેને અહીંજ છોડીને જવું પડે છે. શરીર અને આત્માનો સંબંધ તો અજબ છે. શરીર અને આત્મા એક બીજામાં તન્મય થએલા છે. શરીરના સુખે આત્મા સુખી થાય છે, આત્માના સુખે શરીર સુખી થાય છે, શરીરના દુઃખે આત્મા દુઃખી થાય છે અને આત્માના દુઃખે શરીર દુઃખી થાય છે. શરીર સાથે આત્મા કેવો મળેલો છે તે જરા તપાસી જુઓ. પગમાં કાંટો વાગશે અને શરીરને ઉપદ્રવ થશે તો આત્મા જરૂર દુઃખી થશે. દસહજારની મુંડી બેંકમાં ધીરી હોય અને બેંક ડૂબે તો આત્માને શોક થાય પરંતુ આત્માને શોક થાય તેથી તો શરીર પણ સુકાવા લાગે છે! દરદીને, ડાકતર હંમેશાં ચિંતાથી મુક્ત રહેવાની સલાહ આપે છે. જ્યાં તેને ચિંતા ન હોય, વિચાર ન હોય તેવાજ સ્થાનમાં તેને લઈ જવાનું કહે છે કે જેથી આત્મા ચિંતામુક્ત થાય છે અને તેની ચિંતામુક્તિથી શરીર પણ સુધરે છે.

**છતાં સાથે ન લઇ જઇ શકાય!** ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે શરીરનું દુઃખ તે આત્માનું દુઃખ અને આત્માનું દુઃખ તે શરીરનું દુઃખ છે. આવો આત્મા અને શરીર વચ્ચેનો ગાઢ સંબંધ છે. આ ઉપરથી જણાય છે કે આત્મા પણ શરીરરૂપ થઇનેજ શરીરમાં રહેલો છે. શરીર સાથે આત્માની આવી તન્મયતા હોવા છતાં શરીરને પણ આત્મા પોતાની સાથે લઈ જઇ શકતોજ નથી. જગતની બીજી સઘળી સંપત્તિ જુઓ તો તે આત્માથી છૂટી પડનારી છે. ઘર, બંગલા, વાડી, સ્ત્રી, પુત્ર, પરિવાર આ બધી ચીજો આત્માથી અને આત્માવાળા શરીરથી છૂટી પડે છે પરંતુ શરીર એજ એક એવી ચીજ છે કે તે આત્માથી કદાપિ પણ છૂટી પડી શકતીજ નથી. શરીર ને આત્મા એનો સંયોગ થાય છે ત્યારથીજ આત્મા શરીરને પાળે છે, પોષે છે, તેને મોટું કરે છે, તેને ટકાવે છે અને એક ક્ષણભર પણ તેને છુટું પાડવા ચહાતો નથી, પરંતુ એ શરીર પણ અંતમાં તે પોતાની સાથે લઈ જઇ શકતો નથી. આવું અલૌકિક અને કલ્પનામાં પણ ન આવે તેવું આત્માનું અનન્યપણું આ શરીરની સાથેજ છે. આટલું છતાં એવું પ્રિય શરીર પણ આત્મા પોતાની સાથે લઇ જઇ શકતો નથી.

**"હું" બધાને વળગ્યો છે.** શરીરનો સંયોગ આત્માને આખા ભવમાં થાય છે અને એ સંયોગ થએલો મટતો નથી. કુટુંબ, ઘર, બાગબગીચાથી આપણે વ્યક્તિને મુક્ત થએલી ટી થએલી જોઇએ છીએ પરંતુ કોઇપણ પ્રસંગે શરીર વિનાના આત્માને આપણે જોઇ શકતાજ નથી. બૈરી, છોકરાં, પતિ, પત્ની એ સઘળાંની સાથે મનુષ્યને આપણે છૂટો પડેલો જોઇએ છીએ કારણ કે એ સઘળી વસ્તુઓ મનુષ્યને વળગેલી નથી હોતી પરંતુ મનુષ્યજ એને વળગેલા હોય છે. આ ઉપરથી જણાય છે કે જે વસ્તુથી મનુષ્ય છૂટો પડી શકે છે તે વસ્તુઓ અન્ય છે અને તે વસ્તુને મનુષ્ય પોતેજ વળગેલો હોય છે તેથી તે તે વસ્તુઓથી છૂટો પડી શકે છે. જેનાથી "હું" છૂટો પડેલો દેખાય છે તે સઘળી ચીજો "હું"ને વળગેલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન હતી પરંતુ "હું" પોતેજ તે સઘળી ચીજોને વળગેલો હતો. જો બાયડી છોકરાંની તમે સંભાળ ન રાખો તો તેઓ તમારી સાથે આવીને ઉભા પણ ન રહે. એ સઘળાં અલગ પડી જવાનાંજ સ્વભાવવાળાં છે પરંતુ આ શરીરની વાત તો એ સઘળાંથીજ ન્યારી છે. શરીરને તમે સંભાળો કે ન સંભાળો, જોઇએ તો છરો લઈ જાંગ પર મારી એક ઘા કરો, જોઇએ તો આ શરીરને ભૂખે મારો પરંતુ આ શરીર એ એવો ભાઈબંધ છે કે તે આત્માને કદી પણ છોડતોજ નથી. તમારી જિંદગી છે ત્યાં સુધીમાં તમે એની દરકાર કરો તો પણ તમારૂં શરીર તમારીજ સાથે અને તમે દરકાર ન કરો તો પણ તમારૂં શરીર તમારી સાથેજ. આ તમારો ભાઇબંધ એવો છે કે તમે તેને ગમે એટલો પજવો, મારો, કાપો, ઘા કરો તો પણ તે તમોને છોડતો નથી. તમે તેને કહેશો કે "ઓ સેતાન! દૂર જા!" તો તે ઉલટો તમને વધારે જોરથી બાઝી પડશે. શરીર અને આત્માના આ સંબંધના જેવો સંબંધ તમોને જગતમાં કોઇપણ સ્થળે જડવાનો નથીજ. પરિવાર તમારો કયાં સુધી છે? તમારી સ્ત્રી તમારી કયાં સુધીની છે અથવા તમારો પતિ તમારો કયાં સુધીનો છે તેનો તમે કદી વિચાર નથી કર્યો! તમે જ્યાં સુધી તમારા પરિવારની સગવડ સાચવો છો ત્યાં સુધીજ તમારો પરિવાર તે તમારો છે તે પછી તો તે તમારો નથીજ!

**દાવાવાળી દુનિયા!** તમે કુટુંબની દરકાર રાખો છો ત્યાં સુધીજ કુટુંબ તમારી દરકાર રાખે છે તે પછી નહિ. તમે કુટુંબીના કોઇ વ્યાવહારિક કામમાં તેની સાથે ઉભા ન રહ્યા તો થઇ રહ્યું! તેજ પ્રમાણે જો છોકરાને પણ તમે પાળી પોષીને મોટો ન કરો તો જરૂર તે મોસાળ ભાગી જાય!! બૈરી પણ બૈરી ત્યાં સુધીજ છે કે જ્યાં સુધી તમે એને રાજી રાખો છો તેમ ન કરો તો ખોરાકીપોષાકી મેળવવા માટે દાવો કરવા તેને માટે કોર્ટ ખુલ્લીજ છે અને "ધણી" પણ ધણી ત્યાં સુધી છે કે જ્યાં સુધી સ્ત્રી તેની સગવડ સાચવે છે! તેમાં પણ જરાક ઓછું વધતું થયું કે તરતજ લગ્નનો હક ભોગવવાને માટે પણ દાવો ખરોજ! છોકરાને મિલ્કત ન આપો કે તરત વારસો મેળવવાનો દાવો થવાનો! વિધવા માતાને જરાક ઓછું આવવા દો કે મરેલા ધણીની મિલ્કત માટે દીકરા પર પણ દાવો! ટુંકાણમાં જોશો તો-દુનિયા એટલેજ "દાવો" એવી સ્થિતિ છે પરંતુ માત્ર શરીરના સંબંધમાં એવી સ્થિતિ નજરે આવતીજ નથી.

**સ્વાર્થનોજ સ્નેહી સંસાર!** ઇંદ્રવારણાના ફળો તમે કદી જોયાં છે ખરાં કે? દેખાવમાં એ ફલો એવા તો સુંદર હોય છે કે ન પૂછો વાત! કેરી કે બીજોરૂં પણ એની આગળ ગણતરીમાંજ નહિ એવો સુંદર અને ખુશકારી દેખાવ! અને એની સુગંધ એવી કે તેવી સુગંધ બીજે કોઈપણ સ્થળે ન મળે. મોમાં નાખો તો એની મિઠાશ પણ અજબ ગજબનીજ! પણ જ્યાં એ ફળ ગળા નીચે ઉતરે છે કે તે પોતાની સેતાનીયત બતાવવા માંડે છે. એજ પ્રમાણે કુટુંબીઓની વાત પણ સમજી લેવાની છે. તમે એનું સુધારો ત્યાં સુધીજ એ તમારા. જ્યાં તમે સુધારો કરવાનો બંધ કર્યો કે ખેલ ખલાસ! તમારા સંબંધીઓને તમે વરસો સુધી સંભાળો, આખી જિંદગી લાડ લડાવો પરંતુ જો જરા સરખો વચકો પડયો તો થઇ રહ્યું. તમારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રેમ તમારી પાસે, તેનો પ્રેમ તેની પાસે. જગત તરફ જુઓ છો તો તેની આવી સ્વાર્થવૃત્તિજ નજરે પડે છે, અને તેથીજ વિદ્વાનોએ વારંવાર કહી દીધું છે કે આ જગત એ કેવળ સ્વાર્થથીજ ભરેલું છે અને તે સ્વાર્થનુંજ સ્નેહી છે.

**વ્યવહારનું મૂળ ક્યાં છે ?** બીજાની વાત દૂર રહી. તમારી પોતાની દીકરીની વાત કરો. દીકરીને પંદર વર્ષ સુધી મોટી તમે કરો છો. તેના લાડકોડ પુરા કરો છો, પરંતુ જ્યાં તેનું લગ્ન થાય છે અને તેને ખબર પડે છે કે મારો હક તો સાસરે છે એટલે તે પણ ભાગવા માંડે છે! પરણેલી છોકરી ઘેર ગઈ. તેને સાસરે ગઈ તો હવે તેનું સૂતક પણ તેના માબાપને નહિ! પરણેલી છોકરી સૂતકમાંથી પણ તમોને કાઢી મૂકે છે. આ સવળાને તમે વ્યવહાર કહો છો! પરંતુ આગળ વધીને જુઓ તો જણાશે કે એ વ્યવહારનું મૂળ ક્યાં છે? જવાબ એકજ મળશે કે રાખ રખોપતમાં! સ્વાર્થમાં! સ્વાર્થમાંજ વ્યવહારનું મૂળ છે બીજી જગાએ નહિ. જગતના માણસોની દૃષ્ટિ એકજ હોય છે કે લાભ ક્યાં છે, ફાયદો ક્યાં છે, સ્વાર્થ ક્યાં સરે છે, જ્યાં સ્વાર્થ સરે છે અને લાભ હોય છે ત્યાંજ લોકો વળગતું રાખે છે અન્યત્ર નહિ. છોકરી પરણે નહિ ત્યાં સુધી તેનો હક માબાપને ત્યાં, એટલે ત્યાં સુધીજ માબાપને સૂતક, પણ જ્યાં પરણી અને તેનો સ્વાર્થ ધણી સાથે જોડાયો કે હવે માબાપ પણ નકામા!

**આ જુઓ, તમારી દુનિયા!** તમારી દુનિયા કેવી છે તે આ ઉપરથી જોઇ લ્યો. છોકરો તમારો પોતાનો હોય પરંતુ તે પણ જો દત્તક જાય તો તમારો અને તેનો સંબંધજ ખલાસ થાય! છોકરો દત્તક જાય છે એટલે તેના ઘરનો સંબંધ બંધ થાય છે પછી તેને પણ માબાપના ઘરનું સૂતક લાગતું નથી, પરંતુ તે જ્યાં દત્તક જાય છે ત્યાંનુંજ તેને સૂતક લાગે છે. અર્થાત્ "જો સ્વાર્થ નહિ તો સૂતક નહિ." એજ વસ્તુ એથી સિદ્ધ થાય છે. આ જગતનો સંબંધ કેવો છે તે જેનામાં બુદ્ધિ હોય તે તો આ ઉપરથી સ્પષ્ટ રીતેજ જોઇ શકે છે. જ્યાં સુધી સ્વાર્થ સાચવીએ છીએ ત્યાં સુધી જગતનો સંબંધ છે જ્યારે સ્વાર્થ ખલાસ થાય છે કે સંબંધ પણ ખલાસ થાય છે. હવે શરીરનો અને તમારો સંબંધ કેવો છે તે વિચારો. શરીરનો અને આત્માનો સંબંધજ એવો છે કે અવિભાજ્ય! તમે એનો સ્વાર્થ સાધો તો પણ એ તમારીજ સાથે અને જ્યાં તમે એનો સ્વાર્થ ન સાધો ત્યાં પણ એ તમારીજ સાથે. શરીર તમારા આત્માને છોડી દઇને છૂટા છેડા કરી નાખવાનો કદી વિચાર પણ કરતુંજ નથી!!

**શરીર એ ચકચકતી ડુંગળી છે!** શરીર એ એવી ચીજ છે કે તમો તેને પાળો કે ન પાળો, તેને સંભાળો કે ન સંભાળો પરંતુ તે છતાં તે તમારી સાથેનું સાથેજ રહે છે. તે તમારાથી છૂટા થવાનો વિચાર સરખો પણ કરતું નથી. કાયા સિવાય-શરીર સિવાય તમારી પાસે બીજી એવી એક પણ ચીજ નથી કે જેને તમે માર મારો કે સુખ આપો શાંતિ આપો કે તાપ આપો તો પણ તે તમોને છોડેજ નહિ. જ્યાંસુધી આયુષ્ય છે ત્યાંસુધી તો આ શરીર તમારૂં દાસ થઈને તમારી સાથેજ રહેવા બંધાએલું છે, હવે શરીર કે જે તમારી માલીકીની આવી જ્વલંત ચીજ છે પરંતુ તે ચીજ પણ ખરી રીતે-તત્ત્વ સ્વરૂપે કેવી છે તેનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચાર કરો. આ શરીર એ ચકચકતી ડુંગળી જેવું છે. ડુંગળી હાથમાં લઈને જોશો તો એવી સુંવાળી લાગશે કે વાત ન પૂછો. ચળકાટ પણ કોઈ રીતે ઉતરે એવો નથીજ! પરંતુ એજ ડુંગળીની જ્યાં તમે એક છાલ કાઢી કે તોબા ભગવાન્! અંદરથી એવી વાસ આવશે કે તમારાં આંતરડાં ઉછળી આવશે! આવી ગંધાતી ડુંગળી તમોને અળખામણી છે પરંતુ ડુંગળી ભગતને તો તે પણ લાડકી છે.

**છોતરામાં છેતરાતા ના!** તમારી કિંમત આવા ડુંગળીભગતમાં ન થવા દો. ડુંગળીની કિંમત જેમ તેના ઉપરના ફોતરા ઉપરથી કરવી નકામી છે, તેજ પ્રમાણે શરીરની કિંમત પણ માત્ર શરીરની ઉપરની ચામડી જોઈનેજ કરવામાં જોખમ છે. તમે બજારમાં શાક લેવા જાઓ છો ત્યારે ડુંગળીનો ઉપરનો ચળકાટ જોઇ તમે લોભાતા નથી અને ડુંગળી ઉંચકી લાવતા નથી, પરંતુ ખરબચડા છતાં ભીંડાજ લઇ આવો છો. એજ પ્રમાણે વિદ્વાનો શરીરનું મૂલ્ય પણ ચામડી જોઈને કરતા નથીજ! ચામડીની સુંદરતા ઉપર મોહ પામીને તમારે ગાંડાઘેલા થઇ જવાની જરૂરજ નથી. શરીર એવી ચીજ છે કે તમે એને મારો, કાપો, બાળો, છેદો તોપણ એ ચીજ ખસવાની નથીજ. શરીરરૂપી એકજ ચીજ ત્રણે લોકમાં એવી છે કે જે તમારી સાથે અને સાથેજ રહે છે. જે તમોને કદી પણ છોડતીજ નથી. આટલું છતાં આ શરીર પણ ચળકતી લસણની કળીજ છે. તમે એ કળીનું છોતરૂંજ જોતા ના અને છોતરામાં છેતરાતા ના! એ લસણની કળીનું અંતરંગ જોજો અને પછીજ તેનું મૂલ્ય આંકજો.

**છોતરામાં છેતરાય, તેનું ઉંધું વેતરાય!** એ છોતરા જોઇને અર્થાત્ શરીર ઉપરની છોતરારૂપ ચામડી જોઈનેજ જે તેમાં રાચવા મંડી પડે છે તેના ભોગ મળ્યા છે એમજ સમજી લેવાનું છે. તમે લસણ રોપો. રોપો ઉગશે પછી પુષ્ટ થએલી કળી કાઢીને મુકવો એની છાલ સુંદર લાગશે. એજ પ્રમાણે શરીરમાં પણ લોહી ચઢવા લાગે છે એટલે એની ચામડી મોહક લાગે છે. ચામડી એવી મોહક લાગે છે કે વાત ન પૂછો, પરંતુ એ મોહ નકામો છે. લસણની સુંદર કળી રંધાવાને માટે ચુલે ચઢે છે ત્યારે એના દેદાર જોશો તો સમજ પડશે કે તેના શા હાલ થાય છે! સીઝાઈ છુંદાઇને ચીમળાઈ જાય છે અને આખું ઘર ભરી નાખે એવી તેની દુર્ગંધી સઘળે ફરી વળે છે. જે દશા લસણની કળીની છે તેજ દશા આ રૂડા રૂપાળા શરીરની પણ છે. શરીરને સ્મશાનમાં જ્યારે ચિતામાં બાળવામાં આવે છે ત્યારે તેની કેવી દુર્ગંધ છૂટે છે તે બધાએ અનુભવી છે. આ દુર્ગંધી ટાળવાને માટે તો અંદર ઘી નાખવામાં આવે છે પરંતુ તે છતાં શરીર એના સ્વભાવને છોડતુંજ નથી.

**ઉપરકી અચ્છી પણ ભીતરકી તો રામજી હી જાણે!** જેમ લસણની કળી ચુલે ચડે છે ત્યારે દેખાવમાં સુંદર હોવા છતાં દારૂણ દુઃખ ઉપજાવે છે તેજ પ્રમાણે આ શરીર પણ જ્યારે આત્માથી છુટું પડે છે અને અગ્નિમાં પડે છે ત્યારે તેની વાસ માત્રથીજ દારૂણ સંકટ ફેલાય છે. શરીરને જેઓ સુંદર કહે છે, શરીરની મોહકતા ઉપરજ મોહી પડે છે અને વિષયવાસનામાં તલ્લીન બની મનુષ્યભવ ધૂળ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધારણી કરે છે તેમણે આ શરીરને બરાબર તપાસવાની જરૂર છે. શરીરમાંથી જે નિત્ય ગંદા પદાર્થો બહાર નીકળે છે તે ઉપરથીજ આ શરીર કેવું દારૂણ છે તે આપણે જાણી શકીએ છીએ. શરીરને તમે ગમે તેવું મનોહર કહો, સુંદર કહો અને એની સોડમાં ભરાયા કરો છતાં એની ગલીચતા તો તમોને પણ સાલે છે. જોઈએ તો તમારો પિતા, પુત્ર, પત્ની, માતા, ભગિની કે પતિ ગમે તેનો દેહ હોય પરંતુ જ્યારે તેના ઉપર ઓપરેશન થાય છે ત્યારે એ ઓપરેશનથી દગ્ધ થએલો ભાગ તમોને પણ જોવો ગમતો નથી. નજીકના સગાં ભલે હિંમત રાખીને ઓપરેશન વખતે પાસે ઉભાં રહે પરંતુ કપાએલો ભાગ સારો દેખાય છે એમ તો તેઓ પણ નજ કહે.

**જોતાંજ હેબકાઇ જશો !** તમે ચાંદી સોનાને ઘસશો તો અંદરનો ચકચકતો ભાગ બહાર નીકળશે. સોનાને ઘસી નાખશો તો તેનો ચળકાટ એવો જણાશે કે તમારી આંખોને પણ આંજી નાખશે પરંતુ શરીરના સંબંધમાં તમે જોશો તો એથી ઉલટોજ પ્રકાર દૃષ્ટિએ આવશે શરીરની મહત્તા તો એક પથરાથીએ ઓછી છે. આરસનો પત્થર બહારથી કદરૂપો કે ઝાંખો જણાય છે પરંતુ જ્યાં તમે એને લઇને ઘસો છો કે એનો ચળકાટ એવો દેખાય છે કે જોનારાની આંખોને આંજી દે છે ત્યારે આ શરીર ઉપરથી સારૂં દેખાય છે પરંતુ જો ઉપરની ચામડી ઉતારી નાખો અને અંદરનો લાલ ગોળોજ કાઢીને બહાર મૂકો તો તમે પોતેજ જોતાંજ હેબકાઇ જશો. આ ઉપરથી જણાશે કે **દેહ એટલે દગાબાજ મોતીજ છે!** મોતીની ઉપરની ફોતરી ચળકતી પણ અંદર જુઓ તો ગોટાળાપંચક! આ તેવુંજ શરીર ઉપર જુઓ તો મોહી પડો, પણ જરાક ચામડી ઉતરી કે ભાગવા માંડશો!!

**મોતીની મા રોતી !** કહેવત છે કે મોતીની મા રોતી એમાં જરાય અપવાદ નથી એ જરાય ખોટું નથી. મોતીનો દશ લાખ રૂપીઆનો કંઠો હોય પરંતુ જો કદાચ લથી તે જાળમાં તે કંઠો પડી ગયો તો તમારી જિંદગી જ ખલાસ, તેવુંજ દેહમાં પણ સમજી લેજો. જેણે દેહ સાથેજ સ્વાર્થ રાખ્યો છે તેને તો આજે નહિ તો કાલે પણ જરૂર રોવાનોજ સમો આવવાનો ને આવવાનોજ! અરે, શરીરને મોતી કરતાં પણ હલકું કહો તો– એ વાંધો નથી. મોતીનું તો પડ ઉખડી જાય ત્યારેજ તેની મા–તેનો માલિક રોવા બેસે, પરંતુ શરીરની તો વાતજ ન્યારી છે. શરીર હોય છતાં શબ થયું એટલે ખલાસ સંસારીની દૃષ્ટિએ ત્યારથી આત્મા સાથેનો સંબંધ પણ તેઓ પુરો થએલો ગણે છે અને રોવા માંડે છે. સ્નેહીઓના શરીરને અંગે રોવા કુટવાનું તો એકવારને માટે સંબંધીઓ પોતાના નસીબમાંજ લખાવી લાવ્યા છે. ગમે તેવા પ્રયત્નો કરે, સંબંધીના શરીરને ગમે એટલું જાળવે તે છતાં એકવાર રોવા કુટવાનું તો ભાગ્યે તેમને માટે નિર્માણ કરીજ રાખેલું છે. તે ફરે એમ નથી.

**જે જન્મ્યો તે જાય !** જે જન્મ્યો છે તે મરવાનો છે એ વાત જેટલી સ્પષ્ટ છે તેટલીજ એ વાત પણ ચોકખીજ છે કે દેહને અંગે સગાંસંબંધીઓને એકવાર રોવાનું પણ છે. આત્મા અને શરીર બંને એકવાર ઘર છોડીને તો અવશ્ય જવાનાજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આત્માએ શરીરનો વિયોગ-મૃત્યુ જેમ ચોક્કસ લખાવ્યું છે તેજ પ્રમાણે સગાંસંબંધીઓએ સંબંધીનો ત્યાગ એકવાર સહન કરવાનો તો ભાગ્યમાં લખાવેલોજ છે. પછી એ ત્યાગ આડે પગે હો કે ઉભે પગે હો! આખા જગતમાં દરેક વ્યક્તિને શ્રીમંતને, ગરીબને, સ્ત્રીને, પુરુષને, શેઠને, સેવકને, સઘળાનેજ એકવાર હંમેશ માટે ઘરમાંથી બહાર તો નીકળવાનુંજ છે. કોઈ માનો પુત એવો નથી પાક્યો કે જે આ દેહથીજ કાયમ માટે ઘરમાંજ રહ્યો હોય! મનુષ્યને આવો હંમેશનો ત્યાગ ગમે છે કે નથી ગમતો તેનો સવાલજ નથી, તે ઘરમાંથી નીકળવા ચાહે છે કે નથી ચહાતો એ વાત કોઈ પૂછતુંજ નથી. વાત એકજ પૂછાય છે કે કર્મ સંબંધને અંગે મૃત્યુ આવેલ છે કે નહિ? અને જ્યાં એ પ્રશ્નને અંગે હુકમનામું થાય છે કે કાળ તરતજ તેની બજાવણી કરી નાખે છે.

**આ બેલીફ રૂપીઆ ન લે!** બેલીફને રૂપીઆ આપી દો તો તે અષ્ટં પષ્ટં સમજાવીને બજાવણી કર્યા વિના પાછો જાય. આ બેલીફ એવો છે કે તે છોડતોજ નથી. ત્યાગ બે રીતે શક્ય છે. એક ઉભે પગે અને બીજો આડે પગે. એક ત્યાગ પ્રતિષ્ઠાવાળો છે અને તેથી તે માનભેરનો છે, બીજો ત્યાગ બળાત્કારે છે તેથી ત્યાં અપ્રતિષ્ઠા છે. દેહ મોહ રાખવા માગે છે તે સગાંસંબંધી પૈસેટકે એ સઘળામાં ગુંચવાઇ રહેવા માગે છે. આપણે એનો વિરોધ કરવો અને આત્મકલ્યાણની ભાવનાથી સઘળાનો ત્યાગ કરીને ચાલતા નીકળી પડવું તે ઉભા પગનો ત્યાગ છે. આત્માને સંસારની માયા જળો જેવી વળગેલી છે એ જળો છુટતી નથી ત્યાં સુધી "ભાગતા ચોરની લંગોટી તો લંગોટી, પાટો બાંધવા તો કામ લાગશે." એમ ધારીને જે હાથમાં આવે-જે નીકળે તેને કાઢવું એ શ્રેયસ્કર છે. આ ઉપરથીજ પ્રાચીન કાળમાં એવી શંકા કરનારા હતા કે બાળકો દીક્ષા લે તે તો ઠીક, પરંતુ વૃદ્ધો દીક્ષા લે તેનો અર્થ શો?

**કુદરતી સંસ્કારોની બળવત્તરતા.** બાળકને હજી દુનિયાદારીનો ડાઘ બેઠેલો હોતો નથી. તેને પરિવાર, વિષય ઇત્યાદિનું ઝેર ચઢયું નથી. તેને ધનનો રાગ લાગ્યો નથી એવા બાળકને જે રસ્તે લઇ જાઓ, તેને જે રીતે કેળવો તે રીતે તે કેળવાશે. બાળકમાં સંસ્કારો પહેલા નંબરના હોય છેજ. પારસી મુસલમાનના છોકરાઓ મોટા થાય છે ત્યારથીજ માંસ ખાવા શીખે છે પરંતુ હિંદુના બાળકોને નાની વયથીજ મદ્યમાંસનો કુદરતીજ ત્યાગ હોય છે અને એ ત્યાગ તેમને ભાંગવાનો સમયજ આવતો નથી. વિચાર કરશો તો માલમ પડશે કે એનું કારણ એકજ છે અને તે એ કે તેને સંસ્કારજ એવા પડેલો છે કે સાધારણ રીતે પહેલેથીજ મદ્યમાંસનો વિરોધ કરવાને અર્થે તે ટેવાએલો છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જેનામાં ખરાબ સંસ્કારજ પડ્યા નથી તેને સુધારવાની ચિંતાજ ઓછી છે, જેનામાં ખરાબ સંસ્કારોજ પડ્યા નથી તેને સુધારવો એ સરળ છે. બાલ્યાવસ્થા એ દરિયામાંથી નીકળેલા સ્વાભાવિકપણેજ સ્વચ્છ એવા મોતીના સમાન છે અને તેથીજ તે દીક્ષાને માટે બેશક ઉત્તમ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દીક્ષાને માટે ઉત્તમ વય.** બાલ્યાવસ્થા એ દીક્ષાને માટે ઉત્તમ છે પરંતુ તેથી એમ માની લેવાનું નથી કે યુવાની કે વૃદ્ધાવસ્થા દીક્ષા માટે લાયકજ નથી. કોઇ પણ વય દીક્ષા માટે તો લાયકજ છે. મોતી દરિયામાંથી નીકળે તેની ઉપર ગમે તેવાં પડો બાઝેલાં હોય છતાં જો અંદરના પડો સારાં હોય તો એજ મોતીની હજારોની કિંમત થઈજ શકે છે. માત્ર ઉપરના પડો ધોઇ નાખવાનાજ બાકી હોય છે. એજ પ્રમાણે યુવાનીવાળાના પણ બગડેલા સંસ્કારો ધોઇ નાંખવા પડે છે. આત્મા યુવાનીમાં પ્રવેશે છે એટલે તેને પતિ કે પત્નીનું અથવા તો બાળકનું ઝેર લાગે છે. તે માયામાં બંધાતો જાય છે, સ્નેહમાં પડે છે અને તેના સંસ્કાર બગડે છે. બાળકને મુકાબલે યુવાનના સંસ્કારો બગડેલા હોય છે એ વાત સાચી છે પરંતુ તેથી એ સંસ્કારો સુધરે એવા હોતાજ નથી એમ માની લેવાની જરૂર નથી. મોતી કે હીરા ઉપર ડાઘ પડી જાય છે તો તમે તેને સુધારો છો એજ પ્રમાણે સ્ત્રી, પુત્ર અને ધનની માયાથી જે યુવાનના સંસ્કારો બગડેલા હોય તેને પણ સુધારવા જોઇએ એવાના સંસ્કારો પણ જરૂર સુધરી શકે છે.

**ડાઘાવાળાં મોતી !** રોગો ગમે તેવા ભયંકર હોવા છતાં તેને સુધારનારી ઔષધીઓ હોય છે તેજ પ્રમાણે યુવાનીના ખરાબ સંસ્કારો પણ સુધરી શકે છે. હવે અહીં એવી દલીલ થઇ શકે કે, "મોતી ઉપર ડાઘો પડે છે તે સુધારી શકાય પરંતુ મોતીનું મૂળ પડ સલામત હોવુંજ જોઈએ. જો મૂળ પડજ સલામત ન હોય તો પછી એ ડાઘાવાળા મોતીને સુધારી શકાતું નથી તેજ પ્રમાણે યુવાની એ સલામત પડ છે ગમે તેવા ખરાબ સંસ્કારો પડયા હોય છતાં યુવાની રૂપી મૂળ પડ સલામત હોય-યુવાની હોય તો એ સઘળા દૂષણો જરૂર સુધરી શકે, પરંતુ જેની જુવાની ગઈ છે, જેનામાં ઐરી છોકરાં અને સંપત્તિની માયાજ ભરી છે અને એ માયામાંજ ભરાઈ રહીને જેણે પોતાની જિંદગીના સાઠ સિત્તેર વર્ષ પુરાં કર્યાં છે એવાઓના તો બધાંજ પડો બગડેલાં છે, અને એવા વૃદ્ધો સઘળાજ પડ બગડી ગએલા મોતી જેવા છે, તો પછી તેમને પડેલા ડાઘા રૂપી સંસ્કારો ન સુધરી શકે એવા હોઇ, મોતી જેમ સુધારવાને માટે નકામાં છે તેજ પ્રમાણે તેઓ પણ સંસ્કાર સુધારવા માટે નકામા છે."

**શંકાકારને જવાબ !** આવી દલીલ કરીને શંકાકારો કહે છે કે વૃદ્ધોના સંસ્કારો સુધરી ન શકે એમ હોવાથી વૃદ્ધાને દીક્ષા આપવી એ ઠીક નથી. બાળક દીક્ષાને માટે યોગ્ય છે કારણ કે તેને સ્ત્રી, પુત્ર, પૈસા વગેરેના સંસ્કારો પડયાજ નથી. જેમ દરિયામાંથી નીકળેલું ચોકખું મોતી સઘળાં મોતીઓમાં પહેલો નંબર ધરાવે છે તેજ પ્રમાણે બાલ્યાવસ્થા એ પણ દીક્ષાને માટે સર્વોત્તમ દશા છે એના જેવી બીજી સર્વતોભદ્ર દશા નથીજ. એવોજ સંબંધ દીક્ષા અને યુવાની જોડે પણ છે. યુવાની એ અંદરનું પડ સલામત રહેવા છતાં ઉપર ડાઘા પડેલા મોતી જેવી છે કારણ કે યુવાનીમાં પણ શક્તિ અને માનસિક બળ કાયમ હોવાથી યૌવનાવસ્થામાં પડેલા કુસંસ્કારો સહેલાઇથી ભુંસી શકાય છે પરંતુ વૃદ્ધાવસ્થામાં આંતરિક બળજ ન રહ્યું હોવાથી વૃદ્ધાવસ્થા એ દીક્ષા લેવાને માટે યોગ્ય નથી. આવી દલીલ કેટલાક શંકાવાદીઓ તરફથી કરવામાં આવે છે. આવી દલીલ કેટલે અંશે સાચી છે તે હવે જોઈએ. યુવાની અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાલ્યાવસ્થા દીક્ષાને માટે સર્વથી સારી દશા છે એમાં તો કોઇથી પણ વાંધો લઇ શકાય એવું નથી.

**"લાખ ગયા તો સો પણ જાઓ."** વૃદ્ધોને દીક્ષા લેવાનો અધિકારજ નથી અથવા વૃદ્ધો દીક્ષા લે એનો કાંઇ અર્થજ નથી એ માન્યતા સાથે શાસનથી મળતા થઇ શકાય એવું નથી. યુવાની અને બાલ્યાવસ્થા એ છાંટા એબ વિનાના મોતી જેવી દશા છે અને તેથી એ દશામાં દીક્ષા આપવીજ યોગ્ય છે એ વાતની સાથે તો શાસ્ત્ર પણ સંમત છે પરંતુ વૃદ્ધ એટલે અંદરનું પણ પડ બગડી ગએલું હોય એવું મોતી છે એમ વિચારી તેને દીક્ષાજ ન આપવી એને અમે કોઇ પણ રીતે યોગ્ય માનતાજ નથી. ચોર ઘેર ધાડ પાડવા આવે છે. ધાડ પાડીને લાખો અને હજારો રૂપીઆ લુંટી જાય છે, પરંતુ તેમની લૂંટ થયા પછી સોની-સો રૂપીઆની કિંમતની એકાદ કંઠી રહી ગઇ હોય તો આપણે સાચવીને તેને પણ ઉંચી મૂકીએ છીએ ફેંકી દેતા નથીજ! કોઇ એવો રણીયો નીકળ્યો નથી કે ચોરો હજારો રૂપીઆ લુંટી ગયા છેને, ત્યારે હવે આ સો બચાવીને શું કરૂં? લાવ આ સો રૂપીઆની રહેલી કંઠી પણ ફેંકીજ દઉં, એવો વિચાર કરીને તે કદી ફેંકીજ દીધી હોય!

**સો ચુવા મારકે બીલ્લી હજકુ ચલી!** વૃદ્ધાવસ્થા થતાં સુધી દીક્ષા ન લીધી હોય તેને ખરાબ સંસ્કાર પડી ગયા છે, એ સંસ્કારો દૃઢ થયા છે એ સઘળી વાત સાચી છે પરંતુ એ સંસ્કારો પણ જો સુધરતા હોય તો શા માટે ન સુધારવા? બાળપણામાં સંસારમાં પડયા વિનાજ જો ભવ્યાત્મા દીક્ષા લઇ લે તો તોએ સારામાં સારૂં છે. બાલ્યાવસ્થા પુરી કર્યા પછી યુવાવસ્થા આવે છે. આ અવસ્થામાં થોડા સંસ્કારો બગડેલા હોય છે પરંતુ તે સંસ્કારો સુધારી નાખે અને દીક્ષા લઇ લે તો પણ સારામાં સારી વાત છે પરંતુ એ બન્ને વસ્તુ ગયા પછી વૃદ્ધાવસ્થા આવી હોય અને તેમાં ખરાબ સંસ્કારો પડયા છતાં પણ જો એ સંસ્કારો સુધરી શકતા હોય તો તો એ અવસ્થાએ પણ જરૂર દીક્ષા આપવીજ જોઇએ. જેઓ એમ કહે છે કે "સો ચુવા મારકે બીલ્લી હજકુ ચલી!" તેઓ જૈન-ધર્મના તત્ત્વને સમજતાજ નથી અને તેથીજ તેઓ આવા ગમે તેવા શબ્દો ઉચ્ચારે છે. ઘણા દાખલાઓ શાસ્ત્રમાં એવા છે કે જેમાં મનુષ્યે વૃદ્ધત્વ મળ્યા પછી દીક્ષા લઇ તેને શોભાવી છે.

**જાગ્યા ત્યાંથીજ સહવાર!** જૈનધર્મ તો વારંવાર અને પોકારી પોકારીને એમ કહે છે કે "જાગ્યા ત્યાંથી સહવાર!" બાળપણામાં દીક્ષા લેવી એ ઉત્તમ છે. બાળપણામાં દીક્ષા ન લેવાઇ તો યૌવનાવસ્થામાં લેવાય તે પણ ઉત્તમ છે પરંતુ એ બંને અવસ્થામાં એ દીક્ષા ન લેવાય તો વૃદ્ધાવસ્થામાં પણ લેવાય તો તે સમયે પણ લેવાને માટે વાંધોજ નથી. ચાહે તો બાલ્યાવસ્થામાં દીક્ષા લો, ચાહે તો યુવા-વસ્થામાં લ્યો કે ચાહે તો વૃદ્ધાવસ્થામાં લ્યો, પરંતુ તમારી મેળે દીક્ષા લેવી, જાતે ત્યાગી થઇને નીકળવું એ ઉભા પગે નીકળ્યા બરાબર છે અને ઉભા પગે ત્યાગી થઇને જે નીકળે છે તેમાંજ પ્રતિષ્ઠા પણ છે પરંતુ જો તમે ઉભે પગે ઘર છોડવા-ઘરની બહાર નીકળવા તૈયાર ન હો, તો પછી તમારે માટે બીજો રસ્તો તૈયારજ છે. એ રસ્તો તે કોર્ટની ડીક્રી! તમારી ખુશી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય કે ન હોય પરંતુ કોર્ટની ડીક્રી તમોને છોડવાની નથી.

**કોર્ટની ફ્રી અને બેલીફના પૈસા.** તમારા કબજામાં રહેલી સ્ત્રી, છોકરાં, પૈસા, વાડી, ગાડી, શરીર એ બધું પારકું છે માટે તે છોડી દો એવી ડીક્રી તો કોર્ટે કરીજ આપેલી છે. હવે એ ડીક્રી પ્રમાણે તમે હપતો ન ભરી જાઓ અર્થાત્ તમે દબાવી રાખેલી પારકી ચીજ ન છોડી દો તો બેલીફ તમારે ત્યાં બજાવણી માટે આવવાને તૈયારજ છે, પરંતુ તમે જાતે હપતો ભરો અને બેલીફ આવીને હપતો વસુલ કરે એ બેમાં ઘણો તફાવત છે, જો તમે જાતેજ તમારો હપતો ભરી જશો તો તમારે કોર્ટના બેલીફની ફ્રી નહિ ભરવી પડે, પરંતુ જો તમે જાતે જઈને તમારો હપતો ન ભરો તો તમારે ડીક્રીના પૈસા તો આપવાજ પડશે, પરંતુ તે ઉપરાંત વધારામાં તમારે કોર્ટની ફ્રી અને બેલીફનો ખરચો પણ આપવોજ પડશે. સંસાર શરૂ કર્યો ત્યારથીજ છોડવાનું એટલે સંસાર ત્યાગવાનું હુકમનામું તો થએલુંજ છે. દીક્ષા લઈને એ ત્યાગરૂપ હપતો ન વસુલ આપો તો મોતરૂપ બેલીફ તૈયારજ છે તેને હુકમનામાની નકલ મળી કે તરતજ તે તમારૂં ઘર શોધતો તમારે બારણે આવ્યોજ છે.

**દેવું ન ભરો તો બલીફ છેજ.** આ રીતે બેલીફને લાવવામાં બે ગેરલાભ છે. એક તો હુકમનામાની રકમ ભરવારૂપી ઘરબાર છોડવાં તો પડેજ છે પરંતુ તે ઉપરાંત બેલીફના ખર્ચારૂપ કર્મનો ભાર વધારે ચઢે છે! હવે કોણ એવો ડાહ્યોમાણસ છે કે જે ડીક્રી થએલી છે એ વાત જાણી લીધા પછી પણ પૈસા ચુકવી ન દેતાં બેલીફનો ખરચો ભરવાનુંજ પસંદ કરશે. જગતને આપણે અનિત્ય જણાવીએ છીએ તે પણ એટલાજ કારણથી કે તેના ઉપરથી મમતા ઓછી થાય! નાસ્તિક અને આપણી વચ્ચે પણ ત્યાગની બાબતમાં મતભેદ નથી. પુણ્યપાપ, નરક, દેવલોક, મોક્ષ, આ ભવ અને પર ભવ એ સઘળાના સંબંધમાં આપણી અને નાસ્તિકોની વચ્ચે મતભેદ રહેલો છે પરંતુ જગત ત્યાગવુંજ પડે છે, એ સંબંધમાં તેની કે તમારી વચ્ચે કાંઇપણ મતભેદ નથીજ. તે પણ કહે છે કે સંસાર ત્યાગવો પડશે અને તમે પણ કહો છો કે સંસાર ત્યાગવોજ પડશે. શરીર અને સંસારનો સંબંધ બારમહિના અને ત્રીસે દહાડા ચાલુજ રહેવાનો છે એવું તો આ જગતમાં કોઇપણ કહેતુંજ નથી.

**એક નવી દલીલ!** આ સંસાર અસાર છે, સાર વિનાનો છે, તે રાજી શીથી ન છોડીએ તો બળાત્કારે પણ છોડવો પડશે એ તો જેમ આપણે કબુલ રાખીએ છીએ, તેજ પ્રમાણે નાસ્તિકો પણ કબૂલ રાખેજ છે, પરંતુ તેઓ આ સંબંધમાં એવી દલીલ કરે છે કે માણસને મૃત્યુ આવેજ છે અને તે મરણ તો પામેજ છે. વળી મરણ પામીને તેની સ્મશાનમાં પથારી પણ નંખાય છે પરંતુ તેથી શું "મારી મરણ પછી તો સ્મશાનમાં પથારી નંખાવાની તો છેજ ને?" તો પછી ચાલને આજથી જઇ પડું સ્મશાનમાં, એમ ધારીને જીવતી જિંદગીમાંજ તેણે સ્મશાનમાં પથારી નાંખવા જવું જોઇએ? ના; એજ રીતે મરણ પછી તો ઘરબાર, માલમીલકત સઘળું છોડવાનું તો છેજને? માટે તે હમણાંજ છોડી દેવું જોઇએ એમ વિચાર કરીને દીક્ષા લેવી એ પણ નકામુંજ છે. અર્થાત કુદરતી રીતે જયારે મોત આવે છે અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે મોતને લીધે ઘરબાર, સંસારનો ત્યાગ કરવો પડે છે, ત્યારે ભલે ત્યાગ કરવો, પરંતુ તે પહેલાં તો સંસારનો ત્યાગ નજ કરવો જોઇએ. નાસ્તિકોની આ દલીલ કેટલી સાચી છે, તે હવે વિચારી જુઓ.

**ડહાપણુ કઇ ચીજમાં છે?** જે નાસ્તિકો આવી દલીલ કરે છે, તેમને શાંતિથી કહેવાની જરૂર છે, કે મહાનુભાવો! કોર્ટની ડીક્રી થઈ જાય પછી તે ડીક્રીના પૈસા રાખી મુકવામાં માલ છે. કે આપી દેવામાં આબરૂ છે? ધારી લ્યો કે એક કેસમાં વાદી જુઠો છે, પ્રતિવાદી ઉપર ખોટો દાવો માંડે છે પરંતુ પ્રતિવાદી પોતાના પુરાવા રજુ નથી કરી શકતો, તો કોર્ટ પ્રતિવાદી ઉપર ડીક્રી કરી આપે છે. પ્રતિવાદી જાણે છે કે પોતે પુરાવા રજુ ન કર્યા, કોર્ટમાં બીજા કામકાજને લીધે હાજર થવાનું રહી ગયું અને ખોટું હુકમનામું થઇ ગયું. આટલું છતાં પણ થઈ ગયું તે થઇ ગયું. તેમાં કોઇ જાતનો ફેરફાર થતો નથી અને તેથીજ ડાહ્યા માણસ તો કરજે પૈસા આણીને પણ પોતાને ત્યાં જપ્તી આવે તે પહેલાં પૈસા આપી દે છે. જો તે પૈસા આપતો નથી તો કોર્ટ પૈસા છોડી દેતી નથી. કોર્ટ તો હુકમનામાના પણ પૈસા લે છે, અને તે ઉપરાંત તે બેલીફના ખર્ચનાં પણ પૈસા લે છે. આવા સંયોગોમાં ડાહ્યો માણસ તો તેજ છે કે જે હુકમનામું થયાની વાત સાંભળે છે કે તરત પૈસા ભરી દે છે.

**છેવટે જપ્તી તો છેજ** જો તમે તરત પૈસા ન ભરો અને જપતી આવવા દો તો પરિણામ એ આવશે કે ખરચો પણ માથે ચઢશે. એજ પ્રમાણે સંસાર પારકો છે. તેમાં તમે ભેરવાઇ પડયા છો એ વાત કર્મની કોર્ટમાં સાબીત થઈ છે અને તેમણે તમોએ સંસાર છોડી દેવો એવું હુકમનામું પણ કરી આપ્યું છે. હવે જો તમે એ હુકમનામાના ઠરાવ પ્રમાણે ઉભે પગે સંસાર છોડવા તૈયાર ન હો તો પછી કાળ લાત મારીને તમોને આડા પાડી આડે ટાંટીયે ઘર બહાર ઘસડી કાઢશે અને કુદરતના હુકમનામાની બજાવણી કરશે. આ બજાવણી થઇ જશે એટલે તેથી તમે છૂટા થઇ શકતા નથી. તમે કાળને બજાવણી કરવાની ફરજ પાડી એટલે હવે ખરચો પણ તમારેજ ભોગવવાનો!! તમે એ બજાવણી થાય ત્યાં સુધી સંસારમાં રહ્યા, અનેક સાચાં જુઠાં કર્યાં, અનેક વેળા ઘાલમેલ કરી અને જે ભયંકર કર્મભાર ભેગો કર્યો તે સઘળો તમારે ભવાંતરમાં ભોગવવોજ પડશે. આનુંજ નામ તે બેલીફનો ખર્ચ! જેમ ત્યાં બેલિફનો ખર્ચો આપવાનો છે તેમ અહીં ભવાંતરમાં એ કર્મભાર ભોગવવાનો છે.

**હુકમનામું થઇ ગયુંજ છે.** જગતમાં સઘળી ચીજો છૂટે અને મળે એવી છે. પૈસોટકો સઘળું છુટે છે અને મળે છે. આ એક શરીર એજ એવી ચીજ છે કે તે આત્માથી છોડી શકાતીજ નથી અને જો આત્મા છોડી દે તો તે પાછી મળી શકતી નથી, શરીર એ છૂટતું નથી પરંતુ જ્યારે છૂટે છે ત્યારે તે હંમેશને માટે છૂટે છે એ ફરી પાછું મળતું નથી, એ હંમેશ માટે છુટનારી ચીજ પણ છોડીજ દ્યો એવું હુકમનામું તો થએલુંજ છે, પણ જો હુકમનામાની સાથેજ એનો હપતો ન ભરી દઈએ તો જેટલો કાળ હપતો ભરવાનો વિલંબ કરીએ તેટલો કાળ અવિરતિરૂપ કર્મની ફી લાગેજ છે, અને દેણદાર પાયમાલ

થાય છે. સંસાર છોડવાનોજ છે એ નક્કી છે અને એ હુકમનામાની જાણુ થઇ અને છોડી દઇએ તો કર્મભાર વધવો બચી જાય છે આટલું જાણ્યા છતાં પણ જેઓ હુકમનામાની રકમ ચુકવી આપવાની ના પાડે છે અર્થાત્ રાજીખુશીથીજ ઉલ્લેપગે ત્યાગ કરતા પાછા પડે છે તેમને માટે એમ કહેવાને વાંધો નથી કે તેઓ આબરૂ વિનાના દેવાળીયાજ છે.

**શેરોની કિંમત ક્યારે ઉતરે?** શરીર છોડવાનું છે એ વાત જેમ ચોકકસ છે તેજ પ્રમાણે શરીરની સાથે સંબંધ રાખનારાઓને રોવાનું છે એ વાત પણ તેટલીજ ચોકકસ છે. આ શરીર અને તેનો સંબંધ અને સંબંધીઓ એટલે એક લીમીટેડ કંપની છે. આ કંપની લીકવીડેશનમાં ગઇ કે તેના શેરહોલ્ડરોને માથે ચોફાળો લેવાનો અને પોક મુકવાની એ પણ નકકીજ છે. શરીર એ કંપની છે અને એ શરીરના સંબંધીઓ માતા, પિતા, પતિ, પત્ની એ સઘળાં એ કંપનીના શેરહોલ્ડરો છે. શેરહોલ્ડરો જેમ કંપની સાથે લાભ ધરાવે છે કંપનીના હિતમાં તેમનું હિત સમાએલું છે તેજ પ્રમાણે શરીરના સગાંવહાલાં રૂપી શેરહોલ્ડરોનું પણ શરીરની સાથે હિત છે શરીર ચાલતું રહે અને કમાતું રહેતોજ એ શરીર વારતહેવારે શીખંડ અને બાસુદી ઉંચકી લાવે અને શેરહોલ્ડરોને મઝા થાય! જો કંપની બરાબર ન ચાલે તો શેરહોલ્ડરોનું વ્યાજ પણ ખલાસ! શેરોની કિંમત ઉતરી જાય છે અને શેરહોલ્ડરો જે ભાવ આવે તે ભાવ લઇને પોતપોતાના શેરો ફટકાવી મારે છે.

**સંસારના સ્વાર્થી સંબંધ.** એજ સ્થિતિ અહીં સમજો. જ્યાં શરીર રૂપી કંપની પણ બરાબર ચાલતી બંધ થઇ, તમારી કમાણીમાં વાંધો આવ્યો અને તમે તમારા સગાંઓના મોજશોખ પુરા ન પાડયા ત્યાં તમારા શેરની કિંમત ઘટવા રૂપ તમારા ઉપરનો સ્નેહ તમારા કુટુંબીઓનો સ્નેહ પુરો થશે, અને જેમ જે આવે તે ભાવ લઇને શેરો ફટકાવી મારવામાં આવે છે તેજ પ્રમાણે તમારા સ્નેહીઓ પણ જે હાથમાં આવશે તે તમારી પાસે મેળવી લઇ તમને ઉંચા મૂકી ચાલતા થશે. પછી બહેન પણ તમોને નહિ ઓળખે કે આ મારો ભાઇ છે, બાપ પણ ન જાણે કે આ મારો વંશજ છે, માતા પણ ભૂલી જશે કે આ મારો છોકરો છે અને ધણિયાણી પણ જરૂર ભૂલી જશે કે આ મારો ધણી છે! આ રીતે જ્યાં આ તમારી કંપની વ્યાજરૂપી બધાને પોષણ આપતી બંધ થાય છે કે તમારા સ્નેહી સંબંધીઓની પણ આવી દશા થવા પામે છે. તમારી કંપની લીકવીડેશનમાં જાય કે માથે ચોફાળો ઓઢીને શેરહોલ્ડરોને રડવાનું છે એ વાત પણ સ્પષ્ટજ છે. હવે આવા શેરહોલ્ડરો અને આવી કંપની તે કેટલો કાળ ટકે તે જરા વિચારજો.

**છેવટે તો દેવાળુ છેજ.** કંપનીને તમે લીકવીડેશનમાં ન જવા દો તો શું થાય? પરિણામ એ આવે કે ખોટનો ખાડો વધ્યાજ કરે, તેજ પ્રમાણે ત્યાગરૂપી તમારા સંબંધીનો વિયોગ તમે ન સહી શકો અને તેને દીક્ષા ન લેવા દો અથવા તે પોતે પણ દીક્ષા ન લે તો તેનો કર્મનો ભાર વધેજ જાય છે! કે જે ભાર બધો વ્યક્તિએજ સહન કરવાનો છે. આ શરીરરૂપી કંપની મૃત્યુરૂપી નાદારી લેવાની છે અને તે સમયે ડાયરેકટર રૂપી સગાં-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંબંધીઓને રોવાનું છે એ વાત તો સિદ્ધ થએલી અને સ્પષ્ટ છેજ. પછી આ નાદારી દીક્ષારૂપી ત્યાગને પરિણામે હો અથવા મરણને પરિણામે હો; પરંતુ નાદારીરૂપ ઘરનો ત્યાગ દરેક શરીરધારીને માટે સિદ્ધ થઇજ ચુકેલો છે એ સાવ સ્પષ્ટ વાત છે. તમે ત્યાગ લઇને દીક્ષા ધારણ કરીને ઘર છોડો છો એનો અર્થ તમે તમારા શેરહોલ્ડરોની ખુશીથી કંપનીને લીકવીડેશનમાં લઈ જવાના જેવો છે. આમ આ શરીરરૂપી કંપની રાજીખુશીથી લીકવીડેશન રૂપ સંસારનો ત્યાગ કરી દીક્ષા લે તો પણ કંપનીના ભાગીદારો રૂપ સગાંઓને તો રડવાનું છેજ અને કંપની રાજીખુશીથી દેવાળું ન કાઢે તો પણ તેમને રડવાનું છેજ.

**એક વાર રોવાનું તો ખરૂંજ !** કંપની રાજીખુશીથી લીકવીડેશનમાં ન જાય તેનો અર્થ એવો નથી કે કંપની અમર થાય છે. તમે રાજીખુશીથી ત્યાગરૂપ દીક્ષા ન લો અને શરીરરૂપી કંપનીને લીકવીડેશનમાં ન મોકલો તો લેણદાર તો તમારે માટે ઉભોજ છે. આ શરીરરૂપી કંપનીનો લેણદાર તે કર્મરાજા છે. તમે જાતે જઇને દીક્ષારૂપી ત્યાગ ન સ્વીકારો અને ઘર ન છોડો તો કર્મરૂપી લેણદાર તમોને લીકવીડેશનમાં લઇ જવા તૈયારજ છે અર્થાત જ્યાં કર્મસંયોગ આવી મળે છે ત્યાં માણસનું મૃત્યુ આવીજ રહે છે અને મૃત્યુરૂપી લીકવીડેશન આ શરીરને ઘરબારનો ત્યાગ કરાવે છે. આ રીતે કર્મરૂપી માગનાર શરીરને લીકવીડેશનમાં લઈ જાય અર્થાત્ મોત આવે તો પણ શેરહોલ્ડરો એટલે સગાંવહાલાંઓને રોવાનું તો છેજ ! અને તેમ ન થાય અને કંપની રાજીખુશીથી ડેકલેરેશનમાં જાય અર્થાત્ દીક્ષા લઇ લે અને તે દ્વારા ઘરનો ત્યાગ કરે, તોપણ શેરહોલ્ડરરૂપ સગાંવહાલાંઓને તો આ પ્રમાણે આ શરીર પરજ જેઓ પ્રેમ રાખે છે તેમના નસીબમાં રોવાનું તો છેજ !

**ખાઉ ખાઉની કંપની** ત્યારે હવે વિચારી જુઓ કે આ શરીરરૂપી કંપની નફો કરી શકે એવી સ્થિતિમાં છે કે નહિ? જવાબ એ છે કે ચોકખીજ ના!! તમે આ કંપની ખોટમાંજ ઉભી કરી છે. પછી વિચાર કરો કે ખોટમાંજ ઉભી થએલી કંપની નફો તો કયાંથીજ લાવી શકે? શરીર રૂપી આ કંપની ઉત્પન્ન થાય છે ત્યારથીજ તે "ખાઉં ખાઉં"ની ગર્જના કરતીજ ઉભી થાય છે! જે કંપની દેખીતી રીતેજ નકામી છે. શરીર રૂપી આ કંપની દેખીતી રીતેજ ક્ષણભંગુર, ભરોસા વિનાની, નાશ પામી જવાના સ્વભાવવાળી છે. તે કંપનીના શેરહોલ્ડર તરીકે સંસારીઓ જોડાય છે ત્યારથીજ તેમની કમનસીબી તો શરૂ થાય છે અને ખોટમાંજ ઉભી થએલી કંપની તો બિચારી કમનસીબ છેજ! શરીર રૂપી આ કંપનીની વિકટ દશા કેવી દયાપાત્ર છે તેનો વિચાર કરો. ડાયરેકટરો આ કંપનીને ચાહે છે અને તેઓ ખોટમાં તો ખોટમાં પણ કંપની ચાલુ રહો એમ ચહાય છે. કંપનીમાં ખોટ છે, કંપની ખોટમાંજ ઉભી થઇ, ખોટમાંજ કામ કરી રહેલી છે છતાં ડાયરેકટરોને એ ખોટ જણાઈ આવતી નથી.

**પાવલી વ્યાજ સાથે** હવે ડાયરેકટરોને ખોટ કેમ જણાતી નથી અને નફો કેમ માલમ પડે છે તે જુઓ. ડાયરેકટરોની આ કંપની જ્યાં સુધી ઉભી છે ત્યાં સુધી તો તેને લોકો તરફથી ધીરધાર ચાલુ હોય છે અર્થાત્ શરીર ગમે ત્યાંથી મહેનત કરીને પૈસા લાવે છે અને તેના અંશરૂપ વ્યાજ ડાયરેકટર રૂપ સગાંસંબંધીઓને મળ્યાજ કરે છે એટલે કંપનીમાં આવેલી ખોટ તેમને જણાઇ આવતી નથી. કંપનીને ધીરધાર થાય છે અને તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધીરધાર તે શેરહોલ્ડરોને આપી દે છે. પરિણામ એ આવે છે કે બીજી બાજુએ ખોટનો ખાડો વધતોજ જાય છે! એજ રીતે શરીર રૂપી કંપની પણ પ્રવૃત્તિરૂપ આરંભ સમારંભ કર્યે જાય છે અને તેથી કર્મબંધનરૂપ ભયંકર દેવું વધતુંજ જાય છે, તેનો છેડોજ કદી આવતો નથી. આ કંપની સાથેના પોતાના આવા સંબંધથી ડાયરેકટરો આ કંપની ટકી રહે એવું ચહાય છે ત્યારે શ્રીમાન્ કર્મરાય રૂપી બડા જમીનદાર કે જે આ કંપનીના લેણદાર છે તે જ્યાં પોતાનું લેણું વસુલ નથી આવતું કે કાબુલીઓ જેમ ડાંગને જોરે પાવલી વ્યાજ સાથે પૈસા લે છે તેજ પ્રમાણે તૈયાર થઇનેજ ઉભો રહે છે!

**કોનો દોષ છે તે વિચારો.** જોઇએ તો કંપનીને તેના ડાયરેકટરો લીકવીડેશનમાં મોકલો (દીક્ષાત્મક ગૃહત્યાગ) અથવા તો આ કંપનીને તેનો લેણદાર લીકવીડેશનમાં મોકલો (મરણાત્મકગૃહત્યાગ) પરંતુ આ કંપનીને લીકવીડેશનમાં જવાનું તો છેજ એ વાત સ્પષ્ટ છે. કંપનીને ઉભી જોઇને-શરીરને જોઇને સસરો પોતાની દીકરી એને ધીરે છે, કોઈ એને પોતાનો દીકરો કહે છે, કોઈ પોતાનો ભાઇ કહે છે, કોઈ પોતાનો ધણી કહે છે. આ કંપનીને તમે બધા ધીયે જાઓ છો એ તો ઠીક છે! પરંતુ તે પહેલાંજ કંપની કેવી છે તે તો જુઓ! કંપનીની પોતાની થાપણ કેટલી છે તે તપાસો! આ કંપનીની પોતાની થાપણ એટલે કાંઈ નહિ! દુર્ગંધી પ્રસારતા એવા પુદ્ગલોનો ચામડામાં બંધાએલો કોથળો એ આ કંપનીની મુંડી છે! અને પાછા આ સઘળા પદાર્થો પણ શાશ્વત ન હોઇ તે નાશવાળા છે આવા નાશવાળા પદાર્થોને આધારે તમે જે કાંઇ ધીરધાર કરો અર્થાત્ નાશવાળા-નાશ પામવાવાળા સ્વભાવવાળા શરીર પર તમે પ્રેમ રાખવા રૂપી ધીરધાર કરો તો એમાં દોષ કોનો?

**ખોટખાઉ કંપની છે.** આવી નાશવંત કંપનીને તમે જે કાંઇ ધીરો તે ડુલ થવાનુંજ અર્થાત્ તમારા પ્રેમના બદલામાં તમારા ભાગ્યમાં રડવાનું તો છે, છે અને છેજ! આવી કંપનીના જે જે શેરહોલ્ડરો થયા છે અર્થાત્ જેમણે શરીરને અંગે પોતાને બાપ, દીકરો, કાકા, મામા, ભાઇ ગણ્યા છે તેમના ભાગ્યમાં રોવાનું તો અવશ્ય લખાયેલું છેજ એમાં શંકા નથી. ખોટ ખાતી કંપનીઓને નાણાં ધીરવા અર્થાત્ નશ્વર શરીર ઉપર પ્રેમ રાખવો એજ મૂર્ખાઈ છે! જે કંપનીઓ ખોટ ખાતી હોય અને બીજી તરફ દેવાના ડુંગરો વધારતી હોય તે કંપનીઓ સારી કંપનીઓ કરતાં પણ વ્યાજ વધારે આપે છે તેજ પ્રમાણે આ શરીર પણ જ્યારે સ્નેહીઓને વધારે લાભ આપે છે વધારે પૈસા આણી આપે છે અને તેમના લાડકોડ વધારે પૂરે છે ત્યારે તે પણ બીજી બાજુએ કર્મનો ભાર વધારતોજ જાય છે! ટૂંકાણમાં કહી દઉં તો એટલી વાત સ્પષ્ટ છે કે શરીરને અંગે જે જે આદમીઓ સ્નેહ રાખે છે તે તે સઘળાઓને રડવાનું છે એ તો સ્પષ્ટ છે પછી એ પ્રસંગ એક રીતે આવો યા બીજી રીતે!

**છેવટે છોડવાનું તો છેજ.** હવે આ સંસારનો વ્યવહાર જુઓ. કુતરો ઘરમાં પેસે અને ઘરમાં બગાડો કરી જાય, તો તે બગાડાને લોકો ઉઠાવીને ઘરની બહારજ ફેંકી દેશે પરંતુ આ શરીર બગાડા રૂપ થાય છે અર્થાત્ જ્યારે માણસ, શબ

બની જાય છે ત્યારે એજ સગાંસંબંધીઓ તેને સ્મશાન સુધી ફેંકી આવે છે અર્થાત્ કુતરાના મળ કરતાં પણ આ શરીર વધારે નપાવટ છે. હવે દરેકે પોતે વિચારવાનું છે કે પોતે ઘર-પરિવારને હાથે પ્રણામ કરી તેનો ત્યાગ કરી જવો એ સારૂં છે કે પાછળથી કુટુંબીઓ ઉઠાવીને ફેંકી દે એ સારૂં છે? ત્યાગ કે મરણ એ બંને પ્રકારે ગૃહત્યાગ તો કરવાનો છેજ! બંને ગૃહત્યાગમાં પરિવારને રડવાનું તો છેજ! તો પછી કયા ત્યાગનું રોદન ઇષ્ટ છે તે તમે વિચારી જુઓ. શરીર રૂપી આ કંપનીને શેરહોલ્ડરો લીકવીડેશનમાં લઇ જાય તો પણ ભાગીદારોને તો રોવાનુંજ છે અને માગનારા લીકવીડેશનમાં લઈ જાય તો પણ તેમને રોવાનું તો છેજ. અર્થાત્ દીક્ષા લઇ ગૃહત્યાગ કરો તો પણ સંબંધીઓ તો રડવાનાજ અને મરણથીજ ગૃહત્યાગ કરો તોપણ સંબંધીઓ તો રડવાનાજ!

**આત્મા એ મેનેજીંગ એજંટ છે** શેરહોલ્ડરો-સગાંસંબંધીઓના ભાગ્યમાં આ રીતે રડવાનું તો નિર્માએલું છેજ, પરંતુ તેમના ભાગ્યમાં રડવાનું નિર્માએલુંજ છે તેથી કાંઈ આપણે ખોટું ખાતું ચલાવી શકતા નથી. શેરહોલ્ડરોને રડવું ન પડે એમ ધારીને એજંટ ખોટું ખાતુંજ ચલાવ્યા કરે તેથી કાંઇ તેને પ્રામાણિક અથવા હોશિયાર માનવામાં આવતો નથી. તમે એ તમારા શરીર રૂપી કંપનીના એજંટ છો? તમારી કાયા એ **"મેસર્સ ખાઉં ખાઉંની કંપની"** છે, અને ખાઉં ખાઉંની કંપનીના તમે મેનેજીંગ એજંટ છો. શરીરના સગાંઓ અર્થાત શરીર સાથે સંબંધ રાખનારાઓ તે આ કંપનીના શેરહોલ્ડરો છે. હવે શેરહોલ્ડરો રડશે અર્થાત્ સગાંસ્નેહીઓ રડશે એમ ધારીને તમારે શરીર રૂપી કંપની ચલાવ્યાજ કરવી અર્થાત તમારા શરીરને તમારે સંસારની ઘટમાળમાંજ પરોવી રાખવું એ કોઇપણ રીતે ઇષ્ટ નથીજ! એજંટની કંપનીના ડીરેકટરો પરત્વે શી ફરજ છે, એ એજંટે અવશ્ય ધ્યાનમાં રાખવા જરૂર છે. કંપની જો ખોટમાં ચાલતી હોય અને એ ખોટ ઢાંકી રાખીને એજંટ એને ધકાવ્યે જાય તો એવા કારસ્થાનો માટે કંપનીનો એજંટ પોતેજ જવાબદાર છે. જે એજંટ ખોટ જોઇને પણ કંપની ચાલુજ રાખે છે તે એજંટ બેઇમાન ઠરે છે. આ શરીરરૂપી કંપની પણ અવિરતિ, આરંભ, વિષય, કષાયનું દેવું કરી રહી છે અને એ દેવાથી કંપની ચલાવે છે તો એજંટ રૂપી આપણે પણ બેઈમાન છીએ એજ તેથી સ્પષ્ટ થાય છે. કંપનીનો એજંટ શેરહોલ્ડરોને અંધારામાં રાખી કંપનીની આંટ પર નાણા લાવી તે યાહોમ ખરચી ખાય તો તેને પરિણામે તેને વગર ભાડાની કોટડીજ સેવવી પડે છે. એજ પ્રમાણે આત્મા પણ અવિરતિ, કષાય આદિનું દેવું કર્યાજ કરે અર્થાત્ અવિરતિથી કર્મભાર વધાર્યાજ કરે તો એને માટે પણ નરક-નિગોદની વગરભાડાની કોટડી તૈયારજ છે. શરીરરૂપી આ મનુષ્ય મીલ છે. તમે મીલમાલેક બનીને એ શરીર ઉપર દેવું કર્યાજ જાઓ આરંભાદિ કર્યાજ જાઓ તો આ દેવા રૂપી કર્મભારથી એ દશા આવે છે કે કંપની ફેઇલ થાય છે!

**લીકવીડેશનમાંજ મોકલો.** કંપની ફેઇલ થાય એટલે શેરહોલ્ડરો રૂપી સગાંઓને માથે ચોફાળો ઓઢીને રોવાનું તો ખરૂંજ પરંતુ એજંટની દશા તો એનાથીએ બુરી છે. એજંટની દશા કેવી બુરી છે તેનો વિચાર કરજો. કંપનીની આંટ પર આણેલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાણાં યાહોમ ખરચાઈ જાય તોપણ તેનું પરિણામ તો એજંટજ ભોગવે છે. કંપનીમાં ગેરવહીવટ ચલાવ્યા બાબત તેનેજ સજા થાય છે. નાણાં અને નામ કંપનીનું જાય છે પરંતુ તેથી કાંઇ એજંટ છૂટી જઈ શકતો નથી ! એજ રીતે આ શરીર રૂપી કંપનીની દશા છે. શરીર રૂપી કંપનીનો નાશ થાય તો તેથી કાંઇ આ 'જીવ' રૂપી એજંટ બચી જતો નથી. સઘળા જોખમો માટે જવાબ તો એજંટનેજ આપવો પડે છે. અર્થાત્ સઘળાં કર્મો ભવાંતરે આ ભાઈશ્રી જીવરાજજીનેજ ભોગવવાં પડે છે. હવે આ સ્થિતિમાં તમે ડહાપણ કયાં છે—કયો માર્ગ લેવામાં ડહાપણ રહેલું છે તેનો વિચાર કરજો. કંપનીમાં જરાપણ ખોટ આવતી દેખાય કે તેજ ક્ષણે કંપનીને લીકવીડેશનમાં મોકલી આપવી એમાંજ ડહાપણ છે. એ સિવાય બીજો કોઇપણ માર્ગ લેવામાં ડહાપણ સમાએલું નથી.

**શેરહોલ્ડરોનો સ્વાર્થ** આ શરીર વિષય, કષાય, આરંભ, સમારંભ, પરિગ્રહ આદિથી ખોટમાંજ કામ કરે છે. આ ખોટ કાંઇ જેવી તેવી નથી પરંતુ એ ભયંકર ખોટ છે, આથી કંપનીરૂપી શરીરના એજંટરૂપી જીવાત્માએ હવે સમજવાની જરૂર છે અને તેણે સમજી જઇને પણ આ કંપનીમાંથી હવે છૂટા થવાની જરૂર છે. તમારે એજંટ તરીકે આ કંપનીમાંથી રાજીનામું આપીને ભાગી છૂટવાની કેવી જરૂર છે તે હવે સમજી શકાશે. તમે જ્યારે રાજીનામું આપવાને ( સંસારત્યાગ કરી દીક્ષા લેવાને ) તૈયાર થાઓ છો ત્યારે તમારા શેરહોલ્ડરો ( સગાંસંબંધીઓ ) તો ગરબડ કરવાનાજ કરવાના ! કારણ કે તેમને તો આ કંપની ચાલુ રહે છે તેમાંજ લાભ છે. તેઓ કંપની ખોટમાં ચાલે છે એ જાણતાજ નથી અને જાણે છે "તો પડશે ત્યારે દેવાશે" એ ન્યાયે તેઓ એ વાત ભૂલી જાય છે, અને તેઓ કંપની ચાલુ રખાવવા માથાફોડ કરે છે પરંતુ આત્મારૂપી એજંટે તો જોવા જાણવાની અને વિચારવાની ફરજ છેજ કે ભાઈ ! આ સઘળા ગોટાળામાં મારો ધર્મ, મારી ફરજ અને મારૂં કર્તવ્ય શું છે ? મારે શું કરવું આવશ્યક છે ?

**શીરાપુરી કે દુઃખભાત ?** તમે જો તમારા પોતાના તરફ ધ્યાન નહિ આપો, એજંટ તરીકે તમારી પોતાની ફરજ નહિ વિચારો, કંપની ખોટમાં ચલાવવાનું બંધ નહિજ કરો તો તમારે માટે તો નિગોદનિવાસરૂપ જેલની કોટડી તૈયારજ છે એ વાતને કદીપણ ભૂલશો નહિ. શરીર એ ચીજ કેવી છે તે પહેલાં વિચારી લો. શરીર પાછળ કહેવાયું તેમ નાશવાળા પદાર્થોનું બનેલું છે. તેની પાસે પોતાની કહેવા જેવી કાંઇ ચીજ છેજ નહિ, અને જે ચીજો છે તે પણ નશ્વર છે એટલે જે આત્માઓ આ શરીરરૂપી કંપની સાથે સંબંધ રાખે છે તેઓ અંતે રોવા સરજાયલા છે એ તો સ્પષ્ટ છેજ, અને તે છતાં આ જીવરૂપી મેનેજર આ કંપની ઉપરજ જીવે છે, હવે આ કંપની ઉપરજ જીવતા મેનેજરે શું કરવું જોઇએ એ પ્રશ્ન તેણેજ વિચારી લેવાનો છે એજંટે જોવાની જરૂર છે કે ભલે શેરહોલડરો રોયા કરે પરંતુ કંપની ખોટ કરતી માલમ પડી કે પહેલીજ ઘડીએ તેને લીકવીડેશનમાં પધરાવી દેવી. જો મેનેજર કંપનીને લીકવીડેશનમાં ન પધરાવતાં શીરાપુરીની આશાએ તેને ચલાવ્યાજ કરશે તો તેના દુઃખભાત પણ ચાલ્યા જવાના છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દૂધભાત પણ જશે !** દૂધભાત ચાલ્યા જવાના હોય તો તો તેનો કાંઈ વધારે સંતાપ નહિ, ભલે દૂધભાત જતા પરંતુ દૂધભાત જાય કે તેની બીજીજ બાજુએ ખીચડી અને રોટલી સાથે વગર ભાડાની કોટડી (નરક નિગોદ) તૈયારજ છે. મેનેજરની હોશિયારી ત્યારેજ માનવી પ્રમાણ છે કે તે ચાહે તે રીતે શેરહોલ્ડરોને અસેડે પણ પોતાના દૂધભાત સાચવી રાખે ! જે મેનેજર પોતાના દૂધભાત સાચવી રાખવા જેટલી પણ બુદ્ધિ બતાવતો નથી તેવા મેનેજરને ભરોસે રહેવામાં શેરહોલ્ડરોને મઝા છે, પરંતુ એજંટનો પોતાનો તો મરોજ છે ! હવે આ આત્મારૂપી એજંટના દૂધભાત કાયમ રહેલા કયારે ગણાય તેનો વિચાર કરો. જે એજંટ પોતનો આવતો ભવ સુધારે છે, તે એજંટના દૂધભાત કાયમ રહ્યા છે એમ ગણી લેવામાં વાંધો નથી ! શાણા મેનેજરની પહેલી ફરજ તો એ છે કે જ્યારે તેને માલમ પડે કે આ કંપની ખોટમાં ચાલે છે એટલે તે પહેલાં તો વ્યાજ આપવું બંધ કરે. તમારા શરીરના સંબંધીઓને માટેજ તમે રળી રહ્યા છો એમાંથી દૂર થાઓ એટલે તમે વ્યાજ આપતા બંધ થયા છો એમ ગણાય !

**ઉભે પગે નીકળો.** તમે આવી રીતે વ્યાજ આપતા બંધ થશો એટલે તમોને તમારા કાર્યનું ફળ જરૂર મળશેજ. તમારા શેરહોલ્ડરો જ્યાં જાણશે કે આ મેનેજર તો પોતાની પ્રમાણિકતામાંજ મક્કમ છે અને વ્યાજબ્યાજ પણ આપતો નથી એટલે શેરહોલ્ડરો પોતાની મેળેજ પોતાના શેર જે ભાવે આવે તે લઈને ફટકાવી મારવા માંડશે. તમારા સંસારીઓનો તમારા ઉપરનો સ્નેહ ઘણેભાગે ઓછો થઇ જશે અને પછી તમે ત્યાગથી દીક્ષા લઇને ઘરનો ત્યાગ કરશો એટલે જરૂર સમજી લેજો કે એજંટના દૂધચોખા ગયા નથી તે તો કાયમજ છે અર્થાત્ બીજો ભવ તો સુધરીજ ગયો છે. આ રીતે તમે સંસારનો ત્યાગ કરો અને દીક્ષા લઈ લો એનું નામ ઉભે પગે નીકળવું એ છે. તમે આ રીતે સંસારને ફેંકી દઇને નીકળી પડો છો એટલે તમારી એક ફરજમાંથી તમે પાર પડયા છો, પરંતુ હજી બીજી ફરજ તમારી બાકી છે. આપણે આગળ ઉપર જોઇ આવ્યા છીએ કે આ સંસારમાં આત્માને બે વસ્તુઓ વળગેલી છે. શરીર અને સંસાર ! સંસાર એટલેજ સગાંસંબંધી.

**બીજી ફરજ ઉભીજ છે.** તમે એ સંસાર છોડી દો છો એટલે તમારી એક ફરજ તો પુરી થઇ પરંતુ બીજી બાજુએ તમારી બીજી ફરજ હજી ઉભી રહેલીજ છે. શરીરને પણ આત્માથી જુદું પાડવું એ તમારી બીજી ફરજ છે. શરીર એ તન્મય સંયોગવાળી ચીજ છે તે ટળી જાય છતાં પણ તૈજસ અને કાર્મણ એ બે ચીજ દરેક જીવને માટે કાયમ રહે છે. આત્માની મહાભયાનક ભઠ્ઠી એવી છે કે તે કોઇપણ દિવસ ઓલવાતીજ નથી ! જ્યારે જુઓ ત્યારે એ ધુણી ધખેલી અને ધખેલી હોયજ ! આત્મા શરીર છોડીને જોઇએ તો મનુષ્યલોકમાં આવે કે ચાહે નારકીમાં, તિર્યંચલોકમાં કે દેવલોકમાં જાય ! પરંતુ તે જ્યાં જાય ત્યાં આત્માની ધખતી ભઠ્ઠી તો તૈયારની તૈયારજ. આત્માની એ ધગધગતી ભઠ્ઠી કોઈ પણ દશામાં બંધ થવાવાળીજ નથી. જેમ દરબારી દેવું પણ કોઇ રીતે છુટી શકતું નથી તે પ્રમાણે આત્માને વળગેલું કર્મનું દરબારી દેવું પણ કોઈ રીતે છુટી શકતુંજ નથી ! જીવની ભઠ્ઠી અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્મનું દેવું એ જીવમાત્રને એવાં વળગેલાં છે કે તમે ગમે તેવા ભગીરથ યત્નો કરો તો પણ તે નહિજ છૂટે !

**જીવની ધખતી ભઠ્ઠી.** જીવની ભઠ્ઠીજ એવી છે કે તેમાં નાખવાને માટે અન્નના પુદ્દગલો હોવાજ જોઇએ. એટલાજ માટે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને અંગે પણ આહારસંજ્ઞા માનવામાં આવી છે. આહાર વિનાનો કોઇપણ ભવ કે કોઇ પણ સંયોગોમાં કદી પણ આત્મા રહી શકતોજ નથી. આત્મા જ્યાં ભવમાં આવ્યો કે તેને પહેલેજ સમયે આહાર હોવાનોજ! આહારને અંગે આહારને માટે આ જીવો વિચારવાળા છેજ! પછી તે એકેન્દ્રિયમાં હો, બે ઇન્દ્રિયમાં હો, ત્રણ ઇન્દ્રિયમાં હો, ચાર ઇન્દ્રિયમાં હો વા પાંચ ઇન્દ્રિયમાં હો, પરંતુ જીવમાત્ર આહારને અંગે તો જરૂર વિચારવાળા છેજ. સઘળા ભવોમાં આત્માનો એક પણ ભવ એવો નથી કે જેમાં આહાર, શરીર, ઇન્દ્રિયો અને તેના વિષયોને માટે ચિંતા કે વિચાર આત્માએ નહિ રાખ્યા હોય! પરંતુ આત્મા આહાર, શરીર ઇન્દ્રિયો વગેરેને માટે વિચાર રાખે છે તે ઉપરથી શાસ્ત્રકારો તેને વિચારવાળો કહેતા નથીજ. આ સઘળાનું કહેવાનું તાત્પર્ય એ છે કે જીવ આહાર, શરીર, ઇન્દ્રિયાદિને અંગે વિચારવાળો હોય તેથી કાંઇ તે શાસ્ત્રની દૃષ્ટિએ વિચારવાળો અથવા તો વિચારશીલ છે એવું કદીપણ અને કોઇપણ સંયોગોમાં ગણી શકાતું નથી. જેને ભૂત, ભવિષ્ય, વર્તમાન કર્મોને અંગે વિચાર છે, કર્મ વગેરે શું શું કામ કરે છે તે જે જાણે છે અને ભવ અનાદિનો છે કર્મસંયોગ અનાદિનો છે અને જીવ અનાદિનો છે એવી જેની ખાત્રી થઇ છે અને તેને અંગે જે વિચારો કરે છે તેનેજ શાસ્ત્ર સંજ્ઞી અર્થાત્ વિચારશીલ માને છે.

હવે ગળથુથીરૂપ ભવ અનાદિનો છે ઇત્યાદિ ત્રણ માન્યતાઓથીજ મનુષ્યને શાસ્ત્રકાર મહારાજાઓ વિચારશીલ કેમ ગણે છે તે જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સંજ્ઞી......અને......અસંજ્ઞી

**શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારશીલતા કઇ?** શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાયજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથમાં જણાવે છે કે આત્મકલ્યાણની જેને ઇચ્છા છે એવા પુરુષોએ આત્માના ગુણો મેળવવા અને મેળવીને તે સ્થિર રાખવા માટે પોતાના ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળો જોવા જાણવાની અત્યંત જરૂર છે. જગતના વ્યવહારમાં દરેક જીવ શરીર, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો, આહાર, અને ભયને માટે વિચારવાળા અર્થાત્ વિવેક રાખનારા છે પરંતુ આ બાબતમાં તેઓ વિવેક રાખનારા હોય તેથી કાંઇ તેઓ શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારવાળા ઠરતા નથી. આવા વિચારવાળા જીવોને શાસ્ત્ર વિચારવાળા કહેવાને તૈયાર નથી. આથીજ શાસ્ત્રમાં સંજ્ઞી ત્રણ પ્રકારના કહ્યા છે. શાસ્ત્રકારો સંજ્ઞીના ત્રણ પ્રકારો પાડે છે. હવે આ ત્રણ પ્રકારના સંજ્ઞીપણું શાસ્ત્ર કંઇ દૃષ્ટિએ માને છે તે વિચારવાનું છે અર્થાત્ શાસ્ત્ર, સંજ્ઞીપણાને માટે કઇ કઇ સામગ્રીઓ હોવાની જરૂર માને છે તે વિચારી જોવાની ખાસ જરૂર છે.

**આહાર વિનાનો જીવ નથી.** આહારની અપેક્ષાએ તો જીવમાત્ર વિચારવાળા છેજ. પછીથી તે એકેન્દ્રિય હો, બે ઇન્દ્રિયવાળા હો, મનુષ્ય હો, નારકીના જીવ હો, તિર્યંચયોનિવાળા હો અથવા તો દેવતાઓ હો. ગમે તે યોનિવાળો જીવ હો, પરંતુ કોઇપણ જીવ એવો તો નથીજ કે તે આહારના વિચાર વિનાનોજ હોય! સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોના જે વર્ગ છે તેને તો માત્ર આપણે શ્રદ્ધાથીજ માની શકીએ છીએ. શ્રદ્ધા સિવાય એને બીજી કોઇપણ રીતે આપણે માની શકતાજ નથી. સૂક્ષ્મ એકેન્દ્રિયને માનવાનું અથવા તો તેઓને જાણવાનું પણ શ્રદ્ધા સિવાય આપણી પાસે બીજું સાધનજ નથી તો પછી સૂક્ષ્મ અનંતકાયને માનવાનું તો આપણી પાસે સાધનજ કયાંથી હોય? પરંતુ તર્કબુદ્ધિથીજ જો વિચાર કરીએ તો આપણે સૂક્ષ્મ નિગોદને માની શકીએ છીએ. તર્કની દૃષ્ટિએજ જો વિચારીએ તો આપણને એમ માનવાની જરૂર પડે છે કે સૂક્ષ્મ નિગોદ જેવી કોઇ વસ્તુ હોવીજ જોઇએ. તમે કહેશો કે સૂક્ષ્મનિગોદ જેવું સ્થાન તર્કથી પણ શી રીતે માની શકાય વારૂં; તેનોજ હવે આપણે વિચાર કરીએ.

**આહારથીજ શરીર થાય છે.** એ વાત તો તમે જાણો છે કે જીવ પોતેજ શરીર બનાવી લ્યે છે. જીવ પોતેજ શરીર બનાવી લે છે, એ વાત આપણે કેવી રીતે માન્ય રાખીએ? તો જવાબ એ મળશે કે પ્રત્યક્ષ રીતે આપણા અનુભવથી. આપણા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનુભવથીજ આપણે જોઇએ છીએ કે જીવ શરીર બનાવી લે છે. આપણે જાણીએ છીએ કે જ્યારે આપણો જન્મ થયો હતો ત્યારે આપણે નાના હતા. જન્મ્યા તે સમયના શરીરનું વજન-પ્રમાણ અને વીસ વર્ષના તરૂણ યુવાનના શરીરનું વજનપ્રમાણ એને સરખાવી જોશો તો માલમ પડશે કે આપણે આવડા મોટા કેવી રીતે થયા? અને આપણને આવડા મોટા કોણે કર્યા? જવાબ એટલોજ મળશે કે કોઇ વ્યકિતની જાદુવિદ્યાથી કાંઇ આપણે મોટા થઇ ગયા નથી પરંતુ આપણેજ ખોરાક લઇને આપણને પાળીપોષીને મોટા કર્યા છે અને આપણા શરીરની આપણે આટલી બધી અભિવૃદ્ધિ પણ કરી નાખી છે. હવે આટલા મોટા થયા પછી પણ જો ચાર દહાડા તમે આહાર નથી લેતા તો તમારી શું સ્થિતિ થાય છે તેનો વિચાર કરજો.

**શરીર વધારવું તમારા હાથમાં છે.** આટલી બધી વૃદ્ધિ પામવા છતાં પણ જો તમે ચાર દહાડા આહાર નથી લેતા તો તમે જરૂર કૃશ થાઓ છો અને વજનમાં પણ ઘટી જાઓ છો. જયારે આત્માને અનુકૂળ આહાર મળે છે ત્યારેજ શરીર વધે છે અને જો અનુકુળ આહાર નથી મળતો તો શરીરનું વજન ઘટી જાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આહારને લીધેજ શરીરની વધ કે ઘટ ચાલુજ હોય છે. તમે આઠ દસ ઉપવાસ કરો અને પછી ઉપવાસને દસમે દિવસે તમારા શરીરનું વજન કરશો તો જણાઈ આવશે કે તમારા શરીરનું વજન પહેલાંના કરતાં ઘટયું છે. વળી પુનઃ પારણું કર્યા પછી આઠમે દહાડે વજન કરશો તો તમોને માલમ પડશે કે તમારા શરીરનું વજન વધ્યું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણા શરીરને વધારનાર ઘટાડનાર આહાર છે. ન ખાઈએ, આહાર ન લઇએ તો શરીર કૃશ થાય છે અને આહાર લઇએ તો શરીર વૃદ્ધિ પામે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણું શરીર વધારવું ઘટાડવું તે આપણાજ હાથમાં છે. બીજાના કોઈના હાથમાં એ શક્તિ છેજ નહિ.

**શરીર વધીને કેટલું થાય?** હવે એ વાત આપણે કબુલ કરીએ કે આપણે ખોરાકદ્વારાજ આપણું શરીર બનાવી લઇએ છીએ તો એવો પ્રશ્ન ઉભો થાય છે કે બનાવી બનાવીને જીવાત્મા પોતાનું શરીર કેટલું બનાવે છે. અર્થાત્ તેને કેટલું મોટું અને કેટલા યોજનવાળું બનાવી શકે છે. મનુષ્ય કે તિર્યંચ ગમે તે હોય પરંતુ તે ખોરાકથી વધારી વધારીને પોતાનું શરીર એક હજાર યોજનથી વધારે મોટું બનાવી શકતોજ નથી. શરીર વધારેમાં વધારે મોટું હોય તોપણ તેનું માપ એક હજાર યોજન જેટલું છે. એક હજાર યોજનથી વધારે મોટું ઔદારિક શરીર કોઇપણ જીવાત્મા બનાવી શકતોજ નથી. સાપ અને માછલાના શરીરો તરફ જુઓ, તિર્યંચના શરીરો તરફ ધ્યાન આપો કે મનુષ્યના શરીર તરફ જુઓ, પરંતુ એક હજાર યોજનથી વધારે મોટું શરીર તમે કોઈપણ સ્થળે જોઇ શકવાના નથીજ. શરીરની મોટામાં મોટી સ્થિતિ કઇ હોઇ શકે તે આપણે જોઇ લીધું છે, હવે શરીરની નાનામાં નાની સ્થિતિ કઇ છે તે આપણે જોઈએ. જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એકજ સ્થાનમાં હોય છે અને મધ્યમમાં સેંકડો, હજારો અ લાખો સ્થાન હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**શરીરનું ઓછામાં ઓછું પ્રમાણ.** વચલાં સ્થાનકો ગમે એટલાં મોટાં હોવા છતાં, આપણે જાણીએ છીએ કે ઉત્કૃષ્ટ સ્થાન અને જઘન્ય સ્થાન હંમેશાં એકજ હોય છે. વચલાં સ્થાનકો તો જેટલા ઉત્કૃષ્ટ હોય તેટલા હોય છે. એજ દૃષ્ટિએ આગાળ વધો તો સાફ જણાઇ આવશે કે આત્માની અપેક્ષાએ તે જે ઔદારિક શરીર રચે છે તે જો ઉત્કૃષ્ટ ઔદારિક હોય તો તે વધારેમાં વધારે એક હજાર યોજનનું હોય છે. હવે બીજી તરફ તમારી દૃષ્ટિ જઘન્ય તરફ વાળો. જઘન્યના સ્થાનની સ્થૂલતા કેટલી છે તેનો વિચાર કરો. હવે બંને છેડાના કેન્દ્રનો વિચાર કર્યા પછી મધ્યમસ્થાનો અસંખ્યતા છે એ તમે સહેજે જાણી શકશો, પછી મધ્યમ સ્થાનો ઉપરથી જઘન્ય ઉપર જઈ જઘન્યની સ્થિતિ વિચારશો તો માલમ પડશે કે ઉત્કૃષ્ટનું સ્થાન જેમ એકજ છે તેજ પ્રમાણે જઘન્યનું સ્થાન પણ એકજ છે, અને એ જઘન્યના સ્થાનની સ્થિતિ ઓછામાં ઓછા અમુક પ્રમાણથી નાની નથી. ધારો કે સો ઉત્કૃષ્ટ હોય તો ૯૯,૯૮,૯૭,૯૬ એ તેમના મધ્યમ સ્થાનકો થયા એ મધ્યમ સ્થાનકોને આધારે નીચે ઉતરતા જઇએ તો જઘન્ય સ્થાનજ આવે છે. મધ્યમ સ્થાનકોનો વિચાર કરવાથી જઘન્યની ન્યૂનતાનો ખ્યાલ આપણને સારી રીતે આવી શકે છે. હવે એવું જઘન્ય શરીરપ્રમાણ ઓછામાં ઓછું કેટલું હોઈ શકે તેનો વિચાર કરો. શરીરનું ઓછામાં ઓછું પ્રમાણ પણ શાસ્ત્રે ઠરાવેલુંજ છે.

**એકજ શરીરમાં અનંતા જીવો.** આંગળનો જે અસંખ્યાતમો ભાગ તેટલું ઓછામાં ઓછું શરીર હોય છે. એથી ઓછું શરીર હોઈ શકતું નથી. જેમ નિગોદમાં અનંતાજીવો માન્યા છે તેજ પ્રમાણે શરીર પણ ઓછામાં ઓછા આંગળના અનંતમાં ભાગ જેટલું હોય એમ તો આપણે માની શકતાજ નથી. ત્યારે હવે તમોને એ પ્રશ્ન મુંઝવશે કે શરીર આંગળના અનંત ભાગ જેટલું આપણે શા માટે માની શકતા નથી. એકજ શરીરમાં આપણે અનંતાજીવો માનીએ છીએ. એકજ શરીરમાં અનંતાજીવો રહેલા છે એ વાતનો કોઇ ઇન્કાર કરી શકતું નથી. તો પછી જઘન્ય શરીર પણ આંગળના અનંતમા ભાગે માનવામાં અડચણ શી? આંગળનો અસંખ્યાતમો ભાગ માનો કે અનંતમો ભાગ માનો પરંતુ એ બન્ને ભાગો જ્ઞાનીએ દેખવાના છે. એ ભાગો કાંઈ આપણે દેખવાના નથી, અને જ્યાં સુધી અસંખ્યાતમા ભાગને પોતાની નજરે જોઇ શકે છે, તે જ્ઞાની મહારાજ તો અનંતમો ભાગ પણ સહજ જોઇ શકે છે, તો પછી અનંતમા ભાગે શરીર ન માનીએ અને શરીરમાં અનંતા જીવો હોવાનું સ્વીકારીએ એનું કારણ શું?

**જીવ અને આહાર.** આપણી ઉપલી માન્યતામાં શાસ્ત્રો સંમત છે. શાસ્ત્રો માને છે કે જઘન્ય શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. છતાં આપણે તર્કથી આ વાત વિચારીને તે ગ્રહણ કરવાની છે. શરીર આંગળના અનંતમા ભાગનું બની શકતું નથી. જ્યારે જીવો આંગળના અસંખ્યાતમા ભાગમાં અનંતા રહી શકે છે. આ વસ્તુ સમજવી તમોને મુશ્કેલ છે પરંતુ તે સમજવાની ભારે જરૂર છે. આ વસ્તુ સમજવાને માટે શરીર બનવાનું કારણ શું છે તેનો વિચાર કરો. જીવ જે આહાર ગ્રહણ કરે છે તે આહારજ શરીર બનવાનું કારણ છે. તો પછી શરીર અલ્પમાં અલ્પ કેટલું માનવું તેનો જવાબ એજ છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે ઓછામાં ઓછો જીવ જેટલો આહાર લઇ શકે તેટલુંજ શરીર માની શકાય. જે પ્રમાણમાં જીવ આહાર ગ્રહણ કરે છે તે આહારના પ્રમાણથી શરીરપ્રમાણ વધારે હોય એ ખુલ્લુંજ છે. જીવને જે શરીર મળેલું છે તે શરીરનું જઘન્ય પ્રમાણ આંગળના અનંતમા ભાગ જેટલું માનો તો આંગળના અનંતમા ભાગનું પુદ્‌ગલ આંગળના અનંતમા ભાગનો આહાર શી રીતે કરી શકવાનું હતું ? એક ઉદાહરણ લો. ચાર ચોરસ ઇંચની તમે એક પેટી બનાવો અને પછી તેમાં ચાર ચોરસ ઇંચનોજ સોનાનો પાટલો મૂકો તો તે શું રહી શકવાનો હતો ? ચાર ચોરસ ઇંચની પેટીમાં ચાર ચોરસ ઇંચનો ઘન મૂકી શકાતોજ નથી તેજ પ્રમાણે આંગળના અનંતમા ભાગનું જીવ શરીર હોય તો તેમાં આંગળના અનંતમા ભાગનો આહાર પણ રહી શકવાનોજ નથી અર્થાત્ જીવ આંગળના અનંતમા ભાગે માનીએ તો જીવ શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલુંજ માનવું પડે છે. આંગળના પ્રદેશો અસંખ્યાતા છે અને આકાશપ્રદેશો પણ અસંખ્યાતાજ છે અર્થાત્ આંગળના અનંતમા ભાગના જીવથી આંગળના અનંતમા ભાગનો આહાર કરી શકાય એ વસ્તુ હેતુયુક્તિથી પણ અયોગ્ય સિદ્ધ થાય છે.

**ત્યાં અવગાહના અસંભવિત છે.** એક આંગળના વિસ્તારમાં આકાશના પ્રદેશો અનંતા નથી. એક આંગળના વિસ્તારના આકાશપ્રદેશો પણ અસંખ્યાતાજ છે તો પછી કેવળ સાધારણ બુદ્ધિએ વિચારશો તો પણ માલમ પડી આવશે કે જીવ આંગળના અનંતમા ભાગનો આહાર કેવી રીતે લઇ શકવાનો હતો ? આંગળના અનંતમા વિસ્તારમાં જે ભાગ આવે છે તે ભાગોમાં કોઇપણ ભાગની અવગાહનાજ નથી. તો પછી ચાહે તેવી દશામાં હોય તોપણ તે જીવ આંગળના અનંતમા ભાગનો આહાર ક્યાંથી અને કેવી રીતે લઇ શકે ? અસંખ્યાત પ્રદેશ વગર ગ્રહણ કરવા લાયક પુદ્‌ગલની અવગાહનાજ નથી. ઓછામાં ઓછો અવગાહ અંગુલના અનંતમા ભાગે હોતો નથી. અનંતમા ભાગે અવગાહનુંજ અસ્તિત્વ ન હોવાથી અનંતમા ભાગમાં અવગાહેલી કોઈ ચીજ નથી. ઉદાહરણ માટે આપણે ચૌદરાજલોક લો. આપણે ચૌદરાજલોક લઇએ અને તેનો અનંતમો ભાગ કરીએ તો એ અનંતમા ભાગે પણ અવગાહના નથીજ. હવે સાધારણ બુદ્ધિએ વિચાર કરો કે ચૌદરાજલોક જેવાના અનંતમા ભાગમાં પણ અવગાહનાનો સંભવ નથી તો પછી આંગળના અનંતમા ભાગમાં તો અવગાહના સંભવેજ ક્યાંથી ?

**બદામના પરાર્ધ ભાગ શી રીતે થાય ?** ધારો કે તમોને એક રૂપીઆના પરાર્ધ ભાગ પાડવાનું કામ સોંપ્યું, તો વિચાર કરો કે શું તમે એ પ્રમાણે ભાગ પાડી શકશો ખરા ? તમે રૂપીઆના આના, પાઇ, દોકડા, બદામ એ સૌ કાંઇ કરી શકશો પરંતુ જો તમોને રૂપીઆના પરાર્ધ ભાગ પાડવાનુંજ કાર્ય કોઇએ સોંપ્યું હોય તો તમારે હાથ જોડીનેજ બેસી રહેવું પડે ! જેમ એક રૂપીઆનો પરાર્ધમો ભાગ પડી શકતોજ નથી તેજ પ્રમાણે ચૌદરાજલોકના પણ અનંતમા ભાગ પાડી શકતા નથી. જો એક રૂપીઆના પરાર્ધ ભાગ પાડવા એ અશક્ય છે પરંતુ ધારો કે તમોને કોઇ એક બદામના પરાર્ધ ભાગ પાડવાનું કહે તો પછી તમે હાથ જોડીને બેસીજ રહો કે બીજું કાંઇ ? તમારો હાથ કાને દેવા સિવાય અહીં બીજો ઉપાયજ નથી, કારણ કે જ્યાં એક રૂપીઆનો પરાર્ધમો ભાગ પાડવો પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અશક્ય છે ત્યાં દોકડો કે બદામ હાથમાં લઈને તેનો પરાર્ધમો ભાગ પાડવા બેસો તો એ તો બનેજ કેવી રીતે? જો બદામના પરાર્ધ ભાગ પાડવા એ સર્વથા અશક્ય છે તો પછી એજ ન્યાયે આંગળના પણ અનંત ભાગ પાડવા અશક્ય હોય, તેમાં આશ્ચર્ય શું?

**બંને સ્થાને લાખ દવા.** તમો જાણો છો કે ચૌદરાજલોકના પણ અનંતા ભાગ પડે એવું નથી. જો ચૌદરાજલોકના પણ અનંતા ભાગ ન પડી શકે, તો પછી એક આંગળના અનંત ભાગ કરવા એ કેટલું મુશ્કેલ હોય તેનો વિચાર તો સ્હેજે આવી શકે એમ છે. હવે કોઇ એવી શંકા કરશે કે ચૌદરાજલોકના ભાગ પણ અસંખ્યાતા થાય છે અને આંગળના ભાગ પણ અસંખ્યાત થઇ શકે છે, એ વાત મગજ કેવી રીતે કબુલ રાખી શકે? ઠીક આપણે એ પ્રશ્નનો ખુલાસો જોઇશું. ધારો કે લાખ દવાઓને આપણે એકઠી કરી, તેને ખાંડીએ, તેનું બારીક ચૂર્ણ કરીએ અને પછી તે ચૂર્ણનો કાઢો બનાવીએ, એ કાઢામાં સોયની અણી બોળીએ, એ અણી ઉપર એક બિંદુ જેટલી દવા લાગેલી છે. હવે તમોને કોઇ પૂછશે કે ભાઇ! આ સોયની ઉપર કેટલી દવાઓ છે? તમે શું જવાબ આપશો? તમારે એજ જવાબ આપવો પડશે કે લાખ દવાઓ છે. લાખમાં જરાય ઓછી નથી. હવે તમોને બીજો કોઇ એવો પ્રશ્ન કરે કે આખી કઢાઈમાં કેટલી દવા છે? તમારે એનો પણ એજ જવાબ આપવો પડશે કે ત્યાં પણ લાખ દવાઓજ છે. ઠીક હવે તમારા બંને જવાબો સમજપૂર્વક તપાસી જુઓ.

**બંને સ્થાને અસંખ્યાત જીવો.** તમે કહો છો કે સોયની અણી ઉપર પણ લાખ દવાઓ છે અને આખી કઢાઇમાં પણ લાખ દવાઓ છે. તમારા આ બંને જવાબો સાચા છે, તેમાં એક પણ જવાબ ખોટો નથી. હવે ખ્યાલ કરો કે કઢાઇમાં પણ લાખ દવા છે અને સોયની અણી ઉપરના બિંદુમાં એ લાખ દવાઓ છે એ વસ્તુ જરાય ખોટી છે? નહિજ! બીજા ઉદાહરણો કદાચ તમારી બુદ્ધિમાં ન ઉતરે પરંતુ આ ઉદાહરણ તો એવું છે કે તે જડમાં જડ માણસની બુદ્ધિમાં પણ ઉતરવુંજ જોઈએ. અલબત્ત બુદ્ધિ સમજવા માગતી હોય તોજ, નહિ તો નહિ! જેમ અહીં આ વાત તમારા મગજમાં ઉતરે છે અને એ વસ્તુ સત્ય છે કે આખી કઢાઇમાં પણ દવા લાખ છે અને સોયના બિંદુ ઉપર પણ દવા લાખ છે; તેજ પ્રમાણે અહીં એક બિંદુમાં પણ અસંખ્યાતા જીવો સમાએલા છે અને તેજ પ્રમાણે જગતના સમુદ્રો, તળાવો, વાવડીઓ વગેરેના સઘળા અપકાય જીવો લઇએ તો પણ તેની સંખ્યા અસંખ્યાતા જેટલીજ છે એ વાત પણ તમારા ધ્યાનમાં ઉતરવીજ જોઇએ.

**અસંખ્યાત જીવો માનવાજ પડશે.** જેમ દવાના ઉદાહરણમાં તમોને લાખ દવાઓ માનવાને વાંધો નથી તેજ પ્રમાણે અહીં એક બિંદુમાં અને સમસ્ત સંસારના જળમાં પણ અસંખ્યાત જીવો માનવાને તમોને વાંધો ન હોવો જોઈએ. ટાંકણીની ટોચ ઉપર પાણીનું જે બિંદુ રહેલું છે તે જોઈએ તો સ્થૂલ પ્રમાણમાં અલ્પ છે અને કઢાઇમાં જે પાણી રહેલું છે તે માપીએ તો તે સ્થૂલ પ્રમાણમાં વધારે છે. આ રીતે સ્થૂલ પ્રમાણમાં વધારો રહેલો છે પરંતુ તેથી બંને સ્થળે-બિંદુમાં અને કઢાઇમાં-દવા લાખ છે એ વાત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો સ્પષ્ટજ છે. હવામાં તો કશોજ-રતિભારનો પણ ફરક નથીજ. જે કાંઇ ફરક છે તે પ્રમાણમાંજ છે. એજ પ્રમાણે એક બિંદુ જેટલું પાણી અને ચૌદ રાજલોકના પાણીના જીવો તેમાં અસંખ્યાતા જીવોનું ઓછાવત્તાપણું ભલે હોય, છતાં એટલું તો સ્પષ્ટ છે કે તે બન્નેમાં અસંખ્યાતા જીવો તો છે, છે અને છેજ! જે પ્રમાણે ટાંકણીના શિરોભાગને કાઢાની કઢાઈમાં બોળી કાઢીએ અને તેના ઉપર જે દવા હોય તે પણ લાખ દવા છે અને સમસ્ત કઢાઇમાં જે પ્રવાહી છે તેમાં પણ લાખ દવા છે તેજ પ્રમાણે અહીં પણ સમજવાનું છે.

**માત્ર એકનોજ ફરક.** જેમ ઉપરના ઉદાહરણમાં સંખ્યા એકની એકજ છે તેજ પ્રમાણે અહીં પણ સંખ્યા એકની એકજ છે. હવે સંખ્યાના પ્રમાણમાં ફરક શાથી પડે છે તેનો વિચાર કરો. લાખના સ્થાનકો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ કેટલા છે તે વિચારો. લાખના સ્થાનકો કરોડો અને અબજો છે. એક લાખ રૂપીઆ હોય એ પણ લાખનું સ્થાનક છે. લાખ રૂપીઆમાં તમે બીજી બે બદામ નાખો તો પણ તે લાખનુંજ સ્થાનક છે. લાખને કરોડ એ સંખ્યા તો મોટી કહેવાય છે પરંતુ લાખ પછી વધતાં વધતાં આપણે ૯૯૯૯૯૯૯ રૂ. પંદર આના ત્રણ પૈસા, બે પાઇ અને સાત બદામ ઉપર આવીએ તો ત્યાં લાખ ને કરોડ વચ્ચે અંતર કેટલું હોય છે? માત્ર એક બદામનું! જો એ રકમમાં ૧ બદામજ ઉમેરી દો તો કરોડ થાય અને કરોડમાંથી બદામ કાઢી લો તો લાખ થાય. લાખ અને કરોડ એ બે સંખ્યાઓ જુઓ તો બંને સંખ્યા જાણે બે છેડા ઉપર હોય તેવી છે, પણ ફેર જુઓ તો એક બદામનોજ! એજ સ્થિતિ સંખ્યાત અને અસંખ્યાત વચ્ચે છે. હવે એ ફરક સમજવાનો આપણે યત્ન કરીએ!

**ઉત્કૃષ્ટ અને જઘન્ય** જે પ્રમાણે લાખ અને કરોડ વચ્ચે અંતર માત્ર એક બદામનુંજ છે તેજ પ્રમાણે સંખ્યાત અને અસંખ્યાત તથા અસંખ્યાત અને અનંત વચ્ચેનો તફાવત પણ એકનોજ છે. અસંખ્યાત અને અનંત એ બે વચ્ચેનો તફાવત માત્ર એક જેટલોજ છે. ઉત્કૃષ્ટ અસંખ્યાત એ એવી વસ્તુ છે કે જેમાં એક ઉમેરીએ એટલે અનંતા થાય છે. આ રીતે અસંખ્યાત અને અનંત વચ્ચે તફાવત જોશો તો માત્ર એકનોજ છે! ઉત્કૃષ્ટ લાખ અને જઘન્ય કરોડ એ બેની વચ્ચેનું અંતર જોશો તો માત્ર એક બદામ જેટલુંજ, વધારે જરાય નહિ! છેલ્લામાં છેલ્લી લાખની સંખ્યા એટલે ઉત્કૃષ્ટ લાખ અને પહેલામાં પહેલી કરોડની સંખ્યા એટલે જઘન્ય કરોડ એ બેની વચ્ચે અંતર જોશો તો માત્ર એકનુંજ છે. એજ પ્રમાણે અહીં પણ વિચાર કરવાનો છે. અહીં ઉત્કૃષ્ટ સંખ્યાત અને જઘન્ય અસંખ્યાત એ બેની વચ્ચે અંતર પણ માત્ર એકનુંજ છે. તેજ પ્રમાણે જઘન્ય અનંત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત એ બેની વચ્ચેનું અંતર તપાસશો તો પણ તે માત્ર એક જેટલુંજ છે એમ સહેલાઇથી જણાઇ આવે છે.

**નાનામાં નાના શરીરની મર્યાદા.** એક લાખ રૂપીઆ એ લાખનું પહેલું સ્થાન છે. પછી લાખ ઉપર બીજી બદામ નાખો એટલે બીજું સ્થાન, ત્રીજી બદામ નાખો એટલે ત્રીજું સ્થાન, એ પ્રમાણે જેમ જેમ બદામો ઉપર બદામો એક પછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક નાખતા જશો તેમ તેમ સ્થાનો બદલાતાં જશે. "લાખ" બોલવાનું એક શબ્દથી છે પરંતુ તમે આ રીતે જોશો તો લાખોના લાખો સ્થાનો થાય છે એજ પ્રમાણે બોલવામાં અસંખ્યાતા શબ્દ એકજ છે, પરંતુ તેમાંએ સ્થાનો અસંખ્યાતા છે. હવે એજ દૃષ્ટિએ ચૌદરાજલોકના હિસ્સાની વાત તપાસી જુઓ. ચૌદરાજલોકના હિસ્સા કરીએ તો તે પણ અસંખ્યાતાજ બને છે, અનંતા થઈ શકતા નથી, તો પછી આંગળના અનંતા હિસ્સા તો થાયજ કયાંથી ? અને જો તે ન બને તો પછી અનંતમો હિસ્સો એ શબ્દજ કયાંથી બોલી શકાય ? અર્થાત્ આંગળના અનંતમા ભાગનું શરીર બને એજ અશકય છે. યુક્તિની ખાતર તપાસશો તો માલમ પડશે કે શરીર આંગળના અનંતમા ભાગનું હોઈ શકેજ નહિ. શરીર—નાનામાં નાનું શરીર—ઓછામાં ઓછું આંગળના અસંખ્યાતમા ભાગ જેવડુંજ હોય છે તેના કરતા વધારે ઓછું અર્થાત્ વધારે નાનું શરીર હોઇ શકતુંજ નથી.

**કંદમૂળનો વિકાસક્રમ.** હવે એવો પ્રશ્ન થશે કે જો શરીર વધારેમાં વધારે આંગળના અસંખ્યાતમા ભાગ જેવડું હોય તો પછી તેમાં અનંતાજીવો કેવી રીતે રહી શકે ? આ પ્રશ્ન સમજવા માટે સૌથી પહેલો તો એ પ્રશ્ન ધ્યાનમાં લો કે અનંતાજીવો માનવા કેમ પડે છે ? દુનિયાદારીની દૃષ્ટિએ વિચારીએ તો જેમાં વધારે સંખ્યા હોય તો તેઓ કાંઈને કાંઇ કાર્ય સ્વતંત્ર રીતે કરી શકે છે અને ઓછી સંખ્યા હોય તો તે પરાધીનપણે કામ કરે છે. આ વસ્તુ બરાબર સમજવા માટે કંદમૂળ અને બીજી વનસ્પતિનું ઉદાહરણ ધ્યાનમાં લો. વનસ્પતિ એવી ચીજ છે કે તેને તમે છેદી નાખશો અને પછી રોપશો તો તે ઉગશે નહિ, આશ્રય વગર તે વનસ્પતિ ઉગતી નથી. ઝાડ, ઘાસ ઇત્યાદિને છેદી નાખશો અને પછી એક બાજુએ મૂકી રાખશો તો તેથી કાંઇ એ ઝાડ વનસ્પતિ વગેરે ઉગી શકવાના નથીજ. એ સઘળાને જ્યારે જમીનમાં વાવશો અને તેને જમીનના પુદ્ગલોનો આશ્રય મળશે ત્યારેજ તે ઉગશે અર્થાત્ આ સઘળી વનસ્પતિ આશ્રયથીજ ઉગે છે, તે આશ્રય વિના ઉગતીજ નથી એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

**"છિન્નરૂહા" શબ્દ કેમ વાપર્યો ?** છેદ્યા છતાં છેદાવા પછી પણ જે વનસ્પતિ જમીન, પાણી ઈત્યાદિનો આશ્રય મળ્યા વિનાજ ઉગે છે તે વનસ્પતિમાં તમારે જીવનો જથ્થો જબરદસ્ત માનવોજ પડશે. એથીજ કંદમૂળનું લક્ષણ આપતાં શાસ્ત્રકારોએ ખાસ કરીને "છીન્નરૂહા" એમ જણાવ્યું છે. બટાકાના કટકા કરીને તેને વાવી દેશો તો પણ તે ઉગશે અને જો બાજરીના દાણાના વાવતાં પહેલાં કટકા કરશો તો તે નહિ ઉગે. બટાકા જેવી ચીજોના તમે કટકા કરીને વાવો છો તો પણ તે ઉગે છે. આ ઉપરથી વિચાર કરો કે કંદમૂળમાં જીવોની કેવી જબ્બર શકિત હોવી જોઈએ કે જેના કટકા કરીએ તો પણ તેની શકિતનો હ્રાસ થતો નથી, એટલુંજ નહિ પરંતુ તે ઝપાટાબંધ પાછાં ઉગીજ નીકળે છે ! કંદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂળના આ રીતના ઉગવાપણાથી તેમાં રહેલા જીવોની સંખ્યાનું મોટાપણું કબુલ રાખવું પડે છે. આ દૃષ્ટાંત ઉપરથી બીજી સામાન્ય વનસ્પતિઓ કરતાં કંદમૂળમાં રહેલા જીવોની વિપુલતા સ્પષ્ટ થાય છે!

**જીવોની પ્રચંડ શક્તિ** કુંવારપાઠાને જમીનમાંથી ખોદી કાઢીને તેને શીકે મૂકી રાખીએ અને તેને પૃથ્વી, પાણી વગેરે કોઇપણ ચીજનો આશ્રય ન મળે તો પણ તે ઉગે છે. પૃથ્વીથી છેદાઇને દૂર થએલા, પૃથ્વીમાં ન રોપાયલા, અને પાણી કે હવાના સંયોગ વિનાના એવા કુંવરપાઠા શીકામાં મૂકી રાખીએ તો પણ વધે છે, તો હવે વિચાર કરો કે એનામાં જીવની સંખ્યા કેટલી હોવી જોઇએ? છેદ્યા થકી જેની જિંદગીનો નાશ થતો નથી, પાણી ન મળવા છતાં જેની જિંદગીની વૃદ્ધિનો અટકાવ થતો નથી અને જમીન ન મળવા છતાં પણ જેની વૃદ્ધિ ચાલુજ રહે છે તે વસ્તુમાં ભવ્ય જીવ પ્રમાણ રહેલું હોવુંજ જોઇએ એની ખાતરી થાય છે. કદાચ કોઇ એમ કહેશે કે એ તો કુંવારપાઠાનો એવો સ્વભાવજ છે કે તે છેદાયા છતાં વધેજ જાય છે, એમાં જીવતત્ત્વ જેવું માનવાની આવશ્યકતાજ નથી. નાસ્તિકોની આવી વાણી ઉપર આસ્તિકો ધ્યાન આપતાજ નથી. આસ્તિકો તો એમજ માને છે કે જરૂર જગતમાં જીવતત્ત્વ છેજ. જો તેમ ન હોય તો આ જગત થયાને કેટલો વખત થયો, આ સંસારનો નાશ ક્યારે થયો હતો અથવા થશે? જો જગત કોઇ બીજાએ બનાવ્યું હતું તો તેણે તે ક્યાં બેસીને બનાવ્યું હતું? આ પ્રશ્નોનું પરિણામ એ આવે છે કે જગતને આપણે અનાદિ માનવુંજ પડે છે અને આત્મતત્વ પણ અનાદિ છે એમ કબુલ રાખવુંજ પડે છે.

**જગત અનાદિ છે.** જેઓ એમ કહે છે કે આ જગત આટલા લાખ વરસોથી થયું છે તેને પહેલાં એમ પૂછો કે ભાઇ! જો તમારા હિસાબે આ સંસાર આટલા લાખ વર-વરસોથી થયો છે તો પછી એની પહેલાં શું હતું? પહેલાં શું એવા પ્રશ્નનો તેઓ એવો જવાબ આપશે કે, જગત થયું તે પહેલાં એક અખંડ અને અજરામર એવો બ્રહ્મ હતો. બીજો પ્રશ્ન એ કરો કે એ બ્રહ્મની પહેલાં શું હતું? જવાબ મળશે કે, કાંઇ નહિ, બ્રહ્મની પહેલાં શું હતું એની ચર્ચા નકામી છે. બ્રહ્મ અનાદિ છે અને તેણેજ પૃથ્વી રચી છે. "હવે તેમને એમ પૂછો કે જગતનો નાશ થયા પછી આ જગત કઇ સ્થિતિને પ્રાપ્ત કરશે?" તો તરત તેઓ એવોજ જવાબ આપી દેશે કે બ્રહ્મ અથવા ઇશ્વર આ જગતનો નાશ કરે છે અને તે વળી પાછો નવું જગત બનાવી નાખે છે. અન્ય દર્શનકારો પણ જગતને અનાદિ માનવામાં તો વાંધો લેતાજ નથી. ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર ઇત્યાદિ અનેક ગ્રંથોમાં જોશો તો માલમ પડી આવશે કે ત્યાં બધે જગતને અનાદિ માનવાની સામે વાંધો લેવામાં આવ્યો નથી!

**આ તે કેવો ઇશ્વરદાસ!** અન્ય દર્શનવાદીઓ જગતને અનાદિ માનવાને તો તૈયારજ છે પરંતુ તેઓ વચ્ચે ઇશ્વરને દાખલ કરી દે છે અને કહે છે કે ઇશ્વર આ જગતને બનાવે છે અને વળી પાછો તેનો નાશ કરે છે! વળી જગતનો નાશ થાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે ઈશ્વર વળી પાછો નવું જગત તૈયાર કરે છે! અર્થાત્ ઇશ્વરનો ધંધોજ એ છે કે જુનું ભાંગવું અને નવું બનાવવું! નાના બાળકો ધૂળમાં રમતાં નવા નવા ઘરો તૈયાર કરે છે અને રમી રહ્યા પછી તેને ભાંગી નાખે છે. જો ઇશ્વર પણ આવી રીતે ભાંગફોડ કરવામાંજ ગમ્મત માનતો હોય તો એ ઇશ્વરને ઇશ્વર ન કહેતાં તેને **ભાંગફોડીઓ ઇશ્વર** કહેવો એજ વધારે વાસ્તવિક છે. ઇશ્વરવાદીઓ સૃષ્ટિને અનાદિ તો માનેજ છે છતાં ઇશ્વરનું અસ્તિત્વ માન્ય રાખવાને માટેજ તેઓ સૃષ્ટિની ઉત્પત્તિ અને નાશ માને છે પરંતુ એ ઉત્પત્તિ અને નાશની ક્રિયાને પણ તેઓ અનાદિથીજ માને છે અર્થાત્ છેવટે તેમને પણ સૃષ્ટિનો નાશ અને ઉત્પત્તિ તથા જીવાત્મા એ સઘળાંને અનાદિ તો માનવાંજ પડે છે

**ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો.** આત્મા અને જગત એનો પ્રારંભ નથી અથવા તો તેનો અંત પણ નથી એમ તો તેઓ પણ માને છે. ઉપનિષદોનો સામાન્ય સૂર એવો છે કે તે આત્માને અનાદિ માને છે અને આત્માને અનાદિ માનીને તેઓ આ જગતનો પ્રપંચ રચાયો છે એવું પ્રતિપાદન કરે છે. બ્રહ્મસૂત્રોમાં પણ આ જગતને અનાદિજ માનવામાં આવ્યું છે. અનેક જાતનો તર્કવાદ કરીને જાતજાતની શંકાઓ ઉઠાવીને છેવટે બ્રહ્મસૂત્ર પણ બીજ અને અંકુરના ન્યાયે એજ વાત ઉપર આવે છે કે આ જગત અનાદિ છે. વૈદિક તત્વજ્ઞાનવાદીઓના ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો પછીના જાણીતા ગ્રંથો તે સ્મૃતિઓ અને પુરાણો છે. આ સ્મૃતિઓ અને પુરાણોમાં પણ આ જગતનું અનાદિપણું કબુલ રાખવામાં આવ્યું છે. હવે જ્યારે બધેજ જગતનું અનાદિપણું કબુલ રાખવામાં આવે છે તો પછી એવો પ્રશ્ન સહજ ઉદ્ભવે છે કે તેઓ મોક્ષને માને છે કે નહિ? એક પણ આસ્તિક મતવાળો એવો નથીજ કે જે મોક્ષને માન્ય રાખતો ન હોય, ગમે તે સંપ્રદાયનો હો પરંતુ જે માણસ આર્યસંપ્રાદયોને માન્ય રાખે છે અર્થાત્ કે જે આસ્તિક છે તેઓ સઘળા મોક્ષને તો માન્ય રાખે છેજ. અને તે સૃષ્ટિને અનાદિ પણ માને છે તો પછી સ્હેજે એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે અનાદિકાળથી જેઓ મોક્ષે ગયા છે એવા જીવોની સંખ્યા તો અનંતાની થઇ છે તો પછી મોક્ષે ગએલાઓ એ બધા રહેતા કયાં હોવા જોઇએ? ઇશ્વરવાદીઓ કહે છે કે સૃષ્ટિ અનાદિ છે અને અનાદિ કાળથી ઈશ્વર જગત રચે છે અને તેનો અંત લાવે છે તો પછી એ પ્રત્યેક સૃષ્ટિવેળાએ જો એકએક આત્માજ સ્વર્ગે ગયો હશે તો પણ તેની સંખ્યા તો હજારો, લાખોની નહિ પરંતુ અનંતાની થઇ હશે તો પછી મોક્ષે ગએલા એ બધા જીવો રહેતા કયાં હશે? અતીતકાળમાં તથા અનાગતકાળમાં પણ મોક્ષનો પ્રવાહ અટકવાનો તો નથીજ.

**મોક્ષનો અધિકારી કોણ?** હવે વિચાર કરો કે ભૂતકાળમાં જે જીવો મોક્ષે ગયા હશે અને અનાગતકાળમાં પણ જે જીવો મોક્ષે જશે તે સઘળાનો નિવાસ કયાં હશે? અજૈનદર્શનોએ જીવને અનાદિ માન્યો છે, નવા જીવની ઉત્પત્તિ તેમણે માની નથી અને તે છતાં મોક્ષને તો તેઓએ માન્ય રાખ્યો છે. તો પછી કાળ અનંતા હોવાને લીધે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જીવને રહેવાના સ્થાન પણ અનંતા છે એમજ તેમને માન્ય રાખવું પડશે. ચૌદરાજલોકનો પણ અનંતમો ભાગ થઈ શકતો નથી. હવે જે જીવો મોક્ષે ગયા છે તેમની સંખ્યા પણ અનંતની છે, તેમજ અનંતાજીવો હવે પછી સ્વર્ગે જશે, તો એમ માનવું પણ સહજ પ્રાપ્ત થાય છે કે એ જીવોની સંખ્યા કરતાં તો અનંતગણા જીવો આ સૃષ્ટિમાં જીવંતાવસ્થામાં હોવાજ જોઇએ. કોઇપણ દર્શનવાદીએ સ્વાભાવિકપણે મનુષ્યેતર અવસ્થામાં મોક્ષ માન્યો નથી. અજૈનદર્શન ગ્રંથોમાં કેટલેક સ્થળે પશુ પક્ષીઓને મોક્ષ મળ્યાના ઉદાહરણો છે પરંતુ તે અપવાદ છે.

**કેવળ પરાધીન !** સ્વાભાવિક રીતે તો દરેક શાસને મોક્ષ મનુષ્યપણામાંજ માન્યો છે અન્ય દશામાં મોક્ષ માની લીધો નથી. હવે દરેક દર્શનોએ મહત્વનો માનેલો એ માનવભવ કેવો છે તે જુઓ ! મનુષ્ય એ કેવળ પરાધીન છે સ્વતંત્રતાની બાંગ મારતો મનુષ્ય એક અંશે પણ સ્વતંત્ર નથી. પાણી, પૃથ્વી, વનસ્પતિ, તેજ, વાયુ એ કશા વિના માનવભવ ટકી શકતો નથી. પૃથ્વી વગર મનુષ્ય રહી શકતો નથી. ધારો કે આ પૃથ્વી ગુસ્સે થાય અને કોઈ મનુષ્યને પોતાની ગુરુત્વાકર્ષણ સીમામાંથી બહાર ધકેલી દે, તો ગમે તે ગૃહ, ઉપગૃહ કે તારાના દબાણથી ખેંચાઇને તે માણસના ટુકડેટુકડા થઇ જાય ! પાણી વિના પણ માણસ ચલાવી શકતો નથી. પાણી ન હોય તો માણસ તરતજ મરવા પડે છે, તેજ વિના પણ તેને ચાલતું નથી. વાયુ વિના તો માણસ ક્ષણભર પણ જીવી શકતોજ નથી. આમ દરેક રીતે જોઇએ તો માલમ પડે છે કે તે કેવળ પરાધીન છે.

**પરાધીન મનુષ્ય.** મનુષ્ય સર્વથા પરાધીન છે સ્વતંત્રતા જેવું તો તેની પાસે કશુંજ નથી ! જીવનો મોક્ષ માનીએ એટલે અસંખ્યાત પૃથ્વી, અપ, તેઉ, વાયુ અને વનસ્પતિના અનંતાજીવો પણ માનવા પડે છે. મોક્ષે ગએલા જીવોની સંખ્યા અનંતાની માનીએ એટલે તેનેજ આધારે આ લોકમાં અનંતજીવો રહેલા છે એ પણ માનવુંજ પડશે, અને એ અનંતાજીવોનું સ્થાન આ લોકમાં માનવું પડશે. તમે જાણો છો કે આપણે આગળ એ વાત જોઇ આવ્યા છીએ કે ચૌદરાજલોકનો પણ અનંતમો ભાગ થઇ શકતોજ નથી. ચૌદરાજલોકનો અનંતમો ભાગ થઇ શકતો નથી પરંતુ અનંતા જીવો તો માન્યા વિના છૂટકોજ નથી. અતીતકાળ અનંતા છે, અનાગત કાળ પણ અનંતા છે એ સઘળા અનંતા કાળમાં મોક્ષ ગએલાની સંખ્યા પણ અનંતાની છે અને એ સંખ્યા અનંતાની છે એટલે તેજ આધારે આ લોકમાં રહેલાઓની સંખ્યા પણ અનંતા જેટલીજ છે એમ સહજ કબુલ રાખવું પડે છે.

**અનંતકાયની સ્થિતિ** આપણે આ રીતે એ વાત તો કબુલ રાખીજ લીધી કે અનંતાજીવો આ લોકમાં છે. હવે અનંતાજીવોને આ લોકમાં રાખવાને માટે તેમનું સ્થાન પણ માનવુંજ પડશે. એ અનંતાજીવોનું આ લોકમાં સ્થાન કયાં ? તો જવાબ એજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપવો રહ્યો કે એકજ શરીરમાં અનંતાજીવો માનવાજ પડશે. હેતુ અને યુક્તિથી પણ આ રીતે સ્પષ્ટ થાય છે કે એકજ શરીરમાં અનંતાજીવોનું અસ્તિત્વ શકયજ છે. શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલુંજ હોય અને તેમાં જીવો તો અનંતા સમાવવાના હોય છે એટલે એકજ શરીરમાં અનંતાજીવો માનવાજ પડે છે, એ સ્થિતિ તેજ અનંતકાયની સ્થિતિ છે. અનંતાજીવો એકજ જરીરમાં હોવા તેનુંજ નામ અનંતકાય છે. શરીરનું પ્રમાણ કેટલું હોય છે એ પ્રશ્નનો વિચાર કરતાં આપણે સાબીત કર્યું છે કે શરીર અસંખ્યાતમા ભાગનું હોય છે અને જીવો તો અનંતા છે હવે એ અનંતા જીવોને અંગે શરીરનું પ્રમાણ કેવું હોઈ શકે તે વિચારીએ.

**આહારની બાબતમાં બધા વિચારશીલ.** એક શરીર હજાર જોજનનું પણ હોય છે અને એક શરીર આંગળના પણ અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. એક શરીર એક જીવ બનાવે છે તો બીજું શરીર અનંતા જીવો બનાવે છે. હવે ચાર વિકલ્પ રાખીએ તો જઘન્ય પ્રમાણ કયાં આવે છે તે જોઇએ. અનંતાજીવો મળીને જે બારીકમાં બારીક શરીર બનાવે છે તે જઘન્ય પ્રમાણ છે. શરીરની ઓછામાં ઓછી એટલે કે નાનામાં નાની સ્થિતિ એ છે કે જેની આગળ બીજા એથીય નાના શરીરની હસ્તીજ અશકય છે. આંગળના અસંખ્યાતમા ભાગનું શરીર એ શરીર માપનું જઘન્યપ્રમાણ છે. એ માપથી એક અંશ પણ ઓછાનું શરીર હોઇ શકતુંજ નથી. આહાર અને શરીર એ બંને અસંખ્યાતમા ભાગ જેટલા છે તેનાથી તેમનું ન્યૂન પ્રમાણ બીલ્કુલ પણ નથીજ. આથીજ સ્પષ્ટ થાય છે કે એકેન્દ્રિયો પણ આહાર લેવાની બાબતમાં વિચારવાળા છે અને તેથી આપણો મૂળ સિદ્ધાંત સાબીત થાય છે.

**ખરો "વિચારવાળો" કોણ?** દરેક જીવમાત્ર આહાર લેવાના વિચારવાળા છે એ આપણો મૂળ સિદ્ધાંત આમ સાબીત થાય. એકેન્દ્રિયો આહાર લેવાના વિચારવાળા છે એટલે એકથી વધારે ઇંદ્રિયવાળા તો આહારની બાબતમાં વિચારવાળા હોયજ એ સ્વાભાવિક છે. જે જીવો આહારના વિચારવાળા છે તે સઘળા જીવો શરીરને અંગે વિચારવાળા છે જ, પરંતુ જેઓ માત્ર શરીરને અંગેજ વિચારવાળા છે તેને શાસ્ત્રકારો વિચારવાળા માનવાની ના પડે છે! ઇન્દ્રિયોના વિચારવાળાને જેમ શાસ્ત્રકારો વિચારવાળા માનતા નથી તેજ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયોનોજ જેઓ વિચાર કરે છે અર્થાત્ વિષયોને અંગે જે વિચારવાળા છે તેવાઓને પણ શાસ્ત્રકારો વિચારશીલ માનતા નથી. જીવ એકેન્દ્રિય હો કે વધારે ઇન્દ્રિયવાળો હો પરંતુ તે સઘળાને આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ છે અને તેથીજ એ ચારે સંજ્ઞા પ્રત્યેક જીવોને માનવામાં આવી છે.

**અસંજ્ઞી અને હેતુસંજ્ઞી** પ્રત્યેક જીવને આ ચાર સંજ્ઞા છે પરંતુ તે છતાં તે સઘળા જીવોને શાસ્ત્રકારોએ સંજ્ઞી માન્યા નથી. જો આહાર, ભય, મૈથુન કે પરિગ્રહ એ ચાર સંજ્ઞામાંથી કોઇપણ એક સંજ્ઞાને અંગે વિચારશીલતા રીઝર્ડ રાખી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોત તો તો પરિણામ એ આવત કે આ જગતમાં કોઇપણ આત્મા વિચારશીલતા વિનાનો રહ્યોજ ન હોત ! આથીજ શાસ્ત્રકારોએ સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે ભાગો પાડયા છે. આહાર આદિની અપેક્ષાએ અથવા ચાર સંજ્ઞાની અપેક્ષાએ જોઇએ તો આ જગતમાં કોઈપણ આત્મા અસંજ્ઞી ઠરી શકેજ નહિ. આ જગતમાં કેટલાક આત્માઓ વિષયોનેજ અંગેજ વિચારવાળા છે, કેટલાક આહારને અંગેજ વિચારવાળા છે, કેટલાક માત્ર વર્તમાનકાળને વિષેજ વિચારવાળા છે, તો કેટલાક ત્રણેકાળને વિષે વિચારવાળા છે; એટલાજ માટે શાસ્ત્રકારોએ હેતુસંજ્ઞી અને હેતુઅસંજ્ઞી એવા ભેદો પાડેલા છે. હવે હેતુસંજ્ઞી અને હેતુઅસંજ્ઞી જીવો કેવા છે અને તેના વર્તન કેવા છે અને તેના વર્તન કેવા છે તે જોઇએ.

**સજ્ઞીપંચેન્દ્રિય તે શું ?** જે જીવાત્માઓ ત્રણેકાળના વિચારવાળા હોય પરંતુ માત્ર વિષયો પુરતોજ વિચાર ત્રણેકાળને માટે કરનારા હોય તેવા જીવોને શાસ્ત્રો હેતુસંજ્ઞી કહે છે, અને જેઓ વિચાર નહિ કરનારા હોય તેવા જીવોને શાસ્ત્રો હેતુઅસંજ્ઞી કહે છે. આ સંસારમાં કેટલાક જીવો એવા છે કે જેઓ માત્ર ત્રણુકાળને માટે વિચાર કરે છે પરંતુ માત્ર વિષયો અને તેને પામવાની પ્રવૃત્તિઓ સંબંધીનાજ ત્રણેકાળને માટે વિચાર કરે છે. વળી કેટલાક જીવો માત્ર વર્તમાન ભવને અંગેજ વિચાર કરે છે. આ બંને પ્રકારના જીવોને શાસ્ત્રકાર મહારાજાઓ અસંજ્ઞીજ કહે છે. બીજા કેટલાક જીવો સંજ્ઞીપંચેન્દ્રિય કહેવાય છે. આ જીવો સંજ્ઞીપંચેન્દ્રિય શાથી કહેવાય છે તે હવે જોઇએ. જે જીવો ત્રણેકાળના વિષયોને અંગેજ વિચાર કરે છે અર્થાત્ કે ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળનો માત્ર વિષયોને અંગેજ વિચાર કરે છે તે સઘળા જીવો સંજ્ઞી પંચેન્દ્રિય કહેવાય છે.

**તાત્વિક સંજ્ઞી કોણ ?** હવે જે નાસ્તિક સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે તે સઘળા જીવો પણ પોતાના વિષયોની રક્ષાને અંગે ત્રણે કાળનો વિચાર કરે છે એટલે ત્રણે કાળના વિચાર માત્રથીજ આપણે કોઇને સાચો સંજ્ઞી કહી શકતા નથી. સાચો સંજ્ઞી અથવા તો તાત્વિક સંજ્ઞી તો તેજ છે કે જે જીવ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની જિંદગીનોજ વિચાર કરે છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો જે જીવો ભૂત, ભવિષ્ય અને વર્તમાન જિંદગીઓનોજ વિચાર કરે છે તેજ તાત્વિક સંજ્ઞી છે. હવે કોઇ અહીં એવી શંકા કરશે કે જો ત્રણે કાળનો જે વિચાર કરે છે, તેજ આત્મા સંજ્ઞી છે, તો પછી બધાજ આત્માઓને સંજ્ઞી કહેવા જોઇએ કે જેઓ ત્રણે કાળને અંગે વિચારવાળા હોય, પછી ભલે તે વિચારો જગતને અંગે હો, વિષયોને અંગે હો અથવા તો જિંદગીને અંગે હો ! ઠીક ! આ શંકાનો વિચાર કરીને તેનું નિરાકરણ કરતાં પહેલાં જગતની અર્થાત્ વ્યવહારની દૃષ્ટિ કેવી છે તે તપાસીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ઝવેરીને ત્યાં બધા નકામા** જગતના વ્યવહારમાં તમે જુઓ છો કે દરેક ધંધાદારી સામા માણસને ત્યારેજ પ્રવીણ માને છે કે જ્યારે તે તેના ધંધાને અનુકૂળ બનેલો હોય છે! આઠસો રૂપીઆનો કલેકટર પોતાની નોકરી છોડીને દાણાવાળાને ત્યાં નોકરી લેવા જશે તો દાણાવાળા તેને ધક્કો મારીને પાછોજ કાઢશે. ઝવેરીના છોકરાને દુનિયાદારીના સઘળા હિસાબકિતાબો આવડતા હશે, વકીલ કે બેરીસ્ટરીમાં તે પાસ થયેલો હશે પરંતુ જો તેને ચવનો હિસાબ નહિ આવડતો હોય તો ઝવેરી તેને પોતાના ધંધાને માટે લાયક લેખતો નથી! કોઈ જબરો તત્વવેત્તા પણ ઝવેરીની દુકાને નોકરી રહેવા જાય તો ઝવેરી તેને પોતાના ધંધાને માટે નાલાયકજ લેખે છે! કહો કે કોઇ ઉસ્તાદ વકીલ કે ડાકતર પણ ઝવેરીની દૃષ્ટિએ ઝવેરીના ધંધાને માટે તો પુરેપુરો અભણજ છે. વકીલ ઝવેરીને એમ કહેતો આવે કે "દોસ્ત! તારી ગાદી પર બેસીને મને મોતી વેચવા દે!" તો તમે તેને પાગલ કહીને હાંકી કાઢશો કે બીજું કાંઇ?

**શાસ્ત્રકારોનું ધ્યેય શું?** જેમ ઝવેરીની દૃષ્ટિએ ઝવેરીના ધંધા માટે ઝવેરાતના ધંધા વિનાનું બીજું સઘળું ભણેલો નકામો છે, તેજ પ્રમાણે શાસ્ત્રકારની દૃષ્ટિએ પણ દુનિયાદારીમાં પ્રવીણતા મેળવેલા નકામા છે, તમે દુનિયાદારીના હિસાબમાં બાહોશ હો એનો અર્થ તો એટલોજ થાય છે કે તમે આહાર, શરીર, ઇન્દ્રિયો, તેના વિષયો એ બધાને અંગે બહાદુર અને પંડિત છો પરંતુ દુનિયાદારીના હિસાબમાં બહાદુર એવા તમે અહીંના હિસાબ માટે નકામા છો-અરે, સાવ નકામા છો! એજ પ્રમાણે અહીં પણ સમજવાનું છે. જેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનો સંસારને અંગે વિચાર કરે છે તેઓ સઘળા શાસ્ત્રકારોની દૃષ્ટિએ વિચારશીલ નથીજ, કારણ કે શાસ્ત્રકારોનું ધ્યેય સંસારને પોષવામાં રહેલુંજ નથી. શાસ્ત્રકારોનું ધ્યેય તો ભવસુધારણા અને પરિણામે મોક્ષ એજ છે એટલેજ તેમની દૃષ્ટિએ ભવોને અંગે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળને વિષે જે વિચારો કરે છે તેજ માત્ર વિચારશીલ છે.

**ભણ્યોય નહિ ને ગણ્યોય નહિ.** એક શેઠ હતા. એક સમયે તેમને કાંઇ કામસર બીજે ગામ જવાનું થયું. જે ગામે શેઠને જવાનું હતું તે ગામ નદીની પેલી બાજુએ હતું. વચમાં નદી વહી રહી હતી અને નદીમાં વહાણો ફરી રહ્યાં હતાં. શેઠ ત્યાં આવ્યા. હોડીવાળાને પૈસા આપ્યા અને હોડીમાં બેઠા! વહાણ અરધી નદીમાં જઈ પહોંચ્યું એટલામાં શેઠને કેટલા વાગ્યા છે તે જાણવાની જિજ્ઞાસા થઇ આવી. તેમણે પેલા હોડીવાળાને કહ્યું, "અરે તારી હોડીમાં ઘડીઆળ છે કે? જો તો કેટલા વાગ્યા?" હોડીવાળાએ જવાબ આપ્યો "શેઠ, કેટલા વાગ્યા તે જોતાં આવડતું નથી કારણ કે ઘડિયાળમાં જોવાનું હું શીખ્યો નથી!" શેઠે જવાબ આપ્યો: "મેર મુર્ખા! તારી જિંદગી ધૂળમાં ગઇ છે." વહાણ થોડુંક આગળ ચાલ્યું એટલામાં સામેના ગામમાં ઘડીયાળમાં ટકોરા પડવા માંડયા. શેઠ કહે- "અલ્યા ગણવા માંડ, આ સામી ઘડીયાળમાં ટકોરા પડે છે." ખલાસીએ જવાબ આપ્યો, "શેઠ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મને તો ગણતાંય નથી આવડતું, કારણ કે હું તો ભણ્યોય નથી અને ગણ્યોય નથી!"

**બધું જ પાણીમાં.** શેઠે આ સાંભળી જવાબ આપ્યો, "અરે ગધેડા! તારી જિંદગી પાણીમાં ગઇ! આટલાં વરસ તું જીવ્યો પણ તારાં સઘળાં વરસ નકામાં ગયાં! "શેઠની આ ગમે તેવી વાતચીત સાંભળી ખલાસીને બહુ લાગી આવ્યું પરંતુ તે જરા સમજુ, ઠરેલ અને સહનશીલ હતો. શેઠની ટીકા તેણે સહન કરી લીધી અને કાંઇ બોલ્યો નહિ. એટલામાં દુર્ભાગ્યે એવું થયું કે પવનના સખત ઝપાટા આવ્યા અને હોડી ડામાડોળ થઈ રહી. ખલાસીએ હોડીને ઠેકાણે રાખવાના ભારે યત્નો કર્યા પરંતુ તેમાં તે સફળ થયો નહિ; લોકો ઉથલાઇને નદીમાં પડયા. વહાણ આગળ ખેંચાઇ ગયું. જેમને તરતાં આવડતું હતું તેઓ તો સઘળા તરવા લાગ્યા અને કાંઠે જઈ પહોંચ્યા! પણ પેલા શેઠજી તો ડુબકા ખાવા લાગ્યા! પેલો ખલાસી પૂછે છે, "શેઠજી! તરતાં આવડે છે કે?" શેઠે જવાબ આપ્યો, "ના!" ખલાસીએ પોતાનો લાગ આવેલો છે એમ જાણીને શેઠને કહ્યું, "શેઠજી! જો તમોને તરતાં નથી આવડતું ત્યારે તો તમારા વરસ પણ હવે પાણીમાં જવાનાં છે!"

**એક સ્થળે ઉપયોગી પણ બીજે નહિ.** શેઠે પેલા ખલાસીને તો માત્ર વ્યંગમાં કહ્યું હતું કે તમારા વરસો પાણીમાં ગયાં છે, પરંતુ પરિણામ એ આવ્યું કે શેઠ તરી ન શકયા અને શેઠના વરસો અને શેઠ બંનેય પાણીમાં તળીયે જઇને બેઠા! આ ઉદાહરણનું તાત્પર્ય શું છે એ સમજવાનો યત્ન કરો. આ ઉદાહરણ તમોને આપવાનું પ્રયોજન એ છે કે એ ઉપરથી એમ માલમ પડે છે કે અમુક વસ્તુ અમુક એક સ્થળેજ કામમાં આવે છે ત્યારે બીજી વસ્તુ બીજે સ્થળેજ કામમાં આવે છે. પાણીમાં પડયા હોઈએ અને કોઇ બચાવી લેનારો ન હોય ત્યારે ભણેલાપણું કામ નથી આવતું, ત્યારે તો જો તરવાનું શીખ્યા હોઇએ તો તેજ કામ લાગે છે અને જો દુકાને માલ ખરીદવા ગયા હોઈએ તો તે સમયે પાણીમાં તરતાં આવડતું હોય તે કામ નથી લાગતું-તે સમયે ભણેલાપણાનીજ આવશ્યકતા રહે છે. એજ સ્થિતિ અહીં છે. જેમ પેલો ભણેલો શેઠ તરવાની વિદ્યાની અવજ્ઞા કરવાથી સમુદ્રમાં ડુબી ગયો હતો તેજ પ્રમાણે ભવસમુદ્રમાં ઉભેલા પણ જો તેઓ તરવાની કળાની અવજ્ઞા કરતા હોય તો અવશ્ય માનજો કે ડુબી જવાના છે!

**બધી ઉસ્તાદી બાજુએ** આપણે કયાં ઉભા છીએ? આ મહાભયાનક ભવસાગરમાં. આપણી નૌકા પણ મહાભયંકર એવા ભવસાગરમાં પડેલી છે, તો એ વખતે ત્રિરાશિના ગમે તેવા મોટા હિસાબ ગણવા શીખ્યા હશો અથવા તો ઍલજિબ્રા ભણ્યા હશો તે કામ લાગવાનું નથી. એ વખતે તો એ ભવસાગર તરવાનો માર્ગ જે ભણ્યો હશે તેજ જીત-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાનો છે. જેમ પેલા શેઠજી ભણેલા ગણેલા ઉસ્તાદ હતા પરંતુ તેમની ઉસ્તાદી બાજુએ રહી ગઇ અને પાણીમાં પડીને ડુબી ગયા, કારણ કે તેઓ તરવાનો ઉપાય શીખ્યા ન હતા અને તેમણે એ બાજુએ બેદરકારી બતાવી હતી તેજ પ્રમાણે આપણે પણ જો તારણનો માર્ગ ન શોધીશું અને તેના રસીયા ન બનીશું તો આપણે પણ ઉસ્તાદ બન્યા હોવા છતાં અને આપણી પણ ઉસ્તાદીરૂપ પૈસોટકો, બૈરીછોકરાં બધું આપણી પાસે કાયમ રહ્યું હોવા છતાં આપણે પણ જરૂર ડુબીજ જવાના છીએ.

**આપણે પણ તરતાં શીખો.** જો આપણે ડુબી ન જવું હોય, આપણને પેલા શેઠના જેવી દશા પસંદ ન પડતી હોય તો તેનો માર્ગ એજ છે કે આપણે પણ તારણના માર્ગ તરફ પ્રીતિ રાખવી જોઇએ. વેપાર આમ થાય, કમાણી આમ થાય, નફો આમ વધે એ બધા ભણતરથી આપણે કાંઇ શીખી શકવાના નથી. આપણી ખરી વાત તો ત્યારેજ શીખી શકીશું કે જ્યારે તરવાનું શીખીશું. આપણે આહારમાં ઘણા હોંશિયાર છીએ. નવી નવી ચીજો બનાવતાં અને તેનો સ્વાદ લેતાં આપણે પુરેપુરૂં શીખ્યા છીએ. દુનિયાદારીમાં આપણે પાવરધા બન્યા છીએ પરંતુ તરવાનો માર્ગ આપણે હજી શીખ્યાજ નથી. એ તારણનો પ્રેમ રાખ્યા વિના આપણો છૂટકો થવાનોજ નથી. જે નદીમાં જાય છે—દરિયામાં પડે છે તેણે તરતાં શીખવુંજ જોઇએ. જો તરતાં ન શીખે તો તેનું જીવતર ધૂળજ થાય! તેજ પ્રમાણે આપણે પણ આ ભયાનક ભવસાગરમાં પડેલા છીએ અને આપણે અહીંથી ત્યારેજ બચી શકીએ કે જો આપણને તરતાં આવડતું હશે!

**એકજ હેતુ:** આજ હેતુથી શાસ્ત્રકાર મહારાજાઓએ તેનેજ વિચારવાળો માન્યો છે કે જે ભૂતકાળની, ભવિષ્ય કાળની અને વર્તમાન કાળની જિંદગીનોજ વિચાર કરે છે. શાસ્ત્રકારની દૃષ્ટિ, વિષયને પોષવાની નથી. તમે ચોપાટી ઉપર નવો બંગલો કેવી રીતે ખરીદી શકો એ શાસ્ત્રકાર તમોને બતાવવાનો ધંધો લઇ બેઠા નથી. તેઓ ધંધોજ તારણનો લઇ બેઠા છે અને તેથીજ જેઓ વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળની જિંદગીઓનો વિચાર કરે છે તેનેજ શાસ્ત્રકારોએ વિચારશીલ માન્યા છે. મહાસાગરનો પ્રવાહ મહારાજા કે વિદ્વાનને ગણતો નથી. તમે યુનિવર્સિટિની કેટલી ડીગ્રી મેળવી છે તે વાત પાણીનો વહેળો જોતો નથી. તમારે કેટલાં છોકરાં છે, કેટલી સ્ત્રી છે અને કેટલો પૈસો છે તેની પણ એને દરકાર નથી. તમે એના પ્રવાહમાં પડયા એટલે એ તમોને ઘસડીજ જવાનો! તે તો તમોને ત્યારેજ દાદ આપશે કે જ્યારે તમારામાં તરવાની કળાનો પણ પ્રાદુર્ભાવ થએલો હશે.

**ઉચ્ચ શિક્ષણ ત્યાં નકામુ છે.** જેમ પાણીનો પ્રવાહ તમારા ઉચ્ચ શિક્ષણને નથી ગણતો પરંતુ માત્ર તમારી તરવાની શકિતનેજ ગણે છે, તેજ પ્રમાણે આ સંસારનો પ્રવાહ પણ તમારી અક્કલ હોશિયારીને માન આપતોજ નથી, તે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માત્ર તમારી મોક્ષની ભાવના અને એ દિશાએ તમારે હાથે થએલા કાર્યોનેજ દાદ આપે છે! આ ભવરૂપી ચકકર મહા ભયંકર છે. આ ચકકરમાં જે પડેલો છે તેના પણ ભોગ મળ્યા છે એમજ સમજવાનું છે. આ ભવચક્ર પણ બીજા કશાનો હિસાબ ગણતુંજ નથી. પાણીની પાસે એકજ વાત છે કે તેના પ્રવાહમાં જે આવે છે તેને તે તાણી જાય છે, પાણીના પ્રવાહમાં જે તરી શકે એવો હોય તેજ માત્ર બચે છે. મહાસાગરનું જળ તમારી વિદ્વત્તાને માનતું નથી, તે તમારી લાગવગને જોતું નથી, તે તમારા પૈસાની દરકાર રાખતું નથી, એવુંજ કર્મચક્ર પણ મહાભયંકર છે તેના આંટા પણ ઓટોમેટિકલી ફરતાજ જાય છે અને તેમાં જે આવે છે તે પીસાઇ-ભીસાઇ જાય છે! કર્મનું ચક્ર ખરેખર એટલું બધું ભયંકર છે કે કાંઇ વાતજ ન પૂછો! તમે નાદાન હો કે વિદ્વાન્ હો, રોગી હો કે નીરોગી હો, બહાદુર હો કે કાયર હો, તેનો તેને હિસાબજ નથી તેને તો હિસાબ એક માત્ર એટલોજ છે કે કેમ પોતાના ફાંસામાં બીજાને ફસાવવા! પાણીના પ્રવાહને માત્ર "તરવાવાળો કે ન તરવાવાળો" તેનોજ હિસાબ છે, તેજ પ્રમાણે કર્મને તો માત્ર બીજાને કેમ બાંધવા તેનેજ અંગેનો વિચાર રહેલો છે. એથીજ શાસ્ત્રકારો, જે આહારાદિના વિચારવાળા છે તેને વિચારશીલ નથીજ માનતા અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન કાળના ભવોને અંગે જે વિચારવાળા છે તેમનેજ વિચારશીલ માને છે. હવે એ વિચારશીલતા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય છે તે જોઇએ. એને માટે જૈનશાસને ધોરીમાર્ગ દર્શાવ્યો છે. (૧) આ મહાભયાનક ભવ અનાદિનો છે. (૨) ભવભ્રમણ પણ અનાદિનું છે અને (૩) કર્મસંયોગ પણ અનાદિનો છે એ ગળથુથી આ સઘળાની ચાવી છે.

**એજ એક ગળથુથી** આ ત્રણ વસ્તુને ગળથુથીમાં જે માબાપ પોતાના બાળકમાં નાખે છે તે માબાપ પોતાના બાળકનું મોટામાં મોટું હિત કરે છે અને તે બાળક એ ગળથુથીને પ્રતાપે એવું બની શકે છે કે જે જૈનશાસનની દૃષ્ટિએ વિચારવાળું ગણી શકાય! દરેક જૈને વિચારશીલતાની આ સ્થિતિ પ્રાપ્ત કરવા જેવી છે એટલુંજ નહિ પરંતુ તે જૈન માત્રને આવશ્યક છે. અરે! આગળ વધીને કહીએ તો પ્રત્યેક જૈનની એ ફરજ છે. એટલાજ માટે જૈનશાસન પુકારી પુકારીને કહે છે કે-હે ભાગ્યવાનો! તમે તમારા બાળકોને ધનનો વારસો આપો છો, વેપારના સંસ્કારનો વારસો આપો છો, તેજ પ્રમાણે તમારે ધર્મી તરીકે તમારા બાળકોને કયો-શો વારસો આપવાનો છે તેનો પણ ખ્યાલ રાખજો! હું પૂછું છું કે કેટલા માબાપોએ પોતાના બાળકો માટે કદી આવો ખ્યાલ પણ કર્યો છે વારૂં? તમે ધર્મી છો એમ તમો પોતે માનતા હો તો તમારી સાથી પહેલી, સૌથી છેલ્લી અને દર વખતની સાચી ફરજ એ છે કે તમારે તમારા બાળકને ધર્મિપણાનો વારસો આપવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મનુષ્યત્વની સાર્થકતા** વિચાર કરજો કે એ ધર્મિપણાનો વારસો કેવી રીતે આપી શકાય. એનો વારસો આપવાનો એકજ માર્ગ છે કે આ જીવ અનાદિનો છે, ભવભ્રમણ અનાદિનું છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ વસ્તુ ગળથુથીમાંજ તેને આપવી. આ વસ્તુ જે બાળકને ગળથુથીમાં મળી હશે, તે બાળક ગમે તેવા પ્રતિકૂળ સંયોગો આવતાં પણ કદીએ ચળશે નહિ અને તમારા કુળની ધર્મી તરીકેની ખ્યાતિને જાળવી રાખશે. વળી એ ગળથુથી જેનામાં પડેલી હશે તે આત્મા આ ભવરૂપી મહાભયાનક પર્વતનું ઉલ્લંઘન કેમ કરવું તે પણ જાણી શકશે અને તે જાણીને યથાશકિત તેને અમલમાં મૂકી છેવટે મોક્ષ સાધી લઇ પોતાનું મનુષ્યપદ સાર્થક કરી શકશે.

સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com